
Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પંચાસ્તિકાયસંગ્રહ પ્રવચન (ભાગ-૧)



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्माने नमः

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પ્રવચન

## (ભાગ-૧)

અધ્યાત્મયુગપુરુષ
પૂ.ગુરુદેવશ્રી કાનજી સ્વામીના
ગાથા ૧ થી ૨૭ તથા તેના શ્લોકો ઉપરના
૩૧ અક્ષરશઃ સળંગ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫-પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૩ | ૨૫૩૯ | ૨૦૬૯ | ૨૦૧૩ |

: પ્રકાશન :

પર્વાધિરાજ દશલક્ષણ પર્યુષણ પર્વ તા. ૯-૯-૨૦૧૩, સોમવાર
ઉત્તમ ક્ષમા ધર્મના મંગલમય દિન નિમિત્તે

પ્રથમ આવૃતિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા. ૧૬૦/- (અંદાજીત) મૂલ્ય - ૪૦/-

## પ્રાપ્તિ સ્થાન

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦૦૦૧. ટેલી. નં. ૦૨૮૧-૨૨૩૧૦૭૩

: લેસર ટાઈપ સેટીંગ :
**DESIGN SCOPE**
Rajkot.
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ,
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧,
મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated Shree Digamber Jain Swadhyay Mandir Trust, PanchNath Plot, Kanji Swami Marg, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of PanchAstiKaai Sangrah Pravachan – Part 1 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 26 March 2014 | First electronic version |

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પંચાસ્તિકાય; ગ્રંથ પરિચય તથા પ્રસ્તાવના

આચાર્ય કુંદકુંદદેવ જેવા મહાસમર્થ આચાર્ય ભગવંત વડે પ્રણીત પંચાસ્તિકાય ગ્રંથ જિનસિદ્ધાન્ત અને જિન-અધ્યાત્મનો પ્રવેશ દ્વાર છે. આમાં જિનાગમમાં પ્રતિપાદિત દ્રવ્યવ્યવસ્થા અને પદાર્થવ્યવસ્થાનો ટૂંકમાં પ્રાથમિક પરિચય આપવામાં આવેલ છે.

આચાર્ય જયસેનદેવના કથનાનુસાર આ શાસ્ત્રની રચના શિવકુમાર મહારાજ વગેરે સંક્ષેપ રુચિવાળા શિષ્યોને સમજાવવા માટે થયેલી છે.

મહાશ્રમણ તીર્થંકરદેવની વાણી દિવ્યધ્વનિનો, પ્રવચનનો સાર જ સંક્ષેપમાં આ શાસ્ત્રજીમાં સમાવવામાં આવેલ છે.

મૂળ શાસ્ત્રની છેલ્લી ગાથા-૧૭૩ મુજબ જિનપ્રવચનના સારભૂત ''પંચાસ્તિકાય સંગ્રહ'' સૂત્ર મારા દ્વારા માર્ગની પ્રભાવના હેતુએ જિનપ્રવચનની ભક્તિથી પ્રેરિત થઈને કહેવાય ગયું છે.

આ શાસ્ત્રના વાંચન-મનનથી થતાં લાભ અંગેની નોંધ લેતા મૂળ ગ્રંથકર્તા કહે છે કે, ''આ પ્રકારે જિનપ્રવચનના સારભૂત આ ''પંચાસ્તિકાય સંગ્રહ''ને જાણીને જે રાગ-દ્વેષને છોડે છે, તે દુઃખથી મુક્ત થઈ જાય છે (ગાથા-૧૦૩).

પંચાસ્તિકાય શાસ્ત્રજી ઉપરની બે ટીકાઓ જગપ્રસિદ્ધ છે. આચાર્ય અમૃતચંદ્રદેવ દ્વારા લખેલી ''સમયવ્યાખ્યા'' અને આચાર્ય જયસેનદેવની ''તાત્પર્યવૃત્તિ'' નામની ટીકા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

આચાર્ય અમૃતચંદ્રદેવના મતે આ ગ્રંથના સ્પષ્ટરૂપથી બે ખંડ છે જેનો ઉલ્લેખ ટીકાકારે ''શ્રુતસ્કન્ધ''ના નામથી કર્યો છે.

જ્યારે તાત્પર્યવૃત્તિકાર આચાર્ય જયસેને આ ગ્રંથને ત્રણ મહા અધિકારોમાં વિભક્ત કર્યા છે. આચાર્ય અમૃતચંદ્ર દ્વારા વિભાજિત પ્રથમ શ્રુતસ્કંધ અનુસાર જ આચાર્ય જયસેનદેવ દ્વારા વિભાજિત પ્રથમ મહા અધિકાર છે. અમૃતચંદ્રાચાર્યના દ્વિતીય શ્રુતસ્કંધને જયસેનદેવે બીજા તેમજ ત્રીજા મહા અધિકારોમાં વિભાજિત કર્યા છે. વિશેષ એટલું જ કે અમૃતચંદ્રાચાર્ય જેને ''મોક્ષમાર્ગ પ્રપંચ ચૂલિકા'' કહે છે તેને જ જયસેનાચાર્ય તૃત્તિય મહા અધિકાર કહીને પોકારે છે.

પ્રથમ શ્રુતસ્કંધ (પ્રથમ ખંડ) અથવા પ્રથમ મહા અધિકારમાં સૌપ્રથમ ૧ થી ૨૬ ગાથાઓમાં મંગલાચરણ અને ગ્રંથ લખવાની પ્રતિજ્ઞા ઉપરાન્ત છ દ્રવ્ય અને પંચાસ્તિકાયના સામાન્ય વ્યાખ્યાનરૂપ પીઠિકા પ્રસ્તુત કરવામાં આવી છે.

ઉક્ત પીઠિકા અધિકારમાં પાંચ અસ્તિકાય દ્રવ્યોનું (જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ આકાશ) અસ્તિત્વ અને કાયત્વ જે સુંદરતાથી દર્શાવવામાં આવ્યા છે તે દર્શનીય તેમજ મનનીય છે.

'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય' અથવા 'ગુણપર્યાયત્વ'ના કારણે 'અસ્તિત્વ' અને બહુપ્રદેશત્વના કારણે કાયત્વ સિદ્ધ કરવામાં આવેલા છે.

'અસ્તિકાય' શબ્દ અસ્તિત્વ તેમજ કાયત્વનો દ્યોતક છે. અસ્તિત્વ + કાયત્વ = અસ્તિકાય આમ, અસ્તિકાય શબ્દનો પ્રયોગ અસ્તિત્વ અને કાયત્વના અર્થમાં થાય છે.

અસ્તિત્વને સત્તા અથવા સત્ પણ કહે છે. આ જ સત્‌ને દ્રવ્યનું લક્ષણ કહેવાય છે. જે ઉત્પાદ-વ્યય અને ધ્રુવત્વ (ધ્રૌવ્ય) થી યુક્ત હોય છે.

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અત્રે આ સત્ કે સત્તાની માર્મિક વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં આવી છે.

આ સ્પષ્ટીકરણ પછી ગાથા-૧૨-૧૩ માં ગુણ-પર્યાયોનો દ્રવ્ય સાથે ભેદાભેદ દર્શાવવામાં આવ્યો છે અને ૧૪ મી ગાથામાં તે સંબંધી સપ્તભંગી સ્પષ્ટ કરવામાં આવી છે. ત્યારબાદ સત્‌ના નાશ તેમજ અસત્‌ના ઉત્પાદ વિશેની સ્પષ્ટતાની સાથે ગાથા-૨૦ સુધી પંચાસ્તિકાયોનું સામાન્ય નિરૂપણ પૂરું થયા બાદ ૨૬ મી ગાથા સુધી કાળદ્રવ્યનું નિરૂપણ રજૂ કરવામાં આવેલ છે.

આધ્યાત્મિક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના સમયાન્તરે પંચાસ્તિકાય ગ્રંથ ઉપર વ્યાખ્યાનો થયા છે. અત્રે ક્રમશઃ સળંગ થયેલા ૮૮ પ્રવચનોને અક્ષરશઃ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાનું આયોજન છે. તેમાંનો આ પ્રથમ પ્રકાશિત ભાગ આપ સહુ આત્માર્થી ભવ્યાત્માઓના કરકમળમાં પ્રસ્તુત છે જેમાં કુલ ૩૧ પ્રવચનો અક્ષરશઃ છે જે પ્રથમ પીઠિકારૂપ દ્રવ્ય સામાન્ય અધિકારની ગાથા ૧ થી ૨૬ ગાથા તથા ૨૭ મી ગાથા ઉપરના છે.

આ શાસ્ત્રના પ્રકાશન અર્થે અમેરિકામાં રહેતા ભાઈશ્રી ચંદ્રકાંતભાઈ મહેતા તરફથી રૂા.૩/= લાખની દાનરાશિ તથા ડૉ.ચંદુભાઈ કામદાર તથા ડૉ.ઈશ્વરભાઈ કામદાર તરફથી રૂા.૨/= લાખની દાનરાશિ મંદિરને પ્રાપ્ત થઈ છે તથા અન્ય દાનકર્તાઓએ પણ ભાવપૂર્વક દાનરાશિ આપી હોઈ સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

આ સમગ્ર પ્રવચનોને સી.ડી. ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ અક્ષરશઃ ઉતારવાનું કાર્ય આત્માર્થી શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા - રાજકોટ દ્વારા થયેલ હોય તથા પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ.દેવેન્દ્રભાઈ દોશી - સુરેન્દ્રનગર તથા ચેતનભાઈ મહેતા - રાજકોટ દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આભાર વ્યક્ત કરે છે. જે હિન્દી પ્રવચનો છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવ્યા છે તથા જે ગાથા ૬૯ ની સાલના પ્રવચનોમાં ન હોય તે ૬૩ ની સાલના પ્રવચનોમાંથી ત્રણ પ્રવચનો લેવામાં આવેલ છે. આ પ્રવચનોમાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકનું કોમ્પ્યુટરરાઈઝડ સેટીંગ કરવાનું કાર્ય શ્રી અમરભાઈ પોપટ-રાજકોટ દ્વારા તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા ધર્મેશભાઈ શાહ - અમદાવાદ દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર મૂકવામાં આવેલ છે.

**ટ્રસ્ટી શ્રી**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ - રાજકોટ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | ૧૫/૧૧/૬૯ | ૧ તથા ૩ થી ૬ શ્લોક | ૩ |
| ૦૨ | ૧૬/૧૧/૬૯ | ૧/૨ | ૨૧ |
| ૦૩ | ૧૭/૧૧/૬૯ | ૨/૩ | ૩૭ |
| ૦૪ | ૧૮/૧૧/૬૯ | ૩/૪ | ૫૪ |
| ૦૫ | ૧૯/૧૧/૬૯ | ૪ | ૭૧ |
| ૦૬ | ૨૦/૧૧/૬૯ | ૪/૫ | ૮૪ |
| ૦૭ | ૧૭/૧૨/૬૩ | ૫ | ૧૦૨ |
| ૦૮ | ૧૮/૧૨/૬૩ | ૫/૬ | ૧૧૫ |
| ૦૯ | ૧૯/૧૨/૬૩ | ૬ થી ૮ | ૧૩૧ |
| ૧૦ | ૨૩/૧૧/૬૯ | ૬/૭ | ૧૫૨ |
| ૧૧ | ૨૪/૧૧/૬૯ | ૮ | ૧૬૭ |
| ૧૨ | ૨૫/૧૧/૬૯ | ૮ | ૧૮૧ |
| ૧૩ | ૨૬/૧૧/૬૯ | ૮ | ૧૯૪ |
| ૧૪ | ૨૭/૧૧/૬૯ | ૮ | ૨૦૮ |
| ૧૫ | ૨૮/૧૧/૬૯ | ૮ | ૨૨૧ |
| ૧૬ | ૨૯/૧૧/૬૯ | ૮/૯ | ૨૩૪ |
| ૧૭ | ૩૦/૧૧/૬૯ | ૯/૧૦ | ૨૫૦ |
| ૧૮ | ૧/૧૨/૬૯ | ૧૦ | ૨૬૬ |
| ૧૯ | ૨/૧૨/૬૯ | ૧૦ | ૨૮૦ |
| ૨૦ | ૩/૧૨/૬૯ | ૧૧ | ૨૯૪ |
| ૨૧ | ૪/૧૨/૬૯ | ૧૨/૧૩ | ૩૧૦ |
| ૨૨ | ૫/૧૨/૬૯ | ૧૪ | ૩૨૪ |
| ૨૩ | ૬/૧૨/૬૯ | ૧૫ | ૩૪૨ |
| ૨૪ | ૭/૧૨/૬૯ | ૧૬ | ૩૫૬ |
| ૨૫ | ૮/૧૨/૬૯ | ૧૭ | ૩૭૧ |
| ૨૬ | ૯/૧૨/૬૯ | ૧૮/૧૯ | ૩૮૫ |
| ૨૭ | ૧૦/૧૨/૬૯ | ૧૯/૨૦ | ૪૦૧ |
| ૨૮ | ૧૧/૧૨/૬૯ | ૨૦/૨૧ | ૪૧૮ |
| ૨૯ | ૧૨/૧૨/૬૯ | ૨૧ | ૪૩૪ |
| ૩૦ | ૧૩/૧૨/૬૯ | ૨૭ | ૪૪૮ |
| ૩૧ | ૧૪/૧૨/૬૯ | ૨૭ | ૪૬૧ |


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રથમ તું આત્માને જાણ



ભગવત્ શ્રી કુંદકુંદાચાર્ય દેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્દ્ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમોપકારી પૂજય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ॐ

नम: श्री सर्वज्ञवीतरागाय।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## -૧-

## ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન

**श्रीमदमृतचन्द्राचार्यदेवविरचिता समयव्याख्या।**

सहजानन्दचैतन्यप्रकाशाय महीयसे।
नमोऽनेकान्तविश्रान्तमहिम्ने परमात्मने ॥ १ ॥

મૂળ ગાથાઓનો અને સમયવ્યાખ્યા નામની ટીકાનો
ગુજરાતી અનુવાદ

[પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય પ્રણીત પ્રાકૃતગાથાબદ્ધ આ ‘પંચાસ્તિકાયસંગ્રહ’ નામના શાસ્ત્રની ‘સમયવ્યાખ્યા’ નામની સંસ્કૃત ટીકા રચનાર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા મંગળ અર્થે પરમાત્માને નમસ્કાર કરે છે.]

[શ્લોકાર્થ :-] સહજ આનંદ અને સહજ ચૈતન્યપ્રકાશમય હોવાથી જે અતિ મહાન છે અને અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે, તે પરમાત્માને નમસ્કાર હો. [૧]

दुर्निवारनयानीकविरोधध्वंसनौषधि:।
स्यात्कारजीविता जीयाज्जैनी सिद्धान्तपद्धति: ॥ २ ॥

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**सम्यग्ज्ञानामलज्योतिर्जननी द्विनयाश्रया ।**
**अर्थात: समयव्याख्या संक्षेपेणाऽभिधीयते ॥ ३ ॥**

[હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા જિનવાણીની સ્તુતિ કરે છે :]

[શ્લોકાર્થ :-] [૧]સ્યાત્કાર જેનું જીવન છે એવી જૈની (-જિનભગવાનની– સિદ્ધાંતપદ્ધતિ-કે જે [૨]દુર્નિવાર નયસમૂહના [૩]વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે-જયવંત હો. [૨]

(હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા આ પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની ટીકા રચવાની પ્રતિજ્ઞા કરે છે :)

[શ્લોકાર્થ :-] હવે અહીંથી, જે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) [૪]સમયવ્યાખ્યા (પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની સમયવ્યાખ્યા નામની ટીકા) સંક્ષેપથી કહેવામાં આવે છે. [૩]

---

૧. 'સ્યાત્' પદ જિનદેવની સિદ્ધાંતપદ્ધતિનું જીવન છે. (સ્યાત્ = કથંચિત્; કોઈ અપેક્ષાથી; કોઈ પ્રકારે.)

૨. દુર્નિવાર = નિવારવો મુશ્કેલઃ ટાળવો મુશ્કેલ.

૩. દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક અંતમય (ધર્મમય) છે. વસ્તુની સર્વથા નિત્યતા તેમ જ સર્વથા અનિત્યતા માનવામાં પૂરેપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિત્ (અર્થાત્ દ્રવ્યઅપેક્ષાએ) નિત્યતા અને કથંચિત્ (અર્થાત્ પર્યાય-અપેક્ષાએ) અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે. આ રીતે જિનભગવાનની વાણી સ્યાદ્વાદ વડે (અપેક્ષાકથનથી) વસ્તુનું પરમ યથાર્થ નિરૂપણ કરીને, નિત્યત્વ-અનિત્યત્વાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બતાવનારા નયોમાં) અવિરોધ (સુમેળ) અબાધિતપણે સિદ્ધ કરે છે અને ધર્મો વિના વસ્તુની નિષ્પત્તિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે.

૪. સમયવ્યાખ્યા = સમયની વ્યાખ્યા; પંચાસ્તિકાયની વ્યાખ્યા; દ્રવ્યની વ્યાખ્યા; પદાર્થની વ્યાખ્યા. (વ્યાખ્યા = વ્યાખ્યાન; સ્પષ્ટ કથન; વિવરણ; સ્પષ્ટીકરણ.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# (પૂજ્ય ગુરુદેવશ્રીના પંચાસ્તિકાય સંગ્રહ ઉપરના સળંગ પ્રવચનો)

## પ્રવચન નં.૧

## ગાથા-૧ તથા શ્લોક-૩ થી ૬

## તા. ૧૫/૧૧/૬૯, કારતક સુદ-૬, શનિવાર

**પંચાસ્તિકાય સંગ્રહ :- ષડ્દ્રવ્ય પંચાસ્તિકાય વર્ણન.** પહેલા બે શ્લોક ચાલ્યા છે. હવે ત્રીજો શ્લોક.

હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા પંચાસ્તિકાય સંગ્રહ નામના શાસ્ત્રની ટીકા રચવાની પ્રતિજ્ઞા કરે છે. પહેલાં દેવની સ્તુતિને નમસ્કાર કર્યો. બીજું શાસ્ત્રની સ્તુતિ કરી. હવે શરૂ કરે છે. પોતે તો ગુરુ છે, ને આચાર્ય છે.

**सम्यग्ज्ञानामलज्योतिर्जननी द्विनयाश्रया ।**
**अर्थात: समयव्याख्या संक्षेपेणाऽभिधीयते ।। ३ ।।**

**હવે અહીંથી સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જયોતિની જનની છે. એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) સમય વ્યાખ્યા.**

કારણ કે દરેક પદાર્થનું નિશ્ચય ને વ્યવહાર બે નયે જેનું સ્વરૂપ છે. એટલે બે નયને આશ્રયે જેની વ્યાખ્યા. **બે નયોનો આશ્રય કરનારી,** લ્યો! એવો એનો અર્થ કર્યો, આશ્રય કરનારી. આશ્રયએટલે બે નયે કથન કરનારી એમ. બે નયને આશ્રયે કથન કરનારી એમ. એ તો આશ્રય આવ્યો એટલે પાધરા કહે, લ્યો! આ તો બે નયનો આશ્રય થઈ ગયો. દરેક વસ્તુ બે નયના કથને એનું સમ્યગ્જ્ઞાન પૂરું થાય છે. દ્રવ્ય છે તે નિશ્ચય છે (અને) પર્યાય છે તે વ્યવહાર છે. મોક્ષમાર્ગ પણ નિશ્ચય છે તે સત્ય છે ને વ્યવહાર તે ઉપચાર પ્રણીત છે. એ બે નયે તેનું જ્ઞાન કરવા માટે. કારણ કે સમ્યગ્જ્ઞાનની ઉત્પતિ બે નયને આશ્રયે છે. એકાંત નિશ્ચયનયથી જ સમ્યગ્જ્ઞાન છે એમ નહીં.

મુમુક્ષુ :- એકાંત આત્માને આશ્રયે એમ કહેવાય છે ને.

ઉત્તર :- એ જરૂર નથી. એ આશ્રય લેવાને માટે. પણ જ્ઞાન કરવા માટે બીજી નય છે કે નહીં? સમજાણું કાંઈ? જાણવા માટે બે નય છે કે નહીં?

દ્રવ્ય ને પર્યાય, શુધ્ધ ને અશુધ્ધ, ઉપાદાન ને નિમિત્ત બે ને આશ્રયે શાસ્ત્રમાં કથન છે. બીજી ચીજ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એને જાણવા માટે છે કે નહિં? એમ આત્મામાં પર્યાય છે તે જાણવા માટે છે કે નહિં? કે જ્યાં પર્યાય આશ્રય કરવા લાયક નથી એ જુદી વસ્તુ છે. પણ પર્યાય છે ને? દ્રવ્ય ત્રિકાળી છે એમ એક સમયની અવસ્થા પણ છે. સમજાણું કાંઈ? છે તેનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. કેમકે બે નયને આશ્રયે. શબ્દ શું છે? સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની, કોણ? એવી બે દ્વિનયાશ્રિત સમયવ્યાખ્યા. સમય એટલે પદાર્થ કહો, પંચાસ્તિકાય કહો, દ્રવ્ય કહો અને વ્યાખ્યા એટલે સ્પષ્ટ કથનનું વિવરણ સ્પષ્ટીકરણ ને વ્યાખ્યાન. બે નયમાં એક નય આશ્રય કરવા લાયક છે પોતાને માટે. નિશ્ચયનય તો પરમાણું છે. નિશ્ચય ને પર્યાય છે તે બેય કાંઈ આશ્રય કરવા લાયક (નથી). પણ બે નયમાં પોતાનું સ્વરૂપ ત્રિકાળ છે, ધ્રુવ છે, નિત્ય છે, એ આશ્રય કરવા લાયક છે. પણ સમ્યગ્જ્ઞાનમાં તો પર્યાય પણ છે, રાગ છે એનું જ્ઞાન એને બરાબર હોવું જોઈએ. નહીંતર સમ્યગ્જ્ઞાનમાં એક નય જ ન હોય, જ્ઞાનમાં તો બેય નય છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

ઓલું બધું સાંભળ્યું હતું ને કર્તા કર્મમાં, પાછા આવ્યું કે કર્તૃત્વ નય છે, એમ આ આવ્યું. એ વખતે જે પ્રકાર છે એ રીતે એને સમજવો જોઈએ ને! એકલો નિશ્ચય છે ને (બીજાું નથી?) નિશ્ચયનય છે તે નય છે તે એક અંશને જાણે છે. નય કાંઈ આખી ચીજને જાણતી નથી. તો એક અંશ સિવાય બીજો અંશ પર્યાયનો રહી જાય છે ને! ભલે નાનો અંશ છે અને દ્રવ્યનો અંશ મોટો છે. સમજાણું કાંઈ? પણ નય છે તે એક અંશનો આશ્રય કરે છે, એક અંશનો પક્ષ કરે છે. એટલે નયનો બીજો એક અંશ રહી જાય છે. એટલે કહ્યું, **સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે. એવી દ્વિનયાશ્રિત સમય વ્યાખ્યા સંક્ષેપમાં કહેવામાં આવે છે. લ્યો.**

(મુમુક્ષુ :- બે નયના જ્ઞાન વિના નિર્મળ દ્રષ્ટિ થાય જ નહીં) થાય નહીં ને એમ જ છે ને એમાં શું છે? દ્રવ્યનું જ્ઞાન એની સાથે પર્યાયનું જ્ઞાન હોવું જ જોઈએ. નહીંતર સમ્યગ્જ્ઞાન થાય નહીં. વસ્તુ એની પોતાની છે કે નહિં? નિશ્ચય મોક્ષમાર્ગ એક નયે, બીજો વિકલ્પ-બીજો વ્યવહાર છે કે નહીં? છે. મોક્ષમાર્ગ ભલે આ રૂપે હો પણ છે કે નહીં એનું જ્ઞાન તો કરવું જોઈએ. નય છે ને નય જ્ઞાનનો અંશ છે તો એનો વિષય પણ છે. વિષય નથી ને નય હોય એમ બની શકે નહીં. સમજાણુ કાંઈ?

એથી કરીને વ્યવહારનયથી ધર્મ થાય છે કે વ્યવહારનયથી કલ્યાણ થાય છે તે અહીં પ્રશ્ન નથી. પણ બે નયના જ્ઞાન દ્વારા નિર્મળ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. એક જ નયનું જ્ઞાન હોય ને બીજા નયનું જ્ઞાન ન હોય તો તે જ્ઞાન એકાંત થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ચોથો શ્લોક.

**હવે ત્રણ શ્લોકો દ્વારા ટીકાકાર આચાર્યદેવ પંચાસ્તિકાય સંગ્રહ નામના શાસ્ત્રમાં કયા કયા વિષયોનું નિરૂપણ છે તે અતિ સંક્ષેપથી કહે છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



पञ्चास्तिकायषड्द्रव्यप्रकारेण प्ररूपणम् ।
पूर्वं मूलपदार्थानामिह सूत्रकृता कृतम् ॥ ४ ॥

[શ્લોકાર્થ :-] અહીં પહેલાં * સૂત્રકર્તાએ મૂળ પદાર્થોનું પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના પ્રકારથી પ્રરૂપણ કર્યું છે (અર્થાત્ આ શાસ્ત્રમાં પ્રથમ અધિકારને વિષે શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવે વિશ્વના મૂળ પદાર્થોનું પાંચ અસ્તિકાય અને છ દ્રવ્યની પદ્ધતિથી નિરૂપણ કર્યું છે). [૪]

---

**અહીં પહેલાં સૂત્રકર્તાએ, (નીચે) આ શાસ્ત્રનાં કર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. તેમના બીજા નામો પદ્મનંદી, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય અને ગૃધ્રપિચ્છાચાર્ય છે. શ્રી જયસેનાચાર્યદેવ આ શાસ્ત્રની તાત્પર્યવૃતિ નામની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કેઃ- 'હવે શ્રી કુમારનંદી-સિધ્ધાંતિદેવનાં શિષ્ય શ્રીમત્કુંદકુંદાચાર્યદેવે-જેમનાં બીજા નામો પદ્મનંદી વગેરે હતાં તેમણે-પ્રસિધ્ધકથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ,** લ્યો! આમાં સંસ્કૃત ટીકામાં છે. જુઓને કેટલાક કહે કે, ભગવાન મહાવિદેહમાં ગયા કે નહીં તે નિર્ણય કરો....આ છે તે કઈ અપેક્ષાએ છે તેમ કહી કેટલાક કાઢી નાખે છે.

મુમુક્ષુ :- ઘણાં વર્ષે આચાર્યદેવે લખ્યું. . . .

ઉત્તર :- ઘણાં વર્ષે આચાર્યદેવે લખ્યું તો આચાર્યદેવે લખ્યું તે ખોટું છે?

મુમુક્ષુઃ- શ્વેતાંબર કહેતા હતા કે અમે ગયા હતા.

ઉત્તરઃ- ના, ના, ધૂળેય ગયા નથી કોઈ, કોણ જાતુ'તું. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય, પૂજયપાદ સ્વામી વગેરે મહાવિદેહમાં ગયા છે. બીજા તો હતા કેદી' તે મહાવિદેહમાં જાય. શું થાય એ તો સંપ્રદાયની વાત છે. એ વાત (જે રીતે) બેઠી હોય તે કાંઈ છોડે? હેં?

મુમુક્ષુ :- દિગંબરેય ન છોડે, દિગંબરેય ન માને...

---

* આ શાસ્ત્રના કર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. તેમનાં બીજાં નામો પદ્મનંદી, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય અને ગૃધ્રપિચ્છાચાર્ય છે. શ્રી જયસેનાચાર્યદેવ આ શાસ્ત્રની તત્પર્યવૃત્તિ નામની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કે : 'હવે શ્રી કુમારનંદી-સિદ્ધાંતદેવના શિષ્ય શ્રીમત્કુંદકુંદાચાર્યદેવે- જેમનાં બીજાં નામો પદ્મનંદી વગેરે હતાં તેમણે -પ્રસિદ્ધ કથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્ય વાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને, ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે અથવા શિવકુમાર-મહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાય-પ્રાભૃતશાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- હા, દિગંબરેય કહે છે ને? ઘણાં એમ કહે છે. આંહી આવ્યું છે ને હમણાં, એમ નક્કી કરો એમ છે ખરું. જો હોય તો એમણે પોતે કેમ નથી લખ્યું? એમ પ્રશ્ન કરે છે. મહાવિદેહમાં ગયા હોય તો પોતે કેમ નથી લખ્યું? લખ્યું નથી? કેવળી શ્રુતકેવળીએ કહ્યું. નિયમસારમાં કહ્યું છે. કેવળી, શ્રુતકેવળીએ કહ્યું. જુઓ! લ્યો.

મુમુક્ષુ :- બધા આચાર્યો કેવળીનું કહે છે.

ઉત્તર :-હા, કેવળી, શ્રુતકેવળીઓ, મૂળ પાઠ છે. એવો શબ્દ બીજામાં ક્યાંય નથી. સમયસારમાં તો શ્રુતકેવળી ભણીયં છે. એ તો પછી અર્થ બે કર્યા. નિયમસારમાં તો કેવળી અને શ્રુતકેવળી બે, કેવળીએ કહેલું. સમજાણું કાંઈ? પણ એ વાત એના ભાવો જુઓ, એની કથન શૈલી જુઓ તો પ્રત્યક્ષ વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વાત એની આટલી સ્પષ્ટ હોઈ શકે નહીં. આ તો ન માને તે લોકોને માટે સમજાવવું છે. સમજાય છે? બીજું તો સાક્ષાત થયેલું છે, એમાં પ્રશ્ન કયાં છે આમાં કાંઈ? સમજાણું?

**સર્વજ્ઞ પૂર્વ વિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકરપરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીનાં મુખકમળથી નીકળેલી દિવ્ય વાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને, લ્યો, શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત પદાર્થ** ત્યાંથી ઉપાડયું છે. **ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના** દેખો, **ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે** અંતઃતત્ત્વનું મુખ્ય ને બહિઃતત્ત્વનું ગૌણ, ભલે શબ્દ આડા અવળા પડ્યા છે. નહિંતર અંતઃતત્ત્વ સાથે ગૌણ થઈ જાય છે એમ નથી. અંતઃતત્ત્વ ભગવાનઆત્મા પૂર્ણ એ મુખ્ય છે અને એ સિવાય પર્યાય આદિ, બાહ્યઆદિ બધા ગૌણ તત્ત્વો છે.પણ છે ખરા. **પ્રતિપાદન અર્થે અથવા શિવકુમારમહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાય-પ્રાભૃતશાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.'** લ્યો! પોતે જયસેન આચાર્ય મહાવ્રતધારી, સંત આચાર્ય છે.

મુમુક્ષુઃ- એની કથા સાચી લાગી.

ઉત્તરઃ- એની કથા સાચી લાગી, જેમ છે એમ લાગી. બીજાને, છે એમ ન લાગે એટલે કાંઈ વસ્તુ ફરી જાય? સમજાણું કાંઈ? લ્યો!

આ શાસ્ત્રમાં **સૂત્રકર્તાએ મૂળ પદાર્થોનું પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના પ્રકારથી પ્રરૂપણ કર્યું છે**...લ્યો! એમાં ઉપર પુસ્તકનું નામ જ માથે એ છે ને જુઓ **'ષડ્દ્રવ્ય પંચાસ્તિકાય વર્ણન.'** આ બાજુ **'ષડ્દ્રવ્ય પંચાસ્તિકાય વર્ણન'** આ બાજુ છેને? આ એ પહેલો અધિકાર.સમજાણું? **આ શાસ્ત્રમાં પ્રથમ અધિકારને વિષે પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના પ્રકારથી પ્રરૂપણ કર્યું છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લ્યો! એટલી વાત પાકી થઈ ચોથાથી. હવે પાંચમો શ્લોક.

**जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम् ।**
**ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता ॥ ५ ॥**

**[શ્લોકાર્થ :-] પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની - કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્નભિન્ન પ્રકારના છે તેમની - વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે. [૫]**

**जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम् ।**
**ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता ॥ ५ ॥**

બીજા ભાગમાં આવે છે ને એ? બીજા અધિકારમાં આ પહેલા અધિકારની વાત થઈ. બે અધિકાર છે ને આમાં!

**(શ્લોકાર્થ :-) પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ, જીવ અને અજીવ બે પદાર્થ એની પર્યાયોરૂપ નવ પદાર્થોની-કે- જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે.** લ્યો! સંવરનો માર્ગ ભિન્ન છે, આસ્ત્રવનો ભિન્ન છે, બંધનો ભિન્ન છે, મોક્ષનો ભિન્ન છે. જેમના માર્ગ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે. અજીવની પર્યાયનું કાર્ય અજીવ, રાગની પર્યાયનું કાર્ય જીવમાં. એમ દરેકનું કાર્ય ભિન્ન ભિન્ન છે. કોઈનું કાર્ય કોઈને લઈને છે નહીં. કહો, સમજાણું કાંઈ?

**જેમના માર્ગ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે તેમની વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે.** સંવર-સંવરનું કાર્ય કરે, આસ્ત્રવ-આસ્ત્રવનું કાર્ય કરે, બંધ-બંધનું કાર્ય કરે, મોક્ષ મોક્ષનું કાર્ય કરે ભિન્ન ભિન્ન છે. આસ્ત્રવ સંવરનું કાર્ય કરે નહીં, સંવર આસ્ત્રવનું કાર્ય કરે નહીં, બંધ મોક્ષનું કાર્ય કરે નહીં, મોક્ષ બંધનું કાર્ય કરે નહીં. અજીવ જીવનું કાર્ય કરે નહીં, જીવ અજીવનું કાર્ય (કરે નહીં.)પણ એમાં એ આવી જાય છે બધું. સમજાણું કાંઈ?

'ચિત્રવર્ત્મ' કીધું ને? ચિત્ર એટલે ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન. વર્ત્મ એટલે નામ. માર્ગ દરેકના, માર્ગ ભિન્ન ભિન્ન છે. અજીવનો માર્ગ અજીવમાં છે. રાગનો માર્ગ રાગમાં છે. સંવરનો માર્ગ સંવરમાં છે. માર્ગ કહો કે કાર્ય કહો. સમજાણું કાંઈ? આસ્ત્રવથી સંવર થતો નથી, સંવરથી આસ્ત્રવ થતો નથી. અજીવથી જીવ થતો નથી, જીવથી અજીવ થતો નથી. અજીવના ઉદયથી વિકાર થતો નથી અને વિકારને લઈને કર્મની પર્યાય બંધાય એમ થતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? નવ પદાર્થના માર્ગ-કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારનાં છે. તેમની વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે આમાં, બીજા ભાગમાં એમ. પછી બીજા અધિકારના અંતમાં.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ततस्तत्त्वपरिज्ञानपूर्वेण त्रितयात्मना ।
प्रोक्ता मार्गेण कल्याणी मोक्षप्राप्तिरपश्चिमा ॥ ६ ॥

[શ્લોકાર્થ :) પછી (બીજા અધિકારના અંતમાં) તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક (પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય અને નવ પદાર્થના યથાર્થ જ્ઞાનપૂર્વક) ત્રયાત્મક માર્ગથી (સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રાત્મક માર્ગથી) કલ્યાણસ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે. [૬]

ततस्तत्त्वपरिज्ञानपूर्वेण त्रितयात्मना ।
प्रोक्ता मार्गेण कल्याणी मोक्षप्राप्तिरपश्चिमा ॥ ६ ॥

**(શ્લોકાર્થ :-) પછી (બીજા અધિકારના અંતમાં) તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક (પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય અને નવ પદાર્થના યથાર્થ જ્ઞાનપૂર્વક) તેના યથાર્થ જ્ઞાનપૂર્વક, ત્રયાત્મક માર્ગથી દર્શન, જ્ઞાન ને ચારિત્રના માર્ગથી કલ્યાણસ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે.** લ્યો, સમજાણું કાંઈ? એકલા આત્માનું જ્ઞાન નહીં. પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય ને નવપદાર્થ એમના જ્ઞાનપૂર્વક **ત્રયાત્મક માર્ગથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના મોક્ષમાર્ગની કલ્યાણસ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે.** આવ્યું'ને, એમાં ધ્રુવમાં અંદર આવી ગયું'ને. ધ્રુવ એટલે નિશ્ચય એક અંશ આવી ગયો. ધ્રુવ એટલે એક અંશ નયમાં આવે છે કે નહીં? પંચાસ્તિકાયમાં દ્રવ્ય આવે છે કે નહીં? ષડ્દ્રવ્યમાં દ્રવ્ય આવે છે કે નહીં? નવ પદાર્થમાં જીવ તત્ત્વ આવે છે કે નહીં? સમજાણું કાંઈ? એનું જ્ઞાન, એમ કીધુંને! એનું જ્ઞાન,પર્યાયનું જ્ઞાન, બધાનું જ્ઞાન કીધું કે નહિં? દ્રવ્યનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, રાગનું જ્ઞાન, બધાનું જ્ઞાનપૂર્વક એમ કહ્યું'ને જુઓને!

તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક-તત્ત્વમાં દ્રવ્યતત્ત્વ આવ્યું કે નહીં? જીવતત્ત્વ આવ્યું કે નહીં? પંચાસ્તિકાયમાં જીવાસ્તિકાય આવી કે નહીં? ધ્રુવ જીવાસ્તિકાય હોં! અને પર્યાય પણ આવી ગઈ. બધું આવી ગયું. સમજાણું કાંઈ? **'તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક, યથાર્થ જ્ઞાનપૂર્વક, ત્રયાત્મક માર્ગથી (સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગથી) કલ્યાણ સ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે.'**

**લ્યો! 'હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.'**

## ગાથા- ૧

अथ सूत्रावतार :

**इंदसदवंदियाणं तिहुवणहिदमधुरविसदक्काणं ।
अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ॥ १ ॥**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



इन्द्रशतवन्दितेभ्यस्त्रिभुवनहितमधुरविशदवाक्येभ्य:।
अन्तातीतगुणेभ्यो नमो जिनेभ्यो जितभवेभ्य: ॥ १ ॥

अर्थात् 'नमो जिनेभ्य:' इत्यनेन जिनभावनमस्काररूपमसाधारणं शास्त्रस्यादौ मङ्गलमुपात्तम्। अनादिना सन्तानेन प्रर्वतमाना अनादिनैव सन्तानेन प्रवर्तमानैरिन्द्राणां शतैर्वन्दिता ये इत्यनेन सर्वदैव देवाधिदेवत्वात्तेषामेवासाधारणनमस्कारार्हत्वमुक्तम्।

त्रिभुवनमूर्ध्वाधोमध्यलोकवर्ती समस्त एव जीवलोकस्तस्मै निर्व्याबाधविशुद्धात्म–तत्त्वोपलम्भोपायाभिधायित्वाद्धितं, परमार्थरसिकजनमनोहारित्वान्मधुरं, निरस्तसमस्त शंकादिदोषास्पदत्वाद्विशदं वाक्यं दिव्यो ध्यनिर्येषामित्यनेन समस्तवस्तुयाथात्म्योप–देशित्वात्प्रेक्षावत्प्रतीक्ष्यत्वमाख्यातम्। अन्तमतीत: क्षेत्रानवच्छिन्न: कालानवच्छिन्नश्च परमचैतन्यशक्तिकविलासलक्षणो गुणो येषामित्यनेन तु परमाद्भुतज्ञानातिशयप्रकाश–नादवात्पज्ञानातिशयानामपि योगीन्द्राणां वन्द्यत्मुदितम्। जिते भव आजवंजवो येरित्येनन तु कृतकृत्यत्वप्रकटनात्त एवान्येषामकृतकृत्यानां शरणमित्युपदिष्टम्। इति सर्वपदानां तात्पर्यम्॥ १॥

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

શત-ઈન્દ્રવંદિત, ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧.

અન્વયાર્થ :- [इन्द्रशतवन्दितेभ्य:] સો ઈન્દ્રોથી જે વંદિત છે, [त्रिभुवनहित–मधुरविशदवाक्येभ्य:] ત્રણ લોકને હિતકર, મધુર અને વિશદ (નિર્મળ, સ્પષ્ટ) જેમની વાણી છે, [अन्तातीतगुणेभ्य:] (ચૈતન્યના અનંત વિલાસસ્વરૂપ) અનંત ગુણ જેમને વર્તે છે અને [जितभवेभ्य:] ભવ ઉપર જેમણે જય મેળવ્યો છે, [जिनेभ्य:] તે જિનોને [नम:] નમસ્કાર હો.

ટીકા :- અહીં (આ ગાથામાં) 'જિનોને નમસ્કાર હો' એમ કહીને શાસ્ત્રના આદિમાં જિનને ભાવનમસ્કારરૂપ અસાધારણ [1]મંગળ કહ્યું. 'જેઓ અનાદિ પ્રવાહથી પ્રવર્તતા (-ચાલ્યા આવતા) થકા અનાદિ પ્રવાહથી જ પ્રવર્તતા (-ચાલ્યા આવતા) [2]સો સો ઈંદ્રોથી વંદિત છે' એમ કહીને સદાય દેવાધિદેવપણાને લીધે તેઓ જ (જિનો જ) અસાધારણ નમસ્કારને યોગ્ય

૧. મળને અર્થાત્ પાપને ગાળે-નષ્ટ કરે તે મંગળ છે, અથવા સુખને પ્રાપ્ત કરે - લાવે તે મંગળ છે.

૨. ભવનવાસી દેવોના ૪૦ ઈન્દ્રો, વ્યંતર દેવોના ૩૨, કલ્પવાસી દેવોના ૨૪, જ્યોતિષ્ક દેવોના ૨, મનુષ્યોનો ૧ અને તિર્યંચોનો ૧-એમ કુલ ૧૦૦ ઈન્દ્રો અનાદિ પ્રવાહરૂપે ચાલ્યા આવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ કહ્યું. 'જેમની વાણી અર્થાત્ દિવ્ય ધ્વનિ ત્રણ લોકને - ઉર્ધ્વ-અધો-મધ્ય લોકવર્તી સઘળાય જીવસમૂહને-નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહેનાર હોવાથી હિતકર છે, પરમાર્થરસિક જનોનાં મનને હરનાર હોવાથી મધુર છે અને સમસ્ત શંકાદિ દોષોનાં સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી વિશદ (નિર્મળ, સ્પષ્ટ) છે' એમ કહીને (જિનો) સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે (અર્થાત્ જેમનો ઉપદેશ વિચારવંત ડાહ્યા પુરુષોએ બહુમાનપૂર્વક વિચારવો જોઈએ એવા છે) એમ કહ્યું. 'અનંત-ક્ષેત્રથી અંત રહિત અને કાળથી અંત રહિત - પરમચૈતન્યશક્તિના વિલાસસ્વરૂપ ગુણ જેમને વર્તે છે' એમ કહીને (જિનોને) પરમ અદ્ભુત જ્ઞાનાતિશય પ્રગટ થયો હોવાથી જ્ઞાનાતિશયને પામેલા યોગીન્દ્રોથી પણ વંદ્ય છે એમ કહ્યું. 'ભવ અર્થાત્ સંસાર ઉપર જેમણે જય મેળવ્યો છે' એમ કહીને કૃતકૃત્યપણું પ્રગટ થયું હોવાથી તેઓ જ (જિનો જ) બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે એમ ઉપદેશ્યું. - આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય છે.

ભાવાર્થ :- અહીં જિનભગવંતોનાં ચાર વિશેષણો વર્ણવીને તેમને ભાવનમસ્કાર કર્યો છે. (૧) પ્રથમ તો જિનભગવંતો સો ઈન્દ્રોથી વંદ્ય છે. આવા અસાધારણ નમસ્કારને યોગ્ય બીજું કોઈ નથી, કારણ કે દેવોને અને અસુરોને યુદ્ધ થતું હોવાથી (દેવાધિદેવ જિનભગવાન સિવાય) અન્ય કોઈ પણ દેવ સો ઈન્દ્રોથી વંદિત નથી. (૨) બીજું, જિનભગવાનની વાણી ત્રણ લોકને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી હિતકર છે; વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સહજ-અપૂર્વ પરમાનંદરૂપ પારમાર્થિકસુખરસાસ્વાદના રસિક જનોનાં મનને હરતી હોવાથી (અર્થાત્ પરમ સમરસીભાવના રસિક જીવોને મુદિત કરતી હોવાથી) મધુર છે; શુદ્ધ જીવાસ્તિકાયાદિ સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય અને પાંચ અસ્તિકાયનું સંશય-વિમોહ-વિભ્રમ રહિત નિરૂપણ કરતી હોવાથી અથવા પૂર્વાપરવિરોધાદિ દોષ રહિત હોવાથી અથવા યુગપદ્ સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી વિશદ-સ્પષ્ટ-વ્યક્ત છે. આ રીતે જિનભગવાનની વાણી જ પ્રમાણભૂત છે; એકાંતે અપૌરુષેય વચન કે વિચિત્ર કથારૂપ કલ્પિત પુરાણવચનો પ્રમાણભૂત નથી. (૩) ત્રીજું, અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણનારો અનંત કેવળજ્ઞાનગુણ જિનભગવંતોને વર્તે છે. આ રીતે બુદ્ધિ આદિ સાત ઋદ્ધિ તેમ જ મતિજ્ઞાનાદિ ચતુર્વિધ જ્ઞાનથી સંપન્ન ગણધરદેવાદિ યોગીન્દ્રોને પણ તેઓ વંદ્ય છે. (૪) ચોથું, પાંચ પ્રકારના સંસારને જિનગભવંતોએ જીત્યો છે. આ રીતે કૃતકૃત્યપણાને લીધે તેઓ જ બીજા અકૃત્યકૃત્ય જીવોનું શરણ છે, અન્ય કોઈ નહિ. - આ પ્રમાણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ચાર વિશેષણોથી યુક્ત જિનભગવંતોને ગ્રંથના આદિમાં ભાવનમસ્કાર કરીને મંગળ કર્યું.**

**પ્રશ્ન :- જે શાસ્ત્ર પોતે જ મંગળ છે, તેનું મંગળ શા માટે કરવામાં આવે છે ?**

**ઉત્તર :- ભક્તિ અર્થે મંગળનું પણ *મંગળ કરવામાં આવે છે. સૂર્યને દીપકથી, મહાસાગરને જળથી, વાગીશ્વરીને (સરસ્વતીને) વાણીથી અને મંગળને મંગળથી અર્ચવામાં આવે છે. ૧.**

**इंदसदवंदियाणं तिहुवणहिदमधुरविसदक्काणं।**
**अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ॥ १ ॥**

આ કુંદકુંદઆચાર્યની ગાથા છે.

**શત-ઈન્દ્રવંદિત, ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,**
**નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧**

**ટીકા :- અહીં (આ ગાથામાં ) જિનોને નમસ્કાર કર્યો છે** લ્યો! 'જિણાણં નમો' એમ છે ને? વીતરાગ ભાવ એવા ભગવાનને નમસ્કાર. સમજાણું કાંઈ? એમ કહીને શાસ્રના આદિમાં જિનને ભાવ નમસ્કારરૂપ અસાધારણ મંગળ કર્યું. **મળને, પાપને ગાળે-નષ્ટ કરે તે મંગળ અથવા સુખને પ્રાપ્ત કરે-લાવે તે મંગળ.** પ્રાપ્ત કરે અથવા લાવે એમ. લ્યો, વીતરાગ ભગવાન, સ્મૃતિમાં વીતરાગ ભગવાન, વીતરાગ ભગવાન જિનેશ્વર એને મંગળ કર્યું.

**કેવા છે? જેઓ અનાદિ પ્રવાહથી પ્રવર્તતા (ચાલ્યા આવતા) થકા અનાદિ પ્રવાહથી જ પ્રવર્તતા સો સો ઈન્દ્રોથી વંદિત છે.' અનાદિ પ્રવાહથી પ્રવર્તતા-ચાલ્યા આવતા થકા,** ભગવાન જિનેન્દ્રદેવ પણ અનાદિ પ્રવાહથી ચાલ્યા આવે છે. **અને અનાદિ પ્રવાહથી પ્રવર્તતા સો સો ઈન્દ્રો તેનાથી વંદિત છે.** આહાહા! સમજાણું કાંઈ? સો ઈન્દ્રોથી જે વંદિત છે એમ. જે ઈન્દ્રોથી જે છે તે પણ અનાદિના છે એમ. અને વંદન કરનારા પણ સો ઈન્દ્રો છે.

દેખો! આમાં સો ઈન્દ્રો. ઓલા શ્વેતાંબરમાં ચોસઠ ઈન્દ્રો આવે છે. અહીં **સો ઈન્દ્રોથી વંદિત છે. એમ કહીને સદાય દેવાધિદેવપણાને લીધે,** દેખો! એમ કહીને સદાય દેવાધિદેવપણું છે. **તેઓ અસાધારણ નમસ્કારને યોગ્ય છે, તેઓ જ (જિનો જ)અસાધારણ નમસ્કારને યોગ્ય છે** એમ કહ્યું. લ્યો! નીચે દેવોના, ઈન્દ્રોના છે. ભવનવાસી દેવોના ૪૦ ઈન્દ્રો છે. લ્યો! વ્યંતર

---

* આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં, શાસ્ત્રનું મંગળ, શાસ્ત્રનું નિમિત્ત, શાસ્ત્રનો હેતુ (ફળ) શાસ્ત્રનું પરિમાણ, શાસ્ત્રનું નામ અને શાસ્ત્રના કર્તા - એ છ બાબતોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

વળી શ્રી જયસેનાચાર્યદેવે આ ગાથાના શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ સમજાવીને, 'એ રીતે વ્યાખ્યાનકાળે સર્વત્ર શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ યોજવા યોગ્ય છે' એમ કહ્યું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેવોના ૩૨, ચાલીસ કીધું ને! ભવનવાસી દેવોના ૪૦ કહ્યા, વ્યંતર દેવોના ૩૨, કલ્પવાસી દેવોના ૨૪, જ્યોતિષ્કદેવોના ૨,મનુષ્યનો ૧, તિર્યંચનો ૧. સો ઈન્દ્રો આદિ અનાદિ પ્રવાહરૂપે ચાલ્યા આવે છે એમ કહે છે. અનાદિ પ્રવાહથી ઈન્દ્રો ચાલ્યા આવે છે. એના પૂજનીક ભગવાન પણ અનાદિથી છે. ભવનપતિ ઝાઝા કીધા છે અહિંયા. એક વાત થઈ.

મુમુક્ષુ :–પ્રભુ! આ બધા સમકિતી હશે?

ઉત્તર :– ના બધા (ન હોય) એમ છે કે બધા દેવો છે ને ઈન્દ્રો તે લગભગ સમકિતી છે. ત્યાંના બીજા દેવો હોય તે સાધારણ (હોય). છે તો સમકિતી. હવે આમાંય કહે છે સિંહ આદિ પણ કોઈ સમકિતી હોય છે. મનુષ્યોમાં પણ દેવ આદિ સમકિતી હોય છે. જે અનાદિ પ્રવાહથી ચાલ્યા આવે છે.

હવે એમની વાણી. એ તો એવા પૂજનીય ભગવાન જિન એમને પૂજનારા ઈન્દ્રો અને આ પૂજવા યોગ્ય ભગવાન બેય અનાદિથી જગતમાં છે.નવી ચીજ છે (નહીં). અનાદિથી કોઈ કાળ જિનના વિરહ વિનાનો હોય અને કોઈ કાળ એના પૂજનીક પુરુષના વિરહ વિનાનો હોય એમ છે નહીં.

**હવે જેમની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ ત્રણ લોકને–ઊર્ધ્વ–અધો–મધ્યલોકવર્તી સઘળાય જીવસમૂહને,** લ્યો! ઊર્ધ્વલોકના દેવોને, અધોલોકના પણ દેવોને, મધ્યલોકમાં તિર્યંચ ને મનુષ્યને. સઘળાય જીવ સમૂહને, લ્યો! અહીં તો **સઘળાય જીવ સમૂહને નિર્બાધ,** બાધા વિના, **વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહેનાર હોવાથી,** લ્યો! નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વ, બાધા ન થાય, વિરોધ ન આવે ને એવું જે વિશુદ્ધ આત્મતત્ત્વ એની ઉપલબ્ધિ એટલે અનુભવ પ્રાપ્તિનો ઉપાય કહેનાર હોવાથી, એ વાણી તો આવા તત્ત્વનો અનુભવ થાય એવો ઉપાય કહેનારી વાણી છે. તેથી તેને હિતકર કહેવામાં આવે છે. નિમિત્તથી કથન છે ને? જ્ઞાન કરવામાં વાણી નિમિત્ત તરીકે હિતકર છે. સમજાણું કાંઈ? એક કોર આવે છે કે વાણી તરફનું જે જ્ઞાન છે તે સાચું જ્ઞાન નથી. વાણીથી આત્માને જ્ઞાન થાતું નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયા તો વાણી નિમિત્તરૂપે છે એમ અહીં સિદ્ધ કરવું છે. વાણી છે તે કલ્યાણ માટે હિતકર માટે નિમિત્ત છે. અહિતકર માટે (નિમિત્ત )નથી. એવી વાણી સઘળાય જીવ સમૂહને હિતકર છે. અહીં તો બધાયને હિતકર છે, એકે એકને છે. એકેન્દ્રિયથી માંડી બધાને. કહો વાણી હિતકર છે એમ કીધું. ઓલા રાડ પાડે! વાણીથી કાંઈ નથી થાતું ને વળી અહીં હિતકર કહે છે? ઠીક, કીધું ને બે નયનું જ્ઞાન કરવું. એક જગતના જીવો એમ કહે છે કે વાણી નિમિત્ત હોય તો તીર્થંકર જૈનની જ વાણી નિમિત્ત હોય એમ કહે છે. બીજાની વાણી (નિમિત્ત) હોય શકે નહીં. એટલું સિદ્ધ કરવા હિતકર કહેવામાં આવે છે. વાણીમાં આત્મતત્ત્વના અનુભવનો ઉપાય કહેનાર હોવાથી, લ્યો! આત્મતત્ત્વની પ્રાપ્તિ કહો કે મોક્ષ કહો એનો ઉપાય કહેનાર હોવાથી, ભગવાને તો આ જ ઉપાય કહ્યો છે. લ્યો, એમાં કહે છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નિર્બાધ નામ વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ** એટલે પ્રાપ્તિ એટલે મોક્ષ. એનો **ઉપાય કહેનાર હોવાથી હિતકર છે.** હવે આમ કહે કે વાણી પરદ્રવ્ય છે અને પરદ્રવ્યથી આત્માનું હિત થતું નથી. પણ આ કઇ અપેક્ષા છે? બેય નયનું જ્ઞાન સાથે કરાવે છે કે નહીં? બેય નયનું જ્ઞાન (કરાવે).આત્મા પોતાનું હિત સ્વભાવને આશ્રયે કરે તે હિતમાં, જ્ઞાનમાં નિમિત્ત તરીકે હોય તો વીતરાગની વાણી હોય. તેવું એણે નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. પણ એ વાણીથી જ જ્ઞાન થાય-પણ એ વાણી હોય ત્યાં જ્ઞાનની યોગ્યતાવાળો જીવ હોય એમ કહીને હિતકર કહેવામાં આવ્યું છે. એને જ વાણી મળે છે બીજાને વાણી મળતી નથી. સમજાણું કાંઇ? બીજા ભલે હિત કરનારા નથી એને વાણી ખરેખર મળી નથી. એને નિમિત્તપણે થયું નથી. જેને સર્વજ્ઞની વાણીમાં જે ભાવ મોક્ષના ઉપાયના છે એ જે મળ્યા અને પ્રાપ્ત કર્યું એ વાણીને હિતકર કહેવામાં આવે છે. એ કહે છે તે પ્રાપ્ત કરે જ. આહાહા! સમજાણું કાંઇ? કયાંય ગયો નથી, એણે સાંભળ્યું નથી, એણે સાંભળ્યું નથી. શ્રુત પરિચીત નથી કીધું? સાંભળ્યું નથી તે. ભગવાનના સમોસરણમાં અનંતવાર નથી ગયો? સાંભળ્યું નથી. સાંભળ્યું ત્યારે કહેવાય કે હિતકર કાર્ય કરે ત્યારે. સાંભળ્યાની વાત નિમિત્ત તરીકે હિતકર છે એમ કહેવામાં આવે. કહો, સમજાણું કે નહીં? એ બધા જીવને હિતકર, અહિયાં દિવ્યધ્વનિ સાંભળવાની વાત નથી.એ બધાને હિતકર છે એટલી વાત છે. સમજાણું કાંઇ?

એ નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિના મુક્તિનો ઉપાય કહેનાર હોવાથી હિતકર છે. જુઓ! એ કાંઇ બંધની વાત કરતાં મોક્ષનો ઉપાય કહે છે, એમ કહે છે. સમજાણું કાંઇ? બંધનું જ્ઞાન કરાવે (મુમુક્ષુ :- છોડાવવા માટે ) એ જુદી વાત છે. આ રાગ છે એને છોડાવવા માટે પણ એ તો આત્મતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય બતાવે છે એ તો. એમાં બંધ ને અજીવ છે એવું જ્ઞાન એમાં આવી જાય. સમજાય છે? આહા! જુઓને ટીકા કેવી કરી? સમયસારની ટીકા પણ તેમણે કરી, પ્રવચનસારની ટીકા પણ એમણે કરી, આ પંચાસ્તિકાયની એમણે કરી.

પુદગલની ક્રિયા છે. કહે છે ને પુદગલ છે અમારાથી કાંઇ થયું નથી. એમ પણ કરશે અને બધે કરશે. વાત પણ સાચી છે ને? પુદગલથી થતું નથી. અહીંયાં કહે છે કે, જિનવાણીથી તને જ્ઞાન થતું નથી. વાણી તને જ્ઞેય બનાવી શકતી નથી. આહાહા! (મુમુક્ષુ :- વાણીથી જ તારો મોક્ષ થાય છે) ના. એ મોક્ષ થાય છે એ નહીં. હિતકર છે એટલી વાત છે. મોક્ષ તું તારું કર ત્યારે તે વાણીને હિતકરની ઉપમા અપાય છે. એમ વાત છે. આહાહા! સમજાણું કાંઇ?

(સમયસાર) પાંચમાં શ્લોકમાં કહ્યું'ને કે-'જદિ દાયેજ પ્રમાણં' દેખાડું તો અનુભવ કરજે. બીજી વાત રાખીશ નહીં. કુંદકુંદાચાર્ય- અમે કહીયે છીએ એ જ હેતુ પાર પાડજે, ત્યારે વાણી સાંભળી કહેવાય, સમજાણું કાંઇ? (મુમુક્ષુઃ-સંભળાવનાર જોઇએ એમ સિધ્ધ થયું) જોઇએ પણ કયારે? એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતે સમજયો ત્યારે સંભળાવનાર હતા ને એટલે હિતકર કહેવામાં આવ્યું એમ છે. હા, એ જ કહે છે ને! પણ આંહી તો કહે છે કે ગુરુથી જ્ઞાન થાય નહીં. પરથી જ્ઞાન થાય નહીં. હિતકર વાણી સાંભળી અને જે પરલક્ષી જ્ઞાન થયું તેનાથી પણ સમ્યગ્દર્શન થાય નહીં. પણ એવો વ્યવહાર હતો એનું જ્ઞાન કરાવે છે.

(મુમુક્ષુ :- વાણી તો સ્વલક્ષે છે.) કયાં સ્વલક્ષે છે એમાં? વાણી જે સાંભળે છે ત્યાં પરલક્ષ છે. એ આત્મતત્ત્વ સમજાવે છે. એ આત્મતત્ત્વનું પહેલું જે લક્ષમાં સાંભળે છે એ તો હજી પરતત્વના લક્ષવાળું જ્ઞાન છે. પણ એણે ઉપાયનું એ કહ્યું છે કે આ લક્ષ છોડીને અંદરના તત્વનું લક્ષ કર અને દષ્ટિ કર ત્યારે અમારી વાણી હિતકર છે એમ નિમિત્તથી કહેવામાં આવે છે. આમ છે. સમજાણું કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય એકકોર કહે, કે વાણીથી જ્ઞાન (થતું નથી.) આ પ્રવચનસારમાં છેલ્લે છે. એ ટીકા અમારી કહેલી નથી. ટીકા તમને સમજાવી શકતી નથી. ટીકાનો વિષય તમારા જ્ઞાનનું જ્ઞેય થાય, એનો વિષય છે નહીં. કઈ અપેક્ષા છે એ એમણે સમજવું જોઈએ ને? સમજાણું કાંઈ? એ વાણી સ્યાદ્વાદ છે. જે અપેક્ષાએ કહ્યું છે તે અપેક્ષાએ તેણે સમજવું જોઈએ. આહાહા! હોવાથી તે હિતકર છે. આહાહા! (તે ઉપાય બતાવનારે, જીવોને ખબર હતી?) હા! સાંભળે છે એટલે ખ્યાલમાં એને આવ્યું'તું કે આ ઉપાય છે એમ. સાંભળે ત્યારે હોં! પણ સાંભળે ત્યારે ખ્યાલની યોગ્યતા હતી એટલે ખ્યાલમાં આવ્યું છે. પણ એ ખ્યાલમાં આવ્યું છે એને કયારે વ્યવહાર કહેવાય? કે અંતર્મુખ થઈને જ્ઞાન કરે ત્યારે તે ઓલા જ્ઞાનને વ્યવહાર જ્ઞાન,સમ્યગ્જ્ઞાનમાં મેળવાળું કહેવાય. દ્વિનયાશ્રિત જ્ઞાન તે, સમ્યગ્જ્ઞાન તે નિર્મળ (પર્યાય) ઉત્પન્ન કરનાર છે. આહાહા! સમજાણું કાંઈ?

હવે કેવી વાણી છે? **પરમાર્થરસિક જનોનાં મનને હરનાર હોવાથી મધુર છે.** મીઠી મધુર છે કહે છે. કોને પણ? **પરમાર્થરસિક જનોનાં મનને હરનાર.** પરમાર્થના રસિક જીવો આનંદનાં રસિક છે. પરમાર્થના રસિલા રસિક જીવો છે એવા જનોનાં મનને હરનાર હોવાથી મધુર છે. સમજાણું કાંઈ? વાણી મનને હરે છે. એટલે ત્યાં સાંભળવા રોકાય છે. ઓહો! આ વીતરાગની વાણી, દિવ્યધ્વનિ, અલૌકિક મોક્ષને પદમાં નિમિત્તરૂપે વાણી છે. વાણી પણ પૂજય તરીકે કહેવામાં આવે છે. લ્યો! સમજાણું કાંઈ?

વ્યવહાર છે ખરો કે નહીં? (મુમુક્ષુ :- આવ્યો ખરો કે નહીં?) જાણવા જેવો નથી? આવ્યો એટલે છે નહીં? વ્યવહાર છે નહીં? વ્યવહારથી આત્મામાં ધર્મ થતો નથી. પણ વ્યવહારનું જ્ઞાન કરવા માટે વ્યવહાર નથી? એમ કહે છે. સાબિત થયો ને! સાબિત કે'દી' નથી થયો? વ્યવહાર, વ્યવહાર નથી? પણ વ્યવહાર કયારે કહેવાય? કે નિશ્ચય પ્રાપ્ત કરે ત્યારે ઓલાને વ્યવહાર કહેવામાં આવે. તે વિના વ્યવહાર કહેવો કોને? સમજાણું?

અહીં તો કહ્યું'ને પહેલું, બે નયને આશ્રયે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરનારી નિર્મળ જયોતિની જનની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. નિશ્ચયનું જ્ઞાન હોય ત્યારે એના વ્યવહારનું જ્ઞાન સાથે હોય જ છે. એમ છે. મધુર છે. પરમાર્થ રસિક જનોના મનને હરનાર, આહાહા! અજ્ઞાનીઓને એ વાત અંદર નહીં બેસે. એમ કહે છે. સમજાણું? જેને આત્માના આનંદનો રસ છે એવા રસિક જનોના મનને હરનાર હોવાથી પરમેશ્વર ત્રિલોકનાથની વાણી મધુર કહેવામાં આવે છે. આહા!

**અને સમસ્ત શંકાદિ દોષોનાં સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી,** શંકા આકાંક્ષા શું એમાં કાંઈ સંદેહ રહેતા નથી. એથી શંકાદિ દોષોનાં સ્થાન એટલે પ્રકાર દૂર કરવામાં આવ્યા હોવાથી વિશદ છે (નિર્મળ છે, સ્પષ્ટ) છે. ગુણ, ગુણ, ગુણ, ગુણ કરે ને અંદર શું કહેવાય, આ તો સ્પષ્ટ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરની વાણી કેવી છે? **કે શંકાદિ દોષોના સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી વિશદ છે, નિર્મળ છે, સ્પષ્ટ છે** લ્યો! સમજાણું? એ વાણી સ્પષ્ટ છે એમ કીધું.(મુમુક્ષુ :-સ્પષ્ટ એટલે નિમિત્ત થાય?) છે ને, પ્રત્યક્ષ નિમિત્ત એ પ્રત્યક્ષ જ છે એ. આહાહા!

**એમ કહીને જિનો સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી,** એમ કહીને વીતરાગદેવો પરમેશ્વર વીતરાગદેવ સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા. પરમાણું, જીવ, સિધ્ધથી માંડીને નિગોદ ને પરમાણુંથી માંડી સ્કંધ ને છએ દ્રવ્ય જે એનો માર્ગ છે, મોક્ષ આદિનો તે પ્રમાણે વસ્તુના સ્વરૂપનો યથાર્થ ઉપદેશ કરનારા હોવાથી, **વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે.** લ્યો? સમજાણું કાંઈ? **વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે (અર્થાત જેમનો ઉપદેશ વિચારવંત ડાહ્યા પુરુષોએ બહુમાનપૂર્વક વિચારવો જોઈએ)** એમ પાછો એનો અર્થ. એણે વિચારવો જોઈએ કે આ શું કહે છે? સમજાણું કાંઈ? પૂર્વાપર વિરોધ રહિત યથાર્થ ભાવને પ્રકાશનારી વાણી વિચારક જીવોને તે વિચારમાં લઈને, સમજાણું કાંઈ? વિચારવા જેવી છે. બહુમાનપૂર્વક વિચારવા જેવી છે, એમ વાણી એવી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સંસારની કોઈ લાભની વાત હોય અને સંભળાવે કોઈ તો એનું બહુમાન આવે છે કે નહીં. બાર મહિને પચાસ હજાર પેદા થશે, ફલાણું થશે, લાખ પેદા થશે, બે થશે. હેં! એમ અંદરથી થઈ જાય. આ આત્માના લાભની વાત ભગવાન કહે છે એને બહુમાનપૂર્વક વિચારવંત જીવોએ વિચારવું જોઈએ. સમજાણું કાંઈ? કોણ એ ઉપદેશ. સમજાણું? ભગવાનનો ઉપદેશ વિચારવાને વિચારપૂર્વક વિચારવો જોઈએ. એમ કહ્યું.

અનંત. હવે પછી બીજી વાત છે. 'અન્તાતીતગુણેભ્યો' એ પહેલાની વ્યાખ્યા હતી. થઈ ગઈ ને! ત્રણ લોકને હિતકર મધુર વિશદ જેમની વાણી છે. એ વ્યાખ્યા થઈ ગઈ. પહેલા સો ઈન્દ્રોથી વંદિત છે એની વ્યાખ્યા કરી'તી. હવે 'અન્તાતીતગુણેભ્યો.' અનંતક્ષેત્રથી અંત રહિત, કાળથી અંત રહિત, પરમ ચૈતન્યશક્તિના વિલાસ સ્વરૂપ, ગુણ જેમને વર્તે છે. ત્રણકાળ, ત્રણલોકને જાણનારો જે જ્ઞાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ, ક્ષેત્રથી અંત રહિત અનંત ક્ષેત્રનો અંત નથી. કાળથી પણ અંત નથી. એવી પરમ ચૈતન્યશક્તિના વિલાસ સ્વરૂપ એટલે બધાને ક્ષેત્રથી જાણવા સ્વરૂપ હોં! ગુણ જેમને વર્તે છે.

એમ કહીને પરમ અદ્‌ભુત જ્ઞાનાતિશય પ્રગટ થયો હોવાથી, ભગવાનને પરમ અદ્‌ભુત જ્ઞાનાતિશય, જ્ઞાનની વિશેષતા, પ્રગટ થયો હોવાથી, જ્ઞાનાતિશયને પામેલા, જ્ઞાનની વિશેષતાને પામેલા, યોગીન્દ્રોથી પણ વંદ્ય છે. લ્યો! વાણી યોગીન્દ્રોથી પણ વંદન કરવા લાયક છે. અરેરે! સમજાણું કાંઈ? ઉપદેશ યોગીન્દ્રોથી પણ વંદન કરવા લાયક છે. એય! હમણાં આવે કે સાંભળવુંય નુકસાનકારક છે, કહેવુંય નુકસાનકારક છે. એ તો નિશ્ચય છે. એમાં સાથે આવો વ્યવહાર હોય છે એ જણાવે છે.

ઓલામાં લખે ને! રાડ નાખી જાય કેટલાકને એમાં તો એકાંત થઈ જાય છે. નિહાલભાઈ (સોગાની)માં આવે છે ને, સાંભળવું એ નુકસાન છે સાંભળનારને. કહેનારને કહેવાનો વિકલ્પ છે માટે નુકસાન છે. એ તો હજી હમણાં તરત આવ્યું હતું. પાછું એમ કહે કે વીતરાગ આચાર્યોની વાણી આનંદના બુંદબુંદ ઝરે છે. એવી વાણી છે. જો એ લખ્યું છે. આચાર્યોને સમજવા માટે વિચારવામાં આનંદના ઝરણા ઝરે. એવી એ વાણી છે. લ્યો! એણે એમ કહ્યું પાછું. જે કાળે જે પ્રકાર છે એને સમજવો જોઈએ કે નહિં. એક જ તાણે એમ ચાલે? સમજાણું કાંઈ? ગણધરો પણ સાંભળે છે. એમ કરીને માળા વ્યવહારનો પક્ષ સિદ્ધ કરે છે. એમ પણ એમાં લખ્યું છે. હેં! જયારે જે સિદ્ધ કરવું હોય ત્યારે તે કરે ને! ગણધરો પણ સાંભળે છે.

વાત સાચી કે એને જયારે વિકલ્પ હોય છે ત્યારે આ વાકયો ભગવાનના એ સાંભળે છે. અંદર નિર્વિકલ્પ કયાં છે? નિર્વિકલ્પ હોય ત્યારે સાંભળવું ન હોય. મુનિને પણ નિર્વિકલ્પતા અંદર કેટલો કાળ રહે. અલ્પકાળ રહે છે, એમ કહેવું છે. એને એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. કોઈ કહે અમને તદ્દન નિર્વિકલ્પતા કલાકોના કલાકો ચાલે છે, તો તે વાતને સમજયો નથી. સમજાણું કાંઈ? ભારે, કોઈ ધૂળેય નથી હોતું, ઘોલનમાં પડયો હોય એમ દેખાય. ધ્યાન કયાંથી ગાળે? મુનિને પણ એક મિનિટ ધ્યાન ન હોય શકે. સમજાણું કાંઈ? અંતરની એકાગ્રતાનો કાળ જ અલ્પ છે. એ પછી એવો વિકલ્પ આવે છે. આવે છે એટલે હોંશ છે એમ નથી પણ એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એથી એને શુભભાવમાં ભગવાનની વાણી અદભુત જ્ઞાનાતિશયવાળા જીવને પણ વંદનીય કીધું છે. દેખો, જેને જ્ઞાનનો અતિશય પ્રગટેલો એવા જીવો છે. એવા યોગીન્દ્રોથી પણ વંદ્ય છે એમ. ગણધરોથી પણ વંદ્ય છે, એમ કહે છે. (મુમુક્ષુ :- આચાર્ય છે) આચાર્ય છે તે હોય એમ કહે છે કે નહીં પણ જેમ મેળ ખાય તેમ ગમા. આડાઅવળા કાંઈ ગમા કહેવાય? વિકલ્પ ઊઠે છે એને બહુમાન આંહી છે તો એવું જ બહુમાન વ્યવહારે વાણીમાં આવે છે. હોય, આવે, વ્યવહારે જ્ઞાન કરવા લાયક ચીજ છે. જ્ઞાન કરવા લાયક નથી એમ નથી. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- આ ઠેકાણે આમ આવે બીજે ઠેકાણે બીજી રીતે આવે.

ઉત્તર :- કાંઈ બીજી રીતે આવતું નથી. બીજો મેળ કરવા માટે આવે છે. નિશ્ચયનો-નિશ્ચયનો અને વ્યવહાર માટે વ્યવહારનો આવે. બેય આવે છે કે નહીં? બેય સાથે નય લીધી છે ને. સમજાય છે કાંઈ? (દ્રવ્યને જ્ઞાન....એવી ગાથા આવતી હશે શું?) ઘણી આવે. એને જ્ઞાનમાં પણ એમ લાગે વિષય લાગે કે, આહાહા! નવી નવી પર્યાય થાય છે કે નહીં? સમજાણું કાંઈ? એવા પોતાના ક્ષયોપક્ષમની યોગ્યતા એવી છે માટે નવું લાગે હોં! પર્યાય નવી થાય છે ને તેથી એમ પહેલેથી કહ્યું'ને! હા, નવો નવો પર્યાય થાય છે ને.

વિશુધ્ધિ એટલે એમાં એ વાણીનું નિમિત્ત હોય છે. એને ખ્યાલ છે કે આનાથી થતું નથી. પણ એ આવ્યા વિના રહેતું નથી. આહાહા! ઠીક આ સમયસાર પછી આ વળી લીધું હમણાં. આ પાંચ વર્ષ થયા એટલે જરીક પાછું. એકાંત કોઈ લઈ લ્યે તો નિશ્ચયાભાસી થઈ જાય. (મુમુક્ષુ :- ભૂલના સ્થાનો ઘણા) અટકવાના સ્થાનો અનાદિના છે. અટકયો છે તો અનેક પ્રકારની ભૂલ તો હોય જ ને. તરવાનો ઉપાય એક યથાર્થતા. હવે ઘણીવાર યથાર્થ પકડીને બેસે છે. વાત જ એ છે, છતાં આ બીજું જ્ઞાન કરવા લાયક બીજી ચીજ આવ્યા વિના રહેતી નથી. આહાહા! ત્યારે જ બધાને આ થાય ને, જો ને, કીધું ને, કોણ લખે. ભાવનગરથી કાગળ આવ્યો છે ભાઈનો, કહે લખે કોણ, એણે ડબલ મોકલ્યો છે. ડબલ મોકલ્યો છે. પણ અહીં લખાવવાને નવરા કોણ છે. અહીંયા આવીને સમજી જાય સમજવું હોય તો. આવું શુભભાવને હેય કહો, હેય કહો ને મંદિરો પાછા બનાવશે, ત્યાં તો ભાવનગરમાં પાછા પંચકલ્યાણક થાશે. લ્યો! પરમદિવસે બપોરે ભાવનગરવાળા વિનંતી કરવા આવવાના છે. હિરાલાલ તે દિવસે નહતા ને? તે દિ' કીધું તમારી વિનંતી વ્યાજબી છે. એમ કીધું'તું. હા પાડી નહોતી. પરમ દિવસે બપોર આવશે.

એના ક્રમમાં વીતરાગ ગણધર દેવો જુઓ, આ શું કહે છે. જ્ઞાનાતિશયને પામેલા યોગીન્દ્રોથી એનાથી પણ વંદ્ય છે. એમ કહે છે. (મુમુક્ષુ :- ઈ તો વ્યવહાર . . .) હા, એવો ભાવ આવ્યા વિના રહે નહીં. ભૂમિકા એટલી કયાં - વીતરાગ થઈ ગયો છે? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં પણ કહ્યું ભાઈ, આ પૂજા ભક્તિ બધો વિકલ્પ છે. કોણે ના પાડી. વિકલ્પ આવે પણ આ છોડીને અશુભમાં જાવું છે? કે નિર્વિકલ્પ (થાવું છે?) નિર્વિકલ્પતામાં લાંબો કાળ રહી શકીશ નહીં. એ કોણે કીધું? નિર્વિકલ્પતામાં તો રહી શકીશ નહીં. આવા વિકલ્પોને તું કહીશ, નહીં નહીં નહીં પણ નહીં કહીશ તો જાઈશ કયાં? અશુભ કરવાનું કહે છે કાંઈ? એવા ભાવ આવે, આહાહા! ભારે વાત ભાઈ! નયની ગુંચવણી જ્ઞાનની ચોખવટ કરવા માટે છે. એને ઠેકાણે માણસ એને ઊંધે રસ્તે જાય છે. જાઓ અમારે સાંભળવું નથી. સાંભળવાથી કાંઈ થાય નહીં. કઈ અપેક્ષાએ સાંભળ્યેથી કે પાછું વાંચેથી થાય એમ નથી કહ્યું? અહીં નથી કહ્યું? વીતરાગની વાણી જુઓને અહીં શું કહે છે? એને ચિદ્‌વિલાસ ઉપદેશને સમજવા લાયક થાય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી હિતકર થાય છે. એમ કહ્યું છે કે નહીં? સમજાણું કાંઈ? કહો જયકુમારજી! આહાહા! જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન તેહ. ભારે કામ છે. શું કહે છે?

**પરમચૈતન્ય શક્તિના વિલાસ સ્વરૂપ એવી પરમ શક્તિ પ્રગટ થઈ છે.** જેને ક્ષેત્રને જ્ઞાનરૂપી કાળનો કાંઈ અંત છે નહીં.એવી જયોતિ પ્રગટ થઈ છે. એમ કહીને પરમ અદ્‌ભૂત જ્ઞાનાતિશય ભગવાનને પ્રગટ થયો. એવો થયો હોવાથી જ્ઞાનાતિશયને પામેલા ગણધરદેવો પણ ચાર જ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રગટ કરે. કહો, અને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે. એવા જ્ઞાનની અતિશયતાને પામેલા યોગીન્દ્રો, યોગીના પણ ઈન્દ્રો એમ. એનાથી પણ વીતરાગની વાણીના ઉપદેશો વંદ્ય છે. કહો, સમજાણું કાંઈ?

ભવ અર્થાત સંસાર ઉપર જેમણે જય મેળવ્યો છે. લ્યો એ આવ્યું.'જિતભવેભ્ય' જિન શબ્દ છે ને? જિન એટલે . . .જિનને વંદન કર્યું છે ને? એટલે, સમજાણું કાંઈ? 'જિતભવેભ્ય જિનેભ્ય' એમ. ભવનો સંસાર ઉપર જેમણે જય મેળવ્યો છે. એટલે કે સંસારનો ભાવ જેને છે નહીં. અંત છે. એમ કહીને કૃતકૃત્યપણું પ્રગટ થયું હોવાથી, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવને કૃતકૃત્યપણું (પ્રગટ થયું છે.) બધું કાર્ય હવે પૂરું થઈ ગયું છે. કોઈ કાર્ય કરવાનું રહ્યું નથી. કહો! એ આંહી કેવળજ્ઞાનની વાણી વાળા લીધા છે, એ કૃતકૃત્ય થઈ ગયા, એમ કહે છે. ભાઈ! શું કીધું? એ વાણીવાળા લીધા છે, સિધ્ધદેવ નથી આંહી. એની વાણી, ત્યાં પૂરણ કૃતકૃત્ય થઈ ગયા છે, હવે ત્યાં એને શું કરવાનું છે. એક સાથે બધું જાણે છે.

કેવળજ્ઞાન થયું. જ્ઞાનનો વિષય પ્રગટયો. આત્મપ્રદેશે ચાર અઘાતિકર્મ પડયા છે. એને જાણે છે. જેમ લોકને અલોકને જાણે ભેગા એને જાણે. જાણવાની જાત કાંઈ જુદી નથી. બધાને જાણે છે. આ આટલો કાળ અહીં રહેશે, આટલા કાળે છુટશે, આટલું આમતેમ બધું જાણે છે. સમજાણું કાંઈ? વાણી પણ આ કાળે નીકળશે. આ વાણી અમુક કાળે નહીં નીકળે. એ પણ ત્રણલોકને જાણવામાં આવી જાય છે કે નહીં? નીકળશે કરશે એમ એમાં નહીં આવે. આહાહા! જ્ઞાનનો અતિશય બધું જાણે. આ વખતે નીકળશે આ વખતે નહીં નીકળે. કહો, સાંભળનારા પણ આવા જીવો સામે હશે. એને આ રીતે સમજાશે. બધું જાણવામાં આવી જાય, કાંઈ બાકી નથી રહ્યું. આહાહા!

એમ કહીને કૃતકૃત્યપણું. કૃતકૃત્ય એટલે કાર્ય કર્યા છે પૂરા એમ બસ! કૃત-કાર્ય. પ્રગટ કાર્ય પૂરા કર્યા છે. આહાહા! તેઓ જિનો બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે. આહાહા! લ્યો! એવા હોવાથી જે કૃતકૃત્ય નથી થયા એવા જીવોને ભગવાન કૃતકૃત્ય થયા તે શરણ છે. જુઓ, આ વ્યવહાર શરણ કહે છે, નિશ્ચય શરણ તો આત્મા છે. ચત્તારી મંગલમ અરિહંતા મંગલમ આવે છે ને? ચત્તારી શરણં પવજ્જામી, અરિહંતા શરણં પવજ્જામી, સિધ્ધા શરણં પવજ્જામી, કેવળી પણંત્તો ધમ્મો શરણં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(પવજ્જામી.) એ શરણ તો ભગવાન આત્મા અદ્‌ભુત અનાદિ અનંત, એ જ નિશ્ચયથી શરણ છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. પણ વાણી વિકલ્પ ત્યાં છે ત્યારે શરણભુત આત્મા છે ને વાણી પણ છે, એમ ઉપચારથી કહેવામાં આવે છે. એને વ્યવહારનયનું જ્ઞાન તો સાથે છે ને? બે નયથી સમ્યગ્જ્ઞાન નિર્મળ થાય એમ કીધું છે ને? હેં? આહાહા!

પછી છેલ્લી ગાથામાં કહ્યું હતું, કે વાણી જ્ઞેય બનાવી શકતી નથી.તને સમજવાની પર્યાય જે થાય તેને તું જાણ. તે જ્ઞાનને આ વાણી બનાવી શકતી નથી. આહાહાહા! કુંવરજીભાઈ! અજ્ઞાનીનું માથું તોડી નાંખે છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં આવે છે ને? સુદર્શનચક્ર છે. સ્યાદ્‌વાદ અનેકાંતવાણી સુદર્શનચક્ર છે. એકાંતવાદીનું માથું તોડી નાંખે. પણ એકાંતવાદમાં પાછું આમ માની લ્યે કે ઠીક, આપણો મોક્ષમાર્ગ તો નિશ્ચય પણ છે ને વ્યવહારે પણ છે. બે નય છે ને? પણ બે નય એટલે એ જાણવાનું એ આવે છે. એમ એનું કથન છે. પણ વ્યવહાર ધર્મ છે એ રાગાદિ વ્યવહાર મોક્ષમાર્ગ કાંઈ આદરણીય છે એમ નથી. સમજાણું કાંઈ?

જય ધવલમાં કહ્યું, કે શુદ્ધ ને શુભભાવ, એ સિવાય કોઈ નિર્જરાનો હેતુ સિદ્ધ થતો નથી. આ પ્રમાણ જ્ઞાનથી વાત કરી છે. હોય છે કે નહીં એને? શુદ્ધભાવ આત્માનો પવિત્ર સ્વભાવ એને આશ્રયે નિર્જરા થાય. પણ જોડે રાગની મંદતા શુભ છે એને આરોપ દઈને વ્યવહારનું જ્ઞાન કરાવવા એનાથી નિર્જરા છે એમ કહેવામાં (આવે છે) એને ઠેકાણે ન્યાં ચોંટયા. કહો, સમજાણું કાંઈ? જય ધવલમાં બહુ કહ્યું છે. એ બાજુથી સેંકડો વાર લખાણમાં એ વાત આવી છે. દેખો જય ધવલમાં એમ કહ્યું છે. શુદ્ધ ને શુભ વિના કોઈ આરો નથી. નિર્જરાના કારણ બે છે (એમ લોકો કહે) પણ નિર્જરાના કારણ બે નથી એક જ છે. નિશ્ચયનો જે ભાવ શુદ્ધ ચૈતન્ય તે નિર્જરાનું કારણ છે. રાગ ભાવ તે નિર્જરાનું કારણ નથી પણ ન્યાં નિર્જરા થઈ ઉપાદાનપણે ત્યાં નિમિત આવું હતું તેનું જ્ઞાન કરાવવા એને નિર્જરાનો હેતુ કહ્યો છે. એને જ્ઞાન તરીકે જાણવું જોઈએ. બીજા નય તરીકે તેને જ્ઞેય બનાવીને જાણવું જોઈએ. બસ! એટલી વાત છે. કહો, વજાુભાઈ! એવું આવે છે. લ્યો, બહુ લખે છે.

ભગવાનની વાણી બે નયને આશ્રયે છે. બે નયને આશ્રયે પંચાસ્તિકાયમાં ઘણીવાર આવ્યું છે ને? એ છાપામાં આવ્યું છે. જુઓ અહીં બે નયને આશ્રયે કહ્યું છેને તમે એક જ, એક જ નય(કહો છો) સાંભળને! બે નય નથી એમ કોણે કહ્યું? એક નયનો આશ્રય કરવા લાયક નિશ્ચય છે. નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. એ કાંઈ વાત ખોટી થઈ છે? પ્રમાણજ્ઞાન એ વાતને એમ રાખીને, બીજો ભાગ રાગનો છે એને પણ જાણવા પ્રમાણજ્ઞાન ભેગું કરે છે. નિશ્ચય ને વ્યવહાર બે.પણ નિશ્ચયનું એમ ને એમ રાખીને. નિશ્ચયનું ખોટું કરીને નહીં. નિશ્ચયનું ખોટું કરીને તો એકલો વ્યવહાર રહ્યો. તો બે નય થઈ જ નહીં. સમજાણું કાંઈ? હેં? નિશ્ચયની વાત પણ નિશ્ચયપણે જ જ્ઞાન જાણે. નય અને પ્રમાણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ એ નયને એ રીતે જાણે છે. પણ બીજો એક ભાગ ભેગો જાણે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું.

એને લઈને પાછું શું કહે છે. ચરણાનુયોગમાં આમ કહ્યું છે. વળી કેટલાક એમ કહે છે, કે ચરણાનુયોગમાં આચરણ, પણ ચરણાનુયોગમાં આચરણનો વિકલ્પ છેતે બરાબર ચોખ્ખો હોય તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયા એમ કહે છે. ચરણાનુયોગના આચરણના પણ ઠેકાણા ન હોય ને એ ચરણાનુયોગથી ઊંચો વધી ગયો(માને છે)સમજાણું કાંઈ? એ તો એને વ્યવહારનયનું જ્ઞાન જ નથી. એને તો વિપરીત છે. સમજાણું કાંઈ? અઠયાવીસ મૂળગુણ સરખા પાડતો હોય ને એનાંય ઠેકાણા ન હોય ને અમે ચરણાનુયોગથી તો ઊંચા છીએ એમ. તત્વજ્ઞાનની દૃષ્ટિવાળા ભલે હો પણ અમે ચરણાનુયોગથી દૃષ્ટિ સહિતના ઊંચા છીએ. એમ કહે છે. પણ એ ઊંચા છે એ ચરણાનુયોગની એમ વ્યાખ્યા જ નથી. દૃષ્ટિના વિષયના આશ્રયમાં પડેલો જીવ એને ચરણાનુયોગમા આગળ વધતાં જે શુભભાવની મર્યાદા હોય એ બરાબર ચોખ્ખી હોય તો તેનું જ્ઞાન કરવા માટે તેને સમ્યગ્જ્ઞાનમાં તેને નિર્મળ કરવા માટે વાત કરી છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશકે કહ્યું છેને, સમકિતીને નિશ્ચય છે અને ભલે પેલો નિશ્ચય સમકિતી નથી,પણ વ્યવહારમાં ઊંચો છે તેની ભક્તિ કરવી જોઈએ. પણ એ વ્યવહારના ઊંચાની વ્યાખ્યા શું? સમજાણું કાંઈ? (મુમુક્ષુ :-બધે સમજવું પડે ને?) ત્યારે શું નો સમજે? વ્યવહારમાં એમ કહે પણ વ્યવહાર એનો હોય કેવો સરખો? ચોખ્ખો વ્યવહાર એને હોય. મુનિને પંચમહાવ્રત અઠયાવીસ મુળગૂણ (નું પાલન હોય.) બિલકુલ એને માટે (બનાવેલ)ભોજનનો આહાર ને પાણીનું બિંદુ લ્યે નહીં. એવો વ્યવહાર ચોખ્ખો હોય તો સમકિતી એ નથી છતાં પર દ્રવ્ય છે એટલે વ્યવહાર તરીકે એને આદરે. બસ! એટલું. સમજાણું કાંઈ? પણ જેના વ્યવહારના પણ ઠેકાણા નથી એને માને કે તારો વ્યવહાર સાચો છેતો તે જ્ઞાન ખોટું છે. આહાહા! ભારે આકરું કામ જગતને.

(મુમુક્ષુ :- કાળ પ્રમાણે ઢીલું કરે) ઢીલું કરે ધૂળ ઢીલું કરે, કાળ પ્રમાણે. ગોળને ઠેકાણે ગારો શીરામાં નાંખતા હશે? કાળ આવ્યો ત્યારે ઢીલો. ગોળમાં ગારો થોડો નાખજો. એમ કરતા હશે? જ્ઞાન તો જેવો વિષય છે તેને બરાબર જાણે. વ્યવહારનયનો વિષય જેવો છે તેવો હોય તો જાણે. ખોટો હોય ને. વ્યવહારનય કહે કે હા, આ અમારો બરાબર છે. અહીં તો કહે છે, ભગવાનનો ઉપદેશ અને હવે ભગવાન આંહી તો કૃતકૃત્ય થઈ ગયા. એને લઈને **જિનો જ બીજા અકૃતકૃત્ય જીવનું શરણ છે.** લ્યો? એય! એક જિનો જ શબ્દ વાપર્યો છે. લ્યો. તેઓ જ શબ્દ છે ખરો ને?

**તેઓ જ,** વીતરાગ જ. બીજા કૃતકૃત્ય જીવો જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ કૃત્ય કર્યા નથી **તેવા જીવોનું શરણ છે, એમ ઉપદેશ્યું.-આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય છે.** એકએક પદની વ્યાખ્યા કરી. આહાહાહા! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :- અહીં જિનભગવંતોનાં ચાર વિશેષણો વર્ણવીને તેમને ભાવનમસ્કાર કર્યો છે.** અંતર નમસ્કાર કર્યો છે, કહે છે હો! હા. **પ્રથમ તો, જિનભગવંતો સો ઈન્દ્રોથી વંદ્ય છે. આવા અસાધારણ નમસ્કારને યોગ્ય બીજું કોઈ નથી.** લ્યો, એમ સિદ્ધ કરવું છે. હા, આવા ભગવાન આવા ઈન્દ્રોને પણ નમસ્કાર યોગ્ય છે એ બીજા કોઈ પુરુષ હોઈ શકે નહીં. **કારણ કે દેવોને અને અસુરોને યુદ્ધ થતું હોવાથી (દેવાધિદેવ જિનભગવાન સિવાય) અન્ય કોઈપણ દેવ સો ઈન્દ્રોથી વંદિત નથી.** સો માં મોટો ઈન્દ્ર હોય ને? પણ એને કહે છે અંદર માંહોમાંહે વિરોધ થાય. આ ભગવાન વીતરાગ સ્વરૂપ છે, એ દેવાધિદેવ છે, તેથી અન્ય કોઈપણ દેવ સો ઈન્દ્રોથી વંદિત નથી. આ તો જે મોટો હોય એનાથી પણ વંદિત છે. મોટો ઈન્દ્ર બીજા નાનાથી વંદિત છે. આ તો મોટો ને નાનો બધાથી વંદિત છે. સમજાણું કાંઈ? આહાહા!

**સો ઈન્દ્રોથી વંદિત નથી. (૨) બીજું, જિનભગવાનની વાણી ત્રણ લોકને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી હિતકર છે.** લ્યો! વીતરાગની વાણી ત્રણકાળ, ત્રણલોકને જાણ્યા ને સ્પષ્ટ બધું જાણ્યું. **શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી હિતકર કહેવામાં આવે છે.** વ્યવહારે હિતકર છે. નિશ્ચયથી આત્માનો સ્વભાવ હિતકર છે. તેવું જ્ઞાન તેણે બરાબર કરવું જોઈએ. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ )**

## સળંગ પ્રવચન નં :- ૨, ગાથા ૧-૨

## પ્રવચન નં :- ૨

## તા.૧૬-૧૧-૬૯, કારતક સુદ-૭, રવિવાર

**પંચાસ્તિકાય પહેલી ગાથાનો ભાવાર્થ :- હિતકર છે** ત્યાં સુધી આવ્યું છે. **(૨) (જિન ભગવાનની વાણી) ત્રણલોકને શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી વીતરાગની વાણી હિતકર છે.** સમજાણું કાંઈ? એટલે કે એ જ રીતે, એ જ વાણી હોય. નિમિત્તમાં બીજી વાણી હોય શકે નહીં. એવું એનામાં સર્વજ્ઞની જિનની વાણી છે. એ જ હિતમાં નિમિત્ત તરીકે હોય તેથી તેને હિતકર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકકોર કહે, કે જિનવાણીથી આત્માને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જરીયે લાભ થાય નહીં. કારણ કે વાણી પર છે. શાસ્ત્ર તે કાંઇ જાણે નહીં, વેદ કાંઇ જાણે નહીં. દિવ્ય ધ્વનિથી પણ જીવને જ્ઞાન થાય નહીં. એ તો પોતાના સ્વભાવથી થાય એ સિદ્ધ કરવા એમ કહ્યું છે. પણ એમાં નિમિત્તપણું આ જ હોય, બીજું હોય શકે નહીં.એથી વીતરાગની વાણીને હિતકર કહેવામાં (આવી છે). વ્યવહાર સિદ્ધ કરીને એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઇ?

**શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી વીતરાગની વાણી હિતકર છે.** નિશ્ચયનું એકલું વાંચે એને આની સાથે મેળ કરવો કઠણ પડે એવું છે. કાં કહે કે સાંભળવું એ જ નુકસાનકારક છે. અને સાંભળતાં પણ પોતાનું લક્ષ રાખવું. (મુમુક્ષુ :- આમાં રાખતાં હશે?) આ હિતકર છે લખ્યું છે કે નહીં. વ્યવહારનય કાઢયું એ એમાંથી પાછું આકરું પડે ને? આ તો એક નિમિત્ત આ જ હોય, સર્વજ્ઞની વાણી જ એક નિમિત્ત હોય. એ સિવાય કોઇ નિમિત્ત હોય શકે નહીં. માટે વાણીને હિતકર કહેવામાં, પહેલી ગાથામાં કુંદકુંદાચાર્ય પોતે હિતકર કહે છે. (મુમુક્ષુ :- હિતકર પોતે નથી કહેતા?) પોતે નિશ્ચયથી હિતકર નથી એમ પણ કહે છે, પણ એ અત્યારે અહીં કામ નથી. વ્યવહારનયનું કથન છે, એ નિમિત્તનું જ્ઞાન કરાવવા અન્યથા કથન કરે.પણ એ સમજવું કઠણ (પડે). કુંદકુંદાચાર્ય પોતે કહે છે.

જુઓ, મૂળ છે કે નહીં? 'ઇન્દ્ર શત વંદિતેભ્ય'લ્યો! સમજાણું? હિતકર ત્રિભુવન હિતકર, ત્રિભુવન હિત એમ શબ્દ છે. એટલે કે વીતરાગની વાણી જ નિમિત્ત તરીકે હોય. બીજી (વાણી) નિમિત્ત હોય શકે નહીં. એમ સિદ્ધ કરવા વીતરાગની વાણી જ સમ્યગ્જ્ઞાનીને હિતકર કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? વ્યવહારને જણાવે છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે. બે નયાશ્રિત વીતરાગની વાણીનું કથન હોય છે. નિશ્ચયનયને આશ્રયે જયાં કથન કરવામાં આવે ત્યારે તો જે જિનવાણી એનાથી જ્ઞાન થયું નથી. થયું છે પોતાથી પણ એ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઇ? જિનવાણી સાંભળનારા એને સાંભળે એના ખ્યાલમાં આવે કે આમ કાંઇ, એ ખ્યાલ પોતાથી આવ્યો છે. વાણીથી નહીં. વાણી ત્યાં નિમિત્ત છે. છતાં જે ખ્યાલ આવ્યો છે એ જ્ઞાન પણ વ્યવહારું જ્ઞાન છે. આત્માનું તે જ્ઞાન નથી. પણ આંહી વ્યવહારને છે એમ જાણવું સિદ્ધ કરે છે. વ્યવહાર નથી એમ નહીં. એટલી વાત છે. સમજાણું કાંઇ?

સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન તો 'ભુયત્થં અસિદો' ભૂતાર્થ, ત્રિકાળ, ધ્રુવ એનો આશ્રય કરવાથી જ જ્ઞાનમાંથી જ્ઞાન આવે. અને પૂર્ણની શ્રદ્ધા, સમ્યગ્દર્શન પૂર્ણને આશ્રયે થાય. પર્યાયને આશ્રયે નહીં, વિકલ્પને આશ્રયે નહીં, નિમિત્તને આશ્રયે નહીં. સમજાણું કાંઇ? પણ એ એક નિશ્ચયનયનું થયું. તો નય છે તે એક અંશને બતાવે છે. બીજો અંશ એક બાકી રહી જાય છે. વ્યવહારનયનો અંશ બાકી રહી જાય છે. સમજે નહીં. ગૌણ કર્યો હતો. પણ ગૌણ કરીને વ્યવહાર કહ્યો હતો. અભાવ કરીને વ્યવહાર નહોતો કહ્યો. 'વ્યવહારો અભૂયત્થો' અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. ગૌણ કરીને એનું મુખ્ય પ્રયોજન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સિધ્ધ કરવા, વસ્તુની દ્રષ્ટિ ધ્રુવ ઉપર હોય તો જ તેને સમ્યગ્દર્શન થાય. એવી દ્રષ્ટિની મુખ્યતા પ્રયોજન સિધ્ધ કરવા પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહીને,અભૂતાર્થ કહીને, જુઠ્ઠી એટલે કે છે જ નહીં, (એમ કહે છે). સમજાણું કાંઈ?

આંહી કહે છે, કે વીતરાગની વાણી હિતકર છે. એ દાસ! આ તો થોડો નિશ્ચય સાંભળ્યો હોય ને એની સામે જરી વ્યવહાર લઈ. જયકુમારજી! બીજી વાત આવે છે. મધુર, વીતરાગની વાણી મધુર છે. આત્મા પોતે આનંદ સ્વરૂપ છે. એવા આનંદનું જેને ભાન થયું એને વીતરાગની વાણી વ્યવહારે મધુર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ આનંદ સ્વરૂપ ને મધુર મીઠો આનંદનો સ્વાદ છે. એની અંતર દષ્ટિ થતાં વીતરાગ આત્માની પર્યાય તે જ મધુર ને મીઠી છે. પણ એ તો એક નય થઈ. એક અપેક્ષીત વાત થઈ.

બીજો બોલ જોડે વ્યવહારે મધુર. સમજાણું કાંઈ? કે **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન',**... વીતરાગ નિર્વિકલ્પ આત્મા તદ્દન વીતરાગી સ્વરૂપ છે. અભેદ દષ્ટિથી ઉત્પન્ન થતું **'સહજ-અપૂર્વ-પરમાનંદરૂપ'** સ્વભાવિક અપૂર્વ આત્માનો પરમઆનંદ અમૃતનો રસ **'પારમાર્થિકસુખરસાસ્વાદના રસિક જનો'**. દેખો હવે, આહાહા! અજ્ઞાનીને વ્યવહાર નથી એમ કહે છે. ભાઈ! એ તો મધુર સ્વાદ જ્ઞાનીને છે એમ કહે છે. એય! જુઓ, સિધ્ધ કેવી રીતે કરે છે. આત્મા નિર્વિકલ્પ વીતરાગ સમાધિ શુધ્ધ ચૈતન્ય દ્રવ્યનો અંતર નિર્વિકલ્પ આશ્રય કરીને જે પરમસુખ અપૂર્વ-પરમાનંદરૂપ **'પારમાર્થિકસુખરસાસ્વાદના એવા રસિક જનો',** એ તો નિશ્ચય થયો. સમજાણું કાંઈ?

**'રસિક જનોનાં મનને હરતી હોવાથી'** આવા આનંદના પામેલાને પણ વીતરાગની વાણી મનને હરે છે. આરે! કારણ કે, ભગવાનઆત્મા પોતાના વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવથી જે શાંતિ આનંદ થયો એમાં વીતરાગની વાણીનું નિમિત્ત હતું. સમજાણું કાંઈ? એ સિવાય બીજી વાણી એને હોય શકે નહીં. આ તેને મધુર આનંદના સ્વાદ આગળ વીતરાગની વાણીને પણ સાંભળતાં જે જ્ઞાન થાય, અને જે કાંઈ વિકલ્પ સુખરૂપ ભાવ થાય, સમજાય છે? એને પણ ત્યાં વ્યવહારે મધુર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? નહીંતર તો નિશ્ચયાભાસી થઈ જાય એમ કહે છે.

કુંદકુંદાચાર્યના વચન છે. સમયસાર એ કુંદકુંદાચાર્યના વચન છે. અગિયારમી ગાથા, બે નો મેળ હશે કે વિરોધ હશે? મેળ છે. વિરોધ છે નહીં. પરમાત્મા જેની વાણી નિર્વિકલ્પ આનંદથી ઉત્પન્ન થયેલો સ્વાદ જેને આવ્યો છે. આવ્યો છે એમ કહે છે. એવા જનોના, એવા રસિક જનોનાં, આનંદના રસિયા એવા રસિક જનોનાં, લ્યો! (મુમુક્ષુ :- એના મનને હરે છે) એના મનને હરે છે. વ્યવહાર સિધ્ધ કરવો છે ને? વ્યવહાર જણાવવો છે ને? વ્યવહાર છે. એના મનને પણ એમ થાય કે, ઓહો! વાણી તે વાણી છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી વાત ત્રણકાળમાં સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર જિન વીતરાગ સિવાય બીજે (ક્યાંય) હોઈ શકે નહીં. એવું નિમિત્ત આવું જ હોય, બીજું ન હોય એ સિધ્ધ કરવા તેને મધુર કહેવામાં આવે છે. આનંદના રસિયાને વાણી મધુર છે. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**'જનોનાં મનને હરતી હોવાથી'** એટલે મન ત્યાં વિકલ્પમાં, શુભભાવમાં સાંભળવા રોકાઈ જાય છે. આહાહા! ગણધર પણ તેને સાંભળે. આહા! આવે છે આ. અપાર-અપાર. સમજાણું કાંઈ? મોટા ખેડૂત હોયને એના વહવાયા પણ મોટા હોય. વહવાયા સમજાય છે? વહવાયા એટલે શું સમજો છો? એના કામ કરનારા લુહાર, સુતાર (હલ્કુ કામ) હા એવા કામ કરનારા. એને હજાર હજાર બબ્બે હજાર ખાંડી અનાજ પાકતું હોય. અને એના સુતાર લુહારને પણ કાંઈ ખોબે અનાજ ન આપે એને ઢગલો કરી ધ્યે. આહા! લ્યો આ પચાસ મણ આ સો મણ. કહો, સમજાય છે કે નહીં? એય! ગીરધરલાલ! વહવાયા સમજાય છે? નો સમજાય તમને શહેરવાળાને! ગામડામાં ખેડૂત હોયને, આ ખેડૂતની ખબર ન હોયને બધા મજુરીના ઘણાય કામ કર્યા છેને? કેમ ખેડૂત પાસે જઈને ઘણાય માખણ ચોપડયા હોય ને. કે આમ છે ને તેમ છે ને, એ બધા મોટા મોટા જેને હોય ને કાનમમાં તો દસ દસ હજારની સાધારણ ખેતી પચાસ વર્ષ પહેલાં ઉપજ હોં! સાધારણ વોરાની. કાનમમાં કહે છે ને કપાસ કાચું સોનું. કપાસ કાચું સોનું, એમ રતન કહે છે. ચોપડીમાં લખે છે. કાચું સોનું એટલે બહુ પૈસા ઉપજે. સાધારણ માણસ હોય પણ એને એકલા કપાસની પાંચ પાંચ હજાર, દસ દસ હજારની ઉપજ.

હવે આંહી કહે છેએના વહવાયા એટલે લેનારા સુતાર ....એને પાછા બાર મહિના આપે પણ સારી રીતે આપે. એ કાંઈ ખોબે ન આપે. એમ ભગવાન પરમાત્માની વાણીના આનંદના રસિક જનો એના વહવાયા છે. સમજાણું કાંઈ? એને તો ગાડા ગમે અનંત અનંત અનંત અનંત રસ લેતી વાણી આવે. આહાહાહા! ન્યાં પાક પૂરણ થઈ ગયો છે ને? વીતરાગ ભાવમાં અનંત આનંદનો પૂરણ પાક થઈ ગયો છે. એની જ્યાં વાણી છુટે, આનંદના રસિક જનોને તે વાણી મધુર છે. એક કોર કહે, કે સાંભળવાનો ભાવ વિકલ્પ છે તે ઝેર છે. સમજાણું કાંઈ? ભારે! આવી આ વાત વીતરાગ સિવાય આ સ્યાદ્‌વાદની વાત બેસે નહીં. અજ્ઞાની ગોથા ખાય. એક કોર કહે, કે વીતરાગનું શ્રવણ કરો તો પણ જે વિકલ્પ ઉઠે છેતે શુભ છે, અમૃતને લૂંટનાર છે, ઝેર છે. આંહી કહે છે કે, આંહી અમે તેને મધુર ને મીઠો કહીએ છીએ. વ્યવહારે વાણી મધુર છે. આહાહા! અને એના વિકલ્પમાં પણ, વ્યવહારે અમૃત કહ્યું છે ને? ભાઈ! છે ને, વ્યવહારે અમૃત છે. (મુમુક્ષુ :-મોક્ષ અધિકારમાં કહ્યું છે) છે જ ને, પણ આ નિશ્ચય અમૃત છેત્યારે એનો આરોપ દઈને વ્યવહારે અમૃત છે. નિશ્ચયથી એ ઝેર છે. વ્યવહારથી અમૃતનો એને આરોપ દઈને રાગને પણ વ્યવહારે અમૃત કહેવામાં (આવે છે). વ્યવહારના શાસ્ત્રમાં એને અમૃત કહે છે. એ કહ્યું શિષ્યે એમ કહ્યું ને, હવે આ માથાકૂટ શું કામ કરીએ. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાધરો નિશુદ્ધ શુદ્ધની શુભ કરીએ અને શુભ અમૃત છે. અશુભ ઝેર (છે). એનાથી નાસ્તિ છે. શિષ્યે પ્રશ્ન કર્યો શુદ્ધની પ્રાપ્તિ પહેલેથી માંડી તમે? ભાઈ! શુભને અમૃત કહ્યું છે, એ તો શુદ્ધ ને નિશ્ચય ને અમૃત હોય એને શુભને અમૃત કહ્યું છે. એકલો તું અશુભ ટાળીને શુભને અમૃત માન તો એમ અમૃત છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, આવા **'રસાસ્વાદના રસિક જનોનાં મનને હરતી હોવાથી'** પરમ સમરસીભાવના રસિક જીવોને વીતરાગ સમભાવ પ્રગટયો છે. એવા રસિક જનોને મુદિત કરતી હોવાથી, લ્યો! મુદિત એટલે પ્રમોદિત. પ્રમોદ થાય છે ઈ જાતનો. સમજાય છે? મધુર છે. લ્યો! હવે વિશદ અને સ્પષ્ટ વ્યકત છે. એમ કહે છે.

**'શુદ્ધ જીવાસ્તિકાયાદિ સાત તત્ત્વ'** શુદ્ધ જીવ અસ્તિકાય, શુદ્ધ જીવ અસ્તિકાય પહેલો અસંખ્ય પ્રદેશી ભગવાન અને અનંત ગુણવાળો શુદ્ધ જીવ અસ્તિ અસંખ્ય પ્રદેશી કાય, એનો સમૂહ શરીર આદિ **'સાત તત્ત્વ, નવ પદાર્થ'** એમાં પુણ્ય-પાપ લેવા. **'છ દ્રવ્ય પાંચ અસ્તિકાયનું સંશય-વિમોહ-વિભ્રમ રહિત નિરૂપણ કરતી હોવાથી'** આમ હશે, આમ હોવું જોઈએ એમ નહીં. 'આમ છે'. સમજાણું કાંઈ?

વીતરાગની વાણી તત્ત્વને સત્‌ને સિદ્ધ કરવામાં સંશય ન હોય. કંઈ આમ હોય એમ લાગે છે. ક્ષેત્ર પછી દેખાતું નથી પણ ક્ષેત્ર અંત વિનાનું હોવું જોઈએ. અંત વિનાનું જ છે. કાળ આદિ વિનાનો કાળ છે. ગુણ અનંત અનંત સંખ્યામાં અસંખ્યથી પણ પાર ન આવે એટલા આત્મામાં ગુણો છે. એટલા પરમાણુંમાં ગુણો છે. એની પર્યાય અનંતી છે. જે વાત ભગવાને જ્ઞાનમાં જોઈ અને આવી છે. **સંશય** રહિત કહે છે. નિરૂપણ સંશય રહિત કરે છે. **વિમોહ** આમ હશે કે તેમ હશે કે, **વિભ્રમ (વિપરીત)-રહિત નિરૂપણ કરતી હોવાથી અથવા, એક વાત. બીજી પૂર્વાપરવિરોધાદિ દોષ રહિત હોવાથી** બે વાત. પહેલું કંઈ કહે ને બીજી રીતે કંઈ કહે મેળ ન ખાય. સમજાણું કાંઈ? એકકોર ભગવાનઆત્મા અમૃતનો કુંડ પ્રભુ કહે અને એ જ અંદરમાં આશ્રય થતી નિર્વિકલ્પ આનંદ દશા તે સાચું પ્રતિક્રમણું (કહે). એ અમૃત સ્વરૂપ અકર્તાપણું. વળી બીજી રીતે કહે કે વ્યવહાર પ્રતિક્રમણ પણ અમૃત છે. કેમકે અશુભને ટાળે છે. સર્વથી મટાડતું નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું કથન છે. ઓલું નિશ્ચયનું કથન છે.

આરે! શશીભાઈ! આ તો હમણા પાછું પંચાસ્તિકાય લીધું. પાંચ વર્ષ નહોતું લીધું. કારણ કે હમણાં શુદ્ધભાવ અધિકાર વંચાઈ ગયો, અલિંગગ્રહણ વંચાઈ ગયું, કર્તા-કર્મની પંચોતેરથી ઓગણાએંસી(ગાથા), સુડતાલીશ નયો ને બધું ક્રમબદ્ધને. સમજાણું? વળી આ ભેગું નાંખે કે આનો મેળ શું છે આ? વ્યવહારનય છે તો તેનો વિષય છે તો તે જ્ઞાન કરવા લાયક છે. વ્યવહાર નથી એમ નહીં, એમ સિદ્ધ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે. વ્યવહાર છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? પણ વ્યવહાર-વ્યવહાર તરીકે છે. શુભ-શુભ તરીકે છે. અને એના નિમિત્તો-નિમિત્ત તરીકે છે. જો વ્યવહાર ન માને તો ચૌદ ગુણસ્થાનના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય વિશેષ વૃદ્ધિ થાય એવો ભેદ જ રહેતો નથી. નિશ્ચય ન માને તો આખો તત્ત્વનો લોપ થઈ જાય છે. સમજાણું કાંઈ?

ઓહોહો! કહે છે, **'પૂર્વાપર'** પૂર્વ-અપર પહેલાં ને પછી **વિરોધાદિ દોષ રહિત છે** પહેલાં કંઈ કહ્યું હોય ને પછી કંઈ કહે, પહેલાં પંચાસ્તિકાયમાં કહ્યું કાંઈ ને પછી સમયસારમાં કહ્યું કાંઈ એમ પૂર્વાપર, પૂર્વ ને અપર, પહેલાં ને પછી વિરોધ રહિત છે. વિરોધ છે નહિં. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં વિરોધ થયો. અપેક્ષાથી જે કથન કહ્યાં, તે અપેક્ષાથી એને સમજવા જોઈએ. એકાંત માનીને બેસી જાય તો બીજો વ્યવહારનય રહેતો નથી. વ્યવહારનય રહેતો નથી તો નિશ્ચય પણ રહેતો નથી. સમજાણું કાંઈ? બે બોલ(થયા).

**ત્રીજો બોલ :-અથવા યુગપદ્ સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી,** દેખો આના ત્રણ વિશદના બોલ લીધા. **ત્રિભુવનહિત, મધુર ને વિશદ વાક્યેભ્યઃ** એવા વચનોને જેમની વાણી છે તેને. ઓહો! સમજાણું છે? અને એવા ભગવાનને. લ્યો! તે જિનોને નમસ્કાર. આવી વાણી છે તેવા ભગવાનને નમસ્કાર. વાણી આવી છે. વાણી તો જડ છે. વાણીમાં તો જડના ભાવ ભરેલા છે. વાણીમાં કાંઈ ભગવાનના ભાવ આવતા નથી. હા, ભાવ એમાં નથી એમ. ઈ સ્વપર સ્વરૂપ કથા કહે-ઈ સ્વપર સ્વરૂપ કથા કહે પણ જ્ઞાન-આનંદના ભાવ છે એ કાંઈ વાણીમાં છે? વાણી સ્વપર સ્વરૂપની કથા કહેનારી બરાબર છે. એની પોતાની કથા કરે ને આનંદ સ્વરૂપ છે, વીતરાગ છે ને નિર્વિકલ્પ છે એવી વાણી કરે. એવી વાણીની તાકાતથી વાણી કરે. પણ એ વાણીમાં જ્ઞાન ને આનંદના ભાવ ભર્યા છે, એમ નથી. સમજાણું કાંઈ?

એ ત્રણ પ્રકાર કહ્યા. શું? કે **છ દ્રવ્ય,નવ પદાર્થ ને જીવાસ્તિકાય આદિ તત્ત્વ એને નિરૂપણ કરતી હોવાથી** એક વાત.સ્પષ્ટ છે એમ. વિશદ સ્પષ્ટને પ્રગટ છે. એમ નહીં છ દ્રવ્ય હશે કે નહીં? કેમ હશે? પ્રગટ-સ્પષ્ટ છે. છ દ્રવ્ય છે, નવ તત્ત્વ છે, સાત તત્ત્વ છે, પંચાસ્તિકાય છે. અને **'પૂર્વાપરવિરોધાદિ દોષ રહિત હોવાથી'**, બે વાત **'યુગપદ્ સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી'**એક સાથે સર્વ જીવોને સમજાય એવી વાણી નીકળે છે. ભગવાનની વાણી. સર્વજીવોને પોતપોતાની ભાષામાં, દેખો! એવી વાણી કે જે જે જીવો હોય, સાધારણ દેડકા મનવાળા એને એની ભાષામાં સમજાય. મોટા ભણેલાં હોય એને એની ભાષામાં સમજાય. બધાને એમ લાગે કે, ઓહો! અમને અમારી ભાષાથી વાત કરે છે. અને આમ સ્પષ્ટ દેખાય, જણાય એવી વાત કરે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરતી હોવાથી વિશદ છે, સ્પષ્ટ છે, પ્રગટ છે, પ્રત્યક્ષ છે.** વાણી એવી જ છે. એમાંય વાંધા ઊઠયા છે ને? વાણીને પ્રમાણપણું ભગવાનને. ના. 'પુરુષ પ્રમાણે વચન પ્રમાણ' આવે છે કે નહીં? 'વકતું પ્રમાણં વચન પ્રમાણં' વકતા કોણ છે એના ઉપર વચનનું પ્રમાણ એ તો પરના નિમિત્તની અપેક્ષાએ પ્રમાણ કહ્યું. પણ વાણીનું પ્રમાણપણું વાણી પોતાથી જ પ્રમાણપણે છે. વાણી જે કહે છે તે પ્રમાણથી જેમ વસ્તુ છે તેમ વાણી પોતે કહે છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

પછી વળી આ છે ને બીજા તારણસ્વામી કે ભઈ મૂર્તિ ન માનવી. કારણ કે એમાં કયાં ગુણ છે. વાણીમાં તો ભગવાનના બધા ગુણ છે. જિનવાણીમાં બધા ગુણ છે. આ બધું જ્ઞાન થાય એ જ્ઞાન એમાં આવે છે. પણ જડમાં કયાં જ્ઞાન આવ્યું'તું. એ તો જડ છે. સમજાણું કાંઈ? અક્ષરદેહ એટલે? એનો અર્થ શું થયો? એ અક્ષરદેહ વ્યવહારદેહ થયો. અક્ષરદેહ નિમિત્ત છે. આ દેહ જુદો, એ અક્ષર દેહ જુદો, ચૈતન્યદેહ જુદો. સવારમાં કહ્યું નહોતું? 'વપુષમ અબોધ અવધ્ય'. 'અવધ્ય બોધ વપુષમ્' હણાય નહીં એવું. 'બોધ વપુષમ.' જ્ઞાનનું શરીર છે. ઈ સ્વ શરીર છે. સમજાણું કાંઈ? વ્યવહારે અક્ષરોને અક્ષરદેહ કહેવામાં આવે. પણ એનાથી સમજાય એમ કહેવું એ વ્યવહાર છે. ફકત સમજનારને ઉપાદાન તો પોતાનું છે અને નિમિત્ત એવુ હતું એથી તે સમયે વ્યવહાર કહેવાય છે. અને એ પણ સમજણ થઈ એનાથી એને આત્મજ્ઞાન થાય એમ નથી. પણ એ વ્યવહાર છે એમ અહીં સાબિત કરવું છે. કોઈ વ્યવહારને ઊડાવતો હોય, નથી (એમ કહીને)લોપ કરતો હોય તો એમ નથી. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય પોતે ફરમાવે છે. લ્યો! પહેલી ગાથાથી જુઓ. આહાહા!

**'વિશદ-સ્પષ્ટ-વ્યકત છે.** લ્યો! **આ રીતે જિનભગવાનની વાણી જ પ્રમાણભૂત છે.'** જુઓ, જિનભગવાનની વાણી જ પ્રમાણભૂત છે. જિનભગવાન પછી. સમજાણું કાંઈ? જિનભગવાનની વાણી, વાણી જ. ન્યાં પાછું એકાંત કર્યું. પ્રમાણભૂત છે. ભાઈ! ઓલા પ્રશ્ન ઉઠયા'તા ને ખાણીયા ચર્ચામાં. દેખો! વાણી જ પ્રમાણભૂત છે. જિનભગવાનની વાણી જ પ્રમાણભૂત છે. પોતાથી પ્રમાણભૂત છે. જુઓ! એમાં સ્વ-પર કથા કરવાની ભાષામાં તાકાત છે. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. ભાષામાં સ્વ-પર કહેવાની તાકાત છે. પરની અપેક્ષા રાખતી નથી. આહાહા! સમજાણું કાંઈ? આંહી સર્વજ્ઞ છે માટે દિવ્યધ્વનિમાં વાણીમાં એવા જ ભાવો આવે. એવી આંહી જ્ઞાનની અપેક્ષા છે તો એવી વાણી આવે તેમ નથી. આહાહા! વાણીમાં જ પ્રમાણભૂતતા છે. સર્વજ્ઞની વાણી હોં! નિમિત્તથી કહે છે. આવું એને વાણીને નિમિત્ત હોય છે. વાણીને આવું નિમિત્ત હોય એ સિદ્ધ કરવું છે. છતાં એ નિમિત્તથી વાણી થઈ નથી.એ વાણી નિમિત્તથી થઈ નથી છતાં એ જિનની વાણી જ પ્રમાણભૂત છે. સમજાણું કાંઈ? એમ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એકાંતે અપૌરુષેય વચન કે વિચિત્ર કથારૂપ કલ્પિત'** શું કહે છે? ઈશ્વરની વાણી કોઈ પુરુષ વિના અદ્ધરથી આવી હોય એમ કોઈ કહે એમ ન હોય, એમ કાંઈ સર્વજ્ઞ પરમાત્મા છે અને એની વાણી છે. વાણી વાણીને કારણે પરિણમે, સર્વજ્ઞ પણ છે. અપૌરુષેય વાણી (વચન)અદ્ધરથી અવાજ આવ્યો, આકાશમાંથી- ઓમમાંથી સમજયાને! અમારે કહેતા એક. શૂન્યમાંથી પુન, મુનમાંથી ધૂન. ત્યાં મોતી વાણી બોટાદમાં હતા. એ વખતે આ વિરચંદ ભૂરા ને એ બધા મિત્રો હતા. રાયચંદ ગાંધી આવતા ને લડાવે બધાને એ કહે પહેલું શૂન્ય હતું, શૂન્યમાંથી થયું મુન, મુનમાંથી ઊઠી ધૂન, ધૂનમાંથી ઊઠી દ્દવનિ, દ્દવનિમાંથી ભગવાનની વાણી ખરી. એ મોતીવાણી હતા, બહુ નિશ્ચયમાં ઉતરેલાં. એકપણ વાતમાં કાંઈ ઠેકાણા ન હોય. સમજાણું? મોટા લાકડાના વેપારી, નહીં? હેં, કોણ છે એ આવતા, નહીં? હા, તમારા કાકાના વિરચંદભૂરાના ભાઈબંધ હતા. કહો, સમજાણું કાંઈ? આ તો ઘણા વર્ષ (પહેલા)ની વાતું છે, હોં! એંસી, ઓગણાએંસી, ઈઠોતેરની. અહીંયા એમ નથી. સર્વજ્ઞ પુરુષ છે અને એમાં વાણી નીકળે છે, એ વાણી પ્રમાણભૂત છે. સર્વજ્ઞ પુરુષ વિના વાણી હોય એમ બની શકતું નથી એમ આંહી સિદ્ધ કરવું છે. એ રીતે જિનભગવાનની વાણી પ્રમાણભૂત છે.

**'એકાંતે અપૌરુષેય વચન કે વિચિત્ર કથારૂપ કલ્પિત પુરાણવચનો પ્રમાણભૂત નથી'**. જેમતેમ જોડી દીધા. એક બ્રહ્મા ને વિષ્ણું ને મહેશ ને કહ્યું ને આ ને. એ બધી કલ્પનાની જોડણી છે. બહ્મા, વિષ્ણું ને મહેશ બીજો કોણ હતો? આત્માનો ઉત્પાદ એ બ્રહ્મા, વ્યય તે શંકર, ધ્રુવ તે વિષ્ણું. સમજાણું કાંઈ? પાછળથી ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એમાં છે, એવી લોકોએ કલ્પના કરીને બીજા બ્રહ્માં વિષ્ણુંને સિદ્ધ (તરીકે) સ્થાપ્યા છે. **'વિચિત્ર કથારૂપ કલ્પિત પુરાણ વચનો '** એમ હો! કલ્પિત પુરાણ વચનો, પરંપરાએ ભગવાનના કહેલાં જે છે, આદિપુરાણ આદિ, એ તો ભગવાનના કહેલાં જિનવાણી છે. પુરાણો જે છે એ પણ જિનવાણી છે. આદિપુરાણ, ઉતરપુરાણ આવે છે ને? પદ્મપુરાણ એ બધી વીતરાગની વાણી છે. જેમ સમયસાર વીતરાગની વાણી છે, એમ એ પણ સંતોની, વીતરાગની વાણી છે. એ વાણી હિતકર છે અને સ્પષ્ટ કથન કરે છે. કહો, સમજાણું કાંઈ?

**ત્રીજું :- 'અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણનારો અનંત કેવળજ્ઞાન ગુણ જિનભગવંતોને વર્તે છે'** પરમેશ્વર જેને અનંત દ્રવ્ય એટલે વસ્તુ, અનંત ક્ષેત્ર, અંત વિનાનું ક્ષેત્ર, કાળ અનાદિ-અનંત, ભાવઅનંત આદિ શક્તિ ને પર્યાય. **એ બધાનો જાણનારો અનંત કેવળજ્ઞાન ગુણ.** ગુણ એટલે પર્યાય છે પણ આંહી ગુણવાળું કહેવું છે ને? એવી કેવળજ્ઞાનની પર્યાય **જિનભગવંતોને વર્તે છે** જિનભગવાનને એ પર્યાય હોય બીજાને હોઈ શક્તી નથી. જૈન પરમેશ્વરને ત્રણકાળ, ત્રણલોકનું એક સમયમાં જ્ઞાન હોય. એટલું સિદ્ધ કરવા, નિમિત્તને સિદ્ધ કરવા જીવોને મધુર ને હિતકર કહેવામાં આવે છે. બીજું નિમિત્ત હોઈ શકે નહીં. એમ કહે છે. અજ્ઞાનીની વાણી નિમિત્ત હોય ને ઓલો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમકિતને પામી જાય એમ છે નહીં. વાણીથી પામતો નથી. પણ વાણી હોય તો સર્વજ્ઞ ને સંતોની જ સાચી વાણી હોય. બીજી વાણી હોઈ શકે નહિં. એટલું નિમિત્ત સિધ્ધ કરવા તેને મધુર ને હિતકર ને સ્પષ્ટ કહેવામાં આવે છે.

આ રીતે બુધ્ધિ આદિ સાત ઋધ્ધિવાળા ગણધરો યોગીન્દ્રોને વંદનીય છે એમ આવ્યું'તું ને. આ રીતે બુધ્ધિ આદિ સાત ઋધ્ધિ, બુધ્ધિ આદિ સાત ઋધ્ધિ લબ્ધિ છે એવી. તેમ જ મતિજ્ઞાનાદિ ચતુર્વિધ જ્ઞાનથી સંપન્ન ગણધરદેવાદિ યોગીન્દ્રોને પણ તેઓ વંદ્ય છે. જિન છે એવી. વીતરાગ એને પણ વંદન કરવા લાયક છે. આહાહા! એ રાગ ઉત્પન્ન થાય તો પાછું એને ભાન છે ને? બધાયમાં સ્વલક્ષીભાનવાળાની વાત લીધી છે ને?

હવે આ રસિકજનોને, ઓલાને અને આંહી યોગીન્દ્રોને, ભાન છે ને એને પોતાને. આત્મા જ્ઞાયક સ્વરૂપ એની ધ્રુવ દૃષ્ટિનું ભાન છે. (શ્રોતા :- સાંભળવા શું કામ ગયા?) એ સાંભળવાનો વિકલ્પ આવ્યા વિના રહે નહિં. એ વ્યવહાર આવ્યા વિના રહે નહિં. એમ આ રીતે સિધ્ધ કરે છે. એ શાંતિભાઈ! ભારે વાત ભાઈ! 'જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ ' ગણધરોને પણ સર્વજ્ઞ પરમેશ્વર વંદનીક છે. ભાઈ! વંદ્ય વંદક ભાવ છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે, ઈ અહિંયા સિધ્ધ કરે છે. ગણધર છે, છદ્મસ્થ છે. સર્વજ્ઞ પરમેશ્વર પૂરણ પ્રાપ્ત છે. એને પણ બહુમાનથી વંદન કરવા લાયક પરમેશ્વર યોગીન્દ્રોને પણ વંદનીક છે. કહો, સમજાણું કાંઈ? પર વસ્તુ યોગીન્દ્રોને પણ વંદનીક છે. વ્યવહારો પરાશ્રિત પણ વ્યવહારે વંદનીક છે, એવો વ્યવહાર અહિંયા સિધ્ધ કરે છે. નિશ્ચય વંદનીક ભગવાન આત્મા પોતાનો છે. કે જે દેવાધિદેવ અને અનંત પાંચ પદો જેમાં અંદર પડ્યા છે. સમજાણું કાંઈ?

આત્મામાં પાંચ પદ પડ્યા છે. અરિહંત સિધ્ધ આચાર્ય બધું અંદર આત્મામાં પડ્યું છે. વર્તમાનમાં હોં! એવો આત્મા જ પરમ પૂજનીય છે. એ નિશ્ચય થયો. પણ વ્યવહાર છે કે નહીં? વ્યવહાર બિલકુલ નથી એ સિધ્ધ કરે છે. આહાહા! ભારે! વીતરાગનો માર્ગ એવો છે ને? વ્યવહાર સિધ્ધ કરે ત્યારે વ્યવહારથી લાભ થાય કે નહિં? વળી ઈ પ્રશ્ન ઉઠાવે. ઈ કોણે કહ્યું ન્યાં? તો વ્યવહાર છે એટલી કબુલાત જો ન હોય તો તેના વ્યવહારનો નાશ ને પર્યાયનો નાશ થઈ જાય. એ ભગવાનના વંદનનો વ્યવહાર છે. ભગવાનની મૂર્તિ વંદનીક છે. એવો વ્યવહાર છે. એ વ્યવહારનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત ત્રિલોકનાથ સમોસરણમાં બિરાજે છે એ પરદ્રવ્ય છે. વંદન કરવા લાયક છે એ તો વ્યવહાર થયો. પણ વ્યવહાર છે ને? એમ સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ઠીક આવ્યું આ હવે પંચાસ્તિકાય. પાંચ વર્ષે આવ્યું. પાંચ વર્ષે આવ્યું છે ને? (મુમુક્ષુ :-હવે વ્યવહારના દિવસો આવ્યા.) નિશ્ચય સહિત વ્યવહાર કહેવું એના દિવસો છે. હેં? એનું જ્ઞાન કરાવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનો વિષય વ્યવહારનય છે કે નહીં? વ્યવહારનય જ નથી! એનો વિષય જ નથી! હેં? (મુમુક્ષુ :- નિશ્ચય વ્યવહારની સંધી લાગુ પડે છે.) હા! આહા! ગણધરદેવાદિ, ગણધરદેવઆદિ. બીજા ચાર જ્ઞાનના ધણી હોય. આદિ, 'ઇન્દ્રો આદિ યોગીન્દ્રોને પણ તેઓ વંદ્ય છે.' ચોથા, પાંચમાં, સપ્તમાં ગુણસ્થાન, બધાને ભગવાન વંદનીક છે. સમજાણું કાંઈ?

**ચોથું :- 'પાંચ પ્રકારના સંસારને જિનભગવંતોએ જીત્યો છે.'** જિન કેમ કહેવામાં આવ્યું? પાંચ પ્રકારનો સંસાર- દ્રવ્ય,ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ. પાંચેયને જીત્યો ને વીતરાગ થયા છે. પાંચેય છે, હતા એનો નાશ કરી પરમેશ્વરે વીતરાગ ભાવ પ્રગટ કર્યો છે. સમજાણું કાંઈ? આવ્યું ને? **'અન્તાતીતગુણેભ્યો'** 'અને **જિતભવેભ્ય' 'જિતભવેભ્ય'** બસ છેલ્લો શબ્દ છે. એણે જીત્યા છે. બીજા કોઈ કહે કે અમારે ભવ નથી ને મોક્ષ છે. ઈ બધાય ખોટા છે. સમજાણું કાંઈ?

પરમેશ્વર નામ ધરાવે અને ખોરાક ખાય! સમજાણું કાંઈ? એય! 'જમોને થાળ જીવન મોરારી' આવે છે કે નહિં? એ શશીભાઈ! ન્યાં સાંભળીએ અપાસરામાં સાંભળતા ગઢડામાં. દસ સાડાદસનું ટાણું આવેને, ઓલો સ્વામીનારાયણ બોલે, હેં? ઓલો સ્વામીનારાયણ બોલે- 'જમોને થાળ જીવન મોરારી ' આ લાપસી કરીને એવું કાંઈક બોલતા. લાપસી કરી છે ને આ કર્યું છે ને તે કર્યું છે ને હોય તો નહીં બધુંય હો! હોય થોડું બે ત્રણ. પછી લાંબી લાંબી વાતું કરી- જમોને થાળ ભગવાનને જમાડવા છે. ભગવાન જમતા હશે? એય! ગપેગપ છે. એવા ભગવાન હોય નહીં. ભગવાનને કેવળજ્ઞાનનો આનંદ વર્તે એને ક્ષુધા હોય નહીં, તૃષા હોય નહીં, આહાર હોય નહીં, પાણી હોય નહીં, એને વસ્ત્ર હોય નહીં. આહા! એને ઘોડી બેસવાનું હોય નહીં. (મુમુક્ષુ :- ઈ બહાને ખાવાનું મળે ને!) પણ ખાવાનું કોને મળે, ધૂળને? એનો અર્થ શું થયો? આવા ને આવા ભગવાન.

ભગવાન આવ્યા'તા, એક જણો બોટાદમાં કહેતો હતો. ભગવાન આવ્યા છે લેવા, શેરીમાં પૂછયું'તું, ફલાણો કયાં? પણ ત્યાં સુધીની ખબર પડી ને શેરીમાં કયાં એની ખબર ન પડી? આવા ને આવા ગપેગપ મારે. સમજ્યા ને? કે રથ લઈને આવ્યા, બે બળદ, રૂપાના શિંગડા અને ભગવાન રથમાં બેઠા'તા. સોનાના કહે, લ્યોને! એ વધારવું છે ને જે નામ કહે એ? પણ આવતા'તા ને શેરીમાં ઊભા રહ્યા. ફલાણાનું ઘર કયાં આવ્યું? પણ એલા ન્યાંથી આવ્યો હાલીને અને આંહી ખબર ન પડી કયાં આવ્યું? ભગવાન એને લઈ ગયા શું લઈ ગયા? શરીર તો આ પડ્યું આંહી. કોને લઈ ગયા આત્માને લઈ ગયા? આવા ને આવા ગપ એવા ભગવાન હોઈ શકે નહિં. સમજાણું કાંઈ?

એણે તો વિકલ્પ ને પૂર્ણભાવને જીતીને એકલી વીતરાગતા પ્રગટ કરી છે. ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન જેણે પ્રગટ કર્યું છે. એ કોઈની પાસે જાય ને શરીર ધારણ કરે ને એવું હોય નહીં. ભઈ, એ તો ભગવાનની લીલા છે. સમજાય છે? ઘોડીએ બેસીને આવ્યા. કેવી ઘોડી કહે છે? હેં? માણકી ઘોડી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માણકી ઘોડી ઉપર બેઠા. આંખું આવડી મોટી હતી, આમ હતા પણ એ માણકી ઘોડીમાં ભગવાન ન હોય. ભગવાન ઘોડીએ ન બેસે સાંભળને? ભગવાન તો વીતરાગ ત્રણકાળ, ત્રણલોકને જાણવા એવું નિમિત્તપણું સિદ્ધ કરવા આ ઓળખાવે છે. વ્યવહાર હોય તો આવો જ વ્યવહાર વંદનીક હોય. સમજાણું કાંઈ? લ્યો!

**'આ રીતે કૃતકૃત્યપણાને લીધે'** કૃતકૃત્ય થઈ ગયા. હવે એને કાંઈ કરવું બાકી નથી. **'તેઓ જ બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે'** નિમિત્તરૂપે આ જુઓ વ્યવહાર! નિશ્ચયથી શરણ તો ભગવાનઆત્મા. આહાહા! 'કેવળી પણત્તો ધમ્મો શરણં.' અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં આવે છે કે નહીં? કાંતિભાઈ! માંગલિકમાં. માંગલિક આવે ને? ચતારી મંગલમ. એમ અરિહંતા શરણં, સિદ્ધા શરણં. ઓલા બૌધ કહે :- બૌધમ શરણં. બૌધમ શરણં ન હોય. આવા અરિહંત સર્વજ્ઞદેવ એ વ્યવહારે શરણ (હોય). નિશ્ચયથી તો આત્મા આનંદકંદ પૂર્ણાનંદનો નાથ તે શરણ કરવા લાયક છે. પણ એને વ્યવહાર હોય તો આવો વ્યવહાર હોય, બીજો વ્યવહાર હોય નહીં. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

લ્યો! સાંઈબાબાએ હાથ ફેરવ્યો ને રોગ મટી ગયો. ફલાણું ને ઢીકણું થયું. ભ્રમણાના પાર નહીં. (મુમુક્ષુ :-પોતાના રોગનું શું?) એને રોગ કયાં છે? સાંઈબાબાને તો મોટું લઠ્ઠ જેવું શરીર છે. મરશે ને મરશે. ઈ તો ઓલા ભવમાંથી આવ્યો છે. આવા ને આવા જૈનના વાણિયા. વાણિયામાં જન્મેલાં જૈન કહેવાય. થોથા કાંઈ ભાન ન મળે. સમજાણું કાંઈ?

એ, કનુભાઈ! થાય છે કે નહીં એવું મુંબઈમાં બહુ એવું? સાંઈબાબાને-સાંઈબાબા આમ ને તેમ. આ એક જલ્સા શું કહેવાય? જલારામ-જલારામનો જય હો, જલારામનો જય હો! વાણિયાને ઘેર. (મુમુક્ષુ :- મોટું મકાન છે.) કરે ને પૈસા હોય લાખો લાખો. વર્ષે લાખોની ઊપજ છે. ભેગા થાય ને લોકો માને. એ ભગવાન ન હોય માળા! એને કાંઈ ભગવાન દર્શન દેવા આવ્યા'તા? પછી ભગવાન અદૃશ્ય થઈ ગયા. આવા ને આવા ગપ મારનારા અને આવા ને આવા ભગવાનને કાંઈ ખબર (ન હોય). ભગવાન તો ત્રણલોકના નાથ એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન વીતરાગ, અણાહારી એવા આત્મા પરમાત્મા હોય, અને એની વાણી આવી હોય. એ એને વ્યવહારથી જ્ઞાન કરવાને માટે આ વાત સિદ્ધ કરે છે.

તે 'અકૃતકૃત્ય જીવોનું શરણ છે' જેણે ધર્મના કાર્ય કર્યા નથી. તેવા જીવોને આવા પરમાત્મા કૃતકૃત્ય થયેલાં શરણ છે.સમજાણું કાંઈ? આ બધી વાત વ્યવહારથી છે ને. વ્યવહાર સિદ્ધ કરે ને! વ્યવહારનું જ્ઞાન. અન્ય કાંઈ નહીં. બસ આ સિદ્ધ કરે છે. લ્યો! આવા સિવાય કોઈ બીજા હોય શકે નહીં. એવું એક નિમિત્તપણું જ્ઞાનીને પણ વંદનીક ને આશ્રય કરવા લાયક છે. આ પ્રમાણે ચાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિશેષણોથી સહિત જિનભગવંતોને ગ્રંથના, આદિના ભાવ નમસ્કાર કરીને મંગળ કર્યું છે. અંતરમાં નમીને વસ્તુના સ્વભાવ નમી આવો એક નમસ્કાર કરવામાં ભલે વિકલ્પ છે. હવે જયસેન આચાર્યની ટીકામાં અંદર પ્રશ્ન ઊઠે છે.

**પ્રશ્ન :- જે શાસ્ત્ર પોતે જ મંગળ છે, તેનું મંગળ શા માટે કરવામાં આવે છે?** શાસ્ત્ર પોતે જ મંગળીક છે. સમજાણું કાંઈ?

ઉત્તર :- તો કહે, **ભક્તિ અર્થે મંગળનું પણ મંગળ કરવામાં આવે છે.** લ્યો, કહે તો છે ને? **શાસ્ત્રનું મંગળ, શાસ્ત્રનું નિમિત્ત, શાસ્ત્રનો હેતુ (ફળ), શાસ્ત્રનું પરિમાણ, શાસ્ત્રનું નામ અને શાસ્ત્રના કર્તા–એ છ બાબતોનું વિસ્તૃત વિવેચન જયસેન આચાર્યની ટીકામાં કર્યું છે** લ્યો! સમજાણું? ભવી જીવો આદિ, શાસ્ત્રનું ફળ મોક્ષ, શાસ્ત્રનું પરિમાણ કેટલાક સંખ્યામાં શબ્દો, શાસ્ત્રનું નામ કે આ પંચાસ્તિકાય, શાસ્ત્રના કર્તા કુંદકુંદઆચાર્ય. સમજાણું કાંઈ? દરેકમાં છ–છ બોલ . .**ભક્તિ અર્થે મંગળનું પણ મંગળ કરવામાં આવે છે** કોની પેઠે? આ **સૂર્યને દીપકથી** દેખો. સૂર્યને દીવો નથી કહેતાં? આરતી ઉતારે છે. સૂર્યને દીવાથી આરતી. એવો એક વ્યવહાર હોય છે.

સૂર્યને દીપકથી આરતી ઉતારે છે, **મહાસાગરને જળથી**(આરતી ઉતારે છે) મોટો દરિયો ભર્યો હોય ને પાણીથી અંજલી લઈને કરે છે ને. પારસી લોકો દરિયાની પૂજા બહુ કરે. સમજાણું? અને આ બીજા લોકો સવારમાં સૂર્યને જોઈને દીવો કરે. જય સૂર્ય નારાયણ! **વાગીશ્વરીને (સરસ્વતીને) વાણીથી.** લ્યો! એ સરસ્વતી વીતરાગની વાણીને વાણીથી માંગલિક કરવામાં આવે છે. અને **મંગળને મંગળથી અર્ચવામાં આવે છે** માંગલિક વસ્તુ છે એને પણ માંગલિકથી પૂજવામાં આવે છે. એક ગાથા થઈ. એક ગાથા થઈ. હેં? કયાં? એ કીધું ને? એ કહી ગયા ને હમણાં? આ નીચે.

**જયસેનઆચાર્યદેવ આ ગાથાના શબ્દાર્થ**–શબ્દ અર્થ કરવો, **નયાર્થ** કરવો એ એમાં નાખ્યું છે. નયનો અર્થ નિશ્ચયનો અર્થ છે, કે આ વ્યવહારનો અર્થ છે. **મતાર્થ–** અન્યમતીને આ કહેવું છે. અને આગમને આ કહેવું છે. **અને ભાવાર્થ** સમજાવીને, **એ રીતે વ્યાખ્યાનકાળે સર્વત્ર** દરેક શબ્દને દરેક ગાથામાં પાંચ ભાવે ઉતારવું. કહો આ લોકો એમ જ કહે ને પણ આમાં લખ્યું છે ને? ભગવાન પણ કઈ નયનું વાક્ય છે. આ હિતકર કહ્યું છે કે નહીં? પણ કઈ નયનું વાક્ય છે. (શ્રોતા :- અસદ્‌ભૂત વ્યવહારનયનું ) એ તો અસદ્‌ભૂત વ્યવહારનયનું છે. સમજાણું કાંઈ? હિતકર એ હોય તો એની સામું જોયા કરવું? એ તો વ્યવહારથી હિતકર કહ્યું છે. અને એ જ નિમિત્ત હોય બીજું હોતું નથી એ માટે. એ યોજવા યોગ્ય છે. લ્યો! દરેક ભાવાર્થ યોજવા યોગ્ય છે એમ કહ્યું. લ્યો! ટૂંકામાં બધું આવે છે ને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૨

**समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं ।**
**एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि ॥ २ ॥**

श्रमणमुखोद्गतार्थं चतुर्गतिनिवारणं सनिर्वाणम् ।
एष प्रणम्य शिरसा समयमिमं श्रृणुत वक्ष्यामि ॥ २ ॥

**समयो ह्यागम: । तस्य प्रणामपूर्वकमात्मनाभिधानमत्र प्रतिज्ञातम् । युज्यते हि स प्रणन्तुमभिधातुं चाप्तोपदिष्टत्वे सति सफलत्वात् । तत्राप्तोपदिष्टत्वमस्य श्रमणमुखोद्–गतार्थत्वात् । श्रमणा हि महाश्रमणा: सर्वज्ञवीतरागा: । अर्थ: पुनरनेकशब्दसम्बन्धेनाभि–धीयमानो वस्तुतयैकोऽभिधेय: । सफलत्वं तु चतसृणां नारकतिर्यग्मनुष्यदेवत्वलक्षणानां गतीनां निवारणत्वात् पारतंत्र्यनिवृत्तिलक्षणस्य निर्वाणस्य शुद्धात्मतत्त्वोपलम्भरूपस्य परम्परया कारणत्वात् स्वातंत्र्यप्राप्तिलक्षणस्य च फलस्य सद्भावादिति ॥ २ ॥**

**આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સુણજો તમે;**
**જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨.**

**અન્વયાર્થ :- [श्रमणखमुखोद्गतार्थं] શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય (-સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને કહેનાર), [चतुर्गतिनिवारणं] ચાર ગતિનું નિવારણ કરનાર અને [सनिर्वाणम्] નિર્વાણ સહિત (-નિર્વાણના કારણભૂત) [इमं समयं] એવા આ સમયને [शिरसा प्रणम्य] શિરસા પ્રણમીને [एव वक्ष्यामि] હું તેનું કથન કરું છું;[श्रृणुत] તે શ્રવણ કરો.**

**ટીકા :-સમય એટલે આગમ; તેને પ્રણામ કરીને પોતે તેનું કથન કરશે એમ અહીં (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવે) પ્રતિજ્ઞા કરી છે. તે (સમય) પ્રણામ કરવાને અને કથન કરવાને યોગ્ય છે, કારણ કે તે *આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે. ત્યાં, તેનું આપ્ત વડે ઉપદિષ્ટપણું એટલા માટે છે કે જેથી તે 'શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય' છે. 'શ્રમણો' એટલે મહાશ્રમણો-સર્વજ્ઞવીતરાગદેવો; અને 'અર્થ' એટલે અનેક શબ્દોના સંબંધથી કહેવામાં**

* આપ્ત = વિશ્વાસપાત્ર; પ્રમાણભૂત; યથાર્થ વક્તા. [સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વને પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે અને તેઓ વીતરાગ (મોહરાગદ્વેષ રહિત) હોવાથી તેમને અસત્ય કહેવાનું લેશમાત્ર પ્રયોજન રહ્યું નથી; તેથી વીતરાગ-સર્વજ્ઞદેવ ખરેખર આપ્ત છે. આવા આપ્ત વડે આગમ ઉપદેશવામાં આવ્યું હોવાથી તે (આગમ) સફળ છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**આવતો, વસ્તુપણે એક એવો પદાર્થ. વળી તેનું (-સમયનું) સફળપણું એટલા માટે છે કે જેથી તે સમય (૧) 'નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ' કરવાને લીધે અને (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા +ફળથી સહિત છે.**

**ભાવાર્થ :- વીતરાગસર્વજ્ઞ મહાશ્રમણના મુખથી નીકળેલા શબ્દસમયને કોઈ આસન્નભવ્ય પુરુષ સાંભળીને, તે શબ્દસમયના વાચ્યભૂત પંચાસ્તિકાયસ્વરૂપ અર્થસમયને જાણે છે અને તેની અંદર આવી જતા શુદ્ધજીવાસ્તિકાયરૂપ અર્થમાં (પદાર્થમાં) વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે સ્થિત રહીને ચાર ગતિનું નિવારણ કરી, નિર્વાણને પામી, સ્વાત્મોત્પન્ન, અનાકુળતાલક્ષણ, અનંત સુખને પ્રાપ્ત કરે છે. આ કારણથી દ્રવ્યાગમરૂપ શબ્દસમય નમસ્કાર કરવાને અને વ્યાખ્યાન કરવાને યોગ્ય છે. ૨.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૨ ઉપર પ્રવચન

**समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं ।**
**एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि ॥ २ ॥**

દેખો, **મહાશ્રમણના મુખમાંથી નીકળેલું વચન** ન્યાંથી ઉપાડ્યું છે. અદ્ધરથી કોઈ કહેનારને લીખીતન મફતલાલ એમ નથી. કુંદકુંદાચાર્ય કહે છે. દેખો! એવા આગમને શિરસા નમસ્કાર કરું છું. શિરસા, અરે પ્રભુ! શરીરથી તો નમસ્કાર થાય નહીં? શરીર તો જડ છે. અને પરદ્રવ્યને નમસ્કાર કરવા એ તો શુભ વિકલ્પ છે. પણ એ વ્યવહાર જ્યારે વંદન-નમન ભાવ હોય છે ત્યારે શરીર ને મસ્તક પણ નમે છે. એ નમે છે એને કારણે. પણ આંહી વ્યવહારથી સિદ્ધ કરે છે. નમન કરે છે. સમજાણું કાંઈ? આહાહા! 'એસો પણમિય સિરસા સમયમિણં સુણહ વોચ્છામિ' લ્યો!

આ સમય પંચાસ્તિકાયરૂપી સમયસાર તેને સાંભળ. હવે સાંભળવામાંય એને લાભ નથી ને સાંભળ. સાંભળને! એની યોગ્યતા હોય ત્યારે તે પ્રકારનો સાંભળવાનો વિકલ્પ ને જ્ઞાન ઊઘાડ એવો હોય જ. એ વ્યવહાર સિદ્ધ કરે છે. આરે આરે! ભારે વાત! અને **'વોચ્છામિ'** એમ કહે છે. લ્યો! હું કહું છું. એય! વાણી કહે છે એમ કીધું છે? વાણી કહે છે એમ કીધું છે? પણ વ્યવહારથી ભાષા બીજી શું આવે? હું આ સમયસાર પંચાસ્તિકાયને કહીશ. કહીશ. ત્યાં ઓલા પકડે, જુઓ! આત્માથી વાણી

+ ચાર ગતિનું નિવારણ (અર્થાત્ પરતંત્રતાની નિવૃત્તિ) અને નિર્વાણની ઉત્પત્તિ (અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ) તે સમયનું ફળ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહી શકાય છે કે નહીં? આચાર્ય કહે છે પણ શું કહે છે? કઈ નયનું વચન છે? આ શબ્દો અસદભૂત વ્યવહારનયનું વચન છે. આહાહા! ભારે વાત ભાઈ! તકરાર, તકરાર. અરે! જ્યાં હોય ત્યાં શું થાય? પંડિતોને જાણપણાના અભિમાન, ત્યાગીઓને વ્રતના અભિમાન... વાણી દરકાર પડી રહે એકકોર. આહાહા! હેં? ગજબ છે.

**આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સુણજો તમે;**
**જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨**

લ્યો! પહેલો એનો શબ્દાર્થ લઈએ. પછી એની ટીકા લઈએ. એમાં શું છે? **શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય (-સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને કહેનાર),** હવે મુખ છે આહારક વર્ગણાનું આહારક શરીર, ભાષા છે શબ્દ વર્ગણાનું. સમજાણું કાંઈ? પણ મુખમાંથી નીકળેલ એટલે ત્યાં મુખનું નિમિત્તપણું છે ને? એટલું બતાવવું છે. બાકી ભાષા તો ભાષાથી છે. ભાષા વર્ગણાના પુદ્‌ગલ જુદા, આહાર વર્ગણાના પુદ્‌ગલ જુદા, ઠીક થયું, આ આવ્યું બધું. આહાહા!

**શ્રમણનાં મુખમાંથી,** એક તો શ્રમણને મુખ ન હોય. એક વાત. શ્રમણ એટલે કોણ? મુની, કેવળી,મહાશ્રમણ એમ. મહાશ્રમણ કહે છે ને અંદર? સમજાણું? આ શ્રમણો એટલે મહાશ્રમણ હો! કહેશે નીચે. મહાશ્રમણ એટલે સર્વજ્ઞ વીતરાગદેવ. શ્રમણ શબ્દે એ પહેલો શબ્દ પડયો છે એટલે સર્વજ્ઞ વીતરાગદેવ. એને આંહી શ્રમણ કહેવામાં આવે છે.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એને આંહી શ્રમણ કહેવામાં આવ્યા છે. એના મુખમાંથી, મુખ તો જડનું છે. પણ ત્યાં નિમિત્ત-નિમિત્તને સંબંધ ગણીને અસદ્‌ભૂત વ્યવહારનયે મુખમાંથી નીકળી અને મુખ ને શબ્દ વર્ગણા ભિન્ન છેતો પણ મુખનું નિમિત્ત એમાં છે એથી શબ્દવર્ગણા મુખથી નીકળી -નીકળેલ અર્થમય, સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલાં પદાર્થોને કહેનાર. લ્યો ઠીક! વળી એકકોર કહો, કે ભગવાનની વાણી આખા શરીરથી નીકળે. એય! પણ આવે ત્યારે બધી વાત આવવી જોઈએ ને. હેં? ઓમધ્વનિ આમ ઊઠે. વાત તો આખી એમ જ છે હોં! ધ્વનિ તો એમ છે. પણ લોકોને એમ લાગે ને? ભાષા આમ આવે છે. ભગવાન આંહી ક્યાં મોઢું ખોલે છે. મોઢું તો બંધ હોય છે. ઓમધ્વનિ ઊઠે અંદરથી.આખું શરીર બંધને. સમજાણું કાંઈ? છીદ્ર હોય છે મુખમાં, એમાંથી અવાજ નીકળે છે. આખા શરીરમાંથી. શરીરમાંથી નીકળે. હોઠ હલ્યા વિના મુખથી નીકળે. એને વળી આંહી, લૌકિકમાં એમ કહેવાય છેકે નહીં કે આ બોલ્યો, એમ ન્યાં શ્રમણ ભગવાનના મુખથી વાણી નીકળી એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે.

બોલવું આખા શરીરથી (એમ) લોકો ન સમજે. સમજાણું કાંઈ? એય! અસંખ્ય પ્રદેશેથી એકદમ ધ્વનિ ઊઠે. પ્રદેશથી ઊઠે એ કહેવું એય વ્યવહાર છે. શું કહેવું પણ? કારણ કે અસંખ્ય પ્રદેશમાં ભાષા વર્ગણાના ત્યાં જે પરમાણું છે ને એમાંથી ધ્વનિ ઊઠે છે. ઓમ... એમ ધ્વનિ ઊઠે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એને આખા અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાન-સૂર્ય દીવડા પ્રગટ્યા છે. પણ ત્યાં ભાષા વર્ગણાના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુંઓ ત્યાં પરિણમીને નીકળે છે, આખા શરીરમાંથી નીકળે છે. એમ કહેવું જોઇએ એને ઠેકાણે આંહી મુખથી નીકળે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ? આહાહા!

એટલે કે અધ્ધરથી કોઈ આકાશમાંથી વાણી આવે છે. એમ અન્યમતી કહે છે ને? કે વાણી આકાશનો ગુણ છે એમ એ લોકો કહે છે. સમજાણું? કહે છે ને? ઓલા પંચીકરણના બધા બોલ આવે છે ને? એકેન્દ્રિયનો વિષય આ હોય છે. ફલાણાનો આ વિષય. શબ્દે-શબ્દ આકાશનો ગુણ છે. ધૂળેય નથી આકાશનો (ગુણ). સાંભળને. એ તો વાણીની  પર્યાય છે. એ વાણીની પર્યાય આકાશમાંથી નથી આવતી. વચન વર્ગણામાંથી આવે છે. આહાહા! સમજાણું કાંઇ? 'નીકળેલ અર્થમય' એટલે ભગવાન(વાણી) કરે છે ને પછી એનો એક અર્થમય આવે પછી સૂત્ર તો ગણધર ગૂંથે એમ. ગણધરદેવ સૂત્ર ગૂંથે. અને ભગવાનની વાણીમાં અર્થ આવે. એના ભાવ (આવે). સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલાં પદાર્થોને કહેનાર, અર્થમય છે ને? એટલે પદાર્થનો કહેનાર.

કેવી છે એ વાણી? કે ચાર ગતિનું નિવારણ કરનાર છે. કોઈ ગતિ આપે એવી એ વાણી નથી. એ વાણી વીતરાગની છે. વીતરાગપણું બતાવે છે. વીતરાગની વાણી વીતરાગપણું બતાવે છે. વીતરાગ ભાવે કોઈ ગતિ આવે નહીં. સમજાણું કાંઇ?

લ્યો, **ચાર ગતિનું નિવારણ કરનાર. દેખો**! સ્વર્ગની ગતિનું-સર્વાર્થ સિધ્ધિના ભવનું નિવારણ કરનાર છે. સર્વાર્થ સિધ્ધિની ગતિનો ભવ ભગવાનની વાણીથી થાય એમ છે નહીં. આહાહા! ચાર ગતિ તો પરતંત્ર છે. એનાથી સ્વતંત્ર ભગવાન આત્માનો મોક્ષ નિર્વાણ-એને દેખાડનારી, પમાડનારી, બતાવનારી વાણી છે. આરે! આરે! પરથી દેખાડે. એય! સમજાણું કાંઇ? વ્યવહાર છે એવો વ્યવહાર સિધ્ધ કરે છે. સમજાણું? **'અને નિર્વાણ સહિત એવા આ સમયને'** નિવારણ કરીને નિર્વાણ મોક્ષના કારણભૂત એ વાણી છે. એવા આ સમય એટલે સમયશાસ્ત્ર, સમયસાર, આ પંચાસ્તિકાય સમયસાર છે. **શિરસા પ્રણમ્ય- શિરસા પ્રણમીને** મારા મસ્તકથી નમીને. આહાહા!

ઉતમાણ મસ્તક છે. સમજાણું કાંઇ? ઉતમાણ મસ્તક છે એને નમાવીને નમન કરું છું એમ. કોણ કહે છે? શિરસાથી નમીને? માથું હલે છે એ જડની પર્યાય છે. આત્મા એનો કર્તા નથી. પણ ત્યાં વિનય ભાવ હતો. એય! ઠીક પણ ટાણે આ બધું બહુ કહેવાણું ને આવવું જોઈને આ. પાંચ વર્ષ થઈ ગયા. કહે છે નિયમસાર પછી આ વંચાઇ ગયું. ૨૨ની સાલમાં. આહા! એક તો ઓલો વિનય બહુમાન આવ્યો છે ને મસ્તક નમે છે એ નિમિત્ત-નિમિત્તનો કાળ સંબંધ છે. એથી એને વ્યવહારથી એમ કહ્યું કે શિરસાનમન કરે છે એમ. ઉતમાણપણે ત્યાં ઢળી જાય છે. ગણધરનાં હોં! આ તો આચાર્ય પોતે કહે છે ને પોતે નમી જાય છે. આહાહા!

**'એષ વક્ષ્યામિ' હું તેનું કથન કરું છું**' લ્યો! હું તેનું કથન કરું છું. એય! કથન કરવું તો વાણી છે ને વળી આત્મા  કથન કરે એ તો વ્યભિચાર થઈ ગયો. પણ એ નિમિત્તપણે આત્માને આ કહેવું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવી વાણી નીકળશે એમાં નિમિત્ત છે. એથી હું કથન કરું એવા વ્યવહારનયથી કહેવામાં આવે છે. હેં? (મુમુક્ષુ :-આ સમજાવવામાં ઘણી મહેનત.) હા, ઘણી મહેનત. ઓલું સહેલું સટ હતું. વ્યવહારના કથનો એવા નિમિત્તને બતાવનારા અન્યથા અપેક્ષા રાખીને કહે છે ને. ભાઈનું (પંડિત) ટોડરમલ્લજીનું વાકય બરાબર છે. વ્યવહાર કોઈ નિમિત્ત આદિની અપેક્ષાથી અન્યથા કહે છે. એને એમ જાણી લેવું. નિમિત્ત છે એવું જાણી લેવું પણ આદરવું ને ગ્રહવું એમ છે નહીં. આ એમ કહે છે, જુઓને!

પાછું તે શ્રવણ કરો. લ્યો! સાંભળો! શ્રવણથી કાંઈ લાભ થાતો નથી. એકકોર એમ કહે. હેં! (શ્રોતા :- એનામાં એ જ વચન આવે છે) એ તો એને એમ કહે છે, કે નિમિત્ત શ્રવણમાં હોય છે. લાભ તો તારા સ્વભાવના આશ્રયે થાય છે. પણ એમાં આવું શ્રવણ ને આવું નિમિત્ત હોય છે. સર્વજ્ઞ ત્રિલોકનાથને સંતોની વાણી ત્યાં નિમિત્ત હોય છે. એથી તે શ્રવણ કરો એમ ત્યાં કહેવામાં આવે છે. શ્રવણ કરો એટલે ત્યાં વિકલ્પ કરાવે છે? એને યથાર્થ જ્ઞાનનું નિમિત્તપણું તો આ જ વાણીમાં છે, માટે તેને તું સાંભળ. ઓલામાં જયધવલમાં તો બહુ લીધું છે. એક ગાથા છે ને. જયધવલમાં ગાથા છે. સૂણો ને મોટું ઘણું લખાણ કર્યું છે. સાંભળવાને લાયક જે હોય તૈયાર, સાવધાન હોય, શું કહેશે? કેમ કહેશે? કેમ પ્રકાર? એવી એની તૈયારી હોય.એને કહે છે કે સાંભળ. એવો વ્યવહાર સિધ્ધ કર્યો છે લ્યો! ટીકા કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં - ૩, ગાથા-૨/૩
## પ્રવચન નં - ૩
## તા. ૧૭/૧૧/૬૯ કારતક સુદ-૮, સોમવાર

કુંદકુંદાચાર્ય (દ્વારા રચિત) પંચાસ્તિકાય શાસ્ત્ર છે. ષટદ્રવ્ય સહિત આ આગમ છે. શબ્દ આગમ છે. એનાથી અર્થ આગમને બતાવવા આ અર્થ કહે છે. શુધ્ધજીવાસ્તિકાય તત્ત્વ આદિથી માંડીને જે વાસ્તવિક તત્ત્વ છે એનું જો જ્ઞાન થાય તો એ જ્ઞાનમાં પોતાના જીવ સ્વભાવને ઓળખી અને અંતરમાં એકાગ્ર થાય તો તેને મુક્તિ પ્રાપ્ત થાય. એ શાસ્ત્રને જ્ઞાન માટે કહેવાનું આ ફળ છે. સમજાણું કાંઈ? એથી કહે છે.

ટીકા :- **સમય એટલે આગમ.** બીજી ગાથા. **તેને પ્રણામ કરીને.** આગમને નમસ્કાર કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી છે ને? જડ છે પણ એમાં નિમિત્ત તરીકે વ્યવહાર તરીકે બહુમાન છે ને? વ્યવહારની વાત છે ને? સમય છે એ આત્મામાં પદાર્થને બતાવવા એની જ્ઞાનની પ્રસિદ્ધિ માટે, ત્રીજી ગાથામાં આવશે. શબ્દ સમયથી જ્ઞાનની પ્રસિદ્ધિ માટે અર્થસમય એટલે પદાર્થને કહેવામાં આવશે, એમ આચાર્યનો અભિપ્રાય છે.

આગમ દ્વારા-એ શબ્દ સમય છે એને? અર્થસમયને જણાવવા જ્ઞાનની પ્રસિદ્ધિ કરવા. કેવો આત્મા છે, કેવા ષટદ્રવ્ય છે, કેવા ગુણ છે, કેવી પર્યાય છે એની જ્ઞાનની પ્રસિદ્ધિ માટે આગમ કહેવામાં આવે છે. માટે આગમને પણ અહીંયા નમસ્કાર કરવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ?

**પ્રણામ કરીને પોતે તેનું કથન કરશે**. કુંદકુંદાચાર્ય આગમને નમસ્કાર કરીને એનું વર્ણન કરશે. પાધરું એમ કીધું લ્યો! ઓલામાં તો આવી ગયું જિતેભ્યઃ જેણે ભવને જીત્યા છે તેને નમસ્કાર કરે છે. એ તો પહેલામાં આવી ગયું છે. હવે સમયને આગમને નમસ્કાર. દેવને નમસ્કાર કર્યો. હવે અહીં સમય શાસ્ત્રને (નમસ્કાર) કરે છે. એમ વાત છે. મૂળ તો દેવ, શાસ્ત્ર, ગુરુ તીન આવે છે કે નહીં? (મુમુક્ષુ :-પૂજામાં આવે છે) બસ એ. દેવને નમસ્કાર કર્યો.

હવે આ શાસ્ત્રને નમસ્કાર કરે છે. સમય નામનું શાસ્ત્ર એટલે આગમ એ આ. કે **તેને પ્રણામ કરીને પોતે તેનું કથન કરશે એમ અહીં (શ્રીમદભગવત્કુંદકુંદાચાર્યદેવે) પ્રતિજ્ઞા કરી છે.** હું આત્માને કહીશ, ષટ્દ્રવ્યને કહીશ. આત્મા અંદર શું ચીજ છે અને એને જણાવવા યોગ્ય ષટ્દ્રવ્ય કેવા જગતમાં છે એને આગમ દ્વારા હું કહીશ. તેથી તે આગમને પહેલો નમસ્કાર કરવામાં આવ્યો છે.

**તે (સમય) પ્રણામ કરવાને અને કથન કરવાને યોગ્ય છે.** હવે બે અર્થ લીધા. કેમ પ્રણામ કરું છું કે તે શાસ્ત્ર જે ભગવાન આત્માને બતાવનારા છે તે એનો વિષય ષટદ્રવ્ય તેને બતાવનારા છે. તેથી તે પ્રણામ કરવાને યોગ્ય છે અને કથન કરવાને પણ આ આગમ યોગ્ય છે, એમ કહે છે. ભાઈ! હા, આ કથન કરવા યોગ્ય છે. વાસ્તવિક સર્વજ્ઞની વાણી છે એમાં વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ આવ્યું છે તેથી તે જ કથન કરવાને યોગ્ય છે એમ કહે છે. અજ્ઞાનીએ કલ્પિત કંઈ કહ્યું હોય એ આગમ નહિં અને તેથી તે કથન કરવા યોગ્ય નહીં અને તે પ્રણામ કરવાને યોગ્ય પણ નહીં. સમજાય છે કાંઈ?

હવે આગમને પ્રણામ કરવો એ વ્યવહાર છે. કથન કરવું એ પણ વ્યવહાર છે. અસદભૂત વ્યવહારનયે કથન કરું છું એમ કહેવામાં આવે છે. (મુમુક્ષુ :- તો પછી જાણવું શું કામ?) જાણવું જોઈએને! વસ્તુ તત્ત્વ છે એમ જાણવું જોઈશે કે નહીં? આ આત્મા અંદર શું ચીજ છે અને એનો વિષય એક સમયની એક પર્યાયમાં ષટ્દ્રવ્યને જાણવાની તાકાતવાળો એ તો આત્મા છે. એટલું જાણ્યું તો પછી શું છે એમ જાણવું જોઈએ ને? કઈ રીતે છે? ષટ્દ્રવ્ય શું છે? તે સર્વજ્ઞે કહ્યા તે છે, એ સર્વજ્ઞના આગમમાં જ તે હોય છે. માટે તે આગમમાં આત્માની પ્રસિદ્ધિ કરવા માટે આ ષટ્દ્રવ્યનું વર્ણન આમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવે છે. ત્રીજી ગાથામાં આવે છે ને? પ્રસિદ્ધિ, જ્ઞાનની પ્રસિદ્ધિ. મૂળ તો આનું જ્ઞાન કરવું છે ને?

ભગવાનઆત્મા શુદ્ધજીવાસ્તિકાયથી માંડીને છે ને? અંદર ચૈતન્ય વસ્તુ અસંખ્ય પ્રદેશી શુદ્ધ જીવાસ્તિકાય એને એક સમયમાં જાણવાની તાકાત જગતના ત્રણકાળ ત્રણલોકના ષટ્દ્રવ્ય એની એક સમયમાં જાણવાની તાકાત છે. એટલે ષટ્દ્રવ્ય કેવા છે એનું વર્ણન કરીને પણ આત્માની પર્યાયની આવડી તાકાત છે તેનું વર્ણન કરે છે. અને એ પર્યાયમાં આખો આત્મા કેવડો છે? એ જણાવવા આ શાસ્ત્ર કહેવા માગે છે. અને તે પાછી ખૂબી શું લીધી છે? કે એ પ્રણામ કરીને પોતે કથન કરશે એમ લીધું ને, પહેલાં બે શ્લોક તો! એટલે કહ્યું, પ્રતિજ્ઞા કરી કે, હું આ સમયને પ્રણામ કરીને કથન કરું છું.

કેમ હવે કહે છે? કે એ પ્રણામ કરવાને યોગ્ય છે. અને તે વાણી સર્વજ્ઞે કહેલી ષટ્દ્રવ્યને બતાવનારી, આત્માને બતાવનારી એ વાણી માટે એ જ વાણી કથન કરવા યોગ્ય છે. ભગવાન સર્વજ્ઞે આત્મા જોયો. અંતરમાં વસ્તુ અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એવું જે આગમે કહ્યું તે આગમ જ પ્રણામ કરવા યોગ્ય છે. અને એ જ આગમ કથન કરવા લાયક (છે) એમ કહીને બીજા આગમ નહીં અને બીજા પ્રણામ કરવા લાયક નહીં. સમજાણું કાંઈ?

**કારણ કે તે આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે.** લ્યો! વાણી જે છે એ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયના સૂક્ષ્મ કાળમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું. એવો જ આત્મા છે, એવો જ એ આત્મા હતો. એ આત્મામાં અંતરમાં સર્વજ્ઞપણું ત્રણકાળ ત્રણલોકને જાણવાનો એવો આત્માનો સ્વભાવ છે. એવો સ્વભાવ જેણે પ્રગટ કર્યો અને એ ભગવાને જે વાણી કહી એ આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે એમ. સર્વજ્ઞ પરમેશ્વર દ્વારા કહેવામાં આવ્યું હોવાથી તે વાણી સફળ છે. નીચે છે.

વિશ્વાસપાત્ર. છે ને નીચે? સર્વજ્ઞ પરમેશ્વર વિશ્વાસપાત્ર છે, પ્રમાણભૂત છે, યથાર્થ વકતા છે. યથાર્થ વકતા છે. સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વને પ્રત્યેક સમયે, પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે. પરમાત્મા-આત્મા પોતે પરમાત્મા સ્વરૂપ જ છે, એવી જેણે સ્વરૂપની દશા પ્રગટ કરી છે, એવા પરમાત્મા સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વને પ્રત્યેક સમયે એમ પાછું. કેવળજ્ઞાની છે ને? પ્રત્યેક સમયે, સંપૂર્ણપણે એકેક સેકન્ડના અસંખ્યભાગમાં પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે. આહાહા!

જુઓ! આ આત્માની પર્યાયની તાકાત વર્ણવે છે. સમજાય છે કાંઈ? આહાહા! એક સમયની એની દશા, આત્માની. આ આત્મા એવો જ છે. (મુમુક્ષુ :-બધા આત્માની તાકાત છે?) બધા આત્માની-દરેક આત્માની એવી તાકાત છે. આહા! સમજાણું કાંઈ? 'જ્ઞ' સ્વરૂપ છે ને એ તો! જ્ઞાન સ્વરૂપ છે. એ તો ચૈતન્યપુંજ છે. આત્મા એ તો ચૈતન્યનો ઢગલો છે. ન્યાં કયાંય કોલસા ને કાંકરા ને રાગ-દ્વેષ એમાં ભર્યા નથી. વસ્તુ છે તો વસ્તુમાં કાંઈ શકિત-સ્વભાવ હોય કે નહીં? વસ્તુ આત્મા છે એની શકિતઓ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, સહજાનંદની મૂર્તિ આત્મા છે. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના આનંદને ગોતવા માટે બાહ્ય ચીજ છે નહીં. આત્મા શાંતિનો સાગર છે. એની ખબર ન મળે. જયાં-ત્યાં ઢુંઢે, ગોતે. મૃગની ડુંટીમાં કસ્તુરી (હોય છે) પણ કસ્તુરી ગોતે બહાર. બહાર વનમાં કયાંક ઢુંઢે, ધૂળેય ત્યાં નથી. જયાં છે એની એને ખબર નથી.

એમ ભગવાનઆત્મા દેહમાં ચૈતન્યમૂર્તિ પોતે બિરાજે છે. એમાં અનંત આનંદ ને બેહદ જ્ઞાન ભરેલું છે. આહાહા! સમજાણું કાંઈ? એના આનંદને માટે કોઈ પર ચીજની જરૂર નથી. એમ એને જ્ઞાન થવા માટે પણ કોઈ પર ચીજની જરૂર નથી. જ્ઞાન વંચાય છે, વાણી વંચાય એમ કહેવું એ તો વ્યવહાર છે. આવી વાત! વ્યવહાર અંદર છે કે નહીં? વ્યવહાર નથી એ માટે તો આ સિદ્ધ કરે છે. એકલો નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય, પણ નિશ્ચય કોને લઈને સમજાણો? સમજાય છે?

સર્વજ્ઞની વાણી હતી એમાં તારું જ્ઞાન સમજણમાં રોકાણું, એવું જે વ્યવહાર જ્ઞાન થયું પછી એના લક્ષમાં આવ્યું કે આ તો આત્મા ધ્રુવ કહે છે અને અખંડ પરિપૂર્ણ કહે છે એની દૃષ્ટિ કર તો તું સમકિત આત્મધર્મને પામીશ. એમ કહે છે એટલે એણે કહ્યું એમાં એ પ્રમાણે અંદર ગયો અને આત્માની શાંતિ ને ધર્મને સમજયો ત્યારે એ વાણીને અને ઓલા જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે. આમ છે. કહો, સમજાણું?

'શિરસા' નહોતું આવ્યું? મસ્તકથી વંદન કરું છું લ્યો! કાલ...તો પાઠ છે ને માથે જુઓ! 'શિરસા સમયમિયં શ્રુણુત વક્ષ્યામિ' જુઓ શિરસા અર્થમાં આવી ગયું. શબ્દાર્થમાં આવ્યું'તું ને? હા એ. વીતરાગ, મોહ-રાગ-દ્વેષ રહિત હોવાથી, એક તો ભગવાન પરમેશ્વર એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં સમયે સમયે સંપૂર્ણ સ્વભાવ સમયે સમયે સંપૂર્ણ ભાવ જાણી રહ્યા છે. હજી કબુલ તો કરે, એને હજી ખબર શું છે? આહાહા! પરમેશ્વર જેને સર્વજ્ઞપણું છે એવો જ આ આત્મા છે. એ આત્મા હતો એ જ પોતે પરમાત્મા થયો છે. એ આત્માને સર્વજ્ઞપણું પરમેશ્વર અરિહંતને કેવું છે કે સમયે સમયે સેકન્ડનો અસંખ્યમો ભાગ. સેકન્ડ બેકન્ડ આપણે ન હોય. બધાય જુના માણસ એવું કહે. પણ કેવી રીતે સમજાવવું? અંતર્મુહૂર્ત કેવડું? તો કહે ચોવીસ મિનિટ જેટલું. અડતાલીસ મિનિટ એટલે બે ઘડી. એક ઘડી ચોવીસ મિનિટ જેટલી. અંગ્રેજી શબ્દ છે. લ્યો! સમજાણું? અંતર્મુહૂર્ત બે ઘડીની અંદર એટલે શું? અડતાલીસ મિનિટની અંદર. બીજું શું કહું? સમજાણું? એ સમજે નહીં ત્યારે શું કહેવું? અડતાલીસ મિનિટ બે ઘડી. પણ ઘડી એટલે એમાં કાળ કેટલો જાય? એય! ભગવાનજીભાઈ! પણ એ તો એને સમજાવવું છે ને? સેકન્ડ, મિનિટ બધે એ જ વાત છે. (કોઈ પૂછે કે)કેટલા વાગ્યા? તો કહે ત્રણમાં પાંચ કમ. એમ જ બોલે. કેટલા વાગ્યા છે? ત્રણ ને પાંચ. એક એક જણને અંગ્રેજી તો (આવડતું) હોય ને? અંગ્રેજીથી ત્રણમાં પાંચ કમ એમ બોલાય. અને ઓલું બોલાય ત્રણ ને પાંચ એ આપણી ભાષા છે. પણ કમનો અર્થ ઓછું છે એટલે કમ કહે. આમ નહીંતર ત્રણમાં પાંચ ઓછી એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેતા આપણે ભાઈ. ત્રણમાં પાંચ ઓછી. એ આપણો ગુજરાતીનો શબ્દ છે. ઓલામાં (અંગ્રેજીમાં) પાંચ કમ (કહે). કમ એ શબ્દ અંગ્રેજીનો આવી ગયો. લ્યો! પણ એ તો આવે શબ્દ બધા વપરાઈ ગયા છે તે.

કહે છે, ઓહો! પ્રતીત તો કર તને ભરોસો નથી આવતો કે પરમેશ્વર કેવડા છે. આ આત્મા એવા જ છે એવડા પરમેશ્વર આત્મામાંથી પ્રગટ થયા છે. આહાહા! કેવા છે પરમેશ્વર? 'અપ્પા સો પરમપ્પા' આત્મા એ જ શકિતએ પરમાત્મા છે. એ પરમાત્મા થયા એ પ્રગટ થઈ ગયા. એક સમયે સમયે, સમયે સમયે એટલે? નાનામાં નાનો કાળ. જેના બે ભાગ ન થાય. એક સમયે સમયે સંપૂર્ણ જાણપણું. એક સમયે સંપૂર્ણ, બીજા સમયે સંપૂર્ણ, ત્રીજા સમયે સંપૂર્ણ. એવો આત્મા એને કબુલ કરાવે છે. જો તો ખરો! નકકી તો કર તને, તું એવડો છો. આહાહા!

સમયે સમયે અહીં અંદરમાં એવડો જ છે. એક સમયમાં એનું અંતરજ્ઞાન પૂર્ણને જાણે સ્વ-પરને એવો એનો  સ્વભાવ, એની તાકાત છે. એ શકિત જ તારી એવડી છે. એ પરમેશ્વરને પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? એ તલમાં તેલ હતું એ બહાર નીકળ્યું, તેલ તો એ જ છે. ખોળ કાઢી નાંખે ખોળ તો જે તેલ છે એ તો એ જ છે. ખળ કહે છે ને? અમારે ગામડામાં ખળ કહે. ખળ આ લ્યો ખળ. ખળ એટલે દુષ્ટાઈ. આત્મામાંથી પુણ્ય-પાપના વિકારની દુષ્ટાઈ નીકળી જાય તો એકલું તેલ રહે, જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા રહે એમ. જેમ ઓલું તેલ રહે. ખળ સમજયા ને? ગામડામાં કણબી એમ એને ખળ બોલે. ખોળને ઠેકાણે ખળ બોલે. કીધું ઠીક આ ભાષા એને કાંઈ ખળની ખબર ન હોય ખળનો અર્થ. ખળ એટલે ખરેખર તો દુષ્ટાઈ. એમાંથી દુષ્ટાઈ નીકળી ગઈ તો એકલું તેલ રહી ગયું. એમ એ તેલમાં ઢેબરા તળાય. કાંઈ તલમાં તળાતા હશે?

એમ આત્મામાં જે પુણ્ય ને પાપના વિકારરૂપી ખળ છે એને કાઢી નાખતાં એકલો આત્મા રહે એ જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. આહાહા! અરે એને વિશ્વાસ કયાંથી આવે એવડો હું, આવડો હું? અને રાંકો હોય એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. જરીક અપમાન થાય ત્યાં કાળજા અંદરથી છેદાઈ જાય. આહાહા! ભગવાનજીભાઈ! અહીં એને બળે. સળ સળ સળ ઝણઝણાટ થાતો હોય ને? અપમાન થયું કે ધાર્યું ન થાય. આમ મરવા પડે કે, શું પહેલાં અંદર સળગે આમ અંદરમાં અહીં સળગે પહેલા અંદરમા પછી મુંજાઈ જાય કે રસ્તો શું કાઢવો? પછી મરે કાં અગ્નિ બળે. ઘણા ઘાસતેલ છાંટે. હાય! હાય! ઘરના ધાર્યા થયા નહીં, કોઈએ માન્યું નહીં, હું આમ કહેતો'તો સમજાણું કે નહીં?

લીંબડીમાં કીધું નહોતું? મામાને કહે મામા દૂધપાક કરવો રહેવા દો આ લગ્નમાં. કારણ કે પચીસ-પચાસ માણસ વધારે આવશે તો દૂધપાક કંદોઈની દુકાને તૈયાર નહીં મળે. અને એ વખતે તૂટયો તો આપણે કંદોઈની દુકાને તમે માંગો ને દૂધપાક નહીં લઈ આવી શકીએ. શીરો કર્યો હોય ને શીરો તૂટે તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નવો બે મણ પાંચ મણ શીરો ફટ કરી નખાય. મામાએ ધાર્યુ ન કર્યું. ધાર્યું કર્યું એણે મામાએ ન ધાર્યુ કર્યું. ઓલાને આબરુ ગઇ રાતે મરી ગયો. જેના લગ્ન છે, એના ઘરના છોકરાના કે છોડીના લગ્ન હતા. મરી ગયો. વીસા શ્રીમાળીનું ઘર મોટું. આ પહેલી અંદરથી ઝણઝણાટ થાય, બળે અંદરથી. આહાહાહા! ધાર્યુ થયું નહીં પછી સળગે. ઘાસતેલ છાંટે કે ઝેર ખાય. સમજાણું?

એમ આત્મામાં પહેલાં આ ઝળહળ જાગ્રત જયોતિ અંદર શ્રધ્ધામાંથી જાગે. ચૈતન્યમૂર્તિ આત્મા પૂર્ણાનંદ ઝળહળ જયોતિ. એ ઝળહળ જયોતિમાં જાગતો અકર્તા થતાં સર્વજ્ઞ થઇ જાઇશ. ઓલો મરી જાય અને આ જીવતો થાય. સમજાણું કાંઇ? એ જીવના જીવત્વનું સ્વરૂપ જ આવડું છે. જીવતા જીવનું સ્વરૂપ જ આવડું છે. આહાહા! સમજાણું કાંઇ? ચેતન જ એના પ્રાણ કહ્યા છે. આ તમારા મફતના જડના આ તો માટી છે. આમ થઈને તૂટશે. આહાહા!

હમણાં દાખલો આપ્યો હતો. વીસ વર્ષનો છોકરો હોય, બે વર્ષનું પરણેતર હોય અને મુંબઈનું પાણી લાગ્યું હોય કે એવું કાંઇક થયું હોય, આઠ મહિના-વર્ષ પૈસા ખર્ચવામાં ગાળ્યા હોય. દસ-વીસ પચીસ હજાર ખર્ચ્યા હોય. ઉજાગરા કરવા પડયા હોય. ખાટલા ઉતરતો ન હોય, ઉઠતો ન હોય, એમાં મરી જાય.પછી બાઈયું રોવે. એ અમારી ચાકરી મફતમાં ગઈ રે! એવું બાઈયું રોવે ને? એય નવનીતભાઈ! અમારા સમજયા ને? એવું કાંઈક બોલે આપણે તો ભૂલી ગયા. ઈ તો વળી ભર્યા ઘરમાંથી, પણ અમે ચાકરી કરી, આ કર્યા. બાપુ બેટા બધું કર્યુ અમારું કાંઇ ફળ્યું નહીં રે! એમ પાછા રોવે. ભોગીભાઈ! હવે તારે કે દિ' અહીં રહેવું છે? સાંભળને? રોનારાને શીદ રોવે છો તું? રોનારાય કયાં રહેનાર છે? તું અહીં રહેનારો છો? શેની તેં માંડી છે? તારું કરને! આહાહા!

અવસર ચાલ્યા જાય છે જોવોને? જોવો ભર્યા ઘર, પૈસા, આબરુ, કીર્તિ, બાયડી, છોકરા, આહાહા! શું થયું? હાર્ટફેઈલ થયું. એક સેકન્ડમાં ગયો. હાય! હાય! એ તો એની સ્થિતિ પૂરી થાય તો જાય. આત્મા કયાં નાશ થાય એવો છે. આત્મા તો સર્વજ્ઞપણું પ્રગટ કરે એવું જીવનું જીવતર છે, એમ કહે છે. જોવો ભગવાનને ઓળખાવ્યા તો એનો અર્થ તને ઓળખાવ્યો કે તું આવડો છો. આહાહા! સમજાણું કાંઈ? અરે કેમ બેસે?

ભાષા શું કરી જુઓ. **આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે.** કહો, સમજાણું કાંઈ? હેં? નીચે છે, એ નીચે છે. જુઓ. આપ્ત= વિશ્વાસપાત્ર, પ્રમાણભૂત, યથાર્થ વકતા. સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વને. સર્વજ્ઞદેવ એક વાત, પરમેશ્વર અને સમસ્ત વિશ્વને બધી ચીજને અને પ્રત્યેક સમયે અને સંપૂર્ણપણે. સમજાણું કાંઈ? એક તો સર્વજ્ઞદેવની પર્યાય લીધી, સમસ્ત વિશ્વ સામે લીધા. એને એકએક સમયે બધું જાણે છે અને તે પૂરે પૂરું જાણે છે. એ વીતરાગ (મોહરાગદ્વેષ) રહિત થયા. પૂર્ણાનંદ સર્વજ્ઞદશા પ્રગટ થઈ. એવા હોવાથી તેમને અસત્ય કહેવાનું લેશમાત્ર પ્રયોજન રહ્યું નથી. તેથી વીતરાગ સર્વજ્ઞદેવ ખરેખર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપ્ત છે. તે પુરુષ વિશ્વાસપાત્ર છે. વિશ્વાસને પાત્ર છે. એ શબ્દો એમના નીકળ્યા તે પ્રમાણભૂત છે. એમ કહે છે.

આવા આપ્ત વડે આગમ ઉપદેશવામાં આવ્યું હોવાથી તે (આગમ) સફળ છે. લ્યો! આવા પરમેશ્વર વિશ્વાસપાત્રને યોગ્ય હોવાથી તેમના કહેલા આગમ ઉપદેશવામાં આવ્યા હોવાથી તે (આગમ) સફળ છે. આહા!

હવે કહે છે. ત્યાં **તેનું આપ્ત વડે ઉપદિષ્ટપણું એટલા માટે છે કે જેથી તે 'શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય' છે.** લ્યો! ત્યાં તેનું આપ્ત વડે ઉપદિષ્ટપણું એટલા માટે છે એમ. કે, જેથી તે શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય છે. મોઢામાંથી નીકળેલ. ભાષા સમજાય ને ઓલા આખામાં ધ્વનિ ઉઠે છે. સમજાય છે? અસંખ્યપ્રદેશે ઓમ ધ્વનિ નીકળે છે. ઓમકાર આવે છે ને? ઓમકાર ધ્વનિ સૂની અર્થ ગણધર વિચારે. ઓમ ધ્વનિ. છતાં અહીં વાચ્ય લીધું છે એ જાતનું. સમજાણું કાંઈ?

કહે છે, આવા આપ્ત વડે આગમ હોવાથી આગમ સફળ છે. સર્વજ્ઞ પરમેશ્વરની વાણી નિષ્ફળ નથી. આહાહા! એમ કરીને એ વાણી સાંભળે એને આત્માના જ્ઞાનનું ફળ આવ્યા વિના ન રહે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પરમેશ્વરે કહેલાં આગમ જે શ્રવણ કરે છે એ અર્થસમયને બતાવનારા એની વાણી સફળ છે. આહાહા! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે કીધું ને? 'જદી દાયેજ' બતાવું તો અનુભવ કરજે, પ્રમાણ કરજે. અનુભવ કરીને પ્રમાણ કરજે. એમ અહીં કહે છે કે વાણી સફળ છે. પરમેશ્વરની વાણી જેને કાને પડી, પડી યથાર્થપણે એનું ફળ આત્મજ્ઞાન આવ્યા વિના રહે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શ્રુત નથી, શ્રુત કર્યું નથી. એમ કહે છે. શ્રુત કરે તો એને સફળ છે. આહાહા! સ્વસન્મુખ થઈને એને આત્માનું સફળપણું પ્રગટ થાય અને તેમ કરતાં આગળ વધતા એ પણ સર્વજ્ઞ જેવી દશાને થાય એવું આગમનું સફળપણું છે. આહાહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એની વાણી કહે છે સફળ છે. એ વાણી સાંભળીને એનું યથાર્થ જ્ઞાન કરે તો એને આત્મજ્ઞાન થાય અને સમ્યગ્દર્શન થાય અને સ્થિર થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય. એવી વાણી એની સફળ છે.

**આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે.** એમ કીધું છે ને? મૂળ તો આમાં આપ્ત વડે આવ્યું હોવાથી સફળ છે પણ એનો અર્થ એ છે. **શ્રમણના મુખમાંથી નીકળેલ હોવાથી અર્થમય છે.** નીકળેલ અર્થમય હવે આવે છે. એને આપ્ત વડે કહેવામાં એટલા માટે આવ્યું છે કે, જેથી શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય પદાર્થ. જગતનું જે પદાર્થ સ્વરૂપ છે એને બતાવે છે.

**'શ્રમણો' એટલે મહાશ્રમણો-સર્વજ્ઞવીતરાગદેવો અને અર્થ એટલે અનેક શબ્દોના**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સંબંધથી કહેવામાં આવતો, વસ્તુપણે એક એવો પદાર્થ** વસ્તુ બધું થઈને પદાર્થ છે ને? વસ્તુપણે એક એવો પદાર્થ. જગતના પદાર્થ છે, 'છે' બધું આ. એમ કહેનારા ભગવાનની વાણી છે. **તે તેનું સમયનું સફળપણું એટલા માટે છે.** જો હવે આવ્યું. તેનું (સમયનું) સફળપણું એટલા માટે છે કે જેથી તે સમય એટલે સિધ્ધાંત નારકીપણું, અહો! નરકની ગતિ નીચે છે. માંસ, દારૂ, ખાનારા મરીને નર્કમાં જાય છે. આ મોટા રાજા મહારાજા હોય છે ને, એ બધા માછલા ખાય, માંસ ખાય, હરણને મારે, ઝપાટા બોલાવે શિકાર અહીં કરો. આહાહા! જામનગરના રણજીતસિંહ હતા ને? એક બ્રાહ્મણની જંગલમાં ઝૂંપડી હતી. ઓલા કુંજરાને મારવા ગયા. ઓલા કુંજરા નથી આવતા? આપણે ઓછા આવ્યા છે. આ ફેરે દાણા-બાણા... ગયા પછી આવ્યા. બહુ થોડા આવ્યા છે. નહિંતર કારતક-માગશર મહિને કુંજરા આવે. પંખી નહીં કું કું કરતા હજારો આવે. આ ફેરે ......ગયું દિવાળી પહેલાં ....... ગયું. થોડા આવ્યા છે. એ કુંજરા મારવા રાજા ગયા હતા. આમ કેટલાક માર્યા એટલે બ્રાહ્મણે એટલું કહ્યું સાહેબ અમે બ્રાહ્મણ છીએ અમારી ઝૂંપડી પાસે મારશો નહીં. મારી નાખે. ઉપાડ. હેં? અરરર! ગજબ કર્યા ને!

નિરોગી શરીર હોય, રાજાનું અભિમાન હોય, કરોડ રૂપિયાનો તાલુકો હોય. અરે તું મરી જાઈશ! સાંભળને હવે! મરી ગયો બાપા! આ તો ઓલો એણે કહ્યું 'તું. પછી સાગરાણા એકવાર ગયા હતા. સાગરાણા એની પાસે ગયેલા. રાજા આ બધા પાપ! અરે મહારાજ અમે ક્ષત્રિય છીએ. આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. અરે મરી જઈશ! અરરર! કાળા કેર! ક્ષત્રિય ડરે નહીં. અરે બાપા મરી જઈશ ત્યારે ખબર પડશે. અત્યારે નરકમાં રાડ નાખતાં હશે. અપમાન કર્યો તો મરી ગયો. વાઈસરોયે અપમાન કર્યું 'તું. વાઈસરોયે તો કેટલાક પૈસા ખર્ચ્યા છે. ત્રણ દિ'માં વીસ પચીસ લાખ ખર્ચ્યા. દોઢ બે લાખનું તો દિશાએ જાવા માટે એક પાયખાનું કર્યું હતું. એમાં જયાં ટાણા આવ્યા બોલવા ગયા પોતે, ભાઈ! રાજાના પૈસાને, એમ બોલવા ગયા ત્યાં તમારી અંગ્રેજી ભાષા છે. હાય! હાય! એ રાજાના માન માન! એ ભાઈ ઠપકો લાગી ગયો પછી એમાં મરી ગયા. અપમાન, અપમાન, અપમાન. સમજાણું? આહાહા!

મરી ગયેલા ત્યાં જ મરી ગયા છે. કયાં તારું જીવતર હતું. ઓલા બ્રાહ્મણને કહ્યું ઉપાડ નાખ મોટરમાં. હાય! હાય! અમારી ઝુંપડી પાસે મારશો નહીં (એમ કીધું ત્યાં તો કહે ) ઉપાડ. ઠરી ગઈ હશે આંખું. આહા! અરે કયાં જઈશ બાપા તું? ત્યાં તું રાડ નાખીશ તોય તારું રોણું કોઈ સાંભળશે નહીં. આહાહાહા!

કહે છે આ આગમ કેવા છે કે નારકીપણું મટાડી દયે. એ પરતંત્રના ભવ મટાડી દયે. આહાહા! ભવ વિનાની ને ભવના ભાવ વિનાની ચીજ આત્મા એને એ બતાવનારી ચીજ છે. અને એ આગમ આ પ્રમાણે પરંપરા મોક્ષનું કારણ છે. નારકત્વ, તિર્યંચત્વ-ઢોરપણું આ જોવો ને? કીડા, કાગડા. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ કચ્છમાં દુકાળ જોવો કેટલો થયો. ગાયું ને આમ, છપ્પનિયામાં જોયું હતું છપ્પનિયામાં. છપ્પનમાં દસ વર્ષની ઉંમર (હતી). કાળો કેર વર્તાણો. સો સો ગાયું હો! ભરવાડ ઊભો હોય. ગાયુંને બબ્બે-ત્રણ ત્રણ દિ'થી ઘાંસ ન હોય. પછી ધાબડો ગાય ઉપર નાખીને રોવે. એક કોર ગાયું આંખમાંથી રોતી હોય. છપ્પનની વાત છે. પછી તો ઘણા (વર્ષ) વીતી ગયા. પણ આપણે છપ્પનની સાલ દસ વર્ષની ઉંમર હતી. પણ ઓલી ગાયું ઊભી હોય ત્રણ-ત્રણ દિ'ની ભૂખી હોય. પોતે ભરવાડ ન ખાય. અરેરે! અમારી ગાયું ભૂખી છે. કયાંય ખડ, તરણું ન મળે. ગાય ઉપર ધાબળો નાંખીને રોવે. ભૂખની મારી ગાયો રોતી હોય. આહાહા! આ જુઓને સંસારના દુઃખ! એને આકુળતા થાય છે એ દુઃખ છે. બહારનું દુઃખ તો નિમિત્ત છે.

ભગવાન આનંદ સ્વરૂપ છે એ ભૂલી અને મને આમ થાય છે એવી માન્યતા ને મિથ્યાત્વભાવ તે દુઃખનું કારણ છે. એ મિથ્યાત્વ ને પરાધીનતાને મટાડનાર વીતરાગની વાણી છે. સમજાણું કાંઇ? જેણે ભવના અભાવ કર્યા તેની વાણીમાં ભવના અભાવનું સ્વરૂપ (આવે છે) આ એમ કહે છે. આહાહાહા! બાપુ! આ ભવ આ શરીર ટાણા છે ભાઇ. વાણી, શરીર, ભાઇ! એ તો જગતની ચીજ જડ છે. પ્રભુ! તું તો આત્મા છે ને! આહાહા! તું એ રીતે હો તો જુદો કેમ પડ? આ તો એક ક્ષણે, આહાહા!

એકકોર બાયડી રોતી હોય. હાય રે કૂવામાં ઉતારીને સઢ કાપ્યા. આમ રોવે. બાયું રોવે છે કે નહીં? આપણે તો પહેલા સાંભળેલું છે. ઓલા કૂવામાં હોય ને? તેમાં ઉતારે. પછી ઉપરથી કાપે અને પડે હેઠે. એવું બોલે. અમારે ઘરમાં જ થયું'તું ને? અમારા મોટાભાઇ સત્તાવનમાં ગુજરી ગયા. સત્તાવનમાં ખુશાલભાઈથી મોટાભાઇ હતા. ગુજરી ગયા. અગિયાર વર્ષની ઉંમર. એનું આઠ વર્ષનું પરણેતર. એક છોકરો......જેન્તી. પછી બાઈયું રોતા. આહાહા! અમારાથી જોવાય નહીં. છોકરાવને કહે જાવ ચાલ્યા જાવ. મામીને ત્યાં ચાલ્યા જાવ. મારા મામા ગામમાં હતા ને! મામીને ત્યાં ચાલ્યા જાવ. આહાહા! એ જોયું છે એ નજરે દેખાય છે અત્યારે, લ્યો! અમારે સૌથી મોટાભાઇ હતા. બહુ રૂપાળા હતા. પછી પાણી લાગી ગયું. છેવટે મરવાની સ્થિતિ. એકકોર વહુ અંદર રોવે. એકકોર મારી બા બહાર રોવે. મારા પિતાજી નહોતા. એ બહાર પરદેશમાં હતા. છોકરાવ વયા જાવ. આહાહાહાહા!

જુઓ આ જગતની પરાધીનતા. એ પરાધીનતાને મટાડનારી વીતરાગની વાણી છે. વીતરાગભાવેથી નીકળેલી એ વાણી વીતરાગભાવને બતાવનારી છે. હા, એમ કહે છે. આહાહા! ભગવાનજીભાઇ! એ વખતે જોયું જાય નહીં હો! છોકરાને પણ રૂદન આવે ઓલા રોવે રોવે. થાંભલો હતો ને, આહાહા! શું થાય છે? તે દિ' અગિયાર વર્ષની ઉંમર હતી. છપ્પનિયા પછી સત્તાવનની વાત છે. એ સંસાર બાપા દુઃખ છે. દુઃખ શેના છે ઓલા અજ્ઞાનભાવના હોં! એ અજ્ઞાનને મટાડનારા વીતરાગની વાણીના શબ્દો છે. એનાથી સમજે અને એનાથી સમજીને જયારે મોક્ષમાર્ગ કરે એટલે એનો મોક્ષ થયા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિના રહે જ નહીં.

ઢોરપણું, મનુષ્યપણું, જુઓને! નિર્ધન ને મનુષ્યના બિચારા. આહાહા! મનુષ્યપણું લ્યો! કેવા દુઃખી! એક છપ્પનિયાની યાદ હતી. છપ્પનિયો. અમારી જોડે કણબી રહે. એનો સાળો હતો. હું જયાં, ન્યાં છોકરાવ ફરવા ગયેલા ન્યાં પગથિયા છે, ત્યાં એ એકકોર આસન નાખીને સૂતો ને કોણી ઓની કોર નાખી ગયો. ગાડામાં ગામડામાંથી લાવ્યા હશે. શરીર સુકાઈ ગયેલું. આહાર મળે નહીં. ઉપર ચડવા પગથિયા હેઠે બેઠો હતો. ચડી શકે નહીં. એલા કીધું કોણ હશે? આ તો તમારી જોડે રહે છે એનો સાળો છે. આહાહા! કોણ એને લઈ જાય? એક ડગલું પગથિયું પણ ચડી શકે નહીં. શરીર ઝીર્ણ થઈ ગયેલું. આહાર ન મળે, પાણી ન મળે. જુઓ આ મનુષ્યના દુઃખ! જુઓ! પરની પરાધીનતા, પરાધીનતા.

એવા મનુષ્યપણાનો ભવ અને દેવસ્વરૂપ ભવ. એ દેવમાં પણ આકુળતા અને દુઃખનો પાર ન મળે. સમજાણું કાંઈ? મોટા દેવને દેખીને બળે. નોકર થયો હોય એ ત્યાં મોટો (હોય)અને પોતે શેઠ હોય તે ન્યાં નાનો (હોય). એવો શાસ્ત્રમાં લેખ આવે છે. સમજાય છે? શ્વેતાંબરમાં એવો લેખ આવે છે. દેવ આમ આવતા-જાતા હતા. તો ઓલો દેખીને હાય! હાય! આ તો મારો નોકર હતો! એ થયો શેઠ અને આ મોટી ઋધ્ધિ લઈને ગયો હશે એવી કાંઈક વાત છે. ભૂલી ગયા. પાછો એકદમ કહેવા આવે. શેઠની વાત છે કથાઓની વાત છે. બહુ કથા વાંચેલી નહીં પણ સાંભળેલી. ઓલામાં આવે છે ને એકદમ પોતે તૈયાર થઈને પહેલો ત્યાં પહોંચી ગયો. મારું માન જાય છે. બળતરા બળતરા બળતરા. દેવમાં પણ સખ નથી. ઈર્ષા અગ્નિથી બળી રહ્યા છે. એમ આ **દેવગતિનું ચારગતિઓનું નિવારણ કરવાને લીધે** સફળ છે એમ કહેવું છે. આહાહા!

જુઓ! ભગવાનની વાણી ચારગતિનો અભાવ કરાવનાર છે. દેવગતિ પમાડીને એમાં રોકાય એવી વાણીમાં એ છે નહીં એમ કહે છે. હેં? આહાહા! ચારે ગતિ દુઃખદાયક છે. નીચે નરકની, આ મનુષ્યની અને આ ઢોરની અને આ દેવની. ચારેનું નિવારણ કરવાને લીધે એ વીતરાગના આગમો સફળ છે. કહે છે, સફળ છે. આહાહા! અને **શુધ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે,** લ્યો! ચારગતિનો અભાવ કરાવનાર અને શુધ્ધાત્મતત્ત્વ ભગવાનઆત્મા અંદર પવિત્ર આનંદનું ધામ પ્રભુ છે. એનો અનુભવ એટલે મુક્તિ પરંપરાએ નિર્વાણનું કારણ છે. પરંપરાએ કારણ છે ને? સમ્યગ્દર્શન એ કારણ છે અને સમ્યગ્દર્શનનું શાસ્ત્ર નિમિત્ત છે, એમ. શાસ્ત્ર ભગવાનની આ જ વાણી સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. અને સમ્યગ્દર્શન સાક્ષાત મોક્ષનું કારણ છે. એટલે વાણી પરંપરાએ કારણ છે. કઈ રીતે સિધ્ધ કર્યું છે? સમજાણું કાંઈ? અરે, જેને સાંભળવાના જોગ મળે એ સાંભળે નહીં. વખત મળે નહીં, એ લ્યે નહીં, હવે એનું શું થાય? સમજાણું કાંઈ?

**નિર્વાણનું પરંપરાએ કારણ હોવાથી,** પરંપરા. સમજાણું? સમ્યગ્દર્શન પામે એ આત્માને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આશ્રયે પામે એ સમ્યગ્દર્શન મોક્ષનું કારણ. એનું કારણ નિમિત્ત કારણ વાણી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ચારગતિ દુઃખથી ડરી આવે છે ને? એને દુઃખમાં સખ લાગે છે. કાંઈક સગવડતા હોય ને તો સખ લાગે છે. કાંઈક પૈસા હોય ને, શરીર ઠીક હોય ને, બાયડી ઠીક હોય ને, છોકરા કહ્યાગરા હોય ને. (અને કહે કે અમે) સુખી છીએ. ધૂળમાંય નથી સાંભળને સારા!

પરાધીન દુઃખીયા છે. અને એ બધા તો સ્વાર્થના પૂતળા છે. (મુમુક્ષુ :- પોતે પણ સ્વાર્થનું પૂતળું છે) હા, એ પણ સ્વાર્થનું પૂતળું છે ઓલા માટે આઠ મહીના ને વર્ષ ને બે વર્ષ, પચીસ વર્ષનો જુવાન છોકરો હોય ને તણાણું હોય, હવે તો આ માટી છૂટી જાય તો સારું. (મુમુક્ષુ :- દુઃખથી છૂટી જાય) દુઃખથી છૂટે શું? અમારે આ ઉજાગરા કરવા પડે છે એનાથી છૂટીએ. એમ કહે છે. બોલાય એમ. સમજાણું? એય! આ તો મેં તારાચંદભાઈને ત્યાં જોયું હતું હોં! તમારા તારાચંદભાઈ જોબાળીયા, નહીં? એય! એનો સોમચંદનો દીકરો હતો મગન. ખબર છે? આ તો ઘણા વર્ષની વાત છે. ત્યાં સુધી અમે ત્યાં હતા. એ સોમચંદભાઈ હતા ને અમારે. એના ઘરે બહેન હતા ને તે અમારા ભાણેજ હતા, સંતોકબા. એટલે પછી તારાચંદભાઈ આવે. પછી કહે એ છોકરો દુઃખી થાય છે! ઉજાગરા કરવા પડે. કયારે મરી ગયો? ખબર નહોતી આવો છોકરો મરી ગયો? તમે સૂઈ ગયા'તા? જાગતા નહોતા કોઈ? એ સંજય! આવું ને આવું સળગે છે. જાગતા નહોતા? આવો જુવાનજોધ છોકરો! આ કાંઈ લાકડું ફાટયું છે? આ શું થયું છે? કોઈ જાગતું નહોતું? હાય! હાય! વારાફરતી બબ્બે જણાએ જાગવું પડે. બબ્બે જણામાંથી એક જણને જોલું આવતું હોય તો? પછી પાછા એમ બોલતા હતા આ તો છૂટે તો સારું. પાછા એમ બોલતા હતા લ્યો! એ મગનભાઈને માટે બોલતા હતા મગન. એની વહુ પછી વઈ ગઈ હતી ને? કોકની હારે. કહો, સમજાણું કાંઈ?

ત્યાં વહોરવા ગયા'તા. હા, એ તો બધી ખબર છે. ન્યાં વહોરવા જાતા ને. અમે ઠેઠ આ તો પચાસ વર્ષ (પહેલા) ની વાતું છે. આહાહા! એનો બાપનો બાપ કહે આ માટી છૂટે તો સારું. લ્યો! એ ભગવાનજીભાઈ! કારણકે, આ બચશે તો જેટલા દિ' તણાશે એટલા પૈસાનો ખર્ચ થશે. સગાવ્હાલા આવે એને રોટલો પણ સરખાઈનો દેવો પડે ને? આ બધા સ્વાર્થના પૂતળા છે. એય! સાચું હશે? પણ આ હીરાભાઈ તો, (મુમુક્ષુ :- બાપ પોતે એવો છે પછી બીજાની શું વાત કરવી?)તમેય એવા ને હીરાભાઈ પણ એવા, એમ અહીં તો કહે છે.

કહે છે, અરે! ભગવાનની વાણી એક તો ચાર ગતિના નિવારણનું કારણ છે. માટે જ વાણી સફળ છે. આહાહા! કહે છે કે ભવ જ નહીં. ભવનું ઉત્પન્ન થવું એ ભગવાનની વાણીમાં જ નથી. આહાહા! વીતરાગપણાનો ભાવ એમાં કોઈ ભવ હોઈ શકે નહીં. આહાહા! **શુધ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે.** લ્યો! ઠીક!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાર ગતિ. પરતંત્રતા ચાર ગતિમાં જનમવું કલંક છે. પ્રભુ મોટો આનંદનો પિંડ પ્રભુ! ચાર ગતિનો અવતાર પરતંત્રતા છે. આહાહા! એને બેસે કેમ? માળાને કાંઈક મઝા લાગે. એમાં કાંઈક પાંચ પચાસ લાખ, કરોડ બે કરોડ રૂપિયા થાય. થઈ રહ્યું. હું પહોળો ને શેરી સાંકડી. મરી ગયો છો પણ સાંભળને હવે! આ રાંકો ભીખારી છો! આ જોઈએ ને આ જોઈએ ને આ જોઈએ. પરાધીન, પરાધીન, પરાધીન. સમજાણું કાંઈ?

કહે છે, એ **પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે.** અસ્તિ-નાસ્તિ કરી. ચાર ગતિ પરતંત્રતાની નિવૃત્તિ છે અને આ સ્વતંત્રતા મોક્ષની પ્રાપ્તિ છે. કથંચિત ફથંચિત અહીં ન મળે કહે છે, અહીં સિદ્ધને પણ જરી પરતંત્ર છે. લ્યો! (મુમુક્ષુ :- આગળ જવાતું નથી ને?) આગળ જવાતું નથી એ તો પોતાની યોગ્યતાની સ્વતંત્રતા છે. અહીં તો પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્તિ જેનું લક્ષણ છે. સ્વતંત્રતા પ્રાપ્તિ જેનું લક્ષણ છે. સિદ્ધ ભગવાન પણ ઉપર નથી જઈ શકતા માટે પરતંત્ર છે. ધૂળેય નથી. અનેકાંત થઈ શકે નહીં. આ અનેકાંત થયું. પરતંત્રતાની નિવૃત્તિ અને સ્વતંત્રતાની પ્રાપ્તિ. આહાહા! ભવ જ ન મળે. અને પરતંત્રતાનો અંશ ન મળે અને સ્વતંત્રતાની અપૂર્ણતા ન મળે. સ્વતંત્રતાની પૂર્ણતા મોક્ષ. ચાર ગતિથી છૂટે અને આત્માની પૂર્ણતા પ્રાપ્ત થાય. **એવા ફળથી સહિત છે.** લ્યો! ઠીક. નીચે છે ને? ચાર ગતિનું નિવારણ (અર્થાત્ પરતંત્રતાની નિવૃત્તિ) એમ. અને નિર્વાણની ઉત્પત્તિ એમ. ઓલો વ્યય અને આ ઉત્પાદ. (અર્થાત સ્વતંત્રતાની પ્રાપ્તિ) તે સમયનું શાસ્ત્રનું ફળ છે. એ વીતરાગની વાણીનું આ ફળ છે. એમાં કોઈ સ્વર્ગ મળે ને ફલાણું મળે ને ઢીંકણું મળે ને, એ વીતરાગની વાણીનું ફળ નથી. એ તો વચમાં રાગ આવે એનું ફળ છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું ભાઈ! એય રમણીકભાઈ! આવું ગોઠે નહીં પણ બરાબર છે? જરીક દુકાન સરખી ન હાલે તો આમ આમ થઈ જાય. બિચારો.....આંહી બદલાવું, આંહી બદલાવું. ન્યાં બદલાવે તો ન્યાં સખ ન મળે પાછું. હેં? આહાહા!

એક ક્ષણમાં હાલ્યો જાશે. શરીર શરીરને ઠેકાણે બાયડી બાયડીને ઠેકાણે. આખું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ફરી જશે. આહાહા! બધું ક્ષેત્ર બદલાય, કાળ બદલાય, ભાવ બદલાય. ભાવેય બીજા થઈ જાય એને ખબર પણ નથી કે આ શું છે ભાઈ! એવો ભગવાન શુદ્ધાત્મ સ્વરૂપ એની પ્રાપ્તિનું કારણ વીતરાગની વાણી છે. વીતરાગ સર્વજ્ઞ સિવાય એ આવું સ્વરૂપ કોઈ બીજામાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **વીતરાગસર્વજ્ઞ મહાશ્રમણના મુખથી નીકળેલા શબ્દસમયને કોઈ આસન્નભવ્ય (જીવ) પુરુષ સાંભળીને** દેખો. જેના સંસારનો કિનારો નજીક છે, મોક્ષને પાટણે જવાની તૈયારીઓ છે. આહાહા! વીતરાગ સર્વજ્ઞ મહાશ્રમણ. દેખો અરિહંતને પણ મહાશ્રમણ કીધા છે. શ્રમણ ન કહેવાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ નહીં. કહેવાય છે ને શ્રમણ પણ અહીં તો મહાશ્રમણ. મહા સાધક થઈને પૂર્ણ દશા પ્રાપ્ત કરી છે. મહાશ્રમણ એના મુખથી નીકળેલા. મુખથી નીકળેલું. **શબ્દસમયને** વીતરાગની વાણીને **કોઈ આસન્નભવ્ય** જેની યોગ્યતા મોક્ષને માટે નજીક છે. એવા **પુરુષ સાંભળીને તે શબ્દસમયના વાચ્યભૂત** તે શબ્દસમય તો વાચક શબ્દો છે. તેમાં કહેલાં ભાવ **પંચાસ્તિકાયસ્વરૂપ અર્થસમયને જાણે છે.** પંચાસ્તિકાય જે જગતના પદાર્થો તેને પદાર્થરૂપે સમયને જાણે છે. **અને તેની અંદર આવી જતા શુધ્ધજીવાસ્તિકાયસ્વરૂપ અર્થમાં,** લ્યો!

સ્વને જાણે એમાં ભેગો જીવાસ્તિકાય પોતાનો આવ્યો કે નહીં? પોતાનો જીવાસ્તિકાય તો ભગવાને એ જ કીધો છે કે શુધ્ધજીવાસ્તિકાય તે તું જ છો. રાગાદિ ને પુણ્યાદિ તે શુધ્ધજીવાસ્તિકાયમાં નથી. એમ ભગવાનની વાણીમાં જ આવ્યું હતું. છ દ્રવ્યનું જ્યાં કથન કર્યું એમાં શુધ્ધજીવાસ્તિકાય તારો આત્મા પણ ભેગો આવી જાય છે.

**વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે સ્થિત રહીને,** લ્યો! વીતરાગ નિર્વિકલ્પ સમાધિ રાગના વિકલ્પ વિનાની આનંદની સમાધિ જેના અંતર એકાગ્ર થતાં આનંદના ઉમળકા આવે. જેમાં આનંદની ધારા વસે. રાગ-દ્વેષમાં આકુળતાની અગ્નિ બળે છે, એ આકુળતા રહિત નિર્વિકલ્પ સ્વભાવની શ્રધ્ધા, જ્ઞાન ને ચારિત્રમાં રમતાં **સમાધિ વડે સ્થિત રહીને** સમાધિ એટલે નિર્વિકલ્પ મોક્ષમાર્ગ. જુઓ, નિર્વિકલ્પ સમાધિમાં નિશ્ચય મોક્ષમાર્ગ એક જ કીધો. હેં? વ્યવહાર મોક્ષમાર્ગ કીધો ને એ વડે થાશે એમ નથી કીધું. એ તો રાગ થયો. રાગથી તો બંધન ને ગતિ મળે. એ માર્ગ નથી. આહાહા!

**વીતરાગ નિર્વિકલ્પ સમાધિ (શાંતિ) વડે સ્થિત રહીને ચાર ગતિનું નિવારણ કરી,** ઓહો! ચાર ગતિનો અભાવ કરી અને આ ઉપાય પણ કહ્યો હો આ. **વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે સ્થિત રહીને એમ.** એ માર્ગ. શુધ્ધજીવસ્વરૂપ ભગવાનઆત્મા એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિર્વિકલ્પ સમાધિ શાંતિ એ દ્વારા પ્રાપ્ત કરી **નિર્વાણને પામી સ્વાત્મોત્પન્ન** આત્મામાંથી જે આનંદ સ્વભાવ હતો એ પર્યાયમાં ઉત્પન્ન થયો. ચાર ગતિનો વ્યય થયો અને આનંદની પૂર્ણ પ્રાપ્તિ થઈ. અનાકુળતા લક્ષણ જેમાં આકુળતા બિલકુલ નથી. ભગવાનઆત્માનો અનાકુળ શાંત સ્વભાવ તેને અનંત સુખને પ્રાપ્ત કરે છે. તે બેહદ આનંદને પ્રાપ્ત કરે છે. કહો, સમજાણું કાંઈ?

હવે આવા દુઃખ સહ્યા જાતા નથી આમ રાડયું પાડે. બહુ દુઃખ આવે ને ત્યારે. આહાહા! એ બધા દુઃખ પરાધીન દશાના છે. એને વીતરાગની વાણી છોડાવે છે. સમજાણું કાંઈ? આ કારણથી દ્રવ્યાગમરૂપ શબ્દસમય નમસ્કાર કરવાને, હવે સિધ્ધ કરે છે. આ કારણે સર્વજ્ઞ પરમેશ્વરના મુખથી નીકળેલી વીતરાગની વાણી. સમજાણું? જુઓ આગમની વાત.

ફુલચંદજી પંડિતને જ્યારે ગઈ ત્યારે એણે લખ્યું હતું ને? આ વાણી દેવ છે, એ વાણી ગુરુ છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વાણી જે કોઈ સમજે ભાઈ! એણે લખ્યું છે. ગુરુના ગુરુ છે. આ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર. (મુમુક્ષુઃ- બહુ પ્રમોદ બતાવ્યો છે) બહુ પ્રમોદ બતાવ્યો છે. આવું પરમાગમનું થાય તો કોણ ખુશી ન થાય? એ તો દેવોનો દેવ વાણી છે. ગુરુનો ગુરુ છે. સમજાય છે? આહાહા! વસ્તુ છે ને વસ્તુ. વ્યવહાર છે ને એવો! વિકલ્પ ઊઠે છે ને એવો વ્યવહાર છે. બહુમાન છે. સમજાણું કાંઈ? એવો નિશ્ચય સહિત બે નયની સ્થાપન કરે છે. નિશ્ચય સ્વને આશ્રયે છે અને પરના વિનય આદિનો ભાવ હોય છે એ વ્યવહારનું જ્ઞાન કરાવે છે. એ જ્ઞાન છોડીને એકલો નિશ્ચય હોય એમ બની શકે નહીં. સમજાણું કાંઈ?

એ શબ્દસમય ભગવાનની વાણી. લ્યો! ઓલો કહે કે આ ભગવાનની વાણી નથી. ગુરુની વાણી છે. અમારી વાણી તીર્થંકરની. વળી અહીં એમ કહેતો હતો અહીં બેઠો હતો. અહીં આવ્યા હતા ને? નવાણુંના પોષ મહિનામાં. નવાણુંની વાત છે. આ વાણી ગુરુની છે. સમયસાર. શું નામ તમારું? દર્શનવિજય ભવી છો કે અભવી નક્કી કર્યું છે? તમને ગુરુની વાણીની પરીક્ષા થઈ ગઈ? ખેંચાઈ ગયા હો એ. ભવી છો કે અભવી? નકકી કર્યું છે. એ કહેતો'તો ભગવાન જાણે? બસ આવી ગયો. હજી ભવી અભવીના નિર્ણયના ઠેકાણા ન મળે ને વીતરાગની વાણી કેવી હોય એનો નિર્ણય કરવા જાય. પછી તો ફર્યા. ના. ના. હવે તો થઈ રહ્યું એ તો આવી ગયું કીધું. હેં? બાપુ! વીતરાગની વાણી એટલે શું છે! સંતોની વાણીની પરીક્ષા કરનાર કેવો હોય? આહાહા!

જેમાં એકલી વીતરાગતા ઝરતી હોય એ સંતોની ને તીર્થંકરની વાણી હોય. જેમાં કયાંય રાગના એકેય અંશનું સ્થાપન આદરવા માટે હોય એમ બને નહીં. જાણાવવા માટે છે. આ ઠેકાણે આ હોય, આમ હોય, આમ હોય. સમજાણું કાંઈ? આમાં પંચાસ્તિકાયમાં એકસો બોંતેર ગાથામાં કહ્યું નથી કે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. આખું તાત્પર્ય વીતરાગતા છે. એકલો ભગવાન વીતરાગ સ્વરૂપ છે. તે જ પર્યાયમાં વીતરાગતા થાય. પરની ઉપેક્ષા કરી અને સ્વની પૂર્ણ અપેક્ષા કરે એ શાસ્ત્રનું તાત્પર્ય છે. સમજ્યા ને? વચ્ચે પુણ્ય બાંધે ને આ બાંધે માટે સારું છે એવું એનું તાત્પર્ય છે? જાણેલો પ્રયોજનવાન છે, વચ્ચે વ્યવહાર આવે. જાણવા યોગ્ય છે, આદરવા યોગ્ય નથી. આહા! એ વીતરાગની વાણી સર્વજ્ઞ પરમેશ્વરની હોય એ સિવાય બીજે હોય શકે નહીં. સમજાણું કાંઈ?

અને તે **નમસ્કાર કરવાને અને વ્યાખ્યાન કરવાને યોગ્ય છે.** એમ. એ જ વ્યાખ્યાન કરવા લાયક છે. બીજાના શાસ્ત્ર વ્યાખ્યાન કરવા લાયક નથી. આહાહા! સમજાણું કાંઈ? એની વ્યાખ્યા, એનું સ્પષ્ટીકરણ, એના પ્રવચનો, આના કરવા યોગ્ય છે ને એ વાણી પરિણમવા યોગ્ય છે, એ વાણી કહેવા યોગ્ય છે. નમન કરવા યોગ્ય છે અને કહેવા યોગ્ય છે. આહાહા! કેવી સહેલી વાત કરી. લ્યો! દ્રવ્ય આગમરૂપ હો શબ્દસમય. આ શાસ્ત્ર દ્રવ્યઆગમ છે ને? શબ્દસમય પુદ્‌ગલ એ નમસ્કાર કરવાને અને વ્યાખ્યાન કરવાને યોગ્ય છે. એની આ વાણીને મંદીર કરવાને યોગ્ય છે. એ નવનીતભાઈ! કેવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યું વળી આ! વાણી એવી છે બાપુ! એકલા હીરા ઝરે છે. વીતરાગની વાણીમાં સમયસાર, પ્રવચનસાર કોઈપણ મુનિના ગ્રંથો બધા-દિગંબર સંતોની વાણી કોઈ અલૌકીક છે. કોઈપણ સંત હોય. દ્રવ્ય સંગ્રહ હોય, ઈષ્ટોપદેશ હોય. દિગંબર સનાતન વીતરાગ માર્ગના સંતોએ જે કાંઈ કહ્યું છે એ મહાપરમાગમ જ કહ્યું છે.

નિયમસારમાં કહ્યું છે ને ભાઈ, નહીં? મારા મુખમાંથી પરમાગમ ઝરે છે. આહાહા! જુઓ લે. પદ્મપ્રભમલધારીદેવ. સમજાણું કાંઈ? બીજું શું હોય, મુનિના મુખમાંથી વીતરાગતા ઝરે. આહાહા! એ મુનિ હતા. આચાર્ય નથી. હવે ઓલાને માન્ય નથી. કહે ક્હેતા હતા કે ના, એ નથી. ખટકે છે ને? નિરપેક્ષ તત્ત્વ બતાવે છે ને એ ખટકે છે. વ્યવહાર મોક્ષમાર્ગ હોય તો જ નિશ્ચય મોક્ષમાર્ગ થાય એમ છે જ નહીં કહે છે. નિશ્ચય મોક્ષમાર્ગ પરની અપેક્ષા રાખતો જ નથી. એવો નિરપેક્ષ બતાવે તો ઓલાને થાય કે, અરર! મારો આ વ્યવહાર? તારો વ્યવહાર કયાં હતો. તારો વ્યવહાર માન્યે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? માટે આ નમસ્કાર કરવાને લાયક છે. લ્યો અને આ જ વ્યાખ્યાન કરવાને લાયક છે. હવે શરૂ કરે છે.

## ગાથા- ૩

***समवाओ पंचण्हं समउ त्ति जिणुत्तमेहिं पण्णत्तं।**
**सो चेव हवदि लोओ तत्तो अमिओ अलोओ खं ॥ ३ ॥**

***समवाद: समवायो वा पंचानां समय इति जिनोत्तमैः प्रज्ञप्तम्।**
**स च एव भवति लोकस्ततोऽमितोऽलोक: खम् ॥ ३ ॥**

**अत्र शब्दज्ञानार्थरूपेण त्रिविधाऽभिधेयता समयशब्दस्य लोकालोकविभाग-श्चाभिहित:।**

**तत्र च पञ्चानामस्तिकायानां समो मध्यस्थो रागद्वेषाभ्यामनुपहतो वर्णपद-वाक्यसन्निवेशविशिष्ट: पाठो वाद: शब्दसमय: शब्दागम इति यावत्। तेषामेव मिथ्या-दर्शनोदयोच्छेदे सति सम्यगवाय: परिच्छेदो ज्ञानसमयो ज्ञानागम इति यावत्। तेषामेवा-भिधानप्रत्ययपरिच्छिनानां वस्तुरूपेण समवाय: संघातोऽर्थसमय: सर्वपदार्थसार्थ इति यावत्। तदत्र ज्ञानसमयप्रसिद्धयर्थं शब्दसमयसम्बन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेत:। अथ तस्यैवार्थसमयस्य द्वैविध्यं लोकालोकविकल्पात्। स एव पञ्चास्तिकायसमवायो यावांस्तावाँल्लोकस्तत: परममितोऽनन्तो ह्यलोक:, स तु नाभावमात्रं किन्तु तत्समवाया-**

* મૂળ ગાથામાં **समवाओ** શબ્દ છે; સંસ્કૃત ભાષામાં તેનો અર્થ **समवाद:** પણ થાય અને **समवाय:** પણ થાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**तिरिक्तपरिणामनन्तक्षेत्रं खमाकाशमिति ॥ ३ ॥**

**સમવાદ વા સમવાય પાંચ તણો સમય - ભાખ્યું જિને;**
**તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩.**

અન્વયાર્થ :- [**पंचानां समवादः**] પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક નિરૂપણ [**वा**] અથવા [**समवायः**] તેમનો સમવાય (-પંચાસ્તિકાયનો સમ્યક્ બોધ અથવા સમૂહ) [**समयः**] તે સમય છે [**इति**] એમ [**जिनोत्तमैः प्रज्ञप्तम्**] જિનવરોએ કહ્યું છે. [**सः च एव लोकः भवति**] તે જ લોક છે (-પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે); [**ततः**] તેનાથી આગળ [**अमितः अलोकः**] અમાપ અલોક [**खम्**] આકાશસ્વરૂપ છે.

ટીકા :- અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે (-શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય) -એમ ત્રણ પ્રકારનો 'સમય' શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક-અલોકરૂપ વિભાગ કહ્યો છે.

ત્યાં, (૧) 'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર), પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ. પાંચ અસ્તિકાયનો 'સમવાદ' અર્થાત્ મધ્યસ્થ (-રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો) પાઠ (-મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ) તે શબ્દસમય છે, એટલે કે શબ્દાગમ તે શબ્દસમય છે. (૨) મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ *સમ્યક્ અવાય અર્થાત્ સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે, એટલે કે જ્ઞાનાગમ તે જ્ઞાનસમય છે. (૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે *સમવાય અર્થાત્ જથ્થો તે અર્થસમય છે, એટલે કે સર્વપદાર્થસમૂહ તે અર્થસમય છે. તેમાં, અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.

હવે, તે જ અર્થસમયનું, *લોક અને અલોકના ભેદને લીધે દ્વિવિધપણું છે. તે જ પંચાસ્તિકાયસમૂહ જેવડો છે, તેવડો લોક છે. તેનાથી આગળ અમાપ અર્થાત્ અનંત અલોક છે. તે અલોક અભાવમાત્ર નથી પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને

* સમવાય = (૧) સમ્+અવાય; સમ્યક્ અવાય; સમ્યક્જ્ઞાન. (૨) જથ્થો; સમૂહ. (આ પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રમાં અહીં કાળદ્રવ્ય કે જે દ્રવ્ય હોવા છતાં અસ્તિકાય નથી તેને વિવક્ષામાં ગૌણ કરીને 'પંચાસ્તિકાયનો સમવાય તે સમય છે' એમ કહ્યું છે; માટે 'છ દ્રવ્યનો સમવાય તે સમય છે' એવા કથનના ભાવ સાથે આ કથનના ભાવનો વિરોધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું. વળી એ જ પ્રમાણે અન્ય સ્થળે પણ વિવક્ષા સમજી અવિરુદ્ધ અર્થ સમજી લેવો).

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે (અર્થાત્ અલોક શૂન્યરૂપ નથી પરંતુ શુદ્ધ આકાશદ્રવ્યરૂપ છે). ૩.

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૩ ઉપર પ્રવચન

***समवाओ पंचण्हं समउ त्ति जिणुत्तमेहिं पण्णत्तं।**
**सो चेव हवदि लोओ तत्तो अमिओ अलोओ खं ॥ ३ ॥**

**સમવાદ વા સમવાય પાંચ તણો સમય - ભાખ્યું જિને;**
**તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩.**

મૂળ ગાથામાં છે ને? નોટ કરી છે. નીચે :- મૂળ ગાથામાં સમવાઓ શબ્દ છે; સંસ્કૃત ભાષામાં તેનો અર્થ સમવાદઃ પણ થાય છે અને સમવાયઃ પણ થાય છે. જોય આમ પાંચ. બેય. એ પણ થાય છે. એટલે પંચાસ્તિકાયને સમવાય કહેવામાં આવે છે. પેલો પાંચેયનો સમુદાય છે ને? સમજાણું કાંઈ?

**પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક** શબ્દાર્થમાં એમ છે જુઓ શબ્દાર્થમાં. **પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક નિરૂપણ અથવા તેમનો સમવાય (પંચાસ્તિકાયનો સમ્યક્ બોધ અથવા સમૂહ)** લ્યો! એનું જ્ઞાન ને સમૂહ બેય કીધું. **તે સમય છે. એમ જિનવરોએ કહ્યું છે.** એમ પરમેશ્વર ત્રિલોક્નાથ વીતરાગે દિવ્યધ્વનિમાં કહ્યું છે. એ જ લોક છે. **પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે. તેનાથી આગળ અમાપ અલોક આકાશસ્વરૂપ છે**. એ વિષે વ્યાખ્યાન કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

* **लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्था यत्र स लोक:** અર્થાત્ જ્યાં જીવાદિપદાર્થો જોવામાં આવે છે તે લોક છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૪, ગાથા- ૩, ૪
# પ્રવચન નં. ૪
# તા.૧૮/૧૧/૬૯, કારતક સુદ-૯, મંગળવાર

પંચાસ્તિકાય ત્રીજી ગાથા. **ટીકા :-અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે** એમ ત્રણ પ્રકારે સમય શબ્દનો અર્થ કહેવામાં આવ્યો છે. **(-શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય)- એમ ત્રણ પ્રકારનો 'સમય' શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક-અલોકરૂપ વિભાગ કહ્યો છે.** બે વાત છે. લોક અને અલોક એવા ક્ષેત્રના બે ભાગ છે. અને પંચાસ્તિકાય આદિ શબ્દોથી કહેવામાં આવશે.

હવે **ત્યાં, (૧) 'સમ' એટલે મધ્યસ્થ અર્થાત રાગદ્વેષથી વિકૃત નહીં બનેલો**. વીતરાગભાવે શબ્દો નીકળ્યા તેમાં રાગદ્વેષ હોતા નથી. આ રાગદ્વેષનું સ્થાપન છે. રાગદ્વેષથી લાભ થાય એવો શબ્દમાં રાગ ન હોય. વીતરાગભાવે નીકળેલાં શબ્દો વીતરાગભાવને કહેનારા છે. સમજાણું કાંઈ?

પરમેશ્વર વીતરાગદેવ 'સમ' રાગદ્વેષથી વિકૃત નહીં બનેલો 'વાદ' એવા શબ્દો નહીં બનેલાં એનો અર્થ કહે છે. વીતરાગ પરમાત્મા છે એનાથી નીકળેલાં શબ્દો એમાં વિકૃતપણું હોતું નથી. સમજાણું કાંઈ? અને એને શબ્દસમય અને શાસ્ત્ર કહેવામાં આવે છે. અજ્ઞાની પોતાની કલ્પનાથી કોઈ કહે એને શાસ્ત્ર ન કહેવામાં આવે. એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રિકાળી જ્ઞાન અને વીતરાગ દશા પ્રગટી છે એના મુખથી નીકળેલો શબ્દસમય. એટલે એમાં વિકૃતપણું રાગપણું કે રાગનો ભાવ કે રાગ થાય એવા એ શબ્દમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

વીતરાગ સમય છે ને? વીતરાગ સમય એટલે આત્મા એમ કીધું. આત્મા વીતરાગ સમય છે, અર્થસમય. બધા અર્થોને જાણતાં એ વીતરાગભાવેય જાણે છે. સમજાણું કાંઈ? કહે છે, **મધ્યસ્થ રાગદ્વેષથી વિકૃત નહીં બનેલો વાદ એટલે 'વર્ણ' એટલે અક્ષર, પદ એટલે શબ્દ.** જેમ જી...વ 'જી' એટલે અક્ષર અને જીવ એ પદ. 'જીવ છે.' એ વાકય. **એવા સમૂહવાળો પાઠ.** જીવ છે, આત્મા છે. આ અક્ષર આત્મા આખો શબ્દ. અને 'આત્મા છે' એ વાકય. સમજાણું કાંઈ? એવું ભગવાનના મુખમાંથી પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના મુખમાંથી વિકૃત નહીં બનેલો એવો પાઠ એને શબ્દસમય કહે છે. અજ્ઞાનીના શબ્દો એને શાસ્ત્ર કહેતાં નથી. એમ સિદ્ધાંત કહે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીએ કલ્પનાથી શાસ્ત્રો વાંદયા હોય અને એને પછી ભગવાનના શાસ્ત્રો કહે તો એ શાસ્ત્રો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનના નથી. જેઠાભાઈ! શું બરોબર? સમજાણું કાંઈ? જેમાં રાગથી લાભ થાય એવી વાણી વીતરાગની ન હોય. વીતરાગના પાઠમાં ન હોય, વીતરાગના ભાવમાં ન હોય અને એના કહેવામાં બીજાને રાગથી લાભ થાય એવું પણ હોય નહીં. સમજાણું કાંઈ? મધ્યસ્થથી કહેવાયેલો પાઠ. વાદ એટલે પાઠ. વીતરાગભાવથી કહેલા પાઠ એમ. મધ્યસ્થ રાગદ્વેષ રહિતથી કહેવાયેલો પાઠ. એને અહીંયા શબ્દસમય શાસ્ત્ર કહેવામાં આવે છે. જુઓ! અહીં શાસ્ત્રની સિદ્ધિ કરી. જે તે બધા કહે મારા શાસ્ત્ર, મારા શાસ્ત્ર. એય! શાસ્ત્રમાં બધે ઠેકાણે વીતરાગતા સ્થાપી હોય, શબ્દો વીતરાગે નીકળેલા છે અને વીતરાગના ભાવથી નીકળેલા છે. અવિકૃત બનેલાં શાસ્ત્રો. સમજાણું કાંઈ?

એક ફેરે થયું છે ને? કે આ કેવળી વિનય કરે એ તે શાસ્ત્ર કહેવાય કે નહીં? નહીં. એય! જેઠાભાઈ! ન્યાયથી તો શાસ્ત્ર ન કહેવાય. એમ છે. હેં? એય! અતુલભાઈ! સમજાણું કે નહીં? એ વિકૃત પાઠ છે. વસ્તુ વાસ્તવિક પાઠ નથી. એ વસ્તુ સિદ્ધાંતિક નથી. એય! ચેતનજી! કીધું ને? ઓલે છોકરે પ્રશ્ન નહોતો કર્યો? કેવો? પરેશ જામનગરનો. પરેશે હમણાં પ્રશ્ન કર્યો હતો. પહેલા પ્રશ્ન કર્યો હતો દસ વર્ષની ઉંમર હતી ત્યારે. ત્યારે એ પ્રશ્ન ત્યાં કર્યો હતો જામનગર. હમણાં વકીલ આવ્યા હતા ને તેમનો ભત્રીજો. મહારાજ તમે આત્મા આત્મા કરો છો તો આંખો વીંચીએ તો અંધારું દેખાય અને બહાર દેખે તો આ દેખાય એમાં આત્મા ક્યાં છે? નવનીતભાઈ! દસ વર્ષનો છોકરો. ઊભો થઈને હોં? રાત્રે કર્યો'તો પ્રશ્ન. આત્મા જોવો, આત્મા જોવો તો ક્યાં આત્મા અમારે જોવો. આંખો વીંચીએ તો અંધારું દેખાય છે. બહાર દેખીએ તો આ દેખાય. કીધું ભાઈ, અંધારાનો દેખનાર અંધારું નથી. આ અંધારું છે તે દેખે છે તે જ્ઞાનપ્રકાશ છે. એ જ્ઞાનપ્રકાશ તે આત્મા છે. આ અંધારું છે તે અંધારામાં અંધારા દ્વારા દેખાતું નથી. આહાહા! આમ દેખે ને આંખો મીંચે તો ઓલા કાળા ઢેર લાગે. એને જાણનારો અંધારું નથી. જાણનારમાં એ કાબરાપણું આંખો વીંચે ને આમ અંધારું દેખાયને એ જાણનારમાં નથી. જાણનારનો તો એ વિષય છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનમૂર્તિ. કેવો પ્રશ્ન કર્યો હતો? પછી હમણાં ફરીવાર પ્રશ્ન કર્યો હતો. કે આ ઓગણીસમી ગાથા છે ને ઓગણીસમી નહીં? એ આત્મસિદ્ધિમાં ઓગણીસમી ગાથા છે એ કેવળી વિનય કરે એમ કેમ કહ્યું? એવો પ્રશ્ન કર્યો. ઠીક. હેં? હા, આત્મા છે ને? કીધું એ રીતે વાત આવી ગઈ છે. એ વસ્તુ સાચી નથી. કેવળી છદ્મસ્થનો વિનય કરે એ સિદ્ધાંત નથી, તત્ત્વ નથી. સમજાણું કાંઈ?

કહે છે વીતરાગભાવે નીકળેલો પાઠ, પાઠમાં વીતરાગતા જ હોય. કહો, શ્વેતાંબરમાં એમ છે કે મુનિને આહાર આપે (તો) પરિત સંસાર કરે. આહાર આપવાનો ભાવ તો રાગ છે. ત્યાં વીતરાગતા હોતી નથી. અને રાગથી પરિત સંસાર કરે એ સિદ્ધાંત નહીં, શાસ્ત્ર નહીં. એ વીતરાગના મુખથી નીકળેલા નહીં. સમજાણું કાંઈ? જીવની દયા પાળી નેકકુમારના જીવે હાથીના હોદે પરિત સંસાર કર્યો. પગ ઊભો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરીને. એ વીતરાગની વાણી નહીં. કારણ કે પરદ્રવ્યનું લક્ષ થાય ત્યાં તો રાગ જ આવે. અને રાગથી સંસાર છૂટે એ સિદ્ધાંત નથી. એ શાસ્ત્ર નહીં. એવી વાત છે. હેં? બરોબર પેલું બેઠું'તું ને? અહીંયા આમ કહે છે. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની જ્યાં હયાતિ છે. તેની વાણીની હયાતિ પણ અવિકૃત બનેલી હોય છે. એને સિદ્ધાંત અથવા શબ્દસમય (કહેવાય) પછી મુખથી કહેલું હોય કે લખેલું. છે ને એમાં લખેલું જુઓ. મૌખિક કે શાસ્ત્રારૂઢ, મુખથી બોલે તોપણ એમાં વીતરાગતાનો ભાવ આવવો જોઈએ. અને લખેલું હોય તોપણ એમાં વીતરાગભાવ જ નીકળે. એનું નામ શબ્દસમય, સિદ્ધાંત, આગમ કહેવામાં આવે છે. એ શબ્દઆગમ કહો. સમજાય છે કાંઈ? શબ્દસમય કહો કે શબ્દઆગમ કહો. શબ્દઆગમ. સમજાણું કાંઈ? **પાંચ અસ્તિકાયનો 'સમવાદ' અર્થાત મધ્યસ્થ (-રાગદ્વેષથી વિકૃત નહીં બનેલો પાઠ)** લ્યો! જગતમાં પાંચ અસ્તિકાય છે એવું જેને સર્વજ્ઞ જ્ઞાનપણું છે એના મુખમાંથી નીકળેલી વાણી છે. પંચાસ્તિકાય છે. સમજાણું?

પંચાસ્તિકાયમાં પાંચ અસ્તિકાય એટલે આમાં કાળ ન લીધો. કાળ અસ્તિ છે ને પણ કાય નથી. એમાં ભેગું આવી જાય છે. પાંચ અસ્તિકાયનો સમય છે કે ષટદ્રવ્યનું બધું એક જ છે. વિવક્ષા ભેદે છે વસ્તુ ભેદે ભેદ નથી. નીચે છે જુઓ. **(મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ) તે શબ્દસમય છે.** કાં વીતરાગભાવે મુખમાંથી નીકળેલી વાણી હોય, સમકિતીની પણ વીતરાગભાવે નીકળેલી વાણી ખરેખર તો એ શબ્દસમય છે. સમજાણું કાંઈ? વીતરાગે જે કહ્યું છે તેવું જાણીને તે કહે છે. તે કાંઈ પોતાની કલ્પનાથી કહેતો નથી. ધર્મને માટે. કહે છે કે તે શબ્દસમય છે, સિદ્ધાંત છે. **એટલે કે શબ્દાગમ તે શબ્દસમય છે.** જુઓ! શબ્દો આગમ વીતરાગના મુખથી નીકળેલી વાણી હાલી આવે છે. એની પરીક્ષા એણે કરવી પડશે ને? કે આ વીતરાગના શાસ્ત્રો છે કે આ કોઈ કલ્પેલાં છે? કૃત્રિમ કરેલાં એનો નિર્ણય કરવો પડશે કે નહીં? ભગવાનજીભાઈ! આ બધું ઓલું ઊડી જશે. ફલાણા બે ધર્મ છે ને, એ પણ છે ને આ પણ છે એમ ના પાડે છે જુઓ.

સનાતન સર્વજ્ઞ પરમેશ્વર એણે જે વાણીમાં આવ્યું તે વાણીને આગમ કહેવામાં આવે છે. એ સિવાયના પાછળથી આચાર્યોએ એને મુકીને પોતાનો કાલ્પનિક પંથ ચલાવ્યો અને એ શાસ્ત્ર (બનાવ્યા) એ શાસ્ત્ર આગમ નથી. એ શબ્દસમય નથી. કહો છગનભાઈ! ભારે વાત ભાઈ! ધરમને માટે શું? સંસાર ધરમને માટે, ઓલા તો તેથી કહ્યું હતું. ધરમને માટે છે, સંસાર માટે તો છે નહીં. આવે છે ને? ધરમને માટે આવે છે. સંસાર માટે તો ઓલું છે. ધરમનું જે તત્ત્વ સ્થાપે એમાં વિકૃત બિલકુલ ન હોય એમ. સંસારની જુદી વાત છે. સમજાણું કાંઈ?

તત્ત્વનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર આત્મા જે કહે એ શબ્દસમય યથાર્થ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ? કારણ કે એમાં બિલકુલ વિકૃતપણું ધર્મનું ન આવે. એને શાસ્ત્ર અને એને સમય શબ્દઆગમ તેને કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઈ? **એટલે કે શબ્દઆગમ તે શબ્દસમય છે.**

**(૨) મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં,** જુઓ! હવે જ્ઞાન કહે છે. જ્ઞાનસમય કોને કહે? મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં તે પંચાસ્તિકાયનો જ પાંચ અસ્તિકાયનો સમ્યક્ અવાય સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે. અંતરમાં પંચાસ્તિકાયનું જ્ઞાન સાચું થવું તેનું નામ જ્ઞાનસમય છે. પર્યાયમાં જે જ્ઞાન યથાર્થ થવું તે જ્ઞાનસમય છે. શબ્દસમય અને એવું જ્ઞાનસમય. કહો, સમજાણું કાંઈ? હેઠે જરી અર્થ કર્યો છે.

સમવાય = (૧) સમ+અવાય; સમ્યક્ જ્ઞાન. (૨) જથ્થો; સમૂહ. બગડો છે ને? (બગડો કયાં આવ્યો? (આ પંચાસ્તિકાય સંગ્રહ શાસ્ત્રમાં અહીં કાળ દ્રવ્ય કે જે દ્રવ્ય હોવા છતાં અસ્તિકાય નથી. તેને વિવક્ષામાં ગૌણ કરીને કહેવામાં ગૌણ કરીને પંચાસ્તિકાયનો સમવાય તે સમય છે એમ કહ્યું છે. માટે 'છ દ્રવ્યનો સમવાય તે સમય છે' એવા કથનના ભાવ સાથે આ કથનના ભાવનો વિરોધ આવતો નથી. માત્ર કથન ભેદ છે એમ સમજવું. વળી અન્ય સ્થળે પણ વિવક્ષા સમજી અવિરૂદ્ધ અર્થ સમજી લેવો) જે કહેવા માગે છે એની સાથે બીજા સાથે સત્ય હોય તોપણ તેનો વિરોધ આવતો નથી. સમજાણું કાંઈ?

પાછા કોઈ એમ જ કહે કે પંચાસ્તિકાયનું યથાર્થ જ્ઞાન તે જ જ્ઞાન. અને છ દ્રવ્યનું સમ્યગ્જ્ઞાન તે જ્ઞાન નહીં એમ કોઈ એમાંથી કાઢે. તો એમ છે નહીં. સમજાણું કાંઈ? લ્યો, શ્વેતાંબરમાં પાંચ જ માને છે. કાળદ્રવ્યને માનતા નથી. ઉપચાર એટલે દ્રવ્યની પર્યાય તે કાળ એમ. દ્રવ્યની પર્યાય તે કાળ, વસ્તુ નહીં. અઠયાવીસમાં અધ્યયનમાં તો છ દ્રવ્ય કીધાં છે. પાઠમાં પણ છ દ્રવ્ય કીધાં છે. ટીકાકારે ફેરવી નાખ્યું. મૂળ પાઠમાં છ દ્રવ્ય છે. મોક્ષમાર્ગના અઠયાવીસમાં. આ બધી પહેલાં ઘણી ચર્ચાઓ થઈ ગઈ છે. આમાં તો વળી આ છે ને ટીકાકારે આ કયાં કાઢી નાખ્યું. પણ પાછળથી લખાયેલાંને એટલે કોઈએ એમ લખ્યું, કોઈએ એમ લખ્યું. વીતરાગની વાણી તો છે નહીં. શ્વેતાંબર શાસ્ત્રો જે છે એ વીતરાગની વાણી નથી. એ પોતે કલ્પેલાં અને જે પંથ સ્થાપવો હતો એ રીતે સ્થાપીને પંથ ઊભો કર્યો છે. અને આ તો અનાદિ સનાતન માર્ગ છે. આગમ કીધું ને? એના આવા શબ્દઆગમ અનાદિથી ચાલ્યા આવે છે. સમજાણું કાંઈ?

મહાવિદેહમાં, ભરતમાં કે ઐરાવતમાં આ શબ્દસમય અનાદિનો આગમ (ચાલ્યો આવે છે.) એ કાંઈ નવી જોડણી નથી. નવું કરવું નથી. સર્વજ્ઞ પરમેશ્વર જે અનંત થઈ ગયેલાં એમના મુખમાંથી વીતરાગભાવવાળો પાઠ નીકળ્યો એને પરમાગમ ને સિધ્ધાંત કહેવામાં આવે છે. તેથી અહીં આ પરમાગમ છપાય છે ને આ? ન્યાં પરમાગમ લખાણ મુખ્ય તો એ છે. વળી આ કયાં નાખ્યું? રાત્રે વાત થઈ'તી થોડી. કહો, સમજાણું આમાં? આનું કાંઈક બનારસ જોવા ગયા હશે. કોઈ કહેતું હતું પણ અહીં તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આગમની વાત હતી. આમાં મૂર્તિની કયાં વાત હતી? આગમના અક્ષરોમાં જે કાંઇ વિસ્તાર નાખવા હોય એમાં સરખું કરવાનું કરે ને? સમજાણું કાંઇ?

એને અહીંયા આગમ કહે છે હો! આ તો ભગવાનની વાણી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહૂડ એ બધી ભગવાનની વાણી છે. સમજાય છે કાંઇ? મુનિઓની વાણી એ ભગવાનની વાણી છે. પરંપરાએ ભગવાન જ બોલે છે એમ સમજવું. સમજાણું કાંઇ? તેથી એને શબ્દઆગમ કહેવામાં આવે છે. આ આગમ છે આ. નવનીતભાઇ! પરમાત્માની કહેલી વાણી છે. આમાં કહ્યું છે ને પાંચમી ગાથામાં નથી કહ્યું? કુંદકુંદાચાર્ય, અપર ગુરુ પરાપર ગુરુ સર્વજ્ઞદેવ ત્યાંથી ચાલ્યો આવેલો, અમારા ગુરુએ અમને શુધ્ધાત્માનો ઉપદેશ કર્યો હતો. જુઓ, કુંદકુંદાચાર્ય સમયસારમાં કહે છે. ભગવાન સર્વજ્ઞદેવ મહાવીરપ્રભુ ત્યાંથી આવેલી વાણી છે. પછી ગણધર ત્યાંથી માંડીને અમારા ગુરુ પર્યંત આ શાસ્ત્ર ચાલ્યું આવે છે. અને એમણે અમને ઉપદેશ અનુગ્રહ કરીને આપ્યો હતો, શુધ્ધાત્મા છો ભાઇ! આહાહા! જુઓ એ વીતરાગની વાણી. શુધ્ધાત્મા અમારા ગુરુએ એમ કહ્યું અમને. એનાથી ઉપજેલો અમારો વૈભવ છે. આહાહા! સમજાણું કાંઇ?

ત્યાં તો એમ કીધું કે, ગુરુએ કહ્યું ત્યાંથી અમારો નિજવૈભવ ઉત્પન્ન થયો. આત્માથી નથી પ્રગટયો તો પરથી પ્રગટયો? પણ ત્યાં નિમિત્ત સિધ્ધ કરવું છે. આવું જ ત્યાં નિમિત્ત હોય. મુનિ મહા આત્મા વીતરાગી સંતો અને એણે એ વાણી અમને કહી શુધ્ધાત્મા, આહાહા! સમજાણું? એમ કાંઇક આવે છે ને? અન્યમતિમાં નથી આવતું? એવું કાંઇક આવે છે. બધું ભૂલી ગયા. અન્યમાં આવે છે. શબ્દે આત્મા પ્રગટ થાય એવું આવે છે હોં! એવા શ્લોક બધા આવે છે. એક શ્લોક એવો હતો. કોઇએ વાંચેલું નથી? શબ્દના માર્યા ગયા એવું એમાં આવે છે. જ્ઞાનીની વાણી નીકળી શબ્દની પરમાગમની મરી ગયા અજ્ઞાની. જાગી ઉઠયો આત્મા એમ. શબ્દના માર્યા મરી ગયા એવી ભાષા છે. ઘણું વાંચ્યું હોય ને? પહેલાં તો બહુ વાંચ્યું હોયને? આ શબ્દ એવો છે કહે છે. વીતરાગની વાણી એવી ઝપટ મારે છે કહે છે. એને જ્ઞાન ... ભજનમાં આવે છે. આવે છે ને? તો બોલો ને? હા એ આવે છે. સાંભળ્યું છે. પાલેજમાં સાંભળ્યું છે. ઘણા ગુરુ શબ્દે માર્યા શબ્દના આત્મા... શુધ્ધાત્મા... બાણ આવે છે. પાલેજમાં અમારે એ બાજુ બહુ વેવીશાળને થઇ ગયેલાંને? રાખ્યા હતા ઘરાકો અમારે બધા ભકતો હતા. તે બધાની વાતું કરે. શબ્દના માર્યા મર ગયા. બાણ વાગ્યા આગમના. વીતરાગની વાણી આપણે તો ત્યાં લેવું છે હોં!

સર્વજ્ઞ પરમેશ્વરની વાણી ચાલી આવી છે. એના એને અંદરમાં બાણ વાગ્યા તું આત્મા વીતરાગમૂર્તિ છો પ્રભુ! આહાહા! સમજાણું કાંઇ? અને એ શબ્દથી એને ત્યાં સમજે જ છૂટકો એમ કહે છે. કીધું ને ભાઇ ઓલા અનુભવથી પ્રમાણ કરજે. એ ત્યાં એમ કીધું છે એમ કહે છે. આહાહા! મૂક પડતી બીજી વાત. ભાઇ! ભગવાનઆત્મા! પંચાસ્તિકાયને જાણવાવાળો અને એવી અનંતી પર્યાયવાળો

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ છે. એમ શાસ્ત્ર કહે છે. અને તે શાસ્ત્ર શબ્દઆગમ અને એનાથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન તે જ્ઞાનઆગમ. આહાહા!જેવું વાચક છે એવું જ વાચ્ય પ્રગટ થયું. સમજાણું કાંઈ? મોહનભાઈના ભજનમાં આવે છે ને! એ આવે છે. **મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય અર્થાત સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે**. દેખો! પાંચ અસ્તિકાયનું જ્ઞાન તે પણ સમ્યક્ જ્ઞાન તેમાં આત્મા આવી ગયો ભાઈ! પાંચ અસ્તિકાય કહે જીવાસ્તિકાય એમાં તારો પણ આત્મા શુધ્ધજીવાસ્તિકાય એમાં આવી ગયો. આહાહા! ભગવાનઆત્મા! શુધ્ધજીવ અસંખ્યપ્રદેશ સમૂહ છે. એવો તું પણ એમાં આવી ગયો. એવા મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં વિપરીત અભિપ્રાયનો નાશ હોતાં એમ. **તે જ પંચાસ્તિકાયનો સમ્યક્ અવાય** શુધ્ધજીવાસ્તિકાય સહિતનો પાંચનો **સમ્યક્ જ્ઞાન તેને જ્ઞાનસમય એટલે જ્ઞાનાગમ તે જ્ઞાનસમય કહેવામાં આવ્યો છે**. જ્ઞાનાગમ લ્યો! સમજાણું કાંઈ? વાસુદેવભાઈ કયાં ગયા? એ કહે આ ઠીક આવ્યું. હમણાં ઓલું નિશ્ચય બહુ ચાલતું હતું ને? આ પંચાસ્તિકાય આવ્યું તે ઠીક આવ્યું. નહીં? આ વખતે કહેતા હતા. કનુભાઈ!

આ તો વસ્તુ હોવી જોઈએ ને? વસ્તુ સ્થિતિ. વ્યવહાર નથી? સમજાય છે વ્યવહાર છે એમ સાબિત કરવા જ્ઞાન બતાવે છે. સમજાણું કાંઈ? પણ લે આ જાણ્યા વિના સત્યાર્થ કહે છે એના વિના સન્મુખ થાશે શી રીતે? સમજાણું કાંઈ? ગોટો વાળશે ઊંધો ને પછી સન્મુખ થાશે શી રીતે? વ્યવહારું જ્ઞાન પણ યથાર્થ ન હોય તો સન્મુખ થવાને લાયક કયાંથી થશે? સમજાણું કાંઈ? ભગવાન કહે, મુનિ કહે કે તારો આત્મા શુધ્ધજીવાસ્તિકાય છે. એ સહિત પંચાસ્તિકાય એમ કહ્યું. અને એને જાણવામાં આવ્યું પણ એ જાણવું હજી પરલક્ષી છે. પણ અહીં તો કહે છે કે એ જાણવું યથાર્થ કયારે થયું કહેવાય કે શુધ્ધજીવાસ્તિકાય સન્મુખ થઈને થયું ત્યારે પંચાસ્તિકાયનું જ્ઞાન ને જ્ઞાનસમય કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે. **જ્ઞાનાગમ તે જ્ઞાનસમય છે** લ્યો! સમજાણું? લોકો નથી કહેતાં કે પાના ફરે ને સોનું ઝરે. આ નાના લોકોમાં હોય ને? ચોપડા ફેરવે એમાં. ભાઈએ જ લખ્યું છે. ન્યાલભાઈએ લખ્યું છે. પાના ફરે ને સોનું ઝરે. એમ ભગવાનની વાણી ફરે ને આની કોર જ્ઞાન નિર્મળ ઝરે. સમજાણું કાંઈ? આ વાણીયા નથી કહેતાં કે-છોકરાને કહે કે ભઈ પાના ફેરવ. કેટલું લેણું-દેણું છે એ ચોપડા જોતા જાય એમ ને એમ ફેરવીએ નહીં. કોની પાસે કેટલું લેણું, કેટલું નહીં. સમજયા ને? ચોર્યાસીમાં આવ્યા હતા. કીધું ને આ નારણભાઈના બાપ. મારી પાસે આવ્યા. મારા ચોપડા બધા તપાસો જોઈએ.ઘરના નોકરને સોંપાય એ મને પૂછો છો કીધું. હું તો કહું છું ચોપડા મુકી દે ને? અહીં આવને? આ નારણભાઈના બાપ. રાણપરવાળા આવે છે ને? તે દિ' પૈસા હતા એંસી હજાર. પછી ઓછું થઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયું . એંસી હજાર તે દિ' મુકી ગયા'તા. આ તો ઘણા વર્ષ પહેલાંની વાત છે. ૮૪ની સાલ પહેલાની વાત છે. નોકરો બોકરો દુકાન ચાલે. નોકરો તપાસે ત્યાં એને બેઠો થાય. ભાઈ! ઘરના માણસે તપાસવું જોઈએ મહારાજ? કીધું શું કહો છો? હું એને ચોપડા તપાસવાનું કહું એમ? મૂકી દેને અહીંયા હાલને ન્યાં પાપ છે એકલું. આ ચોપડા તપાસ ને. આ શબ્દઆગમ છે ને. એને જો ને. હવે ધૂળમાં ન્યાં શું છે? સમજાણું કાંઈ? ભગવાનની આચાર્યોની વાણી અમૃતના બિંદુ ઝરે છે. એની દૃષ્ટિમાં લઈને, આત્માને લઈને જો વાંચે તો એને શાંતિ ઝરે. એમ કહે છે. શાંતિ આવે. સમજાણું કાંઈ?

એકકોર એ કહ્યું'તું કે સાંભળે તો નુકસાન છે, વાંચે તો નુકસાન છે. વળી ફરીને કહે આચાર્યના શબ્દો વાંચે તો ક્ષણે-ક્ષણે અમૃત ઝરે એવા શબ્દો છે. વળી એકકોર એમ આવ્યું છે. એય! પણ જે વખતે જે સિધ્ધ કરવું હોય તે સિધ્ધ કરે ને. સમજાણું કે નહીં?

અહીં કહે છે કે સમ્યક્જ્ઞાન પંચાસ્તિકાયનો સમ્યક્ અવાય. પંચાસ્તિકાયમાં શુધ્ધ જીવાસ્તિકાય પણ... એ શુધ્ધ જીવાસ્તિકાયનું યથાર્થ જ્ઞાન થતાં એને પંચાસ્તિકાયનું જ્ઞાન પણ એની પર્યાયમાં આવી જાય છે. શ્રુતજ્ઞાનમાં આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આમ કહે કે જ્ઞાનનો પર્યાય જ એવડો છે કે જે છ દ્રવ્ય છે બધાં એને જાણે એવું જ પર્યાયનું અસ્તિત્વ છે. એવું એક સમયની પર્યાયનું છ દ્રવ્યને જાણે એટલું અસ્તિત્વ છે. એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ અને એવા અનંત ગુણોનું એક દ્રવ્ય. એની જયારે પ્રતીત કરે કે સમ્યક્જ્ઞાન સ્વનું ને પરનું બેયનું સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

બે થયા. શબ્દસમય અને જ્ઞાનસમય. હવે અર્થ સમય. **(૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે સમવાય અર્થાત જથ્થો તે અર્થસમય છે.** લ્યો! સમજાણું? ત્યાં બીજું મીંડુ આવ્યું. પહેલું મીંડુ સમ્યક્ ઉપર હતું ને? બીજું ન્યાં આવ્યું. એ બગડાનો અર્થ ન્યાં કર્યો. જથ્થો સમૂહ છે ને એ એને અર્થસમય કહીએ. પદાર્થનો સમૂહ.એ તો એક આત્મા જાણે એના બધા પદાર્થના સમૂહનું જ્ઞાન આવી જાય છે. એવો છે. આહા! **એટલે કે સર્વપદાર્થ સમૂહ તે અર્થસમય છે.** લ્યો! જગતના બધા આત્મા આદિથી માંડીને સર્વજ્ઞો, નિગોદ આદિ, પરમાણુ આદિ. સર્વપદાર્થસમૂહ તે અર્થસમય છે. કહો સમજાણું?

**તેમાં અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે,** હવે કહેશે શું કરવા છે આ પંચાસ્તિકાય? સાચા જ્ઞાનની પ્રસિદ્ધિ અર્થે-જ્ઞાનસમય બીજો આવ્યો'તો ને. સાચા જ્ઞાનની પ્રસિદ્ધિ અર્થે, જીવાસ્તિકાયની પ્રસિદ્ધિ અર્થે, **પંચાસ્તિકાયની પ્રસિદ્ધિ અર્થે, જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી, શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઈરાદો છે.** ભગવાન કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે ભગવાન કુંદકુદાચાર્ય દિગંબર સંત મહામુનિ, ત્રીજે નંબરે આવ્યા છે. જુઓને! મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી, મંગલમ કુંદકુંદાર્યો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

ગણધર પછી એનું નામ આવ્યું. ઓલામાં (શ્વેતાંબરમાં) સ્થૂલીભદ્ર આવ્યુ હતું. એ તો કલ્પિત બધું છે. આ તો યથાર્થ વસ્તુ છે. સર્વજ્ઞ પરમેશ્વરની જે પરંપરા હતી તેમાં કુંદકુંદાચાર્ય આવેલા. પરંપરાના ભાવમાં એટલે કહે છે એમનો કહેવાનો આ ઈરાદો છે. જ્ઞાનપ્રસિદ્ધિને માટે શબ્દસમયના સંબંધથી, જુઓ ત્રણેય આવી ગયા. જ્ઞાનપ્રસિદ્ધિ માટે જ્ઞાનસમય થવા માટે. જ્ઞાનસમય થવા માટે **શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો ઈરાદો છે.** ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ? વસ્તુ છે ને? નિમિત્ત નથી એમ કોણે કહ્યું? એનાથી થાય છે એ કહેવું એ વ્યવહાર છે. થાય પોતાપણે નિમિત્ત ચીજ છે કે નહીં? જુઓને ઘણું આવ્યું. શું આવ્યું? નો આવ્યું એનામાં? **કથનના નિમિત્તે જણાયેલાં** એમ આવ્યું પહેલાં તો. **તે પંચાસ્તિકાયનો વસ્તુરૂપે સમવાય અર્થાત જથ્થો તે અર્થસમય છે.** નિમિત્ત હતું ને, એણે જાણયું છે પોતાની પર્યાયથી. પણ નિમિત્ત હતું તેથી તેને અર્થસમય કહે છે. અને જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી એય નિમિત્ત છે ને? એમાં કથન કર્યું હતું ને? ભીખાભાઈ!

એ નિમિત્ત ત્યારે કહેવાય છે કે ઓલો સમજયો સમજે છે ને ત્યારે નિમિત્ત હોય છે. એને નિમિત્ત-નિમિત્ત સંબંધ કહેવામાં આવે છે. એટલે કાંઈ નિમિત્તથી થયું નથી. થાય છે તેના પોતાથી. ત્યારે આ નિમિત્ત આ હતું એમ અહીં સિદ્ધ કરે છે. વીતરાગની વાણી વિકૃત નહીં થયેલી એવી વીતરાગની વાણી જ્ઞાનસમયમાં નિમિત્ત છે. એ સિવાય બીજી કોઈપણ વાણી અજ્ઞાનીની કલ્પેલી હોય એ નિમિત્ત હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એમ કહેવાનો શ્રીમદ્‌ભગવાનકુંદકુંદદેવનો ઈરાદો છે. લ્યો!

**હવે તે જ અર્થસમયનું લોક અને અલોકના ભેદને લીધે દ્વિવિધપણું છે.** બે તો છે ને? અલોકને એ પદાર્થ છે ને? પદાર્થ છે કે નહીં? તે જ અર્થસમયનું એમ કહે છે. 'લોકયંતિ દશ્યંતિ જીવાદિ પદાર્થામ્ ઈતિ લોક' અર્થાત જયાં જીવાદિપદાર્થો જોવામાં આવે છે તે લોક છે. સવારે એમ આવ્યું હતું કે જયાં જ્ઞાન પોતાને અવલોકે છે તે એનો લોક છે. લોક છે. પોતાનો લોક ચિત્તાસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. એને અવલોકે માટે અવલોક પોતાનો આલોક છે. સમજાણું કાંઈ? પરલોકની વ્યાખ્યા પરમાત્મપ્રકાશમાં આપી છે. પરપ્રધાન. પરમાત્મપ્રકાશમાં પરલોકનો અર્થ પ્રધાન કર્યું છે. પ્રધાન પોતે જે ઉત્કૃષ્ટ ભાવ જ્ઞાનાનંદનો છે ને એ પોતાનો પરલોક છે. બીજો કોઈ રાગ ને રાગના ફળે સ્વર્ગમાં રહેવું, જાણવું એ કાંઈ આત્માનો પરલોક નથી. ધર્મી તો જયાં જાય ત્યાં પોતાના આત્મામાં જ છે. સ્વર્ગમાં જાય તોપણ આત્મામાં છે, નર્કમાં જાય તોપણ આત્મામાં છે. એ કાંઈ રાગમાં ને શરીરમાં ધર્મી નથી. પોતાના દ્રવ્યગુણપર્યાયમાં છે. આહાહા! ભારે ભગવાનઆત્મા ચૈતન્યદ્રવ્ય એના અનંતગુણો અને એની નિર્મળ પર્યાય બસ. મલિન પર્યાય નહીં, એ આત્મા નહીં. એમાં છે. પોતાના દ્રવ્યગુણપર્યાયમાં છે. એ એનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વ અને એ એનો સ્વામી. જ્યાં જાય ત્યાં રાગ એનો સ્વામી ક્યાંય નથી. સ્વર્ગમાં જાવ કે નર્કમાં જાવ. નિયમસારમાં નથી આવતો એક કળશ? હા, મૂળ તો એ કહેવું છે. જ્યાં હોઉં ત્યાં હું તો આમાં રહું. સમજાણું કાંઈ?

જિનભવનમાં હોઉં કે ત્યાં સ્વર્ગમાં હોઉં પરમાત્માના મંદિરમાં દર્શન.. પણ હું તો મારા સ્વરૂપમાં હોઉં. આહાહા! સમજાણું? અજ્ઞાની પણ જ્યાં જાય છે ત્યાં રાગમાં છે. માને છે ને એ? બહારમાં ક્યાંય શરીરમાં કે ક્યાંય ખરેખર છે જ નહીં. પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માને છે તેમાં એ ઠર્યો છે. એમાં એ રહ્યો છે. શરીરાદિમાં પણ નથી. વિકૃત ભાવમાં રહ્યો છે વિભાવના અધ્યવસાયથી રહ્યો છે. વિભાવને પોતાના સ્વભાવ સાથે અધ્યાસ એકાકાર કરીને એમાં રહ્યો છે. જ્ઞાની વિભાવનો ત્યાગ કરીને સ્વભાવની એકાગ્રતામાં રહેલ છે. આહાહા! ઘરમાં દેખાય તો ઘરમાં નહીં. રાગમાં દેખાય તો રાગમાં નહીં. કહો, સમજાણું કાંઈ?

જુઓ! આ ધર્મ અને ધર્મીનો આત્મા. કહે છે એવો જે અર્થપદાર્થ સ્વ છે એમાં જ્ઞાની તો છે. હવે એ અર્થસમયનું ક્ષેત્ર કેટલું? અહીં આખું, બધું છ એ લેવું છે ને? **લોક અને અલોકના ભેદને લીધે દ્વિવિધપણું છે.** લ્યો! **તે જ પંચાસ્તિકાયસમૂહ જેવડો છે, તેવડો લોક છે**. ચૌદ બ્રહ્માંડમાં પંચાસ્તિકાય રહેલાં છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ નહીં? પુદ્ગલ અને આકાશ. કાળને અહીંયા ગૌણ કરીને કહે છે, કાય નથી ને એટલે. સમજાણું? પંચાસ્તિકાયસમૂહ જેવડો છે તેવડો લોક છે. પછી એમાંથી એમ કાઢે કે લ્યો કાળ તો પંચાસ્તિકાયમાં ન આવ્યો? પણ એ પહેલાં કીધુંને ખુલાસો કરી ગયા. કાંઈ પંચાસ્તિકાય સિધ્ધ કરવું છે એટલે એની મુખ્યતાથી લીધું છે નહિંતર ત્યાં જેટલા છ દ્રવ્ય છે, જે છ દ્રવ્ય છે તેટલો લોક છે. હા, છ દ્રવ્યથી કહેવું, પંચાસ્તિકાયથી કહેવું, નવપદાર્થથી કહેવું, સાતતત્ત્વથી કહેવું. કથનના ઘણા પ્રકાર છે ને. સમજાણું કાંઈ?

**પંચાસ્તિકાયસમૂહ જેવડો છે, તેવડો લોક છે. તેનાથી આગળ અમાપ અર્થાત અનંત અલોક છે.** તે અર્થસમય છે કે નહીં? અર્થસમયની જ્ઞાનની પ્રસિદ્ધિ માટે શબ્દસમયથી અર્થસમયને કહેવાનો ભગવાનઆચાર્યનો ઈરાદો છે. ઝીણું પડે ને, માણસને નિવૃત્તિ જોઈએ, કાંઈક કેળવવા મગજ જોઈએ. એટલે પછી એમાં ન રોકાતા બાહ્યમાં ધમાધમ. લખાણમાં આવે આટલા અપવાસ કર્યા. નવ વર્ષની છોડી એ આઠ (અપવાસ) કર્યા. ફલાણાએ મહિનો. હવે શું કર્યા? એમાં ધર્મ શું? હેં? એક ઠેકાણે એકાણું કર્યા એક બાઈએ. એવા આકરા આવે ઢગલા. બહુ ધર્મનો ઉદ્યોત થયો. ધૂળેય ધર્મ નથી. સાંભળને હવે.

ધર્મ એટલે રાગ. રાગ ને મિથ્યાત્વભાવ એનો ઉદ્યોત થયો. આહાહા! આકરું કામ માણસને હો! આકરું લાગે. બાપુ વસ્તુ તો આમ છે. એ કાંઈ તારે ......ને માટે નથી. વસ્તુની સ્થિતિ એવી છે ને.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હેં? આકરું લાગે પોતાને જે કરતાં હોય ને એને માનતા હોય આ છે ત્યાં તમે (એમ કહો છો) કે અધર્મ છે. અરરર! આટલા મહિનાના અપવાસ કર્યા! એટલો આમ મોટો આંકડો આવ્યો હતો. આટલી છોડીઓએ કેટલી કેટલીએ તો આઠ અપવાસ કર્યા. કેટલીએ સોળ કર્યા. કેટલાકે મહિનાના કર્યા. પાલીતાણામાં છોડીયુંની કાંઈક પાઠશાળા ચાલે છે ને. આ ચોમાસામાં તો બહુ ધર્મનો ઉદ્યાત થયો (એમ કહે). અરે! ધર્મ કોને કહેવો એની કહેનારને પણ ખબર નથી અને કરનારને પણ ખબર નથી. આહાહા! ધર્મ તો રાગ એ અપવાસ આદિનો વિકલ્પ ઉઠે છે એ પણ રાગ છે. એ જડની લેવાદેવાની ક્રિયા મારી નહીં. એનાથી ભિન્ન પડીને આત્મા જ્ઞાન સ્વરૂપે પરિણમે, શ્રદ્ધા સ્વરૂપે પરિણમે, શાંતિરૂપે પરિણમે ત્યારે ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવ્યું'તું ને? સવારમાં નહોતું આવ્યું? વિવિકત આત્મનમ્. અર્થમાં. વિવિકત આત્મનમ્ જેવો જુદો આત્મા છે એવો પરિણમે ત્યારે તેને વિવિકત આત્મા કહેવાય. સવારમાં આવ્યું'તું કે નહીં? એ કૌંસમાં આવ્યું'તું. વિવિકત આત્મનમ્. અહીંથી જુદો આત્મનઃ રાગ, શરીર, કર્મ (એનાથી) જુદો આત્મા છે. જુદો પડયો ત્યારે આત્મા આત્માપણે પરિણમ્યો ત્યારે જુદો કહેવાણો. શ્રદ્ધાપણે, જ્ઞાનપણે અને સ્થિરતાપણે. સમજાણું કાંઈ?

આત્મા પોતાના સ્વભાવનો આશ્રય લઈ ને શ્રદ્ધાપણે પરિણમ્યો, જ્ઞાનપણે થયો, સ્થિરતાપણે થયો. એ એનું પરથી ભિન્નપણું કહેવાણું. નહિતર પરથી ભિન્ન કયાં થયો? રાગ ને શરીર એ મારા છે એમ માનીને પરિણમે એ આત્મા કયાં થયો? કહો એવી મહિના મહિનાની ક્રિયા કરતાં હોય, જંગલમાં રહેતાં હોય લ્યો! પણ રાગની ક્રિયા છે એમાં એ પરિણમે છે. ભલે મારી માને નહીં પણ ધ્યાન કરનાર સાધન-એવા અનંતવાર ધ્યાનેય કર્યા છે ને, અંદરમાં રાગ ને પરપણે પરિણમે છે. પરિણમન તો રાગનું છે. ભલે અંદર શુભ વિકલ્પ હોય કે આ કરવું, આ કરવું એ વિકલ્પપણે પરિણમે છે એ પરિણમન છે એ તો મિથ્યા અને અશુદ્ધ છે. અશુદ્ધ પરિણમન છે એ મારો ધર્મ છે એમ માને છે. ત્યાં તો ક્ષણે ક્ષણે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?.....

અહીંયા એ કહે છે એ પંચાસ્તિકાય છે તેનાથી આગળ અમાપ અલોક છે. **તે અલોક અભાવમાત્ર નથી** પાછું એમ કહે છે. અ એટલે અલોક એટલે અભાવમાત્ર નથી, **પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે.** એનાથી અનંતગુણો આકાશ છે. લોકના ક્ષેત્રથી તો અનંતગુણો આકાશ છે. કયાંય અંત છે નહીં. આહાહા! જુઓ તો એ સ્વભાવ! ક્ષેત્ર સ્વભાવ તો જુઓ! પણ આવો ક્ષેત્ર સ્વભાવ જાણયો કોણે? જ્ઞાનસમયે. શબ્દસમયના સંબંધથી જ્ઞાનસમયની પ્રસિદ્ધિ માટે એ બધાને જાણવા માટે છ દ્રવ્યને કહ્યા છે પંચાસ્તિકાય.સમજાણું કાંઈ?

**પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે. (અર્થાત અલોક શૂન્યરૂપ નથી પરંતુ શુદ્ધ આકાશદ્રવ્યરૂપ છે.** લ્યો! આકાશના શુદ્ધ ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અશુદ્ધ એવા બે ભેદ પડતા હશે? (મુમુક્ષુ :-પાડયા ને?) પાડયા એટલે એનો અર્થ કે આકાશ સાથે બીજા દ્રવ્ય છે તેથી તેને અપેક્ષિતે અશુદ્ધ કહેવામાં આવ્યા. એ તો શુદ્ધ છે. ચાર દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. અહીંયા ઓલું બીજું છે ને? જેમાં બીજું નથી એ અપેક્ષાએ શુદ્ધ કીધું. બીજું છે એની અપેક્ષાએ અશુદ્ધ કીધું. આહાહા! સમજાણું કાંઈ? આપણે આવ્યું નહોતું? નયમાં પર્યાયનો ભેદ એ અશુદ્ધ કીધું. એય! હરિભાઈ! કયાં આવ્યું? સુડતાલીસ નય છેલ્લી. માટીના ઘડાને રામપાત્ર તે ઉપાધિ છે. હાય! હાય! એકરૂપમાંય ઉપાધિ કીધી જુઓ.

એમ ભગવાનઆત્મા એકરૂપ જેનું સ્વરૂપ એના પર્યાયના ભેદમાં, ભેદ છે તે મેચક થઈ ગયો, અશુદ્ધ થઈ ગયો એમ કહે છે. આવે છે ને સોળમાં મેચક-મેલ. ત્રણપણું મેલું કીધુંને ભાઈ એમાં. દર્શન, જ્ઞાન ને ચારિત્ર એમ ત્રણપણું કહેવું એ જ મેલું છે, ભેદ છે. ભેદ છે ને વિકલ્પ ઊઠે છે. ભેદનું કહ્યું ત્યાં ઓલો કહે-કિમ અશુદ્ધમ્? આવ્યો તમારો પારિણામિકભાવ. એ તો કયાંક ને કયાંક..... ત્યાં અશુદ્ધ કીધું નથી. પણ એ ત્રણ ભેદ પડયા એ અશુદ્ધ જ છે. કારણ કે, ત્યાં તત્ત્વાર્થસૂત્રમાં પારિણામીકભાવના ત્રણ ભેદ પાડયા. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ, એ ત્રણ ભેદ જ વ્યવહારનયનો વિષય છે. પર્યાયનો એ ભેદ પડયો છે, અશુદ્ધ જ છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે જે આકાશના ક્ષેત્રમાં બીજા દ્રવ્યો છે એની અપેક્ષાએ બીજા નથી એને અશુદ્ધ કહ્યું એમ. એકલો શુદ્ધાકાશ. બાકી તો આખો આકાશ દ્રવ્ય શુદ્ધ છે. એમાં કોઈ દિ' અશુદ્ધતા છે નહીં. પર અપેક્ષિત વાત કરીને એને અશુદ્ધ કહેવામાં આવે છે. લ્યો! ત્રણ ગાથા થઈ. ચોથી. હવે બધા છ દ્રવ્ય ઉપાડે છે.

## ગાથા- ૪

**जीवा पोग्गलकाया धम्माधम्मा तहेव आगासं ।**
**अत्थित्तम्हि य णियदा अणण्णमइया अणुमहंता ।। ४ ।।**

जीवा पुद्गलकाया धर्माधर्मौ तथैव आकाशम् ।
अस्तित्वे च नियता अनन्यमया अणुमहान्तः ।। ४ ।।

**अत्र पञ्चास्तिकायानां विशेषसंज्ञा सामान्यविशेषास्तित्वं कायत्वं चोक्तम् ।**

**तत्र जीवा पुद्गलाः धर्माधर्मौ आकाशमिति तेषां विशेषसंज्ञा अन्वर्थाः प्रत्येयाः । सामान्यविशेषास्तित्वञ्च तेषामुत्पादव्ययध्रौव्यमय्यां सामान्यविशेषसत्तायां नियतत्वा-द्व्यवस्थिततत्वादवसेयम् । अस्तित्वे नियतानामपि न तेषामन्यमयत्वम्, यतस्ते सर्व-**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



दैवानन्यमया आत्मनिर्वृत्ता: । अनन्यमयत्वेऽपि तेषामस्तित्वनियतत्वं नयप्रयोगात् । द्वौ हि नयौ भगवता प्रणीतौ–द्रव्यार्थिक: पर्यायार्थिकश्च । तत्र न खल्वेकनयायत्ता देशना किन्तु तदुभयायत्ता । तत: पर्यायार्थादेशादस्तित्वे स्वत: कथंचिद्भिन्नेऽपि व्यवस्थिता: द्रव्यार्थादेशात्स्वयमेव सन्त: सतोऽनन्यमया भवन्तीति । कायत्वमपि तेषामणुमहत्त्वात् । अणवोऽत्र प्रदेशा मूर्ताऽमूर्ताश्च निर्विभागांशास्तै: महान्तोऽणुमहान्त: प्रदेशप्रचयात्मका इति सिद्धं तेषां कायत्वम् । अणुभ्यां महान्त इति व्युत्पत्त्या द्वयणुकपुद्गलस्कन्धानामपि तथाविधत्वम् । अणवश्च महान्तश्च व्यक्तिशक्तिरूपाभ्यामिति परमाणूनामेक–प्रदेशात्मकत्वेऽपि तत्सिद्धि: । व्यक्त्यपेक्षया शक्त्यपेक्षया च प्रदेशप्रचयात्मकस्य महत्त्वस्याभावात्कालाणूनामस्तित्वनियतत्वेऽप्यकायत्वमनेनैव साधितम् । अत एव तेषामस्तिकायप्रकरणे सतामप्यनुपादानमिति ॥ ४ ॥

જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ ને આકાશ એ
અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪.

અન્વયાર્થ :- [जीवा:] જીવો, [पुद्गलकाया:] પુદ્‌ગલકાયો, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ [तथा एव] તેમ જ [आकाशम्] આકાશ [अस्तित्वे नियता:] અસ્તિત્વમાં નિયત, [अनन्यमया:] (અસ્તિત્વથી) અનન્યમય [च] અને [अणुमहान्त:] *અણુમહાન (પ્રદેશે મોટાં) છે.

ટીકા :- અહીં (આ ગાથામાં) પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્યવિશેષ-અસ્તિત્વ તથા કાયત્વ કહેલ છે.

ત્યાં, જીવો, પુદ્‌ગલો, ધર્મ, અધર્મ અને આકાશ - એ તેમની વિશેષસંજ્ઞાઓ +અન્વર્થ જાણવી.

તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તામાં નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષ-અસ્તિત્વ પણ છે એમ નક્કી કરવું. તેઓ અસ્તિત્વમાં નિયત હોવા છતાં (જેમ વાસણમાં રહેલું ઘી વાસણથી અન્યમય છે તેમ) અસ્તિત્વથી અન્યમય નથી; કારણ કે તેઓ સદાય પોતાની નિષ્પન્ન (અર્થાત્ પોતાથી સત્) હોવાને લીધે (અસ્તિત્વથી) અનન્યમય છે (જેમ અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ). 'અસ્તિત્વથી

* અણુમહાન = (૧) પ્રદેશે મોટાં અર્થાત્ અનેકપ્રદેશી; (૨) એકપ્રદેશી (વ્યક્તિ-અપેક્ષાએ) તેમ જ અનેકપ્રદેશી (શક્તિ-અપેક્ષાએ).

\+ અન્વર્થ = અર્થને અનુસરતી; અર્થ પ્રમાણે. (પાંચ અસ્તિકાયોનાં નામો તેમના અર્થ અનુસાર છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનન્યમય' હોવા છતાં તેમનું 'અસ્તિત્વમાં નિયતપણું' નયપ્રયોગથી છે. બે નયો ભગવાને કહ્યા છે-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં કથન એક નયને આધીન હોતું નથી પરંતુ તે બન્ને નયોને આધીન હોય છે. માટે તેઓ પર્યાયાર્થિક કથનથી જે પોતાથી કથંચિત્ ભિન્ન પણ છે એવા અસ્તિત્વમાં વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે અને દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્ (-વિદ્યમાન, હયાત) હોવાને લીધે અસ્તિત્વથી અનન્યમય છે.

તેમને કાયપણું પણ છે કારણ કે તેઓ અણુમહાન છે. અહીં અણુઓ એટલે પ્રદેશો-મૂર્ત અને અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાના) અંશો; 'તેમના વડે (-બહુ પ્રદેશો વડે) મહાન હોય' તે અણુમહાન; એટલે કે પ્રદેશપ્રચયાત્મક (-પ્રદેશોના સમૂહમય) હોય તે અણુમહાન. આ રીતે તેમને (ઉપર્યુક્ત પાંચ દ્રવ્યોને) કાયત્વ સિદ્ધ થયું. (ઉપરથી જે અણુમહાનની વ્યુત્પત્તિ કરી તેમાં અણુઓને અર્થાત્ પ્રદેશોને માટે બહુવચન વાપર્યું છે અને સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે બહુવચનમાં દ્વિવચન સમાતું નથી તેથી હવે વ્યુત્પત્તિમાં જરા ભાષાનો ફેર કરીને દ્વિ-અણુક સ્કંધોને પણ અણુમહાન બતાવીને તેમનું કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે :) 'બે અણુઓ (-બે પ્રદેશો) વડે મહાન હોય' તે અણુમહાન - એવી વ્યુત્પત્તિથી દ્વિ-અણુક પુદ્‌ગલસ્કંધોને પણ (અણુમહાનપણું હોવાથી) કાયત્વ છે. (હવે પરમાણુઓને અણુમહાનપણું કઈ રીતે છે તે બતાવીને પરમાણુઓનું પણ કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે :) વ્યક્તિ અને શક્તિરૂપે 'અણુ તેમ જ મહાન' હોવાથી (અર્થાત્ પરમાણુઓ વ્યક્તિરૂપે એકપ્રદેશી અને શક્તિરૂપે અનેકપ્રદેશી હોવાથી) પરમાણુઓને પણ, તેમને એકપ્રદેશાત્મકપણું હોવા છતાં પણ, (અણુમહાનપણું સિદ્ધ થવાથી) કાયત્વ સિદ્ધ થાય છે. કાળાણુઓને વ્યક્તિ-અપેક્ષાએ તેમ જ શક્તિ-અપેક્ષાએ પ્રદેશપ્રચયાત્મક મહાનપણાનો અભાવ હોવાથી, જો કે તેઓ અસ્તિત્વમાં નિયત છે તોપણ, તેમને અકાયત્વ છે એમ આનાથી જ (-આ કથનથી જ) સિદ્ધ થયું. માટે જ, જો કે તેઓ સત્ (વિદ્યમાન) છે તોપણ, તેમને અસ્તિકાયના પ્રકરણમાં લીધા નથી.

ભાવાર્થ :- પાંચ અસ્તિકાયોનાં નામ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ છે. આ નામો તેમના અર્થ પ્રમાણે છે.

આ પાંચે દ્રવ્યો પર્યાયાર્થિક નયે પોતાની કથંચિત્ ભિન્ન એવા અસ્તિત્વમાં રહેલાં છે અને દ્રવ્યાર્થિક નયે અસ્તિત્વથી અનન્ય છે.

વળી આ પાંચે દ્રવ્યો કાયત્વવાળાં છે કારણ કે તેઓ અણુમહાન છે. તેઓ અણુમહાન કઈ રીતે છે બતાવવામાં આવે છે :- 'अणुमहान्त:' ની વ્યુત્પત્તિ ત્રણ પ્રકારે છે : (૧) अणुभि: महान्त: अणुमहान्त: અર્થાત્ જેઓ બહુ પ્રદેશો વડે (-બેથી વધારે પ્રદેશો વડે) મોટા હોય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે જીવો, ધર્મ અને અધર્મ અસંખ્યપ્રદેશી હોવાથી અણુમહાન છે; આકાશ અનંતપ્રદેશી હોવાથી અણુમહાન છે; અને ત્રિ-અણુક સ્કંધથી માંડીને અનંતાણુક સ્કંધ સુધીના બધા સ્કંધો બહુપ્રદેશી હોવાથી અણુમહાન છે. (૨) अणुभ्याम् महान्तः अणुमहान्तः અર્થાત્ જેઓ બે પ્રદેશો વડે મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે દ્વિ-અણુક સ્કંધો અણુમહાન છે. (૩) अणवश्च महान्तश्च अणुमहान्तः અર્થાત્ જેઓ અણુરૂપ (-એકપ્રદેશી) પણ હોય અને મહાન (-અનેકપ્રદેશી) પણ હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે પરમાણુઓ અણુમહાન છે, કારણ કે વ્યક્તિ-અપેક્ષાએ તેઓ એકપ્રદેશી છે અને શક્તિ-અપેક્ષાએ અનેકપ્રદેશી પણ (ઉપચારથી) છે, આ રીતે ઉપર્યુક્ત પાંચે દ્રવ્યો અણુમહાન હોવાથી કાયત્વવાળાં છે એમ સિદ્ધ થયું.**

**કાળાણુને અસ્તિત્વ છે પરંતુ કોઈ પ્રકારે પણ કાયત્વ નથી, તેથી તે દ્રવ્ય છે પણ અસ્તિકાય નથી. ૪.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૪ ઉપર પ્રવચન

**जीवा पोग्गलकाया धम्माधम्मा तहेव आगासं ।**
**अत्थित्तम्हि य णियदा अणण्णमइया अणुमहंता ॥ ४ ॥**

**જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ,ને આકાશ એ,**
**અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪.**

**ટીકા :- અહીં (આ ગાથામાં) પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્યવિશેષ અસ્તિત્વ તથા કાયત્વ કહેલ છે.** આટલું કહ્યું છે. આ ગાથામાં પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા નામ. નામ આપ્યા છે ને? કયા નામ? જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ નામ આપ્યા ને. આમાં પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્ય-વિશેષ અસ્તિત્વ ધ્રુવ અને ઉત્પાદવ્યયવાળું અસ્તિત્વ દરેક પદાર્થ સામાન્ય-વિશેષવાળું હોવાપણું દરેક વસ્તુ સામાન્ય-વિશેષપણે છે. સામાન્યપણે એટલે ધ્રુવપણે અને વિશેષપણે એટલે ઉત્પાદવ્યયપણે. અને **કાયત્વ કહેલ છે.** ત્રણ બોલ છે આ ગાથામાં. સમજાણું કાંઈ?

કાયત્વ=ઘણા પ્રદેશપણું. **ત્યાં જીવો, પુદ્ગલો, ધર્મ, અધર્મ અને આકાશ-એ એમની વિશેષસંજ્ઞાઓ અન્વર્થ જાણવી.** નીચે છે, અર્થને અનુસરતી, અર્થ પ્રમાણે. (પાંચ અસ્તિકાયોના નામ તેમના અર્થ અનુસાર છે.) લ્યો! ધર્માસ્તિ નામ એના અર્થ અનુસાર છે. ધર્માસ્તિકાય એમ બીજું શું? એ એનો અર્થ. ત્યાં કાય ધર્મ એટલે આત્માનો ધર્મ એ વાત નથી. ભાવનગર હતા ત્યારે એમ આવ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કો'કનું. એક ધર્માસ્તિ અને અધર્માસ્તિકાય બધી જીવની પર્યાય છે. ધર્મ અને અધર્મ જુદો દ્રવ્ય નથી. વળી એમ આવ્યું હતું. હેં? આવે છે ને? એક ફેરે ભાવનગર હતા ત્યારે આવ્યું હતું. ૭૮ કે ૮૬માં લખાણ આવ્યું હતું. આવા ને આવા પાછા. આ તો પદાર્થ છે. ધર્મ અને અધર્મ એ વિશેષ સંજ્ઞાવાળા અને કાયવાળા અને સામાન્ય-વિશેષ હોવાવાળા. સમજાણું કાંઈ?

પાંચે અસ્તિકાયમાં ધર્માસ્તિ-અધર્માસ્તિ પણ હજી આકાશ સુધી તો કેટલાક લોકો.... ધર્માસ્તિ અધર્માસ્તિમાં હજી ગોટો ઊઠે છે. ઓલામાં નાખી દે. સર્વવિશુધ્ધમાં આવે છે ને? ધમ્મો, ધમ્મો જીવ છે. ભાઈ! કેટલાક ત્યાં નાખે છે. જુઓ અહીં કહી દીધું કે જીવ છે. કયાં? સાંભળને? એ તો જુદી વાત છે. વિશેષમાં આવે છે ને સપ્તમને જાણીને, અંગપૂર્વ આત્મા છે. ધર્મ-અધર્મ તે આત્મા છે. ધર્માસ્તિ-અધર્માસ્તિ કોઈ બીજી ચીજ નથી આત્મા છે. અરે એમ નથી. ત્યાં તો પુણ્ય-પાપની વાત છે. એની પર્યાય એનામાં છે. કોઈકનો લેખ આવ્યો હતો મોટો, કોઈકનો હતો ભૂલી ગયા. કોઈકના ઉપર છાપામાં મોટો લેખ આવ્યો હતો. શ્વેતાંબરનો કે કોઈકનો હતો. જુઓ આ ધર્માસ્તિ-અધર્માસ્તિકાય જીવની પર્યાય છે. ધર્મ છે એ જીવની પર્યાય છે. અધર્મ એ જીવની પર્યાય. અરે, અહીં કયાં એ વાત છે?

ધર્માસ્તિ-અધર્માસ્તિ નામના સંજ્ઞાવાળા બે પદાર્થ છે. સમજાણું કાંઈ? અને તે સામાન્ય-વિશેષ હોવાપણાવાળા પદાર્થ છે. ધ્રુવ રહેનારા અને ઉત્પાદ-વ્યય થનારા. અને તે કાયવાળા છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. જીવ છે અસંખ્યપ્રદેશી. આકાશ છે તે અનંતપ્રદેશી. જુઓ આવું વસ્તુનું સ્વરૂપ છે. અને જ્ઞાનની પર્યાય એને એવડાને જાણે ત્યારે તો એણે જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? ભગવાને આ કહ્યા એવો જીવ છે. એ જીવની એક સમયની દશા પોતાને અને પરને એક સમયમાં આમ સ્વસન્મુખ થઈને પછી બરાબર જાણે, પણ એક સમયની પર્યાયમાં દ્રવ્ય ગુણ આ ને આ. એવું તો એક પર્યાયનો એનો ધર્મ છે. ધર્મ એટલે એટલું સામર્થ્ય છે. એક સમયની પર્યાયનું ઉત્પાદના અસ્તિત્વનું એટલું સામર્થ્ય છે. હોવાપણે પર્યાય માને તેમાં આટલું સામર્થ્ય છે. આખો આત્મા માને. આહાહા! આખો કયારે માન્યો કહેવાય? આમ ધારણા તરીકે પર્યાયમાં માન્યો એ નહીં. સ્વસન્મુખ થઈને જયારે આત્મા દ્રવ્યને અવલંબે અને જે જ્ઞાન થાય એ જ્ઞાન સમ્યક્ અને યથાર્થ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનો ભાગ એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

કેવો? **જીવો, પુદ્ગલો, ધર્મ, અધર્મ અને આકાશ-એ તેમની વિશેષસંજ્ઞાઓ અન્વર્થ જાણવી.** અન્વર્થ એટલે છે એ પ્રમાણે જાણવું એમ. અર્થને અનુસરતી અર્થ પ્રમાણે. ધર્મને ધર્મનો અર્થ બીજું શું? અધર્મને અધર્મનો પદાર્થ એમ શબ્દ જાણવો એ તો રૂઢિવાચક છે ને? એ શબ્દ કયાં ગુણવાચક છે? ધર્માસ્તિ-અધર્માસ્તિ કાંઈ ગુણવાચક છે? અનાદિની રૂઢિના એ શબ્દો છે. ધર્માસ્તિ-અધર્માસ્તિને જાણવું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તામાં નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષ-અસ્તિત્વ પણ છે. એમ નક્કી કરવું.** દેખો હવે. કહે છે? આત્મા, પરમાણુ, અને આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ વસ્તુ એ ઉત્પાદવ્યયધ્રુવમય. નવી અવસ્થા ઊપજે, જુની અવસ્થા જાય, એ ઉત્પાદવ્યય વિશેષ ધ્રુવ તે સામાન્ય. એ સામાન્ય પહેલો શબ્દ છે સામાન્ય એ ધ્રુવને લેવો. વિશેષ લેવો છે ઉત્પાદવ્યયમાં. પછી શબ્દ પ્રમાણે ન લેવું. ઉત્પાદવ્યય એટલે સામાન્ય અને ધ્રુવ એટલે વિશેષ. એમાં અંદર શબ્દની રચના પ્રમાણે આવે ને? ધ્રુવઉત્પાદવ્યય નહીં પણ ઉત્પાદવ્યયધ્રુવ એમ શબ્દ આવ્યો ને. શબ્દ એમ આવ્યો કે 'ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્'. સત્ એટલે વિશેષ અને સામાન્ય સહિત સત્. પહેલું તો વિશેષ આવ્યું. શબ્દ પાછો એમ આવ્યો. એ ઉત્પાદવ્યયધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તા. ઉત્પાદવ્યયસામાન્ય અને ધ્રુવ તે વિશેષ એમ છે? (મુમુક્ષુ :- આ તો વ્યાકરણ શીખવાડયું.) વ્યાકરણ શબ્દમાં આ શું છે. આ શબ્દ જે કહે એમ અર્થ કરી નાખે. ઉત્પાદવ્યય તે સામાન્ય અને ધ્રુવ તે વિશેષ. બે ભાગ પડયા છે ને. દેખો! આ બધું સમજવું પડશે. વસંતભાઈ! કારણ કે બાપા કહેતા હતા કે ઓઘે ઓઘે નહીં હાલે. નહીં? હેં? સારાસાર તત્વ. એમ નહીં સમજાય. અધ્ધરથી ઉપર ટપકે થોડું ઘણું લઈ લીધું એટલે જાણે. (મુમુક્ષુ :- આ બધું સમજવું પડશે?) એને વિરૂધ્ધતા ઘણી થઈ છે તો અવિરૂધ્ધપણે એટલું સમજવું પડશે. વિરૂધ્ધતા નથી એને તો ફટ દઈને આત્મા છે એમ જાણ્યું એટલે બધું એને આવી ગયું. આંહી તો વિરૂધ્ધ લાકડા ઘણાં છે ને. સમજાણું કાંઈ?

ભગવાન કહે છે કે એ પદાર્થોના નામવાળા પદાર્થો છે એમ નક્કી કરવું અને તેમાં ઉત્પાદવ્યયધ્રુવ સામાન્યસત્તામાં નિયત વ્યવસ્થિત છે નિશ્ચિત રહેલાં છે. દરેક પદાર્થ પોતાના ઉત્પાદવ્યય અને ધ્રુવમાં રહેલાં છે. દેખો! આત્મા પણ પોતાના ઉત્પાદવ્યય અને ધ્રુવમાં રહેલો છે. પરમાણુ પણ એના ઉત્પાદવ્ય વિશેષ અને ધ્રુવમાં રહેલ છે. કોઈ કોઈમાં કોઈ દ્રવ્ય રહેલું નથી. કહો, સમજાણું કાંઈ? **તે સામાન્યવિશેષસત્તામાં નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે.** તેમાં નિશ્ચિત છે. આત્મા પોતાના ઉત્પાદવ્યયપર્યાય અને ધ્રુવમાં રહેલો છે. પરમાણુ તેના પર્યાયનો ઉત્પાદવ્યય અને ધ્રુવમાં રહેલ છે. શરીર તેના ઉત્પાદવ્યય ને ધ્રુવમાં રહેલ છે. જુઓને? આવ્યું કે નહીં? કે આત્માને લઈને રહેલ છે. શરીર આત્માને લઈને રહેલ છે? આત્મા શરીરને લઈને રહેલ છે? (મુમુક્ષુ :- ગોમ્મટસારમાં છે.) એ ગોમ્મટસારમાં નિમિત્તનું કથન છે. જીવ કેટલાને શરીર હોય. જીવને શરીરનો સંબંધ નિમિત્તરૂપે કેટલો એમ ત્યાં જણાવ્યું.

અહીં તો કહે છે કોઈપણ પદાર્થ ભગવાને છ દ્રવ્ય કીધાં અને એમ છે. દરેક દ્રવ્ય પોતાના વિશેષ ને સામાન્યસત્તામાં રહેલ છે. એટલે કે એની પર્યાય અને દ્રવ્ય એમાં રહેલ છે. કોઈ દ્રવ્ય, કોઈ તત્ત્વ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોઈની અવસ્થામાં રહેલ છે એમ છે નહીં. કહો બરાબર હશે? પહેલું તો એમ થાતું હતું હમણા સુધી તો-આ શરીર છે ને એ ભલે નિમિત્ત છે આમ રહે આમ રહે, હમણાં વળી નવું નીકળ્યું. જીવ અંદર હોય તો આમ કાંઈક થાય તો આમ થઈ જાય છે. આ નલીનભાઈને થયું ને ત્યાંથી ખબર પડી. નહિતર એમ કે આમ નિમિત્તપણું પણ જીવ હોય ત્યાં સુધી આમ ટટ્ટાર રહે. પણ અંદર જીવ છે તો ટટ્ટાર ન રહે. આહીનું કાંઈક થાય છે એ. અઠયાવીસ વર્ષનો જુવાન માણસ. લ્યો! આમ લડથડીયા ખાતો હતો. આહાહા!

એ કાળે પણ પ્રત્યેક પરમાણુ પોતાના સામાન્ય અને વિશેષ શકિતમાં રહેલ છે. એકએક પરમાણુ ધ્રુવ અને ઉત્પાદવ્યય એક સમયના ત્રણ તેમાં તે રહેલ છે. કહો છગનભાઈ! અત્યારે આત્મા કયાં રહેલ છે? શું કહે છે આ? એના સામાન્ય અને વિશેષમાં રહેલ છે. એનું કાયમનું ધ્રુવપણું અને વર્તમાન ઉત્પાદવ્યયની પર્યાય એમાં એ રહેલો છે. નિગોદનો જીવ પણ એના ઉત્પાદવ્યય અને ધ્રુવમાં રહેલ છે. નિગોદનો જીવ પણ એના શરીરના રજકણમાં રહેલો છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? ત્યાંથી ઉપાડયું જુઓને? સમજાણું?

**अत्थितम्हि** શબ્દ છે ને? એમાંથી સત્તા કાઢી અને સત્તાના ત્રણ બોલ કાઢયા. આહાહા! તેમને સામાન્યવિશેષ અસ્તિત્વ પણ છે. દરેક પદાર્થને ધ્રુવપણું અને ઉત્પાદવ્યયરૂપી અવસ્થા વધી તે એમાં છે. એ રીતે તેનું હોવાપણું છે. બીજી રીતે હોવાપણું નથી એમ નક્કી કરવું. વિશેષ વાત કહેશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૫, ગાથા- ૪
## પ્રવચન નં. ૫
## તા. ૧૯/૧૧/૬૯, કારતક સુદ-૧૦, બુધવાર

પંચાસ્તિકાય નાટકત્રય કહેવામાં આવે છે ને? સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાય ત્રણેય નાટકત્રય કહેવામાં આવે છે. કુંદકુંદાચાર્યના ત્રણ (શાસ્ત્રો) છે. દ્રવ્ય સંગ્રહમાં આવે છે ને? શુધ્ધનયના કથન કરનારા એમ આવે છે. જય ધવલ, ધવલ આદિમાં વ્યવહારનયના કથન કહેવામાં આવે છે. પંચાસ્તિકાયને શુધ્ધનયના કથન કરનારા કહે છે, એમ મારું કહેવું છે. સમજાણું? પણ આ એની સાથે વ્યવહાર કેવો હોય એ જાણાવે છે. ભગવાને કેવળજ્ઞાનમાં પાંચ અસ્તિકાય જોયા. કાળ દ્રવ્ય છે, અસ્તિ છે પણ કાય નથી એટલે પાંચ અસ્તિકાય જોયા. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ. એ આત્માનું કહે એમાં આ આવી જાય છે. આત્માની એક સમયની પર્યાયમાં આવા દ્રવ્યો છે એનું જ્ઞાન એમાં આવી જાય છે. પર્યાયમાં એનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઇ? એવી પર્યાય સહિતવાળું જે ત્રિકાળી દ્રવ્ય છે તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય છે. અને આમાં દરેકમાં સ્વતંત્રતા બતાવે છે.

દેખો. જુઓ! ત્રીજો પેરેગ્રાફ :- **તેઓ,** તેઓ એટલે જીવ, પુદગલ, ધર્મ, અધર્મ અને આકાશ એમની વિશેષ સંજ્ઞાઓ નામ પ્રમાણે છે. **ઉત્પાદવ્યયધ્રૌવ્યમયી** આ દરેક આત્મા અને દરેક પરમાણું-પોઇન્ટ **ઉત્પાદવ્યયધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તામાં નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષ અસ્તિત્વ પણ છે. એમ નક્કી કરવું.** જુઓ, એમ નક્કી કરવું એમ અમૃતચંદ્રઆચાર્ય કહેશે. સમજાણું કાંઇ? કેમ? કે, જે આ આત્મા છે. એમાં ઉત્પાદવ્યય સમય સમયની જે અવસ્થા ઉત્પન્ન થાય પૂર્વની વ્યય થાય અને ધ્રુવ. એવું એ સામાન્ય અને વિશેષ અસ્તિવ એનું છે. તેનો ઉત્પાદ પરને લઈને છે એમ નથી. સમજાણું કાંઇ?

જીવની એક સમયની પર્યાય પોતાથી વિશેષપણે ઉત્પન્ન થાય એ વિશેષ એનું અસ્તિત્વ છે એમ કહે છે. સમજાણું? ભગવાનને દેખવાથી કે ભગવાનની વાણીથી, જુઓ એ એમાં આવે છે કે નહીં આમ ભાઇ! વાણીથી એનો ઉત્પાદ થતો નથી. એમાં આવે છે કે નહીં? એય! પણ શું છે? જુઓ તે જ એટલે જીવ અને પુદગલ આપણે તો અત્યારે બે જ લેવા છે. ધર્મ, અધર્મ અને આકાશ તો છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યમયી અને સામાન્યવિશેષ.ધ્રુવ તે સામાન્ય છે, ઉત્પાદવ્યય તે વિશેષ છે. એના અસ્તિત્વમાં નિયત-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષ હોવાપણું પણ છે એમ નક્કી કરવું. શું કહ્યું તેમાં સમજાણું કાંઈ?

આ જીવમાં પણ, પ્રત્યેક જીવને દરેક સમયે જે જ્ઞાન, દર્શન આદિની જે પર્યાય ઉત્પન્ન થાય તેનું વિશેષ હોવાપણું એમાં થાય છે. સામાન્ય તો ધ્રુવ છે. એનું વિશેષ જે ઉત્પાદવ્યય છે અસ્તિત્વ છે એનું પોતાનું એમાં થાય છે. પરના અસ્તિત્વને લઈને એનો જ્ઞાન, દર્શન કે આનંદનો પર્યાય ઉત્પન્ન થાય એમ નથી. આ પંચાસ્તિકાયનું જ્ઞાન કરવું પણ પંચાસ્તિકાય એમ કહે છે. એ તો નિમિત્તથી વાત કરી છે. સમજાણું કાંઈ? અહીં શું કહે છે? કે જે જ્ઞાન પર્યાય થાય છે તેના ઉત્પાદનો વિશેષ અસ્તિત્વ છે અને ધ્રુવ કાયમ રહે છે. બેય થઈને એ અસ્તિત્વમાં હોવાપણામાં રહેલો જીવ છે. એના ઉત્પાદની કોઈપણ પર્યાયમાં બીજાના ઉત્પાદના વિશેષ પર્યાયથી આ વિશેષ થાય છે એમ છે નહીં. કહો ભીખાભાઈ!

આ ગુરુથી અને વાણીથી ત્યાં વિશેષ અવસ્થા થાય છે એમ અહીં ના પાડે છે. લે કીધું ને? આ શું કહે છે? તેઓ એટલે કે જીવો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એટલે કે ધ્રુવ સામાન્ય અને ઉત્પાદ વિશેષ. એવા સામાન્યવિશેષના, હોવાપણામાં નક્કી થઈને રહેલ છે. સમયે સમયે તેનો ઉત્પાદ વિશેષપણે છે એમાં એ રહેલો છે. એનું વિશેષનું અસ્તિત્વ પોતાને લઈને છે. એનું વિશેષનું અસ્તિત્વ બીજા પ્રાણી કે બીજા જડને લઈને છે નહીં. સમજાણું કાંઈ? (શ્રોતા :- નાસ્તિથી) ના, અસ્તિમાંથી જ અહીં તો અસ્તિ કાઢી છે. અસ્તિ છે કે નહીં? આનાથી થાય છે. ત્યારે એનો અર્થ થયો દરેકમાં એનાથી થાય છે. એટલે આનાથી નથી થતું એ તો એમાં આવી જાય છે સાધારણ વાતમાં. કહો બરાબર છે? જ્ઞાનપ્રસિદ્ધિને અર્થે શબ્દસમયથી અર્થ કહેવામાં આવ્યો. પણ જ્ઞાનની પર્યાય જે અહીં તો પાછું એ કહે છે કે, એનો જે સમય સમયનો પર્યાય ઉત્પન્ન થાય છે, એમાં જે શબ્દની પર્યાયનું અસ્તિત્વ છે માટે જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ ઉત્પન્ન થાય એમ છે નહીં. એમ એમાં છે કે નહીં? નિયત-વ્યવસ્થિત નિશ્ચિત રહેલાં હોવાથી, એમ પરમાણુ આ રજકણ પોઈન્ટ એ પણ એની સમય સમયની એની અવસ્થાનો જે આમ ઉત્પાદ છે તેમાં પૂર્વની અવસ્થાનો વ્યય થાય છે. એ વિશેષ અસ્તિત્વ અને પરમાણુ સામાન્ય. સામાન્ય વિશેષમાં નિયત-વ્યવસ્થિત રહેલું છે એમ નક્કી કરવું. એનો વિશેષ અવસ્થાનો અસ્તિત્વ આત્માના વિકલ્પ કે જ્ઞાનના અસ્તિત્વને લઈને થાય છે એમ છે નહીં. એમ એમાં આવ્યું કે નહીં. એય!

આ વાણી છે, વાણીના રજકણો છે એનો વાણીનો જે શબ્દવર્ગણામાંથી ઉત્પાદ થયો એ ઉત્પાદનું અસ્તિત્વ વિશેષપણું એને લઈને છે. જીવનો વિકલ્પ છે માટે ભાષાની પર્યાયની ઉત્પત્તિ થાય છે એમ નથી. કહો સમજાય છે કાંઈ? તેમ ભગવાને કહ્યા તે છ દ્રવ્ય છે. એ છ દ્રવ્યનો શબ્દનો પર્યાય શબ્દથી ઉત્પન્ન થયો છે. ભગવાનના જ્ઞાનની પર્યાયથી ઉત્પન્ન થયો નથી. તેમ એ શબ્દના પર્યાયથી શ્રવણ કરનારને જે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય ભલે પરલક્ષી એનું કાંઈ નહીં પણ જે ઉત્પન્ન થાય તેનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પાદનું વિશેષપણું સામાન્યનું વિશેષ એનું છે. આ ભાષાને લઈને ત્યાં જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. (મુમુક્ષુ :- આત્માનો ને તેનો મેળ તો છે.) મેળનો અર્થ શું? એ તો નિમિત્ત, નિમિત્ત થયું. (મુમુક્ષુ :- સુમેળ છે.) સુમેળ એટલે? પણ એ ભાષાની પર્યાયનો ઉત્પાદ છે માટે ત્યાં જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સ્વતંત્ર ને એનો ઉત્પાદ વિશેષ.

સામાન્યવિશેષ સત્તામાં નક્કી રહેલાં હોવાથી તેને સામાન્યવિશેષ હોવાપણું પણ છે, સામાન્યવિશેષ હોવાપણું પણ છે એમ નક્કી કરવું. કહો સમજાણું આમાં? આહાહા! સમવસરણના મધ્યમાં આત્મા બેઠો હોય તોપણ અહીં તો કહે છે કે એનું સામાન્યપણું જે ધ્રુવ અને ઉત્પાદવ્યય જે વિશેષ તે સામાન્યવિશેષ અસ્તિત્વમાં જ એનું હોવાપણું છે. એનું હોવાપણું પરને લઈને છે એમ નથી. કહો સમજાણું કાંઈ? પર્યાયનું હોવાપણું અહીં વિશેષને. સામાન્ય તો કાયમ એમાં ધ્રુવ પરમાણુ છે. કે આનું ધ્રુવપણું ચૈતન્યનું ધ્રુવ. પણ વિશેષનો જે સમય સમયે પર્યાય થાય છે એ એનું વિશેષનું અસ્તિત્વ. આ ધ્રુવ સામાન્યનું અસ્તિત્વ. સામાન્યવિશેષમાં આ રહેલો પદાર્થ છે. અને એમાં પરને લઈને કાંઈ થાય છે એમ પરને લઈને રહેલો છે એમ નથી. સમજાણું કાંઈ?

વસ્તુ તો આવી છે. એ માટે તો આ પંચાસ્તિકાય લીધું છે. કુંદકુંદાચાર્યે એ રીતે પંચાસ્તિકાય કહ્યું છે. આહાહા! એક કોર શબ્દથી જ્ઞાનપ્રસિદ્ધિને અર્થે શબ્દ દ્વારા, અનેક શબ્દો એમાં આવ્યા'તા ને. અનેક શબ્દો દ્વારા પહેલું એમ ક્યાંક આવ્યું'તું ને નહીં? અનેક શબ્દોના સંબંધથી કહેવામાં આવતો. અર્થ, અર્થ. બીજી ગાથામાં. અર્થ એટલે અનેક શબ્દોના સંબંધથી કહેવામાં આવતો. ઠીક. એય! એ વસ્તુપણે એક છે ને બધું? એમ કરીને છે. સામાન્યવિશેષપણે છે, છે, છે બસ એ છે. મહાસત્તા તરીકે બધું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાનની પ્રતિમા પાસે જીવ બેઠો હોય તો એને જે શુદ્ધ પરિણામની ઉત્પત્તિ અને પૂર્વના પર્યાયનો વ્યય અને ધ્રુવપણું એનું સામાન્યવિશેષમાં ત્યાં હોવાપણું એનું છે. એને ભગવાનને લઈને એમાં વિશેષ પર્યાય ઉત્પન્ન થઈ છે એવું અસ્તિત્વનું સ્વરૂપ છે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! એય વકીલ! આ તો લોજીકથી વાત ચાલે છે. **તેઓ અસ્તિત્વમાં નિયત હોવા છતાં,** હવે શું કહે છે? દરેક પરમાણું-પોઈન્ટ એક એક રજકણ હો? અને એક એક આત્મા દરેક પોતાના ધ્રુવપણાના સામાન્યમાં રહેલું છે અને ઉત્પાદવ્યયનું વિશેષ એમાં એ રહેલું છે. એમાં સત્તાની સમાપ્તિ એટલામાં છે. એના હોવાપણા માટે બીજાના અંશનું હોવાપણું મદદગાર છે એમ નથી. ભાઈ! હેં? આહાહા!

હવે સિદ્ધાંત એક કરે છે. કે **તે અસ્તિત્વમાં નિયત હોવા છતાં (જેમ વાસણમાં રહેલું ઘી વાસણથી અન્યમય (અનેરૂં) છે તેમ)** વાસણ છે એમાં રહેલું ઘી, એ વાસણથી જુદું છે. જુદું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે નહીં? એમ આ આત્મા અને પરમાણુથી એનું હોવાપણું જુદું છે એમ નથી. સમજાણું કાંઈ?

ભાષા શું આવી? સામાન્યવિશેષ અસ્તિત્વ પણ છે એમ નક્કી કરવું. અને તે નિયત-વ્યવસ્થિત (અવસ્થિત) રહેલાં હોવાથી ઉત્પાદવ્યયને રહેલા અસ્તિત્વ સત્તમાં રહેલો પદાર્થ હોવાથી, સત્તમાં રહેલો પદાર્થ હોવાથી. તેનો અર્થ થયો કે વાસણમાં જેમ ઘી રહ્યું એમ સત્તમાં આત્મા રહ્યો અને સત્તમાં પદાર્થ રહ્યો એમ છે નહીં. એમ નથી. સમજાણું કાંઈ? વાસણમાં ઘી. એ તો વાસણ જુદી ચીજ અને ઘી જુદું એ તો અન્ય વસ્તુ છે. એમ આત્મા પોતાના અસ્તિત્વમાં છે એટલે અસ્તિત્વ કોઈ જુદી ચીજ અને આત્મા એમાં રહેલો છે, વાસણમાં ઘીની પેઠે એમ નથી. સમજાય છે કે નહીં આમાં? (મુમુક્ષુ :- નવી વાત આવી) આમાં નવી વાત ક્યાં? આ તો ઘણીવાર કહેવાણી. આ તો પાઠમાંથી આટલું નીકળે છે.

**તેઓ અસ્તિત્વમાં નિયત હોવા છતાં** એટલે શું કહે છે? દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાના હોવાપણામાં નિયત-નક્કી હોવા છતાં એનું હોવાપણું એવું નથી કે જેમ વાસણમાં ઘી હોય. એવા હોવાપણામાં આત્મા છે, એવા હોવાપણામાં પરમાણુ છે એમ નથી. સમજાય છે?

અસ્તિત્વથી અન્યમય નથી. આત્મા પોતાની વિશેષ પર્યાય અને સામાન્ય ધ્રુવ. એવું જે સત્ત. 'સત્દ્રવ્યલક્ષણમ્' કીધુંને? એ સત્માં રહેલું દ્રવ્ય છે એ વાસણમાં રહેલું ઘી છે એમ નથી. સમજાય એવું છે આમાં કાંઈ બહુ ઝીણું એવું નથી. હેં? અસ્તિત્વથી અન્યમય નથી. જેમ વાસણથી ઘી જુદું છે એમ આત્મા પોતાની જે ઉત્પાદ પર્યાય જે ઉત્પાદવ્યયનો પર્યાય એક સમયનો છે અને ધ્રુવ છે એવા હોવાપણામાં સત્માં દ્રવ્ય છે. પણ વાસણમાં ઘી છે એમ સત્માં દ્રવ્ય છે એમ નથી. દ્રવ્ય ને અસ્તિત્વ બે તો અનન્યમય છે. કેવી વાતું! સમજાણું કાંઈ?

અસ્તિત્વથી અન્યમય નથી. કોણ? વસ્તુ. વાસણ ને ઘી અનેરા છે એમ આત્માના પરમાણુઓ અસ્તિત્વથી અનેરો આત્મા એમાં રહે છે, દ્રવ્ય અનેરું એમાં રહે છે એમ નથી. અસ્તિત્વ અને દ્રવ્ય બેય એક જ વસ્તુ છે. સમજાણું કાંઈ? પર્યાય નહીં. અહીં ગુણગુણી તો ઠીક પણ ગુણ ને પર્યાય બેયમાં દ્રવ્ય રહેલું છે. ગુણ ને પર્યાય બેયમાં રહેલું દ્રવ્ય પણ કેવી રીતે રહેલું છે? કે ઘી જેમ વાસણમાં રહે છે એમ નથી. એ તો અસ્તિત્વમાં રહેલો એ જ દ્રવ્ય એમ. અસ્તિત્વ હોવાપણું સામાન્યવિશેષમાં રહેલું દ્રવ્ય તે જ વસ્તુ છે. દ્રવ્ય કોઈ જુદી ચીજ છે અને સામાન્યવિશેષ સત્માં દ્રવ્ય રહેલું છે એમ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ સંયોગી સંબંધ છે આ તો પર્યાયનો સામાન્યવિશેષ તે પોતે જ દ્રવ્ય છે. એમ કહે છે. સામાન્યવિશેષપણું તે જ પોતે દ્રવ્ય છે એમ. સામાન્યવિશેષનું અસ્તિત્વ ભિન્ન છે અને તેમાં રહેલું દ્રવ્ય છે એમ કાંઈ જુદી ચીજ છે નહીં.

**કારણ કે તેઓ સદાય પોતાથી નિષ્પન્ન (અર્થાત પોતાથી સત્) હોવાને લીધે,** શું છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સદાય પોતાથી સત્ હોવાને લીધે. દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાથી સત્ હોવાને લીધે અસ્તિત્વથી અનન્યમય છે. એકમેક છે. આત્મા પોતાનો પર્યાય વિશેષ ને સામાન્ય એનાથી એકમેક છે. સમજાણું કાંઈ? વાસણ ને ઘી જેમ એક નથી એમ આમાં નથી. ખબર ન મળે આમાં ક્યાંય માણસને! કે આ શું કહે છે?

ભગવાનઆત્મા અંદર વસ્તુ છે, કહે છે કે એનું સામાન્યપણું એટલે ધ્રુવ. વિશેષપણું એટલે ઉત્પાદવ્યયનો પર્યાય. એ ત્રણ થઈને અસ્તિત્વ છે. અને એ અસ્તિત્વની સત્તામાં રહેલું દ્રવ્ય છે. 'દ્રવ્યસત્લક્ષણમ્' એ સત્. પણ એ સત્ એવું નથી કે જેમદ વાસણમાં ઘી રહે એમ સત્માં દ્રવ્ય રહે, એવું નથી. એ સત્મય જ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આ ભાષાનો જે પર્યાય છે એ પરમાણુની વિશેષ અવસ્થા છે. અને પરમાણુ જે છે તે ધ્રુવ છે. એ સામાન્ય ને વિશેષમાં રહેલાં પરમાણુઓ દ્રવ્ય છે. પણ એ સામાન્યવિશેષમાં રહેલાં પરમાણુઓ એવા નથી કે જેમ વાસણમાં ઘી રહે તેમ. એ તો સામાન્યવિશેષનું અસ્તિત્વ તે જ અનન્ય દ્રવ્ય છે. આરે! ભારે! આ તો પંચાસ્તિકાય છે. વજુભાઈ!

શ્રીમદ્દે અર્થ કર્યા છે. આમાં કર્યા છે ને? મૂળગાથાના અર્થ કર્યા છે. આખા પંચાસ્તિકાયના. બહુ સરસ છે. ઉપોદ્ઘાતમાં પણ છે ને? રહસ્ય જૈન નિગ્રંથ માર્ગના કારણ છે અને પછી સદગુરુદેવાય નમઃ કુંદકુંદાચાર્યને સદગુરુદેવ તરીકે સ્થાપી ને પછી આના પંચાસ્તિકાયના અર્થ કર્યા છે. સમજાણું? લ્યો! વળી યાદ આવ્યું ને? અર્થ કર્યા છે ને? કયા વર્ષમાં છે? લ્યો, ઈ જ આવ્યું. ઓમ સર્વજ્ઞાય નમઃ એમ કહી દીધું પાછું. નમઃ સદગુરુદેવાય એ કુંદકુંદાચાર્યને વંદન કર્યા છે. પછી આપણે આ ચાલે છે ને? ત્રીજીઃ-પંચાસ્તિકાયના સમૂહરૂપ અર્થસમયને સર્વજ્ઞવીતરાગદેવે લોક કહ્યો છે. તેથી ઉપરાંત માત્ર આકાશરૂપ અનંત એવો અલોક છે. એટલો અર્થ. શબ્દાર્થ કર્યો ને? ચોથી હવે જુઓ. જીવ, પુદગલસમૂહ, ધર્મ,અધર્મ તેમજ આકાશ તે પોતાના અસ્તિત્વમાં નિયમથી રહ્યા છે. જુઓ મહાસિદ્ધાંત. શબ્દાર્થ જ કર્યા છે. જીવ, પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ એ પોતાના હોવાપણામાં નિયમથી નિશ્ચયથી રહેલાં છે. પોતાની સત્તાથી અભિન્ન છે. અનન્ય છે. વાસણમાં ઘી છે એમ નથી. પણ ઘીમાં જેમ ઘોળાશ છે, ઘોળાશમાં જેમ ઘી છે, ગળપણમાં જેમ સાકર છે એમ છે એ. સમજાણું કાંઈ? પોતાની સત્તાથી એકમેક છે અને અનેક પ્રદેશાત્મક છે લ્યો, એ ચોથી. જુઓ અહીંયા એકલા શબ્દાર્થ કર્યા છે ને ફક્ત? અને આ તો એની ટીકા છે. આ એકેક રજકણ અને એકેક આત્મા કે એકેક કાળાણુ આદિ અહીં અસ્તિકાયમાં નથી લખ્યું બધામાં લઈ લેવા. એક સામાન્યવિશેષપણું એના હોવાપણામાં છે. સામાન્ય એટલે કાયમ રહેવું અને વિશેષ એટલે વર્તમાન અવસ્થાપણે રહેવું.

એવું કાયમ નિત્ય પરિણામી વસ્તુ. નિત્ય એટલે સામાન્ય ધ્રુવ. ઉત્પાદવ્યય તે વિશેષ. એમાં રહેલું દ્રવ્ય છે. એ એનું આખું અસ્તિત્વ સત્ એમાં રહેલું તે દ્રવ્ય છે. પણ તેવું કેવું છે? કે સત્માં રહેલું દ્રવ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનન્યમય છે. જુદું જુદું નથી. શું કીધું? જેમકે આ શબ્દની પર્યાય થાય છે માટે સાંભળનારને જ્ઞાનનો પર્યાય ઉત્પાદ થાય, એમ નથી. એના જ્ઞાનના પર્યાયના વિશેષપણાનું હોવાપણું અને જ્ઞાનગુણનું ધ્રુવપણું એ સામાન્યવિશેષમાં રહેલું એ દ્રવ્ય છે, તેથી તે વિશેષપણું એનાથી રહેલ થયુ છે. સમજાણું કાંઈ? ભાષાથી થયું નથી. આરે ભારે વાત! લે મેળવે કોણ? આ વળી ઠીક કાઢયું. પણ વસ્તુ આ રીતે છે તેમાં મેળવવું તો કોને? એ કહે છે કે આવો શબ્દ પડે એવું ત્યાં જ્ઞાન થાય એવો મેળ કોણ કરતું'તું. પણ એ તો ત્યાં જ્ઞાનનો પર્યાય તેનો જ્ઞાનગુણ છે ને? ત્રિકાળી ગુણ છે. જીવદ્રવ્ય છે, જ્ઞાનગુણ છે. એ ગુણનો વર્તમાન વિશેષ જે પર્યાય છે એ એનો થાય છે. (મુમુક્ષુ :-પણ એનો મેળ કોણ કરે છે?) પણ મેળ કોણ? મેળ એટલે શું પણ? મેળ એટલે શું? ભાષાની પર્યાય ભાષામાં થાય, આની પર્યાય આનાથી થાય એમાં મેળ શું બીજો કરવો છે? (મુમુક્ષુ :- સુમેળ છે.) સુમેળ એટલે? નિમિત્ત-નિમિત્તનો સુમેળ. બીજો આનાથી થયો એવો મેળ નથી. તો તો એનું વિશેષ અસ્તિત્વ પોતાથી રહેતું નથી. પરને લઈને જો એને વિશેષ જ્ઞાનપર્યાય, દર્શનપર્યાય, ચારિત્રપર્યાય કોઈપણ પર્યાય વિશેષ થાય તો એનું સામાન્યવિશેષપણાનું હોવાપણું રહેતું નથી. એનું વિશેષપણું પરને લઈને થયું. પોતાને લઈને વિશેષપણે સત્ છે એમ તો રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

ભ્રમ ટાળી નાખે એવી વાત છે. ભ્રમ ટાળવા માટે તો લખ્યું છે. એ શાંતિભાઈ! શું કહે છે આ? અહીં તો ભ્રમણા ટાળવા માટે વાત છે. તને તારી ખબર નથી તું કેમાં કઈ રીતે હોવાપણે છો? તારું સામાન્યપણું તો કાયમ છે. પણ ક્ષણે ક્ષણે જે વિશેષપણું થાય છે એ વિશેષપણું પણ તારા હોવાપણાને લઈને તારા સત્‌માં તને થાય છે. એ વિશેષપણું પરના સત્‌ને લઈને અને પરને કારણે થાય છે એવું વસ્તુનું સ્વરૂપ નથી.એમ નક્કી કરવું એમ કહે છે. આહાહા!

જુઓને? નક્કી કરવું કહ્યું નથી એમાં? જુઓ! આહા! નક્કી તેં કર્યું. કયાં આવ્યું? ચોથી. ના, ના, આ સંસ્કૃતમાં. **तेषामुत्पादव्ययध्रौव्यमय्यां सामान्यविशेषसत्तायां नियतत्वाद्रयव-स्थितत्पादवसेवम् ।** છે ને! અવ-અવ નિશ્ચય, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. સમજાણું? તારો વર્તમાન એક સમયની અવસ્થાનો પર્યાય તારાથી તારી સત્તામાં છે. પરને લઈને બિલકુલ એમાં કાંઈ થાતું નથી. કાલ આવ્યુ'તુંને શબ્દના માર્યા મર ગયા રે. એ મોહનભાઈ! એ તો શબ્દ તો નિમિત્ત છે. શબ્દ પણ એ જગતના પરમાણુઓની વિશેષ અવસ્થા છે. પરમાણુ કાયમ રહેનારા સામાન્ય છે એની એક વિશેષ દશા છે. એ પણ વિશેષ ને સામાન્ય અસ્તિત્વમાં રહેલો એ પદાર્થ છે. એ પદાર્થની પર્યાય બીજાને જ્ઞાનનો વિશેષ પર્યાય કરાવે એમ છે નહીં. એ તો આપણે આવી ગયું. પ્રવચનસારમાં છેલ્લું નહીં? છેલ્લું. અમે શબ્દોના કરનાર છીએ એમ ન માન તું. અમૃતચંદ્રાચાર્ય. અમે શબ્દોના કરનાર એમ ન માન. અને શબ્દો તને જ્ઞેય બનાવે એટલે જ્ઞાનની પર્યાય કરાવે એમ ન માન. અને શબ્દોની રચના અમે કરી છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શાસ્ત્રના વ્યાખ્યાતા અમે છીએ, વાણી એની વ્યાખ્યેય છે અને ઓલો એનો જ્ઞેય થઈ શકે છે એમ ત્રણે ભિન્ન ભિન્ન એમ છે જ નહીં. આહાહા!

આવું વીતરાગનું તત્ત્વ લોકોને, આહાહા! વસ્તુ નિઃસંદેહપણે આ રીતે છે એમાં પ્રશ્ન શું? આહાહા! એમ ન હોય તો બીજી રીતે વસ્તુ સાબિત, સિદ્ધ વિશેષપણું સામાન્યપણું સિદ્ધ થશે જ નહીં. હેં? આહાહા! કહો સમજાણું? કહે છે કે આ મંદિરના જે પરમાણુઓ કાયમના છે એ ધ્રુવ અને આ અવસ્થા થઈ એ એનું વિશેષ. એ સામાન્યવિશેષમાં રહેલું એનું હોવાપણું છે. એની વિશેષ પર્યાયને શુભભાવવાળો બીજો જીવ કરે એમ નથી. એય!બરાબર છે. અહીં એને બધું મોટું કરવું છે ને? પરમાગમ-મંદિર. કહે છે કે એના એકએક પરમાણુઓ સામાન્યપણે રહેનારો અને તે ક્ષણની એની ઉત્પાદવ્યયની અવસ્થા વિશેષપણે રહેનારી, રહેનારી એટલે અસ્તિત્વ. તે રીતે તેના સામાન્ય ને વિશેષમાં પરમાણુ રહેલો છે. તે ક્ષણના વિશેષને બીજો કોઈ આત્મા કે બીજો કોઈ પરમાણુ એના વિશેષના અસ્તિત્વને ઉત્પન્ન કરે એને લઈને વિશેષપણું રહે એમ નથી. ચંદુભાઈ! બરાબર છે એય!

નિમિત્તપણે તો એને ઘરે રહ્યું. નિમિત્તની અવસ્થા નિમિત્તમાં રહી એમાં આને શું પર્યાય આવી? ભાવનિમિત્ત. ભાવનિમિત્ત પણ નિમિત્ત એટલે શું? નિમિત્ત એટલે એની પર્યાય એમાં ને આની પર્યાય આમાં એનું નામ નિમિત્ત. કહો, સમજાણું કાંઈ? એ તો અહીં કહે છે. પોતે બીજાથી ન હોય એ પોતાથી હોય એ તો અહીં સિદ્ધ કરે છે. નિમિત્તથી એક દોકડોય ન થાય. સમજાય છે કાંઈ? પાણી ઊનું થયું એ ઊનાની અવસ્થા પાણીના રજકણોની વિશેષ અવસ્થા છે. એના રજકણો કાયમ રહેનારા એ સામાન્ય છે. એ સામાન્ય અને વિશેષમાં રહેલું અસ્તિત્વ ને સત્‌માં રહેલો તે દ્રવ્ય છે પરમાણુ. એથી કોઈ એમ કહે કે અગ્નિની ઉષ્ણ અવસ્થા નિમિત્ત છે માટે થઈ એમ છે નહીં. ઊનું નિમિત્તનું છે કે ઊની અગ્નિ થઈ છે? અગ્નિ તો અગ્નિમાં રહી છે ઊનું તો એ થયું છે. એમાં થયું છે, તે કાળે થયું છે તેનાથી થયું છે. કહો સમજાણું કાંઈ?

દેખાય છે ને ત્યાં? તે કાળે થયું પણ તેનાથી એમ કયાં દેખાય છે? તે કાળે થયું તો એ એનો વિશેષભાવ છે. પાણીનો વિશેષભાવ અસ્તિત્વનો વિશેષ ઉત્પાદવ્યય એ તેનો છે. એ વિશેષ ઉત્પાદવ્યય એ અગ્નિનો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એય! આ રોટલીની ઉત્પાદવ્યયની પર્યાય વિશેષ એના રજકણોનું ધ્રુવપણું સામાન્ય. એ સામાન્ય ને વિશેષમાં એ રજકણો 'સતદ્ર્વ્યલક્ષણમ્' એમ. એ સત્ ત્રણ થઈને હો? ત્રણે થઈને. એ ત્રણમાં દ્રવ્ય રહ્યું. રહ્યું એટલે એ છે એમ. અનન્યમય છે. એક બીજી ચીજ છે તેનું જ્ઞાન કરાવવા લખાણ છે. કહો સમજાણું કાંઈ? સદાય પોતાથી સત્ છે. તેથી તે અનન્યમય છે એમ.

દરેક રજકણ અને દરેક આત્મા પોતાથી નિષ્પન્ન છે. નિષ્પન્ન એટલે સત્ છે. પોતાથી હોવાપણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ કહે છે. સદાય પોતાથી હોવાપણે છે. ધ્રુવ અને વિશેષપણું સદાય પોતાથી હોવાપણે છે. ધ્રુવ અને વિશેષપણું-જગતને વાંધા વિશેષમાં છે ને? તો અહીં કહે છે કે દરેક પરમાણુ અને દરેક આત્માનું વિશેષપણું પોતાથી છે. નવનીતભાઈ! પણ એ કયાં વિશેષ વિનાનો છે? વિશેષના હોવા વિનાનો છે કે બીજાને લઈને એમાં આવે? 'ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્‌સત્‌' અને 'સત્‌દ્રવ્યલક્ષણમ્‌' એ અહીં સિધ્ધ કરે છે. આહાહા! મહાસૂત્ર તત્ત્વાર્થસૂત્રમાં.

કહે છે કે એક સાકરનો ગાંગડો જીભ ઉપર પડયો. અને એનું જીવને જ્ઞાન થયું. જ્ઞાન થયું કે આ ગળી (મીઠી)છે. આ ગળી છે હોં! હું ગળ્યો છું એમ નહીં. તો કહે છે કે ગળી જે અવસ્થા છે એ સાકરની વિશેષ અસ્તિત્વમાં રહેલી છે.અને અહીં જ્ઞાન થયું એ પોતાના ઉત્પાદના વિશેષ અસ્તિત્વમાં થયું. એ સાકરને લઈને જ્ઞાનનો પર્યાય થયો છે એમ નથી. સમજાણું કાંઈ? વાસણ અને ઘીની પેઠે **અસ્તિત્વથી અન્યમય નથી. કારણકે તેઓ** તેઓ એટલે પદાર્થ જીવ ને પુદગલો. **સદાય** એટલે ત્રણે કાળે. **પોતાથી** સત્‌ છે. સામાન્યવિશેષ પોતાથી સત્‌ છે. **હોવાને લીધે (અસ્તિત્વથી) અનન્યમય છે. (જેમ અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ)** લ્યો! દાખલો બીજો આપ્યો જોયું એલું વાસણને ઘી છોડી દીધું. ઉષ્ણમય.

અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે. છતાં અગ્નિ ઉષ્ણમય છે એમ કહેવાય પણ એ ઉષ્ણ ને અગ્નિ કાંઈ જુદી ચીજ નથી. અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ. **'અસ્તિત્વથી અનન્યમય' હોવા છતાં,** હવે જુઓ બે નય સિધ્ધાંત કરે છે. હોવાપણાથી એકમેક હોવા છતાં દરેક આત્મા ને પરમાણુ હોવાપણાની સત્તાથી એકમેક હોવા છતાં તેમનું અસ્તિત્વમય એટલે હોવાપણામાં **'અસ્તિત્વમાં નિયતપણું' નયપ્રયોગથી છે.** હોવાપણામાં નિયતપણું રહેલું નિશ્ચિત રહેલું હોવાપણામાં નિશ્ચિત રહેલું નયના પ્રયોગથી છે. તે બે નયો ભગવાને કહ્યા છે. સમજાણું કાંઈ? જુઓ બે નયો એમાં ને એમાં સમાડે છે. પરને લઈને નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા વિશેષપણું થયું તે સત્‌. હવે એ સત્‌માં આત્મા છે એને એમ કહેવું એ વ્યવહારનય થયો. અને સત્‌રૂપે છે એ નિશ્ચયનય થયો. પણ તેમાં પરની અપેક્ષાએ વ્યવહારનય અને પોતાની અપેક્ષાએ નિશ્ચયનય એમ નથી. એમ અહીં તો કહે છે. ફરીને. સમજાણું કાંઈ?

શું કહ્યું જુઓ. જીવ....પરમાણુઓનું હોવાપણામાં અસ્તિત્વ છે ને? અસ્તિત્વમાં એટલે હોવાપણાની સત્તામાં - સત્તામાં. હોવાપણામાં. નિયતપણું એટલે નિશ્ચિત રહેલું. એ નયપ્રયોગથી છે. નયના પ્રયોગના વેપાર બે પ્રકારે છે. બે નયો ભગવાને કહ્યા છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. એક દ્રવ્ય અર્થિક દ્રવ્ય વસ્તુ જેનું પ્રયોજન છે અને પર્યાય જેનું પ્રયોજન છે એવા **બે નયો ભગવાને કહ્યા છે. ત્યાં કથન એક નયને આધીન હોતું નથી પરંતુ તે બન્ને નયોને આધીન હોય છે.** પણ આ બન્ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નયને આધીન પણ એક જ દ્રવ્યમાં બેય સમાય છે એમ. સમજાણું કાંઈ?

વ્યવહારનયથી પરને લઈને થયું અને નિશ્ચયથી સ્વને એમ નથી અહીં કાંઈ. ફકત એ વસ્તુ છે આત્મા અને આ રજકણ એની વિશેષ અવસ્થા વર્તમાન ઉત્પાદવ્યય અને કાયમ ધ્રુવ. એવા ત્રણનું એકપણું સત્ એ સત્‌માં આત્મા છે. અનન્યમય છે. અનન્યમય રહેલો છે એને જાણવા માટેના બે નય. એમાં ને એમાંના નય. **ત્યાં કથન એક નયને આધીન હોતું નથી પરંતુ બન્ને નયોને આધીન હોય છે. માટે તેઓ પર્યાયાર્થિક કથનથી જે પોતાથી કથંચિત ભિન્ન પણ છે.** કોણ? અસ્તિત્વ. અસ્તિત્વ ગુણ છે ને એ. હોવાપણું. દ્રવ્ય એમાં હોવાપણે છે. તે અપેક્ષાએ કથંચિત વ્યવહારનયથી, પર્યાયનયથી ભિન્ન પણ છે. પણ આ પર્યાયનય હોં! પરને લઈને આમ છે એ તો અહીં વાત છે જ નહીં. ભાઈ! શું કીધું સમજાણું?

બે નય કીધા પણ બે નયમાં એક નય સ્વથી થાય અને બીજો નય પરથી થાય એ પ્રશ્ન અહીં છે જ નહીં. એના હોવાપણાનો વિશેષભાવ તે સામાન્ય. તેનું જે અસ્તિત્વ. એ અસ્તિત્વમાં જે છે તે ભેદદષ્ટિએ જોતાં તે પર્યાયાર્થિકનયે બરાબર છે. પણ પર્યાયાર્થિકનયને આધીન આ છે કથંચિત ભિન્ન. વસ્તુ અને વસ્તુ જે સત્‌માં રહેલી છે તે હજી ભેદથી પર્યાયનયથી છે. પરને લઈને કાંઈ છે એ પ્રશ્ન અહીં છે નહીં. આરે ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

ભઈ આ પુસ્તક સામે આવ્યું માટે અહીં વિશેષ જ્ઞાનનો પર્યાય થયો એ પર્યાયનયથી કથન છે. હેં? એમ નથી. એમાં પર્યાયનયથી એટલે? છે જે સામાન્ય વિશેષ અસ્તિ હોવાપણે એમાં છે એવો ભેદ પાડીને કથન તે પર્યાયાર્થિકનયનું કથન છે. એમ કહે છે. આમાં છે એટલું કીધું ને? એ કોનાથી છે પરથી એ પ્રશ્ન વ્યવહારનયનો પણ નથી અહીં તો. આહાહા! સમજાણું કાંઈ?

ઓહો! સંતોએ જંગલમાં રહીને આવા સિદ્ધાંતો કહ્યા એ પણ વ્યવહારથી કહેવાય છે. ના. ના. અનન્યમય કીધું એ બરાબર છે.પણ અનન્યમય એટલે સતરૂપે તે છે એમ. પણ હવે સત્‌માં છે, સત્‌માં છે એ કથંચિત્ પર્યાયભેદ થઈ ગયો. ભેદ પડી ગયોને એટલું. સામાન્યવિશેષ હોવાપણામાં દ્રવ્ય છે એમ થયું ને? એટલો ભેદ પડી ગયો એટલું. હોવાપણામાં 'આ' છે. 'આ' એટલો ભેદ પડી ગયો ને? પરને લઈને છે એ પ્રશ્ન તો અહીં છે નહીં. સમજાણું કાંઈ? આ તો બહુ સાદી વાત છે. જરીક પણ વેપારીને આ કરવું પડશે કે નહીં? એ ભીખાભાઈ! એ બંગડીઓના વેપારી છે ને. સવારથી હતા. છોકરો કહેવાય છે. ન્યાં જાય થોડીક વાર જાય. ત્યાં સખ વળે. કલાક બે કલાક જાય, તપાસ કરે, કેમ છે, કેમ નહીં? ઘરે જઈ આવે. સમજાણું કાંઈ? પણ કહે છે કે ન્યાં જે પર્યાય ઉત્પન્ન થવાનું અને જે દ્રવ્ય છે એ સામાન્યવિશેષ સત્તામાં રહ્યું છે એમ કહેવું એને લઈને એ પર્યાયનયથી કથન છે અને તે અનન્યમય છે. તે પોતે સતરૂપ છે એમ કહેવું એ દ્રવ્યાર્થિકનયનું કથન છે. આરે! આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે નયો ભગવાને કહ્યા. પરમેશ્વરની વાણીમાં બે પ્રકાર આવ્યા છે. એકએક તત્ત્વને સત્‌માં રહેલું એટલું કહેવું તે કથંચિત્ ભિન્નતા થઈ. સમજાણું? ગળપણમાં સાકર છે. જુઓ એટલો ભેદ પડયો કે નહીં? અહીં તો ગળપણમાં સાકર છે. અહીં તો સત્તામાં દ્રવ્ય છે એમ લેવું છે ને? ધ્રુવપણામાં નથી લેવું. અહીં તો ગુણપર્યાય બેયની સત્તા છે બેયની ધ્રુવ એમાં છે. એમાં સામાન્યવિશેષ સત્ એમાં દ્રવ્ય છે. સમજાણું કાંઈ? માટે પર્યાયથી ભેદદષ્ટિથી કથન કરીએ તો કથંચિત્ પર્યાયથી તે ભિન્ન પણ કહેવામાં આવે. **એવા અસ્તિત્વમાં વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે.** લ્યો! એનું હોવાપણું વિચાર કરે તો વિચાર થોડો થોડો અહીં તો હાલે એવો છે. હળવે હળવે તો કહેવાય છે આ તો અહીં વેગ ન મળે. આ આત્મા અને એની ગુણ પર્યાય એ બધું સામાન્ય ને વિશેષનું હોવાપણું થયું. પરમાણુઓ એનું સામાન્ય ને વિશેષનું હોવાપણું થયું. આહાહા! અહીં તો બીજી વાત છે. ઠીક એમાં આવ્યું છે. સહજ બીજી ચીજ દેખીને આ સારી છે એવો જે ઉત્પાદ થયો, સમજાય છે? એ પર વસ્તુ દેખીને થયો છે? અને બીજી (વસ્તુ) સારી છે એ માટે સારું એમ એને વિકલ્પનું જ્ઞાન આવ્યું છે? સમજાણું કાંઈ? વસ્તુ કોઈ સારી નરસી છે જ નહીં. વસ્તુ તો જ્ઞેય છે. તો આ સારી છે. શરીર સુંદર છે, આ વાણી સુંદર છે. આ માટી અમને પ્રેમ થાય છે એમ કોઈ કહે તો એ ખોટી વાત છે, કહે છે. એ પ્રેમની ઉત્પત્તિ તારા વિશેષ અસ્તિત્વમાં છે. ઓલાને લઈને અસ્તિત્વની ઉત્પત્તિ છે નહીં. સંજય!

કોઈકના હોવાપણાના પ્રકારને લઈને, કોઈકના હોવાપણામાં એનું કાંઈક થાય એ તો ના પાડી છે અહીં. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આ તો સમજાય એવું છે. આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ એવું નથી. છે તત્ત્વ ઝીણું પણ આવું જ વસ્તુનું સ્વરૂપ છે. એ રીતે છે તેમ તેણે જ્ઞાનમાં લેવું જોઈએ. વિપરીત કરે તો તે જ્ઞાન ખોટું છે, ભ્રમણા છે ને અજ્ઞાન છે. આહાહા! લ્યો! એ જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું નહીં. જ્ઞાન પોતે વિશેષપણે પરિણમ્યું છે. પણ એ જ કીધું ને? વિશેષપણે પરિણમ્યું છે. બીજું અહીં કાંઈ વિશેષપણે ત્યાં પરિણમવા ગયો નથી. મૂળ તો સામાન્યવિશેષનું હાલતું હતું ને? આપણે તે દિ' અહીંયા. બંસીધરજી આવ્યા તે દિ' પહેલાં વહેલાં. શેઠની હારે આવ્યા નહીં? પ્રવચનસારની અડતાલીસ ને ઓગણપચાસમી ગાથા. એ કહે એમાં શું છે? અરે! એમાં તો બધુંય છે. કીધું આમાં શું છે? શું નહીં? કાંઈ એનો મેળ નથી. તારું નિમિત્ત ઊડી જાય છે, એમાં એમ છે. નિમિત્તથી થાય છે એ કહે છે તારું વિશેષપણું તારે લઈને છે એમાં નિમિત્તથી વિશેષ થાય છે એ ભાગ ઊડી જાય છે એમાં એ છે. આહાહા! હેં? હા. અરે જ્ઞાનીથી જ્ઞાન થાય લોકો કેમ ભૂલે છે. જિનવાણીમાં આવે છે ને. અહીં તો કહે છે એ બધા નિમિત્તના કથન છે. જ્ઞાનીનું નિમિત્ત હતું એ કથન છે. પણ જ્ઞાનીથી અહીં જ્ઞાન થાય છે એમ વસ્તુનું સ્વરૂપ જ નથી. આહાહા! એ તો અજ્ઞાની નિમિત્ત ન હોય એટલું બતાવવા એ વાત કરી છે. પણ જ્ઞાનીથી જ્ઞાન થાય, દીવે દીવો થાય નથી આવતું? એ તો આવે છે ને બેય આવે છે. ધ્યાનનુંય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવે છે. ન્યાં કષાયની અગ્નિ છે. વ્યવહારની વાત કરી. સિધ્ધનું ધ્યાન કરીને, સિધ્ધનું ધ્યાન કરીને પોતે પોતામાં સમાય ત્યારે ધ્યાન કહેવાય. કહો, સમજાણું કાંઈ? અહીં તો શું કહે છે, સિધ્ધ ભગવાન તો અનેરી ચીજ છે. તો અનેરી પર્યાયને લઈને અહીં ધ્યાનની પર્યાય ને સ્થિરતા થાય? સિધ્ધની પર્યાય એ દ્રવ્યનું વિશેષપણું છે. એનો આત્મા ત્રિકાળી ધ્રુવ. હવે એની સિધ્ધની પર્યાય તો એનું વિશેષ છે. હવે એ વિશેષ સામાન્યમાં રહેલો આત્મા છે. હવે એની વિશેષસત્તામાં રહેલો આત્મા એની અહીં વિશેષ અવસ્થા એને લઈને અહીં થાય? (મુમુક્ષુ :- જબરું ભેદજ્ઞાન બતાવો છો.) આવું મળે? વસ્તુ બીજી રીતે (નથી). અહીં તો સામાન્યવિશેષ અસ્તિત્વ જ સિધ્ધ થતું નથી એમ સિધ્ધ કરે છે.

કોઈપણ ગુણ છે એ ધ્રુવ છે. અને તેનો તે ક્ષણનો પર્યાય તે ઉત્પાદવ્યય. હવે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ બીજી રીતે સિધ્ધ થતું નથી. આથી ઉલટું માને તો આખા તત્ત્વનો જ લોપ થઈ જાય છે. આહાહા! પણ એ વસ્તુસ્થિતિ સિધ્ધ કરી છે. **અને દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્** દેખો! જોયું? ઓલું કથંચિત ભિન્ન પર્યાયથી દેખીએ તો અને દ્રવ્યાર્થિક વસ્તુથી દેખીએ તો મહાસત્તા સામાન્યવિશેષ છે. એ પોતે જ દ્રવ્ય છે એમ. પોતે જ દ્રવ્ય છે. કોઈ જુદું છે નહીં. **દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્ (વિદ્યમાન, હયાત) હોવાને લીધે અસ્તિત્વથી અનન્યમય છે.** એના હોવાપણાના સામાન્યવિશેષ શકિતથી તે દ્રવ્ય અનન્યમય જુદું નથી. એકરૂપ છે. કહો સમજાણું આમાં?

હવે અહીં કોઈ કહે કે અમે તમારે આધારે જીવીએ છીએ. ભાઈ! એ કહે છે એ વાત રહેતી નથી એમ કહે છે. ભાઈ! વસ્તુમાં નથી. એ તારે નિર્ણય કરવો પડશે. નક્કી કરવું પડશે. સ્વયં. હા. અમૃતચંદ્રાચાર્ય પોતે મહાભાવલિંગી સંત. જંગલવાસી એ એમ કહે છે કે તારે નક્કી કરવું પડશે. જેમ છે તેમ નક્કી નહીં કર ને ઉલટું નક્કી કરીશ તો ભ્રમણામાં રહીશ. ત્યારે વાંધો આવે છે ને? લ્યો! શુભભાવને હેય માને અને ગામોગામ કેટલા મંદિરો કરે છે આ શું છે? એમ પ્રશ્ન કરે છે માણસ લ્યો! ભાયાણીનો આજ એક પત્ર છે એક ભાઈને. ભઈ, વાત મને તો તમારી સારી લાગે છે. મને તો પ્રેમ છે હો. પણ મિત્રો પૂછે છે કે મહારાજ શુભને હેય કહે છે અને મંદિરો ગામો ગામ બનાવે. તો અમારે ઉત્તર શું દેવા? પણ કોણ બનાવે બાપા તને ખબર નથી. એય! તમારા કાકા વિઠ્ઠલભાઈ પણ કહેતા ને, નહીં? આ મંદિર ભાઈ! એ મંદિરના રજકણો છે, અનંતા પરમાણુઓ છે. અને એ પરમાણુઓની વિશેષ અવસ્થાને કાળે ત્યાં પર્યાય પરિણમી છે. બીજાના વિકલ્પથી કે બીજા કર્તા છે માટે થઈ છે એમ છે નહીં. એના રજકણોમાં સામાન્યવિશેષપણાની સત્તા છે એમાં એ રહેલાં છે. બીજાને લઈને ત્યાં થયા છે ને રહ્યા છે (એમ છે નહીં). આહાહા! (મુમુક્ષુ :- એની મેળે બને છે.) એની મેળે બને છે. બને એટલે પણ વસ્તુ છે કે નહીં? પરિણમન છે કે નહીં? બદલે છે કે નહીં? બદલવું એનું હોવાપણું છે કે નહીં? તો હોવાપણે રહે છે એના હોવાપણે થઈને બદલે અને રહે. એમ ને એમ ઉઘડે છે. એને ભ્રમ થઈ જાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે તાળું આમ કૂચી દઉં ને તો ઉઘડે. કહે છે એ ભ્રમ છે. આહાહા!

આ તો ભેદજ્ઞાનની વાત છે બાપુ! આહાહા! વિશેષપણું તારા દ્રવ્યથી છે. એને દ્રવ્ય સામું જોવું રહ્યું. એને વિશેષપણું પરથી છે એમ જોવા રહ્યું નહીં. દ્રવ્યનું વિશેષપણું દ્રવ્યથી છે. એનું વિશેષપણું પરથી નથી. વિશેષપણું મારાથી છે અને એ વિશેષપણું દ્રવ્યથી દ્રવ્યનું છે. અને એને સામાન્ય સામું જોવું રહ્યું. એના વિશેષ માટે પર સામું જોવાનું રહેતું નથી. આહાહા! કહો બરાબર છે આ? ન્યાય તો આ છે, વસ્તુ તો આમ છે. એને કલ્પીને બીજી રીતે માને એ તો અનંતકાળથી માને છે અને રખડે છે. દુઃખી થઈને રખડે છે. આહાહા! બરાબર છે કે નહીં? હિંમતભાઈ! પણ એ કાંઈ મંડપ બંડપ એની મેળે થાય? ભાવનગરથી કહીને ભાડે લાકડા મંગાવે ત્યારે થાય. કાલ રાતે કાંઈક લાકડા ખખડતા હતા. મેં તો કીધું ક્યાં હશે? રાતે આવ્યા હતા? રાતે ખખડતા હતા. આહાહા!

ભાઈ, ક્ષણે ક્ષણે એનું હોવાપણું જીવનું જીવમાં છે કે ક્ષણે ક્ષણે જીવનું હોવાપણું પરને લઈને છે? પરમાણુઓમાં પણ ક્ષણે ક્ષણે વિશેષનું અસ્તિત્વ તેનામાં તેને લઈને છે કે એના વિશેષનું અસ્તિત્વ બીજાને લઈને છે? જો એને લઈને ન હોય તો એનું ઉત્પાદવ્યયધ્રુવનું અસ્તિત્વ સત્ છે એ સિધ્ધ થાતું નથી. આહાહા! આમ માનતા પરમાં સુખ છે એ બુધ્ધિ ઊડી જાય. સમજાય છે? અને પરમાં કાંઈ સુખદુઃખ છે એ બુધ્ધિ ઊડી જાય. પરને લઈને સુખદુઃખ છે એ બુધ્ધિ જતાં પોતાની કલ્પનામાં જે સુખદુઃખની કલ્પના છે એ તો વિકૃત છે. દ્રવ્ય સ્વભાવ નિર્વિકાર છે. એમ નિર્વિકાર સ્વભાવ પર દષ્ટિ જતાં એની પર્યાય બુધ્ધિ ટળીને દ્રવ્ય બુધ્ધિ થાય. એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ કે આત્માને પરથી સુખદુઃખ નથી. સ્ત્રી, પૈસા, કુટુંબ, લક્ષ્મીથી કારણ કે એ તો પર પદાર્થ છે. સુખદુઃખની જે કલ્પના એનામાં થાય છે એ તો એનો વિશેષભાવ છે. વિશેષભાવ એ વિશેષ અસ્તિત્વ. હવે જે વિશેષ અસ્તિત્વ છે એનું સામાન્યમાંથી થયું છે તો સામાન્ય કોણ છે? સામાન્ય ધ્રુવ છે તે નિર્વિકારી વસ્તુ છે. એની દષ્ટિ આપતાં વિશેષ સુખદુઃખની કલ્પનાનો નાશ થાય છે. સમજાણું કાંઈ? એની કાંઈ વિશેષતા પરને લઈને થઈ નથી. વિશેષતા કલ્પનામાં પોતાને લઈને માની છે.

સુખી છું ને દુઃખી છું ને ધૂળ. પોતાની કલ્પનાની જાળ. પૈસા બૈસા છે, છોકરા સારા, શરીર સારું, ધૂળ સારી ક્યાં સારું હતું? આ તો બધા, આહાહા! જુઓ ને? ક્ષણમાં જુવાન છોકરાઓ, જુવાન છોકરાઓ શું થયું ડોકટર તપાસી શકતા નથી. લે, આ તે કઈ જાતના ડોકટરો? એય નવનીતભાઈ! હેં? હા.શ્વેતાંબરમાં મલ્લિનાથનો લેખ છે. એ લોકો મલ્લિનાથને સ્ત્રી ઠરાવે છે ને. એ વાત ખોટી છે. સ્ત્રી ઠરાવ્યા છે. દેવતાએ ઓલા આપેલા છે કૂંડળ. દેવતાએ આપેલા છે. એ કૂંડળમાં જરીક ફેરફાર થઈ ગયો. સોનીને બોલાવ્યા. ગામના સોનીને. (અને કહ્યું) કૂંડળને સરખું કરો. વૃધ્ધ જૂના જૂના. દેવને આપેલું કૂંડળ ક્યાંથી આવેલું કઈ જાતનું? બધા સોની વાતું કરવા માંડયા. આપણાથી થાતું નથી. કેમ દરબારને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવું? કરવું જોઈએ થાતું નથી તો? ત્યારે તમે શેના કારીગરો? તમારાથી આવું કેમ થાતું નથી? દેશબાર. દેશબાર કરી નાખ્યા. એય! શું આવે છે? રાજાનો હુકમ થયો. તમે સોની થઈને આ કૂંડળને સુધારી શકતા નથી? તો તમે સોની કારીગર શેના? ચાલ્યા જાવ અમારા દેશમાંથી. દેશબાર કર્યા. એવો લેખ આવે છે. આ તો બધું ખોટું.

મલ્લિનાથનો અધિકાર આવે છે ને? સોળમો અધિકાર છે ને? એમાં બધું આવે છે. એ સોની મહાજન! તમે કારીગર નહીં? કારીગર હોય તો કેમ કામ નથી આવડતું? ભાઈસાબ આ કૂંડળ કોઈ બીજી જાતનો છે. અમે તો આવા કૂંડળ જોયા નથી. કયાં તૂટયું છે એ કાંઈ ખબર પડતી નથી. એમાં ડોકટરને કયાંક ચક્કરને શું કહે છે ચક્કર થાય ને! હવે અઠીયાવીસ વર્ષનો જુવાન માણસ. ચક્કર કયાંથી આવે છે અમને ખબર પડતી નથી. તો એલા ત્યારે તમે ડોકટર શેના? કોણ કરે? બધા એ જાતના હોય એમાં કરે કોને.

અહીં કહે છે ભગવાનઆત્માની જે અંદર કળા છે વિશેષ આત્માની કળા પોતાથી પ્રગટ થાય છે. એ પરથી થતી નથી. અને પોતાનું લક્ષ કરે ને આશ્રય કરે ને સમ્યગ્જ્ઞાન ન થાય વિશેષતા એમ બની શકે નહીં. એમ કહે છે. એ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કોઈ પરથી થાતું નથી. આહાહા! નિસર્ગાત, અભિગમાત લ્યો! એમાં પણ આવે છે. હેં? બધા પડખા નિસર્ગાત, અભિગમાત એમ આવે નિસર્ગ પોતાથી થાય અને અભિગમ ગુરુથી થાય લ્યો એવું આવે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એનાથી થાય કાંઈ એ તો ના પાડે છે. આવે ને? ભાષા આવે તો એવી આવે ને? આત્મજ્ઞાનીની સેવા ન કરી માટે એને આત્મજ્ઞાન થયું નથી. એવું આવે છે. સેવા કરી નથી તો શું પગ દાબવા'તા? એ શું કહે છે એને સમજમાં એ વાત ન આવી માટે એણે સેવા કરી નથી. સમજાણું?

એક જ પરમાણું છે એમાં પર્યાય અને સામાન્ય બેના હોવામાં રહેલો એણે બે નયે જોવું. અસ્તિત્વમાં રહેલો એવો ભેદ પાડવો એ પર્યાયાર્થિકનયે છે. અને પોતે આખું સ્વયમેવ સત્ છે એ દ્રવ્યાર્થિકનય. પરની અપેક્ષાની કાંઈ વાત જ અહીં કરી નથી. આહાહા! જુઓને? સમજાણું કાંઈ?

નય બે તો એમાં ને એમાં ભેદ ને અભેદ ઉતાર્યા. પણ વ્યવહારનયે પરથી કહેવું નિશ્ચયે સ્વથી કહેવું એક તો નય ભગવાને કીધી ને કહો, આમાં બરાબર છે કે નહીં? એમાં છે કે નહીં. પણ **પર્યાયાર્થિક કથનથી જે પોતાથી કથંચિત્ ભિન્ન પણ છે.** ભેદ પડયો ને. અસ્તિત્વમાં આ આત્મા એમ. હોવાપણામાં આ દ્રવ્ય પરમાણુ એમ. **અને દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્ છે.** પોતે સામાન્યવિશેષ સત્રૂપે દ્રવ્ય છે. લ્યો! પોતે જ સામાન્ય વિશેષ સત્રૂપે છે. એટલે દ્રવ્યનું દ્રવ્યાર્થિકનયનો વિષય થયો. દેખો! સમજાણું કાંઈ?

**અસ્તિત્વથી અનન્યમય છે** લ્યો! જુદા નથી. હવે **તેમને કાયપણું પણ છે.** એ વાત સિદ્ધ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે. આટલી વાત તો કીધી. હોવાપણામાં સામાન્ય અને વિશેષના હોવાપણામાં પદાર્થ છે. પરને લઈને નહીં. સામાન્યવિશેષના હોવાપણે કહેવું એ પર્યાયનયે અને સ્વયમેવ સત્ છે તે દ્રવ્યાર્થિકનયે. હવે કાયપણું શી રીતે છે એ વાત કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૬, ગાથા ૪-૫
## પ્રવચન નં. ૬
## તા.૨૦/૧૧/૬૯, કારતક સુદ-૧૨, ગુરુવાર

પંચાસ્તિકાય. પંચાસ્તિકાયને સમયસાર કહેવામાં આવે છે. એની ચોથી ગાથા. ભગવાને સર્વજ્ઞ જ્ઞાનમાં પાંચ અસ્તિકાય અને છદ્રવ્ય એમ જોયાં. એનું કહે છે કે યથાર્થ વ્યવહારે બરાબર એનું જ્ઞાન હોવું જોઈએ. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો પોતાના આત્માના સ્વભાવનું જ્ઞાન તે જ્ઞાન. તે મોક્ષના ઉપાયનું જ્ઞાન. પણ એની સાથે આવો આત્મા સિવાય બીજા દ્રવ્યો છે એ કેવા છે? કેમ છે? પ્રદેશી છે કે અપ્રદેશી છે. એવું એણે જ્ઞાન કરવું જોઈએ. પોતામાં પણ પ્રદેશ કાયત્વ છે કે નહીં એનું પણ જ્ઞાન આમાં ભેગું આવે. સત્તાની વાત થઈ ગઈ.

દરેક પદાર્થ સામાન્યવિશેષસત્તારૂપે છે. આત્મા પણ સામાન્યવિશેષસત્તારૂપે છે અને પરમાણુ આદિ બધા. એના ગુણનું સત્તા નામનું અસ્તિત્વ છે. એમાં એ રહેલાં છે એમ કહેવું એ પર્યાયનયથી ભેદનયથી કથન છે. સત્ જ પોતે સ્વયમ સિદ્ધ છે. એ દ્રવ્યાર્થિકનયનું કથન એ બે પ્રકારે એણે નિશ્ચય ને વ્યવહારથી જાણવું જોઈએ. હવે એમાં કાયપણું.

કાયપણું એટલે? આત્મા એક પ્રદેશી છે કે અસંખ્ય પ્રદેશી છે કે અનંત પ્રદેશી છે. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે કયાંય નથી. સમજાણું કાંઈ? આત્મા અસંખ્ય પ્રદેશી છે એ વાત સર્વજ્ઞ સિવાય કોઈ ઠેકાણે છે નહીં. એ વાત અહીંયા સિદ્ધ કરે છે. કે તેમને કાયપણું છે. પાંચ, પાંચ. જીવ,ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને પુદ્ગલ. કાળ નહીં પુદ્ગલ. પાંચને હોવાપણે છે અને એના પ્રદેશોના સમૂહપણે છે. એનો સ્વભાવ જ એવો છે. તે કાયપણું પણ છે. એકલું છે જ પણું છે. એ ઉપરાંત એના ઘણાં પ્રદેશોનો સમૂહપણું પણ છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ ન જાણે ને આત્મા-આત્મા છે ને અસંખ્યપ્રદેશી છે, તેનું ક્ષેત્ર કેવડું સ્વતઃ છે એની પણ એને ખબર નથી. અને જીવના અસંખ્ય પ્રદેશ છે તેમાં સંકોચ વિકાસ થાય છે. એ એક પ્રદેશી હોય તો સંકોચ વિકાસ ન હોઈ શકે. સમજાણું કાંઈ? તે ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ સ્વરૂપ જ છે. તેથી સંકોચ વિકાસનું થવું પણ પોતાને જ કારણે છે. પરને કારણે નથી. એમ આત્મા સિવાય પરમાણુઓનું એકથી બે અને બેથી ત્રણ કે અનંત ભેગા થવા કે છૂટા થવા એ તેના પોતાને કારણે એનું કાયપણું, પ્રદેશપણું, એકઠાપણું પોતાને કારણે છે. બીજું દ્રવ્ય એને કાયપણે કરે એમ છે નહીં. કારણ કે, કાયવાળા દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ અહીં બતાવે છે.

**કારણ કે તેઓ અણુમહાન છે.** અણુમહાન છે. પાંચેય અણુમહાન છે. એવું વિશેષણ છે એક છેલ્લે. હવે અણુમહાનની વ્યાખ્યા. **અહીં અણુઓ એટલે પ્રદેશો-મૂર્ત અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાના) અંશો.** પાછા મૂર્તના અને અમૂર્તના બેયના. પુદ્‌ગલ મૂર્ત છે અને બીજા ચાર અમૂર્ત છે. એનો નિર્વિભાગ ભાગ ન થાય એવા અંશને પ્રદેશ કહે છે. **તેમના વડે (બહુ પ્રદેશો વડે) મહાન હોય. નાનામાં નાના અંશો તેમના વડે મહાન હોય.** લ્યો! ઠીક! પોતે આત્મા છે તે એક પ્રદેશી નથી. ઘણાં પ્રદેશ વડે તેનું ક્ષેત્રથી મહાનપણું છે. તે પરને લઈને નથી. એમાં પરમાણુઓ જે છે.... એમાં એકથી અનંત આદિ ભેગા થાય અસંખ્ય. એ અણુમહાન તેના પોતાને કારણે છે. બીજો તેના અણુમહાનને કરે એમ છે નહીં. તેના ત્રણ પ્રકાર આવશે. હવે વ્યાખ્યા કરે છે. **એટલે કે પ્રદેશપ્રચયાત્મક (પ્રદેશોના સમૂહમય) હોય તે અણુમહાન.** પ્રદેશનો સમૂહ થાય, પ્રદેશ પ્રચયરૂપે સ્વરૂપ હોય તેને અણુમહાન કહે છે.

**આ રીતે તેમને (ઉપર્યુક્ત પાંચ દ્રવ્યોને) કાયત્વ સિદ્ધ થયું.** એને કાયપણું છે. એ આત્માના અસંખ્યપ્રદેશ એની કાય. શરીર એની કાય નહીં. શરીર એના અનંતપ્રદેશ એ એની કાય. સમજાણું કાંઈ? **(ઉપર જે અણુમહાનની વ્યુત્પત્તિ કરી તેમાં અણુઓને અર્થાત્ પ્રદેશોને માટે બહુવચન વાપર્યું છે. કૌંસમાં છે. સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે બહુવચનમાં દ્વિવચન સમાતું નથી તેથી હવે વ્યુત્પત્તિમાં જરા ભાષાનો ફેર કરીને દ્વિ-અણુક સ્કંધોને પણ અણુમહાન બતાવીને તેમનું કાયત્વ સિદ્ધ કરવામાં આવે છેઃ)** એ શું કહ્યું? વ્યાકરણ કર્યું પણ કહ્યું શું? કે ક્રમથી માંડીને ઝાઝાપણાનું અણુમહાનમાં આવે છે. ત્રણ, ચાર, પાંચ, છ, અસંખ્ય અસંખ્ય અનંત. એમાં અણુમહાનમાં આવે છે. પણ એમાં બેનું આવતું નથી અને એકનું આવતું નથી. તો હવે એને સિદ્ધ કરે છે. બે પણ કાય છે અને એક પણ કાય છે. આ પરમાણુને એક પણ કાય છે. સમજાણું કાંઈ?

કાળાણુ છે એ કોઈ રીતે વ્યવહારે કાય નથી અને નિશ્ચયથી પણ કાય નથી. એ તો અણુના એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રજકણને પણ કાયપણું છે. બે પરમાણુને પણ કાયપણું છે. ત્રણથી માંડીને અનંતને કાયપણું છે એ અણુમહાનમાં આવી જાય છે. પણ એને બીજી રીતે અર્થ કરીને કહે છે કે બે અણુઓ વડે મહાન હોય. ઓલા ત્રણથી અનંત સુધી આવી ગયા. પણ બેથી માંડીને પણ તેને અણુમહાન કહેવામાં આવે છે. કારણ કે એકથી બે થયા માટે. એ પણ અણુમહાન છે દ્વિઅંક.

**હવે પરમાણુઓને અણુમહાનપણું કઇ રીતે છે તે બતાવીને પરમાણુઓનું પણ કાયત્વ સિધ્ધ કરવામાં આવે છે.** એક રજકણ પણ અણુમહાન. પરમાણુ પણ અણુમહાન. **વ્યકિત અને શકિતરૂપે અણુ તેમ જ મહાન હોવાથી** વ્યકિતરૂપે અણુ અને શકિતરૂપે મહાન એમ. શું કીધું એ? વ્યકિતરૂપે એક શકિતરૂપે મહાન કારણ કે એની શકિત બે, ત્રણ, ચારમાં એકઠા થવાની છે, ઉપચારે.

**અર્થાત પરમાણુઓ વ્યકિતરૂપે એકપ્રદેશી અને શકિતરૂપે અનેકપ્રદેશી હોવાથી,** જુઓ! એનું સ્વતઃ સ્વરૂપ એવું છે. આત્મા એને બે ને ત્રણને ભેગા કરે એમ છે નહીં. આહાહા! કાં શરીરના રજકણે રજકણ એને કારણે એકના બે, બેના ત્રણ, ત્રણના ચાર, ચારના અનંત એમ થાય. એ એનો કાયત્વ સ્વભાવ છે. આત્મા એના કાયત્વને કાંઇ કરે ને ફેરફાર કરે એ છે નહીં. આમાં લખ્યું નથી. એય! એય આ પણ મોટા મકાન કરાવે છે ને? એ તો એની મેળે કરાવ્યા'તા મોટા મોટા દસ દસ લાખના એના રાજમાં. રાજા પણ એના જેવો હતો. એને મકાનનો શોખ હતો. ઈજનેરને એટલે ફાવી ગઈ વાત. હોંશિયાર હતા. તે દિ' વ્યાખ્યાનમાં આવ્યા'તા ને? એકાવનમાં વ્યાખ્યાનમાં આવ્યા'તા. તે અને તેમનો કુંવર.... બેય આવ્યા'તા. વ્યાખ્યાનમાં આવ્યા'તા. રાજા મોટા લ્યો! દસ દસ લાખની ઉપજ. સહી કરવી પડી આંખમાંથી આંસુની ધારા. લ્યો! આ પુણ્ય ખૂટયા. રાજ હો .....રાજકુમાર. એવો એનો દેખાવ. પછી ગાંડા થઇ ગયા. હા પણ મગજ ફરી ગયો. નહીંતર આમ દેખાવ હતો રાજબીજ. ક્ષત્રીયબીજ દેખાય. બીજા સાધારણ એવા બહુ ઓછા દેખાય. સમજાણું? પોરબંદર. એ પણ જયારે સહી કરવી પડીને મહારાજ આહાહા! આંખમાંથી આંસુની ધારા વહી જાય. જુઓ! આ પુણ્ય ખૂટયા. એ પુણ્યને લઈને સંયોગ દેખાતો'તો. પુણ્ય જયાં ખૂટયા ત્યાં બધો ફેરફાર. હાય! હાય! હવે? છોકરા છોકરાવના રાજ નહીં થઇ રહ્યું. પેઢીની પરંપરાએ રાજનો હકક ચાલ્યો ગયો. આ સંસાર!

એ કાયપણું બધું સંસારમાં ભેગું થવું ને છૂટું પડવું એ એના સ્વભાવને લઈને છે. આત્માને લઈને છે નહીં. આહાહા! સમજાણું કાંઇ? શું આમાં કહ્યું? આ પૈસાના રજકણો ભેગા થવા અને છૂટા પડવા એ કાયપણું ને એ એને લઈને છે. આત્મા એને પૈસા સંઘરી શકે કે વાપરી શકે એમ નથી, એમ કહે છે. કહો હીરાભાઈ! ભીખાભાઈ! હોં? મમતાની સંભાળ કરે. સંભાળ કરે મમતાની કીધું. બાકી એનું કાંઇ ન કરે. કારણ કે એક રજકણના ઘણાં રજકણમાં જવું થવું કે ઘણાં રજકણમાંથી થોડાનું થવું, થોડી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાયપણે ને ઘણા. એ એનો સ્વતઃ સ્વભાવ છે. આત્મા એમાં કાંઈ કરી શકે એવું આત્માના અસ્તિત્વમાં પરના કાયપણાના અસ્તિત્વમાં ફેરફાર કરી શકે એવું આત્માના અસ્તિત્વમાં નથી. સમજાણું કાંઈ?

આખો આત્મા સિવાય પરવસ્તુનો તદ્દન ભિન્નતાનું અભિમાન છોડાવ્યું. આ વસ્તુ મારી નથી. હું એનો જાણનાર મારા જાણનારના હોવાપણામાં હું છું. જણાય એવી ચીજ નાની મોટી થાય, ઓછી વધતી થાય, ક્ષેત્રાંતર-રૂપાંતર થાય એના કાયપણામાં મારો જરી પણ અધિકાર નથી. કહો સમજાણું આમાં? એ એક પરમાણુના પણ શક્તિરૂપે તો છે કહે છે. કાય તો સિદ્ધ થાય છે. **તેમને એકપ્રદેશાત્મકપણું હોવા છતાં પણ, (અણુમહાનપણું સિદ્ધ થવાથી) કાયત્વ સિદ્ધ થાય છે.** શક્તિરૂપે છે ને? એક પરમાણુમાં બે, ત્રણ, ચાર થવાની એટલે? સ્કંધરૂપે વ્યવહારે થવાની એનામાં યોગ્યતા છે ને? એટલું. માટે એક પરમાણુને પણ કાયપણું ઉપચારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! આ છે પરજ્ઞેય પણ એ જ્ઞેયનું જાણવાનું સામર્થ્ય સ્વનું છે. એ સ્વના સામર્થ્યમાં આટલું બધું આ રીતે છે. એમ જાણવું જોઈએ. એ જાણવાની પર્યાયની આવડી કબુલાત હોય ત્યારે તો એની પર્યાયને માની કહેવાય છે. સમજાણું કાંઈ?

**કાળાણુઓને વ્યક્તિ અપેક્ષાએ તેમ જ શક્તિ-અપેક્ષાએ પ્રદેશપ્રચયાત્મક મહાનપણાનો અભાવ હોવાથી** લ્યો! કેમ? એક પરમાણુમાં સ્નિગ્ધ અને લુખાશના અંશો વધે ઘટે છે. પુદ્ગલની વાત ચાલે છે. જુઓ જયાં હા પાડી ત્યાં આમ થઈ જાય. એક પરમાણુમાં સ્નિગ્ધ ને લુખાશ વધે ઘટે એ યોગ્યતા પોતાને કારણે છે. એથી જયારે વધે ત્રણ આદિ થાય ત્યારે બીજા સાથે કાયપણું થાય, ઉપચારતા થાય. છૂટે એટલે એમાં કાયપણું. પણ એનામાં શક્તિ અપેક્ષાએ કાયપણું થવાની યોગ્યતા છે. કાળાણુમાં નથી. કાળાણુ અસંખ્ય હોવા છતાં એમાં સ્નિગ્ધ-રૂક્ષતામાં પર્યાય અધિક-ઓછી થાય તેથી તે સંયોગરૂપે કાય કહેવાય એવું તો કાળાણુઓમાં તો છે નહીં. નિશ્ચયથી શક્તિથી નથી તેમ પ્રગટતાથી પણ નથી.

હવે એમાં અનેકાંત શી રીતે લગાડવું? કોઈ રીતે કાળાણુ ઘણા પરમાણુ કાળાણુ થવાને યોગ્ય છે. અને એક હોય તો યોગ્ય નથી એમ અનેકાંત કરવું? કહો આમાં છે જ નહીં. એમાં સ્નિગ્ધ-રૂક્ષ છે જ નહીં. કાળાણુમાં સ્નિગ્ધ રૂક્ષતા છે નહીં. કયાંથી થાય? પરમાણુમાં ચીકાશ રૂક્ષતાની યોગ્યતા છે તેથી ચીકાશ રૂક્ષતાની યોગ્યતા પ્રમાણે ઘણા પરમાણુમાં ભેગા થાય. ભેગા તો વ્યવહારની વાત છે. ઓલો તો વ્યવહાર પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**માટે જો કે તેઓ સત્ (વિદ્યમાન) છે.** જગતની અંદર કાળાણુ અસંખ્ય છે એમ ભગવાને જોયા છે તો વિદ્યમાન સત્ છે. પણ એ કાળાણુઓ એક ફીટીને બે સાથે ભેગા થાય એવી એનામાં યોગ્યતા નથી. માટે તેને કાયપણું કહેવાતું નથી. કહો પ્રવીણભાઈ! આવી વાત વીતરાગ સિવાય કયાંય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હશે? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું આ તત્ત્વ એવું તત્ત્વ સર્વજ્ઞ સિવાય બીજે કયાંય હોઈ શકે નહીં. એ વાત સિધ્ધ કરવા અને સાચું તત્ત્વ આટલું છે, આટલા છે અને આ પ્રકારે છે. એવું એને જ્ઞાન કરાવવા આ વાત કહેવામાં આવે છે. **તેમને અસ્તિકાયના પ્રકરણમાં લીધા નથી.** લ્યો!

**ભાવાર્થ :- પાંચ અસ્તિકાયોના નામ જીવ,** આ જીવ કહેવાય અંદર. પરમાણુને પુદગલ કહેવાય. એક પરમાણુને પણ પુદગલ કહેવાય. **ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ** એ પણ એના નામ છે. **એ નામો તેમના અર્થ પ્રમાણે છે.**

**આ પાંચે દ્રવ્યો પર્યાયાર્થિકનયે,** હવે ઊંચી વાત આવી. **પોતાથી કથંચિત્ ભિન્ન એવા અસ્તિત્વમાં રહેલાં છે**. આત્મા વસ્તુ છે એનો સત્તા અસ્તિત્વ ગુણ છે. હોવાપણું છે. એ આત્મા હોવાપણામાં છે એમ કહેવું એ પર્યાયનયનું ભેદનયનું કથન છે. **અને દ્રવ્યાર્થિકનયે અસ્તિત્વથી અનન્ય છે.** જુદું નથી. આ આત્મા હોવાવાળા ગુણથી હોવાવાળો પોતે છે. હોવાવાળા ગુણમાં રહેલો છે એમ નહીં. હોવાવાળું તત્વ છે. એમ પરમાણુ આદિ અસ્તિત્વમાં રહ્યા છે તેમ કહેવું તે ભેદનય છે. અને પોતે જ સ્વયં અસ્તિત્વરૂપે છે એ અભેદનયનું દ્રવ્યાર્થિકનયનું કથન છે. બેયનું જ્ઞાન વીતરાગની વાણીમાં બેય નયે જ્ઞાન યથાર્થપણે કરવું જોઈએ. કહો, સમજાણું કાંઈ?

**વળી આ પાંચે દ્રવ્યો કાયત્વવાળાં છે.** કાળાણુ સિવાય. જીવ અસંખ્યપ્રદેશી છે. એ શ્રીમદમાં પણ દવનિ આવે છે. ''શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જયોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.'' આવે છે ને? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જયોતિ સુખધામ.' બધું આવી ગયું પાંચમાં. ભગવાનઆત્મા શુદ્ધ છે. આત્મા અંદર પવિત્ર છે. બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે. ચૈતન્યઘન નામ અસંખ્યપ્રદેશી ચૈતન્ય છે. સમજાણું કાંઈ? અને સ્વયં જયોતિ છે. એનો પ્રકાશ ભાવ સ્વયં છે. બીજા કારણે સ્વયં પ્રકાશે છે એમ છે નહીં. સ્વયં પ્રકાશે છે. પોતે પોતાને પ્રકાશે અને પોતે રાગાદિ રજકણને પણ રાગાદિ રજકણને પણ પ્રકાશે એવો સ્વયં પ્રકાશ સ્વભાવ છે. એના પ્રકાશ માટે કોઈ બીજાની જરૂર પડે એવો આત્મા નથી. આહાહા! કહો સમજાણું કાંઈ?

સુખધામ. આ ભગવાનઆત્મા આનંદનું ક્ષેત્ર છે. એમ કહે છે. ચૈતન્યઘન કીધું ને? સ્વયં જયોતિ આનંદનું ક્ષેત્ર છે એમ. આનંદનું ધામ છે. આહાહા! સમજાણું કાંઈ? આનંદનું એ ક્ષેત્ર છે. ત્યાં તો આનંદનો પાક થાય એવો એ આત્મા છે. અને એ આનંદના પાકની દષ્ટિ થતાં જે અનુભવ થાય ત્યારે તેણે આત્મા જાણ્યો અને ત્યારે તેણે ધર્મ કર્યો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

લાખ વાતની વાત પણ એને આત્માનો અનુભવ અને આનંદ આવે ત્યારે તેણે આત્માને જાણ્યો. કહે છે **તેઓ અણુમહાન કઈ રીતે છે તે બતાવવામાં આવે છે.** અણુમહાન આત્માપણું હોં! **'અણુમહાન્તઃ'ની વ્યુત્પત્તિ ત્રણ પ્રકારે છે**. વ્યુત્પત્તિનો અર્થ સંસ્કૃત એનું કાંઈ નહીં. આપણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનો ન્યાય. **અણુભિઃ મહાન્તઃ અણુમહાન્તઃ અર્થાત જેઓ બહુ પ્રદેશો વડે (બેથી વધારે પ્રદેશો વડે) મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે જીવો (અનંત) ધર્મ (એક) અને અધર્મ (એક) અસંખ્યપ્રદેશી હોવાથી અણુમહાન છે.** લ્યો! **આકાશ અનંતપ્રદેશી હોવાથી અણુમહાન છે.** આનું વાંચ્યું ને ભાઈ આ શું કહેવાય? ગેંડાલાલનું. આજ આવ્યું આજ. આજ મારી પાસે આવ્યું. અનેકાંતનું સ્યાદવાદનું. હવે તો આમાં વાંધા ઉઠયા છે સર્વજ્ઞના માનનારના. સર્વજ્ઞ જાણે ખરા પણ બધું જાણે તો તો પહેલી પર્યાય કઈ? આહાહા! એવા ત્રણ પૂછતા'તા પહેલી પર્યાય કઈ? વિશેષને બધાને જાણે તો વિશેષ નિયત થઈ જાય છે. તો ક્રમબદ્ધ થઈ જાય છે. માટે એમ ન હોય. એવા ઘણાં તર્ક કુતર્ક લગાડે છે. ભાઈ! તને તારી ખબર નથી. એ સર્વજ્ઞસ્વરૂપી જ આત્મા છે. ભલે અસંખ્યપ્રદેશી હો. સમજાય છે?

પણ એનું સ્વરૂપ જ સર્વજ્ઞ થવાનું એટલે સર્વજ્ઞ સ્વરૂપ વર્તમાન છે. શક્તિરૂપે વર્તમાન છે. વ્યક્તરૂપે થાય. શક્તિરૂપે હોય તો વ્યક્તરૂપે થાય. આહાહા! ઓહોહો! સર્વજ્ઞના નહીં માનનારે તો ઊંધુ માર્યું. એમ ઘણું કીધું. શ્વેતાંબરમાં એમ કહે છે ને એક સમયે જ્ઞાન બીજે સમયે દર્શન. અડધો કાળ જ્ઞાનનો ઉપયોગ અને અડધો કાળ દર્શનનો ઉપયોગ એ નાખ્યું'તું. એણે સર્વજ્ઞને ખંડ કરી નાખ્યું. આખા ન રહ્યા. સર્વજ્ઞ આખા ન રહ્યા. એ અહીં સર્વજ્ઞ માન્યા નથી. પોતે આમ માન્યા નથી. અને હવે અહીં આવ્યું દિગંબરમાં એને આ ક્રમબદ્ધ આવ્યું ત્યાં હવે એને સર્વજ્ઞને ઉડાડવા માંડયા. તે કહે સર્વજ્ઞ બધું જાણે તો પછી ક્ષેત્રનો અંત પણ જાણે. અને કાળથી પર્યાય પહેલી છે એમ જાણે. પહેલી પર્યાય. પર્યાય પહેલી થઈ કે દ્રવ્ય તેના પહેલાં હતું કે નહીં? જો દ્રવ્ય હતું તો પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું? આહાહા!

વીતરાગનો માર્ગ સમજવો જગતને. ત્રિકાળી પર્યાય જો ભગવાન જાણે તો તો અનંતકાળની પહેલી પર્યાય કઈ હતી તે પણ જાણે. પણ પહેલી હતી કે દિ'? પહેલી પર્યાય કહો તો એ પહેલાં દ્રવ્ય હતું ને પર્યાય નહોતી. તો દ્રવ્ય હતું તો પર્યાય વિનાનું હતું. તો દ્રવ્ય પર્યાય વિનાનું હોય? આમ વાંધા છે. આમ તો ભાષાએ બધા કહે સર્વજ્ઞ ને કેવળી એના જે સ્વભાવો જે રીતે છે એ રીતે એના ખ્યાલમાં ન આવે ત્યાં વાંધા આવ્યા. સમજાણું કાંઈ?

ત્રણ કાળ, ત્રણ લોકને ભગવાન જાણે અસંખ્યપ્રદેશી સર્વજ્ઞસ્વરૂપી આત્મા છે. એટલે એક જ પ્રદેશમાં રહે એવો નથી. એમ અસંખ્યપ્રદેશી છે એ આકાશના એક પ્રદેશે, બે પ્રદેશે રહી શકે એવો પણ નથી. પોતે એકપ્રદેશી નથી. અસંખ્યપ્રદેશી છે. ચૈતન્યધામ ઘન, સુખનો ધામ છે. એ સુખ આખા અસંખ્યપ્રદેશે ભર્યું છે. એ પોતે પાછો એક આકાશના બે ચાર પ્રદેશમાં રહી શકે એવો પણ નથી. એવો મહાન છે. આહાહા! સમજાણું કાંઈ?

આકાશના એક પ્રદેશમાં આ જીવના અસંખ્યપ્રદેશી છે એથી અનંત અનંતગુણા પરમાણુના સ્કંધો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ એક પ્રદેશમાં રહે. પણ આત્મા એનાથી અનંતમા ભાગના પ્રદેશવાળો પણ એક પ્રદેશમાં ન રહી શકે. એવો એ અણુમહાન છે. સમજાણું કાંઈ? આહાહા! એક આકાશના પ્રદેશમાં એક જીવના આખા પૂરા પ્રદેશ ન રહી શકે. એનો અસંખ્યમો ભાગ રહે. એવા એવા અનંતજીવના એકપ્રદેશ ઉપર અનંતા પ્રદેશ રહે. એક જીવના અસંખ્યાતામાં ન રહે બધા. એવડો ક્ષેત્રથી પણ મહાન છે. અહીં તો કાયથી મહાન કીધું છે. પણ ક્ષેત્રથી મહાન એટલે એક પ્રદેશમાં ન રહે એવું તત્ત્વ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એક જીવના અસંખ્યમાં ભાગના અસંખ્ય પ્રદેશ છે એ અસંખ્યમાં ભાગનો એક અંશ અસંખ્ય એક પ્રદેશમાં રહે. બીજો જીવ એનો અસંખ્યમાં ભાગનો અસંખ્ય પ્રદેશ રહે. ત્રીજા જીવના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય રહે. એવા અનંતા અનંતા જીવના એક પ્રદેશમાં અનંતમાં ભાગના અસંખ્ય પ્રદેશ ત્યાં રહે. આમ અનંતગુણા થઈ ગયા અસંખ્યથી. પણ એક જીવ એક પ્રદેશમાં રહે એમ બની શકે નહીં. ભાવથી પણ મોટો અને ક્ષેત્રથી કાય અને રહેવામાં પણ મોટો એમ કહે છે. સમજાય છે કાંઈ આમાં? આહાહા! ભાવથી મહાસર્વજ્ઞ, ક્ષેત્રથી પોતે કાયપણે અસંખ્યપ્રદેશી, બીજાના પ્રદેશમાં રહે તો પણ અસંખ્ય પ્રદેશ હોય તો જ રહી શકે. એક પ્રદેશમાં રહે નહીં એવડો મહાન છે. સમજાણું કાંઈ? વધારે અનંતા છે ને? અત્યારે એક પ્રદેશ ઉપર અનંતા એક આકાશના પ્રદેશથી અનંતગુણા જીવના એક પ્રદેશથી અનંતગુણા પરમાણુ તે ઠેકાણે રહે. તે ઠેકાણે આખો જીવ ન રહે. એટલો સંકોચ થઈ શકતો જ નથી.

એવું એનું સ્વરૂપ જ એવું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? હાથીના શરીરમાં જાય એવડો પહોળો થાય. અસંખ્ય પ્રદેશ એક શરીરમાં અનંત નિગોદ રહે.અસંખ્યમાં ભાગમાં અસંખ્ય પ્રદેશ ઓછા વતા થતા નથી એવું જ એનું સ્વરૂપ છે. એવું જેનું અસ્તિત્વ છે. એવો એનો સ્વભાવ છે એવું એણે જ્ઞાન કરવું જોઈએ. ફેરફારવાળું જો જ્ઞાન હોય તો તે જ્ઞાન વિપરીત છે એમ કહે છે. એ વ્યવહાર જ્ઞાન. સમજાણું કાંઈ?

**મોટો હોય તે અણુમહાન છે. વ્યુત્પત્તિ પ્રમાણે અણુમહાન છે. આકાશ અનંતપ્રદેશી હોવાથી અણુમહાન છે. અને ત્રિ-અણુક સ્કંધથી માંડીને અનંતાણુક સ્કંધ સુધીના બધા સ્કંધો બહુપ્રદેશી હોવાથી અણુમહાન છે. (૨) અણુભ્યામ મહાન્તઃ અણુમહાન્તઃ** હવે બે આવ્યા. **અર્થાત્ જેઓ બે પ્રદેશો વડે મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે દ્વિ-અણુક સ્કંધો અણુમહાન છે. (૩) અણવશ્ચ મહાન્તશ્ચ અણુમહાન્તઃ અર્થાત્ જેઓ અણુરૂપ (એકપ્રદેશી) પણ હોય અને મહાન (અનેકપ્રદેશી) પણ હોય તેઓ અણુમહાન છે.** હવે ત્રીજુ આવ્યું. ત્રણ પ્રદેશથી માંડીને અનંત (પ્રદેશ) સુધી પણ અણુમહાન કહ્યા. બે ને ભેગા થાય તો અણુમહાન કહ્યા. હવે એક પણ અણુમહાન છે. કેમ? એકલો રહે છે પણ ઘણા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંયોગમાં થઈ શકવાની યોગ્યતા છે માટે એકને પણ ઘણા પ્રદેશવાળો ઉપચારથી કહેવામાં આવે છે.

જુઓ, આ વ્યવહાર ને નિશ્ચય. કળશટીકામાં તો કહ્યું છે. સમ્યગ્જ્ઞાન દીપિકામાં, સમ્યગ્જ્ઞાન દીપિકા છે ને એમાં કહ્યું છે. કે જગતના છ દ્રવ્ય વસ્તુ તરીકે છે. એવા છ દ્રવ્યનું હોવાપણું જે રીતે છે એ રીતે જો પર્યાય ન જાણે તો તે પર્યાયને જ માનતો નથી. જેવા છ દ્રવ્ય છે, જે રીતે છે એને જાણવાનો જ્ઞાનની એક સમયની પર્યાયનું સામર્થ્ય છે. કોઈ છ દ્રવ્ય ન માને તેને એક સમયની આત્માની પર્યાય કેવડી છે એને માની નથી. સમજાણું કાંઈ? અને એક સમયની પર્યાય આવડી છે માની નથી એને તો એવા અનંતા અનંતા પર્યાયનો અનંતગુણો દ્રવ્ય માની શકતો નથી. આહાહા! મોટો ચૈતન્ય રત્નાકર દરિયો અંદર છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે **એક પ્રદેશ હોય તો પણ તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે પરમાણુઓ અણુમહાન છે, કારણ કે વ્યકિત-અપેક્ષાએ તેઓ એકપ્રદેશી છે પરમાણુ એક રજકણ પોઈન્ટ અને શકિત-અપેક્ષાએ અનંતપ્રદેશી પણ (ઉપચારથી) છે.** એકપ્રદેશી છે અને શકિત અપેક્ષાએ? વ્યકિત અપેક્ષાએ એક. વ્યકિત અને શકિત શું એનો અર્થ થયો? વ્યકિત એટલે એક છે એ અપેક્ષાએ એકપ્રદેશી અને એક છે વર્તમાન પ્રગટ એકપણે એ એકપ્રદેશી. પણ એક પરમાણુ ઘણા પરમાણુમાં ઉપચાર તરીકે સ્કંધ થવાને લાયક છે માટે એકપ્રદેશીને ઘણાપ્રદેશી પણ ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા! ભારે ભાઈ! (મુમુક્ષુ :- આના કરતાં તો સમયસાર સહેલું છે.) કાંઈ સહેલું નથી. ઈ બધું સહેલું છે અને આ પણ સહેલું છે. આ જાણ્યા વિના જે જ્ઞાન વ્યવહારુ એક પર્યાયનું સામર્થ્ય છે એને જયાં જાણતો નથી એ દ્રવ્યને શું જાણશે? એમ કહે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનનો એક સમયનો પર્યાય જ આ છ દ્રવ્યને જાણે એટલો છે. અને જે રીતે કાય અને એકપ્રદેશી આદિ છે તે રીતે જાણે તો એક સમયનો પર્યાય એવડો છે. એને બીજા શલ્ય ઘણા ઘુસી ગયા છે ને? બરાબર આ જાણવું જોઈએ. ઓઘે ઓઘે ન હાલે એમ અહીં કહે છે. એને આત્માને માનવો છે કે નહીં? આત્મા જેવડો છે એવડો માનવો છે કે નહીં? તો હવે આત્માની એક સમયની પર્યાય એવડી છે કે છ દ્રવ્યને જાણે એવડી છે. સમજાય છે? અને જે કાયપણે છે એને કાયપણે જાણે એકપ્રદેશી છે એને એકપ્રદેશી જાણે એને એવો જ એક સમયની પર્યાયનો, સત્તાનો, અસ્તિત્વનો આ અસ્તિત્વને જાણે એવો સ્વભાવ છે. એ છ દ્રવ્યને કાઢી નાખવું બને તો એક સમયની પર્યાય નીકળી જાય છે. સમજાણું કાંઈ? ઝીણું છે ઝીણું. ભાઈ! આવ્યા કે નહીં તમારા ભાઈ? ગયા? શું સાંભળે? આ ઝીણું પડે. આ તો સાંભળે તો સમજાય એવું છે.

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રીઈન્દ્રિય, દયા પાળવી હોય તો ઝટ દઈને સમજાય. અજ્ઞાન. અપવાસ કરવો હોય તો સમજાય કે લ્યો આ રોટલા નથી ખાવા ચાર દિ' આઠ દિવસ - સોળ દિવસ એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અપવાસ કરે ને એક ટંક છેલ્લે દિ' ખાવું પડે ને? પહેલે દિ' એક ટંક વચમાં બે ટંક છોડે અને બીજે દિ' પછી એક ટંક એને સોળ ભથ્થુ કહેવાય. હેં? હા. આઠમનો અપવાસ કરવો હેં? હવે તો એ નીકળી ગયું. આ તો મેળ છે. આઠમનો અપવાસ કરવો હોય તો સાતમનું એક વખત ખાવું. સાંજના ખવાય નહીં. બપોરે એક વાર ખાય. પાછો બીજે દિ' આખો દિ' ન ખાય અને ત્રીજે દિ' એક વખત ખાય. ત્યારે એને ચૌદ ભકત ચાર ભકત છેદયા અને અપવાસ થયો એમ કહેવામાં આવે છે. ચાર વખત ભકત ચાર છોડયા. તે પણ રાગની મંદતા કરીને એ ભાવ હોય તો એને પુણ્ય બાંધે. આહાહા! સમજાણું કાંઈ?

અને તે રાગનો વિકલ્પ અને ગ્રહવું છોડવું તે મારા સ્વરૂપમાં નથી. એવો આત્મા જ્ઞાનમુર્તિ છે એવો અનુભવ કરે એમાં જો આવી જાતનો વિકલ્પ હોય તો શુભ પરિણામથી પુણ્ય બાંધે. અને નિવૃત્તિના કાળમાં જેટલો અંદર એકાગ્ર થાય એટલી નિર્જરા થાય. કહો સમજાણું કાંઈ? એકલા અપવાસ બપવાસથી કાંઈ વળે એવું નથી.

**આ રીતે ઉપર્યુકત પાંચે દ્રવ્યો અણુમહાન હોવાથી કાયત્વવાળા છે એમ સિધ્ધ થયું.** કાળાણુંને હોવાપણું છે. જુઓ બીજા સંપ્રદાયવાળા કાળાણુંને હોવાપણે માનતા નથી. જૈન સંપ્રદાયમાં પણ બીજો સંપ્રદાય. કોઈ પ્રકારે પણ કાયત્વ નથી. એકપ્રદેશી અણુ છે. જગતનું દ્રવ્ય છે ન્યાં. તેમાં અસંખ્યપ્રદેશી ધર્માસ્તિમાં દરેક ઠેકાણે એકએક રહ્યો છે. છતાં તે કાયપણું નથી પામતા. એમાં ચીકાશ, લુખાશની યોગ્યતા નથી. પણ અસ્તિકાય છે. તેથી તે દ્રવ્ય છે પણ અસ્તિકાય નથી. છે ખરા. કાય નથી એમ. હવે પાંચમી ગાથા.

---

## ગાથા- ૫

**जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं ।**
**ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं ॥ ५ ॥**

**येषामस्ति स्वभाव: गुणै: सह पर्ययैर्विविधै: ।**
**ते भवन्तयस्तिकाया: निष्पन्नं यैस्त्रैलोक्यम् ॥ ५ ॥**

**अत्र पञ्चास्तिकायानामस्तित्वसंभवप्रकार: कायत्वसंभवप्रकारश्चोक्त: ।**

**अस्ति ह्यस्तिकायानां गुणै: पर्यायैश्च विविधे: सह स्वभावो आत्मभावोऽनन्यत्वम् । वस्तुनो विशेषा हि व्यतिरेकिण: पर्याया गुणास्तु त एवान्वयिन: । तत एकेन पर्यायेण प्रलीयमानस्यान्येनोपजायमानस्यान्वयिना गुणेन ध्रौव्यं बिभ्राणस्यैकस्याऽपि वस्तुन: समुच्छेदोत्पादध्रौव्यलक्षणमस्तित्वमुपपद्यत एव । गुणपर्यायै: सह सर्वथान्यत्वे त्वन्यो**

---

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



विनश्यत्यन्यः प्रादुर्भवत्यन्यो ध्रुवत्वमालम्बत इति सर्वं विप्लवते । ततः साध्वस्तित्व–संभवप्रकारकथनम् । कायत्वसंभवप्रकारस्त्वयमुपदिश्यते । अवयविनो हि जीवपुद्गल–धर्माधर्माकाशपदार्थास्तेषामवयवा अपि प्रदेशाख्याः परस्परव्यतिरेकित्वात्पर्यायाः उच्यन्ते । तेषां तैः सहानन्यत्वे कायत्वसिद्धिरुपपत्तिमती । निरवयवस्यापि परमाणोः सावयवत्वशक्तिसद्भावात् कायत्वसिद्धिरनपवादा । न चैतदाशङ्क्यम् पुद्गलादन्येषाम–मूर्तत्वादविभाज्यानां सावयवत्वकल्पनमन्याय्यम् । दृश्यत एवाविभाज्येऽपि विहायसीदं घटाकाशमिदमघटाकाशमिति विभागकल्पनम् । यदि तत्र विभागो न कल्पेत तदा यदेव घटाकाशं तदेवाघटाकाशं स्यात् । न च तदिष्टम् । ततः कालाणुभ्योऽन्यत्र सर्वेषां कायत्वाख्यं सावयवत्वमवसेयम् । त्रैलोक्यरूपेण निष्पन्नत्वमपि तेषामस्तिकायत्व–साधनपरमुपन्यस्तम् । तथाच–त्रयाणामूर्ध्वाऽधोमध्यलोकानामुत्पादव्ययध्रौव्यवन्त–स्तद्विशेषात्मका भावा भवन्तस्तेषां मूलपदार्थानां गुणपर्याययोगपूर्वकमस्तित्वं साधयन्ति । अनुमीयते च धर्माधर्माकाशानां प्रत्येकमूर्ध्वाधोमध्यलोकविभागरूपेण परिणामनाल्लोक–पूरणावस्थाव्यवस्थितव्यक्तेस्सदा सन्निहितशक्तेस्तदनुमीयत एव । पुद्गलानामप्यूर्ध्वा–धोमध्यलोकविभागरूपपरिणतमहास्कन्धत्वप्राप्तिव्यक्तिशक्तियोगित्वात्तथाविधा सावयवत्वसिद्धिरस्त्येवेति ॥ ५ ॥

વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે
તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫.

અન્વયાર્થ :- [येषाम्] જેમને [विविधैः] વિવિધ [गुणैः] ગુણો અને [पर्ययैः] *પર્યાયો (-પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના અંશો) [सह] સાથે [स्वभावः] પોતાપણું [अस्ति] છે [ते] તે [अस्तिकायाः भवन्ति] અસ્તિકાયો છે [यैः] કે જેમનાથી [त्रैलोक्यम्] ત્રણ લોક [निष्पन्नम्] નિષ્પન્ન છે.

ટીકા :- અહીં, પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે કહ્યું છે.

ખરેખર અસ્તિકાયોને વિવિધ ગુણો અને પર્યાયો સાથે સ્વપણું-પોતાપણું-અનન્યપણું

* પર્યાયો = (પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના) નિર્વિભાગ અંશો. [પ્રવાહક્રમના અંશો તો દરેક દ્રવ્યને હોય છે, પરંતુ વિસ્તારક્રમના અંશો અસ્તિકાયને જ હોય છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે. વસ્તુના [1]વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે અને [2]અન્વયી વિશેષો તે ગુણો છે. તેથી એક પર્યાયથી પ્રલય પામતી, અન્ય પર્યાયથી ઊપજતી અને અન્વયી ગુણથી ધ્રુવ રહેતી એક જ વસ્તુને [1]વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્યલક્ષણ અસ્તિત્વ ઘટે છે જ. અને જો ગુણો ને પર્યાયો સાથે (વસ્તુને) સર્વથા અન્યત્વ હોય તો તો અન્ય કોઈ વિનાશ પામે, અન્ય કોઈ પ્રાદુર્ભાવ (ઉત્પાદ) પામે અને વળી અન્ય કોઈ ધ્રુવ રહે- એ રીતે બધું [2]વિપ્લવ પામે. તેથી (પાંચ અસ્તિકાયોને) અસ્તિત્વ કયા પ્રકારે છે તે સંબંધી આ (ઉપર્યુક્ત) કથન સાચું-યોગ્ય-ન્યાયયુક્ત છે.**

**હવે (તેમને) કાયત્વ કયા પ્રકારે છે તે ઉપદેશવામાં આવે છે :- જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, અને આકાશ એ પદાર્થો [3]અવયવી છે. પ્રદેશો નામના તેમના જે અવયવો છે તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી [4]પર્યાયો કહેવાય છે. તેમની સાથે તે (પાંચ) પદાર્થોને અનન્યપણું હોવાથી કાયત્વસિદ્ધિ ઘટે છે. પરમાણુ (વ્યક્તિ-અપેક્ષાએ) [5]નિરવયવ હોવા છતાં તેને સાવયવપણાની શક્તિનો સદ્‌ભાવ હોવાથી કાયત્વસિદ્ધિ [6]નિરપવાદ છે. ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી કે પુદ્‌ગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે [1]અવિભાજ્ય હોવાથી તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરુદ્ધ (ગેરવાજબી) છે. આકાશ અવિભાજ્ય**

---

૧. વ્યતિરેક = ભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું. [એક પર્યાય બીજા પર્યાયરૂપ નહિ હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક છે, તેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેક (વ્યતિરેકવાળા) વિશેષો છે.]

૨. અન્વય = એકરૂપતા; સદ્રશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. [ગુણોમાં સદાય સદ્રશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અન્વય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો (અન્વયવાળા ભેદો) છે.]

---

૧. અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્ય છે.

૨. વિપ્લવ = અંધાધૂંધી; ઊથલપાથલ; ગોટાળો; વિરોધ.

૩. અવયવી = અવયવવાળા; સાવયવ; અંશવાળા; અંશી; જેમને અવયવો (અર્થાત્ એકથી વધારે પ્રદેશો) હોય એવા.

૪. પર્યાયનું લક્ષણ પરસ્પર વ્યતિરેક છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે, કારણ કે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ નહિ હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે; તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે.

૫. નિરવયવ = અવયવ વગરનો; અંશ વગરનો; નિરંશ; એકથી વધારે પ્રદેશ વિનાનો.

૬. નિરપવાદ = અપવાદ રહિત. [પાંચ અસ્તિકાયોને કાયપણું હોવામાં એક પણ અપવાદ નથી, કારણ કે (ઉપચારથી) પરમાણુને પણ શક્તિ-અપેક્ષાએ અવયવો-પ્રદેશો છે.]

---

૧. અવિભાજ્ય = જેના વિભાગ ન કરી શકાય એવા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોવા છતાં તેમાં 'આ ઘટાકાશ છે, આ અઘટાકાશ (અથવા પટાકાશ) છે' એવી વિભાગકલ્પના જોવામાં આવે છે જ. જો ત્યાં (કથંચિત્) વિભાગ ન કલ્પવામાં આવે તો જે ઘટાકાશ છે તે જ (સર્વથા) અઘટાકાશ થાય, અને તે તો ઈષ્ટ (માન્ય) નથી. માટે કાળાણુઓ સિવાય બીજા બધાને વિષે કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું.

તેમનું જે ત્રણ લોકરૂપે નિષ્પન્નપણું (-રચાવું) કહ્યું તે પણ તેમનું અસ્તિકાયપણું (-અસ્તિપણું તથા કાયપણું) સિદ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે. તે આ પ્રમાણે :-

(૧) ઊર્ધ્વ-અધો-મધ્ય ત્રણ લોકના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળા ભાવો-કે જેઓ ત્રણ લોકના વિશેષસ્વરૂપ છે તેઓ-ભવતા થકા (પરિણમતા થકા) તેમના મૂળ પદાર્થોનું ગુણપર્યાયયુક્ત અસ્તિત્વ સિદ્ધ કરે છે. (ત્રણ લોકના ભાવો સદાય કથંચિત્ સદ્રશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે તે એમ સિદ્ધ કરે છે કે ત્રણ લોકના મૂળ પદાર્થો કથંચિત્ સદ્રશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે અર્થાત્ તે મૂળ પદાર્થોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું અથવા ગુણપર્યાયવાળું અસ્તિત્વ છે.)

(૨) વળી ધર્મ, અધર્મ અને આકાશ-એ પ્રત્યેક પદાર્થ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) [2]વિભાગરૂપે પરિણત હોવાથી તેમને કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી શકાય છે. દરેક જીવને પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત [+]લોકપૂરણ અવસ્થારૂપ વ્યક્તિની શક્તિનો સદા સદ્ભાવ હોવાથી જીવોને પણ કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી જ શકાય છે. પુદ્ગલો પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યક્તિવાળાં અથવા શક્તિવાળાં હોવાથી તેમને પણ તેવી (કાયત્વ નામની) સાવયવપણાની સિદ્ધિ છે જ. ૫.

---

૨. જો લોકના ઊર્ધ્વ, અધઃ અને મધ્ય એવા ત્રણ ભાગ છે તો પછી 'આ ઊર્ધ્વલોકનો આકાશભાગ છે, આ અધોલોકનો આકાશભાગ છે અને આ મધ્યલોકનો આકાશભાગ છે' એમ આકાશના પણ વિભાગ કરી શકાય છે અને તેથી તે સાવયવ અર્થાત્ કાયત્વવાળું છે એમ સિદ્ધ થાય છે. એ જ રીતે ધર્મ અને અધર્મ પણ સાવયવ અર્થાત્ કાયત્વવાળાં છે.

\+ લોકપૂરણ = લોકવ્યાપી. [કેવળસમુદ્ઘાત વખતે જીવને ત્રિલોકવ્યાપી અવસ્થા થાય છે. તે વખતે 'આ ઊર્ધ્વલોકનો જીવભાગ છે, આ અધોલોકનો જીવભાગ છે અને આ મધ્યલોકનો જીવભાગ છે એમ વિભાગ કરી શકાય છે. આવી ત્રિલોકવ્યાપી અવસ્થાની શક્તિ તો જીવોમાં સદાય છે તેથી જીવો સદા સાવયવ અર્થાત્ કાયત્વવાળા છે એમ સિદ્ધ થાય છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૫ ઉપર પ્રવચન

**जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं ।**
**ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं ।। ५ ।।**

**વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે**
**તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫**

**અન્વયાર્થ :- જેમને** એટલે પદાર્થને આત્માને, પરમાણુને, ધર્માસ્તિ, અધર્માસ્તિ વગેરે. **વિવિધ ગુણો અને પર્યાયો (-પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના અંશો)** એ શું વળી આવ્યું? સમજાણું કાંઈ?

જેમ આત્મા છે તો એના પ્રવાહક્રમે એક એક સમયની અવસ્થા થાય એ પ્રવાહક્રમની પર્યાય કહેવાય. આત્મા છે, વસ્તુ છે. એમાં અનંતગુણ છે, શકિત. એની પ્રગટ અવસ્થા એક સમયમાં એક એક ગુણની અનંત. એમ બીજા સમયે અનંત. એમ પ્રવાહક્રમે થાય તેને પર્યાય પ્રવાહક્રમનો કહેવાય અને અસંખ્યપ્રદેશી છે એક એક પ્રદેશને આ કહે છે. જુઓ, વિસ્તારક્રમના અંશો કહેવાય. અસંખ્યપ્રદેશ છે એને વિસ્તારક્રમના અંશોને દ્રવ્ય-પર્યાય કહેવાય. સમજાણું કાંઈ?

આ પરમાણુ છે એક રજકણ પોઈન્ટ. એમાં ક્ષણે ક્ષણે નવી નવી અનાદિ અનંત અવસ્થા થાય એ પ્રવાહક્રમ. એક પરમાણુ છે એનો વિસ્તારક્રમનો એક જ અંશ છે. વિસ્તાર એક જ અંશ છે. આત્મામાં ક્ષણે ક્ષણે અનાદિ અનંત પર્યાય થાય એ પ્રવાહક્રમ અને અસંખ્યપ્રદેશ છે એ વિસ્તારક્રમ છે. વિસ્તારથી ક્રમે પડેલા પ્રવાહ, અસંખ્ય પ્રદેશ. એક પ્રદેશમાં બીજો નહીં, બીજામાં ત્રીજો નહીં એવા જે વર્તમાનમાં વિસ્તારથી રહેલામાં અસંખ્ય પ્રકાર છે તેને વિસ્તારક્રમના ભેદરૂપે દ્રવ્ય પર્યાય કહેવામાં આવે છે. વીતરાગ માર્ગ સિવાય આવું ન હોય એમ બતાવે છે. અસંખ્ય પ્રદેશ એને અસંખ્ય પર્યાય કહેવાય. દ્રવ્ય પર્યાય કહેવાય. વિસ્તારક્રમના ભેદ કહેવાય. આહાહા! સમજાણું કાંઈ?

એ પહોળો ભગવાનઆત્મા અસંખ્યપ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશ પહોળાશ ને આમ વિસ્તાર.. એકહારે, પણ એમાં એક એક અંશ બીજારૂપે નથી એ રીતે તેને વિસ્તારક્રમના અસંખ્ય અંશો, પ્રદેશો કહેવામાં આવે, એને પર્યાય કહેવામાં આવે છે. આ કરતાં તો સમયસાર સારું છે (એમ કહે) પણ સમયસારમા પણ વસ્તુ તો આ છે. આને પંચાસ્તિકાય સમયસાર કહ્યું છે. પંચાસ્તિકાય સમયસાર છે. સહેલું તો કાંઈ નથી. બધું છે ઈ છે. ઓલો માણસ ઓઘે ઓઘે માની બેસે ને પછી સમજવાની દરકાર ન કરે ને પછી જાવ કરો આત્માનું ધ્યાન. પણ ધ્યાન શી રીતે કરશે? જે રીતે વસ્તુનો સ્વભાવ પર્યાયમાં જે રીતે છે તે રીતે ન જાણે એનો વિસ્તાર અસંખ્ય પ્રદેશ છે એ રીતે ન જાણે અને ઓઘે ઓઘે જાણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો એનું જ્ઞાન ઓઘાવાળું થાશે. સમ્યક્ નહીં થાય. સમજાણું કાંઈ?

**વિવિધ ગુણો અને પર્યાયો (-પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના) નિર્વિભાગ અંશો.** નીચે (ફૂટનોટમાં) નિર્વિભાગ. લ્યો! જેના ભાગ ન પડે તેવા અંશો. એટલે આ આત્મા છે અને આ પરમાણુ છે જડ. બેમાં ક્રમે ક્રમે જે પર્યાયો થાય અવસ્થા એ પ્રવાહક્રમના અંશો કહેવાય છે. અને પોતે વસ્તુ છે એક પરમાણુ ને એક અંશ. એ વિસ્તારક્રમનો એક અંશ થયો. આત્માના અસંખ્ય પ્રદેશ છે વિસ્તારક્રમના અસંખ્ય પર્યાયો કહેવાય છે. પ્રદેશ એટલે અંશ એમ. **પ્રવાહક્રમના અંશો તો દરેક દ્રવ્યને હોય છે પરંતુ વિસ્તારક્રમના અંશો અસ્તિકાયને જ હોય છે,** એટલે કાળને હોતા નથી. એમ સિદ્ધ કરવું છે.

એ આત્માને માનવો પડશે એમાં છ દ્રવ્યો જ્ઞાનમાં આવે ત્યારે તેણે આત્માની પર્યાય માની કહેવાય. સમજાણું કાંઈ? એ વિના આત્માને માન્યો કહેવાતો નથી. એવડો જ આત્મા છે. એ પણ એ બધા કાયો જે છે પરમાણુ એક રજકણ આદિ એને જાણવાવાળી પર્યાય છે. એને ફેરફાર કરવાવાળી કે એના ઓછા વત્તાને ફેરફાર કરવાવાળી પર્યાય નથી. એમ બેય રીતે એનું પર્યાયમાં જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ? સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી. ભાષા તો સાદી છે.

વસ્તુ છે કે નહીં? આત્મા. એ આત્મા પહોળો કેટલો છે? આ ઠેકાણે પ્રદેશ છે તે આ ઠેકાણે છે એ? અંદર જુદા જુદા છે. અસંખ્ય છે હો? એટલામાં અસંખ્ય પ્રદેશ છે. અંગુલના અસંખ્યભાગમાં આત્માના પ્રદેશ લ્યો તો તો અસંખ્યાતા છે. એય! આ આમાં જો! આ આંગળી છે ને? એનો આ છેલ્લો ભાગ નખનો કટકો લ્યો તો એમાં અનંતા પરમાણું છે. એમાં એટલા અંશમાં આત્માના પ્રદેશ છે તે અસંખ્ય છે. એટલા અંશમાં રજકણો છે તે અનંત છે. એમ છે. સમજાણું કાંઈ?

અસંખ્યમો ભાગ આવી ગયો ને? અસંખ્યમો ભાગ આવી ગયો ને? અંગુલના અસંખ્ય ભાગમાં આટલો ભાગ છે એમાં અસંખ્ય છે. અને એથી આખો આત્મા અસંખ્યગુણો છે. અનંતગુણો નહીં. અનંતગુણો છે જ ક્યાં? સમજાણું? એમ અહીં જે અસંખ્ય પ્રદેશમાં પરમાણુંની સંખ્યા છે અનંત એનાથી આખા શરીરના પરમાણુંની સંખ્યા અસંખ્યગુણી છે. અનંતગુણી નહીં. તો આમાં ઘણા આવી ગયા છે. એય! ભઈ આ તો પંચાસ્તિકાય ચાલે છે. અસ્તિ એટલે હોવાપણે અને કાય એટલે પ્રદેશનો સમૂહ. આવું જેનું સ્વરૂપ છે તેને તે રીતે જાણવું જોઈએ. બીજે જાણવામાં રોકાય જાય એના કરતાં આ જાણે તો ખરો પહેલાં?

જેમ જેમ આગળ ચાલે તેમ તેની વિશેષતા સ્પષ્ટ થતી જાય છે. ચંદુભાઈ! ઓઘે ઓઘે ભગવાન કરો, ભગવાન ભગવાન ભગવાન કરો, આત્મા આત્મા કરો. આત્મા આત્મા કોણ છે, કેવડો છે સમજયા વિના શું આત્મા આત્મા કરીશ. સમજાણું? ઓઘે ઓઘે તો એવા અનાદિકાળના અનંતવાર ધ્યાન કર્યા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શાસ્ત્રમાં નથી આવતું? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્જાય, ધ્યાન, ઉપસર્ગ, વ્યવહાર, બાર તપ વ્યવહાર બધાય અનંતવાર કર્યા છે. ધ્યાન પણ અનંતવાર કર્યા છે. અંદરની એકાગ્રતા એવો જે વિકલ્પ એ પણ અનંતવાર કર્યું છે. મૂળ એકાગ્રતા ક્યાં છે? સમજાણું કાંઈ? મૂળ એકાગ્રતા નથી. ઘણા વિકલ્પો એકઠા દેખાય તો એમ થાય જાણે કે આપણે ધ્યાન કરીએ છીએ. એ ધ્યાન નથી. ધ્યાનનું સ્વરૂપ જ એ નથી. સમ્યગ્દર્શનના ભાન વિના ધ્યાન યથાર્થ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન યથાર્થ જ્ઞાન વિના હોય નહીં. વિપરીત જ્ઞાન હોય અને સમ્યગ્દર્શન થાય એમ બને નહીં. કહો સમજાણું કાંઈ? સંસારમાં તો ઘણી ઝીણવટથી વાતું કરે છે. અહીં તો બધું એણે સમજવું પડશે કે નહીં?

વિવિધ ગુણો જોયું? વિવિધ ગુણ. આત્મામાં અસ્તિત્વગુણ, જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદગુણ પરમાણુ, જડગુણ, રંગ-ગંધ-રસ-સ્પર્શ વગેરે. અને પર્યાયો બે પ્રકારના ક્રમે ક્રમે અવસ્થા થાય એ તેનું અસ્તિત્વ છે. અને અસંખ્યપ્રદેશી કે અનંતપ્રદેશી આકાશ છે એના એટલા અંશો છે એટલે તેના વિસ્તારક્રમના ભેદો એટલે પર્યાયો. સમજાણું કાંઈ? હવે કુંદકુંદાચાર્ય જેવા આ વાત લખે છે અને બીજાને કંટાળો લાગે! કુંદકુંદાચાર્ય તો કહે છે કે આ તું સમજ. માથે નહોતું આવ્યું કાલ? અવસેયમ્ નક્કી કર.

અમૃતચંદ્રઆચાર્ય કહે છે કે તું નક્કી કર તારા જ્ઞાનમાં. આવ્યું'તું ને કાલ નહોતું આવ્યું? અવસેયમ્ ચોથી લીટી. **वस्तुतत्वात अवसेवम्** આ રીતે સત્તા છે, કાય છે. એમ તારે જ્ઞાનમાં નિશ્ચય કરવો. સમજાણું કાંઈ? ઓલું બધું કરવા જાય ને આમાં કહે કે કંટાળો આવે તો એનો અર્થ કે એને એકાગ્રતા રહેતી નથી. એની બુદ્ધિ ઓછી હોય ને સ્વરૂપ તરફ દૃષ્ટિ કરવાનું માગે તો એ વળી જુદી વાત છે. સમજાય છે? જેની બુદ્ધિ બીજામાં તો બહુ વાપરે છે. આમાં જયાં આવે ત્યાં એને વાપરવામાં વાંધો આવે છે. એ કયાંક રોકાઈ ગયેલો છે. સમજાણું કાંઈ?

જુઓ આ શી રીતે વ્યવહાર સિદ્ધ કરે છે આચાર્ય. આહાહા! દ્રવ્યનું જ્ઞાન ને છ દ્રવ્યની પ્રતીત તે તો વસ્તુ થઈ. હવે એને સમકિતીને વ્યવહાર હોય છે કે નહીં? હા. આ પ્રકારનું જ્ઞાન જે છે એ એમનું વ્યવહારુજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર ન જ હોય તો તો નિશ્ચય પણ રહેતો નથી. નિશ્ચયાભાસી થઈ જાય એમ કહે છે.

**વિસ્તારક્રમના અંશો સાથે પોતાપણું છે.** લ્યો! કહે છે કે પ્રદેશોના અંશો પણ પોતાપણે છે અને પર્યાયોના અંશો ક્રમે ક્રમે પર્યાય થાય પણ પોતાપણે છે એમ કહે છે. તે અસ્તિકાયો છે એટલે હોવાપણે સમૂહાત્મક છે. કે જેમનાથી ત્રણ લોક નિષ્પન્ન છે. ભાષા દેખો! ત્રણ લોક ઉત્પન્ન થયા છે. નિષ્પન્ન થયા છે એટલે ત્રણ લોક છે એમ એનો અર્થ. આ રીતે ત્રણ લોક છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિસ્તારક્રમવાળા પ્રદેશો પર્યાયો, આમ અર્ધપ્રદેશો. વિસ્તારક્રમના પણ આમ આમ ક્રમમાં, આમ પણ ક્રમમાં એ બધા અસ્તિત્વવાળા પદાર્થો એનાથી ત્રણ લોક પ્રાપ્ત છે. એનાથી ત્રણ લોક પ્રાપ્ત છે. ત્રણ લોક એ રીતે રહેલો છે. સમજાણું કાંઈ? ત્રણ લોક નિષ્પન્ન છે.

**ટીકા :- અહીં, પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે કહ્યું છે. ખરેખર અસ્તિકાયોને વિવિધ ગુણો** એ પાંચ. આત્મા એનું અસ્તિકાય ધર્માસ્તિ, અધર્માસ્તિ, વિગેરે એના વિવિધ ગુણો હોય છે. દરેકના ભિન્ન ભિન્ન પ્રકારના એકના પણ ભિન્ન ભિન્ન પ્રકારના ગુણો કાયમ રહેનારા પર્યાયો સાથે. દરેકને **ગુણો અને પર્યાય સાથે સ્વપણું, પોતાપણું, અનન્યપણું છે.**

આત્મામાં પ્રત્યેક સમયે પર્યાય ક્રમે ક્રમે થાય એ પોતાપણે છે. અસંખ્યપ્રદેશી વિસ્તારક્રમના પર્યાયો છે એ પણ પોતાપણે છે. અને એનામાં અનંતા ગુણો જે છે એ પણ પોતાપણે છે. સમજાય છે? સ્વપણે અસ્તિ છે એમ સિધ્ધ કરે છે. ભાઈ! પરપણે નાસ્તિ અને સ્વપણે અસ્તિ. આહાહા! સમજાણું કાંઈ?

**ખરેખર અસ્તિકાયોને** અસ્તિકાય એટલે? કાળ સિવાયના પાંચ અસ્તિકાયો જીવ અનંત, પુદ્ગલ અનંત, ધર્માસ્તિ એક, અધર્માસ્તિ એક અને આકાશ એક. એમ ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિઓવાળા અને તેની અવસ્થાવાળા, જીવની અવસ્થા બે પ્રકાર કીધી. કયા બે પ્રકારે કીધી? પર્યાયો. વિસ્તારક્રમ અને પ્રવાહક્રમ. એની પર્યાય છે અને પોતાપણે છે એમ કહે છે. આત્મા એના ગુણો જે અનંત છે વિવિધ અને એની બે પ્રકારની પર્યાયો. એક કાળ ક્રમે થતી અને એક વર્તમાન એકમાં બીજી નથી એમ વિસ્તારક્રમમાં રહેતી. વિસ્તારક્રમે રહેતી. એ પોતે સ્વપણે છે. એ બધું સ્વપણે છે, પરને લઈને છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

અસંખ્યપ્રદેશી આત્મા એનો સંકોચ વિકાસ થાય એ સ્વપણે છે. પરને લઈને નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય ચોવીસીના સમય જેટલા પ્રદેશ છે. સમજાણું કાંઈ? આખા લોકના આકાશના પ્રદેશ જેટલા તેના પ્રદેશ છે. એ અસંખ્ય પ્રદેશ એ પોતાપણે છે, વિસ્તારક્રમના અંશો છે. એક અખંડ વસ્તુના અંશ તરીકે. સમજાણું કાંઈ? સોનાની હાંસડી આવે છે ને હાંસડી. એમાં પ્રદેશ ન હોય. એ તો આખું દળ હોય. સોનાની સાંકળ હોય છે ને સોનાની. સાંકડું. એમાં મકોડા હોય છે. એક, એક, એક મકોડા હોય છે ને? મકોડા રહ્યાને એ મકોડામાં આમ હોય છે આમ એમાં નથી. એમ અહીંયા પ્રદેશ, પ્રદેશ, પ્રદેશ, પ્રદેશ, પ્રદેશ તે એનો મકોડો છે. સમજાય છે? અને પર્યાય, પર્યાય આમ મકોડો છે. એ આમ અંશ છે. આમ અંશ છે એક આમ અંશ છે. એ બધું પોતાપણે છે. ઓલા કહે છે ને કર્મનું નિમિત્ત છે તો કર્મને લઈને જીવના અસંખ્ય પ્રદેશ સંકોચ વિકાસ પામે છે. એ અહીં ના પાડે છે આ. સમજાણું કાંઈ? એમ એમાં સિધ્ધ કરે છે. એવો જીવનો સ્વભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે પ્રદેશી. દેહ છૂટે ત્યારે એના પ્રદેશો અહીં જેટલા છે ને જેટલા પહોળા જે પ્રમાણે એવો રસ્તામાં રહે. રસ્તામાં બીજે તો ન હોય. સ્વર્ગમાં ત્યાં ઉપજે એટલે ત્યાં ઇન્દ્રોના સંબંધમાં આવી જાય. જયાં ઉપજે પહેલે સમયે અહીંના પાંચસો ધનુષનું કે હજાર જોજનનું માછલું હોય. અહીંયા અસંખ્ય પ્રદેશ હતા ન્યાંથી છૂટયો તો હજાર જોજનના શરીર પ્રમાણે પ્રદેશ પહોળા અને ઊંચા જાય. ન્યાં સ્વર્ગમાં ઊપજે. આઠમા દેવલોકે ઉપજે એ જયાં ન્યાં પહેલે સમયે ઊપજે અંદર આખું જાતું જાય. એ કહે છે કે પોતાપણે છે. એમ અહીં કહે છે. એ બધું પોતાપણે થાય છે. પોતાથી જ થાય છે. સમજાણું કાંઈ?

સિધ્ધ ભગવાન એ અસંખ્યપ્રદેશી છે. લ્યો! એ સિધ્ધ અહીં થાય છે. સિધ્ધ તો અહીં થાય છે. અશુધ્ધતા ગઈ પૂર્ણ શુધ્ધ થઈ ગયા. એ શુધ્ધ પારિણામિકભાવ થઈ ગયો. હવે અહીંથી આમ જાય છે તો સમય તો ઈ નો ઈ છે. ન્યાં ઊપજે તો સમય તો ઈ નો ઈ છે. એ એનો શુધ્ધ પારિણામીકભાવ છે. સમજાણું કાંઈ? કોઈક કહે કે ભઈ અહીંથી રસ્તામાં જાય ન્યાં અશુધ્ધ પારિણામિક છે. શુધ્ધ અહીં થયો નથી એમ અર્થ લીધો. રસ્તામાં જે ગતિ કરે છે ને? ક્રિયા થઈને? રસ્તાની ક્રિયા થઈ માટે અશુધ્ધ પારિણામિક છે. ત્યાં જાય ત્યાં શુધ્ધ પારિણામિક થાય (એમ ન હોય). જવામાં એક જ સમય છે. ભેદ કે દિ' હતો. સમજાણું કાંઈ?

અસંખ્યપ્રદેશી અનંતાગુણો પર્યાયે શુધ્ધ થઈ જાય. સિધ્ધપદ તો અહીં ઉત્પન્ન થયું. ચૌદમાં ગુણસ્થાનની છેલ્લી પર્યાયનો વ્યય અને સિધ્ધનો ઉત્પાદ અહીં થયો. ન્યાં ઉપજતા એને રસ્તામાં એક સમય લાગે. શુધ્ધ પારિણામિકભાવે અહીં થયા એ જ શુધ્ધ પારિણામિકભાવે રસ્તામાં અને એ જ શુધ્ધ પારિણામિકે ત્યાં આવું વળી...સમજાણું? સંસારીમાં એમ નથી. સંસારીના શરીર પ્રમાણે આત્મા બહાર નીકળે. સમજયા? ઉપજે ત્યારે...થઈ જાય. સમજાણું કાંઈ? એ પોતાને કારણે થાય છે. કર્મને કારણે કે બીજા દ્રવ્યને કારણે એમ છે નહીં. સ્વપણું પોતાપણું અથવા અનન્યપણું છે. એ બધા ગુણ ને પર્યાયો આત્માથી અથવા દરેક દ્રવ્યથી અનન્ય છે. અન્ય અન્ય નથી. અન્ય અન્ય નથી. અનન્ય છે. એકરૂપ. એનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

સંસારી હો કે સિધ્ધ હો. તેના ગુણ પર્યાયોથી અનેરો નથી. ગુણ પર્યાયથી અનન્ય છે. આહાહા! સમજાણું? 'ગુણપર્યાયવત્દ્રવ્યમ્' વ્યવહાર થઈ ગયો. એમ નહીં. એય! ભેદ પડ્યો છે ને? ગુણ ને પર્યાય જુદા અને એનું દ્રવ્ય...એટલે અહીંના કારણે ત્યાં આનુપૂર્વી પ્રકૃતિ આવી માટે તેને એકલું રહેવું પડયું એમ નથી. આહાહા! શ્રેણિક મહારાજાનો આત્મા તીર્થંકર પ્રકૃતિના રજકણો સાથે છે અને પોતાની પર્યાય ત્યાં એટલી યોગ્યતાવાળી એ જાતની એટલે એટલું રહેવું પડ્યું એમ નથી. કેમ થયું? એનું પોતાપણું છે તેથી પરને કારણે થયું નથી. આહાહા! મોટા વાંધા ઉઠાવે એમાં. દરેકનું હોવાપણું આ રીતે પોતાપણે અસ્તિત્વ એમ સિધ્ધ કરે છે. આમ થાય, આમ થાય, નાનો થાય કે મોટો થાય ગુણ પર્યાયમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ બધું વિસ્તારક્રમ ને પ્રવાહક્રમ પોતાપણે પોતામાં અનન્યપણે થાય છે. પરની હારે કાંઈ સંબંધ છે નહી. સમજાણું કાંઈ? હવે પર્યાયની અને દઢતા ગુણની કરે છે. ગુણ ને પર્યાય.

**વસ્તુના વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે.** નીચે ખુલાસો છે. વ્યતિરેક=ભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું (એક પર્યાય બીજા પર્યાયરૂપ નહિ હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક એટલે જુદાઈ છે, તેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેકી (વ્યતિરેકવાળા) વિશેષો છે. એ બધું સમજાવવાનું આકરું.

જેમ આત્મા છે તેના અસંખ્ય પ્રદેશ છે. તે એક બીજારૂપે નથી તેથી તેને વ્યતિરેક દ્રવ્ય પર્યાય અંશો કહેવામાં આવે છે. આમ ક્રમે ક્રમે પર્યાય થાય તે એક બીજા ક્રમેથી ભિન્ન ભિન્ન છે. માટે તેને વ્યતિરેક ભિન્ન ભિન્ન પર્યાયો તેને પોતાથી કહેવામાં આવે છે. આહાહા! બીજે સમયે આવી કેમ થઈ? પ્રવાહક્રમમાં તેનો એ ક્રમ હતો. પોતાના અસ્તિત્વથી થઈ છે. બીજે સમયે આવી કેમ થઈ? તેના પ્રવાહક્રમમાં તેનું અસ્તિત્વપણું તે જ રીતે છે. સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ થઈ જાય છે. એવું વસ્તુનું સ્વરૂપ એમાં પણ ક્રમબદ્ધ થાય છે. શું કરવું આમાં? વ્યતિરેક વિશેષો, વ્યતિરેક વિશેષો. દ્રવ્ય છે ને તે સામાન્ય અને ભેદો તે વિશેષો એમ. **અન્વયી વિશેષો તે ગુણો છે.** લ્યો! અન્વય=એકરૂપતા; સદશતા; 'આ તે જ છે.' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (ગુણોમાં સદાય સદશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અન્વય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વય વિશેષો (અન્વયવાળા ભેદો) છે. જ્ઞાન-દર્શન જે આત્માના ગુણ છે ને તે અનન્ય છે. અનન્ય છે. સમજાણું? (એટલે) એકમેક છે. જુદા નથી. વ્યતિરેક એટલે નથી. ભિન્ન ભિન્ન નથી. એમ કહે છે. ઓલી પર્યાય ભિન્ન ભિન્ન હતી. જ્ઞાન-દર્શન આદિ ગુણો સદશ્ય, સદાય સદશ્ય રહેતા હોવાથી એકરૂપ રહેતા હોવાથી તે જ જ્ઞાન, તે જ જ્ઞાન, તે જ દર્શન, તે જ દર્શન, તે જ દર્શન, તે જ આનંદ ગુણ હોં! તેમનામાં સદાય અન્વય છે. ગુણો દ્રવ્યના અન્વય સાથે એકરૂપે રહેનારા વિશેષો ભેદો છે. લ્યો! આ એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. એવા પરમાણુંને પરમાણું કહેવામાં આવે છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૭, ગાથા-૫
## પ્રવચન નં.૧૧
## તા.૧૭/૧૨/૬૩, પોષ સુદ-૨, મંગળવાર

**પંચાસ્તિકાય ગાથા :- ૫**

**जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं ।**
**ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं ॥ ५ ॥**

**વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે**
**તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોકયરચના જે વડે. ૫**

**ટીકા :- અહીં, પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે ચોથી ગાથામાં કહ્યું છે.** એ પહેલું આવી ગયું. હવે અહીંયા આ ગાથાનું સ્વરૂપ કહ્યું છે. ખરેખર અસ્તિકાયોને જીવ અનંત, પુદ્દગલ અનંત અને આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ પાંચ. તેને વિવિધ ગુણો, વિવિધ ગુણો અનેક પ્રકારના ગુણો. જેને જે હોય તેવા. એકમાં પણ વિવિધ ગુણો અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ વગેરે. **વિવિધ ગુણો** અસ્તિકાયોને ભિન્ન ભિન્ન પ્રકારના ગુણો **અને પર્યાયો** એ દરેક અસ્તિકાયને જીવને, પુદગલને જીવ પણ પોતાના વિવિધ ગુણોથી સહિત છે. અને પોતાના પર્યાયો સાથે વિવિધ પર્યાયો. એમાં પણ એમ લઈએ. અનેક જાતની પર્યાય છે કે નહીં?

એ **સાથે સ્વપણું-પોતાપણું- અનન્યપણું છે.** દરેક અસ્તિકાયને જીવ, પુદગલ આદિને પોતાના ગુણો અને પોતાની પર્યાય સાથે સ્વપણું-પોતાપણું એટલે કે અનન્યપણું છે. દરેક વસ્તુ પોતાના ગુણ પર્યાયથી અન્ય નથી. ગુણ પર્યાયથી અનન્ય છે. શું કીધું સમજાણું? દરેક આત્મા, દરેક પરમાણુ, ધર્માસ્તિ, આકાશ. કાળાણુંય એમ છે પણ અહીંયા અસ્તિકાયમાં એ નથી લીધું.

એ પોતાના ગુણો, જેમ આત્માના જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો અને તેની અનંત પર્યાયો એની સાથે આત્માને અનન્યપણું છે. એટલે કે પોતાપણું છે. તેથી સ્વપણું છે. એનાથી તેનું અનેરાપણું નથી. સમજાણું કાંઈ? સહસ્વભાવો, આત્મભાવો અને અનન્યત્વમ્ ઉપર બીજી લીટી છે. સમજાણું કાંઈ?

વસ્તુના વ્યતિરેક વિશેષો તે પર્યાયો છે. હવે એનો ખુલાસો કરે છે. વસ્તુ એટલે દરેક આત્મા અને દરેક પરમાણું એનું વ્યતિરેક એટલે એકનું બીજારૂપ ન હોવું. દરેક દ્રવ્યમાં એક પ્રદેશનું બીજા પ્રદેશરૂપ ન હોવું અને એક પર્યાયનું પણ બીજા પર્યાયરૂપે ન હોવું. **એ વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે.** એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિશેષો તે પર્યાયો છે. દ્રવ્યમાં સામાન્ય ગુણો છે તે દ્રવ્યની અપેક્ષાએ એક ન્યાયે વિશેષ છે. આ વ્યતિરેક વિશેષો તે પર્યાયો છે. કહો સમજાણું? હેં? વ્યતિરેક એટલે એક બીજાનું ન હોવાપણું. આત્માના અસંખ્ય પ્રદેશ છે તેમાં એક પ્રદેશનું બીજા પ્રદેશપણે નહીં હોવાપણું. એનું વ્યતિરેક અન્યપણું ભિન્નપણું કહેવામાં આવે છે.

એમ આત્માની જેટલી અનંતી પર્યાય છે એની એક પર્યાય બીજા પર્યાયપણે ન થવું એનું નામ જુદાઈપણું, વ્યતિરેકપણું, અનન્યપણું દરેક પર્યાયનું કહેવામાં આવે છે. ઓહો! આ તો એકલા સિધ્ધાંતો છે ને? સમજાણું કાંઈ? એ વસ્તુ પહેલી પર્યાયથી વાત લીધી જુઓ. આત્મા પરમાણુ એનું વ્યતિરેક વિશેષ, ભિન્ન ભિન્નતાની જુદાઈની વિશેષતા એ તેની પર્યાયો છે. કહો રતિભાઈ! આવા શબ્દો યાદેય રહે કાંઈ? એ મણિયારોના બદામ ને પિસ્તા એમાં કયાં કાંઈ હાથ આવે? કહે છે, દરેક આત્મા, દરેક રજકણ ચાર બીજા ભલે રહ્યા. એના વ્યતિરેક વિશેષ, અન્ય અન્ય, ભિન્ન ભિન્ન વિશેષ એને પર્યાયો કહેવામાં આવે છે.

એ પર્યાયના બે પ્રકાર. પ્રદેશને પણ પર્યાય કહેવામાં આવે છે અને ઉર્ધ્વકાળની એ વખતે જ્ઞાન, દર્શન આદિની પર્યાય એને પણ પર્યાય કહેવામાં આવે છે. પરમાણું સ્વતંત્રપણે દરેકનું અસ્તિત્વ પરથી ભિન્ન અને પોતાના ગુણ પર્યાયથી અભિન્ન. દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાના ગુણો અન્વયી વિશેષ એ પછી કહેશે. વ્યતિરેક વિશેષ. દરેક આત્મા અને દરેક પરમાણુ વ્યતિરેક ભિન્નભિન્ન વિશેષ એવી પર્યાય સહિત જે દ્રવ્ય હોય. પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહીં. કહો, સમજાણું કાંઈ? શું છે? એ લેશે, લેશે. આગળ આવશે. પછી આવશે પછી ખુલાસો આવશે. અહીં તો સામાન્ય વાત છે.

અને અન્વયી વિશેષો તે ગુણો છે. દેખો, **અન્વય એટલે એકરૂપતા, સદશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (ગુણોમાં સદાય સદશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અન્વય છે. તેથી ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો.** અન્વય=સદશપણે રહેનારા વિશેષો. **તેને અન્વયવાળા ભેદો કહે છે.** વસ્તુ તો સમજાવવી છે શાસ્ત્ર ભાષાએ. એક આત્મા અને એકએક રજકણ જેટલા દ્રવ્ય છે એમાં એની વ્યતિરેક ભિન્ન ભિન્ન અવસ્થા વિશેષ અવસ્થા સહિત દ્રવ્ય છે. અને અન્વય વિશિષ્ટ ગુણ સહિત દ્રવ્ય પર સહિત નથી. પરની પર્યાય સહિત નથી પણ પોતાની પર્યાય ને ગુણ સહિત છે. પરની પર્યાય ને ગુણ સહિત નથી. સમજાણું આમાં?

જયાં સુધી આત્મા કે રજકણ રિદ્ધિ પોતાનો વ્યતિરેક વિશેષ ભિન્ન ભિન્ન અવસ્થાઓથી સહિત છે. એની અવસ્થાને બીજો કોણ કરે? અને એની અવસ્થાથી બીજાનું હોવાપણું કેમ હોય? અને પોતાના અન્વય વિશેષથી જયારે સહિત છે તો એ શકિતને બીજો કોણ આપે? એ શકિતઓ પોતા પાસે અન્વય વિશેષરૂપ શકિત દ્રવ્યમાં કાયમ રહેનારી છે. એ શકિતને બીજો કોણ આપે? અને પર્યાય બીજાથી કેમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય? કહો, સમજાણું આમાં? **તેથી એક પર્યાયથી પ્રલય પામતી** દરેક વસ્તુ અસ્તિકાય લીધી છે ને એટલે. એક અવસ્થાથી પ્રલય પામતી, નાશ પામતી. **અન્ય પર્યાયથી ઊપજતી** આત્મા ને પરમાણુ **અને અન્વયી ગુણથી ધ્રુવ રહેતી.** અન્વય એટલે સદશપણે રહેનારા શકિતઓથી કાયમ શકિત. સદશપણે શકિતથી ધ્રુવ રહેતી, કાયમ રહેતી શકિત **એક જ વસ્તુને વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્યલક્ષણ અસ્તિત્વ ઘટે છે.**

એક જ આત્માને, એક જ પરમાણુંને, એક જ પદાર્થને વ્યય જુઓ અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ વ્યય-ઉત્પાદ-ધ્રુવ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્ છે ને? ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્ છે ને સત્ છે તે દ્રવ્યનું લક્ષણ છે. વ્યય એટલે પૂર્વની અવસ્થાનો નાશ, નવી અવસ્થાનો ઉત્પાદ, ધ્રુવપણે ટકી રહેવું તે લક્ષણ અસ્તિત્વ ઘટે છે જ. દરેકમાં પોતાનું આ રીતે હોવાપણું ઘટે છે. કહો, સમજાણું આમાં? કોઈના ગુણપર્યાયને લઈને કોઈનું દ્રવ્ય નહીં. પોતાના ગુણપર્યાયને લઈને પોતાનું દ્રવ્ય છે. દેવાનુપ્રિયા! ત્યારે શું છે? આની સાથે શું છે અપવાદ? કાંઈ છે કે નહીં? આમાં કાંઈ ભૂલાઈ ગયું છે આમાં? હાં. એમ છે. કહો, સમજાણું આમાં?

ભગવાન તીર્થંકર પરમાત્માએ જેટલા અનંત જગતના પદાર્થો જોયા તેમાં એકએક પદાર્થ પોતાની અન્વય એટલે કાયમ રહેનારી શકિતઓ સહિત છે. અને વ્યતિરેક નામ ભિન્ન ભિન્ન અવસ્થા સહિત તે પોતાપણું રાખે છે. પરને લઈને આ નહીં ને આને લઈને પર નહીં. આહાહા!

વીતરાગ માર્ગની એક એક ગાથા જગતના ભિન્ન પદાર્થને ભેદ કરાવનારી છે. ભેદજ્ઞાન, ભેદજ્ઞાન. એક રજકણનો પર્યાય તેનાથી છે એનો પર્યાય પરથી નથી. એક આત્માનો પર્યાય પોતાથી છે એ પર્યાય પરથી નથી. વાંચતા નથી, વિચારતા નથી અને એ આમ થઈ ગયું. સમજાણું? **અને જો ગુણો ને પર્યાયો સાથે (વસ્તુને) સર્વથા અન્યત્વ હોય** જુઓ, દરેક ચીજનું આત્મા એકએકને અને એકએક રજકણને એની શકિતઓથી અને એની અવસ્થાને હાલતથી એની સાથે જો સર્વથા અનેરાપણું હોય, સર્વથા નહીં કથંચિત્ કહેવાય. ગુણપર્યાયના નામ દ્રવ્યનું નામ એની અપેક્ષાએ કથંચિત કહેવાય. **સર્વથા અનેરો હોય તો તો અન્ય કોઈ વિનાશ પામે** કોઈકની દશા કયાંક વિનાશ પામે. **અન્ય કોઈ પ્રાદુર્ભાવ (ઉત્પાદ) પામે, અને વળી અન્ય કોઈ ધ્રુવ રહે. એ રીતે બધું વિપ્લવ પામે**. અંધાધુંધી, ઉથલ-પાથલ ગોટાળાઓને વિરોધ. કહો આવ્યું છે કે ભાઈ આપણે બીજે પ્રવચનસાર એકસો એક ગાથા. એકસો એકમાં આવ્યું છે ને? કે દ્રવ્ય જ જો ઉત્પાદ પામે, દ્રવ્ય જ વ્યય પામે અને દ્રવ્ય જ ધ્રુવ રહે તો ગોટાળો, વિપ્લવ પામે. ત્યાં એમ લીધું છે. એકસો એક ગાથા પ્રવચનસાર. સમજાણું કાંઈ? શું કીધું?

ત્યાં ભગવાનકુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્યએ એમ કહ્યું. દરેક આત્મા અને પ્રત્યેક પરમાણુ એ પોતે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પાદવ્યયધ્રુવ તેના અંશનાં છે, અંશનાં. અંશપણે ઉપજે, અંશપણે વિલય અને અંશપણે ધ્રુવ. વસ્તુ પોતે ઉપજે, વસ્તુ પોતે નાશ પામે અને વસ્તુ પોતે ધ્રુવ રહે તો અંધાધૂંધી ગોટાળો થઈ જાય. વસ્તુ પોતે પોતાપણે રહી શકે નહીં. સમજાણું કાંઈ? એ પ્રવચનસારની ૧૦૧ ગાથામાં કહ્યું.

અહીં એમ કહ્યું કે સર્વથા એના ગુણપર્યાયો અનેરા હોય. સર્વથા કેમ લીધું? કથંચિત નામ ભેદે ભેદ છે. દ્રવ્ય એક છે, ગુણ અનંત છે, પર્યાય અનંત છે. સંખ્યા ભેદે ભેદ છે. પણ તેમાં પ્રદેશભેદે ભેદ નથી. પ્રદેશભેદ એટલે? એક આત્માના અસંખ્ય પ્રદેશમાં એ બધા ગુણો ને પર્યાયો એકરૂપ છે. પ્રદેશ જુદા, પર્યાયના પ્રદેશ જુદા ને ઓના જુદા ને આત્માના જુદા એમ નથી. પણ નામ ભેદ સંખ્યાભેદે ભેદ છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ દરેક વસ્તુને પોતાના **ગુણ પર્યાય સાથે સર્વથા અન્યત્વ નામ અનેરાપણું હોય તો તો અન્ય કોઈ વિનાશ પામે.** અનેરા વિનાશ પામે. ઓલામાં એમ કીધું. ભાઈ! દ્રવ્ય વિનાશ પામે. આ તો અનેરા વિનાશ પામે અને અનેરી દશા ઉત્પન્ન થાય. અને **અન્ય કોઈ ધ્રુવ રહે.** ત્રણ દ્રવ્ય થઈ ગયા. એ રીતે બધું વિપ્લવ પામે. ગોટાળો થાય. **તેથી (પાંચ અસ્તિકાયોને) અસ્તિત્વ કયા પ્રકારે છે તે સંબંધી આ (ઉપર્યુકત) કથન સાચું-યોગ્ય-ન્યાયયુકત છે.** અસ્તિત્વ કયા પ્રકારે છે. ગુણ પર્યાય સહિત અસ્તિત્વ છે એમ.

દરેક આત્મા ને દરેક પરમાણુનું હોવાપણું ગુણ ને પર્યાયથી છે. કાંઈ સમજાય છે? ગુણ અને પર્યાય. આ તો શાસ્ત્રના શબ્દો ઘણી વાર સાંભળ્યા હોય સમજયા ન હોય. એકએક વસ્તુ આત્મા પરમાણુ એકએક છે ને? પ્રત્યેક ભિન્ન ભિન્ન તેમાં જે અનંત ગુણ છે તે અનંત ગુણ સહિત જ તે હોય. તે અનંત ગુણ ને પર્યાય જે છે તે તેનું અસ્તિત્વ છે. તેનાથી તેનું અસ્તિત્વ છે. પરને કારણે પોતાનું અસ્તિત્વ નથી. પોતાના કારણે ગુણપર્યાયથી અસ્તિત્વ છે. પરને કારણે નહીં. કહો, સમજાય છે કાંઈ?

આત્માનું ધ્રુવપણું ટકવું તે પોતાને કારણે છે. પોતાને એટલે અપને. પોતાની પર્યાયનું ટકવું પોતાને કારણે છે અને પર્યાયનું થવું તે પોતાને કારણે છે. પરને કારણે નથી. એવા ગુણપર્યાયના અસ્તિત્વ કયા પ્રકારે છે? કે આ રીતે તેનું અસ્તિત્વ છે. પોતાની શકિત ને અવસ્થાથી તેનું હોવાપણું છે. તે દ્રવ્યનું પોતાની શકિત ને અવસ્થાથી તેનું હોવાપણું છે. **તે સંબંધી આ (ઉપર્યુકત) કથન સાચું-યોગ્ય-ન્યાયયુકત છે. साधवस्तित्वसंभवयवगर कथनम्** એટલા શબ્દો વાપર્યા છે. ઝગડા ચાલે એવી વાત છે. ઉપાદાન. દરેક દ્રવ્યનું પોતાનું અસ્તિત્વપણું કેમ છે? હોવાપણું કેમ છે? મોજુદગી કેમ છે? આત્માની મોજુદગી કેમ છે? પરમાણુની મોજુદગી કેમ છે? કે તેના ગુણપર્યાયના અસ્તિત્વથી તેની મોજુદગી છે. કહો, સમજાય છે કાંઈ?

આ રોટલાને લઈને આ શરીર ટકે છે એમ નહીં એમ કહે છે...ભાઈ! એ તો લખે ને? એને બેઠું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય એ માળો પણ ભગવાનઆત્મા છે ને એ? ઊંધો પડયો તે ભગવાન છે. એની અશુધ્ધતાની પણ બલિહારી છે. કાલે આવ્યું લખાણ. દેવાનુંપ્રિયા! ઈચ્છા, આત્માની થાય કે મારે ખાવું છે....જુઓને કેટલું ઉપવાસનું કામ શરીરથી આત્મામાં કરી દે છે. અને શરીરનું કામ આત્મા કરે છે. શરીરને પ્રસન્ન રાખે. ભૂખ લાગી હોય તો ખવરાવે, પીવરાવે, નવરાવે, ધોવરાવે, સ્વચ્છ રાખે. હા, માથે લૂગડા કરાવે. એને શરદી ન લાગે. અરે! જૈનદર્શન. જૈન નહીં વસ્તુ સ્થિતિ. જૈન કોઈ સંપ્રદાય નથી એતો વસ્તુની સ્થિતિ છે. વસ્તુ જ એવી છે. કોઈપણ વસ્તુ એમ કહો કે છે, તો છે, તો ધ્રુવ અનાદિથી પોતાથી છે. છે તો એની પોતાની અવસ્થા પણ વર્તમાન પોતાથી અનાદિથી છે. વસ્તુ જ એમ હોય એમાં દ્રવ્ય એટલે તો પરમેશ્વરે જોયું એવું કહ્યું. કાંઈ પરમેશ્વરે પૂર્યુંને પછી કહ્યું એમ નથી. શરીરને કહ્યું એમ છે? જાણ્યું કે આમ છે. વસ્તુ અનાદિથી કેવળીઓ જાણતા આવે, અનાદિથી કહેતા આવે, અનાદિથી વસ્તુ પોતાના ગુણપર્યાયથી અસ્તિત્વ ધરતી આવે છે.

(મુમુક્ષુ :- શાસ્ત્રમાં તો એમ આવે ને ઈન્દ્રિય, બળ આયુ ને શ્વાસોચ્છવાસ) એ કોને? જડને કે આત્માને? (શ્રોતાઃ- આત્માના જ ને) ના, ના. એ તો ઉઘાડના ભાગને પોતાના આત્માના કહ્યા છે. જડના ભાગને જડના કહ્યા છે. એ આત્માના કહ્યા નથી. એ તો અસદભૂત વ્યવહારનયથી ઉપચારથી કથન છે. આત્માના નથી. એ ઈન્દ્રિયના એકએક પરમાણું પોતાના ગુણપર્યાયથી અસ્તિત્વ રાખે છે. એમ આત્મા પોતાના ગુણપર્યાયથી અસ્તિત્વ એટલે મોજુદગી રાખે છે. પરને લઈને નહીં.

(મુમુક્ષુ :- બીજે ભવે) બીજે ભવે એટલે શું પણ? આ બોલવામાં જાણવામાં ત્રણ હતું તેનું જાણવામાં લઈને લગાડો. કહો સમજાણું આમાં?

બોલવામાં આવે કે આ જીવને અસદભૂત વ્યવહારનયે દસ પ્રાણ છે, પાંચ ઈન્દ્રિયો છે, મન,વચન, બળ ને આયુ જીવને છે. પણ એ તો અસદભૂત વ્યવહારનયનું કથન છે. એટલે કે એનામાં નથી પણ જોડે નિમિત્તરૂપે છે એમ કરીને એના છે એમ કહેવામાં આવ્યા છે. વ્યવહાર એટલે એના નથી. અસદભૂત એટલે કે એના નથી. ત્યારે કીધું કેમ? કે નિમિત્તપણું જોડે છે એનું જ્ઞાન કરાવ્યું છે. કહો, સમજાણું કાંઈ? (શ્રોતાઃ- જોડે છે એ પણ શીખવું જોઈએ ને?) શું શીખડાવે? શીખવાનું હતું તે તો શીખ્યું નથી અનાદિથી. મારા આ પ્રાણ છે ને ઈન્દ્રિય મારી છે તે તો શીખીને બેઠો છે. એને શું શીખવવું તું. આ તારા નથી એમ એને શીખવવું છે. ચંદુભાઈ! આ તો જડ છે. એ તો અનાદિનું છે. અરે! એ તો ત્યાં સુધી કહ્યું કે એક સમયના અંશને જ્ઞાનનો અંશ છે એ પોતે માને એ તો અનાદિની બુધ્ધિ છે. પરની તો વાત તો એકકોર રાખો પણ અંશમાં પોતે માને એ તો અનાદિનું છે.

ત્રિકાળ ચૈતન્યધ્રુવનું એકપણું બતાવવું છે એ ભલી વાત છે. શું કીધું? પરથી બંધ છે ને સંબંધ છે એ કથા તો અનંતવાર સાંભળી છે. હા, એ સમયસારમાં કીધું નથી? શ્રુત પરિચીત અનુભૂતા સર્વને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કામ ભોગ બંધની કથા. એ તો સાંભળેલી છે, પરિચયમાં આવી છે, અનુભવમાં આવી એને શું કરવું છે અમારે, એમ કહે છે. પરથી ભિન્ન એકત્વની કથા કદી સાંભળી છે? એમ કહે છે. સમજાણું? શ્રુત પરિચીત અનુભૂતા સર્વને કામ ભોગ બંધન કથા, પરથી એકત્વ વિભકત કદી સાંભળ્યું નથી. સમજાણું? એ પણ સાંભળ્યું નથી. હવે એને શું સંભળાવવું જોઈએ. પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. એમ છે. સમજાણું?

શ્રુત પરિચીત અનુભૂતા સર્વને કામ ભોગ બંધનની કથા. ઈચ્છા ને ઈચ્છાનું કરવું અને બંધનું થવું. બંધની વાત એ વાત તો અનાદિથી સાંભળી છે. પરિચયમાં આવી છે. એ બંધ પરાશ્રયે માન્યતા કરીને આવી ગઈ છે.પણ પરથી જુદા એકત્વની વાત, પરથી એકલો ભિન્ન, પરથી એકલો ભિન્ન અને પરથી તદ્દન જુદો **णवरि एयतसुवलंभो** પરથી વિભકત એ વાત એણે સાંભળી નથી. કહો સમજાણું કાંઈ? એ જ્ઞાન તો અનાદિનું કરતાં આવે છે, એને શું સંભળાવવું'તું? આહાહા!

ભગવાનઆત્મા અનાદિથી સાંભળતો આવે છે એ જ વાત છે. ત્યાં તો એમ કહે છે એકેન્દ્રિયને પણ એ છે લેને સાંભળને ભાઈ? એકેન્દ્રિયના જીવને એ વાતનું વેદન વર્તે છે. ઉપરવાળો છે ને, આ છે ને એ વેદન એને પણ વર્તે છે. નગ્ન જૈન દિગંબર સાધુ થઈને એને પરના એકત્વપણાનું વેદન વર્તે છે. વર્તે છે એ કરી રહ્યો છે, કરે છે, સમજે છે, માને છે, ઓળખે છે અને એમાં ઠરે છે. એ વાત તો અનાદિની છે. અમારે એને કરવી શી? ચંદુભાઈ! ઠીક પણ તમે લાગત પાડોશી હો. કહો, સમજાણું આમાં?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે બાપુ, એ પરના સંબંધવાળો ને રાગવાળો ને ભોકતા ને કર્તા તે વાત તો તે અનંતવાર કરી છે હવે મારે તે નથી કરી એવું કાંઈક બતાવવું છે. નથી કરી એવું કાંઈક બતાવવું છે. એ આ છે. કહો સમજાણું આમાં? અરે! આવી વસ્તુ જયાં સ્વતંત્ર છે એને કયાં ભાન છે? પરને લઈને અહીં અને અહીંને લઈને પર એ વસ્તુના સ્વભાવમાં ત્રણકાળમાં નથી.

દરેક વસ્તુ પોતાના ગુણપર્યાયના સ્વભાવના અસ્તિત્વથી છે અને બીજા એના પદાર્થો બીજા એના ગુણપર્યાયના અસ્તિત્વથી છે. આવું ભેદજ્ઞાન કરાવવા માટે વાત કરી છે. સાચું છે ને ન્યાયયુકત છે કીધું? શું કીધું? ઓલું કહેવું ન્યાયયુકત સાચું નથી. કહો, સમજાણું આમાં? દરેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના ગુણ, શકિત, અન્વય, વ્યતિરેક, અન્વય વિશેષ. દ્રવ્ય સામાન્ય થયું તો ગુણો અન્વય સદશ રહેનારા વિશેષો ભાગો અને વ્યતિરેક પર્યાય ભિન્ન ભિન્ન થતી અવસ્થાઓ એ સહિત એનું અસ્તિત્વ છે. એવું એણે અનંતકાળમાં નક્કી કર્યું નથી. નક્કી કરે તો પરથી લક્ષ છૂટીને પોતાના દ્રવ્ય ઉપર લક્ષ જાય. કહો સમજાણું કાંઈ?

**હવે તેમને કાયત્વ કયા પ્રકારે છે તે ઉપદેશવામાં આવે છે. જીવ, પુદગલ** આ બધા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુઓ **ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ પદાર્થો અવયવી છે.** હવે કાયપણું સિદ્ધ કરે છે કાયપણું. ઓલું તો એમ સિદ્ધ કર્યું તેના ગુણ ને પર્યાયથી તેનું હોવાપણું છે એમ સિદ્ધ કર્યું. હવે કહે છે આ જે પાંચ પદાર્થ છે. એનું અવયવી છે, એ પાંચ અવયવી છે. એ જીવ અવયવી છે. જીવને અવયવ છે માટે અવયવી છે. ભારે વાત ભાઈ! નીચે છે જુઓ, અવયવવાળા તે અવયવી, સાવયવ તે અવયવી, અંશવાળા તે અવયવી, અંશી તે અવયવી. જેમને અવયવો (એકથી વધારે પ્રદેશો) હોય એવા તે અવયવી. એ બધું અવયવીની વાત છે. લે! એ અવયવી એટલે અવયવવાળો આત્મા. અવયવવાળો માટે આત્મા અવયવી. સાવયવ આત્મા માટે અવયવી, અંશવાળો આત્મા માટે અવયવી, અંશી માટે અવયવી. જેમને અવયવો એકથી વધારે અંશો હોય માટે આત્મા અવયવી. કહો સમજાણું કાંઈ?

માળે! આ વળી શરીર અવયવી અને આંગળા ને એ અવયવ. એ તો સાંભળ્યું છે કહે. એય સ્થૂળ વાત છે. એ તો જુદા જુદા પરમાણુ છે એને ભેગુ થઈને સ્કંધ ગણ્યો એટલે અવયવી અને તેના પરમાણુ તે અવયવ. સમજાણું કાંઈ? લોકોને આ મૂળ વાત-મૂળની વાતનું વાંચન નહીં શ્રવણ નહીં. અને એકલા પ્રવૃત્તિના ક્રિયા કાંડમાં દોરાઈ ગયા. મૂળ વાતનું સમ્યક્‌જ્ઞાનનું જે વજન જોઈએ જેનો સ્થૂળ માપ અમાપ જ્ઞાનનો એ જ્ઞાનનું પોતાનું અસ્તિત્વ કબુલવું અને પરથી ભિન્ન જેની કિંમત અપાર એવા જ્ઞાનની કિંમત કરી નહીં. કિંમત ઓલી થઈ. આ વાણી છોડી ને આ ત્યાગ કર્યો ને બાયડી છોડી ને છોકરા છોડયા ને લુગડા છોડયા ને આ થયું ને એની કિંમત થઈ ગઈ. જેની કાંઈ કિંમત નથી એની કિંમત થઈ ગઈ. સમજાણું?

એ છોડી શકે કોણ? એ તો છૂટા પડેલાં જ છે. જરી રાગ મંદ કર્યો હોય કોઈ, કે આ નહીં. તો એ મંદ રાગથી વસ્તુ અભિપ્રાયમાં મારું અસ્તિત્વ ભિન્ન છે એને તોડી ગ્રહી શકતો નથી એવો જયાં અભિપ્રાય પડયો છે કે છોડી ગ્રહી શકું છું. એ અભિપ્રાયમાં અનંતો કષાય પડયો છે. એ રાગ મંદ થયો એ કયાં તોડાવ્યો છે ત્યાં? સમજાણું કાંઈ?

કોઈ પરિણામમાં રાગ જરી મંદ કર્યો હોય કે આ વસ્તુ આ નહીં, આ નહીં એમ કરી. પણ અભિપ્રાય તો એમ છે કે આ મેં છોડયું છે પણ પરનું અસ્તિત્વ ગ્રહ્યું છે કે દિ’ કે તે છોડયું? એટલે પરને ગ્રહવા છોડવાનો જે અભિપ્રાય એ જ અનંતો કષાય છે. કષાય મંદ પડયો છે કયાં? અને એ જ મોટો અશુભભાવ છે. શુભભાવ થાય છે, શુભભાવ થાય છે. એ દેવાનુપ્રિયા! તમારું પાછું યાદ આવ્યું. નડીયાદથી જાય તો શુભભાવ તો થાય, છોડું તો થાય, ઢીંકણું થાય. કહો સમજાણું આમાં?

તો યાદ આવે તો જ્ઞાનનું તો કામ છે કે નહીં? કહે છે કે શુભભાવ કાંઈક જરી થયો હોય પણ માન્યતામાં એમ છે-કષાયના અભિપ્રાયમાં કે એ મેં છોડયું માટે ત્યાગી થયો. એ છૂટયો માટે ત્યાગી થયો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ માન્યતામાં તીવ્ર કષાયનો અભિપ્રાય છે. કેમકે એનું અસ્તિત્વ તારાથી છોડયું જાતું નથી અને તારાથી લીધું જાતું નથી. છતાં એના અસ્તિત્વને ન જોતા, જુઓ આજે આઠમ હતી તો આ ખાધું નહીં. જુઓ રોટલા છોડી દીધા. દાળ-પાણી છોડી દીધા. કહે છે કે મિથ્યાત્વરૂપી તીવ્ર અનંતો કષાય પોષાણો. કે જે અસ્તિત્વ એને લઈને દૂર થાતું ને એને લઈને અહીં આવતું એને મારે રાગને મંદ કર્યો માટે એને મેં દૂર કર્યા ને એને મેં લીધા નહીં એવું જે એક સંયોગી દ્રવ્યનું સ્વામીપણું એટલે ત્રણકાળના જડ ને પર પદાર્થના સ્વામીપણાનો અભિપ્રાયરૂપી કષાય એનું તો ત્યાં પોષણ થયું. એ વિશાલજી! આ વાત એવી છે. આહાહા!

એ કયા કારણે? કે જેનું હોવાપણું જુદું છે એના હોવાપણામાં તું અધિકારી થા કે આને મેં છોડયા અને આને મેં મૂકયા ને આટલા ત્યાગ્યા ને આટલા ગ્રહ્યા. એ તો પરદ્રવ્યનું સ્વામીપણું ત્રણકાળમાં હોઈ શકે નહીં એનું સ્વામીપણું તે માન્યું. હવે તારે કયે કાંટે રાગ મંદ તોડાવવો છે ત્યાં? અભિપ્રાયમાં તો આટલો કષાયનો, ગ્રહણ ત્યાગનો મહા તીવ્ર કષાય પડયો છે. આહાહા! સમજાણું કાંઈ? એ રતિભાઈ! હેં? હાલે જ છે ને? એમાં પાછા તમે બધા ઘરી જાવ છો. સમજયા વિનાની ખબર ન મળે. એ અહીં પૂછાય કે નહીં? એય! ખબર ન મળે. ચીજ શું છે? હું કયાં છું કેટલામાં? એ બીજા કયાં છે કેટલામાં? જેટલામાં એ છે ત્યાં હું નથી જેટલામાં હું છું ત્યાં એ નથી. એટલે મારે પરનું લેવા મૂકવાનું સ્વામીપણું મારામાં છે જ નહીં.

હું તો મારા ગુણપર્યાયથી સહિત મોજુદગીવાળો એમાં જ મારું અસ્તિત્વ ને સ્વામીપણું છે. પરમાં સ્વામીપણું નથી. છતાં એને એક અનંતના સ્વામીપણે વર્તે એને અનંતો કષાયરૂપી મિથ્યાત્વભાવનું પોષણ વર્તે છે. મનહરભાઈ! ભારે વાતું પણ આ. ઘડીયા એવા આકરા! આનું માપ કરતાં આવડે નહીં. એને રાગ મંદ કરવો છે. અમને શુભભાવ થયો છે. સમજાણું? એ અહીંયા કહે છે. લ્યો! એ પાંચ પદાર્થો પોતામાં અવયવી છે. હવે એને પર્યાય અને પ્રદેશ બેને અવયવ ઠરાવીને અવયવી કહેવા છે. કહો સમજાણું?

**પ્રદેશો નામના તેમના જે અવયવો છે.** કોના? આ જીવના અસંખ્ય પ્રદેશ. સ્કંધના બેથી અનંત પ્રદેશ પુદગલના હોં! ધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ દ્રવ્ય, અધર્માસ્તિના અસંખ્ય, આકાશના અનંત. **એ અવયવો છે એ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી,** જો અહીં એને પર્યાય કીધી ને? હવે તમારો પ્રશ્ન આવ્યો શેઠી! **એ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી પર્યાયો કહેવાય છે.** લ્યો! પર્યાયનું લક્ષણ પરસ્પર વ્યતિરેક છે. જુઓ બગડો છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે. કારણ કે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપે નહીં હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક એટલે ભિન્નતા છે. તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગુણને અવયવ કહેવાય. પર્યાયને અવયવ કહેવાય. પણ ગુણ અન્વય વિશેષ છે અને પર્યાય વ્યતિરેક ભિન્ન ભિન્ન વિશેષ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? **તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી** આત્માના અસંખ્ય પ્રદેશ, ધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ, કે આકાશના અનંત તે એક પ્રદેશ બીજારૂપે નહીં અને બીજો ત્રીજારૂપે નહીં. સમજાણું? એ જુદા જુદા પ્રદેશો એક બીજાથી ભિન્ન ભિન્ન છે તેથી તે પ્રદેશને પણ પર્યાય કહેવાય છે. એ આકાશને અનંત પ્રદેશો કે અનંત દ્રવ્ય-પર્યાય છે. ધર્માસ્તિને અસંખ્ય પ્રદેશો કે અસંખ્ય દ્રવ્ય-પર્યાય છે. જીવને અસંખ્ય પ્રદેશો કે અસંખ્ય દ્રવ્ય-પર્યાય છે. સમજાણું કાંઈ?

કહો, હવે અહીંના સાંભળનારને જરી નવું લાગે તો ઓલા નવા ને સંભળાવવું હોય તો કેવું લાગે. જુઓને! પાંચના એ પદાર્થો પાંચે અવયવી છે. એટલે ઘણા અંશોવાળા છે. ઘણા અવયવવાળા પાંચ છે. તેથી પ્રદેશો નામના તેમના જે અવયવો તેઓ પણ પરસ્પર ભિન્ન ભિન્ન વ્યતિરેક એટલે ભિન્ન, જુદા. એકમાં બીજો નહીં, બીજામાં ત્રીજો નહીં. **હોવાથી પર્યાયો કહેવાય છે.** જેમની સાથે પાંચ પદાર્થોને અનન્યપણું હોવાથી કાયત્વસિદ્ધિ ઘટે. જુઓ. અહીં અસંખ્ય પ્રદેશ સાથે કે અનંત પ્રદેશ સાથે એને અનન્યપણું છે, અનેરાપણું નથી. આકાશને અનંત પ્રદેશ સાથે અનન્યપણું છે, અનેરાપણું નથી. અનન્યપણું છે, પોતાપણું છે માટે અનંત પ્રદેશ તરીકે એને કાયત્વ કહેવામાં આવે છે. એમ જીવના અસંખ્ય પ્રદેશ છે. તે પ્રદેશ અનન્યપણું પોતાથી પોતામાં એકપણું છે. તેથી તેને કાયત્વસિદ્ધિ ઘટે. જો જુદા જુદા પ્રદેશ હોય તો તો કાયત્વ સિદ્ધિ થાય નહીં. એક જીવના અસંખ્ય પ્રદેશ આત્માથી ભિન્ન ભિન્ન હોય તો તે આત્માને અવયવીપણું કાયત્વપણું સિદ્ધ ન થાય. પણ એ અસંખ્યપ્રદેશી આત્માને અવયવી સહિતપણું છે. એને કાયત્વ સહિતપણું છે. અસંખ્યપણા સહિતપણું છે. માટે તેને કાયપણું કહેવામાં આવે છે. કહો આ કોઈ દિ' એકલા વાંચો છો કે નહીં?

**પાંચે પદાર્થોને અનન્યપણું હોવાથી** જુઓ. શું કહે છે? **તેમની સાથે** કોની? ઓલા પ્રદેશો સાથે. તે પ્રદેશ સાથે અનન્યપણું હોવાથી **તેમની કાયત્વ સિદ્ધિ ઘટે છે.** તે તે દ્રવ્યને કાયપણું સમૂહપણું ઘટે છે. ઓહો! એકલો ન્યાયનો અને સત્યની સિદ્ધિનો વિષય છે. **પરમાણું (વ્યકિત-અપેક્ષાએ) નિરવયવ હોવા છતાં** એક રજકણ વ્યકિત એટલે જુદાપણાની અપેક્ષાએ નિરવયવ એને અવયવ છે નહીં. અવયવ વગરનો, અંશ વગરનો, નિરવ એકથી વધારે પ્રદેશ વિનાનો એક પરમાણુ. **છતાં તેને સાવયવપણાની શક્તિનો સદ્‌ભાવ હોવાથી** તે એક પરમાણુને પણ સાવયવપણાની શકિત છે. બેપણે, ત્રણપણે, ચાર પરમાણુંપણે, સ્કંધ થવાની શકિત છે. એ સ્કંધમાં થાય છે તેપણ પોતાની શકિતને લઈને થાય છે. સમજાણું?

ભલે અહીં સ્થૂળપણે થઈને આ સ્કંધ થયો છે. એમાંય પરમાણું પોતે સ્થૂળપણે થયો છે. પરમાણુ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સૂક્ષ્મપણે રહ્યો છે એમ નહીં. આમાં પરમાણું પોતાના કારણે સ્થૂળપણે થયેલો છે. એ સ્થૂળપણાની શકિત આમાં હતી વ્યકિતપણે નહોતી. શકિત હતી. અહીં સ્થૂળપણે થઈને બે, ત્રણ, ચાર થઈને કાયપણું કહેવામાં આવે છે. અનંતની સાથે આ અનંત પરમાણું છે. અનંતા પરમાણું સ્થૂળપણે પરિણમ્યા છે. એમાં સૂક્ષ્મપણે નથી રહ્યો. જે એકલો પરમાણું રહે એવું આમાં નથી રહ્યું. એ આમાં નહીં. ઝીણા સૂક્ષ્મ હોય એ. આ શું છે? આમાં કયાં છે? આ તો સ્થૂળ છે. સૂક્ષ્મ તો જે નજરે ન ચડે કે આ સૂક્ષ્મ છે એમ આ પરમાણું સૂક્ષ્મપણે છે અને બધા સ્કંધો પણ સૂક્ષ્મપણે છે. આ આખો સ્કંધ સ્થૂળપણે થઈ ગયેલો છે. સ્થૂળ એટલે એક નહીં. એક એક પરમાણુંમાં સુંવાળપ અને ભારેપણાનો પર્યાય આમાં પરિણમેલો પરમાણું છે. એવા અનંત પરમાણુનો આખો સ્કંધ અવયવી એને એક પરમાણુને અવયવ ગણતા બધાને અવયવી કહેવામાં આવે છે. તેથી પરમાણુંને શકિત અપેક્ષાએ અવયવ કહેવાય છે. ભારે ભઈ આ જ્ઞાન! કહો સમજાણું?

**પરમાણું વ્યકિત નામ એકની અપેક્ષાએ નિરવયવ હોવા છતાં તેને સાવયવપણાની શકિતનો સદ્‌ભાવ હોવાથી કાયત્વસિધ્ધિ** પરમાણુંને **નિરપવાદ છે.** શું કીધું? એને અપવાદ વિનાની કાયત્વસિધ્ધિ છે. જોયું? પરમાણુ એકલો છે ને? નિરપવાદપણે એની સ્કંધ થવાની શકિત છે. નિરપવાદ હો? નીચે.

નિરપવાદ=અપવાદ રહિત. (પાંચ અસ્તિકાયોને કાયપણું હોવામાં એક પણ અપવાદ નથી, કારણ કે (ઉપચારથી) પરમાણુને પણ શકિત-અપેક્ષાએ અવયવો-પ્રદેશો છે.) એમ કહે છે, જુઓ! એને કાયપણું ન કહી શકાય એમ છે નહીં. ઉપચારે પણ પાંચે અસ્તિકાયમાં જેમ બીજામાં છે અણુ તેમ પુદગલ સ્કંધમાં પરમાણુની અપેક્ષાએ, પરમાણુંઓ શકિતની અપેક્ષાએ પરમાણુંને પણ અવયવી કહેવામાં આવે છે.

વાંચન હોય અને સમજણ હોય એને આ જરીક બે બે કલાક, કલાક કલાક સ્વાધ્યાય કરવો જોઈએ. કોઈ ભેગા થઈને વાંચવું જોઈએ. એવું છે. કોઈ વિશેષ બુધ્ધિવાળા હોય એની પાસે વાંચવું જોઈએ. એનો સ્વાધ્યાય દરરોજ કરવો જોઈએ. ચોપડા દરરોજ તપાસે છે કે નહીં? હેં? દરરોજ ચોપડા તપાસે. કેટલું આવ્યું, કેટલું ગયું, કેટલું..... હવે આ ચોપડા તપાસે છે કોઈ દિ'? કહો મોહનભાઈ! જે જોવાનું છે એ જોતો નથી અને ન જોવાનું મફતનું ત્યાં હેરાન થાય છે. એ કાંઈ રાખ્યા રહેતા નથી ને ટાળ્યા ટળતા નથી. એમાં મફતનો વિકલ્પ કરે આનું આમ થયું ને આનું આમ થયું. આ જોને! આહાહા!

એક એક આત્મામાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશમાં જેમ કાયપણું સિદ્ધ કર્યું એમ પાંચ અસ્તિકાયમાં પરમાણુંમાં પણ અપવાદ રહિત અમે કાયપણું સિદ્ધ કરીએ છીએ. નહીં કે એમાં અપવાદ આવે છે કે પરમાણુંમાં એમ કહે છે. **ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી** હવે કહે છે. શું કહે છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જુઓ, હવે અરૂપીમાં ઉતાર્યું. **ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી કે પુદગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે પુદગલ સિવાયના પદાર્થો** ચાર છે ને? ચાર ગણવા છે ને પાંચમાં? અમૂર્તપણા ચાર છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ આકાશ ને જીવ. એ **અમૂર્તપણાને લીધે અવિભાજય હોવાથી** ભઇ એમાં ભાગલા હોય શકે નહીં. અરૂપીના ભાગ ચાર. રૂપીને તો આ ભાગ પાડો તમે આ ઘણા સ્કંધ આ, આ, આ, આ. અરૂપી ચીજ આકાશ, અરૂપી ચીજ આત્મા એના વળી ભાગ? આહાહા! સમજાણું?

એ જૈન પરમેશ્વર સિવાય આ વાત ત્રણકાળ, ત્રણલોકમાં હોય શકે નહીં. ઓલા (તો એમ કહે) આત્મા સર્વવ્યાપક છે. અનંતગુણનો મહા, મહા, મહંત, મહંત મહાન લ્યો! અસંખ્ય છે પ્રદેશ કેટલામાં છે, કઇ રીતે શકિત છે, એના અંશો પડે છે કે નહીં? અંશો પડે છે કે નહીં? એની અજ્ઞાનીને (ખબર નથી.) વીતરાગસર્વજ્ઞ માર્ગ સિવાય એ વાત કયાંય હોય શકે નહીં. કહો સમજાણું? અરૂપીમાં ભાગ. એક તો વસ્તુ અમૂર્ત. અમૂર્ત એટલે વર્ણ, ગંધ, સ્પર્શ વિનાની અને અવિભાજય. જેનો વિભાગ કરી ન શકાય. **હોવાથી તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરૂદ્ધ (ગેરવાજબી) છે** આશંકા છે હો શંકા નહીં. શિષ્યની આશંકા છે. પ્રભુ! પણ આ તમે શું કહો છો? આપની વાત ખોટી છે એમ અમને નથી લાગતું. પણ અમને સમજાતી નથી. આ રજકણોના પિંડના તો ભાગલા પડે, મૂર્તના. પણ આ અરૂપીના ભાગ તમે શી રીતે કહો છો? આ તમે શું કહો છો? **તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરૂદ્ધ (ગેરવાજબી)** છે. બહુ વાર્તા થઇ ઘણા વર્ષથી આ આકાશના પ્રદેશ તો કહેવા માત્ર, પ્રદેશ બ્રદેશ કાંઇ છે નહીં. અરે ભઇ! પ્રદેશ જુદો પડતો નથી પણ પ્રદેશ નથી? એ મોટી વાત છે.

એમ શિષ્યની આશંકા છે. શું હશે આશંકા? કે આ પુદગલ જે છે માટી મૂર્ત એના તો ભાગ પડે છે તો દેખાય છે. માટે એના અવયવ કહો તો એ મને દેખાય. પણ અરૂપી વસ્તુ એ તે કાંઇ કટકા જુદા પડે? એના ભાગ તમે શી રીતે કલ્પો છો? જુદા પડે નહીં અને એના ભાગ શી રીતે કલ્પો? એ અમને સમજાતું નથી. કહે છે. છતાં આચાર્ય કહે છે એવી આશંકા પણ કરવી યોગ્ય નથી. એવી આશંકા કરવી તે વાજબી નથી. પુદ્દગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે અવિભાજય હોવાથી તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરૂદ્ધ (ગેરવાજબી) છે. એમ જો તું કહે તો એ ખોટી વાત છે. કેમ? સાંભળ.

**આકાશ અવિભાજય હોવા છતાં,** આ આકાશ છે ને સર્વવ્યાપક. આ દેખાય એ નહીં હો? અહીં તો બધે અરૂપી છે. આકાશ અવિભાજય કાંઇ ભાગલા પડતા નથી. એનો ટૂકડો છૂટો પડતો નથી. કે આ પ્રદેશ અહીં ગયો ને આ પ્રદેશ અહીં રહી ગયો ને, આકાશ દ્રવ્ય અહીં રહી ગયું ને અંશ ગયો અહીં એમ કાંઇ નથી. આકાશ સર્વવ્યાપક અનંત પ્રદેશ અવિભાજય જેના ભાગલા નથી થતાં. જુઓ ન્યાય તેમાં ઘટાકાશ છે. લ્યો! આ લાકડું છે ને? જુઓને આ લાકડું, લાકડામાં જેટલો આકાશ રોકાણો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ કહેવાય ને કે આ લાકડા પ્રમાણેનો આકાશ છે. એમ ઘટ જેટલામાં રહે એટલું ઘટાકાશ. અને આ અઘટાકાશ. એટલે કે આ પટ હોય તો પટાકાશ ઘટાકાશ નથી. જેટલામાં ઘટે આકાશ હોય તો તેટલામાં પટે રહેતું નથી. પટ જેટલામાં રોકયું હોય તેટલામાં ઘટે રોકયું નથી. બેય જુદા જુદા છે. સમજાણું કાંઈ?

**'આ ઘટાકાશ છે. આ અઘટાકાશ (અથવા પટાકાશ) છે'** એવી વિભાગકલ્પના જોવામાં આવે છે જ. આ કપડું અહીં છે આ ઘટ અહીં છે. એમ નથી કહેવાતું ઘટ બધે છે ને કપડું પણ બધે છે. એમ નથી. આકાશ આકાશ. આ તો આખો ન્યાયનો વિષય છે. ઓહોહોહો! પ્રવચનસારમાં આંગળીનો દાખલો આપ્યો છે ને? બે મુનિ બેઠા છે તો એક મુનિ જયાં બેઠા છે ત્યાં બીજા મુનિ છે? આ એક મુનિનો ભાગ છે તે બીજા મુનિનો ભાગ છે આકાશનો? ભિન્ન ભિન્ન આકાશ છે. એમ અકેક ઘટાકાશ એક પટાકાશ એટલે લાકડા આકાશનો એટલાનો ભાગ ભિન્ન ભિન્ન પ્રદેશ જુદા નહીં હોવા છતાં પદાર્થ ભિન્ન ભિન્નના આકાશને જે રોકે છે એટલા ભાગલા જુદા સમજી શકાય છે.

**એવી વિભાગકલ્પના જોવામાં આવે છે જ**. એવી જુદા જુદાની કલ્પના જોવામાં આવે છે જ. લ્યો! જુઓ આ બે બે કહે છે ને. જુદું જુદું છે કે નહીં? શેઠી! આકાશ તો આમ સર્વવ્યાપક છે પણ તમે જે આકાશનો ભાગ રચ્યો એ ભાઈએ રચ્યો છે? એને રચ્યો એ તમે રચ્યો છે? ભિન્ન ભિન્ન છે. ભિન્ન ભિન્ન ભાગ ભિન્ન ભિન્ન ભાગ આ ભાગ આણે રચ્યો, આ ભાગ આણે રચ્યો ને આ ભાગ આટલામાં રહ્યા છે. ભાગ જુદા જુદા દેખાય છે. સમજાણું કાંઈ? (મુમુક્ષુ :-મકાનમાં પણ લખાવે છે 'આકાશ-પાતાળ') લખાવે છે ને? મમતા માટે. હા, લખાવે છે. ઉપર કોઈથી માળ ન થાય. નીચે કોઈથી ભોયરું ન થાય. એ શેઠ! આ શેઠ તો બહુ મોટા છે. લખાવે છે ને મકાનને? કે ઉગમણામાં આ, આથમણામાં આ, ફલાણુ આ. ઉપર-નીચે મારી હદ છે. ઉપર જવામાં મારું આ મકાન છે ત્યાં કોઈ માઘ-મેડી નથી. માઘ-મેડી સમજે? કોઈ દસ માળ કરીને આમ માથેથી હાલ-ચાલનું રાખે કે નહીં આ મારી જગ્યા છે. માઘ-મેડી રાખે છે. નીચે મકાન કરાવ્યા હોય તો ઓલો બે માળ કરાવે. પછી ઓલી કોર દસ માળ કરે ને દસ બે બાજુ. ઉપર આમ છેટે માર્ગ કરે. નહીં આ આકાશમાં અમારો ભાગ છે. જેઠાલાલજી! એવું થાય છે કે નહીં? નીચે. ભોયરું દૂર મકાન છે ત્યાંથી અમારે ભોયરું કરી નાખીએ. નહીં અમારી નીચે ભોયરું નહીં થાય. કહે છે ને? ભોંયરા, ભોંયરા. અમારી જમીન નીચે ભોંયરા નહીં. નીચે હદ અમારી છે. ઓહોહોહોહો! (મુમુક્ષુ :- હદ કાયમ થઈ જાય છે.) હેં? હદ કાયમ થઈ જાય છે. તેની હદ બીજી. બીજાની હદ બીજી. આકાશના ભાગ પડી ગયા કે નહીં? આકાશના ભાગ છેને. (મુમુક્ષુ :- પદાર્થ છે ત્યાં જ ભાગ પડશે પદાર્થ નથી ત્યાં ભાગ નહીં પડે) એ ભાગ તો બધામાં છે. અહીં તો પ્રદેશમાં સિદ્ધ કરવું છે. અરૂપમાં પણ પદાર્થ નથી પણ ભાગ તો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો સમજાવવા માટે કે જે ભાગમાં આ રોકાણું છે, આ રોકાણું તે ભાગમાં હાથ નથી. હાથ છે તો આ નથી. માટે આકાશમાં અવિભાગ એકરૂપે હોવા છતાં ભાગ દેખાય છે. એટલે એના અંશો ભિન્ન દેખાય છે. એટલી વાત સિધ્ધ કરી. એ અંશો તો અરૂપમાં પણ છે. દૃષ્ટાંતથી સિધ્ધ કરીને ભિન્ન ભિન્ન અવયવોને સિધ્ધ કરે છે. સમજાણું કાંઇ?

એ સિધ્ધ કરવું છે. બસ એટલી વાત છે. એ જોવામાં આવે છે. એમ કીધું ને? આ ઘટાકાશ છે, આ અઘટાકાશ છે. આ ઘટાકાશ નહીં એમ લે ને? પછી બધો બીજો. **એવી વિભાગ કલ્પના જોવામાં આવે છે. જો ત્યાં (કથંચિત) વિભાગ ન કલ્પવામાં,** કથંચિત વિભાગ હો! આમ સળંગરૂપે નહીં. છતાં પ્રદેશરૂપે કથંચિત વિભાગ ન કલ્પવામાં આવે તો જીવ ઘટાકાશ છે તે જ સર્વથા અઘટાકાશ થાય. જે ઠેકાણે ઘડો રાખ્યો છે તે જ ઠેકાણે પટ રહે એમ થઇ જાય. એમ છે નહીં. બેય આકાશ ભિન્ન ભિન્ન છે. હા, કથંચિત એટલે અવયવ હોવા છતાં આ રીતે ભાગ પડે છે. વસ્તુ સળંગ હોવા છતાં પ્રદેશના ભાગનો આ ભાગ પડે છે. સર્વથા જુદા નથી. કહો સમજાણું? જે ઘટાકાશ છે તે સર્વથા અઘટાકાશ થાય. અને તે તો ઈષ્ટ (માન્ય) નથી. **માટે કાળાણુઓ સિવાય** એક કાળાણુ સિવાય. કાળાણું એકએક ભિન્ન ભિન્ન. **બીજા બધા વિષે કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું**. દેખો! હાં, અવસયમ એમ છે ને? **कायत्वाख्यं सावयवत्वमवसेयम्** સિધ્ધ કરવું. કહો સમજાય છે કાંઇ?

ઓહોહો! વસ્તુ કેવડી મોટી પહોળી કેટલી છતાં તેના ભાગના અંશો રજકણ જેટલી જગ્યામાં રહે તેટલામાં પ્રદેશ એવા અસંખ્યપ્રદેશી જીવ, અસંખ્યપ્રદેશી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અનંત પ્રદેશી છે. પુદગલ બેથી માંડી ને અનંત પ્રદેશનો સ્કંધ છે. આમ ભિન્ન ભિન્ન પોતાના કારણે અવયવી ને અવયવ પોતાને કારણે છે. કહો સમજાણું આમાં?

એના અવયવ પરને કારણે નથી.જુઓ આચાર્ય કહે છે નક્કી કરવું. અમૃતચંદ્રઆચાર્ય કહે છે નક્કી કર. ઓહોહો! એ આ નક્કી કરવા બેસીએ કે અમારે સંસારના બાયડી છોકરા વળગ્યા એને પોષણ કરવામાં રોકાઇએ? હેં? જયંતીભાઇ! પણ ન્યાં તો વખત અમુક હોય, ન્યાં કયાં કરી શકે છે મફતનો. આ તો બરાબર જેવું છે એવું નક્કી કરી શકે એવું સત્ છે. આપણે ઓલાનું કરી શકવા માટે આમ કરું ને તેમ કરું ને ફલાણું કરું. ધુળેય કરતો નથી. મફતનો આત્મા ઉકરડા ઉઠાવે છે. કલ્પનામાં હોં કલ્પનામાં. મોહનભાઇ! ઉકરડા સમજો છો? શું? તાજા કચરા. કચરા હોય છે ને કચરા? કચરાના ઢગલા. માથું મારે ને? બળદ હોય ને બળદ? બેલ બહુ જ જોરદાર. એમાં માથું નાખે છે. અહીં માથું નાખે તો ધૂળ ને રાળા ને છાણ માથે પડે. મોટા માણસ બનીને મફતના ઉકરડા ઉપાડે છે. ઝવેરચંદભાઇ! કહો, સમજાણું આમાં?

માટે દરેકને પાંચે અસ્તિકાયને કાય પ્રમાણે આ સાવયવપણું નક્કી કરવું. જેમ છે તેના જ્ઞાનમાં એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાતને લેવી. હવે ત્રણ લોક સંપન્ન શબ્દ કહ્યો છે ને ચોથો **णिप्पण्णं जेहिं तेल्लोककं!** આ ત્રણ પદના અર્થ થઈ ગયા.

**जेसि अत्थि सहाओ गुणेहिं सह, पज्जणहिं विविहेहिं! ते होंति अत्थिकाय ।**

તેને અસ્તિકાય કહીએ. હવે **णिप्पण्णं जेहिं तेल्लोककं!** આ ત્રણ લોક અનાદિથી એમ ને એમ રહેલાં છે. એ આ પંચાસ્તિકાયથી રચેલાં બનેલાં છે. કોઈએ એને બનાવેલો નથી. બનાવેલો કોઈ ઈશ્વર નથી. એ પંચાસ્તિકાય ત્રણ લોકમાં એમ ને એમ રહેલાં છે. એના ભાગ પાડીને કાયપણું સિધ્ધ કરશે.

**તેમનું જે ત્રણ લોકરૂપે નિષ્પન્નપણું (-રચાવું) કહ્યું.** રચાવું એટલે? નવું નથી એમ ને એમ છે એમ. તે પણ તેમનું અસ્તિકાયપણું (-અસ્તિપણું તથા કાયપણું) સિધ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે. દેખો! સમજાણું? ત્રણ લોકના ભાગ પાડીને કહ્યું તે પણ તેમનું અસ્તિત્વનું કાયપણું સિધ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે. ત્રણ ભાગ પાડશે, લ્યો.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૮, ગાથા ૫ તથા ૬
## પ્રવચન નં.૧૨
## તા.૧૮/૧૨/૬૩, પોષ વદ-૩, બુધવાર

પંચાસ્તિકાયની ગાથા ચાલે છે. તેમાં અસ્તિકાય એટલે અસ્તિપણું અને કાયપણું સિધ્ધ કરે છે. પાંચ પદાર્થમાં કાળ તો અસ્તિ છે પણ તેમાં કાયપણું એટલે ઘણા પ્રદેશપણું નથી. હવે અહીંયા એ વાત પહેલા તો કાયત્વ સિધ્ધ કરી ગયા છે. દરેક આત્મા કે ધર્માસ્તિ આદિના પ્રત્યેક પ્રદેશ ભિન્ન ભિન્ન છે. વ્યતિરેક એટલે ભિન્ન ભિન્ન છે. એથી પણ તેનું કાયપણું એ અસંખ્ય પ્રદેશ આદિ અનંત પ્રદેશ સહિતપણે હોવાથી જીવને અને આકાશને બંનેને કાયપણું સિધ્ધ થાય છે.

અહીંયા બીજી રીતે સિધ્ધ કરે છે. **તેમનું જે ત્રણ લોકરૂપે નિષ્પન્નપણું (-રચાવું)** પાંચ પદાર્થ ત્રણ લોકમાં વ્યાપ્યા છે. **તે પણ તેમનું અસ્તિકાયપણું** એટલે હોવાપણું અને કાયપણું **સિધ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે.** જરી ઝીણી વાત છે ને આ તો? અવયવપણે તો સિધ્ધ કરી ગયા. ક્ષેત્રના ભાગ તરીકે કાયપણાની સિધ્ધિ કરે છે. શેઠી! શું કીધું પણ એને આમાં યાદ રહે છે? પાંચ પદાર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે નહીં? કાળ સિવાય પાંચ પદાર્થ. અસ્તિકાય. એનું કાયપણું દરેક પદાર્થમાં એક પ્રદેશનું બીજા પ્રદેશે જુદાઈપણું છે. એકનું બીજું બીજામાં એમ અનેકનું એમ જુદાપણાવાળા અસંખ્ય પ્રદેશ કે અનંત પ્રદેશ એથી એનું કાયપણું એટલે ઘણા પ્રદેશોના સમૂહમાં સહિતપણું તે તે દ્રવ્યને લાગુ પડે છે. આ બીજી રીતે આવ્યા. લોકના ત્રણ ભાગ પાડીને કાયપણું સિદ્ધ કરે છે. સમજાણું આમાં?

**ઊર્ધ્વ-અધો-મધ્ય ત્રણ લોકના** ઊર્ધ્વ લોક, અધો લોક અને મધ્ય લોક એ ત્રણ લોકના **ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળા ભાવો** નવી અવસ્થા ઊપજે, પુરાણી વ્યય થાય અને ધ્રુવપણે જાતિ જળવાઈ રહે. એવા ભાવો **કે જેઓ ત્રણ લોકના વિશેષસ્વરૂપ છે.** ત્રણ લોકના વિશેષસ્વરૂપ છે. ત્રણ લોક સામાન્ય અને આ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા ભાવો કે જે ત્રણ લોકના વિશેષસ્વરૂપે છે. **તેઓ-ભવતા થકા** પાંચ પદાર્થ-આત્મા, પુદગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ **પરિણમતાં થકા તેમના મૂળ પદાર્થોનું ગુણપર્યાયયુકત અસ્તિત્વ સિદ્ધ કરે છે.** તે પરિણમતા થકા જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદગલ પરિણમતા થકા તેમના મૂળ પદાર્થોનું ગુણ અને પર્યાયયુકત ઉત્પાદ-વ્યય-ધ્રુવ કીધુંને? એટલે ગુણપર્યાય સહિતપણાનું હોવાપણું સિદ્ધ કરે છે. 'ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્ સત્.'

**ત્રણ લોકના ભાવો સદાય કથંચિત્ સદશ રહે છે.** એ દ્રવ્ય, ગુણ ત્રણ લોકના જે આ પદાર્થો છે તે કોઈ પ્રકારે ધ્રુવપણે સદશ રહે છે **અને કથંચિત્** ઉત્પાદવ્યયપણે **પલટાયા કરે છે. તે એમ સિદ્ધ કરે છે કે ત્રણ લોકના મૂળ પદાર્થો કથંચિત્ સદશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે. અર્થાત તે મૂળ પદાર્થોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું અથવા ગુણપર્યાયવાળું અસ્તિત્વ સિદ્ધ કરે છે.** ઝીણી વાત છે આ પણ વસ્તુને ન્યાયથી સિદ્ધ કરે છે ને? સમજાણું કાંઈ?

ત્રણ લોકમાં રહેલાં પાંચ પ્રકારના દ્રવ્યો અસ્તિકાયરૂપે એક કાળને દ્રવ્યપણું કીધું છે છઠ્ઠી ગાથામાં. એમાં વિશેષરૂપે દરેક ભાવો ઉત્પાદ, વ્યય ને ધ્રુવપણે રહેલાં છે. દરેક વસ્તુ જાતિપણે સદશ રહીને ધ્રુવપણે તે ધ્રુવ. અને પલટાયા કરે તે ઉત્પાદવ્યય. તે ઉત્પાદવ્યય ને ધ્રુવ અથવા ગુણ ને પર્યાય એ રીતે બધા દ્રવ્યોનું હોવાપણું આ રીતે સિદ્ધ થાય છે. એ રતિભાઈ! આ બધા દિવસો ગયા એમ ને એમ હો! સમજ્યા વિના એમ સમજાય એવું નથી. વાંચવું નહીં, કાંઈ કરવું નહીં, સ્વાધ્યાય નહીં અને ધર્મ કરવો. હું કોણ છું, કેટલામાં છું, કેવા ગુણો છે એની પર્યાયો શું છે? એનું જ્ઞાન કર્યા વિના વાસ્તવિક દૃષ્ટિ ને રુચિ કયાં કરવી એની એને ખબર પડે નહીં. કહો ફાવાભાઈ! આ વાંચવું ને વિચારવું પડશે કે નહીં? ઘરે વાંચો છો? ઘરે નહીં. (મુમુક્ષુ :- શી રીતે વાંચવું સમજાય નહીં તો?) કહો સમજાય નહીં તો કઈ રીતે વાંચવું? તમારા .............. કરાવે છે. ચોપડા કેમ ઘરમાં ફેરવે? એમ વાંચવું જોઈએ આ શું કહે છે જુઓ, પહેલા દરેક વસ્તુનું અસ્તિત્વ છે એ સિદ્ધ કરી ગયા. સમજાણું?

કેવી રીતે? પહેલા ઉત્પાદવ્યય ને ધ્રુવ લક્ષણથી અને ગુણપર્યાયથી એનું હોવાપણું કેમ? કે દરેક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પદાર્થ પોતાના ગુણપર્યાયથી અનન્ય છે. અનન્ય એટલે જુદાં નથી. દરેક આત્મા દરેક પરમાણું તેના ગુણ પર્યાયથી અનન્ય એટલે એકમેક છે. તેથી અહીં ગુણપર્યાય હોવાપણે છે તે રીતે દ્રવ્ય પણ હોવાપણે સિદ્ધ થયું છે. અને બીજી રીતે કાયપણું સિદ્ધ કર્યું. પહેલા, કે દરેક આત્માને ધર્માસ્તિ આદિને એક પ્રદેશથી બીજા પ્રદેશરૂપ નથી એમ અન્યના ભિન્નપણાના વ્યતિરેક દ્વારા એ ઘણા પ્રદેશવાળું દરેક દ્રવ્ય છે એમ એનું કાયપણું સિદ્ધ કરે છે.

હવે અહીંયા બીજી રીતે કહે છે. સમજાણું? ઊર્ધ્વ-અધો અને મધ્ય ત્રણ લોકમાં રહેલાં પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા ભાવો છે. તેથી તેને અસ્તિપણું છે. ઉત્પાદવ્યય તે પર્યાય છે ધ્રુવ તે ગુણ છે. એ રીતે ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ એ રીતે એને સિદ્ધ કર્યું છે. અસ્તિ (સિદ્ધ કરી). હવે કાય સિદ્ધ કરશે. **વળી ધર્મ, અધર્મ અને આકાશ** આ ત્રણ પદાર્થ લીધા છે હોં! ધર્મ એટલે આ કરવો એ ધર્મ નહીં. ચૌદ રાજુ લોકમાં એક ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે. એક અધર્માસ્તિ નામનો પદાર્થ છે. અરૂપી અને આકાશ. **એ પ્રત્યેક પદાર્થ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના ત્રણ વિભાગરૂપે પરિણત હોવાથી** દરેક પદાર્થના લોકની અપેક્ષાએ ત્રણ ભાગ પડે છે. ઓલા પ્રદેશની અપેક્ષાએ કાયત્વ સિદ્ધ કર્યું'તું. અહીં લોકના ભાગની અપેક્ષાએ કાયત્વ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ આમાં? શું આમાં સમજાવે છે? લે! આ કીધું પછી સમજે શું? આને સમજાય? મૂળ વાત કીધી ને.

પહેલાં પ્રત્યેક જીવને એના પ્રદેશની ભિન્નતા દ્વારા કાયત્વ એટલે પ્રદેશોના સમૂહપણું સિદ્ધ કર્યું. હવે અહીંયા લોકના ત્રણ ભાગ પાડીને એનું કાયત્વ સિદ્ધ કરે છે. કેમ કે એના ભાગ પડયા એવા ઘણા ભાગવાળો એ આત્મા, ઘણા ભાગવાળો એ ધર્માસ્તિ એમ કહીને તેનું કાયત્વ ક્ષેત્ર લોકની અપેક્ષાએ તેનું કાયત્વ સિદ્ધ કરે છે. અભ્યાસ ન મળે. નથી કર્યું નથી. એક વખત કર્યું નથી. બીડી, તમાકુમાં કર્યા. મોહનભાઈ! આહાહા!

પહેલામાં ઉત્પાદવ્યયધ્રુવથી અસ્તિત્વ છે એમ સિદ્ધ કર્યું'તું, અહીં પણ ભવતા પરિણમતા થતા મૂળપદાર્થો સામાન્યપણે વસ્તુ છે એમ લોક એનો દરેકનો ઉત્પાદવ્યયધ્રુવનો સમૂહ થાય છે એમ કરીને અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. એના પ્રદેશની ભિન્નતા દ્વારા દરેક વસ્તુનું કાય એટલે ઘણા પ્રદેશવાળું છે એમ સિદ્ધ કર્યું. હવે લોકના ત્રણ ભાગ પાડીને પણ પ્રદેશને સિદ્ધ કરે છે. સમજાણું? એ **ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના ત્રણ વિભાગરૂપે પરિણત હોવાથી** દેખો! ઓલામાં ઉત્પાદવ્યયના ભવતા પરિણત હોવાથી. અહીં ત્રણ ભાગરૂપે **પરિણત હોવાથી તેમને કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી શકાય છે.** સાવયવપણું છે. નીચે જુઓ, લોકનો ઊર્ધ્વભાગ, અધોભાગ, અને મધ્યભાગ એવા ત્રણ ભાગ છે તો પછી આ ઊર્ધ્વલોકનો આકાશભાગ, ભાગ પડયો ને? ઊર્ધ્વલોકનો આકાશભાગ, દેવાનુપ્રિયા! ભાવનગર ગયા લાગે છે. આ અધોલોકનો આકાશભાગ અને આ મધ્યનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આકાશભાગ એવા ત્રણભાગ પડી શકે છે. ત્રણભાગ પડયા એટલે ઘણા ભાગવાળું થોડું ઘણા ભાગવાળું કાયત્વ સિધ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ?

એમ આકાશના પણ વિભાગ કરી શકાય છે. એક ઊર્ધ્વઆકાશ, મધ્યઆકાશ, અધોઆકાશ એવા ત્રણ ભાગ પડી ગયાને? ત્રણ ભાગ શૂન્યપણે એનું એકપણું તો અસ્તિ છે. પણ ત્રણ અવયવોપણે, ત્રણભાગપણાથી પણ આકાશનું સાવયવપણું, કાયપણું સિધ્ધ થાય છે. સમજાય છે? એય! શું આમાં કાંઈક પૂછાય જરાક કે આનું શું સમજવું? પૂછ્યા તો આવડે નહીં તો શું કરવું? ના પાડે છે અમારે, રતિભાઈ કહે પૂછાય? કહો સંસારની ત્રણ પેઢી પૂછાય કે નહીં? હા, ત્રણ ભાગ પાડયા.

એક આકાશ છે આમ. ભગવાને જોયેલો અરૂપી સર્વવ્યાપક લોકમાં. એના લોકની અપેક્ષાએ ત્રણ ભાગ પડયા. ઊર્ધ્વઆકાશ, મધ્યઆકાશ, (અધોઆકાશ) એટલે આકાશ એક હોવા છતાં એના ત્રણ ભાગ પડીને પણ તેનું અવયવપણું સિધ્ધ થાય છે. બરાબર છે ને? કારણ કે ઊર્ધ્વનું આકાશ અધોમાં નથી. અધોનું આકાશ મધ્યમાં નથી એવા ભાગલા એમાં પડી ગયા. એ ત્રણ ભાગથી પણ તેનું અવયવપણું, ભાગલાપણું, કાયત્વપણું ઘણો સમૂહ થઈને કાયત્વ સિધ્ધ થાય છે. ત્રણ ભાગ થઈને એમ નહીં પણ ત્રણેના સમૂહ તરીકે એનું કાયત્વ સિધ્ધ થયું. સમજાણું કાંઈ? જુઓ, વિભાગરૂપે પરિણત હોવાથી તેમને સાવયવ અર્થાત કાયત્વવાળું છે એમ સિધ્ધ થાય છે.

આ શરીરને પણ એમ થાય છે ને? આ ઊંચો ભાગ, પગ હેઠેનો આ મધ્ય એવા ત્રણ ભાગ પડયા કે નહીં? તો ત્રણ ભાગ કહો કે ત્રણ અવયવ કહો ત્રણ પડખા એમ થયું કે નહીં? અને ત્રણેયનો સમૂહરૂપે કાયરૂપે એટલે એ શરીર કાય થઈ ઘણા ત્રણના સમૂહરૂપે. સમજાણું કાંઈ? ઓહો! મુનિઓએ જંગલમાં રહીને વસ્તુની અસ્તિત્વતા અને પ્રદેશની સમૂહતા જેવી રીતે છે એને સિધ્ધ કરવાને કેટલા પ્રકાર વર્ણવ્યા છે. સમજાણું?

એ જ રીતે ધર્મ-ધર્માસ્તિ આ ઊર્ધ્વધર્માસ્તિ આખા લોકમાં ધર્માસ્તિ છે ને? આ ઊર્ધ્વધર્માસ્તિ, આ મધ્યધર્માસ્તિ અને નીચે પણ ધર્માસ્તિ એના ત્રણ ભાગ લોકની અપેક્ષાએ ત્રણ પડયા ત્રણ થયા તો અવયવ થયા. અવયવ થયા તો ભાગલા પડયા. તો ત્રણે અવયવવાળો જે સાવયવ છે ત્રણે અવયવવાળો છે એમ એનું ધર્માસ્તિનું કાયપણું પણ સિધ્ધ થયું.

એમ અધર્મ-અધર્માસ્તિ ચૌદ બ્રહ્માંડમાં ભગવાન કેવળી પરમાત્માએ જોયો એ એના ત્રણ ભાગ કહ્યા. ઊર્ધ્વધર્માસ્તિ, મધ્યધર્માસ્તિ એ ત્રણ ભાગ પડીને ત્રણ અવયવરૂપે ત્રણ ભાગરૂપે સિધ્ધ થયા. અને ત્રણ અવયવો એક સમુદાય એમ એનું કાયત્વ સિધ્ધ થયું. કહો, રતિભાઈ! આમાં સમજાય છે? આમાં ઘર્ષણ પડે એવું કાંઈ (નથી) આમાં તો સીધી સાદી ભાષા છે. હેં? (ભાષા સાદી છે પણ...) આ હોંશિયાર માણસ કહેવાય વેપારમાં એને પણ ગૂઢાર્થ લાગે છે. દરકાર કરી નથી આની. કેમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનુભાઈ! દરકાર કરી હોય ને ન સમજાય એવું હોય? દરકાર કરી નથી.

આ લ્યો હવે પછી જીવની વાત કરશે. આકાશના ત્રણ ભાગ પડયા તો ત્રણ અવયવ થયા. ત્રણ અવયવ થયા તો ત્રણ અવયવવાળો થયો. ત્રણ અવયવવાળો તો કાળવાળો થયો. ઘણા સમુદાયવાળો થયો. જેમ ધર્માસ્તિના ત્રણ એમ અધર્માસ્તિના ત્રણ. કહો સમજાણું? હવે રહ્યા પુદ્ગલ ને જીવ બે. હવે, **દરેક જીવને** આમાં ત્રીજી લીટી. **પણ ઊર્ધ્વ-અધો અને મધ્ય એવા લોકના ત્રણ વિભાગરૂપે પરિણત** દરેક જીવને પણ જીવને પણ કહ્યું ને? ઓલા ત્રણ સાચા ઠર્યા'ને. ત્રણ ઉપરાંત ચોથાની વાત છે.

આ જગતમાં ભગવાને છ દ્રવ્ય જોયા. તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુ વીતરાગ ત્રણ કાળ, ત્રણ લોકમાં ભગવાને છ દ્રવ્ય જોયા. એમાં એક કાળ છે તેને ઘણા અવયવ એટલે પ્રદેશો નથી. એને અસ્તિપણું છે પણ ઘણા પ્રદેશો નથી. એટલે એને અસ્તિ કહ્યો કાય નહીં. કાય તો પાંચમાં છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, જીવ અને પુદ્ગલ. એમાં કાયપણું કઈ રીતે છે એ એમાં સિદ્ધ કર્યું. એક તો એમાં અસ્તિપણું સિદ્ધ કર્યું કે એના ઉત્પાદવ્યય ને ધ્રુવ દેખાડશે અને ત્રણેયથી અસ્તિપણું છે. તે ત્રણને અસ્તિપણે કહીને એનું હોવાપણું સિદ્ધ થાય છે. અને કાયપણે એના બે પ્રકાર લીધા. એક પ્રદેશને બીજો પ્રદેશ નથી. એકએક પરમાણુના આટલા જીવના પ્રદેશ તે રીતે વ્યતિરેક પ્રદેશથી પણ એકએક પ્રદેશે સહિતપણું છે. તેથી જીવને સાવયવપણું અથવા કાયત્વ સિદ્ધ થાય છે.

અહીં ત્રણ લોકના ભાગ કરીને કાયત્વ સિદ્ધ કર્યું. અમૃતચંદ્રઆચાર્યએ ટીકા પણ કેવી કરી છે જુઓને? જે આ ત્રણ લોક કહ્યા છે એમાં બે વાત સિદ્ધ કરે છે. એમ કહીએ છીએ અમે તો. એમાંથી બેય સિદ્ધ થાય છે. અસ્તિપણું અને કાયપણું. કહો સમજાણું આમાં?

સત્ય વસ્તુ શું છે અને એ સત્યમાં મારું સ્વરૂપ કઈ રીતે છે અને એ સ્વરૂપની પછી રુચિ કઈ રીતે કરવી. સમજયા વિના રુચિ શું કરે? સમજયા વિના અંદર રુચિ કે સમજણ થાય નહીં. ચુંદડીમાં કાંકરા. હેં? આ તો કાંકરા છે કે રૂપિયા એની કાંઈ એને ખબર નહીં. એમ આત્મા ચીજ શું છે કઈ રીતે કાયત્વ, કઈ રીતે સાવયવપણું, કઈ રીતે અસ્તિપણું અને બીજા પદાર્થોનું કઈ રીતે અસ્તિપણું, હોવાપણું કઈ રીતે સમૂહ અવયવપણું. એના વિના એને સમ્યક્જ્ઞાન થાય નહીં. છ દ્રવ્યનું સમ્યગ્જ્ઞાન જેને નથી આ એને એક આત્મદ્રવ્યનું યથાર્થ જ્ઞાન થાય નહીં. સમજાણું કાંઈ?

ધર્મદાસ ક્ષુલ્લકે લખ્યું છે. અનુભવ પ્રકાશ. કહે છે. દરેક જીવને પણ દરેક જીવ નિગોદથી માંડીને બધા. **ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના ત્રણ વિભાગરૂપે પરિણત લોકપૂરણ અવસ્થારૂપ વ્યક્તિની શક્તિનો સદા સદ્ભાવ હોવાથી,** જોવો વળી! **બધા જીવમાં લોકપૂરણ અવસ્થારૂપ પ્રગટતાની શકિતનો સદા સદભાવ હોવાથી જીવોને પણ કાયત્વ નામનું સાવયવપણું છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એમ અનુમાન કરી જ શકાય છે.** શું કહ્યું?

નીચે નોટ. દરેક જીવ નિગોદનો હો. એકેન્દ્રિયનો બીજો સ્થૂળ આદિ હો કે બેઇન્દ્રિય માણસ આદિ હો. એ લોકવ્યાપી કેવળસમુદ્ઘાત વખતે જ્યારે આત્માને કેવળજ્ઞાન થાય અને જ્યારે સમુદ્ઘાત કરે આખા લોક પ્રમાણે વ્યાપે છે. સમુદ્ઘાત લોક પ્રમાણે પ્રદેશનું પ્રસરવું. હેં? શું? શરીર ગરબડાણું તે. અંદર આવરણ જરીક આયુષ્ય પ્રમાણે વેદનીય ન હોય અને વેદનીય વિશેષ હોય તો થઈ જાય છે. આયુષ્ય પ્રમાણે વેદનીય કર્મને અસંખ્ય પ્રદેશનું પહોળોપણું થઈ જાય છે.

કેવળસમુદ્ઘાત કાયઅંત ઓલો લોકપૂરણ શક્તિરૂપે સિધ્ધ કરવું છે ને! જીવને ત્રિલોકવ્યાપી અવસ્થા થાય છે. ભગવાન જ્યારે કેવળજ્ઞાન પામે તેમાં કોઈને સમુદ્ઘાત લોક પ્રમાણે થાય. આખા લોક પ્રમાણે જેટલા આકાશના અસંખ્ય પ્રદેશ છે એટલા એક જીવના પ્રદેશ છે. એકએક પ્રદેશે વ્યાપી જાય આઠ સમયમાં, એને સમુદ્ઘાત છે તેમાં અમુક સમય લોક પ્રમાણે રહે. એ કુદરતે બને છે. આયુષ્યના પ્રમાણમાં વેદનીય, નામ ને ગોત્રની સ્થિતિ થવા માટે એવો પ્રદેશનો એ સ્વભાવ છે કે લોકપૂરણ થાય એટલે આયુષ્યને ત્રણે કર્મ સરખા થઈ જાય. ના, આ બીજી વાત છે. અત્યારે એની વાત નથી. અહીં તો કરી શકે નહીં એવી શક્તિ છે. કરી તો શકતો નથી. કેવળજ્ઞાન પામવાના નથી અને મોક્ષ પણ જવાના નથી. એવા પણ અનંતા જીવો પડયા છે.

એનામાં અસંખ્ય પ્રદેશમાં પહોળા થવાની તાકાત છે. (મુમુક્ષુ :- ....અસંખ્યાત પ્રદેશ) લોકના અસંખ્ય પ્રદેશ. પણ આ લોકની વાત છે ત્યાં આકાશ ક્યાંથી લાવ્યા? લોકની વાત ચાલે છે. આકાશ તો બહાર હોય છે અનંત. અસંખ્ય પ્રદેશે પહેલાં કહ્યુંને? આ લોક છે એ આકાશનું અસંખ્ય પ્રદેશે છે. એટલે એકએક પ્રદેશ જે છે, ધર્માસ્તિકાયનો અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિકાયનો, એક જીવનો અને લોકાકાશનો ચારેયના સરખા હોય છે. આહાહા!

આ તો વસ્તુનો સ્વભાવ વર્ણવે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. કોઈનું અસ્તિત્વ બધાનું છે. કોઈનું કાયત્વપણું બે ભાગલા છે. જગતમાં દરેકમાં બબ્બે ભાગ પડી જાય છે બબ્બે. યોગ ને જડ, લોક ને અલોક, દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ સમજ્યા ને? ક્ષેત્ર અનંત, કાળ પણ અનંત ક્ષેત્રનું કાળ, જીવ ને જડ, રૂપી ને અરૂપી, મૂર્ત ને અમૂર્ત વગેરે. એમ કાયત્વનું અકાયત્વ. સમજાય છે કાંઈ?

એવો જ વસ્તુનો અનાદિનો સ્વભાવ કોઈએ કર્યો નથી, કોઈથી બન્યો નથી વસ્તુ સ્થિતિ છે. એમ ભગવાને કેવળજ્ઞાનમાં જણાવી છે. હવે આટલા વિકલ્પથી આ લખાણું એ સમજનારને સમજવાની દરકાર નહીં. બીજા મને સમજાવી દે. તો આ સમજાવવા માટે લખ્યું છે કે નહીં? તો એને પ્રયાસ તો બીજા સમજે, ઓલો કહે મને સમજાય નહીં. એ નકામુ ગયું ને? એ સમજશે બીજા આ રીતે. શેઠી!

લોકવ્યાપી કેવળસમુદ્ઘાત વખતે જીવને ત્રિલોકવ્યાપી અવસ્થા થાય છે. અવસ્થા હો, લોક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રમાણે થાય છે. તે વખતે આ ઊર્ધ્વલોકનો જીવભાગ પહેલાં તો પ્રદેશથી સિદ્ધ કરી ગયા છે. હવે આ લોકના ભાગથી પણ અલોકપણું સિદ્ધ કરે છે. આ ઊર્ધ્વલોકનો જીવભાગ, આ અધોલોકનો જીવભાગ આખા લોક પ્રમાણે જીવ જ્યારે થાયને? અને આ મધ્યલોકનો જીવભાગ. એમ વિભાગ કરી શકાય છે. આવી ત્રિલોક્વ્યાપી અવસ્થાની શકિત તો, ત્રિલોકવ્યાપી અવસ્થાની શકિત તો જીવોમાં સદાય છે. એ કોઈ દિ' ત્રસ નહીં થાય એનામાં શકિત તો છે. હેં? એનું સ્વરૂપ જ એવું છે. એને ભાગલા પાડીને સમજાવવું છે ને? એક જીવ થઈ શકે છે તો બીજામાં એવી શકિત નથી? વ્યકતપણે ભલે ન થાય પણ શકિત તો છે. સમજાણું કાંઈ? આ મધ્યલોકનો જીવભાગ એમ વિભાગ કરી શકાય છે.

આવી ત્રિલોકવ્યાપી અવસ્થાની શકિત તો જીવોમાં સદાય છે. નિગોદના અનંત જીવમાં એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, પંચેન્દ્રિય બધામાં છે. તેથી જીવો સદા સાવયવવાળા ત્રણ ભાગની અપેક્ષાએ, લોકવ્યાપી થવાની શકિતની અપેક્ષાએ ત્રણ ભાગ પડયા'તા. ઊર્ધ્વલોકમાં રહેલા જીવનો ભાગ, મધ્યમાં રહેલો આમ આખા લોક પ્રમાણે થાય ત્યારે. ત્રણ ભાગ પડી ગયા. એ રીતે પણ જીવને અવયવવાળો, અંશવાળો અને ઘણો અંશવાળો હોવાથી કાયત્વવાળો એમ સિદ્ધ થાય છે. બરાબર છે?

હવે આવ્યા પુદ્ગલ. એ પુદ્ગલમાં કાયપણું સિદ્ધ કરવું છે. પુદ્ગલ છે ને પુદ્ગલ? બે પરમાણુંથી અનંત પરમાણું થવાની એક પરમાણુમાં તાકાત છે. તો એનું કાયપણું છે એ સિદ્ધ થાય છે. પુદ્ગલો પણ ઉર્ધ્વ ઓલા પ્રદેશપણે છે એ સિદ્ધ કર્યું'તું. એક પ્રદેશમાં બીજો નહીં, એક પરમાણુમાં બીજો નહીં એ રીતે સાવયવપણું કરીને કાયત્વ સિદ્ધ કર્યું'તું. લોકના ભાગ તરીકે કાયત્વ સિદ્ધ કરે છે. **પુદ્ગલો પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા ત્રણ લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યકિતવાળા** લે! દરેક પરમાણું મહાસ્કંધમાં વ્યાપીને રહેવાની શકિતવાળો છે. એ તો મહાસ્કંધ છે. આખા ચૌદ બ્રહ્માંડ પ્રમાણે. ચૌદરાજુ લોક પ્રમાણે પુદ્ગલનો એક મહાસ્કંધ ભિન્ન છે. એ મહાસ્કંધના ત્રણ ભાગ પડે. આ ઊર્ધ્વનો મહાસ્કંધ, આ મધ્યનો મહાસ્કંધ, આ અધોનો મહાસ્કંધ. આખા ચૌદ બ્રહ્માંડ પ્રમાણે મહાસ્કંધનો મોટો પિંડ છે. તેમાં **વિભાગરૂપે પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યકિતવાળાં અથવા શકિતવાળાં** કોઈ વ્યકિત મહાસ્કંધમાં અત્યારે છે પણ ખરા પરમાણું. અને કોઈ ન હોય તો શકિતવાળાં હોવાથી મહાસ્કંધ થવાની શકિતવાળાં હોવાથી ઓલામાં કેવળજ્ઞાન સમુદ્ઘાત છે એની શકિતવાળાં હોવાથી અહીં મહાસ્કંધ પ્રાપ્તિનું વ્યકિતવાળાં છે એ તો અત્યારે સ્કંધમાં વ્યાપ્યા છે. મહાસ્કંધ લોક પ્રમાણે. **શકિતવાળાં હોવાથી તેમને પણ તેવી (કાયત્વ નામની) સાવયવપણાની સિદ્ધિ છે જ.** ઓહોહોહો!

ન્યાયથી કેટલું સિદ્ધ કર્યું છે કહો. હેં? અત્યારે આખા લોક પ્રમાણે છે અંદર! સદા! અનાદિઅનંત હોય છે. ત્રણે કાળે મહાસ્કંધ હોય છે. બીજા હો? બીજા પરમાણું ભિન્ન ભિન્ન હોય છે. એક મહાસ્કંધ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય છે. અનંત, અનંત, અનંત, અનંત, અનંત. શું અસંખ્યપ્રદેશે જીવ અનંત છે નહીં? (મુમુક્ષુ :- અસંખ્યાત પ્રદેશે અનંત પરમાણું) પણ એક જીવ અસંખ્યપ્રદેશી લોક પ્રમાણવત્. એવા એવા અનંત જીવ લોકમાં છે. એક જીવના અસંખ્ય પ્રદેશ છે એટલા લોકના આકાશનો પ્રદેશ છે. તેમાં એક આકાશના પ્રદેશમાં અનંત જીવનો એક જીવનો અસંખ્યમો ભાગ એવા અનંતજીવના અસંખ્ય અનંત એક પ્રદેશમાં પ્રદેશ રહ્યા છે. એક પ્રદેશમાં એક ગુણનો અસંખ્યમો ભાગ એવા અનંતજીવના અનંત પ્રદેશ રહ્યા છે એમ કહ્યું ને? સમજાણું કાંઈ?

આ તો તત્ત્વનો વિષય છે. એને ભગવાને જોયો એવો જાણ્યો તો એને માનેને? જાણ્યા વિના શું એને માનશે એ? સમજાણું કાંઈ? એક જીવના પ્રદેશ એટલા અસંખ્ય છે કે આખા લોક પ્રમાણે થઈ જાય એટલા છે. એવો એક જીવ અહીંયા લે આ ભાગ અહીંયા અહીં છે ને ખાલી ભાગ છે અહીં. ત્યાં એવા અનંતજીવ છે. અનંતજીવ એક અંગુલના અસંખ્ય ભાગ અહીંયા અનંત. એના આકાશના એક પ્રદેશમાં એક જીવના જે અસંખ્ય છે એનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં છે. આખો જીવ એકપ્રદેશે ન રહી શકે. એક જીવનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં છે. બીજા જીવનો અસંખ્ય, ત્રીજા જીવનો અસંખ્ય એમ અનંત જીવના અસંખ્ય એવા અનંતા પ્રદેશ આકાશના એક પ્રદેશ છે. આખો લોક એ રીતે વ્યાપીને રહેલો છે.

વસ્તુનો સ્વભાવ જ એવો છે. એની મેળે શું? અનુમાનમાં શ્રુતજ્ઞાનમાં પણ આવી શકે છે. એક જીવ છે ને એક જીવ તે જીવના પ્રદેશ ભિન્ન ભિન્ન છે કે નહીં? આ આહીં નહીં, આ આહીં નહીં, એમ ભિન્ન ભિન્ન છે ને? તે અપેક્ષાથી અસંખ્ય પ્રદેશ છે. તો તે કેટલા સંખ્યાએ? લોકમાં આકાશ પ્રદેશ જેટલા છે તેટલી સંખ્યાએ છે. કેવળસમુદ્ઘાત થાય તો એક પ્રદેશમાં એક જીવના પ્રદેશ બીજામાં બીજા એમ કરીને અસંખ્ય વ્યાપે. ઓછા વતા નહીં.

એવા અનંતા જીવ અહીં અંગુલના અસંખ્ય ભાગમાં અહીં પડયા છે. આખા લોકમાં દરેક ઠેકાણે. અનંત જીવ. એમાં એક આકાશના પ્રદેશમાં એક જીવ અસંખ્યપ્રદેશી આખો ન રહ્યો. એક જીવનો અસંખ્યમો ભાગ રહે. એવા બીજા જીવના અસંખ્યમો ભાગ, ત્રીજા જીવના અસંખ્યમો ભાગ, અનંતાના અસંખ્યમાં ભાગ એવા અનંતા અસંખ્યાતા એક પ્રદેશનો અસંખ્યમાં ભાગવાળા અનંતા સંગ્રહે.

હવે આ ગણતરીમાં કાંઈ એની તો ન્યાં ચીમોતેરમાં-તૌતેરમાં વાત કરતા હતા અમારે ઓલા મૂળચંદને નહોતી બેઠતી. ચીમોતેરની સાલમાં. આ તો બેને બે ચાર જેવી વાત છે. ચીમોતેર ચીમોતેર. કેટલા વર્ષ થયા? તેતાલીસ. તે દિ' આ વાત કરતા. આકાશના એક પ્રદેશની અંદર એક જીવનો અસંખ્યમો ભાગ છે. એવા અનંતનો અસંખ્ય છે. આવું કયાંથી કાઢયું? આમ કયાંથી કાઢયું? અરે કયાંથી કાઢે હવે? એક યુરોપીયન લાવે ને એને ન્યાયથી કહીએ તો સમજી શકે. હવે આમાં શું છે પણ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હા, એની યોગ્યતાથી અનંત છે. એકએક નિગોદના એક જીવના એક પ્રદેશ આકાશમાં અસંખ્યમો ભાગ છે. એવા અનંતના અસંખ્ય ભાગ છે. હેં? ત્રણેકાળ. હવે એમાં શું આ તો સાધારણ વાત છે. સમજાય છે કાંઈ?

ગુરુદેવની યાદ ન આવે ને ગુરુદેવને બેઠા'તા તે દિ' ગુરુને ખબર ન હોય ને? ગુરુદેવ છે કે નહીં? કયાં છે? ઈ તે દિ' બેઠા હતા એ. આ વાત થઈ તે દિ' એને તો ખબરેય નહીં હોય. એ વાત થયેલી પ્રાણજીવન માસ્તર હતા મોટા. રાજકોટથી એ માસ્તર બહુ ગણતરીમાં હતા અને એ મને પૂછતા'તા. એક જીવમાં આમ હોય છે તેમ હોય છે. ત્યારે એ પૂછતા હતા. અમે જવાબ આપતા'તા એ એણે સાંભળ્યું. આ બધું ભગવતીસૂત્રમાં છે. અહીં કહે છે પોતે વાંચેલુ નહીં અને પોતાને ખબર નહીં. કયાંથી કાઢયું આ? પણ આ જુઓ તો ખરા કાંઈક ભણેલો હોય તો એક જીવના અસંખ્ય પ્રદેશ લોક પ્રમાણે છે. તો એક જીવ એનો એટલામાં રહ્યો એના એક પ્રદેશમાં કેટલા આવે એમ તે દિ' કહ્યું'તુ હો? તો આખા લોક પ્રમાણે રહે તો એકએક પ્રદેશ જીવનો થાય. અડધા ભાગમાં રહે તો એક આકાશ પ્રદેશ બબ્બે આવે. સમજાય છે કે નહીં? શું કીધું?

આખા લોક પ્રમાણે એક જીવ રહે તો એક આકાશ પ્રદેશે એક જીવનો પ્રદેશ. અડધા ભાગમાં જીવ રહે તો બે થયા. એક પ્રદેશમાં બે બે આવી ગયા. ચોથા ભાગમાં રહે તો એક પ્રદેશમાં ચાર ચાર આવી ગયા. દસમા ભાગમાં રહે તો એક પ્રદેશમાં દસે આવી ગયા. સંખ્યાતમાં ભાગ રહે તો સંખ્યાત ભાગ. આ અત્યારે અસંખ્યાતમાં ભાગમાં છે. અસંખ્ય પ્રદેશમાં એક જીવ છે. લોકના અસંખ્યમાં ભાગમાં છે તેથી એક એક પ્રદેશ ને તેનો અસંખ્યમો ભાગ આવી ગયો છે.

આ તો તે દિ' ચીમોતેરમાં કહ્યું'તું. એક પ્રદેશમાં એક આખો જીવ ન રહ્યો. એક જીવનો અસંખ્યમો ભાગ. અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યા વિના જીવ રહી ન શકે. એટલી એની પહોળાઈ અને મોટપ છે. એક પ્રદેશમાં એક જીવ ન રહે પણ એક જીવનો અસંખ્યમો ભાગ એવા અસંખ્ય પ્રદેશમાં એક જીવ રહે. આ નાનામાં નાનો આત્મામાં. અને એકનો અસંખ્યમો ભાગ એવા અનંતાનો અસંખ્યમો ભાગ એક પ્રદેશે અનંતા રહે. હેં? ઈ તો ઠીક, દવાના તો રજકણ છે એક પ્રદેશી. કહો, સમજાણું કાંઈ? ...એ વાત સિધ્ધ કરવી છે. એ દવાની વાત આને લાગુ ન પડે. એ તો કેટલા ગુણ છે. એ તો ગુણ બતાવવા હોય ત્યારે. એક આકાશ પ્રદેશમાં એક જીવ છે એ કોઈ દિ' ન રહી શકે. છતાં એના પ્રદેશ લોકના આકાશ પ્રદેશ જેટલા છે. ચંદુભાઈ! પણ અહીંયા અંગૂલના અસંખ્યમાં ભાગમાં આખો આત્મા લ્યો ને, એ લોકના અસંખ્ય ભાગમાં અત્યારે છે. શું? લોક અસંખ્ય જોજનમાં છે. આ અસંખ્યમો ભાગ અહીંયા છે આ એક. તો આમાં આકાશના એક પ્રદેશમાં આપણા જીવના પ્રદેશ કેટલા આવ્યા? અસંખ્ય, અસંખ્ય આવ્યા. અસંખ્યનો અસંખ્યમો ભાગ. ઓહોહોહો! આ તો વેપારીની ગણતરીની ચીજ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

હેં? કાંઈ બીજું નહીં. તૌતેર, બૌતેર, એકોતેરમાં આ બધું સૌને કહ્યું'તું. એકોતેરમાં ભગવતી સૂત્ર લીધું ત્યારે આ બધા દાખલા આપતા. ત્યારે એને એમ થાય કે આ નવું કાંઈક શીખવું? ભઈ શીખ્યું ન હોય પણ આ છે કે નહીં જુઓને આમાં? (શ્રોતા :- શીખવાની શું જરૂર છે) શીખવું'તું કહો, સમજાણું આમાં? ચીમોતેર શું આમાં? છોંતેર વર્ષ ગયા. આહાહા! આ તો તે દિ' કહ્યું'તું કીધું આ લોકનો ભાગ છે. આખા પ્રમાણે એક જીવ રહે. કીધું અડધા ભાગમાં કેટલા રહે? પણ આ તો સાધારણ વાત છે. આખામાં એકએક પ્રદેશ છે તો અડધા ભાગમાં બબ્બે. ચારમાં ચાર ચાર. આપણા અસંખ્યમા ભાગમાં અસંખ્ય માટે એક પ્રદેશમાં અસંખ્ય. હવે એમાં છે શું પણ? કહો, સમજાણું આમાં? ચંદુભાઈ! આણે શું કોઈ દિ' વિચાર પણ કર્યો નથી. વઢવાણ નગર આપ્યું. જાવ. પણ તારે કયાં સાચું થાય. તારા જ્ઞાનમાં એ વાત ભાવ ભાસન થયા વિના તને સાચું થાય નહીં. સમજાણું કાંઈ?

હં... તો અહીંયા તો અસંખ્ય પ્રદેશના ત્રણ ભાગ પાડયા. અહીં અત્યારે. એક ઊર્ધ્વભાગ-મધ્યભાગ-અધોભાગ. ત્રણ ભાગ થઈ ગયા ને? એટલે ત્રણ ભાગવાળો એક જીવ થઈ ગયો. ત્રણ અવયવવાળો ત્રણભાગવાળો હો તો ત્રણ ભાગનો સમય તે સાવયવી થઈ ગયો. એ રીતે અહીં સિદ્ધ કર્યું અત્યારે લોકનું, અમૃતચંદ્રાચાર્યનું. ઓહો! દિગમ્બર મુનિઓએ સત્‌ને સિદ્ધ કરવાને હ્રદય રેડયા છે. એવી વાત કયાંય બીજે છે નહીં. સમજાણું કાંઈ? પુદ્‌ગલનો મહાસ્કંધ છે ચૌદ બ્રહ્માંડમાં એક આખો. એની અંદરની અપેક્ષાએ એના ત્રણ ભાગ પડી ગયા. ઊર્ધ્વનો મહાસ્કંધ-મધ્યનો એ પરમાણુંમાં અત્યારે પણ છે. અને છુટા હોય તો તેની મહાસ્કંધમાં ભળવાની શકિત છે. સત્‌ની અપેક્ષાએ મહાસ્કંધના સમુદાયના ત્રણ ભાગ પડી જાય છે. ભાગ પડયા એટલે એ પણ અવયવવાળા અને કાયવાળા સિદ્ધ થયા.

## ગાથા- ૬

**ते चेव अत्थिकाया तेक्कालियभावपरिणदा णिच्चा ।**
**गच्छंति दवियभावं परियट्टणलिंगसंजुत्ता ॥ ६ ॥**

**ते चैवास्तिकाया: त्रैकालिकभावपरिणता नित्या: ।**
**गच्छन्ति द्रव्यभावं परिवर्तनलिङ्गसंयुक्ता: ॥ ६ ॥**

**अत्र पञ्चास्तिकायानां कालस्य च द्रव्यत्वमुक्तम् ।**

**द्रव्याणि हि सहक्रमभुवां गुणपर्यायाणामनन्यतयाधारभूतानि भवन्ति । ततो वृत्तवर्तमानवर्तिष्यमाणानां भावानां पर्यायाणां स्वरूपेण परिणतत्वादस्तिकायानां**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



परिवर्तनलिङ्गस्य कालस्य चास्ति द्रव्यत्वम् । न च तेषां भूतभवद्भविष्यद्भावात्मना परिणममानानामनित्यत्वम्, यतस्ते भूतभवद्भविष्यद्भवावस्थास्वपि प्रतिनियतस्वरूपापरित्यागान्नित्या एव । अत्र काल: पुद्गलादिपरिवर्तनहेतुत्वात्पुद्गलादिपरिवर्तनगम्यमानपर्यायत्वाच्चास्तिकायेष्वन्तर्भावार्थं स परिवर्तनलिङ्ग इत्युक्त इति ॥ ६ ॥

તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;
એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬.

અન્વયાર્થ :- [त्रैकालिकभावपरिणता:] જે ત્રણ કાળના ભાવરૂપે પરિણમે છે તેમ જ [नित्या:] નિત્ય છે [ते चएव अस्तिकाया:] એવા તે જ અસ્તિકાયો, [परिवर्तनलिङ्गसंयुक्ता:] પરિવર્તનલિંગ (કાળ) સહિત, [द्रव्यभावं गच्छन्ति] દ્રવ્યપણાને પામે છે (અર્થાત્ તે છયે દ્રવ્યો છે).

ટીકા :- અહીં પાંચ અસ્તિકાયોને તથા કાળને દ્રવ્યપણું કહ્યું છે.

દ્રવ્યો ખરેખર સહભાવી ગુણોને તથા ક્રમભાવી પર્યાયોને [1]અનન્યપણે આધારભૂત છે. તેથી વર્તી ચૂકેલા, વર્તતા અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના - પર્યાયોના સ્વરૂપે પરિણમતા હોવાને લીધે (પાંચ) અસ્તિકાયો અને [2]પરિવર્તનલિંગ કાળ (તે છયે) દ્રવ્યો છે. ભૂત, વર્તમાન ને ભાવી ભાવોસ્વરૂપે પરિણમતા હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી, કારણ કે ભૂત, વર્તમાન ને ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ પ્રતિનિયત (-પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપને નહિ છોડતા હોવાથી તેઓ નિત્ય જ છે.

અહીં કાળ પુદ્‌ગલાદિના પરિવતનનો હેતુ હોવાથી તેમ જ પુદ્‌ગલાદિના પરિવર્તન દ્વારા તેના પર્યાયો ગમ્ય થતા (જણાતા) હોવાથી, તેનો અસ્તિકાયોમાં સમાવેશ કરવા અર્થે, તેને '[3]પરિવર્તનલિંગ' કહ્યો છે. [પુદ્‌ગલાદિ અસ્તિકાયોનું વર્ણન કરતાં તેમનું પરિવર્તન

૧. અનન્યપણે = અભિન્નપણે. [જેમ અગ્નિ આધાર છે અને ઉષ્ણતા આધેય છે છતાં તેઓ અભિન્ન છે, તેમ દ્રવ્ય આધાર છે અને ગુણપર્યાયો આધેય છે છતાં તેઓ અભિન્ન છે.]

૨. પરિવર્તનલિંગ = પુદ્‌ગલાદિનું પરિવર્તન જેનું લિંગ છે તે; પુદ્‌ગલાદિના પરિણમન દ્વારા જે જણાય છે તે. (લિંગ = ચિહ્ન; સૂચક, ગમક; ગમ્ય કરાવનાર; જણાવનાર; ઓળખાવનાર.)

૩. (૧) જો પુદ્‌ગલાદિનું પરિવર્તન થાય છે તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ - એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય છે તેમ), તેથી કાળ 'પરિવર્તનલિંગ' છે. (૨) વળી પુદ્‌ગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (-'થોડો વખત', 'ઘણો વખત' એવી કાળની અવસ્થાઓ) ગમ્ય થાય છે તેથી પણ કાળ 'પરિવર્તનલિંગ' છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**(પરિણમન) વર્ણવવું જોઈએ અને તેમનું પરિવર્તન વર્ણવતાં તે પરિવર્તનમાં નિમિત્તભૂત પદાર્થને (કાળને) અથવા તે પરિવર્તન દ્વારા જેના પર્યાયો વ્યક્ત થાય છે તે પદાર્થને (કાળને) વર્ણવવો અસ્થાને ન ગણાય. આ રીતે પંચાસ્તિકાયના વર્ણનની અંદર કાળના વર્ણનનો સમાવેશ કરવો અનુચિત નથી એમ દર્શાવવા અર્થે આ ગાથાસૂત્રમાં કાળ માટે 'પરિવર્તનલિંગ' શબ્દ વાપર્યો છે.] ૬.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૬ ઉપર પ્રવચન

હવે છઠ્ઠી ગાથા. દરકાર ક્યાં કરી? માણેક ને મોતીમાં. છઠ્ઠી ગાથા. બહુસરસ. ઓહોહોહો! એક ન્યાયથી એક ન્યાયને લોજીકથી સિદ્ધ કરવાની તાકાત-મુનિઓ જંગલમાં આત્મધ્યાનમાં મસ્ત એને આ વસ્તુને સિદ્ધ કરવાની જ્ઞાનનો વિકાસ સર્વજ્ઞએ જે સિદ્ધ કર્યું તે ન્યાય અને અનુમાનથી સિદ્ધ થાય. જો આ છે આ છે. કહો, મોહનભાઈ! આમાં ક્યાં તમે અત્યાર સુધી દરકાર કરી છે? આ સમજવાની ક્યાં કરી છે? હવે છઠ્ઠી ગાથા. ઓહોહો! કાળ નાખ્યો હવે.

**ते चेव अत्थिकाया तेक्कालियभावपरिणदा णिच्चा ।**
**गच्छंति दवियभावं परियट्टणलिंगसंजुत्ता ॥ ६ ॥**

**તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;**
**એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬.**

લ્યો! ત્રિકાળભાવે પરિણમે છે, ત્રિકાળભાવે પરિણમે છે. અહીં સિદ્ધાંત આખો મુકયો. અહીં પાંચ અસ્તિકાયોને અને કાળને દ્રવ્યપણું કહ્યું છે. હવે વધાર્યું. ઓલામાં પાંચ અસ્તિકાય સિદ્ધ કર્યા'તા. અહીં કાળ નામનો પદાર્થ અસંખ્ય કાળાણું છે. આ ચૌદ લોકમાં જેટલા આકાશના પ્રદેશ છે એકએક પ્રદેશે એકએક કાળાણુ અનંતગુણનો પિંડ છે. એકએક કાળાણુ અનંતગુણનો અનંતીપર્યાયનો પિંડ એવો કાળાણુ છે અરૂપી. એવા અસંખ્ય કાળાણું છે. એનું દ્રવ્યપણું છે, વસ્તુ છે, કાયપણું નથી. બે કાળાણું ભેગા થતાં નથી. એ પરમાણું ભેગા થાય એમાં સ્પર્શ નામનો ગુણ છે, એને કાય આને એવું છે નહીં. એટલે એને કાયપણું નથી પણ અસ્તિપણું છે. એટલે છએ દ્રવ્યો અસ્તિપણે છે. કાયપણું કાળ સિવાય પાંચને છે. કહો, સમજાણું આમાં?

દ્રવ્યગુણપર્યાય અનંતા ગુણો. જેટલા સિદ્ધના ગુણો એટલા એક કાળાણુમાં સંખ્યાની અપેક્ષાએ ગુણો. સંખ્યાની અપેક્ષાએ હો? જાતની અપેક્ષાએ જુદા. હવે આવ્યું જુઓ **દ્રવ્યો** એટલે છએ દ્રવ્યો. **ખરેખર સહભાવી ગુણોને,** લ્યો! સહભાવી ગુણો સાથે રહેનારા ગુણો. દરેક પરમાણું, દરેક કાળાણુ, દરેક આકાશ, જીવ ખરેખર સહભાવી ગુણોને, સાથે રહેનારા ગુણોને, લ્યો! આમાં દ્રવ્યની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાથે રહેનારા ગુણોને કે સહભાવી ગુણોને? પણ દ્રવ્યની સાથે રહેવું કે ગુણોની સાથે રહેવું? એમ પ્રશ્ન છે. સહભાવી ગુણો. સાથે રહેલાં ગુણો. ગુણ અનંત એક સાથે રહેલાં છે. અને **ક્રમભાવી પર્યાયોને દ્રવ્યો ખરેખર સહભાવી ગુણો** સહભાવી ગુણો એટલે એક સાથે રહેલાં ગુણો એમ. ગુણ એક સાથે રહેલાં છે. દ્રવ્ય સાથે રહેલાં એમ અહીં નહીં. ગુણો એક સાથે રહેલાં છે. ગુણો છે. દ્રવ્યો ખરેખર સહભાવી ગુણો એટલે અનંતા ગુણો એક સાથે રહેલાં છે. **અને ક્રમભાવી પર્યાયો,** પર્યાયો એક પછી એક ભાવ છે. સમજાણું કાંઈ?

**અનન્યપણે આધારભૂત** એક આ બે સિદ્ધાંત આખો. એક તો લીધો કે ખરેખર દ્રવ્ય એટલે વસ્તુ એમાં સાથે રહેલાં, સાથે અનંતા ગુણો, ગુણો સાથે રહેલાં અને પર્યાયો ક્રમે રહેલી. ક્રમે ક્રમે થાય. ચેતનમાં અનંતગુણી એક સમયે પર્યાય થાય છે? બધી પર્યાય એક સાથે થાય છે? બધી પર્યાય એક સાથે થાય છે? પહેલે સમયે આ, બીજે સમયે આ, ત્રીજે સમયે આ એમ થાય છે. અનંતા ગુણોની અનંતી પર્યાય છે એ બીજી વાત છે. એક ગુણની બધી પર્યાય એક સાથે થાય છે? ક્રમવાર થાય છે. ગુણઅક્રમ એક સાથે રહે છે. સમજાણું કાંઈ? એ તો પંચાધ્યાયીમાં લીધું નહીં? દ્રવ્યની હારે ગુણો કહેશો તો પર્યાય હારે છે. એ લક્ષણ એનું નહીં થાય. એમ સિદ્ધ કર્યું. પંચાધ્યાયીમાં લોજીકથી ન્યાયથી સિદ્ધ કર્યું. એક દ્રવ્ય છે એ દ્રવ્યની સાથે ગુણો રહે છે એવો અર્થ ન કરવો. તો તો પર્યાય પણ દ્રવ્યની સાથે રહે છે. એના પણ લક્ષણ પર્યાયમાં પણ જશે ત્યારે સહભાવી લક્ષણનો અર્થ ગુણ એક સાથે રહે છે. ગુણ એક સાથે રહે છે એમ ગુણ એક સાથે રહે છે એમ. સમુદાય એમ નહીં. આ તો એક જ શબ્દમાં મોટો ફેર. ગુણનો સમુદાય એમ અત્યારે નહીં. બરોબર.

અહીં તો ગુણ એક સાથે માટે સહભાવી. દ્રવ્યની સાથે ગુણ રહે માટે સહભાવી એમ નહીં. ગુણ બધા એક સાથે રહે આમ. અને પર્યાય ક્રમસર આમ થાય છે. **દ્રવ્યો ખરેખર સહભાવી ગુણોને તથા ક્રમભાવી પર્યાયોને અનન્યપણે આધારભૂત છે.** એમ અહીં તો કીધું છે. સહભાવી ગુણોને દ્રવ્ય આધાર અને ક્રમવર્તી પર્યાયને પણ દ્રવ્ય આધાર. શું કીધું? એક આત્મા છે ને? તો આત્માના એક સાથે અનંતા ગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ અનંતા સહભાવી ગુણો એનો આધાર દ્રવ્ય અને એની અનંતી ક્રમસર પર્યાય. દરેક ક્ષણે થાય ભિન્ન, ભિન્ન, ભિન્ન, ભિન્ન એ બધી ક્રમવર્તી પર્યાયનો આધાર દ્રવ્ય. એનો આધાર બીજો દ્રવ્ય નહીં.

આ ઘી વાસણમાં ન રહે એમ કહે છે. ઘીના પરમાણુંના એકએક પરમાણું એના અનંતા ગુણો સાથે રહે છે. ગુણો સાથે રહે છે. અને પર્યાય ક્રમવર્તી થાય એ ગુણનો પર્યાયનો આધાર એ પરમાણું છે. એ પરમાણું બીજાના ગુણ પર્યાયનો આધાર નથી. (મુમુક્ષુ :- પરમાણુને આધાર ખરો?) પરમાણુંને આધાર કોઈ નહીં. પરમાણુંને આધાર શું આવે. કહો, સમજાણું કાંઈ? આ તો વીતરાગની વાત છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જૈનની.. ન્યાયનો વિષય છે. ન્યાયનો વિષય છે. સમજાય છે આમાં?

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વર જેણે જ્ઞાનમાં છ દ્રવ્ય જોયાં. એ છ દ્રવ્યમાં પ્રત્યેક દ્રવ્ય અનંતા જીવ જોયા, અનંતા પરમાણું, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ ભગવાને જોયા. એ છ (દ્રવ્યો) જોયામાં દરેક વસ્તુ એના અનંતા ગુણો એક સાથે હોય છે. પર્યાય એક સાથે ન હોય. જુઓને ખૂબી. આમ કેમ? પણ પર્યાય એક સાથે ન હોય. આમ કેમ થઈ? નિમિત્ત આવ્યું માટે? ના. પર્યાયના ક્રમવર્તી. ક્રમવર્તી કહો, ક્રમબદ્ધ કહો, ક્રમસર કહો બધું એક જ છે હોં! સંસ્કૃત, વ્યાકરણવાળાને ભલે બીજું લાગતું હોય. કહો, સમજાણું આમાં?

ક્રમે ભેગું થવું. આ છ ધર્મ સાથે રહેવું. ગુણોનું સાથે રહેવું. દ્રવ્યનાં ગુણોનું ગુણનું સાથે રહેવું. અને પર્યાયનું ક્રમસર થવું.તે બેયનો આધાર તે પરમાણું અથવા દ્રવ્ય છે. એમ જીવ પોતાના અનંતગુણો સાથે ગુણ રહે છે, ગુણ સાથે રહે છે. એક ગુણ પહેલાં અને બીજો ગુણ પછી એમ નથી. એમ એક પર્યાય સમયની પહેલી ને બીજા સમયની પછી એમ ક્રમવર્તી. પણ ત્રણ કાળની પર્યાય એક સમયમાં હોય એમ હોય શકે નહીં. ગુણો જેમ એક સાથે ત્રણકાળના છે, અનંત છે. એમ પર્યાયો એક સાથે ન હોય શકે. એક પછી એક, એક પછી એક, એક પછી એક. એવા સહભૂત ગુણ અને ક્રમબદ્ધ પર્યાય ક્રમે થનારી ભાવી છે ને? ક્રમે ભાવી થનારી પર્યાયોનું અનન્યપણું, અનન્યપણું અભિન્નપણે. ગાથા જુઓ. અભિન્નપણે આધારભૂત છે. અભિન્નપણે આધારભૂત છે. સમજાણું કાંઈ?

મુંબઈમાં આવું મુકે તો ઓલાને એમ થાય કે આ શું મુકયું? આ શું કહે છે? પણ આંહી તો ભઈ ઘણા વર્ષ થયા ચાલે છે. અહીં આ ઓગણત્રીસ વર્ષ થયા ચાલે છે. નવા માણસને તો આ વાત પકડાવવી ને સમજાવવી જોઈએ કે નહીં? ન્યાં મુકાય નહીં ને? આઠ આઠ હજાર, દસ દસ હજાર માણસ હોય એમાં-એને લગતી વાત હોય. શું કીધું?

એક આત્માના ખરેખર સાથે રહેલાં ગુણો અનંત અને ક્રમભાવે પર્યાયો અનંત.એ બેયનું અનંતપણું દ્રવ્યને છે. દ્રવ્ય તે તે અનન્યભૂત આધાર છે. તે અનન્યભૂત, અનેરો એનો આધાર નથી. **અભિન્નપણે આધાર** લ્યો! અભિન્નપણે આધાર. જેમ અગ્નિ આધાર છે ઉષ્ણતા અભિન્ન છે. અગ્નિ આધાર છે ને ઉષ્ણ આધેય. છતાં તેઓ અભિન્ન છે. પણ અગ્નિ જુદી અને ઉષ્ણતા જુદી એમ નથી. એમ દ્રવ્ય આધાર છે અને ગુણ-પર્યાયો આધેય છે. છતાં તેઓ અભિન્ન છે. આહાહા!

આ એકએક ગાથા કોઈ એક જ વાંચે ને સમજીને તો એનો ફેંસલો. આ તો ચકરાવો - ચકરાવો. આનો આધાર આ છે, આનો આધાર આ છે. એ તો બધી વ્યવહારની વાતું છે. ન મળે અત્યારે આ વાતું. કહો, સમજાણું કાંઈ? અરે પણ વસ્તુને સંબંધ શું છે? નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ કોઈને અને તારે આધાર-આધેય (સંબંધ )છે એમ છે નહીં. એક રજકણ પણ જયાં રહ્યો છે પર અહીં. કહે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે એમાં ગુણ-પર્યાયને પરમાણું આધાર છે. એનો ગુણ-પર્યાયનો બીજો પરમાણું આધાર નથી. ત્યારે પણ પરમાણુંને બીજો આધાર? પણ પરમાણું એટલે શું? કે ગુણ-પર્યાયનો પિંડ તે પરમાણું. એમ કે ગુણ-પર્યાયનો આધાર પરમાણું પણ પરમાણુંનો આધાર બીજો. પણ એ વસ્તુ જ ગુણ-પર્યાયનો આધાર છે તે વસ્તુ જ આધેય છે. આધાર ને આધેય ત્યાં ને ત્યાં છે. સમજાણું કાંઈ?

આ પૃથક-પૃથક ભેદજ્ઞાનની વાત છે. ભેદો ભેદા કોઈને કાંઈ સંબંધ છે નહીં. માણસ જુવાન હોય ત્યારે રળવાનું કામ. બાળપણ હોય ત્યારે રમવાનું કામ. વૃધ્ધ થાય ત્યારે સમજાય નહીં, સમજાય નહી. છોકરાવને ઉકેલવાનું કામ. એ ઝવેરચંદભાઈ! આવ્યો છે ને તમારો નાનો? છોકરો આવ્યો છે કે નહીં? તમારો છે તે. એ તમારો આવે છે ને? આવે છે ને? પણ આ શું કહે છે? બાળપણમાં રોવાનું કામ. જુવાન થાય ત્યારે બાયડીયું. બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમાં મોહ્યા, ગઢપણ દેખકે રોયા. આવે છે ને અમારે સજ્ઝાયમાં તો. એ સજ્ઝાયમાં છે. અર્ધમૃતક કલેવર જીર્ણ થઈ જાય. કહો સમજાણું આમાં? એને સમજવાનો કાળ કયારે આવે? રતિભાઈ! છોકરો કામ કરીને આવે હજી ત્યાં માથું મારવું. અહીં જડ પણ સાવાઈ ના બાપા નહીં જુઓને? એટલું તો મૂકીને બેઠા હશે કે નહીં? કોઈક કોઈક તો સારી રીતે રહે છે તો સંતોષ છે એને વળી માળા એમ કહે છે. પણ અહીં બેઠા છે ને? ન્યાં ગયા નહીં. છોકરો ગમે તે કરે જાને ભઈ તારી સાથે શું અમારે કાંઈ નહીં. વખત ટાણા આવે પછી છોડી ને સમજવાનો પ્રયત્ન કરો પણ. આ તો ઢસરડા કર્યા જ કરવા. ઢસરડા માથે લીધા જ કરવા. ઢસરડા સમજો છો ને? ગાડું ગાડું હોય છે ને? ઊંચુ કરે ત્યાં માથું નાખે. પણ હવે ઓલો ખેચેં ત્યારે નાખ તે જુદી વાત છે. દોરી ખેંચે એને પણ ઊંચું કરે ત્યાં. એમ કાંઈક કામ આવ્યું. ઝવેરચંદભાઈ! અમને પૂછયા વિના કરશો નહીં. મફતનો પણ હવે તો મરવાની તૈયારીયું. જાવાની તૈયારીયું. જેટલા વર્ષ થયા એટલા વર્ષ, એને કેટલા પચાસ પચાસ સાંઈઠ વર્ષ થયા, એટલા પચાસ સાંઈઠ કાઢવાના છે? હેં? આહાહા!

એક સિદ્ધાંત-આ એક લીટીમાં. આહાહા! એક રજકણ ને એક આત્મા, એક કાળાણું ને એક ધર્માસ્તિ-અધર્માસ્તિ, આકાશ. એ પોતાના સહભાવી ગુણો અને ક્રમભાવી પર્યાયોને અભિન્નપણે આધારભૂત છે. અભિન્નપણે આધારભૂત છે. ત્યારે કહે કે અભિન્નપણે આધાર પણ ભિન્નપણે બીજો આધાર છે ને? એ તો વ્યવહાર માત્ર કથન (છે.) નિમિત્ત કોણ એનું જ્ઞાન કરાવવા વાત છે. કહો સમજાણું આમાં? **તેથી વર્તી ચૂકેલા, વર્તતા અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના-પર્યાયોના** દેખો! વર્તી ચૂકયા. દરેક દ્રવ્યની પર્યાય વર્તી ચૂકી. પર્યાય અવસ્થા. અને વર્તતા વર્તમાન પર્યાય. દરેક પરમાણુ, દરેક જીવને. **અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના-પર્યાયોના સ્વરૂપે પરિણમતા હોવાને** તે સ્વરૂપે પોતે પરિણમે છે. વર્તમાન પર્યાય પરિણમ્યા, ભૂતમાં ગયા એ પણે પરિણમ્યા અને ભવિષ્યમાં પણ પરિણમશે. પોતે પોતાના પર્યાયપણે પરિણમે છે. એને બીજો કોઈ પરિણમાવનાર નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહો સમજાણું કાંઈ?

એ **વર્તી ચૂકેલા, વર્તતા** વર્તમાન, **ભવિષ્યમાં વર્તનારા.** એવા **ભાવો** એટલે પર્યાયોના સ્વરૂપે **પરિણમતા હોવાને લીધે પાંચ અસ્તિકાયો અને પરિવર્તન લિંગ કાળ** લ્યો! હવે છઠ્ઠો કાળ નાખ્યો. એ દ્રવ્યો છે. બધા દ્રવ્યો છે. પરિણમતા પાંચ છે એ પણ અને પરિવર્તન લિંગ કરીને કાળ. નીચે ખુલાસો કર્યો છે જુઓ. પુદ્‌ગલાદિનું પરિવર્તન જેનું લિંગ છે તે. પુદગલાદિના પરિણમન દ્વારા જે જણાય છે તે. પરિણમન દ્વારા જણાય છે ને? આ એક સમયનો કાળ. એને નિમિત્તરૂપે બીજો કાળ છે. લિંગ= ચિહ્ન, સૂચક, ગમક, ગમ્ય કરાવનાર, જણાવનાર, ઓળખાવનાર. લ્યો! એ પુદ્‌ગલાદિનું પરિવર્તન નિમિત્ત છે. પરિણમનનું લિંગ જે આ પરિણમે છે એમાં જણાવનારું બીજું કાળ નિમિત્ત છે. એ દ્વારા કાળની સિદ્ધિ થાય છે. કહો સમજાણું?

**ભૂત, વર્તમાન ને ભાવી ભાવોસ્વરૂપે પરિણમતા હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી.** બધા પદાર્થો ભૂતપણે પરિણમ્યા ગયા કાળે. વર્તમાન પરિણમ્યા અને ભવિષ્યમાં પરિણમશે. તેથી કાંઈ અનિત્ય નથી. **કારણ કે ભૂત, વર્તમાન, ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ** ગયા કાળની અવસ્થા, વર્તમાનની અવસ્થા અને આ કાળની અવસ્થા **પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપને નહીં છોડતા હોવાથી તેઓ નિત્ય જ છે.** બેય વાત એમાં ને એમાં કરી.

અનંતકાળથી પર્યાયો પરિણમી, વર્તમાન પરિણમે છે, ભવિષ્યમાં પરિણમશે. એવા પરિણમવાથી અનિત્ય હોવા છતાં તે દરેક પદાર્થ પ્રતિનિયત નિશ્ચય સ્વરૂપને છોડતાં નથી. પરમાણુ પરમાણુને છોડતા નથી. આત્મા આત્માને છોડતા નથી. હં..... તેઓ નિત્ય જ છે. એટલી વાત પરિણમનની કાળ વિશે કરી. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં.૯, ગાથા ૬ થી ૮
# પ્રવચન નં.૧૩
# તા.૧૯/૧૨/૬૩, પોષ સુદ-૩, ગુરુવાર

પંચાસ્તિકાય એની છઠ્ઠી ગાથા ચાલે છે. એનો બીજો પેરેગ્રાફ છે. માથે એમ કહ્યું કે આ જગતની અંદર એક પાંચ અસ્તિકાય છે. અને એક પરિવર્તનલિંગકાળ એમ કરીને છ દ્રવ્ય છે. ભગવાને જોયેલાં કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયાં. એમાં પાંચ અસ્તિકાય અને એક પરિવર્તનલિંગકાળ એમ છ દ્રવ્યો છે. એ બધા ભૂત, ભાવી ને વર્તમાન ભાવ એટલે પર્યાયરૂપે પરિણમતા છતાં કાંઈ અનિયત નથી, કેમ કે એમાં પ્રતિનિયત પોત પોતાના સ્વરૂપને છોડયા વિના એ પરિણમે છે.

દરેક વસ્તુ ક્ષણે ક્ષણે પરિણમે છે એ પોતાનું હોવાપણું મૂકીને પરિણમતા નથી. કહો સમજાણું? ત્યાં સુધી આવી ગયું છે. **અહીં કાળ** હવે કાળની વ્યાખ્યા કરે છે. જગતમાં કાળ નામનો પદાર્થ છે. અણુઓ અસંખ્ય છે એ દ્રવ્ય છે. અસ્તિકાય નથી. સમજાણું કાંઈ? એ **કાળ પુદ્‌ગલાદિના પરિવર્તનનો હેતુ હોવાથી** પુદ્‌ગલ ને આ જીવ બે. ઓલા જરી ધર્માસ્તિનું હતું એને. **તેમ જ પુદ્‌ગલાદિના પરિવર્તન દ્વારા તેના પર્યાયો ગમ્ય થતાં (જણાતા) હોવાથી** આ પુદ્‌ગલ છે ને? કે જીવ. એના બદલવાના કારણે એમનું **પરિવર્તન દ્વારા તેના પર્યાયો ગમ્ય** એટલે કાળના પર્યાયો ગમ્ય થાય. તેનો અસ્તિકાયોમાં સમાવેશ કરવા અર્થે તેને પરિવર્તનલિંગ કહ્યું છે. પરિવર્તનલિંગનું નીચે આવી ગયું છે. બીજું જુઓ. બીજો પેરેગ્રાફ બીજી નોટ. નીચે છે.

જો પુદગલાદિનું પરિવર્તન થાય છે તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ-એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે. (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય છે તેમ) તેથી કાળ પરિવર્તનલિંગ છે. એક વાત. કાળ પરિવર્તનલિંગ છે. એક વાત. વળી પુદ્‌ગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (થોડો વખત, ઘણો વખત એવી કાળની અવસ્થાઓ) ગમ્ય થાય છે. પરિણમન દ્વારા જીવ ને પુદગલના બદલવા દ્વારા એક તો નક્કી થાય છે. કે કાળ નિમિત્તરૂપે બીજી ચીજ છે. અને પુદગલની પર્યાયનું એક સમય, બે સમય આદિનું માપ એનાથી પણ કાળના પર્યાયો થોડો વખત, ઘણો વખત એવી અવસ્થાઓ ગમ્ય થાય છે. તેથી પણ કાળ પરિવર્તનલિંગ છે. જરી ઝીણી વાત પડે છે.

એ પુદગલના બદલવાની અપેક્ષાએ પણ કાળ બદલે છે. તો એ પરનિમિત્ત હોવું જોઈએ એક વાત. અને અહીં પર્યાયમાં થોડો સમય, ઘણો સમય એવું જે લાગુ પડે છે એને કારણે પણ દ્રવ્યની પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળની સાબિત થાય છે. કહો રતિભાઈ! શું આમાં કાંઈ સમજાય આમાં? સમજયા વિના. કેમ સમજયા વિના કાંઈ સમજાય? અંદર કીધું નહીં જુઓને? કે પુદગલાદિનું પરિવર્તન થાય છે. જીવ ને પરમાણુ પલટે છે. બરાબર છે? તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ. બદલવામાં નિમિત્ત હોવું જોઈએ. બદલવાનું મૂળ કારણ તો પોતે. પણ એ બીજી ચીજ નિમિત્ત હોવી જોઈએ. એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે. કે કાળ એક નિમિત્તરૂપે પરિણમનમાં બીજી ચીજ છે. જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય તેમ. આ ધુમાડો છે તો નીચે અગ્નિ હોવી જોઈએ. પરિણમે છે તો તેને પરિણમનમાં નિમિત્ત બીજી ચીજ હોવી જોઈએ. તેથી કાળ પરિવર્તનલિંગ છે. એ એક વાત સિદ્ધ કરી.

બીજી રીતે, પુદગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (થોડો વખત, ઘણો વખત એવી કાળની અવસ્થાઓ) માપ એ પણ ગમ્ય થાય છે. તેથી પણ કાળ પરિવર્તનલિંગ છે. એમ કરીને આ જગતમાં ભગવાને છ દ્રવ્ય જોયાં એમાં પાંચ અસ્તિકાય સિદ્ધ કર્યા અને એક અસ્તિ છે પણ એને કાય નથી. ઘણા પ્રદેશનો સમૂહ નથી એમ ન્યાં સિદ્ધ કર્યું. કહો સમજાણું? પુદગલાદિ અસ્તિકાયોનું વર્ણન કરતાં તેમનું (પરિવર્તન (પરિણમન) વર્ણવવું જોઈએ. તેમનું પરિવર્તન (પરિણમન) વર્ણવવું જોઈએ. કોનું? પુદગલાદિનું. કૌસમાં છે ને? અને તેમનું પરિવર્તન વર્ણવતાં તે પરિવર્તનમાં નિમિત્તભૂત પદાર્થને (કાળને) અથવા તે પરિવર્તન દ્વારા એક વાત. કાળને એટલી એક વાત. અથવા પરિવર્તન દ્વારા જેના પર્યાયો વ્યકત થાય છે. તે પદાર્થને (કાળને) વર્ણવવો અસ્થાને ન ગણાય. એ રીતે પંચાસ્તિકાયના વર્ણનની અંદર કાળના વર્ણનનો સમાવેશ કરવો અનુચિત નથી એમ દર્શાવવા અર્થે આ ગાથાસૂત્રમાં કાળ માટે પરિવર્તનલિંગ શબ્દ વાપર્યો છે. કહો સમજાણું કાંઈ?

જુઓ કાળ નામનો પદાર્થ છે અસંખ્ય. એક જૈનની આમનાય માનતા નથી. પાંચ અસ્તિકાય માને છે પણ એની પર્યાયથી કાળ માને પણ કાળ બીજી ચીજ છે એમ એ માનતા નથી. એટલે અહીંયા કુંદકુંદઆચાર્ય મહારાજ પરિવર્તનલિંગ. પરિણમનના દ્વારા નિમિત્ત બીજી ચીજ છે એમ અને પરિણમનનો થોડો ઘણો કાળ પર્યાયનો એ માપથી પણ કાળનું માપ, કાળની પર્યાયોની સિદ્ધિ થાય છે. છ દ્રવ્ય કીધાં. હવે સાતમી ગાથા.

---

## ગાથા- ૭

**अण्णोण्णं पविसंता देंता ओगासमण्णमण्णस्स ।**
**मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ॥ ७ ॥**

**अन्योऽन्यं प्रविशन्ति ददन्त्यकाशमन्योऽन्यस्य ।**
**मिलन्त्यपि च नित्यं स्वकं स्वभावं न विजहन्ति ॥ ७ ॥**

---

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**अत्र षण्णां द्रव्याणां परस्परमत्यन्तसंकरेऽपि प्रतिनियतस्वरूपादप्रच्यवनमुक्तम्। अत एव तेषां परिणामवत्त्वेऽपि प्राग्नित्यत्वमुक्तम्। अत एव च न तेषामेकत्वापत्तिर्न च जीवकर्मणोर्व्यवहारनयादेशादेकत्वेऽपि परस्परस्वरूपोपादनमिति ॥ ७ ॥**

**અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,**
**અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને. ૭.**

**અન્વયાર્થ :- [अन्योऽन्यं प्रविशन्ति] તેઓ એકબીજામાં પ્રવેશ કરે છે, [अन्योऽन्यस्य] અન્યોન્ય [अवकाशम् ददन्ति] અવકાશ આપે છે, [मिलन्ति] પરસ્પર (ક્ષીરનીરવત્) મળી જાય છે, [अपि च] તોપણ [नित्यं] સદા [स्वकं स्वभावं] પોતપોતાના સ્વભાવને [न विजहन्ति] છોડતાં નથી.**

**ટીકા :- અહીં છ દ્રવ્યોને પરસ્પર અત્યંત *સંકર હોવા છતાં તેઓ પ્રતિનિયત (-પોત-પોતાના નિશ્ચિત) સ્વરૂપથી ચ્યુત થતાં નથી એમ કહ્યું છે.**

**તેથી જ (-પોતપોતાના સ્વભાવથી ચ્યુત નહિ થતાં હોવાથી જ), પરિણામવાળાં હોવા છતાં પણ, તેઓ નિત્ય છે એમ પૂર્વે (છટ્ઠી ગાથામાં) કહ્યું હતું; અને તેથી જ તેઓ એકપણું પામતાં નથી, અને જો કે જીવ તથા કર્મને વ્યવહારનયના કથનથી એકપણું (કહેવામાં આવે) છે તોપણ તેઓ (જીવ તથા કર્મ) એકબીજાના સ્વરૂપને ગ્રહતાં નથી. ૭.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૭ ઉપર પ્રવચન

**अण्णोण्णं पविसंता देंता ओगासमण्णमण्णस्स।**
**मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ॥ ७ ॥**

**અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,**
**અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપ સ્વભાવને. ૭**

જુઓ આ છ દ્રવ્ય. છ દ્રવ્ય સ્વતંત્ર કેમ છે એની સિદ્ધિ કરે છે. કુંદકુંદાચાર્ય મહારાજ મૂળ ગાથા દ્વારા કરી અને અમૃતચંદ્રાચાર્ય મહારાજ બેય દિગંબર સંત હતા. બેય મુનિ દિગંબર. એમણે ટીકા દ્વારા આ વાતને સિદ્ધ કરે છે.

**ટીકા :- અહીં છદ્રવ્યોને** એટલે છ દ્રવ્ય કીધા ને? છ દ્રવ્યના નામ આવડયા કે નહીં? (મુમુક્ષુ :- જીવ, પુદગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય) આકાશ ને કાળ. માંડ માંડ પૂરું થયું. કહો,

* સંકર = મિલન; મેળાપ; (અન્યોન્ય-અવગાહરૂપ) મિશ્રિતપણું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું? કેટલાકને તો છોકરા યાદ ન રહે. નામ હોય એના. તમારે તો એકલો છે. એક જ છે. તમારે ક્યાં હતું. ફાવાભાઈને પૂછો લ્યો! ફાવાભાઈને પૂછયું ભાણીયાનું નામ શું છે? તો કહે મને ભાણીયાનું નામ નથી આવડતું. એ સદાય અહીં રહેતો હતો. બાયડીયું હતી એ ખબર નહોતી. ગુંદાળામાં. કાઠીયાણી નહીં? હં. તમારે ઘરે બાઈયું કેટલી છે? રાણી? તો રાણી કહે મને ખબર નથી. કામદારને પૂછો. એવાય હોય છે. મકનભાઈ નામ ઓળખે છે. હું પણ ઓળખું છું. અહીંયા ઉતરતા, આમ નીકળતા. સોનાની તરવાર (લઈને) નીકળે. જય મહારાજ! હેં? મુઠ સોનાની ને નીકળે. માણસ નરમ બીચારા. આમ કાંઈ ભાન ન મળે કાંઈ. ગળા ખાય. અફીણ પીએ. એય દસ હજારની ઉપજ હશે એટલી પણ એને તો ઘણીને એ વખતે તો. દસ હજારની પણ નહીં હોય. પણ પાંચ હજારની એને તો એ વખતે ગામડામાં......એય લહેર કરે! ખબર નહીં કેટલી બાઈયું? ઘરે ત્રણ, ચાર બાઈયું હતી, બૈરાઓ. બહુ મને ખબર નથી.

એમ આ જગતમાં તું જયાં છો ત્યાં કેટલા દ્રવ્ય છે? એમ કહે છે. કહે છે, છ છે (દ્રવ્ય) આ જગતની અંદર વસ્તુઓ. એ છએમાં પાંચ અસ્તિકાયરૂપે છે. છે અને પ્રદેશનો સમૂહ છે. અને એક કાળ છે એમાં પ્રદેશનો સમૂહ નથી. **અહીં છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર** દેખો! એક ઠેકાણે રહ્યા છે. જયાં આત્મા છે ત્યાં પરમાણુ છે. ત્યાં ધર્માસ્તિ છે. ત્યાં અધર્માસ્તિ છે. ત્યાં આકાશ છે અને ત્યાં કાળ છે. કહો સમજાણું? જુઓ અહીંયા આ આત્મા છે કે નહીં? અરૂપી, જ્ઞાનઘન ભિન્ન. ત્યાં શરીરના રજકણો ને કર્મના રજકણો ને તેજસના રજકણો ત્યાં જ અંદર છે. એ સિવાય બીજા પણ ત્યાં છે. એ સિવાય અહીંયા એક ક્ષેત્રમાં અનંતગુણા રજકણો અંદર બીજા પડયા છે. એક ધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશનો સમૂહ પણ એટલામાં (છે). અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે. આકાશના અસંખ્ય છે. અને કાળાણું અસંખ્ય એટલામાં દ્રવ્ય છે. આત્મા જેટલામાં છે એમાં કાળાણું અસંખ્ય દ્રવ્ય છે. આટલી બધી એમાં કયાં આટલી બધી એ બધી ખબર નહોતી? ઘરમાં હીરા, માણેકના ભાવ, ફલાણા ભાવ એની એને બધી ખબર નહોતી? શું કહ્યું?

આ આત્મા અહીં છે કે નહીં આત્મા? એ તો અનંતગુણનો પિંડ પોતાનું સ્વરૂપ તદ્દન ભિન્ન રાખીને અસ્તિત્વપણે પડયો છે. એ આત્મા છે ત્યાં શરીર છે એક જગ્યોએ, ક્ષેત્રે હો? વસ્તુએ ભિન્ન એક ક્ષેત્રે આ શરીર છે. આ અનંતા રજકણનો પિંડ ઔદારિક, અનંત રજકણનો પિંડ કાર્મણ, અનંત રજકણનો પિંડ તેજસ તે અહીં ને અહીં છે. અને એટલામાં ધર્માસ્તિકાયનો અસંખ્યમો ભાગ આખો ધર્માસ્તિ પ્રગટ એનો અસંખ્યમો ભાગ અસંખ્ય પ્રદેશ એટલામાં આંહી છે. છતાં એ ભિન્ન ભિન્ન છે. એટલામાં અધર્માસ્તિકાય એ પણ આત્માથી તદ્દ્ન ભિન્ન. એ પ્રદેશથી ધર્માસ્તિકાયના પ્રદેશ ભિન્ન, ધર્માસ્તિથી અધર્માસ્તિના પ્રદેશ ભિન્ન. આકાશ અસંખ્ય પ્રદેશ અહીં છે. આકાશ પણ અસંખ્ય પ્રદેશ જેટલા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ધર્માસ્તિના એટલા અધર્માસ્તિના એટલા જ આકાશના અહીં છે. અને અસંખ્ય કાળાણું એટલા છે. જેટલા આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિના પ્રદેશ છે એટલા અસંખ્ય કાળાણું દ્રવ્ય ત્યાં અંદર એટલામાં અસંખ્ય કાળાણુ છે. કહો સમજાણું આમાં?

જૈનમાં જન્મે અને જૈન શું કહે છે એની ખબરેય ન મળે. દુનિયાની મોટી બહારની, ફલાણાની, હેં! એ મોહનભાઈ! રતિભાઈ કહે છે કે કોઈ દિ' કાઢી નહીં પણ તમે દરકાર કયાં કરી છે? એમ લે ને? કહો, સમજાણું આમાં? કહો આ કીધું ફરીને રાતે કોઈ કહી શકશે? મોહનભાઈ! નહીં થઈ શકે. લ્યો! આ તો મારે...

આ છ દ્રવ્યોને આ છ કીધાં કે નહીં? અહીં, અહીં હો? દરેક ઠેકાણે. અહીં અંગુલનો અસંખ્યમો ભાગ લ્યો અહીંયા બધે ઠેકાણે. તો અંગુલના અસંખ્ય ભાગમાં ત્યાં અનંતા તો જીવ છે. એથી અનંતગુણા ત્યાં પરમાણુ છે. એટલા અંગુલના અસંખ્યમાં ભાગમાં ધર્માસ્તિકાયનો અસંખ્યમો ભાગ એવા અસંખ્ય પ્રદેશ છે. અધર્માસ્તિકાયનો અસંખ્યમો ભાગ એવા અસંખ્ય પ્રદેશ છે. આકાશ લોકના અસંખ્ય પ્રદેશ એનો અસંખ્યમો ભાગ એના અસંખ્ય પ્રદેશ છે. એટલામાં અસંખ્ય કાળાણું દ્રવ્ય છે. એટલા અહીં આટલા ભાગમાં એ પ્રમાણે આખા લોક પ્રમાણે છે. પહેલું આ આત્માનું કહ્યું. પછી આ આત્માનું કહ્યું. કહો, સમજાય છે કે નહીં એ દેવાનુંપ્રિયા? છતાં એક બીજા ભિન્ન છે એમ સિધ્ધ કરવું છે. હા. કોઈ કોઈને અડતા છે નહીં. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડતા નથી. અડતા નથી સમજો છો? છૂતે નહીં હૈ.

પોત પોતાના સ્વરૂપમાં, આત્મા આત્માના સ્વરૂપમાં છે. પરમાણું પરમાણુંના સ્વરૂપમાં છે. ધર્માસ્તિ ધર્માસ્તિના સ્વરૂપમાં છે. અધર્માસ્તિ અધર્માસ્તિ એટલે? ધર્મ અધર્મ એવા બે પદાર્થ ભગવાન કેવળી તીર્થંકરદેવે જોયા છે. અરૂપી છે. પણ આગળ વધે તો એને ન્યાયથી સિધ્ધ થાયને? અને આકાશ નામનો સર્વવ્યાપક એમાં લોકનો આકાશ ભાગ એનો અસંખ્યમો ભાગ અહીં છે અંદર. એ પ્રમાણે આખા લોકમાં અસંખ્ય કાળાણુ છે. કહો સમજાણું?

આમ અગ્નિ સળગતી હોયને અગ્નિ? ભડકો અગ્નિ. ત્યાં પણ છએ દ્રવ્ય છે. ત્યારે તો આ વાત કાઢી છે. જયાં અગ્નિનો ભડકો છે ને, અરે દીવાસળી લ્યોને આ બીડી પીવે એમાં. એટલા ભડકામાં ત્યાં છ દ્રવ્ય છે. એ ભડકામાં અનંતા પરમાણુ રજકણના દેખાય, અસંખ્ય જીવ એકેન્દ્રિય અગ્નિના અસંખ્ય જીવ. એ સિવાય ત્યાં રહેલાં એકેન્દ્રિયના નિગોદના અનંત. ત્યાં એટલામાં રહેલાં અસંખ્ય કાળાણુ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશના અસંખ્યમાં ભાગના પ્રદેશ.એ દીવાસળીના ભડકામાં આટલું છે. છતાં કોઈ કોઈને નડતા નથી, અડતા નથી, વિઘ્ન કરતા નથી, એક બીજામાં પ્રવેશ કરતા નથી, સ્વતંત્ર રહેલાં છે. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(મુમુક્ષુ :- તેજુરીને તાળુ માર્યું હોય ત્યાં?) તેજુરીને તાળુ માર્યું હોય ત્યાં પણ અંદર છ દ્રવ્ય છે. એ તાળામાં અને અંદરમાં તાળાનો ભાગ છે ને તાળુ એનો નાખવાનો નકુચો હોય ને એટલા ભાગમાં છ દ્રવ્ય છે. તેમાં અનંત તો સૂક્ષ્મ નિગોદ જીવ છે. એટલો તાળાનો વચલો ભાગ હોય ને શું કહેવાય એ? કુચી નાખવાનો નકુચો. એટલામાં અનંત તો સૂક્ષ્મ નિગોદ જીવ અંદર છે. અનંત જીવ પરમાણું સૂક્ષ્મ છે. અને એ દેખાય એ પણ અનંત સ્થૂળ પદાર્થ છે. અસંખ્ય ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, અસંખ્ય કાળાણું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભર્યા છે. જુઓ, **છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર હોવા છતાં,** મિલન હોવા છતાં મિલાપ. અન્યોન્ય અવગાહરૂપે ક્ષેત્રમાં મિશ્રિતપણું હોવા છતાં **તેઓ પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપથી ચ્યુત થતાં નથી.** તે પોતાના સ્વરૂપથી ખસીને કોઈ પરરૂપે થતાં નથી. દરેક સ્થાનમાં અનંતા પડયા છતાં પોતાના સ્વરૂપમાં દરેક છે. પરરૂપે થતાં નથી. કહો સમજાણું?

જુઓ આમાં કર્મની પણ ખૂબી લેશે. એમ ભગવાને કહ્યું છે. એટલે કહ્યું છે એટલે એનો અર્થ એમ છે. એમ વસ્તુનું સ્વરૂપ છે. **તેથી જ પોતપોતાના સ્વભાવથી ચ્યુત નહીં થતાં હોવાથી જ પરિણામવાળા હોવા છતાં પણ** આત્મા બદલે છે ક્ષણે ક્ષણે, પરમાણું બદલે છે ક્ષણે ક્ષણે, કાળાણું બદલે છે ક્ષણે ક્ષણે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશના અસંખ્ય પ્રદેશ પણ અહીં બદલે છે. એમ બદલવા છતાં **તેઓ નિત્ય છે એમ પૂર્વે છઠ્ઠી ગાથામાં કહ્યું હતું.** માથે કહ્યું હતું. સમજાણું?

તે પરિણમતા છતાં અનિત્ય નથી. એમ પ્રતિનિયત પોતાના સ્વરૂપને છોડતાં નથી. માટે નિત્ય પણ છે. ઓહોહો! જૈનમાં જન્મેલાંને આ બધું નવું શીખવું પડે. એકડા શીખ્યા બીજા (પણ) આ શીખવાની દરકાર (કરી નહીં). જેઠુભાઈ! સંચાની દરેક વાતું આવડે છે. કેમ સંચો ફરે છે, અટકે છે ને, આમ થાય છે ને આમ થાય છે. તેલ પુરું, આ કરું ને આ કરું. આ કુંચી અહીં નાખવી. કુંચીનું કે ફલાણુ આ જગતમાં શું છે? તું છે ત્યાં બીજા છતાં બીજા ને તું બેય એક થયા નથી. એક અહીં રહ્યા છતાં થયા નથી. રહ્યા છતાં થયા નથી. એક જગ્યોએ છ રહ્યા છતાં એક થયા નથી. આહાહા! કહો સમજાય છે આમાં? ચંદ્રભાઈ! આ તો સમજાય એવું છે. આ તો ન્યાય બહુ સાદી ભાષાથી છે. બહુ એવું ઝીણું આવતું નથી.

**અને તેથી જ તેઓ એકપણું પામતા નથી.** દેખો! અહીં નિગોદના અનંત આત્મા છે. છતાં આ આત્મા એ બીજા આત્માપણે થતો નથી. અને એક આત્મા રજકણે પણ ફર્યો નથી. કર્મપણે આત્મા થયો નથી. આત્મા આત્માપણે અંદર છે. કર્મના રજકણપણે થયો નથી. કર્મના રજકણો આત્માપણે થયા નથી. એક રજકણ બીજા રજકણપણે થયો નથી. અધર્માસ્તિનો પ્રદેશ આકાશના પ્રદેશરૂપ થયો નથી. આકાશનો પ્રદેશ ધર્માસ્તિપણે થયો નથી. અને એમાં અધર્માસ્તિનો પ્રદેશ આકાશ ને ધર્માસ્તિપણે થયો નથી કે પરમાણુ કે જીવપણે થયો નથી. આહાહા! ચૌદ બ્રહ્માંડની આ નગરી છે. સમજાણું? તેમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દરેક વસ્તુ એક જગ્યોએ રહેવા છતાં પોતાના પોતાના જે સ્વરૂપ છે નિત્યાનિત્ય ટકી ને પરિણમવું. પરિણમવા છતાં ટકી રહેવું. એ પોતાના સ્વરૂપથી કોઈ કોઈ ત્રણ કાળ ત્રણ લોકમાં પોતાના સ્વરૂપને કોઈ છોડતાં નથી. કહો બરાબર હશે? એ કર્મરૂપે છે એમ થયો નથી આત્મા એમ કહે છે. શું? અને કર્મ એને નુકસાન કરે છે. કર્મ જીવરૂપે થયો નથી. ઈ આવે છે જુઓ હમણા આવશે. હેઠે વાંચી લીધું છે કે નહીં? નથી વાંચી લીધું. કહો સમજાણું કાંઈ? આહાહા!

આ તત્ત્વનું મૂળ જ્ઞાન ઘટી ગયું ને એટલે વાંધા ઊઠયા કર્મના. અને વાડા બંધાઈ ગયા ઘણા. જયાં જ્ઞાન ખૂટે જયાં પિતા મરી જાય, લક્ષ્મી જાય પછી છોકરાઓમાં તકરારું થાય. મોહનભાઈ! કરોડ બે કરોડની પુંજી હોય બાપ હોય ત્યાં સુધી વાંધો (ન આવે.). એક તો પુંજી જાય અને પાછો બાપ મરી જાય. એય.... દિકરાઓમાં ઝઘડા.(શરુ થઈ જાય) કોર્ટે ચડે વાંધા. એમ કેવળજ્ઞાન આદિ જ્ઞાન કે વિશેષ જ્ઞાનની દશા ખૂટી ભગવાન તીર્થંકરના પિતાના વિરહ. સમજાણું કાંઈ?

એટલે સત્યની સમજણ વિના એય ઝઘડા, વાડા. આમ થાય, તેમ થાય, તેમ થાય. બરાબર જ્ઞાન હોય તો યથાર્થ સંપ્રદાયમાંથી બે, ત્રણ, ચાર ભાગ પડે નહીં. પણ વસ્તુ ઘટી ગઈ. સાંભળનારાએ પણ સમજવાની દરકાર કરી નહીં. રળવા ને ખાવા-પીવાની દરકાર, બાયડીયું છોકરા સાચવવાની દરકાર, દરકાર હોં! કરી શકે નહીં કાંઈ. શું કીધું? મલુકચંદભાઈ! કરી શકે નહીં કાંઈ. પણ ચિંતા આનું આમ કરું ને આને સાચવું નેં. હરામ કાંઈ (કરી શકતો હોય તો) બધા સચવાયેલાં જ છે એમ અહીં તો કહે છે.

અનંતા દ્રવ્યો એક આટલા અંગુલના અસંખ્ય ભાગમાં રહ્યા છે. અનંત પરમાણુ ને અનંત જીવ. અસંખ્ય આકાશ પ્રદેશ, અસંખ્ય ધર્માસ્તિ પ્રદેશ, અસંખ્ય અધર્માસ્તિ, અસંખ્ય કાળ દ્રવ્ય એટલામાં અસંખ્ય દ્રવ્ય. ધર્માસ્તિ આખું દ્રવ્ય એટલામાં ન રહે. ધર્માસ્તિનું દ્રવ્ય આખા લોક પ્રમાણે છે. અધર્માસ્તિનું દ્રવ્ય આખા લોક પ્રમાણે છે. અને આકાશનું દ્રવ્ય આખા લોક ને અલોક આખા પ્રમાણે આકાશ દ્રવ્ય છે. એટલામાં આખું દ્રવ્ય ન રહે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. પણ કાળાણુ અસંખ્ય દ્રવ્ય રહે છે. અને અનંતા પરમાણુ ને અનંતા જીવ એટલામાં રહ્યા. છતાં.... એક જગ્યોએ રહ્યા છે હોં? એમાં લખ્યું છે ને એમાં. પોતપોતાના થતાં નથી. કેમ? નીચે કૌંસમાં છે. અન્યોન્ય અવગાહરૂપ મિશ્રિતપણું હોવા છતાં. અન્યોન્ય અવગાહ, અન્યોન્ય અવગાહ. નીચે એક જગ્યોએ રહ્યા છતાં તે એકપણું પામતા નથી. કહો, સમજાણું આમાં?

એ એક આત્મા બીજા આત્માપણે થતો નથી. બીજો આત્મા એક આત્માપણે થતો નથી. આત્મા રજકણપણે થતો નથી. રજકણ આત્માપણે થતો નથી. એક રજકણ બીજા રજકણપણે થતો નથી. એક કાળાણું રજકણપણે થતો નથી. એક રજકણ કાળાણુંપણે થતો નથી. આહાહા! સમજાણું કાંઈ? (મુમુક્ષુ :- .....આશ્વાસન બરાબર મળે છે.).....એ મોહનભાઈ! એક કલાક અહીંયા આશ્વાસન માટે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ભેગા થઈ જઈએ છીએ એમ કહે છે. ભેગા હશે? કોઈની હારે કાંઈ ન મળે. મફતનો માંડીને બેઠો. અહીં અંદર રહેલાં એના થાય નહીં તો ઓલા બાયડી છોકરા તો કયાંય જુદા રહી ગયા, આઘા રહી ગયા એ તો. પૈસાને એના હજીરા મકાનને કયાંય આઘા રહી ગયા. અહીં રહેલાં બીજા દ્રવ્યો પણ એના થાય નહીં. આહાહા! (મુમુક્ષુ :- એ સમજવા માટે નિવૃત્તિ લેવી જોઈશે.) નિવૃત્તિ અંદરમાં લેવી જોઈશે. બાયડી છોકરા છોડી ને બાવો થઈને બેસે તો કાંઈ સમજાય એવું કાંઈ નથી આ. શેઠ! એમ કે એ માટે બહારથી લુગડા ઘટાડે ને ફલાણુ કરે, માટે પછી સમજાય. ધૂળ. (મુમુક્ષુ :- આશ્રમમાં જાવું પડે.) હા, એમ આશ્રમમાં જાવું પડે. બાયડી વિનાના થઈ ગયા છીએ ને હવે ત્યાં રહેવું ને ત્યાં જાવું. એમ નથી અહીં. અંદરમાં એને નિવૃત્તિ લેવી જોઈશે. (મુમુક્ષુ :- અંદરમાં નિવૃત્ત જ છે.) નિવૃત્ત જ છે નિવૃત્તિ. નિવૃત્ત જ છે અહીં શું કીધું? પરપણે નથી પછી વળી પરથી નિવૃત્તિ કરવી એનો અર્થ શો? દેવાનુપ્રિયા!

આ આત્મા કોઈ દિ' પોતાના સ્વરૂપથી છૂટીને પરરૂપે તો અહીં થયો નથી. અનંત કાળથી પરમાં મધ્યમાં રહ્યો છે. એ મધ્યમાં રહ્યા છતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ત્રણ કાળ, ત્રણ લોકમાં થતાં નથી. સિધ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ છ દ્રવ્ય છે. ત્યાં પણ છ દ્રવ્ય છે. શેઠી! સિધ્ધ ભગવાન બિરાજે છે ત્યાં? છ કેમ છે? છ દ્રવ્ય છે. સિધ્ધ ભગવાન બિરાજે ત્યાં આટલામાં અનંતા સિધ્ધ છે. આટલા એટલે સાડાત્રણ હાથના. સાડાત્રણ હાથની નાનામાં નાની અવગાહના હોય. મોટી સવા પાંચસો ધનુષની આત્માની ઉંચાઈ હોય. એકએક આત્મા જયાં છે ત્યાં અનંતા સિધ્ધ છે. ત્યાં અનંતા નિગોદ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુના અસંખ્ય જીવ છે. અનંતા રજકણો છે. ધર્માસ્તિનો અસંખ્યમો ભાગ સિધ્ધ ભગવાન બિરાજે છે ત્યાં છે. અધર્માસ્તિનો અસંખ્યમો ભાગ, આકાશનો અસંખ્યમો ભાગ, કાળાણુ અસંખ્ય દ્રવ્ય એકએક સિધ્ધ બિરાજે છે ત્યાં તેના અંતર આકાશના પ્રદેશ પર અસંખ્ય કાળદ્રવ્ય છે.

છતાં સિધ્ધ તે કાળરૂપે થતાં નથી. પરમાણુ તે સિધ્ધરૂપે થતાં નથી. એક સિધ્ધ તે બીજા સિધ્ધરૂપે થતાં નથી. કહો ફરી જાય કે નહીં? 'સિતમ જયોતિમાં જયોતિ મિલાઈ' હેં? બિચારા દુઃખી છે. આગળ નથી જઈ શકતા. અરે ભગવાન! બધા, પરતંત્ર એક અંશેય નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ પરરૂપે થયા નથી, સ્વરૂપે છોડયા નથી. અહીં પણ સ્વતંત્ર છે ત્યાં તો પૂર્ણ સ્વતંત્રને આનંદના અનુભવમાં છે સીધો. પોતાના અતીન્દ્રિય આનંદનો પૂર્ણ અનુભવ એનું નામ મુકિત. આ સંસારમાં રાગ-દ્વેષ ને અજ્ઞાનનો અનુભવ તે સંસાર. બીજો કોઈ સંસાર નથી. રાગ-દ્વેષ ને અજ્ઞાનનો અનુભવ એ સંસાર. જ્ઞાન અને વીતરાગી દશાનો પૂર્ણ આનંદનો અનુભવ એનું નામ મુકિત. અને આત્માના સ્વભાવના ભાન સહિત અપૂર્ણજ્ઞાન, અપૂર્ણઆનંદ, અપૂર્ણવીતરાગતા એ સાધકભાવ. પૂર્ણવિજ્ઞાન, પૂર્ણવીતરાગ, પૂર્ણઆનંદ એ મુકિતભાવ અને એકલો અજ્ઞાનભાવ રાગ-દ્વેષનો અનુભવ એકલો સંસારભાવ. એ પણ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકે વાતનો અભ્યાસ ન મળે. અને પછી સમજાય ધંધા, ધંધા, ધંધા પાપના. આખો દિ' ચોવીસ કલાક પાપ. પાપ હશે કે શું હશે? પુણ્ય હશે? હેં? કેમ કનુભાઈ! આટલું રળીને આપવું. હેં? કેમ છોકરાવને કાંઈક શીખવાડી તો ભાવ સારા નહીં હોય. ધૂળમાં પણ નથી, પાપ છે. ચોવીસ કલાક આનું આ કરવું ને આનું આ કરવું. ભાવ હોં! કરી શકે નહીં હરામ!

કહે છે કે આત્મા એના પાપના કે પુણ્યના પરિણામના અસ્તિત્વમાં રહેલો છે. કહે છે આનંદના અસ્તિત્વમાં રહેલો છે. છેક સાધકની અવસ્થામાં રહેલો છે. એ પરપણે થતો નથી અને પર વસ્તુ તે આ પણે થતી નથી. આહાહા! (મુમુક્ષુ :- પુરુષાર્થ તો કરવાનું કહો છો?) આ શું કીધું આ? આ પરથી જુદો છું માટે મારે સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ પુરુષાર્થ. પુરુષાર્થ શું કુદવું છે કયાંય? (મુમુક્ષુ :- એ જુદી જાતનો પુરુષાર્થ) હા, લુગડુ છોડવું ને ફલાણુ છોડવું. એ પુરુષાર્થ. માન્યતાનો ઊંધો પુરુષાર્થ છે માન્યતાનો.

આત્મા પરથી નિરાળો છે. પરરૂપે થયો નથી. ફકત એની દશામાં સ્વરૂપનું અજ્ઞાન અને રાગ-દ્વેષ તે સ્વરૂપના જ્ઞાન અને વીતરાગભાવે ટાળી શકાય છે. આ એનો પુરુષાર્થ. બીજો કોઈ પુરુષાર્થ છે નહીં. કહો, સમજાણું? અને તેથી જ તેઓ તેથી એટલે કે પરિણમતા છતાં નિત્ય રહે છે. તેથી તેઓ એકપણું પામતા નથી. અને જો કે હવે આવ્યું. આનું વધારે તો અજ્ઞાનીને આ છે ને એટલે એ નાખ્યું છે. હા, નહીંતર તો અહીં હા, સામાન્ય વાત હતી પણ અમૃતચંદ્રઆચાર્ય. એમ કે આ કર્મ ને આત્મા બેય એક થઈ ગયા છે? ના. એટલે થા જગતની ચીજ જૈનોને એમ કે અમારે તો કર્મ નડે છે. ઓલાને ઈશ્વર કર્તા. આત્માના અધિકારને આદિનો જૈનનો કર્મ કર્તા. એમ નથી. **જીવ તથા કર્મને વ્યવહારનયના કથનથી એકપણું કહેવામાં આવે છે.** એકપણું કહેવામાં આવે છે ને? છે એમ કહોને એકપણું છે કે વ્યવહાર આમ. બેય એક જગ્યોએ છે ને એટલે એક અપેક્ષાએ કહેવામાં આવે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધના એકક્ષેત્રાવગાહના કારણે એને એકપણું છે.

**તોપણ તેઓ (જીવ તથા કર્મ) એકબીજાના સ્વરૂપને ગ્રહતાં નથી.** જુઓ! એ જીવના પરિણામને કર્મ પકડતો નથી. અને કર્મના ઉદય પરિણામને જીવ પકડતો નથી. આહાહા! કર્મ જે જડ છે. એનો ઉદયભાવ, ઉદયભાવ એટલે કર્મની પર્યાય એને જીવ પકડતો નથી. કર્મ જડ છે આઠ કર્મ એનો મોહનો ઉદય આવે એટલે જ્ઞાનાવરણીયનો ઉદય, દર્શનાવરણીયનો ઉદય, અંતરાયનો ઉદય કે આયુષ્યનો ઉદય, વેદનીયનો નામનો ને ગોત્રનો (ઉદય). એ જ્ઞાનાવરણીયનો ઉદય જીવ પકડતો નથી. તેમ જ્ઞાનાવરણીયના ઉદયે જીવની પર્યાયને પકડી નથી. એમ દર્શનાવરણીયના ઉદયને જીવ પકડતો નથી. કારણ કે એ ઉદય જડની પર્યાય છે. જડને આત્મા પકડતો નથી. તેમ આત્માની પર્યાયને દર્શનાવરણીય પકડતો નથી. એમ મોહનીયનો ઉદય અંદર આવ્યો એ જડના પરમાણુંની પર્યાય છે. એને આત્મા પકડતો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. અને આત્માના વિકારની પર્યાયને કર્મ પકડતો નથી. (મુમુક્ષુ :- પકડતો નથી એટલે ઉદય કયાં રહ્યો) ઉદય શેમાં રહ્યો એનામાં. ઉદય એટલે બહાર પડયું હતું તે પરિણમ્યું. વિપાક થઈને આવ્યું. દાણા હતા તે પાક થઈને પાકયા. કોઠીમાં હતા તે પાકયા. એમાં પાકયું એમાં પરમાં કયાં ગરી ગયું મોઢામાં. એમ સત્તામાં રજકણો જે હતાં તે પાકયા. પાક આવ્યો. કાચી કેરી પાકી. પાકી એમાં કોઈકના મોઢામાં કયાં આવી ગઈ? (મુમુક્ષુ :- એ તો પૈસા દઈને આપતા......) આપ્યા. પૈસો કોણ દયે ને લ્યે બધી વાતું છે. કહો, સમજાણું આમાં? આહાહા!

ત્યાં ભ્રમરૂપ ત્યાં ભ્રમણાં છે. જયાં કલ્પના, જલ્પના ત્યાં ભ્રમરૂપ એ તો ભ્રમણા છે. એમ કહે છે. આ મારું ને તારું ને આ. આ મોળું પડી જાય છે કે નહીં રાતે એકલા હોય ત્યાં. એ કહે છે એની ભ્રમણાની કલ્પના છે. એમ કહે છે. પણ એ ભ્રમણા કોઈએ કરાવી નથી. કર્મે એને પકડાવી નથી અને કર્મને એણે પકડયા નથી. એમ કહે છે. (શ્રોતાઃ- શરીરે તો કરાવીને) કલ્પના, જલ્પના છુટી ગયું. હું તો જ્ઞાતા-દ્દષ્ટા છું. મારે ને પરને સંબંધ નથી. પરનો હું કર્તા-હર્તા નથી. પર મને કર્તા-હર્તા થઈ શકતો નથી. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ એમ (જાણતાં) કલ્પના ગઈ, સ્વરૂપનું ભાન થયું. જ્ઞાતા-દ્દષ્ટા હું એનું નામ ભાન. કહો, સમજાણું કાંઈ?

કહો, આ પુરુષાર્થ છે કે નહીં હવે? કયો પુરુષાર્થ તમારે કરવો છે? ઈ થોડું આમ ખાવું, કાં તો આમ પીવું, કાં તો આ લેવું ને આમ લુગડું ફેરવવું એ બધો પુરુષાર્થ. અને કાં જનોઈ પહેરવી. જનોઈ પહેરી છે કે નહીં? હેં? છેને? લ્યો! તમે ન કીધું તો તમારા ભાઈબંધે કહ્યું. એ તો ન્યાં આવ્યું હતું ને? કયાં આ પ્રમાણે મુનિને આહાર વહોરાવ્યા, ભકિત કરી, આ કરાવ્યું. સોનગઢ અમારા આશ્રમની છે. એમ આવ્યું હતું હો! બલિહારી ઓલાએ નહોતું લખ્યું. પણ એનો અર્થ એ કે જુઓ આ વિશેષતા. વિશેષતા. (મુમુક્ષુ :- એણે પણ અહીં આવીને અમારી વાત કબુલ રાખી). કબુલ રાખી. અમારા મુનિને કબુલ રાખ્યા. અમારા મુનિને આહાર, પાણી, ભકિતથી વહોરાવ્યા. નમસ્કાર કરીને વહોરાવ્યા. કોઈ દિ' નમસ્કાર કરનારા એ લોકો નહીં. એણે એમાંથી ભ્રષ્ટ થઈને નમસ્કાર કર્યા. એ ભ્રષ્ટ થઈને એમ ન લખે પણ એનો અર્થ આમ લખે કે ત્યાંના આમ કર્યું એણે એટલે કે નહોતા કરનારા ઈ કર્યા એમ. એનો શું અર્થ થયો? (મુમુક્ષુ :- એ તો થવાનું હતું તે થઈ ગયું સાહેબ હવે) થવાનું હતું તે.... આ તો થવાનું હતું તેનું જાણવાનું જ્ઞાન કરાવે છે ને? કહો સમજાણું આમાં?

જુઓ, મોહનીયકર્મનો ઉદય એ આત્માએ પકડયો નથી. આત્માની પર્યાય રાગ-દ્વેષની તેને મોહ કર્મ પકડતું નથી. એમ અંતરાયના ઉદયની પર્યાયને જીવે પકડયો નથી. જીવની પર્યાયને દાનાંતરાય પકડી રાખે એમ નથી. એમ વેદનીયનો ઉદય આત્માને સુખદુઃખના પરિણામને પકડાવે એમ નથી. તે વેદનીયનો ઉદય આત્મા પકડે એમ નથી. એમ આયુષ્યનો ઉદય. આયુષ્યના ઉદયને આત્માએ પકડયો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. અને આત્માના પરિણામની રહેવાની યોગ્યતા ત્યાં છે એને આયુષ્યના ઉદયે પકડયો નથી.

એમ નામનો ઉદય આ અરૂપી એમાં રૂપી આવ્યો. આત્માના અરૂપીપણાના પરિણામને પકડે છે એણે એમ નથી. તેમ અરૂપી પરિણામે નામકર્મના પરિણામને પકડયા છે એમ નથી. તેમ ગોત્રકર્મના ઉદયને આત્માએ પકડયો છે એમ નથી. આત્માના પરિણામને ગોત્રકર્મએ પકડયો છે એમ નથી. આઠે આવી ગયું. હેં? એટલે? બોલવામાં આવે જીવ, ત્યારે તો તે કીધું? બોલવામાં આવે એમાં શું થઈ ગયું? (મુમુક્ષુ :- કોણ બોલે?) કહો. બોલે ભાષા જડ. એમાં આત્માને શું છે.બોલવામાં આવે એટલે ઉંદરને મામો કહે છે નથી કહેતાં? મોળો પડતો હશે. એ તો સ્વાર્થને લઈને બોલે છે. ઉંદર મામો એટલે ભાઈ સાબ! કોતરીશ નહીં લુગડા. હા એમ. મારો સામાન-બામાન કોતરીશ નહીં. દેવું જોઈએ. લઈ કયાં જાશ તું? એમ કરીને સ્વાર્થીયા બોલે છે એ. ઉંદર મામો કહેવાય. એમ કહે છે ને? મામો તો તું ભરવું જોઈએ તેને બદલે સમુકનું કાંઈક લઈ જાઈશ, કોતરી જાઈશ કાંઈક. દાણા-બાણાના ઓલા હોય ને તો કોતરીને એના ભોણમાં દાણા લઈ જાય. કહો મોસાળુ પૂરતો હશે ઈ? એમ બોલાય કે કર્મ આત્માના એટલે આત્માના કર્મ થઈ જતાં હશે? (શ્રોતાઃ- કોઈ દેશમાં થાતા હશે) કોઈ દેશમાં થાતાં હોય તો એને ખાવા ત્યાં. કહો, સમજાણું આમાં?

**વ્યવહારનયના કથનથી એકપણું છે.** એટલે નિમિત્ત-નિમિત્ત એકક્ષેત્રાવગાહ સંબંધને કારણે એને ખાસ સંબંધને કારણે લ્યોને! **એકપણું કહેવામાં આવે છે.** અસદભૂત વ્યવહારનયે, જુઠીનયે કહેવામાં આવે છે એમ કહે છે. લ્યો! **તોપણ તેઓ (જીવ તથા કર્મ) એકબીજાના સ્વરૂપને ગ્રહતાં નથી.** મહા સિધ્ધાંત છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ ટોડરમલે કહ્યું છે એક જગ્યાએ રહે છે ભેગા પણ જેનો કોઈ કર્તા હર્તા નથી. કે આત્માની પર્યાયનો કર્મ કર્તા ને કર્મની પર્યાયનો આત્મા કર્તા. એક જગ્યોએ ભલે રહ્યા હોય તેથી કર્તા હર્તા નથી. કોઈ કર્મનો આત્મા કર્તા અને આત્માના પરિણામનો વિકારનો કર્મ કર્તા એમ છે નહીં કોઈ દિ'. તોય પણ કહે, નહીં, નહીં, નહીં. વ્યવહારે કર્તા, વ્યવહારે કર્તા. વ્યવહારનય છે કે નહીં? નિશ્ચયનય અને વ્યવહારનય. અરે સાંભળને માળા!

કહે છે, એક ખાસ આચાર્યએ નાખ્યું જુઓ, **मेलंता णिव णिच्चंसगंसभावं ण विजहंति** ખાસ એક આ વાત જુદી પાડી છે. નહીંતર તો અહીં આ છ દ્રવ્ય એકસાથે હોવા છતાં પોતાના સ્વરૂપને છોડતાં નથી એટલી વાત છે. પણ અમૃતચંદ્રઆચાર્યે..... આ લાકડું છે ને જગતને કર્મ એક જગ્યોએ રહ્યાં, ભઈ બીજા કર્મ આને ન નડે પણ એના તો નડે ને? કહે છે કે, એના કર્મનો પર્યાય તને રાગમાં પકડતો નથી ને રાગનો પર્યાય એના ઉદયને પકડતો નથી. કહો, એમ 'જડ ને ચૈતન્યનો બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન', પ્રગટ સ્વભાવ ભિન્ન. એમ જાણ્યા વિના એને જડથી આત્મા જુદોની માન્યતા સાચી થતી નથી. સમજાણું કાંઈ? એ સાત થઈ લ્યો! હવે મોટી આઠમી આવે. મોટી તકરારી ગાથા. આ એક દ્રવ્યમાં બધું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવે હમણાં એક જણો એમ કહેશે. કારણ કે, બધું આમાં બધા દ્રવ્યને માટે આ છે. એક દ્રવ્યને માટે આખી વાત છે. એમ કહે છે ને? બે મત છે ને જગતમાં? બધા છએની આમાં વાત છે.

## ગાથા- ૮

**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया।**
**भंगुप्पादधुवता सप्पडिवक्खा हवदि एक्का ॥ ८ ॥**

सत्ता सर्वपदार्था सविश्वरूपा अनंतपर्याया।
भङ्गोत्पादध्रौव्यात्मिका सप्रतिपक्षा भवत्येका ॥ ८ ॥

अत्रास्तित्वस्वरूपमुक्तम्।

अस्तित्वं हि सत्ता नाम सतो भाव: सत्त्वम्। न सर्वथा नित्यतया सर्वथा क्षणिकतया वा विद्यमानमात्रं वस्तु। सर्वथा नित्यस्य वस्तुनस्तत्त्वत: क्रमभुवां भावानामभावात्कुतो विकारवत्त्वम्। सर्वथा क्षणिकस्य च तत्त्वत: प्रत्यभिज्ञानाभावात् कुत एकसन्तानत्वम्। तत: प्रत्यभिज्ञानहेतुभूतेन केनचित्स्वरूपेण ध्रौव्यमालम्ब्यमानं काभ्यांचित्क्रमप्रवृत्ताभ्यां स्वरूपाभ्यां प्रलीयमानमुपजायमानं चैककालमेव परमार्थतस्त्रितयीमवस्थां बिभ्राणं वस्तु सदवबोध्यम्। अत एव सत्ताप्युत्पादव्ययध्रौव्यात्मिकाऽवोबोद्धव्या, भावभाववतो: कथ-ञ्चिदेकस्वरूपत्वात्। सा च त्रिलक्षणस्य समस्तस्यापि वस्तुविस्तारस्य सादृश्यसूचक-त्वादेका। सर्वपदार्थस्थिता च त्रिलक्षणस्य सदित्यभिधानस्य सदिति प्रत्ययस्य च सर्वपदार्थेषु तन्मूलस्यैवोपलम्भात्। सविश्वरूपा च विश्वस्य समस्तवस्तुबिस्तारस्यापि रूपैस्त्रिलक्षणै: स्वभावै: सह वर्तमानत्वात्। अनन्तपर्याया चानन्ताभिर्दव्यपर्यायव्यक्ति-भिस्त्रिलक्षणाभि: परिगम्यमानत्वात्। एवंभूतापि सा न खलु निरंकुशा किन्तु सप्रतिपक्षा। प्रतिपक्षो ह्यसत्ता सत्ताया:, अत्रिलक्षणत्वं त्रिलक्षणाया:, अनेकत्वमेकस्या:, एक-पदार्थस्थितत्वं सर्वपदार्थस्थिताया:, एकरूपत्वं सविश्वरूपाया:, एकपर्यायत्वमनन्त-पर्यायाया इति। द्विविधा हि सत्ता–महासत्तावान्तरसत्ता च। तत्र सर्वपदार्थसार्थव्यापिनी सादृश्यास्तित्वसूचिका महासत्ता प्रोक्तैव। अन्या तु प्रतिनियतवस्तुवर्तिनी स्वरूपास्तित्व-सूचिकाऽवान्तरसत्ता। तत्र महासत्ताऽवान्तरसत्तारूपेणाऽवान्तरसत्ता च महासत्ता-रूपेणाऽसत्तेत्यसत्ता सत्ताया:। येन स्वरूपेणोत्पादस्तत्तथोत्पादैकलक्षणमेव, येन-स्वरूपेणोच्छेदस्तत्तथोच्छेदैकलक्षणमेव, येन स्वरूपेण ध्रौव्यं तत्तथा ध्रौव्यैकलक्षणमेव, तत उत्पद्यमानोच्छिद्यमानावतिष्ठमानानां वस्तुन:स्वरूपाणां प्रत्येकं त्रैलक्षण्याभावादत्रि-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**लक्षणत्वं त्रिलक्षणाया: । एकस्य वस्तुन: स्वरूपसत्ता नान्यस्य वस्तुन: स्वरूपसत्ता भवतीत्यनेकत्वमेकस्या : । प्रतिनियतपदार्थस्थिताभारिवे सत्ताभि: पदार्थानां प्रतिनियमो भवतीत्येकपदार्थस्थितत्वं सर्वपदार्थस्थिताया: । प्रतिनियतैकरूपाभिरेव सत्ताभि: प्रतिनियतैकरूपत्वं वस्तूनां भवतीत्येकरूपत्वं सविश्वरूपाया: । प्रतिपर्यायनियताभिरेव सत्ताभि: प्रतिनियतैकपर्यायाणामानन्त्यं भवतीत्येकपर्यायत्वमन्तपर्यायाया: । इति सर्वमनवद्यं सामान्यविशेषप्ररूपणप्रवणनयद्वयायत्तत्वात्तद्देशनाया: ॥ ८ ॥**

**સર્વાર્થપ્રાપ્ત, સવિશ્વરૂપ, અનંતપર્યયવંત છે,**
**સત્તા જનમ-લય-ધ્રૌવ્યમય છે, એક છે, સવિપક્ષ છે. ૮.**

**અન્વયાર્થ :- [सत्ता] સત્તા [भङ्गोत्पादध्रौव्यात्मिका] ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક, [एका] એક, [सर्वपदार्था] સર્વપદાર્થસ્થિત, [सविश्वरूपा] સવિશ્વરૂપ, [अनन्तपर्याया] અનંતપર્યાયમય અને [सप्रतिपक्षा] સપ્રતિપક્ષ [भवति] છે.**

**ટીકા :- અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.**

**અસ્તિત્વ એટલે સત્તા નામનો સત્‌નો ભાવ અર્થાત્ [૧]સત્ત્વ.**

**વિદ્યમાનમાત્ર વસ્તુ નથી સર્વથા નિત્યપણે હોતી કે નથી સર્વથા ક્ષણિકપણે હોતી. સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો અભાવ થવાથી વિકાર (-ફેરફાર, પરિણામ) ક્યાંથી થાય? અને સર્વથા ક્ષણિક વસ્તુને વિષે ખરેખર [૨]પ્રત્યભિજ્ઞાનનો અભાવ થવાથી એક-પ્રાવહપણું ક્યાંથી રહે? માટે પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી અને કોઈ બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી ને ઊપજતી - એ રીતે એક જ કાળે પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી વસ્તુ સત્‌ જાણવી. તેથી જ 'સત્તા' પણ 'ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક (ત્રિલક્ષણા) જાણવી, કારણ કે [૩]ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે. વળી તે (સત્તા) 'એક' છે, કારણ કે તે ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુવિસ્તારનું સાદ્રશ્ય સૂચવે છે. વળી તે (સત્તા) 'સર્વપદાર્થસ્થિત' છે, કારણ કે તેના કારણે જ (-સત્તાને લીધે જ) સર્વ પદાર્થોમાં ત્રિલક્ષણની (-ઉત્પાદવ્યયધ્રૌવ્યની), 'સત્‌' એવા કથનની અને 'સત્‌' એવી પ્રતીતિની**

---

૧. સત્ત્વ = સત્પણું; હયાતપણું; વિદ્યમાનપણું; હયાતનો ભાવ; 'છે' એવો ભાવ.

૨. વસ્તુ સર્વથા ક્ષણિક હોય તો 'જે પૂર્વે જોવામાં (-જાણવામાં) આવી હતી તે જ આ વસ્તુ છે' એવું જ્ઞાન ન થઈ શકે.

૩. સત્તા ભાવ છે અને વસ્તુ ભાવવાન છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપલબ્ધિ થાય છે. વળી તે (સત્તા) 'સવિશ્વરૂપ' છે, કારણ કે તે વિશ્વનાં રૂપો સહિત અર્થાત્ સમસ્ત વસ્તુવિસ્તારના ત્રિલક્ષણવાળા સ્વભાવો સહિત વર્તે છે. વળી તે (સત્તા) 'અનંત-પર્યાયમય' છે, કારણ કે તે ત્રિલક્ષણવાળી અનંત દ્રવ્યપર્યાયરૂપ વ્યક્તિઓથી વ્યાપ્ત છે. (આ પ્રમાણે [1]સામાન્ય-વિશેષાત્મક સત્તાનું તેના સામાન્ય પડખાની અપેક્ષાએ અર્થાત્ મહાસત્તારૂપ પડખાની અપેક્ષાએ વર્ણન થયું.)

આવી હોવા છતાં તે ખરેખર [2]નિરંકુશ નથી પરંતુ [3]સપ્રતિપક્ષ છે. (૧) સત્તાને અસત્તા પ્રતિપક્ષ છે; (૨) ત્રિલક્ષણાને અત્રિલક્ષપણું પ્રતિપક્ષ છે; (૩) એકને અનેકપણું પ્રતિપક્ષ છે; (૪) સર્વપદાર્થસ્થિતને એકપદાર્થસ્થિતપણું પ્રતિપક્ષ છે; (૫) સવિશ્વરૂપને એકરૂપપણું પ્રતિપક્ષ છે; (૬) અનંતપર્યાયમયને એકપર્યાયમયપણું પ્રતિપક્ષ છે.

(ઉપર્યુક્ત સપ્રતિપક્ષવાળું સ્પષ્ટ સમજાવવામાં આવે છે :-] સત્તા દ્વિવિધ છે : મહાસત્તા અને અવાન્તરસત્તા. તેમાં, સર્વપદાર્થસમૂહમાં વ્યાપનારી, સાદૃશ્યઅસ્તિત્વને સૂચવનારી મહાસત્તા (સામાન્યસત્તા) તો કહેવાઈ જ ગઈ. બીજી, પ્રતિનિશ્ચિત (-એકેક નિશ્ચિત) વસ્તુમાં રહેનારી, સ્વરૂપ-અસ્તિત્વને સૂચવનારી અવાન્તરસત્તા (વિશેષસત્તા) છે. (૧) ત્યાં મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે તેથી સત્તાને અસત્તા છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપે હોવાથી 'સત્તા' છે તે જ અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અસત્તા' પણ છે). (૨) જે સ્વરૂપે ઉત્પાદ છે તેનું (-તે સ્વરૂપનું) તે રીતે ઉત્પાદ એક જ લક્ષણ છે, જે સ્વરૂપે વ્યય છે તેનું (-તે સ્વરૂપનું) તે રીતે વ્યય એક જ લક્ષણ છે અને જે સ્વરૂપે ધ્રૌવ્ય છે તેનું (તે સ્વરૂપનું) તે રીતે ધ્રૌવ્ય એક જ લક્ષણ છે તેથી વસ્તુના ઊપજતા, નષ્ટ થતા અને ધ્રુવ રહેતા સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી ત્રિલક્ષણા (સત્તા)ને અત્રિલક્ષણપણું છે. (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'ત્રિલક્ષણા' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અત્રિલક્ષણા' પણ છે.) (૩) એક વસ્તુની સ્વરૂપસત્તા અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી તેથી

---

૧. અહીં 'સામાન્યાત્મક'નો અર્થ 'મહા' સમજવો અને 'વિશેષાત્મક'નો અર્થ 'અવાન્તર' સમજવો. સામાન્ય-વિશેષના બીજા અર્થો અહીં ન સમજવા.

૨. નિરંકુશ = અંકુશ વિનાની; વિરુદ્ધ પક્ષ વિનાની; નિઃપ્રતિપક્ષ. [સામાન્યવિશેષાત્મક સત્તા ઉપર વર્ણવી તેવી હોવા છતાં સર્વથા તેવી નથી, કથંચિત્ (સામાન્ય-અપેક્ષાએ) તેવી છે અને કથંચિત્ (વિશેષ-અપેક્ષાએ) વિરુદ્ધ પ્રકારની છે.]

૩. સપ્રતિપક્ષ = પ્રતિપક્ષ સહિત; વિપક્ષ સહિત; વિરુદ્ધ પક્ષ સહિત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક (સત્તા) ને અનેકપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'એક' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અનેક' પણ છે). (૪) પ્રતિનિશ્ચિત (-વ્યક્તિગત નિશ્ચિત) પદાર્થમાં સ્થિત સત્તાઓ વડે જ પદાર્થોનું પ્રતિનિશ્ચિતપણું (-ભિન્ન-ભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ) હોય છે તેથી સર્વપદાર્થસ્થિત (સત્તા)ને એકપદાર્થસ્થિતપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સર્વપદાર્થસ્થિત' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપદાર્થસ્થિત' પણ છે.) (૫) પ્રતિનિશ્ચિત એક એક રૂપવાળી સત્તાઓ વડે જ વસ્તુઓનું પ્રતિનિશ્ચિત એક એક રૂપ હોય છે તેથી સવિશ્વરૂપ (સત્તા)ને એકરૂપપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સવિશ્વરૂપ' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકરૂપ' પણ છે). (૬) પ્રત્યેક પર્યાયમાં રહેલી (વ્યક્તિગત ભિન્નભિન્ન) સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે તેથી અનંતપર્યાયમય (સત્તા) ને એકપર્યાયમયપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપર્યાયમય' પણ છે).

આ રીતે બધું નિરવદ્ય છે (અર્થાત્ ઉપર કહેલું સર્વ સ્વરૂપ નિર્દોષ છે, નિર્બાધ છે, કિંચિત્ વિરોધવાળું નથી) કારણ કે તેનું (-સત્તાના સ્વરૂપનું) કથન સામાન્ય અને વિશેષના પ્રરૂપણ પ્રત્યે ઢળતા બે નયોને આધીન છે.

ભાવાર્થ :- સામાન્યવિશેષાત્મક સત્તાનાં બે પડખાં છે : એક પડખું તે મહાસત્તા અને બીજું પડખું તે અવાન્તરસત્તા. (૧) મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે; તેથી જો મહાસત્તાને 'સત્તા' કહીએ તો અવાન્તરસત્તાને 'અસત્તા' કહેવાય. (૨) મહાસત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એવાં ત્રણ લક્ષણવાળી છે તેથી તે 'ત્રિલક્ષણા' છે. વસ્તુના ઊપજતા સ્વરૂપનું ઉત્પાદ જ એક લક્ષણ છે, નષ્ટ થતાં સ્વરૂપનું વ્યય જ એક લક્ષણ છે અને ધ્રુવ રહેતા સ્વરૂપનું ધ્રૌવ્ય જ એક લક્ષણ છે તેથી તે ત્રણ સ્વરૂપોમાંના પ્રત્યેક અવાન્તરસત્તા એક જ લક્ષણવાળી હોવાથી 'અત્રિલક્ષણા' છે. (૩) મહાસત્તા સમસ્ત પદાર્થસમૂહમાં 'સત્, સત્, સત્' એવું સમાનપણું દર્શાવતી હોવાથી એક છે. એક વસ્તુની સ્વરૂપસત્તા બીજી કોઈ વસ્તુની સ્વરૂપસત્તા નથી, તેથી જેટલી વસ્તુઓ તેટલી સ્વરૂપસત્તાઓ; માટે આવી સ્વરૂપસત્તાઓ અથવા અવાન્તરસત્તાઓ 'અનેક' છે. (૪) સર્વ પદાર્થો સત્ છે તેથી મહાસત્તા 'સર્વ પદાર્થોમાં રહેલી' છે. વ્યક્તિગત પદાર્થોમાં રહેલી ભિન્નભિન્ન વ્યક્તિગત સત્તાઓ વડે જ પદાર્થોનું ભિન્નભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ રહી શકે, તેથી તે તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પદાર્થની અવાન્તરસત્તા તે તે 'એક પદાર્થમાં જ સ્થિત' છે. (૫) મહાસત્તા સમસ્ત વસ્તુસમૂહનાં રૂપો (સ્વભાવો) સહિત છે તેથી તે 'સવિશ્વરૂપ' (સર્વરૂપવાળી) છે. વસ્તુની સત્તાનું (કથંચિત્) એક રૂપ હોય તો જ તે વસ્તુનું નિશ્ચિત એક રૂપ (-ચોક્કસ એક સ્વભાવ) રહી શકે, તેથી પ્રત્યેક વસ્તુની અવાન્તરસત્તા નિશ્ચિત 'એક રૂપવાળી' જ છે. (૬) મહાસત્તા સર્વ પર્યાયોમાં રહેલી છે તેથી તે 'અનંતપર્યાયમય' છે. ભિન્નભિન્ન પર્યાયોમાં (કથંચિત્) ભિન્નભિન્ન સત્તાઓ હોય તો જ એક એક પર્યાય ભિન્નભિન્ન રહીને અનંત પર્યાયો સિદ્ધ થાય, નહિ તો પર્યાયોનું અનંતપણું જ ન રહે - એકપણું થઈ જાય; માટે પ્રત્યેક પર્યાયની અવાન્તરસત્તા તે તે 'એક પર્યાયમય' જ છે.**

**આ રીતે સામાન્યવિશેષાત્મક સત્તા, મહાસત્તારૂપ તેમ જ અવાન્તરસત્તારૂપ હોવાથી, (૧) સત્તા પણ છે અને અસત્તા પણ છે, (૨) ત્રિલક્ષણા પણ છે અને અત્રિલક્ષણા પણ છે, (૩) એક પણ છે અને અનેક પણ છે, (૪) સર્વપદાર્થસ્થિત પણ છે અને એકપદાર્થસ્થિત પણ છે. (૫) સવિશ્વરૂપ પણ છે અને એકરૂપ પણ છે, (૬) અનંત-પર્યાયમય પણ છે અને એકપર્યાયમય પણ છે. ૮.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૮ ઉપર પ્રવચન

**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्ञाया ।**
**भंगुप्पादधुवता सप्पडिवक्खा हवदि एक्का ।। ८ ।।**

આ ગાથા બહુ મહા જબરી છે. કેટલાકને તો આ ગાથામાંથી વેદાંત જેવું લાગે છે. જાણે બધો આત્મા એક છે. જુઓ સત્તા સો પયથ્થા કીધી. કેટલાકને એ બધી વાત એક દ્રવ્યની છે. અહીં અત્યાર સુધી ભિન્ન ભિન્ન વાતો કરી અને વળી અહીં બધી એક છે એમ ક્યાંથી કહ્યું? વળી એમ થાય તર્ક વિતર્ક. અત્યાર સુધી તો કીધું બધું ભિન્ન ભિન્ન છે. વળી આત્મામાં બધા થઈને મહાસત્તા કહેવામાં આવે સંગ્રહનયે, એ વળી અહીં કેમ લીધું એમ કોઈને તર્ક થાય પણ એ વાત અહીં એમ જ છે. શ્રીમદ્ અર્થ કર્યો પણ એમ છે ભાઈ! આનો અર્થ કર્યો છે ને? પંચાસ્તિકાયમાં. હવે આપણે એની સત્તા આનો એ સત્તાનો અર્થ કર્યો મહાસત્તાનો છે ને? ના, એ નહીં, એ નહીં. આ તો આઠમી ગાથા.

સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે. આ તો બહુ ચર્ચા થઈ ગઈ ને? હા, એ મારે અહીં કહેવું છે. ઓલી વાત નહીં. સત્તા સ્વરૂપે ભાઈ હિંમતભાઈ! આ તો નેવુંની સાલમાં વનેચંદ શેઠ હારે વાત થઈ હતી સંપ્રદાયમાં. એને એમ કે આ બધું શું કહે છે? મેં કીધું છે એ. છે એટલે શું બધા એક થઈ ગયા છે? એક આધાર છે બધાનો? એક અધિષ્ઠાન છે? બિલકુલ નહીં. સત્તા સ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે સત્તા અનંત પ્રકારના સ્વભાવવાળી છે. ઉત્પાદવ્યયધ્રુવવાળી છે ને સામાન્ય વિશેષ બસ એટલી વાત છે ને? પણ અહીં તો આટલા આ શબ્દો આપણે લેવા છે. સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે. બધા પદાર્થોને 'છે' અપેક્ષાએ એક કહ્યું છે. 'છે' અપેક્ષાએ. એક આમ થઈ ગયા નથી. આત્મા છે, પરમાણુ છે, કાળ છે, આકાશ છે. એમ છે ને? છે એ અપેક્ષામાં કોઈ નથી એમ કહેવાય? એ છે એ અપેક્ષાએ બધા 'છે' માં સમાઈ જાય. 'છે' એટલે મહાસત્તા.

**સર્વાર્થપ્રાપ્ત, સવિશ્વરૂપ, અનંતપર્યયવંત છે,**
**સત્તા જનમ-લય-ધ્રૌવ્યમય છે, એક છે, સવિપક્ષ છે. ૮**

**ટીકા :- અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.** અહીં છ દ્રવ્યમાં હોવાપણાનું સ્વરૂપ કહ્યું છે. હોવાપણાનું સ્વરૂપ કહ્યું છે. છે ને? પાઠ જ છે ત્યાં. **अत्रास्तित्वस्वरुपमुकतम અસ્તિત્વ એટલે સત્તા નામનો સત્‌નો ભાવ.** સત્તા નામનું સત્ત્વ કહેવું છે ને? સત્તા. સત્તા નામનું સત્ત્વનું અસ્તિત્વ કહેવું છે ને? સત્તા. સત્તાને અસ્તિત્વ કીધું. કે **સત્તા નામનો સત્‌નો ભાવ.** એને સત્ત્વ નામ અસ્તિત્વ કહેવાય છે.

નીચે છે. સત્વ, સત્ત્વ=સત્પણું, હયાતપણું, વિદ્યમાનપણું, હયાતનો ભાવ, 'છે' એવો ભાવ. હવે તો બહુ સ્પષ્ટ કરી નાખ્યું છે. કહો સમજાણું? આવી ટીકા ક્યાં અક્ષરે અક્ષરમાં હતી પંચાસ્તિકાયની, પ્રવચનસારની, નિયમસારની, સમયસારની. બેમાં તો તદ્દન હતી જ નહીં. બે તો તદ્દન સંસ્કૃતની જ હતી. ગુજરાતી પહેલું વહેલું બે હજાર વર્ષે બહાર આવ્યું. કહો સમજાણું કાંઈ? **અસ્તિત્વ એટલે સત્તા નામનો સત્‌નો ભાવ અર્થાત સત્ત્વ.** અસ્તિત્વ છે ને? સત્ સત્પણું એટલે અસ્તિત્વ.

**વિદ્યમાન માત્ર વસ્તુ, નથી સર્વથા નિત્યપણે હોતી** શું કહે છે? હયાતિ ધરાવનારી બધી વસ્તુઓ, વિદ્યમાન, **વિદ્યમાન માત્ર વસ્તુ, નથી સર્વથા નિત્યપણે હોતી કે નથી સર્વથા ક્ષણિકપણે હોતી.** જેટલી વિદ્યમાન પદાર્થ ચીજો છે અનંત આત્માઓ, પરમાણુંઓ, કાળાણું. એ નથી સર્વથા નિત્યપણે હોતી કે તે નથી સર્વથા ક્ષણિક નામ અનિત્યપણે હોતી.

**સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો અભાવ થવાથી** સર્વથા જો આત્મા ને પરમાણુ આદિ નિત્ય જ હોય અને પરિણમે નહીં, અનિત્ય ન હોય ક્ષણિક અવસ્થા ન હોય તો ક્રમભાવી ભાવ, ક્રમે ક્રમે થતી અવસ્થા. ભાવ એટલે અવસ્થા. એવા પરમાણુ ને આત્મા આદિ છએ દ્રવ્યમાં સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ક્રમે ક્રમે થનારી ભાવ નામ પર્યાયોનો અભાવ થવાથી જુઓ પર્યાયને પણ ભાવ કહેવામાં આવે છે. **વિકાર (-ફેરફાર, પરિણામ) ક્યાંથી થાય?** પલટો ક્યાંથી ખાય?

એક વસ્તુ કાયમ નિત્ય જ હોય અને એમાં ક્રમે ક્રમે થતી ઉત્પાદવ્યયની અવસ્થા ન હોય તો તેમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પલટો કેમ હોય? ફેરફાર કેમ થાય? બદલે કેમ? બીજું રૂપ કેમ દેખાય? સમજાણું કાંઈ? આ તો વીતરાગનો પદાર્થ વિજ્ઞાન છે. વીતરાગદેવે જોયેલો પદાર્થ એનું વિજ્ઞાન. આ લોકો પદાર્થ વિજ્ઞાન કહે છે એ અમુક અપેક્ષાએ માને એની વાત પણ આ તો સર્વજ્ઞથી ત્રિકાળ વસ્તુ કેમ છે આ જાણે તો ....... ....માનનારા નીકળે એલા તારાથી થાય એ વાત એને...સમજાણું?

કારણ કે પરમાં થાય તો પર પરિણમ્યા વિનાનું તત્ત્વ છે? વિદ્યમાન ચીજ છે તો પરિણમ્યા વિનાની હોય? ક્રમભાવી દશા વિનાની હોય? નવી નવી અવસ્થા થયા વિનાની ચીજ હોય? એવી હોય તો ફેરફાર ને પલટો હોય શકે નહીં. ને ફેરફાર ને પલટો તો દેખાય છે. કહો સમજાણું? ધૂળમાંથી ઘઉં ને ઘઉંમાંથી લોટ ને લોટમાંથી આ લોહી ને લોહીમાંથી આ થૂંક ને સળેખમ ને બળખા ને વિષ્ટા ને અરે! ભિન્ન ભિન્ન અવસ્થાઓ થતી દેખાય છે. જો પલટો ન હોય તો એ અવસ્થા એ ચીજ વિદ્યમાન તો છે. છે તો ખરી ને? છે છતાં જો પલટી ન હોય તો એના ફેરફારો કેમ દેખાય? અને ફેરફાર થાય એવો પલટો પલટતી ચીજનો સ્વભાવ છે. કહો સમજાણું?

ક્યાંથી થાય? નિત્ય વસ્તુને એકલી નિત્ય જો સર્વથા વસ્તુ એકરૂપે છે, ટકતી, ત્રિકાળ એકરૂપે એમ કહો તો ખરેખર ક્રમભાવી પર્યાયોનો અભાવ થવાથી વિકાર નામ ફેરફાર જુઓ વિકાર એટલે અહીં રાગ-દ્વેષનો વિકાર એમ નથી લેવું. વિ-કાર્ય વિશેષે કાર્ય. જૈન સિધ્ધાંત પ્રવેશિકામાં એમ નાખ્યું છે. પર્યાય કોને કહેવાય? આવે છે? કોને કહેવાય? ગુણવિકારાપર્યાય એમ ત્યાં કહ્યું છે. ગુણનો વિકાર તે પર્યાય. આવડે છે? ધનાલાલજી! આવડે છે. એમ તો એને એવું યાદ રહે છે મગજ છે. ગુણવિકારાપર્યાયા એમ છે અંદર. ગુણનો વિકાર તે પર્યાય. વિકાર નામ વિશેષે કાર્ય. સમજાણું કાંઈ? જૈન સિધ્ધાંત પ્રવેશિકામાં છે. વાંચ્યું છે? હવેં ક્યાં નવરા હોય. તે તો છોકરા વાંચે. હવે તો મોટા થઈ ગયા વાંચેને? એય ક્યાં ગયો આશિષ? આવડે છે કે નહીં? શું આવે છે એમાં? (આશિષ :- ગુણોના વિશેષ કાર્યને પર્યાય કહે છે.) વિશેષ કાર્યને પર્યાય કહે છે. જુઓ એ કાર્યની વાત છે અહીં. વિ-કાર વિશેષે કાર્ય પલટવું ફેરફાર થવો. **ફેરફાર પરિણામ ક્યાંથી થાય?**

જો દરેક દ્રવ્ય નિત્ય હોય તો તેમાં ફેરફાર ને પલટો ક્યાંથી થાય? દરેક રજકણ ને દરેક આત્મામાં કાયમપણું રહીને એમાં પલટો ને ફેરફાર થયા કરે છે. એમાં ક્રમભાવી પર્યાયો થવું એનો સ્વભાવ છે. કહો ચંદુભાઈ! બીજા કોઈકને લઈને નહીં એનો પોતાનો સ્વભાવ છે. શરીરનો ક્રમભાવી પર્યાય એને લઈને, આત્માનો ક્રમભાવી પર્યાય આત્માને લઈને, કર્મનો ક્રમભાવી એને લઈને, દાળ, ભાત, રોટલીમાંથી પલટવું થવું તે એને લઈને. કોઈને લઈને નહીં. કહો સમજાણું આમાં?

**અને સર્વથા ક્ષણિક વસ્તુને** એક બોલનો નિષેધ કર્યો. જો સર્વથા નિત્ય હોય તો તેમાં ફેરફાર ન હોય અને સર્વથા ક્ષણિક વસ્તુ હોય અનિત્ય જ હોય. બદલતી જ હોય પણ વસ્તુ ટકનારી ન હોય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો **ક્ષણિક વસ્તુને વિષે ખરેખર પ્રત્યભિજ્ઞાનનો અભાવ થવાથી,** નીચે છે. વસ્તુ સર્વથા ક્ષણિક હોય તો 'જે પૂર્વે જોવામાં (જાણવામાં) આવી હતી તે જ આ વસ્તુ છે એવું જ્ઞાન ન થઈ શકે. એવું જ્ઞાન થઈ શકે નહીં. આ હતો, આને મેં પૈસા દીધા હતા. આની પાસેથી લઉં છું. એમ નિત્યપણું ટકતું ન હોય તો આ હતો તે આ છે. આ તે પહેલો હતો તે આ છે. એમ નિત્યપણું ન હોય તો એમ બની શકે નહીં. સમજાણું કાંઈ?

પૈસા લેનારો બીજો ને દેનારો બીજો ને થઈ રહ્યું ઓલો કહે લેનારો બીજો હતો મને તમે શું આપ્યા? બૌધ કહે છે ને ક્ષણિક. હેં? મને પૈસા નહોતા આપ્યા એ તો બીજો આત્મા હતો. તેની પાસે માગો. ઓલો તો ક્ષણિક રહ્યો નહીં. પણ આત્મા ને પરમાણુંઓ પલટવા છતાં એના કાર્યો વિશેષે થવા છતાં તેનું કાયમપણું ટકવાપણું જો ન હોય **તો પ્રત્યભિજ્ઞાનનો અભાવ થવાથી એકપ્રવાહપણું ક્યાંથી રહે?** એનો એ જાત ક્યાંથી રહે એમ. એક પ્રવાહ. પાણીના તરંગો ઉઠયા છતાં પાણી પાણીપણે તો કાયમ રહે છે. એમ સોનામાં દાગીના ભિન્ન ભિન્ન થયા છતાં સોનુંપણું તો કાયમ (રહે છે) આત્માના પરિણામ બદલવા છતાં આત્મા તો કાયમ રહે છે. એકપ્રવાહરૂપે અનાદિનો ચાલ્યો આવે છે અનાદિનો. અનાદિ, અનાદિ, અનાદિ. ભિન્ન, ભિન્ન, ભિન્ન, ભિન્ન એમ પર્યાય ક્ષણે ક્ષણે એમ પ્રવાહરૂપે અનાદિ ધ્રુવરૂપે અનાદિનો આત્મા છે. સમજાણું કાંઈ?

એમ પરમાણુ. પરમાણુમાં ક્ષણે ક્ષણે પર્યાય ન થાય તો એકપ્રવાહપણું ન થાય તો કાર્ય ન હોય. અને એક પ્રવાહરૂપે ન હોય તો નિત્ય ન હોય તો પ્રવાહરૂપ ન હોય. એનો એ આ પરમાણુની આ પર્યાય, આ પરમાણુની આ. આ પરમાણુ પહેલો લીલો અને પછી થયો પીળો. આ પરમાણુ પહેલો થયો ખાટો અને પછી થયો ગળ્યો, મીઠો, કેરી. તો આ કેરી એમ કહે છે કે નહીં? કે કેરી ખાટી હતી ત્યારે બીજી અને ગળી હતી ત્યારે બીજી. આ કેરી ભઈ મીઠી થઈ ગઈ હો? એટલે મીઠી થઈ કેરી તે પોતે રહીને મીઠી થઈ છે. અવસ્થા પણ બદલી અને કેરી કેરીપણે પણ રહી.

આ વસ્તુને બહુ ટૂંકામાં સમજાવી. કુંદકુંદઆચાર્યના શાસ્ત્રો એવા! એક એક ગાથાએ એટલું બધું જુઓને આમાં કેટલું ભર્યું છે? કે પરમાણુ આદિ ક્ષણે ક્ષણે પલટે એને કારણે. અને ન પલટતા હોય તો ફેરફાર નહીં. અને ફેરફાર છે તો એનાથી છે. તારાથી તારો અને એનાથી એનો. કોઈનો ફેરફાર તું કરી શકે શરીરનો કે કર્મ તારો ફેરફાર કરે કે તું કર્મને ફેરફાર કરી નાખ (એમ બનતું નથી) સંક્રમણ કરી નાખે કે નહીં ફેરફાર. કેમ શાસ્ત્રમાં નથી આવતું? કર્મની સ્થિતિ ઘટાડે. બોલવાનું. સ્થિતિ વધારે, રસ વધારે, રસ ઘટાડે. જીવ વિસંયોજન કરે, કર્મને વિસંયોજન અનંતાનુબંધીનો પડે. લ્યો! અપકર્ષણ કરે, ઘટાડે. ઉત્કર્ષણ કરે. સમજાણું? કેટલા કરણ ઘણા આવા કરણ આવે છે. ઉદીરણા, નિધ્ધત ને નિકાંક્ષીત કરે ને. જીવ નિકાંક્ષિતને નિધ્ધત કર્મને કરે ને તોડે. આમાં શું આવ્યું? કે નિધ્ધતને તોડવાની ક્રિયા એ જડની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ આત્મા કરે નહીં.

કર્મમાં વિસંયોજન થવો ફેરફાર એ ફેરફાર પરમાણુનો સ્વભાવ છે. આત્માથી થતો નથી. કહો આ વાંધા કર્મના. જીવ પરિણામ કરે તો ફેરવે, ત્યાં ફેરવે. અરે પણ ત્યાં ફેરવવાનો સ્વભાવ એનો છે. તેં પરિણામ તારામાં કર્યા ને ન્યાં એના પરિણામ એને લઈને થયા. તારા પરિણામને લઈને થયું? કહો, શેઠી! શું છે? એ વાત હતી પણ એમાં કર્તા કર્મ ઘૂસી ગયું કે આત્મા કર્મના પરમાણુનો આમ કરે ગોમ્મટસારમાં ધવલમાં ને એવું લખાણ આવે હોં? વિસંયોજન કરે, આમ કરે, આમ કરે એમાં આવે છે જો. ધવલ, જયધવલમાં બધે આવે છે. આવી પ્રકૃત્તિને સંક્રમાવે, પલટાવે, પલટે, આમ થાય. એક ઠેકાણે કહી દે કે સૌને કારણે સૌ થાય. અંતર કારણથી થાય બહાર કારણથી નિરપેક્ષ. જાવ. ઉડાવ બધું. કહો સમજાણું આમાં? કોઈ દિ' નડે નહીં. કયાંય નડતું નથી કયાંય.

દષ્ટિ જો એને સ્વતંત્રતાની હોય અને સ્વતંત્રતાની દષ્ટિ રાખીને વાંચે તો બધું જેમ છે એમ તેને દેખાય, જણાય, બેસે, રુચે, ગોઠે. પહેલું તો સાંભળવા જ મળતું નથી. નહીં? ભાઈ! આ સાંભળવા મળે એ પાછા બીજામાં લાકડામાં ગુંચાઈ જાય એટલે એનો કયાંય નીવેડો થતો નથી એમ કહે છે અહીં. **માટે પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત.** પ્રત્યભિજ્ઞાન એટલે હેઠે કીધું ને? આ પૂર્વે જોવામાં આવતું એ આ. **કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી**. કોણ? દરેક આત્મા અને દરેક પરમાણું. એટલે વસ્તુ કહેવી છે ને? વસ્તુ હતી ને? વિદ્યમાન વસ્તુ શબ્દ પહેલો હતો ને? પ્રત્યભિજ્ઞાનના કારણભૂત-કારણ એનું ને એનું એનામાં હોં? **ધ્રુવ રહેતી અને કોઈ બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી.** એ દેખો! બે ક્રમવર્તી. ઉત્પાદવ્યય, ઉત્પાદવ્યય ઉત્પાદેય ક્રમ અને વ્યયનો પણ ક્રમ. આ સમયનો ઉત્પાદ બીજે સમયે નાશ. આ સમયનો સમજાય છે ને? ઉત્પાદ બીજે સમયે વ્યય. બીજા સમયનો ઉત્પાદ ત્રીજા સમયે વ્યય. એટલે વ્યયનો પણ ક્રમ અને ઉત્પાદનો પણ ક્રમ. **બે ક્રમવર્તી સ્વરૂપોથી** એટલે શું કહ્યું? વર્તમાનમાં જે સમયે ઉત્પાદ થાય એનો પછી બીજો ઉત્પાદ બીજે સમયે. એટલે ઉત્પાદનો ક્રમ થઈ ગયો. વ્યય વર્તમાનનો જે વ્યય થાય એનાથી બીજે સમયે બીજાનો વ્યય થયો. વર્તમાન વ્યય છે એ પૂર્વનો પછીનો વ્યય થાય ઉત્પન્ન થાય એનો. એટલે વ્યય પણ ક્રમ અને ઉત્પાદ પણ ક્રમ. આહાહા! સમજાણું કાંઈ આમાં?

જે પર્યાયનો ઉત્પાદ થયો તેનો બીજે સમયે બીજો ઉત્પાદ એનો ને એટલે ઉત્પાદ ક્રમ થઈ ગયો. આ ઉત્પાદ તે બીજે સમયે નહીં. ઉત્પાદનો ક્રમ થઈ ગયો ને? દરેક પરમાણું ને આત્મામાં. આ સમયે ઉત્પાદ પર્યાય થયો એ બીજે સમયે ક્રમમાં બીજો. એમાં આ સમયે જે વ્યય થયો એ બીજે સમયે બીજો પર્યાય થયો. આ ઉત્પન્ન થયો તેનો વ્યય. વ્યયનો પણ ક્રમ અને ઉત્પાદનો પણ ક્રમ. આહાહા! સમજાણું કાંઈ? **પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી** ને ટકતી, શું ટકતી? શું ટકતી? વસ્તુ. અહીં માથે વસ્તુ કીધી છે ને? **વિદ્યમાન માત્ર વસ્તુ** એમ વસ્તુથી ઉપાડી છે. દ્રવ્યથી ઉપાડે તો દ્રવ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવાય. દરેક વસ્તુ, વસ્તુ કેમ કીધી કે એમાં વસેલા ગુણપર્યાય છે. પોતપોતાના ગુણપર્યાય વસેલા માટે તેને વસ્તુ કહેવાય. દરેક રજકણ ને દરેક આત્મા તેનામાં પોતાના ગુણપર્યાય વસેલાં છે માટે વસ્તુ. એ વસ્તુ ટકવાની અપેક્ષાએ ધ્રુવ છે. ક્રમવર્તી બે પર્યાયની અપેક્ષાએ ક્રમવર્તી છે. બે ક્રમવર્તી સ્વરૂપથી નષ્ટ થતી અને ઉપજતી. નષ્ટ થતી અને ઉપજતી બેય ક્રમ છે. સમજાણું કાંઈ?

પહેલે સમયે જે વ્યય થયો તે બીજે સમયે બીજો, બીજાનો વ્યય. એ ક્રમ. પહેલે સમયે જે ઉત્પાદ થયો બીજે સમયે બીજો ઉત્પાદ. એનો પણ ક્રમ. આહાહાહા! કોને કારણે? પોતાને કારણે. પરને કારણે નહીં. જુઓને! **પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી અને કોઈ બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી** એ વસ્તુ. બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી વસ્તુ. અને તે વસ્તુ ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી અને ક્રમવર્તીથી ઉપજતી. ક્રમવર્તીથી ઉપજતી અને ક્રમવર્તીથી વ્યય થતી. પરને લઈને નહીં. **એ રીતે એક જ કાળે પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી વસ્તુ સત્ જાણવી.** ત્રેવડી થઈ ત્રેવડી. ત્રેવડી દાળ કરે છે કે નહીં? તેવઠી. તેવઠી એટલે ત્રણ. મગની દાળ, ચણાની દાળ અને અડદની દાળ નાખીને તેવઠી કરેને? આ બધી તેવઠી છે. તેવઠી કહે છે ને એને શું કહે છે. એ મોહનભાઈ! શું એને કહે છે? તેવઠી! અહીં ભાઈએ ત્રેવડી લખ્યું છે. ત્રેવડી, ત્રેવડી. દરેક વસ્તુ ત્રેવડી છે.

કાયમ રહેનારી એક એ ધ્રુવ, એક. અને ઉત્પાદ ક્રમ અને વ્યયનો ક્રમ એટલે બે ઈ. ત્રેવડી થઈ. એક સમયમાં ત્રેવડી વસ્તુ. દરેક વસ્તુ એક સમયમાં ત્રેવડી વસ્તુ સત્ જાણવી. લ્યો! એની સત્‌ની વ્યાખ્યા કરી. સત્ છે ને એની વ્યાખ્યા કરી. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૧૦, ગાથા- ૬, ૭
# પ્રવચન નં. ૯
# તા.૨૩/૧૧/૬૯, કારતક સુદ-૧૫, રવિવાર

આ પંચાસ્તિકાય જગતમાં પાંચ અસ્તિકાય દ્રવ્ય છે. અસ્તિ એટલે છે અને ઘણા પ્રદેશ અંશવાળા પદાર્થો છે, તેથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. એ આત્મામાં જ્ઞાનની એક સમયની પર્યાય એ છ દ્રવ્યને જાણવાની તાકાત રાખે છે. જેને જીવ શુદ્ધ આત્મા અખંડ આનંદરૂપી વસ્તુ એની દૃષ્ટિ કરીને અનુભવ કરવો હોય અને એ જ આદરણીય દ્રવ્ય છે. પણ એ આદરણીય ઉપાદેય આત્મા એની જ્ઞાનની એક સમયની પર્યાયમાં પાંચ અસ્તિકાય અને છઠ્ઠું કાળ. બધાને જાણવાની તાકાતવાળું અસ્તિત્વ એક સમયની પર્યાયવાળું એટલી એની સત્તા છે. પર્યાયની એટલી સત્તા છે. સમજાણું કાંઈ?

સારમાં તો બધું જાણીને શુદ્ધ ચૈતન્ય વસ્તુ અભેદ અખંડ વસ્તુ આનંદ એનો આશ્રય લઈને એનો અનુભવ કરવો એનું નામ જીવને ઉપાદેયપણે જાણ્યો, માન્યો, અનુભવ્યો એને ધર્મ થાય. કરવાનું તો આ. પણ એવું કરનારને એની એક સમયની પર્યાયનું હોવાપણાની કબુલાતમાં જે છ દ્રવ્યો છે અસ્તિકાયે ત્રણકાળે રહેનારા અને પર્યાયવાળા. આ છે ને? **'ते चेव अत्थिकाया तेक्कालियभाव परिणहा णिच्चा'** સમજાણું કાંઈ? તે વસ્તુ છે જગતની એ છ દ્રવ્યો અથવા પાંચ અસ્તિકાય અને છઠ્ઠું કાળ. છે અસ્તિકાય પણ એ બધા છ દ્રવ્યો છે જગતની ચીજ. એટલું સામર્થ્ય આત્માના જ્ઞાનની એક સમયની અવસ્થાનું સામર્થ્ય, શકિત, સત્ત્વ, એવડું એક સમયની પર્યાયનું તત્ત્વ. તે છ દ્રવ્યને જાણે એવડું તો એનું તત્વ છે. જે છ દ્રવ્યને ન માને એ તો આત્માની એક સમયની પર્યાયનું હોવાપણું પણ માનતો નથી. સમજાણું કાંઈ?

એવું જે માનતો નથી એને જીવ અખંડ, અભેદ, ચિદાનંદ શુદ્ધ ધ્રુવ છે એવી અનંતી પર્યાયનું એકરૂપ ગુણ અને અનંતા ગુણનું એકરૂપ દ્રવ્ય. એ દ્રવ્યનો આશ્રય કરવો હોય તો આવડા સામર્થ્યવાળી પર્યાય અને આવા સામર્થ્યવાળું દ્રવ્ય. સમજાણું કાંઈ? ઝીણું છે ઝીણું. આહાહા! ભગવાનઆત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને એક સમયની પર્યાય ગળી જાય એવડો મોટો છે. આહાહા! છતાં એ દ્રવ્ય આખું એવડું નથી. સમજાય છે? આખું તત્વ રહે છે એ તો એ અનંતી પર્યાયનો સ્વામી હું છું. જ્ઞાનાદિ એવા અનંતા ગુણોનું એકરૂપ ચૈતન્ય દ્રવ્ય અખંડ આનંદ છે. આહાહા! એનું એ શરણું લે ત્યારે ધર્મ થાય.

પર્યાયનું શરણ નહીં, છ દ્રવ્યનું નહીં, એક સમયની પર્યાયનું નહીં. અનંતા ગુણો છે તે ગુણોના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભેદનું શરણ નહીં. શરણ તો ભગવાન ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ કાયમ ટકનારું તત્ત્વ ત્યાં દૃષ્ટિ મૂકે તો કહે ટકનાર ઉપર દૃષ્ટિ ઠરે, પણ અસ્થિર હોય ત્યાં દૃષ્ટિ મુકે તો અસ્થિરમાં દૃષ્ટિ ઠરે નહીં. સમજાણું? જુઓને છે કોઈ શરણ? કરોડો રૂપિયા હો, બંગલા હો, બાયડી ઊભી હોય, ટગ ટગ જુએ! આહાહા! હાય! હાય! આ કાયામાં હવે કાંઈ નથી. થઈ રહ્યું. ઊભી ટગ ટગ જુએ! અને ધ્રુસકે, ધ્રુસકે હાય! હાય! પછી બાઈયું રોવે છે ને નહીં? ઈ પોતાને માટે રોવે છે એ કાંઈ એને માટે, મરી ગયા એને માટે નથી રોતા. મરી ગયા તો શું થયું? કયાં જશે? જોવે છે કોઈ? (મુમુક્ષુ :- કયાં ગયા એ ખબર પડતી નથી.)કયાંક ગયો છે તો ખરો ને? આ મમતા કરીને ગયો, હાલ્યો એ કયાં જાય? રખડવાની ગતિએ ગયો. એના માટે તો આ રોવે છે? અરે ભાઈ! કઈ ગતિએ ગયા તમે? અરે અમને ખબર નહીં. હાય હાય! એને રોવે છે કોઈ? સ્વાર્થના પૂતળા, પોતાનો સ્વાર્થ એની પાસેથી કાંઈક મળતો હતો તે ગયો એને રોવે છે. આહાહા! કોઈ શરણ નથી જગતમાં. બધા ઊભા હોય તોય શું?

અહીં કહે છે કે એ છ દ્રવ્યો તારા સિવાય જુદી ચીજો છે. એ તારામાં નથી એટલે તને શરણ નથી. તારી જાણવાની એક સમયની પર્યાય એવડી છે. એ પણ ખરેખર શરણ નથી. કારણ કે એક સમયની અવસ્થાનું શરણ લેવા જાય તો તો વિકલ્પ ઊઠે અસ્થિર થઈ ને દૃષ્ટિ ત્યાં ઠરે નહીં. એવી અનંત અવસ્થાનો એક એક ગુણ છે. એક એક ગુણ ઉપર ભેદ પાડીને દૃષ્ટિ કરે તો પણ વિકલ્પ ઊઠે છે એ કાંઈ શરણ નથી. સમજાણું કાંઈ?

અનંત અનંત જ્ઞાન-દર્શન-આનંદ એવી અનંત શકિતઓનું અસ્તિત્વ એનું દ્રવ્યનું એકરૂપ અસ્તિત્વ તે આશ્રય કરવા લાયક ઉપાદેય છે. એ માટે તેણે સમજવું પડશે. કે આત્મા કેવડો છે. સમજવો પડશે કે નહીં એને? સમજાય છે કાંઈ? એવો આત્મા છે કે અનંતા દ્રવ્યો જેવો. દ્રવ્યો એમાં એક એક આત્મા લઈ લેવા. **ખરેખર સહભાવી ગુણોને અને ક્રમભાવી પર્યાયોને અનન્યપણે આધારરૂપ છે.** છે? આ તો કાયદા જુદી જાતના છે. એ કાંઈ દાકતર ફાકતર ને ઈન્જિકશન ને એ કાંઈ આહીં કામ ન આવે. (એ દાકતરનું કરે ને? આને તો હજી વાર છે.) એ વાર કેવી? આ ક્ષણે નહીં કરે તો કરશે કે દિ'? વાયદા કરે પછી એને ખરેખર એની રુચિ (નથી). જેની રુચિ એના વાયદા હોય નહીં. હેં? આ દેશ જ એવો નથી. આ તો આત્મ દેશ છે. આ દેશે ધૂળમાં અનંતવાર આવ્યો ને અનંતવાર મર્યો ને જનમ્યો છે. આહાહા!

જુઓને? કોઈ શરણ? હેં? આહાહા! કરમચંદભાઈ આમ બિચારા જુઓ! વાત કરતાં કરતાં એને ખબર હશે કે હમણા દેહ છૂટી જશે? બંગલા, પૈસા કેટલા લાખો રૂપિયા, કેટલા લાખો પાછા! સમજાય છે? મા, બાપ, ભાઈઓ. હા, વાત કરતાં કરતાં દુઃખાવો (ઉપડયો) થઈ રહ્યું. બેસી ગયું. બેસે ને? બેસવા ટાઈમે બેસે ને? નો બેસે તો કયાં જાય? એ કયાં સંયોગી ચીજ શાશ્વત છે? સંયોગી છે. એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંયોગીનું જ્ઞાન કરનારો ખરો. પણ સંયોગીને પોતાનું માનનારો એવો એનો સ્વભાવ નથી. હેં? સમજાણું કાંઈ?

કહે છે દ્રવ્યો એટલે વસ્તુ. આત્મા પણ દ્રવ્ય છે, રજકણ પણ આ પરમાણું પોઈન્ટ આનો છેલ્લો ભાગ ટુકડો એ દ્રવ્ય છે. ખરેખર સાથે રહેનાર શકિતઓ એમાં સાથે રહેલી શકિતઓ એટલે ગુણો જુઓ સાથે રહેલાં છે. આ બાયડી, છોકરા ને ઘર ને આબરૂ કાંઈ સાથે રહેલાં નથી. છે એનું ...... છે એ? (મુમુક્ષુ :-રહેલાં છે ને?) કયાં સાથે રહ્યા છે? આ પડયા જુદા. સુમનભાઈ ન્યાં રખડે છે અને તમે આંહી બેઠા છો. (મુમુક્ષુ :-અંતરમાં સાથે છેને?) એ તો મારું માન્યું હોય તો મમતા હારે છે. ઓલી ચીજ હારે નથી. એ તો કહે છે. ક્રમભાવી પર્યાયો અને ગુણો એને અનન્યપણે આધારભૂત છે. એની પર્યાય એનામાં છે એને લઈને થયેલી છે. એ મમતા તો એની પર્યાય છે. સમજાય છે કાંઈ? એ ચીજ એની નથી. એ ચીજનું જ્ઞાન એની પર્યાયમાં એ પર્યાય એમ છે. ક્રમે ક્રમે થતી પર્યાય એ એની છે. આહાહા!

પર્યાય એટલે સમજાય છે? અવસ્થા. **સહભાવી ગુણોને અને ક્રમભાવી પર્યાયોને અનન્યપણે આધારભૂત છે,** અભિન્નપણે આધારભૂત છે. લ્યો! જેમ અગ્નિ આધાર છે અને ઉષ્ણતા એનો ગુણ છે આધેય છે. એમ ભગવાનઆત્મા એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો તે આધેય છે, ભગવાનઆત્મા આધાર છે. એની ક્ષણે ક્ષણે જ્ઞાન, દર્શન આદિની પર્યાય થાય વિકારી કે અવિકારી એ પણ એની પર્યાયથી દ્રવ્ય અનન્ય છે. અને અનન્ય એનો આધાર છે. સમજાણું કાંઈ?

એ પર્યાયની આધારશીલા તો દ્રવ્ય છે. કહો, સમજાય છે આમાં? આ હીરોભાઈ બીરોભાઈ આધાર નથી એમ કહે છે આમાં. એમ કે અત્યારે અહીં નથી એમ કહે છે. અત્યારે મુંબઈ છે. ઓલા હારે વહુ ઊભી હતી જુઓને? અને વાત કરતી'તી. વાત કરતાં કરતાં (દેહ છૂટી ગયો.) આહાહા! કાળા કેર છે. શરણ શરણ કોઈ કયાંય ન મળે. એ પૈસાય શું કરે ને દાકતરેય શું કરે? દાકતરેય ભૂલી ગયો. દાકતરે કાંઈનું કાંઈ કીધું. માંસનો ફલાણો ભાગ છે આ. દાકતરી ભાષામાં કાંઈક કીધું. પણ હેઠે ગરી ગયું ફટ દઈને કાણું પડી ગયું. આહાહાહા!

ભાવનામાં આજ વાંચી હતી આ ઓલી. કુંદકુંદાચાર્યની આવે છે ને? બાર ભાવના. કોઈ શરણ નથી. ત્યાં તો ત્યાં સુધી લીધું છે. સંવરેય તારું સ્વરૂપ નથી કહે છે. એ તો એક સમયની પર્યાય છે, લે! એમ કહે છે. ભાવનામાં હો! કુંદકુંદઆચાર્ય. આસ્રવ અનર્થનું કારણ. પુણ્ય ને પાપના વિકલ્પો રાગ એ વિકલ્પ વિભાવ દયા, દાન, વ્રત, ભકિત આદિ રાગ એ તો આસ્રવ છે, વિકાર છે. અનર્થનું કારણ છે. આહાહા!

એમાં લખ્યું છે. પરંપરાએ અનર્થનું કારણ છે.(મુમુક્ષુઃ- આસ્રવ પરંપરાએ સંવરનું કારણ થાય.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બિલકુલ થાતું નથી. પહેલું લખ્યું છે જરી. એ કોને સમ્યગ્દષ્ટિને હેયબુધ્ધિએ વર્તે છે માટે તેને પરંપરાએ આને છોડીને સિદ્ધ થશે એમ. એમ લખીને પછી આ કહ્યું છે. સમજાણું કાંઈ?

આત્માને જેણે શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમાનંદનો કંદ પ્રભુ છે. એવી જ્યાં અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ છે એને ઓલો રાગ છે એમાં દૃષ્ટિએ પહેલો ટાળ્યો છે અસ્થિરતાએ ટાળ્યો નથી, એ પછી અસ્થિરતાને ટાળીને સ્થિરતા કરશે જ. માટે તેને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. દૃષ્ટિએ છોડી દીધો છે. સ્થિરતાએ છોડયો નથી. એ સ્થિરતા કરીને અસ્થિરતા છોડશે. માટે તેને પરંપરાએ કીધું છે. અજ્ઞાનીને તો રાગ જ મારો છે. પુણ્ય દયા દાન વ્રત ભક્તિ મારી છે. એ તો રાગ એને આત્મામાં પરંપરા અનર્થનો હેતુ છે. અનર્થનું નામ આત્માના પ્રયોજનની સિદ્ધિનું કારણ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જુઓ ઓલો છોકરો સુતો છે કયાં? આંહી સુવા ન અવાય. ધ્યાન રાખવું, ઊંઘવા ન અવાય. એ તો ન્યાં ઘરે ઊંઘે તો કોણ કહેનાર? ભાઈ કાંઈ કહે નહીં. ભાઈ આવ્યા છે કે નહીં? પણ કયાંક એને ટાણે સુવે. આંહી તો સાંભળવું જોઈએ જરી કે આ શું છે? ભલે ન સમજાય પણ કાંઈક કહે છે, એવું તો સમજાય ને, એવું તો સમજાય કે નહીં. હેં! કાંઈક અમે ન સમજીએ એવું કહે છે એમ સમજે. એ પણ સમજવું છે કે નહીં? કાંઈક ન સમજાય એવું કઠણ કાંઈક કહે છે. એવું તો સમજે પહેલો.

કહે છે કે આ આત્મા છે ને તું છો ને તું અંદર, એ તું છો તો કેવડો છો? તો કહે છે કે અનંતા ગુણનો ધરનાર એવડો તું છો. અને અનંતી પર્યાયને ધરનાર આધાર એવડો તું છો. આહાહા! એ આધાર જે છે તેનું શરણ લે, ત્યારે તેને ધર્મ શાંતિ અને મોક્ષનો માર્ગ પ્રગટ થાય. સમજાણું કાંઈ? તે અનન્યપણે આધાર(ભૂત છે.)

તેથી વર્તી ચૂકેલા દેખો. દરેક દ્રવ્યમાં જે સમયે સમયે અવસ્થા થાય તે વર્તી ચૂકી ભૂતકાળમાં. પર્યાય એટલે અવસ્થા, હાલત, દશા. વર્તી ચૂકેલા અનંત પર્યાયો દરેકમાં આત્મામાં પરમાણુંમાં વર્તતા વર્તમાનમાં વર્તતી અવસ્થા અને ભવિષ્યમાં વર્તનારા એવા પર્યાયોના, પર્યાય એટલે અવસ્થાઓ. સ્વરૂપે પરિણમતા હોવાને લીધે. એ પર્યાયપણે પોતે પરિણમે છે. ભૂતકાળની પર્યાયપણે પરિણમ્યો, વર્તમાન પર્યાય અવસ્થાપણે પરિણમે છે. થાય છે. ભવિષ્યની અવસ્થાપણે થશે. એ પોતે થશે. પરને કારણે નહીં. કહો, સમજાણું કાંઈ? ગયા કાળમાં આત્મા કે પરમાણું જે અવસ્થા વીતી ગઈ એ રૂપે પરમાણું કે આત્મા પોતે થયેલો હતો. પરને લઈને નહીં. વર્તમાનમાં પણ જે અવસ્થાપણે થાય છે તે પોતે આત્મા તે અવસ્થાપણે પરિણમે છે, થાય છે, રહે છે, ઉપજે છે. પરને લઈને નહીં. અને ભવિષ્યમાં પણ જે અવસ્થાઓ થશે તે પણ પોતે આત્માને લઈને તે અવસ્થા થશે. સ્વદ્રવ્યને લઈને થશે, પરને લઈને નહીં. આહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પરિણમતા હોવાને લીધે, વસ્તુ કાયમ રહેતી હોવા છતાં એની અવસ્થાઓ હાલતો અંશો બદલાય છે. એવું બદલાય છે તે પણ પોતાને કારણે પોતે બદલ્યો, બદલે છે અને બદલશે. બીજાને કારણે નહીં. એવું એનું અસ્તિત્વ છે એમ કહે છે. એ અસ્તિકાયા. અસ્તિકાયની વ્યાખ્યા ચાલે છે. પહેલાં શબ્દ છે ને? તેની વ્યાખ્યા ચાલે છે. 'તે ચ એવ અસ્તિકાયા' બસ. ત્રિકાલીભાવપરિણમ્યા આ એનું આવે છે. ત્રિકાલીભાવપરિણમ્યા. દરેક વસ્તુ ત્રણે કાળમાં પોતાની પર્યાયપણે પરિણમે છે. સમજાણું કાંઈ?

**અસ્તિકાયો અને પરિવર્તનલિંગ કાળ.** એક કાળ નામનું દ્રવ્ય છે. અસ્તિ છે. અસંખ્ય કાળાણુઓ પણ કાય નથી. ઘણા અંગો ભેગા ન થાય કેમકે તેમાં ચિકાશ લુખાશ નથી.પરમાણુંઓ ભેગા દેખાય પણ આમ તો અંદર ભિન્ને ભિન્ન છે. પણ એક એક અવસ્થા એની એક જાતની હોય ૨-૪, ૪ રૂપે થાય. એક ક્ષેત્રાવગાહે આ જાય તો આયે જાય પોતાને કારણે હોં, પણ પોતપોતાને કારણે એવી સ્નિગ્ધતા રૂક્ષતાને કારણે પરમાણુંમાં ઘણા રજકણો એકઠાં થવાનો વ્યવહારે સંબંધ છે. કાળાણુંમા એ નથી તેથી કાળાણુંનું પરિવર્તન લિંગકાળે સાથે સિદ્ધ કર્યું. જડની પર્યાય બદલે છે તો બદલવાના એક નિમિત્તરૂપે બીજો કાળ હોવો જોઈએ, એમ આંહી તે અસ્તિકાયની મુખ્યતા વર્ણનમાં કાળની મુખ્યતા નહીં એટલે તેના પરીસર નિયમ દ્વારા કાળ છે એમ બતાવ્યું છે. કાળ પણ પદાર્થ છે. એક સંપ્રદાયમાં કાળને માનતા નથી. કહો, સમજાય છે કાંઈ?

જૈનના બે ફિરકા છે. દિગમ્બર, શ્વેતાંબર. શ્વેતામ્બર તો કાળ માનતા નથી. કાળ વસ્તુ નથી. આ તો જડ ચૈતન્યની પર્યાય છે. તે કાળ છે એમ નથી. એમ નથી. એ તો અસંખ્ય કાળાણુંઓ અનંત ગુણવાળા અને અનંતી પર્યાય ભૂત ભવિષ્યપણે પરિણમે એવા. એવાને જાણવાનો એક સમયનો પર્યાય છે તેવડો પર્યાયને કબૂલ્યો નથી. કહો, સમજાણું કાંઈ?

એક એક કાળાણુઓ સહવર્તી અનંત ગુણ છે. ક્રમવર્તી અનંતી પર્યાયો છે. એ દરેક દ્રવ્યને અને એવા અસંખ્ય કાળાણુઓને બીજા અનંતા જીવ ને પુદ્ગલ સાથે એક જીવને એક સમયમાં જાણવાની એવડી તાકાત છે. તો એવડું એને એથી નાની એક સમયની પર્યાય આખી એવડી છે તેમ માની નથી. તો એણે દ્રવ્ય પણ આખું સરખું માન્યું નથી. સમજાણું કાંઈ? બધો ફેર પડયો આમાં ભાઈ. દ્રવ્યમાં ફેર, ગુણમાં ફેર, પર્યાયમાં ફેર. બધો ફેર પડયો જુઓ. મોટો વાંધો છે.

દ્રવ્યમાં કાળ એમ ન માન્યું. હવે એની પર્યાય એક સમયની છે બધા કાળને જાણવાની એવડી છે તો એવડી પર્યાય પણ એણે ન માની. એવી અનંતી પર્યાય છે એવડી અનંતી પર્યાયવાળો ગુણ છે તો ગુણવાળું દ્રવ્ય ન માન્યું અને એવા અનંતા ગુણવાળું દ્રવ્ય છે તેવું દ્રવ્ય પણ માન્યું નહીં. શશીભાઈ! સમજાય છે કાંઈ? આવી વાત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તેથી આચાર્ય મહારાજ એ નિર્ગ્રંથમુની સંત વીતરાગી હતા, જંગલમાં એને વિકલ્પ ઊઠ્યો (અને) શાસ્ત્ર રચાઈ ગયા. સમજાય છે? એને કાંઈ બીજો હેતુ નહોતો. કરૂણા આવી. જગતના જીવો આ તત્ત્વ સમજે અને આ તત્ત્વ સમજયા વિના દુઃખી થઈને ચાર ગતિમાં રખડે છે. જંગલમાં વસતા છઠે ગુણસ્થાને વિકલ્પમાં આવી શાસ્ત્ર રચાઈ ગયા. હેં? રચે કોણ? પરમાણુંની પર્યાય તો કીધું ને? એ પરમાણુંઓની પર્યાય પરિણમી ગઈ, પરિણમે છે અને પરિણમશે. એ એને કારણે છે, બીજાને કારણે નથી. આહાહાહા! ગળે ઉતરવું ભારે (કઠણ પડે). સાધારણ માણસ તો કહેશે કે આ શું કહે છે આમાં પણ. પણ ભાઈ! બાપુ! તારો સામર્થ્ય સ્વભાવ કેવડો છે. કેટલી શક્તિવાળું તત્ત્વ છો. જેટલી શક્તિવાળું તત્ત્વ ને જેટલી શક્તિવાળા ગુણ ને જેટલી શક્તિવાળી પર્યાય એટલી માને તો તેને યથાર્થપણું કહેવામાં આવે. એટલું ન માને તો વિપરીત દૃષ્ટિને વિપરીત જ્ઞાન છે, ત્યાં દુઃખરૂપ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

એ પરિવર્તનલિંગકાળ ભૂત, વર્તમાન ને ભાવી ભાવોસ્વરૂપે પરિણમતા હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી. શું હવે કહે છે? હા, આત્મા ને પરમાણું સમયે સમયે અવસ્થા થઈ ગઈ તે પોતાથી થાય છે પોતાથી, થશે પોતાથી. એવું બદલતો હોવા છતાં, અવસ્થાથી પલટતો હોવા છતાં એ કાંઈ પર્યાય પૂરતો અનિત્ય નથી. છે ને પાઠ એમાં છે ને જુઓ નીચે પાઠ છે ને? **'तेककालियभाव परिणहा णिच्चा'** એનો અર્થ કરે છે. સમજાણું કાંઈ?

પાણીમાં તરંગો ઊઠવા છતાં એ તરંગ જેટલો કાળ નથી. પાણી તો કાયમ રહેનારું છે. એમ દરેક પદાર્થ ક્ષણે ક્ષણે અવસ્થા બદલતાં છતાં એ પદાર્થ પોતે કાંઈ અનિત્ય નથી. એની અવસ્થા અનિત્ય છે. સમજાણું કાંઈ?

જયારે અવસ્થા અનિત્ય છે તો આખો લોક પણ અનિત્ય છે. જયારે અવસ્થા અનિત્ય છે વસ્તુ અનિત્ય નથી તો આખો લોક પણ અનિત્ય નથી નિત્ય છે. સમજાણું કાંઈ? છ દ્રવ્ય સ્વરૂપ લોક છે કે નહીં? છ દ્રવ્યની હૈયાતિવાળું આ જગત છે. તો આ જયારે પર્યાય પણ અનિત્ય હોવા છતાં એ (તત્ત્વ)તો અનિત્ય નથી, તો આખી દુનિયાની પર્યાય પલટવા છતાં એ તત્ત્વ જે છે તે તો અનિત્ય નથી. આખું જગત નિત્ય છે. અનંત પદાર્થના સમૂહવાળું જગત પલટવા છતાં તે જગત એકાંત અનિત્ય નથી. સમજાણું કાંઈ?

**ભૂત, વર્તમાન ને ભાવિભાવો સ્વરૂપે** જુઓ પણ ભાવ શબ્દે પર્યાયને લીધું છે. અવસ્થા થાય તેને ભાવ ગણવામાં આવે છે. પરિણમતા હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી. કારણ કે ભૂત વર્તમાન ને ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ, એવી દશાઓમાં પણ આત્માની થએલી, થાય ને થશે એવી અવસ્થાઓમાં પણ પરમાણુંમાં થઈ, છે ને થશે એવી અવસ્થાઓમાં દશાઓમાં પણ પ્રતિનિયત સ્વરૂપને નહીં છોડતા, પોતપોતાનું કાયમી સ્વરૂપ છે તે વસ્તુ છોડતી નથી. પોતાનું નિત્યપણું છે તે છોડતું નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા! સમજાણું કાંઈ? **હોવાથી તેઓ નિત્ય જ છે.**

બેય સિદ્ધ કર્યા. ત્રિકાળભાવે પરિણમતા છતાં તેઓ અનિત્ય નથી. વસ્તુથી નિત્ય છે. સ્વરૂપ જ એક સમયમાં આવી ગયું ને સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે એમ નથી. ચૈતન્ય સ્વરૂપથી. ચૈતન્યરૂપે જ રહીને પરિણમે છે. પરમાણુ જડ છે તે જડ રહીને પરિણમે છે. એટલે પરિણમતા છતાં વસ્તુ પોતે કાંઈ અનિત્ય નથી. સમજાણું કાંઈ?

જુઓ કેવી રીતે સિદ્ધ કર્યું છે. આહાહા! એમ આત્મા અનંતી અવસ્થા વીતી ગઈ, વીતી ગઈને અનંત સંસારમાં, અનંત ભવમાં. વર્તમાનમાં અનંત ગુણની અનંતી અવસ્થા વર્તે છે. ભવિષ્યમાં પણ એ પર્યાયનું પરિણમન તો કાયમ વર્તશે, ચાલુ રહેશે જ. એવી અવસ્થાનું બદલવું હોવા છતાં વસ્તુ પોતે ચ્યૂત થઈને એકલા પરિણામમાં જ આવી જાય એમ નથી. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે કે નહીં? જીતુભાઈ! આ ભાષા તો સાદી છે. આ કાંઈ તમારા કોલેજીયા જેવી નથી ન્યાં.

હથોડા ઉપાડવા ને મહેનત કરવી ને પાર ન મળે. આહાહા! હથોડા છે ત્યાં તો મફતના. મહેનતુના વિકલ્પો. હેરાન થવાના રસ્તા એ. ભાઈ! એમ હશે આ? આહાહા! એ પર્યાયોનો આધાર દ્રવ્ય છે. એવી જો દ્રવ્યની દૃષ્ટિ થાય તો તો તે તે પર્યાયનું જ્ઞાન પણ સાચું થાય. ભલે રાગ હો. સમજાય છે કાંઈ?

આ પર્યાયનો આશ્રયદાતા તો આત્મા છે. આંહી અત્યારે એ સિદ્ધ કરવું છે હો હા. અત્યારે ઓલું સિદ્ધ નથી કરવું. આંહી તો પાછું પર્યાયનો દાતા દ્રવ્ય નથી એ વળી સિદ્ધ કરવું હોય ત્યારે બીજી વાત. એ બીજા નંબરનું ભેદજ્ઞાન. હજી પહેલાનું પરથી ભિન્નનું ભાન ન હોય ત્યારે પર્યાયનો દાતા દ્રવ્ય નથી એવું ભેદજ્ઞાન તો એને થાય નહીં.

ભારે વાત ભાઈ! એય કાંતિભાઈ! ભૂત, ભાવી ને વર્તમાન અવસ્થામાં પરિણમતામાં પણ એવી દશાઓમાં પણ એમ. એવી અવસ્થાઓ બદલવા છતાં એમાં પણ પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચિત) પ્રતિનિયત જે પ્રતિનિયત પોતપોતાનો જે નિશ્ચય ધ્રુવભાવ છે તે સ્વરૂપને નથી છોડતો તેથી તે નિત્ય જ છે. નિત્ય પરિણામી વસ્તુ છે એમ સિદ્ધ કરી. પરિણામી પરિણમતા છતાં એકલા પરિણામમાં જ આવતો નથી અને ધ્રુવપણું છોડતો નથી એટલે વસ્તુ ધ્રુવ અને પરિણામી છે. નિત્ય રહીને બદલે છે.

એ બદલવું પોતાથી પોતામાં છે અને નિત્યપણું પણ પોતાથી પોતાને લઈને છે. આહાહા! જગતની હારે તારે કાંઈ સંબંધ નથી કહે છે ભાઈ. આહાહા! માળો પણ એવો ગૂંચી ગયો મોહનો માર્યો પ્રેર્યો. થોડાઘણા પાંચ પચીસ વર્ષ જ્યાં બાયડી ને છોકરા ને આ ને તે ને છોકરાને એમ થાય કે આ મારો બાપ, બાપને એમ થાય કે આ મારો છોકરો. હેં? આ શરીર થઈ જાય એનું એમ થઈ જાય. ઓલો છોકરો પણ એને બાપ માને છોકરો આ શરીર એમ માને નહીં તો આત્માનું છે એમ તો માને નહીં. આત્મા માને કે શરીર હું છું લ્યો. શરીર એમ માને કે હું આત્મા છું. (મુમુક્ષુઃ- શરીરને શું ખબર) શરીરને ખબર નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ તો જડ માટી છે. આને ખબર નથી કે હું કોણ છું? તો પછી આ શરીર કાંઇ આત્મા છે એમ માને નહીં. આત્મા છે તે શરીર છે એમ માને માળો ભારે જાણનારો ભાઇ! ભગવાન તું તો જાણનાર છો ને પ્રભુ!

એ જાણનાર તને જાણવાનો સમય નથી બીજું જાણાણું ત્યાં તારું કયાંથી થઇ ગયું એ? ઓલામાં તો બાયડી હોય તે ધણીને માને ને ધણી હોય બાયડી માને શરીર માને? આહાહા! આ તો જડ છે, માટી છે, ધૂળ, રાખ. એવું અજ્ઞાની માને કે આ મારા છે પણ ઈ માને નહીં કે હું તારો છું. માળે! ભારે વાત ભાઇ. હેં? ઠીક કહે છે ભાઇ.

એમ કે જડ છે તે એમ માનતો નથી કે હું આત્માનો છું અને આત્મા કહે છે કે જડ છે તે મારું છે. આ તો અનાદિ જડ છે એ એમ માનતો નથી કે હું આત્માનો છું. કહો, સમજાણું આમાં? ચૈતન્યઘન ભગવાનઆત્મા એ તો જ્ઞાનનો પુંજ છે. એ જ્ઞાનપુંજ છે એ પોતે પોતાને ન માનતા આ છે મારું, આ છે મારું, આ છે મારું, એમ ભ્રમણાથી માને. જડ કોઇ દિ' એમ ન માને કે હું તારો છું. આહાહા! હેં? એમ સ્ત્રીનું શરીર કોઇ દિ'એમ ન માને કે હું તારી પત્ની છું, એમ માને? ઓલો આત્મા માને. આ બધું છે ને. શરીર એમ ન માને કે હું તારી પત્ની છું. આત્મા માને કે હું તારી પત્ની છું. પણ આ કયાંથી આવ્યું આ. શું થયું આ? ભારે ગડબડ. આહાહા! ભીંતને ભૂલ્યો.

જ્યાંથી નીકળવું જોઇએ ત્યાંથી નીકળતા તો ન આવડયું પછી ભીંતે અથડાણો. એમ રાગ ને શરીર મારા નથી. રાગ કોઇ દિ' એમ માને કે હું આત્માનો છું? એ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ થયા વિકલ્પો. એ વિકલ્પ માને કોઇ દિ'? તે જડ, રાગ, અચેતન છે. એ હું ચૈતન્ય છું .એ કોઇ દિ' માને? હું તારો છું, તારો છું, તારો છું. આ આત્મા ભગવાન જ્ઞાન સ્વરૂપી (છે તે) રાગને જાણે કે આ રાગ દયાનો થયો, પણ એ મારો? હા પાડી. સમજાણું કાંઇ?

આવી ભ્રમણા હોવા છતાં એનું હોવાપણું જાતું નથી. એમ કહે છે આંહી તો. પર્યાયમાં એવી ભ્રમણા ને એ ભ્રમણાનો આધાર દ્રવ્ય એવું હોવા છતાં દ્રવ્યપણું, ધ્રુવપણું કાંઇ જાતું નથી. એ ભ્રમણારૂપે થયો નથી. એમ કહે છે લ્યો. ભ્રમણાની પર્યાય થઇ અવસ્થા પણ એ રૂપે ધ્રુવ થતો નથી. આહાહા! જુઓ, એમાં એમ આવ્યું. ભ્રમણાએ એમ માન્યું. સમજાય છે? કે હું પરનો પણ ભ્રમણાને દ્રવ્યે માન્યું નહીં. ધ્રુવ એમ ન માને કે હું માનું છું. પર્યાયે માન્યું કે હું પરનો છું. શું કીધું સમજાણું? પર્યાયમાં અવસ્થાએ માન્યું કે હું શરીરનો છું. આનો છું, આનો છું. પણ એ પર્યાયે ધ્રુવને માન્યો નહીં, આને માન્યો. પણ ધ્રુવે એમ ન માન્યું કે હું પર્યાયનો છું. ધ્રુવ માને શેનો પણ? ધ્રુવમાં માનવાનું છે કયાં? ધ્રુવ તો કુટસ્થ છે. આહાહા! સમજાણું કાંઇ? ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અનાદિ અનંત શાશ્વત વસ્તુ છે. શાશ્વત છે ને! એ શાશ્વત એમ માને કે હું પર્યાય જેટલો છું? કે હું રાગનો છું એમ માને? એમ ધર્મમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માનવાનું કયાં છે. આહાહા!

જેમ શરીરમાં માનવાનું નથી. ભાઈ! આ તો વળી બીજું આવ્યું જુઓ. કે જેમ શરીરને રાગને માનવાનું નથી કે હું તારો છું એમ ધ્રુવને માનવાનું નથી કે હું રાગનો પર્યાયનો છું. આ બધું ગરબડ પર્યાયમાં, અવસ્થામાં છે. આહાહા! સમજાણું કાંઈ? બદલવાની અવસ્થા એમ માને કે હું આનો છું. પણ બદલતી અવસ્થા ધ્રુવને તો જોતી નથી. ખબર નથી એને. ધ્રુવ એમ ન માને કે હું પર્યાય જેટલો છું કે આટલો છું. ધ્રુવ એમ ન જાણે કારણ કે પરિણમન એમાં છે જ નહીં. પરિણમન છે એ માને. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે આવું પરિણમન હોવા છતાં તે નિત્ય છે. અનિત્ય નથી એમ સિદ્ધ કરવું છે. બદલવું હોવા છતાં વસ્તુ તો નિત્ય છે. પરમાણું પણ બદલતા હોવા છતાં નિત્ય છે. આત્મા પણ બદલતા હોવા છતાં નિત્ય છે. પરમાણુંઓ બદલે તે એમ ન માને કે હું પરમાણુંનો છું. કારણકે એમાં જડતા છે. જડતામાં છે? પરમાણુંની એ પર્યાય એમ માને કે હું આત્માનો છું? ગળ્યાની અવસ્થા જડની છે. ગળી-ગળી, સાકરની અવસ્થા જડની છે. એ એમ માને કે હું આ આત્મા આમ છે એની હું ગળી અવસ્થા છું એમ માને? આ માળો મૂંઢ થઈને પોતાને ન જાણતા ગળી અવસ્થાને જાણે (તે મૂંઢ છે.) મને ગળ્યું લાગ્યું. (શ્રોતા :- શેને ગળ્યું લાગ્યું?) કોઈને લાગે એ તો (જ્ઞાન) જાણે છે ગળ્યું તો. આ ગળ્યું છે તે તો જ્ઞાને જાણ્યું છે. ગળી અવસ્થા તો જડની છે. જડની અવસ્થા જ્ઞાનમાં આવી ગઈ છે? જડની અવસ્થા હોય તો જ્ઞાન જડ થઈ જાય. સમજાણું કાંઈ?

સાકરની ગળી અવસ્થા પર્યાય (તેને) સાકર જાણે છે? તેમ ગળી અવસ્થા આત્માના જ્ઞાનમાં જણાણી કે આ ગળી છે. આત્માના જ્ઞાનમાં ગળ્યાપણું આવ્યું છે? એ તો આ ગળી છે તે આત્માએ પોતાના અસ્તિત્વમાં જાણ્યું. એ તો એનું સ્વપર પ્રકાશક જાણવાનું અસ્તિત્વ છે. સ્વને જાણવું ને પરને જાણવું એવી સત્તાવાળો પદાર્થ તત્વ છે. એથી સ્વને ને પરને જાણે એ તો એનો સ્વભાવ છે, પણ ગળ્યાનો સ્વભાવ છે? હું તારો છું. તું ગળ્યો થઈ ગયો, તું ગળ્યો થઈ ગયો. હું ગળ્યો થયો તો તું ગળ્યો થઈ ગયો.

માળે એણે ભ્રમણા ઊભી કરી. તીખો થઈ ગયો, ગળ્યો થઈ ગયો, શું પણ? આજની મીઠાશ વાહ! દૂધપાક હોય લ્યો ને બરફી હોય તો કહે ભારે મીઠાશ! ઓહો! ઓડકાર આવે ને ઓડકાર. ઓડકાર તે જડ છે. એ જડ જાણતા નથી કે હું આમાં છું. હેં? આહાહા! તે બરફીના પરમાણું છે તે જડ છે, ધૂળ છે, અચેતન છે. તે જાણે છે કે હું આમાં આ આ આ આ ખાય છે ને મીઠાશ તે મારાથી થાય છે એમ જાણે છે? ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપે ધ્રુવ રહીને જ્ઞાનની પર્યાયપણે પરિણમે છે. એ પરિણમવામાં એવું નથી આવતું કે ગળી અવસ્થા તે હું છું ને તે પણે પરિણમું છું. એમ છે કોઈ દિ’?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના અસ્તિત્વમાં તો આ પર્યાયપણે પરિણમવું તે અસ્તિત્વ છે. ભૂતકાળે, વર્તમાને ને ભવિષ્યમાં જ્ઞાનગુણનું પરિણમવું જ્ઞાનની અવસ્થારૂપે થઈને રહેવું પરિણમવું, પરિણમન પરિણમશે એવું તેનું હોવાપણું છે. પણ જ્ઞાનની અવસ્થાનું દયાપણે થઈને પરિણમવું પરિણમશે કોઈ દિ'? ભ્રમણા છે ભ્રમણા.

હું આનંદકંદ મીઠો છું એનું તો એને ભાન નથી. આ સાકર મીઠી છે. ધૂળમાંય નથી હવે સાંભળને. શરીર સુંદર લાગે સારું જ્યાં નમણું નાક આંખ્યું આમ-આમ ઓહોહો! એ બિચારી ચીજ એ આવે છે ને ભાઈ ઓલામાં નહીં? સર્વવિશુધ્ધ અધિકારમાં. એ કહેતા નથી કે તું મને જાણવા ઊભો રહે. આવે છે બધી વાત શાસ્ત્રમાં છે કહે છે. સમજાણું કાંઈ? એ સ્પર્શ ઈન્દ્રિય એમ નથી કહેતી સ્પર્શ કે તું મને જાણવા ઊભો રહે. અને તારું જ્ઞાન પણ તારાથી ખસીને ત્યાં સ્પર્શને જાણવા જતું નથી. તારું જ્ઞાન તો તારામાં રહીને એને અડયા વિના જાણે છે. આવે છે ને? બધી વાત સમયસાર તો મોટો દરિયો છે. ઓહોહો! આ સ્પર્શ થાય તો આને સુંવાળો લાગે. કહે છે કે સુંવાળી અવસ્થા તો જડની છે. આ શરીરની, એ શરીરની અવસ્થા એમ કહે છે કે તું મને શરીર સારું છે એમ જાણવા રોકા? એમ કહે છે? એ તો જડ છે. અને જ્ઞાન પોતાના પ્રદેશના ક્ષેત્રમાં રહેલું પરિણમન એને છોડીને આમ પર ક્ષેત્રમાં જાય છે? સ્પર્શ સ્પર્શના ક્ષેત્રમાં આ સ્પર્શના ટાઢા ઊના ક્ષેત્રમાં એ જ્ઞાન પર્યાય જાય છે? એ તો પોતાના ક્ષેત્રમાં છે. પોતાના ક્ષેત્રમાં એ તો આંહી સિધ્ધ કરે છે. પર્યાયનું ગુણનું એનું અસ્તિત્વ એ તો પોતામાં છે. સમજાણું કાંઈ?

આરે! લ્યો તેઓ નિત્ય જ છે. ભઈ નિત્ય જ છે વળી પાછું અનિત્ય છે વળી નિત્ય છે. એ એમ જ છે. કાયમ ટકવાની અપેક્ષાએ નિત્ય છે, બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. એમ નહીં કે ટકવાની અપેક્ષાએ કદાચિત નિત્ય ને કદાચિત અનિત્ય છે. એમ છે? અને બદલવાની અપેક્ષાએ કદાચિત નિત્ય ને કદાચિત અનિત્ય એમ નથી. બદલવાની અપેક્ષાએ તો અનિત્ય જ છે. અને ટકવાની અપેક્ષાએ તો નિત્ય જ છે. એવો તારો ભાવ તારામાં તારે લઈને બેય છે. એવું અસ્તિત્વ ઉત્પાદ્‌વ્યયધ્રુવવાળું એવા અસ્તિત્વમયવાળો તું છો. બીજાને કાંઈ સંબંધ નથી.

ધૂળ આમ અંદર ફર્યા કરે તો એને ઘરે કાંઈ તારા ઘરમાં આવતી નથી. આ પૈસા તો આવતા હશે કે નહીં ઘરમાં? હમણાં જ્યાં જાવું પડશે જો થાણામાં. આઠ દિ'તો સંભાળ કરે ને બાર મહિના. એય! ઈએય ત્યાં જાય છે તો જાતા હશે દુકાને હો. જાય નહીં એમ નહીં કાંઈ. કોઈક કહેતું હતું બબ્બે કલાક જાય. હોંશીયાર છે જોયું. (શ્રોતાઃ- નવરા બેઠા શું કરીએ થોડુંક પાપ તો કરે ને?) ૮૧માં હતા પ્રેમચંદ ડોસાભાઈ, એકલા હતા માણસ બહુ સજ્જન પછી તેણે તેર હજાર રૂપિયા રોકડા આપ્યા. તે દિ' તો તેર હજાર રોકડા એટલે ઘણું કહેવાય ને? એકાસીની વાત છે. ઓગણીસ ને પચીસ ચુમ્માલીસ વર્ષ થયા ને? નવરા બેઠા અમે શું કરીએ એમ કીધું એણે. મેં કીધું કે તમે આંહી એકલા માણસ પરણ્યા નથી,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બાયડી છોકરા નથી. તેર હજાર રોકડ રૂપિયા એકલા પડેલાં રોકડા. અને મહિને દસ રૂપિયાનો ખોરાક સારો ખાય હો. તે દિ'તો છ રૂપિયાનો થતો પણ સારું કરીને ખાય તો દસ રૂપિયા. હવે આમાં તમારે ખૂટે નહીં, એમ કહે નવરા બેઠા શું કરવું? સુતરની પેટીનો ધંધો કરતા. સુતરની, શું કહેવાય? હરીજનોને આપે અમાસની આવે હરીજનોને આપે. લાવે અને આપે. કીધું એ કરતાં લાંબો પગ કરી સારો છરો લઈ હાથમાં. એને એમ કીધું મેં ૮૧ માં. પણ નવરા બેઠા શું કરવું ત્યારે. કીધું છરો લઈને બેસવું. ઈ જ કહીએ ને? શું કહીએ? ઈ આ શબ્દ કહ્યા'તા હો શબ્દે શબ્દ. નહીંતર એને કાંઈ રળવાની જરૂર નહોતી. સાંઈઠ પાંસઠ વર્ષ થયા હશે. તેર હજાર રોકડ પડયા'તા અને એનું વ્યાજ આવે એટલું કાંઈ ખાય નહીં. છતાં પણ કહે શું કરવું ત્યારે, નવરા બેઠા શું કરવું? વાંચન કરવું વિચાર કરવામાં વખત નથી મળતો? એમાં કાંઈ આપણને બહું સમજાય નહીં. તમે આંહી આવો ત્યારે સાંભળીએ. એટલે તો આમ કહ્યું. છરો લઈને. નવરા થઈને રાગ દ્વેષ કરીને જીવને કચડી નાંખો છો. એય! સાચી વાત છે ભગવાનજીભાઈ! અમારી પાસે તો ઘણાં પ્રકારના માણસો આવે ને? પછી ઉતાશણીમાં કરે કાંઈક. પૈસા દે છાણાબાણા લીલા ન નાખે એવું કરે. લીલા છાણા નાંખે ને ઓલા ઉતાશણીમાં સળગાવવામાં. ફાગણ સુદ પૂનમમાં. કોઈક પૈસા આપે. સૂકવી નાંખજો પહેલેથી, લાકડા સૂકા નાંખજો. બાળે ને એના જ પૈસા આપે. ખરચ તો થયો હોય ને. આવું કરે પણ એવું કરતાં વાંચન કરીને વિચાર કરે, પણ વાંચનમાં સુઝ તો પડતી નથી. હવે તમારે એમ છે? (મુમુક્ષુઃ-એવું હોય તોય આપને કહેવાય?) આ તો ઘણાં વર્ષ થયા ચાલે છે ને? હવે કયાં નો સમજાય.

આંહી તો કહે છે પોતાના સ્વરૂપને કોઈ છોડતા નથી. અરે પર રૂપે તો થતા નથી પણ એની એક પર્યાય રૂપે થતા નથી. આહાહા! એમ કહે છે આંહી તો. આહાહા! શું શૈલી પણ. ભગવાન આત્મા એ શરીર પરમાણું પૈસા આદિ જડની અવસ્થાપણે તો થતા નથી, કોઈ દિ' થયા નથી, થયો નથી, થાશે નહીં. પણ એની એક સમયની પર્યાયપણે પરિણમ્યો પણ એ રૂપે ધ્રુવ થતો નથી. આહાહા!

આવું એનું હોવાપણું સત્તાનું અસ્તિત્વનું આ બે અંશવાળું, ત્રણ અંશવાળું છે. હમણાં કહેશે કયાંક નહીં? ત્રેવડી ત્રેવડી કાંઈક કહેશે ને? કયાંક છે ત્રેવડી બીજામાં છે. આઠમામાં છે નહીં? આઠમામાં છે. ત્રેવડી વસ્તુ છે. ત્રિલક્ષણ ત્રેવડી કયાંક છે. આ શું છે ગુજરાતી છે ને? એકવીસ પાને. હા બરાબર એ. ત્રેવડી બસ ઈ. 'એ રીતે એક જ કાળે પરમાર્થે ત્રેવડી અવસ્થાને ધરતી વસ્તુ સત્ત જાણવી.' જુઓને ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ. ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ, ભાઈ!

દ્રવ્ય ગુણ ને પર્યાય નહીં. ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ, ત્રણ અંશ. સમજાય છે? વસ્તુ જ એવી છે આત્મા પરમાણું. સમય સમયનો નવો ઉત્પાદ્ પર્યાયનો થાય, જૂની પર્યાયનો વ્યય થાય ને ધ્રુવ રહે. ત્રેવડી પોતે અસ્તિત્વરૂપે ત્રેવડી પોતે ચીજ એવડી છે. સમજાણું કાંઈ? લ્યો! ભારે ટૂંકામાં ઘણું નાખ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. હવે પછી એક પારીગ્રાફ એવો છે કે કાળને સિધ્ધ કરે છે. એનું કાંઈ નહીં. સમજાણું? પંચાસ્તિકાયનું વર્ણન છતાં પરિવર્તનલિંગ કરીને બતાવ્યું એ તો એનું મુખ્યપણું નથી માટે એ રીતે કાળને સિધ્ધ કર્યો. બસ એટલું.

હવે સાતમી ગાથા, સાતમી.

**अण्णोण्णं पविसंता देंता ओगासमण्णमण्णस्स ।**
**मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ।। ७ ।।**

**અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,**
**અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને. ૭.**

આહાહા! આ ગાથા આલાપ પદ્ધતિમાં આવે છે.

ટીકાઃ- **અહીં છ દ્રવ્યોને,** છ દ્રવ્યો જાતીએ છ, સંખ્યાએ અનંત. અનંત આત્માઓ અનંત પરમાણુંઓ રજકણો આ અનંત છે. અસંખ્ય કાળાણુંઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ ને એક આકાશ એવી જગતની છ ચીજો અનાદિઅનંત છે. **એ છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર હોવા છતાં** એક જગ્યોએ ભેગા દેખાતા છતાં, છે? મિલન મેળાપ અન્યોન્ય અવગાહરૂપ જુઓ અંદર લખ્યું છે. કૌંસમાં અન્યોન્ય અવગાહરૂપ મિશ્રિતપણું.

જયાં આત્મા છે ત્યાં અનંત આત્માઓ પણ આંહી છે બીજા. અંદર બીજા સૂક્ષ્મ જીવો, પણ તે એક જગ્યોએ હોવા છતાં એક બીજાપણે થતાં નથી. પોતાપણું છોડતા નથી ને એક જગ્યોએ રહે છે, છતાં પોતપોતાની જાતને જુદી રાખીને રહે છે. ઓહો! આ ઘરમાં બાયડી છોકરા રહે છે એ તો કયાંય રહી ગયા. એ તો સ્થૂળ રહી ગયા. આ આત્મા છે અસંખ્ય પ્રદેશી ચિદ્દ્ઘન, અસ્તિત્વ એ જ સ્થાનમાં એ જ ક્ષેત્રમાં બીજા અનંત સૂક્ષ્મ જીવો પણ છે. નિગોદના, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેકના અને નિગોદના અને એટલામાં કાળાણુંઓ અસંખ્ય છે. અને ધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ છે અધર્માસ્તિના છે આકાશના છે. એવા એક જગ્યોએ પરસ્પર અત્યંત અવગાહે હોવા છતાં તેઓ પ્રતિનિયત પોતપોતાના નિશ્ચિત સ્વરૂપથી ચ્યુત થતાં નથી. એમ કહ્યું છે. ભગવાન આત્મા સાથે બીજા આત્માઓ જોડે ત્યાં સૂક્ષ્મ છે. પણ એ પોતે આત્મા પોતાના સ્વરૂપનું પરિણમન અને ધ્રુવપણું છોડી અને પર આત્માપણે થતાં નથી. કહો, બરાબર છે?

સિધ્ધ ભગવાન જયાં બિરાજે છે ને સિધ્ધ ભગવાન. આત્માની આનંદ પૂર્ણ દશા પ્રગટ થઈ એટલે આત્મા ઊંચો જાય છે. ધુમાડો જેમ ઊંચો જાય તેમ આમાંથી તથા ફળીમાંથી જેમ મગનો દાણો ફળી ફાટે ને જેમ મગનો દાણો ઊંચે જાય તેમ આ પૂર્ણ આત્માનું સ્વરૂપ આનંદનું ભાન થયું તે વખતે આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફાટી ને ફટ આત્મા ઊંચો જાય છે. જયાં અનંત પરમાત્મા બિરાજે છે એક જગ્યોએ એક ક્ષેત્રમાં મિલન હોવા છતાં એક સિદ્ધ બીજા સિદ્ધપણે થતાં નથી. આહાહા!

એવડું અસ્તિત્વ છે. જયાં સિદ્ધ ભગવાન છે ત્યાં નિગોદના જીવ છે. નિગોદના જીવની પર્યાયમાં દુઃખનું વેદન છે. આની પર્યાયમાં અનંત આનંદનું વેદન છે. એક જગ્યોએ રહેવા છતાં પોતપોતાના અસ્તિત્વથી બીજાના પર્યાયના અસ્તિત્વમાં પણ જતાં નથી. સમજાય છે કાંઈ? પરસ્પર અત્યંત સંકર ભાષા એમ વાપરી છે. અવગાહ છે ને નજીક તદ્દન નજીક હોં! આ આત્માના પ્રદેશ આંહી છે ત્યાં આ પરમાણું છે જડ.

આ માટી આંહી છે ને આત્માય ત્યાં છે.આંહીને આંહી છે બધું. આત્મા છે તે પોતાના હોવાપણામાં ભિન્ન છે અને આ પરમાણું છે તે તેના હોવાપણામાં આત્માથી ભિન્ન છે. આ આંગળી છે જુઓ જડ, આત્મા છે અંદર તો આત્મા ને પરમાણુંઓ એક જગ્યોએ હોવા છતાં આત્મા પોતાના હોવાપણાને છોડીને પરમાણુંની પર્યાયના હોવાપણે થતો નથી. અને આ પરમાણું જે છે તે નિત્ય રહીને બદલે છે તે પર્યાયમાં રહેવા છતાં, એક જગ્યોએ રહેવા છતાં તે પરમાણુંની પર્યાય આત્માના જ્ઞાનની પર્યાયપણે કોઈ દિ' થતી નથી. બરાબર છે આ? કહો સમજાય છે કે નહીં આમાં? તો હવે અહીંયા બાયડી છોકરા તો કયાંય આઘા રહી ગયા. એનું ઘર ને એના લૂગડા ને એના કપડા ને એના દાગીના ને કયાંય રહી ગયા.

એક જગ્યોએ રહેવા છતાં એકને પોતાની સત્તાની હૈયાતિ ઉત્પાદ્ વ્યય ને ધ્રુવની એને છોડીને બીજાના પરમાણું કે આત્માની પર્યાયના ઉત્પાદ્પણે કોઈ થતું નથી. આહા! કર્મનો ઉદય જડ છે. કર્મના રજકણ જડ છે ને? એની પર્યાય ઉદય થઈને પાકે છે તો એની પર્યાયનું અસ્તિત્વ જડમાં છે. એ પર્યાય છોડીને જીવને રાગ કરાવે કે જ્ઞાન કરાવે એવું એનામાં છે નહીં. બરાબર હશે આ? કર્મ રાગ કરાવે કે નહીં? (મુમુક્ષુ :- એ તો પોતે કરે તો કર્મ નિમિત્ત કહેવાય) પણ એ નિમિત્ત તો પર વસ્તુ થઈ ગઈ. કહે છે કર્મને લઈને અમને લઈને રાગ થાય, કર્મને લઈને અમારે દોષ થાય, એ આંહી ના પાડે છે. એક જગ્યોએ પરસ્પર અત્યંત સંકરપણે એકઠા રહેવા છતાં કોઈ કોઈ પોતાના નિશ્ચિત સ્વરૂપથી ચ્યૂત થતાં નથી એમ ન્યાં કહ્યું છે. ભલે આત્મા સ્વરૂપના ભાન વિના રાગની પર્યાયપણે પરિણમે કે મિથ્યાપણે ભ્રમણાપણે પરિણમે પણ એ પોતાની પર્યાયમાં કર્મનું અવગાહન તે જ ક્ષેત્રે હોવા છતાં પોતાની પર્યાય પરને અડતી નથી, પરરૂપ થતી નથી અને કર્મની પર્યાયનું હોવાપણું રાગરૂપ ને મિથ્યાત્વરૂપ થતું નથી. આહાહા!

વાંધા મોટા કર્મના છે. એ જ છે ને? ઉદય આવે ત્યારે કરવું જ પડે, થાવું જ પડે પછી રાગદ્વેષ થાય એને લઈને પણ રાગદ્વેષને પોતાના ન માનવા એમ કહે છે. થાય એને લઈને પણ રાગદ્વેષને પોતાના માનવા એ વિકાર કર્મના છે ને માનવા એ એની ભૂલ છે એમ. સમજાણું કાંઈ? પણ એમ છે જ નહીં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ કહે છે. રાગદ્વેષ ને વિકાર થાય છે જીવમાં તે પોતે કરે છે ભૂલીને. પોતાના હોવાપણામાં કરે છે.

એના હોવાપણાના ક્ષેત્રે કર્મના રજકણોનું હોવાપણું હોવા છતાં પોતે પોતાના પર્યાય સ્વરૂપથી ખસી અને કર્મના ઉદયની પર્યાયપણે થતાં નથી. અને કર્મના ઉદયની પર્યાય પોતાના સ્વરૂપથી ખસીને જીવને રાગ કરાવે, રાગનું અસ્તિત્વ કરાવે એમ છે નહીં. આ તો બધું જૈન દર્શન ઊડી જશે, કર્મે કર્મ બાંધે જૈનમાં તો એમ કહે છે. હેં? એમ કહે ને? કર્મ રાગ છે. ધૂળેય રાગ નથી સાંભળને? તને ખબર નથી.

જૈન તો કર્મને માનનારા, કર્મને માનનારા જૈન? કોણે કીધું તને? જૈન તો આત્મા અખંડ આનંદ પ્રભુ આત્મા છે એવા રાગ ને અજ્ઞાન ને જીતીને પોતાના સ્વરૂપને માને એને અમે જૈન કહીએ. આ કર્મથી માનનારા તો જડ છે. જૈનની ઓળખાણ આ. કર્મથી માને, કર્મથી થાય, બીજા ઈશ્વરથી થાય એમ માને, આ કર્મથી થાય એમ માને. ઓલાનો ઈશ્વર ચૈતન્ય બિચારો. એને કરે. આનો ઈશ્વર જડ. જડ બધું કરે. એનાથી મૂંઢ થયો આ તો. એમ છે નહીં એમ કહે છે આંહી તો.

ભગવાનઆત્મા પોતાના આનંદ સ્વરૂપને ભૂલી અને પોતાની અવસ્થામાં દશામાં રાગદ્વેષ મિથ્યાત્વ કરે છે. એ એના ઉત્પાદ્‌વ્યયનું અસ્તિત્વ એનામાં છે. અને એક જગ્યોએ કર્મ રહેવા છતાં કર્મની અવસ્થાને આ રાગદ્વેષ કરાવે છે નહીં. કહો નીકળશે કે નહીં આમાં હજી. એય વજુભાઈ! નીકળશે. આહાહા!

છ દ્રવ્યોને પરસ્પર માંહોમાંહે. માંહો જોયું ને? આત્મા ને શરીરને, શરીર ને આત્માને, આત્મા ને કર્મને, કર્મ ને આત્માને એમ પરસ્પર અત્યંત એકમેક અવગાહ મિશ્રિતપણું અવગાહરૂપે મિશ્રિત હો! વસ્તુની પર્યાયપણે મિશ્રિતપણું એમ નહીં. એક જગ્યોએ ઘણા પદાર્થ રહેવાનારૂપે મિશ્રિત ગણવામાં આવ્યું.

તેઓ પોતપોતાના નિશ્ચિત સ્વરૂપથી ચ્યુત થતાં નથી, એમ ભગવાને કહ્યું છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે એમ કુંદકુંદાચાર્ય કહે છે. **તેથી જ પોતપોતાના સ્વભાવથી ચ્યુત નહીં થતાં હોવાથી જ પરિણામવાળા હોવા છતાં પણ,** દેખો! દરેક આત્મા ને પરમાણું બદલવાની પર્યાય અવસ્થાવાળા હોવાછતાં પણ **તેઓ નિત્ય છે. એમ પૂર્વે છઠ્ઠી ગાથામાં કહ્યું છે. અને તેથી જ તેઓ એકપણું પામતા નથી**. એમ. આ એ સિદ્ધ કર્યું. તેથી જ કોઈ તત્ત્વની કોઈ પર્યાય કોઈ પર્યાયપણે થાય એમ થતું નથી. **તેથી તેઓ એકપણું પામતા નથી.** સમજાણું કાંઈ?

કર્મના રજકણો કર્મપણે છે, આત્મા આત્માપણે છે, શરીર શરીરપણે છે. ભલે હોય એક જગ્યોએ. પણ કોઈ એકબીજાપણાને પામે એવું વસ્તુમાં છે નહીં. માની બેસે અજ્ઞાની એટલે કાંઈ વસ્તુ એવી થઈ જાય? કર્મ મારા, શરીર મારું. આંહી તો કહે છે કે મારું કયાંથી થાય? એના અસ્તિત્વમાં રહેલું એ અને તારા અસ્તિત્વમાં તું રહેલો, કોઈ પોતાની સત્તાને છોડીને પર અસ્તિત્વપણે થતું નથી. મારું કયાંથી આવ્યું તારું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મારું કયાંથી આવ્યું તારું? **પરિણામવાળા હોવા છતાં પણ તેઓ નિત્ય છે એમ પૂર્વે છઠ્ઠી ગાથામાં કહ્યું. તેથી જ તેઓ એકપણું પામતા નથી.** આત્મા ને કર્મ એકક્ષેત્રે રહેવા છતાં એકપણું એક ફીટીને બે થાય, બીજાપણે થાય એમ કોઈ દિ' થતું નથી. બરાબર છે? આહાહા!

હવે આંહી કર્મનું નાખ્યું છે ભાઈ, જુઓ. ખુબ ઈ વાંધા જગતને નડે છે ને એટલે એ નાખ્યું. **''मेलंता वि य णिचं सगं सभावं ण विजहंति''** જીવ અને કર્મને વ્યવહારનયના કથનથી એકપણું છે. વ્યવહારનયના કથનથી. તો પણ તેઓ એકબીજાના સ્વરૂપને ગ્રહતા નથી. આ સિદ્ધાંત. કર્મનો ઉદય રાગને કરતો નથી ને રાગનો ઉદય કર્મના ઉદયને પકડતો નથી. આહાહા! જુઓ આચાર્યે પણ એ નાખ્યું ખુદ ઈ અમૃતચંદ્રદેવે. બીજી વાતનું ઘૂસી ગયું છે લાકડું આ કર્મનું એક જગ્યોએ છે ને તેથી એ નાખ. જાણે કે એક આત્મા બીજા આત્માપણે થાય નહીં, બીજો આત્મા આ પણે થાય નહીં, આ આત્મા શરીરપણે થાય નહીં. પણ આત્મા કર્મની અવસ્થાપણે થાય નહીં. અને કર્મની અવસ્થા આત્માના રાગપણે થાય નહીં. રાગ ભિન્ન છે, કર્મની અવસ્થા ભિન્ન છે. બેય જડ છે. આહાહા!

મોટો આ ગોમ્મટસારનો ખુલાસો. જીવ અને કર્મ એકબીજાના સ્વરૂપને ગ્રહતા નથી. કર્મની અવસ્થા જીવના જ્ઞાનને પકડતું નથી રાગને પકડતું નથી અને રાગ ને જ્ઞાન જીવના ઉદયની અવસ્થાને પકડતું નથી. પોતપોતાની અવસ્થામાં રહેલાં પોતાની સત્તાના સ્વીકારમાં છે. પરની સત્તાનો સ્વીકાર આમાં નથી ને આની સત્તાનો સ્વીકાર પરમાં નથી. એવી ભિન્નતા વસ્તુની છે તેમ તેનું જ્ઞાન કરે, તો પરથી જુદો થઈ અને પછી રાગથી જુદો થઈ ને આત્માનો અનુભવ કરે. સમજાણું કાંઈ? અને આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. બાકી ધરમ બરમ બીજી કોઈ ચીજ છે નહીં.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં :- ૧૧, ગાથા- ૮
## પ્રવચનં. ૧૦
## તા.૨૪/૧૧/૬૯, કારતક વદ-૧, સોમવાર

પંચાસ્તિકાય આઠમી ગાથા :- પંચ અસ્તિકાયનું સ્વરૂપ કહે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને જીવ અને પુદ્ગલ. પાંચ અસ્તિકાય છે અને કાળ છે અસ્તિ છે પણ કાય નથી. તેનું સ્વતંત્ર સ્વરૂપ કેવું છે તેની વાત કરે છે. ગાથા આઠમી.

**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्ञाया ।**
**भंगुप्पादधुवता सप्पडिवक्खा हवदि एक्का ॥ ८ ॥**

આમાં નથી નહીં પાછળ છે. છે કે નહીં? હિન્દી નથી આમાં ગુજરાતી. મળી ગયું? હેં? આમાં હિન્દી છે.

જુઓ તેનું અન્વયાર્થ :- સત્તા આંહી વસ્તુ નથી લીધી સત્તા લીધી છે. પછી દૃષ્ટાંતમાં વસ્તુ સિદ્ધ કરીને સત્તાનો સિદ્ધાંત સિદ્ધ કરશે. દરેક પદાર્થ સત્તા નામ અસ્તિત્વ ગુણવાળો છે. છે ને ટીકામાં છે. અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે. છે ને ટીકા? અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.

પ્રત્યેક આત્મા ને પ્રત્યેક પરમાણું તેમાં અસ્તિત્વ નામ હોવાપણું સત્તા નામનો ગુણ તેને આંહી સિદ્ધ કર્યો છે. તે સત્તા પોતાનાથી છે. અન્વયાર્થમાં જુઓ. **સત્તા ઉત્પાદ્વ્યયધ્રૌવ્યાત્મક, એક, સર્વપદાર્થસ્થિત, સવિશ્વરૂપ, અનંતપર્યાયમય અને સપ્રતિપક્ષ છે.** જરી ઝીણી વાત છે. આવે છે બધે ઘણે ઠેકાણે. આ શબ્દો બધાય પંચાધ્યાયીમાં લીધા છે. પંચાધ્યાયીમાંથી આ રીતે લીધા છે. પંચાધ્યાયીમાં. પંચાધ્યાયી છે ને?

જુઓ ટીકા :- **અસ્તિત્વ સત્તા નામ સત્નો ભાવ સત્ત્વ.** આત્મામાં અસ્તિત્વ નામનો ગુણ છે. એમ પરમાણુંમાં અસ્તિત્વ નામનો સત્તા નામનો ગુણ છે. તે પોતાથી છે. તે અહીંયા સિદ્ધ કરવું છે. તે પરથી છે તેવી કોઈ વાત છે નહીં. અસ્તિત્વ નામ સત્તા નામ સત્નો ભાવ સત્ નામ વસ્તુ, વસ્તુ આત્મા પરમાણું આદિ છ દ્રવ્ય તેમાં અસ્તિત્વ નામ સત્. સત્તા નામ સત્નો ભાવ. શું કીધું? વસ્તુ જે સત્ છે, વસ્તુ જે સત્ છે, તેની સત્તા તેનો ભાવ છે. વસ્તુ એ ભાવવાન છે, વસ્તુ જે ભાવવાન છે તો સત્તા તેનો ભાવ છે. સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? (મુમુક્ષુ :- વસ્તુ ભાવવાન ને સત્તા ભાવ ને મજાની વાત છે.) આ આત્મ મજાની વાત છે. બજારમાં કયાંય વેંચાય આ દાણા બજારમાં? વસ્તુ જે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા છે આત્મા, એ વસ્તુ એ સત્ અને તેની સત્તા તેનો ભાવ. સત્તનું સત્વ, સત્નું સત્વ ભાવવાનનો ભાવ. સમજાય છે? અસ્તિત્વ સત્તા નામ સત્ ભગવાન આત્મા સત્ છે પરમાણું પણ સત્ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ સત્ છે.

એ સત્નો સત્તા નામનો ગુણ છે. સત્તા ભાવ છે અને સત્ ભાવવાન છે. આહા! આ વસ્તુનું સ્વરૂપ એવું છે તે સિદ્ધ કરે છે. તેનું સત્તાપણું પરથી નથી એમ સિદ્ધ કરવું છે. દરેક આત્મા અને પરમાણુંનું સત્પણું-સત્પણું સત્ વસ્તુ તેની સત્તાનો ભાવ પોતાથી છે. કોઈ ઈશ્વરથી છે કે બીજી ચીજથી તેનો (ભાવ) છે તેવું છે નહીં. જુઓ દાખલો આપે છે. સિદ્ધ કરવો છે અસ્તિત્વ ગુણ. સત્તા નામનો ગુણ ભાવને સિદ્ધ કરવો છે પણ ભાવવાનને સિદ્ધ કરીને ભાવને સિદ્ધ કરશે. ભાવવાન વસ્તુ છે તેનો સત્તા ભાવ છે તે ભાવવાનને સિદ્ધ કરીને જેવો ભાવવાનમાં છે તેવો ભાવમાં છે.

જાદવજીભાઈ! આ તો બહુ ઝીણું પડે છે. આ સમજવું પડશે કે નહીં માણસને? બધા ઓલા રૂપિયામાં ને એમાં ગુંચી ગયા છે તે. આ શું ચીજ છે? આત્મા વસ્તુ છે સત્, સત્ અને તેનો સત્તા નામનો ગુણ છે. વસ્તુ એવી છે તો સત્તા પણ એવી છે એવું સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? વિદ્યમાન માત્ર વસ્તુ જુઓ, સત્તાનો અર્થ છે નીચે, જુઓ સત્ત્વ સત્ત્વ સત્પણું, સત્ત્વ એટલે સત્પણું. સત્પણું એટલે સત્તા. એમ. અસ્તિત્વપણું, વિદ્યમાનપણું, અસ્તિત્વનો ભાવ, છે એવો ભાવ, છે એવો ભાવ. ભગવાન આત્મા અને આ પરમાણું એક એકમાં છે. છે તેવો ભાવ. અને સત્ વસ્તુ તેનો છે તેવો ભાવ. છે તેવો ગુણ. સત્ત તો ગુણવાન વિદ્યમાન માત્ર વસ્તુ. હવે પહેલાં વસ્તુ સિદ્ધ કરશે.

આત્મા વસ્તુ છે અને આ પરમાણું પણ વસ્તુ છે. ધર્માસ્તિકાય એક પદાર્થ છે ચૌદ રાજુ લોકમાં. એક અધર્માસ્તિ છે, એક આકાશ છે અને કાળ અસંખ્ય છે. **એ વિદ્યમાનપણા માત્ર વસ્તુ નથી સર્વથા નિત્યપણે હોતી કે,** હયાતી ધરાવનાર વસ્તુ હયાતી રાખવાવાળી ચીજ ન તો સર્વથા નિત્યરૂપ રહે છે, અને **ન તો સર્વથા ક્ષણિકરૂપ હોય છે.** આ તો એકદમ લોજીકથી સિદ્ધ કરે છે. સમજાય છે? પહેલાં શું શબ્દ લીધો જુઓ.

વિદ્યમાન માત્ર વસ્તુ એટલે, જો છે એવી બધી ચીજો અનંત આત્મા છે, અનંત પરમાણું છે, અસંખ્ય કાળાણું છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એક એક છે. એવા છ વસ્તુ જાતિ, સંખ્યા અનંત. તો વિદ્યમાન માત્ર વસ્તુ હયાતિ ધરાવનાર માત્ર વસ્તુ. કોના ચોપડામાં કાંઈ આવે નહીં. હેં! બાબુભાઈ આવે? ઝવેરી બઝારમાં આવે નહીં ક્યાંય ન આવે. એટલે કાંઈ એય! થાણામાં આવે ન્યાં જશો ન્યાં આવે કાંઈ? ચોપડામાં ન હોય ક્યાંય.

આંહીં તો વસ્તુ સિદ્ધ કરે છે. પરમેશ્વર સર્વજ્ઞની વાણીમાં જેવી વસ્તુ આવી છે તેવી વસ્તુની સત્તા સિદ્ધ કરે છે. વસ્તુ જેટલી વિદ્યમાન માત્ર પદાર્થ છે હયાતી ધરાવનાર જેટલી (જેવડી) ચીજ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તેટલી (તેવડી) ચીજ ન તો સર્વથા નિત્યરૂપ હોય છે, હયાતી ધરાવનાર શબ્દ આવે છે ને હિંદીમાં આવે છે ને? હયાતી. હેં? મોજુદગી મોજુદગી મોજુદગી. જે ચીજ મોજુદગીપણે છે. સમજાય છે કાંઈ?

એ બધી એવી નથી કે સર્વથા નિત્યરૂપ હોય છે, અને સર્વથા ક્ષણિકરૂપ હોય તેવી પણ નથી. લ્યો! વેદાંત કહે છે એકાંત નિત્ય છે એવું નથી અને બૌધ કહે છે કે ક્ષણિક છે એવું પણ નથી. સમજાય છે કાંઈ? એકાંત નિત્ય જ હોય તો કાર્ય થઈ શકે નહીં. એકાંત ક્ષણિક હોય તો કોના આધારે તે કાર્ય પર્યાય થાય છે? તો કહે છે વિદ્યમાન માત્ર વસ્તુ. ત્યાંથી ઉપાડયું જુઓ. હેં? સિધ્ધ કરવી છે તો સત્તા હોં! અસ્તિત્વગુણ સિધ્ધ કરવો છે. પણ અસ્તિત્વગુણવાળો જે પદાર્થ છે એ પદાર્થ એવો છે એવી તેની સત્તા નામનો ગુણ પણ એવો છે. આહા!

**સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો અભાવ થવાથી.** શું કહે છે હવે? વિદ્યમાન માત્ર વસ્તુ જેટલી છે, 'છે' એટલી બધી વસ્તુ સર્વથા નિત્ય પણ નથી અને સર્વથા ક્ષણિક અનિત્ય પણ નથી. કેમ? કેમ? કે સર્વથા નિત્ય વસ્તુને વાસ્તવમાં ક્રમભાવી ભાવોનો અભાવ હોવાથી જો સર્વથા નિત્ય હોય તો ક્રમે ક્રમે થવાવાળા કાર્ય વગર વિકાર કયાંથી થશે? બદલવું, પલટવું થશે નહીં. એકાંત નિત્ય વસ્તુ હોય તો પલટવું ક્રમે ક્રમે કાર્ય થવાનો અભાવ થશે.

ન્યાય સમજાય છે? એકાંત વસ્તુ જો વિદ્યમાન વસ્તુ છે તે સર્વથા જો નિત્ય જ હોય તો ક્રમે ક્રમે કાર્ય થાય છે તેના અભાવમાં તે નિત્ય સિધ્ધ નથી થાતું. સમજાય છે કાંઈ? કેમ કે નિત્યને તો ક્રમે ક્રમે થતી પર્યાય સિધ્ધ કરે છે. સમજાય છે કે નહીં? એ અતુલભાઈ! ભારે આ તો સાધારણ વાત છે આ. આ ઓલા તમારા પ્રોફેસરને એ બધા બોલે તેમાં તો સમજવા જેવું હોય.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તેણે જે છ દ્રવ્ય પંચાસ્તિકાય સર્વજ્ઞ પદમાં જોયા તેનો અસ્તિત્વ નામનો ગુણ કેવો છે તો અસ્તિત્વ ગુણમાં પણ ત્રણે સિધ્ધ કરશે. ત્રેવડી કહે છે ને આપણે ત્રણ ગુણી, ત્રણ ગુણી તેમાં મહા સિધ્ધાંત છે. જો વસ્તુ વિદ્યમાન છે તે નિત્ય વસ્તુને જો સર્વથા માનો તો ક્રમભાવી અવસ્થાઓનો અભાવ હોવાથી ક્રમે ક્રમે અવસ્થા હાલત ન હોવાથી તેમાં વિકાર કયાંથી થશે? વિકાર નામ વિશેષથી દશા કાર્ય કયાંથી થશે? લ્યો આંહી વિકાર કહે છે. વિકારનો અર્થ વિભાવ ને અશુધ્ધતા એમ અહીં ન લેવું. આંહી તો (વિકારનો અર્થ) વિશેષે કાર્ય.

આવે છે ને? જૈન સિધ્ધાંત પ્રવેશિકામાં આવે છે. ગુણ પર્યાય કોને કહે છે એ આવડે છે? ભૂલી ગયા હશે. પર્યાય કેને કહે છે? ગુણના વિકારને ગુણના વિકારને. આ જીતુ ન બોલ્યો એને નહીં આવડયું હોય. કયાં ગયો તારો જયોતી? ગયો? કહો સમજાણું કાંઈ? ગુણના વિકારને પર્યાય કહે છે.

જૈન સિધ્ધાંત પ્રવેશિકા. બરૈયા ગોપાલદાસ. ગોપાલદાસ ખબર છે ને? જૈન સિધ્ધાંત પ્રવેશિકા તેની છે ને? પર્યાય કોને કહે છે? ગુણના વિકારને પર્યાય કહે છે. અર્થાંત ગુણના વિશેષ કાર્યને પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે. આ તો સીધી ભાષા બહુ સાદી છે. (મુમુક્ષુ :- વિષય જરા ગંભીર છે.) વિષય ગંભીર બહુ કહેવાય પણ એકદમ કોઈ દિ' અભ્યાસ ન મળે. હેં? ખોટા અભ્યાસ. લ્યો! આ દાકતરના અભ્યાસની વાત કરે છે ને ઘુસ ગયા તો આ વાત સમજાતી નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે. બહુ સાદી ભાષામાં અને સીધી વાત. પ્રભુ તું છો? છો. વસ્તુ છે. તો કહે છે, તો વસ્તુ જો છે તે સર્વથા જો કાયમ એકરૂપ રહેવાવાળી હોય તો તેમાં ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન કાર્ય જે થાય છે તે થઈ શકતા નથી. બરાબર છે? એ જીતુ! આ નોકરીનો ભાવ થશે, આ ભણવાનો ભાવ થાય એ બધો ભાવ જો એકરૂપ હોય તો ભિન્ન ભિન્ન થાય નહીં. એ બરાબર છે કે નહીં? (મુમુક્ષુ :- પરિણામમાં તો કાર્ય જ ન થાય)

પરિણામ બદલ્યા વિના કાર્ય શેમાં થાય? એમ કહે છે. બદલવાનું સ્વરૂપ ન હોય ક્ષણે ક્ષણે ક્રમે ક્રમે એમ કીધું ને? ક્રમભાવી ભાવ, ક્રમભાવી ક્રમે ક્રમે થતી અવસ્થાનો જો અભાવ હોય તો વિકાર ન થાય એટલે કાર્ય ન થાય. એમ કહે છે. ન્યાં ઓલા મેટ્રીકના ને બી.એ.ના ને એમ.એ. ભણવું હોય તો એમાં માથું ઘુસી જાય અંદર. આમાં તો બહુ સરળ સીધી વાત છે. પણ અભ્યાસ ન મળે.

ભગવાન આત્મા એકરૂપ જો નિત્ય રહે તો કાર્ય થવાનું છે તે શું? કે સાચી સમજણ કરવી અને જૂઠી સમજણનો નાશ કરવો તે ક્રમભાવી અવસ્થા ન હોય તો કાર્ય થતું નથી. કહો, બાબુભાઈ સમજાય છે કે નહીં? અરે ભાઈ અમને ધર્મ કરવા દ્યો. પણ ક્યાંથી કરીશ તું? ધર્મ કરનાર, ધર્મ કરનાર એકાંત કાયમ હોય તો ધર્મ કાર્ય થતું નથી. ધર્મ કાર્ય કરવું છે ને? ધર્મનું કાર્ય કરવું છે ને? તો ધર્મનું કાર્ય જો આત્મા એકાંત કુટસ્થ નિત્ય હોય તો ધર્મનું કાર્ય થશે જ નહીં.

અધર્મનો નાશ થઈને ધર્મની પર્યાય ઉત્પન્ન થવી, અધર્મનો નાશ થવો એવી ક્રમભાવી પર્યાય વગર કાર્ય થતું જ નથી. સમજાય છે કાંઈ? સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો ખરેખર ક્રમેક્રમે થવાવાળી પર્યાયનો અભાવ થવાથી પરિવર્તન પરિણામ કાર્ય દશા ભિન્ન ભિન્ન ક્યાંથી થશે? એકરૂપ ચીજમાં ભિન્ન ભિન્ન અવસ્થા ક્યાંથી થશે? માટે સર્વથા એકરૂપ નિત્ય રહે છે તેવી વસ્તુ નથી. સર્વથા નિત્ય એવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ? નિત્ય છે તે એકાંત છે. પલટે છે. કાયમ રહીને પલટે છે. આહા! વિચાર પલટે છે કે નહીં? ભાવ પલટે છે કે નહીં? તો પલટે ક્યાં? પર્યાયમાં. જો એકાંત ધ્રુવ હોય તો પલટે ક્યાં? એકાંત ધ્રુવ નથી. ધ્રુવ સાથે પલટવાવાળી ચીજ છે. એ પલટવું પોતાથી છે એમ સિદ્ધ કરવું છે.

એ પોતાના પરિણામ જે થાય છે તે પલટવું પોતાથી પોતાની સત્તા પોતાથી થાય છે. આહીં પહેલાં વસ્તુ સિદ્ધ કરે છે. પછી વસ્તુનો સત્તા ગુણ સિદ્ધ કરશે. સમજાય છે કાંઈ? આહાહા! જંગલમાં રહીને સંતોએ (ગજબ કામ કર્યા છે.) કાયમ રહેવાવાળા છે. સમજાય છે કાંઈ? ઓલા આવ્યા હતા ને પ્રશ્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો હતો ને? એમકે આંહીથી મરીને જાય કે તરત જીવ ઉપજતો હશે કે નહીં?

એમ પહેલો પ્રશ્ન કર્યો હતો ભાઈએ આવીને. આજ આવ્યો છે ને આ રાજુલનો રીપોર્ટ લેવા. એક અમેરિકન છે ને એક બાવો છે, બે છે. આવ્યા'તા હમણા અંદર. કહે કે આંહીથી મરીને જન્મે છે તો તરત જન્મે છે? એમ પૂછતો હતો. અમેરિકન છે. હા. વચ્ચે કેટલો કાળ રહે છે? કીધું કે કોઈ સમય કદાચ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમય હોય તો એક બે ત્રણ સમય. ચોથે સમયે ત્યાં તો જન્મ થઈ જાય છે. જન્મ તો બહાર શરીરનો થાય છે. ઓહોહો! થઈ જાય છે.

એય! કારણકે બધાને આવું જાતિ સ્મરણ કેમ નથી થાતું? એમ પ્રશ્ન કર્યો'તો. બધાને ન હોય, બધાની યોગ્યતા એવી ન હોય. અને એનો સિદ્ધાંત એવો છે કે જયાંથી મરી જાય દેહ છૂટી જાય ત્યાંથી એક સમયમાં જો એક સેકન્ડનો અસંખ્યમો ભાગ એક સમય સીધો ઉપજયો હોય તો તેને જાતી સ્મરણ થવાનો સંભવ છે પણ એક સમયમાં બીજો સમય થઈ ગયો હોય આંહીથી આંહી તો તેને નથી થતું. હોય કે ન હોય સંભવ નથી.

અમેરિકન આવ્યા'તા ને તેણે બે ત્રણ પ્રશ્ન કર્યા'તા. પછી વજુભાઈને ત્યાં જમવા ગયા. પછી રાજુલનો રીપોર્ટ લીધો. હજી એના બાપ પાસે ત્યાં જુનાગઢ જવાના છે. ભાઈએ જાતિસ્મરણવાળી છોકરી જોઈ છે કે નથી જોઈ?

પૂર્વભવનું જ્ઞાન છે. અત્યારે દસ વર્ષની છે. આંહી છે. અત્યારે અમેરિકન તેનો રીપોર્ટ લેવા આવ્યા છે. ઠેઠ અમેરિકાથી આવ્યા છે. એક માણસ આવ્યો છે દાકતર આવ્યા છે, ચાર (જણ) આવ્યા છે. સામે મકાન છે ન્યાં છે. તમારા ઘરમાં બીજો કોઈ પ્રકાર છે? એમ વળી પૂછયું. ભઈ, એ વાત કહેવાની નથી. તમને સમજાય નહીં. પૂછયું હો. ભઈ! તમને સમજાય નહીં આ બધા શંકા કરે છે. માળાએ વિશ્વાસ રાખવા જેવી ચીજ છે. વિશ્વાસ વિના સમજાય એવી નથી.

એ આ તત્ત્વના લોજીક ન્યાય યથાર્થ શું તે સમજાતું નથી તે તો વિશ્વાસની ચીજ છે. સમજાય છે કાંઈ? આ શું ચીજ છે. કેવી રીતે હોય છે તેની ખબર નથી, ઠેકાણા નથી અને પરથી થાય છે ને હું પરનો કર્તા છું તે બધું તો તત્ત્વના ન્યાયથી વિરૂદ્ધ છે. એ વસ્તુનો વાસ્તવિક અર્થ શું છે તે પણ સમજમાં આવતો નથી તો આવો બીજો વિશ્વાસ કયાંથી આવે? સમજાય છે કાંઈ?

અને સર્વથા ક્ષણિક વસ્તુમાં એક એવું સિદ્ધ કર્યું કે જો સર્વથા નિત્ય હોય તો કાર્ય પલટવું બદલવું કે રૂપાંતર થવું એવું થતું નથી. અને એવું થયા વગર કાર્ય પણ થતું નથી. અને વસ્તુ સર્વથા ક્ષણિક, પહેલાં તો વસ્તુ સિદ્ધ કરે છે. સિદ્ધ તો અસ્તિત્વ કરવું છે પણ આચાર્યની શૈલી એવી છે કે અસ્તિત્વ સિદ્ધ કરવું છે તો પહેલાં વસ્તુ સિદ્ધ કરે છે. છે ને અમૃતચંદ્રાચાર્યની શૈલી એવી છે.

સત્તા ગુણ સિદ્ધ કરવો છે. પાઠમાં તો એ છે ને ભાઈ! 'સત્તા સવ્વપયત્થા' સત્તાની વાત સિદ્ધ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવી છે. અહીંયા તો પહેલી સત્તા સિધ્ધ કરવી છે. હોવાપણું, થવાવાળું. તો અહીંયા આત્મા પોતાથી સર્વથા નિત્ય હોય તો કાર્ય ન થઇ શકે. અને જો સર્વથા ક્ષણિક હોય તો વાસ્તવમાં પ્રત્યભિજ્ઞાનનો અભાવ હોવાથી આ થા વો હી મૈં હું. પ્રવાહરૂપ આત્મા હતો તે જ હું છું. એવું પહેલેથી જોયું છે તે જ આ છે તેવા જ્ઞાનનો અભાવ થાય છે. જો ક્ષણેક્ષણે એકલું પલટવું જ હોય તો આ હું હતો તે જ હું છું એવા જ્ઞાનનો અભાવ થાય છે. આહાહા! ખબર પડતી નથી. સમજાય છે કાંઇ?

પચાસ વરસ પહેલાં હું આવો હતો તે જ હું પ્રવાહરૂપ છું. ભલે પર્યાય બદલી જાય પણ પચાસ વરસ પહેલાં હું જ હતો અને અત્યારે પણ એ જ હું છું. સમજાય છે કાંઇ? અને સર્વથા ક્ષણિક વસ્તુમાં, આ શું સિધ્ધ કરે છે. સમજાય છે? કે વસ્તુ એવી છે તો વસ્તુના ગુણ પણ એવા છે. તો તેનું ઉપજવું, વિણસવું અને ધ્રુવ રહેવું તે પોતાની સત્તાને કારણે પોતાથી છે. કોઇ પરને કારણે ઉપજવું, વિણસવું કે ટકવું છે એવું છે નહીં. આહાહા! સમજાય છે કાંઇ?

શરીર આ રજકણ છે જુઓ આ રજકણ પરમાણું છે. પરમાણુંમાં પર્યાય ઉત્પન્ન થાય છે? એવી જુઓ. પહેલાં કહે વ્યય થાય છે? પરમાણુપણે ધ્રુવ રહે છે. તો કહે છે કે પોતાની સત્તાનો ગુણનો વસ્તુનો એવો સ્વભાવ છે તો તેની સત્તાનો એવો સ્વભાવ છે. સત્તાનો એવો સ્વભાવ છે તો ઉત્પાદ્ વ્યય પરથી થાય છે કે આત્માથી તેમાં થાય છે એવું છે નહીં. સૂક્ષ્મ છે ક્વીજી. આહાહાહા! જૈન કયાં? વસ્તુનું સ્વરૂપ જ એવું છે જૈન કયાં કોઇ સંપ્રદાય છે? વસ્તુ એવી છે વસ્તુનું સ્વરૂપ જ એવું છે. લ્યો, જૈન કહો ચાલો. તો જૈન કોને કહે? જેણે રાગદ્વેષ ને અજ્ઞાનને જીત્યા છે અને જેણે તે જગ્યાએ વીતરાગતાની પર્યાય પ્રગટ કરી છે અને કાયમ તેનો તે જ રહ્યો છે તેનું નામ જૈન. (મુમુક્ષુ :- ઉત્પાદ્વ્યયધ્રુવ તો સિધ્ધ કરી દીધું.) એય! સમજાય છે કે નહીં? ભાષા તો હિન્દી સમજો છો ને તમારે ત્યાં એ તો સમજે ને બહારમાં તો છોકરાવ બોકરાવ હવે હિન્દીનો બહુ પ્રચાર થઇ ગયો. સમજાય છે કાંઇ? શું કહ્યું ફરીથી કહે છે. જુઓ.

'જૈન' જૈન શબ્દમાં ત્રણ (વાત) પડી છે જુઓ જૈન નામ જીતવું, કોને? અજ્ઞાન ને રાગદ્વેષને જીતવા. તો અજ્ઞાન ને રાગદ્વેષ છે કે નહીં? છે કે નહીં? વ્યય છે કે નહીં? તો છે તેનો વ્યય કરવો. તો વ્યયની જગ્યાએ રાગદ્વેષ ને અજ્ઞાન ગયા તો જ્ઞાન ને વીતરાગતા થઇ એ ઉત્પાદ્ થયો. તો ઉત્પાદ્ ને વ્યય થયો તો ધ્રુવમાંથી થયો. તે કાયમ ટકતી ચીજ છે તો તેમાંથી ઉત્પાદ્વ્યય થયો. સમજાય છે કાંઇ? એય રમણીકભાઇ! અરે! ભાઇ! જૈન શબ્દ એક લ્યો તો તેમાં ઉત્પાદ્વ્યયધ્રુવ સિધ્ધ થાય છે. કારણ કે વસ્તુનું સ્વરૂપ જ એવું છે. હેં? બીજી થઇ જાશે એવી છે નહીં. જીતવું કોને? અંદર બીજી કોઇ ચીજ છે દશા? દશા છે ને? તો તેને જીતવું નામ નાશ કરવો એમ છે ને? છે તેનો નાશ કરે કે ન હોય તેનો નાશ કરે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો આત્મામાં જો અજ્ઞાન ને રાગદ્વેષ છે તો ઉત્પાદ્‌ની પર્યાય છે. ઉપજેલી નવી ઉપજેલી છે અને તેનો નાશ કરવો છે. તો નાશ ક્યારે થશે કે ધ્રુવ ચીજ છે તે વીતરાગ વિજ્ઞાન પિંડ છે. આત્મા છે તે ધ્રુવ વીતરાગ વિજ્ઞાન પિંડ છે. સમજાય છે કાંઈ? તો તેની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં વીતરાગ વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

દોષને જીતવો એવું થયું ને? દોષનો નાશ કરવો. કોઈપણ ધર્મ કરવાવાળો એમ સમજે કે મારે ધર્મ કરવો છે તેનો અર્થ મારે નિર્દોષ દશા પ્રગટ કરવી છે તે ધર્મ. તો નિર્દોષ દશા પ્રગટ કરવી છે તેનો અર્થ સદોષ દશાનો નાશ કરવો છે. સદોષ દશાનો નાશ કરવો છે અને નિર્દોષ દશા ઉત્પન્ન કરવી છે. તો નિર્દોષ દશા જે ઉત્પન્ન થાય છે તે સદોષ ગઈ તેમાંથી ઉત્પન્ન થાય છે? સદોષ દશા તો ગઈ, વ્યય થઈ ગયો. સદોષ દશાનો તો નાશ થઈ જાય છે. તો નાશમાંથી નિર્દોષ દશાનો ઉત્પાદ થાય છે? નિર્દોષ સ્વભાવ તો ધ્રુવ છે. વીતરાગ વિજ્ઞાન. વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. તેમાંથી વીતરાગી જ્ઞાન ઉત્પન્ન થાય છે અને રાગ ને અજ્ઞાનનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

સીધી વાત છે પણ જરી, પણ અભ્યાસ અત્યારે લોકોનો દ્રવ્ય, ગુણ ને પર્યાયનો અભ્યાસ ઘટી ગયો છે. બહારની વાતું કથા ને ચરણાનુયોગમાં એવા ઘુસી ગયા તો તત્ત્વ દ્રષ્ટિમાં ગરબડ થઈ ગઈ તો તેને ખબર ન પડી. કેવી રીતે થઈ ગઈ. સમજાય છે કાંઈ? તો કહે છે કે, કોઈપણ પ્રાણી એમ કહે વિચાર કરે કે મારે સારું બનવું છે. સારું બનવું છે. સારું બનવું છે ને? તો તેની દશામાં સારું છે નહીં ને? તેની દશામાં સારું છે નહીં ને?

જો સારું બનવું છે તો તેનો અર્થ ધરમ કરવો છે, હિત કરવું છે, સારું થવું. સારું થવું છે તો તેનો અર્થ એ થયો કે તેની વર્તમાન દશામાં સારું છે નહીં. જો સારું હોય તો સારું કરવું તેમ રહેતું નથી. સમજાય છે કાંઈ? તો મારે સારું બનવું છે તેનો અર્થ મારે મારી અવસ્થા દશા સારી કરવી છે કે વસ્તુ સારી કરવી છે? વસ્તુ તો ધ્રુવ છે. સારું બનવું છે તો સારું નામ સત્ બનવું છે. નિર્દોષ થવું છે, હિતકર થવું છે. શ્રેય કરવું છે. તો તે શ્રેય ને હિતકરની દશા મારે પ્રગટ કરવી છે. તો ઉત્પાદ્ થયો, જે ન હતું તે ઉત્પન્ન થયું. અને કરવું છે તો તેનો અર્થ એ થયો કે પહેલાં અહિતકર સદોષ દશા હતી તેનો વ્યય થયો, અભાવ થયો, નિર્દોષનો ભાવ થયો. નિર્દોષનો વીતરાગ વિજ્ઞાન ભાવ થયો અને સરાગ અજ્ઞાન ભાવનો નાશ થયો તો વીતરાગ વિજ્ઞાન દશા જો સમ્યગ્દર્શન ધર્મ છે તે ઉત્પન્ન ક્યાંથી થયો? ધ્રુવ ચીજ વીતરાગ વિજ્ઞાનઘન છે તેમાંથી ઉત્પન્ન થાય છે. કહો સમજાય છે કે નહીં. બાબુભાઈ!

આવા કાયદા તમારે ઝવેરાતમાં ક્યાં હોય? આહાહા! એનો અર્થ તારામાં ને તારામાં. દોષ પણ તારી દશામાં ને નિર્દોષ થવું તો તેનો અર્થ દોષ છે તેનો નાશ થાય છે. પલટી જાય છે. જો પલ્ટે નહીં તો નિર્દોષ થવાનું બની શકે નહીં. તો દોષ પલટે છે તો તેની જગ્યાએ નિર્દોષ થાય છે તો નિર્દોષ ચીજ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્યાંથી આવી? સદોષ ગઈ તેમાંથી આવી? તે તો ગઈ છે, તો નિર્દોષતા પ્રગટ થાય છે ને સદોષનો નાશ થાય છે તે નિર્દોષતાનો ભંડાર ભગવાન આત્મા છે, તેમાંથી નિર્દોષતા ઉત્પન્ન થાય છે. ધ્રુવ, ઉત્પાદ્ ને વ્યય ત્રણે સિદ્ધ થઈ ગયા. સમજાય છે કાંઈ?

આ તો વસ્તુનો સ્વભાવ એવો છે. આ કાંઈ જૈનદર્શન તે સંપ્રદાય કે એવી કોઈ ચીજ નથી. સમજાય છે કાંઈ? વેપારી માણસને ન્યાય લોજીકની બહુ ખબર ન હોય ને એટલે જરા ગુંચવાઈ જાય મુંઝાય કે આ શું કહે છે? પણ સીધી સાદી વાત છે. કેમ ભીખાભાઈ! હેં? તદ્દ્ન સાદી સીધી વાત. આ એને સમજવા યોગ્ય સર્વ છે તો સર્વ થાય છે ને? આહાહા! કહે છે. બીજી રીતે કહું, કે પોતાની પર્યાયમાં, પર્યાયમાં. પર્યાયમાં એટલે અવસ્થામાં, સદોષતા જો ન હોય તો સદોષતાની જગ્યાએ નિર્દોષ આનંદની દશા હોવી જોઈએ. તો આનંદની દશા નથી તો તેની દશામાં અણઆનંદ એટલે દુઃખની દશા છે. દુઃખની દશા કહો કે સદોષ દશા કહો. તે સદોષનો નાશ કરીને તેના સ્થાનમાં આનંદનું નિર્દોષપણું લાવવું છે તો નવી અવસ્થા ઉત્પન્ન થઈ. જુની અવસ્થા ગઈ ને નવી થઈ. નવી થઈ તે આવી ક્યાંથી? ધ્રુવ સ્વરૂપ છે તેમાં આનંદ પડયો છે તે આનંદનો પ્રવાહ પર્યાયમાં પ્રગટ થયો. બસ ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તં સત્ થઈ ગયું.

એ કોઈ પરને કારણે દોષ નાશ થાય છે અને પરને કારણે નિર્દોષતા ઉત્પન્ન થાય છે? આંહી તો અસ્તિત્વ સિદ્ધ (કરવું છે.) સત્તાનો અંશ જ એવો છે વસ્તુ જ એવી છે. પછી તેને પરને કારણે થાય છે તેવી વાત છે નહીં. સમજાય છે કાંઈ? આહા!

**માટે પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી,** ધ્રુવ રહેતી કોઈ સ્વરૂપથી એટલે કાયમપણે આત્મા નિત્ય રહેતો થકો, પરમાણું પણ કાયમપણે નિત્ય રહેતા થકા આ બીજું કહે છે.

કે આત્મામાં જો એકલો ધ્રુવ હોય તો સદોષનો નાશ થઈને નિર્દોષતાની પર્યાય ક્રમસર ઉત્પન્ન થાય છે તે ન થઈ શકે. અને જો એકલો સદોષનો નાશ ને નિર્દોષનો ઉત્પાદ્ એકલો હોય તે કોના આશ્રયથી? પ્રવાહ શું છે? કાયમ રહેવાવાળી ચીજ પ્રવાહરૂપે છે છે છે છે છે રહે છે. એવો સદોષનો નાશ નિર્દોષની ઉત્પત્તિ. બીજી ભાષામાં કહીએ તો મિથ્યાત્વનો નાશ સમકિતની ઉત્પતિ અને ધ્રુવનું રહેવું. અને બીજી વાત. જ્યારે અહીંયા મિથ્યાત્વનો નાશ થયો તો સામે કર્મની ચીજ છે તો કર્મનો ઉત્પાદ્ જે દર્શનમોહ પર્યાયમાં હતો. અહીંયા મિથ્યાત્વનો નાશ થયો તો દર્શનમોહ પર્યાયનો નાશ ત્યાં થયો. પરમાણુમાં પણ દર્શનમોહની પર્યાયનો ઉત્પાદ્ હતો તે પર્યાયનો નાશ થયો. અને અકર્મ પર્યાયરૂપે પર્યાય થઈ અને પરમાણુ તરીકે કાયમ રહ્યો. સમજાય છે કાંઈ?

આ વકીલોને ને બધાને આ સમજાતું હશે એમ હશે અને વેપારીને નહીં સમજાતું હોય. (મુમુક્ષુ :- વેપારીને સમજાય, વકીલોને ન સમજાય) આ બધા લોજીક ન્યાય, બધા આવ્યા છે ખરાને એટલે કહું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છું, મગજવાળા હોયને વકીલો ને જજ ને, વકીલ નહોતા આપણે એક રાજકોટવાળા શું કહેવાય? ઝવેરચંદભાઈ, ઝવેરભાઈ નહોતા ઓલા? કાંઈ સમજતા નહીં કાંઈ ઠેકાણા નહીં. કેટલીવાર પૂછે હો ગોળા પાસે જાય ને માખણ ચોપડે ઘરાક બરાક, ઘરાક શું કહેવાય તમારે? એકાદ બે આપે. હેં? ઝવેરભાઈ હતા. એનો છોકરો ત્યાં છે મુંબઈ મોટું મકાન છે. ઘરે પગલા કર્યા'તા.

આંહી કહે છે. આહા! અરે આ તો આત્મા હોય તેને સમજાય એવું આ છે. વેપારીને વકીલની આંહી વાત નથી હો. આત્મા છે. છે કે નહીં? તો આત્મામાં તો જ્ઞાન સ્વભાવ તો આત્મા જ્ઞાન સ્વભાવ છે. જ્ઞાન સ્વભાવ કાયમ છે. અને કાયમ જ્ઞાન સ્વભાવમાં જો અજ્ઞાન ઉત્પન્ન થયું છે પર્યાયમાં. અજ્ઞાનનો નાશ કર. જ્ઞાન પર્યાય ધ્રુવ જો જ્ઞાન સ્વભાવ ધ્રુવ છે તેનો આશ્રય કરીને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે અજ્ઞાનનો નાશ થાય છે અને જ્ઞાન જ્ઞાન જ્ઞાન ગુણ તો કાયમ રહે છે. સમજાય છે કાંઈ?

આંહી તો કહે છે સમ્યગ્જ્ઞાન અથવા ધર્મની ઉત્પત્તિમાં પરની સહાયની બિલકુલ જરૂર નથી. કેમકે પોતાની સત્તાનો ઉત્પાદ થવો તે તો પોતાનો સ્વભાવ છે અને અધર્મનો નાશ કરવામાં પણ કોઈ પર ચીજની જરૂર નથી. અહીંયા નિમિત્તથી ઉત્પન્ન થાય છે? નિમિત્તથી કાંઈ નથી એમ કહે છે. ઝઘડા બધા. નિમિત્ત નિમિત્ત સંબંધ વ્યવહાર નહીં. આજ આવ્યું હતું તે દિ' આવ્યું હતું પહેલું? ભાઈ છે કો'ક. વ્યવહાર નહીં વ્યવહાર નહીં, નિશ્ચય છે. આજે આવ્યું હતું. કર્મનું નિમિત્ત અને નૈમિતિક તો નિશ્ચય છે. પણ બે ચીજમાં નિશ્ચય હોય નહીં. સાંભળને? (નિશ્ચયને ખરેખર સંબંધ છે) ખરેખરનો અર્થ બે નો સંબંધ છે પણ એ સંબંધ પણ ખરેખર નથી. એની પર્યાયમાં આ ને આની પર્યાયમાં એ એ સંબંધ કયાંથી આવ્યા? એ કહે છે તે સંબંધ નથી. લ્યો. સમજાય છે કાંઈ?

આ તો અહીંયા શું સિદ્ધ કરે છે. કે આત્મા છે તેની પર્યાયમાં જો વિકાર છે તો તે વિકારનું અસ્તિત્વ પોતાની પર્યાયમાં ધારે છે અને તે વિકારનો અભાવ થાય છે તો પોતાના સ્વભાવના આશ્રયથી થાય છે. પોતાની સત્તાના અવલંબનથી થાય છે. અને અવિકારી દશા ઉત્પન્ન થાય છે તે પણ સત્તા પોતાથી ઉત્પન્ન થઈ છે. પરને કારણે થઈ છે ને પર નિમિત્ત છે માટે (થઈ છે) તે વાત પણ અહીંયા છે નહીં. સમજાય છે કાંઈ? આહાહા!

ન્યાયથી સમજે તો થાય આ તો વસ્તુ એવી છે. કહે છે. **પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી.** કોણ? વસ્તુ, સત્તા નહીં. આંહી તો વસ્તુની વાત ચાલે છે. **અને કોઈ બે ક્રમવર્તી** સ્વરૂપથી નષ્ટ થતી. જુઓ! બે ક્રમવર્તી સ્વરૂપથી વ્યય, ઉત્પાદ્. અજ્ઞાનનો વ્યય જ્ઞાનનો ઉત્પાદ્. મિથ્યાત્વનો નાશ સમકિતનો ઉત્પાદ. અશાંતિનો નાશ, અવ્રતનો નાશ શાંતિનો ઉત્પાદ્. એવી **ક્રમવર્તી સ્વરૂપોથી** જો ક્રમવર્તી સ્વરૂપ છે. બે ક્રમવર્તીનું અસ્તિત્વ છે. તેનું સ્વરૂપ છે. **નષ્ટ થતી.** પૂર્વની પર્યાયથી નાશ થતી અને નવી પર્યાયથી ઉપજતી તથા ઉત્પન્ન થતી, **એ રીતે એક જ કાળે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી.** જુઓ ધ્રુવને પણ એક અવસ્થા લીધી છે. છે ને 'અવસ્થ' અવ નિશ્ચય સ્થ. વસ્તુ ભગવાન ધ્રુવ અવસ્થા. અવ નિશ્ચયસ્થ. અને ઉત્પાદ વ્યય પણ અવસ્થા પર્યાય છે. ત્રણે અવસ્થાવાળી ચીજ સ્વયં સિદ્ધ છે. તે કોઈ બીજાના સહારાથી છે એવું નથી. સમજાય છે કાંઈ? આહાહા! જુઓ આ અક્ષર લખે છે અક્ષર આ કબીરનું યાદ આવ્યું તમારું. અક્ષર લખે છે ને અક્ષર. અક્ષર સમજો છો ને? તો પહેલી પર્યાય તેમાં ભાષાની ન હતી. અક્ષરની ન હતી. પછી લખવામાં આવ્યું તો અક્ષરની પર્યાય ઉત્પન્ન થઈ. તે ઉત્પન્ન થઈ ઉત્પાદ તે પરમાણુંથી ઉત્પન્ન થઈ છે. કલમથી નહીં, વિકલ્પથી નહીં. તે તો પરમાણું છે અને પરમાણુમાં એક સમયમાં ત્રણ પ્રકાર છે. નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, જુની અવસ્થાનો વ્યય થવો અને ધ્રુવનું કાયમ રહેવું. ત્રણ ગણા, ત્રણ અંશવાળા પરમાણું છે. એ પરમાણુંમાં જે અક્ષરની પર્યાય ઉત્પન્ન થાય છે તે તેના અસ્તિત્વથી છે. અને પૂર્વે અક્ષરની પર્યાય ન હતી બીજી પર્યાય હતી તેનો વ્યય થયો. અને પરમાણુંપણે કાયમ રહ્યા. તો ઉત્પાદવ્યયધ્રુવ ત્રણ અંશવાળી વસ્તુ સિદ્ધ થઈ. તે પોતાથી થઈ છે. બીજા પરમાણુંથી નહીં કે બીજા આત્માથી નહીં. વાત તો સાદી સીધી છે પણ એવી વાત માણસને મગજમાં ઝટ ન ઉતરે. મગજમાં પાછી ગરબડ પાછી ઘુસી જાય.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એવા ન્યાય ને યુકિતથી વાત કરે છે. સમજાય છે કાંઈ? એક જ કાળમાં ત્રણ ગણી. કાળ એક અને ત્રણ અંશ. પરમાણુંમાં અક્ષરની પર્યાય ઉત્પન્ન થઈ આ ભાષા થાય છે જુઓ ભાષા. તો પહેલાં પરમાણું હતા તેમાં ભાષાની પર્યાય ન હતી. પરમાણું સાધારણ વચન વર્ગણા યોગ્ય પરમાણું હતા. પછી બીજા સમયે આ ભાષા થાય છે, તો ઉત્પાદ થયો, અને પહેલે સમયે પરમાણુની પર્યાય હતી તેનો વ્યય થયો. પરમાણુ ધ્રુવ છે. તો એકએક પરમાણુ ત્રણ ગુણવાળા ત્રણ અંશવાળા પોતાથી સિદ્ધ છે. પરથી કોઈ (સિદ્ધ) છે નહીં. સમજાય છે કાંઈ?

**એ ત્રેવડી અવસ્થાને ધરતી** કરતી ત્રણ પર્યાય લીધી ને? ત્રણ ભેદ.**વસ્તુ સત્ત જાણવી.** લ્યો! આ રીતે પદાર્થને સત્ જાણવો. આત્મા પદાર્થ પણ સત્ જાણવો, પરમાણુ પણ સત્ જાણવા, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ બધું સત્ જાણવું. કહો સમજાય છે કે નહીં આમાં? તેથી જ હવે આવ્યું. મુળ મુદ્દા પર આવ્યા. ગાથાનો ભાવ છે તે હવે કહે છે. સમજાય છે કાંઈ?

ગાથામાં જો સત્તા સિદ્ધ કરવી છે તેની વાત હવે કરે છે. પહેલા વસ્તુની સિદ્ધિ કરી, સત્તાવાનને સિદ્ધ કર્યો. હવે તેના સત્તા ગુણની સિદ્ધિ કરે છે. હેં? સત્તા પણ એ. જેવી વસ્તુ છે તેવી તેની સત્તા છે. વસ્તુમાં ઉત્પાદ વ્યય ધ્રુવ છે. તો સત્તામાં પણ ઉત્પાદ વ્યય ધ્રુવ છે. ''ઉત્પાદ વ્યય ધ્રુવયુકતમ સત્ અને સત્ દ્રવ્ય લક્ષણમ્.'' તત્વાર્થસૂત્ર. વાત તો ઘણી સીધી સરળ પણ લોકોને અભ્યાસ નહીં ને? એટલે મહા ગરબડ એમ ઊભી થઈ છે ને? પછી કહે એય સોનગઢવાળા વ્યવહારનો નાશ કરે છે, પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળને હવે તને વ્યવહાર કોને કહેવો તેની તો ખબર નથી.

આ વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર. તો વ્યવહાર તો સ્વભાવની પર્યાય નિર્મળ છે તેનાથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? આત્મા આનંદ સ્વરૂપ (છે). તેવી જ્યાં દૃષ્ટિ થઈ તો પર્યાયમાં આનંદ આવ્યો અને થોડો દુઃખનો વિકલ્પ રહ્યો. આનંદની પર્યાયથી દુઃખનો વિકલ્પ ભિન્ન છે. એક સમયમાં એક પર્યાયના બે ભાગ. ધર્મની પર્યાય આનંદ સ્વરૂપ આત્મા છે તેવી પ્રતીત થઈ (તો) આનંદ તો ત્રિકાળ રહ્યો, પર્યાયમાં જે એકલું દુઃખ હતું તેનો નાશ થઈને આનંદની પર્યાય ઉત્પન્ન થઈ. જ્યારે પૂર્ણ આનંદ ન હોય ત્યારે સિધ્ધ થાય ત્યાં સુધી થોડું દુઃખ છે પણ તે દુઃખ વ્યવહાર છે. તે દુઃખને જાણવાવાળો આત્મા છે પણ દુઃખને પોતાનું માનવાવાળો આત્મા નથી. એવી વાત છે. સમજાય છે કાંઈ?

આંહી તો દુઃખ પોતાનામાં છે એમ માને છે. પણ પોતાનામાં છે તો બે પ્રકાર થયા ને? બે પ્રકાર થયા ને? એક દુઃખનો ઉત્પાદ અને એક આનંદનો ઉત્પાદ. બન્નેનો આધાર તો આત્મા છે. હેં? આહા! ઝીણી વાત છે. પણ આ તો દુઃખની પર્યાય ને આનંદની પર્યાય એક સાથે થઈ. તેમાં દુઃખથી, વ્યવહારથી નિશ્ચય થાય એ ક્યાં રહ્યું. દુઃખ તો આકુળતા, રાગ, વિકલ્પ છે. તો વિકલ્પથી આનંદ થયો તે ક્યાં રહ્યું? હેં? લોકો સત્યના શોધક થઈને સત્ય કેવું છે તેની દરકાર કરતા નથી. પોતાની માનેલી વાતને શાસ્ત્રમાંથી પુષ્ટિ કેવી રીતે મળે? એવું કાઢે છે. પણ શાસ્ત્ર શું કહે છે તેવી દૃષ્ટિ નથી કરતા અને પોતાની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ કરે છે. સમજાય છે કાંઈ? આહાહાહા!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના છે. ચંદ્રનું બહુ આવે છે. ચંદ્રનું. હમણાંય આવ્યું આજે. એણે પણ બિચારાએ કહેવડાવ્યું. હવે મુકને ચંદ્રનું, આત્માનું કર ને હવે? એણેય બિચારાએ કીધું. મોટો લેખ આવ્યો છે. ચંદ્રનું હોય ઈ ખરું આપણે એને મેળવીને (શું કામ છે?) હવે આ પ્રત્યક્ષ છે, થાય છે, આ આત્મા હવે પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ છે, થઈ શકે છે, થાય છે, હોય છે એનું માંડને હવે. ચંદ્રમાં ગયો કે ન ગયો એની ઘરે રહ્યો. પણ એ હજી નક્કી તો કરવા દે, હજી ઘણી વાર જાય પછી શું કરે છે, ક્યાં ગયા છે, ક્યાં નહીં. હજી તો ગયા કેટલીવાર ને ક્યાં જાય છે નક્કી તો કરવા દે. હજી ગયા નથી ને નક્કી કરી દીધું તને? આ ભગવાન આત્મા મહા શીતળ, શીતળ આનંદ સ્વરૂપ ધ્રુવ એમાં દૃષ્ટિ કરતાં એમાં જતા આનંદની દશા થાય, દુઃખની દશા જાય એ તો વસ્તુનું સ્વરૂપ પ્રત્યક્ષ છે. સમજાય છે કાંઈ? અને આનંદના ધામમાં ન જા અને એકલા વિકલ્પના ધામમાં રહે (એ તો) દુઃખ છે. વિકલ્પ એ શુભ અશુભભાવ એ તો દુઃખ છે. આહાહાહા! સમજાય છે કાંઈ? કહે છે કે વસ્તુ સત્ જાણવી. આ કારણે વસ્તુ ત્રણ પ્રકારના અંશવાળી હોવાથી વસ્તુને સત્ કહે છે.

તેથી જ **'સત્તા'પણ**. જો આવ્યું. હવે આવ્યું. મૂળ **'સત્તા સવ્વપયત્થા' 'સત્તા'** પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણા જાણવી. લ્યો ઠીક! ભગવાન આત્મા અને પરમાણું વસ્તુ. એ કાંઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણું એક એક નહીં એ તો ટુકડા કરી કરીને છેલ્લો પરમાણું રહે તે વસ્તુ. તો એ વસ્તુમાં પણ ત્રણ અંશ છે. નવી અવસ્થાનો ઉત્પાદ, જુની અવસ્થાનો વ્યય અને ધ્રુવનું (કાયમ) રહેવું.

તો વસ્તુ જેમ ત્રણ અંશવાળી છે તેમ આત્મા પણ ત્રણ અંશવાળો છે. નવી પર્યાયનું ઉત્પન્ન થવું, જુની (પર્યાય) નો નાશ થવો, ધ્રુવનું રહેવું. તો વસ્તુ જેમ ત્રણ અંશવાળી છે તેમ તેનો સત્તા નામનો ગુણ પણ ત્રણ અંશવાળો છે. ન્યાયથી સ્વતઃ સિદ્ધ છે. સર્વજ્ઞ પરમેશ્વર કોઈ સંપ્રદાય નથી. જૈન ધર્મનો વાળો નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. વિશ્વ ધર્મ એવો છે. સમજાય છે કાંઈ? એટલા માટે સત્તા પણ ઉત્પાદવ્યય અને ધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણવાળી જાણવી.

કેમ? હવે સિદ્ધ કરે છે. પહેલાં વસ્તુ સિદ્ધ કરીને? વસ્તુ ત્રિલક્ષણવાળી છેતો સત્તા પણ ત્રિલક્ષણવાળી છે. આત્મા અને પરમાણું એક એક દ્રવ્ય, જેમ ઉત્પાદવ્યય ને ધ્રુવ લક્ષણવાળી છે તો તેનો સત્તા નામનો ગુણ, ગુણીની સાથે અભેદ છે. તો સત્તા પણ ત્રણ લક્ષણવાળી છે. અસ્તિત્વ ગુણ પણ ત્રણ લક્ષણવાળો છે. સમજાય છે કાંઈ?

જુઓ કેમ? કે ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે. કથંચિત્ હોં! નહીંતર નામ ને લક્ષણ ભિન્ન છે ને? કેમ કે ભાવ તે સત્તા, ભાવવાન તે વસ્તુ. તેનું કથંચિત્ એક સ્વરૂપ છે. જુઓ નીચે એનો અર્થ : સત્તા ભાવ છે વસ્તુ ભાવવાન છે. શું કહ્યું આમાં? શું કીધું? સત્તા નામનો ગુણ છે એ ભાવવાન છે. બરાબર છે ને, હેં? એમ નથી. સત્તા નામનો ગુણ છે તે ભાવવાન નહીં, તે તો ભાવ છે. અને ભાવવાન તો વસ્તુ છે. સમજાણું કાંઈ? આમાં સમજયા વિના હા પાડે તો કાંઈ મેળ ખાય એવું નથી. એ માથુભાઈ!

જે ભાવવાન છે, ભાવવાન છે તે ભાવ છે. અભેદ છે કઈ અપેક્ષાથી? કે તેનો પ્રદેશ જુદો નથી. નામ લક્ષણે ભિન્ન છે. સમજાય છે? પણ તેનો પ્રદેશ તો જો આત્મા છે તેનો સત્તા ગુણ પણ એવો જ છે. પરમાણું છે તો છે. તો તેના પરમાણું ત્રણ લક્ષણવાળા છે, તો તેનો સત્તા નામનો ગુણ પણ ત્રણ લક્ષણવાળો છે.

એમ આત્મા છે તો તેનો જ્ઞાનગુણ છે જ્ઞાનગુણ. આ તો સત્તા સિદ્ધ કરે છે. એટલે આત્મા ઉત્પાદવ્યયધ્રુવવાળા છે તો તેનો જ્ઞાનગુણ પણ ઉત્પાદવ્યયધ્રુવવાળા છે. કેમ જ્ઞાનગુણ ને ગુણી કોઈ ભિન્ન નથી. સમજાય છે કાંઈ? આત્મા છે તે ત્રિલક્ષણવાળો છે. સર્વથા ક્ષણિક હોય તો પ્રવાહરૂપ રહે છે જે ચીજ તે નથી રહેતી. સર્વથા નિત્ય હોય તો વિકાર એટલે કાર્ય નથી રહેતું. તો આત્માનો જ્ઞાનગુણ જેવી રીતે આત્મા સર્વથા ક્ષણિક નહીં સર્વથા નિત્ય નહીં. એવી રીતે આત્માનો જ્ઞાનગુણ આત્માનો જ્ઞાનગુણ જો ત્રિકાળી છે તે સર્વથા નિત્ય નથી અને સર્વથા અનિત્ય નથી. ગુણની અપેક્ષાથી નિત્ય છે અને પર્યાય ઉત્પન્ન થાય છે તે અપેક્ષાથી જ્ઞાનગુણ પણ અનિત્ય છે. સમજાય છે કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કારણ કે, ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે. ભાવ ગુણ અને ભાવવાન ગુણી જુદા નથી હોતા. જેવી રીતે સાકર, સાકર. સાકરમાં મીઠાશની નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જુની અવસ્થાનો નાશ થાય છે અને સાકરપણે કાયમ રહે છે. એમ સાકર જેવો જ તેનો મીઠાશ ગુણ લ્યો. મીઠાશ ગુણ, મીઠાશ, મીઠાશ કહે છે ને? સ્વાદ મીઠાશ ગુણ છે તે પણ કથંચિત્ ધ્રુવ અને કથંચિત્ ઉત્પાદવ્યય છે. સમજાય છે કાંઈ? એ મીઠાશની ઉત્પત્તિ નવી થવી તે ઉત્પાદ છે. જુની મીઠાશનો વ્યય થવો તે અભાવ છે. અને ધ્રુવરૂપ મીઠાશ રહે છે તે નિત્ય છે.

તો સાકરનો જેમ ઉત્પાદ્વ્યયધ્રુવ ત્રણ છે તેમ સાકરના ગુણનો પણ ઉત્પાદ્વ્યયધ્રુવ ત્રણ છે. ભાષા તો સાદી આવે છે તેમાં કાંઈ ન સમજાય એવું નથી, છે તો ભાવ ઊંચા. સમજાય છે કાંઈ? પણ માણસને એવું થઈ જાય આવું આ ઝીણું ઝીણું ઝીણું. પણ ઝીણો તું છો ને પરમાણુંય ઝીણો છે. વસ્તુ ઝીણી છે. ઈન્દ્રિયાતીત વસ્તુ છે. ઈન્દ્રિયથી પરમાણું જાણવામાં આવે છે? ઈન્દ્રિયથી આત્મા જાણવામાં આવે છે? ચીજ ભિન્ન છે. તો અહીં કહે છે કે હજી વસ્તુ કેવી છે તેની ખબર નથી ધરમ શું છે? કયાં કરશે?સમજાય છે કાંઈ? ધરમ તો વીતરાગી પર્યાય છે.

એ ધરમ વીતરાગી દશા છે. તો વીતરાગી દશા પોતાથી પોતાનામાં થાય છે અને રાગ ને અજ્ઞાન દશા પોતાનામાં હતી તેનો વ્યય થાય છે, નાશ થાય છે. કોઈ પરને કારણે નહીં. આટલા અપવાસ કર્યા, આટલું આ કર્યું તો અજ્ઞાનનો નાશ થયો એવું છે નહીં. સમજાય છે કાંઈ? એ તો પરની ક્રિયા થઈ તેમાં અજ્ઞાનનો નાશ કયાં આવ્યો?

અજ્ઞાનનો નાશ, જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ધ્રુવ તેના ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યક્જ્ઞાન ધર્મની ઉત્પત્તિ થાય છે અને અજ્ઞાન અધર્મનો નાશ થાય છે. એ તો પોતાને કારણે છે કોઈ પરને કારણે છે? છે જ નહીં. સમજાય છે કાંઈ? વિકલ્પ જો છે શુભ-અશુભ રાગ તે તો અધર્મ છે. તો અધર્મનો નાશ કરવો છે તો તેણે કયાં દૃષ્ટિ કરવી? જેમાં આનંદ ભર્યો છે, સુખ ભર્યું છે, ધરમ છે, ''વસ્તુ સહાવો ધમ્મો'' વસ્તુનો સ્વભાવ જો કાયમ આનંદ જ્ઞાનાદિ છે તેમાં દૃષ્ટિ દેવાથી અધર્મનો નાશ થશે, ધર્મની ઉત્પત્તિ થશે, ધ્રુવ તો કાયમ રહેશે. આહાહા! સમજાય છે કાંઈ?

આ સમજે ને તો આ ઝઘડા વ્યવહાર નિશ્ચયના, નિમિત્ત ઉપાદાનના ને ક્રમબદ્ધના બધા મટી જાય. મોટા ઝઘડા ઊભા થયા છે. આ અમે લખ્યું છે, લ્યો એમ ને એમ થઈ જતું હશે? ઈ સ્થાનકવાસી સાધુ છે ને? આ નાનાલાલજી છે ને? અત્યારે. મારવાડના નહીં? નાનાલાલજી. ત્યાં એવું લખ્યું છે પત્રમાં. લ્યો ભુખ લાગી છે તો આહાર અહીં બેઠા બેઠા જ આવી જાશે. લ્યો? અરે ભગવાન! આમાં છે હો એ. એવી વાત એણે કરી. નિત્ય નિત્યનું કાંઈક છે હોં? શું છે?

પુરુષાર્થ, પુરુષાર્થ પુરુષાર્થ. પુરુષાર્થના, આઠ પાના છે ને? આ લખ્યું. પુરુષાર્થ કરે તો પૈસા ને

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધું મળે ને? બહુ સ્થુળ ઘણું સ્થુળ. વીતરાગ ભગવાને આ માર્ગને એ જ બતાવ્યો છે. નીતિકાર પણ કહે છે, એમ કહીને નાખ્યું છે એણે. નીતિકારનું શું ભાન છે કાંઇ? નીતિકારોએ લખ્યું છે. પોતાની શકિતનો વીતરાગ પ્રભુની આજ્ઞા પુરુષાર્થથી મોડી, આવ્યું હતું આજ એકત્રીસ પાનું કયાં આવ્યું?

જુઓ, તમે પણ પુરુષાર્થના બળથી જીવો છો. જો તમે પુરુષાર્થ નહીં કરો તો તમારું જીવન ટકી નહીં શકે. તમે જો એમ વિચારીને બેસી જાશો કે ભોજન પણ થવાનું હશે તો થઇ જાશે. બેસો, એક ઠેકાણે બેસી જાઓ અને પછી જુઓ કે તમારું ભોજન એમ ને એમ થઇ જાય છે કે નહીં? આવું ને આવું છે ગપ. તો પરમાણું તો આવવાવાળા છે તે જ આવે છે એના કારણે. લોકો પણ નથી કહેતા? ''દાને દાને પે લીખા હૈ ખાનેવાલે કા નામ.'' ભૈયાજી! ઓલું નથી? હિન્દીમાં છે? કે દાને દાને પે ખાનેવાલા કા નામ હૈ. તેનો અર્થ શું? જો દાણા આવવાવાળા છે તે આવશે તે તારાથી નહીં આવે. તારા પુરુષાર્થથી આવે, એ આંહી એમ કહે છે જુઓ.

આવે છે શું કદાચિત નોકર ચાકરને ભોજન તમારી સામે લાવીને રાખી દીધા છે સમજયા ને? ઓલું લખવું જોઇએ. સમજયા ને? આપ હાથથી પુરુષાર્થ નહીં કરો તો ભોજન થઇ જાશે શું? હાથથી પુરુષાર્થ કરશે.આ હાથ આત્મા કરી શકે છે આવો? (મુમુક્ષુ :- આ સત્તાનું અજ્ઞાન છે) આ સત્તાનું અજ્ઞાન છે. માની લ્યો કે તમારી માતાએ કોળીયો ઉઠાવીને તમારા મોઢામાં આપ્યો. ચાલો! દેવાની કોશીશ કરી પણ આપે મોઢું ખોલ્યું જ નહીં. મોઢું ખોલ્યું નહીં તો મોઢાએ પુરુષાર્થ ન કર્યો તો તે ભોજન શું તમારા પેટમાં આવી જશે શું? આવા ને આવા સાધુ નામ ધરાવે ને વસ્તુની કાંઇ ભાન ન મળે. મિથ્યાત્વનું પોષણ છે. સમજાય છે કાંઇ?

એ તો અસ્તિત્વ જડનું છે પરમાણું. આવવું જાવું ખાવાની ક્રિયા એ તો બધી જડની ક્રિયા કરે છે. આત્મા કાંઇ કરતો નથી. આત્મામાં વિકલ્પ થાય છે. પણ એ ખાવા પીવાની ક્રિયા તો જડની પર્યાય છે. એ ઉત્પાદ્‌વ્યયધ્રુવ પોતાની સત્તાથી થાય છે. શું આત્માની સત્તાથી એમાં આવવું જાવું થાય છે? સમજાય છે કાંઇ?

પેટમાં ખૂંચે જે થવાનું છે તે થઇ જાશે. પેટમાં પણ ચાલ્યું ગયું પેટ એ વિચારે કે થવાનું છે તે થઇ જાશે. તો હું ખલભાગને રસભાગ અલગ અલગ શું કામ કરું? આપ બધા રહો અને ઊઠો નહીં અને એમ વિચારો કે અમે શા માટે ઉઠીએ? જે થવાનું હશે તે થઇ જાશે. ઠીક. અરે ભગવાન! અને નામ છે શ્રવણોપાસકનું. અરે ભગવાન! તને ખબર નથી. સ્થાનકવાસી છે. અહીં તો કહે છે કે એક એક પરમાણુમાં પોતાથી વસ્તુની ધ્રુવતા અને નવી નવી અવસ્થાનું આવવું જાવું તેનો ઉત્પાદ્ છે. આત્મા બિલકુલ પરની સત્તામાં કાંઇ કરી શકતો નથી. એવી સત્તાની જેને ખબર નથી તેને ધર્મની બિલકુલ ખબર નથી. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૧૨, ગાથા- ૮
## પ્રવચન નં. ૧૧
## તા.૨૫/૧૧/૬૯, કારતક વદ-૨, મંગળવાર

આ પંચાસ્તિકાય, ષટ્દ્રવ્યનું સ્વરૂપ. આ જગતમાં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે છ વસ્તુ જોઈ છે. જાતિએ છ, સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુંઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આકાશ. એ બધા સત્તા સ્વરૂપ છે એમ સિધ્ધ કરે છે. પહેલી વસ્તુને સિધ્ધ કરી. વસ્તુ પોતે દરેક ઉત્પાદ્વ્યયધ્રુવ લક્ષણવાળી છે. કહો સમજાણું? દરેક આત્મા દરેક પરમાણું એકએક સમયમાં એક સમય, એક સેકન્ડનો અસંખ્યમો ભાગ. જેના બે ભાગ કાળના ન પડે. એવા એક સમયમાં દરેક આત્મા ને પરમાણું નવી અવસ્થાએ ઊપજે, પૂર્વની અવસ્થાથી વ્યય અને પોતાની જાતને ધ્રુવપણે જાળવી રાખે. એવું એનું સ્વરૂપ છે. કહો સમજાણું આમાં?

એથી આ આત્મા પર પરમાણું આદિની કોઈ પર્યાયને કરે (એમ બનતું નથી) કારણ કે તેના અસ્તિત્વમાં એ નથી એટલે પરના અસ્તિત્વને આત્મા કરે એમ બનતું નથી. આ ખાવા પીવાની ક્રિયા આત્મા કરે એમ બનતું નથી એમ કહે છે. એ તો એક એક પરમાણું ખાવા પીવાના જે રજકણો છે પરમાણુંઓ, એમાં એક એક પરમાણું નવી અવસ્થાએ ઊપજે, જુની વ્યય થાય અને ધ્રુવ રહે, પોતાના અસ્તિત્વની સત્તામાં એ પરમાણું છે. એ સત્તા પરસત્તાની અપેક્ષા રાખતું નથી. સમજાણું કાંઈ?

પરમાણુંમાં પણ ઉત્પાદ્વ્યય થવામાં બીજા આત્માની કે બીજા પરમાણુંની એ અપેક્ષા રાખતું નથી. કારણ કે સ્વયં સિધ્ધ પોતે ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ લક્ષણવાળી ચીજ છે. આ જો સમજે તો બધા ઝઘડા નીકળી જાય. આમ બોલે અજીવને જીવ માને તો મિથ્યાત્વ. આવે છે ને? હેં? પચીસ બોલમાં આવે છે. અજીવમાં આવે છે ને? અજીવમાં જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ, 'કુ'સાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને 'કુ'સાધુ માને તો મિથ્યાત્વ. એવા પચીસ બોલ આવે છે. ગડીયો હાંકે. પાછો એમ કહે કે પરમાણુંની ખાવા પીવાની ક્રિયા આત્મા કરે.

એક અજીવની ક્રિયા આત્મા કરે તો જીવને અજીવ માન્યો. સમજાણું કાંઈ? આમાં આવતું હશે કે નહીં આમાં? (મુમુક્ષુ :- એકમાં બીજું શું કરી શકે?) કરી ન શકે કેમ? દેખાય છે જુઓ હાથ ઊંચો કરાય, ભાષા બોલાય કહે છે કે તને ખબર નથી. એ અનંત પરમાણુંઓ આ આંગડીના અનંત રજકણો છે અસ્તિ તરીકે, એમાં સમય સમયની એની ત્રણ અવસ્થાઓ થાય. ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ ત્રણ અવસ્થા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નામ એના અંશો એક સમયમાં ત્રણ છે. એના હોવાપણામાં આત્માના હોવાપણાને લઈને કાંઈ થાય એમ નથી. સમજાણું કાંઈ? આહાહાહા!

કહે છે કે, વસ્તુ આત્મા અને પરમાણું, એ આ ચાર અરૂપી છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. પણ આ બે ના જ વાંધા છે ને મૂળ તો? વાંધા બેના. સમજાણું? અમે આ પૈસા ખર્ચ્યા, અમે પૈસા વાપરી શકીએ છીએ. કહે છે કે મિથ્યાત્વ ભાવ છે એમ કહે છે. એય ભગવાનજીભાઈ! કેમ કે પૈસા છે તે અનંત પરમાણુંનો એક પુંજ તત્ત્વ છે. સ્કંધ. તો એ અનંત પરમાણુનો સ્કંધ છે તેમાં સમયે સમયે દરેક પરમાણું ભિન્ન ભિન્ન રહીને સ્કંધમાં પણ, નવી નવી અવસ્થાથી રૂપાંતર થાવું, ક્ષેત્રાંતર થાવું, રૂપાંતર થાવું એવો એનો ઉત્પાદ્, વ્યય ને ધ્રુવનો એનો પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એને ઠેકાણે એમ માને કે મેં આ પૈસા કોઈકને દીધા, બીજા જીવની મેં દયા પાળી. તો કહે છે કે બીજો જીવ છે એનામાં એ ઉત્પાદ્વ્યયધ્રુવ થાય છે? એના રજકણોમાં એ ઉત્પાદ્વ્યયધ્રુવ થાય છે. બીજા જીવ કહે કે મેં એની દયા પાળી એનો અર્થ કે એના ઉત્પાદ્ની પર્યાયને મેં કરી. એ મિથ્યાત્વ દૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ છે. એને સ્વસત્તા ને પરસત્તા ભિન્ન છે એનું એને ભાન નથી.

આ વકીલો તો પણ બરાબર ત્યાં કોર્ટમાં કાયદા પ્રમાણે કરતા હશે કે નહીં? બોલતા હશે કે નહીં? રામજીભાઈ નહીં બોલેલા તે દિ’. મુંગુ રહેવાય? કોર્ટમાં જાય ને મુંગુ રહેવાય? હેં? પૈસો એને કારણે આવે મળે કયાંથી ધૂળ? આંહી તો પૈસો એ અનંતા પરમાણુંનો પુંજ છે. એ પૈસાના એકએક રજકણમાં ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ દ્રવ્યનો સ્વભાવ છે. એ તો અહીં સિધ્ધ કરવું છે. પૈસાને અહિંયા આવવું એ એના ઉત્પાદની પર્યાયથી આંહી આવે છે. બીજાના વિકલ્પથી ને સાક્ષી કરીને ફલાણું કર્યું, શું કહેવાય કોર્ટમાં? આમ એને લઈને પૈસા આવે છે એ વાતમાં માલ નથી. એમ છે કહે છે આંહી. સમજાણું કાંઈ? જુઓ કહે છે. કે દરેક આત્મા ને એકએક પરમાણું પ્રત્યેકમાં એક સમયમાં ત્રેવડી વસ્તુ છે એ. ત્રેવડી આવ્યું ને આમાં? કાલ તો આપણે ત્રિઅંશી હતું. હિન્દી હતું ને કાલ તો? કાલ હિન્દી હતું. ત્રેવડી અંશવાળી વસ્તુ જ છે એ, એમ કહે છે. છે? **પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી વસ્તુ સત્ જાણવી.** આ તો મહા સિધ્ધાંત છે. સમજાય છે કાંઈ?

એક એક પરમાણું આનો છેલ્લો કટકો એમાં એણે ત્રણ અંશવાળી વસ્તુ જાણવી. એના ત્રણ અંશમાં બીજાને કારણે અંશ સત્તા થાય એવું વસ્તુમાં નથી. કેમકે વસ્તુ પોતે ત્રેવડી ત્રણ અંશવાળી છે. હવે ત્રણ અંશમાં કયો અંશ બીજો આપે? સમજાણું કાંઈ? એમ કર્મનો ઉદય અનંતા રજકણોના વિપાકનો એક કર્મનો ભાગ છે.

એ પણ સમયે સમયે ત્રણ અંશવાળા એ પરમાણુંઓ છે. એ આત્માને રાગ કરાવે કે આત્માને જ્ઞાન કરાવે, આત્માનો ઉત્પાદ ને જ્ઞાનનો ઉત્પાદ ને પૂર્વની અવસ્થાનો વ્યય ને ધ્રુવ એ તો આત્માના ત્રણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંશવાળી આત્મા ચીજ છે. એને પરને લઈને ત્રણ અંશમાં કોઈ અંશ થાય એવું છે નહીં. તો કર્મને લઈને વિકાર થાય એ આવે છે કઈ અપેક્ષાએ? વિકાર એનો કાયમી સ્વભાવ નથી એટલું જણાવવા કર્મનું નિમિત્ત છે તેને લક્ષે થયેલો, પણ થયો છે તેના અસ્તિત્વમાં. જીવના અસ્તિત્વમાં. નહીં કે પરમાણુંના અસ્તિત્વમાં કે પરમાણુંના અસ્તિત્વને લઈને આંહી અસ્તિત્વ આવ્યું છે, એમ નથી. વસ્તુ એવી છે. આ રીતે ન હોય તો કોઈ વસ્તુ સાબિત થાય જ નહીં. સમજાય છે કાંઈ? કહે છે કે પરમાર્થે દરેક વસ્તુ ત્રણ અંશવાળી અવસ્થાને ધરતી વસ્તુ સત્ જાણવી. ત્યારે તે સત્ છે એમ. એના સત્‌ના ત્રણે અંશમાં કોઈપણ અંશ પરને લઈને થાય તો એ ત્રણ અંશવાળી સત્તા સિદ્ધ થતી નથી. મિથ્યાદર્શન, મિથ્યા, વિપરીત માન્યતા થાય છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે એમ ન માનતા વિપરીત માને તો મિથ્યાત્વનું મહા પાપ છે. આહાહા! સમજાણું કાંઈ?

પર જીવની દયાનો ભાવ વિકલ્પ ઉઠયો પણ એ વિકલ્પ ઉઠયો છે માટે ત્યાં દયા પળી છે એમ નથી. અને ત્યાં દયા પળવાની છે માટે આંહી વિકલ્પ ઊઠે છે એમ નથી. કેમ કે, દરેક વસ્તુ પોતાના ત્રણ અંશની સત્તા રાખે છે. જે ભાવ આવ્યો વિકલ્પ એ એનો ઉત્પાદનો અંશ હતો. પહેલાનો વ્યય થયો એનો ઉત્પાદ થયો ને ધ્રુવપણે કાયમ છે. એટલે ઉત્પાદના અંશને લઈને ત્યાં દયા પળી એમ માનવું એ તો બે દ્રવ્યની એકતાબુદ્ધિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને એ ઉત્પાદ રાગનો થયો એ ધર્મ છે, શુદ્ધ છે, સંવર નિર્જરા છે, ધર્મ છે એમ માનવું એ પણ અજ્ઞાન મિથ્યાત્વ છે. આહા! સમજાણું કાંઈ?

**કહે છે તેથી જ 'સત્તા' પણ** એમ. વસ્તુ ભગવાનઆત્મા અનંત છે. નિગોદના ને સિદ્ધના આદિ શરીર. નિગોદના જીવ એક શરીરમાં અનંતા પણ એ એકએક જીવ ત્રણ અંશવાળી સત્તાથી ટકેલું તત્વ છે. કોઈ અંદર બીજો જીવ છે એને લઈને નહીં, આયુષ્યને લઈને નહીં, શ્વાસને લઈને નહીં. શ્વાસની ક્રિયા શ્વાસને લઈને, આત્માની ક્રિયા આત્માને લઈને (છે.) સમજાણું કાંઈ?

**તેથી 'સત્તા' પણ ઉત્પાદ્‌વ્યયધ્રુવ સ્વરૂપ જાણવી.** કેમ કે વસ્તુ આત્મા અને પરમાણુંઓ પોતે જયારે ત્રણ લક્ષણવાળું સિદ્ધ થાય છે તો એનો જે 'સત્તા' નામનો ગુણ છે તે પણ ત્રણ લક્ષણવાળો જ સિદ્ધ થાય છે. આ તો તત્ત્વની વસ્તુ છે ભાઈ, આ કાંઈ પરાણે ઘસડી મચડીને બેસાડવું ને માની બેસે એ કાંઈ એવી ચીજ નથી. સવારમાં આવ્યું નહોતું? સમ્યગ્દષ્ટિ જીવ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે, એમાં રાગપણાને લીધે આવ્યું હતું? ધર્મીની દષ્ટિ જ્ઞાયકભાવ એકલો જ્ઞાયકભાવ જ્ઞાયકભાવ જ્ઞાયકભાવ છું એ છે. એ જ્ઞાયકભાવમયપણાને કારણે જ્ઞાનીને એની પર્યાયમાં રાગાદિ નથી. એ રાગથી ભેદ કર્યો. આંહી તો એકલો પરથી ભેદ કરવો છે. સમજાણું કાંઈ? આંહી તો પરથી ભેદ કરાવે છે. અને ન્યાં તો પછી પરથી તો ખરો પણ રાગથી પણ ભિન્ન છે. સમજાણું કાંઈ?

અહીંયા જે સાબિત કરવું છે. એક એક આત્મા ભલે મિથ્યાત્વભાવને ઉત્પન્ન કરે અને પહેલો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મિથ્યાત્વભાવ હતો એનો વ્યય થાય, બીજો ઉત્પાદ થાય અને ધ્રુવપણે કાયમ રહે. એના શ્રદ્ધા ગુણ આદિ તત્ત્વથી. એ ત્રણ અંશવાળી જ એ ચીજ છે. એટલે એના મિથ્યાત્વભાવને કર્મનો ઉદય તેના મિથ્યાત્વભાવના અંશને કરાવે? ક્યાંય મિથ્યાત્વનો અંશ થયો તેથી પરમાણુંને કર્મરૂપે થવું પડયું એમ નથી. ઝીણું છે. રમણીકભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

એ પરમાણુંમાં પણ તે સમયે કર્મની અવસ્થાના ઉત્પાદનો અંશ થયો અને પૂર્વે પરમાણુંની જે કર્મ અવસ્થા નહોતી તેનો વ્યય થયો અને થયા ને પરમાણું કાયમ રહ્યા. એ વસ્તુ ત્રેવડી પરમાણું પોતે છે. આત્માને લઈને એમાં કર્મની અવસ્થા થઈ એમ છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! આંહીથી જીવ સ્વર્ગમાં જાય તો ત્યાં પણ ક્ષણે ક્ષણે સમયની પોતાની નવી પર્યાયનો ઉત્પાદ, જૂનીનો વ્યય ને ધ્રુવ ત્રેવડી વસ્તુ છે. એને કર્મ આંહીથી સ્વર્ગમાં લઈ જાય છે એમ નથી. રાખતાય નથી ને લઈ જતાંય નથી ને ટાળતાય નથી. એ તો એની પર્યાય(માં છે) કર્મ કર્મની પર્યાયમાં ને જીવ જીવની પર્યાયમાં છે. એમ કહે છે. આયુષ્યનો ઉદય છે માટે ત્યાં જીવને શરીરમાં રહેવું પડે છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? ઠીક કર્યું છે.

કર્મ તો એની પર્યાયમાં એની અવસ્થામાં છે. આંહી અવસ્થામાં છે? પણ એની અવસ્થામાં હૈયાતીથી આંહી અવસ્થાની હૈયાતી છે? એકના સત્‌ના અંશે બીજાના સત્‌નો અંશ છે? ભિન્ન ભિન્ન છે. શું થાય? આખું જગત આખું તત્ત્વ જ ફેરવી નાખ્યું છે. દૃષ્ટિના વિપર્યાસમાં પછી બધું ઘૂંટયા ઘૂંટ કરે. મિથ્યાત્વની ભૂમિકામાં પછી ઝેરને ઘૂંટે. આ રાગને એકાકાર કરે. આ વ્રત પાળ્યા ને ભકિત કરી ને પૂજા કરી ને દાન કર્યા ને એ મિથ્યાત્વભાવ છે, એને ત્યાં એકાગ્રતાથી વિશેષ ઘૂંટે છે. સમજાણું કાંઈ?

કારણ કે એની દૃષ્ટિ તો પર ઉપર છે. પરને લઈને આમ થયું અથવા મારે લઈને એમાં થયું તદ્‌ન વસ્તુ એક સત્‌ને બીજા સત્‌નો સહારો માન્યો એમ છે નહીં. લ્યો! સમજાણું કાંઈ? લ્યો સિદ્ધ ભગવાન પોતે ત્યાં રહ્યા એ પોતાની ઉત્પાદ પર્યાયથી ત્યાં રહ્યા છે. આગળ ગયા નથી માટે ધર્માસ્તિનું તત્ત્વ નથી માટે ગયા નથી એમ નથી. આમાં આવ્યું છે? એમાં આવે છે. એય! એણે તો લખ્યું છે બધું. તમને કેમ છે આ?

સિદ્ધ ભગવાન આત્માની પવિત્ર પૂર્ણ દશા પ્રગટ થઈ. હવે એ સિદ્ધ ભગવાન લોકને અંતે બિરાજે છે. કારણ કે હવે એ સિદ્ધ થઈ ગયા. હવે એ આઘે જઈ શકતા નથી માટે ધર્માસ્તિકાય તત્વનો અભાવ છે માટે આઘે જઈ શકતા નથી, એમ નથી. એ તો નિમિત્તનું કથન બતાવે છે કે આ ઓલું નિમિત્ત નથી. પણ આ ઉપાદાનમાં પણ તે સમયની તેની તે ક્ષેત્રે તે પ્રકારની ઉત્પત્તિ ને વ્યય ને ધ્રુવની ત્રિવાળી વસ્તુ પોતાથી છે. આહાહા! સિદ્ધ ભગવાનને પણ કેવળજ્ઞાનનો પર્યાય જે છે એ જે સમયે ઉત્પન્ન થયો, એ બીજે સમયે તેનો વ્યય થાય છે અને બીજે સમયે નવો કેવળજ્ઞાનનો પર્યાય થાય છે. અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગુણપણે કાયમ. આંહી સત્તાપણે કાયમ સત્તાના ત્રણ અંશ લેવા છે ને? જેમ વસ્તુના ત્રણ અંશ છે તેમ તેના ગુણના પણ ત્રણ અંશ છે. આંહી સત્તા સાથે ત્રણ અંશ મેળવે છે. સમજાણું કાંઈ? આત્મામાં ચાર જ્ઞાનની પર્યાય ઉત્પાદપણે હતી અને તેનો વ્યય થઈ અને કેવળજ્ઞાનની પર્યાય થઈ. એ ઉત્પાદ ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય ને જ્ઞાનગુણપણે ધ્રુવ. જ્ઞાનગુણપણે એ ગુણ જ ત્રણ અંશવાળો છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આત્મા વસ્તુ તેનો જ્ઞાનગુણ શક્તિ, એ ત્રણ અંશવાળી ચીજ છે. જેમ વસ્તુ ત્રણ અંશવાળી છે એમ એની શક્તિનો ગુણ પણ ત્રણ અંશવાળો જ છે. સમજાણું કાંઈ?

માળું આવું શું ધરમનું એ કરતાં તો અપવાસ કરવો કે વ્રત પાળવા કે સાધુ થઈ જાવ લુગડા છોડીને હવે. મરી જા ને ત્યાં બહાર સાધુ કોણ હજી સાધુ (કોને કહેવા?) અપવાસમાં ભ્રમણા થાય છે એને. ભ્રમણા થાય છે કે મને કાંઈક ધર્મ થાય છે. છે વિકલ્પ. આહારનું નહીં આવવું તેના ઉપવાસને લઈને ત્યાં નથી આવ્યો અને એણે એમ માન્યું કે મેં આહારના ત્યાગનો વિકલ્પ કર્યો માટે ત્યાં આહાર આવ્યો નથી. એટલે સામાની સત્તાનો ઉત્પાદ ન થયો એ મારે કારણે ન થયો. સમજાણું કાંઈ? મેં આજે આહારનો ત્યાગ કર્યો વિકલ્પમાં આહાર નહીં. એવો વિકલ્પ થયો, હવે એ એક શુભ રાગ છે. એથી આહાર ન આવ્યો એને કારણે ન આવ્યો એ વાત તદ્દન જુઠી છે.

અંતરાય કર્મ શું કરે? અંતરાય કર્મે એણે આ બાંધ્યું. અંતરાય કર્મ એને ઘરે રહ્યો. એ તો નિમિત્તથી કથન છે. બાકી ત્યાં આહાર તે પ્રકારે આવવાનો હતો જ નહીં. અને આંહી વિકલ્પ થયો અને એમ માન્યું કે મેં વિકલ્પ કર્યો આહારના ત્યાગનો, માટે મેં આહાર ખાધો નહીં. એ મિથ્યાત્વભાવ છે. ભારે કામ ભાઈ! આ જયાં હોય ત્યાં મિથ્યાત્વ જ લાકડું હશે? મિથ્યાત્વ એ બાદશાહ છે. બાદશાહ અનાદિનું જયાં હોય ત્યાં ચોંટેલું છે. આહાહા!

તત્ત્વને અતત્ત્વ માને,અતત્ત્વને તત્ત્વ માને એક અવસ્થાની ઉત્પત્તિ પોતાથી (થઈ) તેને પરને લઈને (થઈ એમ ) માને, પરની ઉત્પત્તિ મારે લઈને માને, એ મહા બે દ્રવ્યની એકતાનો મિથ્યાત્વભાવ છે ભાઈ! એના જેવું પાપ કોઈ (છે નહીં). લોકોને આમ હિંસાની ક્રિયા દેખે, ત્યાં દયાની ક્રિયાને દેખે, તો એમ થાય કે હાં આ કાંઈક કરે છે. આ મિથ્યાત્વભાવ સેવે છે તેની તને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, એથી સત્તા પણ ઉત્પાદ્‌વ્યયધ્રુવ સ્વરૂપ ત્રિલક્ષણ જાણવી. એથી એટલે શું? એય શું? દ્રવ્યનું કીધું, દ્રવ્યનું કીધું પર્યાયનું નહીં. પહેલાં દ્રવ્યનું કીધું એ રીતે સત્તાનું પણ ઉત્પાદવ્યયધ્રુવ સ્વરૂપ જાણવું. જેવી વસ્તુની નવી અવસ્થા ઉપજે એ એક સમયમાં ત્રણ અંશવાળી વસ્તુ કીધી. એવી રીતે તેના સત્તા નામના ગુણમાં પણ ત્રણ અંશવાળી સત્તા જાણવી. આહાહા! કેટલું સ્પષ્ટ કર્યું છે. ઓહોહો! સંતોએ જંગલમાં રહીને...... આ ગુજરાતી કેટલું કર્યું છે. જુઓને, આ ભાઈએ કર્યું છે હિંમતભાઈએ. આહાહા! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરે ભાઈ! દરેક પદાર્થનો એક એક અંશ એને આંહી અવાંતર સત્તા કહેશે. અને બધું થઈને મહાસત્તા કહેશે. કેવી કથનની પદ્ધતિ તો જુઓ! વસ્તુનું વસ્તુપણું એકરૂપ અને અનેકરૂપ એ રીતે સિદ્ધ કરે છે. સત્તા નામનો ગુણ છે એ ગુણ છે તે એકરૂપ છે. પણ એના પેટાભેદ ગણો તો ત્રણે અંશ અવાંતર સત્તા છે. ઉત્પાદ ઉત્પાદને કારણે, વ્યય વ્યયને કારણે, ધ્રુવ ધ્રુવને કારણે.

આખી સત્તાને મહાસત્તા કહીએ, તો એકએક અંશને પેટાભેદ અવાંતર સત્તા કહીએ. જરી આ તો તત્ત્વનો વિષય છે એવો કે, જરી એને ધ્યાન રાખીને સમજે તો સમજાય એવું છે. એનો ગોટો ઊંધો ઉલટો ક્યાં છે એની એને અનાદિથી ખબર પડી નથી. ભગવાનઆત્મા તો જ્ઞાયકભાવ છે. એ જ્ઞાયકભાવપણાની દૃષ્ટિને લઈને એમાં જ્ઞાન ને આનંદની પર્યાયનો ઉત્પાદ થાય, જુની પર્યાયનો વ્યય થાય, ધ્રુવપણે કાયમ રહે. એમ આત્મા એમાં જેવા આત્માના ત્રણ અંશ લીધા, એવા જ આનંદના ત્રણ અંશ લેવા. આંહી સત્તાના લેશે એમ આનંદના લેવા. કે આત્મા વસ્તુ છે એની પણ જયારે ત્રેવડી ત્રણ અંશવાળી ગણી તો એનો આનંદ નામનો જે ગુણ છે તે પણ ત્રણ અંશવાળો છે. સમજાણું કાંઈ?

એક આનંદની પર્યાયપણે ઉત્પન્ન થયો. જુના આનંદની પર્યાય અથવા દુઃખની પર્યાયનો નાશ થયો. અને આનંદ ગુણથી કાયમપણે તે ધ્રુવ રહ્યો. એક આનંદના પણ ત્રણ અંશવાળી ચીજ ગણવામાં આવી. આહાહાહા! આમાં સમજાય છે કે નહીં? એય! માથુરભાઈ! આ તો બધી સાદી ભાષાની વાત છે. આમાં કાંઈ મોટા સંસ્કૃત વ્યાકરણનું કાંઈ ભણ્યા હોય તો સમજાય એવું કાંઈ છે નહીં આમાં. આહાહા!

એમ સત્તા પણ વસ્તુ જેમ કહી, એમ ઉત્પાદવ્યયધ્રુવ સ્વરૂપ સત્તા જાણવી. અસ્તિત્વ નામનો જે ગુણ છે જીવમાં કે પરમાણુંમાં અસ્તિત્વ ગુણ. પહેલો જ ગુણ શીખવે છે ને અસ્તિત્વ સત્તા. ઓલામાં નહીં? જૈન સિદ્ધાંત પ્રવેશીકામાં. સામાન્ય ગુણ છ દરેક દ્રવ્યમાં હોય. અસ્તિત્વ ગુણને કારણે જીવ નવો ઉત્પન્ન થાય નહીં, નાશ થાય નહીં, પરની આશા રાખે નહીં. પરની અપેક્ષા ન રાખે એમ. પોતાના હોવાપણા માટે પરની અપેક્ષા રાખતું નથી.

એટલે કહે છે કે જેમ વસ્તુ તેમ સત્તા પણ ઉત્પાદવ્યયધ્રુવ ત્રિલક્ષણવાળી જાણવી. **કારણ કે ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે.** ભાવ જે સત્તા અને ભાવવાન એટલે સતાવાન દ્રવ્ય. તેનું કથંચિત્ એક સ્વરૂપ છે. કારણ કે ભાવના લક્ષણ, નામ, પ્રયોજન ફેર છે. ભાવવાનનું લક્ષણ, પ્રયોજન ફેર છે એ અપેક્ષાએ. કથંચિત્ એક સ્વરૂપ હોય છે. સર્વથા એક સ્વરૂપ નહીં. સમજાણું કાંઈ આમાં?

જેમ આ આત્મા છે સર્વજ્ઞ સ્વરૂપી ભગવાન આત્મા છે. હવે જયારે એ છે તો એના ત્રણ અંશો જ્ઞાનના પડયા. નવી અવસ્થા જ્ઞાનની ઊપજે, સમયે સમયે ઊપજે છે. સમયે સમયે ન ઊપજે તો બે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમયે ઊપજે તો એ એનું કારણ છે. નાનામાં નાના કાળમાં નવી અવસ્થા થાય પોતાથી, જૂની અવસ્થા જાય પોતાથી, સદશપણું કાયમ રહે પોતાથી, એવો જે જ્ઞાનનો સ્વભાવ છે અથવા દ્રવ્યનો સ્વભાવ છે, એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એવો એની સત્તાનો સ્વભાવ છે. આહાહા! **એ વળી તે (સત્તા) એક છે.**

હવે આંહી આ ગાથા છે ને સત્તા 'ભંગોત્પાદધ્રૌવ્યાત્મિકા' એ છેલ્લો શબ્દ છે એકા. જેવી વસ્તુ છે આત્મા ને પરમાણું ઉત્પાદવ્યય ને ધ્રુવ ત્રણ અંશવાળી એવી જ એની સત્તા ઉત્પાદવ્યયધ્રુવવાળી છે. એમ સત્તાની હારે બીજા પદનું પહેલું વાકય કીધું. હવે એનું વાકય કીધું સત્તા એકા છેલ્લું વાકય હવે. **એ સત્તા 'એક' છે. 'એક છે.' કારણ કે ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુવિસ્તારનું સાદશ્ય સૂચવે છે.** બધું છે, 'છે', ઉત્પાદ છે, વ્યય છે, ધ્રુવ છે, બધું છે. એ બધું છે ને એકરૂપે સત્તા સંગ્રહનયે એક સત્તા કહેવામાં આવે છે. એક કહેતાં 'છે' 'છે' ની અપેક્ષાએ. સમજાણું કાંઈ? કાંઈ બધું એક થઈ જતું નથી.

પણ છે. 'આત્મા છે.' એનું ધ્રુવપણું છે, એના પર્યાયનું ઉત્પાદપણું છે, વ્યયપણું છે, પરમાણુપણું છે, ઉત્પાદપણું છે, વ્યયપણું ધ્રુવપણું છે. એક સત્તા. કહો, સમજાણું કાંઈ? એ કારણ ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુવિસ્તારનું સદશ્યપણું સરખાપણું સૂચવે છે. એકામાં. કે કોઈ છે ને કોઈ નથી એમ છે? વ્યય પણ છે, ઉત્પાદ પણ છે. જુઓ આંહી સત્ સિધ્ધ કરે છે. દરેક પરમાણુંમાં અને આત્મામાં વ્યય એટલે અવસ્થાનું નાશ થવું પણ છે ઉત્પાદ પણ છે, ધ્રુવ પણ છે.

જયારે છે છે છે બધું કહો ત્યારે એકમાં બધું આવી જાય છે. 'છે' બસ. એમાં એક ઉત્પાદ છે ને વ્યય નથી ને એમ કાંઈ છે નહીં. આહાહા! વળી તે સત્તા, હવે આવ્યું બીજું. 'સત્તા સૌ પયત્થા' ન્યાં આવ્યું. મૂળ ગાથામાં. એ સત્તા હોવાવાળો ભાવગુણ પરમાણુંમાં, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને જીવમાં. નિગોદના જે અનંતા જીવ છે જે એક શરીરની અંદર કહેવાય. શરીરમાં નથી એ જીવ જીવની સત્તામાં છે. શરીરની સત્તા શરીરની સત્તાથી છે.

શરીર અનંતા રજકણોનો બનેલો સ્કંધ છે. તેના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ શરીરના શરીરમાં છે. અને નિગોદના અનંત જીવમાં એકએક જીવનો ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણ અંશવાળો એ નિગોદનો જીવ છે. એવા બીજા અનંતા જોડે ત્રણ અંશવાળા છે. હવે એને 'છે' એમ કહેવું એને એકપણું થઈ ગયું. સમજાણું કાંઈ? આ ભણતર કેવું હશે આ? આ તો વીતરાગી વિજ્ઞાન છે ભાઈ! ચંદ્રના માથા ફોડે ને બિચારા એટલા અંદર ગોથા ખાય. કંઈક લખાણ આવે છે જુદાગુણને, હવે ભઈ આનું કર ને આને માનને. એ તો છે ઈ મળશે. હવે એને ઠેકાણા વિનાના કામ કરે છે હજી બિચારા, એના માટે તો એકદમ ડામાડોળ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને કર્મ છે તે આંહીથી સ્વર્ગમાં લઈ જાય છે એમ નથી. એકએક પરમાણું ત્રણ અંશવાળો તો એનો એકએક ગુણ ત્રણ અંશવાળો એનું હોવાપણું આ એકરૂપ જે બધું 'છે છે' એ જ **'સર્વ પદાર્થસ્થિત'છે.** બધામાં સ્થિત છે ને ઈ? ઉત્પાદપણામાં છે, વ્યયપણામાં છે, ધ્રુવપણામાં છે, આત્માપણે છે, પરમાણુંપણે છે. ધ્રુવ એ ધર્માસ્તિ આદિ છે. **'સર્વપદાર્થસ્થિત' છે,** કારણ કે તેના કારણે જ સત્તાને લીધે જ સર્વ પદાર્થોમાં ત્રિલક્ષણની ત્રણ લક્ષણની 'સત્' એવા કથનની, ત્રણ લક્ષણની, સત્ એવા કથનની અને સત્ એવા જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

શું કીધું આ? અનંત આત્માઓ છે, અનંત પરમાણુંઓ છે, અસંખ્ય કાલાણુંઓ છે. એ બધું છે એ સર્વ પદાર્થ સ્થિત છે. હોવાપણું બધા પદાર્થમાં છે. કોઈમાં હોવાપણું નથી એમ છે? એ કારણ કે તેના કારણે જ સર્વ પદાર્થમાં ત્રિલક્ષણની સર્વ પદાર્થ ત્રણ લક્ષણવાળાની એ પણ સત્. એ તો ત્રણ લક્ષણવાળો એક વાત. વસ્તુ. બીજુ સત્ કથન વાણી અને ત્રીજું સત્નું જ્ઞાન ત્રણ આવી ગયા. આગમ જ્ઞાન ને શબ્દ સમયસાર જ્ઞાન સમય, અર્થ સમય. ભારે વાત ભાઈ! આ ધર્મ કથા કેવી હશે આવી?

એક ફેરી શ્રીમદ્માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્રમાં. છકાયની વાતું કરે ને આખો દિ' છકાયના જીવ આવા હોય ને છ કાયના જીવ આવા હોય ને. મહારાજ હવે છ કાયના જીવ બધા કેવા હોય એ સાંભળ્યું ઘણું. હવે આ સમકિતનું કરજો નક્કી, શ્રીમદમાં આવે છે. ભાઈ! ભઈ એ તો સાંભળ્યું ઘણા કાળથી. આખો દિ' આ છ કાયના જીવ આવા છે ને એકેન્દ્રિયના જીવ ને પૃથ્વીકાય આવા હોય ને. હવે એ તો સાંભળ્યું ઘણીવાર લ્યો! આ સમકિતનું કરજો. કાંઈક ભાષા બીજી છે. હેં! ગોઠવણ કરજો, સમકિતની ગોઠવણ કરજો આજ. ઈ કરને હવે. આ છે, છે, છે, છે, તેનું તું જ્ઞાન કરનારો છો. એની દયા પાળનારો એની સત્તાનો સ્વીકાર કરનારો, જ્ઞાન તારું છે. બધું છે તેનો સ્વીકાર કરનારો. આંહી કીધું ને?

એવી પ્રતીતિની ઉપલબ્ધિ થાય છે. જ્ઞાનમાં બધું છે. અનંત આત્માઓ, અનંત પરમાણું, ત્રણ અંશવાળી વસ્તુ એમ ત્રણ અંશવાળી સત્તા. સર્વ પદાર્થ સ્થિત છે એવું જ્ઞાન થાય છે તને. એ તારું જ્ઞાન એવું છે. સમજાણું કાંઈ? કથનમાં પણ એમ આવે 'સત્' વસ્તુમાં પણ એમ આવે ત્રણ લક્ષણવાળું 'સત્' સત્, ત્રણ લક્ષણવાળું. સમજાણું કાંઈ? આહાહા! ઉત્પાદ, વ્યય ને ધ્રુવે તો ભિન્ન કરીને એકએક અંશ પોતાથી છે એમ સિદ્ધ કરી દીધું. હવે સમજમાં આવે નહીં, સમજે નહીં અને નહીં આના વિના થાય નહીં. આના વિના થાય નહીં. કર્મ વિના વિકાર થાય નહીં. ઠીક! આત્મા ન હોય તો ખાવાની ક્રિયા થાય નહીં. આત્મા ન હોય તો હાલી શકે નહીં. આ શરીરને હલાવી શકે એ આત્મા. બધી ભ્રમણા ને અજ્ઞાન છે.સમજાણું કાંઈ? સર્વ પદાર્થ સ્થિત છે. કેમ કે એક સત્તાને લીધે જ સર્વ પદાર્થમાં ત્રિલક્ષણની, ત્રણ લક્ષણવાળું એક વાત એ વસ્તુ થઈ. સત્ એવું કથન થયું વાણી થઈ.

વસ્તુ ત્રણ લક્ષણવાળી કથન સત્ બધું છે એમ અને એનું જ્ઞાન. બધું છે એનું જે જ્ઞાન. પદાર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી અને જ્ઞાન ત્રણે એકરૂપે થયા એમ કહે છે આમાં. એકરૂપે એટલે બધું છે એનું ત્રણ લક્ષણવાળું કથન પણ એવું સત્ છે અને જ્ઞાન પણ બધું છે એવું જ્ઞાન થાય. જ્ઞાનમાં એમ થાય કે કાંઈક છે ને કાંઈક નથી? વ્યય પણ છે એમ જ્ઞાન થાય એમ કહે છે આંહી તો. આહાહા! આ માણસ આવું હોય ને વાંચે નહીં. મગજ કામ ન કરે ને ઓલી બહારની વાત હોય તો હાલો એ વ્રત પાળવા ને બીજા જીવની દયા પાળવી ને આ રોટલા છોડવાને બધું ભ્રમણા અજ્ઞાન ભાવને સેવવાની વાત એને ઠીક લાગે છે.

આ વાત સમ્યગ્જ્ઞાનની ચીજ! પંચાસ્તિકાય શબ્દ દ્વારા જ્ઞાનની પ્રસિદ્ધિને અર્થે પદાર્થની પ્રસિદ્ધિ કરે છે. આમાં આવ્યું છે ને? પહેલાં આવી ગયું. આત્મામાં સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ માટે શબ્દ દ્વારા પદાર્થની વ્યાખ્યા કુંદકુંદાચાર્ય મહારાજ કરે છે. એવો ઈરાદો છે. એમ આવ્યું હતું ને? સમજાણું કાંઈ? આ વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી ક્યાંય હોઈ શકે નહીં. કેમ કે આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

આંહી તો જુઓ, ન કહ્યું કે, જેટલું છે તેટલું તેના જાણવાની પર્યાયવાળો પ્રતીતવાળો જીવ છે. ભાઈ! આ કીધું ને પ્રતીતિ કીધી ને જુઓ. ભલે છદ્મસ્થ છે. જેટલું છે ને જેટલા દ્રવ્યો અનંતા ને જેટલી એની ત્રણ અંશવાળી સત્તા એ બધાનું જ્ઞાન એકરૂપે થાય એવો જીવ છે. જ્ઞાન થાય. એને પરની દયા પાળે કે પરને રાખે કે છોડે એવું આત્મામાં નથી. આહાહા! પ્રતીતિ કરે એવું છે. સમજાણું કાંઈ?

ધીરેથી શાંતિથી સમજવું ન હોય અને પછી આ ઝઘડા ઊભા કરે એ તો બધું નિશ્ચયથી છે, નિશ્ચયથી છે. એમ કહે ભાઈ! એ તો નિશ્ચયથી છે. પણ વ્યવહાર શું? વ્યવહાર કયો બીજો? આહાહા! એના ને એના દ્રવ્યમાં ભેદ પાડવા હોય તો ઉત્પાદવ્યય તે વ્યવહાર છે, ધ્રુવ તે નિશ્ચય છે. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા ઉત્પાદવ્યયની છે તે વ્યવહાર છે, ધ્રુવ તે નિશ્ચય છે. બેનું જ્ઞાન યથાર્થ કરવું તે વાત વ્યાજબી છે. સમજાણું કાંઈ?

કહો શું છે? કથન આવ્યું'તું. જ્ઞાને જાણ્યું છે કે કથને જાણ્યું છે? કથનનું પણ જ્ઞાન, ત્રિલક્ષણનું પણ જ્ઞાન. સમજાય છે? કથનમાં પણ ઉત્પાદ્ વ્યય ધ્રુવ અંશવાળી સત્તા છે કે નહીં? કથન છે એમાં પણ ઉત્પાદ વ્યય ધ્રુવવાળા પરમાણુંઓ (છે) એનું નામ કથન છે.એ ક્યાં આત્માનું છે? આત્મા ક્યાં કથન કરે છે કે બોલે છે. આહાહાહા! કહો સમજાણું? એ વાણીના કથનમાં પણ એકએક રજકણમાં ત્રણ લક્ષણવાળો પરમાણું તો એની ત્રણ લક્ષણવાળી સત્તા તો 'છે' એવું અહીં જ્ઞાન થાય છે. બસ એટલી વાત આવી. આહાહા! છે એવું જ્ઞાન થાય છે.

બીજી રીતે કહીએ ને? ભગવાને અનંતા નિગોદના જીવ કીધા, એકેન્દ્રિયના જીવ કીધા માટે દયા પાળવા માટે કીધા છે એમ નથી. આહાહા! સમજાણું? મોટી તકરાર આવી છે ને ઓલા બે જણાને તેરાપંથીને ને સ્થાનકવાસીને વ્યાકરણનો એક શબ્દમાં એક મહીનો ચર્ચા ચાલી હતી. એક શબ્દ છે વ્યાકરણનો કે સબજીવરખણસાયભગવયાપાવયમ સુખયમ એ શબ્દ છે એક. એક શબ્દની એક મહિનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચર્ચા ચાલી. પચાસ વર્ષ પહેલાંની વાત છે. એક મહિનો ચર્ચા હોં!

એક કોર તેરાપંથી ને એક કોર સ્થાનકવાસી. જવાહરલાલજીના સાધુ, એ ખબર નથી કોઈ ગામમાં થઈ છે. મોટી ચર્ચા. લીલાધરભાઈ. લીલાધર ગયો હતો ને અમારે એક તેરાપંથી મોટો સાધુ હતો. છોડી દીધું સાવ. અમારી સાથે રહ્યા હતા. આંહી આવ્યા'તા. ઈ કહે બહુ આમ ભણેલો વાંચેલો ખરો ને? શ્રધ્ધાના ઠેકાણા નહીં. અસ્થિર મગજ હતું. એ આંહી આવ્યા હતા. મારા ઉપર એને પ્રેમ બહુ પણ પાછા નિર્ણયના ઠેકાણા ન મળે. ઈ કહેતા'તા કે એક મહિનો ચર્ચા (ચાલી) જ્યાં કાંઈક ઠીક દલીલ આવે ઓલા તેરાપંથીની ત્યાં સ્થાનકવાસીને ઉકળાટ થાય. આનું જ્યાં ઠીક આવે ત્યાં ઓલાને ઉકળાટ થાય. ખાવું ભાવે નહીં. વહોરવા જાય તો ભાવે નહીં. શું ચર્ચામાં શું બેયની? એક શબ્દ પ્રશ્ન વ્યાકરણનો છે કે ભગવાને સવ્વજીવરખણસાયભગવયાપાવયમસુખયમ આ શબ્દ છે એક. એનો અર્થ કરવા માંડયો સ્થાનકવાસીએ. કે સવ્વજીવરખણસયાએ. બધા જીવની રક્ષા માટે પ્રવચન કર્યા. આ કહે કે ના રક્ષા માટે નહીં પણ પર જીવને નહીં મારવા માટે પ્રવચન કર્યા. કારણ કે તેરાપંથી તો પર જીવની રક્ષા કરવી એ તો માને નહીં. સમજાણું? એ નહીં, એ તો એની શ્રધ્ધાના કાંઈ ઠેકાણા જ નથી.

એ તો તેરાપંથીની શ્રધ્ધાના કાંઈ ઠેકાણા નથી. કાંઈ ઠેકાણા જ નથી. વસ્તુની ખબર જ નથી. પણ એક પદ ઉપર મહિનો (ચર્ચા ચાલી) હો! બેયની ખોટી વાત. ભગવાને પ્રવચન કર્યા એ જ્ઞાન કરવા માટે, જેવું છે તેવું જ્ઞાન કરવા માટે કર્યા છે. પરની રક્ષા કરવી તે કયાં ને પરને ન મારવો તોય કયાં? એ તો સ્વતંત્ર સત્તા જગતની છે. આહાહા! હેં! નથી રહેતી. ઘણા વર્ષ પહેલાં હો! લીલાધરજી અમારી પાસે આવ્યા'તા. છોંતેરની સાલ એના પહેલાંની વાત છે. છોંતેરમાં પહેલા નાગનેશમાં.આવ્યા હતા. નાગનેશમાં. છોંતેરની સાલ. સાંભળવા આવ્યા હતા. ત્યારે બધી વાત કરતા હતા. આચારંગનો પહેલો અધ્યાય છે ને? ઝીણો છે ને તે વાંચતા'તા. આમ એક મહિનો ચર્ચા ચાલી. લોહી ઉકાળા. સામાની દલીલ કાંઈક ઠીક લાગે ત્યાં ઓલો કહે આમ નહીં પણ બેયની દલીલ ખોટી.

ભગવાને આંહી શું કહ્યું? કે જે જગતના પ્રાણી અનંત જીવો છે, અનંત પરમાણુંઓ છે, અસંખ્ય કાલાણુંઓ છે. એ બધું છે. છે તેનું જીવને જ્ઞાન થાય એ જ્ઞાન માટે વાત કરી છે. હેં? પોતાની વાત સિધ્ધ કરવા.....આહાહા! એવી પ્રતીતિની ઉપલબ્ધિ થાય છે. શું કહે છે. દરેક પદાર્થની સત્તા ત્રણ લક્ષણવાળી છે એ વસ્તુ. કથન પણ ત્રણ લક્ષણવાળી સત્તા છે એવું કથન અને તેની જ્ઞાનની પ્રાપ્તિ.

અનંત પદાર્થો બધા એક સમયમાં ત્રણ લક્ષણવાળા છે એવું આંહી જ્ઞાન થવું. જીવને જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન માટે કહ્યું છે. બીજાને પાળી શકે ને ટાળી શકે ને રાખી શકે ને માટે પ્રવચન કર્યા છે એમ છે નહીં. પણ શબ્દ એવો છે ભાઈ એમાં. સૌ જીવ રખણ છે ને એટલે જો રક્ષા માટે કીધા છે. ભાષા તો પાઠ એવો છે ને? રક્ષા તો આપણે પણ એવો આવે છે. નિયમસારમાં 'રક્ષા આપવા માટે'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(પણ) રક્ષાનો અર્થ શું (છે તે તો) સમજવો જોઈએ ને? એને વિકલ્પ એવો હોય કે આ ન મરે એટલું, બાકી મરે ન મરે એ કાંઈ તારે આધીન છે? એ તો એની પર્યાય સ્વતંત્ર છે. એનું ઉપજવું મૃત્યુનું અથવા જીવનનું ઉપજવું એના અંશથી એની સત્તાને કારણે છે. તારી સત્તાથી છે? સમજાણું કાંઈ?

અનુકંપા તો આત્માની અનુકંપા એ અનુકંપા (છે.) અનુકંપા બહારમાં ક્યાં ધૂળમાં હતી? પરની સત્તાની અનુકંપા? પરનું હોવાપણાની અનુકંપા કરવી કે હું અનુકંપા કરું તો એ રહે, એમ? હું અનુકંપા કરું તો આ જીવ રહે. ના, ના. ઠીક છે. આ તો એક વાત છે. બધી વાત જ ખોટે ખોટી છે. આંહી તો કહે છે. આહાહા! બેસે એવું છે હોં, ન બેસે એવું નથી. આ તો સાદી ભાષા ને સાદું જ્ઞાન છે. આમાં કોઈ સંસ્કૃત વ્યાકરણ મોટો ભણ્યો હોય તો બેસે એવું કાંઈ છે નહીં. આ તો આઠ વર્ષની બાલીકાને પણ બેસે. સમજાય છે કાંઈ?

આ જગતની અંદર એક આત્મા નથી પણ અનંત આત્માઓ છે. એમ એક પરમાણું નથી પણ અનંતગુણા આત્માની સંખ્યા કરતાં પરમાણું છે. 'છે બધું.' દરેક વસ્તુ ત્રણ લક્ષણવાળી તો એનો એકએક ગુણ સત્તા ત્રણ લક્ષણવાળી છે. ત્રણ લક્ષણવાળું છે તો એનું કથન છે ત્રણ લક્ષણવાળું. અને એનું જ્ઞાન છે ત્રણ લક્ષણવાળું. બસ. જ્ઞાનમાં આ ત્રણ લક્ષણવાળા પદાર્થ છે એમ જ્ઞાન થાય. પણ એની પર્યાયને હું ઉત્પન્ન કરું કે હું એને જીવાડી દઉં કે મારું એવું વસ્તુમાં છે નહીં. આહાહાહા! શું થાય? જગત લૂંટાણું છે ને? અનાદિથી લૂંટાણું છે. વાસ્તવિક ચૈતન્ય પ્રભુ એ જ્ઞાનનો સાગર ચૈતન્ય મૂર્તિ પ્રભુ છે. એ તો જગતના અનંત પદાર્થને એક સમયમાં જાણે તેવી પર્યાયવાળો છે. સમજાણું કાંઈ? કોઈનું કરે ને કોઈને રાખે ટાળે એવો એ આત્મા નથી. આહાહાહા! શું થાય? બીજાને સમજાવી શકે એવો પણ આત્મા નથી. તેમ બીજાથી સમજે એવો પણ આત્મા નથી. એય!

કેમ? કે એના જ્ઞાનનો ગુણ જેમ સત્તાનો ઉત્પાદ, વ્યય ને ધ્રુવના અંશવાળો છે એમ એનો જ્ઞાન ગુણ ત્રણ અંશવાળો છે. તે ક્ષણે તેના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની વ્યય થાય ને ધ્રુવ રહે. હવે એ કોની પાસે સમજે ને કોને તે સમજાવે? આરે! આવી ભારે વાત ભાઈ. (શ્રોતાઃ- એમાં તો ધર્મની પ્રભાવના થાય છે) ધર્મની પ્રભાવના આંહી થાતી હશે કે બહારમાં થાતી હશે? વિચાર કરે કે પર્યાય તમારા અસ્તિત્વમાં થાય છે કે આ અસ્તિત્વમાં થાય છે? જ્ઞાનનો અંશ છે તો આંહી રહ્યું, ન્યાં હશે તો ન્યાં રહ્યું. ચીમનભાઈ! આમાં કાંઈ બોલાય એવું નથી કાંઈ. ભગવાનજીભાઈ! ભગવાનના નિયમના કાયદાઓ વસ્તુના કાયદા છે. એવું ભગવાને જોયું એ પ્રમાણે લોજીક ન્યાયથી તો કહેવાય છે. આહાહાહા! સમજાણું કાંઈ? કહે છે. બધી ચીજો સર્વ પદાર્થોમાં સત્તા ત્રણ લક્ષણવાળી છે. છે ને? અને સત્ત એવું કથન પણ સત્ત એમ બધું બતાવ્યું છે. સત કહેતા તો, બધું છે એવું. વાણી. બસ એક શબ્દ જગત 'છે' 'છે' બધું સત્ત અને બધાનું સત્ત એવી પ્રતીતિ, બધું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંત આત્માઓ છે ત્રણ લક્ષણવાળા અનંતગુણો છે ત્રણ લક્ષણવાળા. એ બધું છે એવી પ્રતીતિની ઉપલબ્ધિ. બસ એના જ્ઞાનની પ્રાપ્તિ. એ પણ બધું છે એવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે આંહી. મારે લઈને આ છે ને એને લઈને આ છે એમ આમાં ન આવ્યું. હેં? સમજાણું કાંઈ? આહા! ભારે સંકેલો કર્યો છે. સર્વપદાર્થ સ્થિત છે જુઓ એમાં એક તર્ક થયેલા ૯૦ની સાલમાં. પ્રેમચંદ શેઠ! જુઓ આમાં સર્વ પદાર્થસ્થિત બધું એક છે ને. એ કયાં આંહી વાત છે?

આંહી તો છે છે છે છે છે સદશપણું એ સર્વ પદાર્થ સ્થિત. એ સર્વ પદાર્થમાં એક બીજો આત્મા છે ને વ્યાપક છે ને સ્થિત છે એમ કયાં છે આંહી. તો સર્વ પદાર્થ સ્થિત કયાંથી રહેશે? સર્વ પદાર્થો છે. એમાં તે પદાર્થ પોતાના ત્રણ લક્ષણે છે. આહાહા! એ સિદ્ધ ભગવાનને ત્રણ લક્ષણ છે. આરે! એનેય પર્યાય લાગુ પડી હજી? ઓલા કહેતા'તા ને. હેં! ડેરીયા! ભાઈ પર્યાયે તો હજી ભગવાનને હજી છોડી નહીં. બિચારાને કાંઈ ખબર નહીં અને ભાષણો કરે મોટા. અને ઓલા સમજયાને કાંઈક બ્રહ્મચર્ય પાળતા હોય અને લૂગડું બુગડું ફેરવી નાંખે એટલુંક ઓઢતા હોય આમ પાછો મોટો પૈસાવાળો હોય કાંઈક, ઓહોહો! ભારે ભાષણ આપે છે. ગધેડો ભૂંકે એવું હોય બધું. સમજાણું કાંઈ? આહાહા!

પર્યાય સિદ્ધને પણ લાગુ? પણ બાપુ સિદ્ધ એક આત્મા છે કે નહીં? અને આત્મા છે તો તેના ત્રણ અંશ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણ લક્ષણવાળા તો આંહી દ્રવ્યના સિદ્ધ કયાં. અને એનો એકએક ગુણ સિદ્ધનો છે જ્ઞાનાદિ એનાય ત્રણ લક્ષણવાળા સત્તાની અપેક્ષાએ સિદ્ધ કર્યા. તો સિદ્ધ ભગવાનને પણ એક સમયનું કેવળજ્ઞાન છે તે પહેલે સમયે ઉત્પન્ન થયું તે બીજે સમયે રહેતું નથી. કેવળજ્ઞાન. આહાહા! ભારે વાત! કેવળજ્ઞાનને ઉત્પાદવ્યય લગાડી દીધો પાછો કહે પણ ભાઈ એ તો પોતાને લગાડયો એમ બધા ગુણોને લઈ લેવા. હેં?

છે. બસ એનું જ્ઞાન, બધું છે એનું જ્ઞાન. એ તારો પર્યાયનો સ્વભાવ છે. એ પણ ઉત્પાદ પ્રતીતિનો તારે કારણે. એ બધી મહાસત્તા છે બધું છે માટે અહીં જ્ઞાનનો પર્યાય ઉત્પાદ થયો એમ નથી. ના. ના. એમ કયાં કીધું છે? એને કારણે એટલે આ છે છે એવું આંહી જ્ઞાન થયું. એમ કહે છે. એકરૂપનું જ્ઞાન થયું. એકરૂપ વસ્તુ ત્રણ લક્ષણ એકરૂપ કથન ને એકરૂપ જ્ઞાન એમ. આવી વસ્તુ છે માટે આવું જ્ઞાન થયું એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞેય આવું છે માટે જ્ઞાન પણ એવું છે. જ્ઞેયને લઈને કયાં છે? છે માટે આંહી થયું પોતાને લઈને એમ કહે છે. સત્‌ની પ્રસિદ્ધિનો એનો ભાવ આવડો છે એ જાહેર કરે છે. પર સત્તા છે માટે પણ જેવું એનું જ્ઞાન છે એવો એનો વિષય પણ પૂરણ છે ને આખો. પણ વિષય છે માટે આંહી જ્ઞાન છે એનું? સમજાણું કાંઈ? બહુ ઝીણું. ઝીણું કાંતવા જાય તો.

લ્યો! **'સવિશ્વરૂપ'** આમાં પૂરું થયું. હવે સવિશ્વરૂપ ઓલું તો આવ્યું સર્વ પદાર્થ સ્થિત કીધું. હવે **સવિશ્વરૂપ** છે. શું કહે છે? સત્તા સવિશ્વ સમસ્તરૂપ છે. એમ સવિશ્વરૂપ છે. સત્તા સમસ્તરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. બધા સમસ્તરૂપ છે. અનંત આત્માના રૂપ, અનંત પરમાણું સવિશ્વરૂપ છે સમસ્તરૂપ છે. કારણ કે તે વિશ્વના રૂપો સહિત અર્થાત સમસ્ત વસ્તુ વિસ્તારના ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુના વિસ્તારના ત્રણ લક્ષણવાળા સ્વભાવો સહિત વર્તે છે.

એ વિશ્વરૂપ છે એમ કીધું. વિશ્વરૂપ છે. એકકોર એક્કા કહ્યું, એકકોર વિશ્વરૂપ કહ્યું. એ જુદી અપેક્ષા છે. વિશ્વરૂપ છે ને બધું સત્તા આખું વિશ્વ. સમસ્ત છે કે નહીં? કે થોડારૂપ સત્તાને બીજારૂપ સત્તા એમ છે? વળી તે સત્તા અનંત પર્યાયમય છે. આ સત્તા વર્ણવવી છે ને. અનંત ભેદવાળી છે. અનંત પ્રકારવાળી છે. અનંત પર્યાયો છે, અનંત દ્રવ્યો છે, અનંત ગુણો છે, અનંત પર્યાય છે. એવી અનંત પર્યાયમય મહાસત્તા એકરૂપ સત્તાને અહીંયા અનંત પર્યાયમય કહેવામાં આવે છે.

કારણ કે તે ત્રિલક્ષણવાળી અનંત દ્રવ્યપર્યાયરૂપ વ્યકિતઓથી વ્યાપ્ત છે. જોયું? અનંત પર્યાયમય એટલે શું કે અનંત દ્રવ્ય ને પર્યાયરૂપ વ્યકિતઓથી વ્યાપ્ત છે. અનંતા દ્રવ્યો, ભેદો અને એની પર્યાયો એ બધી અનંત પર્યાયમય થઈ ગયું. અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ અને એની પર્યાયો એ બધું અનંત પર્યાયમય, અનંત ભેદરૂપ વસ્તુ છે. એને જ્ઞાની જ્ઞાનમાં જેમ છે એમ બધું જાણે છે. સમજાણું કાંઈ? હેં? વિશ્વરૂપ એ આવી ગયું ને આવી ગયું. પછી કેટલું લાંબુ કરે? કીધું ને? ઓલામાં એમ કીધું સર્વ પદાર્થ સ્થિત છે. શું છે? છે એ સર્વ પદાર્થમાં છે કે કોઈમાં છે ને નથી? એ ન્યાં રહ્યું બસ થઈ રહ્યું. 'છે.' આંહી વિશ્વરૂપ છે એમ સિધ્ધ કરવું છે. એકરૂપ નહીં. મહાસત્તા છે ને? સમસ્તરૂપ છે. સમસ્તરૂપ છે. આત્માપણે આત્મારૂપ, પરમાણુંપણે પરમાણુંરૂપ, ધર્માસ્તિપણે ધર્માસ્તિરૂપ સવિશ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ સંસારના ઓલા અભ્યાસ કરવા હોય તો માથા ફોડે બહુ લ્યો! હેં? આ એમ.એ. કરવા ને ધૂળધાણી પાપ બંધાય એકલા. ભણવા માટે. એય અતુલભાઈ! વખત મળે તો તરત વયા આવે બિચારા હો! તરત આંહી આવે વખત મળે તો મૂક કોલેજ બોલેજ. આહાહા! એક જણો તો હમણા કહેતો હતો ભાઈ ગયાને મણીકાંત, એ કહેતો હતો મારા ભાઈએ મહારાજ પાસે સાંભળ્યું તો કોલેજ મુકી દીધી. કહે છે. હાયહાય! આ બધું તો પાપ છે. હવે મારે આ કરવું નથી. મણીકાંત ગયા ને? તાર આવ્યો'તો એના બાપનો. સમજાણું કાંઈ?

આમાં બાળક, યુવાન ને વૃધ્ધ આત્મા કયાં છે? આત્મા તો ત્રણ લક્ષણવાળો છે. એને જાણે ને ઓળખે. અને ખરેખર ત્રણ લક્ષણમાં પણ ઉત્પાદ્વ્યય છે તે વ્યવહાર છે ને ધ્રુવ છે તે નિશ્ચય માટે ધ્રુવનો આશ્રય લઈને ત્રણ લક્ષણને જાણવા. સમજાયું? આંહી જ્ઞાન ને આત્મા. સમજાણું કાંઈ? આહાહા!

વળી **'અનંત પર્યાયમય' છે.** અનંત ભેદો છે ને? મહાસત્તા એકરૂપ પણ એકરૂપ થઈ છે કઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રીતે? કે અનંત ભેદવાળી છે. અનંત ભેદવાળી છે. કાંઈ બાકી નહીં. અનંતા જેટલા દ્રવ્યો ગુણો પર્યાયો બધી ભેદવાળી છે. કારણ કે એકએક થઈને અનંત થયું છે ને? એ અનંત ભેદવાળી વસ્તુ છે. કારણ કે તે ત્રણ લક્ષણવાળી અનંતદ્રવ્ય ને અનંતપર્યાય, દેખો! વસ્તુ પણ ભેદવાળી છે ને? અનંતદ્રવ્યો છે ને? એક જ દ્રવ્ય નથી, પર્યાય પણ અનંત છે.

વ્યકિત એટલે પ્રગટતા દ્રવ્યની પ્રગટતા ને પર્યાયની પ્રગટતા...તે સત્તા અનંત પર્યાયમાં વ્યાપી છે. અનંત ભેદોમાં વ્યાપી છે. આ પ્રમાણે સામાન્ય વિશેષાત્મક સત્તાનું, કહો, સામાન્ય એટલે શું આ મહાસત્તા, વિશેષ એટલે અવાંતરસત્તા એમ લેવું. આંહી ઓલું સામાન્ય વિશેષ ન લીધું. ઓલું દ્રવ્ય એટલે સામાન્ય ને પર્યાય ને ગુણભેદ વિશેષ એમ ન લેવું અહીંયા. **હેઠે લખ્યું છે જુઓ. 'સામાન્યાત્મક'નો અર્થ 'મહા' સમજવો. અને 'વિશેષાત્મકનો' અર્થ 'અવાન્તર' સમજવો. સામાન્ય વિશેષના બીજા અર્થો અહીં ન સમજવા.**

સામાન્ય વિશેષ સત્તાનું તેના સામાન્ય પડખાની અપેક્ષાએ, મહાસત્તાની અપેક્ષાએ વર્ણન કર્યું. મહાસત્તારૂપ પડખાની અપેક્ષાએ વર્ણન થયું. હવે એની પ્રતિપક્ષ અવાંતરસત્તાની વ્યાખ્યા કરશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૧૩, ગાથા-૮
## પ્રવચન નં. ૧૨
## તા.૨૬/૧૧/૬૯, કારતક વદ-૩, બુધવાર

શું કીધું? દરેક વસ્તુ છે એવી સત્તા તરીકે ગણો તો મહાસત્તા એટલે બધું છે. એ 'છે' એમાં પણ અવાંતરસત્તાની અપેક્ષાએ છે નહીં. આખી ચીજ છે, બધું છે એની અપેક્ષાએ પેટાભેદપણે એ બધું નથી. સમજાણું કાંઈ? ઝીણો વિષય છે. આખી વસ્તુ છે બધી, મહાસત્તા છે. અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ છે. એ મહાસત્તાની અપેક્ષાએ અવાંતર સત્તા નથી અથવા મહાસત્તામાં અવાંતર સત્તા નથી. આખામાં એકએક રૂપમ નથી. મહાસત્તા અવાંતરસત્તાની અપેક્ષાએ અસત્તા છે. સમજાણું કાંઈ?

આખાપણું છે એ થોડાપણાની અપેક્ષાએ અસત્તા છે. લ્યો! આવી હોવા છતાં તે ખરેખર નિરંકુશ નથી. એટલે અંકુશ વિનાની એટલે વિરોધપક્ષ વિનાની, પ્રતિપક્ષ વિનાની નથી. એ પ્રતિપક્ષ છે. બધું છે એ અપેક્ષાએ એ બરાબર છે. પણ પાછું એના પેટાભેદની અપેક્ષાએ બધું નથી. બરાબર છે કે નહીં? બધાની અપેક્ષાએ બધું છે અને પેટાભેદની અપેક્ષાએ પણ બધું છે એમ હોઈ શકે? સો માણસ સો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માણસ તરીકે છે પણ સો માણસ પાછો એક માણસ તરીકે એ સોપણું છે? જુઓ, એક વસ્તુની સ્થિતિ.

બધા અનંત આત્માઓ એકએક દ્રવ્ય આખું મહાસત્તા ગણો અને બધું મહાસત્તા ગણો, 'બધું છે.' એ અપેક્ષાએ એમાં બધું એકએકપણું છે એ નથી. આખામાં એકએકપણું નથી. એવા પ્રતિપક્ષ સહિત મહાસત્તા છે. વિશેષ કહેવાશે આગળ. પ્રતિપક્ષ છે. **સત્તા ને અસત્તા પ્રતિપક્ષ છે.** લ્યો, પહેલો બોલ એ આવ્યો. 'છે બધું' એની અપેક્ષાએ સત્તા અસત્તા પ્રતિપક્ષ જે એકએક ચીજ છે એ અપેક્ષાએ નથી. સત્તા ને અસત્તા પ્રતિપક્ષ છે. 'છે' એની અપેક્ષાએ નથી એ 'પ્રતિપક્ષ' છે. બધું છે એની અપેક્ષાએ એકએક નથી એ પ્રતિપક્ષ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

(મુમુક્ષુ :- ધરમની વાત કરો ને?) એ ધરમ આ છે. જ્યાં બધું છે એ પણ છે ને પેટાભેદ એકએક અંશ, એકએક અંશ સત્ સ્વતંત્ર છે એમ સિધ્ધ કરવું છે. એકએક અંશ દરેક દ્રવ્યનો પર્યાયનો અંશ ઉત્પાદ્‌નો અંશ, વ્યયનો અંશ, ધ્રુવનો અંશ, પરમાણુંના ત્રણ, આત્માના ત્રણ, અનંત દ્રવ્યના. એ પેટાભેદો પણ સ્વતંત્ર પોતે છે. એ કાળના તે સમયના તે તે સત્ છે. પણ બધા સત્‌ની અપેક્ષાએ પેટાભેદના સત્‌ની અપેક્ષાએ તે અસત્ છે. સમજાણું કાંઈ? એવો વસ્તુનો સપ્રતિપક્ષ સ્વભાવ છે. બીજી રીતે કહીએ તો સ્વચતુષ્ટયપણે છે એ પર ચતુષ્ટયપણે નથી. લ્યો, એ તો ઠીક છે ને?

આત્મા અને બધું સ્વચતુષ્ટયપણે છે. આત્મા પોતાનું દ્રવ્ય, એની પહોળાઈ, એની અવસ્થા અને એની શકિત એ પણે છે. અને બીજો આત્મા બીજા પરમાણુંઓ એની અપેક્ષાએ નથી. એની અપેક્ષાએ પણ છે ને પોતાની અપેક્ષાએ પણ છે એમ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એમ નિર્ણય કરાવવાનો અર્થ કે એક ચીજ પોતાપણે છે ને પરપણે નથી. એટલે પરથી કંઈપણ એનામાં આના અંશ માટે થાય એવું એનામાં છે નહીં. એમ પરપણે તો નથી. સમજાણું કાંઈ? એ વાત જ તદ્દ્‌ન જુદી આંહી કહે છે. કહો સમજાણું?

આ પાણી ઊનું થાય છે, ઊનું. એ સ્વચતુષ્ટયપણે પાણી છે. પરમાણુંપણે પરમાણું, ક્ષેત્રપણે પહોળાઈ, અવસ્થાપણે ઉષ્ણ, શકિતપણે ત્રિકાળ ગુણ. એ પણે છે. પણ અગ્નિપણે એ નથી. એટલે અગ્નિથી ઊનું થયું છે એમ નથી. સમજાણું કાંઈ? (મુમુક્ષુઃ- નિમિત્તને લઈને છે.) એને લઈને કાંઈ છે જ નહીં. નિમિત્તને લઈને કાંઈ છે જ નહીં. એ તો સિધ્ધ કરવું છે આંહી. મહાસત્તાનું હોવાપણું અવાંતરસત્તાની અપેક્ષાએ અસત્તા. અને અવાંતરસત્તાનું હોવાપણું મહાસત્તાની અપેક્ષાએ અસત્તા. વાસ્તવિક તત્ત્વ શું છે એનું જ્ઞાન નથી ને આ ધરમને નામે મોટો ગોટો ઊઠયો. આપણે પરની દયા પાળી શકીએ ને પરનું હિત કરી શકીએ એ બધી જ દૃષ્ટિ તદ્દ્‌ન વિપરીત છે.

કારણ કે જે વસ્તુ અવાંતર પેટાભેદે ભિન્ન ભિન્ન છે એ કાંઈ પરને લઈને છે એમ નથી. મહા બધું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે માટે એને લઈને આ છે એમ છે? એ તો પોતાને લઈને સ્વતંત્ર અવાંતર પેટાભેદો પોતાથી છે. એકએક અંશની અવાંતર સત્તા આત્માની એકએક સમયની અવસ્થા તે અવાંતર સત્તાનો પેટાભેદ થયો. એ ઉત્પાદ્ ઉત્પાદ્‌ને લઈને છે. એ બધા છે માટે છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! આ તો વીતરાગ માર્ગ છે. એકએક સમયની ચીજ ભિન્ન ભિન્ન છે. અને તેમ તેનું ન માને તો તેની દ્રષ્ટિમાં વિપર્યાસ થઈ જાય છે. સમજાણું કાંઈ? એકએક અંશ અવાંતર એટલે પેટાભેદો. એક દ્રવ્ય વસ્તુ એના પેટાભેદ ત્રણ. ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ. હવે મહા તરીકે છે. પણ એકએક અંશ તરીકે આખું નથી. અને એકએક અંશ આખાપણે નથી. એક અંશ આખાપણે ત્રણપણે છે? સમજાણું કાંઈ? આહાહા!

મોટું ભેદજ્ઞાન છે આ. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન. દરેક પદાર્થ એમ કહેવું કે અમે ને તમે છીએ. એ અમે ને તમે છીએ એ છીએ ની અપેક્ષાએ બરાબર છે. પણ અમે એક ને તમે જુદા એટલે અમારાપણે અમે છીએ અને બધાપણે અમે છીએ એમ નથી. અમે અમારાપણે છીએ તો બધાપણે નથી અને બધા બધાપણે છે તો એ અમારાપણે એકપણે નથી. આમાં ચોપડામાં કાંઈ આવે એવું છે નહીં. આહાહા! આમ તો લોકો કહે કે અનંત આત્મા છે. અનંત જડ દ્રવ્ય છે. પણ છે તો એનું પ્રત્યેકપણું ભિન્ન ભિન્ન થઈને બધું છે? કે એકલું સત્તા એકલું બધું થઈને એક જ છે એમ જ છે. છે ઈ તો બધું છે છે છે છે છે છે છે છે એ અપેક્ષાએ બધું એક છે. પણ એનો એકએક દ્રવ્ય અને એકએક દ્રવ્યનો પેટાઅંશ ભાગ ઉત્પાદ્‌વ્યયનો એકએક અંશ એ પોતાથી છે. મહાસત્તા બધું છે માટે એનાથી આ છે. એમ નથી. સમજાણું કાંઈ?

લ્યો! એ ખુલાસો આવશે હોં! સત્તાને અસત્તા પ્રતિપક્ષ છે. ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું પ્રતિપક્ષ છે. એકએક પદાર્થમાં ત્રણ ત્રણ છે, ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, એક સમયની અંદર. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં, એકએક પદાર્થમાં ત્રણ લક્ષણ છે. નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાણી વ્યય થાય, ધ્રુવપણે રહે ત્રણ અંશ. એ ત્રણ લક્ષણની અપેક્ષાએ અત્રિલક્ષણપણું એટલે ત્રણ લક્ષણપણું નહીં. એટલે એકએક લક્ષણપણું વિરૂદ્ધ છે. આરે! ભારે વાત ભાઈ!

વસ્તુ ત્રણ અંશવાળી છે એ અપેક્ષાએ એક અંશવાળી એનો પ્રતિપક્ષપણું છે. ભગવાનજીભાઈ! બધું મગજ કરવું પડશે, કેળવવું પડશે. ઓલા મગજના લાડવા કરે છે ને એમાં મગજ કેળવવું પડતું હશે? આહાહા! એમ કહે છે કે મગજનો લાડવો છે ને, એનો જે ઉત્પાદ્ થાય છે, એ ઉત્પાદ્‌ને લઈને બધું છે માટે લાડવાનો ઉત્પાદ્ થાય છે એમ નથી એમ કહે છે. એ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? બીજી જોડે બાયડી છે, આંગળા છે, એ બધું છે માટે ત્યાં લાડવાની પર્યાય ઉત્પાદ્ થાય છે એમ નથી. વજુભાઈ નથી, આ તો લખનાર છે એટલે એને શું કહેવું? એય જેઠાભાઈ! શું? રામજીભાઈ કહે આવું આમાં હશે? આમાં લખાણમાં એમ કહે છે. પણ છે કે નહીં એમાં? હેં? હજાર માણસો છે માટે એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માણસ છે અંદર? અને એક માણસ છે માટે હજાર માણસ છે? બધું ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા! દ્રવ્યનું સ્વરૂપ અનેકાંત છે આમાં એ વાત સિધ્ધ કરે છે. આહાહાહા! સમજાણું કાંઈ આમાં?

આ સાંભળવાની ભાષા પણ છે. ત્યાં જ્ઞાન થવાનું પણ છે. આંહી જ્ઞાન પણ છે. સમજાણું? આખું દ્રવ્ય પણ છે. બધું છે. છે માટે ત્યાં જ્ઞાનનો પયાંય છે? બધું છે માટે ત્યાં જ્ઞાનનો પર્યાય છે? એ તો સ્વતંત્ર પર્યાય છે. અવાંતર પેટાભેદ છે. સમજાણું કાંઈ? શું પણ સિધ્ધ કરે છે. દરેક દ્રવ્યનો તે તે સમયનો અંશ તે જ સત્ ને તે જ અપેક્ષાએ, તે જ અવાંતરસત્તા તે કાળની તે સત્ત છે. બધું આખું છે, એમાં ત્રણ કાળનું છે ને ત્રણ કાળનું છે ને બધું છે. માટે તે સમયનો અંશ (છે) એમ નથી. તે સમયનો અવાંતર સત્‌નો અંશ તે ત્રિકાળ છે એની અપેક્ષાએ અવાંતર સત્તાથી પ્રતિપક્ષ છે.સમજાણું કાંઈ? ઝીણું છે. આણંદભાઈ!

ઓલા તો ઈશ્વરની ભકિત કરો ને ભગવાન ભગવાન કરો.ભગવાન કરો. ધૂળેય નથી ભગવાન તારો. ભગવાન તો તું આંહી છો. ભગવાન બીજો કયો? તીર્થંકર તારી દયે એવું છે? (મુમુક્ષુઃ- તો કોણ તારે છે?) આત્મા પોતે જ તરે છે પોતાથી. ભગવાનજીભાઈ! નમો અરિહંતાણં તે શું થયું? એ તો વિકલ્પ ઊઠયો. નમો અરિહંતાણં એ ભાષા તો જડ છે. વિકલ્પ ઊઠયો એ રાગ છે. તરવાનો સ્વભાવ તો એનો પોતાનો સ્વતંત્ર ઉત્પાદ થઈને થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની મૂર્તિ એનો આશ્રય કરતાં જે સમયની પર્યાય ઉત્પન્ન થઈ તે સત્ છે. અવાંતર પેટાભેદ તે રીતે તે કાળે તે પ્રકારનું સત્ છે. બધું સત્ છે માટે આટલો અંશ સત્ છે એમ નહીં. તે અંશનું સત્ મહાસત્‌ની અપેક્ષાએ અસત્તા છે ને મહાસત્તા અંશની અપેક્ષાએ અસત્તા છે. સમજાણું કાંઈ? બધું ઉપજયું માટે આંહી ઉપજયું એમ નથી કહે છે. એમ કહે છે એય! આખી દુનિયાના જેટલા દ્રવ્યો છે, એક સમયે ઉપજે છે ઉત્પાદ્, એ રીતે છે. એ બધું છે માટે આંહી ઉત્પાદ છે એમ નથી. અને આ એક ઉત્પાદ છે તે બધા છે માટે આ ઉત્પાદ નથી. અવાંતર પેટાભેદની અપેક્ષાએ મહાસત્તાનો અભાવ છે અને મહાસત્તાની અપેક્ષાએ અવાંતર સત્તાનો અભાવ છે. મહાસત્તામાં અવાંતરસત્તા નથી ને અવાંતરસત્તામાં મહાસત્તા નથી. આરે! ભારે ભાઈ! આહાહા! હેં? વસ્તુ સ્થિતિ એવી છે. લોકોને ખ્યાલ ન આવે એથી કાંઈ વસ્તુ બદલાઈ જાય? એની દૃષ્ટિ વિપરીત થાય. સમજાય છે?

આંહી કહે છે. બધું છે. સર્વજ્ઞ પરમેશ્વર છે. અનંત કેવળી છે. અનંત નિગોદના જીવ છે. એ બધું છે એમાં તું એ છો. તારું દ્રવ્ય, ગુણ ને પર્યાય પણ છે. જોયું બધું છે માટે આંહી સમકિતની પર્યાયનો ઉત્પાદ થયો એ કાંઈ બધું છે માટે આ છે? એ તો સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? અથવા બધું છે એને જાણવાનો આંહી જ્ઞાનનો પર્યાય થયો. સમજાણું કાંઈ? પણ એ બધું છે માટે આંહી જ્ઞાનનો પર્યાય છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં. હેં? જાણ્યું બધું એક સમયમાં હોં! શ્રુતજ્ઞાનની પર્યાયમાં જાણ્યું બધું, બધું. પણ એ બધું છે માટે આંહી એક સમયનો પર્યાય છે? અને એક સમયનો જ્ઞાનનો પર્યાય છે માટે બધું છે? સર્વજ્ઞ વીતરાગનો માર્ગ અલૌકિક છે. ભાઈ! એ કાંઈ સાધારણ બહારથી સમજાય જાય એવી ચીજ છે નહીં. આહાહા!

મહાપ્રભુ! કહે છે ધ્રુવ અને ઉત્પાદ્, વ્યય એક દ્રવ્યમાં ત્રણ છે. સમજાણું? હવે એ ત્રણ છે એ તો મહાસત્તામાં ગયા. એ ત્રણ લક્ષણનું વિરૂદ્ધ શું કે એકએક લક્ષણપણું. એટલે કે ધ્રુવ છે માટે ઉત્પાદ છે એમ નહીં. ઉત્પાદ છે માટે વ્યય છે એમ નહીં. વ્યય છે માટે ધ્રુવ છે એમ નહીં. આહાહાહાહા! ભારે કરી. સમજાણું કાંઈ? કહે છે, (૨) **ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું પ્રતિપક્ષ છે.** અત્રિલક્ષણ એટલે એક લક્ષણ એમ. સમજાય છે? ત્રણ લક્ષણપણું નહીં. એમ. ત્રણ લક્ષણને ત્રણ લક્ષણપણું નહીં એટલે એક લક્ષણપણું વિરૂદ્ધ છે. એ તો આવશે હજી ખુલાસો. આ તો હજી શબ્દો કહે છે.

**(૩) એકને અનેકપણું પ્રતિપક્ષ છે.** એક્કા સત્તા કીધી એક. એના પેટાભેદ જે અનેક છે એ એકનો અનેક પ્રતિપક્ષ છે. સમજાણું કાંઈ? **(૪) "સર્વપદાર્થસ્થિતને એકપદાર્થસ્થિતપણું પ્રતિપક્ષ છે."** સર્વપદાર્થ છે તેમાં એક પદાર્થસ્થિતપણું વિરૂદ્ધ થઈ ગયું. પ્રતિપક્ષ થઈ ગયું. બધા પદાર્થમાં વ્યાપેલી છે. છે છે છે છે એટલું હોં! એક સત્તા નામનો ગુણ છે ને બધામાં વ્યાપેલો છે એમ નથી આંહી. ઈશ્વર જેમ બધા દ્રવ્યમાં વ્યાપેલો એક જ છે, એમ નથી કોઈ ચીજ. સમજાણું કાંઈ? પણ ઈશ્વર છે, આ આત્મા છે, પરમાણું છે એ અપેક્ષાએ સર્વ પદાર્થમાં સત્તા રહેલી છે એમ કહેવામાં આવે છે. 'છેપણું રહેલું છે.' એક પદાર્થથી પણ પ્રતિપક્ષ છે. એકએક પદાર્થનું હોવાપણું સર્વ પદાર્થની અપેક્ષાએ પ્રતિપક્ષ છે.

**(૫) સવિશ્વરૂપને એકરૂપપણું પ્રતિપક્ષ છે.** બધા વિશ્વ સમસ્તરૂપ આખી દુનિયાનું રૂપ એની અપેક્ષાએ એકએક રૂપ તે પ્રતિપક્ષ છે. **(૬)"અનંતપર્યાયમયને એકપર્યાયમયપણું પ્રતિપક્ષ છે."** લ્યો. અનંત પર્યાયો આખી દુનિયાની અથવા એક દ્રવ્યની એક સમયની અનંતી પર્યાય. સમજાણું કાંઈ? એની અનંત પર્યાયની અપેક્ષાએ એક પર્યાયપણું પ્રતિપક્ષ છે. આહાહા! આત્માના અનંતગુણ છે તેની એક સમયની અનંતી પર્યાય. એ અનંતી પર્યાય મહાસત્તા થઈ. એના એકએક દર્શન ને જ્ઞાનની એકએક પર્યાય પેટાભેદ થઈ ગયો. એટલે અનંત પર્યાયની અપેક્ષાએ એક પર્યાયમયપણું પ્રતિપક્ષ છે.

હેં! શું થયું આમાં વળી? એવું સ્વરૂપ છે કાં તો એમ કહો ને વ્રત પાળો ને તપ કરો કયાં કરે? ધૂળ કરે? સાંભળને હવે? પણ એ તો આત્માની સન્મુખ ત્યારે થઈ શકે. કે બધું છે ને હું પણ મારા સન્મુખ થઈ શકું એવું પણ છે. સમજાણું કાંઈ? મારા સન્મુખ થવું એ કાંઈ બધું છે માટે સન્મુખ થવું એમ નથી. મારું સન્મુખ થવું મારાથી છે. બીજાનું વિમુખ થવું, સન્મુખ થવું એનાથી છે. બધું છે એમાં સમાય. સમજ્યા ને? કેટલાક સમન્વય કરે છે ને? ભઈ! આ સાચા ખોટા ધર્મનો સમન્વય કરો. થોડુંઘણું લહતું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુકો. (મુમુક્ષુઃ- લહતા મુકે એકતા થઈ જાય?) એકતા કયાં ઈ રીતે ખોટું શી રીતે થાય? ઓલું નહોતું કહેવડાવ્યું કીધું'તું ને? પુનમચંદ ઘાસીલાલ. હિંમતભાઈને કહેવડાવ્યું'તું. કે જરી કાનજીસ્વામી થોડુંક લહતું મુકે ને અમે થોડું લહતું મુકીએ ભેગા થઈ જઈ કયાંક. આ તો કાંઈ મેળ ખાતો નથી. ગૃહસ્થ છે ને ઓલો કરોડપતી પુનમચંદ ઘાસીલાલ. દીક્ષા લીધી એના ઓલા ભાઈએ. મોતીલાલજી! નગ્ન થઈ ગયા દિગમ્બર. કયાં દીક્ષા કોને કહેવી હજી ખબર ન મળે. કાંઈક લહતું મુકો. શું લહતું મુકું? કીધું આ એક સમયની પર્યાય તે સમયે ઉત્પન્ન થાય છે એમ ન કહું તો આડે અવળે સમયે થાય છે એમ કહું તો લહતું મુકયું કહેવાય. એમ છે? એ તો વિપરીત થઈ ગયું. (મુમુક્ષુઃ- પચાસ ટકા તમારા પચાસ ટકા અમારા) હા. પચાસ ટકા પણ કઈ રીતે પચાસ ટકા? એક સમયની તે દ્રવ્યની પર્યાય તે કાળે તે સમયે બીજાની અપેક્ષા રાખ્યા વિના થાય. હવે એમાં પચાસ પચાસ ટકા કરો. કીધું સો એ સો ટકા આખા રહેશે.

એક સમયની પર્યાય તે દ્રવ્યની તે ક્ષણે વ્યય ને ધ્રુવની અપેક્ષા રાખ્યા વિના, અવાંતરસત્તાનો અંશ પોતાથી છે બધું છે માટે નથી. હવે એમાં લહતું શું મુકવું? આરે! વસ્તુ આવી છે તે, રમણીકભાઈ? હવે આ તો અલૌકિક માર્ગ છે બાપા. આહાહા! આ તો સર્વજ્ઞ દરબારનો માર્ગ છે. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એણે કહેલો, એ માર્ગે ગયા અને પામ્યા એ માર્ગ આ છે. આહાહા!

કહે છે કે અનંતપર્યાયમયને એકપર્યાયમયપણું વિરૂદ્ધ છે. એક પર્યાયમાં અનંત પર્યાય આવી જતી હશે? હેં? અનંતગુણની અનંતી પર્યાય એક સમયે થાય જીવની. પરમાણુંમાં પણ એમ છે. એક પરમાણું છે એના અનંતગુણ છે. પોઈન્ટ હોં, પોઈન્ટ આ છેલ્લો ટુકડો. એની એક સમયની અનંતી પર્યાય છે. અનંત પર્યાયની અપેક્ષાએ મહાસત્તા અને એકએક પર્યાય અવાંતર. એ અનંત પર્યાયપણે છે તો એક પર્યાયપણે નથી. અનંતી એકપણે હોય તો તો અનંતનું રહેતું નથી. અને એક એકપણે છે તે અનંતપણે નથી. આહાહા!

આ તો એક સમયના અનંતગુણની અનંતી પર્યાયમાં એક પર્યાય અનંત પર્યાયને લઈને નહીં. એમ ભાઈ. આહાહા! સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્જ્ઞાનની પર્યાય છે માટે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હેં? (મુમુક્ષુ :- તો અવાંતરસત્તા ન રહે.) પેટાભેદ સ્વતંત્ર ન રહે, સ્વયં સત્તા પોતાથી ન રહે. આને લઈને આ એમ હોઈ શકે જ નહીં. આહાહા! શું પણ સર્વજ્ઞની વાત. હેં? ઓહોહો! સર્વજ્ઞ છે એનો જાણનાર. એ જાણનાર બધાની સામું જોઈને નહીં. તારી સામું જોઈને જાણનાર થા એનું નામ ધરમ. એનું નામ સમ્યગ્દર્શન એનું નામ સમ્યગ્જ્ઞાન ને એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ?

હવે એને સમજાવે છે હો! આ તો ઉપરથી અર્થ કર્યા આટલા. **ઉપર્યુકત સપ્રતિપક્ષપણું સ્પષ્ટ સમજાવવામાં આવે છે.** હવે આવે છે હોં! **સત્તા દ્વિવિધ છે.** હોવાપણાના ભાવો બે પ્રકારના છે. કહો હવે, આમાં તો સાદીભાષા છે પણ હવે થોડુંક મગજને કેળવવું તો પડશે કે નહીં? અરે રોટલી થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો લોટને કેળવ્યા વિના થાતી નથી. એમ ને એમ રોટલી થાતી હશે? પાણી નાંખે લોટમાંને લોચો કરે ને રોટલી કરવા માંડે તો કૂચા જેવી થાય. (મુમુક્ષુઃ- થાય જ નહીં ને?) થાય. થાતી હશે કૂચા જેવી આપણને કયાં ખબર છે. લોટને પહેલાં મસળે છે ખૂબ. બાજરાના લોટનો રોટલો કરે તો પહેલાં મસળે છે. ભીંસ દઈને આમ. આ આમ ન દેવાય હોં. આમ ન થાય એ કાંઈ. આમ થાય. હથેળીથી. આપણે તો જોયું હોય ને ઓલા કરતાં હોય તો. આ કેવી રીતે રોટલા કરે? કરશે? એ કાંઈ આમ આમ કરતાં હશે? ત્યારે હવે એને લઈને કેળવણી આવતી હશે? એ તો આંહી કેમ કહે છે, કે આ પણ છે, એ પણ છે, છે, છે માં છે બધું આવી ગયું.

હવે આંહી જે સ્વતંત્ર જયાં આની પર્યાય થાય છે કેળવણી એ પોતાથી સ્વતંત્ર છે. આ છે માટે આ છે એમ નથી એમ કહે છે આંહી તો. આહાહા! જાદવજીભાઈ! એ તો મગજ કેળવવું પડશે. કેળવણી કેળવણી કરે છે ને દુનિયાની. એય! કોલેજીયન. કોલેજીયન હવે. આ કેળવણી સાચી છે બીજી કેળવણી એ તો બધા થોથા છે. એ તો જાણેશ્વરી કહેવાય. લાભ લઈને પછી નોકરી કરશે. આહાહાહા! શું કહે છે આ.

કહે છે **સત્તા દ્વિવિધ છે. મહાસત્તા અને અવાંતરસત્તા. તેમાં સર્વપદાર્થસમૂહમાં વ્યાપનારી,** બધા આત્માઓ પરમાણુંઓ છે છે બસ એટલું. છે એમ વ્યાપનારી, **સાદશ્યઅસ્તિત્વને** સાદશ્ય એટલે? સદશ્યપણું. છે એમાં સદશ્યપણું આવે કે નથી એવું કાંઈ છે કયાંય? છે છે છે છે છે છે આત્માઓ છે, પરમાણુંઓ છે, સિધ્ધ છે, નિગોદ છે, અનંત મહાસ્કંધ છે, એક પરમાણું છે, ધર્માસ્તિ છે, એવા સાદશ્ય અસ્તિત્વ સરખાપણે હોવાવાળામાં **સૂચવનારી મહાસત્તા (સામાન્ય સત્તા) તો કહેવાઈ જ ગઈ. બીજી, પ્રતિનિશ્ચિત (એકેક નિશ્ચિત) વસ્તુમાં રહેનારી,** હવે બધું છે એમાંથી એકએક આત્મા કે એકએક પરમાણું અને એકએક આત્મામાં પણ એકએક પર્યાય. સ્વરૂપ અસ્તિત્વને સૂચવનારી એકએક વસ્તુમાં રહેનારી, **સ્વરૂપ અસ્તિત્વને સૂચવનારી.** આહાહા!

આત્મા-આત્માપણે છે એમ અવાંતરને સૂચવનારી, પરમાણું પરમાણુંપણે છે એમ પેટાભેદને સૂચવનારી, આત્મામાં એકએક સમયની પર્યાય, વ્યય ને ધ્રુવ સિવાયની છે એવી એકપણાને સૂચવનારી, એવું જે સ્વરૂપનું અસ્તિત્વ તેને સૂચવનારી અવાંતર સત્તા છે. આરે! ભારે વાત ભાઈ! મુનિઓએ પણ જંગલમાં રહીને (અલૌકિક કામ કર્યા છે.)સમ્યગ્દર્શન ને આત્માના આનંદમાં રહેતા હતા. મુનિ તો આનંદમાં મહાઆનંદ (માં રહેતાં હોય.) નગ્નમુનિ જંગલમાં વસે. સમજાય છે કાંઈ? એમાં આવા શાસ્ત્રો (ની રચના કરી) શાસ્ત્રનો ક્ષયોપક્ષમ કેટલો છે એ આમાં જણાય છે કે નહીં? આહાહા!

કહે છે, બધું છે એ કહેવાઈ ગયું. હવે એમાંથી એકએક વસ્તુમાં રહેનારી, એકએક પદાર્થ કે એકએક પદાર્થની એકએક પર્યાય. **સ્વરૂપ અસ્તિત્વને સૂચવનારી.** પોતપોતાના સ્વરૂપના હોવાપણાને બતાવનારી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવાંતર (વિશેષસત્તા) છે. મહા છે એમ કીધું ત્યાં પેટાભેદનું પણ વિશેષપણું છે. વિશેષ શબ્દે અહિંયા અવાંતર પેટાભેદ.

**ત્યાં મહાસત્તા અવાંતરસત્તારૂપે અસત્તા છે.** બધું છે તે પેટાના એક ભાગ કે એક પ્રકાર તે અસત્તા છે. બધું છે તે એકપણાથી અસત્તા છે. બધું છે તે એકપણાથી પણ છે? સમજાણું કાંઈ? આ કોલેજમાં પણ આવું નહીં આવતું હોય, આવતું હશે? આ તો ભગવાનની કોલેજ છે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોક જોયા. કહે છે મહાસત્તામાં 'છે' એમાં હું પણ 'છે' આવ્યો છું કહે છે. કેવળજ્ઞાન છે, અનંતા કેવળજ્ઞાન છે, અનંતા સિધ્ધ છે, નિગોદ છે, પર્યાય છે ઉત્પાદ છે, વ્યય છે બધું આવી ગયું. છે છતાં મારું કેવળજ્ઞાનનો એક પર્યાય છે તે બધું છે માટે એમ નથી. બધાની અપેક્ષાએ એક સમયનો પર્યાય અસત્તા છે. આહાહા! સમજાણું કાંઈ?

મહાસત્તા અવાંતર હોવાપણે મહા હોવાપણામાં પેટાભેદના હોવારૂપે અસત્તા છે. આખી સત્તા તે એક અંશની સત્તાપણે કે એક દ્રવ્યની સત્તાપણે અસત્તા છે. ઓલું તો ફટ દઈને કહે કે વ્રત લઈ લ્યો. આ બધા બહુ કહેતા'તા હો, ઈ ભાવસાર છે વરતેજમાં. મહાવ્રત લઈ લ્યો ને, બધા મિથ્યાદષ્ટિ છે માળા! ગૃહિત મિથ્યાદષ્ટિ છે ને કહે અમે સાધુ છીએ. એ કહે હું તો કોઈને પગે નથી લાગતો. કોઈને સાધુ માનતો નથી. એકલો રહું છું કે શું કરું? આંહી કહ્યું હતું હો જરીક આંહી વ્યવહારનું. મેં કીધું અમે કયાંય પડતા નથી. હું કયાંય પડતો નથી અમારું કામ નહીં. અમે તો માત્ર ઉપદેશ આપીએ. એવી લપમાં કયાં પડે? કહો, સમજાણું આમાં? આહાહા!

શ્રીમદ્‌નું બરાબર છે કાંઈક, પણ ત્યાં અગાસમાં પણ ભકિતના રાગડા તાણે. સમજણ ન હોય આંહી જે સમજણ આપી (તો કહે)આવી તો અમે કોઈદિ' સાંભળી નથી કયાંય. ત્યાં એમ કહે 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' લ્યો. પણ આત્મા શું એની ભાવના શું અને કેવળજ્ઞાન શું? એય! આહાહા! એ પણ વાત ખોટી છે, આંહી તો કહે છે. એય ભીખાભાઈ!

ગુરુની સત્તાથી આંહી આત્માની સત્તાનો પર્યાય છે એમ નથી એમ કહે છે. કેવળી અને ગુરુ 'છે' એમાં બધા આવી ગયા. પણ એમ કહે છે કે આત્મા છે. શિષ્યનો આત્મા છે, ગુરુનો આત્મા છે, કેવળીનો આત્મા છે, શાસ્ત્ર છે. એ 'છે' એમાં બધું આવી ગયું. પણ 'છે' ની અપેક્ષાએ એકએકની સત્તા છે કે આ મહાસત્તા છે. આ બધું છે માટે એની પર્યાય છે એમ છે નહીં. અને આ મહાસત્તા છે માટે પેટાભેદ છે એમ છે નહીં. બધું છે માટે તેનો જ્ઞાનનો પર્યાય એને થાય છે એમ છે નહીં. એમ કહે છે. અપવાસ તો નિંદા કહેવાય. અપવાસ ને નિંદા નથી કહેતા? હેં નિંદામાં લાભ થાય? અપવાસનો લાભ થાય? દોષ છે. આહાહા!

ત્રણકાળ, ત્રણલોક, અનંતા દ્રવ્યો છે. એ છે એમાંથી કોઈ નથી એમ ન થાય. મહાસત્તા એમ કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. જોયું? છે એ અપેક્ષાએ એકએક ભાગ દ્રવ્ય લ્યો ને એકએક પર્યાય લ્યો તો મહાસત્તાની અપેક્ષાએ પર્યાય સત્તા છે તે અસત્તા છે અને મહાસત્તા અવાંતર સત્તાની અપેક્ષાએ અસત્તા છે. સામેસામી. બેય છે જુઓ. **ત્યાં મહાસત્તા અવાંતરત્તારૂપે અસતા છે અને અવાંતરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે તેથી સત્તા ને અસત્તા છે. (અર્થાત જે સામાન્યવિશેષાત્મક સત્તા** સામાન્યવિશેષાત્મક એટલે? મહા અને પેટાભેદ, એવી સત્તા **તે મહાસત્તારૂપ હોવાથી 'સત્તા' છે તે જ અવાંતરસત્તારૂપ પણ હોવાથી 'અસત્તા' પણ છે.)** પેટાભેદપણે છે માટે અસત્તા પણ છે. સમજાણું કાંઈ?

આરે! આ તો ઓલા કાયદા કાઢેને વકીલના એવા તો કાયદા કાઢયા'તા અંદરથી. ઓલા કાયદા તો બધા સમજવા જેવા. આ તો ત્રણકાળ ત્રણલોકમાં અસ્તિત્વનું મહાપણું છે. છે છે છે છે એમાં નથી શું આવશે? છે છે છે એમાં નથી આવશે? બસ! છે છે છે. હવે છે છે એમાં એકપણું નથી એમ આવશે. મહામાં એકપણું નથી એમ આવશે. સમજાણું કાંઈ? એટલે મહાહોવાપણામાં એકની અપેક્ષાએ અસત્તા અને એકના હોવાપણામાં મહાહોવાપણાની અપેક્ષાએ અસત્તા. એ દેવશીભાઈ! સમજાય છે કે નહીં આ? એ જુના માણસ છે બેસે છે કે નહીં આ? આહાહા!

કહે છે એક દ્રવ્ય છે આત્મા. એના અનંતા ગુણો છે. એની અનંતી પર્યાયો છે. છે ને એને હવે એક મહાસત્તા ગણો. એકની હવે તો હો. બધા દ્રવ્યો તો ઠીક, હવે એક જ્યારે મહા છે છે છે ઈ પોતે એક સમયની પર્યાયના ઉત્પાદની અપેક્ષાએ, એક સમયના વ્યયની અપેક્ષાએ અસત્તા છે. અને એક સમયની અપેક્ષાની અવસ્થા અવાંતર એ મહાસત્તાની અપેક્ષાએ મહા છે માટે આ એક સમયનો પર્યાય છે એમ નથી. આહાહાહા! વાહ! જેવી રીતે એ એક સમયના સત્‌ને સિધ્ધ કરવાની ટૂંકી ગલી અને મોટું માપ પ્રમાણજ્ઞાન. હેં? આહાહા! બીજી કોઈ વસ્તુ હોઈ શકે નહિં. ભાઈ! તું કહે કે અમને સામાની દયા પાળે છે ને કે દયા પાળો, દયા પાળો. નથી કહેતાં લોકો? દયા પાળો ભાઈ, દયા પાળો ધર્મ છે કોની દયા? એ જીવ નથી? એના પરમાણુંઓ નથી? અને એનું ટકવું પણ સત્તા હોવાપણે નથી? કે એનું હોવાપણું એને લઈને (નથી તેથી) તું એનું હોવાપણું રાખ? દયા પાળ એની? મિથ્યાદષ્ટિ છો કહે છે. સમજાણું કાંઈ?

બધું છે એની અપેક્ષાએ એનું જે છે એ અવાંતરપણું જુદું છે. તું પણ છો, એ છે, ઉત્પાદ્‌વ્યય છે, ધ્રુવ છે, બધું છે. પણ એની અપેક્ષાએ એનો જે જીવવાનો પર્યાય છે એનો સ્વતંત્ર અવાંતર સત્તા એનો એક અપેક્ષાએ, એ અવાંતરની અપેક્ષાએ મહાસત્તા તે નથી. અને મહાસત્તાની અપેક્ષાએ અવાંતર સત્તા નથી. આહાહા! શું પણ શૈલી છે. હેં! અનેકાંત કરે છે. અસ્તિ નાસ્તિ. આહાહા! આ તો લેશે આગળ હો. આમ સત્‌ છે ને, સત્‌ છે માટે આત્માના ત્રણ અંશો સત્‌ છે અથવા અનંત ગુણો સત્‌ છે અથવા તે ગુણોની એક સમયની અનંતી પર્યાય સત્‌ છે. એ બધું સત્‌માં ગયું મહાસત્તામાં. બધા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મહાસત્તાની અપેક્ષાએ જુદો પાડીએ તો એક પણ પોતે મહાસત્તા કહેવાય છે.

હવે એના પેટાભેદ પાડો તો જ્ઞાનપર્યાય, દર્શનપર્યાય, જ્ઞાનગુણ, ધ્રુવ એ દરેકની પ્રત્યેક સત્તા મહાની અપેક્ષાએ એકએક જુદી છે. તેથી મહાની અપેક્ષાએ અવાંતરસત્તા તે નથી અને અવાંતરસત્તાની અપેક્ષાએ મહાસત્તા તે નથી. શું કીધું એ. આખો આત્મા છે ને અનંતાગુણો છે. અનંતી પર્યાય છે ને માટે તેની એક સમયની પર્યાય છે એમ નથી કહે છે. સમ્યગ્દર્શનની પર્યાય છે માટે સાથે સમ્યગ્જ્ઞાનની પર્યાય છે એમ નથી. છે ની અપેક્ષાએ અનંતી પર્યાય એક સમયમાં છે. હેં. આહાહા! પણ છે માં એકએક પેટાભેદની અપેક્ષાએ મહાસત્તા તે અસત્તા છે અને અવાંતર સત્તા તે મહાસત્તાની અપેક્ષાએ અસત્તા છે. આહાહા! કઇ રીતે સિદ્ધ કરે છે એને.

એકએક દ્રવ્ય પણ બધા દ્રવ્યની અપેક્ષાએ મહાસતા પહેલાં કીધું. પણ એ મહાસત્તા એકએક દ્રવ્યની અપેક્ષાએ પાછી અસત્તા છે. કારણ એકએક દ્રવ્ય અવાંતર સત્તા તે મહાસત્તાની અપેક્ષાએ અસત્તા છે. બધું છે માટે આત્મા છે, બધા આત્મા છે માટે એક આત્મા છે, બધા પરમાણું છે માટે એક પરમાણું છે એમ નથી. આરે! ભારે વાત ભાઇ! સૌની સત્તા ભિન્ન છે એમ કહે છે આંહી તો. બધાને લઇને નથી પોતાને લઇને છે એમ કહે છે. સૌની સત્તા ભિન્ન. એકની સત્તા તો ભિન્ન પણ એકએક આત્મામાં અનંતા ગુણોની સત્તા પણ ભિન્ન ભિન્ન. એક ગુણને લઇને બીજા ગુણની સત્તા એમ પણ નથી. આહાહા! અને એક ગુણની વર્તમાન પર્યાય છે માટે તે ગુણની સત્તા છે અને એક ગુણની પર્યાય છે માટે બીજી પર્યાયો છે એમ પણ નથી. આહાહા! ભારે વાત ભાઇ! કહો સમજાય છે કે નહીં આમાં. શાંતિભાઇ! ઘડિયાલના કાંટા મેળવવા હોય ત્યાં તો બધું સ્થુળ લાગે. આ તો બધું સૂક્ષ્મ છે આ. આહાહા!

શું અસ્તિપણાની શ્રદ્ધા કરાવે છે ને. હેં? લ્યો સમ્યગ્દર્શન કારણ ને ચારિત્ર કાર્ય. આવે છે ને? આંહી કહે છે એ બધું છે 'છે' માં ભલે સમાઇ જાય. પણ એક મોક્ષના માર્ગની પર્યાય છે માટે મોક્ષની પર્યાય છે એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાય છે માટે સમ્યક્ચારિત્રની પર્યાય જોડે છે એમ નથી. છે માં બધું આવી જાય પણ પેટાભેદની અપેક્ષાએ મહાસત્તાપણાનો અભાવ છે. અને એકએકમાં મહાસત્તાનો અભાવ છે. આહાહા! ઇશ્વર કર્તા તો કયાંય ગયો. ઇશ્વર કર્તા બર્તા તો નથી. એ તું જ ઇશ્વર છો કહે છે. તારા ઇશ્વરના હોવાપણામાં બીજા ઇશ્વરના હોવાપણાથી તારું ઇશ્વરપણું છે એમ નથી. અથવા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા છે માટે તારું પરમાત્મપણું અંદર ધ્રુવપણું છે એમ નથી. આહા! અથવા આત્માની સર્વજ્ઞ પર્યાય પ્રગટી ઇ બધા છે માં સમાઇ જાય છે. પણ સર્વજ્ઞ પર્યાય છે માટે આંહી જ્ઞાનગુણ છે એમ નથી. અને જ્ઞાનગુણ ધ્રુવ છે માટે સર્વજ્ઞની પર્યાય છે એમ નથી. સમજાણું કાંઇ? એમ સિદ્ધ કરે છે. છે એટલું છે બસ. પર્યાયના ભેદની અપેક્ષાએ મહાસતા ઓલું બધું થઇને છે એમ કીધું'તું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પછી અવાંતર સત્તા છે એ સ્વતંત્ર છે. એકમાં મહાસત્તા બધું છે માટે આ છે એમ છે નહીં. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો પહેલા બોલનો ખુલાસો ઓલામાં આવ્યો'તો ને પહેલો? સત્તા ને અસત્તા પ્રતિપક્ષ છે. પેલી બાજુ આવ્યું'તું પહેલું. આ એનો ખુલાસો કર્યો છે. કે **પ્રતિનિશ્ચિત વસ્તુમાં રહેનારી, સ્વરૂપ અસ્તિત્વને સૂચવનારી અવાંતરસત્તા (વિશેષસત્તા) છે**. પેટાભેદ સત્તા છે.આ તો જ્ઞાનનો ભંડાર છે ભગવાન! એ જ્ઞાનના ભંડારમાં આ બધું કાંઈ તુચ્છ લાગે એમ ન લાગે. કાંઈ ન સમજાય એવું હોય નહીં. સમજાણું કાંઈ?

જ્ઞાનનો તો ભંડાર છે. ગમે તેટલું કાઢને કેવળજ્ઞાન કાઢ તો ગુણ ખૂંટે એવો નથી. આહાહા! **ત્યાં મહાસત્તા અવાંતરસત્તારૂપે અસત્તા છે.** લ્યો! બધું હોવાપણું પેટાભેદના એક ભાગ નથી તે અસત્તા છે. **અને અવાંતરસત્તા** જે પેટાભેદરૂપ સત્તા છે **તે મહાસત્તારૂપે અસત્તા છે.** એક અંશ છે તે કાંઈ બધા રૂપે થઈ જાય છે? એક દ્રવ્ય છે તે બધા રૂપે થઈ જાય છે? લ્યો, એક બોલ થયો. એક બોલ થયો.

**અર્થાંત જે સામાન્યવિશેષાત્મક સત્તા** સામાન્યવિશેષાત્મક એટલે શું? સામાન્ય એટલે મહાસત્તા અને વિશેષ પેટા સત્તા. બધા થઈને એક થઈને એક સત્તા તે **મહાસત્તારૂપ હોવાથી એમ. તે 'સત્તા' છે તે જ અવાંતરસત્તારૂપ હોવાથી 'અસત્તા' પણ છે.** હવે ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું પ્રતિપક્ષ છે. હવે સિધ્ધ કરે છે જુઓ.

જે સ્વરૂપે ઉત્પાદ છે તેનું (તે સ્વરૂપનું) તે રીતે ઉત્પાદ એક જ લક્ષણ છે. આત્મામાં જ્ઞાનની પર્યાય ઉપજી તે ઉત્પાદ લક્ષણ છે તે એનું એક જ લક્ષણ છે. ઉત્પાદના ત્રણ લક્ષણ છે? ત્રણ લક્ષણ તો સામાન્ય આખા દ્રવ્યના કીધા. ઉપજયું, વ્યય થયું ને ધ્રુવ. એ ત્રણ લક્ષણની સામે એકએક લક્ષણ વિપરીત છે. આહાહા! જે સ્વરૂપે ઉત્પાદ છે. પરમાણું, પરમાણું છે ને? એમાં જયાં પર્યાય ઉત્પન્ન થઈ છે અત્યારે આ લોહીની. એ એક ઉત્પાદ છે. એ ઉત્પાદની અપેક્ષાએ તેના સ્વરૂપનું ઉત્પાદ એક જ લક્ષણ છે. એમાંથી પૂર્વની જે અવસ્થાનો વ્યય થયો અને ધ્રુવ થયું એવા ત્રણ લક્ષણ એકમાં આવતું નથી. એકમાં તો ઉત્પાદ લક્ષણ એક જ આવ્યું. સમજાણું કાંઈ?

ઓહોહો! આવી શૈલી! દિગંબર સંતો સિવાય કયાંય છે નહીં. સર્વજ્ઞના કેડાયતો. આખું છે એની અપેક્ષાએ એક અસત્તા, એક સત્તાની અપેક્ષાએ મહાસત્તા અસત્તા છે. ત્રણ લક્ષણની અપેક્ષાએ સત્તા એક લક્ષણપણાની અપેક્ષાએ અસત્તા. જે સ્વરૂપે ઉત્પાદ છે. આત્માના સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો તે સ્વરૂપે સત્ છે તે એક જ લક્ષણ છે. ઉત્પાદનું એક જ લક્ષણ છે. મિથ્યાત્વનો વ્યય થયો માટે સમકિતનો ઉત્પાદ થયો એમ નથી. અને ધ્રુવપણામાં સમ્યક શ્રધ્ધાગુણ પડયો છે માટે સમ્યગ્દર્શનના પર્યાયનો ઉત્પાદ થયો એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

કાંઈક છે એમ તો રાખજો. બહુ નો સમજાય મગજમાં તો કાંઈક છે વસ્તુ ગૂઢ. ભગવાનજીભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા તે સમયના ક્ષાયિક સમકિતની પર્યાય થઈ. કહે છે કે ક્ષાયિક સમકિતની પર્યાય એક લક્ષણવાળી છે. એના ધ્રુવ અને વ્યય લક્ષણવાળી એક નથી. હેં! એના સ્વરૂપે ઉત્પાદ છે તે ઉત્પાદરૂપે જ છે વ્યયરૂપે નથી, ધ્રુવરૂપે નથી. એમ અંતરમાં ચારિત્રનો પર્યાય ઉત્પન્ન થયો. આનંદનો ચારિત્ર એ ચારિત્ર પર્યાય ઉત્પાદ અપેક્ષાએ ઉત્પાદ બરાબર છે. એક લક્ષણ થયું. એ પૂર્વનો અચારિત્ર પર્યાયનો વ્યય થયો એવા લક્ષણવાળું આ લક્ષણ નથી. આ તો ઉત્પાદનું લક્ષણ છે. વ્યયનું લક્ષણ બીજું છે. ધ્રુવનું લક્ષણ ત્રીજું છે. સમજાણું કાંઈ?

હવે આંહી પરને લઈને તો નહીં પણ એના એક અંશને લઈને બીજો અંશ નહીં. આહાહા! આ તે કાંઈ વાત છે? છગનભાઈ! ભગવાન આત્મા! અરે પરમાણું ઈશ્વર છે, ઈ જડ ઈશ્વર છે. પરમાણુંમાં પણ જે કાંઈ એક સમયની ઠંડી અવસ્થા છે એ ઉત્પાદ લક્ષણે ઉત્પાદ ઠંડી થઈ તે સ્વતંત્ર છે. એ ઉષ્ણતાનો વ્યય થયો માટે ઠંડી થઈ એવું એક લક્ષણમાં બીજા લક્ષણનું ભેળસેળ થતું નથી. હવે આ તો હજી રાડો પાડે છે. અગ્નિથી પાણી ઊનું થયું. અરે ભગવાન શું કહે છે તું? અગ્નિ છે તો પાણી ઊનું થયું. સમજાય છે કાંઈ? (મુમુક્ષુઃ- તો પછી કરી બતાવો ને?) પણ કોણ બતાવે? કરે કોણ? થાય છે એમાં કરી કોણ બતાવે? થાય છે એમાં કરી કોણ બતાવે? જોને તું? એમ કે ઊનું અગ્નિ વિના ઉષ્ણતા કરી બતાવોને એમ કહે છે? (મુમુક્ષુઃ- ઈ કયાં કોઈ કરી બતાવે છે?) પણ કરે છે કોણ? એણે કે દિ' કર્યું 'તું ન્યાં. ન્યાં તો એમ દેખાય છે કે અગ્નિ અગ્નિપણે છે, પાણીની ઉષ્ણતા ઉષ્ણતાપણે છે, પાણીના ઠંડાપણાનો વ્યય વ્યયપણે છે, પાણીનું ધ્રુવપણું ધ્રુવપણે છે. અગ્નિનું ધ્રુવપણું (અગ્નિપણું) પર્યાયપણે છે એના વ્યયપણે છે ને એના ધ્રુવપણે ન્યાં છે. હવે એમાં આને લઈને આંહી ઈ છે કયાં વસ્તુમાં? એમ કહે અમે તો કરી બતાવી જો અમે તો. ધૂળેય નથી મિથ્યા તારી દૃષ્ટિ છે. જુઓ તેજાબમાં હાથ નાંખો જોય ઈ બળશે કે નહીં? હવે પરથી કાંઈ થાતું નથી. હવે સાંભળને? તેજાબમાં હાથ નાંખો, જુઓ પરથી કાંઈ થાતું નથી, આ નથી થાતું? મારો ઘોદો એક.

અરે! ભગવાન! શું તું કરે છે બાપુ? તું સત્‌ની અવહેલના કરે છે. ભાઈ! સત્ સ્વરૂપની અવહેલના કરે છે. ભાઈ! સમજાય છે? તું તારા સ્વરૂપની અવહેલના નિંદા કરે છે તું . આહાહા! તારું જ્ઞાન તો એમ જાણવું જોઈએ કે તે સમયે તે સત્‌ની તે પર્યાય તેનાથી થઈ છે તેના વ્યયધ્રુવથી નહીં, પણ પરથી તો નહીં નહીં ને નહીં. એમ તારું જ્ઞાન થવું જોઈએ એને ઠેકાણે તું આ મારી જ્ઞાનની અવહેલના, અનાદર કરીને અસાતના કરે છે. સમજાણું કાંઈ?

સાંભળ્યું નથી એમાં બિચારા શું કરે? ભાઈ! એવી વાત છે આ. આ તો ઘણો પુણ્યનો યોગ હોય એની ક્ષયોપશમની યોગ્યતા હોય ત્યારે તો સાંભળવા મળે. એની ક્ષયોપશમની યોગ્યતા હો હા. સાંભળવું મળે માટે નહીં એની યોગ્યતા એમ કહે છે આંહી. આંહી એમ કહે છે કે નહીં? ભાઈ! આહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળવું મળે માટે ત્યાં જ્ઞાન થાય છે એમ નથી. કાંઈક સાંભળવાનો પર્યાય ભાષાની પર્યાયનો તો ભાષામાં છે. કાનને ખરેખર તો અડતોય નથી. એ તો અંદરમાં જ્ઞાન થયું છે તે તો પોતાથી થયું છે. જ્ઞાનના પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર છે. એ ઉત્પાદ પરને લઈને નથી. એના વ્યયને લઈને નથી, ધ્રુવને લઈને નથી તો વાણીને લઈને ઉત્પાદ છે એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

જે સ્વરૂપે ઉત્પાદ છે. આહાહાહા! પરમાણુંઓ. પરમાણુંની ઠંડી અવસ્થા હતી તેનો વ્યય થયો માટે ઉષ્ણ અવસ્થા થઈ, એમ નથી કહે છે. તો પછી અગ્નિથી એની ઉષ્ણતા થઈ ભગવાન એમ છે નહીં ભાઈ! આહાહા! હવે આ શું કહે છે. ચશ્મા છોડી દો. અરે ભગવાન શું તું કહે છે આ. ચશ્મા અસ્તિત્વ ધરાવે છે એની સત્તા એની સત્તાને તું આમ આડી અવળી કરી શક એની સત્તાને તું? એના અસ્તિત્વની જે સત્તા આ પ્રમાણે છે એને ઠેકાણે આમ થાય ઈ તો એના પર્યાયના અસ્તિત્વને લઈને થાય છે. આંગળાને લઈને અને તારા વિકલ્પને લઈને થાય છે?

ઓલો કહે દેખો, ચશ્મા કાઢી નાખો. જ્ઞાન ચશ્માને લઈને થાય છે કે નહીં? અરે તને ભાન નથી સાંભળને? આંખ કાઢી નાખો દેખાડો બધાને લાવો કહે. લીંબડીમાં ઓલો ચંદ્રશેખર કહે, બધાએ ચશ્મા ચડાવ્યા છે જુઓ, ચશ્માથી જ્ઞાન થાય છે કે નહીં? ભાઈ સૂક્ષ્મ વાત છે બાપુ! સૂક્ષ્મ શું છે કરીને ખુલાસો કરાવે. ભાઈ, તારે શું કરવું છે પણ આમાં? એ ખુલાસો શું થાય? આહાહા! આંહી તો કહે છે કે, જ્ઞાનનો જે ક્ષયોપશમનો પર્યાય છે એ પોતાથી છે. એ ચશ્મા આવ્યા માટે થયો ને ચશ્મા ગયા માટે એ પર્યાય બીજો થયો એમ છે નહીં. આહાહા! અરેરે! આવું તે સત્! એય રમણીકભાઈ! ખોટાથી કાંઈ સાચામાં ઊભા રહેવાય? આનો ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ આમાં છે પરમાણુમાં છે.

એ ઉત્પાદ આવો આમ આમ થાય એને લઈને આંહી જ્ઞાન થાય? આંહી જ્ઞાનગુણનો ઉત્પાદ એક સમયનો છે, એ તો કહે છે કે આને લઈને તો નહીં, બધું છે માટે તો નહીં પણ ધ્રુવ છે માટે પણ નહીં. આહાહા! ત્રણ લક્ષણનું એક લક્ષણ વિપરીતપણું છે. એ અનેકાંત છે. આહાહા! ભાઈ! હર્ષદ! ઝીણી વાત આવે તો બધી સાંભળવી તો પડે. હવે તો પાંત્રીસ પાંત્રીસ વર્ષ થઈ ગયા લ્યો! બહુ વિસ્તાર પહેલાં એટલો બધો નહોતો કરતાં. પહેલાં ન થાતો. હવે તો હળવે હળવે જરીક લોકો (સમજતા થયા).

વસ્તુ તો એ જ છે, વસ્તુ તો આ જ છે પહેલી. સમજાણું કાંઈ? બહુ ઝીણું પડી જાય છે, ઝીણું પડી જાય છે. બાપુ પણ તું ઝીણો કેવડો? ઈન્દ્રિયથી ન જણાય એવો. ઈન્દ્રિયનું અસ્તિત્વ જુદું તારું અસ્તિત્વ જુદું. આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપ્રભુ ચૈતન્ય છે. એના ભાનનો પર્યાય એ ઈન્દ્રિયથી થતો નથી. સાંભળવાથી થતો નથી. આહાહા! એ વિકલ્પ ઉઠયો. આમ કહે છે. એનાથી પણ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થતી નથી. વિકલ્પ અને આંહી જ્ઞાનની પર્યાય થઈ પણ એ વિકલ્પને લઈને પર્યાય થઈ એમ નથી અને એ પર્યાય જ્ઞાનની થઈ માટે વિકલ્પ છે એમ પણ નથી. ઉત્પાદ ઉત્પાદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વતંત્ર. વિકલ્પનો ઉત્પાદ સ્વતંત્ર તે વખતે જ્ઞાનનો ઉત્પાદ તે સ્વતંત્ર.આ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે લ્યો એમ આવ્યું આમાં પાછું. સમજાણું કાંઈ? ધર્મીને જે જ્ઞાન સ્વભાવમાં અંદર જે રાગાદિ દેખાય છે, કહે છે કે રાગ રાગરૂપે ઉત્પાદ સ્વતંત્ર છે અને તે વખતનું તેનું જ્ઞાન તે પોતાનું જ્ઞાન તે ઉત્પાદ પોતાપણે સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ઓહોહો!

જે અગિયાર ને બાર(ગાથામાં) કહ્યું છે 'જાણેલો'. બધે એક સિદ્ધાંત ઊભો થાય છે ચારે બાજુથી. હેં? સત્‌ને બીજી રીતે હોય શી રીતે? સત્‌ના કોઈપણ આંકડા મેળવો તો એકલું સત્ આવીને ઊભું રહેશે બસ. આહાહા! જરી આગ્રહ છોડી દેવો જોઈએ તો આ સત્ સમજાય. કારણ એને સમજવું છે ને? તો એ આગ્રહ છોડે તો એ સમજે. આહાહા! અને છોડે તો ઉત્પાદ થાય એને લઈને નહીં. ઉત્પાદ ઉત્પાદને લઈને થાય. 'વધે ન શીર અનંતતા ઘટે ન વાસ નિગોદ, જૈસે કે તૈસે રહે જિન વચન વિનોદ.' સંખ્યા અનંત છે એમાં કહે છે વધે ઘટે શું કહેવું? એમ કહે છે. સમજાણું કાંઈ? અનંત સિદ્ધ છે તે સિદ્ધ જ છે. અનંત નિગોદના જીવ તે નિગોદના છે. છે છે છે તેમાંથી એકએક પર્યાય ઉત્પન્ન થાય તે પણ પોતાના સ્વ લક્ષણે ઉત્પાદે, ઉત્પાદ છે. આહાહા!

સર્વજ્ઞે જાણ્યું છે માટે આંહી થાય છે એમ નથી એમ કહે છે. આનો પર્યાય આ સમયે થશે એમ સર્વજ્ઞે જાણ્યું છે. અને સર્વજ્ઞે જાણ્યું છે ઈ છે આ ય છે પણ બધું છે માટે સર્વજ્ઞે જાણ્યું માટે આંહી પર્યાય થાય છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? આંહી જ્ઞાનનો પર્યાય પોતાનું સ્વસંવેદન થઈને જે પર્યાય ઉત્પન્ન થયો, એ પોતાના ઉત્પાદ લક્ષણે થયો છે. એ સર્વજ્ઞે જોયું માટે થયો છે એમ નથી. આહાહા! જુઓને આમાં તો ક્રમબદ્ધ સિદ્ધ થઈ ગયું બધું. અને સર્વજ્ઞે દીઠું માટે ક્રમબદ્ધ છે એમ છે નહીં. વસ્તુનો સ્વભાવ એવો છે. ઉત્પાદને કાળે તે ઉત્પાદ લક્ષણે તેની એક જ પર્યાય સિદ્ધ થાય છે. તેના સત્‌નો અંશ તે કાળે ઉત્પાદ લક્ષણે જ લક્ષિત છે. વ્યય લક્ષણે લક્ષિત નથી, ધ્રુવ લક્ષણે લક્ષિત નથી, ધ્રુવ લક્ષણથી તે જણાય છે એમ નહીં. એ તો ઉત્પાદ લક્ષણેથી જણાય છે. સમજાણું?

**જે સ્વરૂપે ઉત્પાદ છે તેનું તે રીતે ઉત્પાદ એક જ લક્ષણ છે, જે સ્વરૂપે વ્યય છે તેનું તે રીતે વ્યય એક જ લક્ષણ છે.** પૂર્વની અવસ્થાનો વ્યય એક જ લક્ષણે છે. ઉત્પાદ થયો માટે વ્યય થયો એમ નથી, એમ કહે છે. આહાહા! વિશેષ કહેવાશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં.૧૪, ગાથા- ૮
## પ્રવચન નં:- ૧૩
## તા.૨૭/૧૧/૬૯, કારતક વદ-૪, ગુરુવાર

પંચાસ્તિકાય ષટ્દ્રવ્ય . અસ્તિકાય છે ને અસ્તિકાય. અસ્તિ છે અને ઘણા પ્રદેશવાળા પાંચ દ્રવ્યો છે. એ આંહી શું કહે છે. આ આત્મા છે કે પરમાણું છે તેનું ત્રણ લક્ષણ સ્વરૂપ છે. દરેક પદાર્થનું ત્રણ લક્ષણ, ઉત્પાદ એ પણ છે વ્યય છે ધ્રુવ છે. ત્રણ લક્ષણ સ્વરૂપ છે. એક ત્રણ લક્ષણ સ્વરૂપે નથી. એકએક વસ્તુની અપેક્ષાએ તે ત્રણ લક્ષણ સ્વરૂપ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જે સ્વરૂપે ઉત્પાદ છે. આ આત્મામાં એક સમયની પર્યાયમાં જે ઉત્પાદપણે છે તે રીતે એ ઉત્પાદ એક જ લક્ષણ છે. આંહી તો છએ દ્રવ્યની વાત આંહી આત્મામાં છે. એક સમયનો જ્ઞાનનો પર્યાય અનંતગુણનો જે એક સમયનો પર્યાય છે તે ઉત્પાદ છે તે ઉત્પાદરૂપે જ છે. એ કાંઈ વ્યય અને ધ્રુવ લક્ષણપણે નથી. સમજાણું કાંઈ? એ ઉત્પાદ એક જ લક્ષણ છે.જે સ્વરૂપે વ્યય છે, પહેલી સમયની અવસ્થાનો વ્યય છે, જે વ્યય તે અભાવ છે. વ્યય છે તેનું તે સ્વરૂપે તે રીતે વ્યય તે એક જ લક્ષણ છે. સમજાણું કાંઈ?

જેમકે આત્મામાં અનંતગુણની એક સમયની જે પર્યાય ઉત્પન્ન થઈ તે ઉત્પન્ન લક્ષણે ઉત્પન્ન સ્વરૂપ જ છે, તે વ્યય લક્ષણવાળું સ્વરૂપ ત્યાં નથી. સમજાણું કાંઈ? એટલે કે, એક સમયમાં આંહી જે આત્મામાં જ્ઞાનની પર્યાયમાં એ તો અનંતી પર્યાયનું આવી ગયું, પછી અનંત પર્યાયમાં પર્યાય જુદી કાઢશે. આંહી તો અનંતી પર્યાય છે એક સમયમાં એ ઉત્પાદ લક્ષણે પર્યાય છે એમ. છે અનંતી એક સાથે. પરમાણુંમાં પણ એક પોઈન્ટ રજકણ છે એમાં પણ એક સમયે અનંતાગુણની અનંતી પર્યાય જે ઉગે છે તે ઉત્પાદ લક્ષણવાળી છે બસ.

આખું દ્રવ્ય તો ત્રણ લક્ષણવાળું છે. એકએક લ્યો તો એક લક્ષણવાળું છે. એટલે ત્રણ લક્ષણવાળી એક લક્ષણવાળી છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા તે જ એક લક્ષણવાળી અવાંતર સત્તા છે. સમજાણું કાંઈ? ઓહોહો! જે આત્મામાં એક સમયનો જ્ઞાન પર્યાય ઉત્પન્ન થયો એમાં ખરેખર જ્ઞાનનો પર્યાય ઉપજયો, તે અનંતા સિધ્ધોની ત્રણકાળ ત્રણલોકના દ્રવ્યની સિધ્ધની પર્યાયને, સિધ્ધના દ્રવ્યને, અનંતા પરમાણુંરૂપી દ્રવ્યને, એના ગુણને ને એની પર્યાયને એક સમયનો જ્ઞાન પર્યાય તેને જાણી લ્યે છે ઉત્પાદ. આ બીજી ચીજ છે માટે આ ઉત્પાદ છે, બીજી ધ્રુવ ચીજ છે માટે ઉત્પાદ છે અથવા પોતે ધ્રુવ છે માટે ઉત્પાદ છે, એમ નથી. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમયનો જ્ઞાનનો પર્યાય ઉત્પાદપણે, જેમાં અનંતા પરમેશ્વરો એક સમયની પર્યાયમાં સમાઇ ગયા છે. અનંતા સિદ્ધો, અનંતા કેવળીઓ એટલે કે સિદ્ધ કેવળી અથવા લાખો કેવળી અનંતાજીવ જે 'જ્ઞ' સ્વભાવે ધ્રુવ છે અનંત અને પરમાણું જે ધ્રુવ સ્વભાવે નિત્ય છે તે બધાને જ્ઞાનનો એક સમયનો પર્યાય ઉત્પાદથી પોતાના ઉત્પાદપણે જ છે. સમજાણું કાંઇ? એટલી સામર્થ્યવાળી એક સમયની પર્યાય ઉત્પન્ન થાય છે એને વ્યયની અપેક્ષા નથી. એને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા! સમજાણું કાંઇ?

કહે છે, જે ઉત્પાદ છે તે ઉત્પાદ સ્વરૂપે જ છે. અને પૂર્વની અવસ્થાનો વ્યય છે તે વ્યય સ્વરૂપે છે, ઉત્પાદને લઇને વ્યય છે કે વ્યયને લઇને ઉત્પાદ છે, એમ નથી. સમજાણું કાંઇ? અને જે સ્વરૂપે ધ્રૌવ્ય છે, જ્ઞાનનું જે ધ્રુવપણું ને અનંતગુણનું ધ્રુવપણું જે છે ધ્રુવપણું તે ધ્રુવપણું ધ્રુવપણાને લઇને છે. તેના ધ્રુવપણામાં ભગવાન આત્માના ધ્રુવપણામાં એકમાં, અનંતા પરમેશ્વરો અનંતા દ્રવ્યો એક સમયની પર્યાયમાં ઉત્પાદરૂપે થયા એવી અનંતી પર્યાય એવી અનંતી અનંતી પર્યાય, અનંતા પરમેશ્વરની એક સમયની પર્યાયમાં અનંતા પરમેશ્વર છે.

એવી અનંતી પર્યાયમાં અનંતગુણા પરમેશ્વર તે બધા પર્યાયનું અંદર ધ્રુવપણું જુઓ તો ધ્રુવ ધ્રુવને લઇને છે. ઉત્પાદને લઇને પણ નથી. પરને લઇને તો નથી જ. આહાહા! સમજાણું કાંઇ? એ જ્ઞાનનો પર્યાય ઉત્પાદ ઉત્પાદને લઇને એટલે કે પરને લઇને તો નથી. આહાહા! શું સત્તાની સિદ્ધિ કરે છે જોયું? સમજાણું કાંઇ? એક સમયનો જ્ઞાનનો પર્યાય ઉત્પાદરૂપે ઉત્પાદ થયો તે પરને લઇને તો નથી પણ ધ્રુવને લઇનેય નથી. સમજાણું કાંઇ? ઓહોહો! કહે છે અંદર ધ્રુવ ભગવાન મોટો દરિયો છે . સમજાય છે કાંઇ? ધ્રુવમાં મહા ભગવાન અનંતા બિરાજે છે. પોતે અનંતા પરમેશ્વર એક પર્યાયમાં એવી અનંતી પર્યાયના પરમેશ્વરો તેના એક જ્ઞાન ગુણમાં છે. આંહી તો બધા ગુણોનું ધ્રુવપણું એવું એવું સામર્થ્ય એક જ્ઞાનમાં, એવું દર્શનમાં, એવું આનંદમાં, એવું ધ્રુવપણું જે છે એ ધ્રુવપણાનું સ્વરૂપ એમાં એક લક્ષણે સિદ્ધ છે. ઉત્પાદને ને વ્યયને લઇને ધ્રુવ છે એમ નથી. સમજાણું કાંઇ?

એકલો જ્ઞાન મહાસાગર છે આત્મા. ધ્રુવનો જ્ઞાન મહાસાગર અનંતા કેવળીઓ એ ઉત્પાદપણે વર્તે છે. એના ઉત્પાદનું જ્ઞાન પોતાને કારણે પોતાનું જે જ્ઞાન થયું એવો જે ઉત્પાદ એવા એવા અનંતા ઉત્પાદરૂપે ધ્રુવ જે છે એ ઉત્પાદની અપેક્ષાએ વસ્તુ નથી. અંતર ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવ સમુદ્ર અનંતા અનંતા પરમેશ્વરને તો એક પર્યાય પી ગઇ. એવી અનંતી અનંતી પર્યાયને એક ધ્રુવ પી ગયું . આહાહા! સમજાય છે કાંઇ?

એવા અનંત ગુણનો સાહ્યબો આત્મા મહાસત્તા ત્રણે થઇને હોં અત્યારે! એમાં એક અવાંતર સત્તાનો પેટા ભેદ ત્રણમાંથી એક પડયો ને ધ્રુવનો. ત્રણ થઇને મહાસત્તા ત્રિલક્ષણી મહાસત્તા એ અત્રિલક્ષણી એટલે એક લક્ષણી મહાસત્તા એ રૂપે નથી. અવાંતરસત્તારૂપે મહાસત્તા નથી. સમજાણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ? આવો પરમેશ્વરનો પરમેશ્વર જાણવાની અપેક્ષાએ હોં! બીજાનો પરમેશ્વર નથી અહિંયા. એક સમયમાં અનંતા પરમેશ્વરે, પરમેશ્વરનું અસ્તિત્વ એક સમયમાં જાણ્યું એ પોતાની પર્યાયનો ઉત્પાદ પોતાથી થયો છે. પરમેશ્વર છે માટે થયો છે એમ નથી. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર સમોસરણમાં બિરાજે છે અને જ્ઞાનીનું લક્ષ ત્યાં સામી ચીજ છે માટે ગયું તેથી તેની પર્યાયનો ઉત્પાદ થયો એમ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ પોતાથી પોતાને લઈને મહાસત્તા જે ત્રણની બની છે એમાં જે અવાંતરસત્તા પોતાથી ઉત્પન્ન થઈ છે. આહાહા! અને તે ઉત્પાદની અવાંતરસત્તા ધ્રુવની અપેક્ષા રાખતી નથી. પરની અપેક્ષા તો છે જ નહીં કે ભગવાન હતા માટે ત્યાં જ્ઞાનનો પર્યાય થયો, તેનો ઉત્પાદ એનામાં છે. આનો ઉત્પાદ આંહીનો આનામાં છે. ત્યાં હોવાપણું છે ને? સમજાણું કાંઈ?

આવો ભગવાન આત્મા છે તો કોઈ દિ' સાંભળ્યો પણ ન હોય. આત્માને પામર કરી નાખ્યો. કાં તો રાગનો કર્તા. અરે આવો જ્ઞાનનો મહાદરિયો રાગનો કર્તા હોઈ શકે નહીં. સમજાય છે કાંઈ? એ રાગનો જાણનાર. એક સમયની પર્યાયમાં રાગાદિ આખી દુનિયાનો જાણવાનું એક સમયના પર્યાયનું સામર્થ્ય છે. એ ઉત્પાદ જ્ઞાનનો પર્યાય રાગ છે ને પર છે માટે ઉત્પાદ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એટલે આ વિકલ્પ ને વ્યવહાર છે માટે તે ક્ષણે આંહી જ્ઞાનની ઉત્પત્તિ છે એમ નથી. તે બીજે ક્ષણે આંહી રાગની ઉત્પત્તિ છે માટે બીજે ક્ષણે એને કારણે જ્ઞાનનો પર્યાય થયો એ તો વ્યય લક્ષણ વ્યયમાં ગયું.

અરે જ્ઞાનનો પર્યાય જે પહેલે સમયમાં હતો તે વ્યય લક્ષણે વ્યયમાં ગયું. અને નવો જે પર્યાય ઉત્પન્ન થયો તે પોતાનો સ્વતંત્ર પર્યાય જ્ઞાનનો ઉત્પાદ લક્ષણે સિદ્ધ થયો છે. સમજાણું કાંઈ? આંહી તો હવે કહે છે કે ઉત્પાદ લક્ષણે ઉત્પાદ છે, વ્યય લક્ષણે વ્યય છે અને ધ્રુવ લક્ષણે ધ્રુવ છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા આખી એક ગણવામાં આવી એમાં પેટાભેદે એક લક્ષણવાળો છે એ ત્રણમાં એનો અભાવ છે. ત્રણમાં એક લક્ષણનો અભાવ છે. અને એક લક્ષણમાં ત્રણનો અભાવ છે. અસ્તિ નાસ્તિ મહાસત્તામાં અવાંતરનો અભાવ, અવાંતરમાં મહાસત્તાનો અભાવ. આરે! ભારે વાત છે. સમજાય છે?

પર વસ્તુનો તો અભાવ છે જ, પણ પોતાની એકએક અવસ્થાના અવાંતર ભેદમાં પોતાનો બીજો ભેદ છે એ એમાં નથી. એવું એકએક અસ્તિત્વનું લક્ષણ સ્વતંત્ર ઉત્પાદનું વ્યયનું, વ્યયનું ને ધ્રુવનું છે. આહાહા! આવો જ્ઞાન સ્વભાવ ધ્રુવ, અરે અનંતગુણનું ધ્રુવપણું આંહી તો લેવું છે. અનંતગુણને અહિંયા ત્રણ લક્ષણમાં ધ્રુવને એક લક્ષણ ગણ્યું. પછી વળી ધ્રુવને જયારે મહાસત્તા ગણીને એના ગુણના પેટાભેદને અવાંતર સત્તા ગણે, સમજાણું કાંઈ? એ એક આત્માની થઈ મહાસત્તા છે. અને એની અંદરમાં એકએક ગુણનો પેટાભેદ છે તે અવાંતરસત્તા છે. સમજાણું?

ધ્રુવમાં, આંહી તો ત્રણ લક્ષણમાંથી એકએક લક્ષણ જુદું પાડવું છે. પણ આંહી તો એક ધ્રુવમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાછું, ધ્રુવ એક જે લક્ષણે છે એમાં જે ધ્રુવ જે મહાસત્તા તરીકે છે, તરીકે છે. એ અનંત પર્યાયમાં પર્યાય મહાસત્તા તરીકે અનંત પર્યાયનો પિંડ જે ધ્રુવ છે એનો એકએક ગુણ ભેદ હો, એક જ્ઞાનગુણ જેમાં અનંતી પર્યાયો સમાઈ ગઈ છે. જે અનંતા પરમેશ્વરને જાણે એવો ત્રણકાળ ત્રણલોકને જાણે એથી અનંતગુણો હોત તો જાણે. એવા ભગવાન આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયનું સામર્થ્ય છે. એવા સામર્થ્યવાળાને એમ માનવું કે આ રાગ હતો માટે આવા સામર્થ્યવાળી પર્યાય ઉત્પન્ન થઈ, પામર રાગ હતો તે પ્રભુતા ઉત્પન્ન થઈ. આંહી તો કહે છે કે ધ્રુવ હતો માટે પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. લે, સાંભળ! આહાહાહા! શું પણ મોટો ચૈતન્ય રત્નાકર દરિયો વર્ણવ્યો છે ને! (મુમુક્ષુ :- પોતાનો શોર બકોર....) હા, પોતાનો શોર બકોર જયાં હોય ત્યાં, આવે છે ને, બનારસીદાસમાં આવે છે. આહાહા!

એક જરીક મનન તો વિચાર તો કરે? કે આ તે હું કેટલો, કેવડો છું? એના અનંતા અનંતા એકએક દ્રવ્યના સિદ્ધના ગુણો એનું દ્રવ્ય એના અનંતગુણો, કેટલા ગુણો? ત્રણકાળના સમયથી અનંતગુણા ગુણો. ત્રણકાળના સમય કરતાં એક દ્રવ્યના અનંતગુણા ગુણ. આકાશના પ્રદેશ અનંત છે ત્રણકાળ કરતાં પણ આકાશના પ્રદેશ અનંતગુણા છે. એનાથી પણ એક દ્રવ્યના અનંતગુણા ગુણ છે. એવા અનંતગુણા જે એકએક દ્રવ્યના ગુણ છે અને એની પર્યાય એના અનંતગુણનું એકરૂપ એવા અનંતા દ્રવ્યો, એક જ્ઞાનની પર્યાયમાં જાણી લીધા છે. એક સમયની પર્યાય ઉત્પાદપણે થઈ એણે બધું જાણ્યું. ઈ છે માટે જાણ્યું છે એમ નહીં. ધ્રુવ છે માટે જાણ્યું છે એમ નહીં. સમજાણું કાંઈ?

અથવા પૂર્વની અવસ્થાનો વ્યય થયો માટે આ ઉત્પાદનું જાણવું થશે એમ પણ નહીં. સમજાણું કાંઈ? વજુભાઈ! ભારે, ભાઈ! આ વાત! એનું અસ્તિત્વ જ એવડું છે. હોવાપણે જે એક સમયનો અનંતગુણનો પર્યાય એનું હોવાપણે આટલું સત્વ છે. આહાહા! એવા ભગવાન આત્મા અનંત પરમેશ્વરને એક સમયમાં જાણે, એવા જ્ઞાનને રાગનું કામ સોંપવું કે રાગ કરે એ દયા-દાન વ્રતનો રાગ કરે એ, દયા દાનનો રાગ તો હારે થાય છે ભાઈ, સમજાણું કાંઈ?

શું કીધું? સાધકનો રાગ તો હારે થાય છે. બેય હારે થાય છે. ઉત્પાદ ઉત્પાદપણે છે. રાગનો ઉત્પાદ છે આંહી જ્ઞાનનો ઉત્પાદ છે. એક સમયનો ઉત્પાદ છે બેય હારે. હવે એને એમ કહેવું કે આ રાગનો ઉત્પાદ છે રાગ છે માટે આંહી ઉત્પાદ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! કઈ રીતે અસ્તિત્વને સિદ્ધ કર્યું છે. જેમ છે એવું સિદ્ધ કર્યું છે ને? અહીં કયાં એણે કલ્પનાથી સિદ્ધ કર્યું છે. આહાહા! દ્રવ્યાનુંયોગ તત્ત્વજ્ઞાનનો વિષય મહાકિંમતી ગંભીર છે. ઓલામાં આવે છે ને દ્રવ્યાનુંયોગ ગંભીર છે. શુકલ ધ્યાનનું રહસ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓહો! ભગવાનની વાણી દિવ્યધ્વનિ અને ભગવાન એ બધાને એક સમયમાં જ્ઞાનનો પર્યાય જાણે, એ દિવ્યધ્વનિ છે માટે પર્યાયનું અસ્તિત્વ છે એમ નથી. સમજાણું કાંઈ? દિવ્યધ્વનિ નીકળી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનને તીર્થંકરને તે દિવ્યધ્વનિ નીકળી. ક્રોડ પૂર્વ સુધી નીકળશે. દિવ્યધ્વનિમાં બેઠેલો સમોસરણમાં એને જે જ્ઞાનગુણનો ઉત્પાદ છે એ ઉત્પાદ લક્ષણે સ્વયં સિદ્ધ છે. ત્યાં આ વાણી છે ને આ છે માટે ઉત્પાદ થયો છે (એમ નથી). આહાહા! જુઓને આ વાત. વસ્તુની સ્થિતિ જ આવી છે એની ખબર ન મળે. દૃષ્ટિમાં વિપરીતપણું અને જેવો સ્વભાવ તેનો અનાદર અને એને ધર્મ થાય? મરી જાય વ્રત પાળી ને અપવાસ કરી કરીને સૂકાઈ જાઈશ તો પાપ થાય મિથ્યાત્વ. એય જેઠાભાઈ! અત્યાર સુધી એ જ કર્યું છે ને? આહાહાહા!

બાપુ! તને ખબર નથી. તારા હોવાપણામાં, એકએક સમયના હોવાપણામાં કેટલું સામર્થ્ય છે, અરે વ્યયના હોવાપણામાં પણ ઉત્પાદને લઈને નથી એવો અભાવરૂપ થવાનું સામર્થ્ય છે. અને ધ્રુવને ધ્રુવરૂપે રહેવાનું મહાસામર્થ્ય છે. મહાપ્રભુ છે ધ્રુવ. સમજાય છે કાંઈ? ઉત્પાદવ્યયે ધ્રુવને જુએ ભલે પણ ધ્રુવ ઉત્પાદને લઈને નથી. સમજાણું કાંઈ? થોડું ઝીણું પડે પણ છે કાંઈક એમ ધ્યાનમાં તો રાખવું જોઈશે કે નહીં? કાંઈક મહાસત્તાની ખાણની વાતું હાલે છે. હા, સમજાણું? અસ્તિકાય સિદ્ધ કરે છે. આહાહા!

અસંખ્ય પ્રદેશી ભગવાન એ કાય. એમાં જે અનંતગુણો પર્યાય ઉત્પાદ ઉત્પાદને કારણે લક્ષણે સિદ્ધ છે. ધ્રુવ ધ્રુવને લક્ષણે સિદ્ધ છે. ત્રણ લક્ષણવાળી મહાસત્તા તેમાં એક લક્ષણવાળી અવાંતરસત્તાનો ત્રણમાં અભાવ છે. એક લક્ષણવાળી સત્તામાં ત્રણ લક્ષણનો અભાવ છે. આહાહા! પર્યાયમાં ધ્રુવનો અભાવ છે ઉત્પાદમાં, ઉત્પાદમાં વ્યયનો અભાવ છે. વ્યયમાં ઉત્પાદનો અભાવ છે. ધ્રુવમાં ઉત્પાદનો અભાવ છે ને ધ્રુવમાં વ્યયનો અભાવ છે. આવી વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વરે જોઈને આવી રીતે કહી છે. આથી બીજી રીતે કહે તો એ પરમેશ્વરને ઓળખતો નથી અને દ્રવ્યને જાણતો નથી. વિપરીત દૃષ્ટિને ઘૂંટે છે. સમજાણું કાંઈ?

આ રાગની મંદતા કષાયના પરિણામ વ્રત નિયમ આદિના થાય ને, તો એનાથી આગળ જવાય એવું અસ્તિત્વનું સ્વરૂપ નથી એમ કહે છે આંહી. આહાહાહા! કેમ, કે આત્મામાં એક સમય જયારે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો, શ્રદ્ધાનો ઉત્પન્ન થયો તે સમયે હજી રાગનો પણ ઉત્પન્ન થયો. તે ઉત્પન્ન લક્ષણે ઉત્પાદ છે બસ. એ ઉત્પાદ રાગનો ઉત્પાદ જ્ઞાનની પર્યાયને ઉપજાવે એ તો પોતે બેય ઉપજયા છે તો એ ઉપજાવે કોને? આહાહા! સમજાણું કાંઈ?

અથવા પૂર્વની મંદ રાગની પર્યાય છે વ્રત નિયમ આદિના મંદ કષાયના ભાવો (છે)માટે તેને અંદર આત્માને પહોંચાડે છે એ વ્યય તો વ્યય થઈ ગયો. વ્યય થઈ ગયો એ ઉત્પાદમાં તો આવતો નથી. વ્યય થઈ ગયો એ ઉત્પાદને કરે એ તો છે નહીં. ભારે ગોટો છે અત્યારે. સમજાણું કાંઈ? આંહી તો કહે છે કે ઉત્પાદ છે તે ધ્રુવ છે માટે ઉત્પાદ છે, એમ નહીં. આહાહા! જુઓને, ભાઈ! આ પર્યાયનો એક સમયનો સત્ત સ્વતંત્ર. સત્ જ સત્ છે ને, સત્‌ને કોઈ હેતુ ન હોય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમયનો ભગવાન આત્માનો પર્યાય જ્ઞાન દર્શન શાંતિ આનંદ વગેરે કે રાગ આદિ, પણ એ ઉત્પાદ ઉત્પાદથી છે એ ઉત્પાદ પરથી તો નથી અને તે રાગનો ઉત્પાદ છે એ કર્મથી નથી. તે રાગનો ઉત્પાદ છે તે જ્ઞાનથી નથી. રાગનો ઉત્પાદ છે તે વખતે જ્ઞાનનો ઉત્પાદ રાગને લઈને નથી. આમ આવે શું? કાલ નહતા તમે. આ બધાને પૂછવાનું હતું કાલે. કહો સમજાણું કે નહીં આમાં? એ આમાં ભગવાન રગડાય છે. એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અનંત અનંત શાંતિ ને આનંદની અનાકુળની ખાણ એવું જે ધ્રુવ. આહાહા!

મહા દરિયો ચૈતન્યરત્નાકર પ્રભુ છે એ ધ્રુવ પોતાના લક્ષણે જ લક્ષિત છે. ઉત્પાદથી જણાય ધ્રુવ. ધ્રુવ કાંઈ ધ્રુવથી જણાય? પણ ઉત્પાદથી જણાય, પણ ધ્રુવ ધ્રુવને કારણે રહેલ છે. ઉત્પાદને કારણે ધ્રુવ રહેલ છે એમ છે નહીં. સમજાણું કાંઈ? આ મૂળ તો તત્ત્વનું હોવાપણું અને એની સત્તા કેવી રીતે છે એની ખબર નથી એટલે આ બધા ગોટા ઊઠયા છે. સંપ્રદાયમાં માને આ ધર્મ છે, ધર્મ છે, એમાં ધર્મ છે. અધર્મ છે તે ધર્મ છે.

એય! ભગવાનની ભકિત ને વ્રતનો ભાવ એ વિકલ્પ છે. એ વિકલ્પ છે કે અધર્મ ભાવની ઉત્ત્પતિ છે. ભારે ગજબ વાત છે. (મુમુક્ષુઃ- સંપ્રદાયસે ધર્મ માન લીયા.) માન લીયા. દષ્ટિ આખી તત્વ ભગવાન આત્મા શુધ્ધ ચિદાનંદ સાહીબો મોટો છે. આનંદકંદનો નાથ, અનંતા પરમેશ્વર જેણે પેટમાં રાખ્યા છે. અરે એની શું ખબર? આખી દુનિયા ત્રણકાળ ત્રણલોકથી પણ અનંતગુણા સિધ્ધો હો, અનંતગુણો કાળ હો તો એની એક સમયની પર્યાયમાં જાણી શકે એવી તાકાતવાળો પ્રભુ છે. તે રાગને લઈને નહીં, આટલા સંયોગો છે માટે નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

બાબુભાઈ! સમજાય છે કે નહીં?

અરે ત્યાં નિધાન ભગવાન બિરાજે છે ત્યાં નજર તો કર કહે છે. અનંતા પરમેશ્વર જેના પેટમાં ગર્ભમાં પડયા છે. પુણ્ય-પાપ જરીયે નથી એના ધ્રુવમાં. એ ઉત્પાદમાં ગયું એ તો. એ ઉત્પાદમાં કહ્યું પહેલું. ધ્રુવનો વિકલ્પ ઉઠયો તે જ ક્ષણે ધર્મીને જ્ઞાનનો પર્યાયપણે ઉત્પન્ન થયો છે. એ તો એક સમયે બે ત્યાં છે. ઓલાને વ્યવહાર કહેવો આને નિશ્ચય કહેવો, પણ વ્યવહાર છે માટે નિશ્ચય છે એમ છે નહીં. રાગ છે માટે જ્ઞાનનો ઉત્પાદ છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

આંહી તો પહેલું ધ્રુવ આવ્યું ને જરી કહે છે જે સ્વરૂપે ધ્રૌવ્ય છે તેનું તે સ્વરૂપે ધ્રુવ એક જ લક્ષણ છે. પરમાણું છે પરમાણું, આ પરમાણું ઝીણો પોઈન્ટ એમાં પણ અનંતી પર્યાય ઊભી થાય છે અનંતગુણની એ રંગની અવસ્થા રંગની અવસ્થા એક સમયમાં અનંતગુણની રંગની અવસ્થા. એ ઉત્પાદ ઉત્પાદને લઈને ઓલો રંગગુણ છે માટે છે એમ નહીં એમ કહે છે. આહાહા! પરમાણુંમાં નિમિત્ત આવ્યું માટે રંગ આવ્યો એ તો છે જ નહીં. પણ ઓલો ધ્રુવ પડયો છે રંગગુણ, માટે રંગની પર્યાય અનંતગુણા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વર્ણપણે પરિણમી છે એમ નહીં. આરે! જગતને સાંભળવા મળે નહીં. આવું તત્ત્વ છે ને આવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઇ?

આંહી તો કહે છે દષ્ટ ઈષ્ટ, એય! પંડિત આવ્યા છે ને ઓલા ગુજરી ગયા બિચારા, કહે દષ્ટ ઈષ્ટ આમ ચોખ્ખું દેખાય છે ને અગ્નિ આવી તો પાણી ગરમ થયું. ભાઈ! શું તને કહેવું? અગ્નિ અગ્નિમાં છે, પાણી પાણીમાં છે. પાણીની અવસ્થાનું અસ્તિત્વ પાણીની અવસ્થામાં છે. અગ્નિની હોવાપણાની અવસ્થા અગ્નિમાં છે. એને લઈને આંહી ઊનું થયું એ તને કેમ કલ્પ્યું શી રીતે? સમજાણું કાંઇ? આંહી તો કહે છે કે અગ્નિનો જે ઉત્પાદ ઉષ્ણનો છે એના ઉત્પાદપણે એમાં છે. અને પાણીનો જે ઉષ્ણપણાનો ઉત્પાદ છે એ પોતે ઉત્પાદ ઉત્પાદને કારણે છે. અગ્નિને કારણે ઉષ્ણની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ છે નહીં.

ઉત્પન્ન એને લઈને નહીં પણ ધ્રુવમાં સ્પર્શગુણ છે માટે ઉષ્ણ પર્યાય ઉત્પન્ન થઈ છે. આહાહા! એકલી વીતરાગતા એકલી જ્ઞાયકતા છે. આમ કેમ? એ જ્ઞાનમાં પ્રશ્ન જ નથી. હોવાપણે જ વસ્તુ આ રીતે છે એમાં વળી આમ કેમ એ પ્રશ્નને અવકાશ નથી. સમજાણું કાંઈ? આ મોટા મોટા પંડિતોને વાંધા ઊઠે છે. આ તો ધીરૂભાઈના ભાઈએ પ્રશ્ન કર્યો'તો. બહુ ઝીણો હતો. એમ કે થવાનું હશે તે થાશે તો પુરુષાર્થ કયાં રહ્યો? સૌને બધાને નડે છે ઘણાંને....ભાઈ! ધીરૂભાઈને પૂછયું, ધીરૂભાઈએ કીધું પણ તું નહીં સમજે હમણા એમ કીધું મને. ઓલો બરાબર સમજશે કે નહીં. ધીરૂભાઈ સમજતા હશે. થવાનું હશે તે થાશે. બાપુ! થવાનું હશે તે થાશે એટલે ઉત્પાદ, સમજાય છે? એ ઉત્પાદનું જ્ઞાન કોણ કરે? થવાનું હશે તે થાશે તે જ્ઞાન જાણે. ત્યારે જ્ઞાનનો ઉત્પાદ કેમ થાય? પોતાને કારણે જ્ઞાનનો ઉત્પાદ થાય. સમજાય છે?

એ થવાનું હશે તે થશે તેનો નિર્ણય જ્ઞાયકભાવ ઉપર જાય છે. જ્ઞાયકભાવ તું એકલો જાણનાર. એટલે જે સમયની મારામાં પર્યાય થવાની, તે થવાની જડમાં જે સમયની થવાની એનો જાણનાર તું, એ જાણનારનો નિર્ણય કર્યો, જ્ઞાન સ્વરૂપે જ્ઞાયક ભગવાન છું એમ નિર્ણય કર્યો એટલે થવાનું હોય તે થાય ને તે જાણનાર રહ્યો. એનું નામ પુરુષાર્થ છે. આહાહા! શું થાય? એવા ગોટે ચડેને તે ઝીણી વાત છે. એ પૂછતો હતો નાનો ભાઈ છે ને. ધીરૂભાઈને પૂછયું નહીં? ધીરૂભાઈએ કહ્યું મને, પણ કહે કે તું નહીં સમજે હમણાં. વાત સાચી છે ધીરૂભાઈની. ધીરૂભાઈ ડાહ્યો માણસ છે ને આધ્યાત્મિક છે ને? ઓહોહો! ના. પ્રેમથી. હમણાં તો એને આ મહિને કહ્યું'તું. ભાઈ કીધું આમ છે બાપુ હો! માર્ગ આવો છે. આવ્યો'તો અહીં. આવ્યો'તો ને વહોરાવીને? પછી વાત ઘણી કરી.

કે બાપુ આવો માર્ગ છે અંદરથી એકદમ બેસે એવું નથી. થવાનું હશે તે થશે, જ્ઞાન એણે જાણ્યું કોણે? થવાનું થશે એનું જ્ઞાન કર્યું હોય ત્યારે થવાનું થશે. થવાનું હશે તે થશે કેમાં? કે દ્રવ્યમાં. દ્રવ્યનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન કર્યું હોય તો થવાનું હોય તે થશે તેનો જાણનાર રહે. તે વિના જ્ઞાન થયું કે દિ' ? થવાનું હશે તે થવાનું જ્ઞાન ક્યાંથી થયું? આહાહા! સમજાણું કાંઈ? એવો મારગ છે વીતરાગનો. દુનિયા હારે ક્યાંય મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ?

વસ્તુના સ્વરૂપની સ્થિતિ જ એવી છે. કહે છે કે, ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ જે ચિદાનંદ અનાદિ અનંત ધ્રુવ ધ્રુવ ધ્રુવ જેમાં અનંતા પરમેશ્વરના-પરમેશ્વરના પર્યાયના પિંડપણે ધ્રુવપણું પડ્યું છે. આહાહા! જેનું જ્ઞાન ધ્રુવનું એ પર્યાયથી પણ અધિક છે અને આખી દુનિયાથી અધિક નામ જુદું છે. સમજાય છે કે નહીં? 'જ્ઞાન સહાવ અધિય મુણદિ આદં'. જ્ઞાન સ્વભાવે અધિક, અધિક એટલે જુદો એમ જાણ. 'જ્ઞાન સહાવ અધિય મુણદિ.' જ્ઞાન ભગવાન આત્મા જાણનાર પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્યબિંબ. એ રાગને પરથી અધિક નામ તદ્દન જુદો છે.એવું અંતર જ્ઞાન કરે તેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત (થાય). પછી એને ચારિત્ર હોય, સ્વરૂપમાં ઠરે ત્યારે ચારિત્ર.

એ વ્રત બ્રતના વિકલ્પ આવે તે ચારિત્ર ફારિત્ર નહીં. ચારિત્ર એટલે ચરવું, ચરવું તે સ્વરૂપ હોય એમાં ચરે કે રાગમાં ચરે? સમજાય છે કાંઈ? આહાહા! એ હંસલા મોતીને ચરે, એ હંસલા દાણાને ન ખાય. સમજાણું કાંઈ? માનસરોવરના હંસલા એ મોતી ખાય. ભુખ્યા રહે પણ જુવાર ખાય નહીં. આહાહા! એમ ભગવાન આત્મા એ તો શુધ્ધ જ્ઞાન ને આનંદના ચારાનો કરનારો આત્મા છે. એ રાગને ચરે ને રાગને ખાય એ આત્મા નહીં. એ હંસલો નહીં, એ હંસલો નહીં. સમજાય છે કાંઈ? ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એ આનંદના ચારાને ચરે એટલે રમે એનું નામ ચારિત્ર. આનંદનો ચારો ખાય. રાગના ખડ ખાય? હેં? આહાહા!

કહે છે, ધ્રુવ સ્વરૂપ તે એક જ લક્ષણે વસ્તુના, તેથી વસ્તુના એક જ લક્ષણ છે. હવે આખી વસ્તુ લીધી. **તેથી વસ્તુના ઊપજતા નષ્ટ થતાં ને ધ્રુવ રહેતાં સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ છે.** પ્રત્યેકને આખા દ્રવ્યની અપેક્ષાએ ત્રણ લક્ષણ છે. એ આખી ચીજને લઈને ત્રણ લક્ષણ છે. પણ પ્રત્યેકને એકેકને ત્રણ લક્ષણનો અભાવ છે. આહાહા! અસ્તિ ને નાસ્તિ અનેકાંત આ વીતરાગનું અનેકાંત. જુઓ તો ખરા, હેં? આ તો ખીચડો આમેય થાય ને આમેય થાય. નિમિત્તથી પણ થાય ને ઉપાદાનથી પણ થાય, રાગથી ધર્મ થાય ને વીતરાગ પર્યાયથી પણ ધર્મ થાય. અરે એ તો ખીચડો મિથ્યાત્વનો. સમજાણું કાંઈ?

કહે છે કે, **ધ્રુવ રહેતા સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી ત્રિલક્ષણ સત્તાને ત્રિલક્ષણ સત્તાને** એકએક આત્મા, એક એક પરમાણું એના ત્રણલક્ષણ હોવાપણાને ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું છે. મહાસત્તાની અપેક્ષાએ ત્રણને પેટાભેદની અપેક્ષાએ એક લક્ષણપણું છે એટલે ત્રણ લક્ષણપણું એમાં નથી. સમજાણું કાંઈ? ધ્રુવમાં તો ત્રણે લક્ષણ આવી જાય? ઉત્પાદમાં ત્રણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી જાય? વ્યયમાં ત્રણે આવી જાય? આખા દ્રવ્યની અપેક્ષાએ ત્રણ થયા. એક એકમાં ત્રણ ન આવે માટે એકમાં મહાસત્તામાં ત્રણ છે તો એક એકમાં અવાંતર સત્તાનો એમાં અભાવ છે. ભારે ભાઈ ઝીણું.

આ તો વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન. આ મહાવીર મહાવીરને તો બહુ કરે છે બધાય માળા. મહાવીરની દેશના મહાવીરની દેશના. આવે છે ને ઓલું 'વર્ધમાન દેશના' હેમચંદ્ર આચાર્યનું. માર્યા છે ગપ્પા માર્યા છે અંદર. મહાવીરની દેશના આવે છે એક પુસ્તક હેમચંદ્ર આચાર્યનું. કાંઈ ઠેકાણા નહીં. માણસને ખબર ન મળે ને કહેનારની જરીક ક્ષયોપશમની દશા વિશેષ જાણે આચાર્ય હોય ને લાગે કે, આહાહા! શું રોચક જ્ઞાન, એનું શું રોચક કથન, મિથ્યાત્વનું રોચક છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, અત્રિલક્ષણપણું છે. અર્થાત જે સામાન્ય વિશેષાત્મક સત્તા એટલે મહાસત્તાને અવાંતર સત્તા બધું થઈને જે સત્તા એવી જે મહાસત્તારૂપ હોવાથી ત્રિલક્ષણા છે તે જ અહીં કહેલી અવાંતરસત્તારૂપ પણ હોવાથી તે મહાસત્તા તે પણ એક સત્તારૂપે છે. આ ત્રણ પણ એકપણે છે. અવાંતર પણ હોવાથી અત્રિલક્ષણા પણ છે. ઓહોહો! કેટલું છે. સમજાણું કાંઈ? સમજાય છે? એના પેટાભેદમાં પણ છે ને અવાંતર સત્તા કહે છે. મહાસત્તા છે એના પેટાભેદમાં અવાંતરસત્તા, એક પોતે અવાંતરસત્તા, એમ કહે છે.

હવે બે બોલ થયા ને? ત્રીજો. ત્રીજો આવ્યો ને? 'એક વસ્તુની સ્વરૂપસત્તા અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી.' એકએક આત્માની એકએક પરમાણુંની સ્વરૂપસત્તા છે તે અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી. તેથી તે એક સત્તાને અનેકપણું છે. એકએક આમ કહ્યું છે બધું થઈને એક છે, એ બધું થઈને એક છે, એમ કીધું'તું પણ એમાં એકએક સ્વરૂપની સત્તા બીજા સ્વરૂપની સત્તાપણે નથી. તેથી તે એક કીધું'તું તે જ અનેક છે. આહાહા! સમજાણું કાંઈ? ઓલા વેદાંત કહે છે એમ નથી હોં! બધું થઈને આત્મા એક છે એમ નથી. એ તો વસ્તુ એક જ છે એમ કહે છે. આ તો હોવાપણાની અપેક્ષાએ બધું એક છે એની અપેક્ષાએ એક એક સ્વરૂપની સત્તા ભિન્ન ભિન્ન છે. માટે મહાસત્તાપણે એક છે તે જ અવાંતરસત્તાપણે અનેક છે. સમજાણું કાંઈ?

આવું તો ભણવામાંય આકરું નહીં આવતું હોય નહીં? ભણવામાં શું આવે. હેં? આ તો ભગવાન થવાનો માર્ગ છે. પરમેશ્વર થવાનો માર્ગ છે. પોતે પરમેશ્વર સ્વરૂપ જ છે. મહા ચૈતન્યપ્રભુ છે. એ બોલે ભાષા એમ પણ કઈ રીતે છે? જયાં વિચાર આવે ને બોલે તીર્થંકર મહાપ્રભુ એમ ઘણા ભાષા બોલે. બેસે મહાપ્રભુ આંહી બેસતા બેસે કયાં મહાપ્રભુ? મહાપ્રભુ તો મહાપ્રભુમાં છે. સમજાણું? આહાહા! બેસતા'તા. ધૂળેય નથી સાંભળને? મહાપ્રભુ તો આંહી છે અંદરમાં. બહારમાં કયાં હતા ને બીજા મહાપરમેશ્વર ત્રિલોકનાથ એ સમોસરણમાં બેઠા હોય એમાં તને શું? તારે શું? તારું હોવાપણું એને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લઈને છે? અને એનું હોવાપણું તારે લઈને છે? તારા શ્રધ્ધા ને જ્ઞાનની પર્યાયની ઉત્પતિ એ છે તો છે? આહાહા! સમજાણું કાંઈ?

લ્યો! બહુ વેદના એ સમ્યગ્દર્શનનું કારણ, ભગવાનના દર્શન એ સમ્યગ્દર્શનનું કારણ મહાૠધ્ધિદેવી, એ સાંભળ! એ તો નિમિત્ત, નિમિત્ત કોણ હતું એનું કથન છે. એ ભીખાભાઈ! આમાં ચર્ચા કોની હારે કરવી? એમ નહીં આમાં કોની હારે આમાં મેળ શી રીતે ખાય? આ તો ઉગમણો આથમણો ફેર છે. એ ક્રિયાકાંડને ઉથાપે છે. હમણા કહેતા'તા ભાઈ. પુસ્તક બનાવ્યું છે ને? ચંદ્રશેખર. પ્રેમવિજયના શિષ્ય. પુસ્તક બનાવ્યું છે અહીંના વિરૂધ્ધનું. ક્રિયાનો નાશ કરે છે. લાખવાર નાશ કરે સાંભળને. ક્રિયાકાંડનો વિકલ્પ છે તે વિકાર છે. વિકાર એ આત્મા નથી અને આત્માનું અસ્તિત્વ એમાં નથી. સમજયા? આસ્રવ તત્ત્વમાં આત્માનું અસ્તિત્વ છે? આહાહા! જીવણધરે કહ્યું, જુઓ, ચંદ્રશેખર આમ લખે છે. માટે આપણે દેરાવાસીએ વાંચવા જેવું છે. વાંચો. અરે ભગવાન તને ખબર નથી. બાપુ! તારી સંપદા ને તારી ૠધ્ધિ કેવડી મોટી છે તેની તને ખબર નથી.

મહાપ્રભુ ચૈતન્ય ભગવાન એ રાગની ક્રિયાકાંડે પ્રાપ્ત થાય? એ સમજાય છે? શું કહેવાય એને, શું કહેવાય? ભૂલી જાય તમારી ભાષા સફારશ, સફારશ છે. રાગની લાગવગ આંહી કામ ન આવે એમ કહે છે. એય! જયંતીભાઈ! વિકલ્પ તો આંધળો છે. એ વ્યવહાર જેટલો દયા, દાન, વ્રત, ભકિત, પૂજાનો વિકલ્પ છે એ તો આંધળો છે, જડ છે, અચેતન છે. એ આત્માનું સ્વરૂપ નથી. અચેતન એટલે એમાં ચૈતન્યનો કણ નથી. આહાહાહા! ભારે આકરું કામ. એ તો અચેતન કહ્યો છે ભગવાને એને તો. રાગના ભાગને અચેતન કહ્યો છે. દયા, દાન, વ્રત, ભકિત જે વિકલ્પ ઊઠે છે એ અચેતન છે. એમાં ચૈતન્ય ભગવાન એનો જ્ઞાનનો પુંજ પ્રભુ એનો કણ એમાં કયાં રાગમાં છે. રાગ તો આંધળો છે. આંધળાથી જાગતો જાગે? કોઈ આંધળો કરી શકતો નથી ધૂળેય તે. એ ભીખાભાઈ! આહાહા!

કહે છે, વસ્તુની એક એક સત્તા અવાંતરથી બીજી રૂપની સત્તાપણે નથી. બધાને એક તરીકે કીધી છે અપેક્ષાએ. પણ એકમાં અનેક થઈને એક છે ને? અનેક થઈને એક છે ને? અનેક અપેક્ષાએ અવાંતરસત્તા એકની અપેક્ષાએ નાસ્તિ.અનેકની અપેક્ષાએ એકપણું પણ નાસ્તિ. 'જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'એક' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અનેક' પણ છે'. લ્યો! ઓહોહો! ઘણું સમાડયું છે હોં! થોડી ભાષામાં, આ વાંચે તો કાંઈ સમજાય નહીં. હવે ઓલા ઘણાં વાંચી જાય. હવે અધ્યાત્મની વાત હાલી છે ને બહાર. વાંચો આપણે. દૃષ્ટિ હોય એવું કાઢયા કરે.

ભગવાન મહાવીરે દીક્ષા લીધી ત્યારે ઈન્દ્રોએ વસ્ત્રો આપ્યા. અરે! ભગવાનને વસ્ત્રો ન હોય. મુનિને વસ્ત્ર ન હોય તો ભગવાનને કોણ આપે? એ તો કલ્પિત ઉપજાવેલી વાત છે ખોટી. મુનિ નગ્ન દિગંબર હોય એને વસ્ત્રનો તાણો ન હોય શકે. એવું મુનિપણું હોય એને અંતરમાં ત્રણ કષાયનો અભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય. સમજાય છે? હેં? તે પણ દેવા પડયા, દીક્ષામાં ગાયું'તું. ભરત વૈરાગી, કેવળ થયું પણ વસ્ત્ર પાત્ર તો, દેવે દીધા ઓઘા મુંહપતિ. જૈન શાસનના રાજી ભરતેશ્વર, ભયો રે ભૂપત વૈરાગી. દીક્ષા થઈ'તી ને અમારી. છપ્પન વર્ષ થયા, છપ્પન વર્ષ થાશે આ. ઉતારામાં ગાયું'તું. માગશર સુદ નોમની દીક્ષા હતી. માણસો બહું. 'ભરતેશ્વર ભૂપત ભયો રે વૈરાગી' ગાયું આ અંદર. કેવળજ્ઞાન થયું તો જયાં સુધી ઓઘો ને મુંહપતિ ન આપ્યા ત્યાં સુધી કોઈ વંદન ન કરે. કાળા કેર કરે છે ને. એય! છગનભાઈ! સાંભળ્યું છે કે નહીં? આવું છે. એમ ભગવાને દીક્ષા લીધી ત્યારે ઈન્દ્રે વસ્ત્ર આપ્યા. શું કરવા આપ્યા? ખંભે રાખવા. આ કઈ જાતનો ન્યાય? ઓઢવા માટે નહીં, ખંભે રાખવા. ગપ જ માર્યા છે ને તદ્દન. અને પછી પાછા એને એક આવ્યો બ્રાહ્મણ અડધુ ફાડી આપ્યું. એ કરૂણા કરી એણે. આરે કાળા કેર કરે છે ને? વીતરાગને આ બીજાને દેવાનો ભાવ. સમજાણું કાંઈ?

એને વસ્તુના ગુણના અસ્તિત્વની ખબર નથી. મુનિ વીતરાગ દશા જયાં પ્રગટી એને વસ્ત્રનો કટકો કેવો? અને એ વસ્ત્ર રાખે ને બીજાને આપે, અરે તદ્દન વિપરીત માન્યતાના લક્ષણ છે બધા. બહુ વાંધા. જેઠાભાઈ!

હવે કહેશે, સર્વપદાર્થ સ્થિત છે ને? સર્વપદાર્થ સ્થિત એક પદાર્થ સ્થિત. પ્રતિનિશ્ચિત વ્યકિતગત નિશ્ચિત પદાર્થમાં સ્થિત સત્તાઓ વડે જ પદાર્થોનું પ્રતિનિશ્ચિતપણું ભિન્ન ભિન્ન નિશ્ચિત એકત્વ હોય છે. દરેક વસ્તુ પોતપોતાની સત્તામાં હોવાથી અનેકપણે દરેકનું ભિન્ન ભિન્નપણું છે. **તેથી સર્વપદાર્થસ્થિત સત્તા** બધા પદાર્થમાં રહેલી હોવાપણું **તે એક પદાર્થ સ્થિતપણું તે મહાસત્તા છે.** સમજાય છે? એક પદાર્થ સ્થિતપણું છે. મહાસત્તા તે એક એકની અપેક્ષાએ એક પદાર્થ સ્થિત છે. ઓહોહો!

વીતરાગતા કોને કહેવી? મુનિપણું કોને કહેવું? આમ બોલે સાંજ સવાર ઓલા પડીક્કમણામાં કુસાધુને સાધુ નહીં. 'અસંજનમ કરેણામ' કર્યું'તું ને ભગવાનભાઈ! કર્યા'તા ને. હા, એ બધા ગડીયા બહુ કર્યા'તા એણે ત્યાં. અબોધમ પરિણામી, અતત્વં પરિણામી, અકલ્પને છોડી દઉં છું, કલ્પને અંગિકાર કરું છું. પાંચમો શ્લોક. હેં! શ્વેતાંબરમાં સાધુને હોય, શ્વેતાંબરના સાધુને હોય. સ્થાનકવાસીને બેયને હોય. અજ્ઞાનને છોડું છું, જ્ઞાનને કરું છું. પણ જ્ઞાન કોને કહેવું ને અજ્ઞાન કોને કહેવું એની ભાન ન પડે. છોડી દીધું છે જ્ઞાન. મિથ્યાત્વને છોડયું છે પણ મિથ્યાત્વ કહેવું કોને એ ખબર ન મળે. શું છોડે ધૂળ? સાંજ સવાર જુઠા બોલે. ભગવાનની સાક્ષીએ જુઠા બોલે. હેં!

આંહી કહે છે. **બધા પદાર્થમાં પણ એક એક પદાર્થ ભિન્ન ભિન્ન સ્થિત છે. સર્વ પદાર્થ સ્થિતની અપેક્ષાએ એ જ વસ્તુ એક એક છે તે અવાંતરસત્તાપણે તે છે.** મહાપદાર્થ વિશ્વરૂપ છે બધું. એ એકરૂપ છે. એકની અપેક્ષાએ. જે બધારૂપે છે તે એકરૂપ પણ છે એમ. જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસતારૂપ હોવાથી 'સર્વપદાર્થ સ્થિત' છે. તે જ અહીં કહેલી અવાંતરસત્તારૂપ પણ હોવાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લખ્યુંને? એક પદાર્થ સ્થિત પણ છે. સમજાણું કાંઈ? લ્યો, ચાર બોલ થયા.

**પ્રતિનિશ્ચિત એક એક રૂપવાળી સત્તાઓ વડે જ વસ્તુઓનું પ્રતિનિશ્ચિત એક એક રૂપ હોય છે.** સમજાણું? આ રૂપ આવ્યું વિશ્વરૂપ. વિશ્વરૂપ એટલે બધું. બધું થઈને બધું. એમાં એક એક રૂપ, એ એકરૂપ છે. વિશ્વરૂપની અપેક્ષાએ એકરૂપ અસત્તા છે. આમ એક સતાની અપેક્ષાએ વિશ્વરૂપ અસત્તા છે. જે સામાન્યવિશેષાત્મકસત્તા સામાન્ય એટલે મહાસત્તા, વિશેષ અવાંતર બધું થઈને સત્તા એવી મહાસત્તારૂપ હોવાથી 'સવિશ્વરૂપ' બધું સમસ્તરૂપ, વિશ્વ એટલે સમસ્ત. સમસ્તરૂપ છે. તે જ અહીં કહેલી અવાંતરસત્તારૂપ પણ હોવાથી એકરૂપ પણ છે. મહાસત્તાના પેટાભેદનો એક એક દ્રવ્ય છે તે એકરૂપ પણ છે. એકાર્થ જુદું અને એકરૂપ જુદું. એકાર્થ મહાસત્તાને લાગુ પડે. એકરૂપ અવાંતરસત્તાને લાગુ પડે. સમજાણું કાંઈ? થોડું થોડું વાંચીને વિચારવું જોઈએ. સમજાણું? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. વસ્તુની સ્થિતિને બતાવનારા છે. 'છે, છે' એમ તો કહે છે પણ 'છે' કઈ રીતે છે? એ જેમ છે તેમ ન સમજે અને ન માને તેની વિપરીત દૃષ્ટિ જાય નહીં.

હવે છઠ્ઠો - **પ્રત્યેક પર્યાયમાં રહેલી વ્યકિતગત ભિન્ન ભિન્ન સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે.** આહાહા! જુઓ, હવે એક દ્રવ્ય છે આત્મા. એની અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય મહાસત્તા. એય! એક ભગવાન આત્મા એના અનંતા ગુણો. એક દ્રવ્ય છે મહાસત્તા, ગુણના પેટા ભેદની અપેક્ષાએ અવાંતરસત્તા. હવે ગુણની એક સમયની અનંતાગુણની અનંતી પર્યાય દરેક જીવમાં છે. હવે એ અનંતી પર્યાય એક સમયની તેને મહાસત્તા કહી ત્યારે તેની એક એક પર્યાયને અવાંતરસત્તા કહી. સમજાણું કાંઈ?

આત્મામાં એક સમયની અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય એક હારે અનંતગુણની એક એક મહા હોવાપણે છે. એનો એક એક જ્ઞાનનો પર્યાય, એક જ્ઞાનનો પર્યાય અવાંતરસત્તા છે.એટલી એક સમયની પર્યાય અનંતા પરમેશ્વરને જાણે એવી એક પર્યાય. છતાં એ અવાંતર પેટા ભેદ છે. મહાસત્તાની અપેક્ષાએ એક સમયનો પર્યાય ધ્રુવને જાણે, ગુણને જાણે, પરમેશ્વરને જાણે, ત્રણ કાળને જાણે, ત્રણ લોકને જાણે. છતાં અનંતી પર્યાયો જે અનંતગુણની છે એમાં એ એક સમયની પર્યાય છે અવાંતર પેટાભેદ ભિન્ન છે. એ અવાંતરસત્તા છે તો અનંતી પર્યાય છે એમ નથી. અનંતી પર્યાય છે તો એક અવાંતર પર્યાયની સત્તા છે એમ નથી. સમજાણું કાંઈ?

પરમાણુંના એક સમયના અનંતાગુણોની અનંતી પર્યાય મહાસત્તા, પછી એકગુણની બીજી પર્યાય છે બે ગુણી ચાર ગુણી એ અવાંતરસત્તા. તો કહે છે બીજી પર્યાય છે અનંત માટે આ ગુણની પર્યાય છે એમ નથી. બીજી પર્યાય અવાંતર છે માટે બધી પર્યાયો છે એમ નથી. ઓહોહો! જ્ઞાનની એક પર્યાય અવાંતરસત્તારૂપે, બીજી શ્રદ્ધાની એક પર્યાય અવાંતરસત્તારૂપે, ત્રીજી આનંદની પર્યાય અવાંતરસત્તારૂપે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવી એવી અનંતી પર્યાયો, એકમાં આખું સામર્થ્ય છે. એવું જ એક બીજી પર્યાયમાં શ્રધ્ધામાં પણ એટલું જ સામર્થ્ય છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમાં એક સમયમાં અનંતા પરમેશ્વરને જાણવાનું સામર્થ્ય છે એ સ્વતંત્ર અવાંતરસત્તા અને બીજી શ્રધ્ધા પર્યાયમાં પણ આટલા બધા આત્માને પૂરણ આત્માને શ્રધ્ધે ઈ સામર્થ્યતા એ આ જ્ઞાનની પર્યાયના સામર્થ્ય છે માટે શ્રધ્ધાની પર્યાયનું સામર્થ્ય છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? રવજીભાઈ! જુના માણસને બહુ ઝીણું લાગે. ઓલો તો અકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ઈરીયા, વવરોવીયા તસ્સમિચ્છામી દુક્કડમ જાવ થઈ રહ્યું. તાવ કાય ઠાણેણં અપ્પાણં વોસરે. કાઉસગ્ગ કરે ને? અપ્પાણં આત્માને વોસરાવી દીધો. કાંઈ ભાન ન મળે. શું છે અપ્પાણં વોસરેને શું છે તસ્સ મિચ્છામી દુક્કડમ. હેં? કાંઈ હોય નહીં ને એમ ને એમ હાલ્યો જાય.

આંહી કહે છે ભગવાન આત્મામાં અનંતી પર્યાય અનંતગુણની છે. અનંતી છે એ સામાન્ય છે. મહાસત્તા છે. આ તો એક એક પર્યાય છે એ સ્વતંત્ર છે. બધું છે માટે એક છે એમ નથી. એક જ્ઞાનની શ્રધ્ધાની આવડી પર્યાય છે આટલા મોટા દ્રવ્ય ને ગુણ ને ત્રણકાળના પરમેશ્વરને એક સમયની પર્યાય શ્રધ્ધે માટે જ્ઞાનની પર્યાયનું જ્ઞાનપણું છે એમ નથી. ચારિત્રની પર્યાય એવડી મોટી એક સમયની છે આ પૂરણ દ્રવ્ય ને પૂરણ ગુણમાં એકાગ્ર થઈને સ્થિરતા એટલું સામર્થ્ય છે સ્થિરતાનું એટલું સામર્થ્ય છે છતાં એ સામર્થ્ય શ્રધ્ધાની પર્યાયને જ્ઞાનની પર્યાયને લઈને નથી. સમજાણું કાંઈ?

આહાહા! **પ્રત્યેક પર્યાયમાં રહેલી વ્યકિતગત ભિન્ન ભિન્ન સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે.** એક એક હોય તો અનંત થાય છે એમ કહે છે. એક એક હોય તો અનંત થાય ને? કે પાધરું અનંતું મળે. તેથી અનંતપર્યાયમય (સત્તા)ને એક પર્યાયમયપણું છે. માટે અનંતનું એકપણું છે. **અર્થાત જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે. પર્યાય તે જ અહીં કહેલી અવાંતરસત્તારૂપ પણ હોવાથી 'એકપર્યાયમય' પણ છે.** આ રીતે અવાંતર પર્યાય સત્તા તે મહાસત્તા નથી ને મહાસત્તા તે એક સમયની પર્યાયપણે નથી. એવું અસ્તિ નાસ્તિ અનેકાંતપણું વસ્તુના સ્વભાવમાં બિરાજમાન છે. આવું જે સમજે તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન થયા વિના રહે નહીં.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં.૧૫, ગાથા-૮
## પ્રવચન નં.૧૪
## તા.૨૮/૧૧/૬૯, કારતક વદ-૫, શુક્રવાર

પંચાસ્તિકાય આઠમી ગાથા :- છેલ્લો બોલ છે છઠ્ઠો. જુઓ છઠ્ઠો. ભાવાર્થની ઉપર છે ને સાત લીટી. આઠમી ગાથાનો છગડો, છગડો. છ છે છ. આઠમી ગાથા પંચાસ્તિકાય.

**પ્રત્યેક પર્યાયમાં રહેલી સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયનું અનંતપણું થાય છે. તેથી અનંત પર્યાયમયને એક પર્યાયપણું છે.** એક પર્યાયમયપણું છે. હવે એનો અર્થ. ઝીણી વાત છે જરી. આ તો શબ્દ થઈ ગયા. હવે એનો અર્થ થાય છે. આ આત્મા છે કે આ પરમાણું છે. આ રજકણ છે ને? એ એક એક આત્મામાં અનંતગુણ છે શકિત. અને એની એક સમયમાં નાનામાં નાના કાળમાં અનંતી પર્યાયો અનંતગુણની છે. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત. સમજાણું કાંઈ?

આ દેહમાં રહેલો ભગવાન આત્મા એ એક આત્માના અનંતગુણ છે. જ્ઞાન દર્શન ચારિત્ર એ સંખ્યાએ અનંત છે. કાળે અનંત રહે છે એ તો શાશ્વત વસ્તુ છે. પણ સંખ્યાએ અનંત છે. અને તે સંખ્યાએ અનંતની એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં નાનામાં નાના કાળમાં એ અનંતગુણની અનંત પર્યાયનું હોવાપણું છે. એને મહાસત્તા તરીકે કહે છે. છે બધું છે. અનંત પર્યાય છે. પરને લઈને નહીં, એ પ્રશ્ન આંહી છે જ નહીં હવે. આત્મામાં જે અનંતગુણની અનંત અવસ્થા થાય, એ કોઈ કર્મ, શરીર, વાણી કે દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી થાય એમ નહીં. સમજાણું કાંઈ? તેમાં એક પરમાણું છે આનો છેલ્લો ભાગ-ટુકડો એમાં અનંતગુણ છે. અનંતગુણની એક સમયમાં સેકન્ડનો અસંખ્ય ભાગ એમાં અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય બીજા પરમાણુંને લઈને નહીં, આત્માને લઈને નહીં. સમજાણું કાંઈ ?

દરેક દ્રવ્યની અનંતાગુણની અનંતી પર્યાય એક સમયમાં છે એ પોતાને લઈને છે. પરને લઈને નથી. સમજાણું કાંઈ? એનું હોવાપણું પોતાને લઈને છે. પરને લઈને નથી. બીજા દ્રવ્યને લઈને નથી, એવી મહાસત્તાનો સ્વીકાર કરે તો કહે છે કે એક એક એક એક પ્રતિનિયત હોય છે તે અનંત થાય છે. અનંત પર્યાય કીધી ને? પણ અનંત થઈ કયારે? કે એક એક એક એક એમ અનંતવાર એમાંય જે એક એક પર્યાય (એ) સ્વતંત્ર સત્તા ધરાવે છે. બીજા અંતરઆત્માના જ્ઞાનની પર્યાય થઈ તેથી આંહી સમકિતની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ?

આત્મા આનંદમૂર્તિ અનંત જ્ઞાનગુણનો પિંડ પ્રભુ આત્મા છે. આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ તો એની સંખ્યાએ ગણતરીએ એના ગુણ અનંત છે. અને એટલી જ એની ગણતરીએ પર્યાય અનંત છે. અવસ્થા-હાલત. તે છે એ પરને લઈને નથી. સમજાણું કાંઈ? આ લખ્યું નથી ને બે દિ' નું? બે દિ'નું લખ્યું છે? નથી લખ્યું. હવે બધું ગયું. આ બે દિ'ની ગાથા આવી એ લોકોને એવી હતી કે ફરીવાર એ આવવી મુશ્કેલ, લખવામાં ધ્યાન બિલકુલ નહોતું. આંહી આ લખે છે કોઈ વખતે તો પોતાના શબ્દો નાખે છે. લોકો કહે છે કે મહારાજના શબ્દો આવતા નથી. શેઠીયાજીએ પણ રાડ નાખી'તી. મહારાજના શબ્દો આમાં નથી આવતા. આ બે દિ'નું વહી ગયું પછી સામું જોઈને ઊભા લખતા આવી વ્યાખ્યા. કાલ ને પરમદિ' બેય. મને પોતાને અંદરથી નવું લાગ્યું. નીકળે ત્યારે નીકળે છે ને એ કાંઈ, એવું હતું. પણ એણે લખ્યું નથી. જરીયે લખ્યું નથી પણ હવે ફરીને થઈ રહ્યું. આ તો નવું કાંઈ લખતો નથી એને ઠેકાણે કોઈ આવું હોય ત્યારે તો લખવું જોઈએ કે નહીં? અહીં લખવાનું જ બંધ કરી દીધું. સ્વતંત્ર છે. આમાં ઉતરે છે પણ ઉતરે એ જુદું અને આમ સીધું લખે એ જુદું. આમાં ઉતર્યું પણ નીકળે ત્યારે ખરું ને. એ પાછા કાઢનારા... એ વાત એવી છે. એ સ્વકાળે આવી તે આવી પાછી ત્યાં કાંઈ ફરીને ન આવે. લખેલી છે અંદર? અંદર ગોઠવી રાખી છે? એમેય નથી. વિચારી રાખી છે? એમેય નથી. એ વખતે પ્રવાહમાં આવે એ આવી ગઈ. આવી ઝીણી વાત છે. સમજાણું કાંઈ? ...ભાઈ! જુઓ આ વિષય કાલ આવ્યો'તો એ વિષય તો આટલા વર્ષમાં નથી આવ્યો. આહાહા! આટલા વર્ષમાં આવ્યો નથી લોકોએ એમ ધાર્યું કે અમે ધારી લીધો છે એ ને એ આવશે તો એની પર્યાયને ફેરવવી નથી એને. એને ફેરવવી નથી એટલે સવળી કરવી નથી. એમ. એ ને એ છે એ. એને રાખવી છે એનો અર્થ. સમજાણું કાંઈ?

જગતમાં બધા એવા પડયા છે. એય! ભગવાનજીભાઈ! આ પરમાણું છે એક રજકણ અનંત પરમાણુંનો આ તો પિંડ છે. આ કાંઈ એક ચીજ નથી. કટકા થઈ જાય છે ને આના? રાખ થાય છે ને? રાખ થઈને એક એક રજકણ છૂટો છે. એ એક એક રજકણમાં અનંતા ગુણ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ હો હોવાપણે. એની એક સમયના સેકન્ડના અસંખ્યમાં ભાગમાં અનંતી પર્યાય છે. એ અનંતી પર્યાય એની અનંતી એક સમયે છે એને મહાસત્તા એટલે બધું થઈને છે એમ કહેવું છે. હવે એમાંથી એક એક રંગની એક પર્યાય છે એને અવાંતરસત્તા પેટાભેદ કહેવાય છે. એટલે અનંત બધું છે માટે એક અંશ છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? જેઠાભાઈ! આહાહા!

અનંત જે આત્મામાં, એમ આ પરમાણુંમાં એટલે કાંઈક કહે કે અમે આ ભાષા કરી શકીએ છીએ, બોલી શકીએ છીએ અને શરીરને આમ હલાવી શકીએ છીએ, જીવ જતના માટે જીવ ન મરે એ અમારો વિકલ્પ છે તો શરીરને આમ ઊંચુ કરીએ, કહે છે કે મૂંઢ છો. સો એ સો ટકા મિથ્યાદષ્ટિ છે. કેમ કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણું જે સ્કંધના છે એક એક રજકણમાં અનંતગુણ છે. અને અનંતગુણની એક સમયમાં એક સમયની અનંતી પર્યાય છે. એ એનું હોવાપણું પરમાણુંને લઈને છે એવું એમેય નથી. આંહી તો કહે છે. પર્યાય પર્યાયને લઈને છે. ધ્રુવ ધ્રુવને લઈને છે. હવે આંહી તો એક સમયની અનંતી પર્યાય જે છે એમાં પણ એક એક રંગની એક પર્યાય અનંતી બીજી પર્યાય છે માટે આ છે એમ નથી. સમજાણું કાંઈ?

અરે કોઈ ભળતી નથી. કોણ ભળે? સોનાનો રજકણ જુદો, હળદરનો રજકણ જુદો બે રજકણ ભેગા થઈને લાલ થઈ છે એ વાતમાં કાંઈ માલ નથી. માલ તો કાંઈ નથી. એ તો બીજે સમયે પરમાણું પલટે છે. આ ધોળોને શું કહેવાય એ? પીળાનો લાલ થયો, ઓલો ધોળો હતો એ લાલ થયો એટલે પોતે પોતાની પર્યાયથી લાલ થયો છે. ઝીણી વાત છે ભાઈ! બિલકુલ સંબંધ નહીં. સંયોગી સંબંધની વ્યાખ્યા શું? સંયોગ એટલે બીજી ચીજ. એ એને લઈને ને આ આને લઈને એનું નામ સંયોગ. પોતે એ પોતાને લઈને. જુદા એ જુદા બધાય. શાંતિભાઈ! ભારે (વાત).

કહે છે કે તારે છે એ હોવાપણે માનવું છે કે નહીં? કે નથી એમ તારે માનવું છે. ત્યારે છે એમ, એક એક પરમાણુંમાં અનંતી અવસ્થા એક એક અવસ્થા પોતાથી સ્વયં સિદ્ધ સ્વતંત્ર છે. કેમ કે ઉત્પાદનો સમય તે સત્ છે. અને એક પર્યાયનું સત્ બીજા પર્યાયના સત્‌ને લઈને નથી. આહાહા! બીજા દ્રવ્યને લઈને તો નથી. ઝીણું તત્ત્વ છે. લોકોને સત્‌નું મળ્યું નથી ને એટલે એવું લાગે કે આ શું હશે આ તે? આહાહા!

એક સમયનો જે પરમાણુંનો પર્યાય અનંત છે એ અનંતની મહાસત્તા તરીકે બધું છે. પણ બધું છે તે એક એક થઈને બધું થયું છે ને? લાખ કીધો આંકડો પણ એક બે ત્રણ ચાર સો એમ એક એક થઈને લાખ થયા છે કે નહીં? એમ આત્મામાં અને પરમાણુંમાં અનંતી પર્યાય એક સમયની મહારૂઢ છે. મહારૂઢ એટલે મહાસત્તા અસ્તિત્વ અનંત પણ એક એક પર્યાય ગણી ગણીને અનંત થઈ છે કે એક એક વિના પાધરો અનંતનો થોકડો નવો થયો છે? આહાહા! આ તત્ત્વ! ઝીણી વાત છે ભાઈ! આહાહા! આ તો અમે કાંઈક પરની દયા પાળી શકીએ ને પરની હિંસા કરી શકીએ ને, સમજાણું કાંઈ? પરને ઉપકાર કરી શકીએ ને બધી વાત તદ્દન મિથ્યાભ્રમ અજ્ઞાનીની છે. એય! આ શું તમે ઓલા કહેવાય સરપંચ. હેં? ગામ આખાના સરપંચ. સરપંચ શું? કાંઈ બધું કરતા હશે?

આંહી તો કહે છે કે ભાઈ, જેવું છે એવું તને ખ્યાલમાં લેવું હોય તો દરેક પદાર્થ અનંત શકિત ગુણવાળો છે, સ્વભાવવાળો છે અને તેની એક સમયમાં અનંતી પર્યાયનો સમૂહ તે જ સમયનો, તે જ સમયનો અનંતના સમૂહનું સત્ તે જ સમયમાં છે. એ અનંત પર્યાય પૂર્વને લઈને નહીં, એ નિમિત્તાને લઈને નહીં, એ અનંત પર્યાયનો સમૂહ આત્મામાં કે એક એક પરમાણુંમાં એને લઈને (છે.) એક વાત મહાસત્તા. હવે એ માહ્યલો એક એક જેમ આત્મામાં જ્ઞાનની પર્યાય જાણવાની એ એક એક પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયને લઈને છે, તે વખતે શ્રદ્ધાની પર્યાય શ્રદ્ધાની પર્યાયને લઈને છે. જ્ઞાનની પર્યાયને લઈને શ્રદ્ધાની પર્યાય નથી. શ્રદ્ધાની અવસ્થાને લઈને આનંદની નથી. આનંદની લઈને અસ્તિત્વની નથી. સમજાણું કાંઈ?

(મુમુક્ષુ :- સમ્યગ્દર્શનના સમયે જ્ઞાન કારણ થાય છે?) એ બધું કથન વ્યવહારે. એવું છે આ તો. કહે છે ને. એ વ્યવહાર નથી કહેતા? કહે. સમ્યગ્દર્શન જ્ઞાન કારણ વિના ચારિત્ર હોય નહીં. પણ આંહી તો કહે છે કે, એક એક પર્યાય પોતાથી છે એ કોઈ બીજા કારણે હોય નહીં. આહાહા! એય! વજુભાઈ! આહાહા! ભારે ધર્મ ભાઈ! છે કે નહીં એમ પહેલું સિદ્ધ કરે છે. તું છો? કહે હા. તું છો એ આ પર શરીરને વાણીને લઈને છો કે તારે લઈને છો? તારી સત્તા છે કે નહીં? ભગવાન આત્મા આનંદમૂર્તિ જ્ઞાયક ચૈતન્ય છે કે નહીં? એ 'છે.' એ છે એ પરના 'છે' ને લઈને છે કે પોતાના 'છે'ને લઈને છે? એટલે એનો કોઈ ઈશ્વર કર્તા છે કે બીજો દ્રવ્ય કર્તા છે કે બીજા દ્રવ્ય છે માટે આ છે એમ છે નહીં. આહાહા! ભગવાનજીભાઈ! જગતને તત્ત્વની અસ્તિ'તા વાસ્તવિક જેમ છે એમ બેસે તો તો એને સમ્યગ્દર્શન થઈ જાય. આહાહા! એ માટે તો આ અધિકાર લીધો છે. જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનો અધિકાર. સમજાણું કાંઈ?

આત્મા અને એ પરમાણું એમ ચાર દ્રવ્ય. છએ દ્રવ્યની વાત છે અહીં તો. એ આત્મામાં કહે છે, કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ! એવી અંતર દ્રવ્યની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શનનો પર્યાય, ધર્મનો પર્યાય જે પ્રગટ થયો તેની સાથે સ્વસંવેદનનું જ્ઞેયનું જ્ઞાન પ્રગટ થયું એ પર્યાય કાંઈ શ્રદ્ધાની પર્યાયને લઈને જ્ઞાનની પર્યાય છે એમ નથી. સમુચ્ચય પર્યાય તે સામાન્ય સત્તા સહિત છે. એક એક છે એ બધી છે માટે નથી અને બધી છે ત્યાં એક છે માટે બધી છે એમ પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? ઝીણું બહુ ભાઈ! અરે તત્ત્વની વાત! 'યતના ભેદ બહુ નયન નિહાળતા તત્ત્વની વાત કરતા ન લાગે.' એમ કહે છે આનંદઘનજી. 'યતના ભેદ બહુ નયન નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાગે,' પછી શું આવે છે? 'ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા, મોહ નળીયા કળિ કાળ લાગે' હેં? કહે છે પેટ ભરાય છે. આહાહા!

જેમણે આત્મા ભગવાન શું છે? અને એની અવસ્થા સ્વતંત્ર શું છે? એનું હોવાપણાનું સ્વતંત્રપણામાં કોઈની ડખલ કે કોઈની સહાયતા છે નહીં. એવી વસ્તુની સ્થિતિની જેને ખબર નથી, એ બધા સાધુ આદિ કહે છે કે પેટ ભરા છે. ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નળીયા મિથ્યાત્વરૂપી એકલો વેરી મિથ્યાત્વભાવ નડયો કળિકાળ રાગે. કળિકાળમાં મિથ્યાત્વનો રાગ છે. આકરી વાત છે બાપા. સમજાણું કાંઈ?

કહે છે, અનંત આત્માની જે પર્યાયો છે, એ મહાસત્તા એટલે મહા ઘણું ખરું ને? અનંત ખરી ને એટલે મહા હોવાપણે થઈ. એની એક એક અવસ્થા તે અવાંતરપણે એકરૂપે થઈ. એ એકરૂપે છે એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંત છે માટે છે એમ નથી. અને અનંત છે માટે એક છે એમ પણ નથી. અનંત અવસ્થામાં એકનો અભાવ છે. અને એકમાં અનંતનો અભાવ છે. આહાહા! ભારે ઝીણું આણંદભાઈ! આમાં ન્યાં કયાં હાલે છે એ તમારે શું કહેવાય એ? ઢસરડા.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં જે દ્રવ્યોના હોવાપણાના ભાવો જોયા એણે હોવાપણાના અસ્તિત્વ તરીકે પ્રરૂપ્યા, એ આ પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? પરમેશ્વર વીતરાગદેવ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોવામાં આવ્યા. એવી વાણી ઈચ્છા વિના સહજ સ્વપર કથા કહેવાની લાયકાતથી વાણી ભગવાનના જ્ઞાન સિવાય નીકળી. ભગવાનને કેવળજ્ઞાન છે માટે વાણી નીકળી એમ નથી. કેમ કે, વાણીના રજકણો સ્વતંત્ર પદાર્થ છે. અને એ પદાર્થમાં એક એકમાં અનંતા ગુણો શકિત છે. એની એક એક સમયમાં અનંતી અવસ્થા મહાસત્તાપણે હોવાપણે પોતાને લઈને છે. આહાહા! એ કેવળજ્ઞાનીના જ્ઞાનને લઈને વાણી નથી. એ વાણીની પર્યાય પરમાણું ને ધ્રુવને લઈને નથી. આહાહા! વારીયાજી! આવું શું આવું હશે તત્ત્વ આવું હશે સાચું?

એય વકીલાત કરો છો હજી? વકીલાત હાલે છે ન્યાં? વકીલાત કોણ કરતું'તું. રામજીભાઈ ન્યાં વકીલાત કરતા'તા? વાણી તો વાણીને કારણે નીકળતી હતી. અભિમાન કરતા'તા. અમે વાણી કરીએ છીએ. અમે જજને ઊઠાં ભણાવીએ છીએ. ઓલો એક જાણો કહેતો હતો. ધોળા દિ' એ તારા ભણાવીએ છીએ. આ તમારો રામજીભાઈ આમ ભણાવે છે. એમ કહેતો'તો એ.

આંહી તો પરમેશ્વર જજ છે. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર ત્રણકાળ ત્રણલોકનું જેને જ્ઞાન છે. એ આખી દુનિયાના જજ છે. એ દુનિયા પાસે લોજીક ન્યાયથી એ વાત સિદ્ધ કરે છે. ભાઈ! ભગવાન તું આત્મા છો ને નાથ. અને આ પરમાણુંઓ જડ જડરૂપે છે ને ભાઈ. એ જડની અવસ્થા તારાથી થાય અને તારી અવસ્થા જડથી થાય. ભાઈ! એવું મેં જ્ઞાનમાં જોયું નથી. જોયું નથી ને વસ્તુમાં એવું છે નહીં. છે નહીં એમ જોયું હોય ને? સમજાણું કાંઈ? ભારે કામ! બધા સોનગઢવાળાને એમ કહે આ સોનગઢની વાત છે કે ભગવાનના ઘરની વાત છે? એય સોનગઢવાળા નિશ્ચયની એકલી વાતું કરે છે. વ્યવહારને તો ઉડાવી દીધો છે. હવે સાંભળને તારે તો અજ્ઞાનીને વ્યવહારેય નો હોય સાંભળને. સમજાણું કાંઈ?

જેને આત્મા જ્ઞાયકમૂર્તિ ચિદાનંદપ્રભુ પરમાનંદની મૂર્તિ છે એવું અંતર અનુભવ દૃષ્ટિ નથી એને તો દયા-દાનના વ્રતના વિકલ્પને વ્યવહાર પણ કહેવાને લાયક નથી. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! જગતમાંથી છૂટવું અને છૂટેલું છે એમ રાખવું. જગતમાંથી છૂટવું ને છૂટેલું છે એમ રાખવું. છૂટેલું જ છે ભાઈ. એ કર્મના રજકણની હારે તારો પર્યાય બિલકુલ સંબંધમાં નથી. એમ કહે છે આંહી. આહાહા! કર્મના રજકણો છે જડ. એનો પાક થાય તો તેના અનંતા પરમાણુંની પર્યાય એક સમયે ભેગી થાય. તેથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરીને તને તારો રાગનો વિકલ્પ ને તારું જ્ઞાન એને લઈને થાય છે એમ નથી. જ્ઞાનાવરણીયનો પરમાણું છે એ જયારે ખસે છે ક્ષયોપશમ એટલે જ્ઞાનનો પર્યાય થાય છે (એમ નથી) જુઓને આ તો મોટા મોટા માંધાતાઓ ભૂલે છે એમાં તો.

જ્ઞાનાવરણીય કર્મ માર્ગ આપે ત્યારે આત્મામાં જ્ઞાનનો પર્યાય થાય. એય! દેવાનુંપ્રિયા! સાધન એ તો નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવે છે. તે વખતે નિમિત્તમાં તે પ્રકારનો ઉઘાડનો ક્ષયોપશમ અવસ્થા પરમાણુંમાં થઈ. બસ એટલું જ. અને એને લઈને આંહી થઈ એમ કીધું નથી કાંઈ. સમજાણું કાંઈ? અને કીધું હોય તો નિમિત્તનું કોણ જ્ઞાન કેવી ચીજ છે એમ કરાવ્યું છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે જ્ઞાનની પર્યાય થાય. ૮૧માં બહું હાલ્યું'તું હંસરાજભાઈ સાથે ગઢડા. વજુભાઈ! બહુ હાલ્યું. આ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને કેવળીને જ્ઞાન થાય છે. ઢીકણું થાય છે. કીધું કોને લઈને થાય છે. એને લઈને થાય છે. આ તો ગઢડા ૮૧ની વાત છે. બધા આવતા તો ખરા ને? એને અંદરથી ચગ ખાય. કાશીના ભણેલા. ધૂળના ભણેલા છે ને કાશીમાં કયાં જ્ઞાન? જ્ઞાન તો આંહી આત્મામાં છે. સમજાણું કાંઈ?

એ આત્માનો જ્ઞાન ગુણ છે તેનો તે સમયનો જ્ઞાનની પર્યાય અવસ્થા તે પોતાથી છે. એ કર્મથી નથી, દ્રવ્યથી નથી, ગુણથી નથી. એ એક સમયની પર્યાય બીજા અનંતા સમયની પર્યાય એક હારે છે માટે પણ નથી. સમજાણું કાંઈ? ઠીક હવે આમાં ઉતરે તો છે. હજી કાઢે ત્યારે ખરા. એ તૈયાર થાતું નથી પાછું બીજું કાંઈ? હેં? શું કહેવાય સમજાય છે કાંઈ? તારો ભગવાન (તું છો). તારે તારી સામે જોવાનું છે. અને તારી સામું જોઈને જે દશા થઈ તે દશા તે કાળે સ્વતંત્ર તારાથી તે પર્યાય પર્યાયથી થઈ છે. એમ કહે છે. આહાહા! એય! આ છોકરા ભણે છે ને આ શું હશે અતુલભાઈ? પણ ઓલા માસ્તર પ્રોફેસર પૂછે ત્યારે તમને અહીંયા જ્ઞાન થાય છે ને? પ્રોફેસર ડાહ્યો હતો કે ગાંડો હોય કેટલુંય શીખે તોય ઓલાને સમજાય નહીં. પકડાય નહીં. કહો, સમજાણું?

અમારો માસ્તર એવો એક હતો નરોતમ બ્રાહ્મણ. જુઓ તમારે પાઠ લેવો હોય તો થોડો વાંચીને આવજો. એ એમ કહેતા હતા કે વાંચીને આવજો એટલે તમને ખબર પડે કે તમને સમજવામાં શું આવ્યું હતું, અમે સમજાવીએ છીએ એમાં કેવો ફેર છે તો તમને તેની વિશેષતા લાગશે. આ પાંચમી છઠ્ઠી ચોપડી વખતની વાત છે હો! નરોતમ કણબીવાડમાં રહેતા. રોટલા ઘડે. પછી પૂછે, વાંચીને આવ્યા ને થોડુંક? એ કાંઈ પરનું શીખવ્યું આવે છે? આંહી એમ કહે છે. સમજાણું કાંઈ? વાણી વાણીને કારણે વાણીની અવસ્થા થઈ છે. આંહી જે જ્ઞાનની અવસ્થા થઈ છે તે જ્ઞાનની અવસ્થા તે સમયના, તે જ કાળની, તે જ સત્‌ના અંશથી અવસ્થા થઈ છે. આ તો આ વધારે વિસ્તાર હતો ને કાલે ઈ વાત વધારે આવી'તી. સમજાય છે? આહાહા!

તારો ભગવાન ધ્રુવ અંદર નિત્યાનંદ પ્રભુ છે. કહે છે કે એ ધ્રુવ ધ્રુવને લઈને છે. એ પર્યાય ઉત્પન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે માટે છે એમ નથી. આહાહા! એ અવાંતરસત્તા ત્રણ ગણીને ભલે ત્રણ લક્ષણ કહેશે. ત્રણ છે ને ત્રણ? ત્રણ લક્ષણે ભલે મહાસત્તા કહો, તેનું એક એક લક્ષણ સ્વતંત્ર સત્તાવાળું છે. ઝીણું બહુ. વાળને ચીરે એ કરતાં પણ અનંતગણું ઝીણું છે. વાળ જોયા છે? વાળ કેટલાક ડબ્બલ હોય છે. વાળ હોય છે ને? એ વાળને પણ બે આમ છેલ્લે ફણગા હોય છે એક વાળના છેલ્લા બે ફણગા હોય વાળના હો. છેલ્લે બે ફણગા ફાટયા હોય. પહેલું વહેલું રાણપુરમાં જોયું. આ શું વાળના બે કટકા વાળ વધે ને આ વાળ? એ એક વાળના છેલ્લા બે ફણગા હોય. કોઈ કોઈને હો બધામાં નહીં. વાળમાં બે ફણગા એક આમ ને એક આમ. એ ચીરે તો ન ચીરાય.

આ તો ચીરે તો ચીરી શકાય એવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા રજકણે રજકણને કર્મે કર્મના પરમાણુંને એની પર્યાયથી ભિન્ન. ઓહોહો! હવે ઓલો કહે, જુઓ વિકાર જીવની પર્યાયથી પોતાથી થાય તો તે સ્વભાવ થઈ જશે. સ્વભાવ છે. પરિણમન સ્વભાવ છે. માટે કર્મ છે માટે વિકાર થાય છે એ આંહી ના પાડે છે. સમજાણું કાંઈ? કર્મનો ઉદય છે માટે આંહી દોષ થાય છે? ના. અંશે અંશે ધોકો મારીને જુદો પાડયો છે. ભેદજ્ઞાનનો ધોકો. એય જયંતીભાઈ! કર્મ આવે એ રખડાવે. કહો, સમજાણું?

કર્મનો પાકો ઉદય આવે તો રખડવું પડે બિલકુલ જુઠ છે. એ વજુભાઈ! સમજાય છે આ? ભારે વાત ભાઈ! તારા પર્યાયમાં, અવસ્થામાં રાગની અવસ્થાનો કાળ તે સમયની ચારિત્ર ગુણની વિપરીતનો છે તે સ્વતંત્ર પર્યાય છે. જોડે ભલે જ્ઞાનની પર્યાય હોય, દર્શનની પર્યાય હોય માટે રાગની પર્યાય છે એમ છે નહીં. અને રાગની પર્યાય છે એ તે ક્ષણે રાગને જાણવાની જ્ઞાનની પર્યાય પણ સાધકને છે. આહાહા! સમજાણું કાંઈ? છતાં તે જ્ઞાનની એક પર્યાયનો એક અંશ સમ્યગ્જ્ઞાનનો છે અને બીજો એમાં જરી રાગનો અંશ છે. સ્થિરતાનો અંશ છે અને એક રાગનો અંશ છે. છતાં તે રાગના અંશને રાગનો ઉત્પાદ, જ્ઞાનના અંશને જ્ઞાનનો ઉત્પાદ તે બીજાને લઈને ઉત્પાદ છે, રાગને લઈને જ્ઞાનનો છે, જ્ઞાનને લઈને રાગનો છે, કર્મને લઈને રાગનો છે, રાગને લઈને કર્મના બંધનની પર્યાય થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

જે રીતે હોવાપણે છે તે રીતે હોવાપણું ન માને તો તેની દૃષ્ટિમાં મિથ્યાત્વનું શલ્ય પડયું છે. આહાહા! એ મિથ્યાત્વ શલ્ય મહાપાપ છે. છકાયની હિંસાઓના મોટા શું કહેવાય કષાયખાના–કતલખાના એના કરતાં મિથ્યાત્વ તે મહાપાપ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે. મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા શું? તેની લોકોને કાંઈ કદર જ નથી. ઊંધાની કદર નથી ને સવળાનીય કદર નથી. સમજાણું કાંઈ? આ તો લોકો એમ કહે કે લ્યો આ ગરમી છે ને આંહી તો સ્ત્રી સેવે છે. આ ફલાણું કરે છે સાંભળ તો ખરો? સ્ત્રીનું સેવન જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરી શકતું નથી. તને ખબર નથી. કહો. એ વખતે જરી રાગ થયો એ રાગમાં પણ જ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર નથી. એ રાગ વખતે પણ જ્ઞાનનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ છે રાગને જાણવાનો તે જ્ઞાનમાં એ પોતે છે. તે રાગમાં છે નહીં. પરથી જુદાપણે કહેતા રાગમાં છે. પણ રાગથી જુદાપણે કહેતાં રાગમાં છે નહીં. આહાહા! જ્ઞાનમાં એ નથી. પરથી જુદાપણે છે. સમજાણું કાંઈ? આહાહા!

શું ચૈતન્યની તત્ત્વજ્ઞાનની લીલા છે ને એ છે. કહે છે પ્રત્યેક પર્યાયમાં રહેલી વ્યકિતગત ભિન્ન ભિન્ન સત્તા. એક એક પર્યાયની સત્તા એ વડે જ પ્રતિનિશ્ચિત એટલે એક એક, પ્રતિનિશ્ચિત એટલે પ્રત્યેક નિશ્ચય એક એક પર્યાયોનું અનંતપણું થાય છે. એકેક એકેક હોય તો અનંતપણું (થાય છે) તેથી અનંત પર્યાયમાં તે સત્તાનું, ઝીણું તો થોડું છે પણ ભાઈ આ સમજવું પડશે એણે. જો આત્માનું કલ્યાણ કરવું હોય તો આ સમજણ વિના કોઈ રીતે કલ્યાણ થાય એવું નથી. આહાહા! 'છે સતપદ પ્રરૂપણા' આવે છે ને? મૂળ વાત જ ષટ્ખંડાગમમાં એ પહેલી લીધી. સતપદ પ્રરૂપણા. છે તેનું કથન છે. સદ સદપ્રરૂપણા આવે છે શ્વેતાંબરમાં પણ એમાં કાંઈ ખુલાસા નથી. અહીંયા તો ષટ્ખંડાગમમાં જે વાત કહી છે કે છે અનંત આત્માઓ છે, અનંતી પર્યાય છે, અનંતા પરમાણુંઓ છે. અનંત છે એના સત્તના પદની પ્રરૂપણા વ્યાખ્યા દ્વારા કથન કરવામાં આવે છે. છે તેનું કથન આવે છે. ન હોય તેનું કથન આવે? તે આ સત્ત પ્રરૂપણાને આ રીતે કહે છે. આહાહા!

ભગવાન આત્મા, પોતે પરના શરીર છે માટે અંદર આત્મા છે એમ છે? તો કહે ના. શરીર શરીરમાં છે. આત્મા આત્મામાં છે. આ ઈન્દ્રિયો છે આ માટે અંદર જ્ઞાનની પર્યાય છે? ના. ઈન્દ્રિયો જડની પર્યાય છે તે જડમાં છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનમાં છે. ઈન્દ્રિય વિના જ્ઞાન થાય નહીં. ચશ્મા વિના જ્ઞાન થાય નહીં. એ તો અનંત પદાર્થની એકતાની બુધ્ધિ છે એની. આહાહા! સમજાણું કાંઈ? કહો પકડાય છે કે નહીં આમાં. છગનભાઈ! આહાહા! કહે છે કે અનંત પર્યાયોની સત્તા જે એકેક તત્વની છે, જેમ વસ્તુ છે એમ એની એકએકની શકિતઓ અનંત છે. એવી એકેકની અનંતી પર્યાયો છે. એક દ્રવ્યની એક પદાર્થની અનંત પર્યાય. અનંત પર્યાય એકેક પ્રતિનિશ્ચિત એકેક પ્રતિનિશ્ચિત થઈને અનંત થઈ છે.

એ અનંત છે માટે એક છે એમ નહીં. અનંત મહાસત્તામા અવાંતર એક સત્તાનો અભાવ છે. આહાહા! જ્ઞાનની એક સમયની પર્યાયમાં સમ્યક્દર્શનની પર્યાયનો અભાવ છે. કહો, સમજાણું આમાં? અને આત્મામાં જે શાંતિની રમણતા આનંદની રમણતા એવો આનંદનો પર્યાય, ધર્મીનો ધર્મ પર્યાય એ કહે છે કે, શ્રદ્ધાની પર્યાયમાં તે આનંદની પર્યાયનો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ ઝીણું. એક તો જાણે નવરાશ ન મળે અને નવરાશ થાય તો લાકોને બિચારાને બહારની બીજી વાતું મળે. હા એકેક ગુણની એક પર્યાયમાં બીજા ગુણની પર્યાયનો અભાવ (છે). હા, નહીંતર એનું હોવાપણું સિદ્ધ શી રીતે થશે? પ્રતિનિશ્ચિત કીધું ને, પ્રતિનિશ્ચિત એકેક એકેક છે એમ નિશ્ચિત છે. શાંતિભાઈ! નહીંતર અનંત સાબિત થતું નથી. એકેક થઈને અનંત સાબિત થાય. એકેક પોતાથી છે તો અનંત છે. અનંત છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે એક છે એમ છે નહીં. આહાહા! શ્રદ્ધા કારણ ને જ્ઞાન કાર્ય છે એમ નથી. સમકિત હોવા છતાં જ્ઞાનનો જુદો પુરુષાર્થ કરવો એમ કહ્યું. રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં. એ તો કહે છે કે બાપુ એક આત્મા જયાં વસ્તુ છે, આખો પદાર્થ જયાં શ્રદ્ધાએ સ્વીકાર્યો ત્યારે અનંત ગુણની બધી પર્યાય ભેગી જ આવી છે. એ શ્રદ્ધા એક જ પ્રગટ થઇ છે એમ નથી. આહાહા!

ઓલા કહે છે ને કે ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. હમણાં લેખ આવ્યો છે. એ સ્વરૂપઆચરણ માને એ બધાની શ્રદ્ધા ભ્રષ્ટ છે. અરે ભગવાન! આ શું કહે છે આ? આ શું કહે છે આંહી, કે આત્મામાં અનાદિ અનંત ચારિત્ર ગુણ છે, સ્થિરતા ગુણ છે, આનંદ ગુણ છે અનાદિ અનંત અને અસ્તિત્વ ગુણ, શ્રદ્ધા ગુણ, કર્તા, કર્મ, કરણ આદિ એવી અનંતી શકિત છે. હવે જયારે એ અનંતા ગુણનો સ્વીકાર થયો અથવા એ ગુણ પર્યાય વિનાનો હોય? એક ચારિત્ર ગુણનો પર્યાય પણ અંદર સમ્યક્દર્શન થતાં સ્વરૂપઆચરણરૂપે સ્થિરતારૂપે ચોથે ગુણસ્થાને પ્રગટે એ પણ પોતાને કારણે સમ્યક્ શ્રદ્ધા પ્રગટી છે માટે સ્વરૂપઆચરણ થયું છે એમ નહીં કહે છે. આહાહા! એય! અરે પણ આઘા જાય નહીં, ઊંડા ઊતરે નહીં ઉપર ટપકે વાતું કરે. એમ તત્ત્વના પત્તા ન ખાય. આ તો બહુ હમણા આવ્યું હતુ. રતનચંદજી! ખૂબ આવ્યું હતું. પ્રશ્ન બીજો હતો પણ એમાં આ પાછું નાખ્યું હતું.

ભગવાન આત્મા એની જેટલી શકિતઓ ગુણરૂપે સંખ્યાએ છે તે બધાની પર્યાયો પ્રગટરૂપે અજ્ઞાનમાં ચારિત્ર ગુણની પર્યાય વિપરીતપણે હોય સમ્યક્જ્ઞાન થયું ત્યારે અવિપરીતપણાનો અંશ ન પ્રગટે તો તે સમ્યક્જ્ઞાન થયું નથી. આહાહા! એટલી શાંતિ છે. સમ્યક્દર્શન થતાં અનંતાનુબંધી કષાયનું નિમિત્ત હતું તેમાં જેટલો આંહી કષાયભાવ હતો તેટલો વ્યય થયો તેટલી ત્યાં શાંતિ છે. આહાહા! સમજાણું કાંઇ? નહીંતર ચારિત્રગુણ કાર્ય વિનાનો ને પર્યાય વિનાનો રહેશે. સમજાણું? રાગ 'વાદ વિવાદ કરે સો અંધા', 'સદગુરુ કહે સહજકા ધંધા, વાદ વિવાદ કરે સો અંધા.' આ તો સહજનો ધંધો છે. સમજાણું કાંઇ?

કહે છે, જુઓને એક બોલમાં કેટલું નાખ્યું છે. લ્યો આ બધું હાલ્યું. રામજીભાઇ કહે નહોતું ચાલ્યું ગઇકાલે. એય! હાલ્યું તો ખરું. વાત સાચી. આહાહા! એનો તો થોકનો થોક પડયો છે. એમાં દરેક દ્રવ્યની અનંત પર્યાય હોવાપણે બધી એક સમયે છતાં તેની એકેક પર્યાય થઇને અનંત થઇ છે તેમાં એકેક પ્રતિનિશ્ચિતની સત્તાની અપેક્ષાએ અનંત પર્યાયનો અભાવ છે, અસત્તા છે. અને એની સત્તાની અપેક્ષાએ એક સમયની પર્યાય અસત્તા છે. આહાહા! સમજાણું કાંઇ? લ્યો, અસ્તિ નાસ્તિ એકેક પર્યાય પોતાનો અંશ છે એ સત્તા છે. બીજી પર્યાય અસત્તા છે. અસ્તિ નાસ્તિ પર્યાય અનેકાંત છે. એ અનેકાંત છે. સમજાણું? એક સમયની શ્રદ્ધાગુણની પર્યાય ને જ્ઞાનગુણની પર્યાયને અસત્તા છે. એકમાં બે પર્યાય કયાંથી હોય? આરે! ભારે ભાઇ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવું બધું કયાંય ન હાલે હો, જલગાંવમાં નો ચાલે. આહીં તો બધા સમજે છે. શું માર્ગ છે. કાંઈ ખબર ન મળે. આ કહે દયા પાળો ને વ્રત કરો ને તપસ્યા કરો ને અપવાસ કરો, મરી જાવ કરી કરીને. જપ કરો. ભગવાન! ભગવાન! ભગવાન! ભગવાન શું છે? ભગવાન તો વાણી છે. જડ છે અને વિકલ્પ ઉઠયો તે રાગ છે. ભગવાન! ભગવાન! કરે ત્યાં રાગ છે. ત્યાં કયાં આત્મા છે. આહાહા! ઈશ્વર પોતે છે એ કોનો ઈશ્વરનો કયા ઈશ્વરનો જાપ કરે એ? એમ કહે છે. એય! ઈ પંચપરમેષ્ઠી પોતે છે. એનો જાપ કર એમ કહે છે. ભારે વાત! ભગવાન પોતે એક સમયની પર્યાયમાં(છે). એ પર્યાય પોતે ઈશ્વર છે. એની ઈશ્વરતાનો કોઈ ખંડ કરે ને પરને લઈને ઈશ્વરતા ઉત્પન્ન થાય (નહીં.) આહાહા! આ ભગવાન તો ચૈતન્ય મહાપ્રભુ. પોતે પર્યાયમાં પ્રભુ છે. સમજાણું કાંઈ?

આત્મામાં એક પ્રભુત્વ નામનો ગુણ છે. પ્રભુ પરમેશ્વર થવાનો એક ગુણ છે. આત્મામાં અનાદિ અનંત પરમેશ્વર થવાનો એક ગુણ છે. અનંતગુણમાં એવો એક ગુણ છે. એ ગુણની પર્યાય પરમેશ્વર એટલે પરમ ઈશ્વરપણે પ્રગટ થાય છે, એ પોતાને લઈને સ્વતંત્ર છે. એ ઈશ્વરતાની પર્યાય કોઈ કર્મનું નિમિત્ત વિઘન ટળ્યું માટે થઈ છે એમ નથી. આહાહા! એમાં કહે છે ને એમ તમે કહો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય એમ તમે કહો. જૂઠી વાત છે. આંહી તો કેવળજ્ઞાનનો પર્યાય થાય માટે કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય એમ પણ નથી. એ ચેતનજી! ભારે વાત ભાઈ! ભગવાન કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે, જડના પરમાણુંનો પર્યાય છે. એ જડનો અનંત રજકણોનો પર્યાય એનાથી એનામાં છે. અને એનાનો અભાવ વ્યય થયો તો અકર્મ પર્યાય થઈ. અકર્મ પર્યાય થઈ માટે જ્ઞાનની પર્યાય થઈ? આહાહા! આંહી તો આંહીની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ આંહી તો કહે છે કે કેવળજ્ઞાનનો પર્યાય થયો માટે હારે કેવળદર્શનનો પર્યાય થયો એમ પણ નથી, તો વળી પરને લઈને થાય એ વાત તો છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! તત્વાર્થસૂત્રમાં આવે છે ને 'મોહક્ષયાત' મોહનો ક્ષય થાય ત્યારે આમ થાય એ તો બધા વ્યવહારના કથન છે. સાંભળને! પરમાર્થ સમજયા વિના તારા વ્યવહારને જાણશે કોણ? આંધળા વ્યવહારને જાણે? સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવનું જ્ઞાન ઊઘડે. જૂઠી વાત છે. એમ કહે છે. જ્ઞાનાવરણીયનો ઉદય જેટલો હોય તેટલું જ્ઞાનમાં ઉઘડવાનું આવરણ હોય, ખોટી વાત છે. એય! શું તમારે વાંધા હતા ને પછી? એમાં ગુરુ સાથે ચર્ચા કરવા વાંધો હતો. ચર્ચા કરો. કર્મ આત્માને હેરાન કરે કર્મથી રખડે એ પહેલી વાત તમારે કબુલ છે? અમારે કબુલ નથી. તમે ચર્ચા છોડી દયો. કહો, આહાહા! ગજબ કરે છે ને? છઠી સાલમાં ગયા'તા ને ત્યાં રામવિજયજી પાસે. તમે કહો છો કે આત્મા વિકારની અવસ્થાથી પોતાથી દુઃખી થઈને રખડે છે. ત્રણલોકના નાથ કહે છે કે આઠ કર્મને લઈને જીવ રખડે છે. કરો ચર્ચા. અરે સાંભળને હવે! તને ચર્ચાની શું ખબર પડે? આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આંહી તો કહે છે કે એક સમયનો જ્ઞાનનો પર્યાય પ્રગટયો એ પોતાથી સત્ત છે માટે પ્રગટયો. કર્મને લઈને નહીં. આ રાગ પ્રગટયો તે પોતાને લઈને પ્રગટયો, કર્મને લઈને નહીં.અને રાગ થયો માટે કર્મને બંધન થવું પડયું પરમાણુંને કર્મરૂપ અવસ્થા થવી પડી એમ નથી. કર્મની અવસ્થા પર્યાય કર્મને કારણે પોતાથી થઈ છે. અને રાગ કર્યો માટે થઈ છે એમ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! વાતે વાતે ફેર. 'આણંદ કહે પરમાણંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબાના તેર' એમ આ ભગવાન કહે છે મારે ને તારે વાતે વાતે ફેર છે. મને માને છે કે ભગવાન સાચા, પણ તું કહે છે કે હું સાચો, ઈ તો તું છો એની તો તને ખબર નથી.

ભગવાને તો આમ કહ્યું છે કે, એનો જ્ઞાનનો પર્યાય તારાથી થાય, કર્મનો પર્યાય કર્મથી થાય, એક સમયના કર્મની પર્યાયની અનંતી પર્યાયમાં એક પર્યાય બીજાથી ન થાય, તો એની આ પર્યાયથી આત્મામાં કાંઈ થાય એમ ભગવાને કીધું નથી. આ તો બધી માણસને તકરારુ કર્મની છે ને? જૈનને કર્મ નડે. અન્યને વળી ઈશ્વર પ્રસન્ન થાય તો ધર્મ થાય. ઈશ્વરની મહેરબાની થઈ જાય તો મોક્ષ થઈ જાય. સારા ગપ્પે ગપ્પે ગપ છે બધા. ધૂળેય નથી એમ કહે છે. ઈ આવે છે પ્રરૂપણા કર્મ પ્રધાન વિષય કથિત, રામાયણમાં આવે છે. એમ છે જ નહીં. રાગની પર્યાય આત્મામાં આત્માથી પોતાથી થાય છે. તે જ ક્ષણે જ્ઞાનનો પર્યાય પણ રાગને લઈને નહીં પણ પોતાથી થાય છે. આવું સ્વરૂપ છે. આવી સત્તાનું હોવાપણું ન માને ને બીજી રીતે માને તો મિથ્યાદષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે ભાઈ!

આમાં અપવાસ કરવા ને, ચૌવિહાર કરવા ને, કંદમૂળ ન ખાવું ને એ કયાંથી આવશે કે દિ'? કહે છે કંદમૂળની પર્યાય છે એ જડની શરીરની છે. એને તું ખાઈ શકે છે તો એની પર્યાયની સત્તા તારામાં આવી જાય છે એમ છે નહીં. સમજાણું કાંઈ? અને એમાં કંદમૂળ ખાધું તો છોડી દીધું. શું છોડયું? કંદમૂળની પર્યાય તો આંહી આવવાની નહોતી. અને કંદમૂળની પર્યાય તો ન્યાં રહી, એમાં તેં શું છોડયું? તારી મિથ્યાદષ્ટિ થઈ કે મેં આ છોડયું. એય! આહાહા!

રોટલાની પર્યાય તો આજના આઠમનો એણે અપવાસ કર્યો છે. રોટલા જ ખાવા નથી. રોટલાની પર્યાય તો જડની પર્યાય છે. એ આત્મા ખાઈ શકે છે? એકની પર્યાય બીજાની પર્યાયને ન કરી શકે. એ રઘુભાઈ! શું હશે આ તે આટલો બધો ફેર હશે? છગનભાઈ! આ બધા કાર્યકર્તા તો હોંશિયાર થઈને કામ કરતા હશે કે નહીં? ત્યાં દિલ્હીમાં ઘણી તકરારું હાલે છે હોં? ધમા ધમા હાલે છે. હેં? ઓલો કહે મારી ખુરશી ને ઓલો કહે મારી ખુરશી હેરાન હેરાન થઈ જાય છે. બાપુ! તારી સત્તા તારામાં છે ભાઈ! તારું હોવાપણું તારે લઈને તારામાં ને પરનું હોવાપણું પરને લઈને પરમાં.

તારી કોઈપણ અવસ્થાનું હોવાપણું પરને લઈને નહીં અને પરની કોઈ પણ અવસ્થાનું હોવાપણું તારે લઈને નહીં. આહાહા! આ શરીર હાલે છે. એક જીવ છે. લ્યો, સમજાય છે ને?...કહે છે કે કુંડળની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને આત્મા કરે છે ને આંગળી કરે છે એમ છે નહીં. કારણ કે કુંડળના અનંતા પરમાણુંની પર્યાય એનાથી થઈ છે. અને એને લઈને ઓલો જીવ બચે છે એમ છે નહીં. આરે! આરે! ભારે વાત ભાઈ! ભગવાન જાણે શું હશે આમાં? જગતે તો ઊંધુ માર્યું છે. એ ભગવાનભાઈ! આ એમ કહે છે આંહી. મારે આજ ખાવું નથી. એમ માનનાર જડની પર્યાય હું ખાતો જ નથી. જડ ખાતો હોય તો તે મિથ્યાત્વભાવને સેવે છે. પણ ખાઈ શકે છે? એય! પરમાણુંની પર્યાય પરમાણુંથી થાય. આંહી આવે પેટમાં રહે કે ન રહે એ પરમાણુંને લઈને છે, આત્માને લઈને નથી. આહા! આ તે શું તેમાં ભારે ભ્રમણા રહી છે જગતને બધી. હેં? સત્ત છે કે નહીં? એય સત્ત છે કે નહીં?

રોટલાના પરમાણુંઓ સત્ત છે કે નહીં? અસ્તિ છે કે નહીં? અને છે તો એની પર્યાયો અવસ્થા રૂપાંતર હાલત થાય તો અસ્તિ છે કે નહીં? તો એ પર્યાય પર્યાયને લઈને થઈ છે કે કંઈ છોડવાનો વિકલ્પ કર્યો માટે થઈ છે? જેઠાભાઈ! ભારે વાત ભાઈ! અનંતા સત્વો છે દ્રવ્ય એમ માનવું અને એમ કહેવું કે અનંતમાં એક બીજે કાંઈ ઘાલમેલ કરે તો એ અનંતા રહેતા જ નથી. અનંતનું હોવાપણું કહેવું, આ તો પર્યાયનું અત્યારે છે. પણ અનંત દ્રવ્ય છે એમ કહેવું, અનંત છે એમ કહેવું અને એક દ્રવ્ય બીજાને કાંઈ ઘાલમેલ કરે તો અનંતપણું અનંતપણે રહેતું નથી. એણે અનંતનો સ્વીકાર જેમ છે તેમ તેણે કર્યો નથી. કહો, સમજાણું કાંઈ? આ તો બધા દાખલા અપાય છે હો સિધ્ધાંતના.

લ્યો, એ હું હવે નહીં બોલું લ્યો. મારાથી તમને કાંઈ લાભ નથી થતો ને? નિમિત્તથી તમને લાભ નથી થતો ને? એ શું કહ્યું છે. બોલવાની પર્યાય તારાથી હતી? કે બોલવાની પર્યાય તે બંધ કરી? હેં? બીજું તો આમાં કાંઈ લાગતું નથી. અજ્ઞાનીને કાંઈ બીજું લાગતું નથી. જીવ મરી જાય પણ મરી ગયો તો શું આમાં સત્તને અસત્ત માનીને. સમજાણું કાંઈ? આપણે મૌન વ્રત રહેશું ભાઈ! તો આપણે લાભ થાશે. આપણે એટલે કોણ મૌન રહેવું એટલે કોણ? શું થયું એટલે લાભ થશે. શું થયું? મૌનની પર્યાય વાણીની હતી ઈ તો વાણીને કારણે ઉત્પન્ન થઈ'તી. અને મૌન વખતે વાણીની પર્યાય નહોતી એટલે ન થઈ. એમાં તારે લઈને મૌનપણું થયું એ આવ્યું ક્યાંથી? તો તો લાભ થાય. મૌનવ્રત લ્યો તો લાભ થાય. પર્યાય જડની ન થાય એટલે તને લાભ થાય? એનો અર્થ શું? આહાહા! સમજાણું કાંઈ?

આ તો બધા એમાંથી દાખલાઓ છે. એનો ખ્યાલ આવે કે, દરેક દ્રવ્યની અનંતી પર્યાય છે, અવસ્થા એ પરને લઈને નથી, એ તો વાત આંહી કીધી. એનામાં છે એકને લઈને બીજી છે એમેય નથી, ત્યાં પરને લઈને છે એ વાતેય ક્યાં આવી. ભાઈ! સમજાણું કાંઈ? આહાહા! ભારે પણ આચાર્યે ગજબ કર્યો છે. સત્તા મહાસત્તા આઠમી ગાથામાં આઠ કર્મનો અભાવ.

**અર્થાંત જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસતારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે તે જ અહીં કહેલી અવાંતરસત્તારૂપ પણ એકેક પર્યાયમય હોવાથી 'એકપર્યાયમય' પણ છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંતપણું જે કીધું તે એકપણું છે. એકપણે છે તે અનંતપણે છે. અનંતમાં એકનો અભાવ ને એકમાં અનંતનો અભાવ. **આ રીતે બધું નિરવદ્ય છે.** આચાર્ય કહે છે કે આ કહેલી વાત તદ્દ્ન નિર્દોષ છે. જુઓ, **ઉપર કહેલું સર્વ સ્વરૂપ નિર્દોષ છે. નિર્બાધ છે.** બાધા વિના, વિઘન વિના સત્‌નું આવું સ્વરૂપ(છે). **કિંચિત વિરોધવાળું નથી.** આહાહા! **કારણ કે તેનું (-સત્તાના સ્વરૂપનું) કથન સામાન્ય અને વિશેષના પ્રરૂપણ પ્રત્યે ઢળતા બે નયોને આધીન છે.**

મહાસત્તા અને પેટાભેદ એવા બે નયે એનું કથન ચાલે છે. વસ્તુનું સ્વરૂપ જ (એવું છે કે જેનું) બે નયે કથન ચાલે છે. સામાન્ય એટલે મહાસત્તા વિશેષ એટલે પેટાસત્તા એનું કથન પ્રત્યે ઢળતા, વળતા બે નયોને આધીન કથન છે. મૂળ સૂક્ષ્મ જ્ઞાન નથી ને એટલે એને સમ્યક્‌ના સમજાણમાં વાંધો આવે છે. આ શું? આ શું છે તે છે. શ્વાસ ચાલે છે, એ કહે છે કે અનંત પરમાણુંની પર્યાય છે એ. એ શ્વાસની પર્યાય જીવને પ્રેરણા કરે માટે શ્વાસ ચાલે છે, બિલકુલ જૂઠી વાત.

એ પરની સત્તાનો જે રીતે છે તેનો સ્વીકાર તેને નથી. એની સત્તા જાણે જીવને લઈને છે? શ્વાસ હોય ત્યાં સુધી જીવે. શ્વાસ બંધ થાય તો મરી જાય. લ્યો! કોણ મરે? ભગવાન મરે? એ તો અનાદિ અનંત શાશ્વત વસ્તુ છે. શ્વાસ બંધ થયો એટલે જડની પર્યાય બંધ થઈ. પોતે તો એમ ને એમ છે. સમજાણું કાંઈ? શ્વાસને લઈને જીવ હતો? અને શ્વાસ ગયો માટે જીવ ગયો? એમ છે? એમ નથી એમ કહે છે. શ્વાસ બંધ થયો તો જીવ નીકળી જાય છે. એમ છે? નીકળી ગયો પણ શ્વાસ બંધ થયો માટે નીકળી ગયો? શ્વાસની પર્યાય શ્વાસમાં રહી. બંધ થઈ ગઈ અને આ પર્યાય પોતાને કારણે નવી થઈ. આહાહાહા! આવું સમજે તો એને પરથી ભેદ જ્ઞાન થઈ ને સ્વતંત્રતાની પ્રતીતિ થાય. તો એને પરતંત્રતાની બુદ્ધિ ને મિથ્યાત્વનો નાશ થાય. આ વીતરાગે આવું તત્ત્વ કહ્યું એ રીતે સમજે તો.

એ ભાવાર્થ એમાં કહે છે. સામાન્યવિશેષાત્મક સત્તા એટલે બધું છે અને પેટાભેદ છે. એવા સત્તાના બે પડખા છે. બે ભાગ. એક પડખું તે મહાસત્તા બધું છે દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. જડ છે, ચેતન છે, અનંત પર્યાય વગેરે.

બીજું પડખું અવાંતર પેટાભેદ છે. **મહાસત્તા અવાંતરસત્તારૂપે અસત્તા છે.** બધું છે એ પેટાભેદની અપેક્ષાએ નથી. આખું છે એ ઓછાની અપેક્ષાએ નથી. **અવાંતરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે.** પેટાભેદના એકઅંશરૂપે જે છે તે બધારૂપે તે અસત્તા છે. બધારૂપે એ નથી. એકરૂપે છે એ બધારૂપે નથી. આરે! ભારે ભાષા ગોઠવી છે ને. 'અન્ન એવા પ્રાણ' લ્યો! અન્ન હોય તો જીવ જીવે. ના, એ તો ના પાડે છે. અન્નની પર્યાય અન્નમાં ને તારી પર્યાય તારામાં. ઉપાદાનથી થાય ને. આ ખાય તો જીવાય ને નો ખાય તો મરી જાય. શું છે? મરી કયાં જાય છે? ખાતો હોય ને ખાતા ખાતા ય મરી જાય છે. કારણ કે ક્રિયા થાતી હોય જડમાં અને આંહી સ્થિતિ પૂરી થઈ જાય તો દેહ છુટી જાય છે. સમજાણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ? એનો પર્યાય પોતાનો સ્વતંત્ર છે. આને લઈને છે નહીં. આહા!

એથી જો મહાસત્તાને સત્તા કહીએ તો અવાંતરસત્તાને અસત્તા કહેવાય એમ. મહા છે એમ કહીએ તો એકને નથી એમ કહેવાય એમ. મહાનું એકમાં નથી. મહા બધું છે એમ કહીએ તો એકમાં બધુ નથી એમ અસત્તા કહેવાય એમ કહે છે. સમજાણું? હવે બીજી વ્યાખ્યા થોડી જુદી છે. **જો મહાસત્તાને સત્તા કહીએ તો અવાંતરસત્તાને અસત્તા કહેવાય.** હવે બીજી વાત થોડી આવશે.

**(શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૧૬, ગાથા નં :- ૮, ૯
## પ્રવચન નં. ૧૫
## તા.૨૯/૧૧/૬૯, કારતક વદ-૬, શનિવાર

**પંચાસ્તિકાયઃ- આઠમી ગાથાઃ-** એના ભાવાર્થમાં બગડો બગડો છે ને? શું છે? બરાબર. શું કહે છે? આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકર ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્માએ છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય ભગવાને જોયા. એ છ દ્રવ્યમાં પાંચ અસ્તિકાય છે અને એક અસ્તિ છે. કાળ છે તે ઘણા અંશો ભેગા થતાં નથી તેથી તેને સમુહરૂપે કાય ન કહેવાય. કાળ છે તે અસ્તિ કહેવાય. એ સિવાય આત્મા પરમાણું, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ અસ્તિ છે અને ઘણા પ્રદેશોનો સમુહ છે. એ અસ્તિ છે એવી હોવાવાળી ચીજ છે. એને અહીંયા સિદ્ધ કરે છે.

મહાસત્તા, બગડો. આખા જગતમાં મહાસત્તા તે ઉત્પાદ્, વ્યય ને, ધ્રુવ એવા ત્રણ લક્ષણવાળી છે. સામાન્ય બધી રીતે છે અને એકેક આત્મા કે એકેક પરમાણુંમાં પણ એક સમયમાં ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ એ ત્રણે થઈને મહાસત્તા (છે.) એટલે ઘણું, કહ્યું ને ત્રણ? મહાસત્તા એટલે મહારૂપે છે. શું? કે આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની જાય ને ધ્રુવ રહે. એ ત્રણની મહાસત્તા છે. એ ત્રણ મહાસત્તાપણે છે. એ પોતે મહાસત્તાપણે નથી. એટલે કે મહાસત્તા અવાંતરસત્તાપણે નથી. પણ એકેક સત્તા તે અવાંતરસત્તા છે. અવાંતર એટલે શું?

એ વાત ત્રણ દિ'થી ચાલે છે. કે આત્મામાં જેમકે કોઈ માણસ કહે કે અમે વ્રત પાળીએ છીએ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બ્રહ્મચર્ય પાળીએ છીએ, દાખલો છે. સમજાય છે? તો એણે પાળ્યું એટલે એની પર્યાયમાં શું થયું? સમજાણું કાંઈ? શરીરની ક્રિયાનો ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ તો શરીરમાં છે. એટલે કે એને લઈને કાંઈ પાળે છે એમ તો કાંઈ રહ્યું નહીં. સમજાણું કાંઈ આમાં? આ શરીર છે એનાથી વિષય ન સેવાણો તો એ તો શરીરની પર્યાયનો ઉત્પાદ્ હતો. એકેક પરમાણું પર્યાયથી ઉત્પન્ન થાય, પૂર્વ પર્યાયથી વ્યય થાય અને ધ્રુવ. એ તો એના પરમાણુંના અસ્તિત્વમાં હોવાપણે થયું. પણ એક માણસ કહે કે ભઈ અમે વ્રત પાળીએ છીએ. તો એનામાં થયું શું? એની સત્તામાં શું થયું? સમજાણું કાંઈ? એની સત્તામાં બહુ તો રાગની મંદતાનો વિકલ્પ ઉત્પન્ન થયો, બસ. બાકી આ શરીરની અવસ્થા વિષયરૂપે ન થઈ એ કાંઈ એનો અધિકાર નથી. એ તો એનું અસ્તિત્વ એને લઈને છે. સમજાય છે કે નહીં?

હું જૂઠું બોલતો નથી. સાચું બોલું છું. એ એની પર્યાયમાં શું થયું? શું આવ્યું? બોલવું ન બોલવું તો જડની પર્યાય છે. જડનું હોવાપણું જડમાં છે. એ આત્માને લઈને જડમાં જુઠાપણું સાચાપણું બોલાણું કે જુઠાપણું બોલાણું તે કાંઈ આત્માને લઈને નથી. કારણ કે એ તો પરમાણુમાં એક સમયમાં અનંતગુણની અનંતી પર્યાય છે એમાં એ જાતની ભાષાની પર્યાય થઈ કે જૂઠું ન બોલવું. એ તો જડની પર્યાય થઈ એ તો જડનું હોવાપણું છે. એને લઈને આંહી સત્યનો વિકલ્પ છે કે સત્ય બોલું છું કે અસત્ય નથી બોલતો એવો વિકલ્પ એને લઈને નથી. સમજાણુ કાંઈ?

એનામાં રાગની મંદતાનો એમ વિકલ્પ થયો હોય કે હું સત્ય બોલું છું બસ એટલું. હવે એ રાગની મંદતાનો ઉત્પાદ્ સ્વતંત્ર છે. હું સત્ય ભાષા બોલું છું માટે સત્યનો વિકલ્પ છે એમ નથી. સમજાય છે કાંઈ આમાં? એમ એક પર જીવને ન મારવું થયું, બચ્યો. એ એનો ઉત્પાદ તો ત્યાં એના પરમાણુંમાં થયો. આણે એમાં પરનું બચાવવામાં ત્યાં શું કર્યું? વિકલ્પ એક થયો હોય કે આને ન મારવું. એ વિકલ્પની હયાતિમાં એ એનામાં એટલો ઉત્પાદ થયો, એની પર્યાયમાં આ ઉત્પાદ્ થયો. હવે એ કાંઈ ધર્મ છે? રાગનો ઉત્પાદ થયો એ ધર્મ છે? (મુમુક્ષુ :- પણ બીજો ન મર્યો એ ધર્મ નથી.) પણ બીજો ન મર્યો એ એના અસ્તિત્વને લઈને. આંહી એ તો સિધ્ધ કરવું છે. એના ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ એનામાં છે. એ માટે તો આ મહાસત્તાવાનને સત્તાવાન તત્ત્વનો બોલ કહ્યો. એ જીવ ન મર્યો એટલે શરીરથી છુટો ન પડયો એનો ઉત્પાદ્ તો એની પર્યાયમાં થયો. જીવની પર્યાયમાં જીવનો ને જડની પર્યાયમાં જડનો. એનું હોવાપણું કાંઈ આના હોવાપણાને લઈને નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું છે. (મુમુક્ષુઃ- આમાં તો કર્તાપણું આવી જાય.) હોવાપણાનો નિષેધ છે ને આંહી તો? કર્તાપણું મેં કયાં કીધું, મેં તો હોવાપણું કીધું. આને લઈને આ છે ને આને લઈને આ છે એમ ન થયું એમ કીધું. કર્તાપણું ન કીધું. હોવાપણું શું થયું એટલી આંહી વાત થઈ. કરવું કે ન કરવું એ પ્રશ્ન અત્યારે છે નહીં. ભઈ લાવો આપણે આ બેઠા. સામાયિક કરી લ્યો સામાયિક કરી. સામાયિક એટલે શું? તારી પર્યાયમાં શું થયું? તારી અવસ્થામાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસ્તિત્વ જે તારી અવસ્થા છે એમાં શું થયું? બહુ તો રાગની મંદતાનો ભાવ થયો. શરીર આમ થયું, આમ રહ્યું એ કાંઈ તારાથી રહ્યું નથી. એ તો એનું અસ્તિત્વ એનામાં છે. સમજાણું કાંઈ? તાવ કાય ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસિરામિ.એ તાવ કાય ઠાણેણંની ભાષા તો જડની છે. એ જડમાં હોવાપણે એ ભાષા થઈ છે. એ કાંઈ તારા હોવાપણાને લઈને થઈ છે? તું ત્યાં છો? અને એ આંહી આત્મામાં છે? હવે ત્યાં થયું શું એણે આમ કર્યું તો ત્યાં તો જડની પર્યાય છે આમ. હવે એને ત્યાં થયું શું? શુભ વિકલ્પ રાગ થયો. એ તો પર તરફનો રાગ છે. રાગનો ઉત્પાદ રાગને લઈને છે. એ બહારની ક્રિયા થઈ માટે નથી. તેમ કર્મ છે માટે રાગનો ઉત્પાદ છે (નહીં) અને રાગનો ઉત્પાદ છે માટે ત્યાં આનંદ ને જ્ઞાનની ધર્મની પર્યાયનો ઉત્પાદ છે એમ નથી. સમજાણું કાંઈ?

એવું તત્ત્વ સુક્ષ્મ છે લોકોને વીતરાગનું તત્ત્વ મળ્યું નથી. એ રાગનો વિકલ્પ થયો એટલું અસ્તિત્વ લ્યો. હવે એ વખતે ધર્મીને ધર્મ કયાં થયો? કે ધર્મીને કયાં ધર્મ થયો કે જે સ્વરૂપ મારું ધ્રુવ સત્ મહાપ્રભુ છે. મહાચૈતન્ય ભગવાન આનંદ ધ્રુવ ધ્રુવરૂપે છે. એ ઉત્પાદરૂપે નથી. એટલે જ્ઞાનની પર્યાયનું જે ઉત્પાદનું લક્ષ હતું તે દ્રવ્ય ઉપર ગયેલું છે તેથી તેને સમ્યગ્જ્ઞાનની પર્યાય ધર્મની શાંતિની ઉત્પન્ન થઈ. તેની સાથે રાગ પણ છે. પણ રાગ અને શાંતિની પર્યાય એક સમયમાં બે છે. પણ એ બેય ઉત્પાદ ઉત્પાદને લઈને છે. પરને લઈને રાગ નહીં, રાગને લઈને જ્ઞાન નહીં, જ્ઞાનની પર્યાયને લઈને ધ્રુવ નહીં. સમજાણું કાંઈ? મગનભાઈ!

આવો વીતરાગનો માર્ગ છે ભાઈ! પણ એને સાંભળવાય મળ્યો નથી શું કરે બિચારા? અનાદિથી મહાસત્પ્રભુ! આજે એક લખાણ આવ્યું છે કોઈકે પુસ્તક મને મોકલ્યું (છે).એમાં ઘણાના ઓલા શું કહેવાય? હા, અભિપ્રાય ઘણાના પણ ઘણા નામો મોટા મોટા સાધુના ને દિગમ્બરના ને સ્થાનકવાસી, શ્વેતાંબર એણે પુસ્તક બનાવ્યું છે. લોકોમાં, આ લૌકિક મુકયું શું કહેવાય? શું કીધું? ....ભાઈ! સામાયિક સમયને અનુસરીને. ઘણા નામો આપ્યા છે. કેટલાક તો ઓહોહો! અભિમાનના સેવન. શું કર્યું પણ એમાં? આમાં સામાયિક સમયને અનુસરીને શું કહેવું? સમયને અનુસરીને એટલે શું? આ વર્તમાન સમય એને અનુસરીને? એ તો પર પદાર્થ છે.

આ સમય એવો જે ભગવાન આત્મા સમ-અય, સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય તે સમય આત્મા. એવો જે આત્મા પોતે સમય નામ આત્માને અનુસરીને તેના કાળમાં જે જ્ઞાન દર્શનની પર્યાય થાય તે સમયને અનુસરીને થયેલી દશા કહેવાય. એય! આ તો આવ્યું છે બહુ, બહુ વાંચ્યું છે ને. ......... લોકો ઘણા વખાણ કરે છે. છાના નામ આપ્યા છે હો. દેરાવાસી દિગમ્બર બધાય ઘણાના આધ્યાત્મિક સેવાના એક મહાન સંકલ્પ. હેં! એની વ્યાખ્યા છે. ઊઠવું કયાં અને આગળ વધવું કયાં? આત્મા આનંદમૂર્તિ ભગવાન ચૈતન્ય સત્ સાહેબ છે ચૈતન્ય, એની અંતર દૃષ્ટિ કરીને ઊઠો અને એમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્થિરતા કરીને વધો, આનું નામ સત્‌માં ઊઠવું ને જાગવું છે. કે જે કાયમ ટકે આ રાગમાં કોઈ ઊઠે ને કોઈ બહારનું થયું એમાં કાંઈ ટકવાનું નથી. એ તો પાછું ફરી જશે. એ તો પાછો નિગોદ થઈ જશે, કીડો કાગડો થઈ જશે.

ઊઠયો તો એને કહેવાય કે જે પાછો ફરે નહીં. સમજાણું કાંઈ? ઊઠયો એટલે ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞ સ્વભાવી પરમ આનંદ સ્વભાવી એવો મહાસત્ પ્રભુ આત્મા એમાં જેણે દૃષ્ટિ આપી, એ આત્મામાં ઊઠયો. સમજાણું કાંઈ? અને એમાં આગળ વધ્યો એ, વધ્યો શું કીધું ઊઠો પછી? આગે બઢો. એમ કાંઈ હોતું હશે? ઘણાં આમાં આખી દુનિયા ભેગી થાશે. આહાહા! એમાં શું છે પણ? આ આત્મા વસ્તુ શું છે? જે જાગવું થાય ને ટકી રહે એનું નામ ઊઠયો ને જાગ્યો કહેવાય. એ તો શાશ્વત ચિદ્દાનંદ આત્મા એમાં અંતરમુખમાં મહાસત્ સ્વરૂપ છે એ સત્‌માં એકાગ્ર થાય અને જે સતની ઉત્પતિ સમ્યગ્દર્શન આદિની થઈ એ ઊઠયો કહેવાય. બાકી બધા ઉંઘ્યા ને સૂતા છે. ઓલામાં આવે છે ને ભાઈ સૂતા નહીં? વ્યવહારે સૂતા છે. અંદરમાં જાગે એ વ્યવહારે સૂતા છે અને વ્યવહારે જાગે એ અંદરમાં સૂતા છે. ગાથા તો આપણી જ છે, ભાઈ! કુંદકુંદાચાર્યની અષ્ટપાહુડની (ગાથામાં છે.)

જે કોઈ જીવ પુણ્ય પાપના વિકલ્પ છે એમાં સૂતો છે. એટલે એમાં મારા નથી પણ હું તો જ્ઞાનાનંદ છું એ જાગ્રત છે. વ્યવહારમાં સૂતો છે. નિશ્ચયમાં જાગે છે. એ જાગ્યો એ જાગ્યો એ સત્ છે. સમજાણું કાંઈ? આહાહા! જ્યાં સત્ સ્વરૂપી ભગવાન આત્મા એમાં જેણે દૃષ્ટિ આપી અને પુણ્ય પાપના, દયા, વ્રત આદિના વિકલ્પ છે એ વ્યવહાર છે એ તેમાં સૂતો છે. એ મારામાં નથી અથવા મારા નથી અને મારા અસ્તિત્વને લઈને એનું ખરું અસ્તિત્વ નથી. સમજાણુ કાંઈ? આહાહા! એ અહીં કહે છે જો. આત્મામાં ભલે મહાસત્તા હો. ઉત્પાદ નવી અવસ્થાનું થવું, જુનીનું જવું, ધ્રુવનું રહેવું છે હો. પણ એકેક, એકેક સ્વરૂપે છે. એનો ઉઠયો જે જાગૃત સમ્યગ્દર્શન થયું. સત્ સ્વરૂપ મહાપ્રભુ એનો આશ્રય લઈને જે ઉત્પાદ થયો એ ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે. ધ્રુવને આશ્રયે નહીં એમ કહે છે. અને રાગ હતો માટે સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો એમ નથી. આહાહા!

માણસ કહે છે ને ભઈ આપણે આમ કરતા કરતા અંદર અધ્યાત્મમાં જાશું, સત્‌માં. પણ અસતપણે રહીને સત્‌માં જવાશે? આહાહા! શું છે? એ તો અસત્ છે. તારી પર્યાયમાં થયું શું? આ વ્રત કર્યા ને અપવાસ કર્યા, એક મહિનાના અપવાસ કર્યા ચાલો. એમાં તારી પર્યાયમાં થયું શું? એ તો આહાર નહોતો આવવાનો એ તો એની પર્યાય હતી. તારી પર્યાયમાં શું થયું? નવું શું થયું? એણે એમ કહ્યું મારે આ ખાવું નથી. એવી રાગની મંદતાનો, નહીં ખાવાનો વિકલ્પ કર્યો. એટલી ઉત્પતિ થઈ. હવે એમાં ધર્મ ક્યાં આવ્યો?

એ વિકલ્પના કાળમાં પણ સ્વભાવનું જ્ઞાન થઈને રાગનું જ્ઞાન કરે છે, સ્વભાવનું જ્ઞાન થઈને રાગનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન કરે છે અને જ્ઞાનમાં એકાગ્રતા છે એને તપસ્યા ને એને નિર્જરા ને એને ભગવાન ધર્મ કહે છે. આહાહા! ભારે કામ. સમજાણું કાંઈ? વીતરાગ ધર્મ એવો અલૌકિક (છે કે) જગતની સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહાહા! સંપ્રદાયમાં રહ્યા એની સાથેય મેળ ખાય એવો નથી. પણ આત્મા તો વીતરાગ સ્વરૂપ છે. પરમેશ્વરે કહ્યો એવો આત્મા છે. આત્મા પોતે પરમેશ્વર છે. આહા! મહાપ્રભુ અનંતા પરમેશ્વરને જેણે ગર્ભમાં રાખ્યા છે પેટમાં. પ્રસવશે તો એ પરમાત્મા પૂરણ પર્યાય, બીજી સ્થિતિએ પૂરણ પર્યાય, ત્રીજી પર્યાય એવી અનંતી પર્યાય પ્રસવશે. આહાહા! સમજાણું કાંઈ?

આ આત્મા એ ભગવાન ધ્રુવ સ્વરૂપે છે તે ધ્રુવ રૂપે જ છે. એ અનંત જ્ઞાન આદિનો સ્વતંત્ર ઉત્પાદ થયો એને માટે અહીં ધ્રુવમાં કાંઈ ઓછું થયું એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મામાં ત્રણ અંશ છે. એક નવી અવસ્થાનું બદલવું, જુની અવસ્થાનું જવું, નવું ઉપજવું અને ધ્રુવ. હવે આંહી કહે છે કે ધ્રુવ ધ્રુવપણે છે. એ સર્વજ્ઞનો ઉત્પાદ થયો કે અલ્પ પર્યાયનો થયો તો ધ્રુવમાં કાંઈક કમી છે કે ધ્રુવમાં કાંઈક બીજું છે એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? અને એકલું અજ્ઞાન ઉત્પન્ન થયું, રાગ તે હું છું અને રાગથી મને લાભ થશે એવું મિથ્યાત્વ થયું, તો પણ તે મિથ્યાત્વના ઉત્પાદને લઈને ધ્રુવમાં કાંઈ ખામી છે, કે ધ્રુવ અત્યારે ખૂબ પુષ્ટ થયુ કારણ કે પર્યાય અત્યારે નબળી નીકળી માટે અને ઊગ્ર પયાર્ય નીકળી માટે ધ્રુવમાં કાંઈક કમી થઈ છે એમ છે નહીં. ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞે કહેલું ધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ છે ભાઈ! શ્રીમદ્ પણ કહે છે ને વીરના વચનોનું સૂક્ષ્મપણું સમજો. સૂક્ષ્મ બોધનો કામી તે ભગવાનના માર્ગનો કામી છે. આહાહા! હાથ હાથ આવે ન્યાં. આંખ્યું કોઈકની, આ હોઠ કોઈકના, વાણી કોઈકની એ તો જડ છે. જડ પુદ્ગલનું છે એ કાંઈ આત્માનું છે નહીં. અને આ બધું બોલાય છે, બોલાય છે. એ પુદ્ગલનું પુદ્ગલમાં બોલાય છે. આત્મામાં આત્માથી નહીં. આહાહાહા! કેમ બેસે?

અમે ઉપદેશ કરીએ છીએ. એ ઉપદેશનો લાભ અમને મળે છે. કેનો? ભાષા નીકળી એનો? ભાષાના ઉત્પાદ વ્યય તો એના જડમાં થયા છે. અમારા ઉપદેશથી જીવો સમજે છે. એનો લાભ અમને મળશે. ધૂળેય નહીં મળે સાંભળને. એનો ઉત્પાદ એનામાં છે. તારો ઉત્પાદ વિકલ્પ કર્યો એટલો ઉત્પાદ તારામાં છે. સમજાય છે? અને એ વિકલ્પનું સ્વભાવ સન્મુખ રહીને જ્ઞાન કર તો એ જ્ઞાનનો ઉત્પાદ તારામાં છે. એ ઉત્પાદનો લાભ તને છે. બાકી પરને લઈને કાંઈ છે નહીં. લાખ માણસ સમજી જાય માટે સમજાવનારને જરીયે લાભ મળતો હશે કે નહીં? કોણ કરે મહેનત? કયા કરે?

ભાષામાં કરાય આ તો જડ છે. આ તો ઉત્પાદ વ્યય એ જ ચાલે છે આંહી. આ પરમાણુંઓમાં રજકણનું અસ્તિત્વ છે પુદ્ગલનું, તો એકેક પરમાણુંઓમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણ છે એ મહાસત્તા છે. ત્રણ થયા ને ત્રણ માટે, અને એનો એકેક ભાગ ભાષાપણે ઉત્પન્ન થયો એ ઉત્પાદ તે ઉત્પાદરૂપે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્વે પુદગલની પર્યાય સાધારણ હતી એનો વ્યય થયો તે વ્યયરૂપે છે. અને પરમાણું તે ધ્રુવરૂપે છે. એમાં આત્માને લઈને કાંઈ પરમાણું ભાષા થાય છે એ વાત ત્રણ કાળમાં એકે અંશે સાચી નથી. આહાહાહા! કહો વજુભાઈ! સાચું હશે આ બધું?

(મુમુક્ષુઃ- સમજે છુટકો.) સમજે છુટકો લ્યો એ ઠીક પડી ગયું. એ સાચી વાત ભાઈ. માર્ગ તો આ છે. એને સમજે છુટકો છે. સુખી થવું હોય તો. બાકી આ દુઃખીના દાળીયા ચોરાસીમાં રખડી મરે છે. જવાબ ઠીક આપ્યો. કયાં ગયા આણંદભાઈ? ભાઈએ જવાબ ઠીક આપ્યો છે. આહાહા!

મહાપ્રભુ સત્ છો ને નાથ. એવા ધ્રુવના, ધ્રુવના અંશને ઉત્પાદને લઈને કાંઈ, એમ કહે છે હો! આહાહા! સમ્યગ્જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો તો એથી આંહી કાંઈ ઓછું થયું? અને કેવળજ્ઞાનનો (પર્યાય) થયો તેથી આંહી પુષ્ટિ ઓછી થઈ? ઓહોહો! શું તત્વ તે તત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો વળી એ થોડી વાત આજ આવી વળી. જુદી જુદી કયાંકથી આવે છે હો! ત્રણ દિ' માં થયું. વળી આ બીજું આવ્યું આ. વસ્તુની મહાસત્તા એટલે એક આત્મા ને એકેક પરમાણું એ મહાસત્તા આખી. એનો ઉત્પાદ, વ્યય ને ધ્રુવ અનંતગુણનો એક સમયનો પર્યાય તે ઉત્પાદ્, પૂર્વની પર્યાયનો વ્યય ને પોતાનો ધ્રુવ. એ ત્રણ લક્ષણવાળી છે. તેથી તે ત્રિલક્ષણા છે. એ ત્રણ લક્ષણવાળી મહાસતા કહેવાય.

વસ્તુના ઉપજતા સ્વરૂપનું ઉત્પાદ જ એક લક્ષણ છે. ઈ એક લક્ષણ કહેવાય. ત્રિલક્ષણવાળી તે એક લક્ષણવાળી છે. અરે આવું. ઓલું તો કહે કે ભઈ દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરવા, ચૌવિહાર કરવો, કંદમૂળ ન ખાવા. ઝટ દઈને સમજાય અજ્ઞાન ને રખડી મરે છે. સમજાણુ કાંઈ? કારણ કે પર સત્તાના આશ્રયમાં હું કાંઈક છું ને મારા હોવાપણામાં પર કાંઈક છે એ બુધ્ધિ મિથ્યાદષ્ટિની મિથ્યાત્વ છે. કહો નવલચંદભાઈ! સમજાય છે કે નહીં આ? ભારે વાતું ઝીણી છે. હેં? (મુમુક્ષુઃ- અજીબ વાત કહી.) સર્વજ્ઞ પરમેશ્વર ઈન્દ્રો પાસે વાત કરતા હશે, ગણધરો પાસે ધ્વનિ નીકળતી હશે, એ કેવી હશે? સમજાણું કાંઈ?

આખા લોકના સ્વામી, અર્ધ લોકના સ્વામી શકેન્દ્ર, અર્ધલોકનો સ્વામી સૌધર્મ બેય એકાવતારી એક ભવ કરીને મોક્ષ જનારા છે. આહાહા! અને ત્રણ ત્રણ જ્ઞાનના ધણી. એ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા આવે ને દિવ્યધ્વનિમાં આવતું હશે. સમજાણું કાંઈ? ઓહોહો! એની ગંભીરતા, એની ઊંચાઈ, અને એની ઊંડાઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે મહાસત્તા તે વસ્તુના ઉપજતા સ્વરૂપનું ઉત્પાદ એક જ લક્ષણ છે. એ અવાંતરસત્તા થઈ. નષ્ટ થતાં સ્વરૂપનું વ્યય છે, વ્યયનો અવાંતર એક પેટાભેદ થઈ ગયો. અવસ્થા બદલાઈ ગઈ સમય સમયમાં દરેક દ્રવ્યની. અને ધ્રુવ રહેતા સ્વરૂપનું ધ્રૌવ્ય જ એક લક્ષણ છે. ધ્રુવ રહેતા સ્વરૂપનું ધ્રૌવ્ય જ - ધ્રુવપણું જ એક લક્ષણ છે. એ તો એકરૂપ સત્ પ્રભુ બિરાજે છે એમ ને એમ. પરમાણું પણ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ. હેં? (મુમુક્ષુઃ-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો જ બિરાજે છે) એવો જ બિરાજે છે. પરમાણું ધ્રુવ ધ્રુવપણે બિરાજે છે.

ભલે આ અવસ્થાઓ બદલે પણ એ અવસ્થા તો ઉત્પાદ વ્યયની એનું લક્ષણ ભિન્ન છે. પરમાણુંમાં ધ્રુવતા તો કાયમ છે. આ પરમાણુંમાં પણ. આહાહા! હેં? જડેશ્વર પૂરો. જેટલા આત્મામાં ગુણ છે એટલા જ એક પરમાણુંમાં છે. જેટલા સિધ્ધમાં ગુણ છે એટલા ગુણ એક પરમાણુંમાં છે. તેટલા સંખ્યાએ એમ. આ ચેતનના છે ઓલા જડના છે. એકેક પરમાણું સ્વતંત્ર અનંત ગુણનો સ્વામી છે. અને એની પર્યાય ઉત્પન્ન થાય તે એના કારણે થાય છે. બીજા પરમાણુંથી નહીં, આત્માથી બિલકુલ નહીં. આહાહા!

જગતને અભિમાન છે ને અભિમાન. અમે ઉપદેશ દઈએ. અમે શાસ્ત્ર બનાવીએ. હેં? કોણ બનાવે? ભાઈ! એ તો તારો અભિપ્રાય મિથ્યા છે. અભિપ્રાય તો મિથ્યાત્વનો પોષક છે. જૂઠા ભાવનો પોષક છે. એમાં સાચાપણું આવતું હશે એમાંથી? તેથી તે ત્રણ સ્વરૂપોમાંના પ્રત્યેકની અવાંતરસત્તા દરેકની એકેક પેટાભેદની જુદી સત્તા, એક જ લક્ષણવાળી હોવાથી, આરે! ભારે ગૂઢ! અત્રિલક્ષણા છે. ત્રણે થઈને ત્રણ લક્ષણ, એકેક થઈને અત્રિક્ષણ. એકેકમાં ત્રણ લક્ષણ છે નહીં. ભારે વાત! હાલો, ભાઈ! બધા ભેગા થઈને આપણે કામ કરીએ. ઓલો એમ કહેતો હતો નહીં? નથી એક મંડળ ચાલતું વડોદરામાં નહીં? એક હારે બેસે ને પછી સૌના વિચારો, એક હારે બેસે ને જેથી એક બીજાના વિચારોને આંદોલન મળે. એવું કાંઈક મંડળ વડોદરામાં છે. હતું એ વખતે હતું. સાંજના અમુક ટાઈમે જ બધા ભેગા થાય ગામો ગામ સત સત એમ કાંઈક મંડળ હતું. બધા મંડળના ભેગા થાય. છે કોઈને ખબર? વડોદરામાં એવું હતું. એવું એક હતું. આ સત્સંગ મંડળ છે એમ. એવું હતું. બધા એક જગ્યાએ ભેગા થઈને વિચારે. એક બીજાના વિચારને આંદોલન મળે ને. ધૂળેય મળે નહીં આંહી એમ કહે છે. સમજાણું કાંઈ? હેં? એ બધા આંહી ભેગા થાય. ટાણે એક ટાઈમે ગામોગામ ભેગા થાય. એક બીજાના વિચારોનું આંદોલનનું એક બીજાને અસર થાય. આંહી ભગવાન કહે છે કે ત્રણકાળમાં કોઈની પર્યાયની અસર પરમાં થતી નથી. કહો, સમજાણું કાંઈ? કારણ કે અસર એટલે શું? સામાનો પદાર્થ છે એનો પર્યાયપણે ઉત્પન્ન થાય છે. એમાં આની પર્યાયે ત્યાં શું કર્યું? અથવા આના અસ્તિત્વને લઈને આ અસ્તિત્વ રહ્યું? આંહી અસ્તિત્વની વ્યાખ્યા છે ને? આના હોવાપણાનું ત્યાં હોવાપણું થયું? સૌનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? એ બીજો બોલ થયો.

હવે **મહાસત્તા સમસ્ત પદાર્થસમૂહમાં ‘સત, સત, સત’ એવું સમાનપણું દર્શાવતી હોવાથી એક છે**.આત્મા છે, પર્યાય છે, ધ્રુવ છે, ઉત્પાદ છે, વ્યય છે, જીવ છે, ધર્માસ્તિ-અધર્માસ્તિ છે છે છે. એ બધું સત્-સત્-સત્ બતાવનારું હોવાથી એક છે. બધું થઈને એક છે એમ. છે છે બતાવનારાની અપેક્ષાએ. એક વસ્તુની સ્વરૂપ સત્તા બીજી કોઈ વસ્તુની સ્વરૂપ સત્તા નથી. એક પરમાણુંની સત્તા બીજા પરમાણુંની સત્તાથી નથી. એક આત્માનું હોવાપણું બીજા આત્માને લઈને બીજા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુંને લઈને નથી. **તેથી જેટલી વસ્તુઓ, તેટલી સ્વરૂપ સત્તાઓ** સ્થિત થાય છે. **માટે આવી સ્વરૂપ સત્તાઓ અથવા અવાંતરસત્તાઓ અનેક છે.** 'સત્,સત્, સત્, સત્ એમ ગણો તો સત્‌ની અપેક્ષાએ બધું એક છે. પણ પેટાભેદ (કરો તો) દરેકનું સ્વરૂપનું અસ્તિત્વ તદ્દન જુદું છે. આહાહા!

ન્યાં પણ આ આત્મા છે. આ ત્યાં પરમાણુ છે. એ પરમાણુની સત્તાનું હોવાપણું પરમાણુમાં (છે). આત્માની સત્તાનું હોવાપણું આત્મામાં (છે). અને અહીંયાં પણ અંદર સૂક્ષ્મ નિગોદના જીવ છે. આખા લોકમાં ભર્યા છે ને?

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ પ્રત્યેક છે અને નિગોદ સાધારણ છે. ન્યાં પણ અંદર અનંત જીવ પડ્યા છે. એકેક જીવનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું પોતાનું સ્વરૂપ સત્તા ભિન્ન છે. આની સત્તાને લઈને એની નહીં ને એને લઈને આત્માની નહીં. એક ક્ષેત્રમાં સાથે ભેગા દેખાય છતાં તેની હયાતી સ્વરૂપનું હોવાપણાની સત્તા સૌની ભિન્ન ભિન્ન છે. કોઈને લઈને કોઈ છે એમ છે નહીં. આહાહા!

આ બધા મિલ માલીકો ને મોટા ગૃહસ્થ હોય, એ કહે છે ને અમે ઘણાને નભાવીએ છીએ એ સાચી વાત હશે? અરે દસ દસ હજાર માણસોને નભાવીએ છીએ, લ્યો એમ કહે છે. સાત હજારને નભાવીએ છીએ. હેં? ધૂળનેય નભાવતો નથી. કોણ નભાવવું એટલે ટકાવવું? એ તત્ત્વ ટકતું નથી? ધ્રુવપણે ટકતું છે ને ઉત્પાદવ્યયે પણ સત્ છે કે નહીં? એકપણે પણ ટકેલું છે કે નહીં? એને લઈને ત્યાં ટકેલું છે કે તારે લઈને ત્યાં ટકેલું છે? આહાહા! બહાર ક્યાં હતું? બહાર શું હતું? બહારમાં બહાર, અંદરમાં અંદર. શું હશે આમાં? .......... કરી શકતા હશે કે નહીં? કાર્યવાહક કહેવાયને મોટા પરનું કરે કે એનું કરે? એના હોવાપણામાં એ ફેરવે કે પરના હોવાપણામાં એ ફેરવે? ધૂળેય કોઈને પડતી નથી. કામ એટલે સૌનું કાર્ય સૌમાં બીજાનું કાર્ય એનામાં. બરાબર હશે આ? એ ત્રણ બોલ થયા.

**સર્વ પદાર્થો સત્ છે તેથી મહાસતા 'સર્વ પદાર્થોમાં રહેલી'** છે. છે, છે, એ બધામાં રહેલી છે ને? **વ્યકિતગત પદાર્થોમાં રહેલી ભિન્ન ભિન્ન વ્યકિતગત સત્તાઓ વડે જ પદાર્થોનું ભિન્ન ભિન્ન નિશ્ચિત વ્યકિતત્વ રહી શકે.** લ્યો. એકેકનું હોવાપણું થઈને બધાનું હોવાપણું છે ને? એકેકનું હોવાપણું જુદું છે. એકેક પદાર્થ સ્થિત છે. અને બધામાં પદાર્થ સ્થિત તરીકે જે સદશ છે એ સદશતા છે. **તે તે પદાર્થની અવાંતરસત્તા તે તે 'એક પદાર્થમાં જ સ્થિત' છે.** લ્યો.

**પાંચમું :- મહાસત્તા સમસ્ત વસ્તુસમૂહનાં રૂપો (સ્વભાવ) સહિત છે. 'સવિશ્વરૂપ' છે. બધું થઈને સમસ્તપણું છે અનેકરૂપવાળું. વસ્તુની સત્તાનું (કથંચિત) એક રૂપ હોય તો જ તે વસ્તુનું નિશ્ચિત એક રૂપ (ચોક્કસ એક સ્વભાવ) રહી શકે. ભિન્ન ભિન્ન સત્તા એક રૂપપણે રહી શકે. તેથી પ્રત્યેક વસ્તુની અવાંતરસત્તા નિશ્ચિત 'એક રૂપવાળી' જ છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છઠ્ઠો બોલ :- મહાસત્તા સર્વ પર્યાયોમાં રહેલી છે. ઉત્પાદવ્યયધ્રુવ. અનંતગુણનો ઉત્પાદવ્યયધ્રુવ એમ થઈને. તેથી તે અનંત પર્યાયમય છે. ભિન્નભિન્ન પર્યાયોમાં (કથંચિત) ભિન્નભિન્ન સત્તાઓ હોય તો જ એક એક પર્યાય ભિન્નભિન્ન રહીને અનંત પર્યાયો સિદ્ધ થાય, નહિ તો પર્યાયોનું અનંતપણું જ ન રહે-એકપણું થઈ જાય.**

આપણે આજે આ ચોથો દિ' છે. એટલે આ સંકેલ્યું છે હોં જરી એ. ત્રણ દિ' તો આ બધું હાલી ગયું છે. એ તો જરીક વધારે આવી ગયું. ઉત્પાદ, વ્યય, ધ્રુવમાં કાંઈ ઓછું થાતું નથી. ઘટતું નથી. આહાહા! સમજાણું કાંઈ? ઘણા બોલો આવી ગયા. કેટલાક કહે છે કે અમે કાંઈક ક્રિયા કરીએ તો પછી આત્માનું કાંઈક કલ્યાણ થાય ને? અમે એટલું રાખીએ છીએ. શું કર તું? તારી પર્યાયમાં કદાચિત્ તું રાગની મંદતા કર એટલું છે. પણ એ રાગની મંદતાથી આત્માનું સમ્યગ્દર્શન પમાય, એવું છે? રાગ તો વિકાર છે. સમ્યગ્દર્શન તો અવિકારી દશા છે. તો અવિકારી દશા અવિકારી ધ્રુવને આશ્રયે થાય કે રાગની મંદતાને આશ્રયે થાય? સમજાણું કાંઈ?

ભગવાન કહે છે કે મારે આશ્રયે તને સમ્યક્ ન થાય એમ કહે છે. લ્યો. આહાહા! એય! ભગવાન કહે છે કે મને માન તો તને સમકિત થાય 'ના'. તને માન તો થાય 'એ હા'. તું પરમેશ્વર પૂરો પ્રભુ છો ભાઈ! તારા ધ્રુવમાં તો અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. એવા પરમાત્મ સ્વરૂપ પ્રભુ પોતે જ પરમાત્મા છે. મારો પરમાત્મા મારો મારામાં છે. એવી અંતરમાં સન્મુખ થઈને સત્‌નો સ્વીકાર, સત્‌ની પ્રસિદ્ધિ સમ્યગ્દર્શનમાં થવી એનું નામ ભગવાન ધર્મ કહે છે. ધર્મની આંહી શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? લ્યો.

નહિ તો પર્યાયોનું અનંતપણું જ ન રહે-એકપણું થઈ જાય. માટે પ્રત્યેક પર્યાયની અવાંતરસત્તા તે તે 'એક પર્યાયમય' જ રહે. તેનો ખુલાસો. **આ રીતે સામાન્યવિશેષાત્મક સત્તા** એટલે કે બધું છે અને ભિન્ન ભિન્ન છે **એવી સત્તા મહાસત્તારૂપ તેમ જ અવાંતરસત્તારૂપ હોવાથી (૧) સત્તા પણ છે અને અસત્તા પણ છે.** ટૂંકું કરી નાંખ્યું. મહાસત્તા મહાસત્તાપણે છે અને અવાંતરસત્તાથી અસત્તા છે. **ત્રિલક્ષણા પણ છે અને અત્રિલક્ષણા પણ છે**. ત્રણ લક્ષણાપણે ત્રણ લક્ષણપણું છે અને એકેક લક્ષણવાળીપણે ત્રિલક્ષણપણું નથી. એકેક લક્ષણ ત્રિલક્ષણપણે નથી. ન્યાં બંગડીનો વેપાર કરવો, એ નથી આંહીં. કહો, સમજાણું આમાં? ત્રિલક્ષણા પણ છે અને અત્રિલક્ષણા પણ છે. એક પણ છે અને અનેક પણ છે. બધું થઈને એક કહેવાય અને ભિન્ન ભિન્ન થઈને અનેક કહેવાય. **સર્વ પદાર્થ સ્થિત છે ને એક પદાર્થ સ્થિત છે. સવિશ્વરૂપ પણ છે અને એકરૂપ પણ છે. અનંત પર્યાયમય પણ છે અને એકપર્યાયમય પણ છે.** લ્યો આઠમી ગાથા પૂરી થઈ.

હવે નવમી ગાથા :- ઈ તો બધું આવી ગયું છે ને પછી આમાં શું કહે? આ ચાર દિ' થયા ચાલે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લ્યો ત્રણ કલાક ચાલ્યું ને આ અડધો કલાક ચાલ્યું પાંત્રીસ છત્રીસ મિનિટ ચાલ્યું. દાખલા જુદા જુદા આવે. બાકી બીજું તો સિધ્ધાંત તો જે છે એ છે. દાખલા જુદા હોય એટલે કાંઈક નવું લાગે. હવે નવમી ગાથા.

## ગાથા– ૯

**दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं।**
**दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो ॥ ९ ॥**

द्रवति गच्छति तांस्तान् सद्भावपर्यायान् यत्।
द्रव्यं तत् भणन्ति अनन्यभूतं तु सत्तात: ॥ ९ ॥

**अत्र सत्ताद्रव्ययोरर्थान्तरत्वं प्रत्याख्यातम्।**

**द्रवति गच्छति सामान्यरूपेण स्वरूपेण व्याप्नोति तांस्तान् क्रमभुव: सहभुवश्च सद्भावपर्यायान् स्वभावविशेषानित्यनुगतार्थया निरुक्त्या द्रव्यं व्याख्यातम्। द्रव्यं च लक्ष्यलक्षणभावादिभ्य: कथञ्चिद्भेदेऽपि वस्तुत: सत्ताया अपृथग्भूतमेवेति मन्तव्यम्। ततो यत्पूर्वं सत्त्वमसत्त्वं त्रिलक्षणत्वमत्रिलक्षणत्वमेकत्वमनेकत्वं सर्वपदार्थस्थितत्वमेक–पदार्थस्थितत्वं विश्वरूपत्वमेकरूपत्वमनन्तपर्यायत्वमेकपर्यायत्वं च प्रतिपादितं सत्ताया–स्तत्सर्वं तदनर्थान्तरभूतस्य द्रव्यस्यैव द्रष्टव्यम्। ततो न कश्चिदपि तेषु सत्ताविशेषोऽव–शिष्येत य: सत्तां वस्तुतो द्रव्यात्पृथक् व्यवस्थापयेदिति॥ ९ ॥**

ते ते विविध सद्‌भावपर्यायने द्रवे-व्यापे-लहे
**તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯.**

**અન્વયાર્થ :- [तान् तान् सद्भावपर्यायान्] તે તે સદ્‌ભાવપર્યાયોને [यत्] જે [द्रवति] દ્રવે છે - [गच्छति] પામે છે, [तत्] તેને [द्रव्यं भणन्ति] (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે - [सत्तात: अनन्यभूतं तु] કે જે સત્તાથી અનન્યભૂત છે.**

**ટીકા :- અહીં સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું (ભિન્નપદાર્થપણું, અન્યપદાર્થપણું) હોવાનું ખંડન કર્યું છે.**

**'તે તે ક્રમભાવી અને સહભાવી સદ્‌ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે [1]દ્રવે**

---

૧. શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં પણ અહીંની માફક જ **'द्रवति गच्छति'**નો એક અર્થ તો 'દ્રવે છે અર્થાત્ પામે છે' એમ કરવામાં આવ્યો છે; તે ઉપરાંત **'द्रवति'** એટલે સ્વભાવપર્યાયોને દ્રવે છે અને **गच्छति** એટલે વિભાવપર્યાયોને પામે છે' એવો બીજો અર્થ પણ ત્યાં કરવામાં આવ્યો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે-પામે છે-સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે' -એમ [૨]અનુગત અર્થવાળી નિરુક્તિથી દ્રવ્યની વ્યાખ્યા કરવામાં આવી. વળી જો કે [૩]લક્ષ્યલક્ષણભાવાદિક દ્વારા દ્રવ્યને સત્તાથી કથંચિત્ ભેદ છે તોપણ વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્ય સત્તાથી અપૃથક્ જ છે એમ માનવું. માટે પૂર્વે (૮ મી ગાથામાં) સત્તાને જે સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષણપણું, એકપણું, અનેકપણું, સર્વપદાર્થસ્થિતપણું, એકપદાર્થસ્થિતપણું, વિશ્વરૂપપણું, એકરૂપપણું, અનંતપર્યાયમયપણું અને એકપર્યાયમયપણું કહેવામાં આવ્યું તે બધું સત્તાથી અનર્થાંતરભૂત (-અભિન્નપદાર્થભૂત, અનન્યપદાર્થભૂત) દ્રવ્યને જ દેખવું (અર્થાત્ સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષણપણું વગેરે બધા સત્તાના વિશેષો દ્રવ્યના જ છે એમ માનવું). તેથી તેમનામાં (-તે સત્તાના વિશેષોમાં) કોઈ સત્તાવિશેષ બાકી રહેતો નથી કે જે સત્તાને વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્યથી પૃથક્ સ્થાપે. ૯.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૯ ઉપર પ્રવચન

**दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्ञयाइं जं ।**
**दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो ।। ९ ।।**

**તે તે વિવિધ સદ્ભાવ પર્યયને દ્રવે-વ્યાપે-લહે**
**તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯.**

સત્તા ને દ્રવ્ય એક છે. વસ્તુ છે ને એની સત્તા ગુણ છે. એવા જેટલા વિશેષણો સત્તાને લાગુ પડયા એટલા જ વિશેષણો દ્રવ્યને લાગુ પડે છે, એમ કહે છે. જુઓ, એનો અન્વયાર્થ લઈએ. આમાં અન્વયાર્થ લીધો છે હોં ઓલામાં ગાથાર્થ લીધો છે. આમાં અન્વયાર્થ છે એમ. સમયસારમાં ગાથાર્થ છે. એક થઈ જાય નહીં એટલે. એમાં શું વાંધો છે? વાંધો શું આવે?

તે તે સદ્ભાવ પર્યાયોને શું કહે છે હવે? એકેક આત્મા અને એકેક પરમાણું એ એના સદ્ભાવ પર્યાયોને દ્રવે છે. સતરૂપે છે તેને પરિણમે દ્રવે છે. પાણી(માં) જેમ તરંગ ઊઠે છે એમ આત્મામાં અને પરમાણુંમાં સદ્ભાવ છતી અવસ્થાને તે દ્રવે છે અને પામે છે. બે અર્થ જુદો કરશે. જયસેનઆચાર્યમાં જુદો કર્યો છે. શું કહ્યું એમાં, કે આત્મા પોતે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની નિર્મળ પર્યાયને દ્રવે છે એ દ્રવ્યમાં દ્રવ્યત્વમાં. એ પરને લઈને નહીં ગયું, કર્મના ઉઘાડથી, કર્મના ક્ષયોપક્ષમથી દ્રવે છે એમ નહીં. એનો સદ્ભાવ પર્યાયને દ્રવ્ય દ્રવે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા, એ સમ્યગ્દર્શન ને ધર્મની પર્યાયને પામે

૨. અહીં દ્રવ્યની જે નિરુક્તિ કરવામાં આવી છે તે **द्रु** ધાતુને અનુસરતા (-મળતા) અર્થવાળી છે.
૩. સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ દ્રવ્ય પોતે છે તો દ્રવે છે. દ્રવ્ય પોતે તે દ્રવે છે. દ્રવ્ય પોતે તે સદ્ભાવ પર્યાયરૂપે પરિણમે છે. કહો સમજાણુ કાંઈ?

એ સમ્યગ્દર્શન ને ધર્મની પર્યાય એ રાગને લઈને દ્રવે છે, પુણ્યને લઈને દ્રવે છે, વ્યવહારને લઈને દ્રવે છે, એમ નથી. આહાહા! ભગવાનની વાણી ને ભગવાનને માને છે માટે તે દ્રવ્ય સમ્યગ્દર્શનપણે પરિણમે છે એમ નથી. દ્રવ્ય દ્રવ્યન્તિ એમ કહ્યું છે ને? એક પરમાણું પણ પોઈન્ટ આનો છેલ્લો ભાગ એ પોતે દ્રવે છે. પોતાની એકેક પરમાણુંની સ્વભાવિક અવસ્થાપણે છુટો દ્રવે છે. પોતાથી તે પર્યાયપણે પરિણમે છે. પરને લઈને નહીં. અને ગચ્છન્તિ એટલે આત્મા વિભાવ પર્યાયને પામે છે તે ગચ્છન્તિમાં જાય છે. સમજાણુ કાંઈ?

નીચે છે આની કોર, ફૂટનોટ આ બાજુમાં છે. **જયસેનઆચાર્યદેવની ટીકામાં પણ અહીંની માફક જ દ્રવ્યતિ ગચ્છન્તિનો એક જ અર્થ છે. 'દ્રવે છે અર્થાત્ પામે છે.' એમ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત દ્રવ્યતિ એટલે સ્વભાવ પર્યાયોને દ્રવે છે. અને વિભાવ પર્યાયોને પામે છે. એવો બીજો અર્થ પણ ત્યાં કરવામાં આવ્યો છે.** 'ગચ્છતિ' આહી હતા તે દિ'આપણે હવે નથી. આ ગાથા વખતે. આ વાંધા છે ને સૌને? કે આત્મામાં જે કાંઈ પુણ્ય-પાપનો વિકાર થાય એ કર્મને લઈને થાય. એ આંહી ના પાડે છે. સમજાણુ કાંઈ?

એ આત્મા જ પોતાની શુદ્ધ પર્યાયપણે પરની અપેક્ષા વિના પરિણમે છે. અને અશુદ્ધપણે, વિકારપણે, મિથ્યાત્વભાવપણે, રાગદ્વેષપણે થાય એ પોતે જ આત્મા તે વિભાવપણે પરિણમે છે. કર્મને લઈને છે કે પરને લઈને છે, કાળ ફેર છે માટે પરિણમે છે એમ નથી. કહો, સમજાણુ કાંઈ? ભારે ભાઈ!

કેવી રીતે સિદ્ધ કર્યું છે જુઓને, આવી શૈલી! **તેને દ્રવ્ય કહે છે. તેને સર્વજ્ઞો,** દેખો! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરો, કેવળજ્ઞાનીઓ તેને દ્રવ્ય કહે છે, એને વસ્તુ કહે છે. એને પદાર્થ કહે છે, કે તે તે પદાર્થ પોતપોતાની નિર્મળ પર્યાયપણે થાઓ કે વિકારપણે થાઓ તેને ભગવાને દ્રવ્ય અને વસ્તુ કીધી છે. પરને લઈને સ્વભાવ પર્યાયપણે ધર્મ થાય કે પરને લઈને વિભાવપણે થાય એમ ભગવાને કીધું નથી. અને વસ્તુમાં એમ છે નહીં. ભઈ કર્મનો આકરો ઉદય આવે તો વિકાર આકરો કરવો પડે, એમ હશે કે નહીં? નિદ્યત અને નિકાંક્ષીત કર્મોય આકરા લ્યો. જીવને ન હોય ને વિકારમાં દોરાવું પડે. એ આંહી ના પાડે છે. એમ નથી. હેં?

વળી ઓલું આવ્યું છે ભોગાવલી કર્મમાં. અરે ગપ્પે ગપ્પ માર્યું છે. હેં? પણ ભોગાવલી કર્મ એટલે શું? રાગને ભોગવે ઈ ભાવ છે એની પાસે એમ બીજું શું? જોયું હવે. એમ કે આર્દ્ર કુમાર, નંદીસેન આવે છે ને? ભોગાવલી (કર્મ.) દીક્ષા લેવાના હતા પણ એને કોઈકે કહેલું, જો ભઈ તમારે ભોગાવલી કર્મનો ઉદય છે (તેથી) દીક્ષા નહીં રહી શકે. એય! ચેતનજી! બધું સાંભળ્યું છે કે નહીં? હમણાં આવ્યું હતું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



................ ક્યાંક આવ્યું હતું. અરે! ભોગાવલી કર્મ કેવો પણ? કર્મ જડમાં છે! તારામાં ક્યાં આવ્યું પણ ઈ. આંહી તો એ કહે છે. કર્મનું હોવાપણું કર્મમાં અને વિભાવનું હોવાપણું તારામાં, એમાં તારામાં થતાં પરને લઈને થયું એમ છે ક્યાં એમ કહે છે. આહાહા!

ભઈ ચારિત્ર મોહનો ઉદય હોય તો એને ભોગ ભોગવવા માટે રોકાવું પડે. લ્યો ભોગાવલી કર્મનો ઉદય તમે સાંભળ્યું છે કે નહીં? (મુમુક્ષુ :- હા સાંભળ્યું છે ને) ગપ્પા ઘણા સાંભળ્યા છે એણે. ભોગાવલી કર્મને લઈને પડયા. ઓલા સાંભળનારા કહે હા. ગપ્પ મારે તોય હા. સાંભળનારને ક્યાં ભાન છે? જુઓ, ભાઈ! કર્મના આકરા ભોણમાંથી ભાલા નીકળે તો મોટા નંદીસેનને ને આદ્રકુમારને પણ ફરવું પડયું. ભગવાન વાત એમ કહે છે કે એમ છે નહીં. તું કહે છે એ વાત તદ્દન જુઠ્ઠી ને અસત્ છે.આ બધા સાંભળનારા હતા, પાટના મોઢા આગળ બેસનારા. કહો, સમજાણું કાંઈ?

શું કીધું? આંહી દ્રવ્યની વ્યાખ્યા છે હોં આ! (મુમુક્ષુઃ- દ્રવ્ય કોને કહેવું?) દ્રવ્ય કોને કહેવું? સત્તાની વ્યાખ્યા થઈ ગઈ. હવે આંહી દ્રવ્ય. તે તે સદભાવ પર્યાય એમ જ છે ને સદભાવ. છતી પર્યાય છે ને? વિકારી ને અવિકારી પણ છતી પર્યાય છે એમ આંહી તો કહે છે. આહાહા! વાત તો જુઓ! સત્પણે છે એ પરિણમે છે ને? આહાહા! પરમાણુને કાંઈ એની ખબર નથી. સમજાણું?

એકેક આત્મા નિગોદનો હો કે સિધ્ધનો હો, પણ પોતે પોતાની સ્વભાવ પર્યાયપણે પરિણમે તોય તે અને વિભાવપણે પરિણમે તોય તે. નિગોદમાં પણ સત્તાની પર્યાય સ્વભાવપણે છે ને? રાગદ્વેષની પર્યાય વિભાવપણે છે. સમજાણું કાંઈ? તે તે સદ્ભાવ પ્રત્યેક છતી અવસ્થારૂપ પર્યાયો તેને દ્રવે છે. હેઠે પણ કર્યું ને દ્રવે છે. ન્યાં કર્યું ને  એટલે આમાં એક ધ્રુવ ધાતુને અનુસરતા અર્થ આવ્યો'તો ને દ્રવે છે એ. ટીકામાં અંદર આવશે ને. આ એક પરમાણું છે પોઈન્ટ. એ પણ રંગ, ગંધ, રસ વસ્તુની જે અવસ્થા તે પણે પરમાણું દ્રવે છે તો થાય છે. બીજા પરમાણુંના સંગે આવ્યો માટે થાય છે એમ નથી. પાણી ઊનું થાય છે. તે ઊનાની અવસ્થાને પરમાણું દ્રવે છે. દ્રવે છે. નહીં કે એ પાણીની અવસ્થા અગ્નિને લઈને થઈ છે એમ નથી. સૌને એ મોટો વાંધો છે ને? ન્યાંથી પાડે. જુઓ આ એ સગડીએ શું કહેવાય મુકવાનું? અગ્નિ હોય તો આ ચટ્ટાઈ સળગે. હેઠે પાથરવાની ચટ્ટાઈ હોય ને?  કેમ સળગતી નથી. અગ્નિ હોય તો સળગે. આંહી ભગવાન ના પાડે છે. કે એ ચટ્ટાઈની જે ટાઢી અવસ્થા પાથરણાની હતી એની બીજે ક્ષણે જે ઊની થઈ તે દ્રવ્યે પોતે દ્રવી છે. સદભાવ પર્યાયથી અગ્નિની ઊષ્ણ અવસ્થા થઈ. અગ્નિને લઈને નહીં. હેં! ભારે વાત ભાઈ! આવું સ્વરૂપ છે, તેને જેમ છે તેમ ન માને ને ઊલ્ટું માને તો મિથ્યાત્વના ભાવ ને મિથ્યાત્વને પોષે છે. અને ચાર ગતિમાં રખડવા જાય. તે સાધુ થયો હોય તોય મિથ્યાત્વને સેવે ને ચાર ગતિમાં જાય. સમજાણુ કાંઈ?

તે તે રાગને અથવા સ્વભાવને પામે છે. તેને સર્વજ્ઞો પરમેશ્વર દ્રવ્ય કહે છે. કે જે સત્તાથી અનન્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. શું કીધું? જે એનો હોવાવાળો ગુણ છે સત્તા અસ્તિત્વ ગુણ છે, જેના આ બધા વિશેષણો વર્ણવ્યા આત્મામાં. એ બધા સત્તા ગુણથી તે દ્રવ્ય જુદું નથી. હોવાવાળા ગુણમાં જેટલા પ્રકાર વર્ણવ્યા તેટલા જ પ્રકાર દ્રવ્યના છે. કેમકે દ્રવ્ય તે સત્તાથી અનેરું નથી. અનન્યભૂત છે. આહાહા! સમજાણું કાંઈ? એકલા ન્યાયથી વાતને સિદ્ધ કરી છે.

જુઓ! આ આંખની પાંપણ આમ હલે છે ને આમ કહે છે કે આત્માનો વિકલ્પ છે માટે આંખ આમ-આમ થાય છે એમ નથી એમ કહે છે. આંખની પાંપણ આમ થાય છે એ પરમાણુંઓ દ્રવે છે તેથી તે થાય છે. આત્માને લઈને કે આત્મા એને આંખને આમ કરે કે આમ કરે એ વાત ત્રણ કાળમાં હોતી નથી. આંખ ઉઘાડો, તો નથી ઉઘાડતો? ના. આંખ બંધ કરો, કોણ કરે? આરે! ભારે વાત ભાઈ! જીવ જલા જાતા હૈ હોતા હૈ. તેની પર્યાય તે પ્રકારે થાય છે. જીવને લઈને થાય છે તેમ માનવું મહા મિથ્યાત્વ છે. અજીવની પર્યાય જીવથી થાય છે તેમ માનવું મહા મિથ્યાદષ્ટિ છે. ઝીણી વાત છે ભાઈ! એ માટે તો આ ભગવાન સર્વજ્ઞ દ્રવ્યને, એને કહે છે કે તેની પોતાની પર્યાયને પામે, કે વિભાવરૂપ હો તે દ્રવ્યનું સ્વરૂપ પોતાનું છે. પરને લઈને અસ્તિત્વમાં બિલકુલ કાંઈ ઘાલમેલ થતી નથી. આહાહાહા! અસત્ છે ને. ખરેખર તો અવસ્તુ છે. જુઓ આત્માની અપેક્ષાએ બધી ચીજો અવસ્તુ છે, અદ્રવ્ય છે. આહાહા! ભારે આકરું.

લ્યો આત્મા ખાય, આત્મા પીએ, આત્મા બોલે બધી મિથ્યાદષ્ટિની વાત છે. કહે છે કે બોલવાનો પર્યાય જડનો એને આત્માએ ઉત્પાદ્ કર્યો એમ માન્યું. અજીવને જીવે ઉપજાવ્યો. એનો પર્યાય એણે ઉપજાવ્યો, આંહી તો એ કીધું કે એનો પર્યાય સદભાવ પર્યાય એણે ઉપજાવ્યો એણે પામ્યો છે. પરને લઈને પામ્યો છે? ભારે આકરું કામ જગતને સત્ય (સમજાવવું કઠણ છે.) સમજાણું કાંઈ? લ્યો આત્મા ગયા પછી પાંપણ કેમ ઊંચી થાતી નથી? ઈ તો એને કારણે. જે વખતનો તેનો ઉત્પાદ તે ઉત્પાદપણાના લક્ષણવાળો છે. પહેલો ઉત્પાદ લક્ષણ બીજો હતો ને પછીનો ઉત્પાદ લક્ષણ બીજો છે. સમજાય છે કાંઈ? એ આત્માને લઈને છે એમ નથી. ભારે કામ.

હોવાપણે માન્યતા સત્‌ની અસ્તિત્વની શ્રદ્ધામાં ફેર છે કહે છે. જેવું સ્વરૂપ હોવાપણે છે એ રીતે ન માને ને બીજી રીતે માને એ વિપરીત મિથ્યાત્વ ને વિપરીત અભિપ્રાય છે. એનું મહાપાપ છે. મિથ્યાત્વ જેવું કોઈ મહાપાપ નથી. આહાહા! આવ્યું'તું ને?

મુમુક્ષુ :- ત્યાં પંચાસ્તિકાય છે એનો શું અર્થ કરતા હશે? ...........

ઉત્તર :- ત્યાં એ જે કરતા હોય તે. એ તમે સાંભળ્યું હોય આપણને કયાં ખબર છે. અમે કયાંય ગયા નથી. ના એમાં નહતા. સ્થાનકવાસીમાં કરે છે કયાં? આ વાત તો વંચાય નહીં. આ વાંચે નહીં. છે એક વાત અઠયાવીસમાં અધ્યયનમાં વાત છે. પણ એ કાંઈ કોઈ વાંચે નહીં. એનો વિસ્તાર ન કરે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આમ છે અઠયાવીસમાં. કે દરેક ગુણ એક દવ્વસીય ગુણાને દરેક દ્રવ્ય . દ્રવ્યને આશ્રયે ગુણ છે. અને ગુણ દ્રવ્યને આધારે છે. પર્યાયનું લક્ષણ અઠયાવીસમો અધ્યયન છે. ઉત્તરાધ્યયન. દ્રવ્ય ને ગુણને આશ્રયે પર્યાય છે. એવો ત્યાં પાઠ છે. ન્યાંય પાઠ તો એવો છે પણ હાલ્યું આવતું હશે એટલે લઈ લીધું. પાછા ન્યાં એના અર્થ એવા કરવા માંડયા એય બીજા ગરબડ ગરબડ.

આસવો દવ્વમ્. આ ગાથા છે. ગુણાનંદ અઠયાવીસમી ગાથા છે. અઠયાવીસમું ઉતરાધ્યયન મોક્ષમાર્ગ ઉતરાર્ધનમાં અઠયાવીસમું અધ્યયન છે. આ છઠ્ઠી ગાથા છે. ગુણાનંદ આસો દવમ, એક દવસ્યા ગુણા. ગુણનો આધાર દ્રવ્ય છે અને દ્રવ્યને આધારે ગુણ રહ્યા છે. 'લખણં પજવાણંતુ' અને તેની અવસ્થાનું લક્ષણ 'ઊભો અસિયાભવે' તે દ્રવ્ય ને ગુણ ને આશ્રયે તે પર્યાય થાય છે. એમાં એમ કહ્યું છે પણ પાછા માને આમ. વળી (પાછા) માને આમ કે આત્મા વિના કાંઈ પાંપણ હાલે? પણ આ શું કીધું? પાંપણના પરમાણુ છે એ પાંપણનો એક પરમાણુ તેના વર્ણ ગંધને આશ્રયે છે. એ વર્ણ ગંધ પરમાણુને આશ્રયે છે. અને એ પાંપણની પર્યાય થાય તે દ્રવ્ય ગુણને આશ્રયે થાય છે. પરને આશ્રયે થતી નથી. ઈ તે દિ' કહેતા'તા. આનો અર્થ કરતા ને આમાંથી ન સમજે પછી એમાંથી કહે.

જુઓ આમાં શું કીધું છે? કીધું આમાં શું કીધું છે? માણિકચંદ ભાઈએ વાંચ્યું છે. શું વાંચ્યું છે સમયસાર? કીધું આ શું વાંચો છો? કીધું આ છઠ્ઠી ગાથા નથી ઈ એનો વિસ્તાર છે. સમયસારથી તો ભડકે. હમણાં ન્યા મુંબઈમાં થોડું સમયસાર હાલ્યું'તું ને? તકરાર હાલી'તી. સમયસાર કેમ વંચાય છે? ઓલા સ્થાનકવાસીએ વાંચ્યું'તું. ભડકે બિચારા. નહીંતર આ શબ્દમાં ચોખ્ખું છે જો. દરેક પદાર્થ 'ગુણાનંદ આસો દવમ'. આત્માના જ્ઞાન દર્શન આનંદના ગુણનો આશ્રય દ્રવ્ય છે. એ ગુણનો આશ્રય કોઈ પર છે એમ છે નહીં. અને 'એક દવસ્યા ગુણા' એકેક દ્રવ્યને આશ્રયે ગુણ રહેલાં છે. બે.

હવે પર્યાયનું લક્ષણ. 'લખણં પજવાણંતુ'. એનો અર્થ અમારે વીરજીભાઈ બીજો કરતાં. ચાલ્યા ગયા કાંતિભાઈ? 'લખણં પજવાણંતુ' પર્યાય તે લક્ષણ છે. પહેલા ૮૨ની સાલમા જામનગર ગયા'તા, ત્યાં મળ્યા ત્યારે એમ અર્થ કરતા. પર્યાય છે તે લક્ષણ છે. એમ નથી. ત્યારે? લખણં પજવાણંતુ પર્યાયનું લક્ષણ એ છે કે પછી ન ખબર હોય. પહેલાં ૮૨ની સાલમાં જામનગર ગયા ને ત્યારે વીરજીભાઈ સાથે વાત થઈ. પર્યાયનું લક્ષણ એ છે કે એમ પર્યાય એ એનું લક્ષણ છે એ એમ કહેતાં. પર્યાય એનું લક્ષણ છે એમ. દ્રવ્ય ગુણનું પર્યાય તે લક્ષણ છે. એમ આનો અર્થ કરતાં. એમ નથી કીધું. ૮૨ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? છેતાલીસ. ૮૨ની સાલ. વીરજીભાઈનું બહુ વાંચન હતું જામનગર. એમ નહીં ત્યારે? 'લક્ષણં પજવાણંતુ' પર્યાયનું લક્ષણ એ છે કે પર્યાય લક્ષણ છે એમ નહીં. પર્યાયનું લક્ષણ એ છે કે 'ઊભો અસિયા ભવે' દ્રવ્ય અને ગુણને આશ્રયે પર્યાય થાય તે તેનું લક્ષણ છે. પરને આશ્રયે પર્યાય થાય એમ છે નહીં. પણ કોણ વાંચે છે? સમજે નહીં ને એમ ને એમ દીધે જાય.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ? લ્યો.

**ટીકા :- અહીં સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું ભિન્ન પદાર્થપણું હોવાનું ખંડન કર્યું છે.** છે ને? દરેક આત્મા અને અનંત આત્માઓ છે ભગવાને કહ્યા છે. અનંત પરમાણુંઓ છે. દરેકમાં સત્તા નામનો ગુણ છે.અને દ્રવ્યને ને તે સત્તાને અર્થાંતરપણું અનેરા પદાર્થપણું નથી. વસ્તુ ને વસ્તુનો ગુણ અનેરા પદાર્થપણે નથી. સત્તા ને દ્રવ્ય બેય એકમેક છે. દ્રવ્ય જુદું રહે ને સત્તા જુદી રહે એમ છે નહીં. એ ભિન્ન પદાર્થપણું છે એનું આમાં ખંડન કર્યું છે. છે ને? સંસ્કૃતમાં છે.

**તે તે ક્રમભાવી અને સહભાવી સદ્દભાવપર્યાયોને,** જુઓ આંહી એણે સહભાવી ગુણોને લીધું. **અર્થાત સ્વભાવ વિશેષોને** (મુમુક્ષ :- પર્યાય સમાવી લીધી) હા, (પર્યાય)સમાવી લીધી. **જે દ્રવે છે-પામે છે-સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે.** લ્યો. આત્મા અને એકેક પરમાણું તેની ક્રમે થતી અવસ્થા ને સદ્દ્ભાવ રહેલા ગુણો તે રૂપ વિશેષભાવો એમ. પર્યાય એટલે વિશેષભાવો. સ્વભાવ વિશેષોને તે તે દ્રવ્ય ગુણને પામે છે અને તે તે પર્યાયને પામે છે. સામાન્યરૂપ સ્વરૂપે પામે છે. પોતાનું જે સામાન્ય સ્વરૂપ છે તેને ઈ બધું પોતાનું સ્વરૂપ છે. દ્રવ્ય પોતાની પર્યાયને અને ગુણ વિશેષને પામે છે. તે દ્રવ્ય છે-**એમ અનુગત અર્થવાળી નિરુકિતથી દ્રવ્યની વ્યાખ્યા કરવામાં આવી.** અનુગતની વ્યાખ્યા નીચે કરવામાં આવી દ્રુ ધાતુને અનુગત એ તો નીચે સંસ્કૃત છે. ધાતુનો અર્થ છે. સમજાણું કાંઈ? આહાહા!

ઘડીકમાં પર્યાયમાં પક્ષધાત થાય આને. કહે છે કે એ સંબંધેની પર્યાય તેને પરમાણું પરિણમે છે. આત્માને લઈને કાંઈ છે નહીં.કર્મને લઈને નથી એમ કહે છે આંહી. કર્મ બીજી ચીજ છે, આ બીજી ચીજ છે. એટલે આમાં રોગ થવો એ ઉત્પાદ્ એક પરમાણુંનો પર્યાય તે પરમાણુ પોતે તેને પામે છે. કર્મને લઈને રોગની પર્યાય પામે છે એમ છે નહીં. ભારે વાત આકરી. પૈસા આવતા હશે એ પુણ્યને લઈને આવતા હશે ને? કે કર્મને લઈને? આંહી તો મમતા આવે ને કે મારી પાસે છે એમ. નજીક આવે ને નજીક. આમ આ થાણામાં જાય ને બેસે તો ખબર પડે કે આ ભગવાનજીભાઈનું છે. શું કહેવાય એ? સંચો. પ્લાસ્ટીકનો સંચો એમ કહેવાય કે નહીં? કહો. પેટ્રોલ બેટ્રોલ કોઈનું નથી એમ કહે છે. એ પરમાણુંની પર્યાય છે. એ ફેકટરીની પર્યાયને પરમાણુ પહોંચી વળે છે. ભગવાનજીભાઈનો આત્મા ત્યાં પહોંચી વળતો નથી.

એમ સ્વતંત્ર જગતની પર્યાયનો કરનારું તે દ્રવ્ય છે. બીજાને લઈને નથી. એમ સત્ય રીતે સ્વીકારે તો એની પર્યાય દ્દષ્ટિ ટળીને દ્રવ્ય દ્દષ્ટિ થાય. કારણ કે પર્યાય જ્યાં મારાથી થાય છે પછી પરથી નહીં તો મારું દ્રવ્ય તો ધ્રુવ અનંત આનંદનો કંદ છે. એની ઉપર દ્દષ્ટિ થાય તો તેને સમ્યગ્દર્શન થાય.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## સળંગ પ્રવચન નં. ૧૭, ગાથા-૯,૧૦
## પ્રવચન નં :- ૧૬,
## તા.30/૧૧/૬૯, કારતક વદ-૭, રવિવાર

પંચાસ્તિકાય ૯મી ગાથા. જરી ઝીણો વિષય છે. સત્તનું સ્વરૂપ છે. આ આત્મા છે અને આ પરમાણુંઓ છે, એ દરેકમાં અસ્તિત્વ નામનો હોવાપણા નામનો એક ગુણ છે. એથી હોવાપણાના ગુણમાં ઘણાં લક્ષણ પહેલાં વર્ણવ્યા. એ બધા લક્ષણો જેટલા હોવાપણામાં છે એટલા જ દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ?

આ આત્મા છે ને આત્મા. આ પરમાણુઓ છે એ બધું ભિન્ન ભિન્ન હોવાપણું છે. કહો બરાબર છે એ. હવે આત્મામાં અને દરેક પરમાણુંમાં એક હોવાપણા નામની શકિત એટલે અસ્તિત્વ ગુણ છે. એ ગુણ છે એ ગુણી દ્રવ્યથી નામ લક્ષણે કથંચિત ભિન્ન છે. વસ્તુએ ભિન્ન નથી. એટલે કહે છે કે સત્‌ના જેટલા લક્ષણો વર્ણવ્યા, જુઓ અહીં આવે છે. **જોકે લક્ષ્યલક્ષણભાવાદિક દ્વારા દ્રવ્યને સત્તાથી કથંચિત ભેદ છે.** સત્‌નું હોવાપણું તે લક્ષણ છે અને દ્રવ્ય તે લક્ષ છે. તે હોવાપણાના ગુણ દ્વારા આ વસ્તુ છે તેમ લક્ષમાં આવે છે. પરનું હોવાપણું છે માટે આત્મા લક્ષમાં આવે એમ છે નહીં. સમજાણું કાંઈ?

એટલે કે આ પ્રતિકુળ સંયોગો છે, માટે હું દુઃખી છું એવું દુઃખનું અસ્તિત્વ પરની પ્રતિકુળતાને લઈને નથી. સમજાણું કાંઈ? હવે આ શું થાય છે જુઓ, એય ભગવાનજીભાઈ! પરની પ્રતિકુળતા શરીરમાં રોગ છે. નિર્ધનતા છે. એવું હોવાપણું પરમાં છે એથી હું દુઃખી છું, તો ભગવાન કહે છે એ તારી માન્યતા તદ્દન ભ્રમ ને અજ્ઞાન છે. પરના હોવાપણાને લઈને તારામાં દુઃખનું હોવાપણું એમ છે નહીં. (મુમુક્ષુ :- વિપરીત માન્યતા.) હેં? માન્યતા તારી વિપરીત પાપની માન્યતા છે. એમ પરની અનુકૂળતા હોય એટલે અમે સુખી છીએ - સુખ છે એ માન્યતા અજ્ઞાનીનો ભ્રમ છે. કારણકે પરના હોવાપણાને લીધે આત્મામાં હોવાપણાની પર્યાય અવસ્થા કે ગુણ છે નહીં. ગયા લાગે છે. ભાઈ! સમજાણું કાંઈ? શું કહ્યું? આ તો મૂળ તત્ત્વની વાત છે. એમ માને કે અમે છીએ અને આ પર વસ્તુ પણ છે. હવે પર વસ્તુ અનુકૂળ છે એમ અજ્ઞાની માને. અને માટે અમે સુખી છીએ એવી જે કલ્પના છે. એ તદ્‌ન મિથ્યાભ્રમ અજ્ઞાનની કલ્પના છે. પર વસ્તુના હોવાપણાને લઈને તું સુખીની કલ્પના કરી એ માન્યતા તદ્‌ન જુઠ્ઠી વાત છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને પર વસ્તુની પ્રતિકૂળતા એટલે કે શરીરમાં રોગ, નિર્ધનતા, વાંઝીયાપણું, વાંઢાપણું, મકાન રહિતપણું, વસ્ત્ર રહિતપણું, એવી ચીજ ને સંયોગ માટે અમે દુઃખી છીએ. અજ્ઞાનીને ભગવાન કહે છે કે તારી દષ્ટિમાં મિથ્યાત્વ છે. જુઠ્ઠાપણું છે. પરના હોવાપણાને લઈને તું દુઃખી છો એમ છે નહીં. રવજીભાઈ! બરાબર હશે આ? આ દુનિયા તો બધું આમ સાચું માને છે. પહેલું સુખ તે જાતે નર્યા એમ નથી કહેતાં? આવે છે કે નહીં? હેં? મિથ્યાત્વની ભ્રમણાની વાત. બીજું સુખ ઘેર ચાર દિકરા, ત્રીજું સુખ સુકુળની નાર અને ચોથું સુખ કોઠીએ જાર. હવે એ તો પર વસ્તુ થઈ. ચારે પર થઈ. પરના હોવાપણાને લઈને હું સુખી છું અજ્ઞાનથી સુખી હોં. એ પણ એનું નથી એમ કહે છે.

આનંદને ભૂલીને તારી સત્તામાં તારી કલ્પના ઊઠી છે. ભગવાન આત્મા તો આનંદનું ધામ છે. એનું હોવાપણું આનંદમાં આત્માનું છે. અને પર્યાયમાં પણ હોવાપણું છે એ એને લઈને છે. ત્યારે દુઃખની કલ્પના પોતાને કારણે પોતાના અસ્તિત્વમાં આનંદને ભૂલીને થઈ છે. પર વસ્તુની અનુકૂળતા છે માટે સુખ છે એ માન્યતામાં વિપરીત અભિપ્રાય મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાદષ્ટિ જીવ છે એને જૈનપણાની શ્રધ્ધા નથી. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું કરવું આમાં? (મુમુક્ષુ :- શું કરવું ભગવાન કહે એ કરવાનું બીજું કાંઈ નહીં.) પણ આ હીરાભાઈ હારે આમ ત્યાં હોય ભાઈ-ભાઈ કરે. આહાહા!

એ વાત અહિંયા સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ? કે આ પરમાણુંઓ છે અને એ પરમાણુંઓના અસ્તિત્વમાં વિકૃત અવસ્થા થઈ માટે આત્મા એમ માને કે હું એને લઈને દુઃખી છું, તદ્દન જુઠી વાત છે. પોતાનું સત્ પરથી ભિન્ન ન માન્યું. પરને લઈને દુઃખી છું માન્યું એટલે પરને પોતે એક માન્યા. બેની ભિન્નતાનું એને જ્ઞાન નથી. બરાબર હશે? ભારે વાત ભાઈ. તો કહે છે કે જેવું પોતાનું હોવાપણું છે એવું પરનું હોવાપણું એને લઈને છે. તે દરેક હોવાપણામાં અને એનો હોવાપણાનો ગુણ અને હોવાવાળો પદાર્થ કથંચિત્ કોઈ પ્રકારે નામ લક્ષણે ભેદ છે. તો પણ પરમાર્થિક દ્રવ્યથી સત્તા અપૃથક જ છે. એના હોવાપણાથી આત્મા પરમાણુંમાં હોવાપણાથી પરમાણું જુદો નથી. જેમ બીજી ચીજ જુદી છે, આત્માના અસ્તિત્વથી (જેમ) બીજા અસ્તિત્વ દ્રવ્યો જુદા છે એમ પરમાણુંમાં હોવાપણાથી આત્મા આદિનું હોવાપણું જુદું છે, એમ આત્માના હોવાપણાના ગુણથી આત્મા જુદો નથી એમ. એ રીતે જુદો નથી. સમજાણું કાંઈ? અરે! ભારે વાત.

પરમેશ્વર તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીએ જોયેલા આ તત્ત્વો આ રીતે અસ્તિપણે ટકી રહ્યા છે. બરાબર છે? લ્યો. કરી શકે નહીં, એને લઈને કાંઈ થાતું નથી. કરી શકવાનું અત્યારે આંહી નથી. આંહી તો એના હોવાપણાથી આંહી હોવાપણું થાય એમ નથી. એટલી વાત અત્યારે છે. કર્તા કર્મમાં એટલી વાત છે. સમજાણું કાંઈ? પહેલા આ શરીર સારું હોય નિરોગી હોય તો ધર્મ કરી શકીએ. ઈ વાત એમ કહે છે કે જુઠ્ઠી છે. કેમકે શરીર છે તે જડ છે. રજકણો છે અજીવ છે. એના હોવાપણાની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનુકૂળતાને લઈને તને ધર્મ થાય એ વાત તદ્દન મિથ્યાદૃષ્ટિની છે. અને પ્રતિકૂળ હોય ઘડ આમ બેસતી ન હોય આમ બેસવું હોય તો બેસી શકાય નહીં એવી જડની શક્તિ હોય તો અમને ધર્મ થાય નહીં. એ વાત જુઠી છે એમ કહે છે. એના હોવાપણામાં કંઈક હોય એમાં તારા હોવાપણામાં એ પેસી ક્યાંથી ગયું? સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! ભારે વાત ભાઈ આ.

કહે છે કે **એમ માનવું. માટે પૂર્વે આઠમી ગાથામાં સત્તાને જે સત્પણું** કહ્યું હતું 'છે ઈ છે'અને પરની અપેક્ષાએ ઈ નથી. અસત્‌પણું કહ્યું હતું. એમ દ્રવ્યને પણ એમ માનવું. વસ્તુ પોતે પોતાથી છે અને પરથી નથી. એમ ત્રિલક્ષણપણું કહ્યું હતું. સત્તા હોવાપણામાં ત્રણ લક્ષણ. નવી અવસ્થા ઊપજે, પુરાણી વ્યય અને ધ્રુવ. ત્રણ લક્ષણે હોવાપણું સત્તા નામના ગુણને કહ્યું હતું તેવો જે ગુણનો ધરનાર આત્મા ને ગુણને ધરનાર પરમાણું એને પણ ત્રણ લક્ષણવાળું જાણવું. આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

હોવાપણા નામનો જે આત્મામાં ગુણ છે એના પરમાણું જડમાં હોવાપણું એ ગુણમાં ત્રણ લક્ષણ વર્ણવ્યા'તા. દરેક પદાર્થ હોવાપણે છે એને નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા જાય ને ધ્રુવપણે કાયમ રહે. એમ સત્તાના જે ત્રણ લક્ષણ જે વર્ણવ્યા'તા, એ લક્ષણ છે ને સતા તે લક્ષ છે. એમ જ દ્રવ્યના ત્રણ લક્ષણ જાણવા. એ ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ જેવા પોતાના છે એમ દ્રવ્યમાં પણ ત્રણ છે. સમજાણું કાંઈ?

આત્મામાં નવી અવસ્થા ઉપજવી, જૂની અવસ્થા જવી ને ધ્રુવ. એવા દ્રવ્યના પણ ત્રણ લક્ષણ છે. જેમ હોવાપણાના ગુણના ત્રણ લક્ષણ કહ્યા હતા અને એ લક્ષણ ને સત્તા લક્ષ. હવે અહીં ત્રણ લક્ષણ દ્રવ્યના અને દ્રવ્ય લક્ષ. હેં? સત્તાના લક્ષણ એવા દ્રવ્યના લક્ષણ છે. અત્રિલક્ષણપણું . જુઓ જેમ સત્તાને એકેક લક્ષણ જુદું પાડયું'તું, એમ આ દ્રવ્યમાં પણ એકેક લક્ષણ જુદું પાડવું. ત્રણ લક્ષણ છે તે મહાસત્તા તરીકે અને એકેક લક્ષણ છે તે પેટા સત્તા તરીકે. પણ એ એકેક સત્તા પણ જેવી સત્તા ગુણમાં લીધી'તી ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, એમ દ્રવ્યમાં પણ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એકેક લક્ષણવાળી સત્તા ઉતારવી.

વીતરાગ માર્ગ ઝીણો છે ભાઈ! સાંજ સવાર ઓલા માંગલીકમાં બોલે છે ને કેવળી પણંતો ધમ્મો શરણં, પણ સમજે નહીં કાંઈ? આંકડા ગડીયા બોલ્યે જાય. સમજાણું કાંઈ? કેવળી ભગવાન એમ કહે છે કે તારું શરણ તારા આનંદમાં તારી પાસે છે. તારી પર્યાયમાં જે દુઃખ આદિની કલ્પના થાય એ તારા અસ્તિત્વમાં તારે લઈને, દ્રવ્યના પર્યાયના લક્ષને લઈને થાય છે. સમજાણું કાંઈ? પરને લઈને નથી. આહાહા!

પણ ભઈ આ બધા પૈસાવાળા મોટા ગણાય એ સુખી કહેવાય. પછી એને ભઈ જુવાનીમાં પહેલાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૈસાવાળા હતા અને આ વૃધ્ધાવસ્થા થઈને આ બધું ગયું. જુવાનીમાં જો પૈસા હોત ને તો એ વખતે ન હતું કોણ કહી શકે છે. બહુ આવા એટલે. અને વૃધ્ધાવસ્થામાં પ્રતિકૂળ સંયોગ આવ્યો, હવે શું થાય એમ કહે છે. એમાં કેટલી વાત સાચી હશે? હેં? ભઈ જુવાનીમાં જો પ્રતિકૂળતા આવી હોય તો તે વખતે સહન કરવાની તાકાત હતી. જુવાન શરીરને લઈને. અરે વૃધ્ધાવસ્થામાં આવી પડયા. અરે ઘરમાં બાયડી મરી ગઈ. એ કાલ કાગળ આવ્યો છે ને? કાલ કોઈકનો મોટો (કાગળ) આવ્યો છે.કો'કે દાવો કર્યો છે. મારા પર નાખ્યો છે. કે તમારો માણસ છે ને ઈ એને જો નહીં સમજાવો તો મરી જશું તો તમને પાપ લાગશે. એ દુઃખના બળ્યા ઝેર એમ બોલે. એમાં કાંઈ નથી. એય! ઓલો કાગળ આવ્યો'તો. તમારો એક માણસ છે એણે અમારા ઉપર દાવો કર્યો છે. અને મારી પાસે કાંઈ નથી. હું એક છું, બાયડી મરી ગઈ છે. છોકરા નાના છે. અત્યારે રળી ખાવાનું સાધન નથી. દુઃખી દુઃખી છીએ. હવે જો તમે આમાં એને નહીં સમજાવો ને કાંઈ થાય તો અમે મરશું તો પાપ તમને લાગશે. આપણે તો હજી ઓળખતાય નથી કોણ છે બિચારા. દુઃખી માણસો છે. આહાહા! તારા ઉપર કો'કે દાવો કર્યો એ ભલે આંહીનો કયાંકનો માણસ હોય, ઈ દાવાથી તને ન છોડે મરી જાય એમાં આને શું પણ? પણ એ એવી અનાદિની ટેવ અજ્ઞાનીને પડેલી છે. રામજીભાઈ! હેં? આહાહા!

કહે છે લ્યો, **અત્રિલક્ષણપણું** એકેક આત્મામાં સમય સમયમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ થાય એ ત્રણ લક્ષણવાળું દ્રવ્ય છે એ જ દ્રવ્ય એકેક લક્ષણવાળું પણ છે. ઉપજયું તે ઉપજવારૂપે. ઉપજવારૂપે દુઃખની કલ્પના ઊભી થઈ. પૂર્વની અવસ્થા જે હતી તે ગઈ વ્યયરૂપે. ધ્રુવપણે તો આનંદમૂર્તિ આત્મા છે જ. સમજાણું કાંઈ?

એમ **એકપણું અનેકપણું.** જેમ સત્તામાં એકપણું લીધું હતું. એકરૂપ સત્તા છે. બધું છે છે છે એમ.અને પેટાભેદ તરીકે બધું ભિન્ન ભિન્ન (છે.) એમ દ્રવ્ય પણ વસ્તુ તરીકે એક છે અને પેટાભેદ તરીકે ગુણ પર્યાય પણ એના અનેક છે. એમ લેવું. **સર્વપદાર્થસ્થિતપણું** આ આખો આત્મા બધા ગુણો પર્યાયમાં સ્થિત છે. **એકપદાર્થસ્થિતપણું** એકેક ગુણમાં એકેક પર્યાયમાં સ્થિત છે. **'વિશ્વરૂપપણું'** આખું વિશ્વસ્વરૂપ સમસ્તરૂપ આખું એ રૂપે પણ આત્મા છે. અને **એકરૂપપણું** એકેક પર્યાયને એકેક ગુણપણે, એમ પણ છે. **અનંતપર્યાયમયપણું** આખી આત્માની અનંતી અવસ્થાઓ છે એ પણ છે અને એકેક અવસ્થા પણ એમાં પણ છે. **એ બધું સત્તાથી અનર્થાંતરભૂત (-અભિન્નપદાર્થભૂત, અનન્યપદાર્થભૂત) દ્રવ્યને જ દેખવું.** એ સત્તાથી દ્રવ્યને અનેરું નથી એમ દેખવું. સમજાણું કાંઈ?

આ તો જ્ઞાનનો વિષય એવો છે. બાપુ! ઝીણી વસ્તુ છે. જેવા સત્તાના હોવાપણાના લક્ષણો વર્ણવ્યા'તા, એવા જ લક્ષણો દ્રવ્યના જાણવા. કારણ કે દ્રવ્ય ને સત્તા અર્થાંતર નથી. પદાર્થાંતર નથી.સત્તા નામનો ગુણ તે અનેરો છે અને દ્રવ્ય તે અનેરું છે એમ નથી. જેમ અનેરી વસ્તુ અનેરી છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ સત્તા ને દ્રવ્ય વચ્ચે અર્થાંતર એટલે અનેરા દ્રવ્યપણું નથી. અનેરા પદાર્થપણું નથી. સમજાણું કાંઈ?

હા, દ્રવ્યને દેખવું લ્યો, સત્તાના વિશેષો દ્રવ્યના જ છે. **તેથી તેમનામાં કોઈ સત્તાવિશેષ બાકી રહેતો નથી.** લ્યો. સત્તાનો કોઈ અંશ દ્રવ્યથી બાકી ભિન્ન રહે છે એમ નથી. કે જે સત્તાની વસ્તુથી દ્રવ્યથી પૃથક સ્થાપે. પોતાનો ભગવાન પોતામાં છે, પરમાણું પરમાણુંમાં છે. બીજા આત્માઓ બીજા આત્મામાં છે. કોઈને કાંઈ લેવા દેવા નથી.

એમ આત્મામાં પણ હોવાપણા નામનો જે ગુણ છે એને ને એને બીજાને કાંઈ હોવાપણે સંબંધ નથી એમ નથી. હોવાપણું અને વસ્તુનું અનેરા પદાર્થપણે છે એમ અનેરા પદાર્થપણે નથી. નામ ભેદે લક્ષણભેદે ભલે હો. પણ વસ્તુ તો હોવાપણું છે એ જ આત્મા. પરમાણુંમાં પણ જે હોવાપણું છે એ જ પરમાણું. આ રજકણ. સમજાણું કાંઈ? અસ્તિત્વ ગુણ છે ને? એ સત્તા કહો કે અસ્તિત્વગુણ કહો. કહો, સમજાણું કાંઈ? છોકરાને શીખવે છે નહીં? પહેલો ગુણ છે? એય! ક્યાં ગયો? ખૂબચુ. અસ્તિત્વગુણ આવે છે કે નહીં? છ ગુણ નથી આવતા? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ. તો અસ્તિત્વ તે સત્તા, હોવાપણે ગુણ છે.

દરેક પદાર્થ હોવાપણાના ગુણવાળો છે. એને હોવાપણા માટે બીજાના આશ્રયની જરૂર નથી. હોવાપણાનો ગુણ હોવાપણે રાખે એવો એનામાં ગુણ છે. પરને લઈને હોવાપણું રહે એવો આત્મામાં ગુણ નથી. ઈ તો વાત પહેલેથી કરી. હેં? પરને લઈને હોવાપણે નથી. તો પરને લઈને હું સુખી એમ આવ્યું ક્યાંથી પણ? ઈ વાત તો કહેવા માટે આ તત્ત્વ લીધું છે. કહો આ બાયડી અનુકૂળ હોય, રોટલા દાળ ભાત અનુકૂળ હોય, છોકરા અનુકૂળ હોય, પૈસા અનુકૂળ હોય તો જરી શ્વાસ લેવાનો પ્રસંગ આવે. ખૂબ સુખી થવાનો (પ્રસંગ આવે). મૂંઢ છો કહે છે. મિથ્યાત્વભાવને સેવે છો. પરના હોવાપણાને લઈને તારામાં હોવાપણું નવું આવ્યું? તારું હોવાપણું તારાથી થયું છે. સમજાણું કાંઈ? દુઃખની કલ્પના કરી કે, હું દુઃખી છું આ છે. હાય! હવે મરી જઈશ. બહારમાં કોને મોઢું બતાવવું? ઘરના મકાન વેંચી ખાધા ને પટારામાં માલ હતો તે વેંચી ખાધો ને આવક નહીં. શું કહેવાય? સમજ્યા ને? તાંબા પીતળની મોટી ગોળીયું હોય ને? ગોળીયું ને ઈ બધું હોય ને? એ ગરીબ માણસ પછી હળવે હળવે વેંચે. ઈ વેંચે પછી વાસણો પીતળના સારા કે ઝાઝા હોય ઈ વેંચે. જરૂર હોય એટલા રાખે ને બાકીના વેંચી નાખે ને ખાય. પણ કાંઈ ન મળે પછી શું કરવું? આહાહા!

કહે છે કે પરનું હોવાપણે છે કે હોવાપણું તારું તારામાં છે? પરના હોવાપણાનો અભાવ તારી પાસે થયો એથી તારામાં શું ફેર પડયો? શું હશે આમાં જાદવજીભાઈ? પૈસા બૈસા કાંઈક ઠીક હોય તો ઠીક પડતું નથી લાગતું? લાગે છે ને. ભગવાન કહે છે કે તારી માન્યતા તદ્દન ભ્રમ ને અજ્ઞાન છે. તારા હોવાપણામાં કાંઈ ફેરફાર પરના હોવાપણાને લઈને થાય, પરના ઉત્પાદવ્યયને કારણે તારામાં સુખ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દુઃખની કલ્પનાનો ઉત્પાદ થાય એમ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ. આ તો તત્ત્વની શ્રદ્ધાની વિપરીત શ્રદ્ધા છે એમ કહે છે. અને તત્વાર્થ શ્રદ્ધાની વિપરીત શ્રદ્ધા એ જ મિથ્યાત્વ ભાવ અને મહાદુઃખદાયીભાવ છે. એની એને ખબર ન પડે ને વ્રત ને તપ ને આ ને આ ને માથાકુટ કર્યા કરે. સમજાણું?

કોઈ સત્તા વિશેષ બાકી રહેતો નથી એમ. કોઈ સત્તાનો ભાગ વિશેષ દ્રવ્યથી જુદો રહેતો નથી. જેથી સત્તાને વસ્તુતઃ દ્રવ્યથી પૃથક સ્થાપે. નવ થઈ ગઈ. લ્યો, હવે દસમી.

## ગાથા- ૧૦

**दव्वं सल्लक्खणियं उप्पादव्वयधुवत्तसंजुत्तं।**
**गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू ॥ १० ॥**

द्रव्यं सल्लक्षणकं उत्पादव्ययध्रुवत्वसंयुक्तम्।
गुणपर्यायाश्रयं वा यत्तद्भणन्ति सर्वज्ञाः ॥ १० ॥

**अत्र त्रेधा द्रव्यलक्षणमुक्तम्।**

**सद्द्रव्यलक्षणम्। उक्तलक्षणायाः सत्ताया अविशेषाद्द्रव्यस्य सत्स्वरूपमेवलक्षणम्। न चानेकान्तात्मकस्य द्रव्यस्य सन्मात्रमेव स्वं रूपं यतो लक्ष्यलक्षणविभागाभाव इति। उत्पादव्ययध्रौव्याणि वा द्रव्यलक्षणम्। एकजात्यविरोधिनि क्रमभुवां भावानां संताने पूर्वभावविनाशः समुच्छेदः, उत्तरभावप्रादुर्भावश्च समुत्पादः, पूर्वोत्तरभावोच्छेदोत्पाद-योरपि स्वजातेरपरित्यागो ध्रौव्यम्। तानि सामान्यादेशादभिन्नानि विशेषादेशाद्भिन्नानि युगपद्भावीनि स्वभावभूतानि द्रव्यस्य लक्षणं भवन्तीति। गुणपर्याया वा द्रव्यलक्षणम्। अनेकान्तात्मकस्य वस्तुनोऽन्वयिनो विशेषा गुणा व्यतिरेकिणः पर्यायास्ते द्रव्ये यौगपद्येन क्रमेण च प्रवर्तमानाः कथञ्चिद्भिन्नाः कथञ्चिदभिन्नाः स्वभावभूताः द्रव्यलक्षणतामा-पद्यन्ते। त्रयाणामप्यमीषां द्रव्यलक्षणानामेकस्मिन्नभिहितेऽन्यदुभयमर्थादेवापद्यते। सच्चेदुत्पादव्ययध्रौव्यवच्च गुणपर्यायवच्च। उत्पादव्ययध्रौव्य वच्चैत्सय गुणपर्यायवय्य। गुणपर्यायवय्यैत्सय्योत्पाद्व्ययतध्रौव्यवय्येति। सद्धि नित्यानित्यस्वभावत्पाद्-ध्रुवत्वमुत्पादव्ययात्मकतांच प्रथयति, ध्रुवत्वात्मकैर्गुणैरुत्पादव्ययात्मकैः पर्यायेश्च सहैकत्वञ्चाख्याति। उत्पादव्ययध्रौव्याणि तु नित्यानित्यस्वरूपं परमार्थं सदावेदयन्ति, गुणपर्यायांश्चात्मला-भनिबन्धनभूतान् प्रथयन्ति। गुणपर्यायास्त्वन्वयव्यतिरेकित्वाद्-ध्रौव्योत्पत्तिविनाशान् सूचयन्ति, नित्यानित्यस्वभावं परमार्थं सच्चोपलक्षयन्तीति॥ १० ॥**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુક્ત જે,**
**ગુણપર્યાયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦.**

અન્વયાર્થ :- [यत्] જે [सल्लक्षणकम्] 'સત્'લક્ષણવાળું છે, [उत्पादव्ययध्रुवसंयुक्तम्] જે ઉત્પાદવ્યયધ્રૌવ્યસંયુક્ત [वा] અથવા [गुणपर्यायाश्रयम्] જે ગુણપર્યાયોનો આશ્રય છે, [तद्] તેને [सर्वज्ञा] સર્વજ્ઞો [द्रव्यं] દ્રવ્ય [भणन्ति] કહે છે.

ટીકા :- અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

'સત્' દ્રવ્યનું લક્ષણ છે. પૂર્વોક્ત લક્ષણવાળી સત્તાથી દ્રવ્ય અભિન્ન હોવાને લીધે 'સત્' સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે. વળી અનેકાંતાત્મક દ્રવ્યનું સત્‌માત્ર જ સ્વરૂપ નથી કે જેથી લક્ષ્યલક્ષણના વિભાગનો અભાવ થાય. (સત્તાથી દ્રવ્ય અભિન્ન છે તેથી દ્રવ્યનું જે સત્તારૂપ સ્વરૂપ તે જ દ્રવ્યનું લક્ષણ છે. પ્રશ્ન :- જો સત્તા અને દ્રવ્ય અભિન્ન છે-સત્તા દ્રવ્યનું સ્વરૂપ જ છે, તો 'સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે' એવો વિભાગ કઈ રીતે ઘટે છે?

ઉત્તર :- અનેકાંતાત્મક દ્રવ્યનાં અનંત સ્વરૂપ છે, તેમાંથી સત્તા પણ તેનું એક સ્વરૂપ છે; તેથી અનંતસ્વરૂપવાળું દ્રવ્ય લક્ષ્ય છે અને તેનું સત્તા નામનું સ્વરૂપ લક્ષણ છે - એવો લક્ષ્યલક્ષણ વિભાગ અવશ્ય ઘટે છે. આ રીતે અબાધિતપણે સત્ દ્રવ્યનું લક્ષણ છે.)

અથવા, ઉત્પાદવ્યયધ્રૌવ્ય દ્રવ્યનું લક્ષણ છે. * એક જાતિનો અવિરોધક એવો જે ક્રમભાવી ભાવોનો પ્રવાહ તેમાં પૂર્વ ભાવનો વિનાશ તે વ્યય છે, ઉત્તર ભાવનો પ્રાદુર્ભાવ (-પછીના ભાવની એટલે કે વર્તમાન ભાવની ઉત્પત્તિ) તે ઉત્પાદ છે અને પૂર્વ-ઉત્તર ભાવોના વ્યય-ઉત્પાદ થતાં પણ સ્વજાતિનો અત્યાગ તે ધ્રૌવ્ય છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-કે જેઓ સામાન્ય ઓદશે અભિન્ન છે (અર્થાત્ સામાન્ય કથને દ્રવ્યથી અભિન્ન છે), વિશેષ આદેશે (દ્રવ્યથી) ભિન્ન છે, યુગપદ્ વર્તે છે અને સ્વભાવભૂત છે તેઓ-દ્રવ્યનું લક્ષણ છે.

અથવા, ગુણપર્યાયો દ્રવ્યનું લક્ષણ છે. અનેકાંત્મક વસ્તુના +અન્વયી વિશેષો તે ગુણો છે અને વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે. તે ગુણપર્યાયો (ગુણો અને પર્યાયો) - કે જેઓ દ્રવ્યમાં એકીસાથે અને ક્રમે પ્રવર્તે છે, (દ્રવ્યથી) કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે તથા સ્વભાવભૂત છે તેઓ-દ્રવ્યનું લક્ષણ છે.

દ્રવ્યનાં આ ત્રણે લક્ષણોમાંથી (-સત્, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અને ગુણપર્યાયો એ ત્રણ

---

* દ્રવ્યમાં ક્રમભાવી ભાવોનો પ્રવાહ એક જાતિને ખંડતો - તોડતો નથી અર્થાત્ જાતિ-અપેક્ષાએ સદા એકપણું જ રાખે છે.

\+ અન્વય ને વ્યતિરેકના અર્થ માટે ૧૩ મા પાને પદટિપ્પણ જુઓ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લક્ષણોમાંથી) એક કહેતાં બાકીનાં બંને (વગરકહ્યે) અર્થથી જ આવી જાય છે. જો દ્રવ્ય સત્ હોય, તો તે (૧) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ઉત્પાદવ્યય-ધ્રૌવ્યવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ગુણપર્યાયવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું હોય. તે આ પ્રમાણે :- સત્ નિત્યાનિત્ય-સ્વભાવવાળું હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયાત્મકને જાહેર કરે છે તથા (૨) ધ્રૌવ્યાત્મક ગુણો અને ઉત્પાદવ્યયાત્મક પર્યાયો સાથે એકત્વ દર્શાવે છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય (૧) નિત્યાનિત્યસ્વરૂપ [૧]પારમાર્થિક સત્‌ને જણાવે છે તથા (૨) [૧]પોતાના સ્વરૂપની પ્રાપ્તિના કારણભૂત ગુણપર્યાયોને જાહેર કરે છે, [૨]ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયને સૂચવે છે તથા (૨) નિત્યાનિત્યસ્વભાવવાળા પારમાર્થિક સત્‌ને જણાવે છે.

ભાવાર્થ :- દ્રવ્યનાં ત્રણ લક્ષણો છે : સત્, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અને ગુણપર્યાયો. આ ત્રણે લક્ષણો પરસ્પર અવિનાભાવી છે; જ્યાં એક હોય ત્યાં બાકીનાં બંને નિયમથી હોય છે. ૧૦.

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૧૦ ઉપર પ્રવચન

**दव्वं सल्लक्खणियं उप्पादव्वयधुवत्तसंजुत्तं ।**
**गुणपज्ञयासयं वा जं तं भण्णंति सव्वण्हू ॥ १० ॥**

**છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુકત જે,**
**ગુણ પર્યાયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦**

---

૧. પારમાર્થિક = વાસ્તવિક; યથાર્થ; ખરું. (વાસ્તવિક સત્ નિત્યાનિત્યસ્વરૂપ હોય છે. ઉત્પાદવ્યય અનિત્યતાને અને ધ્રૌવ્ય નિત્યતાને જણાવે છે તેથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય નિત્યાનિત્યસ્વરૂપ વાસ્તવિક સત્‌ને જણાવે છે. આ રીતે 'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું છે' એમ કહેતાં 'તે સત્ છે' એમ પણ વગર કહ્યે જ આવી જાય છે).

---

૧. પોતાના = ઉત્પાદવ્યયધ્રૌવ્યના. (જો ગુણ હોય તો જ ધ્રૌવ્ય હોય અને જો પર્યાયો હોય તો જ ઉત્પાદવ્યય હોય; માટે જો ગુણપર્યાયો ન હોય તો ઉત્પાદવ્યયધ્રૌવ્ય પોતાના સ્વરૂપને પામી શકે જ નહિ. આ રીતે 'દ્રવ્ય ઉપાદવ્યયધ્રૌવ્યવાળું છે' એમ કહેતા તે ગુણપર્યાયવાળું પણ જાહેર થઈ જાય છે.)

૨. પ્રથમ તો, ગુણપર્યાયો અન્વય દ્વારા ધ્રૌવ્યને સૂચવે છે અને વ્યતિરેક દ્વારા ઉત્પાદવ્યયને સૂચવે છે; આ રીતે તેઓ ઉત્પાદવ્યયધ્રૌવ્યને સૂચવે છે. બીજું, ગુણપર્યાયો અન્વય દ્વારા નિત્યતાને જણાવે છે અને વ્યતિરેક દ્વારા અનિત્યતાને જણાવે છે; આ રીતે તેઓ નિત્યાનિત્યસ્વરૂપ સત્‌ને જણાવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્યભાગમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું. તે સર્વજ્ઞ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે, દરેક વસ્તુ છે તે સત્ લક્ષણવાળી છે. ત્રણ લક્ષણ વર્ણવ્યા છે આમાં. છે ને? **ટીકા :- અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે**. દરેક પદાર્થ, જુઓ આ દ્રવ્ય સત્ લક્ષણમ્ એ વર્ણવે છે. ગુણ પર્યાયવાળું અને ઉત્પાદવ્યયધ્રુવવાળું ત્રણ લક્ષણ છે. આ પ્રવચનસાર ગાથા પંચાણુંમાં પણ આવે છે ને? પંચાણુંમાં પણ આ જ આવે છે. સમજાણું કાંઈ?

પરમાત્માનો સિધ્ધાંત છે કે દ્રવ્ય સત્ લક્ષણમ્. એ વસ્તુ છે, આત્મા પરમાણું એ બધા ભિન્ન ભિન્ન તેનું લક્ષણ હોવાપણું છે. અને હોવાપણું તે લક્ષણ અને દ્રવ્ય છે તે લક્ષ છે. હોવાપણાના લક્ષણે દ્રવ્ય છે તે લક્ષ થાય છે. પરના હોવાપણાને લઈને દ્રવ્ય લક્ષ થાય છે એમ છે નહીં. ચશ્માને લઈને દેખાતું નથી, એ જ અહીં કહે છે. એય! આના હોવાપણાને લઈને આત્માના હોવાપણામાં કાંઈક કચાશ થઈ એમ નથી. અહીં તો વળી બીજું કહેવું'તું. કે બીજે ઠેકાણે તો એમ આવે કે 'જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ.' એ વાત અહીં નથી. અહીં તો બીજા બધા દ્રવ્યથી એકેક દ્રવ્ય ભિન્ન એના લક્ષણ ને લક્ષનું વર્ણન છે. આહાહા! સમજાણું કાંઈ?

નહીંતર તો આત્મા જયાં જ્ઞાન લક્ષણ છે આત્મા લક્ષ છે. એ તો જ્ઞાન લક્ષણથી જ્ઞાનને એટલે કે આત્માને ઓળખાવવા. પણ અહીં તો કહે છે જે આત્મા છે અને પરમાણુ ભિન્ન ભિન્ન જે અનંત આત્માઓ એનું હોવાપણું સત્ લક્ષણ એંધાણ ચિહ્ન છે. અને હોવાપણાના લક્ષણ વડે એ ચીજ છે એમ લક્ષમાં જ્ઞાન થઈ શકે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

એક એ કીધું. બીજું, ઉત્પાદવ્યયધ્રૌવ્યસંયુકત અન્વયાર્થમાં લેવું. દરેક વસ્તુ આત્મા અને પરમાણું એક સમયમાં નવી અવસ્થાથી ઊપજે, પુરાણી અવસ્થાથી વ્યય થાય અને ધ્રુવ. ત્રણ લક્ષણવાળું સત્ છે અને સત્ છે તે દ્રવ્ય છે. લ્યો અહીં તો ઉત્પાદને લક્ષણ વર્ણવ્યું દ્રવ્યને લક્ષ. વ્યયને લક્ષણ વર્ણવ્યું, દ્રવ્યને લક્ષ. ધ્રૌવ્યને લક્ષણ વર્ણવ્યું દ્રવ્યને લક્ષ. વીતરાગનો માર્ગ સમ્યગ્જ્ઞાનને સમજવો બહુ ઝીણો છે ભાઈ. ઉપરથી માની લે છે ને. સમજાણું કાંઈ? એવું વસ્તુનું સ્વરૂપ નથી. એણે માન્યું છે એવું નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું. શું કીધું?

એ ઉત્પાદવ્યયધ્રુવવાળી ચીજ છે. એટલે એમ કહ્યું કે તારી પર્યાયનો ઉત્પાદ તારામાં, આ સામો જીવ છે એની પર્યાયનો ઉત્પાદ એનામાં, સામા પરમાણું છે તે પરમાણુંનો નવી અવસ્થાનો ઉત્પાદ એનામાં, તું એની દયા પાળને તું એને મારી શક એવી વસ્તુની મર્યાદા નથી. એય! બીજા જીવની હિંસા જીવ કરી શકે એમ વસ્તુમાં નથી. કારણ કે એની પર્યાયનું બદલવું ઉત્પાદવ્યય થવું એનામાં છે. અને તારી ઉત્પાદવ્યય પર્યાય તારામાં છે. અને એ ઉત્પાદવ્યયથી તો લક્ષ દ્રવ્ય થાય છે. એ ઉત્પાદવ્યયથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાં કાંઈ ઉત્પન્ન થયું, એમ લક્ષણ આ ઉત્પાદ ને બીજાના ઉત્પાદ છે તે લક્ષ એમ નથી. શું કીધું સમજાણું કાંઈ? ભારે આ તો એકલા બધા ન્યાયો ભરેલાં છે.

આત્મામાં એક દયાનો વિકલ્પ ઉઠયો, એ ઉત્પાદ થયો. ધ્રુવ તો ત્રિકાળી. અને પૂર્વે કોઈ હિંસાનો ભાવ હોય એ વ્યય થયો. અભાવ (થયો). હવે એ દયાની પર્યાય જે ઉત્પન્ન થઈ ઉત્પાદ એ લક્ષણ દ્રવ્ય લક્ષ કરાવે છે. એ દ્રવ્યનું લક્ષણ છે. એ ઉત્પાદ લક્ષણ અને દ્રવ્ય તેનું લક્ષ છે.એ ઉત્પાદ થયો માટે આ આનો ઉત્પાદ થયો એ ઉત્પાદ લક્ષણ ને આનો ઉત્પાદ લક્ષ એ શુભ ભાવને લઈને એ દયા નભી ગઈ, જીવ ટકી રહ્યો એમ ઉત્પાદ લક્ષણ ને સામાનો ઉત્પાદ લક્ષ એમ નથી. વસ્તુ તો એવી છે આમાં તો આપણે થોડું થોડું અંદરથી (લઈએ). એય! આહાહા!

મુનિઓ જંગલમાં રહીને વીતરાગ પરમેશ્વરે કહેલાં તત્ત્વોને કઈ રીતે તે પોતાથી છે અને પરથી નથી.પર પરથી છે ને તે બીજાથી નથી. એવું એનું વસ્તુનું સ્વરૂપ છે. એમાં ગોટો વાળે કાંઈકનો કાંઈક તો મિથ્યાત્વપણાને સેવીને ચાર ગતિમાં દુઃખી થઈને રખડશે. સમજાણું કાંઈ? શુ કીધું? કે જીવમાં જીવને પોતાના અસ્તિત્વમાં દયાનો વિકલ્પ આવ્યો, એ ઉત્પાદ થયો. એ ઉત્પાદ લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ છે. આ દ્રવ્યનો આ ઉત્પાદ છે. પણ એ દયાનો વિકલ્પ ઉઠયો એ લક્ષણ અને સામાની જીવની અવસ્થા ટકી રહી જીવતર એનું (ટકી રહ્યું) એ એનું લક્ષ, કહે છે એમ વસ્તુમાં છે જ નહીં. આહાહા! એ તો એમ બતાવે છે કે જીવ દ્રવ્ય છે એનું લક્ષ એ લક્ષણ કરાવે છે. પણ એ લક્ષણ પરમાં કાંઈક અવસ્થા નભી રહી એમ જે તેં માન્યું છે એ લક્ષણ આ ને લક્ષ ઈ એમ નથી. કહો, બાબુભાઈ! સમજાય છે આમાં? એય પ્રભુભાઈ! આવું ન્યાં ઝીણું છે. આરે! વેપારમાં મારે એવા ગપ્પા ને ઘોદા મારે ને જાણે મિથ્યાત્વ બધું. આહાહા!

પરમેશ્વર કીધું તેથી પાઠમાં જુઓ સર્વજ્ઞ કહ્યું. સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ એમ વર્ણન કર્યું છે અને એમ છે કે આત્મામાં એક જૂઠા બોલવાનો પર્યાય ઉત્પન્ન થયો, માટે જૂઠા બોલવાની ભાષા થઈ એમ નથી. ભાઈ! જૂઠા બોલવાનો વિકલ્પ થયો એ ઉત્પાદ એ ઉત્પાદ દ્રવ્યને લક્ષ કરાવે છે. આ દ્રવ્યનું આ લક્ષણ છે. સમજાણું કાંઈ? પણ એ જૂઠા બોલવાનો વિકલ્પ ઉઠયો માટે ભાષા જૂઠા બોલવાની થઈ આ લક્ષણ ને ભાષાની પર્યાય લક્ષ એમ નથી. છગનભાઈ! આવી વાત છે. આ તો બધા કૂંચીના કોયડા છે. ચાર પૈસે શેર તો મણના અઢી. એવી ચીજ છે આ તો. ભગવાન પરમેશ્વરના ઘરના મહાસિદ્ધાંત છે એ રીતે એ ન સમજે ને ઉલ્ટુ સમજે તો મિથ્યા શલ્ય કરી અને દુઃખી થશે. સમજાણું કાંઈ?

ઉત્પાદ વ્યય ધ્રુવ. બીજી રીતે કહીએ તો જીવમાં એક વિષયની વાસનાનો વિકલ્પ ઉઠયો. એ ઉત્પાદ થયો. ચારિત્રગુણની ઉલટી વિપરીત વિકૃત એક અવસ્થા થઈ. તો એ અવસ્થા લક્ષણ છે ને દ્રવ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લક્ષ છે. પણ તે અવસ્થા લક્ષણ છે અને દેહની ક્રિયા વિષયમાં પ્રવર્તે એ લક્ષ છે એમ નથી. દેહના પરમાણુંઓમાં સમય સમયની જે અવસ્થાઓ ઉત્પન્ન થાય એ ઉત્પન્ન લક્ષણ છે અને પરમાણુ તેનું લક્ષ છે. પણ એ ઉત્પન્ન થાય અને અહીં વાસના હતી માટે તે આ લક્ષણને આ લક્ષ છે એમ કોઈ દિ' વસ્તુનું સ્વરૂપ વસ્તુમાં છે નહીં. કહો, પ્રવીણભાઈ! આવું અંદરમાં છે હો! એય! એમાં એવું લખ્યું છે કે નહીં? ભઈ અમે પંડિતજીને ન પૂછીએ મોટાભાઈને પૂછીએ. આમાં આવું થતું હશે? આમાં છે? આહાહા! બહુ આચાર્યોએ કમાલ કરી છે. વાતની કમાલ કરી છે. આહાહા!

સર્વજ્ઞ પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ કહેતા હતા. કે ભાઈ સ્વભાવને આશ્રયે તારામાં એક સમ્યગ્દર્શનની ધર્મની પર્યાય થઈ, લ્યો! સમજાય છે? એટલે બહારમાં એવી પર્યાયને લઈને જીવો બચી જાય એમ છે નહીં. એ પર્યાય થઈ માટે તારામાં શકિત વધી જાય કે પરમાણુંને સારા થઈ જાય, શું કીધું? સ્વ દ્રવ્યને આશ્રયે ધર્મની પર્યાય પ્રગટ થઈ, ધર્મની પર્યાય લક્ષણ દ્રવ્ય લક્ષ આત્મા. પણ એ લક્ષણ પ્રગટયું માટે એની વાણી સુધરી જાય, શરીર સુંદર થઈ જાય કે એને લક્ષ્મી મળી જાય એવું વસ્તુમાં નથી. એય ભગવાનજીભાઈ! આહાહા! ભઈ ધર્મીને ચમત્કાર લાગે છે. લ્યો! એ ના પાડી છે. આહાહા! એ ભીખાભાઈ!

આ ભગવાન આત્મા પોતાના સ્વરૂપની પ્રતીતિનો અનુભવ સમ્યગ્દર્શન શુધ્ધ ચૈતન્ય દ્રવ્ય છું. રાગાદિ નહીં, પરમાં નહીં, પરને લઈને મારી અવસ્થા નહીં, અવસ્થાને લઈને દ્રવ્ય નહીં. એવી દ્રવ્ય વસ્તુની દૃષ્ટિનો અનુભવ સમ્યક્ થયું, એથી કહે છે કે એવા ધર્મીને, સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલાં નેવુંની સાલમાં એક પ્રશ્ન ઉઠયો'તો નહીં? આ તમારા હતા ને? દાકતર! પ્રાણભાઈ કેવા? જામનગર. પ્રાણજીવન દાકતર છે ને? તે દિ' બે હજારનો પગાર હતો. સોળસોનો તે દિ' હતો. નેવુંની સાલની વાત છે. મહિનાનો સોળસોનો પગાર હતો. પછી બીજેથી આવી ગયું ત્યાં જામનગર દાકતરપણા માટે જવાના હતા એમ. પછી તેના સાઢુભાઈ હતા. એય સોળસોના પગારવાળો (હતો). તે મુંબઈમાં ઈજનેર હતા. બેય સાઢુભાઈ આવેલા. પછી કહે મેં વાંચ્યું છે બહુ ફલાણું ફલાણું ઢીંકણું. કીધું તમારા વાંચવાનો એક દાખલો આપો. તો અમને ખબર પડે કે તમે સાચું વાંચ્યું છે કે ખોટું? આ બધું તમે ભણ્યા છો ખરા સોળસોના પગાર ને આ ધૂળને. અને ઓલા ભેગા શું નામ એનું? ગૌરીશંકરભાઈ ચોમાસામાં દશાશ્રીમાળીમાં આઠ ઉપવાસ કર્યા. અને પછી જુવાન નીતિવાળા લોકો, ઓલો પાંચ પાંચ લાખ રૂપિયા આપે. પૂલનું કામ હોય ને? પૂલમાં એવું પાસ કરે કે નહિંતર નાપાસ થઈ જાય. પાંચ પાંચ લાખ રૂપિયા આપે, પણ તે લે નહીં. (તે કહે કે ) ધર્મ ખરો કે નહીં. મેં કીધું ના. કીધું ત્યારે તમે વાંચ્યું એનો દાખલો આપો. દાકતર પ્રાણજીવન હોંશિયાર છો તો, કહે એક હતો ધર્મી જીવ પછી તે ધર્મી જીવ વેપાર કરવા બહાર ગયો. એમાં એક નાની ઉંમરનો છોકરો મરી ગયો. એને ન્યાં જઈને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોઈકે વાત કરી કે તમારો દીકરો મરી ગયો. કહે મારો દીકરો મરે નહીં અમે ધર્મી છીએ. એક એમાં એવી કથા હતી. કીધું એ તમને કેમ લાગે છે? બરાબર છે એ. તદ્દન ખોટું. ધર્મી પર્યાયવાળાને દીકરાનો સંયોગ છે એ છૂટી જાય નહીં એ કોણે કીધું પણ? પ્રવીણભાઈ! મોટો સોળસોનો પગાર તે દિ'. હવે અત્યારે તો ત્યાં મુંબઈમાં ઓલા ગૌરીશંકરને અઢી હજારને વધારે થઈ ગયો. કીધું તમારા ભણ્યા ગણ્યાનો ધર્મનો એક દાખલો આપો. તમે કેટલું ભણ્યા છો. સમજ્યા છો.

આ રીતે ધર્મી જીવને બિલકુલ શ્રદ્ધા દૃઢ હતી. દીકરો મારો મરે નહીં અમે ધર્મી છીએ. કીધું તમે એકેય વાત સાચી સમજ્યા નથી. પણ ધર્મની પર્યાય અહીં પ્રગટી એને લઈને દીકરો પર વસ્તુ છે ઈ ન મરે ને આયુષ્ય થોડું ન લઈને આવે એવું કોણે કહ્યું પણ. એ તો બીજી વાત છે એ. એ તો પુણ્યની વાતની સ્થિતિ છે. એ તો ત્યાં પુણ્યને સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અહીં તો ધર્મ છે.ધર્મની પર્યાય પ્રગટી એટલે એને શરીરમાં રોગ ન જ આવે અને એને નિર્ધનતા ન હોય, સમજાય છે? અને એને વાંઝીયાપણું ન હોય ને દીકરાવાળા જ હોય અને દીકરા હોય એ ધર્મ પામ્યા પછી મરી ન જાય એમ નથી. કારણ કે પર દ્રવ્યનું ઉત્પાદવ્યયધ્રુવ પરમાં છે અને ધર્મની પર્યાય ઉત્પન્ન કરી માટે એમાં આવું મરણ આદિ દેહનું છૂટવું ન થાય એવું કોઈ આનું ઉત્પાદ ધર્મનું તે લક્ષણ છે ને દ્રવ્ય તે લક્ષ છે. પણ ઉત્પાદ લક્ષણ છે અને આટલું જીવોનું ટકવું થાય, ન મરે એવું થાય એવું એ લક્ષ એમ છે નહીં.

આ તો તે દિ' નેવુંની સાલમાં વાત થઈ ગયેલી. પ્રાણજીવનભાઈ દાકતરને બધા મોટામોટા બહુ હોંશિયાર માણસ તે દિ' નેવુંની સાલમાં સોળસોનો પગાર માત્ર. અત્યારે તો થઈ ગયો કેટલા વર્ષ પાંત્રીસ. અત્યારે તો સોળ ગણો ભાવ થઈ ગયો. એટલા બધા પૈસા નોકરીમાં વધ્યા નથી કાંઈ? શું કીધું સમજાણું કાંઈ? ધર્મી જીવની પર્યાય આત્મામાં ઉત્પન્ન થઈ, હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, રાગ રહિત છું, શુદ્ધ ચૈતન્ય છું. અંદર એવી શ્રદ્ધા જ્ઞાન (ની) નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે ઉત્પાદ અને તેનું લક્ષ દ્રવ્ય છે. આ લક્ષણ છે એ એનું દ્રવ્યનું છે. પણ એ ઉત્પાદ થયો માટે તેને સંયોગોમાં પ્રતિકૂળતા ન હોય એ તો કાંઈ પ્રતિકૂળ માનતો નથી. પણ લોકો એમ કહે કે ના એને આમ ન હોય, એના દીકરા જીવતા હોય. મિથ્યાદષ્ટિના દીકરા સારા રહે, નિરોગી રહે, પૈસા થાય પાપ કરે ને પૈસા મળે ને આ ધર્મીને પૈસા ન મળે એમ હોય? એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? એય રમણીકભાઈ! સમજાણું આમાં?

અને એક અધર્મની પર્યાય ઉત્પન્ન થઈ, ગુપત કોઈને ન જાણે એવી મિથ્યા શ્રદ્ધા ને મિથ્યા જ્ઞાન. પરને અને ઘણા જીવોને મારી નાખવાનો એક વિકલ્પ ઊઠયો. તો કહે છે કે એ વિકલ્પ લક્ષણ છે અને જીવ લક્ષ છે. આનું આ પર્યાય છે એમ. પણ એમ થયું માટે એને પૈસામાં નુકશાન જ જાય, છોકરા જીવતા ન રહે એમ કહેવું એ વાત ખોટી છે. અહીં શું છે? ઈ તો એનામાં ફેર પડયો આને લઈને શું છે? આનું લક્ષણ અહીં લક્ષ કરાવે છે. આ લક્ષણ ન્યાં લક્ષ કરાવે છે? કે આને આમ રહેશે ને જીવતા રહેશે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને સારા રહેશે ને અધર્મી થયો માટે બધું બહારનું સત્યા નાશ જાશે એમ છે? એની સત્તાનું હોવાપણું આને લઈને બદલે? ના, ના કાંઈ ફેર પડતો નથી ઈ તો પર્યાયને લઈને ફેર પડે છે. એય! કહો, સમજાય છે કે નહીં આમાં?

આ બધું આમાં ભરેલું છે. દાસ! એવી કાંઈ બધે વાત ન થાય. ઈ તો અહીં થાય. આવું ઝીણું ન્યાં બીજે કંતાય. ઓલા શું સમજે? આ શું કહે છે. સોનગઢમાં તો ઘણો પરિચય હોય ને અહીં સાંભળતા હોય ને માટે ભાષા આવે તો એના પ્રમાણમાં થોડું સ્પષ્ટ કરવું જોઈએ ને? થોડું ઘણું. બાકી તો એકેક પર્યાયનો એકેક અંશ સ્વતંત્ર તે તે દ્રવ્યનું લક્ષ છે એનું. નહીં કે જાણપણું એનું કરાવે છે. આને લઈને બીજામાં ફેરફાર પડે એવું કોઈ લક્ષનું સ્વરૂપ છે નહીં. સમજાણું કાંઈ?

લ્યો, એક આવે છે ઓલા નથી આવતા? ઊંચા સાધુ હોયને સાધુ એનું મોઢું ગંધાય એવું આવે છે. નથી આવતું? બનારસીદાસના સમયસાર નાટકમાં આવે છે. સાધુ સુગંધવાસા સુગંધ નીકળે. આવે છે ને? પણ ઈ કાંઈ ધર્મની પર્યાય થઈ છે માટે સુગંધની પર્યાય નીકળે એમ નથી. પણ પુણ્યની પર્યાય છે માટે પણ નહીં. પુણ્યના રજકણ જુદા અને આની પર્યાય જુદી. (મુમુક્ષુ :- પુણ્ય ન્યાં કામ કરે ને?) હેં? પણ પુણ્યના પરમાણુંની પર્યાય ભિન્ન છે. અને આ સુગંધના પરમાણુંની જુદી જાત છે. આનું હોવાપણું એને લઈને ને પુણ્યના પરમાણુંનું એને લઈને છે. આત્માનું હોવાપણું આત્માને લઈને છે. આમાં કોઈને લઈને કોઈ છે કયાં? સમજાણું કે નહીં?

આ એમ ને એમ વાંચી જાય તો સમજાય એવું નથી. બરાબર લાગે છે? લ્યો આ ડાહ્યા માણસ કહે છે કે બરાબર લાગે છે. આવું વારંવાર સમજાવ્યું નથી આ પંચાસ્તિકાય તો સમયસાર કરતાં સહેલું કહેવાય. એય વજુભાઈ! (મુમુક્ષુ :- આ તો આખું ચક્ર જ ચાલે છે.) ભઈ! ભગવાનના શાસ્ત્ર જ એવા છે. સમજાણું? આજ કોઈક કોઈક આવ્યા છે ઈ કહે આ બધું આમાં કહે છે એમાં (પરમાગમમાં) કાંઈ ગુજરાતી નહીં લખો? લખો ગુજરાતી. આ પરમાગમ. આ ફુલચંદભાઈના જમાઈ મુંબઈથી આવ્યા છે. અનુવાદ થઈ ગયેલાં છે. અનુવાદ ન્યાં હોય તો એકએકનું ધ્યાન રાખવું જોઈ. બધા અનુવાદ થઈ ગયેલાં છે. વાંચવા હોય ન્યાં લખાશે. દરેક ગાથાના બધા અનુવાદ થઈ ગયા છે. કહો સમજાણું આમાં? આહાહા!

બીજી રીતે કહે છે -કે આત્મામાં એક વિકલ્પ ઉઠયો કે હું બોલું, સાચી પ્રરૂપણા કરું. સમજાણું કાંઈ? એથી એ વિકલ્પ ઉઠયો એ તો એની પર્યાયના જીવના અસ્તિત્વમાં છે. માટે ભાષાની વર્ગણા એને કારણે બરાબર નીકળે એમ છે નહીં. પધ્ધતિસર નીકળે તો એને કારણે આ વિકલ્પને કારણે નહીં. આહાહાહા! એય જેઠાભાઈ! બરાબર હશે આ? આ એમાં છે ઈ પણ? એ ચેતનજી! આમાં હશે આ? છે લ્યો. હેં? એનો પોતાનો પર્યાય છે એને લઈને પરમાં થાય એ વાત કયાં અહીં આવી? આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બરાબર ધર્મની પર્યાય સારી પ્રગટે ને તો એને બોલતાંય સારું આવડે. એમ હશે? (મુમુક્ષુ :- બોલતા તો કોઈને આવડતું નથી) એ તો જડની પર્યાય છે. બોલવું એ તો ભાષાની જડની અવસ્થા છે. એ અવસ્થા ન્યાં ધર્મની પર્યાય પ્રગટી માટે ભાષાની પર્યાય સારી નીકળે એવું કોણે કીધું?

ધર્મની પર્યાય લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ છે. એ લક્ષણને લઈને ભાષા સારી થઈ જાય, એ તને કોણે કહ્યું? વીતરાગ સર્વજ્ઞ કહે છે કે અમે એમ તો કહેતાં નથી. એમ અમે જોયું નથી માન્યું નથી કહેતાં નથી. તું કયાંથી આવું લાવ્યો? બરાબર છે ભીખાભાઈ! ભારે વાત ભાઈ. દાખલામાં જ આકરું પડે એવું છે. આમ જુઓ તો હાલ્યું જાય તો હાલ્યું જાય આમ ને આમ. કેવા દાખલા આપીને કેવું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

એ ત્રણ લક્ષણ છે. અથવા ગુણ પર્યાયનો દ્રવ્ય આશ્રય છે. એકેક દ્રવ્યના ત્રણ લક્ષણ વર્ણવ્યા. એક આત્મા એકેક પરમાણું એના ત્રણ લક્ષણ (છે). એટલે? ત્રણ લક્ષણ એટલે? એક 'છે' એવું એક લક્ષણ એ છે ના પાછા એક સમયમાં ત્રણ ભાગ. અવસ્થા ઉપજે, વ્યય ને ધ્રુવ એ ત્રણ લક્ષણ. બીજી રીતે પાછા ધ્રુવ તે ગુણ છે અને ઉત્પાદ વ્યય તે પર્યાય છે. એ ગુણ પર્યાયના આશ્રયવાળું દ્રવ્ય. ભાષા જુઓ એ ગુણ પર્યાયનો આશ્રય છે. સમજાય છે? દરેક આત્મા ને દરેક પરમાણુંને એની શકિત ને અવસ્થાનો આશ્રય છે. પણ પર વસ્તુનો આધાર ને આશ્રય છે એમ છે નહીં. પણ આ ગુણ પર્યાય આશ્રય છે ને બીજા નથી એમ આવી ગયું કે નહીં? એય! વાત તો પહેલાં આવી ગઈ છે. કીધું'તું ગુણાનંદ આશ્રયો ભવો, લખણં પજવાઈયો- સમજાણું કાંઈ?

ગુણ અને પર્યાયનો આશ્રય કોણ શું? એક આત્મા એકેક આ પરમાણું. એમાં જે કાયમ રહેનારા ગુણો છે અને એની ક્ષણે ક્ષણે અવસ્થા થાય એ ગુણ ને પર્યાયનો આશ્રય આધાર દ્રવ્ય છે. એના ગુણને અવસ્થાનો આધાર બીજી કોઈ ચીજ છે (નહીં). સમજાણું કાંઈ? શું પણ આમાં ધર્મ શું આવ્યો? હવે બધી વાતું કરો છો તમે. એમાં ધર્મ ઈ આવ્યો કે પરની અવસ્થાથી તારી અવસ્થા જુદી અને તારી અવસ્થામાંથી પરમાં કાંઈ થાય એમ છે નહીં. એવું જે યથાર્થ સમ્યક્‌જ્ઞાન સમજવું એનું નામ ધર્મ છે. ખોટી સમજણ છોડવી ને સાચી સમજણ કરવી એનું નામ ધર્મ છે. આહાહા! તેને સર્વજ્ઞો દ્રવ્ય કહે છે.

લ્યો. અન્વયાર્થ છે ને? સર્વજ્ઞ પરમેશ્વર અનંત કેવળીઓ તીર્થંકર ભગવાન, મહાવીર ભગવાન આદિ થઈ ગયા સર્વજ્ઞપ્રભુ. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સીમંધરભગવાન સર્વજ્ઞ બિરાજે છે. એ બધા સર્વજ્ઞો આ રીતે કહે છે કે દરેક પદાર્થ પોતાપણાના હોવાપણામાં લક્ષણે લક્ષિત છે પરના હોવાપણાને લક્ષણે લક્ષિત નથી.દરેક પદાર્થ પોતાના ઉત્પાદ, વ્યય ને ધ્રુવના લક્ષણે લક્ષિત છે, બીજાના ઉત્પાદ વ્યયને લક્ષણે લક્ષિત છે નહીં. અને દરેક પદાર્થને પોતાના ગુણ અને ઉત્પાદ વ્યય પર્યાયનો આધાર છે. કોઈ પદાર્થનો કોઈ પર્યાય ને કોઈ ગુણ આધાર છે એમ છે નહીં. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ એમ કહે છે, જુઓ! આ ચોપડી છે ને ઈ ચોપડી છે એના જે રજકણના ગુણ છે ને અને એની અવસ્થાનો આધાર રજકણ છે. આને આધાર માટે આ ઠોવણી આધાર છે એમ નથી એમ કહે છે. કોણ રાખે? વિવેક કોણ રાખે. એય! આમાં આવું આવે છે કે નહીં? એક પથરો હશે એના પર બીજો પથરો એના આધારે નહીં રહે એમ કહે છે. એમ સર્વજ્ઞ કહે છે. અનંત રજકણનો જે એક અક્ષર અંદર પડશે એ અક્ષરના રજકણો એ પથ્થરને આધારે રહેશે, અંદર પથરો છે માટે રહેશે એમ નહીં એમ કહે છે. જાદવજીભાઇ! બાપુ! તારે વસ્તુ છે એમ માનવી છે કે નહીં? છે એમ માનવી છે કે નહીં? તો છે, છે તે સ્વતંત્રપણે પોતાના ત્રણ લક્ષણે, ગુણ પર્યાય બે લક્ષણે, સત્‌ના એક લક્ષણે, એક બે ને ત્રણ એવા લક્ષણે વર્ણવી છે. સમજાણું કાંઈ? આહાહા!

ધર્મી જીવને પરમાં ક્યાંય સુખ છે એવો વિકલ્પ ઉઠતો નથી. પરમાં ક્યાંય ઉલ્લાસીત થઈને પ્રમોદ આવી જાય એવું હોતું નથી. કેમકે પરમાં સુખ છે નહીં. ધર્મીને પોતામાં આનંદ છે તેનો ઉલ્લાસ પર્યાયમાં આવે છે. આહાહા..! બાયડી અનુકૂળ મળી, પાંચ પચાસ લાખ મળ્યા, મકાન સારું મળ્યું, હવા પાણી (સારા મળ્યા), બારીમાંથી હવા આમ નીકળે ને આમ જાય ને બહુ હામ, દામ ને ઠામ ત્રણેથી સુખી છીએ. એમ કહે છે. બસ! જોવો આ શેઠીયાઓ એમ કહે છે પૈસાવાળાઓ એમ કહે છે. આમાં હતાં ક્યાં? ભગવાનજીભાઈના આત્મામાં પૈસા છે? ઈ તો કહે છે પૈસાનું હોવાપણાનું સત્‌પણું તેના દ્રવ્યમાં છે. એનું સત્‌પણું એના દ્રવ્યમાં છે. આના દ્રવ્યમાં એનું સત્‌પણું નથી. આહાહા! ભારે ઝીણી વાત કરી છે. હેં? ઓહોહોહો..!

એમ સર્વજ્ઞો દ્રવ્ય કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મા અનંત થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે. એ બધા સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે- દરેક તત્ત્વના હોવાપણાનું લક્ષણ તેના દ્રવ્યનું લક્ષ કરે છે. એ હોવાપણાને લઈને પરનું હોવાપણાનું લક્ષ કરે છે એમ છે નહીં. આહાહા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનનું હોવાપણું એ લક્ષણ અને દ્રવ્ય લક્ષ છે. પણ એ કેવળીને અતિશય પ્રગટયા કે ત્યાં જઈને અંદર જે સાંભળનારા વાઘ ને બકરું એક હારે પાણી પીએ ને એક હારે બેસે એવું ત્યાં અસ્તિત્વ થાય એ આને લઈને ત્યાં થાય એમ નથી. પુણ્યના પરમાણું જુદા ને એના પરમાણું જુદા. આહાહા..! સમજાણું કાંઈ? આવે છે ને કયાંક 'અહિંસામ પ્રતિષ્ઠામ્‌' વેર વિરોધ ટળે. મહા હિંસાવાળો પ્રાણી હોય ને તો પરમાં વેર ટળે છે. અહીં ના પાડે છે. એમ નથી કહે છે. એય! એક ફેરે કહ્યું હતું એકાણું બાણુંમાં ભાઈ આવ્યા'તા. ફુલચંદભાઈને? પોપટભાઈના બનેવી નહીં? પોપટભાઈના બનેવી ફુલચંદભાઈ. બહેનેય આવ્યા'તા ત્યાં અમે અંદર હતા ને ત્યારે બહાર નીકળ્યા બેસવાનું ઓસરીમાં છે ને? અંદર આવ્યા'તા. એના માટે અંદર આવ્યા'તા. મેં કીધું જુઓ અહિંસામાં આમ થાય કે ઈ વાત સાચી નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહિંસા દશા જેની પ્રગટી માટે એને લઈને પર પ્રાણીમાં વેરનો અભાવ થાય એમ નથી. એનું એને લઈને આનું આને લઈને. સમજાણું કાંઈ?

એ બધા દેશમાં માનનારાને? દેશની સેવાને આમ થાય અહિંસા જેને પ્રગટી હોય ને (તેને) વાઘ ને સિંહ પણ એને મારી શકે નહીં. પણ અહિંસા મોટી છે ને? અહિંસા થોડી પણ અહિંસાવાળાને વેરનો ત્યાગ થાય ને? અહિંસા તો મહા છે અંદર આત્માના આનંદમાં વિચરે છે. છતાં સિંહણ શરીરના રજકણોને ખાય છે. એ પરમાણું પલટે છે એમ. છતાં પરમાણું નિરોગપણે ટળીને સ્વરૂપપણે લોહી ઝરે છે. પણ એથી આત્માની ધર્મ પર્યાય છે માટે અહીં આવું ન થાય એમ કોણે કહ્યું કહે છે. એય! ભારે વાત ભાઈ.

શાસ્ત્રના અર્થ કરવાની બધી પધ્ધતિ આખી ફરી જાય છે. આહાહા..! સર્વજ્ઞ ભગવાન એમ ભણન્તિ, પરમેશ્વરે સમોસરણમાં આમ કહ્યું હતું. સમજાણું કાંઈ? હવે આમ માને કે ભગવાન સાચા હો, પ્રભુ તમે સાચા. પણ સાચા ક્યાં? તું તો માને છે કે મારે લઈને પરમાં થાય ને પરને લઈને મારામાં થાય (એમાં) ભગવાન ક્યાં તારે સાચા આવ્યા? ગોટા જ છે ને. વાત સાચી છે. આહાહા! તત્ત્વની ખબર નથી કે અજ્ઞાન કેટલું નુકશાન કરે છે. એને એની ખબર નથી. સમજાણું કાંઈ? અને જ્ઞાન સમ્યક્ થાય તો કેટલો લાભ કરે છે. ઓહો..! ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ એવી અંતરમાં પ્રતીતનો ભાવ ઉત્પન્ન થતાં બાકી આનંદનો અંશ લક્ષ્ય પ્રગટ (થાય છે) એ આનંદનું લક્ષણ છે અને આનંદ ગુણ ને દ્રવ્ય તે લક્ષ્ય છે. એ પર્યાય કોઈ વાણીથી નીકળી છે કે, બહાર વિકલ્પ હતો માટે થઈ છે, કે પરથી છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

**ટીકા :- અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે. 'સત્' દ્રવ્યનું લક્ષણ છે.** દરેક આત્મા ને દરેક પરમાણું જેટલા ભગવાને અનંત આત્માને પરમાણું જોયા દરેકનું **'સત' દ્રવ્યનું લક્ષણ છે.** હોવાપણું તે પદાર્થનું લક્ષણ છે. **પૂર્વોક્ત લક્ષણવાળી સત્તાથી દ્રવ્ય અભિન્ન હોવાને લીધે** હોવાવાળા ગુણથી તે તે પદાર્થ જુદો નહીં હોવાને લીધે **'સત્' સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે.** અભેદ કરી નાખ્યું. **'સત્' સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે.** પહેલું સત દ્રવ્યનું લક્ષણ છે એમ ભિન્ન પાડ્યું, પછી કહે એ સત સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે.લક્ષણ જ એ છે એનું. 'સત' સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે. એક વાત. એને ને એને વિસ્તારે છે હો એક ને જ.

**વળી અનેકાંતાત્મક દ્રવ્યનું સત્માત્ર જ સ્વરૂપ નથી.** ભગવાન આત્મા ને એકેક પરમાણુંને સત્માત્ર જ એક ગુણ નથી. એમાં તો અનંતા ગુણો છે. આત્મામાં ને આ પરમાણુમાં એક સત્ નામનો એકલો કાંઈ ગુણ નથી. એવા તો અનંતા ગુણ છે. અનેક અંત એટલે સ્વરૂપ ધર્મ. એવા દ્રવ્યનું સત્માત્ર સ્વરૂપ નથી. જેના અનંતગુણ છે તે એક ગુણવાળું જ નથી. એમ. કે **જેથી લક્ષ્ય લક્ષણના**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વિભાગનો અભાવ થાય.**જેથી લક્ષ્ય લક્ષણના જુદાપણાનો અભાવ થાય એમ.

એમ કે આ લક્ષણ સત્તાને દ્રવ્ય લક્ષ્ય એ જુદાપણું એક જ હોય તો તો અભાવ થાય, પણ બીજા ઘણા ગુણો છે માટે લક્ષ્ય લક્ષણના વિભાગનો અભાવ થતો નથી. **(સત્તાથી દ્રવ્ય અભિન્ન છે તેથી દ્રવ્યનું જે સત્તારૂપ સ્વરૂપ તે જ દ્રવ્યનું લક્ષણ છે.) પ્રશ્ન :- જો સત્તાને દ્રવ્ય અભિન્ન છે - સત્તા દ્રવ્યનું સ્વરૂપ જ છે, તો 'સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે એવો વિભાગ કઈ રીતે ઘટે છે?' ઉત્તર :- અનેકાંતાત્મક દ્રવ્યનાં અનંત સ્વરૂપો છે. ભગવાન આત્માના અનંત ગુણો છે. અનંત સ્વરૂપો છે. પરમાણુંના અનંતગુણો ને અનંત સ્વરૂપ છે. તેમાંથી સત્તા પણ તેનું એક સ્વરૂપ છે.** અનંતગુણ છે તેમાંની સત્તાપણ એક એનું સ્વરૂપ છે. એક જ સ્વરૂપ છે એમ નહીં. અનંત સ્વરૂપ છે તેમાં હોવાવાળાનો એક ગુણ છે. **તેથી અનંત સ્વરૂપવાળું દ્રવ્ય લક્ષ્ય છે.** જુઓ, એક જ સત્તા ગુણ હોય અને એક જ દ્રવ્ય હોય તો તો એકનું એક થઈ ગયું. પણ **અનંતગુણવાળું દ્રવ્ય તે લક્ષ્ય છે અને તેનું સત્તા નામનું સ્વરૂપ તે લક્ષણ છે**. આહાહા..!

**એવો લક્ષ્યલક્ષણવિભાગ અવશ્ય ઘટે છે.** એક જ ગુણ ને એક જ દ્રવ્ય હોય તો એ લક્ષ્યલક્ષણ ભાવ ઘટે નહીં. ન ઘટે. આત્મામાં અનંતગુણ છે. પરમાણુંમાં અનંતગુણ છે. એમાંથી એકગુણ લક્ષણ અનંતગુણવાળું દ્રવ્ય તે લક્ષ્ય તે લક્ષ્યલક્ષણ ભાવ ઘટે છે. **આ રીતે અબાધિતપણે સત્ દ્રવ્યનું લક્ષણ છે.** લ્યો. વિઘ્ન ન આવ્યું. નિર્દોષ સત્‌નું લક્ષણ છે. એક વાત કરી બીજી લેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

## સળંગ પ્રવચન નં.૧૮, ગાથા-૧૦
## પ્રવચન નં.૧૭
## તા.૧/૧૨/૬૯, કારતક વદ-૭, સોમવાર

આ પંચાસ્તિકાય સમયસાર છે. સર્વજ્ઞભગવાન પરમેશ્વર તીર્થંકરદેવે સર્વજ્ઞપણે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, એમાં ષટ્‌દ્રવ્યનું સ્વરૂપ જાણવામાં આવ્યું. ષટ્‌દ્રવ્યમાં એક કાળ અસ્તિ છે અને પાંચ છે તે અસ્તિકાય છે. કાળ છે ખરો પણ તેમાં ઘણા અંશોનું એકઠાપણું નથી. બીજા પાંચમાં અંશોનું એકઠાપણું છે એટલે એને અસ્તિ અને કાય કહ્યા છે. એના અહિંયા ત્રણ લક્ષણો વર્ણવ્યા છે. એક સત્‌દ્રવ્યલક્ષણમ્.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દરેક વસ્તુ છે સત્ છે એ અસ્તિત્વગુણ છે. એ ગુણ લક્ષણ છે અને વસ્તુ તેનું લક્ષ છે. કહો, સમજાણું કાંઈ?

એના હોવાપણાનો દરેક આત્મા, દરેક પરમાણું 'સતદ્રવ્યલક્ષણમ્'. દ્રવ્ય એટલે વસ્તુ છે તેનું સત્ હોવાપણું તે લક્ષણ છે. દ્રવ્ય લક્ષ છે. એના હોવાપણા માટે એનું લક્ષ દ્રવ્યમાં જાય છે. એના હોવાપણા માટે પર ઉપર લક્ષ જાય અને દ્રવ્ય લક્ષમાં આવે એમ છે નહીં. સમજાય છે કાંઈ? એક લક્ષણની વાત થઈ ગઈ. હવે બીજું લક્ષણ. આ ગાથામાં ત્રણ લક્ષણ છે.

અથવા ઉત્પાદવ્યયધ્રુવ દ્રવ્યનું લક્ષણ છે. શું કહે છે. દરેક આત્મા અને આ જે જડ પરમાણુ છે એમાં એક સમયમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ દ્રવ્યનું તત્ત્વનું લક્ષણ છે. લક્ષણ છે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ લક્ષ છે દ્રવ્ય વસ્તુ. સમજાણું કાંઈ? ઉત્પાદ, વ્યય (એટલે) નવી નવી અવસ્થા ઉત્પન્ન થવી, જુની અવસ્થાનો અભાવ થવો, એક જાતિનું એમ ને એમ ધ્રુવપણે રહેવું. આગળ એમ કહેશે, સ્વજાતિનો અત્યાગ. એમ દરેક આત્મા ને દરેક પરમાણું પોતપોતાના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ લક્ષણે લક્ષિત છે. સમજાણું કાંઈ? હવે એની ઉત્પાદની વ્યાખ્યા બાંધે છે. પહેલી વ્યય કહેશે.

**એક જાતિનો અવિરોધક એવો જે ક્રમભાવી ભાવોનો પ્રવાહ,** શું કહે છે? એક જાતિનો અવિરોધક જે ચૈતન્ય છે તે ચૈતન્યનો અવિરોધક, પરમાણું તે પરમાણું. એનો એક જાતિનો વિરોધ નહીં કરે એવો ક્રમભાવી. ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થા થાય એવા ભાવોનો પ્રવાહ. આત્મામાં ક્ષણે ક્ષણે નવી નવી પર્યાય થાય, જૂની જાય એવો ક્રમભાવી ભાવોનો પ્રવાહ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે. એમાં ઉત્પાદવ્યય થાય છે. નવી અવસ્થા ઉત્પન્ન થાય, વ્યય થાય પ્રવાહ. ક્રમે ક્રમે પ્રવાહરૂપ છે પણ કેવો છે કે એક જાતિનો અવિરોધક છે. ચૈતન્ય છે તેના ચૈતન્યનો પ્રવાહ જ ઉત્પાદવ્યયપણે પરિણમે. જડ છે તેનો જડપણે જ ઉત્પાદવ્યયપણે થાય. સમજાય છે?

આ પરમાણું છે જુઓ આ પરમાણું એમાં પણ એક પોતાની જડ જાત છે તેને વિરોધ ન થાય, અને નવી નવી અવસ્થા ને પુરાણી અવસ્થાનો પ્રવાહ વહે એને ક્રમભાવી પર્યાય અવસ્થા કહેવામાં આવે છે. ધર્મ માટે આવું સમજવાનું? ઓલું તો સામાયિક કરે ને બેઠા 'નમો અરિહંતાણં, નમો સિધ્ધાણં' જાવ લ્યો. નો થયું? કહે છે કે કયાં બેસવું ને કયાંથી ખસવું એની તો ખબર નથી. આ આત્મા અને આ દરેક પરમાણું જગતના જે અનંત દ્રવ્યો છે એની જાત છે, જે ચૈતન્ય તે ચૈતન્ય ને અચેતન તે અચેતન. અને અચેતનમાં પણ પરમાણું જડ તે જડ ને ધર્માસ્તિ તે ધર્માસ્તિ એની જાતના અવિરોધક જાત ફરે નહીં એવો એનો ઉત્પાદવ્યયનો પ્રવાહ જેમાં વહે એને ક્રમભાવી ઉત્પાદ, વ્યય અવસ્થા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

**એક જાતિનો અવિરોધક એવો જે ક્રમભાવી ભાવોનો પ્રવાહ,** એ શું જે વાત પહેલી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરી? ઉત્પાદવ્યય બધી ભેગી. પરમાણું છે આ પરમાણું જડ. એમાં પણ એની ક્રમે, ક્રમે, ક્રમે રંગ, ગંધ, રસ, સ્પર્શની જે પર્યાય ઉત્પન્ન થાય અને પુરાણી અવસ્થા જાય એવો પરમાણુંમાં જડને વિરોધ ન હોય. એવો અવિરોધક જડના પરમાણુંની રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાયનો ક્રમ પ્રવાહ વહેતો છે એને ક્રમભાવી ક્રમે ક્રમે થનારી અવસ્થા કહેવામાં આવે છે. કહો, પ્રભુભાઈ! આવું કોઈ દિ'સાંભળ્યું'તું? આટલા વર્ષ કાઢયા જૈનમાં જન્મે તોય સાંભળ્યું નથી? કહો, સમજાણું કાંઈ? પોતાની જાતને અવિરોધક એવો ક્રમભાવી ભાવો દેખો, એ ક્રમભાવી પર્યાયને પણ ભાવ કહેવામાં આવે છે. છે ને અસ્તિ છે ને? આત્મા, અનંત આત્મા ભિન્ન ભિન્ન અને અનંત પરમાણુંઓ ભિન્ન ભિન્ન, અસંખ્ય કાલાણુંઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ ક્રમભાવી પર્યાયોનો, ભાવો એટલે પર્યાયોનો પ્રવાહ. એક પછી એક, એક પછી એક આત્મામાં અને પરમાણુંમાં નવી નવી અવસ્થા થવી જુની જવી. એવા ક્રમે ક્રમે થવાવાળા પર્યાયો એનો જે પ્રવાહ તેમાં પૂર્વ ભાવનો વિનાશ તે વ્યય. એ પરમાણુંમાં એકેકમાં કે ચૈતન્યમાં પૂર્વ અવસ્થા છે તેનો નાશ, નવી અવસ્થાનો ઉત્તર ભાવનો પ્રાદુર્ભાવ. પૂર્વભાવ ભાવ એટલે પર્યાય પૂર્વની અવસ્થાનો વિનાશ તે વ્યય. ઉત્તર ભાવનું પ્રગટપણું વર્તમાન ભાવની ઉત્પત્તિ તે ઉત્પાદ છે.સમજાણું કાંઈ?

આત્મામાં પણ જે ક્રમે ક્રમે ઉત્પાદવ્યય થયા કરે છે એ આત્માનું ઉત્પાદવ્યય લક્ષણવાળું તત્ત્વ છે. એ ઉત્પાદવ્યય લક્ષણ દ્રવ્યને બતાવે છે, કે આ દ્રવ્યનો ઉત્પાદવ્યય છે. એ ઉત્પાદવ્યય પર દ્રવ્યને લઈને છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ આ બોલાય છે એ ભાષાના પરમાણું છે. અવાજ આવે છે ને? અવાજ આ ઊઠે છે એ. એમાં એ ભાષાની પર્યાયનો ઉત્પાદ, પૂર્વની સાધારણ વર્ગણા હતી એ પર્યાયનો વ્યય. એવો એ ક્રમભાવી પર્યાયનો પ્રવાહ વહે છે. અવિરોધક. જડને વિરોધરૂપે નહીં. ઉત્પાદવ્યય એમાં જડની જાતનો પ્રવાહ વહે છે.એવા ઉત્પાદવ્યયનું લક્ષણ અને તેના પરમાણું તે લક્ષ. એ ભાષા થાય છે (તે) આત્મા છે માટે ભાષા થાય છે એમ નથી. આરે! આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

અથવા આ હોઠ છે આ હોઠ, એ આમ આમ થાય છે કે નહીં? એ પરમાણુંમાં આમ આમ થઈ તેવી અવસ્થા થઈ. આમ હતી એ અવસ્થાનો વ્યય થયો. એ જડની જાતના પરમાણુંને વિરોધ ન આવે એવી સજાતીયનો ઉત્પાદવ્યયનો પ્રવાહ થયા કરે છે. એ આના પરમાણુંને લઈને છે. અને એને લઈને ભાષાની પર્યાયનો પ્રવાહ થાય છે એમ પણ નથી. આરે! આરે! ભારે ભાઈ! જબરું કામ છે? (મુમુક્ષુ :-હિન્દીમેં સમજાઓ) પહેલાં આવ્યા હોત તો હિન્દીમાં શરુ કરત. (હવે) ગુજરાતી થઈ ગયું. પહેલાં આવ્યા હોત તો હિન્દી થઈ જાત. સમજાય છે કાંઈ? સવારમાં હિન્દી થયું હતું. પહેલાં આવ્યા હોત ને તો હિન્દીમાં થઈ જાત. ગુજરાતી શરુ થઈ ગયું. સમજાણું આમાં?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ક્રમભાવી ભાવોનો પ્રવાહ તેમાં પૂર્વભાવનો વિનાશ તે વ્યય છે,** પછીના ભાવની એટલે કે વર્તમાન ભાવની ઉત્પત્તિ એમ. પાછો ઉત્તર ભાવ એટલે વર્તમાન ભાવની ઉત્પત્તિ. સમજાણું કાંઈ? આત્મામાં આત્માનો જ્ઞાનગુણનો જ્ઞાન પર્યાય પ્રગટ થાય. એ જ્ઞાનગુણનો પર્યાય ઉત્પન્ન થાય, પહેલી અવસ્થાનો વ્યય થાય, વર્તમાન અવસ્થાની ઉત્પત્તિ થાય એ જ્ઞાનગુણની જાતને ઓળંગ્યા વિના અવિરોધક જ્ઞાનની પર્યાયનો ઉત્પાદવ્યયનો પ્રવાહ ચાલે છે. એ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદવ્યય પ્રવાહ કર્મના ક્ષયોપશમને લઈને છે કે કર્મના ઉદયને લઈને છે, એમ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

જુઓ, **ક્રમભાવી ભાવોનો પ્રવાહ,** ઝીણું બહુ તત્ત્વ ઝીણું છે. વીતરાગનું તત્ત્વ વીતરાગે કહેલું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે. દરેક પરમાણું ને દરેક આત્મા ભિન્ન ભિન્ન જે તત્ત્વો છે તેની અવસ્થાનું ભિન્ન ભિન્ન પોતાની જાતના જાતને ઓળંગ્યા વિના, કંઈક પ્રવાહ વહે કે પહેલો થાય ચૈતન્યની પર્યાય ને બીજી થાય જડની પર્યાય, એમ છે ચેતનમાં? અને પરમાણુંમાં બદલે છે કહે છે બીજી અવસ્થા થાય. એ પરમાણુમાં પહેલી અવસ્થા જડની રંગની હતી અને બીજી અવસ્થા થઈ કાળીની ધોળી (અવસ્થા થઈ) પણ એ જડની જ અવસ્થા થાય. પહેલી અવસ્થા લીલી ને બીજી અવસ્થા જ્ઞાનની એમ પરમાણુંમાં થાય નહીં. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એકેક સમયનો આત્મા ને પરમાણુંનો પર્યાય પોતાના ઉત્પાદ લક્ષણે દ્રવ્ય લક્ષિત છે, વ્યય લક્ષણે દ્રવ્ય લક્ષિત છે અને ધ્રુવ લક્ષણે પણ દ્રવ્ય લક્ષિત છે. આ ઉત્પાદ થયો માટે પરનું લક્ષ કરીને થયો છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેવો પદાર્થનો સ્વભાવ છે અને જેવી રીતે તેનું ઉત્પાદ વ્યય થાય છે. એ રીતે ન માને ને ઉલટી રીતે માને તો પદાર્થની વિપરીત દૃષ્ટિ મિથ્યાત્વ થઈ. અને મિથ્યાદૃષ્ટિનો બધો ઉત્પાદ મિથ્યાત્વનો ઉત્પાદ ને મિથ્યાત્વનો વ્યય, ધ્રુવપણું કાયમ રહે એવી એની જાત છે. સમજાણું કાંઈ? રાગ એક વિકલ્પ છે, વિકાર છે, એ મને ધર્મ છે અને ધર્મનું કારણ છે. એવી જે મિથ્યાત્વ માન્યતા, એ મિથ્યાત્વની વર્તમાનમાં ઉત્પત્તિ થવી, પુરાણા મિથ્યાત્વનો વ્યય થવો અને એ મિથ્યાત્વ ચૈતન્યની જાતનો ભાવ છે. એ કાંઈ જડની જાતનો નથી. એ મિથ્યાત્વ ઉત્પન્ન વ્યય થાય, ઉત્પન્ન વ્યય થાય તે ચૈતન્યને ઓળંગીને નહીં. ચૈતન્યની જાતની જાતમાં આ જાત થાય છે. સમજાણું કાંઈ?

**એક જાતિનો અવિરોધક એવો ક્રમભાવી ભાવોનો પ્રવાહ,** જુઓ ભાષા કેવી લીધી? એક તો એક જાતિનો અવિરોધક એની જાત છે તેની વિરોધ.... પરમાણું છે તે પરમાણુંની જાતને નહીં આત્મા છે તે આત્માની જાતને નહીં વિરોધે, એની જાતની-જાતની ઉત્પાદ -વ્યય દશા, એમ કે નવું થાય તો કાંઈ બીજું થઈ જાય તો? એમ. આત્મામાં નવી પર્યાય થાય તો કોઈ જડની થઈ જાય તો? પરમાણુંમાં નવી પર્યાય થાય તો કોઈ ચૈતન્યની થઈ જાય તો? એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

ક્રમભાવી ભાવોનો પ્રવાહ તેમાં પૂર્વ અવસ્થાનો વિનાશ તે વ્યય છે. ક્રમભાવી ભાવોનો એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાતિનો અવિરોધક એવો જે **પૂર્વ અવસ્થાનો વિનાશ તે વ્યય છે. ઉત્તર(ભાવ)નો પ્રાદુર્ભાવ વર્તમાનની ઉત્પત્તિ તે ઉત્પાદ છે.** પરમાણુંની પર્યાયનો ઉત્પાદ ઉત્પાદને લઈને છે. એના પરમાણુંના ઉત્પાદને લઈને એ ઉત્પાદ એમ બતાવે છે કે પરમાણું તેનું લક્ષ છે. ઉત્પાદ તેનું લક્ષણ છે. બીજી ચીજને લઈને એમાં ઉત્પાદ થાય છે એમ છે નહીં. સમજાણું કાંઈ? દૂધની અવસ્થાનો વ્યય થવો, દહીંની અવસ્થાની ઉત્પત્તિ થવી, એવા જે પરમાણુંમાં ઉત્પાદ-વ્યયનો પ્રવાહ તે પરમાણુંની જાતને ઓળંગ્યા વિના અવિરોધ પ્રવાહ ચાલે છે. સમજાણું કાંઈ?

અને પૂર્વ-ઉત્તર ભાવોનો વ્યય-ઉત્પાદ થતાં પણ, પાછી ભાષા જુઓ ભાઈ! દરેક આત્મા અને દરેક પરમાણું પૂર્વ અને ઉત્તર, પૂર્વ એટલે વ્યય ને ઉત્તર એટલે વર્તમાન ઉત્પાદ્. એની પર્યાયોના વ્યય ને ઉત્પાદ થતાં પણ સ્વજાતિનો અત્યાગ. ઓલામાં પ્રવાહમાં ઉત્પાદવ્યયમાં એક જાતિનો અવિરોધક હતો અને આ સ્વજાતિનો અત્યાગ. ભગવાન આત્મા એનો ઉત્પાદ-વ્યયપણે પ્રવાહ વહે છતાં તેની સ્વજાતિ ચૈતન્ય છે તેનો ત્યાગ ન થાય. ધ્રુવપણું તો કાયમ રહે. આરે! સમજાણું કાંઈ? આ વાત સર્વજ્ઞ સિવાય અને એમાંય દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય બીજે હોઈ શકે નહીં. આ તો કેટલા વર્ષ ત્યાં મુંડાવ્યું? હતી આ વાત ત્યાં સાંભળી'તી? ત્યાં પંચાવન વર્ષ થયા લ્યો. ન્યાં ક્યાંય સાંભળી'તી? ઉપધાન કર્યા હતા, બધું બહુ કર્યું હતું. પાંત્રીસ ઉપધાન ને ફલાણા ઉપધાન ને ઊઠબેસ કરી ભગવાન પાસે ઊઠબેસ કરી ઉઠામણા. ઉઠમણું છે ને બીજું શું છે?

એ કહે છે કે પરમાણુંમાં આમ આમ થયું, એ તો પરમાણુંને લઈને થયું. આત્માને વિકલ્પ આવ્યો કે આ ઉઠબેસ થાય માટે ત્યાં આમ ઉત્પન્ન થયું છે એમ નથી. અજ્ઞાની એમ માને છે કે મેં આનો વિકલ્પ કર્યો ને ત્યારે મારે ઉઠવું છે ને બેસવું છે, એથી આ ઊઠબેસની પર્યાય થાય છે. મિથ્યાદષ્ટિનું લક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? એ ઉપધાન કર્યા ને મિથ્યાત્વને બાંધ્યું એમ કહે છે. એ વળી ધર્મ જુદો આ તો મેં પહેલી તો જડની પર્યાયની વાત કરી. આ તો ઊઠબેસ આમ-આમ થાય એ તારે લઈને થાય છે. આ આત્મા છે માટે આમ-આમ થાય છે ને? એ અહીં ના પાડે છે.તારી માન્યતા જુઠી છે. એ પરમાણુંમાં ઉત્પાદ થવાનું લક્ષણવાળું-વ્યય થવાનું લક્ષણવાળું એ જ દ્રવ્ય છે. એનો ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તેના પરમાણુંમાં પરમાણુંને લઈને છે. આત્માને લઈને એમાં કાંઈ ઊઠબેસ થાય એવો એનો સ્વભાવ એનામાં નથી. આત્મા એને કાંઈ ઉત્પન્ન કરે એવી કાંઈ સત્તા આત્મામાં નથી. આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આમ બેઠો તો શરીર આમ હતું લ્યો! ઊભો થયો, જય ભગવાન. કહે છે કે પરમાણુંમાં જે પહેલી અવસ્થા આમ હતી, એનો વ્યય થયો, આમ ઉઠયો એનો ઉત્પાદ થયો. પણ એ એની પરમાણુંની જાતને વિરોધ કર્યા વિના એની જાતમાં થયો છે. અને એનું જે ધ્રુવપણું છે તે ધ્રુવપણાનો અત્યાગ, ઉત્પાદ-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યય થાય છતાં ધ્રુવપણાનો અત્યાગ. ધ્રુવપણું રહીને થાય છે. સમજાણું કાંઈ? આરે! ભારે વાત.

આ વેપાર બેપાર કોણ કરે છે આમાં એમ આવે છે. પ્રભુભાઈ! બહુ હોંશિયાર હોય ને ગુણી ફેરવે ને આ ફેરવે ને અહીં ના પાડે છે. કોઈ ધંધો કરતું નથી એમ અહીં કહે છે. અરજાણભાઈ શું છે આ? કહે નામું બામું લખે છે (તે) કોણ લખે છે? એમ કહે છે. એ પરમાણુંઓ પહેલાં જે અક્ષરની પર્યાયપણે નહતા એ બીજી પર્યાયપણે હતા. એ પર્યાયનો વ્યય થઈને અક્ષરની પર્યાયપણે ઉત્પન્ન થયો. પણ એ પરમાણુંની જાતથી ઓળંગીને થયો નથી. એની જાતને રાખીને એ થયો છે. પ્રવાહ પરમાણુંમાં થયો ને પરમાણુંની જે ધ્રુવતા છે તેને અત્યાગીને થયો. પર્યાયનો વ્યય થઈ જાય પણ વ્યય થતાં કાંઈ ધ્રુવનો અભાવ થઈ જાય છે એમ છે નહીં.અને ઉત્પાદ નવી પર્યાયનો થાય છતાં ધ્રુવ નવું ઉત્પન્ન થાય છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આરે! ભારે ઝીણું. એટલે માણસને એવું (અઘરું) પડે છે ને. સારા સોનગઢની વાત આકરી એમ કહે છે. સોનગઢની છે કે ભગવાનના ઘરની છે? હેં? હવે એને સમજવું નથી અને પોતાનો ધોકો મુકવો નથી. આહાહા! એવી વાત છે ભાઈ! એક પરમાણું પણ સાંભળવા છતાં પણ એને અંદરથી (એમ થાય છે કે) આ નહીં. એમ નહીં. કહે, ભગવાન પાસે જા. ભગવાનને કહે કે તમે કીધું છે તે અમને બેસતું નથી. જાય શેના ભગવાન પાસે તત્ત્વનો વિરોધ કરે એ? સમજાણું કાંઈ? ભારે વાત કરી. એક ગાથામાં એકેક ગાથામાં તો આખી દુનિયાનું રહસ્ય ભરી દીધું છે.

ભગવાને છ દ્રવ્યો કહ્યા અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુંઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ છએમાં ઉત્પાદ-વ્યયનો પ્રવાહ અવિરોધક, એ દ્રવ્યની જાતને છોડયા વિના ઉત્પાદ વ્યય થાય છે. અને તે ઉત્પાદવ્યય થાય છતાં તેના દ્રવ્યનો અત્યાગ થાતો નથી. એટલે ત્યાગ થાતો નથી. દ્રવ્યના અત્યાગરૂપે રહે છે. દ્રવ્ય એવું ને એવું રહે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્વ-ઉત્તર પર્યાયોના વ્યયઉત્પાદ થતાં પણ, સ્વજાતિનો અત્યાગ ચૈતન્ય ચૈતન્યને ધ્રુવનો અત્યાગ. ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ છે. એમાં ઉત્પાદ-વ્યય પોતાના થવાં છતાં પોતે ધ્રુવ ઊપજે છે અને ધ્રુવ વ્યય પામે છે એમ નથી. સમજાણું કાંઈ? આ તે નવરા કયાં? કરોને વ્રત પાળો ને ભકિત કરો ને પૂજા કરો ને જાત્રા કરો ને થઈ જાશે ધર્મ. હવે ન્યાં ધૂળેય ધર્મ નથી સાંભળને? હજી જડ ને ચૈતન્યની ભિન્ન દશાના ભાન નથી (ત્યાં ધર્મ કેવો?) સમજાણું કાંઈ?

પછી વળી રાગનો જે પુણ્યનો વિકલ્પ ઊઠે છે એનાથી મારી જાત સ્વભાવ જુદી છે એના ખબર વિના ધર્મ કયાંથી આવતો'તો? ધર્મ કાંઈ ઉપર લટકે છે? સમજાણું કાંઈ? આમાં મગજ કામ (કરે નહીં) વકીલોનો મગજ કામ કરતો હશે? વેપારીનો કામ નહીં કરતો હોય? એય! વકીલોય કેટલાય ઠોઠ હોય છે. નહીં? નહીં ઈ તો વળી બુધ્ધિમાં હોય પણ ઠોઠેય હોય. એક તો અમારા ગામમાંય એક હરિભાઈ કરીને ઉમરાળાના વકીલ હતા કાળા, કાંઈ પેદાશ ન મળે. આજીવિકાય પૂરી થાય નહીં. હેરાન હેરાન.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઈ આજીવિકા કહે છે કે પરમાણુંની પર્યાય છે. એનો ઉત્પાદ અહીં આવવો ને અહીં ન આવવો ઈ તો એના લક્ષણ છે. ઈ જડના લક્ષણ છે. કાંઈ તારા વિકલ્પથી ત્યાં પરમાણું આવે? વકીલના ડહાપણથી ન્યાં આવે તો રામજીભાઈને પૂછવા આવશે લ્યો આનું લ્યો પાંચસો રૂપિયાનું કરી દયો માટે પૈસા આવતા હશે? ભઈ ડહાપણને લઈને પૈસા આવે ડાહ્યો માણસ પૈસા રળે લ્યો! એ ભગવાનજીભાઈ..! નથી કમાતો? (મુમુક્ષુ :- રામજીભાઈ તો ડહાપણવાળા કહેવાય છે?) કાંઈ જ ન મળે બહાર પૈસા હોય એને લઈને લોકો ડહાપણવાળા કહે. ક્યાંનું ક્યાં ફેરફાર થઈ જાય છે.

જડની પર્યાય છે એને ઉપજાવે કોણ એને બદલાવે કોણ અને એને ટકાવે કોણ? એ તત્ત્વ પોતે જડ નવી અવસ્થાએ ઊપજે, જૂનીએ વ્યય થાય અને ધ્રુવે ટકી રહે. તારે લઈને એમાં કાંઈ થાતું નથી. ભારે વાત. સમજાણું કાંઈ? **સ્વજાતિનો અત્યાગ તે ધ્રૌવ્ય છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-કે જે સામાન્ય આદેશે અભિન્ન છે.** શું કીધું? આત્મા વસ્તુ અને પરમાણું અનંત પદાર્થ છે. એમાં ઉત્પાદ-વ્યયનો પ્રવાહ છે અને ધ્રુવ અત્યાગ છે. ધ્રુવપણું કાયમ છે. એ ત્રણને જોઈએ તો દ્રવ્ય સાથે અભેદ છે. વસ્તુથી સામાન્યપણે દેખીએ તો એક છે. **સામાન્ય કથને દ્રવ્યથી અભિન્ન છે.** વિશેષ કથને ભિન્ન છે. કેમ કે ઉત્પાદવ્યય એવા ત્રણ પડયાને? અને દ્રવ્ય નામ દ્રવ્યનું, ઉત્પાદવ્યયનું નામ બીજું, ઉત્પાદવ્યય ધ્રુવનું લક્ષણ ને આ દ્રવ્ય લક્ષ. એટલે ત્રણે વિશેષ પ્રકારથી કે દ્રવ્યથી તદ્દન ભિન્ન ભિન્ન જાણવામાં આવે છે. ભિન્નતા કરતાં બહારમાં છે એમ નહીં હો. એમાં ત્રણ ભિન્ન પ્રકાર પડયાને? **યુગપત્ વર્તે છે.**

છતાં એક જ સમયમાં આત્મામાં ને પરમાણુંમાં એક જ સેકન્ડના અસંખ્યમા ભાગમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એકહારે વર્તે છે. સમજાણું કાંઈ? આ પરમાણુંઓ છે એ આમ ઊપજે છે. જુઓ, આમ હાલ્યું, આમ સ્થિર હતું એ ઉત્પાદવ્યય છે એનો પ્રવાહ છે, આત્માને લઈને નહીં. અને ધ્રુવતા એની ઉત્પાદવ્યય થયો ઊપજી પર્યાય માટે ધ્રુવ નવું ઉપજયું છે? અવસ્થા બદલી માટે ધ્રુવ બદલી ગયું છે? એમ નથી. ધ્રુવ તો ધ્રુવ જ છે. એમ આત્માના જ્ઞાનની પર્યાય એક હિણી હતી એ વ્યય થઈ, વિશેષ ઉત્પન્ન થઈ, એવો પ્રવાહ ચાલતો હોવા છતાં ચૈતન્યની જાતને ઓળંગ્યા વિના એ જડની પર્યાય નથી કાંઈ. અહીં તો હજી રાગને સ્વભાવભૂત કહેશે.સમજાણું કાંઈ? આત્મામાં રાગની અવસ્થા ઉત્પન્ન થાય, તીવ્રની વ્યય થાય, મંદની ઉત્પન્ન થાય, એવો ઉત્પાદ-વ્યય હોવા છતાં ચારિત્રગુણવાળું તત્ત્વ એ તો ધ્રુવ છે ચારિત્ર તો ધ્રુવ છે. અંદર જે ચારિત્રગુણ છે એ તો ધ્રુવ છે. આહાહા..! એ ત્રણે યુગપદ્ પ્રવર્તે છે.

આત્મામાં ને આ એકેક પરમાણુંમાં નવી અવસ્થા, જૂની અવસ્થાનો પ્રવાહ અને ધ્રુવ એક સમયમાં ત્રણ છે. ઉત્પાદ થાય તેનો સમય જુદો, વ્યય થાય તેનો સમય જુદો, ધ્રુવ તેનો સમય જુદો એમ નથી. આ તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. ફુલચંદભાઈ હોય ત્યારે આ વાંચ્યું નહતું. આહાહા! શાંતિથી તારું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોવાપણું તારામાં, ઉપજવું પણ તારે લઈને તારામાં, જડનું ઉપજવું જડને લઈને એનામાં, એને ઠેકાણે તું (કહે કે )હું છું તો આ જડની વ્યવસ્થા થઈ, મિથ્યાદષ્ટિ જડને ચૈતન્ય માને છે.અથવા જડની પર્યાય એ જડની શકિત વિનાનું તત્ત્વ હતું, મેં શકિત આપી એટલે જડની શકિત વિનાનું એને ચૈતન્યની શકિતવાળો જડને માન્યો. સમજાણું કાંઈ?

અહીં નીચે એક જીવ છે. (એને) આમ આંગળીથી ઉપાડે છે. એ આંગળીનો પર્યાય જે આમ છે એનો આમ થયો, એ પહેલી પર્યાયનો પરમાણુંમાં વ્યય થયો, બીજીનો ઉત્પાદ થયો એને લઈને જીવ આમથી આમ થયો એમ નથી. સમજાણું કાંઈ? એ ત્યાંનો જે જીવ હતો એની અવસ્થા ત્યાં ઉત્પન્ન હતી ત્યાં આમ જયાં ગઈ તેની અવસ્થાનો વ્યય થયો. નવી અવસ્થા ઉત્પન્ન થઈ. ધ્રુવ તો રહ્યું. એ આંગળીને લઈને જીવ ત્યાંથી આમ આવ્યો છે એમ નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ!

એક માણસ કહે કે ભઈ આ પાંચ લાખ રૂપિયા હું આપું છું. નોટ શું કહેવાય તમારી નોટું નોટું. દસ દસ હજારની નોટ. ભગવાન કહે છે દસ હજારની નોટમાં જે ધ્રુવ રજકણ છે એની પર્યાયપણે પહેલાં અહીં હતા. એની અવસ્થા બદલીને આમ ગઈ. એ ઉત્પાદવ્યયનો પ્રવાહ જડનો જડમાં થયો અને પરમાણુંનું ધ્રુવપણું કાયમ રહ્યું. જોડે ઉભેલો જીવ દાનનો કદાચિત રાગ મંદ હોય અને તેથી આ પૈસા મારી પાસેથી ગયા અને મેં આપ્યા. એ જડનો સ્વામી ધણી થઈને મિથ્યાત્વને સેવે છે. શું પણ બરાબર? પૈસા જાય ને મિથ્યાત્વ થાય? કહો શું છે આમાં?

આ ભગવાનની મૂર્તિ સ્થાપી, ધ્યાન રાખજો. કહે છે કે એ તો પરમાણુંનો સમુદાય છે. એ પરમાણુંના સમુદાયનો પર્યાય ઉત્પન્ન થઈને પૂર્વની અવસ્થાનો વ્યય થઈને જયાં સ્થપાણી એ એના પર્યાયમાં ઉત્પાદવ્યય થયા. એ ઉત્પાદવ્યયનું મૂળ લક્ષ તો પરમાણું છે. આત્માથી ત્યાં સ્થપાય છે ને આત્માથી પરમાં કાંઈ થાય છે એ વાત તદ્ન મિથ્યાત્વથી માનેલી છે. આહાહા! ભારે કામ ભાઈ! અથવા મેં ભગવાનને દેખ્યા માટે મને શુભભાવ થયો. કહો, બરાબર છે? નહીં? લે? શુભભાવ તો અહીં ચારિત્રગુણનો ઉત્પાદવ્યયનો જે પ્રવાહ છે એમાંથી શુભભાવ થયો. અશુભ વ્યય થયો, શુભ થયો અને ચારિત્રગુણ ધ્રુવપણે રહ્યો. એ ત્રણ તો એક સમયે એકમાં વર્તે છે. એને ઠેકાણે એ શુભભાવ આનાથી થયો, એ બે દ્રવ્યને એક માનવાની માન્યતા મિથ્યાદષ્ટિની છે. એય! હવે શું? હજી તો તમારે આ બધું કરવું છે ને? આપણે પ્રેમચંદભાઈ કહેતા હમણાં રહેવા દયો મારા થયા પછી કહેજો. એમ કહેતા ને? પ્રેમચંદભાઈ હતા ને? હેં! જે થવું હોય એ થયા પછી કહેવું. પહેલું નહીં. પણ પહેલે ને પછી બધું છે એ છે આ. આહાહા..!

ભગવાન તારી ચીજમાં તારાપણું ને પર ચીજમાં પરપણું બે કોઈ દિ' એક થાતું નથી. આહાહાહા..! **યુગપદ્ પ્રવર્તે છે.** હવે કોણ યુગપદ્ વર્તે છે? અનંત આત્મા અને અનંત પરમાણું એની એક સમયમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સેકન્ડના અસંખ્યમાં ભાગમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એક સમયમાં એક સાથે યુગપદ હોય છે. એક સમયમાં બીજે સમયે એમાં આઘું પાછું થતું નથી. કે ધ્રુવ પહેલું રહે ને ઉત્પાદ પછી થાય ને વ્યય પહેલો થઈ જાય. કેમ નાશ થયા પછી ઉત્પાદ થાય ને? અંધારાનો નાશ પહેલો થાય ને અજવાળાની ઉત્પત્તિ પછી થાય. અંધારાનો વ્યય થાય તે જ સમયે અજવાળાની ઉત્પત્તિ થાય ને તે જ સમયે પરમાણું ધ્રુવપણે કાયમ રહે. એ અજવાળાને બીજો કહે કે હું દીવો કરી દઉં છું તે વાતમાં માલ કાંઈ છે નહીં. એમ કહે છે. આહાહા..! ભારે આવી વાતું ભાઈ! પહેલેથી આવું સાચું શીખવું? હેં? (મુમુક્ષુઃ- ખોટું શીખાય?) હા, કહેતા'તા ને આપણે શાસ્ત્રથી જ્ઞાન થાય નહીં. લ્યો, હરીભાઈએ નથી લખ્યું? બાળપોથીમાં? ઓલા કહે કે શાસ્ત્રથી જ્ઞાન થાય નહીં. પહેલેથી છોકરાઓને આવું શીખવવું? (મુમુક્ષુઃ- એ તો કુંદકુંદાચાર્યએ કહ્યું છે.) બધું કુંદકુંદાચાર્યએ કહ્યું છે. શાસ્ત્ર કાંઈ જાણતા નથી આ તો જડ છે. સમજાણું કાંઈ? જડના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ જડમાં છે. આ એને લઈને અહીં જ્ઞાન થાતું નથી. એમ કહે છે. આરે! આરે! ભારે વાત ભાઈ! આ તો નગ્ન સત્ય છે. ખુલ્લું સત્ય. લોકો નથી કહેતાં ખુલ્લો પત્ર. આવે છે ને ભાઈ કાંઈક છાપામાં આવે છે ને? ખુલ્લો પત્ર. છાપામાં આવે છે. એવું આવે છે ને? ખુલ્લો પત્ર. જાહેરનામું આપીએ છીએ. ભગવાન કહે છે કે ખુલ્લો પત્ર લખીએ છીએ. કે કોઈ કોઈ પરમાણુંની પર્યાયનો ઉત્પાદ બીજો આત્મા ને બીજો પરમાણું કરે એ ત્રણ કાળમાં બનતું નથી. એ રીતે ખુલ્લા પત્રને તું વાંચજે. આહાહા! ખુલ્લો જ રાખ્યો છે ને? આમાં કયાં કાંઈ ખાનગી રાખ્યું છે? 'એવં ભણંતી સવ્વં' એવું સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ અરિહંત ભગવાન, મહાવીર પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળનું જ્ઞાન (છે). એવા અનંત તીર્થંકરો કેવળીઓ એમ ફરમાવે છે, તું જો મહાવીરને શરણ માનતો હો તો સર્વજ્ઞ ને મહાવીર એમ કહે છે કે પરમાણુંની કોઈપણ પર્યાયમાં તારો અધિકાર નથી.એના ઉત્પાદવ્યયનું લક્ષણ એનું ને દ્રવ્ય એનું લક્ષ. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ.

અમે બીજાને સમજાવી દઈએ. કહે છે કે તારો અભિપ્રાય મિથ્યા છે. કેમકે આત્મા છે એ તો એમાં જ્ઞાનની પર્યાય છે એ તો અહીં વર્તે છે. એ જ્ઞાનની પર્યાય ન્યાં એની પાસે જાય છે? જ્ઞાનગુણનો ઉત્પાદવ્યય થાય તો આત્માની પર્યાયમાં થાય. જ્ઞાનગુણમાં એની પર્યાયમાં થાય. એ ઉત્પાદવ્યય ન્યાં થાય? અહીં જ્ઞાનના ઉત્પન્નને લઈને ન્યાં જ્ઞાન ઉત્પન્ન થાય? ન્યાં એનો જ્ઞાનગુણ જે છે એની પર્યાયનો ઉત્પાદ ન્યાં થાય. પૂર્વ અવસ્થાનો વ્યય થાય અને જ્ઞાન ધ્રુવપણે રહે. આ ભાઈલાલભાઈ રહ્યા. ભાઈલાલભાઈ! તમને નવાણુંમાં કીધું'તું ખબર છે ને? સહી કરવાનું કીધું'તું. ન્યાં જાશો નહીં. કાનજી નામ છે તો કાન બુટ્ટી પકડાવશે. સવારમાં સહી કરવા માટે. હેં? સંઘે લખાણ કરવા. હતું ને ભાઈલાલભાઈ? ભાઈ ગયા'તા. લ્યો કહે કે કાનજી નામ છે એનું. ન્યાં જાશો તો કાન બુટ્ટી પકડાવશે. પછી નહીં ખસો. એય શાંતિભાઈ..! ભાઈલાલભાઈને આમ થયું'તું. નવાણુંની વાત છે ને? પહેલાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્યારે નવાણુંમાં નીકળ્યાને (ત્યારે) ખળભળાટ ખળભળાટ થઇ ગયો. સ્થાનકવાસીમાં ખળભળાટ થઇ ગયો. આ પહેલાં નીકળ્યાને આ બધો ફેરફાર થઇ ગયો. ન્યાં જશો નહીં, જાવું નહીં બાપા! જો જાશો તો એ કાન બુટ્ટી પકડાવે છે કે આ આમ છે એમ બીજું ન હોય.

અરે! ભગવાન! બાપુ! તારે કાનને આત્મા છે કે નહીં? હેં? તું આત્મા છો ને ભગવાન. તારી જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ જ્યાં જાય ત્યાં તારાથી થાય છે. કોઇ પરથી થાય છે એમ છે નહીં. આહા! બહુ ઝીણું. હવે જરીક આવ્યું. એક તો એમ કહ્યું કે ત્રણે ભેદ દ્દષ્ટિએ દ્રવ્યથી ભિન્ન છે. છતાં ત્રણે ઉત્પાદવ્યયધ્રુવ એક સમયે વર્તે છે. છતાં સ્વભાવભૂત છે એવો. ત્રણે સ્વભાવભૂત છે ત્રણે. આહા! એય..! આત્મામાં પણ ચારિત્રગુણનો વિપરીત રાગ પર્યાય ઉત્પન્ન થાય અને પૂર્વનો પર્યાય વ્યય થાય તે પણ સ્વભાવભૂત છે. એની પર્યાય છે ને એમ કહે છે. (મુમુક્ષુઃ- એનો ભાવ છે કે બીજાનો છે)એનો ભાવ છે ને? ઇ અપેક્ષાએ સ્વભાવભૂત છે. 'સ્વસ્ય ભવનમ્' પોતાની પર્યાયમાં રાગ થાય છે માટે તેને સ્વભાવ કહેવામાં આવે છે. સ્વભાવ એટલે ઓલો અહીં વિભાવ ને અહીં સ્વભાવ એમ અત્યારે અહિંયા નથી કહેવું. પણ એની પર્યાયમાં પોતામાં રાગ થાય એ માટે એની સ્વભાવભૂત દશા છે. આહાહા..!

અહીં તો પરથી જુદું પાડીને પોતાનું અસ્તિત્વ પોતામાં બધું સમાઇ જાય છે એ સિધ્ધ કરવું છે ને? પછી રાગનો જે વિકલ્પ ઊઠે છે એ સ્વભાવ નથી વિભાવ છે માટે સ્વભાવધ્રુવ ચૈતન્યભગવાન છે એની દ્દષ્ટિ કર તો સ્વભાવ ધર્મની પર્યાય ઉત્પન્ન થાય અને રાગની પર્યાયની એકતાબુધ્ધિનો નાશ થાય અને ધ્રુવપણું ચૈતન્યનું કાયમ રહે એને ધર્મ થાય છે. આહાહા..! કેટલાક એમ કહે કે બોલવામાં જ રાખવું છે કે નહીં? અરે ભગવાન બોલે કોણ પ્રભુ? આહાહા..! આ તો સમજવાની વાત છે. એને બોલે કોણ ને બોલવામાં રાખે કોણ? સમજાણું કાંઇ?

અંતરના સ્વભાવનું સ્વરૂપ સ્વભાવભૂત છે. કહે છે, આત્મામાં શુભ રાગની ઉત્પત્તિ થઇ અશુભ રાગનો વ્યય થયો, ચારિત્રગુણનું ધ્રુવ અને દ્રવ્યનું ધ્રુવપણું રહ્યું એ ત્રણે સ્વભાવભૂત છે. એના સ્વભાવની ત્રણ દશા છે. એ પરને લઇને નથી. આહાહા..! સમજાણું કાંઇ? **દ્રવ્યનું લક્ષણ છે.** લ્યો. એ ત્રણે દ્રવ્યનું લક્ષણ છે. એ રાગ ઉત્પાદ લક્ષણ, દ્રવ્ય લક્ષ. આરે! ભારે વાત ભાઇ! ઓલામાં કહે કે જ્ઞાન લક્ષણ ને આત્મા લક્ષ. એ તો તદ્દન ગુણથી ને બધાથી ભિન્ન પાડી ને જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે એવો સ્વભાવ બીજો ગુણેય નથી એવો બીજામાં નથી. એથી જ્ઞાન તે લક્ષણ છે, લક્ષ તે આત્મા છે. રાગ લક્ષણ છે ને આત્મા લક્ષ છે ત્યાં એમ સિધ્ધ નથી કરવું.અહીં તો પરથી દ્રવ્ય ભિન્ન લક્ષ સિધ્ધ કરવું છે. એટલે રાગ લક્ષણ છે અને આત્મા દ્રવ્ય તે લક્ષ છે. સમજાણું કાંઇ? માળા! એક ઠેકાણે કાંઇ આવે ને બીજે ઠેકાણે કાંઇ આવે. (મુમુક્ષુ :- એ તો બરાબર છે વિરોધ હોય નહીં) વિરોધ નથી ભાઇ તને સમજવામાં ફેર પડે છે. અહીં તો એકેક તત્ત્વ બીજાથી તદ્દન ભિન્ન છે. આ એકેક પરમાણું છે નાકની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપર એની એકેક અવસ્થા ઉત્પાદ, વ્યય ને ધ્રુવ તે પરમાણુંનો સ્વભાવભૂતભાવ છે. આ બીજા પરમાણુંને લઈને એમાં છે ને આત્માને લઈને એમાં છે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા.!

તાણીને બોલો, એમ નથી આવતું? કોણ બોલે છે ભાઈ તને ખબર નથી. એ તો પરમાણુંની અવાજની અવસ્થા તે જડમાં જડને લઈને થાય છે. એને ઠેકાણે આત્મા એમ માને કે બીજો એમ માને કે એણે ભાષણ બહુ સારું કર્યું. એમની ભાષા એવી સચોટ છે, ભાષા આત્માની છે? (મુમુક્ષુઃ- પંડિતજીની ભાષા સચોટ નથી?) સચોટ નથી? હેં! એય..! આહાહા..! ભાષા કોની હોય ભગવાન? ભાષા ભાષાની હોય. આત્માની ભાષા હોય? આત્માનું જડ હોય? (મુમુક્ષુ :- બોલાય છે ને?) એ તો વ્યવહારથી ઓળખાવે કે નિમિત્ત કોણ હતું. જોડે ભાષા વખતે નિમિત્ત કોણ હતું, એટલે કહે કેવળીની વાણી (નિમિત્ત હતી). કેવળીની દિવ્યધ્વનિ બોલાય એ તો વાણીમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કારાવવા.બાકી વાણી નિમિત્ત છે માટે થાય છે, બિલકુલ નહીં. આહાહા..!

ઓલા કહે છે ને ભગવાનની વાણી છાંસઠ દિવસ ન છૂટી. શ્વેતાંબર કહે છે કે વાણી નીકળી પણ કોઈ ધર્મ પામનારા નહોતા. અભાવિયા પુણ્યના એમ કોઈ દિવસ હોઈ શકે નહીં કોઈ દિ' વીતરાગની વાણી નીકળે ને ધર્મ પામનારા ઉપાદાન ન હોય એમ બની શકે નહીં. ત્યારે ઓલા કહે છે કે ગણધર આવ્યા ત્યારે વીતરાગની વાણી નીકળી એય ખોટી વાત છે. વાણી વાણીને કાળે ઉત્પન્ન થઈને વાણી નીકળી છે. એ કેવળીએ વાણી કરી નથી અને ગણધર આવ્યા માટે વાણી નીકળી છે એમ પણ નથી. હેં? દેવો કહેતા- આવું થતું જ નથી. એમ કે પહેલી સભામાં દેવ હતા મનુષ્ય નહતા. ખબર છે ને. બધું ખોટું છે. વીતરાગની વાણી પૂર્વે આવો વિકલ્પ હતો કે હું પૂર્ણ થાઉં કે દુનિયા ધર્મ પામે. તો વિકલ્પમાં એવો બંધ થઈ ગયો કે વાણી વખતે ધર્મ પામનારા ન હોય એમ બને નહીં. સમજયા? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. છતાં વાણીને કારણે ધર્મ સમજે છે એવું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

દસ અછેરા કહે છે ને? દસ અછેરા ખોટી વાત તદ્દન જુઠ્ઠી વાત. કલ્પિત ઊભી કરેલી વાત છે. ભારે વાતું ભાઈ! દુનિયાની હારે કયાંય મેળ ખાય એવું નથી. અહીં તો પરમેશ્વર કહે છે, એ વાણીનો અવાજ છૂટે છે એ ઉત્પાદવ્યય ને ધ્રુવના ત્રણ લક્ષણે દ્રવ્ય સ્વભાવભૂત છે માટે થાય છે. એ આત્મા જોડે છે માટે ભાષા થાય છે એમ નથી. ભગવાનનું કેવળજ્ઞાન એટલે એની દિવ્યધ્વનિ ઊંચી વાણી નીકળે એમ વ્યવહારથી નિમિત્ત ઊંચું હોય એમ બતાવવા વાત કહેવાય છે. વાણી તો વાણીને કારણે તે કાળે સ્વતંત્ર ઉત્પાદ્દ, વ્યય ને ધ્રુવ થાય છે.સમજાય છે કાંઈ? આ તો બધો ગયા કાળનો ભૂંસાળીયો વાળવો પડે. કેટલીય માન્યતા કરી રાખી હોય ને? આનું આમ થાય ને આનું આમ થાય ને. આહાહા..!

તેઓ દ્રવ્યનું લક્ષણ છે. લ્યો ઠીક. ભગવાન આત્મા એમાં ઊપજે ને એવી અનંતગુણની અવસ્થા અને પૂર્વની અવસ્થા વ્યય થાય એક પ્રવાહરૂપે ચાલે અને ધ્રુવને છોડયા વિના એક જાતિનો ધ્રુવ રહે ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઓલી એક જાતિનો પ્રવાહ છોડયા વિના આમ થાય. જાતને છોડે નહીં એ જાતથી વિરૂધ્ધનો પ્રવાહ વહે નહીં. આ તે કઈ જાતનું વ્યાખ્યાન પણ આ. એમ કહો કે અપવાસ કરો, વ્રત કરો, ચૌવિહાર કરો, કંદમૂળ ન ખાવ. એ તો બધી જડની કર્તાબુધ્ધિ એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ઓલા કહે ભગવાને શું કરવા આ કહ્યું? પહેલું તો કહે કે અપ્રશસ્ત રાગ છોડાવો અને દેવનો પ્રશસ્ત રાગ કરાવો. પણ એ તો અનંતવાર થયું છે, સાંભળને? એ તો અનંતવાર કર્યું છે. (મુમુક્ષુ :- થયું છે ને આવડે છે) એ તો આવડે છે ને કરે છે. સમજાય છે કાંઈ? આહાહા.! બીજું લક્ષણ પૂરું થયું.

બીજું લક્ષણ કયું? ઉત્પાદ ,વ્યય, ધ્રુવ. એક લક્ષણ દ્રવ્ય સતદ્રવ્યલક્ષણ. એ તત્વાર્થસૂત્રમાં આવે છે. 'સતદ્રવ્યલક્ષણમ્' એ આનું પહેલું થયું.પહેલાં આ બાજુમાં. આ ઉત્પાદ્વ્યયધ્રુવયુકતમસત્. એ બીજું થયું.

હવે ત્રીજું. **ગુણપર્યાયો દ્રવ્યનું લક્ષણ છે.** દરેક આત્મા અને આ પરમાણું જે ભિન્ન ભિન્ન ચીજ છે એના ગુણો એટલે શકિતઓ અને પર્યાય એટલે અવસ્થા. ગુણ અને પર્યાય તે દ્રવ્યનું લક્ષણ છે. એના ગુણ અને એની શકિત અને એની દશાઓ તે દ્રવ્યનું લક્ષણ છે. આ વિસ્તારથી સમજાવે છે હોં! ઓલું ઉત્પાદ વ્યયમાં પર્યાય આવશે અને ધ્રુવમાં ગુણ આવશે. બધું એકમાં સમાઈ જશે. સમાડી દેશે. સમજાણું કાંઈ?

આમાં કાંઈ પાંચ હજાર દસ હજાર માણસની સભા રાજી થાય (એવું કાંઈ નથી). રાજી થાય, ન રાજી થાય વસ્તુ તો આ છે. એની સાથે કાંઈ સંબંધ નથી. ઘણા માણસો સાંભળે ને ઘણા માણસો ધર્મ પામે એ કાંઈ જુઠું કરી ધર્મ પામે, એમ છે? આહાહા..! વસ્તુની સ્થિતિથી બીજી રીતે કહે તો બીજા ધર્મ પામી જાય, તે જુઠ્ઠી વાત છે. જુઠી શ્રધ્ધાને પામે.

**અથવા ગુણ પર્યાયો દ્રવ્યનું અનાંકાંતાત્મક વસ્તુના,** હવે શું કહે છે? ગુણ પર્યાયો જે પરમાણું છે એમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એનો ગુણ છે. અને લીલી, રાતી, કાળી પર્યાય એની અવસ્થા છે. આત્મામાં જ્ઞાન દર્શન આદિ ગુણ છે. અને એની મતિ શ્રુત આદિ પર્યાય છે. એવા એવા જે ગુણો છે અને પર્યાયો દ્રવ્યનું લક્ષણ છે. અનેકાંતિક અનેક ધર્મ સ્વરૂપ વસ્તુના દરેક આત્મા ને દરેક પરમાણુંમાં અનેક ધર્મ છે. ધર્મ એટલે શકિત અને પર્યાય, એવા વસ્તુના અન્વય વિશેષો તે ગુણો છે. નીચે લખ્યું છે. અન્વય ને વ્યતિરેક માટે ૧૪મા પાને પદટિપ્પણ જુઓ. ચૌદમા પાને છે. કેટલામે પાને છે. અન્વય= એકરૂપતા ચૌદમે પાને નીચે છે. સદશતા 'આ તે જ છે.' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. ગુણોમાં સદાય સદશતા રહેતી હોવાથી, તેમનામાં સદાય અન્વય છે, તેથી તે ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો (અન્વયવાળા ભેદો) છે. લ્યો.

જેમ આત્મા તો આત્માનું જ્ઞાન. જ્ઞાન સદશ કાયમ રહેનારું છે. એની અવસ્થા બદલાય પણ ગુણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કાયમ (રહે). તે જ્ઞાન, તે જ્ઞાન, તે જ્ઞાન, તે જ્ઞાન, તે જ્ઞાન, સદશપણે રહે તે ગુણ છે અને અવસ્થા બદલે તે તેની પર્યાય છે. એમ પરમાણું, એમ વ્યતિરેક, જુઓ ભેદ= એકનું બીજારૂપે નહીં હોવું.આત્મામાં ને પરમાણુંમાં જે અવસ્થા થાય એ એક અવસ્થા બીજાપણે રહે (નહીં) બીજે કાળે રહે નહીં. ગુણ તો તેનો તે રહે. અવસ્થા તેની તે રહે નહીં. કેવળજ્ઞાન પણ પર્યાય વ્યતિરેક છે. આહાહા..!

આત્મામાં કેવળજ્ઞાન થાય એ પણ વ્યતિરેક ભિન્ન ભિન્ન અવસ્થા છે. પહેલે સમયે કેવળજ્ઞાન હોય બીજે સમયે ન હોય. લે કેવળજ્ઞાનમાંય આવું? જ્ઞાનગુણમાં તે તે તે તે તે સદશગુણ પણ કેવળજ્ઞાનમાં પહેલે સમયે છે તે બીજે સમયે નથી. માટે કેવળજ્ઞાન એ પર્યાય છે. પર્યાય માટે વ્યતિરેક નામ ભિન્ન ભિન્ન થાય છે. એની એ જાતની હોવા છતાં, એની એ થાય છતાં, એની એ રહે એમ નહીં. આવું ઝીણું છે. રમણીકભાઈ! આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. લ્યો. ઓલી વાર્તા હોય ને એક ફલાણું થઈ ગયું ને ઢીંકણું થઈ ગયું તો સાંભળી લીધી જાવ. ઘરે કહેવા પણ થાય. આ શું કહે છે માંડ માંડ સમજે ને એમાં ઘરે કહે શું સાંભળી આવ્યા? કાંઈક કહેતા'તા ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ને ગુણપર્યાયવાળું દ્રવ્ય ને એમ કહેતા'તા. દ્રવ્ય શું હશે ને ગુણપર્યાય શું હશે? કેમ દવા લ્યે ને રોગ મટે તે દવાનો ગુણ થયો. દવાનો ગુણ થયો કે નહીં? આ રોટલા ખાધાને ભૂખ મટી એ ગુણ થયો, એ નહીં. અહીં ગુણ શું કરે? ધૂળ ત્યાં.

આત્મા ને પરમાણુંમાં કાયમ સદશ શકિત રહેલી છે તેને ગુણ કહેવામાં આવે છે. આ તો જેને જનમ મરણને મુકવાના પંથ છે ઈ પકડવા હોય, હેં? ઓહો! એને માટે છે ભાઈ. દુઃખી દુઃખી દુઃખી ચોરાશીના અવતારમાં દુઃખી છે. ભાઈ! કયાંય એને સુખ નથી. શેઠીયો હોય તો દુઃખી, પૈસાવાળા હોય તો દુઃખી, નિર્ધન દુઃખી, સધન દુઃખી, સ્ત્રી દુઃખી, પુરુષ દુઃખી, નપુંસક દુઃખી, કીડી દુઃખી, કૂંજર દુઃખી, રાજા દુઃખી, ચક્રવર્તી દુઃખી, ઈન્દ્રો દુઃખી. ભગવાન આત્મા આનંદમૂર્તિના ભાન વિના એની અવસ્થામાં વિકારની ઉત્પત્તિ ને વ્યય થાય એ દુઃખી છે. એ દુઃખને ઉત્પન્ન કરવું ને વ્યય થવું એ સ્વતંત્ર દ્રવ્યનો સ્વભાવ છે કહે છે. એ કાંઈ કર્મને લઈને નથી. એય! કર્મને લઈને રખડે છે. અહીં ભગવાન ના પાડે છે. તમારે ગુરુ સાથે ચર્ચા કરવી છે ને? શું થયું? આહાહા..!

અહીં ઘણા વર્ષ પહેલાં ચર્ચા ચાલી હતી, ઘણા ઘણા સાધુ ભેગા થયા હતા. એક દેવચંદજીને એક ઓલા શીવગંજના કોણ? શીવગંજના નહીં શીવપુરીના, વિદ્યાનંદજી ધર્મવિજયના શિષ્ય ધર્મસૂરીના શિષ્ય હતા. વિદ્યાનંદજી. ઘણા સાધુ ભેગા થયા હતા. ઘણા વર્ષની વાત છે. પછી ચર્ચા થાતી. કલ્યાણચંદજી અને અમે બધા. (એ લોકો કહે) કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. અમે કીધું બિલકુલ હરામ છે કર્મને લઈને વિકાર થાય તો. કીધું આ બધી તમે શું માંડી છે? વિકાર જ્યાં સુધી થાય ત્યાં સુધી પોતાની પર્યાયનો એક પ્રકારનો ધર્મ છે. અને છોડી દયે તો સ્વભાવની દષ્ટિ કરે તો વિકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છૂટી જાય છે. કાંઈ પરને લઈને છૂટે છે કે આ ક્રિયા કરી માટે વિકાર છૂટે, કોની ક્રિયા કરી, જડની? કહો, સમજાણુ કાંઈ?

વ્યતિરેક છે ને? એક બીજારૂપે નહીં હોવું. આ તે નથી. એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું, એક પર્યાય બીજા પર્યાયરૂપ નહીં હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક છે. તેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેકવાળા વિશેષો છે. વ્યતિરેક વિશેષો છે. શું કીધું? એ આ પરમાણું છે ને? એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ એ કાયમના ગુણ છે. અને એની અવસ્થા લીલી પીળી થવી એ વ્યતિરેક છે. એટલે ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. ભિન્ન ભિન્ન અવસ્થા થાય તે વ્યતિરેક પર્યાય વિશેષ, એકરૂપ રહે તે ગુણ વિશેષ. એ બેય ગુણ ને પર્યાય તે દ્રવ્યનું લક્ષણ છે. સામાન્ય જે દ્રવ્ય તેનું વિશેષ બે છે. સામાન્ય જે દ્રવ્ય તેનું ગુણ ને પર્યાય વિશેષ છે. એ સામાન્ય દ્રવ્યનો ભેદ મટીને એના ગુણ ને પર્યાય બીજાના થાય, બીજાના થાય એમ છે નહીં. સમજાણુ કાંઈ? અને બીજાની વિશેષ અવસ્થાથી અહીં વિશેષ અવસ્થા થાય એમ નથી. આહાહા!

અનેકાંતાત્મક વસ્તુના અન્વય વિશેષો તે ગુણો છે. અન્વય એટલે કાયમ રહેનારા. જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન આત્મામાં એવો એક વિશેષગુણ છે. વ્યતિરેક વિશેષો છે. કેવળજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ વ્યતિરેક પર્યાયો છે. એ સિદ્ધની પર્યાય એક સમયે હોય એ બીજે સમયે ન હોય. ભારે..! સિદ્ધેય બદલતા હશે? એ એના ગુણ પર્યાય તો એના લક્ષણ છે. એમ કહે છે. એ તો એનું લક્ષણ છે. સમજાણુ કાંઈ? વ્યતિરેક વિશેષો એ પર્યાય છે. જુદી જુદી અવસ્થા થવી. આત્મામાં મતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન છે, બીજે સમયે તે ટળીને કેવળજ્ઞાન થાય છે. તો કહે છે કે પર્યાયો ભિન્ન ભિન્ન છે. સમજાણું? તેથી તેને જુદી જુદીરૂપે વ્યતિરેકી કહેવામાં આવે છે. અને ગુણ છે તેના તે છે. જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન, શ્રદ્ધા શ્રદ્ધા શ્રદ્ધા, શક્તિ હોં! આનંદ આનંદ આનંદ આનંદ આનંદ, ત્રિકાળ રહેનારા આનંદ એને ગુણ કહીએ, નવી નવી અવસ્થા થાય ને ઊપજે એને પર્યાય કહીએ. એ ગુણ ને પર્યાય દ્રવ્ય વસ્તુનું લક્ષણ છે. ઓલામાં એમ આવ્યું'તું દેખો 'ગુણપર્યાયઆસયમ્'ગુણને પર્યાયનો આશ્રય તે દ્રવ્ય છે. એમ મૂળ ગાથામાં આવ્યું'તું ને?

આત્માના ગુણ ને એની અવસ્થાનો આધાર આશ્રય દ્રવ્ય છે. એ પર વસ્તુ નહીં. આ પર વસ્તુના ગુણ ને પર્યાયનો આધાર એ પર વસ્તુ છે. આત્મા નહીં. આમ દરેકનું ભિન્નપણે જેમ છે તેમ યથાર્થજ્ઞાન થવું એમાં મિથ્યાજ્ઞાનનું જવું, યથાર્થજ્ઞાનનું થવું અને ગુણનું કાયમ રહેવું, એવું વસ્તુનું સ્વરૂપ છે. એમ સમજે એને સમ્યક્જ્ઞાન થાય.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૧૯, ગાથા– ૧૦
## પ્રવચન નં :– ૧૮
## તા.૨/૧૨/૬૯, કારતક વદ–૮, મંગળવાર

આ પંચાસ્તિકાય. ષટ્દ્રવ્ય પંચાસ્તિકાય છે ને? દસમી ગાથા :– છેલ્લો પેરેગ્રાફ છે. **દ્રવ્યના આ ત્રણે લક્ષણોમાંથી,** શું કીધું? જરી ઝીણી વાત છે ને? કે આ જે આત્મા છે અને આ પરમાણુઓ છે આ જગતના તત્ત્વો. એ દરેક દ્રવ્યમાં ત્રણ એના લક્ષણ છે. જગતની દરેક વસ્તુ છે જેટલી અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ ને આકાશ. તો દરેક દ્રવ્ય સત્ લક્ષણવાળું છે. પોતાને કારણે હોવાવાળા લક્ષણવાળું છે. પરને કારણે એ હોવાવાળું છે નહીં. સમજાય છે કાંઇ?

આ આત્મા છે એ સત્ લક્ષણ એટલે પોતાને કારણે હોવાવાળું પોતે તત્ત્વ છે. બીજો કોઇ ઈશ્વર છે કે બીજો કોઇ કર્તા છે એને લઇને આત્મા હોવાવાળો છે એમ નથી. એમ આ પરમાણુંઓ જે છે આ રજકણો. આ તો ઘણા રજકણનો પિંડ છે. આ તો અજીવ છે. એનો જે એકેક રજકણ છે તે સત્‌ને કારણે હોવાવાળું છે. એના હોવાવાળા ગુણને લઇને એ છે. બીજા આત્માને લઇને એ છે નહીં. કહો, બરાબર છે? જડમાં શકિત હશે? એમ એકવાર પ્રશ્ન થયો. આત્માને લઇને આ બધું જડ કામ કરે એકલું જડ કામ કરે? કેમ થયું? કાલે જવાનું છે. ઠીક સમજી ગયો. કહો, સમજાણું આમાં?

આ પરમાણુંઓ એકેક રજકણ છે એ શકિતવાળું તત્વ છે.શકિત કહો કે ગુણ કહો. અને તેનામાં એક સમયે સમયે નવી પર્યાય થાય એવું એ દ્રવ્ય છે. સત્ દ્રવ્ય છે. સત્ છે. એ પરમાણું પણ સત્ છે. અને એ સતનું સ્વરૂપ ઉત્પાદવ્યયધ્રુવવાળું છે. નવી નવી અવસ્થાએ ઊપજે, પુરાણી અવસ્થાથી વ્યય થાય, ગુણપણે ધ્રુવ રહે. તો એનામાં અનંતી શકિત છે. એકેક પરમાણુંમાં પણ અનંતી શકિત છે. એ એને કારણે બદલે, એને કારણે ઊપજે ને એને કારણે ટકે. બીજા કોઇ પદાર્થને કારણે એ હાલે કે બોલે કે શરીરની ગતિ થાય એમ છે નહીં એમ કહે છે. છગનભાઇ નથી હમણાં? સમજાણું કાંઇ? જેટલા અનંત તત્ત્વો દ્રવ્ય છે, એ પોતે સત્ એક લક્ષણ છે. એટલે પોતે છે એવા ગુણને લઇને એ છે. બીજાને લઇને છે એમ છે નહીં. અને તે સત્‌નું બીજું લક્ષણ ઉત્પાદ્વ્યયધ્રુવ છે. 'સતદ્રવ્યલક્ષણ' અને 'ઉત્પાદવ્યયધ્રુવ'પણ દ્રવ્યનું લક્ષણ (છે.)

દરેક આત્મા ને દરેક પરમાણુ એમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ, અવસ્થાથી ઉપજવું ને એક અવસ્થાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જવું ને ધ્રુવ રહેવું. એ એનું લક્ષણ છે. તો એક સત લક્ષણ કીધું, બીજું ઉત્પાદવ્યયધ્રુવ કીધું એનું ટકવું ઉપજવું કે બદલવું એનામાં એને કારણે છે. આત્માને કારણે પરમાણુંમાં કાંઇ નથી. સમજાણું કાંઇ આમાં? બરાબર હશે આ ભીખાભાઇ? આ માણસો નથી કહેતાં કે ભઇ આપણે લૂગડાને જાળવીને રાખવું (તેથી) ઝટ ફાટી ન જાય. અમારે લાઠીમાં એક જણા હતા. જેરામભાઇ. કેટલા વર્ષની પાઘડી (હતી) આમ હળવે લઇને મૂકે. લૂગડુ હેઠે પાથરીને મૂકે. કેટલા વર્ષની (પાઘડી) એકની એક (હતી). ઈ કેમ ટકી રહી તો કહે બહુ જાળવણી હતી માટે (ટકી રહી). (મુમુક્ષુ :-ખોટી વાત) લે એ ખોટી વાત? આમ બહુ ઓલા હતા. કંજુસીયા નહીં હો! આમ કરકસી. કરકસી હતા. જેરામભાઇ તમે જોયેલાં કે નહીં? નહીં ને? ભાવસાર હતા. ભાઇ બાબુભાઇને બહુ કરકસી કરકસી હો! કંજુસી નહીં. અને ખાય ત્યારે ઘી શેર બસેર ખાય. ન ખાય તો બરાબર જાળવીને જેમ હોય એવું. ત્યારે એ જાળવણીથી એવું કપડું(રાખે) એની પાઘડી એવી ઓલી હતી સારી હો સરખી રહે. આમ ધીમેકથી મૂકે એના તાણાવાણાનો (ખ્યાલ રાખે) ધીમેથી મૂકે. દાબીને નહીં આમ દાબે નહીં. દાબે તો તાણાવાણા પોંચા પડી જાય. એય! વીખાઇ જાય આમ હેઠે મૂકે તો એક લૂગડું રાખી એની ઉપર મૂકે અને ઉપર ઝીણું પાતળુ લૂગડુ ઢાંકી ધ્યે. એને લઇને ટકતી હશે કે નહીં?

કહે છે કે, દરેક પરમાણું તેની પોતાની પર્યાયથી સદશ ધ્રુવની શકિતથી ટકી રહ્યો છે. અને તેને આ ઉત્પાદની પર્યાયથી તે ઉપજે છે. બીજાને કારણે કાંઇ ટકે કે પરમાં ફેરફાર થાય એમ છે નહીં. કહો, સવાલાલજી! શું થાતું હશે આ બધું? પૈસા બૈસા જાળવી રખાતા હશે કે નહીં? અહીં તો વાત શું થાય છે? આ જગતમાં જેટલા તત્ત્વો છે અનંત પરમાણું, અનંત આત્મા એ પોતાને કારણે ટકયા છે. પોતાને કારણે નવી અવસ્થારૂપ ધારણ કરે છે. અને પોતાને કારણે પૂર્વરૂપ બદલે છે. એને માટે કાંઇ પરની જરૂર નથી. એ બીજું લક્ષણ કહ્યું. અહીં તો એમ કહે છે કે એક લક્ષણમાં ત્રણે આવી જાય છે. સમજાણું કાંઇ? એ ત્રણ લક્ષણોમાંથી 'સત્' બીજું ઉત્પાદવ્યયધ્રુવ અને ત્રીજું ગુણપર્યાય. દરેક પદાર્થ એની શકિતવાળો છે અને અવસ્થાવાળો છે. બસ એમાં બે.

શકિતવાળો છે અને અવસ્થાવાળો છે. એટલે બદલવાના રૂપવાળો છે અને ટકવાવાળો છે. એવું દરેક તત્ત્વનું સ્વતઃ લક્ષણ સ્વને લઇને છે. કહો, સમજાણું આમાં? ખાવાપીવાનું ધ્યાન રાખે તો શરીરમાં નીરોગતા રહે. હેં? (મુમુક્ષ :- એ વાતમાં કાંઇ માલ નથી.) પથ્ય આહાર કરે તો નીરોગતા રહે અપથ્ય કરે તો નીરોગતા ન રહે. અહીં તો કહે છે અપથ્ય આહાર કોને કહેવો? એ પણ એક સ્વતંત્ર પરમાણુંની સ્વતંત્ર પર્યાય છે. એ પર્યાયને કારણે શરીરમાં કોઇ બીજી પર્યાય થાય એમ નથી. સમજાણું કાંઇ?

શરીરના એકેક રજકણ, એકેક પોઇન્ટ રજકણ સત્ છે. ઉત્પાદવ્યયધ્રુવવાળો છે અને ગુણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયવાળો છે. એ પોતાને લઈને છે. એમાં પરને લઈને કાંઈ નથી. પછી કહે ભાઈ પરને લઈને નથી એમાં ક્યાં આવ્યું? ઈ તો એમાં ન આવ્યુંને? અસ્તિ કીધી આ. બધા પોતાને લઈને છે. પોતે પોતાને લઈને. પર પરને લઈને. પોતાને લઈને પરમાં કાંઈ છે એમ છે નહીં. બરાબર હશે આ? એની ઊંધી માન્યતા છે. જુઓ એ કહે છે.

**દ્રવ્યના આ ત્રણે લક્ષણોમાંથી સત્ લક્ષણ એક**. છે ભાઈ ત્યાં? કૌંસમાં (છે). **ઉત્પાદવ્યયધ્રૌવ્ય લક્ષણ અને ગુણપર્યાયો એ ત્રણ લક્ષણોમાંથી એક કહેતાં બાકીના બન્ને વગર કહ્યે અર્થથી, અર્થથી એના અર્થથી આવી જાય છે.** હવે એને મેળવે છે. જો દ્રવ્ય સત્ હોય, જે વસ્તુ આત્મા ને પરમાણુંઓ જો દ્રવ્ય છે એ સત્ છે. સત્ છે તો તે ઉત્પાદવ્યયધ્રુવવાળું છે. કારણ કે સત્ છે તે નિત્યાનિત્ય છે. એ કહેશે આગળ. કારણ કે જે સત છે દ્રવ્ય છે એ નિત્યાનિત્ય છે. નિત્યાનિત્ય છે તો ઉત્પાદવ્યયધ્રુવવાળું થઈ ગયું. ઉત્પાદવ્યય તે અનિત્ય છે અને ધ્રુવ તે નિત્ય છે. સમજાણું કાંઈ?

**જે દ્રવ્ય સત હોય તો તે ઉત્પાદવ્યયધ્રુવવાળુ અને તે ગુણ પર્યાયવાળું હોય**. એક બોલ થયો. એને મેળવશે પછી. જો ઉત્પાદવ્યયધ્રુવવાળુ હોય તો દરેક જો આત્મા ને પરમાણું સમય સમયમાં અવસ્થા ઊપજે ને બદલે ને ટકવાવાળું હોય તો તે સત્ ને ગુણ પર્યાયવાળું હોય. આ તો બહુ સહેલું છે હોં, આમાં કાંઈ બહુ ઓલું નથી. અભ્યાસ ન મળે એટલે લોકોને બહારમાં આ કર્યા ને આ કર્યા ને આ મૂકયા ને આ મૂકયા ને (મુમુક્ષુ :- આ વાંચવાની ને સમજવાની ફુરસદ ન મળે) ન મળે. સાધુને ફુરસદ ન મળે. નામ ધરાવે સાધુ સાધક ને માને બધું બાધક. અમે પરની દયા પાળીએ. પરની રક્ષા કરીએ. કોણ(કરે). બીજા દ્રવ્ય જે સ્વતંત્ર છે એ એની રક્ષાના પર્યાય વિનાનો છે? એની પર્યાયથી એની રક્ષા છે. તારી રક્ષાથી રહે એવું છે? શોભાલાલજી! ઓહોહોહો..! શિષ્યોનું પાલન કરીએ. લ્યો! વળી એ આવ્યું. પાલન કોણ કરે? કોણ કરે? આચાર્યનો આત્મા જુદો શિષ્યનો આત્મા જુદો. એના આત્માનું એનું સત છે. સત છે તે એનાથી છે. અને એને સત છે માટે ઉત્પાદવ્યય ને ધ્રુવવાળું છે. શિષ્યની નવી નવી અવસ્થા ઊપજે છે એ એને કારણે છે. બીજાને કારણે એમાં છે નહીં. આવી વાત. અને જે ઉત્પાદવ્યયધ્રુવવાળું હોય તે સત્ (છે.) જે નવી અવસ્થાથી ઊપજે ને જૂની જાય ને ધ્રુવ રહે. એ સત્ હોય અને તે ગુણ પર્યાયવાળું હોય. બે બોલ મેળવ્યા. બે મેળવ્યા. ત્રીજું.

જો ગુણ પર્યાયવાળું હોય, જે વસ્તુ શકિતવાળી અને અવસ્થાવાળી હોય, જે કોઈ આત્મા ને પરમાણું ગુણવાળો અને પર્યાયવાળો હોય તો તે સત્ ને ઉત્પાદવ્યયધ્રુવવાળું હોય. કહો, સમજાણું આમાં? હવે એને મેળવે છે. આપેલ સત્તામાં હોય એટલું મેળવે છે. હવે મેળવે છે. કે આ પ્રમાણે- આ તો મહાસિધ્ધાંતો છે. આ જે સત્ જે છે ને? 'સત્દ્રવ્યલક્ષણમ્' એ ઉમાસ્વામીએ જે તત્વાર્થસૂત્ર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બનાવ્યું એમાં આ પાંચમાં અધ્યાયનું ઓગણત્રીસમું સૂત્ર છે. આ તો કુંદકુંદાચાર્યનું સૂત્ર છે. પછી ઉમાસ્વામીએ તત્વાર્થસૂત્ર બનાવ્યું. (જે) દિગમ્બર મુનિ સંત હતા. એમના શિષ્ય (હતા). એમણે દસ અધ્યાય બનાવ્યા. તત્વાર્થસૂત્રમાં દસ અધ્યાય. એનો પાંચમો અધ્યાય એનું 'સતદ્રવ્યલક્ષણમ' એવું ઓગણત્રીસમું સૂત્ર બાંધ્યું. 'સતદ્રવ્યલક્ષણમ્' જે વસ્તુ છે તે હોવાપણાના લક્ષણવાળી છે. એના હોવાપણા માટે બીજાની જરૂર નથી. જડ પણ જડપણાના હોવાવાળું છે. એ જડની શકિતને બીજો આપે, એવું છે કે? જડ પોતે સત્ છે અને સત છે તે ધ્રુવ અને ઉત્પાદવ્યયવાળું છે તેથી ગુણ અને અવસ્થાવાળું છે. ભારે..! પરમાણુંમાં ગુણ માનવા. હેં? (મુમુક્ષુ :- દવાથી લાભ થાય ને?) ધૂળેય થાતો નથી. દવાથી કોને લાભ થાય? દવાની પર્યાય ભિન્ન છે. શરીરની પર્યાય ભિન્ન છે. બેય વાત છે આ તો.શું તમારા મોટાભાઈ દવા બહુ ખાય, તો ય શ્વાસ તો રહ્યા કરે છે. આ જે એકેક પરમાણું છે આ તો, ઘણા પરમાણુંનું દળ છે. આ દાંત તો ઘણા રજકણોનો પિંડ છે. એ કાંઈ આત્મા નથી. અને એ દાંતનો જે એકેક પરમાણું છે એ સત્ છે. સત્ છે. એટલે પોતાથી છે. એ સત્ પોતાના ગુણને લઈને છે. એ કાંઈ આ આત્માને લઈને આ દાંત થયો છે એમ નથી. સમજાણું કાંઈ?

અને દાંતથી જે ઓલી રોટલી ભંગાય એ દાંતને લઈને રોટલી નથી ભંગાતી અહીં એમ કહે છે. એ પરમાણુંઓમાં જે સંધાત હતો આમ ભેગુ હતું એનો ભેદ થયો તે એને કારણે થયો છે. દાંતને કારણે નહીં. આવું સર્વજ્ઞ વીતરાગદેવનું તત્ત્વ છે. બિલકુલ નહીં. એ જ કહે છે ને? સંયોગી તો પોતાની ચીજ છે. સંયોગી પણ પોતાના સત્‌વાળી ચીજ છે. પર હોય તોપણ તે પોતાના ઉત્પાદવ્યયધ્રુવવાળી છે. તે પણ પોતાના ગુણ પર્યાયવાળી છે. શું કરે? આહાહા..! સમજાય છે કાંઈ? ઓગણત્રીસમું સૂત્ર છે. અને જે આ બીજું છે ને ઉત્પાદવ્યયધ્રુવવાળું એ ત્રીસમું સૂત્ર છે.

ઉમાસ્વામીનો પાંચમો અધ્યાય છે. એ જૈનની ગીતા કહેવાય છે. દિગમ્બર ઉમાસ્વામી તે કુંદકુંદાચાર્યમહારાજના શિષ્ય હતા. તેમણે બનાવ્યું છે. એમાં ઉત્પાદવ્યયધ્રુવ જે લક્ષણ છે એ ત્રીસમું સૂત્ર છે. અને ગુણ પર્યાયવાળું જે છે એ આડત્રીસમું સૂત્ર છે. સમજાણું કાંઈ? આહાહા..! દિગમ્બર સંતોએ તો આખી દુનિયાને વહેંચી નાખીને જેવું છે એવું ભિન્ન બતાવી દીધું છે. સમજાણું કાંઈ? શરીરથી આ વનસ્પતિના ટુકડા થાય એમ નથી એમ કહે છે. એ વનસ્પતિના જે પરમાણુંઓ જડ છે એનો જે સંધાત આમ ભેગા રજકણ હતા એને છુટા પડવાની પર્યાયનો ઉત્પાદ થયો તે પરમાણું એને લઈને થયો. શરીરને લઈને નહીં. સમજાણું કાંઈ? આરે..! ભારે પ્રભુ..!

તો કહે છે હવે એકમાં ત્રણે લક્ષણ કેમ અર્થરૂપે સમાઈ જાય છે, કે જે પરમાણું અને આત્મા સત્ છે **તે નિત્યાનિત્ય સ્વભાવવાળું હોવાથી,** લ્યો! એ સત્ છે તે નિત્યાનિત્યસ્વભાવ છે. આત્મા અને પરમાણું સત્ છે એ નિત્યાનિત્યસ્વભાવવાળું છે. નિત્ય એટલે ધ્રુવ અને અનિત્ય એટલે પર્યાય,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું સત્‌નું સ્વરૂપ છે. દરેક આત્મા ને દરેક પરમાણુંનું સત્ સ્વરૂપ છે અને સત્ છે તેથી તે નિત્યાનિત્યસ્વરૂપ છે. ભારે ભાઈ. હવે આ તો (કહે) ભઈ દયા પાળો ને વ્રત પાળો ને તપ કરો પાધરો જાવ મિથ્યાત્વ સેવો. અહીં તો કહે છે કે પરની દયા પાળવાનો તારો ભાવ હોય (તે) શુભ વિકલ્પ (છે.) તેથી તેમાં પરની દયાનો પર્યાય ઉત્પન્ન થયો ને પળ્યો એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. શોભાલાલજી! આવી સૂક્ષ્મ વાત અત્યારે ચાલે છે. આહાહા!

જે સત્ છે. ભગવાન આત્મા સત્ છે. તો તે નિત્ય ને અનિત્ય સ્વરૂપવાળું જ છે.એ પોતાથી તે સત્ નિત્યઅનિત્યસ્વરૂપવાળું છે.પરમાણું સત્ છે. આ રજકણ પોઈન્ટ. તો એ પોતાથી નિત્યઅનિત્યસ્વરૂપવાળું જ એ સત્ છે. સમજાણું કાંઈ? એના નિત્યપણા માટે બીજાની જરૂર નથી અને એના પલટવા માટે બીજાની જરૂર નથી. આહાહા..! આવું તો સ્વરૂપ છે. આમ માને કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ આમ પાછા (એમ માને) અજીવની પર્યાય જીવ કરે કારણ કે અજીવમાં શકિત નથી. હેં? શું કીધું આ? આ આત્મા ભગવાનઆત્મા (તેનું) પોતાનું સત્ સ્વરૂપ છે. સત્ છે ને? 'છે' ઈ હોય કે ન હોય ઈ હોય? હેં? ઈ 'છે' એવા જે લક્ષણવાળો આત્મા કહે છે કે સત્ છે તો એનો સ્વભાવ નિત્યાનિત્ય છે. કાયમ રહે છે (અને) અવસ્થાથી ક્ષણે ક્ષણે બદલે છે.

એ સત્ નિત્યાનિત્ય સ્વરૂપવાળું જ છે. એને સત્‌ને બદલવા માટે બીજા પદાર્થની જરૂર છે એમ નહીં. કારણ કે અનિત્ય પોતાનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ચોખા છે એ કાચાના પાકા થાય છે, કહે છે કે એ સત્ છે. અને સત્ છે તેથી તે નિત્યાનિત્ય સ્વરૂપવાળું છે. ધ્રુવ કાયમ રહે છે તે નિત્ય છે અને કાચાની પાકી પર્યાય થઈ તે અનિત્ય છે. એ પોતાને કારણે છે. પાણીને કારણે કોઈ ચોખો પાકયો, અગ્નિને કારણે ચોખો રંધાણો, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. અજ્ઞાની ભ્રમથી-ભ્રમણાથી અસત્યને સત્ય માને છે. સત્યને સત્ય રીતે માનતો નથી. આહાહા..!

જે સત્ છે તે નિત્યઅનિત્ય સ્વભાવવાળું છે. જોયું? તે તો એનો નિત્યનો નિત્ય ને અનિત્ય સ્વભાવવાળું સત્ છે. જેટલા ભગવાને છ દ્રવ્ય જોયા એ બધા સત્ છે. 'છે' અને તેથી તે નિત્ય ટકે અને બદલે એવો એનો સ્વભાવ જ છે. ટકવું અને બદલવું એવો એનો સ્વભાવ જ છે. એના ટકવા માટે બીજાની જરૂર નથી. તેમ એના બદલવા માટે બીજાની જરૂર નથી. સંયોગ હોય તો બદલે એમ નથી. કારણ કે સંયોગી ચીજ પોતે પણ સત્ છે અને તે પણ નિત્ય ને બદલવાવાળી છે. આહાહા..! ઝીણું ખરું ઝીણું. વીતરાગ તત્ત્વ એવું ઝીણું છે. આમ બોલે, જીવ અજીવને જાણ્યા ન હોય એને મિથ્યાત્વ લાગે. જીવ ને અજીવને જાણવા જોઈએ. જીવ અજીવ એટલે અનંતા જીવ ને અનંતા અજીવ. એ બધા પોતે પોતાના હોવાપણે છે. અને હોવાપણે છે તે નિત્યઅનિત્ય હોય તો તે હોવાપણે રહે. કારણ કે સત્‌નું સ્વરૂપ જ નિત્ય ને અનિત્યપણે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અને તે ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયાત્મકતાને જાહેર કરે છે.** શું કીધું? સત્ છે તે નિત્યાનિત્ય સ્વભાવવાળું હોવાથી હવે ઉત્પાદ, વ્યય ને ધ્રુવ સાથે મેળવે છે. ઉત્પાદવ્યયધ્રુવ હારે (મેળવે છે.) **સત્ તે નિત્યઅનિત્ય સ્વભાવ હોવાથી ધ્રુવને અને ઉત્પાદવ્યયાત્મકતાને જાહેર કરે છે.** દરેક વસ્તુ ભિન્ન ભિન્ન સત્ છે અને તે નિત્યઅનિત્ય સ્વરૂપ છે તેથી તે ઉત્પાદવ્યયરૂપી અનિત્યતાને અને નિત્ય એવું ધ્રુવ એને પ્રસિદ્ધ કરે છે. અત્યાર સુધી શું કર્યું આ તમે ઓલા વાંકાનેરમાં, બંગલા મોટા કર્યા ને આ તે, ને કહે છે ને માણસો દ્વન્દ્વમાં ગયો. ઘણા બાંધ્યાં છે.

અહીં તો કહે છે રાગ બાંધ્યો એ ભાવબંધ છે. એ ભાવબંધ કરે. એ ઉત્પાદને ભાવબંધને કરે. પૂર્વ પર્યાયને વ્યય કરે અને ધ્રુવપણે રહે. સત્ છે તે નિત્યઅનિત્ય સ્વભાવવાળું છે. તેથી તે નિત્ય છે તે ધ્રુવ છે. અનિત્ય છે તે ઉત્પાદવ્યય છે. એટલે સત્ છે તે ઉત્પાદવ્યયધ્રુવવાળું સિદ્ધ થઈ ગયું. નિત્યાનિત્ય સ્વભાવને કારણે એ જ સત્ ઉત્પાદવ્યયને ધ્રુવવાળું સિદ્ધ થઈ ગયું. ભારે ભાઈ! આવું કહેશે આ કરતાં તો જાત્રા કરી આવો ભાઈ પણ કહે છે, તારો આત્મા સત્ છે, નિત્યઅનિત્યસ્વરૂપ છે. તેથી જયાં જાય ત્યાં તારી પર્યાય તારાથી ઉત્પન્ન થાય છે. એને (બદલે) એમ માને કે આ ભગવાનના દર્શન કર્યા માટે મારી પર્યાય ઉત્પન્ન થઈ તો એને ઉત્પાદ, વ્યય ને ધ્રુવવાળું સત્ છે એની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ?

માલ કયાં? ન્યાયથી જે છે એ છે. પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. પોતાની પર્યાય પોતાથી વ્યય થાય છે. કાંઈ પરને લઈને થાય છે એમ છે (નહીં). ભારે વાત ભાઈ..! (મુમુક્ષુ :- સત્ય વાત તો એ જ છે) ભઈ! સાધુના દર્શન કરે ત્યાં ભાવ ફરી જાય? બાયડી પાસે બેઠો હોય ને ભાવ બીજા હોય, ન્યાં ભાવ બીજો હોય. હોય કે નહીં? હોય તો ખરો બીજો પણ કોને લઈને એ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ભાવ બીજો હોય ખરો પણ એ ભાવ પોતાને લઈને બીજો હોય છે. પરને લઈને બીજો હોતો નથી. કહો, સમજાણું કાંઈ?

**જે નિત્યઅનિત્યસ્વભાવવાળું હોવાથી ધ્રુવને ઉત્પાદવ્યયાત્મકતાને જાહેર કરે છે.** કેવી શૈલી લીધી જુઓને, ઓહોહોહો..! જે કોઈ આત્મા અને આ એકેક પરમાણુંઓ તે સતરૂપે છે તેથી તે નિત્ય ને અનિત્ય સ્વભાવવાળા છે. અને તેથી તે ધ્રુવ અને ઉત્પાદવ્યયને પ્રસિદ્ધ કરે છે.ધ્રુવ તે નિત્ય છે અને અધ્રુવ અનિત્ય તે ઉત્પાદવ્યય છે. એટલે સત્ નિત્યાનિત્યને પ્રસિદ્ધ કરતાં ઉત્પાદવ્યયધ્રુવને પણ પ્રસિદ્ધ કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ..! સમજાણું કાંઈ આમાં? હવે આમાં કેટલી હોંશિયારીથી પૈસા મેળવાય? ઘ્યાન ન રાખે તો પૈસા જાય એમ બરાબર હશે? તદ્દન ખોટું. આહાહા..! હાલતાં(હોય ત્યારે ) ઘ્યાન રાખો, ઈર્યા સમિતિથી ચાલો નહિંતર જીવ મરી જશે. કહે છે કે વાત ખોટી છે. આરે! આવી ભારે વાત. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તારો ભાવ ત્યાં પ્રમાદનો છે. તેવો ઉત્પાદ તારામાં થયો. એથી ત્યાં જીવની હિંસાનો પર્યાય થયો એમ નથી. એની હિંસા દૂર થવાનો એની પર્યાયના પરમાણુંનો ઉત્પાદ થવાનો એવો સ્વભાવ હતો. એને લઈને પર્યાય ઉત્પન્ન થઈ, વ્યય થઈ ગઈ કાં નવી ઉત્પન્ન થઈ. પણ એને લઈને થઈ છે તારા ભાવને લઈને એમાં... (નથી થઈ) ભારે ઝીણું. સમજાણું કાંઈ?

અને **ધ્રૌવ્યાત્મક ગુણો અને ઉત્પાદવ્યયાત્મક પર્યાયો સાથે એકત્વ દર્શાવે છે.** ભાષા જુઓ. ન્યાયથી ત્રણ બોલ કહ્યા. શું કહ્યું? દરેક વસ્તુ ભિન્ન છે એમ પહેલી લક્ષમાં જાણ. અને તે તે દરેક પદાર્થમાં સત્ સ્વભાવ છે તેથી તે છે. અને સત્ છે તે નિત્યાનિત્ય સ્વભાવે છે. નિત્યાનિત્ય સ્વભાવે છે તે ઉત્પાદવ્યયધ્રુવને જાહેર કરે છે. નિત્ય તે ધ્રુવને જાહેર કરે છે. અનિત્ય તે ઉત્પાદવ્યયને જાહેર કરે છે. એટલી વાત! ત્યાં ફેરવી છે વાત જુઓ. ઓલામાં સત્ નિશ્ચિત સ્વભાવવાળું હોવાથી ધ્રુવને અને ઉત્પાદવ્યય સ્વરૂપને જાહેર કરે છે. સ્વરૂપ એટલે આત્મા જ્ઞ સ્વરૂપ છે. અને ધ્રુવાત્મક ગુણો. અને દરેક આત્મામાં ને પરમાણુંમાં એના કાયમ રહેનારા ગુણ જે ધ્રુવ છે અને ઉત્પાદવ્યય તે તેની પર્યાય છે. એની સાથે એકત્વ દર્શાવે છે. ભાઈ! આહાહા..! શું કહે છે? આત્મા એને ગુણ છે ગુણપણું છે. એ અને એની નવી નવી પર્યાય એ દ્રવ્ય હારે એકપણું દર્શાવે છે. ભેદ હોવા છતાં દ્રવ્યની સાથે એકપણું દર્શાવે છે. પરને લઈને એમાં એકપણું દર્શાવે છે એમ છે નહીં. ભારે ભાઈ આ સિદ્ધાંત. સાયન્સના લોકોને એવો મહિમા આવી જાય છે. આ થયું ને ધૂળ થયું ને ધૂળ થયું. આ ભગવાનનું સાયન્સ છે એની તો એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધ્રૌવ્યાત્મક ગુણો આત્મામાં જ્ઞાન દર્શન આદિ ગુણો અને એની અવસ્થા નવી થાય ને જૂની જાય. એવી ગુણ પર્યાય સાથે વસ્તુનું એકપણું દર્શાવે છે. એમ પરમાણુંમાં રજકણમાં એના રંગ, ગંધ, રસ, સ્પર્શ જે ગુણ અને એની અવસ્થા એ ગુણ પર્યાય દ્રવ્ય સાથે એકત્વપણું દર્શાવે છે. એ દ્રવ્ય એટલે રજકણ સાથે એકપણું દર્શાવે છે. બીજા આવા ભેદ છે માટે બીજાને દર્શાવે છે એમ કહે છે. આ નવી નવી પર્યાય થાય અને ગુણો ઘણા માટે બીજાથી આ દર્શાવે છે એમ નથી. એ ગુણ ને પર્યાય અનેક હોવા છતાં એના દ્રવ્યની સાથે એકપણું દર્શાવે છે. સમજાણું કાંઈ?

આ તો જૈન દર્શનના એકડા છે. જૈન દર્શન વસ્તુદર્શી છે. જૈન દર્શન કાંઈ ચીજ નવી નથી. વિશ્વદર્શન. જગતના છ દ્રવ્યો એ વિશ્વ એનું આ દર્શન, એની સ્થિતિ, એનું સ્વરૂપ આ રીતે છે. એથી બિલકુલ જરીય પણ એક અંશમાત્ર બીજી રીતે માને તો તેને મિથ્યાદર્શનનું મહાપાપ લાગે છે. અને મિથ્યાદર્શન છે ત્યાં વ્રત ને તપ ને બધાં બાળતપ ને બાળવ્રત છે એમ કહે છે. એ સવારમાં આવી ગયું છે સજ્ઝાયમાં આવી ગયું'તું ને? જેની દર્શન વિપરીત માન્યતા છે એ બધા વ્રત ને તપ કરીને મરી જાય તો ય ઈ બધા અજ્ઞાનીના બાળવ્રત ને બાળતપ છે. મુર્ખાઈ ભરેલાં વ્રતને મુર્ખાઈ ભરેલાં તપ (છે.)એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુર્ખાઈને જાહેર કરે છે. સમજાણું કાંઈ? એમ કે આ કરતાં બહુ ટૂંકું કરીને કરે ને તો બીજાનું ઉઘાડું ન પડે એમ કેટલાક કહે છે ભાઈ. બહુ સ્પષ્ટ કરે ને તો બધાનું ઊઘાડું પડી જાય છે. બીજાની ખોટી શ્રદ્ધા હોય. આવું પછી ઓલું ઓઘે ઓઘે હાલે તો હાલે એમ ને એમ. પણ ઓઘે ઓઘે આનું સ્પષ્ટીકરણ કર્યા વિના શું કહેવા માંગે છે એ સમજાય શી રીતે? સમજાણું કાંઈ?

ધ્રૌવ્યાત્મકગુણો, દરેકના હોં! રજકણમાં પણ ગુણો છે અને ઉત્પાદવ્યયાત્મક પર્યાય છે. એની સાથે તે પરમાણું દ્રવ્યને એકત્વ દર્શાવે છે. કહો, સમજાણું કાંઈ? એક બોલ થયો. કયો એક બોલ થયો? 'સત્‌દ્રવ્યલક્ષણમ' એ સત્‌ની હારે ઉત્પાદવ્યયધ્રુવ મેળવ્યું અને ગુણ પર્યાય મેળવ્યા. બસ આ. એકમાંથી બીજા બે કેમ અર્થથી સાબિત થાય છે એમ કહ્યું..

હવે બીજું, ઉત્પાદવ્યયધ્રુવ હવે બીજો બોલ. એની હારે ઓલા સત્‌ને અને ગુણ પર્યાયને મેળવે છે. આહાહા..! ઉત્પાદવ્યય ને ધ્રુવ એ નિત્યાનિત્યસ્વરૂપ પારમાર્થિક સત્‌ને જણાવે છે. દેખો. એ પારમાર્થિક સત્‌ને જણાવે છે. નીચે પારમાર્થિક છે ને? પારમાર્થિક=વાસ્તવિક, યથાર્થ, ખરું. વાસ્તવિક સત્‌ નિત્યાનિત્યસ્વરૂપ હોય છે. ખરેખર જે દ્રવ્ય અને પરમાણું આદિ વસ્તુ છે એ બધું વાસ્તવિક સત્‌ છે. અને તે નિત્યાનિત્યસ્વરૂપ હોય છે. નિત્ય પણ હોય છે અને બદલે પણ છે. ઉત્પાદવ્યય અનિત્યતાને અને ધ્રુવ નિત્યતાને જણાવે છે. દરેક પદાર્થમાં નવી અવસ્થાનું થવું, જૂનીનું જવું એ પર્યાયને બતાવે છે, એ અનિત્યતાને બતાવે છે, અને ધ્રુવ તે નિત્યતાને જણાવે છે. તેથી ઉત્પાદવ્યયધ્રુવ નિત્યાનિત્યસ્વરૂપ વાસ્તવિક સત્‌ને જણાવે છે. આ રીતે દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રુવવાળું છે. એમ કહેતાં તે સત્‌ છે તેમ પણ વગર કહ્યે જ આવી જાય છે. પંડિતજીએ મહેનત ઘણી કરી છે. હેઠે અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? શું કીધું ઈ?

ઉત્પાદવ્યય ને ધ્રુવવાળું કહેતાં પરમાર્થે સત્‌ છે એમ જાહેર થાય છે. કારણ કે ઉત્પાદવ્યય તે અનિત્યને બતાવે છે, ધ્રુવ તે નિત્યને બતાવે છે. અને સત છે તે નિત્યાનિત્યસ્વરૂપ છે. ભારે વાત ભાઈ! આ શાસ્ત્ર સાંભળવા જતાં, કહે છે પગલું જે ઊપડે છે એ પગલાના એકેક રજકણોનો ઉત્પાદ પરમાણું એનાથી થાય છે. અંદર જીવ છે ને હાલવાની પ્રેરણા કરે છે માટે થાય છે એમ છે નહીં. સમજાણું કાંઈ? અને તે પગલાના પરમાણુંનો પર્યાય આમ થતાં થતાં થતાં સર્વજ્ઞ અથવા ગુરુ પાસે એ આવ્યો, તો ત્યાં આવ્યો એ આત્મા જે આવ્યો એનો પણ ઉત્પાદનો પર્યાય એનાથી એનામાં થયો. પરમાણુંનો પણ ઉત્પાદ થતો થતો એનો પર્યાય પરમાણુંમાં કામ કર્યું. આત્માએ ડગલા ભરવાનું કામ કર્યું નથી અને જડની ડગલા ભરવાની પર્યાય થઈ માટે આત્મામાં હાલવાની પર્યાય થઈ એમ પણ છે નહીં.

(મુમુક્ષુ :-ઘણું લાંબુ થઈ ગયું). પ્રકાશદાસજી! કહે છે બહુ જ લાંબુ થઈ ગયું? (મુમુક્ષુ :- વાસ્તવિક હૈ ) વાસ્તવિક તો છે નાથ. વાત તો એવી છે નાથ. આહાહા! શું થાય? એને તત્ત્વ મળ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી ને એટલે બધા ગોટા ગોટા. સમજાણું? આહાહા! અને તે ભગવાનની વાણી સાંભળવા બેઠો, ત્યાં કહે છે કે વાણીની પર્યાયનો જે ઉત્પાદ અને વ્યય તે અનિત્યતાને બતાવે છે અને એના રજકણોનું કાયમ ટકવું તે નિત્યતાને બતાવે છે. એટલે એ સત્ નિત્યઅનિત્યસ્વરૂપને બતાવે છે. અને તે ઉત્પાદવ્યયધ્રુવને પણ જાહેર કરે છે. અને ઉત્પાદવ્યયધ્રુવવાળા સત્‌ને જાહેર કરે છે. ધ્રુવ તે નિત્યતાને જાહેર કરે છે અને ઉત્પાદવ્યય તે પર્યાયને જાહેર કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ..! ભીખાભાઈ! શોભાલાલજી! હવે ન્યાં સાંભળવા જાવું કે ન જાવું? કોણ જાય સાંભળ તો ખરો કહે છે. તારો આત્મા દ્રવ્ય છે. એ સત્ છે અને સત્ છે તે નિત્યાનિત્યસ્વરૂપ છે. નિત્યાનિત્યસ્વરૂપને લઈને ઉત્પાદવ્યય ને ધ્રુવ એ અનિત્ય છે, અને ધ્રુવ તે નિત્ય છે. એટલે ઉત્પાદવ્યય ને ધ્રુવ તે નિત્યાનિત્ય એવા સત્‌ને જાહેર કરે છે.એટલે બીજું સત્ છે એને જાહેર કરે છે એમ નથી. ત્યાં બીજું છે ને જાહેર કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

હેં? (મુમુક્ષુ :- નિમિત્તને જાહેર કરે છે) એમ નથી. ન્યાં ભગવાન છે માટે અહીં ઉત્પાદવ્યય ને ધ્રુવ આમાં થયો એમ જાહેર નથી કરતું. આહાહા..! એય..! આ તો તત્વાર્થસૂત્રમાં સૂત્ર છે. વરસો વરસ આ દસલક્ષણી પર્વમાં (વંચાય છે.) કેમ શેઠ વંચાય છે કે નહીં? દસલક્ષણી પર્વમાં. દસલક્ષણી પર્વમાં, હા વાંચે છે. 'ઉત્પાદવ્યયધ્રુવ' 'સતદ્રવ્યલક્ષણમ્' 'ઉત્પાદવ્યયધ્રુવલક્ષણમ્' અને 'ગુણપર્યાયવતદ્રવ્યમ્' પાંચમા અધ્યાયનો ઓગણત્રીસ, ત્રીસ ને આડત્રીસ.પણ એનો અર્થ શું? હેં? ખબર નહીં. આહાહા..! ઉત્પાદવ્યયધ્રુવ તે નિત્યઅનિત્યસ્વરૂપ પારમાર્થિકસત્‌ને જણાવે છે અથવા પોતાના સ્વરૂપની પ્રાપ્તિના કારણભૂત ગુણપર્યાયોને જાહેર કરે છે. ન્યાં એમ લીધું જોયું? સમજાણું કાંઈ?

દરેક પદાર્થના એક સમયમાં થતાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ તે પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણભૂત, તે તે દ્રવ્યના પ્રાપ્તિનું કારણભૂત ગુણપર્યાયોને જાહેર કરે છે. નીચે છે પોતાના. ઉત્પાદવ્યયધ્રૌવ્યના. જો ગુણ હોય તો જ ધ્રૌવ્ય હોય અને જો પર્યાય હોય તો જ ઉત્પાદવ્યય હોય. માટે જો ગુણપર્યાયો ન હોય તો ઉત્પાદવ્યયધ્રૌવ્ય પોતાના સ્વરૂપને પામી શકે જ નહીં. ભગવાન આત્મામાં ને પરમાણુંમાં ગુણ ને પર્યાય ન હોય તો તે પોતાના ઉત્પાદવ્યય ને ધ્રુવના પોતાના સ્વરૂપને પામી શકે જ નહીં. આહાહા..! ઘણા દાખલા! આમાં તો સિધ્ધાંત એટલાં બધાં ભર્યા છે દાખલાઓ. આ રીતે 'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રુવવાળું છે' એમ કહેતાં ગુણપર્યાયવાળું પણ જાહેર થઈ જાય છે. કહો, સમજાણું આમાં?

બે બોલ થયા. શું બે બોલ થયા? સત્ નિત્યાનિત્યસ્વરૂપવાળું હોવાથી ઉત્પાદવ્યયધ્રુવને જાહેર કરે છે અને સત્ ગુણપર્યાયનું એકપણું જાહેર-પ્રસિધ્ધ કરે છે. દરેક દ્રવ્યનું ગુણ ને પર્યાયનું એકપણું જાહેર કરે છે. એક થયું. હવે ઉત્પાદવ્યયધ્રુવ નિત્યાનિત્ય સ્વરૂપ જે સત્ છે-પરમાર્થે સત્ છે તેને જાહેર કરે છે. કારણ કે ઉત્પાદવ્યયધ્રુવ, ધ્રુવ તે નિત્યને અને ઉત્પાદવ્યય તે અનિત્યને (જાહેર કરે છે.) એ ઉત્પાદવ્યયધ્રુવ તે પારમાર્થિક સત્ એવું દ્રવ્ય દરેકનું એને જાહેર કરે છે. સમજાણું કાંઈ? અને તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પાદવ્યયધ્રુવ એ ગુણપર્યાયને પોતાના ગુણપર્યાયને પ્રાપ્ત કરે છે ને પ્રસિધ્ધ કરે છે. લ્યો, સમજાણું કાંઈ?

પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણભૂત. ભાષા જુઓ. ઓહોહોહો..! એકેક પરમાણું ને એકેક ભગવાન આત્મા પોતાના ગુણ એટલે કાયમ શકિત અને એની અવસ્થા એને પ્રાપ્તિનું કારણભૂત ગુણ ને પર્યાયને જાહેર કરે છે. કોણ? ઉત્પાદવ્યય ને ધ્રુવ.આમાં તો સાધારણ મગજવાળાને તો યાદેય ન રહે. સાંભળે જાય. આ તો તત્ત્વ છે. મૂળ તત્ત્વ છે. ગુણ ને પર્યાયની પ્રાપ્તિ તે તેનું સ્વરૂપ છે. અને તે ઉત્પાદવ્યયનું સ્વરૂપ ગુણપર્યાયની પ્રાપ્તિને જાહેર કરે છે. મૂળ પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ ગુણપર્યાય છે. પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ બીજાના ગુણપર્યાય છે એમ નથી. ભારે વાત ભાઈ! પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ ગુણપર્યાય છે. જેમ આત્મા ધ્રુવ છે, ગુણ છે એની પ્રાપ્તિનું કારણ છે. અને એની પર્યાય સમ્યગ્દર્શનની પર્યાય થઈ મિથ્યાદર્શનની ગઈ એવી પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ ગુણપર્યાય છે. આમાં પરને લઈને આત્મામાં કાંઈપણ પર્યાય થાય કે આત્માની પર્યાયને લઈને પરમાણુંમાં કે બીજામાં કાંઈ થાય બિલકુલ જુઠ્ઠી વાત છે.

આ બધા કાર્યવાહકો તો કરતાં હશે કે નહીં? આ બધા નેતાઓ. નહીં આ ગાંધીજી કહે છે ને બહુ કર્યું સ્વદેશનું ને ઢીંકણાનું વાતું નથી કરતાં? (મુમુક્ષુ :- શું કરે છે એ જોવાય છે.) જોવાય છે. મોટી તકરાર કરવાવાળા આવે છે. આહાહા..! કોઈક તો કહેતું હતું ને જયંતીભાઈ કે હમણાં જવાહરલાલ આદિ પાંચેયે રાજીનામું આપ્યું. આહાહા..! તકરાર તકરાર તકરાર. અરેરે..! આહાહા..! દુનિયાની તો કયાંય રહી ગઈ એના પોતામાં અંદરમાં ખદબદાટ ખદબદાટ. એ સમય સમયની પર્યાય પોતે ઊપજે છે અને ગુણ ને પર્યાયથી એના સ્વરૂપની પ્રાપ્તિ છે. પરને લઈને છે નહીં. આત્માના ધર્મની પ્રાપ્તિ થાય-ધર્મની પ્રાપ્તિ થાય એ પર્યાય છે. અને જ્ઞાન, દર્શન, આનંદ ગુણ એ કાયમ છે. એવા ગુણપર્યાયની પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ ગુણપર્યાય છે. સમજાણું કાંઈ?

આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અને સમય સમયની ધર્મની નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ એ ગુણ ને પર્યાય પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ છે. ઉત્પાદવ્યયધ્રુવ એવા સ્વરૂપની પ્રાપ્તિનું કારણ ગુણપર્યાય છે એમ કહે છે. પોતાની જે પર્યાય છે એને પ્રગટ થવા માટે બીજો કોઈ પદાર્થ છે (એમ નથી) એ પદાર્થ એના ઉત્પાદવ્યયધ્રુવવાળું એના ગુણપર્યાય પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓઘે ઓઘે હાલ્યું ને પછી બધા ધર્મના વાંધા પડયા. જો સમજણ યથાર્થ હોય તો ધર્મના વાંધા ને ફાંટા પડે જ નહીં. ધર્મ શું ચીજ છે ખબર ન મળે અને ધર્મ કયાંથી ઉત્પન્ન થાય એની ખબર ન મળે. ધર્મ તો એક પર્યાય છે. અધર્મ એક પર્યાય છે. તો અધર્મ પર્યાયનો વ્યય થવો, ધર્મની પર્યાય ઉત્પન્ન થવી અને ગુણ જે કાયમ છે એમાંથી પર્યાય આવે છે એવો જે ગુણ, એ ગુણ ને પર્યાય પોતાના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ છે. પર કારણ ફારણ છે નહીં. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે બોલ થયા. કયા બે બોલ થયા? બોલતા નહીં ફાવે એમ કહે છે. ભાષા એની છે ને? (મુમુક્ષુઃ- મને બોલવું નહીં ફાવે.) બોલવું ફાવે નહીં. અહીં તો દરેક વસ્તુ સત્ છે તે ઉત્પાદવ્યયધ્રુવવાળી છે અને તેથી તે ગુણપર્યાયથી તે સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. અને ઉત્પાદવ્યયધ્રુવ જે છે તે પારમાર્થિક સત્‌ને જાહેર કરે છે અને ઉત્પાદવ્યયધ્રુવ છે તે ગુણપર્યાયને પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે. બાકી ગુણપર્યાયવાળું ઉત્પાદવ્યયધ્રુવ-ઉત્પાદવ્યયધ્રુવ સત્ છે. આહાહા..! ભગવાનભાઈ! આમાં કયાંય હતું આ ન્યાં કયાંય? પોષા કરો ને પડિક્કમણાં કરો. શું થાય? એકેક સમયની એકેક પર્યાયની અવસ્થા તે તે સમયનો તે તે પર્યાયનો ગુણથી ને ઉત્પાદવ્યયથી તે પ્રાપ્ત થાય છે. પરને લઈને કાંઈ થાતું નથી. આહાહા! આવું વ્યાખ્યાન કેમ આપ્યું. વ્યાખ્યાન હોય તો કાંઈક દયા દાન કરો, વ્રત કરો, અપવાસ કરો, લાંઘણું કરો. મરી જાવ-જાવ. હેં?

કહે છે કે આત્મામાં એક વિકલ્પ ઊઠયો કે આહાર કરવો નથી. એક દાખલો. તો એ વિકલ્પ ઊઠયો એ એક ઉત્પાદ છે. એ ઉત્પાદવ્યય અને પૂર્વની અવસ્થાનો વ્યય થયો. એ ત્રિકાળી ગુણ છે એમાંથી પર્યાય થઈ છે ને?એ ગુણ ને પર્યાય, ઉત્પાદવ્યયધ્રુવ એવું પોતાનું સ્વરૂપ તેને જાહેર કરે છે. આ રોટલાને છોડયા એ માન્યતા મિથ્યાત્વની છે એમ કહે છે. કારણ કે એનો ઉત્પાદ તેમાં થયો ને એને કહે છે કે મેં ઉત્પાદ કર્યો જડનો ને એને આવવા ન દીધા. રોટલા મારા શરીરમાં મેં આવવા ન દીધા. એ જડની પર્યાયનો સ્વામી થાય છે તે મિથ્યાત્વને સેવે છે. એ અપવાસ કરવા છતાં તેને મિથ્યાત્વનું પાપ લાગે છે. મહાપાપ તો એ છે. એની તો ખબર ન મળે. સમજાણું કાંઈ?

હમણાં દયા પાળી. આઠમની દયા પાળીએ છીએ. બીજાના ઘેરથી આહાર લઈ આવવો તેથી હિંસા ન લાગે. એમાં તે શું કર્યું તે તને ખબર છે? તારા વિકલ્પમાં એ કદાચ એમ આવ્યું કે આમ મારે કરવું છે. એ તો તારામાં વિકલ્પનો પર્યાય થયો. એ કાંઈ ઓલો આહાર બદલાવ્યો ને આવો આહાર ખાવો એને લઈને આ વિકલ્પ થયો છે એમ નથી. અને તારો વિકલ્પ આમ થયો માટે તે આહાર પાણી એવા આવ્યા જ નહીં અને બીજા આવ્યા એમ નથી. એય..! ભારે કામ ભાઈ..! વીતરાગ માર્ગનું જરીક સ્વરૂપ જ એવું છે. બહુ સ્પષ્ટ કરવા જાય તો બધાનું પોગળ ઉઘડી જાય.

ઓલા એક આપણે કહેતાં'તા માંડળમાં રહેતાં ને? લક્ષ્મીચંદભાઈ આવતાં એ માંડળના ડોસા. કે આ તમારી વાત આવે તો બધાના પાથરણા ઊઠી જાય એવું છે. માંડળના લક્ષ્મીચંદભાઈ આવતાં નહીં? કહેતા'તા. અમે કાંઈક ધર્મ કરીએ છીએ. માન્યતા છે ને બધાનો ભૂંસાડીઓ વાળી દીધો. પ્રભુ! તને હજી ધર્મની ખબર નથી તારો ધર્મ સ્વભાવ શું છે ખરો? અને એમાંથી પર્યાય આવે એ કોનાથી આવે કેમ આવે અને કયે કાળે આવે એની તને ખબર નથી. આને આ છોડયું માટે મારે ધર્મની પર્યાય આવી. એ તો પરને છોડવું તે છોડવાની વ્યાખ્યા શું? એ પુદગલોની પર્યાયનું ઉત્પાદપણું અહિંયા આવવાનું નહોતું એથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને કારણે અહીં આવ્યાં નથી. એને ઠેકાણે મેં આ વિકલ્પ ઊઠયો કે કરાવ્યો માટે મેં આહાર પાણી લીધા નહી. કેમ વાત કરે છે જુઓ શું કહે છે? ભઈ ભાણામાં આહાર આવ્યો ને ન ખાય, આ એને અપવાસ કહેવાય. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભાણામાં આહાર આવ્યો એ તો પરમાણુંની પર્યાય ઉત્પાદવ્યય થઈને થઈ છે. સમજાણું કાંઈ? અને તેં ન ખાધો એ વાત જ જૂઠ્ઠી છે. અહીં આત્મા ખાઈ શકતો નથી ન ખાવાને માટે ત્યાગ કર્યો એ આત્મામાં છે નહીં. આત્મામાં તો વિકલ્પ થયો એટલું છે. એને ઠેકાણે મેં આહાર ન લીધો માટે મને આ વિકલ્પ છે અથવા મને આ પર્યાય છે. (એમ કહે તે) બિલકુલ જૂઠ્ઠી વાત છે. ભારે કામ ભાઈ..! સંપ્રદાયમાં તો ધોકા ઊઠાવે એવું છે. આવું કે દિ' કાઢયું આવું? આવો ધર્મ કાઢે કયાં એવો અનાદિનો છે. (મુમુક્ષુ :- કઠણ છે) કઠણ છે. એય ચેતનજી! કયાં છે? કઠણ કેમ કરી મૂકયો એમ કહે છે. જોઈ લ્યો મને એમ કહે છે. એમ કે દર્શન બહુ કઠણ કરી મૂકયો છે. આહાહા..! હજી તને સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર નથી. સમજાણું કાંઈ?

એકેક તત્ત્વ તેના પોતાના કારણે રહે આવે ટકે જાય બદલે. એને ઠેકાણે મેં એને ન લીધા, મેં એને ખાધા નહીં, મેં એને છોડયા, એ બધું મિથ્યાદર્શનની પર્યાયનો ઉત્પાદ છે. એ ઉત્પાદ એના આત્માને જાહેર કરે છે આણે એવો ભાવ કર્યો છે. પરને લઈને આ ભાવ થયો છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

હવે ત્રીજો બોલ. કોણ ત્રીજો? ગુણપર્યાય. ગુણ પર્યાયો, ગુણ એટલે અન્વય પર્યાય તે વ્યતિરેકવાળા હોવાથી **ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી,** નીચે છે એકડો. પ્રથમ તો ગુણપર્યાય અન્વય દ્વારા ધ્રૌવ્યને સૂચવે છે અને વ્યતિરેક દ્વારા ઉત્પાદવ્યયને સૂચવે છે. આ રીતે તેઓ ઉત્પાદવ્યયધ્રુવને સૂચવે છે. બીજું, ગુણપર્યાયો અન્વય દ્વારા નિત્યતાને જણાવે છે અને વ્યતિરેક દ્વારા અનિત્યતાને જણાવે છે. આ રીતે તેઓ નિત્યાનિત્યસ્વરૂપ સત્‌ને જણાવે છે. આહાહા! આ એકદમ વાંચી જાય તો સમજાય એવું નથી હોં! એટલે ધીમે ધીમે આ દાખલા આવે છે.

ગુણપર્યાય આત્મામાં ને દરેક પરમાણુંમાં ગુણ છે તે ધ્રુવ છે-અન્વય છે. પર્યાય છે તે વ્યતિરેક છે. ભિન્ન ભિન્ન થાય છે માટે. એ અન્વય ને વ્યતિરેક હોવાથી ધ્રુવને અને ઉત્પાદવ્યયને સૂચવે છે. શબ્દ ફેર છે એમાં? 'સૂચયન્તિ' છે. 'પ્રથયન્તિ' ઠીક 'એકત્વઆખ્યાભિ' દરેકમાં ફેર છે. સંસ્કૃત ટીકામાં પણ ફેર છે.

**ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી** આત્મામાં જે જ્ઞાન દર્શન આનંદ ગુણ છે તે અન્વય એટલે સાથે રહેનારા છે. અને નવી નવી પર્યાય તે ભિન્ન ભિન્ન છે માટે વ્યતિરેક છે. એ અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી અન્વય તે ધ્રુવને જાહેર કરે છે, વ્યતિરેક તે પર્યાય ઉત્પાદવ્યયને સૂચવે છે. એક વાત. ઓલું સત્‌ની હારે મેળવ્યું. સમજાણું કાંઈ? **અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી ધ્રુવ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અને ઉત્પાદવ્યયને સૂચવે છે.** તથા નિત્યાનિત્ય સ્વભાવવાળા પારમાર્થિક સત્‌ને જણાવે છે. ન્યાં નાખ્યું હવે. પહેલાં ઉત્પાદવ્યયધ્રુવ હારે મેળવ્યું. **ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયને સૂચવે છે.** પહેલું લઈ લીધું. નહીંતર પહેલું સત્‌ને લેવું હતું તેને ઠેકાણે આમ લીધું.

આ પરમાણુંઓ છે એમાં ગુણ છે અને પર્યાય છે. ગુણ છે તે કાયમ રહેનારા હોવાથી અન્વય છે. અન્વય એટલે અનુસરીને એકેક ગુણને બધા કાયમ રહેનારાં છે અને સમય સમયની પર્યાય વ્યતિરેક છે. એ ગુણપર્યાય અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી ધ્રુવ અને ઉત્પાદવ્યયને આમ લીધું. ઓલા સત્‌ની હારે પહેલાં મેળવતા હતા. હવે ઉત્પાદવ્યયને ધ્રુવની હારે મેળવ્યું. અને નિત્યાનિત્ય સ્વભાવવાળા હોવાથી, કોણ? ગુણ ને પર્યાયો. ગુણ ને પર્યાયો નિત્યાનિત્ય સ્વભાવવાળા હોવાથી પારમાર્થિક સત્‌ને જણાવે છે. હાય! હાય! આખો કલાક આમાં ગયો. એય..! હેં? ગુણપર્યાય-ગુણ એટલે નિત્ય છે અને પર્યાય એટલે અનિત્ય છે. ગુણપર્યાય તે નિત્યાનિત્ય એવા સત્‌ને જાહેર કરે છે. અને ગુણપર્યાય ઉત્પાદવ્યય ને ધ્રુવ છે. ધ્રુવ છે તે ગુણ છે ને ઉત્પાદવ્યય તે પર્યાય છે એને જાહેર કરે છે. ઈ પહેલું લીધું. પછી સત્‌ને જાહેર કરે છે. પછી સત્‌ને જાહેર કરે છે. એમ નિત્યાનિત્ય સત્ છે એને જાહેર કરે છે. પહેલું ઉત્પાદવ્યયધ્રુવ પણ નિત્યાનિત્ય છે માટે. ધ્રુવ નિત્ય છે અને ઉત્પાદવ્યય અનિત્ય છે. સમજાણું કાંઈ?

નવા હોય એને તો એવું લાગે કે આ શું કહે છે? હેં? આહાહા..! દરેક આત્મા અનંત નિગોદના પણ અનંત, સિદ્ધનાય અનંત, પ્રત્યેક અસંખ્ય બીજા. દરેક અને અનંત પરમાણું, એક પરમાણુંથી માંડીને મોટો સ્કંધ. અને અસંખ્ય કાલાણું, એક ધર્માસ્તિ-અધર્માસ્તિ, આકાશ. દરેક વસ્તુ સત્ છે તેથી તે નિત્ય ને અનિત્ય છે તેથી તે ઉત્પાદવ્યયધ્રુવવાનને સૂચવે છે. નિત્યપણું તે ધ્રુવ છે અને અનિત્ય તે ઉત્પાદ છે. અને તે ગુણપર્યાયને જાણે છે ને જણાય છે. કારણ કે ગુણ તે નિત્ય છે અને પર્યાય તે અનિત્ય છે. તેથી સત્ છે. અને પર્યાય તે ઉત્પાદવ્યય છે અને ગુણ તે ધ્રુવ છે. માટે ઉત્પાદવ્યયધ્રુવને સૂચવે છે. એક જાણતાં ત્રણે જણાય છે અને ત્રણે જાણવામાં એક જણાય છે. કહો, સમજાણું આમાં?

હવે આમાં આ વાતમાં ધર્મ શું આવ્યો? એમ કહે છે કે દરેક દ્રવ્ય પોતાથી પર્યાયમાં છે એને બીજા સામે જોવાનું નથી. અને પરમાણુમાં આવી પર્યાય થાય એ તારાથી થાય છે એમ છે નહીં. હાલવાની ને આ બોલવાની ને માથું આમ થાય એ આમ થવાની એ બધી પર્યાયો એના પરમાણુંમાં ગુણપર્યાય ભરેલાં માટે થાય છે. તારે લઈને એ માથું હલે ને હાથ હલે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! માટે પર સામું જોવાનું છોડી દઈ પરનું કરીશ તો હું છું એ માન્યતા છોડી દઈ અને ધ્રુવ ઉપર દૃષ્ટિ આપ તો તને ધર્મની પર્યાય, પર્યાયમાં પ્રગટ થાય એમ જણાવવા માંગે છે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૧૧

**उप्पत्ती व विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो।**
**विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जाया ॥ ११ ॥**

उत्पत्तिर्वा विनाशो द्रव्यस्य च नास्त्यस्ति सद्भाव:।
विगमोत्पादध्रुवत्वं कुर्वन्ति तस्यैव पर्याया: ॥ ११ ॥

**अत्रोभयनयाभ्यां द्रव्यलक्षणं प्रविभक्तम्।**

**द्रव्यस्य हि सहक्रमप्रवृत्तगुणपर्यायसद्भावरूपस्य त्रिकालावस्थायिनोऽनादिनिधनस्य न समुच्छेदसमुदयौ युक्तौ। अथ तस्यैव पर्यायाणां सहप्रवृत्तिभाजां केषांचित् ध्रौव्य–संभवेऽप्यपरेषां कमप्रवृत्तिभाजां विनाशसंभवसंभावनमुपपन्नम्। ततो द्रव्यार्थार्पणाया–मनुत्पादमनुच्छेदं सत्स्व भावमेव द्रव्यं, तदेव पर्यायार्थार्पणायां सोत्पादं सोच्छेदं चावबोद्धव्यम्। सर्वमिदमनवद्यञ्च द्रव्यपर्यायाणामभेदात्॥ ११॥**

નહિ દ્રવ્યનો ઉત્પાદ અથવા નાશ નહિ, સદ્ભાવ છે;
તેના જ જે પર્યાય તે ઉત્પાદ-લય-ધ્રુવતા કરે. ૧૧.

અન્વયાર્થ :- [द्रव्यस्य च] દ્રવ્યનો [उत्पत्ति:] ઉત્પાદ [वा] કે [विनाश:] વિનાશ [न अस्ति] નથી, [सद्भाव: अस्ति] સદ્ભાવ છે. [तस्य एव पर्याया:] તેના જ પર્યાયો [विगमोत्पादध्रुवत्वं] વિનાશ, ઉત્પાદ અને ધ્રુવતા [कुर्वन्ति] કરે છે.

ટીકા:- અહીં બન્ને નયો વડે દ્રવ્યનું લક્ષણ વિભક્ત કર્યું છે (અર્થાત્ બે નયોની અપેક્ષાથી દ્રવ્યના લક્ષણના બે વિભાગ પાડવામાં આવ્યા છે).

સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોના સદ્ભાવરૂપ, ત્રિકાળ-અવસ્થાયી (ત્રણે કાળે ટકનારા), અનાદિ-અનંત દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી. પરંતુ તેના જ પર્યાયોના-સહવર્તી કેટલાક (પર્યાયો)નું ધ્રૌવ્ય હોવા છતાં પણ બીજા ક્રમવર્તી (પર્યાયો) ના-વિનાશ ને ઉત્પાદ થવા ઘટે છે. માટે દ્રવ્ય દ્રવ્યાર્થિક આદેશથી (-કથનથી) ઉત્પાદ વિનાનું, વિનાશ વિનાનું, સત્સ્વભાવવાળું જ જાણવું અને તે જ (દ્રવ્ય) પર્યાયાર્થિક આદેશથી ઉત્પાદવાળું અને વિનાશવાળું જાણવું.

- આ બધું નિરવદ્ય (-નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોનો અભેદ (-અભિન્નપણું) છે. ૧૧.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## સળંગ પ્રવચન નં.૨૦, ગાથા- ૧૧
## પ્રવચન નં :- ૧૯
## તા.૩/૧૨/૬૯, કારતક વદ-૯, બુધવાર

અગિયારમી ગાથા :- પહેલા મૂળ શ્લોક ઉપર છે.

**उप्पत्ती व विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो ।**
**विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जाया ॥ ११ ॥**

**નહિ દ્રવ્યનો ઉત્પાદ અથવા નાશ નહિ, સદભાવ છે,**
**તેના જ જે પર્યાય તે ઉત્પાદ-વ્યય-ધ્રુવતા કરે. ૧૧.**

**ટીકા :-** શું કહે છે જરી? કે જે આ આત્મા છે અંદર આત્મા વસ્તુ. અને આ એકેક પરમાણું ભિન્ન છે. અનંત પરમાણુંઓ છે અને અનંત આત્માઓ છે અને અસંખ્ય કાલાણુંઓ, એકેક ધર્માસ્તિ અધર્માસ્તિ, આકાશ ભગવાને છ દ્રવ્યો જોયા છે. કેવળજ્ઞાની ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય (જોયા છે) એ એકેક દ્રવ્યમાં બે નય ઉતરે છે. બે અપેક્ષાઓ. એ કહે છે જુઓ. અહીં બન્ને નયો વડે દ્રવ્યનું લક્ષણ વિભકત નામ ભિન્ન ભિન્ન કર્યું. બે વિભાગ પાડવામાં આવ્યા છે. એક દ્રવ્યાર્થિકનય અને એક પર્યાયાર્થિકનય. કહેશે હમણાં.

દરેક આત્મામાં અને પરમાણુંઓમાં સહવર્તી ગુણો રહેલાં છે. એકેક આત્મામાં અનંતા ગુણો જ્ઞાન, દર્શન, આનંદ (વગેરે)સાથે રહેલાં છે. પરમાણુંમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંતગુણો એકસાથે રહેલાં છે અને ક્રમવર્તી પર્યાયો. દરેક દ્રવ્યમાં પર્યાય એટલે અવસ્થા ક્રમે ક્રમે ક્રમે નવી નવી થાય છે. એની દરેક દ્રવ્યની પર્યાય નવી થવામાં બીજાનો સહારો ને મદદ નથી. એમ કહે છે. આવ્યું કે નહીં એમાં? એય..! દેવાનુંપ્રિયા..! પછી અહીં એમ કહે છે આ મકાનની પર્યાય કરતાં નથી. ભગવાન એમ કહે છે. આ તો મોટા કોન્ટ્રાકટર હતા. શું કહેવાય? ઈજનેર.

ભગવાન પરમેશ્વર વીતરાગદેવે છ દ્રવ્યનું સ્વરૂપ જે ભગવાને જ્ઞાનમાં જાણ્યું એ એકેક દ્રવ્યના એકેકમાં બે પ્રકાર. એ બે પ્રકાર પોતા વડે પોતામાં (છે) એમ સિધ્ધ કરવું છે. કે સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોના સદ્‌ભાવરૂપ, ત્રિકાળ-અવસ્થાયી (ત્રણે કાળે ટકનારા) અનાદિ-અનંત દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી. શું કહે છે? ભગવાન આત્મા અનાદિ-અનંત દ્રવ્ય વસ્તુ છે. એની ઉત્પત્તિ ને વિનાશ હોતો નથી. એમ આ પરમાણુંઓ જે છે દ્રવ્ય તરીકે ધ્રુવ-દ્રવ્ય કયું? દ્રવ્યાર્થિકનયનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય. પરમાણુંઓ જે દ્રવ્ય છે એ તો ધ્રુવ અને ઉત્પાદવ્યય ત્રણ થઈને પ્રમાણ જ્ઞાનનો વિષય દ્રવ્ય છે. એ એને તો ત્રણના પર્યાય કહેશે, ત્રણ ભેદ કહેશે. પણ અહીં દ્રવ્યાર્થિકનયનું જે દ્રવ્ય એ ત્રિકાળી પરમાણું ધ્રુવ અને ત્રિકાળી આત્મા ધ્રુવ. એ ત્રિકાળી અવસ્થાયી વસ્તુ છે એ અનાદિ અનંત છે. એ દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી.

વસ્તુ નવી ઉપજે અને વસ્તુ જૂની નાશ થાય એમ નથી. એની પર્યાય નવી ઉપજે ને પર્યાય જૂની જાય. જેમ કે માણસ છે એ માણસ છે. એ માણસ કાંઈ નવો ઉપજે છે એમ નથી. 'છે ઈ છે.' માણસમાંથી જુવાન અવસ્થાનો વ્યય થાય, વૃદ્ધ અવસ્થાનો ઉત્પાદ થાય, માણસપણું કાયમ રહે. પણ માણસપણે આત્મા કાયમ રહે છે. એમ આત્મા આત્માપણે કાયમ રહે છે. અને એની મનુષ્યપણાની અવસ્થા નાશ થઈ, દેવની થાય, દેવની નાશ થઈ મનુષ્યની થાય, મનુષ્યની નાશ થઈ સિદ્ધની થાય એ બધી પર્યાયો જૂની જાય ને નવી થાય.વસ્તુ જૂની જાય ને નવી થાય એમ છે નહીં. સમજાણું કાંઈ?

(મુમુક્ષુ :- બીજા લોકો જુદું માને છે) ના. ના. વસ્તુ એવી છે. બીજા લોકો માને એની ઘરે રહ્યા. (મુમુક્ષુ :- કોઈ આમ માને એમાં કાંઈ ભેદજ્ઞાનની વાત નથી.) શેની વાત છે? ભેદજ્ઞાનની નહીં તો શેની થઈ? બીજાઓ માને છે એ જુદું છે. અહીં તો સર્વજ્ઞે જોયેલું તત્ત્વ આવું છે. એકાંત કોઈ દ્રવ્ય ત્રિકાળી છે એમેય નથી અને એકાંત એમાં અવસ્થા થતી નથી એવું પણ નથી. દરેક વસ્તુ ત્રિકાળી પણ છે અને એમાં અવસ્થા પણ થાય છે. એ તો વસ્તુનો સ્વભાવ એવો છે. બાકી મતાંતરમાં લખે અંદર વેદાંત છે એ સર્વથા દ્રવ્યને માને છે પર્યાયને માનતા નથી. એનું નિરાકરણ છે. (મુમુક્ષુ :- બીજાની વાત ખોટી પાડે) ના. ના. બીજાની વાત ખોટી છે. વસ્તુ એની છે આવી વસ્તુ છે. ખોટી કયાં પાડવી'તી. સમજાણું કાંઈ? આહા..!

આ શરીર છે એક માટી છે જુઓ. માટી માટીપણું કાયમ રાખી અને પિંડની અવસ્થાનો વ્યય અને ઘડાની ઉત્પત્તિ, તો કાંઈ માટી ઊપજે છે ને માટી નાશ થાય છે એમ છે? શોભાલાલજી! માટી તો માટી જ છે. એમ આત્મા તો આત્મા જ છે. આત્મા તો એ અનાદિ-અનંત છે. આત્મા દ્રવ્ય તરીકે છે એ આત્મા નવો ઉપજે અને આત્માની જૂની દ્રવ્યતાનો નાશ થાય એમ છે નહીં. સમજાણું કાંઈ?

સોનું લ્યો સોનું. સોનું છે એ સોનાપણે કાયમ રહી અને કુંડળની અવસ્થા ઉપજે અને વીંટીની અવસ્થા વ્યય થાય. પણ એ તો અવસ્થા જ વ્યય થાય ને ઉત્પન્ન થાય. સોનું ઉપજે ને સોનું વ્યય થાય એમ છે? સમજાણું કાંઈ? સોનું નવું ઉપજયું એમ છે? અને સોનું નાશ થયું એમ છે? સોનું તો સોનું જ છે. એમાં કુંડળની અવસ્થા ઉપજી અને કડીની કે વીંટીની અવસ્થા નાશ થઈ એ તો પર્યાયમાં ઉત્પન્ન વ્યય છે. વસ્તુ નવી થાય ને જૂની જાય એમ છે નહીં. આહા..! અને તે પણ પોતામાં પોતે સોનાની અવસ્થા ઘડાની ઉપજે અને પૂર્વની અવસ્થાનો નાશ થાય એ પોતાને લઈને ઉત્પાદવ્યય છે. દ્રવ્યને લઈને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં. દ્રવ્ય ઉત્પન્ન થાય ને દ્રવ્ય નાશ થાય એમ નહીં. પર્યાય નવી ઉત્પન્ન થાય ને જૂની જાય. ઈ પરને લઈને પર્યાય ઉત્પન્ન થાય ને વ્યય થાય એમ નથી. આમાં તો એ વસ્તુ છે. આહાહા..!

ભગવાન આત્મા અનાદિ-અનંત દ્રવ્યે તો અનાદિ-અનંત છે. નિગોદની અવસ્થા, મનુષ્યની અવસ્થા, દેવની અવસ્થા, સિદ્ધની અવસ્થા. એ અવસ્થાપણે નવી અવસ્થા થાય ને જૂની જાય પણ આત્મા દ્રવ્ય છે તે નવો આત્મા થાય ને જૂનો જાય, એમ છે? સમજાણું કાંઈ? તો કહે છે. ઝીણું તત્ત્વ છે ભાઈ! વીતરાગદેવનું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું તત્ત્વ એવું છે ને ઝીણું છે. એકેક સમયમાં આત્મા ને પરમાણું નવી નવી અવસ્થાએ ઉત્પન્ન થાય એ પોતાનો પર્યાયનયનો વિષય છે એ રીતે. પરને લઈને ઉપજે ને પરને ઉપજાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. કહો, વજુભાઈ..! શું આ તમે વાંકાનેરમાં દસ દસ લાખના મકાન કર્યા ને? હેં! રાગ કર્યો. દરબારેય હારે આવતા તમારી હારે. એ હોંશિયાર હતા સહી કરવા આવતા રાગને લઈને. અંતે છેલ્લે પાગલ થઈ ગયા હતા. ધૂળમાંય નથી. આત્મા તો ઈ નો ઈ છે. છે પણ આ નવી નવી પર્યાય ઉપજે ને જૂની પર્યાયથી વ્યય થાય. આ એવું એનું એકેક તત્ત્વનું સ્વતઃ સ્વયં સિદ્ધ સત્‌નું સ્વરૂપ છે. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

(મુમુક્ષુ :- એમાં નયનું શું કામ છે?) પણ નય નથી? નય એટલે એક અંશને દેખનારું જ્ઞાન તેને વ્યવહારનય કહીએ અને ત્રિકાળીને દેખનારાને નિશ્ચયનય અથવા દ્રવ્યાર્થિક કહીએ. આ તો અર્થ છે. નય એટલે ત્રિકાળી છે તે તેનો તે છે. ઉપજે નહીં વિણસે નહીં એ નિશ્ચયનય કહો કે (દ્રવ્યાર્થિકનય કહો) કાયમનું તેને લક્ષમાં લેનારા જ્ઞાનની અપેક્ષાએ દ્રવ્ય તો તેનું તે છે. અને પર્યાય નવી ઉપજે ને જૂની જાય તે અપેક્ષાએ પર્યાયનય જ્ઞાન તે પર્યાયને દેખે છે. પરથી થાય છે ઈ જ્ઞાન એમ દેખતું નથી. વ્યવહારનયનો વિષય પણ એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ઝીણી વાત બાપુ એણે કોઈ દિ' સાંભળી નથી. વીતરાગના માર્ગના તત્ત્વો. બહારથી એમ ને એમ મંડી પડયા, દેહની ક્રિયા હું કરું, શરીરની હું કરું. અહીં કહે છે કે પરમાણું છે ને શરીરના પરમાણું છે. જગતમાં અસ્તિ છે ને? હવે એની જે અવસ્થા થાય છે, જુઓ આમ થાય છે. હવે આમ થઈ આમ, આમ એ અવસ્થા ઉપજે ને જૂની અવસ્થા જાય. પરમાણું તો કાયમ રહે છે. પરમાણું નવા ઉપજે છે? પરમાણું નવા ઉપજે? પરમાણું જૂના હોય એ નાશ થાય? ઊપજવું વિણસવું દ્રવ્યનું નથી પણ પર્યાયનું છે. એમ સિદ્ધ કરીને બે નય સિદ્ધ કરે છે. એમાં ને એમાં બે નય છે બીજાની અપેક્ષા રાખીને નય છે એમ નથી. એમ સિદ્ધ કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

એક પરમાણુંની કાચા દાળભાતની અવસ્થા છે. કાચા દાળભાત. અને એની પછી પાકી અવસ્થા થઈ. રંધાણી. કહે છે કે કાચી અવસ્થાનો વ્યય, પાકીનો ઉત્પાદ (થાય) પણ પરમાણું જે છે એ તો કાયમ છે. પરમાણુંનો વ્યય ને ઉત્પાદ થયો છે? અને વ્યયઉત્પાદ થયો છે એ તો પર્યાયમાં થયો છે. અને એની પર્યાયનું એવું સ્વરૂપ છે. વ્યયઉત્પાદ પરને લઈને થાય છે (એમ નથી). હેં? ભારે વાત ભાઈ..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! આ પગ ઉપાડવો હોય તો ઉપાડાય લ્યો. આત્માની ઈચ્છા પ્રમાણે પગ આમ ઉપડે? (મુમુક્ષુ :- ખાલી ચડી હોય ત્યારે?) કાલ કહ્યું'તું. મહારાજે નહોતું કહ્યું? ઈ શાસ્ત્રમાં શ્લોક આવે છે. ધવલમાંય આવે છે લ્યો અને આમાં દશવૈકાલિકમાંય આવે છે. જયમ ચરે, જયમ ચિઠ્ઠે, જયમ અસે, જયમ સહયે, જયમ ભુજન્તો ભાજન્તો, પાવ સમણ ણં બંધેય. ઈ સ્થાનકવાસીમાં બહુ શીખવે. જહમ ચરે, શિષ્યે પ્રશ્ન કર્યો. મહારાજ કેમ ચાલવું? કહમ ચિઠ્ઠે? કેમ ઊભા રહેવું? કહમ સહયે? કેમ બેસવું? કેમ આસન કરવું અને કેમ સહયે? સુવું? કેમ ભોજન કરવું અને કેમ બોલવું? એમ શિષ્યે પૂછયું. પછી ગુરુએ ઉત્તર દીધો. દશવૈકાલિકમાં પણ છે અને ધવલના પહેલા ભાગમાં પણ છે. દિગમ્બર પહેલા ભાગમાં છે. પછી ઉત્તર આપ્યો જયમ ચરે જતનાથી ચાલવું. અહીં કહે છે કે એ જતનાથી ચાલવું. હેં? શું કીધું? (મુમુક્ષુ :-આત્માનું તે વખતે વિસ્મરણ ન કરવું.) વિસ્મરણ નહીં પ્રમાદ ન કરવો. વિસ્મરણ તો છે નહીં. જ્ઞાનીની વાત છે ને?

જ્ઞાનીને આત્મા આનંદ છે જ્ઞાન છે એવું તો ભાન છે. પણ મુનિને ચાલતાં પ્રમાદ ન થવો જોઈએ. એ પ્રમાદ ન થવા માટે જયમ ચરે એમ કહેવામાં આવ્યું છે. પણ જતનાથી ચાલી શકાય છે એમ કહ્યું નથી. એ માટે તો એમાં પ્રશ્ન છે. અમારે આત્મા આનંદમૂર્તિ છે. ધર્મીની દૃષ્ટિ તો આત્મા આનંદ સ્વરૂપ છે ત્યાં હોય છે. મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ કોઈ પદાર્થમાં છે નહીં. છતાં એને પર્યાયમાં ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે ત્યારે ગતિ કરવાની પર્યાય હોય ત્યારે શું થાય? એણે વિકલ્પમાં પ્રમાદ આવવા દેવો નહીં. એટલે જતનાએ ચાલવું એવું તારી પર્યાયમાં ધ્યાન રાખજે. પરને ચાલવા, દેહ ચાલે છે ને એ ચાલી શકાય છે આત્માની સાવધાન પર્યાય થઈ માટે શરીરની અવસ્થા બરાબર કામ કરી શકે એ ત્રણકાળમાં નહીં. કારણ કે શરીરના પ્રત્યેક રજકણો ધ્રુવ તરીકે કાયમ રહી અને નવી અવસ્થા ઉપજે અને જૂની અવસ્થા જાય. ભોગીલાલભાઈ! આ તો બધું ઝીણું છે. બધું સાંભળ્યુંય ન હોય ન્યાં. કોન્ટ્રાક્ટમાં આવે નહીં ન્યાં કાંઈ. હેં? (મુમુક્ષુ :- ઈંટું ને પાણા આવે.) ઈંટું ને પાણા આવે. આ તો ઈંટું ને પાણામાંય એમ કહે છે ભાઈ! ઈંટું છે એમાં એકેક રજકણ છે ને? એ એકેક પોઈન્ટ એકેક રજકણ ભગવાને જોયો. એ રજકણ કાયમ રહે અને જૂની અવસ્થા જાય ને નવી અવસ્થા થાય. એ પરને લઈને થાય એમ ત્રણકાળમાં બીજો નય બીજાથી હોય એમ છે નહીં. એમ કહે છે. ભારે વાત ભાઈ!

જયમ ચરે, જયમ ચીઠ્ઠે. બીજો બોલ એમ છે. જતનાથી ઊભા રહેવું. એનો અર્થ કે પ્રમાદ ન થવો. ઊભા રહેવું. આ દેહની ઊભા રહેવાની પર્યાય આત્મા કરે એ ત્રણ કાળમાં નહીં. શોભાલાલભાઈ! આ બીડી બીડી વાળી શકે નહીં આમ ના પાડે છે. શું કરે? જુઓ તમારે બીડીનો બહુ મોટો ધંધો છે. કરોડો બીડી ટીમરું-ટીમરું ને આપ્ટો. આપ્ટો છે તમારે? આપ્ટો હોય છે ને? આપ્ટો નહીં? એક આ ટીમરું. આપ્ટો હોય છે ને? બે ત્રણ પાંદડા એકઠા કરે. ટીમરુંને એક જ પાન. તો એ પાન છે એમ કહે છે કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાન પહોળા હતા. તેની અવસ્થા રજકણ કાયમ રહે. એવું થયું કે પૂર્વની અવસ્થાનો વ્યય નવી અવસ્થાનો ઉત્પાદ પરમાણું કાયમ (રહે). એ બીજો જીવ આંગળી છે માટે પાંદડું આમ થયું છે એમ નથી. જેઠાભાઈ! ભારે વાત ભાઈ! (મુમુક્ષુ :- પ્રમાદ શેમાં નાખવો.) જીવની પર્યાયમાં બીજે ક્યાં? પ્રમાદ શેમાં હોય. કાંઈ જડમાં હોય? જીવની પર્યાયમાં પ્રમાદ ન થવા દેવો એટલી વાત છે. (મુમુક્ષુ :- સ્વરૂપના ધ્યાનમાં રહેવું?) ધ્યાનમાં એમ નહીં. એય વિકલ્પ જ છે ને? ધ્યાનમાં ક્યાં હાલવું છે?હાલવાની ક્રિયા જડની થાય ત્યારે આત્માના પ્રદેશ પણ આમ ગમન કરે. એમાં એને તીવ્ર રાગ થવો જોઈએ નહીં, બસ એટલી વાત છે. એ તો હાલવાનું છે એ તો વિકલ્પ છે. શુભરાગ છે. ઈર્યા સમિતિથી જોઈને ચાલવું એ પણ શુભ વિકલ્પ છે રાગ છે. પણ એમાં અશુભ રાગ થવા ન દેવો એટલી વાત છે. ભારે વાત ઝીણી ભાઈ! ભગવાનનો મારગ એવો ઝીણો છે. સમજાણું કાંઈ?

હેં? શું કહે છે? (મુમુક્ષુ :- ચાલતી વખતે અશુભભાવ થાતો હશે?) કોઈને ન થાય, ધ્યાન ન રાખે તો અશુભભાવ થાય. બીજા કોઈકની સામું જોવા જાય આમ જોવા જાય તેમ જોવા જાય તો ઓલો રાગ પડયો રહે. શુભરાગ ન થતાં અશુભ થાય. સમજાણું કાંઈ? ઉપદેશના વાકયો તો એવા જ હોય ને? એ વખતે પર્યાયમાં અશુદ્ધતા ન થવા દેવી એટલા માટે જતનાથી ઊભા રહેવું એમ કહેવામાં આવ્યું. પણ ઊભો રહે ને હેઠે પગને આમ પૂંજીને પૂંજે છે ને? એ પૂંજવાની ક્રિયા આત્મા કરે છે ત્રણકાળમાં નહીં. એ પૂંજણીથી, પૂંજણી પૂંજણીની પર્યાય કરે છે. પૂંજણીના અનંતા રજકણો પૂંજણીમાં છે. અને નીચે જીવ કોઈ હોય એનું શરીર હોય એના શરીરના રજકણો જુદા છે. એની શરીરની અવસ્થા એનાથી થાય, પૂંજણીની અવસ્થા પૂંજણીથી થાય. પૂંજણીની અવસ્થા હાથથી ન થાય, હાથની અવસ્થા વિકલ્પથી ન થાય. વિકલ્પની અવસ્થાથી હાથની અવસ્થા ન થાય. કહો, સમજાણું કાંઈ?

એમાં તો મોટો વાંધો છે. દશવૈકાલિકમાં એ બોલ છે. જયમ ચરે. ભાઈ ભગવાને જતનાએ ચાલવાનું કહ્યું છે. અહીં તમે કહો છો કે ચાલી શકાય નહીં. એ જતનાનું કીધું છે એ તો વ્યવહારનયનું વચન છે. ચાલતાં દેહની ક્રિયા તો દેહને જ કારણે થશે. એ હાલવાનો પગ આમ ઊપડે એ આત્માને કારણે બિલકુલ નહીં. કારણ કે પગ પણ પરમાણું દ્રવ્ય છે. ભગવાને એને પુદગલ દ્રવ્ય કીધાં છે. તો પુદગલ જે છે એ કાયમ રહીને અવસ્થા રૂપાંતર થાય તે તેના પરમાણુંની પર્યાયને લઈને થાય. જીવની પર્યાયને લઈને એમાં રૂપાંતર થાય એમ નથી. સમજાણુ કાંઈ? આહાહા..!

મને બીજા જીવને ન મારવાનો વિકલ્પ થયો. એથી એ જીવ ન મર્યો એમ નથી એમ કહે છે. કારણ કે જીવનું દ્રવ્ય ભિન્ન છે. એના શરીરના રજકણો જુદા છે. એના રજકણો કાયમ રહીને એની અવસ્થાનો જીવવાનો ટકવાનો ઉત્પાદ એનામાં થાય છે. જીવને ટકવાનું હોય તો ત્યાં પોતાને કારણે ટકે છે. શરીરને કારણે નહીં, બીજાના દયાના ભાવને લઈને નહીં. બહુ આકરું કામ. આખો દિ' કરવું ને કાંઈ કરતો નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે કોણ ધૂળ એ તો માને છે. સમજાણું કાંઈ? (મુમુક્ષુ :- દિગમ્બરના શાસ્ત્રમાંય ફેર છે એના અર્થ બીજા કરવા...) અર્થ બીજા કરવા એ વાત છે. અહીં દિગમ્બરના શાસ્ત્રમાં એ છે. જયમ ચરે, જયમ ચીઠે, જયમ સહે, જયમ આસે છે. આસે એટલે બેસવું. જતનાથી બેસવું ત્યારે ઓલો શું કરે? આમ આમ પૂંજે છે ને? એ હું પૂંજુ છું એમ કહે. એ તો જડની ક્રિયા છે. જડના ઉત્પાદમાં આમ આમ થાય છે. લુગડું હોય કે પૂંજણી હોય કે આ શું કહેવાય? મોરપીંછી (હોય) એ મોરપીંછી પણ અનંતા રજકણોનું દળ છે. એમાં એકેક રજકણ કાયમ રહીને નવી અવસ્થા આમ આમ થાય કે આમ જાય એ એને કારણે થાય છે. આંગળીને કારણે નહીં કે આત્માને કારણે નહીં. જાદવજીભાઈ! આ દયા પાળવાનું તો આમાં ઊડી જાય છે. સાચી દયા તારી તું પાળ. પરને કોણ તારી શક્તો'તો? માળા! અભિમાન છે. અજ્ઞાન છે. મિથ્યાભ્રમ છે. આહાહાહા..!

પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એ આમ દ્રવ્યનું સ્વરૂપ વર્ણવે અને તે પણ તેના ખ્યાલમાં આવી શકે એ રીતની ચીજ છે. સમજાય છે કાંઈ? કહે છે કે **અનાદિ-અનંત દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી. પરંતુ તેના જ પર્યાયોના સહવર્તી કેટલાક (પર્યાયો)નું ધ્રૌવ્ય હોવા છતાં પણ બીજા ક્રમવર્તી (પર્યાયો)ના - વિનાશ ને ઉત્પાદ થવા ઘટે છે.** કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? હવે આત્મા છે ને? એ આત્મા છે તે આખું પ્રમાણનું તત્ત્વ છે. નવી અવસ્થા ઉપજે જૂની જાય ને ધ્રુવ રહે. એ ત્રણ અંશ તરીકે જે છે એ ત્રણ અંશ તરીકે આખા દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ પણ અંશ છે માટે પર્યાય કહેવાય છે, ઉત્પાદ પણ પર્યાય કહેવાય છે ને વ્યય પણ પર્યાય કહેવાય છે. ઓલા આખા પ્રમાણના દ્રવ્યના વિષયની અપેક્ષાએ ત્રણ ભાગ પડયા માટે ત્રણને અંશ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ, **સહવર્તી કેટલાક પર્યાયોનું ધ્રૌવ્ય હોવા છતાં,** એટલે કે અહીંયા ધ્રુવ છે એનો એક અંશ ધ્રુવપણે પરિણમે બીજો અંશ ઉત્પાદ ને વ્યયપણે પરિણમે અને ત્રીજો અંશ ધ્રુવ કાયમ રહે એમ છે કે નહીં? એય! શું ધ્યાન રાખ્યું? કાયમ ટકી રહે એ ધ્રુવ, પણ પર્યાયના જે ત્રણ અંશ છે ને એમાં ધ્રુવનો એક અંશ પરિણમે અને એક ઉત્પાદવ્યય પરિણમે ત્રણ પર્યાયના છે કે નહીં? પણ અહીં તો પર્યાયના ત્રણ કીધાં છે ને? જુઓ વાંચો. પણ કીધું ઈ એને યાદ રહ્યું નથી.

**સહવર્તી કેટલાક પર્યાયોનું ધ્રૌવ્ય હોવા છતાં** જુઓ, પર્યાયોનું ધ્રૌવ્ય હોવા છતાં, સહવર્તી કેટલાક પર્યાય શબ્દે ભેદ. હમણાં પેલું કહ્યું. આત્મા આખું તત્ત્વ છે એના બે અંશો ઉત્પાદવ્યય એક અંશ ધ્રુવ. એ ત્રણે જે છે એમાં સહવર્તીનો ગુણનો એક ભેદ છે. આખો ગુણ કાયમ રહે છે ધ્રુવ એ એક ભેદ છે. ભેદ માટે તેને પર્યાય અંશ ત્રણની અપેક્ષાએ તેને અંશ કહ્યો. ઓલા ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણની અપેક્ષાએ એને અંશ કહ્યો. સમજાણું કાંઈ? બાકી ધ્રુવ તો ત્રિકાળી રહેનાર છે. કાયમ કાયમ છે તે આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

'છે તે છે.' મનુષ્યભવમાં હતો એ પણ આ આત્મા, મનુષ્યથી સ્વર્ગમાં જાય તો પણ તે આત્મા, મનુષ્ય પર્યાયનો વ્યય ને સ્વર્ગની ઉત્પતિ એ તો પર્યાયમાં થઈ. આત્મામાં કાંઈ નવો આત્મા થયો, આત્મા મનુષ્યપણે દ્રવ્યપણે હતો અને આત્મા દેવપણે પણ દ્રવ્યપણે થયો એમ નથી. એની પર્યાયમાં ઉત્પાદવ્યય થયો. સમજાણું કાંઈ?

અહીં તો એ પણ સિધ્ધ કરે છે કે ભગવાન આત્મા આ મનુષ્યની પર્યાય એટલે આ શરીર નહીં હોં! શરીર તો જડની પર્યાય છે. અંદર મનુષ્યગતિને યોગ્ય જે જીવની પર્યાય છે એ પણે ઉત્પન્ન છે. એનો વ્યય થઈને દેવની પર્યાયપણે ઉત્પન્ન થાય એ પર્યાયનયથી ઉત્પન્ન થાય છે. કર્મને લઈને ઉત્પન્ન થાય છે? મનુષ્યપણાનો નાશ થઈને કર્મને લઈને સ્વર્ગની પર્યાય ઉત્પન્ન થાય એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

કર્મને લઈને મનુષ્યપણું છે ને કર્મને લઈને દેવપણું છે એમ નથી એમ કહે છે. તારી પર્યાયમાં યોગ્યતાને લઈને મનુષ્યપણું છે અને સ્વર્ગપણું પણ આનો વ્યય થઈને સ્વર્ગની ઉત્પત્તિ તારી પર્યાયને લઈને પર્યાયમાં એ થાય છે. કર્મને લઈને દેવની પર્યાય થાય છે એમ છે નહીં. કર્મ જડ ચીજ પર છે. આહાહા..! ભારે વાત..! અને મનુષ્યપણાનો નાશ ને સિધ્ધપણાની ઉત્પત્તિ. આત્મા સિધ્ધ થાય ને? ઉત્પત્તિ. એ ઉત્પત્તિ અને મનુષ્યનો નાશ. એ મનુષ્યનો નાશ થયો માટે સિધ્ધની પર્યાય થઈ એમ નહીં. અને સિધ્ધની પર્યાય થઈ એ કર્મનો અભાવ થયો માટે સિધ્ધની પર્યાય થઈ એમ નહીં. સમજાણું કાંઈ? પોતાનો પર્યાયનો એ કેવળજ્ઞાનપણે સિધ્ધપણે ઉપજવાનો પર્યાય છે. એ થયો, મનુષ્યપણાની પર્યાયનો નાશ થયો. સ્વભાવ એ પર્યાયનો ધર્મ છે. એ પરને લઈને સ્વભાવ નથી. તેમ દ્રવ્યનો એ સ્વભાવ નથી કે દ્રવ્ય ઉપજે ને દ્રવ્ય વિણસે. આરે! આરે! ભારે વાતું.

વીતરાગનું તત્ત્વ આખી દુનિયાથી ભિન્ન જાત છે. ભાઈ! આહાહા! જૈનમાં જનમ્યા હોય એને પણ જૈનની ખબર ન મળે. અને અમે જૈન છીએ-જૈન છીએ એમ માને. કહો, રમણીકભાઈ! (મુમુક્ષુ :-ઉત્પાદવ્યય ઓછા વતા થાય તો?) એ ઓછા વત્તાનો પ્રશ્ન નથી. એની પર્યાયનો ઉત્પાદ થાય. જેમ કે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો અને પછી બીજે સમયે જ્ઞાન વિશેષ વધ્યું. એ ઉઘડ્યું એ ઉત્પાદ થયો પહેલો જે ઓછું હતું (તે) વ્યય થયો. જ્ઞાનગુણનું ધ્રુવપણું કાયમ રહ્યું. પણ ઓછાવતાપણું થયું એ કર્મને લઈને થયું છે એમ નથી. કહો, ચેતનજી! શું આ બધા કર્મના વાંધા ઊઠયા? અરે! એ સિધ્ધ કરે છે. જુઓને? પંચાસ્તિકાયમાં.

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય મહારાજ સંવત ૪૯માં સીમંધર ભગવાન પાસે ગયા હતા ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા છે. હવે એ શાસ્ત્રો આ પરમાગમ મંદિરમાં આરસ પહાણમાં ગોઠવવાના છે. આવી પરમ સત્ય વાત છે માટે. સમજાણું કાંઈ? એય!

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞપરમાત્માની આવી પરમ સત્ય વાણી છે. સમજાણું કાંઈ? આહાહા..! એણે પહેલી હૃદયમાં કોતરી લેવી જોઈએ. હેં? એવી વાત છે. આહાહા!

ભાઈ! તું તો આત્મા છો ને? તો આત્મા છે એ નવો ઊપજે? એની પર્યાય નવી ઊપજે. સિધ્ધની પર્યાય નવી થાય. સિધ્ધની પર્યાય અંતર-આત્મામાં એવી અનંતી પર્યાય શક્તિરૂપ પડી છે.આત્મામાં એવી સિધ્ધની પર્યાય અનંતી અને જ્ઞાનાનંદની બધી અનંતી પર્યાય, એક સમય પ્રગટ નથી. બધી દ્રવ્યમાં શક્તિરૂપ પડી છે. એ શક્તિ છે તે ધ્રુવ છે. ધ્રુવ છે તે ઉપજે છે ને વિણસે છે એમ નથી. પણ એ ધ્રુવમાં પડેલી અનંત શક્તિ માહ્યલી કેવળજ્ઞાનનો પર્યાય ને સિધ્ધપર્યાય ઉત્પન્ન થયો એ પ્રગટરૂપ થયો. અને પૂર્વની ચાર જ્ઞાનની પર્યાય હતી એનો નાશ થયો. પણ કાંઈ આત્મદ્રવ્ય ઉત્પન્ન થયું ને આત્મ દ્રવ્યનો નાશ થયો એમ છે નહીં. આહાહા..!

જુઓને, તેમ આત્મ દ્રવ્યનો ઉત્પાદ ને વિનાશ નહીં. તેમ એનો ઉત્પાદ-વ્યય પરને લઈને નહીં એમ પાછું. આહાહા.! ત્રણ અંશ કીધા ને? આખું દ્રવ્ય એટલે પ્રમાણનું દ્રવ્ય. પર્યાયને જાણે અને દ્રવ્યને જાણે એ પ્રમાણ થયું. પ્રમાણનું આખું દ્રવ્ય છે એ દ્રવ્ય હોં! આમ દ્રવ્યાર્થિકનું નહીં. પ્રમાણના અંશમાં ત્રણ અંશ થયા ને? એથી ધ્રુવને અંશ કરીને પર્યાય કીધી. પણ કાંઈ ધ્રુવનો અંશ એ કોઈ વર્તમાન પરિણમનરૂપ અંશ છે એમ નથી. પરિણમન તો ઉત્પાદવ્યયનું છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેવું સ્વરૂપ છે એવું ન માને તો એની વિપરીત માન્યતા ન ટળે. વિપરીત માન્યતા ટળ્યા વિના સમ્યગ્દર્શન થાય નહીં. સમ્યગ્દર્શન વિના ધરમ થાય નહીં.એમ છે ભાઈ. આહાહા..! જુઓને આત્મામાં દુઃખની અવસ્થા હોય દુઃખની. આત્મામાં હો! કાંઈ પ્રતિકૂળ સંયોગને લઈને દુઃખ નથી. બરાબર હશે? મિથ્યાત્વને લઈને દુઃખ માને છે. એ દુઃખ ની અવસ્થા જીવમાં થાય છે. પરને લઈને નહીં. કર્મનો ઉદય (થયો) માટે દુઃખની અવસ્થા થઈ એમ નહીં. અને દુઃખની અવસ્થામાં આત્મા આખો દુઃખરૂપે ઊપજયો એમ નહીં. એ દુઃખની અવસ્થાનો નાશ, ભગવાન આનંદ સ્વરૂપ છે. એવી અંતર દૃષ્ટિ સમ્યગ્દર્શન કરતાં દુઃખની અવસ્થાનો નાશ, આનંદની અવસ્થાની ઉત્પત્તિ. એ આત્મા ઉત્પન્ન ને વિનાશ થતો નથી. આત્મા દ્રવ્યે તો ધ્રુવ કાયમ રહે છે. એની પર્યાયમાં ઉત્પાદવ્યય થાય છે. આહાહા! એ દુઃખનો નાશ એટલે મિથ્યાત્વનો નાશ એ કર્મનો દર્શન મોહનો નાશ થયો માટે અહીં મિથ્યાત્વનો નાશ થયો એમ નથી. એનો પર્યાયનો પોતાનો ધર્મ એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

બીજો પ્રાણી એમ કહે કે અમે સામાના દુઃખનો નાશ કરી દઈએ. એટલે શું? એણે જે અજ્ઞાનપણે દુઃખ છે એમ માન્યું છે એ માન્યતાનો તું નાશ કરી શક? તેને સારા સંયોગો આપીએ દાળ ભાત રોટલી શાક રોટલાના. એ તો જડ અવસ્થા છે. જડ અવસ્થાને લઈને એને દુઃખ અવસ્થા મટે? સમજાણું કાંઈ? નાગાને કપડા દયે, ભૂખ્યાને રોટલા દયે, તરસ્યાને પાણી દયે. સમજાય છે? અહીં તો અમારી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાસે ઘણાં એવા આવે કે મારે પરણવું છે તો બે ત્રણ ચાર હજાર પૈસા આપો. એવા અહીંયા આવે. મારા સાળા કોની પાસે માગે છે એની ખબર ન મળે. હેં? (મુમુક્ષુઃ- ગરજાવને અક્કલ હોય?) ગરજાવને અક્કલ ન હોય. મારે જુવાન અવસ્થા છે ને એક વ્યકિતને પરણવું છે. તમારે ગૃહસ્થ ઘણા છે બે ત્રણ હજાર જેટલા આપો એટલા. પણ શું કોની પાસે માગે છે? ગાંડાને કાંઈ ગામ જુદા હોય છે? આહાહા..! પાગલ છે ભાઈ! વીતરાગ પરમાત્મા કહે છે કે ભાઈ, આ પરથી મને સુખ થાય એ ગાંડપણું ઘેલછાઈ છે. પાગલ છે. અને પરને લઈને મને દુઃખ થાય એ પાગલ છે. કેમ કે દુઃખ-સુખની પર્યાય તો તારી પર્યાયમાં થાય છે. પરને લઈને થતી નથી. આહાહા..!

બરાબર હશે? પણ પેટમાં ભૂખ લાગે ને અંદર પાણી પડે ત્યાં 'હાશ' એમ થાય છે ને? કોને લાગે એ તો જઠરની અવસ્થા છે. ભૂખ તો જઠર પુદ્‌ગલની અવસ્થા છે. આત્માને ભૂખ લાગતી નથી. આહાહા! અને ભૂખની અવસ્થા પણ પાણી પડયું, અનાજ પડયું માટે ભૂખની અવસ્થા ટળી એમેય નથી. એ તો એ પરમાણુંની અવસ્થા ભૂખની હતી તે બીજી થઈ ગઈ. અનાજ પડયું માટે બીજી અવસ્થા થઈ ને જઠર તૃપ્ત છે એમ છે નહીં. ભારે વાતું ભાઈ આ તો. આમ તરસ્યા લાગી હોય ને મુસંબીના પાણી મળે મોસંબી, ઠંડા ઠંડા ઠંડા ઘટક ઘટક ઘટક હાશ! પણ શું એમાં થયું એ તને કાંઈ ખબર છે? અહીં તરસ્યા તો જડની અવસ્થા હતી માટીની ધૂળની એ આત્મામાં છે? અને એમાં પાણી પડયું તો પાણીને લઈને તરસ્યા મટી છે? એ તરસ્યાની પર્યાય જે ગરમાગરમ લાગતી તે શીત થઈ ગઈ. તે પાણી તો નિમિત્ત હતું (તે) પર ચીજ છે. પર ચીજને લઈને અહીં ઠંડી થઈ ગઈ એમ છે નહીં. આહાહાહા..!

હમણાં એક જાણો કહેતો'તો અરે ભૂખ્યાને અનાજ આપો. આપો બાપુ! ભૂખ્યાને અનાજ આપો. અમે ગરીબ માણસ છીએ. નામ સાંભળે ને ત્યાં ઘણાં આવે અહીંયા. ભૂખ્યા દુઃખી માણસ છીએ ભૂખ ભાંગવી જોઈએ. દુઃખીની વ્યાખ્યા શું? શરીરમાં ભૂખ લાગી માટે દુઃખ છે? ભૂખ લાગી એ તો જડની અવસ્થા છે. એ જડમાં ઉત્પન્ન થયેલી અવસ્થા છે. તે તો એવી કલ્પના કરી કે મને ઠીક નથી એવી કલ્પના કરી તે તને દુઃખ છે. (મુમુક્ષુઃ- મને ભૂખ લાગી એવું માન્યું.) એવું માની એવી ભ્રમણા કરી એમાં તને દુઃખ છે. એ દુઃખ તારો ઉત્પાદ વ્યયનો ધરમ છે. દુઃખ ઉત્પન્ન કર્યું. બીજે ક્ષણે એ દુઃખની અવસ્થાનો નાશ કરી બીજી દુઃખની અવસ્થા ઉત્પન્ન કરી. સમજાણું કાંઈ?

એ અવસ્થા તારામાં તારે લઈને થાય છે. એમાં આત્મા ત્રિકાળી છે તે દુઃખની અવસ્થામાં આખો ઊપજે છે અને આખો નાશ થાય છે એમ છે નહીં. ભારે વાતું ભાઈ! હવે આવું! આહાહા..! આ તો મહા ભેદજ્ઞાન છે. સમય સમયની પ્રત્યેક દ્રવ્યની પર્યાય પોતાથી થાય ને પોતાથી જાય, એવો પર્યાયનો સ્વતંત્ર સ્વયંસિદ્ધ સત્‌નો સ્વભાવ છે.બીજા પરમાણુંને લઈને બીજા આત્માને લઈને એમાં કાંઈ થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ માન્યતા બિલકુલ મિથ્યાત્વ ને અજ્ઞાન છે. કહો, આવી વાત સર્વજ્ઞ સિવાય કયાંય હશે? પરમેશ્વર વીતરાગ આવે છે ને? 'કેવળી પણંતો ધમ્મો શરણમ્' મંગળીકમાં આવે છે. ભગવાનનો કહેલો ધરમ એ બીજે કયાંય હોઈ શકે નહીં. આત્મા આનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ કર તો 'કેવળી પણંતો ધમ્મો શરણમ્' તને શરણ થાય. સમજાણું કાંઈ? એ શરણ પણ તારે લેવાનું છે અને અશરણ પણ તારે ટાળવાનું છે. કોઈ ભગવાન આપી દેતાં નથી. ભગવાનનો પર્યાય ઉત્પન્ન વ્યય તો એનામાં થાય, એમાં તારે લઈને કાંઈ થાય? અથવા એને લઈને તારામાં કાંઈ થાય? હેં? માને તો એટલે? માનવી એ તો એની પર્યાય થઈ. હેં? એ તો એની પર્યાય થઈ. ગુરુની પર્યાય ન્યાં આવીને કયાં ગરી ગઈ? માને તો માનનારો એ થયો ને? તો માનનારો તો એની પર્યાય થઈ. પણ કહે કોણ? એ તો જડની વાણી છે. ભારે વાત ભાઈ! આહાહા..! એવી અગડમ બગડમ જગતની ચીજ થઈ ગઈ છે ને? કયાંય પતો ખાતો નથી. એવો પરમાં ઘેરાઈ ગયો છે. આહાહા!

કહે છે આ પોઈન્ટ એક પરમાણું છે એમાં અનંતી પર્યાયની શકિત પડેલી છે. એ શકિતરૂપે જે છે એ કાયમ ધ્રુવ છે પણ જે પ્રગટરૂપ અવસ્થા થાય એ પર્યાય છે.એ પ્રગટરૂપ અવસ્થામાં ધ્રુવપણું આવતું નથી. અને જે પૂર્વની અવસ્થા જાય એમાં કાંઈ ધ્રુવપણું આવતું નથી. એ ઉત્પન્ન ને વ્યય પ્રગટ અવસ્થા છે. અપ્રગટરૂપે જે ધ્રુવ છે અનંતી શકિતનો પિંડ એવી અનંતી પર્યાયો ધ્રુવમાં પડી છે. એ કાંઈ બહારથી આવતી નથી. આહાહા..!

ભગવાન આત્મામાં પણ સિદ્ધ ભગવાનની શકિતની અનંતી પર્યાય અહીં પડી છે. અહીં આત્મામાં છે. અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતી સિદ્ધ અવસ્થાઓ બધી અંદર આત્મામાં શક્તિરૂપે છે. પ્રગટપણે તો સમ્યગ્દર્શન, જ્ઞાનનો પર્યાય જે પ્રગટ છે એ પ્રગટ ઉત્પાદવ્યય એમાં થાય. નવી પર્યાય થાય ને જૂની જાય. વસ્તુમાં તો જે અનંતી શકિત છે પ્રગટ સિવાયની બધી શકિતઓ કાયમ ધ્રુવપણે કામ કરે છે. આહાહા! ભગવાન આત્મામાં આનંદ છે અને પર્યાયમાં એક સમયમાં પ્રગટ જે આનંદની અવસ્થા થાય છે, એવી એવી તો અનંતી આનંદની અવસ્થાની શકિત ધ્રુવમાં છે. એ તો અસ્તિત્વરૂપે છે. પ્રગટરૂપે તો જે સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ કરે જેટલો આનંદ થાય એ એક સમયની પ્રગટ અવસ્થા છે. પ્રગટ અવસ્થાનો વ્યય થાય, બીજી પ્રગટ અવસ્થા ઊપજે અને પ્રગટરૂપે જે આખી ચીજ ધ્રુવ છે તે કાયમ રહે. આહાહા..! ભારે ભાઈ!

આવું હાલે નહીં ને પછી એ ગોટાવાળી જડ ને ચૈતન્ય કરે ને ચૈતન્યને જડ કરે. એક આત્મા બીજાનું કરે ને જે ગોટેગોટા મિથ્યાત્વના. અને કહે કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા! ધ્યાન રાખીને સાંભળે એટલે સમજે તો એનો પર્યાય ઉત્પન્ન થાય. તો એનો પર્યાય ઉત્પન્ન થાય એમ કીધું ને? એનાથી એનો (પર્યાય ઉત્પન્ન) થાય. સાંભળવાથી થાય નહીં. એવી વાત છે ભાઈ! ઝીણી વાત છે. ઝીણું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો એમ કીધું ને? તેના જ પર્યાયોના તેના એટલે તે તે પરમાણુને તે તે આત્મા. **તેના જ પર્યાયોના સહવર્તી કેટલાક (પર્યાયો)નું ધ્રૌવ્ય હોવા છતાં,** અહીં કેટલાક ગોટો વાળે. એટલે કે ધ્રુવની કેટલીક પર્યાયો જે છે એ તો અંશ પર્યાયો છે એ ધ્રુવ છે અને બાકીનું ધ્રુવ એ જુદું છે. એમ નથી. એ તો આખી ચીજ છે પરમાણું એક અને આત્મા એક એવા અંશ, એવા ત્રણ અંશો માહ્યલું એક અંશ ધ્રુવ છે તેને પર્યાય એટલે ભેદ કીધો. એ ધ્રુવવાળો જે પર્યાય એ તો ધ્રુવ હોવા **છતાં પણ બીજા ક્રમવર્તી પર્યાયોના વિનાશને ઉત્પાદ થવા ઘટે છે.** લો, એમ પર્યાયમાં ધ્રુવ આવતું નથી. પણ બીજા ક્રમવર્તી પર્યાયો આત્મામાં ને પરમાણુમાં ક્રમે ક્રમે જે અવસ્થા થવાની છે, જે શકિતરૂપે છે એમાંથી વિનાશ. જે પૂર્વની અવસ્થાનો વિનાશ સમજાણું કાંઈ? માટીના પિંડનો નાશ અને ઘટની ઉત્પત્તિ એ માટીની શકિતમાંથી આવે છે. શકિત ધ્રુવ છે પણ માટીનો ઘડો ઉત્પન્ન થયો (તે) કુંભારને લઈને નહીં એમ કહે છે. ભારે વાત ભાઈ!

કહો, આ કારીગરને લઈને મકાન થાતું નથી એમ ભગવાન અહીં કહે છે. ભોગીલાલભાઈ! ભારે આ. આ બધું એણે ત્યાં બહુ તેણે કર્યુ છે. ત્યાં મોટા ઈજનેર હતા ને? સાડા આઠસોનો પગાર હતો. બારસો આપતો હતો તો ન લીધો પછી છોડી દીધું. ધૂળમાંય નથી અરે સાંભળને? કોણ કરે બાપા? હેં? (મુમુક્ષુઃ- અભિમાન કરે.) અભિમાન કરે. અભિમાનની પર્યાય એનામાં થાય? એ તો ઉત્પાદવ્યય થાય. સમજાણું કાંઈ? આહાહા!

સહવર્તી કેટલાક પર્યાયોનું ધ્રુવ હોવા છતાં, શેમાં? એ આત્મામાં ને પરમાણુંઓમાં દરેક દ્રવ્યમાં સ્વતંત્ર. કોઈ દ્રવ્ય કોઈ પરમાણુને લઈને ને કોઈ પરમાણુમાં નહીં. એ દૂધની દહીં(પણે) અવસ્થા થાય અને દૂધની અવસ્થા જાય ગોરસપણું કાયમ રહે. દૂધનું ગોરસપણું કાયમ રહે. અને દૂધની અવસ્થા જાય ને દહીંની થાય એ એના પર્યાયમાં થાય. છાશને લઈને દહીંની અવસ્થા થઈ એમ નથી. ભારે વાત ભાઈ! (દહીં જમાવવા) કેટલાક છાશ નાખે છે નહીંતર કેટલાક નાળીયેરની કાચલી નાખે અથવા બે ચાર રૂપિયા નાખે. છાશ સડેલી હોય ને? એ કરતાં દૂધમાં બે ચાર રૂપિયા નાંખે એટલે દહીં થઈ જાય. એ કહે છે રૂપિયાને લઈને થાય છે? રૂપિયાના પરમાણું જુદાં છે. એ દહીંની અવસ્થા થઈ, દૂધની ગઈ, ગોરસના રજકણ કાયમ રહ્યા. એ કાયમ રહે તે દ્રવ્યનો વિષય છે દ્રવ્યાર્થિકનો, બદલે છે તો પર્યાય નયનો. બેય એનાને એના ભાવમાં ને એના ભાગમાં છે. એનો ભાગ બહારથી આવતો નથી ને એના ભાગ બીજાને દેતા નથી. કહો, આ છોકરા થોડો ભાગ આપે કે નહીં? ગોઠણ-ગોઠણ, એલા ભાગ લાવ્યો કે નહીં? ભાગ દે મને થોડો. કાલ હું તને આપીશ. એમ આ એક દ્રવ્ય પોતાની પર્યાયનો થોડો ભાગ બીજાને આપે કે નહીં? ગોઠીયા નજીક હોય તો? સમજાણું કાંઈ?

એવી ચીજની સ્વતંત્રતાનો જે ઢંઢેરો ભગવાને કહ્યો અને એમ છે એમ ન માને તો એની વિપરીત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ ટળે નહીં. વિપરીત દૃષ્ટિ મિથ્યાત્વ ટળ્યા વિના જે કાંઈ વ્રત ને નિયમ ને તપ આદિ કરે એ બધા રખડવાના પંથે જાય. એમાં આત્માનું જરીયે કલ્યાણ થાય નહીં. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક પર્યાયોનું ધ્રુવ હોવા છતાં ભેદ, પણ બીજા ક્રમવર્તી પર્યાયોના વિનાશ ને ઉત્પાદ થવા ઘટે છે. એમાં ઉત્પાદ વ્યય થાય ને? ઘડાની ઉત્પત્તિ થાય, માટીની પર્યાયનો વ્યય થાય, લોટની રોટલી થાય એ લોટના રજકણ કાયમ રહે, પહેલો પિંડ જે હતો શું કહેવાય? ગોરણું. એ ગોરણાનો વ્યય થયો, રોટલીની ઉત્પત્તિ થઈ, રજકણોનું કાયમ રહેવું. પણ એ રોટલીની ઉત્પત્તિ થઈ એ વેલણાથી થઈ છે એમ નહીં, એમ અહીં તો કહે છે. વેલણું કહે છે ને? વેલણ વેલણ. કહે છે કે આમ ફેરવે તો રોટલી થાય. આ તો અહીં ના પાડે છે. એય! વળી રોટલી કરે અને ફુલાવવા દડો કરવા જરીક વચમાં થોડોક લોટ નાંખે. નાંખીને પછી આમ આમ કરે.પછી આમ લુગડું મુકે. એટલે થાય દડો. ઓલો વચમાં જરીક લોટ હતો ખરોને એટલે થાય દડો. કહે છે કે લોટે એ લોટની પર્યાયરૂપે પરિણમી છે. એ લુગડાને લઈને નહીં, તાવડીને લઈને નહીં, બાઈના હાથને લઈને નહીં ને બાઈના વિકલ્પને લઈને નહીં લ્યો. એય! આરે! બધાય જુદા છે તો બધા જુદા રાખે. બધાયને જુદા રાખ્યા. એકમાં બીજો ગરી જાય છે?

આ ઉપાદાન નિમિત્તના ઝઘડા આમાં મટી જાય એવું છે. નિમિત્ત આવીને આમ થાય નિમિત્ત આવીને આમ થાય, ધૂળેય થાય નહીં સાંભળને? નિમિત્ત નિમિત્તનો ઉત્પાદવ્યય કરે. આ દ્રવ્ય પોતપોતાનો ઉત્પાદવ્યય કરે. બીજો કોણ કરે એને? પંડિતોમાં અત્યારે મોટી તકરાર ચાલે છે. કાશીના ભણેલાં વિદ્વાનો બધા. ઝઘડા ઝઘડા ઝઘડા. નિમિત્ત આવે તો થાય નિમિત્ત ન આવે તો ન થાય. તો એનો પર્યાય ચાલ્યો જાય છે? દરેક દ્રવ્યનો પર્યાયનો કાળ છે તો (એનો) પર્યાય ન થાય? નિમિત્ત આવે તો કાંઈક બીજી અવસ્થા થાય ને ન હોય તો (ન થાય) એનો અર્થ શું? જે અવસ્થાનો ઉત્પાદ થવાનો તે થાય, જે અવસ્થાનો વ્યય થવાનો તે થાય ને ધ્રુવ તો કાયમ રહે. નિમિત્ત હોય કે ન હોય એની સાથે સંબંધ શું છે. સમજાણું કાંઈ?

**માટે દ્રવ્ય દ્રવ્યાર્થિક આદેશથી (કથનથી) ઉત્પાદ વિનાનું, વિનાશ વિનાનું, સત્ સ્વભાવવાળું જ જાણવું.** જુઓ લ્યો. આત્મા ને પરમાણુંઓ દ્રવ્યદૃષ્ટિથી કાયમ રહેનારની દૃષ્ટિથી સત્વ છે એમ બસ. 'છે.' ઈ છે પહેલાં સત્‌ના ત્રણ આવ્યા'તા એવું અહીં નહીં. પહેલાં તો સત્ છે એ નિત્યાનિત્ય સ્વભાવવાળું આવ્યું'તું. અહીં તો નિત્ય લેવું. ત્રણ લક્ષણ આવ્યા'તા ને? સત્ સ્વભાવ કાયમ રહેનારો એ નિત્યાનિત્ય સ્વભાવ છે માટે. નિત્યાનિત્ય છે તે ઉત્પાદવ્યય અનિત્યને ધ્રુવ કીધી અને ગુણ તે નિત્ય ને પર્યાય તે અનિત્ય. એમ કહીને ત્રણેયને મેળવ્યું'તું. અહીં જે દ્રવ્ય છે તે દ્રવ્ય તે ધ્રુવ તે સત્ સ્વભાવવાળું જાણવું. એટલે ધ્રુવપણાના સ્વભાવવાળું જાણવું. ઓલું ઉત્પાદવ્યયવાળું જે ત્રણ નિત્યાનિત્ય સ્વભાવ તે આ ન લેવું. આહા! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બસ આવું જાણવું જાણવું જાણવું જ આત્મામાં હશે? આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આત્મા બીજી ચીજ શું છે. આત્મા એટલે જ્ઞાનનો પિંડ પ્રભુ. ચૈતન્યનું ચોસલું. ચૈતન્યનું ચોસલું. જાણવું જાણવું જાણવું જાણવું કામ કરે. એ સિવાય અંદર બીજી ક્રિયા છે નહીં. શરીરને કરે નહીં, વાણીને કરે નહીં. આત્મા કર્મને બાંધે નહીં. કહો, સમજાણું કાંઈ? અપ્પા કત્તા વિકત્તા, એમ બધા કહે. આત્મા કર્મનો કર્તા. બાપુ! આત્મા કર્મનો ભોકતા. એ અહીં ના પાડે છે. તારા વિકારનો તું કર્તા ને તારા વિકારનો તું ભોકતા. જડનો તું કર્તા નહીં ને જડનો તું ભોકતા નહીં. કેમકે જડની ઉત્પાદવ્યય એનામાં થાય એના ઉત્પાદવ્યયને તું શું કર ને એને ભોગવે છે શી રીતે તું? કહો, સમજાણું કાંઈ?

ઓલી ગાથામાં આવ્યું ને? જયમ ચરે, જયમ ચીઠ્ઠે, જયમ સયે, જયમ આશયે, જયમ સયે જતનાથી સુવું એવું છે ને? ઓલી પુંજણી આમ આમ કરીને સુવે એટલે જાણે જતના થઈ. એમ નહીં એ તો ક્રિયા જડની છે. જયમ ભુજન્તો લ્યો! જતનાથી ભોજન કરવું. ઠીક.જતનાનો અર્થ એમાં પ્રમાદ થવા દેવો નહીં. ભોજન કરી શકે છે ને છોડી શકે છે એ આત્મામાં છે નહીં. ભોજન તો જડની અવસ્થા છે. એ પરમાણું પોતે ત્યાં પર્યાયપણે પરિણમે છે ને, વ્યય થાય પરમાણું, વ્યય થાય, આત્મા એમાં કાંઈ કરતો નથી. આહાહા! ભારે કામ ભાઈ! જગતથી ઊંધી ભારે.

ખાવા પીવાની ક્રિયા જડની જડમાં થાય. આત્મા ખાવા પીવાની ક્રિયા કરી શકતો નથી. એમ ભગવાન અહીંયા કહે છે. મૂંઢ માને છે હું ખાઉં ને પીવું છું એ દૃષ્ટિમાં મિથ્યાત્વનું મોટું શલ્ય છે. આહાહા! કહો, આ બરાબર હશે કે નહીં. જીતુ! ઓલો હથોડો ઉપાડે એ કોણ ઉપાડતો'તો? તારે આવતું હશે કે નહીં? આવ્યું હશે કે નહીં? હથોડો બથોડો. (શ્રોતાઃ- જડની ક્રિયા છે) જડની. હેં? કરી જોવો તમારે કારીગર થવું હોય તો. શું કહેવાય એ? ઈજનેર. શું કહેવાય ઈ? ઈજનેર ન્યાં ભણે છે. કહે છે કે એ લોઢાનો ભાગ છે ને એ રજકણનો છે. એ ઊંચુ થવું એ જડની પર્યાયથી થાય છે. એના લોઢાની પર્યાયથી(થાય છે.) બીજાના હાથથી નહીં ને બીજાના વિકલ્પથી નહીં. આહાહા! અનંત દ્રવ્યને માનવા અને અનંતમાંથી એક દ્રવ્ય બીજાનું કરે (એમ) માનવું તો અનંત રહેતા નથી.

ભગવાને તો અનંત પરમાણું ને અનંત આત્મા કહ્યા છે. તો અનંત કેમ રહેશે? કે પોતપોતાના ધ્રુવમાં ને પોતપોતાના ઉત્પાદ વ્યયમાં હોય તો અનંત રહે. બીજાના ઉત્પાદ વ્યયમાં ગરી જાય તો અનંત રહે નહીં. અહીં અનંતને માનતો નથી. સમજાણુ કાંઈ? પરનું મારાથી થાય એમ માનનારો અનંતને માનતો નથી. એટલે એના જ્ઞાનમાં અનંતને જાણવાનો સ્વભાવ છે, એ રીતે જાણતો નથી. ઊંધુ જાણે છે. ભારે ભાઈ! ઓહો! મનુષ્યપણું આવું! એમાં જો આ સત્ય સમજશે નહીં, તો કયાંય એના ચોર્યાસીના આરા નહીં આવે. ચોર્યાસીના અવતારમાં ભટકીને મરી ગયો. આહાહા! (શ્રોતાઃ- આમાં તો કાંઈ ધ્રુવનો આશ્રય કરવાનું આવ્યું નહીં.) ધ્રુવનો આશ્રય એટલે ધ્રુવમાં બધી શકિત પડી છે એમ કીધું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ છે અમુક. હવે પ્રગટ નવી કરવી હોય એણે ધ્રુવનું શરણ લેવું, એનો અર્થ થઈ ગયો. ધ્રુવમાં અનંતી શકિત છે. બધી શકિત છે. પ્રગટરૂપ તો એક જ અવસ્થા છે. પ્રગટરૂપ. ત્યારે હવે નવી અવસ્થા પ્રગટ કરવી હોય તો કયાંથી કરવી? આને જીવને માટે હોં! પરમાણું તો સ્વતંત્ર થયા જ કરે છે ને? આને વળવું છે ને?

ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યમૂર્તિ આનંદનો કંદ અનાદિ-અનંત છે એની વર્તમાન અવસ્થામાં જે અજ્ઞાન અને દુઃખ છે એને ટાળવું હોય તો જે શકિત નવી વીતરાગ પર્યાય આદિ પ્રગટશે એ બધી શકિતનું મૂળ તો ધ્રુવ છે. ત્યાં છે. ત્યાં એકાગ્ર થાશે એટલે જે સમયની પર્યાય છે તે બહાર આવશે. આહાહા! સમજાણું કાંઈ? કાંઈ પર્યાયમાંથી પર્યાય આવશે? પર્યાય તો જાય છે. એક અવસ્થા છે તો ગઈ. નવી થઈ. નવી કયાંથી થઈ? અત્યારે તો ધ્રુવથી સિદ્ધ કરવું છે ને? પર્યાય પર્યાયથી થઈ. પરથી જુદું પાડવું છે ને અત્યારે. લાંબી વાત નથી કહેતા. કહો, સમજાણું કાંઈ?

એ આવી ગયું ને અંદર કે ધ્રુવમાં અનંતી શકિત છે. બસ શકિત શકિત સદશ રહેશે. એક સમયની અવસ્થા સદશ આખું છે એમાંથી નથી આવતી. શું કહ્યું વળી? એક અંશરૂપ આવી છે, એ તો ભેદ ને વ્યવહારનય થઈ ગયો. ગજબ વાત છે. સર્વજ્ઞ પરમેશ્વરનું તત્ત્વજ્ઞાન વસ્તુનુ તત્ત્વ સ્વરૂપ સર્વજ્ઞે કહ્યું, સર્વજ્ઞે કાંઈ કોઈનું કર્યું નથી. સર્વજ્ઞ કોઈનું કરી દયે છે? જેવું હતું તેવું કહ્યું, કહ્યું એવું લોકો જાણે, સમજે તો એનું કલ્યાણ થાય. એવી વાત છે. આહાહા! ઝઘડા કરે, લ્યો, ચશ્મા વિના જણાય? લ્યો, ચશ્મા ઉતારી નાખો. કોણ ઉતારે? એ તો જડની પર્યાય છે. એને અહીં રહેવું ને હેઠે ઉતરવું હોય તો ઉત્પાદવ્યય તો પરમાણુમાં થાય છે. પરમાણુ કાયમ રહીને એમાં થાય છે. આંગળીને લઈને નહીં જીવને લઈને નહીં. ભારે કામ ભાઈ! હવે કરો ચર્ચા. શેની ચર્ચા? તમારી ચર્ચા દેખાય છે ને? વિચાર નહીં એનો અર્થ ઈ. ચશ્માથી આત્મામાં જ્ઞાન થાય, ચશ્મા ન હોય તો ન થાય. ભગવાન ના પાડે છે.

આત્મામાં જ્ઞાનનો ઉત્પાદ થાય તે પર્યાયમાં પર્યાયને લઈને થાય. પરને લઈને નહીં. ભારે ભાઈ! જુઓને કેટલું કહ્યું ને સિદ્ધ કર્યું. આહાહા! દાખલા તો જેટલા દેવા હોય તેટલા દઈ શકાય. સોનાના ને દાળ-ભાતના ને માટીના ને શરીરની અવસ્થાના લઈ શકાય. કુમાર અવસ્થા ગઈ, જુવાન ને વૃદ્ધાવસ્થા થાય પરમાણું કાયમ રહે છે. એ તો અવસ્થા છે. કહેવી કોને? એ તો અપેક્ષાથી કહે છે. બાકી તો પરમાણુંની અવસ્થા છે. બાળકપણાની શરીરની અવસ્થાનો ઉત્પાદ થયો એનો વ્યય થયો ને યુવાનની અવસ્થા શરીરમાં થાય. (તે) આત્માને લઈને નહીં. પરમાણુ એના કાયમ રહે છે.

આયુષ્ય પૂરું થઈ ગયું માટે આત્મા અહીંથી છુટે છે એમ ના પાડે છે. આવે છે એને માટે તો આ ખુલાસો કર્યો છે. અહીંથી છુટે છે એની પર્યાયની હદ આ જાતની પૂરી થઈ ગઈ છે. બીજી ગતિની પર્યાય પોતાને કારણે અહીંથી થઈ છે. કર્મને કારણે નહીં. કર્મ એને બીજી ગતિમાં લઈ જતું નથી. એના પર્યાયની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતાની યોગ્યતાથી બીજી ગતિમાં જાય છે. આહાહા! ઓલો કહે કે ઈશ્વર લઈ જાય. આ કહે કે કર્મ લઈ જાય. બેય એક જાતના છે. વસ્તુથી તો તદ્દન દૃષ્ટિ વિરૂધ્ધ છે. કહો, સમજાણું કાંઈ? ઓલો કહે જમડો લેવા આવ્યો. શરીર તો પડયું રહ્યું. શું લઈ ગયો એ આત્મા લઈ ગયો? આત્મા તો અરૂપી છે. આવે છે કે નહીં ઓલું એક ફોટામાં આવે છે. શંકરનું નહીં લીંગ ને પછી એક માણસ એને પકડે છે ને ઓલો જમડો પાડામાં બેસીને આવે છે. ફોટામાં આવે છે ફોટામાં. પાડામાં આવે છે ને પછી દોરી નાખે છે એ દોરી નાંખી તો શરીર હારે જાતું હશે? એ શરીરના રજકણ તો અહીં પડયા રહેશે. અને આત્મા છુટે તો પોતાને કારણે છુટે છે. કયાં જવું છે એ એની પર્યાયની યોગ્યતા (થી જાય છે.) એ જમડો લઈ જતો હશે?

બીજાને પરમેશ્વર લઈ જાય એમ કહેતાં. પરમેશ્વર આવ્યા, ન્યાં બહાર ઊભા હતા. પછી ફલાણાનું ઘર કયાં આવ્યું? એલા પણ ન્યાંથી આવ્યા ને ઘર પૂછવું પડયું? અમારે બોટાદમાં થયું હતું. ભગવાન એમ કહે ઓલા રથમાં બેસીને આવ્યા અને સમજયાને? બળદ કેવા શીંગડા આવા ને આવા ને અને પછી શેરીમાં પૂછયું કે ફલાણાનું ઘર કયાં? મરવાની તૈયારી છે તો પરમેશ્વર લેવા આવ્યા છે. ન્યાંથી હાલ્યા આવ્યા ને અહીં ખબર ન પડી? આવા ગપ્પે ગપ્પ ઊડાવે. ઓલા વ્યાખ્યાનમાં આવ્યું હતું એટલે ઓલા હતા ને બધા ઘણા, સ્વામીનારાયણને ઈ કહે આ શું કહે છે? ન્યાં છે ને તમારે. અરે બાપુ! કોણ પરમેશ્વરને કયાં લેવા આવે ને કયાં લઈ જાય? તારી પર્યાયમાં તું ઊપજે ને તારી પર્યાય પૂર્વ વિના તારે કારણે થાય. કર્મને લઈને નહીં તો વળી પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એ તો સર્વજ્ઞદેવ છે. એ તો જગતના જ્ઞાતા-દૃષ્ટા (છે) એ કોઈને લેવા આવે કે દેવા આવે એમ છે નહીં.

કહો, એ દ્રવ્યાર્થિક સત્ સ્વભાવનું જાણવું. **અને તે જ દ્રવ્ય પર્યાયાર્થિક આદેશથી ઉત્પાદવાળું ને વિનાશવાળુ જાણવું** લ્યો, બે નયો આવી ગયા. **આ બધું નિર્વધ્ય છે, નિર્દોષ છે, નિર્બાધ છે, અવિરૂધ્ધ છે. કારણ કે દ્રવ્ય અને પર્યાય અભેદ (-અભિન્નપણું)છે.** વસ્તુ ને એની અવસ્થા એક એક છે. જુદી જુદી નથી. દ્રવ્યથી ઉત્પાદવ્યયની પર્યાય થાય ને દ્રવ્યપણું કાયમ રહે. પરને લઈને કાંઈ સંબંધ છે નહીં. પરનું કાંઈ પોતાની પર્યાય કરે નહીં અને પરની પર્યાય પોતે કરે નહીં. એવું વસ્તુનું સ્વરૂપ છે. એમ સમજે તો એને યથાર્થ જ્ઞાન થઈ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય.

**(શ્રોતાઃ-પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૧૨

**पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि ।**
**दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति ॥ १२ ॥**

पर्ययवियुतं द्रव्यं द्रव्यवियुक्ताश्च पर्याया न सन्ति ।
द्वयोरनन्यभूतं भावं श्रमणाः प्ररूपयन्ति ॥ १२ ॥

अत्र द्रव्यपर्यायाणामभेदो निर्दिष्टः ।

दुग्धदधिनवनीतघृतादिवियुतगोरसवत्पर्यायवियुतं द्रव्यं नास्ति । गोरसवियुक्त-दुग्धदधिनवनीतघृतादिवद्द्रव्यवियुक्ताः पर्याया न सन्ति । ततो द्रव्यस्य पर्यायाणां चादेशव-शात्कथंचिद्भेदेऽप्ये कास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तेत्वेनाभेद इति ॥ १२ ॥

પર્યાયવિરહિત દ્રવ્ય નહિ, નહિ દ્રવ્યહીન પર્યાય છે,
પર્યાય તેમ જ દ્રવ્ય કેરી અનન્યતા શ્રમણો કહે. ૧૨.

અન્વયાર્થ :- [पर्ययवियुतं] પર્યાય રહિત [द्रव्यं] દ્રવ્ય [च] અને [द्रव्यवियुक्ताः] દ્રવ્ય રહિત [पर्यायाः] પર્યાયો [न सन्ति] હોતાં નથી; [द्वयोः] બન્નેનો [अनन्यभूतं भावं] અનન્યભાવ (-અનન્યપણું) [श्रमणाः] શ્રમણો [प्ररूपयन्ति] પ્રરૂપે છે.

ટીકા :- અહીં દ્રવ્ય અને પર્યાયોનો અભેદ દર્શાવ્યો છે.

જેમ દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિથી રહિત ગોરસ હોતું નથી તેમ પર્યાયોથી રહિત દ્રવ્ય હોતું નથી; જેમ ગોરસથી રહિત દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિ હોતાં નથી તેમ દ્રવ્યથી રહિત પર્યાયો હોતા નથી. તેથી, જોકે દ્રવ્ય અને પર્યાયોનો આદેશવશાત્ (-કથનને વશ) કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત (-દ્રઢપણે રહેલાં) હોવાને લીધે *અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો અભેદ છે. ૧૨.

---

* અન્યોન્યવૃત્તિ = એકબીજાના આશ્રયે નભવું તે; એકબીજાના આધારે ટકવું તે; એકબીજાને લીધે હયાત રહેવું તે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૨૧, ગાથા-૧૨, ૧૩
## પ્રવચન નં- ૨૦
## તા.૪/૧૨/૬૯, કારતક વદ-૧૦, ગુરુવાર

સમયસાર ષટદ્રવ્યનો અધિકાર છે. બારમી ગાથા. અગિયાર ગાથા કાલ પૂરી થઈ. બાર.

**पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि ।**
**दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति ॥ १२ ॥**

આમાં નથી નહીં? હરિગીત નથી ને? હેં? હિંદી. તેની ટીકા.

ટીકાઃ- **અહીં દ્રવ્ય અને પર્યાયોનો અભેદ દર્શાવ્યો છે.** શું કહે છે? આત્મા તે દ્રવ્ય છે અને તેની અવસ્થા પર્યાય છે તે બે નું અભેદપણું છે. પર્યાયનો પ્રદેશ જુદો ને દ્રવ્યનો પ્રદેશ જુદો એમ છે નહીં. એમ આ શરીરના એક એક રજકણ પરમાણું છે તે જે દ્રવ્ય છે તેની આ એક અવસ્થા જે થાય છે આ પર્યાય તે દ્રવ્ય ને પર્યાય એક છે. અભેદ છે એનું અસ્તિત્વ એક છે. તે કહે છે જુઓ.

દૃષ્ટાંત આપે છે. જેવી રીતે દૂધ એક ગોરસની અવસ્થા છે. ગોરસ છે ને ગોરસ તેની દૂધ એક પર્યાય છે. અવસ્થા છે. બરાબર છે? દહીં એ પણ એક ગોરસની અવસ્થા છે, પર્યાય છે. માખણ એ પણ એક ગોરસની પર્યાય છે, અવસ્થા છે. ઘી એ પણ એક ગોરસની અવસ્થા છે, પર્યાય છે. **તે બધાથી રહિત એ પર્યાયથી રહિત ગોરસ નથી હોતું.** બરાબર છે? પર્યાય ન હોય ને ગોરસ હોય એવું બને છે? પર્યાયથી રહિત ગોરસ નથી હોતું. **તેમ પર્યાયોથી રહિત દ્રવ્ય નથી હોતું.**

આ પરમાણું જે છે તેની સમય સમયમાં જે અવસ્થા થાય છે અવસ્થા. એમ તો એકરૂપ દેખાય છે. સમયે સમયે તેનું રૂપાંતર થાય છે. એકરૂપ નથી. આ પરમાણુમાં એવી ને એવી અવસ્થા દેખાય છે. તેમાં એકેક પરમાણુમાં એકેક સેકન્ડના અસંખ્ય ભાગના સમયમાં અનંતગુણની સમય સમયમાં ભિન્ન ભિન્ન પર્યાય થાય છે. ભિન્ન ભિન્નનો અર્થ પહેલી પર્યાયથી ભિન્ન પર્યાય થાય છે. પણ તે પર્યાયથી પરમાણુ ભિન્ન નથી. સમજાય છે કાંઈ?

એમ આત્મામાં જે રાગાદિ કે જ્ઞાનાદિ અવસ્થા થાય છે તે અવસ્થાથી પર્યાયથી દ્રવ્ય ભિન્ન નથી. દ્રવ્ય જુદું નથી. અને જુદાને કારણે પર્યાય થાય છે એમ નથી એમ કહે છે. (જુદાને) કારણે પર્યાય થાય છે એમ નથી. જેમકે આ પરમાણુંની પર્યાય થાય છે તો પર્યાય વગર પરમાણુ નથી.પણ તે પરમાણુની પર્યાય પરમાણુંથી થઈ છે. તે પર્યાય બીજા પરમાણુથી થઈ છે કે બીજા આત્માથી થઈ છે એમ નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભારે વાત. સમજાય છે કાંઈ?

**જેમ દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિ પર્યાય અવસ્થાથી રહિત ગોરસ દ્રવ્ય નથી હોતું.** તેવી રીતે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ તેની પ્રત્યેક ભિન્ન ભિન્ન અવસ્થા છે તો અવસ્થા વગર, પર્યાય વગર દ્રવ્ય નથી રહેતું. અને તે પર્યાય બીજાથી થાય છે એમ પણ નથી. સમજાય છે કાંઈ? જેવી રીતે આ હાથ ચાલે છે જુઓ, તે પર્યાય પરમાણુની છે. તો પર્યાય વગર પરમાણું નથી. પણ તે પર્યાય આત્મા વગર થતી નથી એમ નથી. તે આત્મા વગર પરમાણુથી પર્યાય થાય છે. સમજાય છે કાંઈ?

જેમ ભાષા, ભાષા જે આવે છે તે પરમાણુની પર્યાય છે. ભાષા એક શબ્દ વર્ગણાની પર્યાય છે. તો પર્યાય વગર પરમાણુ નથી પણ તે પર્યાય આત્માથી થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણું. આહાહા! જેને સમ્યક યથાર્થ, સત્યતા સમજવી હોય તો (આ) સમજવું પડશે. જેને મિથ્યા શલ્ય કાઢવું હોય અને સમ્યકજ્ઞાન પ્રાપ્ત કરવું હોય અને સુખના પંથે જાવું હોય તો યથાર્થ સમજવું પડશે. આહાહા!

આ તો હું છું તો શરીર ટકે છે. કહે છે કે તારી માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. અને શરીર ટકે છે તો હું અંદરમાં ટકી રહ્યો છું. સમજાય છે કાંઈ? જડમાં આયુષ્યની પર્યાય છે તો હું આત્માની પર્યાયમાં પોતામાં ટકી રહ્યો છું. કહે છે કે ખોટી વાત છે. પોતાના રજકણ વગર આયુષ્યની પર્યાય થતી નથી. આયુષ્યની પર્યાય છે તો આત્માની પર્યાય થાય છે એમ છે નહીં. સમજાય છે કાંઈ? ભારે ઝીણું!

અહીં તો 'પજ્જયવિજુદં દવ્વ' એ વ્યાખ્યા આપણે આવી છે. કુંદકુંદાચાર્ય મહારાજ (કહે છે) પર્યાય રહિત દ્રવ્ય હોતું નથી. તેનો અર્થઃ- કોઈપણ આત્મા અને પરમાણુ કોઈપણ સમયમાં કાર્ય વગરનું હોતું નથી. પર્યાય કહો કે કાર્ય કહો. તો તે કાર્ય પર્યાય દ્રવ્ય વગર થતું નથી. પણ તે કાર્ય પરથી થાય છે એમ છે નહીં. પર્યાય એટલે કાર્ય. કારણ ત્રિકાળી દ્રવ્ય. પર્યાય-અવસ્થા-હાલત તો હાલત દ્રવ્ય વિના નહીં. પણ તે કાર્ય પોતાના દ્રવ્ય વિના નહીં. પણ તે કાર્ય પર દ્રવ્યથી થાય છે (એમ છે નહીં) કુંભારથી ઘડો થાય છે એ સિધ્ધાંત જુઠો છે. એમ અહીંયા તો કહે છે. ઘડાની પર્યાય માટી વિના નથી થતી. સમજાય છે કાંઈ? ઘી દૂધની પર્યાય ગોરસ વિના નથી થતી. એવી રીતે ઘડાની પર્યાય માટી વિના નથી થતી. પણ કુંભાર વિના થાય છે. હેં? હા પણ જો એને સત્ય સમજવું હશે તો આ સમજવું પડશે. કેમ ધર્મચંદજી શું? રોટલીની પર્યાય અને આટાની પર્યાય પરમાણુ વગર નથી થતી. પણ આટાની પર્યાય વેલણથી થાય છે કે તાવડીથી થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

તવો હોય છે ને આ રોટલી કરવાનો તવો? તવાને શું કહે છે? તવા. તો તવા તેની પર્યાય વગર દ્રવ્ય તે નથી હોતું. પણ રોટલીની પર્યાય તવાથી થાય છે એમ છે નહીં. તવા વગર જ થાય છે. તેના પરમાણુ વગર રોટલીની પર્યાય થતી નથી. અગ્નિ ફગ્નિથી નહીં. અગ્નિ પર દ્રવ્ય છે, રોટીનું પણ ભિન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય છે. આહાહા! ભારે! માર્ગ એવો ભિન્ન ભિન્ન તત્ત્વ. અનંત જીવ, અનંત આત્મા માનવા અને અનંત જીવ અને અનંત આત્માની પ્રત્યેક પર્યાય પોતાના વગર પરથી થાય છે એમ માનવું તે અનંતને માનતો જ નથી. સમજાય છે કાંઈ?

પર આત્મા છે તેને શરીરમાં રહેવું, તે પોતાની પર્યાયથી રહે છે, શરીરની પર્યાયથી નહીં. અને શરીરની પર્યાય પણ પોતાથી છૂટે છે અને આત્મા પણ પોતાની પર્યાયથી છૂટે છે. શરીર છૂટયું તો આત્માની પર્યાય પણ છૂટી એમ છે નહીં.અને તેની પર્યાય છૂટે છે તો બીજાનો ભાવ મારવાનો હતો તો છૂટયા છે એમ છે નહીં. કેમ કે તે પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. અને રાગભાવ છે તેથી તેને મારવાનો દ્વેષ છે અને દ્વેષ છે તેથી તેની પર્યાય શરીર અને જીવ ભિન્ન થયો એમ છે નહીં. હાં, દ્વેષની પર્યાય આત્મા વગર નથી. પણ દેહના છૂટવાની પર્યાય દ્વેષ વગર થાય છે. સમજાય છે કાંઈ?

કોઈએ બીજાને મારવાનો ભાવ કર્યો, તો ભાવ વગર આત્મા નથી. ભાવ પર્યાય છે. આત્મા નથી. તો તે ભાવ થયો તો મરવાની પર્યાય થઈ એમ નથી. કેમ કે તે પરદ્રવ્યની ચીજ પોતાની પર્યાયથી રહિત નથી. પણ પરની ઉપર દ્વેષ પર્યાય થઈ તો દેહથી શરીરને ત્યાં છૂટવું પડયું એમ છે નહીં. સમજાય છે ભાઈ? સૂક્ષ્મ વાત છે. વીતરાગ તત્વ એટલું સૂક્ષ્મ છે. હેં? (મુમુક્ષુઃ- પરમ સત્ય.) પરમ સત્ય? તો તો થઈ રહ્યું કોઈને મારો અને આપણે મારી શકતા નથી, એમ માનો. પણ મારી શકતા નથી એમ તો અહીં સિધ્ધ કરે છે. (મુમુક્ષુ :- ફાંસીની સજા તો આપે છે.) ફાંસીની સજા કોણ દઈ શકે છે. તેની પર્યાય તો થવાની હોય તે થાય છે. બીજા તો વિકલ્પ કરે છે. વિકલ્પ વિના ફાંસીની સજા કયાં કયાં પર્યાય પરિણમે છે તે પર્યાય દ્રવ્ય વગર નથી થતી. તેના પરમાણુ વગર પર્યાય નથી હોતી અને આત્માની પર્યાય ત્યાં થઈ તે પર્યાય આત્મા વગર નથી હોતી. પણ પરને કારણે પર્યાય થઈ છે એમ છે નહીં. ભારે વાત ભાઈ!

વીતરાગ માર્ગ તો (આવો છે.) અનંત દ્રવ્ય ભગવાને જોયા છે. પરમાત્માએ પરમેશ્વરે અનંત દ્રવ્ય જોયા છે. પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાય વગર હોતું નથી. પણ બીજાની પર્યાય વગર આત્મા રહે છે. પણ બીજાની પર્યાય પોતાની પર્યાયથી થઈ છે એમ છે નહીં. (મુમુક્ષુ :- આપે તો દ્વેષ ભાવ કહ્યો) દ્વેષ ભાવ કહ્યો, તો દ્વેષભાવની પર્યાય વગર તેનું દ્રવ્ય નથી. પણ દ્વેષના ભાવની પર્યાય વગર તેનું મરણ થયું. તેને તો તેની પર્યાય થઈ. મને દ્વેષ થયો તો મેં તેને મારી નાખ્યો તે વાત મિથ્યા શ્રદ્ધાને પોષે છે. અને તે જીવ બચ્યો, સમજાય છે કાંઈ? પાણીમાં માટી હતી અને આમ હાથ કરીને ઉપાડી લીધી. તો હાથની પર્યાય હતી તો તેના પરમાણુ વગર હાથની પર્યાય ન હોય. પોતાને વિકલ્પ થયો કે હું એને બચાવી લઉં તો વિકલ્પ વિના હાથની પર્યાય થાય છે. અને હાથની પર્યાય છે તો એના બચવાની પર્યાય થઈ  એમ નથી. તેના બચવાની પર્યાય તેના દ્રવ્ય વિના નથી થતી. પણ બીજાને બચાવવાનો ભાવ થયો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો બચવાની પર્યાય થઈ એમ નથી. ગોટા છે. નહીંતર એક દ્રવ્યને બીજા દ્રવ્યનો ખીચડો થઈ જાય છે.

જેમ ઈશ્વર કર્તા (છે એમ) માને છે તે વાત ખોટી છે, એમ આ જૈનમાં રહેવા છતાં એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાય કરે છે તે બંનેની એક જ માન્યતા મિથ્યાદષ્ટિની છે. બન્નેની એક જ માન્યતા છે. એમાં કોઈ બીજો ફેર નથી. એ આ પંચાસ્તિકાય કહે છે ભાઈ! કહો મીઠાભાઈ!

ત્યાં હીરાભાઈ પૈસા પેદા કરે છે ને? તો ત્યાં ઠીક રહે છે. એમ નથી એમ કહે છે. હીરાભાઈ અહિયાં હોય તો તમારો ભાણીયો ત્યાં રળે. ઠીક પડે ને કે આપણું કામ કરે છે ચાલે છે. એટલે આપણને ઠીક છે. કહે છે કે એ વાત તદ્દન જૂઠી છે. (મુમુક્ષુઃ- એ આપણું કામ જ નથી.) કામ જ નથી પણ પરના પરમાણુ જે બંગડી બંગડી જાય આવે એ પર્યાય એના દ્રવ્ય વિના નહીં. પણ જો એ બેઠો છે ને હીરાભાઈ માટે પર્યાય ન્યાં બંગડી વહેંચવાની થાય છે એમ નહીં. એમાં આવી ગાથા.આહાહા!

ત્યાં પાઠ જુઓને?પજ્ય વિજુદં દવમ્. કોઈપણ દ્રવ્ય પર્યાય વિના હોય નહીં. પણ બીજાના દ્રવ્ય વિના કોઈપણ પર્યાય હોય એમ નથી. આરે! ભારે વાત ભાઈ! વીતરાગનું સત્ત્વ બહુ સૂક્ષ્મ છે. સમય સમયની પ્રત્યેક દ્રવ્યની જે પર્યાય થાય છે તે પર્યાય તે દ્રવ્યથી થાય છે પરથી નહીં. સમજાય છે કાંઈ?

ગોરસ વિના પર્યાય નથી થતી. એવી રીતે પર્યાયથી રહિત દ્રવ્ય નથી હોતું. આત્મા છે અને પર્યાય નથી, એવું બને? કોઈપણ જ્ઞાનની, રાગની પર્યાય તો થાય જ છે. ક્ષણે ક્ષણે અનંતગુણની પર્યાય અવસ્થા થાય જ છે. તો અવસ્થા વગર દ્રવ્ય નથી હોતું. અથવા અવસ્થા જે થાય છે તે કાર્ય, તો કાર્ય વગર કારણ નહીં. કાર્ય હોય અને દ્રવ્ય ન હોય એમ બનતું નથી. પણ તે કાર્ય બીજા દ્રવ્યથી થાય છે એમ નથી. લ્યો આ બે કારણ ને કાર્ય અહિંયા ઊડાવી દે છે.સમજાણું કાંઈ? કાર્ય થવાના બે કારણ છે. કહે છે કે બીજું કારણ તો ઉપચારિક-આરોપીત કહેવામાં આવે છે. વાસ્તવિક તો પોતાના દ્રવ્ય વિના પોતાનું કાર્ય હોતું નથી.

શું કહે છે? રાગથી ધર્મ થાય છે પરથી મારી પર્યાય (થાય છે.) તે મિથ્યા શ્રદ્ધા છે.એવી મિથ્યા શ્રદ્ધા પોતાના દ્રવ્ય વગર નથી થતી. પણ કર્મ ઉદયમાં આવ્યા તો મિથ્યા શ્રદ્ધા થાય છે એમ નથી. કેમ કે, કર્મ છે તે અનંત પરમાણુની પર્યાય છે.તો તે પર્યાય તેના પરમાણુ વગર નથી હોતી. પણ તે પર્યાય વગર અહિંયા મિથ્યાત્વ નથી થતું, એમ છે નહીં. સમજાય છે કાંઈ? એવી રીતે સમ્યગ્દર્શનની- ધર્મની પર્યાય થઈ તો તે દ્રવ્ય વગર પર્યાય નથી થતી. પોતાનું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે તેના વગર પર્યાય થતી નથી. પણ કર્મનો ક્ષયોપશમ થયો તો સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ છે નહીં. ભારે વાત ભાઈ! એના દ્રવ્ય વિના નહીં પણ પર દ્રવ્ય વિના રાગ નહીં એમ નથી. સૂક્ષ્મ વાત છે. આહાહા!

વેલણ ચાલે છે ને વેલણ? રોટલી થાય છે ને રોટલી, તો કહે છે કે વેલણની પર્યાય તેના પરમાણું વગર નહીં અને રોટલીની પર્યાય થાય છે તે તેના રજકણ વગર નહીં. પણ વેલણ હોય છે તો રોટલીની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય થાય છે એમ નથી. (મુમુક્ષુઃ-કારણ ને કાર્ય એક જ દ્રવ્યમાં હોય.) હા એક જ દ્રવ્યના હોય બીજાના નહીં. એય! હેં? તકરાર તોડવાના મુદા્ છે. અનાદિથી માને છે. તકરાર, તકરાર. આહાહા!

(મુમુક્ષુઃ- પ્રભુ! ઉપાદાન પર્યાય થાય છે ત્યારે કોઈપણ નિમિત્ત હોય છે)એ હોય છે એ વ્યવહારનું કથન છે. પોતાની પર્યાય જયારે થાય છે ત્યારે સહકારી નિમિત્ત હોય છે. પણ તે સહકારી નિમિત્ત છે તો પોતાની પર્યાય થાય છે એમ છે નહીં અને પ્રતિબદ્ધ કારણની પર્યાય થઈ તો અહિયાં સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ એમ છે નહીં. અહિયા પર્યાય પોતાથી પોતાના દ્રવ્યથી થઈ છે. પરનું પ્રતિબદ્ધ કારણ 'ટળ્યું' તો પર્યાય થઈ એમ છે નહીં. એવી ચીજ જ છે. આહાહા! સમજાય છે કાંઈ?

આ એક ગાથામાં તો આખું વિશ્વ ચીરી નાખ્યું છે. પ્રત્યેક પરમાણું અને પ્રત્યેક આત્મા પોતાની વર્તમાન અવસ્થા વગર હોતા નથી. પણ તે અવસ્થા પર વગર થાય છે તો પર વગર નથી થતી એમ નથી. પર વગર થાય છે. તો પર વગર નથી થતી એમ નથી. પર ન હોય તો ન હોય એમ નથી. પરની પર્યાય પરમાં થાય છે પોતાની પર્યાય પોતામાં થાય છે. બસ! સમજાય છે કાંઈ? (મુમુક્ષુઃ- બન્નેનું એક સાથે હોય છે.) એ તો અનાદિનું સાથે છે ને? દ્રવ્ય તો અનાદિ અનંત એક સાથે જ છે. પરિણમન તો એક સમયમાં, અનાદિ દ્રવ્યનો સંગ એક સમયમાં છે. કોઈ દ્રવ્યનું પરિણમન બીજા સમયમાં ને કોઈ (દ્રવ્યનું પરિણમન) પહેલા સમયમાં એમ છે? બધાનું વર્તમાન સમયમાં પરિણમન છે. આહાહા! સમજાય છે કાંઈ?

પ્રત્યેક દ્રવ્ય એટલે વસ્તુ પોતાની પર્યાય વગરનું હોતું નથી.સમજાય છે કાંઈ? અને પર્યાય દ્રવ્ય વિના નહીં. એમ સિદ્ધ કરવું છે ને જુઓ. પહેલાં તો એ સિદ્ધ કર્યું છે કે, પર્યાયોથી રહિત દ્રવ્ય નથી હોતું. એ સિદ્ધ કર્યું છે. દૂધ દહીંની પર્યાય વિના ગોરસ હોય એમ નથી. એમ પ્રત્યેક આત્મામાં અને પ્રત્યેક પરમાણુમાં વર્તમાન અવસ્થા વગર દ્રવ્ય હોય એમ છે નહીં. પર્યાયોથી રહિત દ્રવ્ય નથી હોતું. ભારે વાત ભાઈ! એય! ઓલામાં વળી એમ કહે કે પર્યાય પર્યાયમાં ને દ્રવ્ય દ્રવ્યમાં. એ બીજો અધિકાર છે. અહીં તો પરથી ભિન્ન પાડવાની વાત છે. પછી તો પર્યાય પર્યાયથી થાય છે, પર્યાય દ્રવ્યથી પણ નહીં. એ (એનાથી) આગળ સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? આહાહા!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જે દ્રવ્ય જોયા છે દ્રવ્ય જોયા તો પ્રત્યેક દ્રવ્ય વર્તમાન તેની અવસ્થા થાય છે તે અવસ્થા વિના દ્રવ્ય નથી હોતું બસ ખલાસ. તો તે અવસ્થા બીજાથી થાય છે એમ છે નહીં. સમજાય છે કાંઈ? કોઈ પ્રાણીએ દયા ભાવના પરિણામ શુભ વિકલ્પ કર્યા. તો કહે છે કે શુભ વિકલ્પની પર્યાય દ્રવ્ય વિના નથી હોતી. આત્મ દ્રવ્ય વિના નથી હોતી. પણ તે વિકલ્પ થયો તો પરની દયા પળાઈ ગઈ એમ નથી. તેમ પરની પર્યાય તેના દ્રવ્ય વિના નથી હોતી. આ રાગ પોતાના દ્રવ્ય વિના નહીં. તેની પર્યાય પરની થઈ તે વગર રાગ થયો છે. અને રાગ વગર પરની પર્યાય થઈ છે. શોભાલાલજી! ભારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કામ ભાઈ!

અહો! પ્રત્યેક દ્રવ્ય વર્તમાન પરિણમન કરે છે, તો પરિણમન વગરનું દ્રવ્ય થઈ જાશે. તે પરિણમન બીજો કરાવે તો પરિણમન વગરનું દ્રવ્ય થઈ ગયું એમ કહે છે. પરિણમન વગરનું દ્રવ્ય હોતું (નથી). એ તો પર્યાય વિના દ્રવ્ય નહીં તો પરિણમન વિના દ્રવ્ય નહીં. (શ્રોતાઃ- પર્યાય વિના પરિણમન થાય?) એમ ત્રણકાળમાં છે નહીં. પ્રત્યેક (દ્રવ્ય) પોતપોતાની પર્યાયનો કર્તા છે. કોઈ (દ્રવ્યની) પર્યાયનો કોઈ દ્રવ્ય કર્તા હોય એમ થતું નથી. ઓહોહો! આ લોકોને વાસ્તવિક તત્ત્વ સૂક્ષ્મ પડે છે ને? સમજાય છે કાંઈ?

જેવી રીતે ગોરસથી રહિત દૂધ દહીં, હવે બીજો બોલ. પહેલો બોલ એ થયો ને કે, દૂધ દહીં આદિ પર્યાયોથી રહિત ગોરસ નહીં. એવી રીતે પર્યાયોથી રહિત દ્રવ્ય નથી હોતું. એક વાત.

હવે, બીજી વાત. જેમ ગોરસથી રહિત દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદિ નથી હોતું. ગોરસ ન હોય અને ઘી દૂધની પર્યાય થઈ જાય એમ છે? એમ આત્મા દ્રવ્ય ન હોય ને પર્યાય થઈ જાય એમ પરમાણુ દ્રવ્ય ન હોય ને પરમાણુંમાં પર્યાય થઈ જાય એમ નથી. આહાહા! જેમ ગોરસથી રહિત દૂધ, દહીં, માખણ, ઘી આદિ નથી હોતા, એવી રીતે દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી. પર્યાય થઈ જાય ને દ્રવ્ય ન હોય એમ છે નહીં. દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી. પર્યાયથી રહિત દ્રવ્ય નથી હોતું અને દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી. પણ પરની પર્યાય પોતાથી થાય છે ને પોતાની પર્યાય પરથી થાય છે એમ ત્રણ કાળમાં બનતું નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જેટલા દ્રવ્ય જોયા છે તે બધા વર્તમાન પર્યાય સહિત દ્રવ્ય જોયા છે. તે પર્યાય સહિત દ્રવ્ય ને દ્રવ્ય સહિત પર્યાય, પર્યાય વગર દ્રવ્ય હોતું નથી. પર્યાય સહિત દ્રવ્ય અને દ્રવ્ય પર્યાય સહિત. સમજાય છે કાંઈ?

**જેમ દૂધ દહીં આદિ ગોરસથી રહિત નથી હોતા, તેમ દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી.** પરમાણુ ન હોય ને પરમાણુંની પર્યાય હોય એમ છે નહીં. પણ પર પરમાણુ ન હોય ને પર્યાય નથી હોતી એમ નથી. એમ કહ્યું ને? શું કહ્યું? કે દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી. પણ પર દ્રવ્યથી રહિત પર્યાય નથી હોતી એમ કહ્યું? દરેકની પર્યાય પર દ્રવ્યથી રહિત જ હોય છે. પોતાની પર્યાય પોતાના દ્રવ્ય વગર નથી હોતી. પણ પર દ્રવ્યની પર્યાય વગર પર્યાય નથી હોતી એમ નથી. આહાહા! એ તો એ દ્રવ્યની પર્યાય એના દ્રવ્ય વિના નહીં. સમજાય છે કાંઈ?

લોઢાના ઘણ પડે છે ને ઘણ? એ જીતુ! લુહારનો ઘણ આવ્યો. એ બધું હવે વાણીયા પણ શીખે છે ને?તો કહે છે કે નીચે હોય લોઢું ને ઉપર પડે ઘણ તો ઘણની પર્યાય તેના પરમાણું વગર નથી. અને નીચે પર્યાય જો આમ થાય છે તો તે પર્યાય દ્રવ્ય વિના નથી હોતી. આના વગર વસ્તુ છે. ઘણ પડયા વગર તેની પર્યાય થઈ છે. લોઢાની તો આમ થાય છે ને? લોઢા, લોઢા છે ને? અહીં કટકા પડયા છે ને? તો કહે છે કે ખાડાની પર્યાય તેના પરમાણું વગર નથી હોતી. પણ આ આંગળી છે તો પર્યાય થઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ નથી. આંગળીનું દ્રવ્ય જુદું છે અને આ દ્રવ્ય જુદું છે. અડતા જ નથી. એક દ્રવ્ય કયારેય બીજા દ્રવ્યને અડતું જ નથી. ભારે માર્ગ! કહો બરાબર છે?

એનો પ્રત્યેક પરમાણું પોતપોતાની પર્યાયથી છે બસ. બીજાથી નહીં. આત્મા પણ પોતપોતાની પર્યાયથી પરિણમે છે, કર્મને કારણે નહીં ને બીજાને કારણે પણ નહીં. એ સિધ્ધ કરવું છે. એવું વસ્તુનું સ્વરૂપ છે. એમ ન સમજે ને વિપરીત સમજે તો મિથ્યા શ્રધ્ધાના ભાગીદાર થશે. મિથ્યા શ્રધ્ધા રાખીને વ્રત, તપ, નિયમ પાડયા'તા. જે જાણવાની જ્ઞાન પર્યાય થાય છે તે પર્યાય તેના દ્રવ્ય વગર નહીં. તે પર્યાય ભાષાથી થઈ છે એમ નથી. તે પર્યાય ભાષાથી થઈ છે એમ નથી. ભાષા અન્ય દ્રવ્ય છે. અને ભાષાની પર્યાય જે થાય છે તે તેના પરમાણુ વગર નહીં. પણ ભાષાના પરમાણુ જે પર્યાયરૂપે થયા, ભાષાની પર્યાય થઈ તો તેને જ્ઞાન પર્યાય થઈ એમ છે નહીં. ભારે કામ ભાઈ!

લ્યો, ઓલા કહે આઠ કર્મ રખડાવી મારે છે લ્યો એ તો ખોટું. હેં? આઠ કર્મ ચાર ગતિમાં રખડાવે છે. ભગવાન ના પાડે છે. કર્મની પર્યાય જડમાં. તેની જડ વિના પર્યાય નહીં. અને મિથ્યાદષ્ટિ છે તેની મિથ્યાદષ્ટિની પર્યાય તેના દ્રવ્ય વગર નહીં. પણ કર્મ વગર મિથ્યાત્વ થાય છે કર્મ વગર રખડે છે કર્મ તો પર ચીજ છે. સમજાય છે કાંઈ? નિગોદમાં પણ પ્રચુર કલંકભાવ પ્રચુર કલંકભાવ. તો ભાવકલંક થાય તે પોતાની પર્યાય પોતાના દ્રવ્ય વગર નહીં. પણ કર્મનું ત્યાં બહુ જોર છે માટે પ્રચુર કલંક પર્યાય થઈ છે એમ છે નહીં. ભારે વાત ભાઈ!

જુઓ, અહિંયા સાકર છે સાકર. તો સાકરની મીઠી પર્યાય સાકરના પરમાણુ વગર નહીં. એક વાત. હવે સાકરની પર્યાય જાણીને અહિયાં જ્ઞાનની પર્યાય થઈ. તો સાકરની પર્યાય છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ છે નહીં. એ જ્ઞાનની પર્યાય તેના જ્ઞાનગુણ ને દ્રવ્ય વગર નહીં.આહાહા! લોજીકથી ન્યાયથી તો વાત કરીએ છીએ. આહાહા!

ભારે ગરબડ! ભારે ગરબડ ભઈ! એક હાથે તાળી ન પડે એમ કહે છે. બે હાથે તાળી પડે એમ કહે છે ને? અહીં તો ના પાડે છે. પ્રત્યેક રજકણ પોતાની પર્યાયથી થાય છે. જુઓ, આ હાથ હલતા પણ નથી અને અડતા પણ નથી. અવાજ અંદરમાં થયો ને તો અવાજ તેનાથી નથી થયો. ત્યાં જે પરમાણુ છે તેની પર્યાય અવાજરૂપે પરિણમી છે. તે પર્યાય તેના પરમાણું વગર નથી થઈ. હથેળીને કારણે અવાજ થયો છે એમ નથી. અનંત દ્રવ્ય છે ને તો તે દ્રવ્ય ભિન્ન છે. હથેળીનું દ્રવ્ય ભિન્ન છે અને ભાષાનું દ્રવ્ય ભિન્ન છે. તો કોઈ દ્રવ્યની પર્યાય તેના બીજા દ્રવ્ય વગર થાય છે એમ છે નહીં. પોતાની પર્યાય પોતાના દ્રવ્યથી થાય છે. આહાહા!

આયુષ્ય હોય તો આટલું જીવને શરીરમાં રહેવું પડે. કહે છે એમ છે નહીં. પોતાની પર્યાયની યોગ્યતાથી એટલું જ રહેવાની હોય તો પોતાની પર્યાયથી(એટલું જ) રહે છે.પોતાની પર્યાય પોતાના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય વગર નહીં પણ તે પર્યાય કર્મ વગર થાય છે.કર્મ છે તો થાય છે એમ છે નહીં. ભારે વાત ભાઈ! આવો તે ધર્મ કયો? ધર્મ તો એ કે દયા પાળો, વ્રત પાળવા, અપવાસ કરવા, કોઈ કંદમૂળ ખાવું નહીં. અહીં કહે છે કે પર દ્રવ્યને ખાય કોણ? પર દ્રવ્યને છોડે કોણ? સમજાય છે કાંઈ? બધી ગપ્પે ગપ્પ છે. એ ધરમચંદજી! એ વાત તમારા ખંડવામાં બહુ ન હાલે હોં! એની માયું કહેતીં'તી. શું માંડે છે આ કહેશે? આહાહા!

**જેવી રીતે ગોરસથી રહિત દૂધ દહીં માખણ ઘી ઈત્યાદિ નથી હોતા.તેમ દ્રવ્યથી રહિત પર્યાયો નથી હોતા.** દ્રવ્ય ન હોય ને પર્યાય હોય એમ છે નહીં. **તેથી, જો કે દ્રવ્ય અને પર્યાયોનો આદેશવશાત્ (-કથનને વશ) કથંચિત્ ભેદ છે.** દ્રવ્ય શબ્દમાં દ્રવ્ય છે, પર્યાય શબ્દમાં પર્યાય છે ને? શબ્દમાં ફેર છે ને? લક્ષણમાં ફેર છે, શબ્દમાં પણ ફેર છે, સંજ્ઞા, સંખ્યા, લક્ષણમાં ફેર છે. પણ પર્યાય ને દ્રવ્ય ભિન્ન નથી. દરેક ભગવાન આત્મા, સિદ્ધ પર્યાય હાલો સિદ્ધ. સિદ્ધની પર્યાય કેવળજ્ઞાનની. તો પર્યાય તેના દ્રવ્યથી ભિન્ન નથી. તે કેવળજ્ઞાન પર્યાયમાં કેવળજ્ઞાનાવરણીયનો અભાવ થયો તો તે પર્યાય થઈ છે એમ છે નહીં. સમજાણું કાંઈ? એમ જાણીને પોતાનું દ્રવ્ય ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે, તેનો આશ્રય કરીને સમ્યક્‌ની નિર્મળ પર્યાય પ્રગટ કરવી તે ધર્મ છે. સમજાય છે કાંઈ?

તે પર્યાયને દ્રવ્યનો આધાર છે.પર્યાયનો આધાર દ્રવ્ય છે. તે પર્યાયનો આધાર બીજું કોઈ છે એમ છે નહીં. તો પણ તે કથનને વશ કથંચિત ભેદ કહો. દ્રવ્ય ને પર્યાય આદિ નામ ભેદ છે. **તોપણ એક અસ્તિત્વમાં નિયત** એક અસ્તિત્વમાં એક હોવાપણામાં ત્રણે છે. અથવા દ્રવ્ય ને પર્યાય એક હોવાપણામાં છે. બે હોવાપણામાં બે નથી. હોવાપણું એક છે અને પર્યાય દ્રવ્ય બે છે. ભારે ઝીણી વાત છે ભાઈ! બહુ તત્ત્વ (ઝીણું છે) અત્યારે તો બહારમાં એટલું જોડાઈ ગયું છે ને કે વાસ્તવિક તત્ત્વ જ ભૂલી ગયા છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના તત્વનું આ તો સ્વરૂપ જ એવું છે.ભગવાને કાંઈ કર્યું નથી. કર્યું નથી. આ તો જાણ્યું એવું કહ્યું છે કે આવું છે ભાઈ! એમ સમજો. કોઈને કારણે કોઈનું કાંઈ થાય છે એ દૃષ્ટિ છોડી દયો. તારી પરાધીન દૃષ્ટિ છે. તે દૃષ્ટિ તું છોડી દે. સમજાય છે કાંઈ?

એક અસ્તિત્વમાં નિયત, અર્થાંત તે પરમાણું દ્રવ્ય ને તેની પર્યાય, આત્મદ્રવ્ય ને તેની પર્યાય અંશમાં બન્નેનું અસ્તિત્વ તો એક છે. બે અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે એમ છે નહીં. પર્યાયનું અસ્તિત્વ પ્રદેશ ભિન્ન છે ને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન છે એમ છે નહીં. એમ અહિયાં બધાથી ભિન્ન સિદ્ધ કરવું છે. એય! 'જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' એમ કહેવું છે ને? પછી ઓલા ૩૨૦ મી ગાથા લ્યે કે પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યથી ભિન્ન છે ને દ્રવ્યનું અસ્તિત્વ પર્યાયથી ભિન્ન છે. એ તો વળી અંદરનું ભેદજ્ઞાન કર્યું. આ તો પરથી ભેદજ્ઞાન. પરથી કરે ત્યારે પર્યાયનો અંશ તે દ્રવ્યમાં નથી ને દ્રવ્યનો અંશ તે પર્યાયમાં નથી. એવું પોતામાં પછી ભેદજ્ઞાન થાય છે.સમજાય છે કાંઈ? આહાહા!તો પણ ભેદ હોવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છતાં એક અસ્તિત્વ છે. ભગવાન આત્મા અને તેની પર્યાય એમ બે કહેવામાં આવે છે. કથન ભેદ છે ને? પણ બન્નેનું અસ્તિત્વ એક જ છે. એક સત્તા છે. એક સત્તામાં દ્રવ્યમાં પર્યાય રહે છે. તેની બે સત્તા નથી. જેવી રીતે બીજા દ્રવ્યની બીજી સત્તા. ત્રીજા દ્રવ્યની ત્રીજી સત્તા. એમ પર્યાય ને દ્રવ્યની બે સત્તા હોય એમ છે નહીં. આહાહા!

કુંદકુંદાચાર્યના શાસ્ત્ર એક એક શ્લોક આખી દુનિયાની ભિન્નતા વહેંચી ભેદજ્ઞાન કરાવે છે. એવી વાત ક્યાંય (નથી). પ્રકાશદાસજી! આવું સાંભળ્યું છે ક્યાંય? નહીં. ગરબડ કરે. દયા પાળો-દયા પાળો આ ઘરની રોટલી ન ખાવી. ક્યાંથી બહારથી રોટલી લાવે? અરે એમાં પણ તેં શું કર્યું? પસંદગી કરે ચેલા કરે ચેલા ફેલા શું? હું આહારના પરમાણું છોડું છું. તેનો અર્થ એ કે આહારની પર્યાય આવવાની ન હતી, તેને હું છોડું છું (તેમ માને તે) જડનો સ્વામી થયો. આહાહા! ભારે કામ છે આ તો. અજીવને જીવ માન્યા. સમજાય છે કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ સિવાય એ માર્ગ ક્યાંય હોઈ શકે નહીં. અનંત દ્રવ્યો સમય સમયમાં પોતાની પર્યાય અને દ્રવ્ય એક જ અસ્તિત્વમાં છે. તેની પર્યાય દ્રવ્ય વગર નહીં ને દ્રવ્ય પર્યાય વગર નહીં. પણ બીજી પર્યાય વગર આ પર્યાય નહીં અને આ પર્યાય વગર બીજાની પર્યાય નહીં એમ નથી.

અન્યોન્ય વૃતિ નથી છોડતી. હવે આમાં આવ્યું. શું કહે છે જુઓ. એક અસ્તિત્વમાં નિયત હોવાને લીધે અન્યોન્યવૃતિ-અન્યોન્યવૃતિ એક બીજાને આશ્રયે નહિ છોડતી એનો ખુલાસો નીચે છે. એક બીજાના આશ્રયે નભવું તે. શું કહે છે? દ્રવ્યનું નભવું તે પર્યાયને આશ્રયે અને પર્યાયનું નભવું તે દ્રવ્યને આશ્રયે છે પણ પર્યાયનું નભવું તે પરને આશ્રયે છે એમ નથી.આત્મા છે દ્રવ્ય વસ્તુ તે એક સમયની પર્યાય, તો કહે છે કે પર્યાયનું નભવું દ્રવ્યના આશ્રયે અને દ્રવ્યનું નભવું તે પર્યાયના આશ્રયે છે. કેમ? કે પર્યાય ન હોય તો દ્રવ્ય નહીં ને દ્રવ્ય ન હોય તો પર્યાય નહીં. આમાં તો બધું ઊડી જાય છે. (મુમુક્ષુ :- આપણામાંથી ઊડી જાય છે એમ કહે છે) કહે છે કે, એક બીજાના આશ્રયે નિર્વાહ કરવો. પર્યાયનું રહેવું દ્રવ્યના આશ્રયે, આહાહા! અને દ્રવ્યનું રહેવું પર્યાયના આશ્રયે પરના આશ્રયે પર્યાયનું રહેવું એમ નથી. શું? સમજાય છે કાંઈ?

જુઓ, આ લાકડી છે? તો કહે છે કે તેનું અસ્તિત્વ પર્યાય વગર દ્રવ્ય નહીં ને દ્રવ્ય વગર પર્યાય નહીં. પર્યાયના આશ્રય પરમાણું ને પરમાણુંનો આશ્રય પર્યાય. પણ આંગળીને કારણે આ પર્યાય (થઈ છે)એમ નથી.કારણ કે આંગળી તો ભિન્ન દ્રવ્ય છે. આ ભિન્ન દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? કારણ **અન્યોન્યવૃતિ નહિ છોડતી** એટલે કે એક બીજાનો આશ્રય નથી છોડતી. દ્રવ્યનું નભવું પર્યાયથી અને પર્યાયનું નભવું દ્રવ્યથી છે. પણ પોતાની પર્યાયનું નભવું પર દ્રવ્યના આશ્રયથી છે નહીં. ભૈયા છે ને કેટલાક સાહેબ અમને નભાવો. (મુમુક્ષુ :- મહાજન આખા ગામને નભાવે ને?) હા નભાવે, ધૂળેય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નભાવતો નથી. એય! ક્યાં ગયા પોપટભાઈ? આ રહ્યા. લ્યો! એમના સાળા છે ને? એમણે કહ્યું હશે કે સાત હજાર માણસને નભાવી દઈએ છીએ. ભઈ! હવે, આટલા પૈસા છે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા એમના સાળા પાસે છે. કેટલા? એની પાસે મમતા છે ને એટલી કે આ મારા છે એમ. બે અબજ ચાલીસ કરોડ. એ મમતા આત્મા વિના નહીં, પણ તે પૈસા વિના મમતા નહીં એમ છે નહીં. કેટલા માણસોને નભાવી દઈએ છીએ. સાત હજારને નિર્વાહ તો તેનું નામ શેઠીયા કહે છે. કેટલાને અમે રોટલો આપીએ છીએ. કેટલા અમારાથી નભે છે. ધૂળેય નથી મિથ્યાત્વ સેવે છે. સાંભળને? એની પર્યાયનું નભવું એ એના દ્રવ્યને આશ્રયે છે. અને દ્રવ્યનું ટકવું તેની પર્યાયના આશ્રયે છે. તું કેવી રીતે તેને ટકાવે છે? આહાહા!

આ નોકરને સરખા પૈસા આપે તો નોકરને નભાવે છે એમ નહીં કહે? કોઈકને સારો નોકર હોય તો પરણાવી દે, બધું કરે. પૈસા આપે, ઘર બનાવી દે, એટલું નભાવી દે છે કે નહીં. આહા! મુસલમાન છે ત્યાં પૂનમચંદ ગોદીકા પાસે, જયપૂર નહીં? આપણા પૂનમચંદ ગોદીકા છે ને? તો એક નાની ઉંમરના મુસલમાન તો ત્રણ ત્રણ હજાર માસિક પાડતો હતો. માસિક ત્રણ હજાર હીરા, નિલમ. તો બીજો કહે કે તમે અમારે ત્યાં આવો તો માસિક ચાર હજાર આપશું. આ કહે કે નહીં. હું તેના આશ્રયે ન જાઉં, હું આના આશ્રયે મોટો થયો છું. એ મુસલમાન મારી પાસે આવ્યો'તો. ત્યાં જયપૂરમાં ગોદીકાના મકાનમાં ઉતર્યા હતા ને. આ તો ત્રણ વર્ષ પહેલાં ગયા'તા ને? આ તો છોકરો કહેતો હતો. પંદર હજાર પડે હીરા માણેક. બીજો કહે કે હવે તો અમારે ત્યાં આવો? (આ કહે કે) ના હું નાની ઉંમરમાંથી મોટો અહીં થયો. એ વાત જૂઠી છે એમ કહે છે. એય શેઠ! પણ તમારે નોકર બોકર એવા ઘણા હોય છે એવા માણસ બિચારા હોય તે કહે કે શેઠ અમને નભાવે છે. કારખાનું ને બધું હલાવે છે.

એકેક પરમાણું ને એકેક દ્રવ્ય પોતાની પર્યાયથી નભે છે અને તે બીજાથી નભતી નથી. આહા! એક વાત. એક બીજાના આધારથી સ્થિત રહેવું. અન્યોન્યવૃત્તિનો ખુલાસો કર્યો. આત્મા પોતાની પર્યાયના આધારથી રહે છે અને આત્માની પર્યાય, દ્રવ્યના આધારે રહે છે. પોતાની પર્યાયનો આધાર પોતાનું દ્રવ્ય અને દ્રવ્યનો આધાર પર્યાય બન્ને અરસપરસ આધાર આધેય છે. આહા! પોતાની પર્યાયનો આધાર બીજા પરમાણું છે કે ખોરાક બોરાક આપે છે એટલે નભે છે એમ છે નહીં.

ધૂળેય ખોરાકથી નભી શકતા નથી. બહુ ખાય તો પણ તેની પર્યાય ફૂ થઈ જાય છે લ્યો. આ હિંમતભાઈનો છોકરો અઠીયાવીસ વર્ષની ઉંમર. જુઓ જુવાનજોધ કલૈયાકુંવર જેવો. હવે અહીં તમારું કાંઈક ખાધું'તું. કાંઈક હશે મારવાડી ખોરાક. ઘઊંનો શું કહેવાય? બાટી બાટી. આપણે હિંમતભાઈ જોબાળીયા નહીં? નવિન છોકરો. અત્યારે તો બધા પૂછે છે. ક્યાં છે? ઈસ્પિતાલ(માં છે). અઠીયાવીસ વર્ષની ઉંમર છે. હવે અહીંથી ખાઈને ભાવનગર ગયો ત્યાં આમ લથડીયા આવવા માંડયા. દાકતરો કહે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે શું થયું છે તે અમને ખબર પડતી નથી. આ દાકતર બેઠા. એય ધરમચંદભાઈ! મોટા મોટા હો તમારે મુંબઈમાં મોટા દાકતર. આનું શું કારણ છે જુવાન માણસ રૂપાળો. હજી તો લગ્ન થયા ને પાંચ વર્ષ થયા. અડધું અંગ જ આમ થવા માંડયું.વળી એક માણસ સાથે હતો જુવાન છોકરો હોંશીયાર હતો. (તે તેને) રીક્ષામાં લઈ ગયો, તો રીક્ષામાં આમ પડી ગયો. લઈ ગયા ત્યાં. ઓલો છોકરો ધનસુખ આજ આવવાનો છે. સારું છે. ચાર દિ'માં તો બીજો છોકરો પડી ગયો નહીં? વજુભાઈનો જુવાન સતર વર્ષનો દિકરો. બેભાન અસાધ્ય. એ જડની પર્યાય હોય તે કોણ કરે ને કોણ રોકે. દાકતરનો બાપ તો નહીં પણ દાકતર શેનો રોકે? દાકતરનો બાપ દાકતર ન પણ હોય લે! હેં? આહાહા!

દાકતર એના દીકરાના શરીરની પર્યાયને રાખી શકે છે? એ શરીરની પર્યાયનો આધાર પરમાણું છે. અને પરમાણુંનો આધાર શરીરની પર્યાય છે. એના પર્યાયના આધાર માટે બીજાનો આધાર છે, એમ નથી. આહાહા! જુઓ, આ માથુ કડક છે ને? કડક કડક. તો અંદર આત્મા છે તો ઉપર કડક રહે એમ નથી એમ કહે છે. આત્મા નીકળી જાય? તે પણ પોતાની પર્યાયને કારણે છે પરને કારણે નહીં. પહેલાં હું તો એમ સમજતો કે ભઈ આત્મા છે ત્યાં સુધી આ (શરીર) છે. પહેલાં તો આત્મા છે તો અહીંથી કાંઈક થાય છે. નાનું (બ્રેઈન) અહીં આ, હા અને છતાં, અહીં કાંઈક રોગ હોય તો એવું થાય નવિનને ભાઈ! ઈંજેકશન આપતા ત્યાં સુધી આમ રહેતું. ઈંજેકશન. અઠીયાવીસ વર્ષનો જુવાન માણસ! પરમાણુંની પર્યાય જ્યાં થવાની એને રોકે કોણ? એને ઈંજેકશનનો બાપ આવે તો પણ કોણ રોકે એને. બાપ એટલે ઈંજેકશનનો દાકતર. હેં? દાકતર તો બહુ એમ હોય કે અમે સુધારી દઈએ છીએ. દાકતર મરી ગયો નહીં આ વૈધ? (મુમુક્ષુ :- કયો દાકતર જીવતો રહ્યો છે?) આહાહા!

**એક બીજાના આધારે ટકવું તે શું કહે છે?** આ પરમાણું જે છે તેની પર્યાયને આધારે પરમાણુ ને પરમાણુને આધારે પર્યાય.આ પર્યાય આત્માને આધારે નથી. અને આત્મામાં રાગાદિ થાય છે અને સમ્યગ્દર્શન આદિ પર્યાય જે થાય છે તે પર્યાયનો આધાર આત્મા છે. ધર્મની પર્યાયનો આધાર આત્મા છે. ધર્મની પર્યાયનો આધાર પર દ્રવ્ય નહીં. કેવળજ્ઞાનની પર્યાયનો આધાર દ્રવ્ય છે. વજ્રનારાચ સંહનન છે તો કેવળજ્ઞાન થયું એમ છે નહીં. ભારે ભાઈ! કહો, કેવળજ્ઞાનની પર્યાયનો આધાર કોણ? તેનું દ્રવ્ય અને દ્રવ્યનો આધાર કોણ? તેની પર્યાય. એક પર્યાયનો અંશ જો સિદ્ધ ન હોય તો દ્રવ્ય સાબિત થતું નથી. આહાહા! આવું સ્વતંત્ર સ્વરૂપ એને પરતંત્ર માનવું એ જ મિથ્યાદર્શન શલ્ય મહાપાપ છે. તે પાપની તો કાંઈ ખબર નથી. આહાહા! સંતો જંગલમાં રહ્યા એમાં આ સંસ્કૃત ટીકા બની ગઈ. જુઓ! સમજાય છે કાંઈ?

જુઓ સંસ્કૃત ટીકાનો શ્લોક. બધા અહીં સંગેમરમરમાં કોતરાઈ જશે. આ ટીકા પણ હોં! ટીકા સહિત ચાર શાસ્ત્ર ટીકા સહિત (કોતરાઈ જશે). સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય અને નિયમસાર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાર શાસ્ત્રો અને ચાર ટીકા સહિત સંગેમરમરમાં (કોતરાઈ જશે). હેં? (મુમુક્ષુ :- એને કારણે કોતરાશે?) એને કારણે, વજુભાઈ જોશે કે આમ કામ થાય છે. ઈજનેર છે ને મોટા, કોણ કરે એકેક પરમાણું તે કાળે, તેનો પર્યાય તેનો આધાર તેનો પરમાણુ (છે.) નીચેનો પરમાણું છે તે તેને કારણે તે પરમાણું રહે છે એમ નથી એમ અહીં કહે છે. સમજાય છે કાંઈ?

જુઓ આ કાતર છે ને કાતર! કાતરની પર્યાયના આધાર એના પરમાણું અને એ પરમાણુનો આધાર એની પર્યાય ભીંતને આધારે ત્યાં રહી છે એ વાત ખોટી છે, એમ અહીં કહે છે. (શ્રોતાઃ- તો કાઢી નાખો ને) કાઢે કોણ ને રાખે કોણ? એય! કાઢવાનું તે પરની પર્યાયનો સ્વામી ધણી થયો. જડનો. મારગ એવો છે ભાઈ! જગતને ખબર નથી કે તત્ત્વની દૃષ્ટિ શું છે? અને તત્ત્વ કેવી રીતે પોતાથી ટકે છે. તે ખબર નથી. ગોટાળા વાળે ગોટાળા.

**એક બીજાના આધારે ટકવું તે.** ભગવાનઆત્મા પોતાની નિર્મળ સમ્યગ્દર્શન આદિ પર્યાયના આધારે આત્મા છે. અને આત્માને આધારે સમ્યગ્દર્શનની પર્યાય છે. અહીં રાગને આધારે આત્મા છે અને આત્માને આધારે રાગ છે એ સિદ્ધ કરવું છે. એય! સવાર કરતાં ફેર છે. સવારે તો (એમ કહ્યું કે) રાગ પણ પોતાના સ્વભાવમાં છે એ માન્યતા મિથ્યાત્વ છે. કેમ કે દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મ ત્રણથી ભગવાન આત્મા રહિત છે. એ તો પહેલાં જ આવ્યું છે ને? 'નમઃ સમયસારાય' પ્રભુ! આત્મા! દ્રવ્યકર્મ તો જડ છે ભિન્ન દ્રવ્ય છે. નોકર્મ વાણી શરીરથી ભિન્ન દ્રવ્ય છે. ભાવકર્મ રાગ અને વિભાવભાવે સ્વભાવથી ભિન્ન છે. તો સ્વભાવથી ભિન્ન તેને પોતાનું માનવું, ભિન્નને પોતાનું માનવું તે મિથ્યાત્વ છે.

અહીંયા તો એકલા ભાવબંધને પોતાનો માનવો તે મિથ્યાત્વ છે એમ લખ્યું છે. એ તો પર દ્રવ્ય છે. કર્મ ને શરીર ને નોકર્મ તો ભિન્ન છે. ફકત ભાવબંધ જે છે એ અબંધમાં ભાવબંધમાં એકતા કરવી તે મિથ્યાત્વ છે.અહીં કહે છે કે રાગ જે થાય છે તે પોતાના આધારે થાય છે. કેમ જીવ વગર રાગ થાય? કેમકે રાગ તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. રાગ તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. અને શાંતિ અરાગપણું ચારિત્રગુણની સવળી પર્યાય છે તો સવળી- અવળી પર્યાયનો આધાર તો દ્રવ્ય છે. અને દ્રવ્યને આધારે તે પર્યાય છે. ઓહોહોહો! સમજાય છે કાંઈ?

એકબીજાના કારણે અસ્તિત્વપણું બની રહેવું. પર્યાયને કારણે દ્રવ્યનું બનવું અને દ્રવ્યને કારણે પર્યાયનું બનવું પણ પરને કારણે બનવું થાય એમ છે નહીં. ભારે વાત! થોડા શ્લોકમાં સારી દુનિયાનું ભેદજ્ઞાન કરાવી દીધું. ઓલા વેદાંત તો કહે કે એક જ આત્મા અદ્વૈત છે જાવ. ઓલા કહે કે ઈશ્વર કર્તા છે જાવ.બધી ગરબડ મિથ્યાત્વની છે. સમજાય છે કાંઈ? (એમ માને કે) ભગવાને આ બધું બનાવ્યું છે. અસ્તિત્વ તો છે એને ભગવાને બનાવ્યું ને? છે તેને બનાવ્યું કે નથી તેને બનાવ્યું? નથી તેને બનાવ્યું. શું, અને ન હોય તેને બનાવવું શું ને હોય તેને બનાવવું શું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'કહે છે કે એક બીજાના લીધે હયાત રહેવું.'** એક બીજાના કારણે ટકી રહેવું. બીજાના કારણે ટકી રહેવું એમ છે નહીં. ગુજરાતીમાં બના રહેનાને શું કહે છે? હયાતી, બરાબર-અસ્તિત્વ. એક બીજાના કારણે અસ્તિત્વ છે. પરના કારણે આ અસ્તિત્વ છે એમ છે નહીં. અસ્તિકાય છે ને? અસ્તિકાયની વ્યાખ્યા છે ને? ઓહોહો! **'એક અસ્તિત્વમાં નિયત હોવાને લીધે અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો અભેદ છે'**ભગવાન આત્મા અને તેની પર્યાય વસ્તુસ્વરૂપે એક છે. પરમાણું એક અને તેની પર્યાય અને તે પરમાણું પોતાના અસ્તિત્વથી એક છે.પરની સાથે એકપણું છે એમ છે નહીં. આહાહા!

આ બાર ગાથા થઈ. હવે તેરમી (ગાથા). દ્રવ્ય ગુણનો અભેદ (બતાવ્યો છે.)પહેલાં દ્રવ્ય ને પર્યાયના અભેદ બતાવ્યા. હવે દ્રવ્ય ને ગુણોનો અભેદ (બતાવે છે.)

## ગાથા- ૧૩

**दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि ।**
**अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तम्हा ॥ १३ ॥**

द्रव्येण विना न गुणा गुणैर्द्रव्यं विना न सम्भवति ।
अव्यतिरिक्तो भावो द्रव्यगुणानां भवति तस्मात् ॥ १३ ॥

अत्र द्रव्यगुणानामभेदो निर्दिष्ट: ।

पुद्गलपृथग्भूतस्पर्शरसगन्धवर्णवद्द्रव्येण विना न गुणा: सम्भवन्ति । स्पशरसगंध–वर्णपृथग्भूतपुद्गलवद्गुणैर्विना द्रव्यं न सम्भवति । ततो द्रव्यगुणानामप्यादेशवशात् कथंचिद् भेदेऽप्येकास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तुत्वेनाभेद इति ॥ १३ ॥

નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છે;
તેથી ગુણો ને દ્રવ્ય કેરી અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩.

અન્વયાર્થ :- [द्रव्येण विना] દ્રવ્ય વિના [गुणा: न] ગુણો હોતા નથી, [गुणै: विना] ગુણો વિના [द्रव्यं न सम्भवति] દ્રવ્ય હોતું નથી; [तस्मात्] તેથી [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોનો [अव्यतिरिक्त: भाव:] અવ્યતિરિક્તભાવ (-અભિન્નપણું) [भवति] છે.

ટીકા :-અહીં દ્રવ્ય અને ગુણોનો અભેદ દર્શાવ્યો છે.

જેમ પુદ્ગલથી પૃથક્ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ હોતાં નથી તેમ દ્રવ્ય વિના ગુણો હોતા નથી; જેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પૃથક પુદ્ગલ હોતું નથી તેમ ગુણો વિના દ્રવ્ય હોતું નથી. તેથી, જો કે દ્રવ્ય અને ગુણોનો આદેશવશાત્ કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**હોવાને લીધે અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો પણ અભેદ છે (અર્થાત્ દ્રવ્ય અને પર્યાયોની માફક દ્રવ્ય અને ગુણોનો પણ વસ્તુપણે અભેદ છે). ૧૩.**

## પૂ. ગુરુદેવશ્રીનું ગાથા-૧૩ ઉપર પ્રવચન

**दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि ।**
**अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तम्हा ॥ १३ ॥**

**નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છેઃ**
**તેથી ગુણો ને દ્રવ્ય કેરી, અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩.**

**ટીકા :-અહીં દ્રવ્યને ગુણોનો અભેદ દર્શાવ્યો છે. જેમ પુદ્‌ગલથી પૃથક સ્પર્શ-રસ-ગંધ-વર્ણ હોતાં નથી**. લ્યો! પરમાણું છે અને તેમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ જુદાં છે એમ છે નહીં. પુદ્‌ગલથી ભિન્ન સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નહીં. તેવી રીતે દ્રવ્ય વગર ગુણ નથી હોતા. આત્મા વગર જ્ઞાન-દર્શન-આનંદગુણ નથી હોતા અને પરમાણુ વગર વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોતા નથી. આહાહા! આત્મામાં પણ અનંતગુણ છે. એટલા જ ગુણ પરમાણુંમાં છે. એક પરમાણુંમાં. આટલા હોં! તે જડ છે આ ચેતન છે. સંખ્યાએ પણ એટલા સરખા.

તો કહે છે કે, પુદ્‌ગલથી પૃથક ગુણ નથી હોતા. પદાર્થ ભિન્ન રહી જાય અને તેના ગુણ ભિન્ન છે એમ છે નહીં. દ્રવ્ય વગર ગુણ નથી હોતા. આત્મા વગર ચેતના દર્શન આનંદ આદિ ગુણ નથી હોતા. પરમાણું વગર રંગ-ગંધ-રસ-સ્પર્શ આદિ નથી હોતા. દ્રવ્ય વગર ગુણ નથી હોતા તે પહેલાં સિદ્ધ કર્યું. દ્રવ્ય વગર ગુણ હોય? એના પણ ત્રણ બોલ ઓલામાં અન્યોન્યવૃત્તિમાં છે. હા છે ને શ્વેતાંબર દ્રવ્ય ને પર્યાય બે માને છે, દ્રવ્ય ને ગુણ નથી માનતા તેથી અહીં ત્રણ બોલ લીધા છે. જુદા છે જુદા છે ને? ગુણ તો કાયમ રહેનારી ચીજ છે ને પર્યાય તો એક સમયની અવસ્થા છે. કાયમ રહેનારા ગુણ દ્રવ્ય વગર નથી હોતા. જ્ઞાન આનંદ આદિ ગુણ છે તે આત્મા વગર નથી હોતા. પરમાણુમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે તે પુદગલ વગર નથી હોતા. સમજાય છે કાંઈ?

**જેવી રીતે સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પૃથક પુદ્‌ગલ દ્રવ્ય નથી હોતા.** ગુણથી જુદા દ્રવ્ય નહીં. **તે પ્રમાણે ગુણો વિના દ્રવ્ય નથી હોતા.** પહેલાં દ્રવ્ય વગર ગુણ નહીં પછી ગુણ વગર દ્રવ્ય નહીં. સમજાય છે આ? સર્વજ્ઞ પરમેશ્વરની વાણીની પરંપરા તો દિગમ્બર માર્ગ જ છે. સમજાય છે કાંઈ? બાકી તો બધી ગરબડ થઈ ગઈ છે. પણ લોકો માને નહીં. (એમ કહે કે) તમારો પક્ષ છે. પણ પક્ષ બક્ષ ક્યાં છે? આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. અહિયા ક્યાં પક્ષ છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તેના ગુણ વગર નથી હોતા. અને ગુણ દ્રવ્ય વગર નથી હોતા, આત્મા વગર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી હોતા. બરાબર છે? **જેવી રીતે સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પૃથક પુદ્‌ગલ નહીં તેમ ગુણો વગર દ્રવ્ય હોતું નથી. તેથી જોકે દ્રવ્ય અને ગુણોનો આદેશવશાત કથંચિત ભેદ છે.** ઓલા ન્યાં પર્યાયની અપેક્ષાએ. **તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત હોવાને લીધે** ગુણ ને દ્રવ્યનું અસ્તિત્વ તો એક જ છે. **અન્યોન્યવૃતિ નહી છોડતા હોવાથી,** લ્યો! ગુણનો આધાર દ્રવ્ય ને દ્રવ્યનો આધાર ગુણ. ગુણનો આશ્રય દ્રવ્ય ને દ્રવ્યનો આશ્રય ગુણ. ગુણ ને દ્રવ્ય એક અસ્તિત્વપણે ટકી રહ્યા છે. બીજાના આશ્રયે ગુણ ટકે એમ છે નહીં. અભેદ છે. **વસ્તુપણે તેમનો પણ અભેદ છે.(અર્થાંત દ્રવ્ય અને પર્યાયોની માફક દ્રવ્ય અને ગુણોનો પણ વસ્તુપણે અભેદ છે.)** પર્યાય અભેદ છે.

પ્રત્યેક પદાર્થના પોતાના ગુણ પોતાથી છે અને પર્યાય પણ પોતાથી છે. પરને કારણે કાંઈ છે નહીં. એમ સિદ્ધ કરવું છે. આવા ભેદ છે એમ યથાર્થ જ્ઞાન કરે તો પોતાની પર્યાય પોતાથી છે અને દ્રવ્યને પણ પોતાની પર્યાયનો આધાર (છે.) તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્યારે ધર્મ થાય છે એવી વાત સિદ્ધ કરે છે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૨૨, ગાથા-૧૪
## પ્રવચન નં. ૨૧
## તા.૫/૧૨/૬૯, કારતક વદ-૧૧, શુક્રવાર

આ તો હાલવા ઉપર છે ને? ત્યાં ઓલું પર્યાયનું હતું એવું આ ગુણનું (છે)એમ. પણ વિશેષ તો એમાં કાંઈ શકિત છે અંદર. ગુણમાં શકિતરૂપ છે એમ જુદું સિદ્ધ કર્યું છે. દ્રવ્ય દ્રવ્ય છે શકિતવાન છે. ગુણ અનંત શકિતઓ છે એ સિદ્ધ કરી છે. પર્યાય એટલે એક સમયની અવસ્થા એમ સિદ્ધ કરી છે. કોઈ ગુણને માનતા નથી ને? પર્યાય અને દ્રવ્યને જ માને છે. બસ બેને જ માને છે તમારે. પણ એ ગુણનો ભેદ પર્યાય નયમાં આવી જાય છે. ભેદ છે ને ભેદ? આહાહા! વસ્તુ છે એ પ્રત્યેક વસ્તુ શકિતવાન એક છે. અને તેમાં શકિતઓ અનંત છે. અને શકિતઓ કાયમ રહેવાવાળી છે. પર્યાય એક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમયની છે. એટલું અહિંયા સિદ્ધ કરવું છે. એ આ ચૌદમી ગાથામાં છે.

## ગાથા- ૧૪

**सिय अत्थि णत्थि उहयं अव्वत्तव्वं पुणो य तत्तिदयं।**
**दव्वं खु सत्तभंगं आदेसवसेण संभवदि ॥ १४ ॥**

स्यादस्ति नास्त्युभयमवक्तव्यं पुनश्च तत्त्रितयम्।
द्रव्यं खलु सप्तभङ्गमादेशवशेन सम्भवति ॥ १४ ॥

**अत्र द्रव्यस्यादेशवशेनोक्ता सप्तभङ्गी।**

**स्यादस्ति द्रव्यं, स्यान्नास्ति द्रव्यं, स्यादस्ति च नास्ति च द्रव्यं, स्यादवक्तव्यं द्रव्यं, स्यादस्ति चावक्तव्यं च द्रव्यं, स्यान्नास्ति चावक्तव्यं च द्रव्यं, स्यादस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति। अत्र सर्वथात्वनिषेधकोऽनेकान्तद्योतक: कथंचिदर्थे स्याच्छब्दो निपात:। तत्र स्वद्रव्यक्षेत्रकालभावैरादिष्टमस्ति द्रव्यं, परद्रव्यक्षेत्रकालभावैरादिष्टं नास्ति द्रव्यं, स्वद्रव्य क्षेत्रकालभावै: परद्रव्यक्षेत्रकालभावैश्च क्रमेणादिष्टमस्ति च नास्ति च द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावै: परद्रव्यक्षेकालभावैश्च युगपदादिष्टमवक्तव्यं द्रव्यं, स्वद्रव्यक्षेत्र-कालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति चावक्तव्यं च द्रव्यं, परद्रव्य-क्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टं नास्ति चावक्तव्यं च द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावै: परद्रव्यक्षेत्रकालभावैश्च युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभा-वैश्चादिष्टमस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति। न चैतदनुपपन्नम्, सर्वस्य वस्तुन: स्वरूपादिना अशून्यत्वात्, पररूपादिना शून्यत्वात्, उभाभ्यामशून्यशून्यत्वात् सहावाच्यत्वात्, भङ्गसंयोगार्पणायामशून्यावाच्यत्वात्, शून्यावाच्यत्वात्, अशून्य-शून्यावाच्यत्वाच्चेति॥ १४॥**

છે અસ્તિ, નાસ્તિ, ઉદય તેમ અવાચ્ય આદિક ભંગ જે,
આદેશવશ તે સાત ભંગે યુક્ત સર્વે દ્રવ્ય છે. ૧૪.

અન્વયાર્થ :- [द्रव्यं] દ્રવ્ય [आदेशवशेन] આદેશવશાત્ (-કથનને વશ) [खलु] ખરેખર [स्यात् अस्ति] સ્યાત્ અસ્તિ, [नास्ति] સ્યાત્ નાસ્તિ, [उभयम्] સ્યાત્ અસ્તિનાસ્તિ, [अवक्तव्यम्] સ્યાત્ અવક્તવ્ય [पुन: च] અને વળી [तत्त्रितयम्] અવક્તવ્યતાયુક્ત ત્રણ ભંગવાળું (-સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય અને સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય) -[सप्तभङ्गम्] એમ સાત ભંગવાળું [सम्भवति] છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ટીકા :- અહીં દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી કહી છે.

(૧) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ' છે; (૨) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ' છે; (૩) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને નાસ્તિ' છે; (૪) દ્રવ્ય 'સ્યાત્ અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય' છે.

અહીં (સપ્તભંગીમાં) સર્વથાપણાનો નિષેધક, અનેકાંતનો દ્યોતક ' *સ્યાત્' શબ્દ 'કથંચિત્' એવા અર્થમાં અવ્યયરૂપે વપરાયો છે. ત્યાં - (૧) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ' છે; (૨) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ' છે; (૩) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ક્રમથી કહેવામાં આવતાં 'અસ્તિ અને નાસ્તિ' છે; (૪) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે યુગપદ્ કહેવામાં આવતાં '[1]અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય' છે. -આ (ઉપરોક્ત વાત) અયોગ્ય નથી, કારણ કે સર્વ વસ્તુ (૧) સ્વરૂપાદિથી '[2]અશૂન્ય' છે, (૨) પરરૂપાદિથી '[3]શૂન્ય' છે, (૩) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) 'અશૂન્ય અને શૂન્ય' છે, (૪) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) એકી સાથે 'અવાચ્ય' છે, ભંગોના સંયોગથી કથન કરતાં (૫) 'અશૂન્ય અને અવાચ્ય' છે, (૬) 'શૂન્ય અને અવાચ્ય' છે, (૭) 'અશૂન્ય, શૂન્ય અને અવાચ્ય' છે.

---

* સ્યાત્ = કથંચિત્; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ. ('સ્યાત્' શબ્દ સર્વથાપણાને નિષેધે છે અને અનેકાંતને પ્રકાશે છે - દર્શાવે છે.)

૧. અવક્તવ્ય = કહી શકાય નહિ એવું; અવાચ્ય. (એકી સાથે સ્વચતુષ્ટય તેમ જ પરચતુષ્ટયની અપેક્ષાથી દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.)

૨. અશૂન્ય = શૂન્ય નહિ એવું; હયાત; સત્.

૩. શૂન્ય = નહિ હયાત એવું; અસત્.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :- (૧) દ્રવ્ય *સ્વચતુષ્ટયની અપેક્ષાથી 'છે'. (૨) દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષાથી 'નથી'. (૩) દ્રવ્ય ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી 'છે અને નથી.' (૪) દ્રવ્ય યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી 'અવક્તવ્ય છે.' (૫) દ્રવ્ય સ્વચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'છે અને અવક્તવ્ય છે.' (૬) દ્રવ્ય પરચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'નથી અને અવક્તવ્ય છે.' (૭) દ્રવ્ય સ્વચતુષ્ટયની, પરચતુષ્ટયની અને યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી 'છે, નથી અને અવક્તવ્ય છે' -એ પ્રમાણે અહીં સપ્તભંગી કહેવામાં આવી. ૧૪.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૧૪ ઉપર પ્રવચન

**सिय अत्थि णत्थि उहयं अव्वत्तव्वं पुणो य तत्तिदयं।**
**दव्वं खु सत्तभंगं आदेसवसेण संभवदि ॥ १४ ॥**

**છે અસ્તિ, નાસ્તિ ઉભય તેમ અવાચ્ય આદિક ભંગ જે,**
**આદેશવશ તે સાત ભંગે યુકત સર્વે દ્રવ્ય છે. ૧૪.**

**ટીકા :- અહીં દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી કહી છે.** દરેક પદાર્થને એકેક ગુણ દ્વારા એકેક ધર્મ દ્વારા આખો પદાર્થ બતાવનારી આ સપ્તભંગી પ્રમાણ સપ્તભંગી છે. સમજાય છે કાંઈ? દ્રવ્યના આદેશવશ હવે જુઓ :- **(૧) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ' છે.**હવે તેનો અર્થ :- આ આત્મા પરમાણુ એકેક, પ્રત્યેક કથંચિત અસ્તિ છે. દ્રવ્ય સ્યાત્ અસ્તિ છે. દરેક આત્મા અને પરમાણુ સ્યાત અસ્તિ એટલે સર્વથા અસ્તિ પરથી પણ અસ્તિ છે એમ નહીં. પોતાથી અસ્તિ છે. સર્વથા અસ્તિ છે. પોતાથી સર્વથા અસ્તિ છે. પરથી સર્વથા નાસ્તિ છે. સમજાય છે કાંઈ?

આત્મા અને આ પરમાણુ પ્રત્યેક પોતાથી સર્વથા અસ્તિ છે. પોતાથી કથંચિત અસ્તિ છે ને પરથી (પણ) કથંચિત અસ્તિ છે એમ છે? દ્રવ્ય સ્યાત અસ્તિ છે. ઓલા કહે છે ને કે પુરુષાર્થ તો બહુ જ કર્યો અને ગુણસ્થાન પણ ઉપર ચડયા, પણ કર્મનો ઉદય આવ્યો તો નીચે પડવું પડયું. એવી વાત છે નહીં. એ વાત ખોટી છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે છે તેમાં અસ્તિ છે, પોતાથી અસ્તિ છે. વસ્તુ છે અને તેનું ક્ષેત્ર છે. અહીં ઉપર જુઓ પાછળ અર્થમાં નીચે પાછળના પાનામાં છે. નીચે નોટમાં છે.

* સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય એટલે નિજ ગુણપર્યાયોના આધારભૂત વસ્તુ પોતે; સ્વક્ષેત્ર એટલે વસ્તુનો નિજ વિસ્તાર અર્થાત્ સ્વપ્રદેશસમૂહ; સ્વકાળ એટલે વસ્તુનો પોતાનો વર્તમાન પર્યાય; સ્વભાવ એટલે નિજગુણ - સ્વશક્તિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે.** દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાના ગુણ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. જુઓ, **સ્વદ્રવ્ય એટલે નિજ ગુણ પર્યાયોના આધારભૂત વસ્તુ પોતે.** દ્રવ્ય. ઝીણી વાત છે. કોને આ બધું નક્કી કરવાની નવરાશ છે? અહીં તો કહે છે કે પોતાનો આત્મા અને પરમાણુ પ્રત્યેક પોતાના દ્રવ્ય ગુણ પર્યાયના પિંડથી અસ્તિ છે. પોતાનું ક્ષેત્ર વસ્તુનો નિજ વિસ્તાર. પોતાનો આત્મા અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર (છે). પરમાણું એક પ્રદેશ ક્ષેત્ર (છે). તે તેનું ક્ષેત્ર છે. સ્વપ્રદેશસમૂહ, તેનાથી અસ્તિ છે. એ તો પોતાના દ્રવ્યથી અસ્તિ છે, પોતાના ક્ષેત્રથી અસ્તિ છે. પોતાનો કાળ વસ્તુની પોતાની વર્તમાન પર્યાય. પરને કારણે નાસ્તિ છે, એમ કહે છે. એમાં પોતે આ કીધું ને મારાથી આ છે.હું અસ્તિ તત્ત્વ છું બસ ખલાસ થઈ ગયું. પરથી નહીં, પરથી નથી આવી ગયું ને? તે અહીં સ્પષ્ટ કરે છે. એક પરમાણુ પોતાથી છે અને પરથી નથી. ખલાસ! તો સ્વકાળની પર્યાય પરથી નથી હોતી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્તથી તો થાય ને?

ઉત્તર :- નિમિત્તથી થાય તો પરથી નાસ્તિ કયાંથી આવી? નિમિત્ત પર છે. આ આંગળી છે. જુઓ, આંગળી. આ પોતાના સ્વકાળની પર્યાયથી અસ્તિ છે. આંગળીની પર્યાયથી નાસ્તિ છે. આંગળીની પર્યાયથી ઊંચી થઈ છે એમ નથી. એમ કહે છે. એમાં એમ કહે છે. એય! વજુભાઈ! શું કહે છે, જુઓ! વસ્તુની પોતાની વર્તમાન પર્યાય છે, એ કાળ અને સ્વભાવ નિજ ગુણ સ્વશકિત સ્વભાવ. પોતાનો આત્મા પોતાનો ગુણ જો ત્રિકાળ શકિત અને વર્તમાન અવસ્થા તેનો પિંડ તે દ્રવ્ય.તે વસ્તુ પોતાથી છે. કોઈ પર દ્રવ્યથી કોઈ ઈશ્વરથી કે કોઈ બીજા કારણથી છે નહીં. અને પોતાનું ક્ષેત્ર જો અસંખ્ય પ્રદેશ છે સ્વભૂમી તે પોતાથી અસંખ્યપ્રદેશ છે. પરથી છે નહીં. અને અનંતગુણની એક સમયમાં અનંતી અવસ્થા થાય છે તે અવસ્થા તેનો સ્વકાળ છે. તે સ્વકાળ પોતાથી છે પરથી નહિં. સમજાય છે કાંઈ? આ તો જૈન દર્શનનો નહીં વિશ્વદર્શનનો પ્રાણ સપ્તભંગી છે.

પ્રત્યેક વસ્તુ પોતાના નિજ દ્રવ્ય વસ્તુ અને નિજગુણ શકિત અને જીવના ક્ષેત્ર અસંખ્યપ્રદેશ. પરમાણુના એક. આકાશના અનંત (પ્રદેશ). અને એક સમયની તેની અવસ્થા પોતાથી છે અને પરથી નહીં. કહો, ધરમચંદજી! તમારી દવા શરીરમાં શું કરે છે? એમ કહે છે. નથી કરતી? દવાના પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. અને શરીરની અવસ્થા આ શરીર જે છે તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી છે, દવાને કારણે નથી. આહાહા! સમજાય છે કાંઈ?

ખોરાકના પરમાણું છે તે ખોરાક પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. શરીરની અવસ્થા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. ખોરાકને કારણે નહીં. આ કહ્યું ને. મારો સ્વભાવ મારામાં છે ને પર મારામાં નથી. એવી અંતરદૃષ્ટિ કરવી ને તેને અમલમાં મૂકવી. ખાય કોણ? ખાય કોણ. કીધું ને ખાવાની પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો જડની છે. જડની પર્યાય જડના અસ્તિત્વમાં છે. પોતાથી તો તે નાસ્તિ છે. ઝીણી વાત છે ભાઈ! આહાહા! સૂક્ષ્મ તત્વ અંતરના ઊંડાણપૂર્વક લોકોએ જોયું જ નથી કે શું ચીજ છે. ભગવાન એમ કહે છે, ભૈયા! પરમેશ્વર એમ કહે છે. હું મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છું અને તમે તમારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છો. મારાથી કાંઈ તમારામાં આવે છે એમ છે નહીં. ભગવાન પાસે કોઈ વાર મળે છે કે નહીં ભગવાનને? એ કહે છે કે જો આત્મા છે સાંભળવાવાળો એ પોતાના દ્રવ્યમાં છે ગુણ પર્યાયના પિંડમાં. પોતાના સ્વક્ષેત્રમાં છે. પોતાના ગુણ-શકિતમાં છે અને વર્તમાન અવસ્થામાં છે. પોતાની વર્તમાન અવસ્થા પોતાથી છે. શબ્દથી કે ભગવાનની વાણીથી એ અવસ્થા છે નહીં. કહો, સમજાય છે કાંઈ?

કહો, ભીખાભાઈ! (મુમુક્ષુ :- અરે પ્રભુ! આપના કહેવામાં શું સમજવામાં ન આવે) એમ તો પોતાની વાત રાખીને બે રાખે. પણ આ વાત તમને સમજાય છે ને? બસ! થઈ રહ્યું આવી ગયું. તમને તમારાથી સમજાય છે કે અહીંથી સમજાય છે? એવી વાત છે. આહાહા! આ શાસ્ત્ર છે તે પુદ્‌ગલ છે દેખો.સમજાય છે કાંઈ? તો પુદ્‌ગલના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પુદ્‌ગલમાં છે. તેમાં આત્માનું જ્ઞાન નથી. પોતાના જ્ઞાનની પર્યાય પોતાથી છે .પોતાના જ્ઞાનની પર્યાય આ શાસ્ત્રથી નથી.

મુમુક્ષુઃ- (તો પછી) શું કામ વાંચો છો?

ઉત્તરઃ- કોણ વાંચે છે? વાંચે કોણ? એ તો વિકલ્પ આવે ને સામે જ્ઞાન થાય છે. એવી વાત છે. આહાહા! ભારે કામ. જગતને કઠણ (પડે). બીજાથી નથી સમજતા તો સમજાવે છે શા માટે? વાણી વાણીના કાળે પોતાની સ્વ-પર્યાયથી નીકળે છે.આત્મા તો પોતાના સ્વચતુષ્ટયમાં છે અને સાંભળવાવાળા પણ પોતાના સ્વચતુષ્ટયમાં છે. શું તેને પર ચતુષ્ટયથી કાંઈ મળી જાય છે? શોભાલાલજી!

ઉપકાર કરો, બીજા ઉપર ઉપકાર કરો. ઉપકારની વ્યાખ્યા શું? કોણ કરે? તારી પર્યાય તારાથી છે મારી પર્યાય મારાથી છે. બધાની પર્યાય પોતાથી છે. પરથી તો છે નહીં. એ તો વાત સિદ્ધ કરે છે. ઉપકાર શબ્દનો અર્થ એ તો નિમિત્ત છે તેથી ઉપકાર કહેવામાં આવે છે. પણ તેનાથી કાંઈ થાય છે એમ છે નહીં. સમજાય છે કાંઈ?

આ ભગવાન પાસેથી કાંઈ મળી જાય એવી ચીજ નથી એમ કહે છે. તારામાં એવો ભરપૂર સ્વભાવ તારાથી છે કે તારી પર્યાય તારાથી છે. ભગવાન કહે છે કે અમારાથી કે સમવસરણમાં તું આવીશ ને તેનાથી તારી પર્યાયમાં તને લાભ થશે એમ છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? જુઓ.

**દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ' છે.** પછી એનો ખુલાસો કરશે હોં! **દ્રવ્ય 'સ્યાત નાસ્તિ' છે.** જુઓ. બીજો બોલ. કથંચિત નાસ્તિ, સર્વથા પોતાનાથી નાસ્તિ, એમ નહીં પણ પરથી નાસ્તિ (છે).એકેક આત્મા, એકેક પરમાણું પોતાથી અસ્તિ છે અને પર દ્રવ્ય, પર પરમાણું, પર આત્માથી નાસ્તિ છે. પરની અપેક્ષાએ તો આ વસ્તુ છે પણ નહીં એમ કહે છે. પોતાની અપેક્ષાએ તો પર વસ્તુ છે નહીં.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ? દાખલા આવે ને? નંદીસેને આમ કર્યું, કર્મનો ઉદય આવ્યો, ભોગ આમ થયો, ફલાણું આમ થયું. વૈભવ છોડયો'તો, એવું (બધું) છોડયું'તું અને એવો કર્મનો ઉદય આવ્યો તો એને ભોગાવલી કર્મમાં આવવું પડયું. તે અહીં ના પાડે છે કે એવું છે નહીં .તેની પર્યાય વિપરીત થઈ તો નીચે ઉતરી ગઈ. પોતાની પર્યાયથી છે. કર્મને કારણે નહીં. સમજાય છે કાંઈ?

**'દ્રવ્ય સ્યાત નાસ્તિ'.** ભગવાન આત્મા કર્મથી નાસ્તિ. કર્મથી આત્મા છે જ નહીં. પોતાની રાગની પર્યાય થાય તે પોતાથી છે. કર્મના ઉદયથી રાગની પર્યાય થાય એમ છે નહીં. (તેની તો) નાસ્તિ છે. સમજાય છે કાંઈ? સિદ્ધ ભગવાનને આઠ કર્મનો નાશ થયો તો આઠ ગુણની પર્યાય પ્રગટ થઈ એમ છે નહીં. એ તો નિમિત્ત શું હતું તેનું જ્ઞાન કરાવે છે. આઠ કર્મ તો પોતાની અસ્તિથી છે. પ્રત્યેક આઠ કર્મમાં અનંત પરમાણુ તો પોતાથી છે.શું સિદ્ધની પર્યાયથી છે? અને સિદ્ધની પર્યાય પોતાથી થઈ છે. શું કર્મના અભાવથી થઈ છે? કર્મની તો તેમાં નાસ્તિ છે. વાહ રે વાહ! એટલી બધી ઉલ્ટી માન્યતા છે કે બે દ્રવ્યની એકતા બુધ્ધિને તો અહીં જુદી પડાવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**'સ્યાત્ દ્રવ્ય નાસ્તિ'** પરથી નહીં. એ ખુલાસા છે. સમુચ્ચય છે ને પહેલાં? **દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ નાસ્તિ' છે.** એક સમયમાં સ્વથી છે અને પરથી નથી. તેમાં એક સમયમાં બે ધર્મ છે. એક સમયમાં પોતાનાથી છે અને પરથી નથી. (તે) અસ્તિ-નાસ્તિ થયું. ત્રીજું.

**ચોથું:-દ્રવ્ય 'સ્યાત્ અવક્તવ્ય' છે.** કથંચિત અવકતવ્ય. કેમ? કે સ્વથી છે અને પરથી નથી એક સાથે કહેવામાં આવે તો કહી શકાય નહીં. સ્વથી છે અને પરથી નથી તે કહેવામાં એક સાથે કહી શકાતું નથી. અવકતવ્ય થઈ ગયું. તે પણ પોતાના પ્રત્યેક દ્રવ્યમાં અવકતવ્ય નામનો એક ધર્મ છે.સ્યાત્ ધર્મ છે હોં, આ સ્યાત ધર્મની યોગ્યતા છે. આહાહા! આ તો નિમિત્તવાળાનો મોટો ગોટો ઊઠે છે ને? આત્મામાં વિકાર કરવાની યોગ્યતા છે પણ જેવો કર્મનો ઉદય આવે એવો વિકાર થાય. (પણ) એમ છે નહીં.

લોટમાં રોટલી થવાની યોગ્યતા હોય છે. રોટલી થાય, ભાખરી થાય, પૂરી થાય. એ આટામાં રોટલી પૂરી થવાની અનેક પ્રકારની યોગ્યતા હોય છે. સ્ત્રીની જેવી ઈચ્છા હોય તેવી રોટલી પૂરી બની જાય, એમ છે નહીં. લોકો કહે છે કે થાય (પણ) એમ છે નહીં. લોટમાં જે રોટલી થવાની યોગ્યતા છે તે સ્વકાળની અસ્તિથી રોટલી થવાની અસ્તિ પોતાથી છે. પોતાથી જ છે. એક જ રોટલી થવાની યોગ્યતા પોતાથી છે. સમજાય છે કાંઈ? પણ ભાખરી થવાની યોગ્યતા હોય ને રોટલી થઈ જાય એમ છે નહીં. આહાહા! દરેકમાં છે આ પ્રમાણે. આ તો એકલા સિધ્ધાંત છે.

ઓલા કહે ને કે યોગ્યતા તો બહુ જ છે. પાણીમાં પર્યાયમાં યોગ્યતા બહુ જ છે એમ કહે છે. પર્યાયમાં અનેક પ્રકારની યોગ્યતા છે. જેમ પાણીમાં કોઈ મીઠું નાખે તો ખારું થઈ જાય, અફીણ નાખે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કડવું થઈ જાય, લીલો રંગ નાખે તો લીલું થઈ જાય. કહો, બરાબર છે? કેમ પાણી કાંઈ પાણી બોલે છે? પાણીમાં પર્યાય થાય છે. પણ તે પર્યાય જો એમ ને એમ રાખો તો ઠંડુ થઈ જાય, અગ્નિમાં ઉષ્ણ થઈ જાય અને તેમાં મીઠું નાખો તો ખારું થઈ જાય અને તેમાં ખાંડ નાખો તો ગળ્યું થઈ જાય. .એમ છે? એમ છે જ નહીં. એય! એ તો પોતાની પર્યાય જે સમયમાં જે થવાની છે તે પોતાથી થાય છે. પરથી બિલકુલ થતી નથી. આહાહા! ભારે વાત ભાઈ! ભાઈ આવું સમજશે તો કોઈ કોઈનું કરશે નહીં. કોઈનું કરી શકે છે કયાં? તે માટે તો અહીં સમજાવે છે. એ માટે તો અહીં કહે છે.આહાહા!

અવકતવ્ય છે. પાંચમું **દ્રવ્ય સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય છે.** પોતાથી છે અને બે ને એક સાથે કહી શકાતું નથી માટે અવકતવ્ય, કહી શકે નહીં. દ્રવ્ય સ્યાત્ નાસ્તિ અવકતવ્ય છે. પરની અપેક્ષાએ નાસ્તિ છે તે જ સમયે બે ની અપેક્ષાએ અવકતવ્ય છે. અને **દ્રવ્ય સ્યાત્ અસ્તિ-નાસ્તિ અને અવક્તવ્ય છે.** દરેક પરમાણું ને દરેક આત્મા એક સમયમાં પોતાથી છે અને પરથી નથી.એક સાથે કહી શકાતું નથી માટે અસ્તિ-નાસ્તિ અવકતવ્ય સપ્તમાં ધર્મ તેમાં છે. એવા સાત ધર્મવાળી વસ્તુ છે. અસ્તિ અપેક્ષાએ બાકી એ તો અનંત ધર્મ છે. સમજાય છે કાંઈ?

**અહીં (સપ્તભંગીમાં) સર્વથાપણાનો નિષેધક, અનેકાંતનો દ્યોતક** જુઓ હવે.(નીચે) **સ્યાત=કથંચિત કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ. ('સ્યાત્' શબ્દ સર્વથાપણાને નિષેધે છે અને અનેકાંતને પ્રકાશે છે-દર્શાવે છે.)** અનેકાંતને દર્શાવે છે. સ્વથી છે અને પરથી નથી. એક સાથે બે ધર્મને બતાવે છે અને સર્વથાપણાનો નિષેધ કરે છે.અસ્તિ સર્વથા અસ્તિ એમ નહીં. શું શું? નીચે છે. **સ્યાત્=કથંચિત, કોઈ પ્રકારે અથવા કોઈ અપેક્ષાએ.(સ્યાત્ શબ્દ સર્વથાપણાને નિષેધે છે.)** સર્વથાનો અર્થ શું? કે દ્રવ્ય સ્યાત્ અસ્તિ છે.તો સર્વથા અસ્તિ છે એમ છે નહીં. સર્વથા અસ્તિ હોય તો પોતાથી પણ અસ્તિ હોય અને પરથી પણ અસ્તિ. થઈ જાય. સર્વથા અસ્તિ હોય તો બધાથી અસ્તિ થઈ જાય. પણ એમ છે નહીં. સ્યાત્ અસ્તિ સ્યાત્ એટલે પોતાની અપેક્ષાએ અસ્તિ છે. સર્વથા(નો) નિષેધ કરવા માટે સ્યાત્ શબ્દ લાગુ પાડવામાં આવ્યો છે. ભારે વાત ભાઈ! આહાહા!

આખી દુનિયાનું કરી દઈએ અમે નેતાઓ નથી કરતા? શું કહેવાય આ પંચશીલ ને પહાડ, રસ્તા, નદીઓ, તળાવ, શું કહે છે? બંધ. પાણીનો બંધ બાંધે છે. જેને વરસાદ ન આવ્યો હોય તો પાણી દે છે. લ્યો, કરી શકે છે કે નહીં? સારા મફતમાં રાજ કરે છે આ? આહાહા! શું કરે એ પોતાના અસ્તિત્વની પર્યાયમાં કરે. પરના અસ્તિત્વની પર્યાયમાં કોઈ શું કરે? એય! આ બધા કાર્યકર છે. સરપંચ (છે.) અહીં તો એમ કહે છે કે પરની અવસ્થા પરમાં છે અને તારી અવસ્થા તારામાં છે.

મુમુક્ષુઃ- દરેકને માટે એમ છે?

ઉત્તરઃ- દરેકને માટે છે ને? કર્મની અવસ્થા કર્મમાં છે. પોતાના રાગને કારણે કર્મની અવસ્થા છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં. જ્ઞાનાવરણીયનો ઉદય છે તો પોતાના જ્ઞાનની અવસ્થા હીણી (થઈ ગઈ) છે એમ નથી. એમ કહે છે. પોતાથી પોતામાં હીણી અવસ્થા છે. અને કર્મના ઉદયની અવસ્થા કર્મમાં તેને કારણે છે. પોતાની હીણી અવસ્થા છે તો ત્યાં ઉદય છે, એમ છે નહીં. આહાહા! ભારે આ બધા જયાં હોય ત્યાં કર્મના ગોટા વાળતા હોય. ચંદ્રનો આજ મોટો આવ્યો છે. ઓલો છે ને શેલાનાવાળાએ એનો વિરોધ કર્યો છે. ચંદ્રયાત્રાએ તો કંઈકના ઉથલ-પાથલ કરી નાંખ્યા છે. ત્યાં ગયા જ નથી. પહાડ હોય તો ત્યાં દેવ હોય ને? દેવ ગયા, પહાડમાં ઉતર્યા છે. પહાડમાં ઉતર્યા ત્યાં વિદ્યાધર હતા. ત્યાં કયાં એણે વિદ્યાધર ભાળ્યા? આવી ચર્ચા આવે છે. બહું વિરોધ મોટું લખાણ હાલ્યું'તું. નરક ભૂમિનું ઓલો શેલાનાનો છે ને, નહીં. મોરબી. રતનલાલ દોશી કહે તારે ગાળ દેવી છે તો તને શું ઉતર દઈ. ગાળ દઈને વાત કરવી છે. નહીં. પહાડ ઉપર ગયા છે ત્યાંથી ધૂળ લાવ્યા છે. પહાડ ઉપર કયાં વૈચાક્ને. ત્યાં તો વિદ્યાધર રહે છે. વિદ્યાધર તો બોલ્યા નહીં. પછી ઓલામાં આવ્યું'તું ને નહીં? પાછા ઉતરતા ટીકાળા, ટીકાળા જો એ ટીકાળાદેવ પાછળ બોલ્યા. પણ પાછળથી કહ્યું કે એ તો અમારું બગડયું હતું. શું કીધું ઈ? એ અમારું બગડયું'તું એનાથી સારું થયું છે. જો ન્યાંથી તો ગયા'તા. પાછા આવ્યા ને દેવો કોઈક આવ્યા'તા પાછળ. ચંદ્રમામાં દેવ હતા. હવે આવીને આવી વાતું કરીને તારે શું કામ છે. એમ કાંઈ ખોટી રીતે ખોટાનું કાંઈ સિદ્ધ કરાય? સાચાનું કરાય. (શ્રોતાઃ- આ લોકો કહે છે જૈન ધર્મ ખોટો છે.) પણ જૈન ધર્મ જ ઈ છે. ભલે ખોટો કીધો. એનાથી ન થાત ત્રણકાળમાં. તારું અધ્યાત્મનું તત્ત્વ જો ને. એમાં જે છે સ્વથી છે અને પરથી નથી. એનું નક્કી કર ને. આખી દુનિયાથી તું નથી, લે? સમજાય છે કાંઈ?

ચાહે તો દુનિયામાં બીજી ચીજ વસી જાવ. પણ તારી ચીજ પરથી છે નહીં. બસ તારી તારામાં છે. તારી સંભાળ કર.હું ધ્રુવ ચિદાનંદ આત્મા આનંદકંદ છું એવી દૃષ્ટિ કર તો તારામાં તારા અસ્તિત્વની પ્રતીતિ થઈને આનંદ થશે. તને દુનિયાની બીજી શું પડી છે. દુનિયા દુનિયાનું જાણે. આહાહા! સમજાય છે કાંઈ? ઘણું લખાણ છે. હજી વાંચતા વાંચતા થોડું બાકી રહી ગયું વળી. ઘણું લખાણ છે બેય જણાનું આવ્યું. વળી કહે આપણે તો એને પાપસૂત્ર કહીએ છીએ. જયોતિષશાસ્ત્ર એને પાપસૂત્ર ભગવાન કહે? ઓલા કહે કે ભઈ એ તો જાણવા માટે કહે. જાણવા માટે ભગવાન પાપને કહે? વળી એમ હાલ્યું. કહે. બધું ન કહે એમ હોય? કહે નહીં? બધું સમજાવે. પાપતત્ત્વ સમજાવે, ચંદ્ર આદિ વસ્તુ પદાર્થ દ્વીપ સમુદ્ર બધું જણાવે, જાણવા લાયક છે એટલું જ. આપણે શાસ્ત્ર પ્રમાણે છે ને ઉપજાવી નથી શકતા. એથી કરીને શું? તો ભઈ અમારી શકિત એટલી નથી. બાકી વસ્તુ તો છે એ છે. સમજાય છે કાંઈ?

આ આત્મા અધ્યાત્મ છે એટલું તો મેળવી દે બીજું તારે શું કામ છે? તને તારું જ્ઞાન થશે તો પરનું યથાર્થ જ્ઞાન થશે. તારા યથાર્થ જ્ઞાન વગર પરનું યથાર્થ જ્ઞાન કેવી રીતે થશે? આહાહા! બહુ ઝઘડા ઝઘડા. એ જૈન ધર્મ આવું કાઢે, આવું કાઢે. જૈન ધર્મ તો પોતાના આનંદકંદ શુદ્ધ સ્વરૂપ, દૃષ્ટિ રાગથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને નિમિત્તથી હટાવી દે. સમજાય છે કાંઈ? ભગવાન પરિપૂર્ણ આનંદમૂર્તિ છે ને?તેમાં દૃષ્ટિ લગાવી દે એ જૈન, એ જૈન કહ્યું છે ને એ જૈન. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ પરથી બિલકુલ નાસ્તિ અને પોતાના પૂર્ણ સ્વભાવથી અસ્તિ. પર્યાયમાં ભલે પૂર્ણ ન હોય અલ્પજ્ઞ હોય પણ દ્રવ્ય ધ્રુવ સ્વભાવ તો પૂર્ણ છે. પણ પૂર્ણતાની એક સમયની પર્યાયને કારણે નથી. પરને કારણે તો નહીં પણ પર્યાયને કારણે પણ નથી. આહાહા! એવો ભગવાન આત્મા (છે.)

શાસ્ત્રમાં શંકા થાય છે. આ શાસ્ત્ર ખોટા ફલાણું ખોટું ઢીકણું ખોટું સુધારા વધારા બહું લખ્યું, ઘણું લખ્યું. શંકા, શંકા. વિચાર કરતાં કરતાં એને ખરેખર વિચાર કરશે તો આ દિગમ્બર શાસ્ત્રો સાચાં નકકી થશે. પણ એનું એ ગયું નહીં. શાસ્ત્રમાં વિરોધ આવે શાસ્ત્રમાં વિરોધ બહુ આવે. બીજી વાતમાં વિરોધ બહુ જ છે. એ લખ્યું છે. એમાંય ઘણી વાત વિરુધ્ધ છે. પણ પછી વિદ્રત પરિષદમાં ભેગા થાશે ત્યારે હું કહીશ. આહાહા!

આ દિગમ્બર સંતોએ તો સર્વજ્ઞની વાણી અનુસાર આખા અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના ભરી દીધા છે. સમજાય છે કાંઈ? તેમાં રંચ માત્ર ફેર છે નહીં. એવું વસ્તુનું સ્વરૂપ છે. હશે કોઈક આપણું કામ નહીં એમાં લૌકિક સાથે લોકોતર મેળવવું નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

જે તારામાં નથી તેની તને શું પડી છે? એમ કહે છે. બીજું બીજાથી થાય છે. આહાહા! બાપનો દિકરો તો હશે ને? ખરો કે નહીં? સૌના ઘર જુદા હશે? હીરોભાઈ આવે છે તે તમારા ઘરમાં રહે છે ન્યાં કયાંય જુદો નથી રહેતો. આહાહા! અહીં તો કહે છે. પ્રભુ! એકેક પરમાણુ રજકણ પોતાના નિજ ઘરમાં રહે છે. એક પરમાણુ બીજા પરમાણુમાં છે નહીં અને એ પરમાણુમાં તું નહીં. તારામાં તે પરમાણુ નહીં.આહાહા! એવી સ્થિતિ છે. વસ્તુ પણ એ રીતે ન હોય તો હોય શી રીતે? માળા સમજ ને? જ્ઞાનમાં જરાક તુલના તો કર? કે આ અસ્તિ અસ્તિ અસ્તિ છે છે છે. પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો કાળ અને વર્તમાન અવસ્થા પોતાના કાળે (છે.) પોતાના કાળથી આત્મા છે. જુઓ! પોતાની અવસ્થાથી આત્મા છે. પોતાના વર્તમાનથી આત્મા છે. પોતાની પર્યાયમાં વર્તે છે તેનાથી આત્મા છે. પરથી આત્મામાં વર્તે છે એમ છે નહીં. વર્તના વળી લક્ષ કાળમાં ગયું. કાળ ન હોય ને વર્તના ગુણ લક્ષણ. અહીં વર્તના કાળ તે પોતાનો વર્તનાકાળ છે. એમ. આહાહા! સમજાય છે કાંઈ?

તારી નજર તારા ચતુષ્ટયમાં હોય. તો દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ મારામાં છે તો પર્યાયના અંશ ઉપર દૃષ્ટિ છોડી ને ધ્રુવને ઉપાદાન બનાવી ને ધ્રુવનો આશ્રય લેવો, તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. સમયસાર અગિયારમી ગાથા છે.'ભૂયત્થમ અસિદો ખલુ' ભૂતાર્થ ભગવાન જો અહીંયા અસ્તિ છે ને અસ્તિ? અસ્તિપણે ત્રિકાળ ધ્રુવ અસ્તિ ભગવાન આત્મા પૂર્ણ અસ્તિ તેના આશ્રયથી સમ્યગ્દર્શન (થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે.)સત્‌નો આશ્રય પૂર્ણ સત્‌નો આશ્રય લેવાથી સત્ય દર્શન થાય છે. સમજાય છે કાંઈ? હવે બીજી માથાકૂટ છોડીને કરવાનું આ છે.

**અહીં (સપ્તભંગીમાં) સર્વથાપણાનો નિષેધક, અનેકાંતનો દ્યોતક 'સ્યાત્' શબ્દ 'કથંચિત્' એવા અર્થમાં અવ્યયરૂપે વપરાયો છે.** સંસ્કૃતનો નિયમ છે. હવે **દ્રવ્ય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં....** છે? વસ્તુ આત્મા અને પરમાણુ એકેક રજકણ અને પ્રત્યેક ભિન્ન ભિન્ન એકેક આત્મા પોતાના સ્વદ્રવ્ય, આ આત્મા પોતાના જ્ઞાનાનંદ ગુણ આદિ અને પર્યાય એવું દ્રવ્ય અને સ્વક્ષેત્ર પોતાના અસંખ્ય પ્રદેશ સ્વક્ષેત્ર પોતામાં છે.પરઘરમાં આત્મા નથી. આત્મા કર્મમાં નથી એમ કહે છે.આ કર્મ આત્મામાં નથી એમ કહે છે. લે આ તો ખોટુંને? કર્મ સહિત આત્મા છે ને (આત્મામાં) કર્મ નહીં? આ બીજી ચીજ થઈ ગઈ. સહિત કહેતા બીજી ચીજ થઈ ગઈ. સહિત કહેતાંય રહિત થઈ ગઈ. બીજી થઈ ગઈ ને બીજી. આહાહા!

તારું દ્રવ્ય અને તારું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી (છે). તારો કાળ અનંતગુણની વર્તમાન વર્તમાન પર્યાય તે તારો કાળ છે. માણસ નથી કહેતાં કે અમારો કાળ (વખત) હમણાં ઊંચો છે. કહે છે ને શું કહે છે બહારમાં? હમણા અમારો વખત છે. પૈસા-બૈસા હોય ને? છોકરા સારા હોય (તો કહે કે) અમારો વખત છે. ધૂળમાંય નહીં. તારો વખત તારી પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? હમણાં અમારી બોલબાલા છે. ઊંધી નાંખીએ તો સવળી પડે. કેટલાક એવું કહે છે હો? પુણ્યને લઈને એવું હોય ને? ઉલ્ટા નાંખે તો સુલ્ટા પડે. શું ઉલ્ટા-સુલ્ટા? તારાથી પરમાં શું થાય છે? અને પરમાં ઉલ્ટા-સુલ્ટા હોય તો તારામાં શું આવ્યું? આહાહા! કહો શોભાલાલજી! ધંધાનો વિકલ્પ છે તે તો પોતામાં સ્વકાળ છે. પણ તેનાથી બીડીનો તમાકુનો ધંધો વેપાર થાય છે તેમ નહીં. તે ના પાડે છે. એય! ધર્મચંદજી ભારે આ!

સ્વદ્રવ્યમાં આત્મા છે પરમાણું સ્વદ્રવ્યમાં છે. અહીં તો બધાની વાત છે ને? છએ દ્રવ્યની વાત છે.સ્વક્ષેત્ર તો કર્મના પરમાણું કર્મમાં છે. તો કર્મના પરમાણું આત્મામાં છે નહીં. બસ અત્યારે? સિદ્ધ હોય ત્યારે કે અત્યારે? કર્મ વિનાનો આત્મા હશે? (શ્રોતાઃ- કર્મ વિનાનો જ આત્મા હોય.) તારા ક્ષેત્રમાં, તારા કાળમાં તું છે. કર્મમાં તો તું છે જ નહીં. અને કર્મ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. એમાં તું નથી. 'કર્મમાં તું નહીં અને તારામાં કર્મ નહીં'. આવી ચીજ વર્તમાનમાં છે. આહા! ભારે વાત ભાઈ! આ સૂક્ષ્મ વાત સાંભળવા વિચાર કરે ને કહેવા માંગે તો એનું પોતાનું કાંઈ રહેતું નથી. વાડામાં ગોપવી ને વર્તશું લ્યો. કરો, દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો, મરી જાવ ને ચાર ગતિમાં મિથ્યાદષ્ટિપણે રખડો. પ્રભુ! તારી પર્યાય તો તારાથી છે ને? તારો સ્વકાળ તો તારાથી છે ને? કે પરને કારણે છે? છોકરો સારો થયો, પાંચ લાખનું-દસ લાખનું મકાન સારું થયું. હજી તેનો સમય છે. તેનો સમય કયાં રહે છે? પૈસામાં રહે છે? તેની પર્યાયમાં રહે છે. એ હિંમતભાઈ! શું હશે આ? ભારે ભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર બધામાં 'સ્વ' લ્યો. **દ્રવ્ય સ્વદ્રવ્ય, દ્રવ્ય સ્વક્ષેત્ર, દ્રવ્ય સ્વકાળ, દ્રવ્ય સ્વભાવથી કથન કહેવામાં આવતા અસ્તિ છે.** કથન કહેવામાં આવતાં અસ્તિ છે પણ જાણવાથી પણ સ્વથી અસ્તિ છે. આ તો કથનની વાત છે ને? આદેશમાં રહે ને? જુઓ, પોતાના ભાવથી છે. શું કહે છે? આત્મા પોતાના જ્ઞાન દર્શન આનંદ આદિ જો કાયમી ગુણ છે ને તે ગુણથી છે. ગુણથી છે પર ગુણથી નહીં. પરમાં બહુ જ ગુણ છે ને પોતામાં પણ બહુ જ ગુણ છે તો પોતાના ગુણ પરથી છે એમ છે નહીં. અને બીજામાં જો પરમાણું છે અથવા બીજા આત્મામાં અનંતગુણ છે તો એ ગુણ અનંતા તેનાથી છે, પોતાથી તેમાં અનંતગુણ નથી.

ક્રિયાકાંડ ને રૂઢિગતમાં એવા ઘૂસી ગયા કે તેના ચૈતન્યનો પતો કે જડનો કયાંય પતો નથી. એવો મૂંઢ થઈને મૂંઢ ક્રિયામાં ઘૂસી ગયો. એય! ઘેટાની પેઠે. પહેલાં તમેય ઘેટાની પેઠે હતા. કાઠીમાં ઊના પાણી પીતા ને પાણી લઈને ફરે. આ તો દાખલો મોઢા સામે પૂછે એને જવાબ હોય ને? પુસ્તકના મોટા ઓડીટર થાય પણ પુસ્તક આ આત્મા છે તે ઘૂંટયો? આ શું છે? લોકો કહે આગમમાં શું કહે છે? (એમ કહે.) પણ આગમ અહીં રહે છે કે પુસ્તકમાં આગમ રહે છે? આગમનું જ્ઞાન (થાય) અને જ્ઞાન પોતામાં છે. આમાં (પુસ્તકમાં) જ્ઞાન નથી. આ તો જડ છે. સમજાય છે કાંઈ?

તો વાણીની પર્યાયમાં જ્ઞાનનો ભાવ રહે છે કે નહીં? એય! શોભાલાલજી! જ્ઞાન જિનવાણીમાં ભર્યું નથી? એ તો તમારા પંડિત કહે છે. ચંપાલાલ છે ને? વાણીમાં ગુણ ભર્યા છે. ભગવાનની મૂર્તિમાં શું ગુણ છે? મૂર્તિમાં જડનો ગુણ ભર્યો છે. વાણીમાં પણ જડનો ગુણ છે. વાણીમાં આત્માનો ગુણ ત્યાં છે? વીતરાગનો જ્ઞાનગુણ વાણીમાં ઘૂસી ગયો છે? એય! ચંપાલાલજી અહીં પહેલાં આવ્યા હતા ને? શાસ્ત્રમાં દેખાડયું પુસ્તકમાં. વાણીમાં તો ગુણ ભર્યા છે. વાણી તો પૂજનીક છે. અહીં તો કહે છે. વાણી તો જડ પર્યાય છે. એ તો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ જડપણે રહે છે. તેમાં કોઈ આત્માનો ગુણ કે જ્ઞાનગુણ તેમાં છે નહીં. ભારે ગરબડ!

દ્રવ્ય પરદ્રવ્ય, પરક્ષેત્ર લ્યો! ત્રિલોકનાથ પરમાત્મા હો તો પણ આ આત્મા પર અપેક્ષાએ સ્વદ્રવ્ય છે. બરાબર છે? દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી આત્મા છે નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રથી આત્મા છે નહીં. પરક્ષેત્રથી આત્મા છે નહીં. શું કહેવાય આ ક્ષેત્ર તમારે સમ્મેદશીખર. સમ્મેદશીખર. આહા! એક જાણો કહેતો હતો ને ત્યાં વાતાવરણ એવું કે બુદ્ધિ સુધરી જાય.પરને લઈને સુધરતી હશે? સમજાય છે કાંઈ? એક તો વળી અમે ઓગણોસીંતેરમાં અહીં દીક્ષામાં ગયા'તા ત્યાં એક સ્થાનકવાસી ફરતો હતો. એને પણ શંકા પડતી હતી. માળું આ શેત્રુંજયમાં વાતાવરણ બહુ સારું! કીધું વાતાવરણની વ્યાખ્યા શું? વાતાવરણ એટલે કીધું આ વાતાવરણને લઈને અહીં થાય છે?એ માળા અંદરમાં ઊંડે ઊંડે એમ કહે- આ વાતાવરણ બહુ સારું. એકાંત ને. કીધું વાતાવરણ વાતાવરણમાં રહ્યું. તારા અંદરમાં કયાં ઘૂસી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયું છે?

ભારે સત્તાનું સત્ત સ્વરૂપ-પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે નહીં. વાતાવરણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતામાં છે નહીં અને તેને કારણે અહિંયા પર્યાય થાય છે એમ છે નહીં. બરાબર છે? પરદ્રવ્ય પરક્ષેત્ર તેની પહોળાઈ પરદ્રવ્યના વર્તમાન કાળ અને તેના ભાવ-ગુણ કથન કહેવામાં આવતાં નાસ્તિ છે. પરથી તો આત્મા નાસ્તિ છે. પરમાણુ પોતાથી નાસ્તિ છે. જુઓ! આ આંગળી છે તે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે.આત્માથી નહીં અને આ આંગળીથી નહીં. પોતાના પરમાણું તે દ્રવ્ય છે. ગુણ પર્યાયનો પિંડ છે. ક્ષેત્ર અનંત પરમાણુ છે. અવસ્થા છે કાળ અને શકિત ગુણ એકેક પરમાણુ ભિન્ન (છે). સ્વચતુષ્ટય છે. આત્મા અંદર છે તો આ આંગળી છે, આત્માની પર્યાય છે તો આંગળીની પર્યાય છે? 'ના'. આત્માની પર્યાયમાં આંગળીની પરદ્રવ્યની પર્યાયની નાસ્તિ છે. અહિંયા એક સાથે હોવા છતાં પણ? એક ક્ષેત્રમાં આત્માને ત્યાંય પરમાણુ અસંખ્ય પ્રદેશ તે ક્ષેત્ર પોતાનું છે તેમાં આત્મા છે. પરમાણુના ક્ષેત્રથી આત્માની નાસ્તિ છે. ત્યાં પણ નાસ્તિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એનાથી ન હોય તો શરીર આમ થાય તો આત્મા કેમ એને લઈને પડી જાય? એમ કહે છે. સાંભળને? એ તો એનું ક્ષેત્ર-પ્રદેશે એવી પર્યાય થવાની લાયકાત હોય તો એમ થઈ જાય. શરીર પડયું તો આત્માની પડવાની એવી પર્યાય થઈ ગઈ એમ છે નહીં. અરે! ભારે વાત. માણસ ચાલે છે તો આંગળીના એકેક પરમાણુંની અસ્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પોતાની ઈચ્છા છે તો પણ આમ પડી જાય છે એમ છે નહીં, એમ કહે છે. સ્વદ્રવ્યની ઈચ્છા સ્વકાળની પર્યાયમાં છે અને તેની પર્યાય આમ ગતિ કરે છે તો પરમાણુંની પર્યાય તેમાં છે. તો આ ઈચ્છાથી તે પર્યાય નહીં ને તે પર્યાયથી આ ઈચ્છા નહીં. ચાલતાં ચાલતાં લાકડી હાથમાં લે છે. લ્યો! લાકડીના એકેક પરમાણુ પણ પોતાના સ્વદ્રવ્ય સ્વચતુષ્ટયથી છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળથી છે. બીજા પરમાણું પણ નહીં અને આંગળીથી પણ નહીં. આંગળી પકડે છે તો આ લાકડી ચાલે છે એમ પણ નથી. એમ કહે છે. ભારે કામ ભાઈ! દેખાય એને પ્રત્યક્ષ દેખાયને કયાં આંધળો છું, પ્રત્યક્ષ દેખાય છે ને. આહાહા! ચાલતાં ચાલતાં લાકડી આમ ચાલે છે ને? ટેકો. પરમાણું પ્રત્યક્ષ કયાં દેખે છે. પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ત્યાં પરિણમે છે. આંગળીથી ઈચ્છાથી ત્યાં થતું નથી. અને તારી ઈચ્છામાં તે પરમાણું છે પણ નહીં. આહાહા!

આવું પરથી અભિમાન છોડીને પોતાના સ્વચતુષ્ટયમાં દૃષ્ટિ હોય તો પર્યાય દૃષ્ટિ છોડીને દ્રવ્ય દૃષ્ટિ થાય તો ધર્મ થાય છે. એમ કહે છે. આહાહા! **દ્રવ્ય, પરદ્રવ્ય પરક્ષેત્ર પરકાળ પરભાવથી કથન કરવામાં આવે તો પરથી નાસ્તિ છે.** (કથનમાં પર લેવું). **દ્રવ્ય, સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર સ્વકાળ સ્વભાવથી પરદ્રવ્ય પરક્ષેત્ર પરકાળ પરભાવથી ક્રમથી કહેવામાં આવતાં 'અસ્તિ**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અને નાસ્તિ' છે.** ક્રમે કહેવાથી અસ્તિ-નાસ્તિ છે એ જ અવકતવ્ય છે. **દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર -કાળ ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે યુગપદ્ કહેવામાં આવતાં 'અવકતવ્ય' છે.** ઓલામાં ક્રમે કથન કરવામાં આવ્યું હતું. ક્રમે કથન કરવામાં આવ્યું હતું અસ્તિ-નાસ્તિ. એક સાથે કથન થઈ શકે નહીં તો તેને કારણે અવકતવ્ય છે. એવું પણ તેમાં પોતાથી અવકતવ્ય વકતવ્ય.

**ચારઃ- દ્રવ્ય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અસ્તિ અને યુગપદ્ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ અને અવકતવ્ય છે.'** એક સાથે કહેવામાં આવે નહીં તો અવકતવ્ય છે અને પોતાથી છે તો અસ્તિ છે. પોતાથી અસ્તિ અને એક સાથે કહેવામાં ન આવે માટે અવકતવ્ય છે. પાંચમો બોલ અસ્તિ અવકતવ્ય. છે અને કથનમાં આવી શકતું નથી. આહાહા! પહેલાં સમજે, બધું અંદર ઊડાવી દીધું. નિમિત્તથી થાય છે નિમિત્તથી થાય છે (એમ લોકો કહે) બે કારણથી કાર્ય થાય. અહીં કહે છે એક જ પોતાની પર્યાયથી પર્યાય થાય છે. પરથી થતી નથી. મોટા ઝઘડા કરે બે પુસ્તક બનાવ્યા. ખાણીયા ચર્ચા બે પુસ્તક બનાવ્યા. **દ્રવ્ય, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ અને યુગપદ્ કહેવામાં આવતાં અવકતવ્ય છે.** નાસ્તિ અવકતવ્ય.

**સાતમો બોલઃ-દ્રવ્ય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે બે બોલ અસ્તિ-નાસ્તિ અને યુગપદ્ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ક્હેવામાં નથી આવતાં માટે 'અસ્તિ, નાસ્તિ અવકતવ્ય' છે. આ 'ઉપરોકત વાત' અયોગ્ય નથી.** લ્યો! આચાર્ય પોતે કહે છે.એ વાત અયોગ્ય નથી. યોગ્ય છે, યથાર્થ છે, એમ જ છે. **કારણ કે સર્વે વસ્તુ** હવે ખુલાસો આવ્યો. **(૧) સ્વરૂપ આદિથી 'અશૂન્ય' છે.** જુઓ. અવકતવ્યનો અર્થ કર્યો છે જુઓ કહી શકાય નહિ. (એકી સાથે સ્વચતુષ્ટય તેમ જ પરચતુષ્ટયની અપેક્ષાથી દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવકતવ્ય' છે. અશૂન્ય=શૂન્ય નહિ એવું, અસ્તિત્વવાળું સત છે જુઓ, શું કહે છે? જુઓ શું કહે છે? પોતાના સ્વરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિથી અશૂન્ય છે. અશૂન્ય છે. ભરેલાં  છે. ખાલી નથી. પોતાના ગુણ પર્યાયથી ખાલી નથી. આહાહા! આત્મા ગુણથી ખાલી નથી એમ કહે છે. પરમાણું પરમાણુંના ગુણથી ખાલી નથી. સમજાય છે કાંઈ?

પરમાણું પરમાણુંના ગુણથી ભરપૂર છે. ભગવાન આત્મા પોતાના નિજગુણથી પરિપૂર્ણ ભરેલું પડયું છે. આહાહા! એને કયાંયથી પર્યાય શોધવી પડે એવું છે નહીં. પોતાના ગુણમાં જ બધી પર્યાય,શકિત પડી છે. પોતાના ગુણથી આત્મા છે પરગુણથી છે નહીં. સ્વરૂપ આદિથી એટલે સ્વરૂપ પોતાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી અશૂન્ય છે. સ્વરૂપથી અશૂન્ય છે. પરમાણુ સ્વરૂપથી અશૂન્ય છે. સ્વરૂપથી ખાલી નથી. સ્વરૂપથી ભર્યો પડયો છે. જૈન કહે છે કે પરમાણુમાં કહીએ તો હોય ને, ન કહીએ તો ન હોય. ઓલો ચંદ્રકાંત! બાણુંની સાલ. (તે કહે) હોય તો હોય ને, ન હોય તો ન હોય. (કીધું) શું ન હોય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ન હોય? એ તો આ સપ્તભંગી વાંચેલી ને. પરની અપેક્ષાએ નથી ને સ્વની અપેક્ષાએ છે. પરમાણુ સ્વની અપેક્ષાએ છે અને પરની અપેક્ષાએ બિલકુલ છે જ નહીં. બિલકુલ છે નહીં એટલે શું? એ તો ઘણાં વર્ષની વાત છે. આહાહા!

**સ્વરૂપાદિથી અશૂન્ય છે**. સ્વરૂપાદિ શબ્દ પડયો છે ને? સ્વરૂપાદિ નામ અશૂન્યત્વાત. સર્વસ્વ વસ્તુના સ્વરૂપાદિ નામ સ્વરૂપાદિ એટલે પોતાનું દ્રવ્ય-ક્ષેત્ર જે છે શકિત આદિથી પોતાના ગુણો પોતાના ધર્મો અપેક્ષા એનાથી રહિત નથી. સહિત છે. પરમાણુ પરમાણુની શકિતથી સહિત છે એમ કહે છે. કોઈ કહે છે ને કે જડને શું? હલે તો હલે ને ન હલે તો ન હલે મૂંઢ છો. પરમાણુમાં શકિત કયાંથી આવી? અહીં તો કહે છે પરમાણુ સ્વરૂપથી શકિતથી પરિપૂર્ણ છે. શરીરમાં શું છે એ તો ચલાવે તો ચાલે ને ન ચલાવે તો ન ચાલે. ખોટું છે. એકેક પરમાણુ પોતાના સ્વરૂપથી અશૂન્ય છે. અશૂન્ય નામ સ્વરૂપથી ભર્યું પડયું છે. પોતાની શકિત અને પર્યાયથી પૂર્ણ ભર્યું છે. પરની તેને અપેક્ષા નથી. આહાહા! જડની પર્યાય થવામાં પરની અપેક્ષા નહીં. એમ કહે છે. આહાહા!

શું કહે છે? પરમાણુનું આત્મા ન કરી શકે પણ શરીરનું કરી શકે. લ્યો! એક ફેરે પ્રશ્ન થયો હતો. રામવિજય પાસે સુમનભાઈ ને કનુભાઈ જજ બેય ગયા હતા. ઘણા વર્ષની વાત છે. વીસ વર્ષ પહેલાંની (વાત છે.) અહીં સાંભળીને ગયેલાં ને બેય મગજવાળા રામવિજયજીને પૂછયું કે આત્મા પરનું કરી શકે? કહે, પરમાણુંનું કરી શકે નહીં. શરીરનું કરી શકે. અનેકાંત છે. એમ કે ઘણું છે ને? પરમાણું પકડાય નહીં. તો ન કરી શકે. ધૂળેય કર્યું નથી. એમ કે આપણી ઈચ્છા પ્રમાણે હાથ હલી શકે. વીતરાગ પણ જયારે ભાષા બોલવી હોય તો ભાષા લ્યે અને બીજે સમયે છોડે. એમ કહેતાં હતા. એ છઠ્ઠી સાલમાં કહેતા. છઠ્ઠી સાલમાં અમારી સામે છઠ્ઠી સાલમાં કહેતાં હતા. અમે એમ કહ્યું ને કે ભઈ પરદ્રવ્ય કાંઈ પણ કરી શકે નહીં. આત્મા પરદ્રવ્યનું (કાંઈ પણ ન કરી શકે) કેવળી પણ બોલે નહીં. નહીં કેવળી પણ પોતાની વાણી કરે છે. ખેંચે છે અને બીજે સમયે બોલે છે. કહો, પરમાણુમાં. આહા! ગજબ વાત છે ને? અરે ભગવાન શું કરે છે આ? વાડ વેલાને ખાય. વેલાને કયાં જાવું? એવા હોય ત્યારે જ ત્યાં જાતા હોય ને એવા.

તો કહે છે કે દ્રવ્ય પોતાના સ્વરૂપથી અશૂન્ય છે. ભાષા જુઓ. પરમાણુ પોતાના ગુણપર્યાયથી અશૂન્ય છે. એટલે ગુણપર્યાયથી ભરેલાં છે. શૂન્ય નથી એમ. પોતાની શકિત અને પર્યાયથી ખાલી નહીં કે બીજાની અંદર જરૂર પડે, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? માળું પણ થાય કેવું? સવારમાં આમ અરીસામાં જોતો હોય. જેમ ઈચ્છા હોય તેમ માથું ફરે. નાનો કાચ હોય તો, મોટો કાચ હોય તો આખું દેખાય. નાનો આવડો હોય તો શું દેખાય? ભઈ! એ પરમાણુંની પર્યાયને આત્મા (ફેરવી શકે નહીં.) શકિતથી ખાલી છે ને? કે તેથી કરે એવું આમ આમ. ઈ કહે છે કે એ શકિતથી ભરેલો છે માટે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનામાં આમ આમ થાય છે. આત્માને લઈને નહીં. આહાહા! એ કાચમાં માથું દેખાય છે ને? નહીં? માથું અહીંથી વહ્યું જાય, ખાલી થઈ જાય.માથું અહીં અશૂન્ય છે. એમાં છે. એ માથું ત્યાં જતું નથી. અરીસામાં તો રજકણોની પર્યાય અરીસાની છે એ છે.એમાં અંદરમાં માથું બાથું કયાં છે? આહાહા! અરીસામાં જે અવસ્થા દેખાય છે એ એના પરમાણુની અવસ્થા છે. એ કાંઈ ત્યાં માથાની અવસ્થા નથી.

અગિયારમે ગુણસ્થાનેથી પડે એ કર્મ વિના પડે? જો નિમિત્ત કાંઈ ન કરે તો નિમિત્ત કામનું શું? કામના નિમિત્ત પરને છે કે પોતાને છે? નિમિત્ત પોતાની પર્યાયના કામના છે. પરની પર્યાયના કામના છે? અહીં તો ના પાડે છે. પરની પર્યાયથી ખાલી છે. પોતાની પર્યાયથી અશૂન્ય છે. ભરેલાં છે. આહાહા! ઝીણું પડે. સમજવાની દરકાર નહીં. પછી જોડાઈ ગયો. પણ આત્મા-આત્મા વ્રત તપ કરે છે. ભકિત પૈસા ખર્ચે છે ને કાંઈ શાંતિ ન દેખાય તો કાંઈક બીજો રસ્તો તને કેમ નથી ભાસતું તને. ઘરની શાંતિ ન દેખાય અંદરની શાંતિ ન આવે ને આ તું કર્યા કર, કરશ આખો દિ' માથા ફોડયા કરે છે. રસ્તો બીજો છે એમ તને નથી લાગતું? બીજા (રસ્તા) છે. એય!

કહે છે કે તારો સ્વભાવ તારાથી ભર્યો પડયો છે. **પરરૂપાદિથી શૂન્ય છે.** જેનું અસ્તિત્વ નથી એવું અસત્ત. લ્યો! પરથી તો અસ્તિત્વ અસત છે. પરથી અસત છે પોતાથી સત્ત છે. જોયું ને? અશૂન્યનો અર્થ કર્યો. એવા અસ્તિત્વવાળું સત્ત. પરમાણુ એકેક પોતાના અસ્તિત્વથી સત્ત અને પરમાણુ પરના અસ્તિત્વથી અસત્ત. આત્મા પોતાના હોવાપણેથી સત્ત અને શરીર આદિ પરની અપેક્ષાથી અસત્ત. દેવ-ગુરુનો આત્મા પણ પોતાથી સત્ત અને પરની અપેક્ષાથી અસત્ત.આ શાસ્ત્રની વાણી પોતાથી સત્ત, પરની અપેક્ષાથી અસત્ત. (મુમુક્ષુઃ- કોઈ મેળ પડે એવું નથી.) મેળ પડે એવું આ જ છે. (મુમુક્ષુઃ- ઓમાં તો મેળ જ પડતો નથી.) મેળ જ પડતો નથી ને મફતનો હેરાન થાય છે. આ બહુ ઊંચી વસ્તુ છે. પદાર્થનું સ્વરૂપ જ આવું છે. ભગવાને કહ્યું ને ભગવાને જોયું. આવું છે. આ જ રીતે હોય. બીજી શી રીતે હોય? છે એમ કહેવું ને વળી પરને લઈને કહેવું એ વસ્તુ સત્ત કયાં સિદ્ધ થઈ? આહાહા!

હે! ભગવાન! તમે તારી દેજો. ભગવાન એમ કહે છે કે તારવાના સ્વભાવથી તું કયાં ખાલી છો કે હું તને તારું. હે પ્રભુ! શિવાલયમાં મોક્ષમાં લઈ જાવ. મોક્ષની પર્યાય તો તારી તારામાં છે. ગુણમાં પડી છે. ભગવાન તારો તારી પાસે છે. તું ત્યાં નજર કર ને! તારી પર્યાય પ્રગટ થાશે. મારી પાસે મારા ગુણમાં તારી પર્યાય છે? મારા ગુણમાં તારી પર્યાય છે? ભગવાન એમ કહે છે. છતાં ભગવાન પાસે જઈને માંગે છે. એ તો એક શુભ વિકલ્પ હોય તો એવું થાય છે. શ્રદ્ધામાં વિકલ્પથી થાય છે ને પરથી થાય છે એવી વાત છે નહીં. આહાહા! રાગની એ તો નાસ્તિ છે નાસ્તિ. પોતાથી પોતાને ન માને ને પરથી માને તે નાસ્તિક છે એમ કહે છે. કેમ કે પરથી છે નહીં ને પરથી છે એમ માનવું તે નાસ્તિક થયો કે નહીં?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વરૂપાદિથી અશૂન્ય છે.** આ સપ્તભંગીનો એક બોલ સમજે તો બધો ખુલાસો થઈ જાય. આહાહા! અમે બોલવા ધારીએ તો બોલીએ. મૌન રહેવું હોય તો મૌન રહીએ. શું મૌન રહેવાની પર્યાય તારી છે? જડની છે. પરના અસ્તિત્વથી તે છે. તારા અસ્તિત્વથી મૌનપણું થયું છે? વિકલ્પ થયો કે મારે મૌન રહેવું છે. લ્યો! એ મૌનપણું થયું તે વિકલ્પને કારણે છે? આહાહા! આ ગણધર આવ્યા તો ભગવાનની વાણી નીકળી એ નથી આવતું? આવે છે કે નહીં? ગણધર આવ્યા તો ભગવાનની વાણી નીકળી. ત્યાં સુધી છાસઠ દિવસ મૌન. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું પણ વાણી નહીં. ગણધર આવ્યા ને નીકળી એ વાત છે જ નહીં.

એ પરમાણુંની પર્યાય થવાનો કાળ હતો તો (વાણી) નીકળી છે. પરને કારણે છે નહીં. આહાહા! ભારે આકરું કામ સમજાય છે કાંઈ? સાંભળ્યું છે કે નહીં? રાજગૃહી વિપુલાચલ પર્વત બે મહિનાને છ દિવસે કેવળજ્ઞાન થયું. ગણધર જ્યાં આવ્યા (તેને) ઇન્દ્ર બોલાવી લાવ્યા. ચાલો ભગવાન તમારા ખુલાસા કરશે. આવ્યા. ત્યાં તો એને સમ્યગ્દર્શન થઈ ગયું. દિવ્યધ્વનિ પછી છૂટી. આહાહા! એવી પર્યાયના સ્વકાળથી ઉત્પન્ન થવાનું હતું તો થયું. ભગવાનથી ઉત્પન્ન થયું નથી. પરથી શૂન્ય છે. દરેક વસ્તુ પરથી શૂન્ય છે. બન્નેથી સ્વરૂપાદિથી ને પરરૂપાદિથી અશૂન્ય શૂન્ય છે. સ્વથી અશૂન્ય ને પરથી શૂન્ય. લ્યો. અસ્તિ નાસ્તિ અવકતવ્ય.

**બન્નેથી સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી એકીસાથે 'અવાચ્ય' છે.** ઓલું અવકતવ્યનું કહ્યું હતું ને? **ભંગોના સંયોગથી કથન કરતાં 'અશૂન્ય અને અવાચ્ય' છે.** અસ્તિ ને અવાચ્ય. અસ્તિ અવકતવ્ય **'શૂન્ય અને અવાચ્ય' છે.** પરથી નાસ્તિ અને અવાચ્ય છે. **'અશૂન્ય શૂન્ય અને અવાચ્ય'** છે. આહાહા! લ્યો! તેનો ભાવાર્થ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

## ગાથા- ૧૫

**भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो ।**
**गुणपज्जएसु भावा उप्पादवए पकुव्वंति ॥ १५ ॥**

भावस्य नास्ति नाशो नास्ति अभावस्य चैव उत्पाद: ।
गुणपर्यायेषु भावा उत्पादव्ययान् प्रकुर्वन्ति ॥ १५ ॥

अत्रासत्प्रादुर्भावत्वमुत्पादस्य सदुच्छेदत्वं विगमस्य निषिद्धम् ।

भावस्य सतो हि द्रव्यस्य न द्रव्यत्वेन विनाश:, अभावस्यासतोऽन्यद्रव्यस्य न द्रव्यत्वेनोत्पाद: । किन्तु भावा: सन्ति द्रव्याणि सदुच्छेदमसदुत्पादं चान्तरेणैव गुणपर्यायेषु विनाशमुत्पादं चारभन्ते । यथा हि घुतोत्पत्तौ गोरसस्य सतो न विनाश: न चापि गोरस–

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**व्यतिरिक्तस्यार्थान्तरस्यासत: उत्पाद: किन्तु गौररसस्यैव सदुच्छेदमसदुत्पादं चानुपलभ–मानस्य स्पर्शरसगन्धवर्णादिषु परिणामिषु गुणेषु पूर्वावस्थया विनश्यत्सूत्तरावस्थया प्रादुर्भवत्सु नश्यति च नवनीतपर्यायो घृतपर्याय उत्पद्यते, तथा सर्वभावानामपीति ॥ १५ ॥**

**નહિ 'ભાવ' કેરો નાશ હોય, 'અભાવ'નો ઉત્પાદ ના;**
**'ભાવો' કરે છે નાશ ને ઉત્પાદ ગુણપર્યાયમાં. ૧૫.**

અન્વયાર્થ :- [भावस्य] ભાવનો (સત્‌નો) [नाश:] નાશ [न अस्ति] નથી [च एव] તેમ જ [अभावस्य] અભાવનો (અસત્‌નો) [उत्पाद:] ઉત્પાદ [न अस्ति] નથી; [भावा:] ભાવો (સત્ દ્રવ્યો) [गुणपर्यायेषु] ગુણપર્યાયોમાં [उत्पादव्ययान्] ઉત્પાદવ્યય [प्रकुर्वन्ति] કરે છે.

ટીકા :- અહીં ઉત્પાદને વિષે અસત્‌ને પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે સત્‌નો વિનાશ હોવાનું નિષેધ્યું છે (અર્થાત્ ઉત્પાદ થતાં કાંઈ અસત્‌ની ઉત્પત્તિ થતી નથી અને વ્યય થતાં કાંઈ સત્‌નો વિનાશ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

ભાવનો - સત્ દ્રવ્યનો - દ્રવ્યપણે વિનાશ નથી, અભાવનો - અસત્ અન્યદ્રવ્યનો - દ્રવ્યપણે ઉત્પાદ નથી; પરંતુ ભાવો - સત્ દ્રવ્યો, સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના જ, ગુણપર્યાયોમાં વિનાશ અને ઉત્પાદ કરે છે. જેવી રીતે ઘીની ઉત્પત્તિને વિષે ગોરસનો - સત્‌નો - વિનાશ નથી તેમ જ ગોરસથી ભિન્ન પદાર્થાંતરનો - અસત્‌નો - ઉત્પાદ નથી, પરંતુ ગોરસને જ, સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પૂર્વ અવસ્થાથી વિનાશ પામતા અને ઉત્તર અવસ્થાથી ઉત્પન્ન થતા સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિક પરિણામી ગુણોમાં માખણપર્યાય વિનાશ પામે છે અને ઘીપર્યાય ઉત્પન્ન થાય છે; તેવી રીતે સર્વ ભાવોનું પણ તેમ જ છે [અર્થાત્ બધાં દ્રવ્યોને નવીન પર્યાયની ઉત્પત્તિને વિષે સત્‌નો વિનાશ નથી તેમ જ અસત્‌નો ઉત્પાદ નથી, પરંતુ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પહેલાંની (જૂની) અવસ્થાથી વિનાશ પામતા અને પછીની (નવીન) અવસ્થાથી ઉત્પન્ન થતા *પરિણામી ગુણોમાં પહેલાંનો પર્યાય વિનાશ પામે છે અને પછીનો પર્યાય ઉત્પન્ન થાય છે.] ૧૫.

* પરિણામી = અપરિણમનારા; પરિણામવાળા. (પર્યાયાર્થિક નયે ગુણો પરિણામી છે અર્થાત્ પરિણમે છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## સળંગ પ્રવચન નં. ૨૩, ગાથા-૧૫
## પ્રવચન નં. ૨૨
## તા.૬/૧૨/૬૯, કારતક વદ-૧૨, શનિવાર

**भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो ।**
**गुणपज्जएसु भावा उप्पादवए पकुव्वंति ॥ १५ ॥**

**નહિ 'ભાવ' કેરો નાશ હોય, 'અભાવ'નો ઉત્પાદ ના,**
**'ભાવો' કરે છે નાશ ને ઉત્પાદ ગુણ પર્યાયમાં. ૧૫.**

શું કહે છે જુઓ. **ટીકાઃ- અહીં ઉત્પાદને વિષે અસત્‌નો પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે સત્‌નો વિનાશ હોવાનું નિષેધ્યું છે.** લ્યો! આમાં શું સમજવું? કહે છે. ઉત્પાદમાં અસત્ત ઊપજે છે એમાં નથી દ્રવ્ય તે ઊપજયું એમ નથી.દ્રવ્ય જગતમાં નહોતું ને દ્રવ્ય ઊપજયું એમ છે નહીં. વસ્તુ ન હતી ને ઊપજી એમ હોય છે? છે એમાં પર્યાય ઊપજે છે પણ દ્રવ્ય નવું ઉપજે છે એમ નથી. વાતું તો ઘણે ઠેકાણે આવે છે. ગીતામાં પણ આવે છે. વિજ્ઞાન પણ એમ કહે છે કે વસ્તુ છે તે કાંઈ નવી ઉત્પન્ન થતી નથી. જૂની હોય તે સર્વથા જાતી નથી. સર્વથા નાશ નથી થતો. 'છે' તેનું રૂપાંતર થાય છે. પણ કોઈથી નવી ઉત્પન્ન થાય એમ જગતમાં થતું નથી. અને વસ્તુ છે તેનો સર્વથા નાશ થાય એ ઉત્પાદ, વ્યય દ્રવ્યનો નથી થતો એમ સિદ્ધ કરે છે. રોકેટ શું ઊડતુ'તું. રોકેટની પર્યાય રોકેટના પરમાણુ છે એ તો કાયમ છે. એની પર્યાય ઉત્પન્ન થાય, પર્યાયનો વ્યય થાય એ તો અવસ્થા ઉત્પન્ન ને વ્યય થાય. વસ્તુ નવી ઉત્પન્ન થાય ને વસ્તુ નહોતી ને નવી થાય એમ થતું નથી.

ઉત્પાદમાં અસત્‌નો પ્રાદુર્ભાવ એટલે અસત્‌ની ઉત્પત્તિ. પદાર્થ ન હતો ને ઉત્પન્ન થયો એમ હોતું નથી. અને વ્યયની શકિત વિનાશનો નિષેધ. નાશમાં વસ્તુ નાશ થાય છે એમ છે નહીં. બરાબર છે? ઉત્પાદ થવાથી કાંઈ શકિત અસત્તની ઉતપતિ નથી થતી. અને વ્યય થવાથી કાંઈ સત્તનો વિનાશ નથી થતો. એમ આ ગાથામાં કહ્યું છે. સમજાય છે કાંઈ?

**ભાવનો-સત્ દ્રવ્યનો-દ્રવ્યપણે વિનાશ થતો નથી.** કોઈપણ પરમાણું કે કોઈપણ આત્મા ભાવરૂપ છે, સત્‌રૂપ છે, દ્રવ્યરૂપ છે, એ વસ્તુરૂપથી તેનો નાશ નથી થતો. સમજાય છે કાંઈ? આત્મા સિધ્ધની પર્યાયપણે ઉત્પન્ન થયો તો દ્રવ્ય ઉત્પન્ન થયું? આત્મા ઉત્પન્ન થયો? કેટલાક એમ કહે છે (કે) આટલા બધા જીવો હિંદુસ્તાનમાં આવ્યા તો કયાંથી આવ્યા? એમ કહે છે. પહેલાં તો આટલા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મનુષ્યપણે નહોતા. કેટલા કરોડ કહે છે ને વધારે. એક જણ હમણાં પ્રશ્ન કરતો હતો. આ ક્યાંકથી નવા ઊપજી ને આવ્યા લાગે છે. આવા ને આવા બરથોર જેવા. જીવ તો જેટલા છે એટલા છે અને પરમાણું પણ જેટલી સંખ્યામાં છે એટલાં છે. એ તો ક્યાં ક્યાંથી અહીં આવ્યા હોય. નિગોદમાં હોય, એકેન્દ્રિયમાં હોય ત્યાંથી અહીં આવ્યા હોય. એટલે કાંઇ દ્રવ્ય નવું ઉત્પન્ન થયું છે? આવા ને આવા કાંઇ ભાન ન મળે. (શ્રોતાઃ- શંકા તો કરવી ને?) ઓરંગાબાદવાળા નહીં દેરાવાસી. નામ ભૂલી ગયા. એમાંથી એક માણસ હતો ઈ. ત્યાં પ્રવચન દેવા આવ્યા હતા. આપની જ વાત કરતા હતા. આપના શિષ્ય હતા. પ્રવચન દેવા ત્યાં ગયા. જ્ઞાનચંદજી! અમારે ત્યાં આવ્યા હતા તે વાત તમારી કરતા'તા એમ કીધું એણે. ભેદજ્ઞાન કર તું. ચૈતન્યનું ભિન્ન એ ભેદજ્ઞાન થયા વિના પોતાનો લાભ થતો નથી. ભિન્ન છે જ. સમજાય છે કાંઇ?

આ કહે છે ને આત્મા પોતાથી છે, પરથી નથી એ તો પહેલાં કહ્યું. તો હવે કહે છે કે પોતાથી છે અને પરથી નથી તો પોતાથી છે તે નવો ઉત્પન્ન થાય છે? બહુ જીવ હિંદુસ્તાનમાં આવ્યા તો આટલા બધા માણસ પહેલાં નહોતા. કોઈ ઈશ્વરે મોકલાવ્યા હશે, કેટલા બધા એમ કોઈ કહેતું હતું. આવા ને આવા, જૈનમાં જનમ્યા ને તમને ખબર નથી? મને કહે પૂનર્જનમ છે? આ જાત્રા કરી આવ્યા. ભગવાનની જાત્રા. ઔરંગાબાદમાં રહે છે. પૂનર્જનમ છે? અરે કીધું શું પૂછો છો તમે? (તે કહે) હું તો આપની પાસે ખુલાસા કરવા આવ્યો હતો. ઔરંગાબાદના હતા. અરે કાંઈ ઠેકાણા ન મળે. જૈનમાં પણ શું ચીજ છે અને ચીજ છે તે અનાદિની છે અને ચીજ કોઇ નવી ઉત્પન્ન નથી થતી. અને જે નાશ થાય છે તે વસ્તુનો નાશ નથી થતો. તો થાય છે શું? એ કહે છે જુઓ.

**દ્રવ્યભાવના અર્થાત સતદ્રવ્યના દ્રવ્યરૂપથી વિનાશ નથી. અભાવનો અસત્ અન્યદ્રવ્યનો દ્રવ્યપણે ઉત્પાદ નથી.** તદ્દન નવું દ્રવ્ય ઉત્પન્ન થયું એવી કોઈ ચીજ નથી. **પરંતુ ભાવો સત્ દ્રવ્યો, સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના જ,** શું કહે છે જુઓ, સતદ્રવ્ય એટલે આત્મા અને પરમાણુ જે દ્રવ્ય સતરૂપે છે તે સત્‌નો વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના છે તેની ઉત્પત્તિ વિના અને છે તેના નાશ વિના શું થાય છે? ગુણ-પર્યાયમાં વિનાશ અને ઉત્પાદ કરીને મહા સિધ્ધાંત છે આ. આહાહા! ભગવાન આત્મા નવો ઉત્પન્ન થતો નથી અને છે તેનો નાશ નથી થતો. પણ ઉત્પન્ન થાય છે ને? એ જો અનંતાગુણ છે એમ કહે છે જુઓ. ગુણ જે છે એ પર્યાયમાં ઉત્પન્ન થતો નથી. સમજાય છે કાંઈ? અને પૂર્વની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થાનો ઉત્પાદ એને ગુણ કરે છે. જુઓ 'ગુજ પજજએસુ ભાવા ઉપ્પાદવએ પકુવન્તિ'. સમજાય છે કાંઈ? એ ગુણ-પર્યાયમાં વિનાશ ને ઉત્પાદ કરે છે કોણ ગુણ-પર્યાયમાં? દ્રવ્ય.આહાહા!

દ્રવ્ય જે છે, જુઓ આ શરીરની અવસ્થા અહીં આવી ઉત્પન્ન થાય છે. એ પરમાણુ તો કાયમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. તેની અવસ્થા ઉત્પન્ન થાય છે. ગુણની પર્યાયમાં ઉત્પન્ન દ્રવ્ય કરે છે. આત્મા નહીં. સમજાય છે કાંઈ? આ જડની જે પર્યાય ઉત્પન્ન થાય છે તે જડનું દ્રવ્ય પોતાની શકિતમાંથી પર્યાય ઉત્પન્ન કરે છે. આત્મા તેની પર્યાયને ઉત્પન્ન કરે છે એમ છે નહીં. કહો, સમજાય છે કાંઈ? આહાહા!

અહીં તો હજી એમ કહે કે ઈશ્વર કર્તા છે. ઈશ્વરથી બને છે. ધૂળેય નહીં. સાંભળને! ઈશ્વર છે તો ઈશ્વરને કોણે કર્યા? ઈશ્વરે બીજાને કર્યા તો ઈશ્વરને કોણે કર્યા? (તો કહે) ઈશ્વર તો હતા. હતા તો આ પણ હતા. સમજાય છે કાંઈ? અમારે પાલેજમાં બહુ જ ચર્ચા ચાલતી હતી. ઘણા વર્ષની વાત છે હોં! ચોસઠ પાંસઠની વાત છે. એક હતો કબીરપંથી અને એક હતો વેદાંતી, લઠ જેવા બેય. બાજુની ધર્મશાળામાં ઉતર્યા. ચર્ચા ચાલી તો અમે જૈન લોકો સાંભળવા ગયા કે શું ચર્ચા કરે છે. ચાલો જોવા જોઈએ. કબીરનો સાધુ કહે ઈશ્વર બીશ્વર કર્તા છે નહીં. ઓલો વેદાંતી કહે નહીં કર્તા છે. ઓલો કહે બતાવો, વેદાંતી કહે શિષ્ય થાય પછી બતાવું. કહેતા'તા ઘણા વર્ષની વાત છે. ચોસઠ પાંસઠ છાસઠ સાલની વાત છે. પાલેજમાં.

કોણ ઈશ્વર? બધા દ્રવ્ય ઈશ્વર જ છે. આત્મા સંપૂર્ણ ઈશ્વર પોતાથી જ છે. તેની ઈશ્વરતા બહારથી આવતી નથી. એક તો એ વિચાર કે ઈશ્વર પોતામાં પૂર્ણ આત્મા છે. તો તેની ઈશ્વરતા પ્રગટ કરવામાં બીજા સાધનની જરૂર નથી. જોકે બીજા સાધન તેમાં છે નહીં. સમજાય છે કાંઈ? અરે! બીજા સાધન તો નથી પણ એ વિકલ્પના સાધનથી આત્માનું દ્રવ્ય ઉત્પન્ન નથી થતું. કેમ કે વિકલ્પ છે તે તો રાગ છે. અને સ્વભાવે તો પરિપૂર્ણ દ્રવ્ય છે. તો રાગથી ઉત્પન્ન થવાનું માનવું તે તો તેની ઈશ્વરતાને અનઈશ્વર માનવા જેવું છે. આહાહા! સમજાય છે કાંઈ?

ફરીને. આ તો હિન્દી ચાલે છે. પોતાની ઈશ્વરતામાં પરિપૂર્ણ ઈશ્વર છે. ધ્રુવ પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ શ્રદ્ધા, પરિપૂર્ણ શાંતિ સંપન્ન સ્વચ્છતા, પરિપૂર્ણ પ્રભુતા પડી છે.જો આવી પરિપૂર્ણતા પ્રભુતા છે તે પરના આશ્રયથી છે એમ છે નહીં. સમજાય છે કાંઈ? પોતાની પ્રભુતા પર છે તો છે એમ નથી. પોતાની પ્રભુતા પોતાથી છે, એક વાત. અને પોતાની પ્રભુતા અંદરમાં જે પૂરણ છે તે વિકલ્પથી ઉત્પન્ન થાય તો વિકલ્પ તો રાગ છે. રાગથી પોતાની પ્રભુતા વીતરાગતા ઉત્પન્ન થાય એમ માનવું તે સંપૂર્ણ વીતરાગ ભાવનો અનાદર કરવા જેવું છે. તે દ્રવ્ય સ્વભાવને માનતા નથી. એમ કહે છે. દ્રવ્ય સ્વભાવ છે તે પોતાની નિર્મળ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. રાગ છે તો નિર્મળ પર્યાયમાં ઉત્પન્ન થાય છે એમ છે નહીં. વિકલ્પનો નાશ થયો તો દ્રવ્યે વિકલ્પનો નાશ કર્યો અને દ્રવ્ય પ્રભુતાથી પરિપૂર્ણ છે. તો તે પ્રભુતાની શકિતપણે વ્યકતપણે પર્યાય દ્રવ્યે ઉત્પન્ન કરી છે. સમજાય છે કાંઈ?

પૂર્વની પર્યાયથી નહીં, નિમિત્તથી નહીં. સમજાય છે કાંઈ? પોતાની પ્રભુતા પર્યાયમાં પ્રગટ થઈ એ તો પોતાની પ્રભુત્વ શકિત છે. એમાંથી ઉત્પન્ન થાય છે એમ કહે છે. દ્રવ્યગુણ પજ્જય ભાવા ઉત્પન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે. દ્રવ્ય પોતાના ગુણ પર્યાયમાં ઉત્પન્ન કરે છે. કોઈ પૂર્વની પર્યાય ઉત્પન્ન નહીં કરે નિમિત્ત પણ ઉત્પન્ન નહીં કરે. સમજાય છે કાંઈ? કહે છે કે રાગની મંદતા હતી પહેલા તો પોતાની ગુણની પર્યાય ઉત્પન્ન થઈ અથવા દ્રવ્ય ગુણની પર્યાયમાં ઉત્પન્ન થયું. સમજાય છે કાંઈ? એવું કેમ છે પણ સમજ તો ખરા! વિકલ્પ છે તે તો પર્યાય રાગની છે. હવે રાગમાંથી ગુણની પર્યાય કયાંથી આવે છે? અહીં તો પોતાનું દ્રવ્ય, ગુણ પર્યાયમાં ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. એ વિકલ્પ ગુણ પર્યાયમાં ઉત્પન્ન થાય છે? સમજાય છે કાંઈ?

સૂક્ષ્મ વાત છે ભાઈ! મહાપ્રભુ છે. આહાહા! એમ કહે છે જુઓ. **સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના જ,** વસ્તુના ઉત્પન્ન વિના અને વસ્તુના નાશ વિના જ વસ્તુ ભાવના **ગુણપર્યાયોમાં વિનાશ અને ઉત્પાદ કરે છે ભાવ.** એ પોતાનો આત્મા જ પોતાની ગુણપર્યાયની અવસ્થાથી ઉત્પન્ન કરે છે. અને પોતાનો આત્મા જ પૂર્વની અવસ્થાનો વ્યય કરે છે. વ્યય કરે છે એ વ્યયથી ઉત્પાદ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? અને નવું દ્રવ્ય ઉત્પન્ન થાય છે એમ પણ નથી. કહો, સમજાય છે કે નહીં? આ તો સમજાય એવું છે. છોકરાને સમજાય છે કે નહીં?

આ પરમાણું છે પરમાણું જુઓ. સોનું છે સોનું, તો સોનામાંથી એક કુંડળની અવસ્થા ઉત્પન્ન થાય છે. તે સોનું ઉત્પન્ન થાય છે? અને કડાની અવસ્થાનો નાશ થયો તો સોનાનો નાશ થયો છે? સોનું તો સોનું જ છે. સોનું સત્ છે એનો નાશ નથી અને સોનું નવું ઉત્પન્ન થાય અસત્‌માંથી અસત્ દ્રવ્ય એમ પણ નથી. તો સોનું પોતાની કુંડળની પર્યાયમાં, ગુણપર્યાયમાં સોનું ઉત્પન્ન થાય છે. સોનીથી પણ નહીં અને હથોડાથી પણ નહીં. આહાહા! સમજાણું કાંઈ? માટી પોતાના ઘટની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. એ પૂર્વનો પિંડ હતો તેનો વ્યય થયો.તેને પણ દ્રવ્ય વ્યય કરે છે અને ઉત્પાદ પણ દ્રવ્ય કરે છે. વ્યય છે તો વ્યયથી ઉત્પન્ન થયો એમ ન થયું. દ્રવ્ય જ વ્યયને ઉત્પન્ન ને નાશ કરે છે અને દ્રવ્ય જ ઉત્પન્ન કરે છે.આહાહા! સમજાય છે કાંઈ?

કર્મનો ઉદય પોતાની પર્યાયની હિનતાને કરે એમ છે નહીં એમ કહે છે. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં તો એ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્યમાં રાગની ઉત્પતિ થવી, દ્વેષની ઉત્પત્તિ થવી ભ્રમણાની ઉત્પત્તિ થવી એ પણ ઉત્પત્તિ દ્રવ્ય પોતે કરે છે. આત્મદ્રવ્ય ભ્રમણાની ઉત્પત્તિ કરે છે. સમજાય છે કાંઈ? પરમાં સુખ છે, પર છે તો મને મદદ મળે છે. હું છું તો બીજાને મદદ કરું છું તો તેની પર્યાયને મારો ટેકો છે.આવી ભ્રમણા દ્રવ્ય ઉત્પન્ન કરે છે. કર્મ ઉત્પન્ન કરે છે એમ છે નહીં. અને બીજી ચીજ તેને ભ્રમણા કરાવે છે એમ છે નહીં. બરાબર છે? આ તો સાદી વાત છે. આહાહા! અહીં તો કહે છે કે આખું દ્રવ્ય ઉત્પન્ન નથી થતું અને નાશ નથી થતું. પણ ઉત્પન્ન વ્યય તો દેખાય છે ને? પણ પર્યાયમાં ઉત્પન્ન વ્યય થાય છે. તો એ પર્યાય દ્રવ્ય ઉત્પન્ન કરે છે ને દ્રવ્ય પર્યાયનો નાશ કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બરાબર છે?

ઘડો છે ઘડો. દંડા માર્યા દંડા જુઓ. તો ઘડો ફુટી ગયો કે નહીં? તો દંડાથી ફુટી નથી ગયો એમ કહે છે. માટી જે પોતાની પર્યાય ઘટરૂપ હતી, તો તેનો વ્યય માટીએ કર્યો છે. અને ઠીકરાની પર્યાય માટીએ ઉત્પન્ન કરી છે. ધોકાથી નહીં. લાકડીથી નહીં. એય! સમજાય છે કાંઈ? એ રાજાજી! સમજાય છે કે નહીં? આહાહા! કહે છે કે, ભગવાન! આ તારી ચીજ છે કે નહીં? દ્રવ્ય અનાદિ-અનંત છે. નિત્ય છે. તો નિત્યનું ઉત્પન્ન થવું થાય છે? નિત્ય કહેવું અને ઉત્પન્ન થાય છે એમ કહેવું એ તો વિરોધ છે. સમજાય છે કાંઈ? અને નિત્ય છે અને નિત્યનો નાશ કહેવું એ પણ વિરોધ છે. બરાબર છે. હવે નિત્ય છે તો નિત્ય શું કરે છે? શું પરદ્રવ્યની પર્યાય કરે છે? કે પરદ્રવ્યથી પોતામાં પર્યાય કરે છે? (તો કહે છે)ના. નિત્ય દ્રવ્ય છે પોતાની નવી પર્યાયને દ્રવ્ય ઉત્પન્ન કરે છે. ભાવ ગુણપર્યાયથી ઉત્પન્ન થાય છે. અને પૂર્વની પર્યાયમાં ભાવ ગુણપર્યાયનો વ્યય કરે છે. આહાહા! કેટલી વાત. સમજાય છે કાંઈ?

**હવે દૃષ્ટાંત આપે છે.- જેવી રીતે ઘીની ઉત્પત્તિને વિષે-ગોરસનો-સત્‌નો-વિનાશ નથી.** સોનાનું દૃષ્ટાંત આપ્યું હતું ને? સોનાની ઉત્પત્તિ નથી થતી. કુંડળની ઉત્પત્તિ થઈ એમાં સોનું ઉત્પન્ન થયું? સોનું નવું ઉત્પન્ન થયું છે? તો સોનું પોતાની કુંડળ પર્યાયમાં ગુણ પર્યાયમાં સોનું પર્યાયમાં પર્યાયપણે ઉત્પન્ન થયું. સોનું નવું ઉત્પન્ન થયું એમ છે નહીં. **ઘીની ઉત્પત્તિને વિષે ગોરસનો-સત્‌નો-વિનાશ નથી.** ગોરસ ગોરસ છે. તો ગોરસની ઉત્પત્તિ થાય છે ગોરસની? ઘીની ઉત્પત્તિમાં ગોરસનો સત્‌નો વિનાશ નથી. ગોરસનો નાશ થાય છે? **તેમ જ ગોરસથી ભિન્ન પદાર્થાંતરનો અસત્‌નો ઉત્પાદ નથી.** લ્યો! ગોરસ અનેરા પદાર્થથી ઉત્પન્ન થયું છે એમ છે નહીં. **ગોરસથી ભિન્ન પદાર્થાંતરનો અસત્‌નો ઉત્પાદ નથી.** નહીં એની ઉત્પત્તિ છે? **પરંતુ ગોરસને જ, સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ,** ગોરસને જ ગોરસનો વિનાશ કર્યા વિના જ ગોરસ છે તેની ઉત્પત્તિ વિના જ **પૂર્વ અવસ્થાથી વિનાશ પામતા,** લ્યો! વ્યયથી લીધું. સમજાય છે કાંઈ? **પૂર્વ અવસ્થાથી વિનાશ પામતા અને ઉત્તર અવસ્થાથી ઉત્પન્ન થતાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિક પરિણામી ગુણોમાં,** જુઓ ગુણોને પરિણામી કહ્યા. સ્પર્શ-રસ-ગંધ-રંગ એ પરિણામી ગુણોમાં પરિણમિત થવાવાળા પર્યાયનયથી ગુણ પરિણામી છે. પરિણમિત થાય છે. ગુણ પણ પર્યાયનયથી પરિણમિત થાય છે.

પોતામાં જ્ઞાન ગુણ છે અને ગુણને ધરવાવાળું દ્રવ્ય છે.દ્રવ્ય નવું ઉત્પન્ન થાય છે? દ્રવ્યનો નાશ થાય છે? તો શું થાય છે? દ્રવ્ય છે તે ગુણની મતિજ્ઞાનની પર્યાયમાં ઉત્પન્ન થયું. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં તે દ્રવ્ય ગુણનું પરિણમન કરતાં મતિજ્ઞાનની પર્યાય થઈ. મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો તો મતિજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ તો છે નહીં. સમજાય છે કાંઈ? **ઉતર અવસ્થાથી ઉત્પન્ન**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**થવાવાળા પરિણામી ગુણોનું, પરિણામી ગુણોનું માખણની પર્યાય વિનાશ પામે છે.** માખણની અવસ્થાનો નાશ થાય છે. **અને ઘી પર્યાય ઉત્પન્ન થાય છે.** ગોરસ તે દ્રવ્ય. માખણની પર્યાયનો નાશ, ઘીની પર્યાયની ઉત્પત્તિ. ગોરસનું ઉત્પન્ન થવું અને ગોરસનો નાશ થવો એમ નથી. ગોરસની ઘી પર્યાયનું ઉત્પન્ન થવું અને ગોરસની માખણની પર્યાયનો અભાવ થવો. ગોરસ પોતાના ગુણના પરિણમનમાં એવું થાય છે. આહાહા!

ભારે વાત ભાઈ! આ મૂળ વાતની ખબર ન મળે (અને કહે કે) કલ્યાણ કરો, કલ્યાણ કરો! પણ કલ્યાણ ક્યાંથી શું કરે? સમજાય છે કાંઈ? કલ્યાણ કરો. ભાઈ! પણ કલ્યાણની ઉત્પત્તિ કેમ થાય છે એમ કહે છે અને અકલ્યાણનો નાશ અને કલ્યાણની ઉત્પત્તિ. તો કલ્યાણ કરવાવાળાનો નાશ થાય છે? અને અકલ્યાણના નાશ કરવાવાળાનો નાશ થાય છે? એમ કહે છે. શું કહ્યું? કલ્યાણ કરવાવાળો આત્મા. હવે કલ્યાણ કરવાવાળાનો નાશ થાય છે? કલ્યાણ કરવાવાળો આત્મા તો કલ્યાણ કરવાવાળું દ્રવ્ય ઉત્પન્ન થાય છે? તો કલ્યાણ કરવાવાળો આત્મા પોતાની કલ્યાણની પર્યાયમાં કલ્યાણ દ્રવ્ય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? અને કલ્યાણ કરવાવાળો આત્મા પોતાના અકલ્યાણનો નાશ કરે છે. અકલ્યાણનો નાશ અને કલ્યાણની ઉત્પત્તિ કરવાવાળું દ્રવ્ય પોતાના ગુણોમાં પરિણમન કરે છે. આહાહા! ભારે વાત. ઓઘે ઓઘે તો બધા એમ કહે છે અમે આત્માની આટલી વાત કરીએ છીએ ને? આત્મા-આત્મા પણ આત્મા દ્રવ્યગુણપર્યાય ત્રણેય થયા વગર આત્મા ક્યારેય સમજમાં આવતો નથી. કેમ? કે જેમ આત્મા-આત્મા ચાલો આત્મા આવો છે પરમેશ્વર જેવો છે. પરમેશ્વર જેવો પર્યાયમાં નહોતો? પર્યાયમાં નહોતો ને? ત્યારે પ્રગટ કરવો છે ને? તો એ તો પર્યાય થઈ ગઈ. નહોતો ને પ્રગટ કરવો છે તો અંદરમાં હતો કે નહીં? પરમેશ્વરરૂપે આત્મા દ્રવ્ય ને ગુણરૂપે હતો કે નહીં? દ્રવ્યરૂપે ને ગુણરૂપે નવો ઉત્પન્ન થતો નથી. દ્રવ્ય ને ગુણ છે તેનો સર્વથા નાશ થતો નથી. પરિણમન થાય છે. આહાહા!

એ ભગવાન પાસે તારી પ્રભુતા નથી આવતી એમ કહે છે. સમજાય છે કાંઈ? તારી પર્યાયમાં પ્રભુતા કલ્યાણની પર્યાય ધર્મની પર્યાય. એ પ્રભુ પાસેથી આવતી નથી. પ્રતિમા પાસેથી નથી આવતી. ત્રણલોકનો નાથ સમોવસરણમાં બિરાજે છે, છતાં તેની પાસેથી પણ કલ્યાણની પર્યાય નથી આવતી. એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? ક્યાંથી આવે છે? કે દ્રવ્ય ને ગુણમાં કલ્યાણ સ્વરૂપ જ ભગવાન આત્મા છે. એ ગુણ પરિણમન કરે છે. કલ્યાણ સ્વરૂપ આત્મા છે, વીતરાગસ્વરૂપ આત્મા છે, આનંદસ્વરૂપ આત્મા છે, જ્ઞાનસ્વભાવી આત્મા છે. એ જ્ઞાનસ્વભાવી આત્મા પોતાના ગુણમાં પરિણમન કરીને કલ્યાણની પર્યાયનો ઉત્પાદ કરે છે. અને તે જ સમયે પૂર્વની પર્યાયનો તે ગુણ નાશ કરે છે. કહો બરાબર છે? (મુમુક્ષુઃ- બરાબર છે પ્રભુ! આપ સમજાવો છો ત્યારે સમજાય છે) ત્યારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે. આહાહા!

કહે છે, એવો આત્મા માનવો કે પોતાની ધર્મની પર્યાય પરથી થાય છે, તો તે પોતાની પ્રભુતાનો અનાદર કરે છે ભાઈ. સમજાય છે કાંઈ? પોતાની ધર્મની પર્યાય પરથી થાય છે (અને) પર છે તો છે (તેમ માને) તો પોતાનો ત્રિકાળી દ્રવ્ય જે ગુણપણે પરિણમનવાળો છે તો (તે) ગુણ અને દ્રવ્યનો અનાદર કરે છે. તો તેને કલ્યાણ ઉત્પન્ન નથી થતું પણ મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. આમ તો કહે કે અમારે ધર્મની ઉત્પતિ થાઓ. ભગવાનને નથી ભજવા આત્માને ભજવો છે. પણ ભજવો એટલે શું? પણ ભજવો એટલે શું? પાછી નવી પર્યાય ઉત્પન્ન થાય છે કે નહીં? જૂની પર્યાય અધર્મની છે તે નાશ થઈને ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે ને? પર્યાયના પરિણમન કબુલ કરે તો થાય છે. વસ્તુ છે ગુણ છે અને પરિણમન કબુલ ન કરે, સમજાય છે કાંઈ? પરિણમન કબુલ ન કરે તો નવું પરિણમન કયાંથી આવે છે? ....પર્યાય અદ્ધરથી આવી? અને પરિણમન કબુલ કરે પણ ગુણ કબુલ ન કરે? કેમ કે જે નિર્મળ પર્યાય થઈ છે તો તેના ગુણમાં શકિત હતી. એવી અનંતી શકિતનો ધણી દ્રવ્ય છે. તો દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે ને બરાબર યથાર્થ શ્રદ્ધામાં ન લ્યે તો એકેય ગુણ પર્યાય ને દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા તેને નથી.

ભગવાન ભગવાન કરીને મરી જાય. ભગવાન ભગવાન આ ભગવાન હોં આ એ નહીં. એય! હું ભગવાન છું, ભગવાન છું, ભગવાન છે તો શું છે? પર્યાયમાં તો ભગવાન નથી. સમજાય છે કાંઈ? પર્યાયમાં તો ભગવાન નથી અને ગુણદ્રવ્યમાં ભગવાન ન હોય તો પર્યાયમાં ભગવાન કયાંથી આવશે? ન્યાય સમજાય છે? ભારે વાત ભાઈ! કેવી વાત કરે છે જુઓને આ? તે'દિ એક ઈન્દોરવાળા બંસીધરજી પંડિત હતા અહિયા. આ ગાથામાં ''ગુણપજજાય તે ભાવા ઉપ્પાદવાએ પકુવન્તિ'' દરેક પદાર્થ પોતાના દ્રવ્ય તેની ગુણની પર્યાયને કરે છે. પર્યાયને એ કરે છે. દ્રવ્યની પર્યાય દ્રવ્ય કરે છે. પર્યાય બીજા કરે છે એ વાત છે નહીં. બરાબર છે. આહાહા! દવ્વ કુવ્વંતિ શબ્દ છે ને વિશેષે કુવ્વંતિ તારી પર્યાયનો કરનારો તો તું છે.

ધર્મની પર્યાય પરથી તો થતી નથી પણ પૂર્વે રાગ હતો તેનાથી પણ થતી નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! રાગથી થાય તો દ્રવ્ય પોતે ગુણપણે કરે છે એમ કહે છે. પર્યાયનો કર્તા તો દ્રવ્યગુણ છે. પૂર્વની રાગ પર્યાય પણ ધર્મની પર્યાયનો કર્તા નથી. વ્યવહાર એમાં ઉડી જાય છે. આહાહા! પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એવું થતું જ નથી એમ કહે છે. આહાહા! એ વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાય છે કાંઈ? અરે કાંઈ ધરમ ફરમ. ધર્મ તો છે ત્યાં છે. છે તેનો નાશ નથી અને છે તેની ઉત્પત્તિ નથી દ્રવ્ય ગુણની.

હવે ઉત્પત્તિ ને વ્યય થાય છે તો શું? તે પરિણામી ગુણ છે તો પરિણમે છે. દ્રવ્ય ને ગુણ પરિણમે છે તો ધર્મની નવી પર્યાય ઉત્પન્ન થાય છે. અને જે જૂની અજ્ઞાન ને ભ્રમણાની પર્યાય હતી તેનો નાશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો દ્રવ્ય કરે છે. કર્મનો નાશ થયો તો અહીં વિકારનો નાશ થાય છે? એમ છે નહીં. ધરમચંદજી! સમજે નહીં દ્રવ્ય, સમજે નહીં ગુણ અને સમજે નહીં પર્યાય અને ભગવાન ભગવાન (કરે અને માને) ધર્મ થઈ જાશે, ધૂળેય ધર્મ નથી. આહાહા!

જુઓ ત્રણેય બોલ નાખ્યા છે ને ''ભાવા ગુણ પજ્જાએસુઊપ્પાદવ્વએપકુવંતિ'' ભાવ નામ દ્રવ્ય. તેના ગુણના પરિણમનમાં એ દ્રવ્ય પોતે પકુવંતિ ઉત્પાદ વ્યયને દ્રવ્ય કરે છે. કહો, સમજાય છે કાંઈ? આ રીતે બધા ભાવોનું આ રીતે જ છે. લ્યો! સર્વદ્રવ્ય સિધ્ધ, નિગોદ, પરમાણું, સ્કંધ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. છએ દ્રવ્ય વસ્તુપણે નવા ઉત્પન્ન થતા નથી. વસ્તુપણાનો વિનાશ નહીં. વસ્તુ પોતાના ગુણ પર્યાયમાં ક્ષણે-ક્ષણે ઉત્પન્ન કરે છે. અને વસ્તુ ગુણ પર્યાયથી પૂર્વની પર્યાયનો નાશ કરે છે. ખલાસ સમાપ્ત આ ત્રણમાં બધું આવી ગયું. પરની સાથે કોઈ સંબંધ નથી. (તો કહે) નિમિત્ત છે ને? નિમિત્ત છે પણ નિમિત્ત તેના ઘરમાં રહ્યા. અહીં કયાં ઘુસી ગયા છે. એ તો આવ્યું અહીં પકુવંતિનો અર્થ થઈ ગયો કે નહીં સ્વમાં પર નહીં, પર નહીં તો પર શું કરે છે? પર કરે તો પરમાં તું છો અથવા પર તારામાં છે એવું થઈ ગયું. ભારે વાત ભાઈ!

ધરમચંદજી! દવા બવાની પર્યાય શરીરની નિરોગતાને કાંઈ કરે છે કે નહીં? કહે છે, શરીરના જે પરમાણું છે તે નવા ઉત્પન્ન નથી થતાં? જૂના જ છે. તો તે પરમાણું પોતાની ગુણની પર્યાયથી નિરોગતાની પર્યાય ઉત્પન્ન કરે છે. સરોગતાની પર્યાયનો વ્યય કરે છે. એ કરે છે. ઈન્જેકશન ધરમચંદજી કાંઈ કરતે નહીં. (મુમુક્ષુઃ- રોગનો વ્યય ઈંજેકશનથી નથી થતો.) બિલકુલ નહીં. આરે! ભારે વાત! બરાબર છે? તીનકા તીનકા ટુકડા થયા ટુકડા. તો કહે છે ટુકડામાં આંગળીએ કાંઈ કર્યું નથી. ટુકડા પણ નથી કર્યાં અને અખંડ (નો) ખંડ પણ નથી કર્યો. અને બીજી પર્યાય ઉત્પન્ન થઈ એ આંગળીથી નહીં. એ ટુકડાના ખંડ થયા એ પરમાણું કાયમ રહીને પરમાણુ નવા ઉત્પન્ન ન થયા કે પુરાણાનો નાશ ન થયો અને પરમાણું પોતાના ગુણ પર્યાયથી એવા ઉત્પન્ન થયા, પૂર્વની અખંડતાનો નાશ કરીને ખંડ પર્યાયપણે ઉત્પન્ન થયો. ભારે વાત ભાઈ!

આ તો સાદી વાત છે હોં! ચાર ચોપડીનો ભણેલો હોય તેને પણ ખ્યાલમાં આવે કે આ કહે છે એ આ પ્રમાણે છે પછી તેને બેસે ન બેસે એ એકકોર રહ્યું. પણ બેસે જ. કેમ ન બેસે? આહાહા! અનુભવ કર બાપા! વાતને પ્રમાણ કર. તારાથી કબુલ કર ભાઈ! આહાહા! તારો ભગવાન તારી પર્યાયમાં ઉત્પન્ન થાય છે. તારો ભગવાન જ પૂર્વની પર્યાયનો નાશ કરે છે. પરમાણું જ પોતાના પરમાણુંને કાયમ રાખીને પોતાની નવી (અવસ્થા ઉત્પન્ન કરે છે) જેમ ઠંડુ પાણી છે. તે ગરમ થયું લ્યો! તો કહે છે કે ઠંડાપણાનો વ્યય ઉષ્ણતાની ઉત્પત્તિ (થાય છે) તે પરમાણું પોતાના ગુણથી પરિણમન કરીને કરે છે. અગ્નિથી પાણી ગરમ થાય એવું ક્યારેય થયું જ નથી. બરાબર છે? ભારે વાત ભાઈ! એય ભગવાનજીભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ સમજાય છે? ના પાડે છે. એ આ સમજવું પડશે. સત્ય જોઈએ એને. આહાહા!

ત્યારે કહે, આ એવી વસ્તુની સ્થિતિ છે તો લોકો જાત્રા કરવા શા માટે જાય છે? ત્યાંથી કાંઈ મળતું હશે ને. ભાઈ! એ સમયે પણ આત્મા પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. અને પૂર્વની પર્યાયનો નાશ આત્મા કરે છે. પરથી તેમાં કાંઈ થાય (એમ છે નહીં.) સમ્મેદશીખરના દર્શન કરે કે સાક્ષાત ભગવાનના દર્શન કરે તો આત્માની પર્યાય તેનાથી ઉત્પન્ન થાય અને પૂર્વના મેલનો નાશ તેનાથી થાય એમ છે નહીં. આહાહા! એય! ધરમચંદજી! તાળા દેવાઈ જાય. એક જણો કહેતો હતો. એય છોટાભાઈ! નહીં ઓલો વોરો રતીલાલ. નવાણુંમાં. આ મહારાજ કહે છે તે વાત તો સાચી લાગે છે. પણ આવું જો કબુલ કરવા જાય તો ઉપાશ્રયમાં તાળા દેવાય જાય. ઓલો રતિલાલ છે ને નવાણુંમાં. અરે! ભગવાન! તાળા દેવાય. દેવાય નહીં ને લીધા-દીધાય નહીં. સાંભળને! તારું સત્‌સ્વરૂપ શું છે એ સમજને બાપા! આહાહા! હેં? બે કટકા પણ કોણ કરે? બીજો કરે?

એ સ્કંધ પરમાણુનો પીંડ છે. એ સ્કંધ પરમાણુનો પીંડ જો પોતાથી અભેદ હતો (તે) ભેદની પર્યાયને પોતે ઉત્પન્ન કરી છે. બીજાથી ઉત્પન્ન કર્યો નથી. એક તણખલાના બે કટકા કરવાની આત્મામાં શકિત નહીં. (શ્રોતાઃ- 'લઘુપણું' બતાવે છે) લઘુપણું, એ તો વસ્તુની સ્થિતિ એમ છે. આહાહા! સમજાય છે કાંઈ? જુઓ, આ હાથ છે. એની આમ પર્યાય છે. હવે આમ થઈ તો એવો ઉત્પાદ થયો. એ કોણે કર્યું. એ પરમાણું પોતાના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી આવી પર્યાયમાં આમ થયું અને તેનો વ્યય થયો. વ્યય ઉત્પાદના કરનારા પરમાણું પોતાની ગુણ પર્યાયને કરે છે. આત્મા અંદર છે તો આમ થાય છે એમ છે નહીં. આહાહા! પાગલને દેખાય અરે ધ્યાન રાખવું જોઈએ ને? પાગલ થઈ ગયા છો? અહીં તો સમય સમયનું સત્, દ્રવ્ય સત્ છે તો ગુણ પણ સત્ છે તો પર્યાય સત્ છે કે અસત્ છે? સત્ છે. તો સત્‌ની ઉત્પત્તિ સત્ કરે છે. સત્‌ની ઉત્પત્તિ જેમાં સત્ નથી એવું અસત્ કરે છે? બીજી પર ચીજ તો સત્‌ની અપેક્ષાએ અસત્ છે. આહા! સમજાય છે કાંઈ? ભારે વાત! ન્યાયથી સમજે તો પકડાય એવી વાત છે. નિસંદેહ એમ થાય છે. બીજી ચીજ હોતી નથી. બીજો કોઈ મોટો મહાત્મા કહે કે નહીં, અમારાથી થયું છે. લ્યો! અમે તમને સમજાવીએ છીએ ને તો તમને જ્ઞાન થયું. આહાહા!

સત્‌ને સત્ રહેવા દો. સત્‌ને ખોટું ન કહો. સમજાય છે કાંઈ? અમારાથી કાંઈ થાતું નથી તો અમને તો કોઈ માનશે નહીં. અમારાથી કાંઈ થાતું નથી તો માને કયાંથી? હવે સાંભળને? માને ન માને તારે શું કામ છે? સમજાય છે કાંઈ? લોકોને એ વાંધો, પંડિતોને આપણે આમ માનીશું અને આમ કહેશું તો કોઈ ઉપકાર માનશે નહીં ને પૈસા દેશે નહીં. કોણ પૈસા દે ને કોણ ઉપકાર કરે. ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે એમ સમજ ને? અને સમજશે તેને ઉપકારનો વિકલ્પ આવ્યા વગર રહેશે નહીં. ઉપકારનો વિકલ્પ આવશે એમ કહ્યું છે. એનાથી (લાભ થશે)એમ કયાં કહ્યું છે. એય! આહાહા! જુઓ આ ઘડીયાલ છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને એ આઘી પાછી કરો, તો આ બે મિનિટ વહેલી છે. કોણ કરે? હોસ્પિટાલમાં મુંબઈમાં-ત્રણને દસ વાગ્યા છે. લ્યો સરખું કરો, કોણ કરે? પરમાણું જે છે એ જ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે આગળ જઈને અને પોતાની પર્યાયનો જ વ્યય કરે છે. પરમાણુ કરે છે. કોઈ બીજો કરે છે? ભારે વાત ભાઈ! અભિમાન-અભિમાન-અભિમાન. એય ભગવાનજીભાઈ! શું આ દાણાનો વેપાર બેપાર કોણ કરે છે? એની તો ના પાડે છે. આહાહા! ઓલા રતિલાલ દાકતર કહેતા કે આ મહારાજનું સાંભળીને બધી હોંશ ઊડી જાય. પંચાણુમાં રતિલાલ દાકતર આંખના સર્જન હતા ને? આનું સાંભળીએ તો, પણ સાંભળે તો સત્ રહેશે તારા હૃદયમાં સાંભળને તારું અભિમાન ઊડી જાશે કે મારાથી આ થાય છે. હું બરાબર ધ્યાન રાખું છું તો મારે ઘરાક આવે છે અને પૈસા મળે છે. ધૂળમાંય નથી મળતા. સાંભળ તો ખરા! સમજાય છે કાંઈ? આહાહા!

ઘરાકની એકેક આત્માની પર્યાય જયાં થવાની છે ત્યાં જ ઉત્પન્ન થશે. તે જ સમયે તેની પર્યાયનો નાશ આત્મા કરશે. પરમાં તારાથી ઉત્પન્ન વ્યય થાય છે? બરાબર એમ કહો કે આપણી પાસે આવે. આપણે એમ કહો કે આપણી પાસે આવે. આજે એવી કથા મૂકો કે જેમાં અંતમાં આ વાત કાલ એટલે લોકો પછી કાલે આવશે. વધારે એ કરતા હતા ઓલા રાસ છે ને રાસ, ઢાળ છે ને ઢાળ, આ સીતાજીને લેવા માટે રામ ગયા અને કાલ લક્ષ્મણ તેમને મારશે. કેવી રીતે (મારશે?) એ કાલ. લ્યો. એટલે ઓલા સાંભળનારને એમ થાય કે, આહાહા! આ ઝટ મારે તો ઠીક. શું છે પણ તારે હવે સાંભળને? આહાહા! ભ્રમણા તે ભ્રમણા. હેં? અત્યારે સંભળાવો, અત્યારે સંભળાવો એક બે મિનિટ બાકી છે મહારાજ. મારી નાખે પણ શું તારે કામ છે? આહાહા! એ તો પર્યાય થઈ ગઈ એ વખતે થઈ ગઈ.એની તો વાત ચાલે છે. સમજાય છે કાંઈ? લક્ષ્મણજી રામચંદ્રજી એમ કહે છે. અહો! અમારી પુણ્ય પ્રકૃતિ એવી છે માતા! લ્યો રાવણને મારીને એની સ્ત્રી પાસે ગયા. શું કહેવાય? મંદોદરી. મોટા મહેલ અર્ધવાસુદેવ, દેવ સેવા કરતા હતા. વિદ્યાની તો ઘણી સિદ્ધિ હતી. વિદ્યા શું કરે? માતા અમે બળદેવ વાસુદેવ છીએ. અમારા પુણ્ય એવા છે કે આવી સ્થિતિ બની ગઈ. અમને શોક ખેદ (થાય છે) આવા મહાન પુરુષ અમારી સામે છે. પદવી અમારી એવી છે ને એવું થયા વગર રહે નહીં. સમજાય છે કાંઈ? લાખો માણસ બાળવા આવ્યા. રામ ને લક્ષ્મણ મારીને હારે જાય છે. તળાવને કાંઠે બેસે છે. એ પ્રકારના મહાપુરુષોની સ્થિતિ લોકો ન સમજી શકે. સમજાય છે કાંઈ? એ સમયે એવો વિકલ્પ ઉત્પન્ન થયો અને દેહની ક્રિયાનો નાશ થવાનો હતો તો થયો છે. વિકલ્પથી બાણથી થયો નથી. આહાહાહા! સમજાય છે કાંઈ?

આ રીતે ઘીની પર્યાયની ઉત્પત્તિ અને માખણની પર્યાયનો નાશ એ ગોરસ કરે છે. એ રીતે વિદ્યાર્થી. વિદ્યાર્થીની નવી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એ કોણ ઉત્પન્ન કરે છે? તેને ભણાવવાવાળા? બિલકુલ નહીં. તેનું દ્રવ્ય જ્ઞાનરૂપ પરિણમન થાય છે તો જ્ઞાનની પર્યાય વિદ્યાની પર્યાય ઉત્પન્ન થાય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભલે સમ્યક્ ન હોય તો કાંઈ નહીં. સમજાય છે કાંઈ? અને પૂર્વની અપૂર્ણ પર્યાય હોય છે તેનો નાશ થાય છે. પણ નાશ અને ઉત્પન્ન તેના દ્રવ્ય-ગુણ-પર્યાય કરે છે. પરથી તેમાં નાશ અને ઉત્પન્ન થાય છે (એમ છે નહીં). આહાહા! એવી ચીજ સમજ્યા વગર કહે કે અમારે ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ?

**તેવી રીતે સર્વ ભાવોનું પણ તેમ જ છે.** ભાવ શબ્દે દ્રવ્ય.અનંત પરમાણુઓ, અનંત આત્માઓ.**અર્થાંત બધાં દ્રવ્યોને નવીન પર્યાયની ઉત્પત્તિને વિષે સત્‌નો વિનાશ નથી.** જુઓ. નવીન અવસ્થાની સમયમાં ઉત્પત્તિ પરમાણુ ને આત્મામાં થાય છે. એટલે સત્‌નો નાશ દ્રવ્યનો નાશ નથી. દ્રવ્ય તો એનું એ જ છે. અસત્‌નો ઉત્પાદ નથી. દ્રવ્ય નથી ને નવું. ઉત્પન્ન થયું એમ નથી. **પરંતુ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ.** સત્‌નો નાશ અને અસત્‌નો ઉત્પાદ-દ્રવ્ય. **પહેલાંની (જૂની) અવસ્થાથી વિનાશ પામતા**. પહેલાંની અવસ્થાનો વિનાશ. **અને પછીની (નવીન) અવસ્થાથી ઉત્પન્ન થતાં પરિણામી ગુણોમાં** જુઓ. પરિણામી ગુણોમાં, આહાહા! પરિણામી કહે છે ખરાને. ભાવગુણને પજયથી, દ્રવ્ય પણ પરિણમન કરે છે અને ગુણ પણ પરિણમન કરે છે. પરિણામી ગુણોમાં, પરમાણુમાં રંગ-ગંધ-રસ-સ્પર્શની પર્યાય ગુણના પરિણમનથી કરે છે. ઠંડીનો વ્યય અને ઉષ્ણનો ઉત્પાદ. એ પરમાણુ પોતાના ગુણથી કરે છે. ગુણથી કરે છે અર્થાંત પોતાની શકિતથી કરે છે. શકિત છે ને ગુણ? એ દ્રવ્ય શકિતના પરિણમનથી ઠંડીનો વ્યય અને ઉષ્ણતાનો ઉત્પાદ થયો. સમજાય છે કાંઈ?

આત્મામાં ચાર જ્ઞાનની જે પર્યાય છે તેનો વ્યય કરીને આત્મા કેવળજ્ઞાનપણે ઉત્પન્ન થાય છે. તે પોતાના જ્ઞાન-દ્રવ્ય, પોતાના જ્ઞાનગુણના પરિણમનથી એમ થાય છે. ઓલા કહે છે ને? નહીં. 'મોહક્ષયા' મોહનો ક્ષય થયો તો વીતરાગતા થઈ એમ કહો. હવે સાંભળને? જ્ઞાનાવરણીયનો ક્ષય થયો તો કેવળજ્ઞાન થયું.એમ છે નહીં એમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ તો પર છે. ઉત્પાદવ્યય તો એમાં પરમાં થાય છે. એ અહીં શું ઉત્પન્ન કરી દયે. લ્યો! સ્વામીકાર્તિકેયમાં આવે છે. કાલે ચર્ચા થઈ'તી. બંસીધરજી સાથે સોમચંદભાઈને. જુઓ પુદગલની શકિત કેવળજ્ઞાનની પર્યાયને પણ કેવળજ્ઞાનાવરણીય રોકે છે. એમ સ્વામીકાર્તિકેયમાં છે. પુદગલની કેટલી શકિત છે. કેવળજ્ઞાનને કેવળજ્ઞાનાવરણીય રોકે છે. અરે! એ તો નિમિત્તનું કથન છે. પુદગલના પરમાણુંની નિમિત્તપણે ઉત્કૃષ્ટશકિતની એવી પર્યાય થાય છે એ બતાવવું છે. કેવળજ્ઞાનાવરણીય કર્મ આત્માને રોકે છે અને કર્મ નાશ થાય તો આવી પર્યાય ઉત્પન્ન થાય છે એમ છે નહીં. આમાં તો આખું ગોમટસાર ઉડી જાય છે. એમ કહે છે.

જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય છે, એ વાત સાચી નથી. એ તો નિમિત્તથી કથન છે. અહીંયા પુરુષાર્થથી થાય છે તો ત્યાં નિમિત્તમાં એવું થાય છે એમ બતાવવું છે. નિમિત્તનું જ્ઞાન કરાવવું છે. અહીં,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો શું કહે છે, જુઓને! જ્ઞાનાવરણીયમાં જેટલો જડનો ક્ષયોપશમ હોય તેટલો આત્મામાં જ્ઞાનનો ઊઘાડ થાય છે. એ વાત ખોટી છે. નિમિત્ત કહો કે વ્યવહાર કહો કે ઉપચાર કહો. સમજાય છે કાંઈ? આહાહા! ભગવાન આત્મા પોતાની કેવળજ્ઞાન પર્યાયમાં દ્રવ્યની દૃષ્ટિ થવાથી ધ્રુવનું સત્ કબુલવાથી ધ્રુવ છે તે નવો ઉત્પન્ન નથી થતો અને ધ્રુવનો નાશ નથી થતો. એવી દૃષ્ટિ થવાથી ધ્રુવ પોતાના ગુણ જ્ઞાનરૂપે પરિણમન કરવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. કહે છે કે વજ્રનારાચ સંહનન છે તો, મનુષ્યદેહ છે તો કેવળજ્ઞાન થયું છે એમ નથી. કોઈ કહે કે, કેવળજ્ઞાન મનુષ્ય દેહ સિવાય કેમ નથી થતું? તિર્યંચમાં કેમ ન થયું? દેહમાં કેમ ન થયું? કેમ ન થયું એ તો પોતાની પર્યાયની યોગ્યતા નહોતી તો નથી થતું. ત્યાં પણ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે તો થાય છે, મનુષ્યદેહને કારણે નહીં. ઝીણું પડે, બહુ ઝીણું. જાડી દૃષ્ટિવાળા સ્થૂળ દૃષ્ટિ. આ કરો, આ કરો, આ કરો આમ થાય. આહાહા!

અહીં તો કહે છે કે રાગની પર્યાય ચાહે જેટલી શુભ હોય શુભ. સમજાય છે કાંઈ? પણ તે રાગની પર્યાયથી ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. એ રાગની પર્યાયનો નાશ કરવાવાળું દ્રવ્ય છે પોતાના આનંદ શાંતિ આદિ વીતરાગ ભાવનું ગુણભાવનું પરિણમન કરે છે તો પૂર્વની રાગની પર્યાયનો નાશ થાય છે અને વીતરાગ પર્યાયની ઉત્પત્તિ થાય છે. એમ વાત છે. તો નિમિત્તથી નથી થતું અને વ્યવહારથી નથી થતું એ બેય સિદ્ધ થઈ ગયું. બરાબર છે એમાં એય! તમે નામું લખતા હતા ને?

**પરિણામી ગુણોમાં પહેલાંનો પર્યાય વિનાશ પામે છે અને પછીનો પર્યાય ઉત્પન્ન થાય છે.** ખુલાસો થઈ ગયો ને ભાવાર્થ લખ્યો નથી આમાં. ન્યાય આવી ગયો ને ન્યાય આવી ગયો. પ્રત્યેક દ્રવ્ય અનંત આત્મા અને અનંત પરમાણુ એક સમયના કાળની મુદ્દતમાં જે સમયે તે ગુણની પર્યાય પરિણમન કરીને પર્યાય ઉત્પન્ન થઈ તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થયો. દ્રવ્ય પોતે ગુણનું પરિણમન કરવાથી થયું છે. બીજી વસ્તુને કારણે થાય છે એ વાત વસ્તુની સ્થિતિમાં નથી. કહો ગુરુથી જ્ઞાન થાય છે એ વાત પણ અહીં ના પાડે છે. અરે! લોકો શું બોલે છે. શ્રીમદ્‌માં આવે છે. જ્ઞાન તો ગુરુથી થાય છે. અજ્ઞાનીથી થાય છે? એ તો નિમિત્ત શું હતું તે બતાવે છે. એ તો એની ગુણ પર્યાય જ્ઞાનગુણ છે અને દ્રવ્ય પોતે પરિણમે છે તો પર્યાયમાં સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. મિથ્યાજ્ઞાનના વ્યયનો નાશ કરવાવાળું પણ દ્રવ્ય અને ઉત્પન્ન થવાવાળું પણ દ્રવ્ય છે. મગજમાં બરાબર પકડાય નહીં પછી પરિણતિ ભ્રમણામાં પડે. બહારથી થશે બહારથી આવી જશે. (મુમુક્ષુઃ- નિમિત્તની જરૂર તો પડે ને?) નિમિત્તની જરૂર કોણ કહે છે? નિમિત્ત કારણ હોય એમાં કોણ ના પાડે છે? પણ નિમિત્ત છે તો અહીં થયું છે એમ કોણ કહે છે? સત્તાથી તો અસ્તિત્વ સિદ્ધ કરે છે. નિમિત્તનું અસ્તિત્વ છે તો પર્યાયની ઉત્પત્તિનું અસ્તિત્વ છે એમ કહે છે? પણ દ્રવ્યનું ને ગુણનું અસ્તિત્વ છે તો પર્યાયનું અસ્તિત્વ ઉત્પન્ન થાય છે. બસ એટલું જ છે. સમજાય છે કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાણુંમાં લ્યોને, માટીનો પિંડ છે માટી. માટીમાંથી માટી પોતાના સ્પર્શ, વર્ણ, ગંધ, રસ પર્યાયથી પરિણમન કરીને ઘડાની પર્યાય ઉત્પન્ન થાય છે. પિંડની પર્યાયનો વ્યય થાય છે. તે પરમાણું કરે છે. કુંભાર વગર જ બધી જગ્યાએ થયું છે. કુંભારના અસ્તિત્વ વિના પોતાના અસ્તિત્વથી થયું છે. આહાહા! આ બાઈયું હોંશીયાર હોય તો નથી કહેતાં કે હળવે હાથે અનાજ બહુ સારું થાય. નથી કહેતાં? આ બાઈનો હાથ બહુ હળવો છે. એને હાથે તો રાંધણું (રસોઇ) સારું જ થાય. લ્યો! એ સાચી વાત હશે? આહાહા! એ માણસ વાતું કરે. આ બાઈનો હાથ તો એવો હળવો. ચોખા પણ સારા પાકે. ઓલી સેવ નથી થાતી સેવ, સેવ, સેવ. એને હાથે સેવ પણ સારી થાય. તૂટે નહીં સરખી ઉતરે સરખી. ઓલા ખાટલામાં નાખે ને? પાટીયું ખાટલામાં નાખે. આ તો પહેલાંની વાત છે. પહેલાં તો ખાટલામાં નાખતાં. ખાટલામાં પાટીયું નાખે ને મોટું? અને પાછી હોંશીયાર એવી કહેવાય કે એનો દોરો તૂટેય નહીં. તૂટક તૂટક કરતાં કરતાં થઈ જાય એનું શું? હાથ કાંઈ કરતો હશે કે નહીં? ઓસામણમાં પણ ઓસામણ આવડતું હોય ને ઈ બરાબર સારું કરે. ચોખા ચડયા હોય ચોખા પાટીયામાં, પણ જો ઢાંકણીમાં જરીક ઓલી આવી જાય તો ઓસામણ ભેગા ચોખા પણ થોડા વહ્યા જાય. ખરું કે નહીં? એ ઢાંકણી સરખી રાખે ને જરીક ફેરવી નાંખે પાણી તો નીકળવું જોઈએ ને? એકદમ અડાડી રાખે તો પાણી ન નીકળે. એ બધી વિચક્ષણતા હોય તો ત્યાં ઓસામણ થાય ને? (મુમુક્ષુઃ- બધાના અભિમાન ઊડી જાય એવી વાત છે.) ધૂળેય નહીં. સરખું આવે તો આખું પાટીયું પડે નીચે. સમજયાને કયાંક કયાંક હાથ ફેરવી દયે ને આમ લપટયોને પડયો હેઠે. ચોખા ને મગની દાળ હેઠે.

એ તો જે પર્યાય જયાં પોતાથી થવાની હોય એને બીજો કોણ કરે? આહાહા! એ ધરમચંદજી! આ તમારે ઈંજેકશન દેવાના હોય ને આમ નાડ પકડે છે ને નહીં? આમ પકડીને ઓલી બરાબર ઊભી હોય છે ને? શું કહેવાય ઈ? નસ નસ. એ આમ કરીને આ નસ આ નસ આવશે. (મુમુક્ષુઃ- કેટલાક ઈંજેકશન નસમાં દેવાના હોય.) હા, નસમાં. પણ નસ પકડતાં આવડે ત્યારે એને આપી શકે ને? બધી ભ્રમણા અજ્ઞાનીની છે. પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને પૂર્વની પર્યાયમાં વ્યય નાશ થાય છે. (તેમાં) દ્રવ્યનો નાશ નથી ને દ્રવ્યની ઉત્પત્તિ નથી એમ સિદધ કરે છે.આહાહા!

બીજાને હું સમજાવી દઉં. કહો, પરની પર્યાયનું અભિમાન છે. (મુમુક્ષુઃ- તો વકીલાત કેમ હાલે?) વકીલાત કેમ હાલે? જુઓ. બસે બસે રૂપિયા મફતમાં આપે ઓલા? જજને પાણી ભરાવે ને ત્યારે કાંઈક સમજાવે. ધૂળેય નથી ઈ તો પૈસા આવવાના હોય તો એને કારણે આવે છે. એમાં કાંઈ ડહાપણ કામ કરતું નથી. આહાહા! ભાષાની પર્યાય એવી છે કે એમાં પોતાની જ્ઞાન પર્યાય એમાં શું કામ કરે? ભાષાની પર્યાય તો પોતાથી પોતાના પરમાણુથી ઉત્પન્ન થઈ છે. અને પૂર્વની પર્યાય જો વર્ગણારૂપ હતી તેનો વ્યય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયો છે તે પરમાણુને કારણે થયો છે. આત્માને કારણે ભાષા ઉત્પન્ન થઈ છે એમ ત્રણકાળમાં છે નહીં. સમજાય છે કાંઈ? પંદરમી ગાથામાં તો બહુ જ વાત છે. 'ગુણ પર્યયેષુ ભાવા' 'પકુવન્તિ' પોતાના ઉત્પાદ ને વ્યય ને તે દ્રવ્ય ને ગુણ કરે છે. બીજા કરતા નથી એ એમાં આવી જાય છે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા- ૧૬

**भावा जीवादीया जीवगुणा चेदणा य उवओगो ।**
**सुरणरणारयतिरिया जीवस्स य पज्जया बहुगा ॥ १६ ॥**

भावा जीवाद्या जीवगुणाश्चेतना चोपयोग: ।
सुरनरनारकतिर्यञ्चो जीवस्य च पर्याया: बहव: ॥ १६ ॥

अत्र भावगुणपर्याया: प्रज्ञापिता: ।

भावा हि जीवादय: षट् पदार्था: । तेषां गुणा: पर्यायाश्च प्रसिद्धा: । तथापि जीवस्य वक्ष्यमाणोदाहरणप्रसिद्ध्यर्थमभिधीयन्ते । गुणा हि जीवस्य ज्ञानानुभूतिलक्षणा शुद्धचेतना, कार्यानुभूतिलक्षणा कर्मफलानुभूतिलक्षणा चाशुद्धचेतना, चैतन्यानुविधायि-परिणामलक्षण: सविकल्पनिर्विकल्परूप: शुद्धाशुद्धतया सकलविकलतां दधानो द्वेधोपयोगश्च । पर्यायास्त्वगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्ता: शुद्धा:, सूत्रोपात्तास्तु सुरनार-कतिर्यङ्मनुष्यलक्षणा: परद्रव्य सम्बन्धनिवृत्तत्वादशुद्धाश्चेति ॥ १६ ॥

જીવાદિ સૌ છે 'ભાવ', જીવગુણ ચેતના ઉપયોગ છે;
જીવપર્યયો તિર્યંચ-નારક-દેવ-મનુજ અનેક છે. ૧૬.

અન્વયાર્થ :- [जीवाद्या:] જીવાદિ (દ્રવ્યો) તે [भावा:] 'ભાવો' છે [जीवगुणा:] જીવના ગુણો [चेतना च उपयोग:] ચેતના તથા ઉપયોગ છે [च] અને [जीवस्य पर्याया:] જીવના પર્યાયો [सुरनरनारकतिर्यञ्च:] દેવ-મનુષ્ય-નારક-તિર્યંચરૂપ [बहव:] ઘણા છે.

ટીકા :- અહીં ભાવો (દ્રવ્યો), ગુણો અને પર્યાયો જણાવ્યા છે.

જીવાદિ છ પદાર્થો તે 'ભાવો' છે. તેમના ગુણો અને પર્યાયો પ્રસિદ્ધ છે, તોપણ [1]આગળ (હવેની ગાથામાં) જે ઉદાહરણ કહેવાનું છે તેની પ્રસિદ્ધિ અર્થે જીવના ગુણો અને પર્યાયો

૧. હવેની ગાથામાં જીવની વાત ઉદાહરણ તરીકે લેવાની છે; માટે તે ઉદાહરણને પ્રસિદ્ધ (જાણીતું) કરવા માટે અહીં જીવના ગુણો અને પર્યાયો કહેવામાં આવ્યા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કહેવામાં આવે છે :-**

**જીવના ગુણો [૨]જ્ઞાનાનુભૂતિસ્વરૂપ શુદ્ધચેતના તથા કાર્યાનુભૂતિસ્વરૂપ ને કર્મફળાનુભૂતિસ્વરૂપ અશુદ્ધચેતના છે અને [૩]ચૈતન્યાનુવિધાયી-પરિણામસ્વરૂપ, સવિકલ્પ-નિર્વિકલ્પરૂપ, શુદ્ધતા-અશુદ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો, બે પ્રકારનો ઉપયોગ છે (અર્થાત્ જીવના * ગુણો શુદ્ધ-અશુદ્ધ ચેતના તથા બે પ્રકારનો ઉપયોગ છે).**

**જીવના પર્યાયો આ પ્રમાણે છે : અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા પર્યાયો શુદ્ધ પર્યાયો છે અને સૂત્રમાં (-આ ગાથામાં) કહેલા, દેવ-નારક-તિર્યંચ-મનુષ્યસ્વરૂપ પર્યાયો પરદ્રવ્યના સંબંધથી રચાતા હોવાથી અશુદ્ધ પર્યાયો છે. ૧૬.**

## સળંગ પ્રવચન નં. ૨૪, ગાથા-૧૬
## પ્રવચન નં. ૨૩
## કારતક વદ-૧૩, તા.૭/૧૨/૬૯, રવિવાર

આમાં દ્રવ્ય-ગુણ ને પર્યાયની વ્યાખ્યા છે.દરેક વસ્તુ શું છે અને એના ગુણો શું છે અને એની પર્યાય શું છે એને સિદ્ધ કરવા જીવનો દાખલો આપે છે. જીવનો તો ઉદાહરણ તરીકે આપશે. બધા છ દ્રવ્યો ભગવાને જોયા કેવળી પરમાત્માએ જાતિએ, સંખ્યાએ અનંત જગતમાં છ વસ્તુ જોઈ. એ અનંત વસ્તુઓમાં દ્રવ્યનું સ્વરૂપ શું છે? ગુણનું (સ્વરૂપ શું છે?) અહીં ગુણની પર્યાય લેશે. પર્યાય વ્યંજન પર્યાયને અહીં પર્યાયમાં મનુષ્ય આદિ એને ગણીને. આહા! એ તો સ્વભાવ પર્યાય મૂળ પાઠમાં મનુષ્ય દેવાદિની પર્યાય લીધી છે. સોળમી ગાથા જુઓ.

---

૨. શુદ્ધચેતના જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે અને અશુદ્ધચેતના કર્મની તેમ જ કર્મફળની અનુભૂતિ-સ્વરૂપ છે.

૩. ચૈતન્ય-અનુવિધાયી પરિણામ અર્થાત્ ચૈતન્યને અનુસરતો પરિણામ તે ઉપયોગ છે. સવિકલ્પ ઉપયોગને જ્ઞાન અને નિર્વિકલ્પ ઉપયોગને દર્શન કહેવામાં આવે છે. જ્ઞાનોપયોગના ભેદોમાંથી માત્ર કેવળજ્ઞાન જ શુદ્ધ હોવાથી સકળ (અખંડ, પરિપૂર્ણ) છે અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ (ખંડિત, અપૂર્ણ) છે; દર્શનોપયોગના ભેદોમાંથી માત્ર કેવળદર્શન જ શુદ્ધ હોવાથી સકળ છે અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ છે.

* પર્યાયાર્થિક નયે ગુણો પણ પરિણામી છે. (૧૫ મી ગાથાની ટીકા જુઓ)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**भावा जीवादीया जीवगुणा चेदणा य उवओगो ।**
**सुरणरणारयतिरिया जीवस्स य पज्जया बहुगा ॥ १६ ॥**
**જીવાદિ સૌ છે 'ભાવ' જીવગુણ ચેતના ઉપયોગ છે.**
**જીવપર્યયો તિર્યંચ-નારક-દેવ-મનુજ અનેક છે. ૧૬**

વ્યંજન પર્યાયો લીધી છે પછી તો અગુરૂલઘુ કાઢી નાખી આગળ, અંદરથી.

**ટીકાઃ- અહીં ભાવો (દ્રવ્યો), ગુણો અને પર્યાયો જણાવ્યા છે.** આ જગતની અંદર દ્રવ્ય કોને કહેવું? ગુણ કોને કહેવા અને પર્યાય (કોને કહેવી.) **જીવાદિ છ પદાર્થો તે 'ભાવો' છે.** જીવ, અનંત પુદગલ અનંત જીવ એક આકાશ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને અસંખ્ય કાલાણુંઓ.એ છ દ્રવ્યને 'ભાવ' કીધા છે. છ ભાવો છે. ઓલામાં કીધું'તું ને? પંદરમામાં આવ્યું'તું. 'ભાવા ગુણપર્યાયેષુ ઉત્પાદવ્યયં પ્રકુર્વન્તિ'.

વસ્તુ જે છે તે પોતાની ગુણપર્યાયમાં ઉપજે છે. દરેક વસ્તુ છે તે તેની ગુણની પર્યાયને ઉત્પન્ન કરે ને કરે છે. આત્મા સિવાય આત્મા પરના રજકણો કે શરીર આદિની કોઈપણ પર્યાયને ત્રણકાળમાં કરી શકતો નથી. સમજાય છે કાંઈ? અને પરમાણુ એક છે. પોઈન્ટ. એ પણ એના ગુણ ને પર્યાયને 'પ્રકુર્વન્તિ' ઉત્પાદવ્યયને કરે પણ એ પરમાણું આત્માની કોઈપણ પર્યાયને ક્રિયાને કરે એમ છે નહીં.

કહે છે એ છ દ્રવ્યો તેમના ગુણો અને પર્યાયો તો પ્રસિદ્ધ છે. **તો પણ આગળની (હવેની ગાથામાં) જે જીવનું ઉદાહરણ કહેવાનું છે તેની પ્રસિદ્ધિ અર્થે જીવના ગુણો અને પર્યાયો કહેવામાં આવે છે.** હવે **જીવના ગુણો જ્ઞાનાનુભૂતિસ્વરૂપ શુદ્ધ ચેતના.** શું કીધું? આત્માના શુદ્ધગુણની પર્યાય એ આત્મા જ્ઞાનસ્વરૂપે શુદ્ધરૂપે અનુભૂતિ, જ્ઞાનના અનુભવપણે પરિણમે તે જીવના ગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેમાં જ્ઞાનાનુભૂતિ એ જ્ઞાનનો અનુભવ થવો એને અહિંયા જ્ઞાનની શુદ્ધ ચેતના કહેવામાં આવે છે. કે જે ધર્મ છે. સમજાણું કાંઈ? આ દેહાદિની ક્રિયા એ તો દેહ જડની પર્યાય છે. એ કાંઈ ધર્મ નથી. તેમ આત્મામાં પુણ્ય દયા-દાન-વ્રત આદિના પરિણામનું થવું એ તો કર્મ ચેતના અશુદ્ધભાવ છે. એ કાંઈ ધર્મ નથી. આરે! સમજમાં આવે છે ને? આ તો ગુજરાતી ચાલે છે. રવિવાર છે ને.

આત્મામાં તો જ્ઞાન ને આનંદ છે. એ જ્ઞાનના સ્વભાવરૂપે પરિણમવું એ આનંદ ને જ્ઞાનના સ્વરૂપરૂપે અવસ્થામાં થવું એને જીવનો ગુણ ને જીવનું કાર્ય ને જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? જીવના ગુણ જ્ઞાનાનુભૂતિ નીચે છે- **શુદ્ધચેતના જ્ઞાનની અનુભૂતિ સ્વરૂપ છે.** અને હવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પછી કહેશે બીજી વાત-**અશુધ્ધચેતના કર્મની તેમ જ કર્મફળની અનુભૂતિ સ્વરૂપ છે.** ઘણું જ ટૂંકામાં આખા શબ્દ ને સિધ્ધાંત- ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન સ્વભાવથી ભરેલી ચીજ છે. એની વર્તમાન દશામાં એ જ્ઞાન ને આનંદને અનુસરીને જે જ્ઞાનનું પરિણમવું એને સમ્યગ્દર્શન કહે છે એને સમ્યગ્જ્ઞાન કહે છે એને સમ્યક્ચારિત્ર કહે છે. ત્રણે મળીને એક શુધ્ધચેતના કહે છે. સમજાણું કાંઈ?

આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ ને આનંદસ્વભાવ એ રૂપે પરિણમે, કાંઈ પરરૂપે પરિણમતો નથી. પછી કહેશે કે રાગરૂપે પરિણમે એ કાર્ય રાગનું છે. એ આત્માની અનુભૂતિનું કાર્ય નથી. સમજાણું કાંઈ? જીવના ગુણો જ્ઞાનાનુભૂતિ. વસ્તુ ચિદાનંદસ્વરૂપ પોતાનું એને અનુસરીને અંતર્મુખ થઈને એ જ્ઞાનના આનંદરૂપે, જ્ઞાનની શાંતિરૂપે, જ્ઞાનના જ્ઞાનરૂપે અનુભૂતિ અનુભવ થવો તેને શુધ્ધચેતના જીવનો ગુણ છે એમ કહેવામાં આવે છે. છે તો પર્યાય પણ એનો એ ગુણ છે. વિકાર પણ એનો ગુણ કહે છે. સમજાણું કાંઈ? કોઈપણ પરનું કાર્ય કરવું એ તો આત્મામાં છે જ નહીં. પણ આત્મા રાગાદિરૂપે થાય એ પણ ધર્મનું કાર્ય નથી એમ કહે છે. મહાવ્રતના પરિણામ દયા-દાનના અહિંસા સત્ય, દતના ભાવ એ કાંઈ આત્માનુભૂતિ નથી. એ તો રાગનો અનુભવ છે. રાગનો અનુભવ છે તે ધર્મ નથી, તે અધર્મ છે. કયા પરમાણુ છે? અરે પંચમહાવ્રત તો લોકો લે છે અંગીકાર કરે છે. પંચમહાવ્રત પાળો, પંચમહાવ્રત પાળો. આહાહા! હા એમ કહે કે ભગવાને ૨૮ મૂળગુણ પાળ્યા'તા. કુંદકુંદઆચાર્યે પાળ્યા'તા. બાપુ એ તો વ્યવહારનયના શાસ્ત્રોમાં એ દશા હતી એને જણાવે છે. બાકી જાણવું એવો વિકલ્પ પણ છે એ વિકલ્પ. રાગ એ છે કર્માનુભૂતિ ચેતના. એ રાગના અનુભવનું ચેતન છે એ. આત્માના અનુભવનું ચેતન નથી. આહાહા!

જે અંતરમાં છે એનું પરિણમન થવું એનું નામ જ્ઞાનાનુભૂતિ છે. રાગ-દયા, દાન કે વિકલ્પ તે અંતર વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શરીર વાણી કે મનને તો પરિણમાવી શકે નહીં. એ રૂપે પરિણમે એટલે થાય નહીં. એ રૂપે થાય નહીં. કારણ કે એ કાંઈ જીવનો ગુણ નથી. પણ આત્મા રાગરૂપે થાય એ કાંઈ આત્માની શુધ્ધ અનુભૂતિનો ધર્મ નથી. આહાહા! વિકલ્પ જે ઊઠે છે અહિંસા સત્ય-દત્ બ્રહ્મચર્ય (તે) હું પાળું આ સત્ય બોલું અહિંસા, વિકલ્પ એ તો રાગ છે. તે રાગાનુભૂતિ તે આત્માનુભૂતિ નથી. ધર્મનો અનુભવ નથી.

શુધ્ધ **'જ્ઞાનાનુભૂતિ સ્વરૂપ શુધ્ધચેતના'** એમ ભાષા લીધી છે ને? તથા **'કાર્યાનુભૂતિસ્વરૂપ'** એટલે શું? કાર્યઅનુભૂતિસ્વરૂપ. જે મહાવ્રતના અને મુનિ છે નગ્નમુનિ એને અઠયાવીસ મૂળગુણ હોય છે. અઠયાવીસ મૂળગુણ, પંચમહાવ્રત, છ આવશ્યક આદિ ક્રિયા એનો જે શુભરાગ એ કાર્ય છે. એ રાગના કાર્યનો અનુભવસ્વરૂપ એ અશુધ્ધ ચેતના છે. સમજાય છે કાંઈ? રાગ, જે રાગ છે ને વિકલ્પ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઊઠે છે (કે) પરને દુઃખ ન આપું, અહિંસા સત્ય-દત્ બ્રહ્મચર્ય (પાળું) એ પણ એક શુભ રાગ છે. એ કાર્યાનુભૂતિ છે.એ રાગરૂપી કાર્યનો અનુભવ છે. એ અશુદ્ધચેતના છે. એ ધર્મચેતના નહીં. આહાહા! અહીં તો શું કહે છે કે એ રૂપે થઈ શકે છે. પણ કાંઈ શરીર ને પરની પર્યાયરૂપે થઈ શકતો નથી. એમ કહે છે. કાં જ્ઞાનાનુભૂતિરૂપે થઈ શકે કાં રાગના કાર્યરૂપે થઈ શકે. ઊલ્ટી અવસ્થાથી થઈ શકે. એ એનું કાર્ય છે. પણ પરનુ કાર્ય છે અને એ કાર્ય છે માટે ધર્મ છે એમ નથી. ભારે ભાઈ! સમજાય છે કાંઈ?

આ તો કહે હિંસા જૂઠું ચોરી છોડી દયો. અહિંસા સત્ય-દત્ અંગીકાર કરો. અહીં તો કહે છે અહિંસા સત્ય-દત્ એ પણ રાગ છે. એ કાર્ય છે, એ રાગનું કાર્ય છે. એ આત્માનું કાર્ય નથી. આહાહા! **'કાર્યાનુભૂતિસ્વરૂપ ને કર્મફળાનુભૂતિસ્વરૂપ'** અને એ રાગનું વેદન થવું હરખપણે કે શોકપણાનું વેદન થવું એ **'કર્મફળઅનુભૂતિસ્વરૂપ'** છે. પહેલી કર્મચેતના કીધી કાર્યમાં. બીજામાં કર્મફળચેતના (કીધી) કર્મ એટલે અહીં જડની વાત નથી.જડપણે પરિણમે ને જડને આત્મા કરે ને કર્મને બાંધે એ તો આત્મામાં છે જ નહીં. એ તો કર્મની પર્યાય કર્મથી થાય આત્માથી થતી નથી. અજ્ઞાનમાં રાગરૂપી કાર્યનો અનુભવ કરે કાં રાગને કાર્યરૂપે કરે. એ રૂપે આત્મા અધર્મ પણ પોતાની પર્યાયમાં કરે છે. એ અધર્મ કાંઈ બહાર હોતો નથી. સંસાર દશા એ કાંઈ આત્માની પર્યાયથી બહાર હોતી નથી દશા. સમજાય છે કાંઈ?

લોકો કહે છે સંસાર છોડો. એટલે શું પણ? સંસાર કાંઈ બાયડી છોકરા કુટુંબમાં કે મકાનમાં રહે છે કે છોડવું? સંસાર એની દશામાં જે મિથ્યાત્વભાવ છે રાગ મારું કર્તવ્ય છે એવો જે મિથ્યાત્વભાવ એ સંસાર છે. એને છોડયો એ સંસાર છોડયો કહેવામાં આવે છે. સંસાર અને મોક્ષ એ આત્માની પર્યાય દશામાં છે. સંસાર અને મોક્ષ એ કાંઈ આત્માની પર્યાય છોડીને પરમાં નથી. સમજાણું કાંઈ? તો આ 'કાર્યાનુભૂતિ' એ સંસાર છે. રાગ-દયા-દાન-વ્રત-ભકિતના વિકલ્પ એનો અનુભવ તે સંસાર દશા છે. એ અશુદ્ધ ચેતના છે, એ ઉદયભાવનું વેદન છે. ઝીણું ભારે! સમજાણું કાંઈ? એ શાંતિભાઈ! શું પણ આ બધા ઓલા પંચમહાવ્રત પાળે બિચારા. કાર્યાનુભૂતિ નાખ્યું. હેં! કાર્ય કરે છે ખરો ને એનો અનુભવ ખરો પણ એ રાગનો અનુભવ છે. અશુદ્ધચેતના એમ. કાં જ્ઞાનચેતના-શુદ્ધચેતનાપણે થાવ કાં અશુદ્ધચેતનાપણે થાવ એ બધું એનામાં છે. એનું થવું પરને લઈને નહીં ને એને લઈને પરમાં થવું એમ કાંઈ છે નહીં. એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **કાર્યાનુભૂતિસ્વરૂપ ને કર્મફળઅનુભૂતિસ્વરૂપ અશુદ્ધચેતના છે.** એને અહીં ગુણ કહ્યો છે. સમજાણું કાંઈ?

હવે ઓલા પર્યાય ઉપયોગની વાત હાલે છે. ઉપયોગ બીજો બોલ છે ને? જીવના ગુણો તે ચેતના અને ઉપયોગ. **ચૈતન્યાનુવિધાયી-પરિણામસ્વરૂપ** નીચે બગડો છે. **ચૈતન્યાનુવિધાયી પરિણામ અર્થાત ચૈતન્યને અનુસરતો પરિણામ તે ઉપયોગ છે.** એટલે શું કે જે ભગવાન આત્મા ચૈતન્યગુણ છે એને અનુસરીને થતાં પરિણામ. ચાહે તો જ્ઞાનના હો ચાહે તો અજ્ઞાનના હો પણ એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યને અનુસરીને પરિણામ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે. વિસ્તાર થાશે ત્યારે સમજાશે આમ સમજાય એવું નથી.

આપણે તો અહીં ચૈતન્યના અનુવિધાયી પરિણામ સ્વરૂપ. નીચે આવ્યું ને **ચૈતન્ય-અનુવિધાયી પરિણામ અર્થાત ચૈતન્યને અનુસરતો પરિણામ તે ઉપયોગ.** બીજો ખુલાસો પછી આવશે. **સવિકલ્પ-નિર્વિકલ્પરૂપ, શુદ્ધતા-અશુદ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો, બે પ્રકારનો ઉપયોગ છે (અર્થાત જીવના ગુણો શુદ્ધ-અશુદ્ધ ચેતના તથા બે પ્રકારનો ઉપયોગ છે.)** લ્યો! ત્યાં પણ ગુણો શુદ્ધચેતના બે પ્રકારના ઉપયોગ ગુણોમાં નાખ્યું છે ને? પર્યાય તો ઓલામાં નાખશે. સ્થૂળ નારકી આદિમાં.

ફરીને, આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપે પરિણમે અને તેમાં સ્થિર થાય તે શુદ્ધચેતનારૂપી ધર્મની દશા કહેવામાં આવે છે. અને તે રાગ ને દ્વેષરૂપના કાર્યરૂપે કર્મચેતના, કર્મ એટલે રાગ કાર્ય. એ રાગ કાર્ય હો! કર્મચેતના જડનું અહીં કામ નથી. શુભ-અશુભ રાગ એમાં આત્મા વેદાય એ કાર્ય કરે એ કાર્યની અનુભૂતિ એ અશુભચેતના અધર્મચેતના છે. અને હરખ-શોકનું વેદન હરખ-શોક એ પોતાની પર્યાયમાં એ જે રાગ-દ્વેષના જે ભાવ કાર્યરૂપ છે એના ફળ તરીકે હરખ-શોકનું વેદન એ કર્મફળની અનુભૂતિ એ કાર્યને કર્મફળની અનુભૂતિ બે થઈને અશુદ્ધ ચેતના છે. એ અધર્મચેતના છે. વિભાવચેતના છે. સમજાણું કાંઈ? સૌની સામે પુસ્તક છે કે નહીં?

હવે કહે છે-અહીં તો પહેલું એટલું લેવું છે. એ ત્રણ વાત થઈ ગઈ. **ચૈતન્યઅનુવિધાયી પરિણામ સ્વરૂપ**. હવે એ ચૈતન્યઅનુવિધાયી પરિણામમાં ખૂબી શું છે? કે ચાહે તો આત્મામાં કેવળજ્ઞાન થાવ કે કેવળદર્શન થાવ એ શુદ્ધચેતના અનુવિધાયી પરિણામ છે. અને આત્મામાં મતિશ્રુતજ્ઞાન ને અવધિ, મનઃપર્યય જ્ઞાન થાવ એ ચૈતન્યઅનુવિધાયી પરિણામ અશુદ્ધચેતના છે.અને આત્મામાં મતિ-શ્રુત ને અવધિ મિથ્યારૂપે થાવ એ પણ ચૈતન્યઅનુવિધાયી પરિણામ જીવના પરિણામ પોતાથી થાય છે. બીજાથી નહીં. સમજાય છે કાંઈ? કોઈ કહે કે અમને સાંભળવાથી મતિ-શ્રુતજ્ઞાનનો પર્યાય થયો તો અહીં ના પાડે છે. એમ છે નહીં. અજ્ઞાન થયું મતિ-શ્રુત ને અવધિ, વિભંગ એ પણ ચૈતન્યને અનુસરીને પોતાની પર્યાયની જાત ગુણની છે.એ કાંઈ પરને લઈને થઈ છે (એમ છે નહીં.) મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને મતિજ્ઞાનના પરિણામ થયા એમ નથી. એમ શ્રુતજ્ઞાનાવરણીયનો કર્મ ક્ષયોપશમ થયો માટે અહીં શ્રુતજ્ઞાનના પરિણામ થયા એમ નથી. ચૈતન્યઅનુવિધાયી પરિણામ. કહો, સમજાય છે કાંઈ?

આ પાંચ ઈન્દ્રિયને અનુસરીને જ્ઞાનનો બોધ સાચો થાય એ વાત સાચી નથી એમ કહે છે. ભલે અજ્ઞાનના પરિણામ થાય કે સમ્યગ્જ્ઞાનના થાય, અપૂર્ણજ્ઞાનના કે પૂર્ણજ્ઞાનના પરિણામ થાય એ ચૈતન્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ જે છે એને અનુસરીને તેનું પરિણમન તેની પર્યાયમાં છે. આહાહા! સમજાણું કાંઈ? શાસ્ત્ર બહું વાંચે તો ભણે તો એમાં ચૈતન્યના પરિણામ થાય એમ નથી એમ કહે છે. એ ચૈતન્ય અનુવિધાયી ચૈતન્યને અનુસરતો પરિણામ છે ઉપયોગ. એ ઉપયોગના બાર ભેદ. પાંચજ્ઞાન, ત્રણઅજ્ઞાન, ચારદર્શન એ બાર ઉપયોગ છે. એ બારેય ઉપયોગ ચૈતન્યને અનુસરીને થાય છે. આ ઈન્દ્રિયને અનુસરીને, મનને અનુસરીને કે કર્મના ઉઘાડને અનુસરીને એમ નથી. આહાહા! આ તો બધે કર્મની માંડી છે ને? કર્મવાળો કહે કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો જ્ઞાન ઉઘડે. જ્ઞાનાવરણીયનો ઉદય થાય તો જ્ઞાન હીણું પડે. હવે અહીં તો ના પાડે છે એમ છે જ નહીં. તારી વાત જ જૂઠી છે. તારી દષ્ટિમાં મિથ્યાભ્રમ છે. તારા બાર ઉપયોગના કે કોઈપણ ઉપયોગના પરિણામ પરને અનુસરીને થાય તેવો સ્વભાવ છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એ ચૈતન્યઅનુવિધાયી પરિણામ આ તો પરિણામ છે ને? પર્યાય છે ને? એને અહીં ગુણ જ કીધો છે. **સવિકલ્પ-નિર્વિકલ્પરૂપ** એ પરિણામના બે ભેદ. સવિકલ્પ એટલે જ્ઞાન, નિર્વિકલ્પ નામ દર્શન. બે ભેદ. પહેલાં એક લીધા-ચૈતન્યઅનુવિધાયી પરિણામ એક ભાવ લીધો. એક ભાવના બે. સવિકલ્પરૂપ એક જ્ઞાનરૂપ અને નિર્વિકલ્પ દર્શનરૂપ. એના બે ભેદ. **શુધ્ધતા અને અશુધ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો બે પ્રકારનો ઉપયોગ છે.** શુધ્ધતા-અશુધ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો એટલે સકળ નામ કેવળજ્ઞાન ને કેવળદર્શન અને વિકળતા નામ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ત્રણ દર્શન. ભારે! ભાઈ! (મુમુક્ષુઃ- કઠણ પડે છે) કઠણ કાંઈ પડે હળવે હળવે તો કહેવાય છે. આ કાંઈ એકદમ પ્રોફેસરની જેમ કાંઈ હાલ્યું નથી જાતું.

જુઓ નીચે બગડામાં ખુલાસો છે. સવિકલ્પ ઉપયોગને જ્ઞાન અને નિર્વિકલ્પ ઉપયોગને દર્શન કહેવામાં આવે છે. આત્મામાં જ્ઞાન જે થાય એ સવિકલ્પ છે. સવિકલ્પ એટલે સ્વ-પરને જાણવાની દશાના ભાવને સવિકલ્પ કહેવામાં આવે છે. સવિકલ્પ એટલે અહીં રાગનો વિકલ્પ એ નહીં. જેમ પંચમહાવ્રતનો વિકલ્પ છે એ રાગ છે. એ આ નહીં. પણ જ્ઞાન જે પોતાનો ભાવ છે એ સ્વ અને પરને બેયને જાણે એ અપેક્ષાએ એને સવિકલ્પ સઆકારવાળો કહેવામાં આવે છે. નિર્વિકલ્પ ઉપયોગ તે દર્શન અને જે દર્શનઉપયોગ છે ચક્ષુ, અચક્ષુ, અવધિ એ નિર્વિકલ્પ છે એમાં સ્વ ને પરને જાણવાનો ભાવ નથી. ફકત દર્શન ઉપયોગ અસ્તિત્વ ધરાવે છે. એ દર્શન કાંઈ સ્વ ને પરને જાણે એવો એનો સ્વભાવ નથી. તેથી તે દર્શન ઉપયોગને નિર્વિકલ્પ સ્વ-પરના ભેદ પાડયા વિનાનું જે એકલું અભેદ છે એને નિર્વિકલ્પ ઉપયોગ કહેવામાં આવે છે.

આમાં રાત્રે યાદ રહે એવું છે? હેં? બહુ નથી રહે એવું, બહુ હોંશ નથી આવતી. પણ અહીં તો સાદી વાતચીત ચાલે છે. આ આત્મા છે કે નહીં? વસ્તુ છે? તેમાં જ્ઞાન ને દર્શનશકિત ત્રિકાળી છે કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં? છે, તો એનું વર્તમાન પરિણમન છે કે નહીં? ગુણનું પરિણમન હોય કે નહીં? ગુણની પર્યાય હોય કે નહીં? તે ગુણની પર્યાય એટલે એ જ્ઞાનનો જે પર્યાય છે એને સવિકલ્પ કહે છે. સવિકલ્પ કેમ? કે સ્વ-પરને જાણે છે માટે. રાગ છે માટે સવિકલ્પ એમ નહીં. અને જે દર્શન છે એનું પરિણમન થાય ચક્ષુ, અચક્ષુ, અવધિ દર્શનરૂપે એ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એટલે પોતાની અસ્તિત્વતા ધરાવે છે. પણ એ નથી જાણતું પોતાને નથી જાણતું પરને. એ અપેક્ષાએ ચાર ઉપયોગને નિર્વિકલ્પ કહેવામાં આવ્યો છે. રાગ રહિત છે માટે નિર્વિકલ્પ એ અત્યારે અહીં વાત નથી. ભારે વાત ભાઈ!

આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો મોટો ગોટો છે ને? આ વાત વીતરાગ માર્ગ સીવાય કયાંય બીજે નથી. વીતરાગ માર્ગમાં પણ અત્યારે તો ગોટો ઉઠયો છે. સમજાણું કાંઈ? લ્યો, ચીમનભાઈ આવ્યા છે ત્યાં? પાછળ બેઠા છે કહો, સમજાણું આમાં? **જ્ઞાન ઉપયોગના ભેદોમાંથી માત્ર કેવળજ્ઞાન જ શુદ્ધ હોવાથી સકળ છે.** છે ને ઓલામાં? સકળ શુદ્ધતા અશુદ્ધતાને લીધે સકળતા. સકળતા એટલે કેવળજ્ઞાન ને કેવળદર્શન એને સકળ કહેવામાં આવે છે. સકળ એટલે કે અખંડ, સકળ એટલે કે આખું, સકળ એટલે પરિપૂર્ણ. આહા! ભગવાન આત્મા કેવળજ્ઞાનપણે પરિણમે એ ચૈતન્યને અનુસરીને છે. કેવળજ્ઞાન કાંઈ વજ્રનારાચસંહનન છે અને માટે કેવળજ્ઞાન થાય છે? મનુષ્યદેહ છે માટે થાય છે? તો કહે ના. એ તો અંતર ભગવાનઆત્મામાં કેવળ એકલો જ્ઞાન ગુણ પડયો છે એને અનુસરીને પરિણામ થાય તેને કેવળજ્ઞાન સવિકલ્પ સકળ અખંડ પરિપૂર્ણ કહેવામાં આવે છે.

સકળ એટલે અંદર આવ્યું ને. અખંડ પરિપૂર્ણ. સકળ આખું. સકળ એટલે આખું. સકળ નથી કહેતાં? સકળ માણસો આવ્યા. સકળ સંઘ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પરિપૂર્ણ પર્યાય પ્રગટ થઈ. ખૂબી તો એ કહે છે કે એ કેવળજ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય એ કાંઈ વિકલ્પ હતો માટે થઈ એમ નહીં, વજ્રનારાચસંહન ને મનુષ્યદેહ હતો માટે નહીં. પણ ચારજ્ઞાનની પૂર્વની પર્યાય હતી માટે કેવળજ્ઞાન થયું એમ નહીં. એ કેવળજ્ઞાન ચૈતન્યને અનુસરીને થનારો કેવળજ્ઞાન સકળ અખંડ પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? હિંમતભાઈ! આ તો સમજાય એવું છે ભાષા તો બહુ સાદી આવે છે. હા. સકળ એટલે કેવળજ્ઞાન શુદ્ધ. સમજાય છે? અખંડ પરિપૂર્ણ છે.

કેવળજ્ઞાનના પરિણામ એ પરિણામ છે. કેવળજ્ઞાન એ પરિણામ છે. કેવળજ્ઞાન એ ત્રિકાળીગુણ નથી. એ કેવળજ્ઞાન એક સમયમાં રહે છે. બીજે સમયે કેવળજ્ઞાન બીજું, ત્રીજે સમયે કેવળજ્ઞાન ત્રીજું. પણ એ કેવળજ્ઞાન પૂર્વની પર્યાયમાં છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે. એ પૂર્વપર્યાય કેવળજ્ઞાનનો હતો માટે બીજી પર્યાયમાં કેવળજ્ઞાન થાય છે એમ નથી. અંદર દ્રવ્ય અને જ્ઞાનગુણને અનુસરીને સકળ અખંડ પરિપૂર્ણ કેવળજ્ઞાન પરિણામ થાય છે. આહાહા! સમજાણું કે નહીં?

આમ તો ઘણાં સિદ્ધાંત સ્પષ્ટ કર્યા છે. નિમિત્તથી થાય ને રાગથી થાય ને આ પૂર્વની પર્યાય ચાલે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે માટે થાય ને, બધી વાત અહીં ઉડાવી દીધી છે. મોક્ષમાર્ગની પર્યાય છે તો મોક્ષ થાય. હા, કારણ કહેવાય છે કે નહીં? મોક્ષમાર્ગ કહેવાય કે નહીં? તો મોક્ષમાર્ગ કારણ છે અને કેવળજ્ઞાન તે કાર્ય છે. અહીં ના પાડે છે. એ તો વ્યવહારની વાત કરી. મોક્ષમાર્ગ જે છે આત્માની શુદ્ધ શ્રદ્ધા સમ્યગ્દર્શન,સમ્યક્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર. એ માર્ગ છે માટે કેવળજ્ઞાનરૂપી મોક્ષ દશા થાય છે એમ નથી. એ મોક્ષની જે કેવળ દશા છે એ ચૈતન્યને અનુસરીને અનુવિધાયી પરિણામના કેવળ જ્ઞાન પરિણામ છે. સમજાય છે કે નહીં આમાં?

એ સ્વતંત્ર પર્યાય ચૈતન્યને અનુસરીને થાય છે. પૂર્વની પર્યાયને લઈને નહીં નિમિત્તને લઈને તો નહીં, વિકલ્પને લઈને નિમિત્તને લઈને તો નહીં. આહા! આવું એનું સ્વરૂપ છે એ રીતે એને દ્રવ્ય-ગુણ-પર્યાય શ્રદ્ધામાં બરાબર ન આવે અને વિપરીતતા કયાંય માને તો એનું મિથ્યાદર્શન શલ્ય જાય નહીં. સમજાણું કાંઈ? સકળનું આવ્યું.

**અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ (ખંડિત અપૂર્ણ) છે.** કોણ અશુદ્ધ? મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય એ ચાર છે તે અશુદ્ધ છે, વિકળ છે, ખંડિત છે ને અપૂર્ણ છે. એ પણ ભલે ખંડિત હો, અશુદ્ધ હો. સમજાય છે? પણ એ થાય છે ચૈતન્યને અનુસરીને. પરને અનુસરીને કોઈએ મિથ્યા શ્રદ્ધા કરાવી માટે ત્યાં મિથ્યાજ્ઞાન થાય છે એમ નથી. ભગવાનલાલ શેઠ બહુ બોલે છે. શું કરીએ પણ અમને એવું અત્યાર સુધી મળ્યું નહોતું. એ તો એમ કહે છે. તમારી લાયકાત પણ એવી (હતી તો ) તમારે લઈને થયું છે કે કોઈકને લઈને થયું છે? ભગવાનલાલ છે ને શોભાલાલ આજ ગયા. એના મોટાભાઈ મુખ્ય છે ને ત્યાં તો એ બુંદેલખંડના બાદશાહ કહેવાય છે. મોટા આબરૂદાર. એ તો વારંવાર કહે કે અત્યાર સુધી અમને એ મળ્યું. ઉદાર તરીકે પૈસા બહુ ખર્ચેલા. એ ઉદારતા નહીં. અહીં અંતરમાં જે જ્ઞાનનો પ્રવાહ વહે તેને ઉદારતા કહે છે.

ભગવાન આત્મા આનંદમૂર્તિ એની જ્ઞાનની પર્યાયમાં એકાગ્ર થઈ અને પ્રવાહ પ્રગટે એ જ્ઞાનની ઉદારતા છે. પૈસા-બૈસાની ઉદારતા તો અભવી પણ અનંતવાર (કરે છે ) રાગને મંદ પાડે તો લોકમાં ઉદારતા કહેવાય. ઉદારતા પાછળ પાછી કંજુસાઈ આવે એ ઉદારતા કહેવાય? આપણે સમયસારમાં આવી ગયું હતું. ધીર, ઉદાર, નિરૂપધિ ત્રણ બોલ આવ્યા હતા ને? ભગવાન આત્માનું જ્ઞાન સર્વજ્ઞપદ પર્યાય ધીર છે, ઉદાર છે. એ પર્યાય પ્રવાહ હાલ્યા જ કરે હાલ્યા જ કરે. અંદર ચૈતન્યનું પૂર છે એનો પ્રવાહ અવસ્થા ચાલ્યા જ કરે છે. ખૂટે નહીં. એ પ્રવાહ એક સમયમાં પૂરી પર્યાય, બીજે સમયે પૂરી, ત્રીજે સમયે પૂરી. એવી પર્યાય જ્ઞાનને અનુસરીને થયા જ કરે એવો આત્મા ઉદાર જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? આમાં પરને લઈને આત્માનું થાય ને આત્મા પરનું કાંઈ કરે એ વાતની વાતને તો છોડી દીધી. એ તો વાત પરનું પ્રકુર્વન્તિ નહીં. પોતાના ઉત્પાદ વ્યયને કરે. પરનું બધું ઉડાડી દીધું. હા, શરીર વાણીનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંચાલક કોઈ હોય તો હાલે કે એમને એમ હાલતું હશે. શ્રીમદ્ પણ કહે છે નહીં? હોય ન ચેતન પ્રેરણા કોણ ગ્રહે સો કર્મ. એ તો વળી ત્યાં બીજું. ચૈતન્યની સત્તા વડે ચિત્ત પ્રવર્તે જાણ. આવે છે કે નહીં? આવે એ તો નિમિત્તથી કથન છે. પ્રવૃત્તિ કોણ કરે.

એક પરમાણુ પણ આમ ચાલે કે સ્થિર રહે એ આત્માનું બિલકુલ કાર્ય નથી. અજ્ઞાની દૃષ્ટિમાં મિથ્યા ભ્રમણાને લઈને મૂઢતાને સેવતો જડની પર્યાય હું કરું છું (એમ) માને છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનની સામે આમ ભગવાનને સ્તુતિ કરે. આ હાથ જોડવાની ક્રિયા મેં કરી છે મારાથી થઈ છે (એમ માને એ) બિલકુલ ભ્રમણા ને અજ્ઞાન છે. મિથ્યાત્વને મહા અસત એ જૂઠા બોલો જૂઠા ભાવને સેવે છે. સમજાણું કાંઈ? અમારા ગામમાં જૂઠાબોલા છે એક. જૂઠા બોલા બીડીયુંવાળા. જૂઠાબોલા હતા ભગવાનભાઈ! અટક-પ્રાગજીભાઈ મુળજીભાઈ-મુળચંદ. આ કહે છે કે જૂઠાબોલા! તારી ઓળખ જૂઠાબોલાની થઈ ગઈ છે. કહે કે મેં હાથ જોડયા ને? મેં હાથ આમ કર્યા ને? બાપુ તેં કર્યા તું તો તારી દશામાં છો. તારી સત્તામાં એ સત્તા અહીં આવી ગઈ છે કે આને આમ કરે? મધુભાઈ શું હશે આ? વકીલ છે ને એટલે. કહો, સમજાણું કાંઈ? ઓહોહો!

ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગો. ગજબ કામ કર્યું છે. ભાઈ! તારી જ્ઞાનની પાંચ પર્યાય મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચાર પર્યાયો પણ તારે ચૈતન્યગુણને અનુસરીને થઈ છે. ભલે અશુદ્ધ છે. ભલે અધુરી છે. ભલે વિકળ છે, ભલે ખંડ છે પણ છે તો તારી પર્યાય તારાથી થયેલી છે. ત્યાં મતિજ્ઞાનનું જોર છે માટે ખંડ પડયો, મતિજ્ઞાન ઓછું થયું છે એમ નથી. સમજાણું કાંઈ? ભુદરજીભાઈ! ભારે કામ ભાઈ!

**અને બીજા બધા અશુદ્ધ હોવાથી વિકળ (ખંડિત, અપૂર્ણ) છે. દર્શનોપયોગના ભેદોમાંથી માત્ર કેવળદર્શન જ શુદ્ધ હોવાથી સકળ છે.** કીધું ને ઓલામાં. સકળતા, વિકળતા ધરતો, સકળતામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન, વિકળતામાં ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ત્રણ દર્શન. ચાર જ્ઞાન ત્રણ અજ્ઞાન એ અધુરું છે ને વિકળતા એ અધુરું છે ને? અને ત્રણદર્શન. બે પ્રકારનો ઉપયોગ છે. કેટલું ભર્યું છે આમાં. ઓહોહો! ભારે વાત બાપા.

ભઈ! આપણે ધર્મ કરીએ તો ધર્મનું ફળ કેવળજ્ઞાન આવે. એ અહીં ના પાડે છે. ધર્મના પરિણામ શુદ્ધચેતનાની અનુભૂતિ એ પણ તારા જ્ઞાનની અનુભૂતિના પરિણામ તે તારાથી તે કાળે તે થયા. હવે એનું ફળ કેવળજ્ઞાન થયું તે એને લઈને થયું એમ નથી એમ કહે છે. એ કેવળજ્ઞાન પણ ચૈતન્યને અનુસરીને થયેલાં પરિણામ સકળ અખંડ એક પૂરણ એ કેવળજ્ઞાનના પરિણામ તારા જ્ઞાનને, ગુણને અનુસરીને થયેલાં છે. પૂર્વની પર્યાયને અનુસરીને નહીં.

લોકોને દ્રવ્યગુણપર્યાય શું છે એ ખબર નથી એટલે આ બધા ગોટા વાળી નાખ્યા. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને એમાં પણ પર્યાયમાં ઓલા અશુદ્ધ પહેલાં કીધા. કાર્ય અનુભૂતિ ને કર્મફળ અનુભૂતિ. દયા, દાન, ભકિત, વ્રત, તપ (વગેરે) રાગનો વિકલ્પ ઊઠે છે. અપવાસ કરવો એ બધો વિકલ્પ છે. એ કાર્ય કર્મચેતના છે. એ ધર્મચેતના નહીં. હવે અહીં અપવાસ કર્યો ને ધર્મ થઈ ગયો. અપવાસમાં કર્યું શું? તારી પર્યાયમાં શું થયું? આહાર પાણી એ રજકણો ન આવ્યા એ તો પરમાણું ન આવ્યા. તારી દશામાં શું થયું? એ વિકલ્પ થયો કે મારે આહાર પાણી કરવા નથી. શુભ હોય તો એ તો વિકલ્પ થયો રાગ થયો. સમજાય છે? એ શુભ રાગ છે. એ કાંઈ આત્માનો અનુભૂતિનો સ્વભાવ નથી. રાગ ભાવ થયો. રાગથી તને નિર્જરા થઈ જાય? રાગથી તો બંધ થાય. એને ઠેકાણે તું (એમ કહે) કે રાગથી ને આ ક્રિયાથી મને નિર્જરા થઈ. (તો તારી) દૃષ્ટિમાં મોટી વિપરીતતા પડી છે.

(મુમુક્ષુઃ- આહાર ન લેવો એ) એ વિકલ્પ છે. એ પણ વિકલ્પ છે. અણાહારક સ્વભાવ છે તે પ્રમાણે અંદરથી પરિણમન થાય એ તો આત્માની દશા છે. ભારે કામ ભાઈ! કહો, આ અનશન કરે છે ને સંથારો. સાંભળો, સાંભળો. કે ભઈ આહાર છોડી દીધો, અનશન કર્યો. તે તારી પર્યાયમાં કર્યું શું? એ આહાર પાણી તો તારી પાસે નહોતા જ આવવાના. એમાં તેં કીધું કે મેં છોડયા. એ મિથ્યાદર્શનનું શલ્ય છે. અને કદાચિત્ તેમને શુભ વિકલ્પ આવ્યો કે આ અનશન કરું છું. હવે જાવ્વજીવ મારે આહાર ખપતો નથી તે વિકલ્પ આવ્યો એ રાગ છે એનાથી સંથારો માન્યો મેં ધર્મ કર્યો મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાદર્શનના મહાપાપને વળગ્યો છે. મિંદડું કાઢતા ઊંટડું પેઠું એવું છે. એટલે સમજાણું કાંઈ? મિંદડું કાઢતા ઊંટડું પેઠું .નહોતું સાંભળ્યું? એક ફેરે દાખલો આપ્યો'તો ને? એક ફેરે દાખલો આપ્યો'તો સાંભળ્યો છે કે નહીં? હિંમતભાઈ! આવડે છે? ઠીક. ના પણ સાંભળ્યું છે કે નહીં? સમજાણું?

એક હતી ડોશી. ડોશી હતી એકલી. પછી ઘરમાં પાછળ વાડો હશે વાડો. વાડાનો ઓલો શું કહેવાય? ઝાંપો. ઝાંપો હતો રાઠાનો કાંટાનો એમાં એક મીંદડું અંદર વાડામાં મરી ગયું. ઊઘાડો નહીં. ઊઘાડો કયાંથી હોય? મીંદડું મરી ગયું. બંધ હોય તો પણ ઉપરથી મીંદડું જાય. મીંદડું તો અંદર મરી ગયું. હવે ડોશી કહે હરીજનને કહેશું તો પાંચ શેર જુવાર ને પાંચ શેર બાજરો માંગશે. લાવને હું જ ઉપાડી લઉં. ચુલામાંથી ટોપલામાં રાખ કાઢી અને એકકોર ખાનગીમાં જઈને મિંદડું નાખ્યું અને ઝાંપો ખુલ્લો રાખ્યો. ઝાંપો બંધ હોય ને તો ઝાંપો ખુલ્લો રહી ગયો અને બહાર નાખવા ગયા તો એટલામાં એક ઊંટડું ફરતું'તું. ઊંટડાને મરવાની તૈયારી તે ઊંટડું અંદર ગરી ગયું. અહીં જયાં નાખવા ગયા ત્યાં ઊંટડું આવ્યું. એ જયાં આવી ત્યાં ઊંટડું પડીને મરી ગયું. હવે શું કરવું આ કાંઈ ટોપલામાં નાખીને નખાય એવું નથી. હવે પાંચ શેર જુવાર ને બદલે ચાર મણ જુવાર દેવી પડશે. સમજાણું કાંઈ? મૂંઝાણી અંતે હરિજનને બોલાવવા પડયા કે બાપુ આ ઊંટડું મરી ગયું છે.

એમ અજ્ઞાની અનાદિથી (એમ માને છે કે ) મેં આહાર છોડયો એવો જે વિકલ્પ હતો એ તો એકલું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મિંદડું મરી ગયું'તું. પણ એણે પોતાનો ધર્મ માન્યો કે મને નિર્જરા થઇ ત્યાં મિથ્યાત્વનું ઊંટડું પેઠું. સમજાણું કાંઇ? વિકલ્પમાંય મરી તો ગયો'તો. એમાં મીંદડું મરી ગયું'તું. આહાહા! વસ્તુ કોણ છે એની ખબર ન મળે જયાં નજર નાંખતા નિધાન પડયું છે એની નજરની ખબર ન મળે. અને આ છોડયું ને મૂકયું ને સંથારા કર્યા ને મહિનો હાલ્યું પંદર દિ' હાલ્યું ને સમાધિ મરણ થયું. ધૂળેય નથી હવે અજ્ઞાન મરણ થયું સાંભળને? અને ઓલો સંસારમાં ભિખારી જેવો રહ્યો એક દિ'ના રોટલા છોડી શકે નહીં અને બીજાએ પંદર દિ'ના છોડયા એટલે, ઓહોહોહો! એણે ધર્મ કર્યો. ધૂળેય નથી થયો હવે સાંભળને? તને કે દિ' ભાન છે. એય જેઠાલાલભાઇ!

અહીં તો ભગવાનઆત્મા આનંદનો કંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. એમાં નજર નાંખતા વિકલ્પ ઊઠે નહીં અને સ્વરૂપમાં આનંદની છોડ ઉઠે એવી દશામાં મરણ થાય તેને અનશન ને સંથારો કહે છે. આહાહા! આ તો અંદર આકુળતાનો પાર ન હોય અને પછી પરાણે કહે, કે મરવા દે હવે. ભઇ! નહીંતર આ પ્રતિજ્ઞા લીધી તો શું કરવું હવે. સમજાણું? આકુળતા થાય કારણકે વસ્તુની દૃષ્ટિની ખબર નથી. આત્મા જ્ઞાયકમૂર્તિ છે એમાં અનુભવની પ્રતીત કરવી એ તો ખબર ન મળે. કાં તો (કહે) રાગ-દ્વેષ છોડો, રાગ-દ્વેષ છોડો. ક્રોધ, માન, માયા, લોભ ઘટાડો. પણ ક્રોધ, માન, માયા ઘટાડે કોણ? ક્રોધ, માન, માયા, લોભ જેનામાં નથી એવી દૃષ્ટિ થયા વિના ક્રોધ માન માયા ઘટે શી રીતે? સમજાય છે કાંઇ? રાગદ્વેષ ઘટાડો, રાગદ્વેષ ઘટાડો, ભગવાનનો ધર્મ રાગદ્વેષ ઘટાડવાનો છે. હવે પણ સાંભળ તો ખરો? રાગદ્વેષ ઘટાડવો એટલે શું? ઓછા કરવા. ઓછા કોણ કરે? (શ્રોતાઃ-આત્મા કરે) આત્મા કોણ છે એની એને ખબર છે? આત્મામાં રાગ-દ્વેષ નથી એવી દૃષ્ટિ થયા વિના રાગ-દ્વેષ ઘટી શકે નહીં ને રાગ-દ્વેષ ટળી શકે નહીં. રાગ-દ્વેષ ઘટાડયાના અભિમાન થાય. ન્યાય સમજાય છે કાંઇ? ઘટાડવાનો અર્થ એ થયો કે તે આત્મામાં રાગ રહી શકે એવો નથી. એટલે પહેલી દૃષ્ટિ રાગ ને વિકલ્પ વિનાનો આત્મા છે એવું સમ્યગ્દર્શન ન થાય, તો તેના રાગ-દ્વેષ ઘટાડવા બટાડવાની વાતું બધી મિથ્યાત્વની છે. સમજાણું કાંઇ?

તેં ભારે આકરું કામ કરી મૂકયું. આવું બધા માણસો કરી શકે નહીં. આ કર્યા વિના ધર્મ થાય નહીં. સાંભળને હવે? મરી જાય ને સૂકાઇ જાય તોય (તેમાં ધર્મ નથી) ધર્મ તે આત્માનો સ્વભાવ છે કે ધર્મ કોઇ વિકલ્પ ને રાગ છે? એ કહે છે જુઓ. સમજાણું? દર્શન ઉપયોગમાં કેવળદર્શન તે જ એક સકળ ને શુદ્ધ છે.બાકી ચક્ષુ, અચક્ષુ ને અવધિદર્શન એ અપૂર્ણ ખંડ ને અશુદ્ધ છે. એવું એણે જ્ઞાન કરવું જોઇએ. આહાહા! આમાં બહુ સમાડયું. એક તો લીટી તો ચાર છે. હેં? આખા વીતરાગદર્શનની સ્થિતિ શું છે? અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેણે ધર્મ કહ્યો અને જેણે અધર્મ સમજાવ્યો. બધું આમાં સમાઇ જાય છે લ્યો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા પૂર્ણ દ્રવ્ય છે. પૂર્ણ શુદ્ધ અખંડાનંદ પ્રભુ આત્મા છે. એની અંતર્મુખ દૃષ્ટિ થઈ અને રાગના વિકલ્પથી ભિન્ન પડી અને સમ્યક્ ચૈતન્યનો અનુભવ થાય, આ એને ભગવાન ધર્મ ને મોક્ષનો માર્ગ કહે છે. બાકી આ ક્રિયાકાંડમાં આ મૂક્યું ને લીધું એવો (જે) વિકલ્પ છે એ તો અધર્મ ને પાપ છે. સમજાણું કાંઈ? વ્યવહારની અપેક્ષાએ, તીવ્ર પાપની અપેક્ષાએ શુભભાવને પુણ્ય કહે. નિશ્ચયની અપેક્ષાએ તો આત્માની શાંતિથી વિરૂધ્ધ છે માટે તેને પુણ્યને પણ પાપ કહે છે. આહાહા! ભારે વાત આકરી. કીધું ને? કે કાર્યાનુભૂતિ એ મહાવ્રતના પરિણામ પંચમહાવ્રતના પરિણામના વિકલ્પ એ કાર્યાનુભૂતિ છે.સમજાણું કાંઈ?

એ તો રાગ છે. પર સન્મુખની વિકલ્પની વૃતિ ઊઠી છે. એને તું ધર્મ માન, રાગને ધર્મ માન્યો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું મોટું શલ્ય પડયું છે. અને માન્યું કે મેં કાંઈક ધર્મ કર્યો. બીજાએ કર્યું લ્યો ને? બીજો કહે, આહાહા! કેટલો ત્યાગ કર્યો છે. શેનો? સમકિતનો અને મિથ્યાત્વ ગ્રહણ કર્યું. મેં આહાર છોડયો, બે મહિનાના સંથારા કર્યા. એવો જે પરને છોડવાનો ભાવ તે મિથ્યાત્વભાવ છે.કારણ કે પર કે દિ' ગ્રહ્યું છે કે છોડે? સમજાણું કાંઈ?

રાગનો વિકલ્પ પણ આત્મામાં નથી પછી છોડવો કોને? આહાહાહા! અહીં તો વર્તમાન રાગનો જે વિકલ્પ છે એની અનુભૂતિને કાર્યચેતના કહે છે. અને તેના ફળમાં હરખ શોક આવે (તો કહે છે) આહાહાહા! આ ધર્મમાં ભારે આનંદ આવ્યો હોં! છે ને ઓલો રાગમાં? એ પણ કર્માનુભૂતિ કર્મફળની અનુભૂતિ છે એ અશુધ્ધચેતના છે. અધર્મચેતના છે. અધર્મચેતના સંસારચેતના છે. એ સંસારની પર્યાયમાં ઊભો છે. બાયડી છોકરા છોડીને નગ્ન બાવો થયો તો પણ સંસારની પર્યાયમાં ઊભો છે એમ કહે છે. આહાહા! આકરું કામ છે એય! (મુમુક્ષુઃ- ચક્રવર્તીએ તો ઘરબાર છોડયા છે) કોણે ઘરબાર છોડયા છે? છોડયા જ નથી. કયાં તેની પર્યાયમાં સંસાર ઘરી ગયો'તો? બાયડી છોકરા શું એની પર્યાયમાં હતા? પર્યાયમાં નહતા તો છોડે કોને? તેની પર્યાયમાં તો મિથ્યાત્વ ને રાગદ્વેષ હતા. તો સમ્યક્દર્શનના (વિષયનો) આશ્રય કરીને સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ છૂટી ગયું. સ્વરૂપની સ્થિરતા કરીને રાગ-દ્વેષ છૂટી ગયા.તે છૂટી ગયા તેને પણ ત્યાગ્યા નથી. આહાહા! એવો માર્ગ છે એવો માર્ગ.

વીતરાગનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. આ તો ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર અનંત તીર્થંકરો થયા. વર્તમાનમાં લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકર તરીકે તો વીસ છે. અનંત તીર્થંકરો ને અનંત કેવળીઓ થશે. ત્રણકાળમાં વીતરાગનો માર્ગ તો આ છે. આહાહાહા! સમજાણું કાંઈ?

પછી કીધું બાર ઉપયોગ. ઓલા કાર્યને શુધ્ધચેતના લીધું ને ઉપયોગ થાય છે ને? એને સમ્યક્ મતિજ્ઞાન ઉત્પન્ન થાય (તે) કોને લઈને થાય? કે તારા ચૈતન્યનું લક્ષ કરીને અનુભૂતિથી થાય. મતિજ્ઞાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યને અનુસરીને થાય. શ્રુતજ્ઞાન વાંચવાથી ભણવાથી પાના પુસ્તકથી થાય? ના, ન્યાં કયાં આમાં જ્ઞાન હતું. આ તો જડ છે. એય! તો શ્રુતજ્ઞાન કયાંથી થાય? શ્રુતમાં એવો શબ્દ પડયો છે કે સાંભળવાથી થાય. શ્રુત આવે છે ને? સાંભળવું. ના, ભગવાન તને તારી ખબર નથી. તારી ખાણમાં મહાજ્ઞાનની શકિત અપાર પડી છે. એનું લક્ષ કરતાં એમાંથી શ્રુતજ્ઞાનનો પ્રવાહ વહે એ ચૈતન્ય અનુવિધાયી ઉપયોગ છે. એ પરિણામ પરથી થાય છે એમ નથી.

હવે એક જણો એમ કહેતો હતો કે, પરિણામ પરથી થાય તો એને પરિણામ કહીએ. પરેણ જાય તે પરિણામ. એય! અહીંની વાત નીકળ્યા પછી તો ભારે ગરબડ ગરબડ ચાલી છે. હેં? પરેણ જાય તે પરિણામ. આચાર્યો એમ કહે છે. ઓલો કહી ગયો'તો ને? ઓલો કેવો કર્માનંદ, કર્માનંદ હતો ને આયુષ્ય... જૈન હારે ચર્ચા થતાં થતાં જૈન થઈ ગયો. આબરું માટે માન માટે અહીં માન મળશે છેવટે ક્ષુલ્લક થઈ ગયો, ક્ષુલ્લક. એક લંગોટી ને ભણેલો બહુ આર્યસમાજમાં એમાં કાંઈ માન મળ્યું નહીં. કોઈએ એના પ્રમાણમાં માન આપ્યું નહીં. છતાં એણે એમ લખ્યું કે પરેણ જાય તે પર્યાય. નહીતર આચાર્યો જૂઠા પડે એમ લખ્યું છે. લે? આપણે અહીં ચોપડી છે. છે ને એમ લખ્યું છે. પરેણ જાય તે પરિણામ છે ને પર્યાય છે ને પર્યાય છે ને? મતિશ્રુતજ્ઞાન આદિ પર્યાય છે ને? તો પરેણ જાય તે પર્યાય. અરે કોણે તને આવું ઊંધું કહ્યું? આત્માના અંદર સ્વરૂપમાં ભરેલી શકિતનો ભંડાર છે, તેને આશ્રયે થતાં પરિણામ તેને પર્યાય ને પરિણામ કહેવામાં આવે છે. આહાહા!

જે શાસ્ત્ર સ્વસન્મુખતાનું ન કહે અને પર સન્મુખતાથી કંઈ કહે તે શાસ્ત્ર નહીં. કોઈપણ સિધ્ધાંત શાસ્ત્ર નામ આપે અને પરસન્મુખથી તને કંઈ કલ્યાણ થશે, પરસન્મુખની વૃતિ તે શાસ્ત્ર નહીં. કારણ કે પરસન્મુખ થવામાં તો શુભ-અશુભ રાગ થશે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હશે તો શુભ થશે અને સ્ત્રી કુટુંબ હશે તો અશુભ થશે.પરદ્રવ્યના અનુસારે તો રાગ થશે. એનાથી ધર્મ છે નહીં. સ્વદ્રવ્યને અનુસારે ધર્મ છે.ચૈતન્યભગવાન વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ છે એના સન્મુખ થઈને ભાવ થાય એવું જે બતાવે તે વીતરાગના શાસ્ત્ર છે. સમજાણું કાંઈ?

અહીં તો અશુધ્ધ ઉપયોગ કીધો તો પણ ચૈતન્યને અનુસરીને કીધો. હેં? તારી પર્યાય છે ને તારી પર્યાય તારાથી થાય છે. આહાહા! બે પ્રકારનો ઉપયોગ. જીવના ગુણો શુધ્ધ અશુધ્ધચેતના એ પહેલાં કીધું. શુધ્ધચેતના કીધું અને બે પ્રકારના ઉપયોગ. એ પછીની વાત કીધી. કહો, આમાં તો સમજાય છે કે નહીં? આ તો બહુ સહેલું છે. આમાં સાદી ભાષા છે, સાદા ભાવ છે. આમાં કોઈ સંસ્કૃત વ્યાકરણ બહુ ભણેલો હોય તો સમજાય એવું કાંઈ છે નહીં. વીતરાગનું કહેલું તત્ત્વ સત્ છે, સરળ છે, સહજ છે. સમજાય છે? એની પ્રાપ્તિ પણ સહજ છે. શ્રીમદ્ એમ કહ્યું છે પણ એ સાંભળવું ને સત સમાગમ મળવો એ મહા દુર્લભ છે. સત્ત મળવા દુર્લભ છે એમ કહે છે. એટલે જેવું સત્ત છે એવું સાંભળીને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંદરમાં જવું એ સત્ત દુર્લભ છે. આહાહા!

જોવો એ સોળમી ગાથા. એક રહી ગઈ બીજી ઓલી પર્યાયની બે. આ તો ઓલા સોળમાના બે પદની વ્યાખ્યા થઈ. એ સોળમાના બે પદની વ્યાખ્યા થઈ. **'ભાવા જીવાદીયા જીવગુણા ચેદણા ય ઉવયોગો'** લ્યો હવે બે પદ રહી ગયા. **જીવના પર્યાયો આ પ્રમાણે છે : એક તો અગુરુલઘુગુણની હાનિવૃધ્ધિથી રચાતા પર્યાયો શુધ્ધ પર્યાયો છે.** એ પાઠમાં નથી પણ એમાંથી કાઢયા છે. અનેકભિયા ભલે હોય પણ અનેકભિયા તો ઓલા શુભ નરક ને એને અનેકભિયા કીધા છે. સમજાણું કાંઈ? અનેકભિયા શબ્દ પડયો છે ને અનેકભિયા કાંઈ ગુરુલોક બતાવવા માટે નથી. 'પજ્જયાબહુગા' છે ને? પજજયાબહુગા એ તો સુરતારક તિર્યંચને બતાવવા. એટલે અંદરમાં દરેક દ્રવ્યમાં, દાખલો છે જીવનો પણ દરેક દ્રવ્યમાં **'અગુરુલઘુગુણની હાનિવૃધ્ધિથી રચાતા પર્યાયો શુધ્ધ છે.'** દરેક ગુણમાં દરેક દ્રવ્યમાં પ્રત્યેક સમયે હાનિવૃધ્ધિ સ્વભાવની ભગવાને દીઠી છે એવી, એવા પર્યાયોને શુધ્ધ પર્યાયો કહે છે.

અને આ સૂત્રમાં આ ગાથામાં કહેલાં જુઓ. ભાષા છે ને, છે ને. દેવ. દેવપણું એટલે આ દેહ નહીં હો! દેવની પર્યાય જે છે. એ દેવનો ભાવ દેવપણું એને પર્યાય કહે છે. વ્યંજન પર્યાય વિકારી પર્યાય. દેવ, નારક નીચે નારકી, દેહ નહીં. અંદર નારકીનો ભાવ નરકપણું છે એ ગતિ. તિર્યંચ-નિગોદના જીવો કે પંચેન્દ્રિય પશુ આદિ બે ઈન્દ્રિય કે ત્રણ ઈન્દ્રિય આદિ બધા એને જે અંદર તિર્યંચપણું છે, જુઓને બધાના શરીર તીરછા થઈ ગયા છે ને? પશુના શરીર આમ આડા થઈ ગયા છે આડા-તીરછા. એની તિર્યંચની જે પર્યાય છે એ વ્યંજન પર્યાય અશુધ્ધ પર્યાય એ સ્વતંત્ર છે એમ કહે છે. એ પર્યાય કોઈ કર્મને લઈને થાય છે (એમ છે નહીં). દેવમાં ગયો તો દેવગતિનો ઉદય થયો માટે ત્યાં દેવની પર્યાય ઉદય થઈ એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યના સંબંધથી રચાતા હોવાથી અશુધ્ધ પર્યાયો છે.'** એમાં પરદ્રવ્યનું લક્ષ નિમિત્ત છે ને? એથી. છે તો પોતાની પર્યાય. તેથી તે ચારગતિની પર્યાય અશુધ્ધ છે. પણ છે પોતાને લઈને. પરદ્રવ્યના સંબંધથી રચાતા. નિમિત્તથી રચાતા નૈમિતિક પણ પોતે નૈમિતિક રચ્યા છે.સમજાણું કાંઈ? નિમિત્ત છે માટે રચાણા છે એમ નહીં. એવી ચાર પર્યાય પણ તારાથી તારામાં છે. એને અશુધ્ધ દશા કહેવામાં આવે છે. દ્રવ્યગુણ ને પર્યાય ત્રણેનું પયાર્થ સ્વરૂપ શું છે એ આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૧૭

**मणुसत्तणेण णट्ठो देही देवो हवेदि इदरो वा ।**
**उभयत्थ जीवभावो ण णस्सदि ण जायदे अण्णो ॥ १७ ॥**

मनुष्यत्वेन नष्टो देही देवो भवतीतरो वा ।
उभयत्र जीवभावो न नश्यति न जायतेऽन्य: ॥ १७ ॥

इदं भावनाशाभावत्पादनिषेधोदाहरणम् ।

प्रतिसमयसम्भवदगुरुलघुगुणहानिवृद्धिनिवृत्तस्वभावपर्यायसन्तत्यविच्छेदकेनैकेन सोपाधिना मनुष्यत्वलक्षणेन पर्यायेण विश्यति जीव:, तथाविधेन देवत्वलक्षणेन नारकतिर्यक्त्वलक्षणेन वान्येन पर्यायेणोत्पद्यते न च मनुष्यत्वेन नाशे जीवत्वेनापि नश्यति, देवत्वादिनोत्पादे जीवत्वेनाप्युत्पद्यते; किन्तु सदुच्छेदमसदुत्पादमन्तरेणैव तथा विवर्तत इति ॥ १७ ॥

મનુજત્વથી વ્યય પામીને દેવાદિ દેહી થાય છે;
ત્યાં જીવભાવ ન નાશ પામે, અન્ય નહિ ઉદ્ભવ લહે. ૧૭.

અન્વયાર્થ :- [मनुष्यत्वेन] મનુષ્યપણાથી [नष्ट:] નષ્ટ થયેલો [देही] દેહી (જીવ) [देव: वा इतर:] દેવ અથવા અન્ય [भवति] થાય છે; [उभयत्र] તે બન્નેમાં [जीवभाव:] જીવભાવ [न नश्यति] નષ્ટ થતો નથી અને [अन्य:] બીજો જીવભાવ [न जायते] ઉત્પન્ન થતો નથી.

ટીકા : 'ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી' તેનું આ ઉદાહરણ છે.

પ્રત્યેક સમયે થતી અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા સ્વભાવપર્યાયોની સંતતિનો વિચ્છેદ નહિ કરનારા એક સોપાધિક મનુષ્યત્વસ્વરૂપ પર્યાયથી જીવ વિનાશ પામે છે અને તથાવિધ (-સ્વભાવપર્યાયોના પ્રવાહને નહિ તોડનારા સોપાધિક) દેવત્વરૂપ, નારકત્વસ્વરૂપ કે તિર્યંચત્વસ્વરૂપ અન્ય પર્યાયથી ઊપજે છે. ત્યાં એમ નથી કે મનુષ્યપણાથી નાશ થતાં જીવપણાથી પણ નષ્ટ થાય છે અને દેવપણા વગેરેથી ઉત્પાદ થતાં જીવપણાથી પણ ઉત્પન્ન થાય છે, પરંતુ સત્‌ના ઉચ્છેદ અને અસત્‌ના ઉત્પાદ વિના જ તે પ્રમાણે વિવર્તન (-પરિવર્તન, પરિણમન) કરે છે. ૧૭.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૨૫, ગાથા-૧૭
# પ્રવચન નં. ૨૪
# તા.૮/૧૨/૬૯, કારતક વદ-૧૪, સોમવાર

**मणुसत्तणेण णट्ठो देही देवो हवेदि इदरो वा ।**
**उभयत्थ जीवभावो ण णस्सदि ण जायदे अण्णो ॥ १७ ॥**

**મનુજત્વથી વ્યય પામીને દેવાદિ દેહી થાય છે,**
**ત્યાં જીવભાવ ન નાશ પામે, અન્ય નહિ ઉદ્ભવ લહે. ૧૭.**

સ્વભાવ પર્યાયથી સંતતિનો વિચ્છેદ ન કરવાવાળી. શું? સમજાય છે કાંઈ? જીવનો એક સમયનો નિરંતર અગુરુલઘુ સમય છે. છે (તો) ષટ્ગુણહાનિવૃદ્ધિ. પણ એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એવા અનાદિ અનંત અગુરુલઘુ જે આ સ્વભાવ પર્યાયને તોડયા વિના વિચ્છેદ થયા વિના તેમાં મનુષ્ય આદિની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

**'વિચ્છેદ નહિ કરનારા એક સોપાધિક મનુષ્યત્વસ્વરૂપ પર્યાયથી જીવ'** ઉપાધિવાળો છે. મનુષ્યપણું ઉપાધિવાળું છે ને? કર્મના નિમિત્તની એ ઉપાધિ છે.મનુષ્યનો સ્વભાવ કે નિજસ્વભાવ એની અગુરુલઘુસ્વભાવ જેવો નિજસ્વભાવ છે. પર્યાય નિજસ્વભાવી છે. એવી મનુષ્ય આદિની પર્યાય નિજ સ્વભાવી નથી. એ તો વૈભાવિક છે. ઉપાધિક છે ઉપાધિક. **'એક સોપાધિક મનુષ્યત્વસ્વરૂપ પર્યાયથી'** મનુષ્યત્વ એટલે આ દેહ શરીરની વાત નથી. પણ મનુષ્યની ભાવ મનુષ્ય પર્યાય.મનુષ્યગતિ યોગ્ય પર્યાય. તેનાથી જીવ વિનાશને પ્રાપ્ત થાય છે.

જુઓ. મનુષ્યપણાની યોગ્યતાની પર્યાય છે તેનો નાશ થાય છે. **અને તથાવિધ (સ્વભાવપર્યાયોના પ્રવાહને નહિ તોડનારા સોપાધિક)** અગુરુલઘુસ્વભાવની પર્યાય કયારેય તૂટતી નથી. એ તો અનાદિ અનંત છે. 'સોપાધિક દેવત્વસ્વરૂપ' દેવની પર્યાય પણ સોપાધિક છે. દેવપણું શરીરની વાત નથી. દેવપણાની ગતિની પોતાની જે યોગ્યતા જીવમાં છે તેને વિનાશને પ્રાપ્ત થાય છે તથાવિધ સ્વભાવ પર્યાયોના પ્રવાહને ન તોડનારા દેવત્વસ્વરૂપ અન્ય પર્યાયથી ઉત્પન્ન થાય છે. ત્યાંથી લીધું છે ને મનુષ્ય? મનુષ્ય પર્યાયથી લીધું છે. અનાદિ અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિની પર્યાય પ્રવાહને નહિ તોડનારા, કહે છે કે એ પ્રવાહ તો એમ જ ચાલે છે. તેમાં મનુષ્યગતિની પર્યાયનો નાશ થાય છે અને દેવગતિની પર્યાયનો ઉત્પાદ થાય છે. છતાં જીવનો નાશ થાય છે અને જીવ ઉત્પન્ન થાય છે એવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોતું નથી. સમજાય છે કાંઈ?

બધું પલટી જાય તો પણ ધ્રુવ કાંઈ પલટતો નથી. એમ કહે છે. બધી ચીજ પલ્ટી જાય અને પર્યાય પણ પલ્ટી જાય તો પણ દ્રવ્યગુણ ને અગુરુલઘુપર્યાય કયારેય પલટતી નથી એમ કહે છે. એકરૂપ ધારા ચાલે છે.સમજાય છે કાંઈ? આખી દુનિયા સંયોગમાં પલ્ટી જાય અને તેમાં વિકારી મનુષ્ય આદિની પર્યાય પણ પલ્ટી જાય. ભગવાનઆત્મા દ્રવ્ય તરીકે, ગુણ તરીકે, અગુરુલઘુસ્વભાવ તરીકે ધારાવાહી ચાલે છે તેમાં કોઈ પલટવું કે વિપરીતતા થાય એવું છે નહીં. જુઓ, દ્રવ્યગુણપર્યાય આવી રીતે લીધા છે. સમજાય છે કાંઈ?

આત્મા આત્માપણે કાયમ રહીને તેના ગુણ પણ કાયમ રહીને અને તેની અગુરુલઘુસ્વભાવ પર્યાય પણ કાયમ એકધારાપણે રહીને મનુષ્ય પર્યાયનો નાશ થાય છે. દેવપર્યાયથી ઉત્પન્ન થાય છે. કોઈ નારકત્વસ્વરૂપ ઉત્પન્ન નથી થતાં. મનુષ્ય મરીને નરકમાં પણ જાય છે. મનુષ્યની પર્યાયનો નાશ થાય છે અને નારકીની પર્યાય ઉત્પન્ન થાય છે. તે ઉપાધિ સ્વરૂપ છે. **'તિર્યંચત્વસ્વરૂપ અન્ય પર્યાયથી ઉત્પન્ન થાય છે.'** તે તિર્યંચની પર્યાયથી પણ ઉત્પન્ન થાય છે. **'ત્યાં એમ નથી કે મનુષ્યપણાથી નાશ થતા'** મનુષ્યપણાની પર્યાયનો નાશ થવા છતાં પણ જીવનો નાશ થાય એમ છે નહીં. સમજાય છે કાંઈ?

જીવત્વથી પણ નષ્ટ થાય છે એમ નથી. જીવનો નાશ થયો? સમય સમયની મનુષ્યપણાની પર્યાય જયારે ઉત્પન્ન થઈ તો નાશ થયો, તો દેવની પર્યાયપણે ઉત્પન્ન થયો પણ નાશ થયો તો કાંઈ જીવ દ્રવ્ય નાશ થાય છે? જીવ તો એવો ને એવો છે. આહા! એવો ધ્રુવસ્વરૂપ ભગવાન તેની ઉપર દૃષ્ટિ કરવાથી નિશ્ચય સ્વભાવના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? ગતિ આદિના આશ્રયથી નહીં, એક સમયની અગુરુલઘુ પર્યાયના આશ્રયથી નહીં. જીવ છે છે છે છે. એવો ધ્રુવ કયારેય પલટતો નથી. સમજાય છે કાંઈ?

ઓલામાં દાખલો આપ્યો છે. કુમારપાળના વખતમાં એક વાત આવે છે ને? કુમારપાળને કહ્યું કે સાહેબ સેનાપતિ બદલી ગયા, નોકર બધા બદલી ગયા, બધું બદલી ગયું શું કરવું? (તે કહે) હું તો બદલ્યો નથી ને? સમજાય છે કાંઈ? જેની સાથે લડાઈ કરવાની છે તો સેનાપતિ બદલી ગયા છે. પોલીસ બદલી ગયા છે. બધા નોકર બદલી ગયા છે. શું કરવું? હું કુમારપાળ છું હું તો નથી બદલી ગયો ને? હું તો અનેરારૂપ નથી થયો ને? એમ બધું બદલી ગયું પણ આ ધ્રુવ બદલતો નથી. સમજાય છે કાંઈ? હું બદલ્યો નથી. હું જો ધ્રુવ છું તો હું તો બદલતો નથી. પર્યાય બદલે તો બદલો સમજાય છે કાંઈ? અને પર તો બદલે તો બદલો તે તો પરમાં બદલે છે તે મારામાં તો છે નહીં. આહા!

હું જો અનાદિ અનંત ધ્રુવ આત્મા છું એ તો કયારેય બદલ્યો નથી. કુમારપાળ કહે છે હો! એ તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હું સમશેર લઈને તૈયાર છું. સમજાય છે કાંઈ? એવું કથામાં આવે છે. બધાને એક જણે ઉડાડી દીધા એટલું જોર. એમ એકલો ધ્રુવ ભગવાનઆત્મા! એવું આવે છે ને નિયમસારમાં. પરમ પરિણામિકભાવ એવો છે કે કર્મ અને વિકારનો નાશ કરવાવાળા છે. નાશ કરવાવાળાનો અર્થ એ કે તેમાં છે નહીં. સમજાય છે કાંઈ? આહાહા! ભગવાન શુધ્ધ ધ્રુવસ્વરૂપ મહાપ્રભુ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ તે તો કયારેય પલટતો નથી. એ તો એકરૂપ ટંકોત્કીર્ણ અનાદિઅનંત એકરૂપ રહે છે.તેની દ્દષ્ટિ કરવાથી તેમાં દ્દષ્ટિ સ્થાપવાથી સમ્યગ્દર્શન થાય છે. બાકી સમ્યગ્દર્શન થવાનું બીજું કોઈ કારણ છે નહીં. સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાય પણ પલટે છે. પણ તેનો ધ્યેય ધ્રુવ છે તે કયારેય પલટતો નથી. કહો, ભીખાભાઈ! હું તો એવો ને એવો છું. પર્યાય બદલે તો બદલો. ભાઈએ તો ત્યાં સુધી કહ્યું છે. નહીં? **'પર્યાય મેરા ધ્યાન કરે તો કરો મૈં કિસકા ધ્યાન કરું'.** નિહાલભાઈએ કહ્યું ને? પર્યાય જે છે તે અમારી તરફ વળે તો વળો અમે તો ધ્રુવ છીએ. અનાદિ-અનંત સચ્ચિદાનંદપ્રભુ આનંદકંદ એકધારારૂપ હું નિત્યસ્વભાવી આત્મા છું. સમજાય છે કાંઈ? જુઓ, અહીંયા તો આચાર્યોને અગુરુલઘુ સ્વભાવને ઓલી ચારગતિની વિષમ પર્યાય છે ને? વિષમ વિષમ અનેકરૂપ ભિન્ન ભિન્ન ભિન્ન એની સાથે એકરૂપધારા મૂકી છે. દ્રવ્યગુણ તો એકરૂપધારા છે જ. સ્વભાવધારામાં એકરૂપધારા તેમાં વિષમતા ઓછા-વતાપણું હાનિવૃધ્ધિપણું એક સમયમાં (છે) હો! એ તો હાનિવૃધ્ધિ એવું જ કોઈ સ્વરૂપ છે. ભગવાન આત્મા એ તો ઉદાહરણ દીધું, હો! એ પ્રમાણે બધા દ્રવ્યનું છે.

ભગવાન ધ્રુવધારા છે ભાવ ભાવ ભાવ ભાવ ભાવ એ તો સદા અવિનાશી છે. તેમાં કાંઈ પલટવું થતું નથી. અહો! આવી નિજનિધિ પોતાની સંભાળ કેમ ન કરે? એમ કહે છે. સમજાય છે કાંઈ? કોઈ બતાવે કે તારું ધ્રુવનિધાન તો તારી પાસે પડયું છે. બહારથી લાવવાનું નથી. સમજાય છે કાંઈ? અહો! એવો મહાપ્રભુ નિધાન પોતાનો ભાવ તે તરફની નજર દ્દષ્ટિ કેમ ન કરે? પોતાના નિધાનને તાબે કેમ ન કરે? સમજાય છે કાંઈ? પુરુષાર્થનો પિંડ પ્રભુ ધ્રુવ છે. એકલો જ્ઞાનનો કંદ છે. નિત્યાનંદ છે. તે જ આશ્રય કરવા લાયક છે. પ્રથમ સમ્યક્દર્શનમાં ધર્મની પ્રથમ પર્યાયમાં ધ્રુવનો ધ્યેય કરીને આશ્રય કરવા લાયક છે. આહાહા! એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નહીં, અહીં તો એમ કહે છે. સમજાય છે કાંઈ?

ઘણા કહે અમારે તો દેવ-ગુરુ-શાસ્ત્ર આધાર છે. દેવ-ગુરુ-શાસ્ત્ર શું અહીં તો પર્યાય પણ આધાર નથી એમ કહે છે. આહાહા! એવો નિરાવલંબી પ્રભુ! દરેક દ્રવ્યને દ્રષ્ટાંત તરીકે આ જીવનો આપ્યો છે. દરેક દ્રવ્ય ધ્રુવપણે કાયમ છે. એકેક પરમાણુ પણ કાયમ ધ્રુવરૂપે છે. સમજાય છે કાંઈ? એકેક પરમાણુમાં પણ દ્રવ્યગુણ તો ધ્રુવરૂપ છે પણ તેની અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃધ્ધિરૂપપર્યાય પણ એકધારાવાહી ચાલે છે.એક પરમાણુમાં હો! એકેક પરમાણુમાં. અને તે પરમાણુમાં પ્રગટ ઉત્પાદવ્યયમાં વર્ણ-ગંધ-રંગ-સ્પર્શની પર્યાય જો હિનાધિક થાય છે ઓલું વિષમરૂપ છે. ભલે સ્વભાવ હોય.બીજા પરમાણુંના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંગમાં વિભાવરૂપ પરિણમન થાય છે. એ તો વિષમરૂપ પરિણમન છે. પરમાણુંમાં પણ વિષમરૂપ પરિણમન છે. સમજાય છે કાંઈ?

પરમાણું એકેક પોઈન્ટ ધ્રુવરૂપ છે અને ધ્રુવથી નાશ થાય છે અને ધ્રુવથી પરમાણું ઉત્પન્ન થાય છે, એમ છે નહીં. અને ગુણ દ્રવ્ય તો છે પણ અગુરુલઘુધારા પણ એક ધારાવાહી પરમાણુમાં ચાલે છે એમ કહે છે. આહાહા! ભાઈ પરમાણુ તો કોઈ ચીજ જ નથી જાણે. આત્મા હોય તો બધા શરીરનું સંચાલન થાય. હેં? આત્મા હોય તો શરીરમાં કાંઈક હલન-ચલન કામ કરે. નહિંતર બોલે કોણ? દરેક શકિત એવી સ્વતંત્ર છે. દરેક પરમાણુમાં અનંત શકિત સ્વતંત્ર છે. કોઈના કારણે છે નહીં. આહાહા!

આ નાનું ક્ષેત્ર છે ને? એક પ્રદેશે પરમાણુંનું ક્ષેત્ર તો બહુ જ નાનું છે. તેટલામાં અગુરુલઘુધારા સદાય વહે. તેમાં પણ ભાવનો કયારેય નાશને ભાવનો કયારેય ઉત્પાદ થતો નથી. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્યદેવ એમ કહે છે, જુઓ અમે તો જીવનું દષ્ટાંત આપીએ છીએ પણ એ પ્રમાણે પરમાણુંમાં ચાર તો અરૂપી છે તેમાં પણ એમ જ સમજવું. ઉપાધિ નથી એટલું. કેમાં ચાર આકાશ, ધર્મ, અર્ધમ, કાળ તેમાં ઉપાધિ નથી. પરમાણુંમાં એકલામાં ઉપાધિ નથી. પણ બે પરમાણું થાય તો ઉપાધિ, વિભાવરૂપ પર્યાય થાય છે. છતાં તેમાં પણ સ્વભાવિક અગુરૂલઘુપર્યાય પણ વિભાવ પર્યાયના કાળમાં સદાય ચાલે છે. ભારે આટલું બધું. જડમાં આટલી તાકાત? હેં? ષટ્ગુણહાનિવૃધ્ધિ એ શું છે તે જડને ખબર છે? ખબર નહીં પણ તેનો સ્વભાવ એવો છે. સદા નિરંતર પોતાની પર્યાયમાં જડેશ્વર ભગવાન છે એ.ભગવાન એટલે મહિમાવંત પદાર્થ છે તે. મહિમાવંત એટલે પોતાની શકિતમાં પરનું અવલંબન રાખતા નથી. પરમાણુની પોતાની શકિતમાં પરનું અવલંબન (હોતું નથી). તે સ્વતંત્ર ઈશ્વર છે. તે જડેશ્વર છે. એય! તમારે જડેશ્વર વાંકાનેર પાસે છે ને?

**'ત્યાં એમ નથી કે મનુષ્યપણાથી નાશ થતાં જીવપણાથી નષ્ટ થાય છે'** મનુષ્ય પર્યાયનો નાશ થયો પણ જીવપણાનો નાશ થયો એમ છે? દેવપણે ઉત્પન્ન થયો. **અને દેવપણા વગેરેથી ઉત્પાદ થતાં** આદિ શબ્દ છે ને? દેવ-નારકી ને તિર્યંચ એ ત્રણ છે એટલે આદિ લીધું. **દેવપણા વગેરેથી ઉત્પાદ થતાં જીવપણાથી પણ ઉત્પન્ન થાય છે** એમ તો છે નહીં. જીવ તો જીવ જ છે. ધ્રુવ તો ધ્રુવ જ છે. આહા! એને જીવપણું જ કહ્યું. ભાઈ! ઓલું જીવપણું એને કહ્યું જીવત્વથી જીવના જીવત્મથી એ ઉત્પાદ ને વ્યયને એમ કહ્યું. ઓલી મનુષ્ય આદિ પર્યાય જીવત્વ નહીં. પર્યાય હો. જીવનું જીવત્વ. એક ધારા ચાલે છે. અરે એક પદાર્થ એનો વિશ્વાસ આવવો (મુશ્કેલ છે.) સમજાણું કાંઈ? એ કાંઈ મામુલી વાત નથી. સમજાય છે કાંઈ?

લોકો આચરણ ઉપર ક્રિયાકાંડ ઉપર જોર દે છે એ તો મિથ્યાત્વભાવ છે. આ વસ્તુ ત્રિકાળ ધ્રુવ ભગવાનઆત્મા એ કયારેય નાશ નથી થયો અને કયારેય ઉત્પન્ન નથી થયો. જીવ જીવત્વપણાથી કયારેય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાશ કે ઉત્પન્ન નથી થતો. એવા પોતાના ભગવાન ઉપર નજર કરવી, ત્યાં દૃષ્ટિને સ્થાપવી, તેનો આશ્રય કરવો અને દ્રવ્યને દૃષ્ટિમાં વિશ્વાસમાં લેવો (કે) હું તો મહાપ્રભુ ચૈતન્યધ્રુવ છું. આહાહા! બધાને કરવાની પહેલી આ ચીજ છે. સમજાય છે કાંઈ? એને ઠેકાણે આ કરો, આ કરો ને આ કરો ને દયા પાળો વ્રત કરો ને તપ કરો ને વિકલ્પમાં આકુળતામાં હેરાન થઈને મરી જાવ.

અહીં તો કહે છે કે એક ગતિ તો ઠીક પણ ચારે ગતિ દુઃખરૂપ છે એમ કહે છે. દેવગતિ(માં પણ) આકુળતા (છે.) બહારના દુઃખ દેખીને એમ લાગે કે, આહાહા! આ પશુનુ દુઃખ લો નર્કના દુઃખો, એ દુઃખ નહીં પણ જેમાં આકુળતા છે એ બધા દુઃખ છે. નારકીમાં, મનુષ્યમાં, દેવમાં ઈન્દ્રની ઈન્દ્રાણીઓ છે અને એની સાથે વિષયની જે વાસના છે એ આકુળતા ને દુઃખ છે. ચારે ગતિના દુઃખનો એને ખ્યાલ આવવો જોઈએ, તો દુઃખ રહિત આનંદસ્વરૂપભગવાન ત્રિકાળ છે તેનો આશ્રય લે. આહાહા! સમજાણું કાંઈ?

બહારના એક પ્રતિકુળ દુઃખથી ડરીને જો એ આત્માનો આશ્રય લેવા જાય તો એને આત્માનો આશ્રય નહીં મળે એને એ દુખથી ડર્યો છે બહારના સંયોગથી ડર્યો છે. સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે કે ચારેય ગતિ ઉપાધિક છે. ભાઈ! એણે ઉપાધિક લીધું ને? એમ કહે છે એ કહેવા એ માંગે છે.આહાહા! ચારેય ગતિ ઉપાધિરૂપ છે. એ ગતિ ઉત્પન્ન થઈને નાશ પામી તો વસ્તુ કાંઈ નાશ ઉત્પન્ન થાય છે? ભગવાન અનાકુળ નિરૂપાધિક તત્ત્વ નિરાકુળ આનંદકંદ પ્રભુ છે. એવા આત્માનો કયારેય નાશ પણ નથી થતો અને નવો ઉત્પન્ન નથી થતો. આહાહા!

જુઓ દેવને પણ સોપાધિક કહ્યું ને. એય દેવાનુપ્રિયા! મનુષ્ય પછી દેવ જ આવે ને? પોતે મુનિ છે ને? સ્વર્ગમાં જાવાના છે ને? પર્યાયની યોગ્યતા છે ને? પછી સામાન્ય વાત કરી નાખી. કોઈ મરીને નારકીમાં જાય ને કોઈ મરીને તિર્યંચમાં. આહાહાહા! પણ ઉપાધિ છે, ભાઈ! આહાહા! તારા સ્વભાવની શાંતિના આનંદની ઉત્પત્તિ નહીં. એ તો ઉપાધિની ઉત્પત્તિ છે.એક ઉપાધિની ઉત્પત્તિનો નાશ (અને) બીજી ઉપાધિની ઉત્પત્તિનો ઉત્પાદ. આહાહા! સમજાય છે કાંઈ?

આમ જુઓને સડેલા કૂતરા, ઈયળું પડે રાળું પાડે, રોવે. ઈયળું પડે બહુ દુઃખ થાય ને પછી અસાધ્ય થઈ જાય. અસાધ્ય થઈ જાય એટલે દુઃખની સહન કરવાની પરાકાષ્ટા વધી ગઈ છે. ત્યારે અસાધ્ય થઈ જાય છે. માણસ એમ કહે કે બેભાન થયો ને (એટલે) હવે એને દુઃખ ઓછું થયું. ભાઈ! તને ખબર નથી. એને આમ માથે ધોકા પડતા હોય ને, ત્યાં સુધી જયાં સુધી દુઃખની પરાકાષ્ટા વિશેષ નથી ત્યાં સુધી ખ્યાલ રાખે પણ એ આકુળતાની પરાકાષ્ટા એટલી વધી જાય ખ્યાલ છૂટી જાય. જ્ઞાનની પર્યાયનો ક્ષયોપશમ ખ્યાલ છૂટી જાય. સમજાય છે કાંઈ?

આમ દેવમાં દેખે તો, આહાહા! કરોડો ઈન્દ્રાણીઓ (હોય) એને તો એક ભવમાં કેટલી ઈન્દ્રાણીઓ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફરે. પોતાનું આયુષ્ય બે સાગરનું હોય ઇંદ્રાણીનું ઓછું આયુષ્ય હોય બહુ જ ફરે છે. એ આયુષ્ય હોય કે પણ તેમાં આકુળતા છે. (ઇન્દ્રોને) કેટલી સગવડતા (હોય કે ) આહારની પણ જરૂર નથી હોતી. મકાનની પણ જરૂર નહીં. બધું મળી જાય છે. આહાહા! સ્ત્રીની પણ જરૂર નહીં તેનો સમય આવે ત્યારે સ્ત્રી ત્યાં હાજર હોય જ. એક મરી જાય તો બીજી ઉત્પન્ન થઇ જાય. કરોડો કહે છેકે ઉપાધિનો ભવ છે ને ભાઇ! ઉપાધિનો ભવ છે ને.

ભગવાન (આત્માની)તો નિરૂપાધિક પર્યાય પ્રગટે એ એનો ધર્મ છે. સમજાય છે કાંઇ? તેનો ધર્મ તો નિરૂપાધિક (છે). આ કાંઇ ચાર ગતિ ધર્મ નથી અને ગતિથી ધર્મ થાય છે એમ પણ નથી.એ તો ઉપાધિક ભાવ છે. સમજાય છે કાંઇ? ગતિથી ધર્મ થાય છે એ તો ઉપાધિક ભાવ છે. આહાહા! કેટલાક એમ કહે છે ને કે જો શરીરમાં માલ છે તો તપ કરીને માલ કાઢી લો. શરીરથી તપ કરીને પાંચ પચ્ચીસ અપવાસ કરીને માલ કાઢો. કેમાંથી માલ કાઢવો છે ભગવાન? તારો માલ શરીરમાં છે? તારો માલ ઉપાધિક ગતિમાં છે? આહાહા! એમ કહે છે. તારો માલ તો અંદર સ્વરૂપમાં ધ્રુવ એક ધારા પડી છે તે નાશ પણ નથી થતો અને ઉત્પન્ન પણ નથી થતો તેમાં માલ પડયો છે. તેમાંથી માલ કાઢો. તેમાં જેટલા એકાગ્ર થશો તેટલો માલ નીકળશે. બહારથી કોઇ આપી દે એવી ચીજ નથી. સમજાય છે કાંઇ?

વિછિંયા વખતે મૂર્તિ લઇને આવ્યા'તા તે આ ભાઇ આવ્યા'તા? હા. મેં કીધું આપણી મલ્કાપુરની પ્રતિમા નહીં? ચંદુભાઇ! આવ્યા'તા. એ ખ્યાલ નહીં આપણને. પંચકલ્યાણક હતા ને? હેં? હા. પાંચની સાલમાં. એકવીસ વર્ષ થયા. એકવીસ વર્ષ.

કહે છે કે મનુષ્યપણાથી નાશ થતાં જીવપણાથી પણ નાશ થાય છે? એમ તો છે નહીં. **અને દેવપણા વગેરેથી ઉત્પાદ થવા છતાં** જુઓ. મનુષ્યપણું છોડીને દેવપણે ઉત્પાદ થયો. પશુપણે ઉત્પન્ન થયો. ગતિ હોં! નારકીપણે ઉત્પન્ન થયો. (પણ) ભગવાન આત્મા તો એવો ને એવો છે અને તે ઉત્પન્ન પણ નથી થતો અને વિનષ્ટ પણ નથી થતો. સમજાય છે કાંઇ? જીવત્વથી પણ ઉત્પન્ન થાય છે એમ પણ નથી. **પરંતુ સત્‌ના ઉચ્છેદ અને અસત્‌ના ઉત્પાદ વિના જ** જુઓ. સત્ ભગવાનઆત્મા ત્રિકાળી તેનો નાશ થયા વગર અને ભગવાન આત્મા નવો ઉત્પન્ન થાય છે એમ પણ નથી. **તે પ્રમાણે વિવર્તન (-પરિવર્તન, પરિણમન) કરે છે.** લ્યો.આ ચાર ગતિનું વર્ણન છે જુઓ. સમજાણું કાંઇ? આમાં સિદ્ધને ન લીધા. ઉપાધિવાળું નાખ્યું છે ભાઇ!

આ અગુરુલઘુ સ્વભાવની ધારા છે તે ભલે નાખી.પછી પાછી સિદ્ધની પર્યાય ત્યારે બદલે ને ધ્રુવ એમ ને એમ. અહીં તો કહે ઉપાધિ બતાવી છે. આહાહા! કહો, સમજાય છે કાંઇ? અઢાર(મી ગાથા).

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૧૮

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो ।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसो त्ति पज्ञाओ ॥ १८ ॥**

स च एव याति मरणं याति न नष्टो न चैवोत्पन्न: ।
उत्पन्नश्च विनष्टो देवो मनुष्य इति पर्याय: ॥ १८ ॥

अत्र कथंचिद्व्ययोत्पादवत्त्वेऽपि द्रव्यस्य सदाविनष्टानुत्पन्नत्वं ख्यापितम् ।

यदैव पूर्वोत्तरपर्यायविवेकसंपर्कापादितामुभयीमवस्थामात्मसात्कुर्वाणमुच्छिद्य-मानमुत्पद्यमानं च द्रव्यमालक्ष्यते, तदेव तथाविधोभयावस्थाव्यापिना प्रतिनियत-तैकवस्तुत्व निबन्धनभूतेन स्वभावेनाविष्टमनुत्पन्नं वा वेद्यते । पर्यायास्तु तस्य पूर्वपूर्वपरिणामो-पमर्दोत्तरोत्तरपरिणामोत्पादरूपा: प्रणाशसम्भवधर्माणोऽभिधीयन्ते । ते च वस्तुत्वेन द्रव्यादपृथग्भूता एवोक्ता: । तत: पर्यायै: सहैकवस्तुत्वाज्जायमानं म्रियमाणमपि जीवद्रव्यं सर्वदानुत्पन्नाविनष्टं द्रव्टव्यम् । देवमनुष्यादिपर्यायास्तु क्रमवर्तित्वादु-पस्थितातिवाहित-स्वसमया उत्पद्यन्ते विनश्यन्ति चेति ॥ १८ ॥

જન્મ મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્‌ભવ નવ લહે;
સુર-માનવાદિક પર્યયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮.

અન્વયાર્થ :- [स: च एव] તે જ [याति] જન્મે છે અને [मरणं याति] મરણ પામે છે છતાં [न एव उत्पन्न:] તે ઉત્પન્ન થતો નથી [च] અને [न नष्ट:] નષ્ટ થતો નથી; [देव: मनुष्य:] દેવ, મનુષ્ય [इति पर्याय:] એવો પર્યાય [उत्पन्न:] ઉત્પન્ન થાય છે [च] અને [विनष्ट:] વિનષ્ટ થાય છે.

ટીકા :- અહીં, દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું કહ્યું છે.

જે દ્રવ્ય [૧]પૂર્વ પર્યાયના વિયોગથી અને [૨]ઉત્તર પર્યાયના સંયોગથી થતી ઉભય અવસ્થાને આત્મસાત્ (પોતારૂપ) કરતું થકું વિનાશ પામતું અને ઊપજતું જોવામાં આવે છે, તે જ (દ્રવ્ય) તેવી ઉદય અવસ્થામાં વ્યાપનારો જે પ્રતિનિયત-એક-વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (-તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે; તેના પર્યાયો પૂર્વ પૂર્વ

૧. પૂર્વ = પહેલાંના ૨. ઉત્તર = પછીના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પરિણામના નાશરૂપ અને ઉત્તર ઉત્તર પરિણામના ઉત્પાદરૂપ હોવાથી વિનાશ-ઉત્પાદ ધર્મવાળા (-વિનાશ ને ઉત્પાદરૂપ ધર્મવાળા) કહેવામાં આવે છે, અને તેઓ (પર્યાયો) વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવ્યા છે. તેથી, પર્યાયો સાથે એકવસ્તુપણાને લીધે જન્મતું અને મરતું હોવા છતાં જીવદ્રવ્ય સર્વદા અનુત્પન્ન અને અવિનષ્ટ જ દેખવું (-શ્રદ્ધવું); દેવ-મનુષ્યાદિ પર્યાયો ઉપજે છે અને વિનાશ પામે છે કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે અને વીતી જાય છે. ૧૮.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૧૮ ઉપર પ્રવચન

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो ।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसो त्ति पज्जाओ ॥ १८ ॥**

**જન્મે મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્ભવ નવ લહે;**
**સુર-માનવાદિક પર્યયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮.**

**ટીકાઃ- અહીં, દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં** જુઓ. પ્રત્યેક આત્મા ને પ્રત્યેક પરમાણુ પોતાથી કથંચિત્ વ્યય પૂર્વની પર્યાયથી વ્યય. નવી પર્યાય ઉત્પન્ન થવા છતાં પણ **તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું કહ્યું છે.** પણ દ્રવ્યનું વિનષ્ટપણું ને દ્રવ્યની ઉત્પત્તિ કયારેય થતી નથી.અરે એકેક સિધ્ધાંત એવા છે. આહાહા! સમજાય છે કાંઈ?

પ્રવચનસારમાં કહ્યું છે ને? કે આ વ્યવહાર દયા-દાન વ્યવહાર તે મનુષ્યના વ્યવહાર છે. જીવના વ્યવહાર નથી. મનુષ્યના વ્યવહાર. શું સમજાય છે કાંઈ? દયા-દાન-વ્રત-ભકિત-તપનો જે વિકલ્પ છે ને? એ ક્રિયા-કાંડનો રાગ(છે તે)મનુષ્યનો વ્યવહાર છે. તે આત્માનો વ્યવહાર નથી. આહાહા! સમજાય છે કાંઈ? ત્યાં તો એમ લીધું છે-કે આ દયા-દાનનો વિકલ્પ ઊઠે છે ને? કે આ દયા પાળો વ્રત કરો ને ભકિત કરો શુભ અશુભ એ તો મનુષ્યપણાનો વ્યવહાર છે. મનુષ્યગતિનો હોં! દેવની તો અહીં વાત છે જ નહીં.

અજ્ઞાની એ ક્રિયાને છાતી સરસી ચાંપે છે. આહાહા! અમારી ક્રિયા, અમારી ક્રિયા. તેમાં ખંડ ન પડો, વિરોધ ન થાય એવી ક્રિયામાં મશગુલ રહે છે. મનુષ્ય વ્યવહારમાં મશગુલ ઉપાધિભાવમાં મશગુલ (રહે છે) એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? મનુષ્યપણાની ગતિને અહીંયા ઉપાધિ કહ્યું ને? ખરેખર તો મનુષ્યપણાના વ્યવહારનો વિકલ્પ પણ ઉપાધિ સ્વરૂપ છે. આત્માનો વ્યવહાર નથી. આત્મા તો અવિચલીત વિલાસમાં આત્મા આનંદમાં રહે અને આનંદ, શ્રધ્ધા, જ્ઞાનમાં રમણ કરે તે આત્માનો વ્યવહાર છે. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દયા-દાન-વ્રત વિકલ્પના વ્યવહારને કાઢી નાખ્યો. હેય! આહાહા! આત્મા વિલાસ તે વ્યવહાર આ તો વ્યવહાર પણ નહીં. અમુક ઠેકાણે વ્યવહાર કહે કે આત્માનું નિશ્ચય (તે) વસ્તુ અભેદનો આશ્રય કરીને દૃષ્ટિ જ્ઞાન ચારિત્રમાં રમણતા હોય તે નિશ્ચય અને વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર છે. તે તો પર્યાયની અપેક્ષાએ નિર્મળતાની સાથે વિકલ્પને વ્યવહાર કીધો. સમજાય છે કાંઈ? પણ અંતર મૂળ નિશ્ચય જ્યાં જ્ઞેય અધિકાર લીધો, ત્યાં તો એમ લીધું કે ભગવાનઆત્મા પોતાના અનાકુળ આનંદ સ્વરૂપમાં એકાગ્ર થઈને આનંદના વિલાસમાં રમણતા કરે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એટલે આનંદની વિલાસતા એ આત્માનો વ્યવહાર છે. દયા-દાન-વ્રત-ભક્તિનો વિકલ્પ એ આત્માનો વ્યવહાર નહીં એ તો મનુષ્યનો ઉપાધિસ્વરૂપ વ્યવહાર છે જાવ કહે. આહાહા!

કઠણ પડે ભાઈ! (મુમુક્ષુઃ- આવું સાંભળ્યું પણ ન હોય.) હા સાંભળ્યું પણ ન હોય. સાંભળ્યું ન હોય તો એને એમ થઈ જાય કે આ શું કહે છે? અરે બિચારો દયા-દાન-વ્રત-ભક્તિ તપ કરી, કરીને મરી જાય. મરી જાય. આખો દિ' પંદર પંદર દિ'ના અપવાસ મહિના મહિનાના અપવાસ (કરે) હમણા એક જણે એકાણું અપવાસ કર્યા. એકાણું સમજ્યા? ત્રણ મહિના ને એક દિવસ. ઓહોહોહો! શું તપસ્યા? શું તપસ્યા? ઉપાધિરૂપ મેલ છે. સાંભળ તો ખરા! એ તો વિકલ્પ છે. રાગ છે. ભગવાનઆત્મા ઉપાધિના વિકલ્પથી ભિન્ન છે. ધ્રુવ ચિદાનંદ આનંદની મૂર્તિ છે. એવા ધ્રુવનો આશ્રય ને દૃષ્ટિ ન કરી (તો) ફોગટ નિરર્થક ચાર ગતિમાં રખડવાના છે. ઉપાધિભાવમાં રખડશે એમ કહે છે. સમજાય છે કાંઈ?

લ્યો, અહીં તો ઉપાધિ આવ્યું ને? એક મનુષ્યનો વ્યવહાર ઉપાધિ છે. એય! એમ આવ્યું મગજમાં આવતાં તો. આહાહા! ભગવાન તારો વ્યવહાર તો તારી જાતનો હોય છે. મનુષ્યગતિમાં આ જે ક્રિયા જે છે રાગ-દયા, વ્રત. આવું ન ખાવું ને આવું ન પીવું ને, એક પોરસી કરવી ને બે પોરસી કરવી પણ કોને કરવી? શું કરવી? બે પોર ન ખાધું તો અડધો અપવાસ થઈ ગયો. આવે છે કે નહીં? બાર મહિના સુધી ચૌવિહાર કરે, છ મહિનાના અપવાસ એટલે અડધું થયું ને અડધું. બાર કલાકનું થઈ ગયું કે નહીં? અડધું થઈ ગયું અડધું. એટલે ઓલા રાજી થાય કહે કે, આહાહા! અરે! ધૂળમાંય એવું તો અનંતવાર ન ખાધું ને ચૌવિહાર કર્યો એમાં છે શું? એ તો વિકલ્પ છે, રાગ છે, ઉપાધિભાવ છે. આહાહા! એય! ભીખાભાઈ! ભીખાભાઈ કહે હેરાન થઈ ગયા'તા અંદર. આમાં મરી જાત.

અહીં તો કહે છે કે ભગવાન ચાર ગતિ ઉપાધિરૂપ છે. તેમાં એક ગતિ ઉત્પન્ન થઈ તો કાંઈ આત્મા ઉત્પન્ન થાય છે? આત્મા તો ભગવાન ધ્રુવચિદાનંદ સ્વરૂપ છે. પૂર્વ પર્યાયનો નાશ થયો તો કાંઈ આત્મા વસ્તુ નો નાશ થયો છે? એ તો એક સમયની પર્યાયની ઉપાધિ ઉત્પન્ન થઈ. **'જે દ્રવ્ય પૂર્વ પર્યાયના વિયોગથી'** જુઓ, હવે સિદ્ધાંત. શું કહે છે? ખૂબી જુઓ. ઓહોહો! **'જે દ્રવ્ય પૂર્વ પર્યાયના વિયોગથી'** શરીરનો વિયોગ ને પરનો વિયોગ તેની તો અહીં વાત પણ નથી. આહાહા! ભગવાન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ધ્રુવચૈતન્ય પ્રભુ! તેમાં પૂર્વની પર્યાયનો વિયોગ થયો. પર્યાયના વ્યયને વિયોગ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **'જે દ્રવ્ય પૂર્વ પર્યાયના વિયોગથી અને ઉત્તર પર્યાયના સંયોગથી'** નવી પર્યાય ઉત્પન્ન થઈ તેનો સંયોગ થયો. આત્મદ્રવ્ય સાથે તે પર્યાયનો ઉત્પાદ થયો તે સંયોગ થયો.ઓહોહોહો! સમજાય છે કાંઈ? પરનો બહારનો જડનો સંયોગ કે વિયોગ તેની તો અહીં વાત જ નથી. આહાહા! સમજાય છે કાંઈ?

વસ્તુ પૂર્વ નામ પહેલાની અવસ્થાનો વ્યય અને **'ઉત્તર પર્યાયના સંયોગથી થતી ઉભય અવસ્થાને આત્મસાત્ (પોતારૂપ) કરતું થકું વિનાશ પામતું અને ઊપજતું જોવામાં આવે છે.'** પૂર્વની પર્યાયનો વિયોગ, નવી પર્યાયનો સંયોગ એવા ઉત્પાદવ્યયરૂપ પર્યાયમાં જોવામાં આવે છે. એમ કહે છે. સ્ત્રીનો વિયોગ થયો, સ્ત્રીનો સંયોગ થયો. લક્ષ્મીનો વિયોગ થયો ને લક્ષ્મીનો સંયોગ થયો એ વાત તો અહીં કરતાં જ નથી. એ તો પર દ્રવ્યની વાત છે. પર દ્રવ્યનો સંયોગ વિયોગ તારાથી થતો નથી, તો આ તો તારાથી પર્યાયમાં થાય છે તે વાત કરે છે. સમજાય છે કાંઈ?

જે દ્રવ્ય પોતાની જૂની પર્યાયને વિનષ્ટ કરે છે તેને વિયોગ કહે છે. તેણે પૂર્વની પર્યાયનો વિયોગ કર્યો. પરનો તો વિયોગ બિયોગ કરી શકતા નથી. એમ કહે છે. અને પોતાની નવી પર્યાયનો સંયોગ કરે છે. એ સંયોગ વિયોગ પર્યાયમાં દીધા. બહારથી બીજી ચીજ આવતી હશે? ધ્રુવસ્વરૂપ ભગવાનઆત્મા નિત્યાનંદનો નાથ પ્રભુ! આ તેની નવી પર્યાયનો સંયોગ અને જૂની (પર્યાય)નો વિયોગ એવું ઉત્પાદવ્યયરૂપ દ્રવ્ય દેખાય છે. છતાં દ્રવ્ય ઉભય અવસ્થામાં એવું થયું નથી. દ્રવ્ય ઉત્પન્ન ને વ્યય થયું નથી. દ્રવ્ય તો અનુત્પન્ન ને અવિનષ્ટ છે. સંયોગમાં આવ્યું નથી ને વિયોગમાં આવ્યું નથી. એ તો પર્યાયનો સંયોગ વિયોગ થયો. દ્રવ્યનો સંયોગ વિયોગ થતો નથી. આરે! આરે! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં તો પતિ મરી જાય તો કહે કે, આહાહાહા! અરે દુઃખીયા થઈ ગયા કોઈ આધાર નથી. સંયોગ વિયોગ થઈ ગયો. હવે એ સંયોગ વિયોગની તો અહીં વાતેય નથી. એ તો જડ છે, પર છે. પરના તો વિયોગમાં જ છે. હેં? એ તો વિયોગમાં જ છે. તારી અને પરની ચીજના તો વિયોગમાં જ તું વર્તે છે. આહાહા! અહીંયા તો ભગવાનઆત્મા ધ્રુવસ્વરૂપ ચિદાનંદ મહાપ્રભુ! મહંત! મહાત્મા! તેની પૂર્વની પર્યાયની અવસ્થાનો, એક સમયની પર્યાયનો વિયોગ થાય છે અને એક સમયની પર્યાયનો સંયોગ થાય છે. ઓહોહોહો! પર્યાયને દ્રવ્યનો સંયોગ અને દ્રવ્યને પર્યાયનો સંયોગ. એય! આ જુઓને દિગંબર સંતોની કથની જ કોઈ કડક. શ્રીમદ લખે છે દિગંબરના વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. અલૌકિક વાત છે. વસ્તુ જાણે આમ ધ્રુવ પડી હોય એને આ પર્યાયનો સંયોગ વિયોગ થાય છે. સમજાણું કાંઈ?

મનુષ્યની પર્યાયનો વિયોગ ને દેવની પર્યાયનો સંયોગ. ઉત્પાદ વ્યય સંયોગ. પાઠમાં તો એમ છે ને, જયાંથી જન્મ લે છે અને મરે છે મૃત્યુ પ્રાપ્ત કરે છે. તથાપિ નથી જન્મતો કે નથી મરતો. એ જ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જન્મ લે છે અને તે જ મનુષ્યપણું પ્રાપ્ત કરે છે. એમ કહો, સમજાણું? **'ઉત્તર પર્યાયના સંયોગથી થતી ઉભય અવસ્થાને આત્મસાત (પોતારૂપ) કરતું થકું'** પર્યાયમાં હોં! પર્યાયને પોતારૂપ કરતા પર્યાય બુદ્ધિવાળા. એય! આહાહા! બહારની તો વાત નથી પણ મનુષ્યપણાના વિનષ્ટતાનો વિયોગ અને દેવની ઉત્પત્તિનો સંયોગ તે પોતામાં આત્મસાત્ કરતા થકા, પર્યાય બુદ્ધિવાળા પોતાના આત્મામાં **'આત્મસાત કરતા થકા, એવા (વિનાશ પામતા અને) ઊપજતા દેખાય છે. તે જ (દ્રવ્ય) તેવી ઉભય અવસ્થામાં વ્યાપનારો ઉભય અવસ્થામાં રહેવાવાળા એમ. જે પ્રતિનિયત-એક-વસ્તુત્વના કારણભૂત'** પ્રત્યેક સમયમાં નિશ્ચય એક વસ્તુત્વ, વસ્તુત્વના કારણભૂત સ્વભાવ. જુઓ. **પ્રતિનિયત-એક-વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે.** એમ લે ને? જ્ઞાતા થાય છે આમાં તો જ્ઞાતા લીધું છે. જ્ઞાતા ખોટું છે. જ્ઞેય થાય છે. જણાય છે એમ લેવું છે. જ્ઞાતા થાય છે તે જૂઠી વાત છે.

જે પ્રતિનિયત એક **વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે**. વિદતી એટલે જણાય છે. જ્ઞાત લખ્યું છે. આપણે શું છે ગુજરાતીમાં? જણાય છે બરાબર છે. વેદ્યતે છે જણાય છે. એક સ્વભાવભૂત દ્વારા અવિનષ્ટ અને અનુત્પન્ન જ્ઞાત હોતા હૈ જણાય છે. ભગવાન આત્મા તો પર્યાયના સંયોગ-વિયોગ રહિત એકરૂપ જ્ઞાત થાય છે. આહાહા! સમજાય છે કાંઈ? અહીંયા તો બાયડી છોકરા પૈસા ને સંયોગ-વિયોગની વાતેય કરી નહીં. મુનિની ક્યાં આ તો દ્રવ્યની વાત કરે છે. મુનિ પોતે દ્રવ્ય, દ્રવ્ય. સમજાય છે કાંઈ?

આત્મા તો ભગવાન છે ને? ભગવાન છે મુનિ શું? આ તો પરિપૂર્ણ ભગવાન છે. આહાહા! બેયમાં અનુત્પન્ન ને અવિનષ્ટ ભગવાન જ્ઞાત થાય છે. સમજાણું કાંઈ? **તેવી ઉભય અવસ્થામાં** ઊપજતો જણાય છે **તેવી ઉભય અવસ્થામાં વ્યાપનારો જે પ્રતિનિયત-એક-વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (-તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે.** જણાય છે. ભગવાન આત્મા તો પર્યાયમાં ઉત્પન્ન રહિત હોવા છતાં પણ વસ્તુ અનુત્પન્ન અને અવિનષ્ટ જાણવામાં આવે છે. આહા! સમજાય છે કાંઈ?

**તેની પર્યાયો,** હવે તેની પર્યાયો. વસ્તુની અવસ્થા. **પૂર્વ-પૂર્વ પરિણામના નાશરૂપ** પૂર્વ-પૂર્વ પરિણામ પર્યાયથી નાશરૂપ, કેટલા શબ્દો વાપર્યા છે જુઓ. વિયોગ-વ્યય-નાશરૂપ **અને ઉત્તર ઉત્તર પરિણામના ઉત્પાદરૂપ** નવી નવી પર્યાયના પરિણામના ઉત્પાદ નામ સંયોગરૂપ હોવાથી **વિનાશ-ઉત્પાદધર્મવાળા.** જુઓ, **વિનાશને ઉત્પાદરૂપ ધર્મવાળા કહેવામાં આવે છે.** પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ ને વિનાશ ને સંયોગ ને વિયોગવાળી પર્યાયને કહેવામાં આવે છે. આહાહા! પર્યાય વિનષ્ટ થાય પણ કાંઈ ધ્રુવ વિનષ્ટ થાય છે? પર્યાય ઉત્પન્ન થવાથી કાંઈ ધ્રુવ ઉત્પન્ન થાય છે? જ્ઞેય અવસ્થામાં તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન અનુત્પન્ન ને અવિનષ્ટ કાયમ છે. આ તો જીવનું દ્દષ્ટાંત દીધું હોં! ઉદાહરણ દીધું. તેવી રીતે બધા દ્રવ્યમાં સમજી લેવું. આ તો ઉદાહરણ ને દ્દષ્ટાંત જેને સમજાય તેને જીવમાં સમજાય.

**એકેક શ્લોકે અને એકેક ન્યાયે સારી ચીજ ભરી દીધી છે. પૂર્વ પૂર્વ પરિણામના નાશરૂપ અને ઉત્તર ઉત્તર પરિણામના ઉત્પાદરૂપ હોવાથી વિનાશ-ઉત્પાદધર્મવાળા** એ વસ્તુને વિનાશ ઉત્પાદધર્મવાળી **કહેવામાં આવે છે.** સમજાય છે કાંઈ? **અને તેઓ (પર્યાયો) વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત કહેવામાં આવે છે.** સમજાય છે કાંઈ? એ દ્રવ્યને પણ એવી ઉત્પાદવ્યય વિનાશવાળી કહેવામાં આવે છે અને પર્યાય વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવે છે. દ્રવ્યથી કાંઈ જુદી નથી. આમાં તો કયાં ગયું ઓલું ધ્રુવ? એ ભલેને પણ વસ્તુ પોતે એમ કે ઉત્પાદધર્મવાળી છે અને વ્યય વસ્તુરૂપથી દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવી છે.

જે જે પર્યાય પરમાણુંમાં થાય, પરમાણુંમાં જે પર્યાય થાય છે પૂર્વ-પૂર્વનો નાશ ને ઉત્તરનો ઉત્પાદ એવી જોવામાં આવે છે, પણ તે પર્યાય પણ વસ્તુથી અપૃથગ્ભૂત જોવામાં આવે છે. પર્યાય ઉત્પાદવ્યયથી બદલે છે તે વસ્તુથી અપૃથક જોવામાં આવે છે. પૃથક નથી જોવામાં આવતી. સમજાણું કાંઈ?

એકેક પરમાણુમાં સ્વતંત્ર જૂની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ જોવામાં આવે છે. તે પર્યાય પણ વસ્તુથી  અપૃથક જોવામાં આવે છે. કાંઈ વસ્તુ બહાર જુદી છે ને પર્યાય બહાર જુદી છે એમ નથી. પરથી ભિન્ન સિદ્ધ કરવું છે ને? સમજાય છે કાંઈ? **તેઓ (પર્યાયો) વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવ્યા છે.** દ્રવ્યથી જુદી નથી એમ કહેવામાં આવ્યું છે.એમ ભગવાને કહ્યું છે. સર્વજ્ઞ પરમેશ્વરે પરમાણુની એક સમયની પર્યાયનો ઉત્પાદવ્યય થવા છતાં એ ધ્રુવ ઉત્પાદવ્યયપણે થતું નથી છતાં એ ધ્રુવને ઉત્પાદવ્યયવાળો કહે છે અને ઉત્પાદવાળી પર્યાય દ્રવ્યથી પૃથક નથી એમ કહે છે. ભારે વાત ભાઈ!

આ કોણ આટલું બધું સમજવા માટે નવરું છે? ઓલું હોય તો બહારનું કર્યું ને આ કરે ને તે કર્યું જાવ. આ હાથ પકડે એવી વાત છે. ઓલી ખોટી ખ્યાલમાં આવે એવી છે. હેં? ઓલો ખોટો ખ્યાલ છે. સાચો ખ્યાલ તો આ છે. ઘણા જીવને મેં બચાવ્યા, ઘણા જીવને મેં માર્યા. ઈ તો વાત પણ અહીં નથી. કારણ કે એ તો તારી પર્યાયમાં થતું નથી. તારી પર્યાયથી એવું થતું પણ નથી. તારી પર્યાયમાં જૂની (પર્યાય) નો વ્યય અને નવી (પર્યાય)નો ઉત્પાદ એવું દ્રવ્ય જોવામાં આવે છે. એવું નથી કે પરની પર્યાયનો વિનાશથી તારું દ્રવ્ય (વિનાશવાળું)જોવામાં આવે એવું છે નહીં. સમજાણું કાંઈ?

**તેથી, પર્યાયો સાથે એકવસ્તુપણાને લીધે જન્મતું અને મરતું હોવા છતાં** લ્યો. આત્મા વ્યય ને ઉત્પાદની પર્યાયોની સાથે મનુષ્ય (પર્યાય)નો નાશ અને દેવ પર્યાયનો ઉત્પાદની સાથે, એક વસ્તુપણાને કારણે વસ્તુ તો એક છે ને બીજી વસ્તુ નથી એમ કહે છે. એક વસ્તુપણાને કારણે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જન્મતો અને મરતો હોવા છતાં પણ એક વસ્તુપણાને કારણે જન્મતો અને મરતો એમ કહે છે. પર્યાયોને કારણે એમ લીધું છે. પર્યાયોની સાથે ભગવાન આત્મા એક વસ્તુપણાને કારણે. કોની સાથે? પર્યાયની સાથે એક વસ્તુપણાને કારણે. માથે 'આત્મસાત' કરતા આવ્યું'તું ને? ભારે વાત! આહાહા!

અલૌકિક ટીકા છે. સમજાય છે કાંઈ? તેથી, અપૃથગ્ભૂત કહેવામાં આવે છે. એમ કીધું ને? 'આત્મસાત' કરતા એ સિદ્ધ કરે છે. **તેથી, પર્યાયો સાથે.** કોણ? દ્રવ્ય. **એક વસ્તુપણાને કારણે.** એમ. પર્યાય ઉત્પન્ન વ્યય થાય છે તેની સાથે વસ્તુ એકપણાને કારણ. **આમ જન્મતું અને મરતું હોવા છતાં,** હવે બીજી ભાષા લીધી જુઓ. ઉત્પન્ન ને વ્યય, વિયોગ ને સંયોગ, સમજ્યા? નાશ ને ઉત્પાદ, અહીં જન્મતાં ને મરતાં હોવા છતાં પણ. નવી પર્યાયનો જન્મ થાય છે. જૂની પર્યાયનો વ્યય થાય છે. એ જન્મ-મરણ **છતાં જીવદ્રવ્ય સર્વદા અનુત્પન્ન અને અવિનષ્ટ જ દેખવું. (-શ્રદ્ધવું)** જુઓ અહીંયા શ્રદ્ધા કરવી. આહાહા!

ભગવાન આત્મા જીવદ્રવ્ય જુઓ અહીંયાં જાણપણામાં એ વાત લાવીને મૂકી છે. **જીવ દ્રવ્ય સર્વદા અનુત્પન્ન અને અવિનષ્ટ, ઉત્પન્ન નહીં અને નાશ નહીં એવું જોવું.** એવું શ્રદ્ધાન કરવું. આહાહા! સમજાય છે કાંઈ?

'દૃષ્ટવ્યમ્' જોવું. જોવું અર્થાત શ્રદ્ધાન કરવું એમ. સમજાય છે કાંઈ? બીજાનું જાણવું દેખવું છોડીને આ પર્યાયને પણ એકપણાની સાથે ઉત્પન્ન વ્યયનું જોવાનું છોડીને, જીવદ્રવ્ય ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ! જીવ દ્રવ્ય સદા, સર્વદા અનુત્પન્ન તે ઉત્પન્ન થતો નથી અને વિનષ્ટ થતો નથી એમ શ્રદ્ધાન કરવું.

**દેવ-મનુષ્યાદિ પર્યાયો ઊપજે છે અને વિનાશ પામે છે કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે.** જુઓ ભાષા. કેવા ન્યાય મૂક્યા છે. કહે છે કે ભગવાનઆત્મા ધ્રુવ, પર્યાયમાં આવતો પણ નથી અને ઉત્પન્ન વ્યય પણ થતો નથી એવો જોવો. અને **દેવ-મનુષ્યાદિ પર્યાયો ઊપજે છે.** દેવની પર્યાયનો ઉત્પાદ થયો અને મનુષ્યની પર્યાયનો નાશ થયો. **કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી,** એક પછી એક પણ તે થવાવાળી (પર્યાય) એમ. હા. મનુષ્યપણા પછી જે દેવ (પર્યાય) થવાની છે તે જ થશે, ક્રમવર્તી એમ જ છે. આહાહા! સમજાય છે કાંઈ?

જુઓને ખુલાસો કરે છે. કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે. જુઓ. જે સમયની મનુષ્યની પર્યાય છે તેનો સ્વસમય પ્રાપ્ત થાય છે તે સમયની ક્રમબદ્ધની પર્યાય જે આવવાની હતી તે જ આવે છે.સ્વસમય તેનો છે. સ્વસમય પ્રાપ્ત થાય છે. આહાહા! દેહાદિની વાત નથી હોં, મનુષ્યગતિની પર્યાયની વાત છે. જુઓ આ ક્રમબદ્ધ. મનુષ્યની પર્યાયની પ્રાપ્તિ છે તો તેના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વકાળમાં જ પ્રાપ્ત થાય છે. દેહ છૂટીને દેવ થાય છે તો સ્વકાળમાં જ દેવ પ્રાપ્ત થાય છે. પોતાનો દેવ પ્રાપ્ત કરવાના સ્વકાળમાં દેવ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ?

આમાં કોઈ ના પાડે? જુઓ. **ક્રમવર્તી હોવાથી** એક તો એટલું મૂક્યું પણ ઉલ્ટા **સ્વસમય ઉપસ્થિત થાય છે.** ધ્રુવ તો ધ્રુવ છે. પણ જયારે મનુષ્યપણાની ઉત્પત્તિ થવાવાળા કાળે ત્યાં બે મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. ગતિ, ગતિ હો! તેનો સ્વસમય પોતાનો સ્વકાળ. મનુષ્ય થવાના પોતાના કાળ સમયમાં મનુષ્ય થાય છે અને દેવ થાય છે તો પોતાના કાળ સમયમાં દેવ થાય છે. બરાબર છે? આગળ-પાછળ નથી એમ કહે છે. આહાહા! ભગવાન વીતરાગદેવના કથન એટલા સૂક્ષ્મ ને ગંભીર (છે કે) આખા ષટ્દ્રવ્યનું અંદર કથન સમાડી દીધું છે. લ્યો. અહીં તો જીવનું દૃષ્ટાંત દીધું. એમ પરમાણુ, પરમાણુ આવ્યું કે નહીં. એકેક પરમાણુમાં જે એક સમયની પર્યાય છે (તે) ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે. નવી પર્યાય ઉત્પન્ન થાય છે એમ જોવું અને દ્રવ્યને ઉત્પાદવ્યય વિનાનું ધ્રુવ જોવું. અને તે સમયમાં જે પર્યાય આવવાવાળી છે તેનો સ્વસમય સ્વકાળે આવશે. તારા કારણે નહીં. આહાહા! હાથ પગ ચાલે છે ને ભાષા આવે છે તેના કાળ પરમાણુમાં સ્વકાળે પર્યાય થાય છે, સ્વસમયમાં થાય છે.

હેં? ક્રમબધ્ધ થઈ ગયું પછી પરમાં કાંઈ પુરુષાર્થ નહીં કરવાનો? બસ બેસી જાવું? શરીરથી કોઈ કામ ન કરવું, શરીરથી કોઈ પુરુષાર્થ ન કરવો. કોણ કરે ધૂળ? સાંભળ તો ખરો? શરીરના રજકણમાં રજકણ કાયમ રહેવા છતાંપણ અને પર્યાય વિનષ્ટ ને ઉત્પન્ન થવા છતાં પણ તેના સ્વસમયમાં તે પર્યાય ઉત્પન્ન થાય છે. સ્વસમયમાં ખરી ઉપસ્થિત થાય છે. આત્માને કારણે પરમાણુમાં એવી પર્યાય થાય છે એમ નથી. જુઓ, દ્રવ્ય, ગુણ, પર્યાય. ફુલચંદજી! બહુ આકરું કામ ભાઈ! બરાબર છે? પરમાણુમાં પણ તેની પર્યાય સ્વકાળ હોય ત્યારે પ્રાપ્ત થાય છે. એમ કહે છે.

ના ના એમ છે નહીં એમ ના પાડે છે. સમ્યગ્દર્શન પણ તેના સ્વકાળે પ્રાપ્ત થાય છે એમ કહે છે. એય! એવી સ્વકાળની પ્રાપ્તિ થવાનું જ્ઞાન કયારે પ્રાપ્ત થાય? દ્રવ્ય દૃષ્ટિ હોય ને દ્રવ્યનું જ્ઞાન થાય ત્યારે સ્વકાળનું જ્ઞાન પ્રાપ્ત થાય. એમ કહે છે. સમજાય છે કાંઈ? ઓહો! વીતરાગનું દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન શ્રીમદ્ લખ્યું છે મહાગંભીર મહાગંભીર. દ્રવ્યાનુયોગ ગંભીર છે. શ્રીમદ્ પત્રમાં લખ્યું છે શુકલધ્યાનનું કારણ છે. આનો અર્થ કરીને લખ્યું છે. અર્થ કરવા પહેલાં લખ્યું છે. આહાહા! સમજાય છે કાંઈ?

કહે છે કે આત્મામાં એટલે છએ દ્રવ્યમાં છે કે નહીં આ? આ તો દાખલો છે. જીવનું તો દૃષ્ટાંત ઉદાહરણ તરીકે દીધું છે. બધા પરમાણુ જેવડા છે તે એકેક પરમાણુમાં પૂર્વ પર્યાયનો વિયોગ અને નવાનો ઉત્પાદ એમ જોવું અને ધ્રુવને ઉત્પાદવ્યય વિનાનું જોવું એક વાત. વસ્તુથી પર્યાય અપૃથકક છે ભિન્ન નથી. અને તે પર્યાયનો જે સમયનો કાળ છે તે સમયે જ ઉપસ્થિત થાય છે. **અને વીતી જાય છે.** જે સ્વસમય તેનો વ્યય હોવાનો છે, ત્યારે જ વ્યય થાય છે. આહાહા! સમજાય છે કાંઈ? મનુષ્યગતિનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ જ્યારે વ્યય થવાનો છે તે સમયે જ થશે. એમ કહે છે. અકાળ મૃત્યુ બૃત્યુ કાંઈ નહીં એમ કહે છે ભાઈ! એ લાવે છે ઓલા. અકાળ મૃત્યુ થાય છે ને આમ છે ને ઢીંકણું થાય છે ને, હવે સાંભળને? અહીં તો મનુષ્યની પર્યાય જે સમયે નાશ થવાની છે તે સમયે નાશ થશે. આગળ-પાછળ હોતી નથી.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૨૬, ગાથા-૧૮, ૧૯
## પ્રવચન નં. ૨૫
## તા.૯/૧૨/૬૯, કારતક વદ-૧૫, મંગળવાર

છેલ્લા થોડા શબ્દો છે. જુઓ, છેલ્લો શબ્દ છે ને? **કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે ને વીતી જાય છે.** જુઓ સિધ્ધાંત. કહે છે કે, આ ભગવાનઆત્મા વસ્તુએ અનાદિઅનંત ધ્રુવતત્ત્વ હોવા છતાં એને જે મનુષ્યપણું અને દેવપણું મળે છે જે સમયે અને કાળે મનુષ્યપણું મળે છે તે સમયે એને દેવપણું હોતું નથી. જે સમયે દેવપણું હોય છે ત્યારે એને મનુષ્યપણું હોતું નથી.

વસ્તુ તો અનાદિઅનંત છે. ધ્રુવ ચૈતન્ય દ્રવ્ય છે. એની પર્યાયમાં ચારગતિના ભવ, એમ કહે છે કે **ક્રમવર્તી હોવાથી,** ભવ છે તે ક્રમે ક્રમે મળે છે. ચાર ગતિના ભવ એક સાથે હોતા નથી. **હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે.** તે તે ભવનો કાળ આવે ત્યારે તે ભવની પ્રાપ્તિ થાય. સમજાણું? એમ કહે છે (કે) ક્રમબધ્ધ છે.અઢારમાં છે અને એકવીસમાં પણ એમ છે. આ તો દાખલો છે. અનંતા દ્રવ્યો છે. ભગવાને છ દ્રવ્યો જોયા. ભગવાન પરમાત્મા આત્મા સ્વરૂપ શુધ્ધ ચૈતન્યમૂર્તિ એનું જેણે અંતર અનુભવ કરી અને સ્વરૂપમાં સ્થિર થઈને જેણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું, એવા ભગવાને છ દ્રવ્ય જ્ઞાનમાં જોયા. એ છએ દ્રવ્ય ધ્રુવ ને ઉત્પાદવ્યયવાળા છે એમ સિધ્ધ કરવું છે. કાયમ રહેનારા પણ છે અને એને સ્વસમય જ્યારે જે પર્યાય આવવાની છે ત્યારે તેને સ્વસમય પર્યાય થાય છે. સમજાણું કાંઈ? એનો અહીં મનુષ્યપણાનો, જીવનો તો દાખલો આપ્યો છે. છએ દ્રવ્યને સિધ્ધ કરવા છે.

આ ક્રમવર્તી પણ છએય દ્રવ્યમાં સિધ્ધ થાય છે. ભાઈ! એમ નહીં કે આ મનુષ્યનો દાખલો. ઉદાહરણ છે. આ જડ પરમાણું છે. એ પણ વસ્તુ તરીકે પરમાણું ધ્રુવ છે. અને આ એની જે સમયવર્તી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય છે તે સ્વકાળે આવે છે. આત્માથી નહીં. સમજાય છે કાંઈ? આ આંગળી હાલે છે તે આત્માથી નહીં. એના પરમાણુંનો તે સમયનો સ્વકાળે થાય છે તેથી સ્વકાળ ઉપસ્થિત થાય છે. પર્યાય આવી ને ઉપસ્થિત થાય છે. અને એ સ્વકાળ જે છે (તે) પછી વીતી જાય છે બીજે સમયે ટળી જાય છે. સમજાય છે કાંઈ? જડનો એવો સ્વભાવ છે એમ કહે છે. (મુમુક્ષુઃ- છએ દ્રવ્યનો?) છએ દ્રવ્યનો.

વસ્તુ તો ભગવાનઆત્મા અનાદિ અનંત છે એમ પરમાણું રજકણ પોઈન્ટ પણ અનાદિઅનંત ધ્રુવ છે. પણ જેમ મનુષ્યનો કાળ હોય ત્યારે મનુષ્યભવ હોય છે આ શરીર મનુષ્ય છે તે નહીં, આ તો દેહ જડ છે. એને આહીં મનુષ્યપણું કહેતા નથી. અંદરમાં ગતિ નામનો ઉદય અને ગતિની યોગ્યતા અંદર છે તે મનુષ્યપણાની પર્યાય સ્વકાળે તે સમયે તે કાળે તે ભવે આવવાની તે આવે છે. **તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે.** એટલે તેનો સ્વકાળ તૈયાર થાય છે ત્યારે ભવ અને દરેક દ્રવ્યમાં પર્યાય થાય છે અને એનો સ્વકાળ વીતી જાય છે.સમજાણું કાંઈ?

જે એનો આવેલો ઉપસ્થિત થયેલો સમયવર્તી પર્યાય બીજે સમયે વીતી જાય છે. સમજાણું કાંઈ? એમ આ એકેક પરમાણુંના કે કર્મના રજકણોમાં આત્મા કર્મને બાંધે છે એમ નથી. સમજાણું કાંઈ? આત્માને એના સ્વકાળે રાગ આવે એ રાગ વીતી જાય. એટલું એનામાં થાય. પણ તેથી કર્મનું બંધન થાય તે જીવને રાગ થયો માટે કર્મનું બંધન થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? એ કર્મના રજકણોનો જે બંધની યોગ્યતાનો કાળ છે ત્યારે તે પરમાણુ કર્મપણે પરિણમે છે.બસ ઉપસ્થિત (એટલે) કર્મપણે પરિણમવું એનો સ્વકાળ એ એની ઉપસ્થિતિ છે. સમજાણું કાઈ? આ ઝીણું છે.હેં? પછી એ કયાં કહે છે. એને કારણે પર્યાય થાય છે, જીવને કારણે નહીં એમ છે. એ દ્રવ્ય છે ને? જગતની ચીજ છે. ઝીણી વાત છે. જગતથી જુદી છે. બગસરાથી (આવ્યા)છે. નરભેરામભાઈના દીકરા છે. પણ આ બધું શેઠાઈમાં ગયું હોય, સાંભળ્યું ન હોય એવી વાત છે. નવી ઝીણી વાત છે હો!

અહીં તો એમ કહે છે કે, જીવને જયારે એના સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો સ્વસમય છે ત્યારે એ પર્યાય આવીને ઊભી રહે છે. સાંભળો. સમજાણું કાંઈ? જુઓ, **તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે**. એટલે કે જયારે આત્મા એને પોતાને જે સમયની સમ્યગ્દર્શનની પર્યાય ધ્રુવ ચિદાનંદ આત્મા છું એનું લક્ષ કરીને જે પર્યાય સ્વકાળે ઉત્પન્ન થાય છે તે કાળે જ તેનો સ્વસમય છે. અને બીજે સમયે તે પર્યાયનો વ્યય છે. ભલે સમ્યગ્દર્શનની પર્યાય થઈ પણ બીજે સમયે સમ્યગ્દર્શનની પર્યાય બીજી થાય છે. હવે અહીં તો કહે છે કે એમ થવા છતાં એક વાત.

હવે બીજી આત્મામાં રાગનો કાળ આવે છે જે સમયનો ત્યારે રાગ થાય છે.એ સમય એનો રાગનો સ્વકાળ છે અને બીજે સમયે તે રાગનો વીતી ગયેલો કાળ એનો એટલી વાત બસ. એ એની પર્યાયમાં થાય છે. હવે કર્મનું જે બંધન થાય એ આ રાગને લઈને નહીં. કારણ કે એ પરમાણુ પણ સ્વતંત્ર પદાર્થ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એ પરમાણુઓ પણ સ્વતંત્ર જગતના જેમ આત્મા છે એમ તે પરમાણુ દ્રવ્ય છે. અને જેટલી શકિત ને ગુણ આત્મામાં છે એટલા જ ગુણો એક પરમાણુંમાં છે. એમાં જડ છે આમાં ચૈતન્ય છે. એ પરમાણુ કર્મ થવાની લાયકાતનો સ્વકાળ હોય ત્યારે કર્મ થાય છે. આત્માએ રાગ કર્યો માટે કર્મની પર્યાય થાય છે એમ નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં સમ્યગ્દર્શનનો પ્રાય પર્યાય આત્માના અવલંબે જે સમયે પ્રાપ્ત થવાનો, તે સમયે થશે. સમજાણું? એ સમ્યગ્દર્શનનો કાળ થાશે ત્યારે પ્રાપ્ત થાશે. પણ એ સમ્યગ્દર્શનની પર્યાય કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની હયાતી અને એની માન્યતા કરી માટે થાય છે એમ નથી. ભારે ઝીણું. એવું વસ્તુનું સ્વરૂપ આવું સર્વજ્ઞે કહેલું ને એવું છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તીર્થંકરદેવ જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, જાણ્યા ને કહ્યું એવું આ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અહીં તો ચાર ગતિની વ્યાખ્યા છે. ભાઈ! પણ બધાને લાગુ પડે છે. એવી ઝીણી વાત છે બાપા! આહાહા! એમાં શું છે? આહાહા!

ભગવાનઆત્મા ધ્રુવ ચિદાનંદ અવિનાશી સત્તસ્વરૂપે છે, એ તો ધ્રુવ છે. પણ એની એક સમયની પર્યાય એનો સ્વકાળ છે ત્યારે આવે છે. ઉપસ્થિત થાય છે. આકરી વાત છે ભાઈ! અને બીજે સમયે તે સ્વકાળનો સમય વીતી જાય છે. એથી એ પર્યાયનો વ્યય થાય છે. કોઈ પરને કારણે વ્યય થાય છે એમ છે નહીં. અજ્ઞાનીને અંદર મિથ્યાદર્શનની પર્યાય ઉત્પન્ન થઈ, મિથ્યાશ્રદ્ધા (થઈ) એ કર્મને લઈને નહીં એમ કહે છે.એની પોતાની જ મિથ્યાશ્રદ્ધાની વિપરીત પર્યાય ત્યાં ઉપસ્થિત થાય છે. તે મિથ્યાશ્રદ્ધા ઉપસ્થિત થઈ તે કાળે થઈ. બીજે સમયે તે જ મિથ્યાશ્રદ્ધાનો વ્યય થાય છે. એટલે કે નાશ થઈને બીજી મિથ્યાશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અથવા મિથ્યાશ્રદ્ધાની ઉપસ્થિતિ છે એ બીજે સમયે સમ્યગ્દર્શનની ઉત્પતિ થઈ. એનો ઉત્પત્તિનો કાળ છે માટે. ત્યારે મિથ્યાદર્શનનો વ્યય અભાવ થાય છે. એ દર્શનમોહના કર્મનો ઉદય છે માટે અહીં મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. અને કર્મના ઉદયનો અભાવ ત્યાં થયો માટે અહીં સમ્યગ્દર્શન થયું એમ નથી. આહાહા! ભારે ઝીણું ભાઈ! સમજાય છે કાંઈ?

આ તો બહુ પરિચય કરે ત્યારે સમજાય એવું છે. ઓલા ચોપડા ત્યાંના બહુ ફેરવ્યા હોય તેની તો ખબર પડે, પૈસા ને ધૂળમાં ખરું કે નહીં. આ તો ઝીણી વાત છે. બાપા! ભગવાનસર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં ત્રણકાળ ત્રણલોક એક સાથે જાણ્યા. એવા ભગવાનના મુખમાંથી ઈચ્છા વિના દિવ્યધ્વનિ નીકળી. એને ઈચ્છા હોતી નથી. એ વાણીમાં આમ આવ્યું છે. આ પંચાસ્તિકાય છે. સમજાણું કાંઈ? કુંદકુંદઆચાર્યનું કરેલું પંચાસ્તિકાય નિમિત્તથી કહેવામાં આવે છે. શ્રીમદ્ આના મૂળ પાઠના શ્લોકના બધા અર્થ કર્યા છે. શ્લોકના અર્થના શબ્દાર્થ કર્યા છે એટલું બસ. સમજાય છે? પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

એનું રહસ્ય જે ટીકામાં છે એ જાત આખી બીજી જ છે.એક શબ્દે તો (કમાલ કરી છે) કહે છે, ત્રણેકાળના પદાર્થો તે તે સમયની ત્યાં ત્યાં તે તે પ્રકારની અવસ્થાનો ઉપસ્થિત કાળ હોય તો થાય છે. બીજે સમયે તે તે કાળ વીતી જાય છે. ભગવાનઆત્માને પરમાણુ તો ધ્રુવરૂપે રહે છે. સમજાણુ કાંઈ? મનુભાઈ!

આ તો આમાં બધું આપણે ભવનું છે હો ભવનું. મનુષ્યભવ તો વીતી ગયો (પણ) ભગવાન તો અનાદિઅનંત ધ્રુવ છે. મનુષ્યભવ વીતી ગયો તો એનો ઉપસ્થિત કાળ હતો ત્યારે હતો અને એ વીતી ગયો ત્યારે બીજી પર્યાય દેવની કે તિર્યંચની જેને જે થવાની હોય તે સ્વકાળે તે દેવની અવસ્થા થાય. આડે અવળે કાળે ન થાય. એક સમય પણ આઘી-પાછી નહીં. આહાહા! કેવી વાત છે? એવું જાણનારને તો ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે, એવી દૃષ્ટિ થતાં તેને ક્રમબદ્ધના પર્યાયનું સાચું જ્ઞાન ને સાચું ભાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો કહે છે કે, **તેઓ** એટલે કે **પર્યાયો ક્રમવર્તી હોવાથી** દરેક પરમાણું અને આત્મામાં ભગવાને છ દ્રવ્યો જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુંઓ, અસંખ્ય કાલાણુંઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. છએ દ્રવ્યો ધ્રુવપણે અનાદિઅનંત છે. પણ એની સમય-સમયની (જે) અવસ્થા છે એ ક્રમેક્રમે થાય છે. અને ક્રમે ક્રમે પણ તે કાળ તેનો હોય ત્યારે એ થાય છે. આમાં તો એ ચોખ્ખી વાત છે.સ્વસમય એનો ઉપસ્થિત થાય છે. એમ છે. ફલાણી પર્યાય થાય (એમ નથી) આ જ થાય. આહાહા! જગતને સત્ય મળતું નથી પછી જયાં ત્યાં રોકાઈને મિથ્યાત્વ સેવી ને ચોર્યાસી (ના અવતાર) માં ચાલ્યા જાય. (મુમુક્ષુઃ- આ મૌનભાવને લાવે છે) મૌનભાવને લાવે છે એમ નથી તે સત્યાર્થ તત્ત્વને લાવે છે. વાણીનું મૌનપણું એ પણ આત્મા કરી શકતો નથી. વાણી જે આ નીકળે છે એ વાણી શબ્દની પર્યાયની ઉપસ્થિતિ થવાને લાયક (થાય) ત્યારે વાણી એમાં થાય છે. આત્માથી નહીં. એનો સ્વસમય એના જે પરમાણુંઓ છે એમાં શબ્દ વર્ગણા છે. એમાં એની ભાષાની પર્યાયનો ઉપસ્થિતિકાળ હોય ત્યારે તે પર્યાય શબ્દરૂપે થાય છે, આત્માને લઈને નહીં.આત્માની ઈચ્છાને લઈને નહીં. આત્માનું જ્ઞાન થયું મારે આમ બોલવું છે તે રીતે (પણ) નહીં. આહાહા! કહો ચીમનભાઈ! મૌનપણાને પ્રાપ્ત કોણ થાય? એમ કહે છે બોલી શકાતું નથી. આહાહા! બાપુ! વસ્તુ એવી ઝીણી છે. વીતરાગ તત્ત્વ એવું છે કે ત્રણ કાળમાં બીજે કયાંય છે જ નહીં. સમજાણું કાંઈ?

બીજા સાથે મેળ કરવા જાય (તો) વીતરાગના માર્ગનો મેળ કોઈ સાથે થાય એમ નથી.આહાહા! એમ કહીને એમ કહે છે કે જે જે દ્રવ્યની જે સમયે જયાં જડની પર્યાય થાય તે જડને કારણે થાય છે. તારે કારણે એમાં કાંઈ થાય (તે) કહે છે બિલકુલ હરામ વાત છે. સમજાણું કાંઈ? આમ હાથ જોડીને ભગવાનને વંદન થાય (તે) કહે છે કે ઔદારિકના એ પ્રકારના પરમાણુંની પર્યાયનો કાળ હતો માટે થાય

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. જીવને વિનયનો શુભ વિકલ્પ આવ્યો માટે આ હાથની પર્યાય આમ જોડાય છે એમ નથી. આ એવી ભેદજ્ઞાનની વાત છે. નામ શું ભાઈ? ઉત્તમચંદભાઈ. ભાઈ તો બહુ આવે છે. બહુ વરસ થઈ ગયા તોય નરભેરામભાઈ આવે છે. સમજાણું કાંઈ?

ભગવાનની ભક્તિનો એક વિકલ્પ આવ્યો. એ ભક્તિનો શુભભાવ એ પુણ્ય છે. એ ધર્મ નહીં છતાં એ વિકલ્પને કાળે વિકલ્પ આવ્યો છે. એમ કહે છે. આહાહા! વહેલો કે પહેલો આવી શકે એમ કાંઈ છે નહીં. શું થાય? છતાં તે કાળે જયારે હાથ આમ થાય છે, એ એના પરમાણુની પર્યાયનો સ્વકાળ છે માટે આમ થાય છે. અને વિકલ્પ આવ્યો માટે હાથ જોડાય છે એમ નથી. આહાહા! કહો, રૂપચંદજી! ભારે વાત ભાઈ! કહો સમજાણું કે નહીં? આહાહા! 'મથેણ વંદામિ' એક વિકલ્પ આવ્યો. 'મથેણ વંદામિ' તો દાખલો છે. એ તો વિકલ્પ છે શુભ રાગ છે. એ પણ એના સ્વકાળે આવ્યો છે. કર્તૃત્વ કરીને લાવ્યો છે એમ નથી. આહાહા! હવે પછી વાત ચાલે છે. હવે શબ્દની જે પર્યાય થાય છે એ પણ તે કાળે 'મથેણ વંદામિ' શબ્દ જે ઊઠયા એ પરમાણુંમાં એ પર્યાય થઈ તેથી એ શબ્દ આવ્યો છે. આહાહા! ભીખાભાઈ! વીતરાગના માર્ગને આમ બોલે. જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. બોલમાં ભાષાની પર્યાય મારાથી થાય એ તો અજીવનો બાપ થયો. અજીવને જીવ માન્યો. સમજાણું કે નહીં?

આ તો બોલ આવે ને, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. પણ કુસાધુ કહેવા કોને એની તો તને ખબર નથી. કેમ ચેતનજી! એક શબ્દમાં તો ઘણું નાખી દીધું છે. ભાઈ એકવીસ ગાથામાં પણ એ જ છે પાછું. એકવીસ છે ને છે? છેલ્લો. 'જેનો સ્વકાળ વીતી ગયો એવા સત્ પર્યાય સમૂહને વિનષ્ટ થયો છે જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે. આવી પહોંચે એવા અસત્‌ને ઉત્પન્ન કરે છે.' એકવીસમાં છેલ્લો બહુ સરસ. ઓહોહોહો! પંચાસ્તિકાય કુંદકુંદાચાર્ય (દેવનું છે.) સમજાય છે કાંઈ? અલૌકિક વાત છે. આવું જેને બેસે તેની દૃષ્ટિ ચૈતન્યના ધ્રુવ તરફ જાય. એમાં આવ્યું છે આ શું કીધું? એય! એને સમયે પર્યાય થાય અને એને સમયે વીતી જાય. હવે એની દૃષ્ટિ કયાં જાય? આ ધ્રુવચિદાનંદઆત્મા જ્ઞાયકમૂર્તિ છે એની દૃષ્ટિ થતાં એને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થાય. ત્યારે જે સમયની અવસ્થા માની'તી આવે એમ જાણે અને જાય એને જાણે. એ અવસ્થા રાગને કરે પણ નહીં અને રાગને છોડે પણ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એક અહીં જોવાનું છે. સમ્યગ્દર્શન ધર્મની પર્યાય કાંઈ બહારથી આવતી નથી અને બહારના નિમિત્તથી પણ આવતી નથી. એમ કહે છે. સાક્ષાત ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાન મહાવિદેહમાં સમોસરણમાં સીમંધરભગવાન બિરાજે છે. સમજાય છે? તો એને વંદન કરતાં પણ સમકિત થાય એમ નથી એમ કહે છે. એય! આરે! આરે! ભારે વાત. ભગવાને અહીં ના પાડી છે. ભગવાન એમ કહે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે હું એમ કહું છું કે, એ તો વિકલ્પ આવે એટલે થાય છે. થાય છે. ભકિતનો રાગનો (વિકલ્પ) તે કાળે આવે એટલે થાય છે. જ્ઞાની ધર્મી ધ્રુવની દષ્ટિવાળો તે રાગનો જાણનાર (છે) માટે તે સ્વસમયને જાણે છે. એના સ્વસમયને એટલે પર્યાયને (જાણે છે.) આહા! કામ ભારે આકરું! વીતરાગનું તત્ત્વ (એવું છે.) સમજાણું કાંઈ?

ભગવાન એમ કહે છે. આ શું આ કોણ કહે છે? આ ભગવાન કહે છે. હેં? એની વાણી દિવ્યધ્વનિ નીકળી'તી ને? દિવ્યધ્વનિમાંથી ગણધરોએ શાસ્ત્રો રચ્યાં. ત્યાં આ કુંદકુંદાચાર્ય (સીમંધર) ભગવાન પાસે સંવત ઓગણપચાસમાં ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. સાક્ષાત પરમાત્મા બિરાજે છે. અત્યારે હજી એના એ ભગવાન છે. કારણ કે આયુષ્ય મોટું કરોડ પૂર્વનું છે, કેટલાક એમ કહે, આયુષ્ય કરોડપૂર્વનું છે (તો) બધા કરોડપૂર્વ જીવે? હવે બધા કરોડપૂર્વ ન જીવે સાંભળને? અને બધા પણ હોય નહીં. કેટલાક તો અંતર્મુહૂર્તેય મરે કેટલાક લાખ કરોડ વર્ષે મરે. તીર્થંકરનું કરોડપૂર્વનું હોય પણ કાંઈ બીજા મનુષ્યનું બધાનું સરખું હોય? સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય ભગવાન પાસે સંવત ઓગણપચાસમાં ગયા હતા (તેને) બે હજાર વર્ષ થઈ ગયા. ત્યાં આઠ દિવસ રહીંને ત્યાંથી આવીને આ શાસ્ત્રો બન્યા.એમ આ ભગવાન કહે છે. ભગવાને મને આમ કહ્યું એમ આહીં સંદેશો આપે છે. સમજાણું કાંઈ? તેઓ એટલે જે મનુષ્યની અને દેવની પર્યાય થઈ તેઓ તે મનુષ્યની પર્યાય ક્રમવર્તી હોવાથી **તેઓ સ્વસમય ઉપસ્થિત થાય છે અને વીતી જાય છે.** ગજબ વાત કરી! એનો જે પર્યાયનો કાળ વીતી ગયો એટલે નાશ થાય છે તે પોતાને કારણે છે. પરને કારણે કાંઈ કર્મને લઈને આંહી ને ગુરુને લઈને આંહીં ને દેવને લઈને આંહી એવું વસ્તુના સ્વરૂપમાં ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? અરે! અરે! ભાઈ!

લ્યો આમાં તો એ નીકળ્યું કે જયારે કષાયની મંદતાનો પહેલો વિકલ્પ છે ત્યારે એ વિકલ્પનો કાળ છે એટલે થયો હવે એ વિકલ્પનો કાળ વીતી ગયો, ત્યારે દ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શનની પર્યાયનો કાળ આવ્યો. ધ્રુવને કારણે ન આવ્યો. એય! આ બધી શૈલીમાં એટલું ભર્યું છે. ઈ તો કહે છે કે આ દ્રવ્ય હોય તો થાય ને? કહે છે શુભ હોય તો થાય એ કોણે કીધું? સમજાણું કાંઈ? દ્રવ્ય કાયમ રહેલું છે. ધ્રુવ વસ્તુ. દ્રવ્ય એટલે ત્યાં પૈસો નહીં હો, ઉત્તમચંદભાઈ! આ કહે છે કે અમારું દ્રવ્ય એટલે પૈસો. અહીં તો ભગવાનઆત્માય દ્રવ્ય અને એકેક પરમાણું પણ દ્રવ્ય. આ તો અનંતા પરમાણુંનો પિંડ સ્કંધ છે.સમજાય છે? આમાં એકેક છુટો પરમાણું પોતાનું કામ કરે છે. ભેગો નહીં. આમાં એકેક પરમાણુંના સ્વકાળની પર્યાય ઉત્પન્ન થાય ત્યારે તેને લઈને થાય છે. એની પર્યાય બીજે સમયે વ્યય થાય એ પણ પરમાણુની પર્યાયને લઈને વ્યય થાય છે. જોડે સંયોગો છે માટે આમ થાય છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા અંદર છે માટે આ હાથ આમ આમ થાય છે એમ નહીં એમ કહે છે. એને તત્ત્વની ખબર નથી કે આત્મા ભિન્ન છે અને જડ ભિન્ન છે. અને જડના પર્યાયનો સ્વકાળ આવે ત્યારે તે પર્યાય આમ થાય છે. નહીં કે આત્માને લઈને આમ થાય છે. અજ્ઞાનીને ખબર નથી કે જડ શું ને ચૈતન્ય શું? એની શકિતની અવસ્થા શું ને ધ્રુવતા શું? પોપટભાઈ! સમજાણું કાંઈ? એ મનસુખભાઈ! શું હશે આ. આ શું કરે છે? ઈલેકટ્રીક. ઈલેકટ્રીકનું કહે છે કે જે વખતે આમ પ્રકાશની પર્યાય થવાની છે એ પરમાણુનો સ્વકાળ આવે ત્યારે થાય છે. આહાહા! આ પદાર્થ પાઠ છે. ભગવાનનો કહેલો પદાર્થ વિજ્ઞાન પાઠ છે. ભાઈ! આહાહા! તને તત્ત્વ શું છે અને તત્ત્વની વિપરીત દૃષ્ટિ કેમ થાય છે તેની પણ ખબર નથી. સમજાણું કાંઈ?

**તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે**. ઓહોહો! એક શબ્દએ તો ગજબ કર્યો છે ને? હેં? ઓહોહો! એકેક સમયની પ્રત્યેક દ્રવ્યની, જે સમયનો કાળ છે ત્યાં થાય (તેમાં) હું આ પ્રમાણે પરિણમું એમ પણ ત્યાં છે નહીં. પરિણમે છે એમાં વળી પરિણમવું શું? એમ કહે છે. આહાહા! સમયનું પરિણમન થાય છે એને વળી હું પરિણમાવું એવું બે પણું કયાંથી આવ્યું? અને વીતી જવાનો પર્યાય છે એને હું નાશ કરું એ કયાંથી આવ્યું? એમ કહે છે. બહુ ગંભીર! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આમાં છે. ભગવાને કીધેલું છે એ કહેવાય છે. કહો, સમજાણું કે નહીં?

આમાં સમ્યગ્દર્શનની પર્યાયનો ધ્યેય તો ધ્રુવ છે એમ કહે છે. એ કાંતિભાઈ! આમાં આ નથી આવ્યું? પહેલાં એણે ઘણો ગોટો વાળ્યો'તો. પછી વળી ફરી ગયું. પછી તો પશ્ચાતાપ કરતા'તા. કહે છે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ને પર્યાય બે છે. એમ નથી. કાંતિભાઈ! સમ્યગ્દર્શનની અપૂર્વ પર્યાય તેનો વિષય ધ્રુવ ચૈતન્ય છે. એનો વિષય પર્યાય નથી, એનો વિષય વિકલ્પ નથી અને એનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નથી. આહાહા! એ જેઠાભાઈ! હેં? આટલી ક્રિયા કરીએ, ઊના પાણી પીએ, ઊપધાન કરે, દોઢ મહિના સુધી ઊઠ-બેસ કરે ને? અપવાસ કરી કરીને ભગવાન પાસે જાય ને ઊઠ-બેસ કરે. ખમાસણા (કરે). કહે છે કે એ જડની પર્યાય તે કાળે થવાની માટે થાય છે, તારે લઈને નહીં. તારામાં કદાચ શુભરાગ થયો હોય તો તે પણ તારે કારણે અને એ શુભરાગ ધર્મ નથી અને ધર્મની ઉત્પત્તિનું કારણ પણ નથી. કારણ કે શુભરાગ કાળે ધર્મ નથી પણ શુભ પછી જ્યારે દૃષ્ટિ ધ્રુવ ઉપર થઈ ત્યારે જે ધર્મની પર્યાય પ્રગટી એ સ્વકાળે પ્રગટેલી છે. એ શુભ રાગને લઈને નહીં. કનુભાઈ! નટુભાઈ! સમજાય છે કે નહીં? વકીલ છે ને? આહાહા! જુઓને, આ ભવ ચાલ્યા જાય છે. ક્ષણમાં થઈને બીજો ભવ લ્યો! આહાહા! કોણ કોનું કરે? કૂતરાને આજ પાછું લોહી નીકળે છે જુઓ, ઓહો! એ પરમાણુંની એ અવસ્થા એને દુ:ખનું કારણ નથી. આહાહાહા!

આ શરીરના પરમાણું ફર્યા કે છરો વાગ્યો એ છરાને લઈને ચરળ પડી એમ નથી. કારણ કે ચરળ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પડી છે એના પરમાણુનો ઉત્પાદકાળ એવો હતો કે એને કાળે થઈ છે અને છરો વાગ્યો માટે દુઃખની દશા થઈ છે એમ નથી. આહાહા! ગજબ વાત છે. એ દુઃખનો વિકલ્પ તો રાગ-દ્વેષનો કર્યો ત્યારે તે તેના કાળે તે થયો છે. શરીરની અવસ્થાને કારણે આ દુઃખની દશા છે એમ છે જ નહીં. સમજાણું કાંઈ? મધુભાઈ! આવી વાત છે. ઝીણું બહુ.

તેઓ ક્રમવર્તી હોવાથી, ગજબ કામ કર્યું છે ને? જુઓ. ''ઉપ્પન્તો ય વિણહો દેવોમણુસ્તે તિ પજજાએ'' એમાંથી આ કાઢયું છે. એ અઢારમી ગાથા થઈ. લ્યો હવે ઓગણીસમી ગાથા.

## ગાથા- ૧૯

**एवं सदो विणासो असदो जीवस्स णत्थि उप्पादो ।**
**तावदिओ जीवाणं देवो मणुसो त्ति गदिणामो ॥ १९ ॥**

एवं सतो विनाशोऽसतो जीवस्य नास्त्युपाद: ।
तावज्जीवानां देवो मनुष्य इति गतिनाम ॥ १९ ॥

**अत्र सदसतोरविनाशानुत्पादौ स्थितिपक्षत्वेनोपन्यस्तौ ।**

**यदि हि जीव य एव म्रियते स एव जायते, य एव जायते स एव म्रियते, तदैवं सतो विनाशोऽसत उत्पादश्च नास्तीति व्यवतिष्ठते । यत्तु देवो जायते मनुष्यो म्रियते इति व्यपदिश्यते तदवधृतकालदेवमनुष्यत्वपर्यायनिर्वर्तकस्य देवमनुष्यगतिनाम्नस्तन्मात्रत्वादविरुद्धम् । यथा हि महतो वेणुदण्डस्यैकस्य क्रमवृत्तीन्यनेकानि पर्वाण्यात्मीयात्मीयप्रमाणावच्छिन्नवात् पर्वान्तरमगच्छन्ति स्वस्थानेषु भावभाञ्जि परस्थानेष्वभावभाञ्जि भवन्ति, वेणुदण्डस्तु सर्वेष्वपि पर्वस्थानेषु भावभागपि पर्वान्तरसम्बन्धेन पर्वान्तरसम्बन्धाभावादभावभाग्भवति; तथा निरवधित्रिकालावस्थायिनो जीवद्रव्यस्यैकस्य क्रमवृत्तयोऽनेके मनुष्यत्वादिपर्याया आत्मीयात्मीयप्रमाणावच्छिन्नत्वात्पर्यायान्तरमगच्छन्त: स्वस्थानेषु भावभाज: परस्थानेष्वभावभाजो भवन्ति, जीवद्रव्यं तु सर्वपर्यायस्थानेषु भावभागपि पर्यायान्तरसम्बन्धेन पर्यायान्तरसम्बन्धाभावादभावभाग्भवति ॥ १९ ॥**

**એ રીતે સત્-વ્યય અને અસત્-ઉત્પાદ હોય ન જીવને;**
**સુરનરપ્રમુખ ગતિનામનો હદયુક્ત કાળ જ હોય છે. ૧૯.**

અન્વયાર્થ :- [एवं] એ રીતે [जीवस्य] જીવને [सत: विनाश:] સત્‌નો વિનાશ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



[असत: उत्पाद:] અસત્‌નો ઉત્પાદ [न अस्ति] નથી; ('દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે' એમ કહેવાય છે તેનું એ કારણ છે કે) [जीवानाम्] જીવોને [देव: मनुष्य:] દેવ, મનુષ્ય [इति गतिनाम] એવું ગતિનામકર્મ [तावत्] તેટલા જ કાળનું હોય છે.

ટીકા :- અહીં સત્‌નો અવિનાશ અને અસત્‌નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો છે (અર્થાત્ ધ્રુવતાની અપેક્ષાએ સત્‌નો વિનાશ કે અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે.)

જો ખરેખર જે જીવ મરે છે તે જ જન્મે છે, જે જીવ જન્મે છે તે જ મરે છે, તો એ રીતે સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી એમ નક્કી થાય છે. અને 'દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે' એમ જે કહેવામાં આવે છે તે (પણ) અવિરુદ્ધ છે કારણ કે મર્યાદિત કાળના દેવત્પર્યાય અને મનુષ્યત્વપર્યાયને રચનારાં દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે. જેવી રીતે મોટા એક વાંસનાં ક્રમવર્તી અનેક [૧]પર્વો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્વમાં નહિ જતાં થકાં પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળાં (-વિદ્યમાન) છે અને પર સ્થાનોમાં અભાવવાળાં (-અવિદ્યમાન) છે તથા વાંસ તો બધાંય પર્વસ્થાનોમાં ભાવવાળો હોવા છતાં અન્ય પર્વના સંબંધ વડે અન્ય પર્વના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળો (પણ) છે; તેવી રીતે નિરવધિ ત્રણે કાળે ટકનારા એક જીવદ્રવ્યના ક્રમવર્તી અનેક મનુષ્યત્વાદિપર્યાયો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્યાયમાં નહિ જતા થકા પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળા છે અને પર સ્થાનોમાં અભાવવાળા છે તથા જીવદ્રવ્ય તો સર્વપર્યાયસ્થાનોમાં ભાવવાળું હોવા છતાં અન્ય પર્યાયના સંબંધ વડે અન્ય પર્યાયના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળું (પણ) છે.

ભાવાર્થ :- જીવને ધ્રૌવ્ય અપેક્ષાએ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી. 'મનુષ્ય મરે છે ને દેવ જન્મે છે' એમ જે કહેવામાં આવે છે તે વાત પણ ઉપરોક્ત હકીકત સાથે વિરોધ પામતી નથી. જેમ મોટા એક વાંસની અનેક કાતળીઓ પોતપોતાનાં સ્થાનોમાં વિદ્યમાન છે અને બીજી કાતળીઓનાં સ્થાનોમાં અવિદ્યમાન છે તથા વાંસ તો સર્વ કાતળીઓનાં સ્થાનોમાં અન્વયરૂપે વિદ્યમાન હોવા છતાં પ્રથમાદિ કાતળીરૂપે દ્વિતીયાદિ કાતળીમાં નહિ હોવાથી અવિદ્યમાન પણ કહેવામાં છે, તેમ ત્રિકાળ-અવસ્થાયી એક જીવના નરનારકાદિ અનેક પર્યાયો પોતપોતાના કાળમાં વિદ્યમાન છે અને બીજા પર્યાયોના કાળમાં અવિદ્યમાન છે તથા

૧. પર્વ = એક ગાંઠથી બીજી ગાંઠ સુધીનો ભાગ; કાતળી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવ તો સર્વ પર્યાયોમાં અન્વયરૂપે વિદ્યમાન હોવા છતાં મનુષ્યાદિપર્યાયરૂપે દેવાદિપર્યાયમાં નહિ હોવાથી અવિદ્યમાન પણ કહેવાય છે. ૧૯.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૧૯ ઉપર પ્રવચન

**एवं सदो विणासो असदो जीवस्स णत्थि उप्पादो ।**
**तावदिओ जीवाणं देवो मणुसो त्ति गदिणामो ॥ १९ ॥**

**એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ હોય ન જીવને,**
**સુરનરપ્રમુખ ગતિનામનો હદયુકત કાળ જ હોય છે. ૧૯.**

**ટીકા :-અહીં સત્નો અવિનાશ અને અસત્નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો છે.** શું કહ્યું? દરેક પરમાણું અને દરેક આત્મા સામાન્યપણે વસ્તુ જે ધ્રુવ છે, જે ધ્રુવ છે તે પરિણમતું નથી. એમ કહે છે. ઈ કહે છે ને? સત્નો અવિનાશ કોની અપેક્ષાએ? ધ્રુવના પક્ષથી. ધ્રુવ વસ્તુ છે ભગવાન અને પરમાણું ધ્રુવ અજીવ છે, સામાન્ય વસ્તુ ધ્રુવ. એના પક્ષથી સત્નો નાશ નહીં અને અસત્નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો છે. ફરીને હો, એમ તો ઝટ સમજાય એવું નથી. કહે છે ધ્રુવતાની અપેક્ષાએ સત્નો વિનાશ. ધ્રુવ છે તે સત્ છે તેના સત્નો નાશ થાય છે? અને ધ્રુવ છે તે નવું ઉત્પન્ન થાય છે? ભગવાન ધ્રુવ ચૈતન્યમૂર્તિ ઉત્પાદવ્યયધ્રુવયુકતમ સત્ (છે) એમ પરમાણુ પણ ઉત્પાદવ્યયધ્રુવયુકતમ સત્. તો જે ધ્રુવ છે તે ધ્રુવની અપેક્ષાએ સત્નો ઉત્પાદ અને અસત્નો નાશ એમ છે નહીં. અસત્ની ઉત્પત્તિ ને સત્નો નાશ ધ્રુવની અપેક્ષાએ નથી. ધ્રુવતાની અપેક્ષાએ સત્નો વિનાશ. ધ્રુવ નાશ થાય છે? અને અસત્નો ઉત્પાદ થતો નથી. એ આ ગાથામાં કહ્યું છે લ્યો.

**ખરેખર જે જીવ મરે છે તે જ જન્મે છે.** ધ્રુવની અપેક્ષાએ તો જે છે ધ્રુવ તે જ જન્મે છે અને તે જ ઉત્પન્ન થાય છે. એનો એ છે કાંઈ બીજો જીવ છે? મનુષ્યપણાનો જયારે વ્યય થયો. દેહની વાત નથી અંદર મનુષ્ય ગતિની વાત છે. વ્યય થયો, જે સમયે વ્યય થવાનો તે હો અને દેવગતિની ઉત્પત્તિ થઈ. સમજાય છે કાંઈ?

કુલવંત અને ધર્માત્મા તો દેવગતિમાં જ જાય. તો કહે છે કે મનુષ્યપણાની ગતિનો વ્યય થયો. દેહનો નહીં આ તો જડ છે ગતિ અંદર છે અને દેવ પર્યાયનો જે ઉત્પાદ થયો તેમાં કાંઈ સત્ ઉત્પન્ન થયું છે અને સત્નો નાશ થયો છે એમ છે નહીં. પણ સત્ છે તે જીવ મરે છે તે જન્મે છે તે જીવ **જે જીવ જન્મે છે તે જ મરે છે** તો એ રીતે સત્નો વિનાશ અને અસત્નો ઉત્પાદ નથી. એમ નક્કી થાય છે. એનો એ જીવ જયાં મરે એમ કહેવાય એનો એ જીવ ત્યાં જન્મે તો કહે એ દેવમાં જનામ્યો. અને દેવ જન્મે છે અને મનુષ્ય મરે છે એમ જે કહેવામાં આવે છે જોયું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જે જીવ મરે છે તે જ જન્મે છે** એમ પહેલાં હતું.સમજાણું કાંઈ? જીવ તો એનો એ છે. **જે જીવ મરે છે તે જ જન્મે છે અને જે જીવ જન્મે છે તે જ મરે છે. તો એ રીતે સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી એમ નક્કી થાય છે.** એનો એ જીવ મરે ને એનો એ જીવ જન્મે એમાં કાંઈ નવું ઉત્પન્ન થાય અને જૂનું જાય સત્ એમ નથી. આ તો પંચાસ્તિકાય છે તે સહેલું કહે છે જુઓ.

**અને દેવ જન્મે છે અને મનુષ્ય મરે છે.** ઓહો! જન્મે ત્યાંથી ઉપાડયું.દેવપણે જન્મે અને મનુષ્યપણે મરે એમ કહેવામાં આવે છે. એ અવિરૂધ્ધ છે. એ પણ અવિરૂધ્ધ છે. જે જીવ મરે છે તે જન્મે છે.જે જીવ જન્મે છે તે જ મરે છે. એક વાત અને દેવ જન્મે છે તે મનુષ્ય મરે છે. એમ જે ક્રમ આવે તે પણ અવિરૂધ્ધ છે.

**કારણ કે મર્યાદિત કાળના દેવત્વ પર્યાય અને મનુષ્યત્વ પર્યાયને રચનારા દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે.** મનુષ્યગતિના કર્મનો ઉદય તો નિમિત્ત છે. ત્યાં જીવની રહેવાની યોગ્યતા જેટલી હોય તેટલો કાળ રહે. એ પછી મનુષ્ય મર્યો એમ કહેવાય. સમજાય છે? જીવ મર્યો એમ નહીં.મનુષ્ય મર્યો. મનુષ્યની પર્યાય મરી. જીવ તો મરે ને જન્મે એમ કહેવું એ તો ધ્રુવની અપેક્ષાએ છે. એનો એ છે અહીં તો આ પર્યાય મરે છે તે કર્મને લઈને નહીં. કહે છે ને ભઈ કર્મ જેવા બાંધ્યા એવા અમારે સ્વર્ગ-નર્કમાં જાવાનું મળે.એ ખોટી વાત છે એમ કહે છે. તને વસ્તુની ખબર નથી.

શ્રેણીકરાજાએ નર્કનું આયુષ્ય બાંધ્યું તે સમકિતી હતા, તીર્થંકરગોત્ર બાંધ્યું છે. શ્રેણીક રાજાએ ચોથે ગુણસ્થાને આત્મજ્ઞાન સમ્યક્‌દર્શન (થયું છે.) અને તીર્થંકરગોત્ર બાંધ્યું છે એને નર્કમાં જવાનો ભાવ હોય? બસ એક નામ કર્મની પ્રકૃતિ તેને નર્કમાં લઈ જાય. એમ જે કહે છે એ જૂઠા બોલા છે એમ ભગવાન અહીં કહે છે.ફકત એને મનુષ્યની જ પર્યાયનો વ્યય થયો એ જ પર્યાય પાછી બીજે સમયે એને નર્કની પર્યાય ઉત્પન્ન થઈ. એ દેવની વાત કરી છે. એ પોતાને કારણે થઈ છે કર્મને કારણે થઈ નથી.કર્મ તો પરદ્રવ્ય છે. ભારે વાત ભાઈ!

એમ પાછું કહે કે જેવા કર્મ બાંધ્યા તેવા ભોગવવા બાપા! આ કયાંથી લાવ્યા. એય! શીખે એ બધા અજ્ઞાની. એને શીખવનારા પણ એવા મળ્યા. અહીં એ ના પાડે છે કે કર્મ જેવા બાંધ્યા એવા ભોગવવા (એમ) આત્મામાં છે જ નહીં.આત્મા તો પોતાની મનુષ્યપણાની જે પર્યાય થઈ તેમાં તે ઉપજયો બસ.એનો વ્યય થઈને દેવની પર્યાયની યોગ્યતાએ પોતે ઉપજયો. કર્મને કારણે નહીં અને ત્યાં પણ જે રાગ-દ્વેષ આદિ ભોગવવામાં આવે તે પોતાની પર્યાયને ભોગવે છે. એ કાંઈ કર્મને ભોગવે છે એમ નથી. કર્મ તો જડ છે. સમજાય છે કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અપ્પા કત્તાએ વિકત્તાએ દોહા એણં આત્મા કર્તા અને આત્મા ભોકતા (એમ કહે) અરે એ તો વ્યવહારનું કથન છે. એમ છે નહીં. આત્મા પોતાની વિકારી પર્યાયને કરે અને એ જ સમયે તેને ભોગવે. કર્મને કરે અને કર્મને ભોગવે એવું વસ્તુના સ્વરૂપમાં છે જ નહીં. એમ આત્મા ધર્મની પર્યાયને કરે અને આનંદને ભોગવે એ પોતાનો કર્તા અને પોતાનો ભોકતા પોતે આત્મા છે. સમજાણું કાંઈ? શું કહે છે? મનુષ્ય છે તે મર્યાદિત કાળનું, દેવત્વ પણ મર્યાદિત કાળનું છે. અમુક મુદતનો ત્યાં રહેવાનો યોગ હતો ત્યાં સુધી રહ્યો. છૂટયો ત્યારે દેવની પર્યાયની મુદત હતી ત્યાં સુધી રહ્યો છે. એ પોતાને કારણે રહ્યો છે.સમજાણું કાંઈ? આ દ્રવ્યની વાત હાલે છે કે નહીં? હેં? બીજા દ્રવ્યને લઈને ઉપજે ને બીજાને (લઈને વિનાશ થાય ) એમ નથી કીધું. સમજાણું કાંઈ?

પરમાણુ છે એ આકાશના એક પ્રદેશે છે. હવે એ કોઈ અસંખ્ય વર્ષ પણ ત્યાં રહે એની મુદત છે. ન્યાંથી એક સમયમાં કર્મો પોતાની યોગ્યતાથી બીજે સમયે ફેરવી નાખે છે. એ પોતાને કારણે છે. પોતાથી એક પરમાણુ એક સમયમાં સાત રાજુ નીચે હોય, સિદધ છે ત્યાં ચાલ્યો જાય. એક પરમાણુ પોતે પોતાની શકિતથી ચૌદરાજુલોક ગતિ કરે છે. એવો જડનો પોતાનો સ્વભાવ છે. એ તો એને જીવ દેખાય છે કયાં? પરમાણુને દેખતો જ નથી. (છતાં) પરમાણુ ગતિ કરે છે. સમજાણું કાંઈ? અને એક પરમાણુને એક પ્રદેશથી બીજે પ્રદેશે જવાની પર્યાયની યોગ્યતા હોય તો ત્યાં સુધી રહે, બીજા કોઈ કારણે ત્યાં છે એમ છે નહીં. ત્યાં ઓલામાં કહે છે ને કર્મને પુદ્‌ગલ કરણાને પુદ્‌ગલને કાળ કરણા. વાત એ છે. સમજાય છે કે નહીં? કર્મ ત્યાં સુધી રહે કે કાળ હોય ત્યાં સુધી રહે. આત્મઅવલોકનમાં આવે છે. અહીં તો સમય સમયનું જીવનું સ્વરૂપ ભિન્ન છે. એ વાતનું મનન કરાવે છે. સમજાણું કાંઈ?

કહે છે, આ મનુષ્યપણાનો કાળ અને દેવનો કાળ મર્યાદિત છે.ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે.પણ આ કાળ મર્યાદિત છે. દેવપણામાં પણ અમુક અસંખ્ય (વર્ષ) તેત્રીસ સાગર લ્યો. દેવપણામાં સર્વાર્થ સિધ્ધિમાં તેત્રીસ સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ છે. નારકીમાં પણ સાતમી નરકમાં તેત્રીસ સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એ સ્થિતિ મર્યાદિત છે. કર્મનું નિમિત્ત છે અને પોતાને કારણે એટલા મર્યાદિત કાળમાં રહેલ છે.

અહીં પાઠમાં એમ કીધું છે જુઓ. **મનુષ્યત્વપર્યાયને રચનારા દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે.** એ તો નિમિત્તથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? અહીં તો એનો પર્યાય ઊપજે અને પર્યાયનો વ્યય (થાય) એની વાત કરી છે. મનુષ્યપણામાં સો વર્ષ જેને રહેવું હોય છે એટલો મર્યાદિત કાળ છે. તે તેનો સ્વકાળ છે. પછી છૂટી જાય છે ત્યારે દેવનો કાળ (આવે છે.) એ પણ મર્યાદિત છે. કારણ કે ત્યાં તેત્રીસ સાગર છે ને? આ મનુષ્યનો તો ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ (કાળ હોય છે.) જુગલીયા વધુમાં વધુ તેત્રીસ સાગર. ત્રણ પલ્યોપમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જુગલીયામાં રહે છે. પશુ અને તિર્યંચની ત્રણ પલ્યોયમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

ઝાઝામાં ઝાઝી મનુષ્યની ત્રણ પલ્યોપમ (ની સ્થિતિ છે.) એટલો મર્યાદિત કાળ પર્યાયનો છે. એ પોતાને કારણે છે. પરદ્રવ્યને કારણે નથી. સર્વાથસિદ્ધિના દેવમાં તેત્રીસ સાગર સુધી મર્યાદિત સ્થિતિ છે. મર્યાદિત? તેત્રીસ સાગર એટલે શું? એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમના અસંખ્યભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. પણ છે કાળ કેટલો? મર્યાદિત.પાઠમાં મૂક્યું છે ને હદકાળ નહીં? પાઠમાં છે ને? જુઓ. છે કે નહીં? હદવાળા. હા એ. હદયુકત કહ્યું છે એ બરાબર છે. એટલી મર્યાદા છે. આહાહા!

**મર્યાદિત કાળના દેવત્વપર્યાય અને મનુષ્યત્વપર્યાયને રચનારા દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે.** અહીં ભૂલ્યા. સમજયા ને? અહીં તો નિમિત્તથી સમજાવવું છે. પણ અહીં તો એની પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? નામકર્મને લઈને અહીંથી જાય છે એમેય નથી અને નામકર્મને લઈને અહીં ટકી રહે છે એમ કાંઇ (નથી.) આત્માની પર્યાય ભિન્ન છે. કર્મની પર્યાય ભિન્ન છે. કર્મ પણ અજીવ જડદ્રવ્ય છે. એની પર્યાયના મુદત કાળમાં એ છે અને આની પર્યાયના મુદત કાળમાં આ છે. સમજાણું કાંઈ? આ વાત નાખે છે હોં! લખાણમાં નાખે છે. જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકયું. જુઓ આવ્યું ગોમ્મટસાર ઈ અહીં કહે છે. ત્યાં એટલો ને એટલો કાળ જ હોય. એમ તો વાત કરે છે. એટલો જ કાળ ત્યાં રહેવાનો હોય એટલો રહે. એનું અકાળ મૃત્યુ થાય કે આઘું પાછું થાય એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એમ સમજીને એણે આત્મા જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્ય છે એનો આશ્રય લેતાં એને સમ્યગ્દર્શન થાય એમ બતાવવું છે. આહાહા! આ ધ્રુવની અપેક્ષાએ હાલે છે ને શું કહેવાય? શું કીધું નહીં? ધ્રુવતાના પક્ષથી આ કહ્યું છે ધ્રુવતાના પક્ષથી પણ આ ધ્રુવ લક્ષ કરે ત્યારે આ પક્ષ છે એનું જ્ઞાન એને થાય ને? સમજાણું કાંઈ? આહાહા! વીતરાગનો માર્ગ એવો સૂક્ષ્મ છે ને કે, એની સમય સમયની જડની ને ચૈતન્યની સ્વતંત્ર પર્યાયનો ઢંઢેરો પીટે છે. કેવળજ્ઞાન શી રીતે સિદ્ધ થાય? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે. જે સમયે જયાં પર્યાય જેની જે થવાની છે તે કાળે થાય તેને કેવળી જાણે. કેવળી આઘી પાછી જાણે? સમજાણું કે નહીં? સ્તુતિ આવે છે શીતળનાથની દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ, રાજનીતિએ ચાર છે ને. કોઈ ન લોપે કાળ. પ્રતિબંધ કાંઈક બીજો શબ્દ છે. જયાં જયાં જે જે દ્રવ્યની જે સમયની જયાં સ્વતંત્ર પર્યાય થાય તેને કોઈ રોકી શકે નહીં. એમ ભગવાનની જાહેરાતમાં એ આવ્યું છે. ભગવાનની જાહેરાત એમ ભગવાને કીધું છે. એવો જ પર્યાયનો ને દ્રવ્યનો સ્વભાવ (છે જે) કોઈથી કરેલો નથી. સમજાણું કાંઈ?

દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ચાર રાજનીતિ એ જાણવી. કોઈ ન રોકે કાળ. હેં? હા બસ ઈ. ત્રાસ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિના જડ પ્રભુની કોઈ ન લોપે કાળ રે. ત્રાસ વિના પ્રભુની આજ્ઞા પ્રમાણે બધું પરિણમે છે એમાં કોઈ ન લોપે કાળ રે. એની આજ્ઞા લોપાતી નથી. એ આવી ગયું છે. ત્રાસ વિના જડ પ્રભુની. સમજાણું કાંઈ? શીતળનાથ દસમું છે ને દસમું છે. દસમી ગાથા છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રાજનીતિ એ જાણવી. ત્રાસ વિના જડ ચૈતન્યપ્રભુની કોઈ ન લોપે કાળ રે. સર્વજ્ઞભગવાને જે જ્ઞાનની પર્યાયમાં જે સમયની જે જે દ્રવ્યની જે પર્યાય થવાની જોઈ છે એમ થશે. પણ એની શ્રદ્ધા કરે કોણ? હેં? એ સર્વજ્ઞની પણ શ્રદ્ધા કોણ કરે? એ સર્વજ્ઞ તો જ્ઞાનગુણની એક પર્યાય છે. કાંઈ સર્વજ્ઞપણું એ ગુણ નથી. સર્વજ્ઞપણું પણ એક ગુણની એક સમયની પર્યાય છે. એ પર્યાયની શ્રદ્ધા કેમ કરે ને કોણ કરે? કે, એ આત્માની ધ્રુવતા સ્વભાવ તરફ દૃષ્ટિ કરે ત્યારે દ્રવ્યનું જ્ઞાન થાય, ત્યારે સર્વજ્ઞની પર્યાયનું સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? ચોખ્ખે ચોખ્ખી વીતરાગ શાસ્ત્રમાં કહે છે.

જેવી રીતે **મોટા એક વાંસના,** વાંસ લીધો વાંસ. **ક્રમવર્તી અનેક પર્વો**.પર્વો (એટલે) એની ગાઠું કાતળી. કાતળી એની ગાંઠ (કહેવાય છે.) **પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી,** છે ને? વાંસ હોય ને એની કાતળી હોય ને કાતળી. **પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી,** જો ભઈ માપ પણ પોતપોતાના માપમાં છે હજી. **અન્ય પર્વમાં નહીં જતાં** એ એક ગાંઠ બીજામાં જાતી નથી. એક પર્વનો ભાગ બીજામાં જતો નથી. **પોતપોતાના સ્થાનોમાં ભાવવાળા પોતપોતાના સ્થાનોમાં હયાતિવાળા (વિદ્યમાન) છે. અને પર સ્થાનોમાં અભાવવાળા (વિદ્યમાન) છે.** એની જે પર્વ જાય છે આટલી આટલી આ એક આમાં નથી અને આ આમાં નથી. સમજાણું? **પોતપોતાના સ્થાનોમાં ભાવવાળા છે.**બીજાની અપેક્ષાએ તે અભાવવાળા છે.

**તથા વાંસ તો બધાય પર્વ સ્થાનોમાં ભાવવાળો હોવા છતાં** હવે કહેશે. **વાંસ તો બધાય પર્વ સ્થાનોમાં ભાવવાળો હોવા છતાં અન્ય પર્વના સંબંધ વડે અન્ય પર્વના સંબંધનો અભાવ હોવાથી,** આ એક ગાંઠના સંબંધવાળોથી બીજા ગાંઠના સંબંધવાળો વાંસ નથી. અહીં સંબંધવાળો વાંસ છે તે અહીંના સંબંધવાળો અહીં નથી. **તેવી રીતે નિરવધિ ત્રણ કાળે,** હવે આવ્યા આત્મા ને જડ. આ તો દાખલો આપ્યો. મર્યાદા વિનાના ત્રણે કાળે ટકનારા **એક જીવ દ્રવ્યના** અહીં એક જીવ દ્રવ્ય લીધું. આ તો દાખલો છે ને? **ક્રમવર્તી** ક્રમે વર્તનારા **અનેક મનુષ્ય આદિ પર્યાયો** મનુષ્ય દેવ આદિ અવસ્થા. **પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી** બસ પોતપોતાના માપમાં એનો કાળ મર્યાદિત છે.**અન્ય પર્યાયમાં નહિ જતાં,** મનુષ્યની પર્યાય કાંઈ દેવની પર્યાયમાં જતી નથી. **પોતપોતાના સ્થાનોમાં ભાવવાળા છે.** મનુષ્યની પર્યાય મનુષ્યના ભાવવાળી અને દેવની પર્યાય દેવની પર્યાયના ભાવવાળી વગેરે. **અને પર સ્થાનોમાં અભાવવાળા છે.** લ્યો! મનુષ્યની પર્યાયમાં દેવની પર્યાય નથી અને દેવની પર્યાયમાં મનુષ્યની પર્યાય નથી. ભાવ અભાવ થઈ ગયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતપોતાના સ્થાનમાં ભાવ અને બીજાના સ્થાનમાં અભાવ. **તથા જીવદ્રવ્ય તો સર્વપર્યાયસ્થાનોમાં ભાવવાળું હોવા છતાં,** બધી પર્યાયમાં જીવ દ્રવ્ય છે કે નહીં? મનુષ્યમાં, દેવમાં, નારકીમાં, તિર્યંચમાં બધામાં જીવ જીવ જીવ (છે.) **તેમ હોવા છતાં અન્ય પર્યાયના સંબંધ વડે** મનુષ્યની પર્યાયના સંબંધ વડે, દેવની પર્યાયના સંબંધનો એમાં અભાવ છે. સમજાણું? આત્મા ને મનુષ્યની પર્યાયનો સંબંધ હોય એ જ સમયે દેવની પર્યાયનો સંબંધ હોય? એ અપેક્ષાએ અભાવ છે. ભારે ભાવ-અભાવ. પર્યાય જે છે એ પોતપોતાના સ્થાનમાં ભાવવાળી છે અને બીજાની અપેક્ષાએ અભાવવાળી છે. અને જીવ જે છે એ દરેક પર્યાયના સંબંધમાં ભાવવાળો છે. એવો હોવા છતાં એ જ જીવ પોતાના પર્યાયના સંબંધમાં ભાવ (છે) એ જ જીવને બીજાની પર્યાયનો સંબંધ એ વખતે નથી. માટે એમાં એ અપેક્ષાએ અભાવવાળો છે.ભારે વાત ભાઈ! સમજાણું?

**એ અભાવવાળું (પણ) છે.** વસ્તુ ભગવાનઆત્મા એક સમયની પર્યાયમાં છે એ એક ભવમાં છે એ બીજા ભવમાં નથી. પર્યાય તો આમાં છે અને એ પર્યાય બીજામાં નથી પણ એ જીવદ્રવ્ય પણ આ પર્યાયના સંબંધવાળો છે એ જીવ આ પર્યાયના સંબંધમાં નથી. એમ કહે છે.

**ભાવાર્થઃ- જીવને ધ્રૌવ્ય અપેક્ષાએ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી.** ભગવાનઆત્મા ધ્રૌવ્યપણે અનાદિ-અનંત બિરાજમાન પ્રત્યેક આત્મા (ની વાત છે.) નિગોદમાં પણ અનંત ધ્રૌવ્ય. નિગોદમાં એક શરીરમાં અનંત આત્મા એ એકેક આત્મા ધ્રૌવ્યપણે નિત્ય કાયમ છે. (મુમુક્ષુઃ- નિગોદમાંય?) નિગોદમાંય. પર્યાય બદલે એ તો પર્યાય બદલે. નિગોદની પર્યાય બદલીને મનુષ્ય થાય. સમજાય છે? અને મનુષ્યનો પર્યાય બદલીને મહાતત્વનો વિરોધ કરે, વળી નિગોદની પર્યાયમાં જાય. કહો, સમજાણું કાંઈ? આહાહા! નિગોદના જીવવાળાને એવો શુભભાવ થાય તો મનુષ્યમાં આવે. મનુષ્યવાળો તત્ત્વનો વિરોધ કરે, વાસ્તવિક તત્ત્વના સ્વરૂપનો વિરોધ કરે તો નિગોદમાંય જાય.

કુંદકુંદાચાર્યદેવે કહ્યું કે એક વસ્ત્રનો ધાગો રાખીને મુનીપણું માને, મનાવે અને માનતાને રૂડું જાણે તો નિગોદમ ગચ્છઈ. નિગોદમાં જાશે.આહાહા! ભારે વાત ભાઈ! એ જેઠાભાઈ! આમાં કયાંય દુનિયા સાથે મેળ ખાય એવું નથી. લ્યો એણે એમ કીધું. કુંદકુંદઆચાર્યએ કહ્યું. ભગવાન પાસે ગયેલા, લાવેલા તત્વને એમ કહ્યું. જે કોઈ સાધુ નામ ધરાવી અને વસ્ત્રનો કટકો રાખે અને (કહે કે ) અમે સાધુ છીએ. બીજા પાસે સાધુપણું મનાવે, માનતા હોય એને રૂડું જાણે એ બધા એકેન્દ્રિયમાં નિગોદમાં જવાના. હાય! હાય! ભારે આકરું કામ. એ નિગોદની પર્યાયને લાયક છે એમ કહે છે. એની એને તૈયારી છે. એની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે. બે હજાર સાગરની. આહાહા! વીતરાગ માર્ગને સમજવો (એ બહુ) આકરું કામ બાપા.

અહીં કહે છે કે આ પણ સાચું ને આ પણ સાચું તેમ ખીચડો કરી દેવો એમ બે નહીં ચાલે. હેં?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાની ભૂલ હું એમ કહો ને ત્યારે. ચીભડાના ચોરને ફાંસી? એમ નથી. એમાં નવે તત્ત્વની મોટી મહાન ભૂલ છે. કેમ કે જીવમાં વસ્ત્ર રાખવાનો ભાવ છે એ રાગ છે અને એ તીવ્ર કષાય છે. એને કષાય જ્યાં છે ત્યાં તેને છઠ્ઠા ગુણસ્થાનનું સંવર, નિર્જરા માન્યું એટલે આસ્ત્રવને પણ ન માન્યું અને છઠ્ઠા ગુણસ્થાને યોગ જે સંવર છે એને સંવરેય ન માન્યો. આસ્ત્રવને સંવર માન્યો અને સંવરના અભાવમાં આસ્ત્રવ માન્યો. અને જેને એટલો એ રાગનો અભાવ હોય એને વસ્ત્રનો અભાવ હોય તો સંયોગના અભાવવાળો હોય. એને ઠેકાણે વસ્ત્રના સંયોગવાળું તત્ત્વ માન્યું. અજીવમાં ભૂલ, જીવમાં ભૂલ, સંવરમાં ભૂલ, આસ્ત્રવમાં ભૂલ, બંધમાં ભૂલ ને નિર્જરામાં ભૂલ ને મોક્ષમાં ભૂલ. એવી વાત છે ભગવાન.

અને જયારે છઠ્ઠા ગુણસ્થાને યોગમાં તીવ્ર રાગ રાખવાનું થયું તો શુધ્ધતા એટલી નહોતી અને અપૂર્ણ શુધ્ધતા હતી એ શુધ્ધતાને મોક્ષનું કારણ માન્યું. મોક્ષના તત્ત્વના કારણમાં ભૂલ તો એના કાર્યમાં પણ ભૂલ. નવે તત્ત્વની ભૂલ છે. ચીમનભાઈ! આકરું કામ છે ભાઈ! નવે પદાર્થની વાસ્તવિકતાને ભૂલી ગયેલાં છે.એમ કહે છે. એની પર્યાયનો કાળ એ ધ્રુવની અપેક્ષાએ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી. એમ કહે છે. જે વખતે જે સમયમાં એનો શ્રધ્ધાભાવ હોય તે સમયે હોય છે, એ પલટીને પાછો બીજો શ્રધ્ધાભાવ થાય છે. આ શ્રધ્ધાભાવ તે ઓલો ભાવ નથી અને ઓલો શ્રધ્ધાભાવ તે આ નથી પણ જીવ તો બધામાં એનો એ છે. અને એના એ સંબંધવાળો આ જીવ આ પર્યાય છે, આ સંબંધવાળો ઓલો બીજા પર્યાયવાળો નથી.જીવ બીજી પર્યાયમાં આ સંબંધવાળો નથી. આવી વાત છે ભાઈ.. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## સળંગ પ્રવચન નં. ૨૭, ગાથા- ૧૯, ૨૦
## પ્રવચન નં. ૨૬
## તા.૧૦/૧૨/૬૯, માગશર સુદ-૧, બુધવાર

**શ્રી પંચાસ્તિકાયની ૧૯મી ગાથા છે તેનો ભાવાર્થ :-**

**ભાવાર્થ :- જીવને ધ્રૌવ્ય અપેક્ષાએ,** આ આત્મા જે છે એનો અહીંયા દાખલો આપ્યો છે.ભગવાને તો છ દ્રવ્ય જોયાં છે. તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા. એનું સ્વરૂપ કેવું છે? એને આ જીવનું ઉદાહરણ આપીને વાત કરે છે. કહે છે કે જેમ જીવને વસ્તુ જે છે એ તો ધ્રુવ છે. ધ્રુવ ત્રિકાળ (છે.) એ અપેક્ષાએ એને સત્‌નો વિનાશ, છે તેનો નાશ થાય અને ન હોય તેની ઉત્પત્તિ થાય એમ છે નહીં. વસ્તુ તો અનાદિ છે.નિત્ય છે. પર્યાય બદલતાં છતાં ધ્રુવ બદલી જાય છે, ધ્રુવ વિનાશ પામે છે એમ નથી.આ બધી ચીજો તો પર છે એની સાથે તો કાંઈ સંબંધ નથી. એ તો એને કારણે બીજા પદાર્થો ધ્રુવ પણે રહી અને પલ્ટે એ તો એને કારણે છે.

આ તો આત્મામાં દેવનું, મનુષ્યનું પલટન હોવા છતાં જે ધ્રુવપણું છે તે તો કાંઈ નાશ થતું નથી અને ધ્રુવ વસ્તુ છે એની ઉત્પત્તિ થતી નથી. એ છે, છે અને છે. **'મનુષ્ય મરે છે અને દેવ જન્મે છે'** મનુષ્યપણાની પર્યાયથી જીવનો વ્યય પર્યાય અપેક્ષાએ કહેવાય છે અને એ જ દેવ જન્મે છે એમ કહેવું પણ મરીને દેવ થાય. **એમ જે કહેવામાં આવે છે તે વાત પણ ઉપરોક્ત હકીકત સાથે વિરોધ પામતી નથી.** ધ્રુવની અપેક્ષાએ જન્મ ને ઉત્પત્તિ નથી, એમ પર્યાય અપેક્ષાએ ઉત્પત્તિ ને મરણ છે તો પણ કાંઈ સત્‌ની સાથે એમાં વિરોધ આવતો નથી.

આપણે આ આવી ગયું છે કે, **જેમ મોટા એક વાંસની અનેક કાતળીઓ,** મોટું વાંસ હોય ને અને એની કાતળી વેંત વેંતની કરે એ કાતળી પોતપોતાના સ્થાનમાં વિદ્યમાન છે. હયાતિ ધરાવે છે અને બીજી કાતળીઓના સ્થાનોમાં એ કાતળીની અહયાતિ છે. **તથા વાંસ તો સર્વ કાતળીઓના સ્થાનોમાં અન્વયરૂપે વિદ્યમાન છે.** વાંસ, વાંસ, વાંસ, વાંસ, વાંસ, વાંસ, વાંસ (સંપૂર્ણ ભાગમાં છે) એમ હોવા છતાં એમાં પણ **એમ હોવા છતાં પ્રથમાદિ કાતળીરૂપે,** પહેલી કાતળીરૂપે વાંસ છે તે વાંસ **દ્વિતિયાદિ કાતળીમાં નહિ હોવાથી,** આ જરા ઝીણી વાત છે.

ભગવાનઆત્મા! અહીં તો કાતળીનો દાખલો આપ્યો. એક કાતળીમાં બીજી કાતળી નથી. એ તો બરાબર કાતળીની અપેક્ષાએ (વાત છે.) હવે એક વાંસ છે એ બધી કાતળીઓમાં છે.એમ હોવા છતાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકેક કાતળીમાં જે વાંસ છે તે વાંસ બીજી કાંતળીમાં નથી. એ અપેક્ષાએ અવિદ્યમાન અભાવ પણ કહેવામાં આવે છે. **તેમ ત્રિકાળ-અવસ્થાયી એક જીવ** ભગવાન આત્મા તો ત્રિકાળ છે. અનાદિ, અનાદિ, અનાદિ આદિ પણ નથી અને અંત પણ નથી. **એને એક જીવના નરનારકાદિ અનેક પર્યાયો** મનુષ્ય થાય મનુષ્ય એટલે આ દેહ નહીં (પણ) અંદર મનુષ્યની અવસ્થા. મનુષ્ય થાય, દેવ થાય, પશુ થાય, નારકી થાય, નિગોદ થાય એવી અવસ્થાઓ પોતપોતાના કાળમાં વિદ્યમાન છે. તે તે આત્માને તે તે પર્યાય તે તે કાળમાં તેને છે. બરાબર છે? પર છે ને પરથી છે એમ નથી એમ સિદ્ધ કરવું છે.

આ શરીરને લઈને એની મનુષ્યગતિની અવસ્થા છે કે કર્મને લઈને મનુષ્યગતિની અવસ્થા છે એમ નથી એમ કહે છે. આ શરીર તો જડ ભિન્ન છે અને કર્મ પણ જડ ભિન્ન છે. જુદી ચીજ છે. આત્માની અવસ્થાને યોગ્ય જયાં જયાં જે સમયે મનુષ્યપણું, દેવપણાની ગતિની યોગ્યતા તે તે પ્રકારે તે તે પર્યાયમાં તે વિદ્યમાન પર્યાય છે. તે જ સમયે વિદ્યમાન છે એમ. આ તો જેને ઊંડો ડૂબકી મારવાનો હોય ને એને કહે છે કે ભાઈ તારું તત્ત્વ તો ધ્રુવ ને ઊંડુ છે ને? એક પર્યાયમાં એ મનુષ્યગતિના કાળ જેટલામાં કાંઈ આખું દ્રવ્ય આવી જતું નથી. તારું તત્ત્વ તો ધ્રુવ છે. એની નજરું નાખ્યા વિના તારો ધર્મ ને શરણ કાંઈ છે નહીં. એમાંથી નીકળે છે. આહાહા! આમ અનાદિ-અનંત દ્રવ્ય હોવા છતાં તેની તે તે પર્યાય એટલે મનુષ્યગતિ, દેવગતિ, નિગોદગતિ કીડી કાગડાની ગતિ તે તે પર્યાય શરીર નહીં. તેની તે તે પર્યાયની અપેક્ષાએ તે પર્યાયની તે કાળે હયાતિ છે. આ દ્રવ્ય જેમ ત્રિકાળ છે એમ પર્યાય ત્રિકાળ છે એમ નથી. સમજાણું કાંઈ?

અહીંયા અસ્તિ સિદ્ધ કરવી છે ને? કહે છે, **અનેક પર્યાયો પોતપોતાના કાળમાં વિદ્યમાન છે**. ઓહો! મનુષ્યપણાના કાળમાં મનુષ્યપણા તરીકેની અવસ્થા હયાતિ ધરાવે છે.દેવના કાળમાં દેવપણાની અવસ્થાપણે તે વિદ્યમાન છે. મનુષ્યપણાની અવસ્થાપણે તે વિદ્યમાન નથી. તે તે કાળે તે સમયે તે વિદ્યમાન છે. અને જીવ તો, એ હવે પર્યાયની વાત કરી. જીવ તો સર્વ પર્યાયોમાં અન્વય સંબંધ ધરાવે છે. મનુષ્યપર્યાયમાં એ જીવ, દેવપર્યાયમાં જીવ, નારકીમાં જીવ, નિગોદના એક શરીરમાં અનંતા છે જીવ. ત્યાંય ગયો ને જે મિથ્યાત્વ કરશે એને ત્યાં પાછું જાવું છે. સમજાણું કાંઈ?

જેની દૃષ્ટિમાં મિથ્યાત્વ હશે, તે તે કાળમાં તે તે મિથ્યાત્વના કાળને લઈને, આગળ જઈને એને નિગોદની અવસ્થા જ પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? આ તો અમુક મુદતની જ સ્થિતિ છે. મનુષ્યપણાની અમુક મુદતની, દેવની અમુક મુદતની, નારકીની અમુક મુદતની, પશુની અમુક મુદતની. અરે નિગોદમાં જાય તો એના ભવને માટે અમુક સ્થિતિ સારા નિગોદમાં જાય તો પણ તે અર્ધપુદગલ છે અને બધા એકેન્દ્રિય આદિમાં જાય તો અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન (છે.) એકલા નિગોદમાં સૂક્ષ્મ બાદર પર્યાપ્તમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મરે તો અઢી પુદ્ગલ પરાવર્તન (નો કાળ હોય છે.) આહાહા! પછી બહાર એકેન્દ્રિય સ્થૂળ થાય.

પ્રત્યેક થાય એમ. આ તો નિગોદ સ્થૂળ, નિગોદ સૂક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત એમાં ને એમાં રહે તો અઢી પુદ્ગલ પરાવર્તન રહે. બહુ લાંબો કાળ છે તો પણ એ મર્યાદિત કાળ છે. જીવ તો એ બધામાં કાયમ અન્વયરૂપ રહે છે. એમ કહે છે. એકેન્દ્રિય સૂક્ષ્મમાંથી બાદર નીકળ્યું એ નિગોદમાંથી પૃથ્વીમાં આવે, સ્થૂળ પૃથ્વી બાદર, પાણી અગ્નિ વાયુ વનસ્પતિ વળી ન્યા જાય ન્યા આવે એમ કરીને એકેન્દ્રિયમાં અસંખ્યાતા પૂર્વ પરાવર્તન થાય.

એક પુદ્ગલ પરાવર્તનમાં અનંતા તીર્થંકરોની અનંતી ચોવીસી થઈ જાય. એક પુદગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી (થઈ જાય). એક પુદગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી. આહોહો! કહે છે તે. તે ગતિ ત્યાં ત્યાં હોય તે તે પર્યાય ત્યાં વિદ્યમાન છે અને બીજી પર્યાયમાં તે વિદ્યમાન નથી. બીજી પર્યાયમાં તે પર્યાય વિદ્યમાન છે. આહાહા! ભગવાન આત્મા તો સર્વ પર્યાયોમાં અન્વય સાથે એ જીવ જીવ જીવ જીવ જીવ જીવ જીવ ધ્રુવપણે તો અનાદિથી કાયમ છે. સમજાણું કાંઈ?

આ તો મુદતની સ્થિતિનો પર્યાયનો કાળ છે. ભગવાનઆત્મા અન્વય છે એટલે કાયમ રહેનાર છે એટલે એને મુદત હોતી નથી. એ તો ધ્રુવ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આમ બધી પર્યાયો એટલે ભવોમાં જીવ બધામાં વિદ્યમાન હોવા છતાં એ જીવ એક ભવની અપેક્ષાએ તે જીવનો તે ભવમાં સંબંધ છે એ રીતે એ જીવને એ ભવનો બીજા ભવની અપેક્ષાએ સંબંધ નથી. એ અપેક્ષાએ આત્મા દરેકમાં અભાવરૂપ છે. આહાહા! જુઓને, કેવી વાત કરી છે. ભાઈ! તું ધ્રુવઆત્મા છો ને. પ્રભુ! (તું) અનાદિ અનંત છો. ભાઈ! અનાદિ-અનંત છો. એ તારે ને આ શરીરને ને કર્મને કાંઈ સંબંધ નથી. એ તો જગતના તત્ત્વો જુદા છે. એને ને તારે કાંઈ સંબંધ નથી. તારી પર્યાય થવામાં પરનો કાંઈ સંબંધ નથી એમ કહે છે. પર્યાય એટલે અવસ્થા. મનુષ્યગતિની અવસ્થા, દેવગતિની અવસ્થા, નિગોદની અવસ્થા. જુઓને, આહાહા!

કીધું, આ કૂતરો મરીને કયાં ગયો હશે? છોકરાવને પૂછયું. એક જાણો કહે તેના ભાવ પ્રમાણે ઉપજયો હશે. કીધું સાચી વાત બાપુ. ભાવ ભાવ. કાલે મરી ગયો ને? બહુ છેટે રોતો હતો. દુઃખ બહુ (થાતુ હતું.) સડી ગયો હતો. (વિચાર આવ્યો) કે આ કયાં ગયો હશે? કારણ કે કોઈ પર્યાયમાં તો આવ્યા વિના કાંઈ રહે નહીં. દ્રવ્ય તો ઈ નું ઈ જ છે. અહીંની મુદત પૂરી થઈ ગઈ. જે ભાવ હોય એવા ભાવે પશુ આદિમાં બિચારા અવતરે. એને તો કાંઈ સ્વર્ગેય ન હોય. આહાહા! દરેક જીવે એવા ભવો અનંત કર્યા છે. તે તે ભવમાં તે તે ભવની હયાતિ (હોય તે) બીજા ભવમાં તે ભવની હયાતિ નથી. પણ ભગવાન તો બધામાં હયાતિ ધરાવે છે. દ્રવ્ય તરીકે ધ્રુવ તરીકે તો બધામાં અન્વય સદશ છે એમ કહે છે. આહા! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માળા! પાંચ પચીસ પચાસ સાંઈઠ વર્ષના સંયોગ ભેગા થાય ને ત્યાં કોણ જાણે એવો વળગે છે ને! હેં? આ મારી બાયડી ને આ મારા છોકરા ને આ મારું શરીર, ત્રણ કાળમાંય કયાંય એ ચીજ નથી. હોય તારી તો તારી પર્યાય છે. ભાઈ! માને તો પર્યાય છે. આ તો નહીં. એ પર્યાયબુદ્ધિ મિથ્યાત્વ જયાં સુધી છે ત્યાં સુધી તેને ચાર ગતિમાં રખડવાનું છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? પર મારા છે ને હું એનો એ વાત તો વસ્તુમાં છે જ નહીં. છે જ નહીં. દરેક આત્માઓ દરેક પરમાણુઓ સ્વતંત્ર જગતની ચીજ છે. એમાં આ આત્મા કયાં છે ને આ આત્મામાં એ કયાં છે. આ તો એનામાં બે ભાગ જે છે એ ભવરૂપ પર્યાય, તેમાં તે તે ભવના કાળમાં તે બીજો ભવ નથી. અને બીજા ભવની વિદ્યમાનતામાં આ ભવ નથી. અને તે તે દરેક ભવમાં ભગવાન દ્રવ્યરૂપે આત્મા તો સતત નિરંતર છે. તે નિરંતર હોવા છતાં તે તે ભવના સંબંધે આત્મા એ સંબંધવાળો ભવ બીજા ભવમાં આવ્યો નથી. બીજો ભવ સંબંધ છે.આહાહા! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યની કથની અલૌકિક છે. કોઈ સાદું શાસ્ત્ર હોય તો પણ એમાં (ઘણી ગંભીરતા છે.) સમજાય છે કાંઈ? આહા! તારી મુદત પ્રમાણે ભલે ભવમાં હો, પણ એ ભવ કાંઈ બીજા ભવમાં નથી. અને તું દરેકમાં હો, છતાં દરેકમાં હોવા છતાં, આ ભવના સંબંધરૂપે જે ત્યાં છો, એવા ભવના સંબંધરૂપે બીજા ભવમાં નથી, બીજા ભવનો બીજો સંબંધ થઈ ગયો. એમ કહે છે. આહાહાહા! આ બાયડી છોકરાવનો સંબંધ નહીં. એ રીતે લીધું છે. આહાહા! એ તો પર વસ્તુ છે કયાં તારી પાસે આવી છે ને કયાં તારી હતી ને કયાં તું એમાં ગરી ગયો છો? માળો! મફતનો હેરાન થઈ મરી જશે. સમજાણું કાંઈ? ભાઈ! તારે સંબંધ હોય તો દરેક પર્યાયમાં તારો, એ તું. અને ન સંબંધ હોય તો એ જ પર્યાયરૂપે સંબંધ છે એવો જ બીજા પર્યાયરૂપે આ પર્યાયનો સંબંધ ત્યાં નથી.બસ આટલી વાત છે. આહાહા! એ આમાં કહે છે. અહીં પરની વાત જ નથી. સમજાણું કે નહીં?

આમાં હીરાભાઈનો સંબંધ થયો. છોકરો સારો જાગ્યો ને ફલાણું ઢીંકણું. આપણે ત્રીસ રૂપિયાનો પગાર ને ઓલો વીસ હજાર પેદા કરે. ખર્ચ કાઢતાં વીસ હજાર. ઓલો કહે ખર્ચ કાઢતાં અબજ રૂપિયા.બબ્બે પાંચ પાંચ લાખ. ધૂળમાં શું છે પણ એ એની હારે? એની તો અહીં વાત જ નથી. એની પર્યાયમાં નથી એટલે પ્રશ્ન શું? એમ કહે છે. એ વજુભાઈ! આહાહા! ભગવાન તારો ભેખ એક સમયની પર્યાય અથવા ભવ પૂરતો ભેખ એ તારી પર્યાયમાં સંબંધ. એ પર્યાય બીજે ભવે ન હોય. ત્યાં એ પર્યાયનો સંબંધ. આનો એક બીજામાં અભાવ. એક વાત. હવે આત્મા તરીકે દરેક પર્યાયમાં સંબંધ હોવા છતાં, એક પર્યાયનો સંબંધ જીવને છે એવી જાતનો બીજા પર્યાયમાં એ જીવને સંબંધ નથી. બીજી જાતનો સંબંધ થઈ ગયો. આહાહા! જુઓને એ વાત. આ સંબંધ છૂટયા છોકરાના તો બીજા સંબંધ થયા એ વાત અહીં નથી લીધી. ભાઈ! એય! આહાહાહા! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ! તું આત્મા છો ભાઈ! અનાદિ-અનંત છો. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર એની વાણીમાં એમ આવ્યું એણે જોયું એવું કહ્યું કે, ભાઈ તારી હયાતિ ત્રિકાળી હોવા છતાં એક ભવ પૂરતાની હયાતિમાં બીજા ભવની હયાતિ નથી. સમજાય છે? અને તારી હયાતિમાં દરેક ભવમાં તું હયાત હોવા છતાં તારું હોવાપણું તો ધ્રુવ છે.આ પર્યાયનો જે સંબંધ હતો એવા ધ્રુવને બીજા પર્યાયનો એવો સંબંધ છે એમ નથી. આહાહાહા! શું કહે છે? કનુભાઈ! હેં? એ વાતેય અહીં નથી. અહીં તો પોતપોતાની પર્યાય. બાપુ! એ બહારની તો વાત જ કરી નથી. બહારનું શું કામ? પણ એ તો એ ચીજ તેનામાં છે. આ તો દાખલો આપ્યો. એ ચીજ પણ એકેક પરમાણુંમાં જે જે પર્યાય જે જે કાળે થાય તે તે કાળે તે પર્યાયની વિદ્યમાનતા છે. બીજી પર્યાય કાળે તે પર્યાય વિદ્યમાન નથી. આ તો પરમાણું માટે છે. હવે પરમાણું ધ્રુવ છે તે દરેક પર્યાયમાં વિદ્યમાન હોવા છતાં તે પરમાણું તે પર્યાય સાથે સંબંધ છે તેવો સંબંધ બીજી પર્યાય સાથે એનો નથી. આહાહા! આ તો અસ્તિ સિદ્ધ કરવું છે ને? અસ્તિકાય. એના હોવામાં શું છે?એના હોવામાં શું છે? પરમાણુના હોવામાં શું છે? આત્માના હોવામાં શું છે?

આત્માના હોવામાં કાંઈ કર્મ ને શરીર ને બાયડી ને છોકરા એની પર્યાયમાંય નથી. એ તો પરમાં છે. કનુભાઈ! ન્યાય લોજીકથી તો આમાં વાત હાલે છે. આહાહા! આ તો જીવને જાણે સાદી વાત છે. સાદીમાં પણ અલૌકિક વાત છે. ભાઈ! તું તો કાયમનો છો ને? કાયમનો ધ્રુવ છો ને? ધ્રુવની અપેક્ષાએ એને ઊપજવું વિણશવું તો નથી. ઠીક. હવે ઊપજવું વિણશવું જે ભવનું પર્યાયનું થાય, તો હવે એ ભવમાં જે ઊપજયો તે કાળે તે ભવ હો, પણ બીજે કાળે તે ભવ નહીં. બીજા સમયે બીજા કાળે તે ભવ હોય. આ ભવનો એમાં અભાવ છે એ અપેક્ષાએ પર્યાયમાં ભાવ, બીજામાં અભાવ. એ પર્યાય પર્યાયમાં ભાવ, બીજી પર્યાયમાં અભાવ. અને વસ્તુ તરીકે તું આત્મા ધ્રુવ છો તેથી દરેક પર્યાયમાં તારો ભાવ. ધ્રુવતા કાયમ કાયમ અન્વય અન્વય અન્વય ધ્રુવ ધ્રુવ રહે છે. એ અપેક્ષાએ તો ભાવ અને જે દ્રવ્યને જે અવસ્થાનો સંબંધ છે તેવા સંબંધવાળું દ્રવ્ય બીજા પર્યાય વડે આવા સંબંધવાળું નથી. માટે અભાવ પણ છે, માટે અભાવ પણ છે. આહાહા! સમજાણું કાંઈ?

એમ કરીને તારે શરણ ને નજર નાખવાની હોય તો ધ્રુવ ઉપર છે. બીજું તો તારામાં છે નહીં એટલે કાંઈ શરણ ને નજર નાખવા જેવું નથી. હવે તારામાં જે પર્યાય બદલે તે પણ એક સમય પૂરતી અવસ્થા છે. તે અવસ્થા બીજે સમયે નથી. અને તેમાં દ્રવ્ય પરમાણુ પણ અને આત્મા પણ બીજે સમયે તે પર્યાયના આ સંબંધવાળો બીજે સમયે એ પર્યાયના સંબંધવાળો નથી.કહો સમજાણુ કાંઈ? એવો ભગવાનઆત્માને દરેક વસ્તુ પોતપોતાના ધ્રુવપણાને કાયમ રાખી અને સમય સમયની મુદતવાળી એક સમયની મુદતવાળી, ઓલો દાખલો આપ્યો છે એ તો આખા ભવની મુદતવાળો (આપ્યો છે.) પણ એને દ્રવ્ય ને પર્યાયના હોવાપણાનો સિદ્ધાંત સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તારે સંબંધ કોનો પ્રભુ? તારે સંબંધ તારી પર્યાયનો અવસ્થાનો. એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જે છે તે બસ એટલું. અને શુધ્ધતા હોય તો શુધ્ધતાની પર્યાય સંબંધ એટલુ જ. સમજાય છે કાંઈ? અને એ પર્યાય પહેલા કાળમાં છે ત્યારે તો સ્વકાળે જ એ હોય. પછી પર કાળમાં આ ન હોય, માટે એનો એક બીજામાં અભાવ છે. તું તો બધામાં સદ્ભાવ છો. તું કયાં નથી? કઈ પર્યાયમાં તું નથી? એમ છે? હવે કહે છે એ બધી પર્યાયમાં છે છતાં એક સમયની પર્યાય પૂરતો આ જે આત્મા છે એ બીજી પર્યાયના સંબંધ વખતે એ પર્યાય બીજી થઈ ગઈ. એટલે દ્રવ્ય પણ એ અપેક્ષાએ બીજા સમયના સંબંધની અપેક્ષાએ અભાવ છે. સમજાણું કાંઈ? આરે! આહાહા! આવી વાત મળવી મુશ્કેલ છે.એ કથન એવું છે. સમજાણું કાંઈ?

ઓલું તો આમ કરો. જીવની દયા પાળો, વ્રત કરો. હવે મરી ગયો વ્રત કરીને સાંભળને? એ તો વિકલ્પ છે, રાગ. રાગની પર્યાય ટાણે રાગ છે. એ તો પર્યાયનો સંબંધ છે. પર્યાયનો સંબંધ થયો. સમજાણું કાંઈ? તે કાળે તે રાગ છે. પછીને કાળે પાછો તે રાગ નથી ને આત્મા તો તે રાગમાં કાયમ છે. અને આ રાગ કાળની અપેક્ષાએ આત્મા સંબંધવાળો એવો બીજા રાગની અપેક્ષાએ આ સંબંધવાળો નથી. એનું ને એનું અસ્તિત્વ ધ્રુવ ને એનું ને એનું પર્યાયનું અસ્તિત્વ સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ?

જીવ તો સર્વ પર્યાયોમાં કાયમ છે. જગતના દરેક સંયોગમાં કાયમ છે એમ અહીં નથી લીધું. કહે છે એ શું તારે કામ છે? સંયોગમાં કાયમ છે એ તારે શું કામ છે? સંયોગ સંયોગમાં ગયા. પહેલો તારો પર્યાય સંયોગ કીધું ને? જે પર્યાય છે અવસ્થા તેનો તેને સંયોગ છે. છે ને? પર્યાયનો સંયોગ હોં! પરની તો અહીં વાત જ નથી. રાગ-દ્વેષ આદિ પર્યાયનો તને સંયોગ છે. બીજે સમયે તે પર્યાયનો વિયોગ છે. સંયોગ અને વિયોગ પર્યાયમાં છે. પરની હારે અહીં સંયોગ વિયોગની વાત છે નહીં. સમજાણું કાંઈ?

**મનુષ્યાદિપર્યાયરૂપે દેવાદિપર્યાયમાં નથી.** એ અપેક્ષાએ **અવિદ્યમાન પણ કહેવામાં આવે છે.** લ્યો. એ ચારગતિની વાત કરી. હવે સિધ્ધની વાત કરે છે.

## ગાથા- ૨૦

**णाणावरणादीया भावा जीवेण सुट्ठु अणुबद्धा।**
**तेसिमभावं किच्चा अभूदपुव्वो हवदि सिद्धो ॥ २० ॥**

ज्ञानारणाद्या भावा जीवेन सुष्ठु अनुबद्धाः।
तेषामभावं कृत्वाऽभूतपूर्वो भवति सिद्धः ॥ २० ॥

अत्रात्यन्तासदुत्पादत्वं सिद्धस्य निषिद्धम्।

यथा स्तोककालान्वयिषु नामकर्मविशेषोदयनिर्वृत्तेषु जीवस्य देवादिपर्यायेष्वेकस्मिन्

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



स्वकारणनिवृत्तौ निवृत्तेऽभूतपूर्व एव चान्यस्मिन्नुत्पन्ने नासदुत्पत्तिः, तथा दीर्घकालान्वयिनि ज्ञानावरणादिकर्मसामान्योदयनिर्वृत्तसंसारित्वपर्याये भव्यस्य स्वकारणनिवृत्तौ निवृत्ते समुत्पन्ने चाभूतपूर्व सिद्धत्वपर्याये नासदुत्पत्तिरिति । किञ्च–यथा द्राधीयसि वेणुदण्डे व्यवहिताव्यवहितविचित्रचित्रकिर्मीरताखचिताधस्तनार्धभागे एकान्तव्यवहितसुविशुद्धोर्ध्वार्धभागेऽवतारिता दृष्टिः समन्ततो विचित्रचित्रकिर्मीरताव्याप्तिं पश्यन्ती समनुमिनोति तस्य सर्वत्राविशुद्धत्वं, तथा क्वचिदपि जीवद्रव्ये व्यवहिताव्यवहितज्ञानावरणादिकर्मकिर्मीरताखचितबहुतराधस्तनभागे एकान्तव्यवहितसुविशुद्धबहुतरोर्ध्वभागेऽवतारिता बुद्धिः समन्ततो ज्ञानावरणादिकर्मकिर्मीरताव्याप्तिं व्यस्यन्ती समनुमिनोति तस्य सर्वत्राविशुद्धत्वम् । यथा च तत्र वेणुदण्डे व्याप्तिज्ञानाभासनिबन्धनविचित्रचित्रकिर्मीरतान्वयः, तथा च क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वयः । यथैव च तत्र वेणुदण्डे विचित्रचित्रकिर्मीरतान्वयाभावात्सुविशुद्धत्वं तथैव च क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वयाभावादाप्तागमसम्यगनुमानातीन्द्रियज्ञानपरिच्छिन्नात्सिद्धत्वमिति ।। २० ।।

ज्ञानावरण ईत्यादि भावो जीव सह अनुबद्ध छे;
तेनो करीने नाश, पामे जीव सिद्धि अपूर्वने. २०.

અન્વયાર્થ :- [ज्ञानावरणाद्याः भावाः] જ્ઞાનાવરણાદિ ભાવો [जीवेन] જીવ સાથે [सुष्ठु] સારી રીતે [अनुबद्धाः] અનુબદ્ધ છે; [तेषाम् अभावं कृत्वा] તેમનો અભાવ કરીને તે [अभूतपूर्वः सिद्धः] અભૂતપૂર્વ સિદ્ધ [भवति] થાય છે.

ટીકા : અહીં સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ કર્યો છે (અર્થાત્ સિદ્ધપણું થતાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ કહ્યું છે).

જેમ થોડા કાળ સુધી અન્વયરૂપે (-સાથે સાથે) રહેનારા, નામકર્મવિશેષના ઉદયથી રચાતા જે દેવાદિપર્યાયો તેમાંથી જીવને એક પર્યાય સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત્ત થાય અને બીજો કોઈ અભૂતપૂર્વ પર્યાય જ ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી; તેમ દીર્ઘ કાળ સુધી અન્વયરૂપે રહેનારો, જ્ઞાનાવરણાદિકર્મસામાન્યના ઉદયથી રચાતો સંસારિત્વ-પર્યાય ભવ્યને સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત થાય અને અભૂતપૂર્વ (-પૂર્વે નહિ થયેલો એવો) સિદ્ધત્વપર્યાય ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી.

વળી (વિશેષ સમજાવવામાં આવે છે) :-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેવી રીતે જેનો વિચિત્ર ચિત્રોથી ચિત્રવિચિત્ર નીચેનો અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો હોય તથા સુવિશુદ્ધ (-અચિત્રિત) ઊંચેનો અર્ધ ભાગ એકલો ઢંકાયેલો જ હોય એવા બહુ લાંબા વાંસ પર દૃષ્ટિ મૂકતાં, તે દૃષ્ટિ સર્વત્ર વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે વાંસ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય રંગબેરંગી છે)' એમ અનુમાન કરે છે, તેવી રીતે જેનો જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલ ચિત્રવિચિત્રતાયુક્ત (-વિવિધ વિભાવપર્યાયવાળો) ઘણો મોટો નીચેનો ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો છે તથા સુવિશુદ્ધ (સિદ્ધપર્યાયવાળો), ઘણો મોટો ઊંચેનો ભાગ એકલો ઢંકાયેલો જ છે એવા કોઈ જીવદ્રવ્યમાં બુદ્ધિ લગાડતાં, તે બુદ્ધિ સર્વત્ર જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે જીવ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય સંસારપર્યાયવાળો છે)' એમ અનુમાન કરે છે. વળી જેમ તે વાંસમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય (-સંતતિ, પ્રવાહ) છે, તેમ તે જીવદ્રવ્યમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય છે. વળી જેમ તે વાંસમાં (ઉપરના ભાગમાં) સુવિશુદ્ધપણું છે કારણ કે (ત્યાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે, તેમ તે જીવદ્રવ્યમાં (ઉપરના ભાગમાં) સિદ્ધપણું છે કારણ કે (ત્યાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે - કે જે અભાવ આપ્ત-આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિય જ્ઞાનથી જણાય છે.

ભાવાર્થ :- સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે કે- 'જીવ સદા સંસારી જ રહે, સિદ્ધ થઈ શકે જ નહિ; જો સિદ્ધ થાય તો સર્વથા અસત્-ઉત્પાદનો પ્રસંગ આવે.' પરંતુ અજ્ઞાનીની આ વાત યોગ્ય નથી.

જેવી રીતે જીવને દેવાદિરૂપ એક પર્યાયના કારણનો નાશ થતાં તે પર્યાયનો નાશ થઈ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે, તેવી રીતે જીવને સંસારપર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસારપર્યાયનો નાશ થઈ સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. સંસારપર્યાય અને સિદ્ધપર્યાય બન્ને એક જ જીવદ્રવ્યના પર્યાયો છે.

વળી અન્ય પ્રકારે સમજાવવામાં આવે છે :- ધારો કે એક લાંબો વાંસ ઊભો રાખવામાં આવ્યો છે; તેનો નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે અને બાકીનો ઉપરનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાગ અરંગી (-સ્વાભાવિક શુદ્ધ) છે. આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને બાકીનો બધો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે. આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને અવિચારી જીવ 'જ્યાં જ્યાં વાંસ હોય ત્યાં ત્યાં રંગબેરંગીપણું હોય' એવી વ્યાપ્તિ (-નિયમ, અવિનાભાવસંબંધ) કલ્પી લે છે અને આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે'. આ અનુમાન મિથ્યા છે; કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે, અરંગી છે. વાંસના દૃષ્ટાંતની માફક-કોઈ એક ભવ્ય જીવ છે; તેનો નીચેનો કેટલોક ભાગ (અર્થાત્ અનાદિ કાળથી વર્તમાન કાળ સુધીનો અને અમુક ભવિષ્યકાળ સુધીનો ભાગ) સંસારી છે અને બાકીનો ઉપરનો અનંત ભાગ સિદ્ધરૂપ (-સ્વાભાવિક શુદ્ધ) છે. આ જીવના સંસારી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો (પ્રગટ) છે અને બાકીનો બધો સંસારી ભાગ અને આખોય સિદ્ધરૂપ ભાગ ઢંકાયેલો (અપ્રગટ) છે. આ જીવનો ખુલ્લો (પ્રગટ) ભાગ સંસારી જોઈને અજ્ઞાની જીવ 'જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય' એવી વ્યાપ્તિ કલ્પી લે છે અને આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'અનાદિ-અનંત આખો જીવ સંસારી છે'. આ અનુમાન મિથ્યા છે; કારણ કે આ જીવનો ઉપરનો ભાગ (-અમુક ભવિષ્ય કાળ પછીનો બાકીનો અનંત ભાગ) સંસારીપણાના અભાવવાળો છે, સિદ્ધરૂપ છે-એમ સર્વજ્ઞપ્રણીત આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીન્દ્રિય જ્ઞાનથી સ્પષ્ટ જણાય છે.

આમ અનેક પ્રકારે નક્કી થાય છે કે જીવ સંસારપર્યાય નષ્ટ કરી સિદ્ધપર્યાયે પરિણમે ત્યાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી. ૨૦.

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૨૦ ઉપર પ્રવચન

**णाणावरणादीया भावा जीवेण सुट्ठु अणुबद्धा।**
**तेसिमभावं किच्चा अभूदपुव्वो हवदि सिद्धो ॥ २० ॥**

**જ્ઞાનાવરણ ઈત્યાદિ ભાવો જીવ સહ અનુબદ્ધ છે,**
**તેનો કરીને નાશ, પામે જીવ સિદ્ધિ અપૂર્વને. ૨૦.**

અત્યાર સુધી દ્રવ્ય પર્યાયની વાત કરી. હવે, આ જ્ઞાનાવરણીયનો સંબંધ છે એનો અભાવ કરી એ વાત કરે છે.

**ટીકા :- અહીં સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ કર્યો છે.** એટલે સિદ્ધપણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહોતું ને ઉત્પન્ન થાય એવું નથી. આહાહા! એ તો અંદર છે. સિદ્ધપણું છે. એવા જીવનો દાખલો આપશે. કે જેને સિદ્ધપણું અલ્પકાળમાં પ્રગટ થવાનું છે. એવો દાખલો આપશે. સમજાણું કાંઈ? જેને પોતાના દ્રવ્યની દૃષ્ટિ ધ્રુવની શ્રદ્ધા થઈ અને પર્યાય પૂરતો એકેક સમયનો સંબંધ છે તેનું જ્ઞાન થયું. એને થોડો કાળ ભલે રાગાદિ ભાવનો સંસાર હોય પણ પછી તો એને સિદ્ધ પર્યાય જ આવવાની છે. પણ વર્તમાન(માં) એકવાર રાગવાળાને દેખીને એમ કલ્પવું કે આત્મા રાગવાળો જ છે, એમ નહીં. સમજાય છે કાંઈ?

જ્યારે રાગ વિનાનો થશે ત્યારે એ સિદ્ધ પદમાં રાગવાળો નહીં રહે.રાગ ભલે અનાદિથી હો અને થોડોકાળ એક બે ભવ પણ રાગ રહેશે એવો દાખલો આપશે. એવો આ દાખલો આપશે. કારણ કે તદ્દન અત્યારે મોક્ષમાં જાય એવો જીવ નથી ને? આ દાખલો આવો આપ્યો છે. એય! કારણ કે સિદ્ધ થવું છે એ તો ચોક્કસ છે.આવી જેને શ્રદ્ધા થાય. ધ્રુવ ત્રિકાળ પડયો છે. પર્યાય જેટલો સંબંધ પર્યાય ભિન્ન ભિન્ન છે અને એક પર્યાય પૂરતામાં હું આખો આવી જતો નથી. એવી જેને ધ્રુવ દૃષ્ટિનું ભાન થયું એને અનંત સંસાર રાગવાળો ગયો અને થોડો એક બે ભવ પણ રાગવાળો રહેશે. પણ છતાં એ રાગવાળો ત્રિકાળ છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા!

**ટીકાઃ- અહીં સિદ્ધને અત્યંત અસત્-ઉત્પાદનો નિષેધ કર્યો છે. (અર્થાત સિદ્ધપણું થતાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી, એમ કહ્યું છે)**. ખરેખર તો આત્મા મોક્ષ સ્વરૂપ જ, સિદ્ધ સ્વરૂપ જ છે. આહાહા! એ સિદ્ધ સ્વરૂપ જ છે.પર્યાયમાં રાગ છે એ તો પર્યાય બુદ્ધિએ રાગ એ રાગ છે. અને જેને ધ્રુવ સિદ્ધ સ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ એને અલ્પકાળ રાગ રહેશે ને પછી સિદ્ધની પર્યાય પ્રગટ થઈ જશે. નિઃસંદેહ થશે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**જેમ થોડા કાળ સુધી અન્વયરૂપે (સાથે સાથે) રહેનારા, નામકર્મ વિશેષના ઉદયથી રચાતા જે દેવાદિપર્યાયો** લ્યો ન્યાંથી દેવાદિ લીધી. **તેમાંથી જીવને એક પર્યાય સ્વકારણની નિવૃતિ થતાં** દેવભવ થયો. **તેમાંથી જીવને એક પર્યાય સ્વકારણની નિવૃતિ થતાં** દેવના કારણની નિવૃતિ થતાં **નિવૃત થાય અને બીજો કોઈ અભૂતપૂર્વ પર્યાય જ ઉત્પન્ન થાય.** આ તો હજી સિદ્ધ થવા માટેનું દૃષ્ટાંત આપે છે. કારણ કે દેવમાં જ્યારે હોય ત્યારે મનુષ્યપણાની પર્યાય નહોતી. સમજાય છે કાંઈ?

પંચમકાળના ધર્માત્મા મુનિ તો સ્વર્ગમાં જ જાય, એમ સિદ્ધ કરે છે. પંચમકાળનો સમ્યગ્દૃષ્ટિ હોય તો એ વૈમાનિક સ્વર્ગમાં જ જાય. સમકિતી મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. સમજાણું કાંઈ? તે વૈમાનિક (માં જાય). વૈમાનિક કીધું ને? પછી ભલે સોધર્મમાં જાય એનું કાંઈ નહીં. વૈમાનિકદેવ થાય. તે પુરૂષપણે થાય. તેઓ અનાદિ સિદ્ધાંત તત્ત્વો, સમજાણું કાંઈ? તેથી અહીં કહે છે મનુષ્યદેહ છૂટી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયો, સ્વર્ગમાં દેવ (તરીકે) આવ્યો.હવે દેવમાંથી પાછી મનુષ્ય પહેલી પર્યાય નહોતી ને અભૂતપૂર્વ નવી થઇ એમ કહે છે. ન્યાં ઓલી મનુષ્યની પહેલી હતી એવી નહીં આ નવી મનુષ્યની પર્યાય નહોતી એવી અભૂતપૂર્વ નવી થઇ. સમજાણું કાંઇ?

શ્રીમદે એક ઠેકાણે લખ્યું છે કે 'આ ભવ પહેલાં આ ભવ આવો નહોતો મળ્યો પહેલાં. સમજાય છે? હવે એના પછીનો આ ભવ આવો નહીં મળે.' સમજાય છે? કારણ કે આરાધક થઇને જશે એટલે દેહ જ આવો નહીં મળે પાછો. ભવ જ બીજો થશે. એ જાતનો ભવ નહીં મળે. સમજાય છે કાંઇ? જે વર્તમાન મનુષ્ય સહિતનો ભાવ છે એવો દેહ અને એવી યોગ્યતાવાળો પર્યાય ભવિષ્યમાં નહીં રહે. છગનભાઇ! એક ઠેકાણે છે. છે? એ બુક નહીં પેલી કયાં? કેટલામે પાને? એ કાંઇ આપણને યાદ હોય છે? છવ્વીસમાનું છેલ્લું છે કે નહીં? ના. ના. વચમાં છે નહીં? છે તો છેલ્લે હો કયાંક? એક ફેરે બતાવ્યું'તું હો. હા, પચીસનો છેલ્લો. બીજી તો કંઇ સ્પૃહા નથી. કોઇ પ્રારબ્ધ સ્પૃહા પણ નથી. સત્તારૂપે પૂર્વે ઉપાર્જન કરેલી ઊપાધિરૂપ સ્પૃહા તે તો અનુક્રમે સંવેદન કરવી છે. એક સત્સંગ ઉત્તમરૂપ સત્ત્સંગની સ્પૃહા સિવાય સૌભાગ્યભાઇ ઉપર છે. સ્પૃહા વર્તે છે. રુચિમાત્ર સમાધાન ........ એ આશ્રયરૂપ વાત કયાં કહેવી. આશ્ચર્ય થાય છે કે હવે આવ્યું.આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઈવાર મળ્યો ન હોય તો ભવિષ્યકાળે પ્રાપ્ત થવું નથી. આવો દેહ હવે નહીં મળે ભઇ! દેહ આવો નહીં મળે. આ જાતનો દેહ છે એ દેહ એવી જાતનો નહીં થાય. સમજાણું કાંઇ? નાની ઉંમરમાં દેહ છૂટી ગયો ને (એટલે) બહુ સ્પષ્ટતા બહાર ન આવી. પોતે તો પોતાનું કામ કરી ગયા પણ બહારમાં એટલું બધું (ન આવ્યું) અંદરમાં પણ ગોટો રહી ગયો.

અહીં તો કહે છે-આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઈવાર મળ્યો ન હોય તો, ભવિષ્યકાળે પ્રાપ્ત થવો નથી. દેહ નથી મળવાનો ને પાછો કહે એથી દેહ એક ધારીને, એય! (મુમુક્ષુઃ- દેહ તો હોય જ ને?) દેહ તો હોય જ. આ જાતનો દેહ હવે ભવિષ્યમાં નહીં આવે. જાત જ કોઈ પરમાણુંની પર્યાય જાત હવે બીજી આવશે. ધન્યરૂપ કરતા એવા અમે તેને વિષે ઉપાધિજોગ જો હોય તો લોક માત્ર ભૂલે એમાં આશ્ચર્ય નથી અને પૂર્વે જો સત્તપુરુષનું ઓળખાણ પડતું નથી તો ત્યાં આવા યોગના કામથી વધારે લખવું સુઝતું નથી. ટૂંકી ભાષામાં કેટલું લખ્યું છે? સમજાણું કાંઇ? વિરાધક થઇને જે દેહ મળ્યો તે આરાધક પછી આ જાતના પરમાણુંય નહીં આવે. પરમાણુંની પર્યાય બીજી થઇ જશે. એ ચેતનજી! ભારે! આહાહા! એ તો છે એવા ભાવવાળામાંથી આવે છે કે ન હોય એમાંથી આવશે? એ ભાવ સિદ્ધપણું છે એવું અંતરદષ્ટિ થઇ ગઇ છે એને પૂર્વે મળેલો જે આ દેહ એવો દેહ હવે હોઇ શકે નહીં. એને દેહ હોઇ શકે નહીં. ભાવ તો નહીં પણ દેહ હોઇ શકે નહીં. આહા! કારણ કે પુણ્યેય જુદી જાતનું અને પુણ્યના નિમિત્તપણે પરમાણુ આવે એ જુદી જાતના પરમાણુ (જે) અનંતકાળમાં ન આવ્યા હોય એવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવશે.આહાહા! ન્યાય સમજાય છે કાંઇ?

દેવપણું છૂટી, પોતે મુનિ છે ને? કહે છે કે, આ મનુષ્યપણું તો છૂટી જશે. એ મુદતકાળનું છે. અને પંચમઆરાના છીએ એટલે દેવમાં ગતિ થશે. સમજાય છે? અને દેવ પછી એની સ્થિતિ મુદત થઇને મનુષ્ય થશે. પણ એ મનુષ્યપણું જુદી જાતનું થશે. **'અભૂતપૂર્વ'** એમાંથી ભાઇ આપણે આ યાદ આવ્યું. એય! અનંતકાળમાં જે મનુષ્યપણા મળ્યા એવું નહીં.હેં?

ભગવાનઆત્મા ધ્રુવસ્વરૂપમાં જયાં દ્રષ્ટિ પડી એને મનુષ્ય ને દેવની અને મનુષ્યની હદવાળી પર્યાય મળે છતાં, અહીં તો સાધારણ વાત કરે છે પણ આ તો મુનિના હ્રદયમાં અંદરમાં આ ભર્યું છે. પોતાની વાત. હવે એનો જે મનુષ્યભવ મળશે. તે અભૂતપૂર્વ છે. પૂર્વે એવી કોઇ મનુષ્યની ગતિમાં આવો ભવ મળ્યો નહીં એવો ભવ બીજી જાતનો હશે. અમે ધર્મનું આરાધન કરીને જઇએ છીએ. આરાધન વિનાના ભવ મળ્યા'તા તે ભાવ અને તે ભાવનું નિમિત્ત કોઇ ચીજ બીજી હતી. એમ કહે છે. સમજાણું કાંઇ?

જુઓ, આમાં તો ઘણા સિધ્ધાંતો થયા. ઓલા કહે કે સમકિતી મરીને મહાવિદેહમાં ગયા. હેં? શ્રીમદ્ મહાવિદેહમાં છે. ઓલો કહે હું દેખું છું કેવળજ્ઞાની છે. ઓલો કહે આમ છે ને તેમ છે ને. અરે કોણ જાણે? વસ્તુને વસ્તુરૂપ રાખ એમ ફેરવી ન નાખ. એ લખે છે. વસ્તુને વસ્તુરૂપ રાખ. વસ્તુને બદલમાં બદલમાં. વસ્તુ તો વસ્તુરૂપે રહેશે. તારી કલ્પનાથી કાંઇ બીજું થાય એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઇ?

મિથ્યાદ્રષ્ટિપણે મનુષ્ય અને દેવની સ્થિતિ પૂરી થઇને મિથ્યાદ્રષ્ટિ ભલે પાછો એ મનુષ્યમાં આવે એ પણ કાંઇ કોઇ નહીં થયેલો અનાદિકાળનો એવો એ દેહ નથી.આહાહા! અહીં તો સિધ્ધની સાથે જેમ અભૂતપૂર્વ પર્યાય છે ને એમ આ દેહની પણ અભૂતપૂર્વ પર્યાય બીજી આવશે. એમ કહે છે. એય! આહાહા! જુઓ, આત્માના સ્વરૂપની અંતર આરાધન દશા. એવા સંતો હોય કે સમકિતી હોય એને દેવમાં જઇને મનુષ્ય થશે અને તે જ ભવે કાં કેવળજ્ઞાન લેશે અને કોઇ એકાદ ભવ થશે તો તો પણ એ અનંતકાળના દેવનો ભવ જે થયો એ દેવના રજકણો પણ જુદી જાતના હશે પાછા. આહાહાહા! સમજાણું કાંઇ?

એવો ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ છે એની દ્રષ્ટિ થઇ, મર્યાદિતકાળમાં પર્યાય હોવા છતાં એને બીજે ભવે દેવ છૂટીને મનુષ્ય થશે અભૂતપૂર્વ થશે. સમજાણું કાંઇ? ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી. ખરેખર તે કાંઇ અસત્‌ની ઉત્પત્તિ (નથી). એનામાં યોગ્યતા જ એ જાતની ઉત્પન્ન થવાની હતી તે જ થઇ છે. તેમ આ તો એક સાધારણ દાખલો આપ્યો છે. કેમ? **દીર્ઘ કાળ સુધી અન્વયરૂપે રહેનારો જ્ઞાનાવરણાદિકર્મસામાન્યના ઉદયથી રચાતો સંસારિત્વપર્યાયભવ્યને સ્વકારણની નિવૃતિ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**થતાં,** લ્યો આખો સ્વકાળ. **દીર્ઘકાળ સુધી** સંસારમાં **અન્વય** એટલે સાથે રહેનારો **જ્ઞાનાવરણાદિકર્મસામાન્યના ઉદયથી રચાતો સંસારિત્વપર્યાય** બધું થયું ને આઠે કર્મના ઉદયથી સાંસારિક, ઉદયભાવ છે ને? ઉદયભાવ. અસિધ્ધભાવ છે. એ સિધ્ધભાવ નથી. સાંસારિક પર્યાય છે તો ઉદયભાવ અસિધ્ધભાવ છે.એ અનાદિથી આત્મા એમાં હોવા છતાં **ઉદયથી રચાતો સંસારિકત્વપર્યાય ભવ્યને સ્વકારણની નિવૃતિ થતાં** એના કારણની નિવૃતિ થશે. ભગવાનઆત્માનો આશ્રય થઈને આ પરકારણની નિવૃતિ થશે. અને નિવૃતિ થાય અને **અભૂતપૂર્વ (પૂર્વે નહીં થયેલો એવો) સિધ્ધત્વપર્યાય ઉત્પન્ન થાય. ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી.** મોક્ષ સ્વરૂપ ભગવાનઆત્મા છે. મુકત સ્વરૂપ છે. એ મુકતમાં સિધ્ધની પર્યાય શકિતરૂપે અનંત પડી છે. સમજાણું કાંઈ?

સંસારની પર્યાય કાળમાં પણ આત્મામાં અંદર સિધ્ધની અનંતી પર્યાયો પડી છે.એ અંતરમાંથી આવી, સંસારનો વ્યય થઈ, સિધ્ધની પર્યાયનો ઉત્પાદ થશે અને ધ્રુવ તો કાયમ રહેશે. સમજાણું કાંઈ? 'ભવ્ય' શબ્દ નાખ્યો છે ને પાછો? સાંસારિક પર્યાય ભવ્યને, અભવીને તો હોતું નથી. **સ્વકારણની નિવૃતિ થતાં** એટલે કે કર્મરૂપી-રાગરૂપી કારણ, એવા કારણની નિવૃતિ થતાં ભગવાન નિવૃત થાય એ રાગના કારણથી ભગવાનઆત્મા પોતાના શુધ્ધ ધ્રુવસ્વભાવને શરણે જતાં એનાથી નિવૃત થાય છે. લ્યો, આ નિવૃત થાય. માણસ નથી કહેતાં કે હમણાં નિવૃતિ લીધી છે વકીલાતની. નો હાલતું હોય ત્યારે, એમ કહે ને? ઓલો એમ કહે કે અમે હમણાં ધંધો ઓછો કર્યો છે. હાલે નહીં એટલે એમ કહે કે ઓછો કર્યો છે. એય વજુભાઈ! હેં? નિવૃતિ (લીધી) એ તો જાણી નથી કાંઈ એવા બધાની જેવા નથી થયા. એને તો હાલતું'તું ને ના પાડી દીધી. કહો, સમજાણું કાંઈ?

અહીં એક પારસી આવ્યો'તો ને તે દિ'કાં? એક ભાવનગરનો હતો ને? પાંચસો રૂપિયા દ્યો ને બે દિ'નું કામ લ્યો. એય! કનુભાઈ! અહીં તો કહે છે. આહાહા! **સ્વકારણની નિવૃતિ થતાં** ભગવાનઆત્મામાં ત્યાં મિથ્યાત્વ ને અજ્ઞાન તો નથી. હવે થોડો રાગ રહ્યો, તો એ રાગનું કારણ પણ નિવૃત થતાં એમ કહે છે. સમજાણું કાંઈ? અને **અભૂતપૂર્વ પૂર્વે નહીં થયેલો એવો** અનંતકાળમાં કાંઈ સિધ્ધપર્યાય પહેલો થયો'તો... છે? આહાહા! સંસારની પર્યાયનો અંત અને સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર (એવો) એનો સમય કયારે આવશે? ભાવના છે તો આવ્યા વિના રહેશે નહીં? આહાહા! સમજાણું કાંઈ? એ અપૂર્વ આવ્યું ને? અહીં અભૂત આવ્યું. અરે બાપુ! દર્શનમાંય અપૂર્વ (આવ્યું). સમજાણું કાંઈ? 'કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ' એ પણ અપૂર્વ છે. આહાહા!

અહીં તો ભગવાનઆત્માની રમતુંની વાત ચાલે છે. ભાઈ! પરની હારે કાંઈ લેવા-દેવા (છે જ નહીં) બધા મોઢા ફાટીને ઊભા રહેશે. આહા! અરે ભાઈને આ થયું. શું લેશે? બોલાવો દાકતરને, નાખો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ઈંજેકશન નાખો. આ દવાયું અહીં હતું ને બધું. મોદીનો બનેવી વિષ્ણુ હતો એ. હોંશિયાર માણસ હતો. મને બોલાવ્યો હું આવ્યો'તો પગે લાગ્યો. ખીમચંદભાઈના મકાનમાં આવ્યા'તા. પહેલું મકાન હતું ને તમારું એ ન્યાં જ હતા. બે દાકતર આવ્યા'તા. હોંશિયાર હતા. કરશન મોદી બે બહેનું પરણ્યો'તો બે સગી બહેનો (હતી). મરવાની તૈયારી (હતી) અને બે દાકતર મોટરું લઈને આવ્યા'તા. એલા કીધું મને બોલાવ્યો ને આ દાકતર (ને પણ બોલાવ્યો). અરે મહારાજ તમે તો આવો પહેલા આ તો બધું મફતનું કરે છે.

એ તો આ શરીર જીર્ણ થયું છે તો એનો બદલવાનો કાળ છે. એમ બોલ્યો હોં. જીર્ણ થઈ ગયું છે. હેં?નવું. એમ બોલતો'તો ભારે માણસ. એવો કોઈ રોગ થઈ ગયેલો. ઉંમર નાની, ખીમચંદભાઈના મકાનમાં ગુજરી ગયો. આ બે દાકતર ધૂળમાં દાકતર કહે આમાં કાંઈ નથી. પૈસા જોઈતા હોય તો કાંઈ ના પાડે? એવું તો બોલ્યો કે હવે આ રહેવાનો નથી. શરીર જીર્ણ થઈ ગયું. સ્વાસ્થ્ય બરાબર હો! હોંશિયાર માણસ. શરીર થઈ ગયું જીર્ણ. નીકળી ગયે છૂટકો. હવે નવું પહેરણ લેવાનું છે. આહાહાહા! દાકતરેય ન્યાં શું કરે? અને બધા ઊભા (ઊભા જોવે) પૈસા નાખે તોય શું કરે? લાખ રૂપિયા આપે કે લાવ ભાઈ તને, ધૂળ લાખ, બાપુ! એ તો ન્યાં એક સમયની પર્યાય મળી તે. આહાહા!

અહીં તો કહે છે અંદરમાં જ્યાં રાગની પર્યાયની ઉત્પત્તિ છે તે કાળે ભલે હો. અને તેને લઈને પુણ્ય બંધાઈ જાય ને સ્વર્ગમાં પણ જાવ અને હજી એકાદ ભવ હોય એથી ત્યાં એને મનુષ્યપણું અનંતકાળેય નહીં મળી એવી જાત મળશે. અને પછી સિધ્ધપર્યાય પ્રગટ થશે. પણ એ સિધ્ધપર્યાય નહોતી ને થઈ એવું છે નહીં. એના પ્રવાહમાં અંદર પડી છે. એને સ્વકાળે આવશે એમ કહે છે એ તો. ઓલો સ્વકાળ છે ને. આહાહા! સમજાણું કાંઈ?

એ **સિધ્ધત્વપર્યાય ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી.** હવે દાખલો દઈને વિશેષ સમજાવવામાં આવે છે. **જેવી રીતે જેનો વિચિત્ર ચિત્રોથી ચિત્રવિચિત્ર નીચેનો અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો,** જુઓ આ ચિતરેલ છે ને? જુઓ આ ચિતરેલ છે.**અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો હોય સુવિશુધ્ધ (-અચિત્રિત) ઊંચેનો અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો જ હોય.** ઊંચેનો થોડોક ભાગ ઢંકાયેલો જ હોય. **એવા બહુ લાંબા વાંસ પર દષ્ટિ મૂકતાં, તે દષ્ટિ સર્વત્ર વિચિત્ર ચિત્રોથી થયેલાં વિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી,** જુઓ આ ચિત્ર છે ને? ઢંકાયેલું છે ને થોડુંક વળી આમ ઊઘાડું હોય ન્યાં ઢંકાયેલું હોય, ઓલું ઊઘાડું છે ને દશ્ય આ આ આ આમ છે ને? જુઓ આ થોડું આમ છે. એ ઢંકાયેલું છે. એવું ઢંકાયેલું છતાં એની નજર પડી જશે. એવું ઢંકાયેલું વાંસમાં સદાય રહેશે. એવી વ્યાપ્તિ એટલે અજ્ઞાની મેળ કરી નાખે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તે વાંસ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય રંગબેરંગી છે.)** આ રંગબેરંગી અહીં અંદર છે ને થોડો બહાર છે બાકી બીજો ઢંકાયેલો છે. આમ આમ ઢંકાયેલો છે. આમ ઢંકાઈ ગયો છે. હવે આમ છે થોડો ખુલ્લો છે ને થોડો ઢંકાયેલો છે. આ બધો ઢંકાયેલો છે. એમાંથી એમ માને છે કે આ વાંસ સર્વત્ર રંગબેરંગી છે એમ અનુમાન કરે છે. આમ ઢંકાયેલો છે, એ અંદરમાં રંગબેરંગી છે એમ. આમ આવ્યો ને ઢંકાયેલો આમ. આ છે એવું જ એનુ ઉપર બધું છે એમ માની લીધું. પણ એમ છે નહીં.

**તેવી રીતે જેનો જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલ ચિત્રવિચિત્રતાયુકત (વિવિધ વિભાવપર્યાયવાળો) ઘણો મોટો નીચેનો ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો છે તથા સુવિશુદ્ધ (સિદ્ધપર્યાયવાળો) ઘણો મોટો ઊંચેનો ભાગ એકલો ઢંકાયેલો જ છે.** એ મોટો ભાગ આ બાજુ ઢંકાયેલા જેવો છે. છે ને મોટો છે ને જુઓને? અહીં તો નાનો છે.મોટો ભાગ ઢંકાયેલો છે. આ ઊઘાડું છે ખુલ્લું એવું જાણે ઢંકાયેલું બધું એવી જાતનું છે, એમ અનુમાન અજ્ઞાની કરે છે.

**સુવિશુદ્ધપર્યાયવાળો ઘણો મોટો ઊંચેનો ભાગ એકલો ઢંકાયેલો,** ઘણો મોટો હોં! શું કહે છે? સંસારની પર્યાય તો અનંતમાં ભાગમાં છે. સિદ્ધની પર્યાય તો અનંત અનંતગુણી અનંત કાળ છે. રંગાયેલો આટલો છે, ઉઘાડો કેટલો છે આ? આ તો હજી ગણતરીવાળો હોં! આથી દોઢું બમણું થાય. ઓલું દોઢું બમણું નહીં ઓલું અનંતગણું (થાય). રાગના રંગવાળી સંસારની પર્યાય એના કરતાં અરાગની સિદ્ધની પર્યાય તો અનંતગુણી અનંતકાળ છે. પણ ઓલું ઢંકાયેલું છે એટલે ખુલ્લા રંગવાળાને દેખીને આખો ઢંકાયેલો પણ રંગવાળો (છે) એમ અજ્ઞાની કલ્પી લે છે. આહાહા! સમજાણું કાંઈ? પર્યાય દષ્ટિ છે એમ કહે છે ભાઈ. પર્યાય દષ્ટિવાળો છે ત્યાં સુધી આમ જ રહેશે આમ જ રહેશે એમ માને છે. સમજાણું કાંઈ? જેની રાગ પુણ્ય-પાપના વિકલ્પો મેલ છે એના ઉપર દષ્ટિ છે અને બીજો ભાગ ઢંકાયેલો ખુલ્લો છે નહીં, એટલે આ જ મેલવાળી પર્યાય સદા રહેશે, એમ અજ્ઞાનીને પર્યાય બુદ્ધિમાં ભાસે છે. સમજાણું કાંઈ?

**એવા કોઈ જીવદ્રવ્યમાં બુદ્ધિ લગાડતાં, તે બુદ્ધિ સર્વત્ર જ્ઞાનાવરણાદિકર્મથી થયેલાં ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી,** આ જ્ઞાનાવરણીય કર્મના નિમિત્તથી જ્ઞાનની હિનતા ભાસે અને બીજું સિદ્ધપર્યાય થાય તે તો અત્યારે દેખાતી નથી. એટલે આ રાગને ચિત્રવિચિત્ર એવું જાણે સદાય એમાં રહેશે. પર્યાયબુદ્ધિવાળાને સદાય આવું (ભાસે છે). દ્રવ્ય બુદ્ધિની તો ખબર નથી. તેમ આ જ્ઞાયકપણું આનંદપણું ધ્રુવપણું શુદ્ધચૈતન્ય પડયું છે એની તો અજ્ઞાનીને દષ્ટિ નથી. અજ્ઞાનીને આ વિકાર ઉપર દષ્ટિ એવી ને એવી પર્યાય બુદ્ધિવાળાને સદાય વિકાર રહેશે એમ માને છે. જો પર્યાયદષ્ટિવાળો આમ માને છે અને દ્રવ્ય બુદ્ધિવાળો (એમ માને) નહીં. એમ કહે છે. આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

**તે બુધ્ધિ સર્વત્ર જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલાં ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે જીવ સર્વત્ર અવિશુધ્ધ છે (અર્થાત્ આખોય સંસારપર્યાયવાળો છે એમ માને છે )'** એમ અજ્ઞાની અનુમાન કરે છે.વસ્તુ શુધ્ધ ચિદાનંદસ્વરૂપ ધ્રુવ જે ચિદ્‌પદ છે એના ઉપર જેની દૃષ્ટિ નથી એ તો વિકારવાળી પર્યાયને ભાળતો આવો જ વિકાર સદાય અનંતકાળ રહેશે (અને) દ્રવ્યનો સ્વભાવ આ જ છે ને એ રીતે સંસારમાં રહેશે એમ માને છે. સમજાણું કાંઈ? બરાબર છે પ્રવીણભાઈ! આહાહા! દુઃખી થાય તો માને આ દુઃખી તો સદાય રહેશે. ક્યારે અંત આવશે? સુખી માને સુખીયા ધૂળમાં  પૈસામાં શરીરમાં. આહાહા! આ તો સુખ સદાય રહેશે જાણે. હેં? સુખીયા આવે ને અનુકૂળતા? મરતાં સુધી આપણે સાધન સારા રહી ગયા છે. ધૂળમાંય (સાધન) તારા નથી. આ તો વીંછી કરડે ને ફલાણું રાખોને... ધૂળેય નહીં શરણ થાય સાંભળને? એલા બહારની ચીજમાં ક્યાં તારો દેહ રહેલો છે? એની સ્થિતિ પર્યાયની મુદત છે ત્યાં સુધી રહેશે. દેહના રજકણો તો પર્યાયમાં કાયમ છે જ. કાંઈ તું એનામાં નથી ક્યાંય પર્યાયમાં ને ધ્રુવમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ?

પોતાની ધ્રુવતા ને પોતાની પર્યાયને જોવા કે દિ' એ નવરો છે? એ તો આમ ને આમ બહારનું દેખીને હાલ્યો જ જાય છે. આહાહા! પૈસા કાંઈક મળે ને પચાસ સાંઈઠ સીંતેર વર્ષ શરીર નિરોગી રહે. આહાહા! આપણે તો સૂંઠ કોઈ દી' ચોપડી નથી. રોગ કોઈ દિ' નથી આવ્યો. રોગ કોઈ દિ' નથી આવ્યો તો શું થયું પણ હવે? એય પોપટભાઈ! એમ કેટલાક કહે છે હો? સાંઈઠ પાંસઠ વર્ષ થયા પણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી પણ શું છે? મરી જઈશ હમણાં. ફુ થઈ જઈશ. હેં હેં હેં. આ તો દેહની સ્થિતિ મુદતકાળ છે ત્યાં સુધી રહેશે. છૂટી જશે. સમજાણું કાંઈ? આહાહા! એ મુદતી ચીજ છે.તારી પર્યાયની મુદતી ચીજ છે એમ. ઓલીને તો એકકોર રાખ એમ કહે છે. પણ એ મુદતની ચીજવાળાને ભાવ તો (એવા હોય છે કે) આ જાણે બધે આ ચીજ મારામાં હશે (એમ માને છે.) આહાહા! ભગવાન અખંડાનંદપ્રભુ, ધ્રુવચૈતન્ય જેમાં સિધ્ધપદ જ પડ્યું છે. વીતરાગભાવ સ્વભાવમાં પડયો છે. વસ્તુ પોતે વીતરાગભાવ-સ્વરૂપ છે.

આ રાગ નીકળી જાય છે એનો અર્થ શું થયો?રાગ નીકળી ને વીતરાગતા થાય છે એનો અર્થ શું થયો? વીતરાગતા ક્યાંથી આવી? અસત્ આવે છે? નવી આવે છે? એ માટે તો આ વાત કરે છે. અંદર વીતરાગભાવ જ છે તારો. શક્તિરૂપ છે પણ સ્વભાવરૂપ છે. વ્યક્તરૂપ થવો એ એકાગ્ર થતાં વ્યક્તરૂપ થાય છે. સમજાણું કાંઈ? ઓલા દયા, દાન ને વ્રતમાં એકાગ્ર થતાં સિધ્ધપદ પર્યાય પ્રગટે એમ નથી એમ કહે છે. મર્યાદિત અને એમાં એકાગ્ર થશે તો ન્યાં ક્યાં સિધ્ધપદ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યાં સિધ્ધ પદ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદની ખાણ (છે.) એ પોતે વીતરાગભાવ સ્વભાવરૂપ, પરમાત્માએ પ્રગટ કર્યો ને તારો પણ એવો જ સ્વભાવ છે. એમાં કાંઇ ફેર નથી. એવા સ્વભાવમાં દષ્ટિ આપતાં સિધ્ધપદને ધર્મ થાય છે. રાગ ઉપર દષ્ટિ આપતાં તો અધર્મ ને વિકાર થાય. રાગ જાય એમાંથી સિધ્ધ પર્યાય નવી થાય છે? એમાંથી થાય? નિવૃતિ કે દિ'? પણ ઉત્પન્ન થાય છે કયાંથી? સમજાય છે કાંઇ? આહાહા! આવડો મોટો એને બેસવું કઠણ (પડે).હેં? આવડો ભગવાન શું છે? રાંકો થઈને બેઠો ને? જરી અપમાન થાય તો ગોઠે નહીં. જરી માન મળે ત્યાં હું પણે ચડી જાય આહાહાહા! શું છે પણ સાંભળને? ધૂળમાંય નથી અંદર. આહાહા! બાપુ! તારું સ્વરૂપ તો ભગવાનના સ્વભાવથી ભરેલું છે. એમાંથી ભગવાન આવશે. કાંઈ રાગમાંથી પર્યાયમાંથી ભગવાન આવશે નહીં. એમ કહે છે. રાગવાળી દષ્ટિવાળાને તો રાગ રાગ રાગ રાગ રાગ. સિધ્ધની પર્યાય અભૂતપૂર્વ પ્રગટ થશે. એ કોને? કે રાગવાળી દષ્ટિ નથી અને સ્વભાવમાં હું શકિતરૂપ પરમાત્મા છું એવી દષ્ટિ થતાં છે એમાં જયાં દષ્ટિ પડી છે ન્યાંથી પર્યાય આવશે. સમજાણું કાંઇ?

**વળી જેમ તે વાંસમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ** એમ. જ્ઞાનાભાસવ્યાપ્તિ યથાર્થ વ્યાપ્તિ નથી એમ કહે છે. આભાસ છે. જૂઠી (છે.) **(નીચેના ખુલ્લા ભાગમાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય (-સંતતિ, પ્રવાહ) છે, તેમ તે જીવદ્રવ્યમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા** ખુલ્લો ભાગ આવરણવાળો છે અને ઢંકાયેલો ભાગ નિરાવરણ છે. સિધ્ધ પર્યાયવાળો થવાનો એ. **જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય છે, સંબંધ છે. વળી જેમ તે વાંસમાં (ઉપરના ભાગમાં) સુવિશુધ્ધપણું છે** ઉપરના ભાગમાં ખુલ્લો. એમ **કારણ કે (ત્યાં) વિચિત્ર ચિત્રોથી થયેલાં ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે.** ઓલા ભાગમાં ઢંકાયેલા ભાગમાં. **તેમ તે જીવદ્રવ્યમાં (ઉપરના ભાગમાં) સિધ્ધપણું છે**. આહાહાહા! વાંસડો આમ ઢંકાયેલો છે ને એ તો આવરણ વિનાનો છે. એમ આત્મામાં વર્તમાન રાગની કે કર્મની યોગ્યતા જે કહે છે, પણ ભવિષ્યનો અનંતકાળ છે એ સિધ્ધપદવાળો છે. ભવિષ્યનો અનંતકાળ તારો સિધ્ધપદવાળો છે. એમ કહે છે. એય! આહાહા!

એવા જીવને જ અહીં લીધો છે. ભવિ જીવ લીધો છે ને? અભવી લેવો નથી અહીંયા. શું કામ છે તારે? સમજાવીને વીતરાગતા પ્રગટ કરાવવી છે કે રાગમાં રાખવો છે એને? સમજાણું? જીવદ્રવ્યમાં ઉપરના ભાગમાં ઓલા વાંસડાના ઉપરના ભાગમાં ઉપર ખુલ્લો હતો. ચિતરામણ નહોતું. પણ એ તો ઓલો ભાળતો નહોતો. ચિતરામણવાળો ભાગ ખુલ્લો હતો એને ભાળતો. એમ અહીંયા અનાદિ અજ્ઞાની કર્મને રાગને જ્ઞાનાવરણીવાળાને ભાળે છે.પણ પછીનો ખુલ્લો ભાગ શુધ્ધ છે. અનંતગણો શુધ્ધ છે. અનંતગણો શુધ્ધ છે એને તો જોતો નથી. એને કયારે જોવે કે દષ્ટિ દ્રવ્યની કરે તો જોવે. સમજાણું કાંઇ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરે! ભારે આવો ધર્મને કહેવાની રીતેય જુદી જાતની (છે.) અભાવ છે લ્યો!

**કારણ કે ત્યાં જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલાં ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે.** હવે કહે છે જુઓ. **કે જે અભાવ આપ્ત આગમના જ્ઞાનથી** સર્વજ્ઞનું જ્ઞાન, આગમનું જ્ઞાન અને ભાવશ્રુત જ્ઞાન **સમ્યક્આત્મા અનુમાનજ્ઞાનથી,** પહેલું અંતરનુંજ્ઞાન સ્વસંવેદનજ્ઞાન **અને અતીંદ્રિયજ્ઞાનથી એ જણાય છે.** આત્મા અતિન્દ્રિયજ્ઞાનથી એની દૃષ્ટિમાં આવતાં ભવિષ્યની સિધ્ધપર્યાય વર્તમાન ન હોવા છતાં ખુલ્લી પડી છે (તે) પ્રગટ થશે, એમ જ્ઞાનીને પોતાના જ્ઞાનથી ભાસે છે. અજ્ઞાનીની અહીં વાત લીધી નથી. એનું અજ્ઞાનીનું શું કામ છે? અહીં તો સત્ વસ્તુ પ્રગટે એની વાત લેવી છે કે નહીં?

આપ્ત-આગમના જ્ઞાનથી આ સિધ્ધપદ થાશે, એવું અનુમાનથી સિધ્ધ થાય છે કહે છે.સ્વસંવેદનથી પણ નકકી થાય છે, એમ કહે છે. આહાહા! **આપ્ત-આગમનાજ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી** હવે પછી અનુમાન લીધું.પહેલું આગમનું ભાવજ્ઞાન હો! **અને અતીંદ્રિયજ્ઞાન** એ છેલ્લું અંતર લીધું. નિર્વિકલ્પ વેદનથી એને ભાસ થાય. હવે એની પર્યાય થોડાકાળ પછી પૂર્ણ સિધ્ધ થવાની છે. એવું જ્ઞાન સમ્યક્દૃષ્ટિને થાય છે. અજ્ઞાનીને એનું ભાન હોતું નથી.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૨૮, ગાથા-૨૦, ૨૧
## પ્રવચન નં. ૨૭
## તા.૧૧/૧૨/૬૯, માગશર સુદ-૨, ગુરુવાર

**૨૦મી ગાથાનો ભાવાર્થ :-** પંચાસ્તિકાયનું આ સ્વરૂપ છે.ઉપરનું અસ્તિત્વ શુધ્ધ છે. એવું નીકળું અસ્તિકાયમાં એવો જીવ લીધો છે. **સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઇને,** શું કહે છે? આ પંચાસ્તિકાયનું સ્વરૂપ છે. છે વસ્તુ અસ્તિ અને જીવને અસંખ્યપ્રદેશી આદિ કાય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ ને અસંખ્યને આકાશને અનંત છે એ એની કાય છે. કાય એટલે સમુહ પ્રદેશ. **સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઇને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે. શું કહે છે? કે જીવ સદા સંસારી જ રહે.** આવો ને આવો મલિન પરિણામવાળો જીવ અનાદિ અનંત રહે. કેમ કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વર્તમાનમાં તો પર્યાયબુધ્ધિમાં સંસાર છે. રાગ-દ્વેષ અજ્ઞાન છે ને? એ વિકાર છે અને એ વિકારથી ત્રણે કાળનો વિકાર આમ ને આમ રહેશે એમ અજ્ઞાની માને છે. (મુમુક્ષુ :- દરેક અજ્ઞાની એમ માને છે?) દરેક અજ્ઞાની. એનું દ્રવ્ય સ્વરૂપ શુધ્ધ છે એને એ જાણતો નથી. શુધ્ધ દ્રવ્ય છે એ શુધ્ધ જાણતો નથી. શુધ્ધદ્રવ્ય છે એ શુધ્ધ જાણે તો તો એની પર્યાય ભવિષ્યમાં શુધ્ધ જ થાય. એવું એને જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

**સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને અજ્ઞાની જીવને ભ્રમ ઊપજે છે કે- 'જીવ સદા સંસારી જ રહે, સિધ્ધ થઈ શકે જ નહીં.** એમ. સમજાણું કાંઈ? ઘણાનો મત છે એ અત્યારે એ મતેય છે.સંસારી અનાદિ છે તો અનાદિ સંસારી જ રહે એમ. એ કોઈ દિ' મુકત થાય જ નહીં. એવો મત છે ઓલા લોકોનો. સમજાણું? સિધ્ધ થાય જ નહીં. પાછો આવે ને પછી અવતાર ધારણ કરે. કારણ કે વિકાર છે અનાદિનો એ વિકાર કેમ જાય? એમ અજ્ઞાની માને છે. પર્યાયદૃષ્ટિ દેખવાવાળા વસ્તુ ભગવાન દ્રવ્ય સ્વભાવ શુધ્ધ ચિદાનંદમૂર્તિ છે. એમાં સિધ્ધપદ પડયું છે. સમજાણું કાંઈ? વસ્તુ ચિદાનંદ સચ્ચિદાનંદ શુધ્ધ ધ્રુવ એ સિધ્ધપદ સ્વરૂપ એમાં અનંતા સિધ્ધની પર્યાયો પડી છે. એવી જેને દ્રવ્ય દૃષ્ટિ અને દ્રવ્યની શકિતના સામર્થ્યની પ્રતીત નથી, એ વર્તમાન રાગ-દ્વેષ ને અજ્ઞાન ને દેખીને આવો અનંતકાળ ગયો વર્તમાન દેખીને આવો અનંતકાળ ગયો અને એવો ને એવો અનંતકાળ રહેશે. સમજાણું કાંઈ?

**જો સિધ્ધ થાય તો સર્વથા અસત્ ઉત્પાદનો પ્રસંગ આવે.** એને એમ થઈ જાય છે. આ વિકાર છે એ વળી સિધ્ધ થઈ જાય તો અસત્ નહોતું તે થયું. નહોતું તે થયું નથી. સિધ્ધપદ અંદર હતું (પણ) પર્યાયમાં નહોતું. સમજાય છે કાંઈ? સિધ્ધ જ્ઞાનાનંદ શુધ્ધ ચૈતન્યધ્રુવ પરમાત્મ સ્વરૂપ અંદર પડયું જ છે. આહાહા! પર્યાયમાં ભલે રાગાદિ અજ્ઞાન હો. સ્વભાવમાં તો શુધ્ધતા પરિપૂર્ણ શુધ્ધ પરમાત્મા જ છે. સમજાણું કાંઈ? એ જાણે કે જો સિધ્ધ થઈ જાય તો નવું ઉત્પન્ન થાય. જૂનું જાય અને નવું ઉત્પન્ન થાય.એથી સિધ્ધ કોઈ દિ' થાય નહીં. એમ ને એમ સંસાર અનાદિ રહે.એવી પર્યાયબુધ્ધિવાળાને પર્યાયના અંશને દેખનારો ત્રિકાળી ધ્રુવ સ્વભાવનું સત્વ ને સામર્થ્ય નહીં દેખનારો, એને આવું જ ભાસે છે. સમજાણું કાંઈ?

જુઓ અસ્તિકાય સિધ્ધ કરે છે. પર્યાયના અસ્તિત્વ(ને) દેખનારો પણ દ્રવ્યના અસ્તિત્વ(ને) દેખતો નથી. તેને દ્રવ્યના અસ્તિત્વના સામર્થ્યની ખબર નથી. સમજાણું કાંઈ? અહીં તો મોક્ષ થાય એવા જીવ દ્રવ્યની વાત લીધી છે. ભગવાનઆત્મા શરીર વાણી હોય એ તો જડ છે. પુણ્ય-પાપના વિકલ્પ આદિ હોય વિકાર પણ એ વિકાર ક્ષણિક છે. ક્ષણિક અવસ્થાના છે એ. અને રહે તો પણ ક્ષણિકપણે રહેશે. ત્યારે ક્ષણિકપણે રહેશે કોને? કે જેને દ્રવ્યદૃષ્ટિ વસ્તુનું અસ્તિત્વ પરિપૂર્ણ છે એવી દૃષ્ટિ નથી એને. પણ એ વાત અહીં લીધી નથી. અહીં તો પર્યાયનું વિકારી અસ્તિત્વ છે તે છે. ભલે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવને પર્યાયનું અસંખ્યપ્રદેશી હો પણ વસ્તુ જે સ્વરૂપ ત્રિકાળ ધ્રુવ. એકલો જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ, શુદ્ધ પરિપૂર્ણ અખંડ એક ધ્રુવ સ્વભાવ, એની દૃષ્ટિની સત્તાનો સ્વીકાર જેને નથી તેવા અજ્ઞાની, ત્રિકાળ વિકારરૂપે રહીશ ને સિદ્ધ થાય તો નવું થાય ને અસત્ ઉત્પન્ન થાય માટે સિદ્ધ થઈ શકતો નથી.એમ અજ્ઞાની માને છે. કહો, સમજાય છે કે નહીં આમાં?

**પરંતુ અજ્ઞાનીની આ વાત યોગ્ય નથી. જેવી રીતે જીવને દેવાદિરૂપ એક પર્યાયના કારણનો નાશ થતાં** જુઓ. એ હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. જેમ દેવ મનુષ્યની પર્યાય જે છે **એ વિકારી પર્યાયના કારણનો નાશ થતાં** એ આયુષ્યનો આદિ.**તે પર્યાયનો નાશ થઈ અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે.** આમાં થાય છે કે નહીં કહે છે. મનુષ્યની પર્યાયનો નાશ થઈ દેવની પર્યાય ઉત્પન્ન થાય છે. જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. મનુષ્યની અવસ્થાનો નાશ થતાં, દેવની અવસ્થા ઉત્પન્ન થાય પણ કાંઈ જીવદ્રવ્યનો નાશ થાય? અને જીવદ્રવ્ય નવું ઉત્પન્ન થાય એમ તો નથી. સમજાણું કાંઈ?

**તેવી રીતે જીવને સંસારપર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં,** લ્યો આ સિદ્ધાંત મેળવ્યો ભાવાર્થ. સંસારપર્યાયનો નાશ થઈને બીજી સંસારપર્યાય થાય છે, છતાં જીવદ્રવ્ય તો તેનો તે જ છે. એમ સંસારપર્યાયનો નાશ થઈ મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસારપર્યાયનો નાશ થાય છે. સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે. જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. ભગવાનઆત્માનું અસ્તિત્વ શુદ્ધસત્તા અને સિદ્ધપર્યાયની પ્રાપ્તિ કરવાવાળું દ્રવ્ય તો તેવું ને તેવું જ રહે છે.

**સંસારપર્યાય અને સિદ્ધપર્યાય બન્ને એક જ જીવદ્રવ્યના પર્યાયો છે.** કેમ કે મનુષ્યને દેવની પર્યાય અવસ્થા એક જ જીવદ્રવ્યની હતી એમ સંસાર અને સિદ્ધપર્યાય એક જ જીવની અશુદ્ધ અને શુદ્ધ બે અવસ્થાઓ છે. **વળી અન્ય પ્રકારે સમજાવવામાં આવે છે. ધારો કે એક લાંબો વાંસ ઊભો રાખવામાં આવ્યો છે.** લ્યો, **નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે** વાંસનો (ભાગ) જુઓને આ ચિતરામણ છે ને? જુઓ આ લાકડીમાં ચિતરામણ છે ને? **અને બાકીનો ઉપરનો ભાગ અરંગી (-સ્વાભાવિક શુદ્ધ) છે. આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે.** આ છે ને? આમ બંધ છે અને આમ બંધ છે. આટલોક થોડોક ખુલ્લો છે. આ આમ બંધ છે આમ બંધ છે અને આ ખુલ્લો છે એટલે ખુલ્લાનું અનુમાન કરીને આવો જ ભાગ હેઠે પણ છે અને આવો જ ભાગ ઉપર પણ છે એમ અનુમાન કરે છે. કાં કહે જુઓ આ છે નાનો અને આ છે મોટો ભાગ, ખુલ્લો મોટો ભાગ છે. ઢાંકેલો ચિતરામણવાળો મોટો ભાગ છે. એમ જીવમાં સંસારપર્યાયનો ભાગ ઘણો થોડો છે અને મોક્ષપર્યાયનો ભાગ ઘણો અનંતો અનંતો અનંતો ઉર્ધ્વમાં છે. સમજાણું કાંઈ?

**નીચેનો કેટલોક ભાગ રંગબેરંગી કરવામાં આવ્યો છે અને બાકીનો ઉપરનો ભાગ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અરંગી (-સ્વાભાવિક શુધ્ધ ) છે.** શું કે એમાં રંગ નથી. ચિતરામણ નથી. એકલો...... **આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે** જુઓ આમ આ રંગબેરંગીને ખુલ્લો હોં! અને બાકીનો બધો રંગબેરંગી ભાગ **આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે.** કહો, સમજાણું કાંઈ? આ પણ ઢાંકી દીધેલો અને આ પણ ઢાંકી દીધેલો છે અને થોડો ખુલ્લો આ (ભાગ) રંગવાળો છે. **આ વાંસના રંગબેરંગી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને બાકીનો બધો રંગબેરંગી ભાગ અને આખોય અરંગી ભાગ ઢાંકી દીધેલો છે. આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને,** આ થોડો ચિતરામણ જોઈને, જુઓ આમાં ચિતરામણ ઘણા છે હોં! જુઓ **અવિચારી જીવ 'જયાં જયાં વાંસ હોય ત્યાં ત્યાં રંગબેરંગીપણું હોય'** આવી વ્યાપ્તિ આવો મેળ અજ્ઞાનભાવથી કરે છે.આહાહા! જુઓને, કેવી વાત કરી છે?

આત્મા વસ્તુ તરીકે મહાપ્રભુ છે.અસ્તિત્વ તરીકે એમાં મહા અનંતા અનંતા અનંતા અનંતા કેવળજ્ઞાન ને સિધ્ધપદ પડયા છે. એવો ભાગ વસ્તુમાં છે. પણ પર્યાયમાં નહીં દેખીને પર્યાયમાં વિકાર દેખીને ખુલ્લો વિકાર થોડાકે દેખે તો (કહે કે) 'આ છે ને, આ વિકાર છે ને?' આમ ને આમ રહેશે ને, રહેશે ને, રહેશે ને? ઈ રહે છે રહે છે એ રહેલો અને રહે છે અને રહેશે એમ અજ્ઞાની પર્યાય બુધ્ધિ(થી) ત્રણે કાળમાં સંસારી પર્યાય થશે (અને) રહેશે એમ માને છે.સમજાણું કાંઈ આમાં?

આ વાંસનો દાખલો સમજાય છે કે નહીં.દાખલો સમજાય છે કે નહીં? સિધ્ધાંત (સમજાય છે?) દાખલો સમજાય છે કીધું તો હા પાડી. આ ઢાંકેલું છે. જુઓ છે ને? આ આમ ઢાંકેલું છે. આવું દેખી આ ચિતરામણ અહીં હેઠે પણ એમ ને એમ છે અને આ પાછું ઉપર પણ એમ ને એમ છે.એમ કલ્પી લે છે. એમ સંસારી જીવ અનાદિકાળના જ્ઞાનાવરણીય આદિનો વિકાર છે. અત્યારે પણ થોડો કાળ છે, દેખાય એમાં પણ ભવિષ્યમાં આખી સિધ્ધપદની પર્યાય પ્રગટ થવાની છે કારણ કે એનું અસ્તિત્વ એવું છે. જીવ દ્રવ્યનું અસ્તિત્વ હોવાપણે એવડું જ છે કે ભવિષ્યમાં એની સિધ્ધ પર્યાય પ્રગટ થવાની જ છે. એવા જીવના અસ્તિત્વની અહીં તો વાત લીધી છે. આહાહા! સમજાણું કાંઈ?

ભાઈ! ખરેખર તો એમ કહે છે કે જીવ જ એને કહેવો. લ્યો! આહાહા! અસ્તિકાયને સિધ્ધ કરીને, સંસાર પર્યાય રહી એ જીવ નહીં.ખરેખર તો જીવ જેનું સ્વરૂપ જ આનંદ ને જ્ઞાયકભાવ (છે.) ભગવાનધ્રુવસ્વરૂપમાં અનંતા પરમાત્મસ્વરૂપ જેમાં પડયા છે. એવો મહાપ્રભુ તેને ખરેખર જીવ કહેવો. એ જીવને રંગની, રાગ-દ્વેષની પર્યાય નાશ થઈ અને અનંત અનંત અનંત અનંતગુણો કાળ સુધી તેની સિધ્ધ પર્યાય રહેવાની. ચીમનભાઈ! સમજાણું કાંઈ?

નિર્ધનપણું ઘણો કાળ રહ્યું હોય અને વર્તમાન નિર્ધનપણું દેખતો હોય પણ એને પુણ્યને લીધે ભવિષ્યમાં લક્ષ્મીવાળો થઈશ અને ઘણો કાળ રહેશે એવી એને પ્રતીત આવતી નથી. એની સામે થઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય આપણે ગરીબ છીએ આપણે ગરીબ છીએ (એમ માને છે.)આપણે તો ગરીબ માણસ છીએ. ભાઈ! એમ કહે, પણ ગરીબ નથી. તારામાં રાજા થવાની લાયકાત છે. કહો, સમજાણું કાંઈ? રાજા થઈશું. વળી એક જણો એમ કહેતો હતો. રાજા કેમ ન થઈ શકાય? પૈસાની વાત હાલે તોય વળી એ તો પુણ્યને લઈને મળે છે ને રાજાય થઈ શકાય છે. પણ શું છે તારે? રાજા થાવું છે તારે? વાણિયા થઈને રાજા થાવું છે. આવા ને આવા.એવા વિકારમાં મશગુલ મશગુલ.

જુવાની ફાટેલી રૂપાળું શરીર પૈસા પેદા થતાં હોય. પૂંજી ઘરમાં હોય, શરીર નિરોગી હોય, રખડવાની બુધ્ધિ કાંઈક ઊઘડેલી હોય. હેં? આમ રખડવાની બુધ્ધિ આમ આમ આમ આમ ઓહોહોહો! શું છે આ? રાજા પણ થઈ શકે પણ શેની વાત ચાલે છે એમાં પણ શું તું આ બોલશ? અહીં તો કહે છે કે પૈસા પુણ્યને લઈને મળે એમાં આત્મા કાંઈ કરી શકે નહીં. એમ સિધ્ધ કરતાં રાજાય આત્મા થઈ શકે. પણ પુણ્યનો નાશ કરી અને પવિત્રતા પ્રગટ કરે એવી કેમ તને શ્રધ્ધા બેસતી નથી? આત્મા રાજા થઈ શકે છે સિધ્ધરાજા. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત પણ હો ભારે! પંચાસ્તિકાયના સ્વરૂપમાં આવું અસ્તિકાય સિધ્ધ કર્યું. જીવનું હોવાપણું એટલું છે એવડું છે એને માને એને જીવ માન્યો. પર્યાયવાળો એકલો વિકારી વિકારી વિકારી માને એને જીવ માન્યો જ નથી. આહાહા! એને અસ્તિત્વ માન્યો નથી. આખો અસ્તિત્વ ત્રિકાળી અનંતગુણ ને અનંતશાંતિનો સાગર એવો આત્મા માન્યો નથી.સમજાણું કાંઈ? આહાહા!

આચાર્યોની દિગમ્બર સંતોની કથની કેવળજ્ઞાનના કેડાયતો છે.સમજાય છે કાંઈ? કેડાયતો છે. એય! માણેકલાલ! કોઈક કહેતુ'તું ને? કે ભઈ આ ભવિષ્યમાં ઓલો પારસી માણેકલાલ આવશે. પુણ્યને દેખીને (કહે).આ તો એક વાત છે. બેય લડે છે માટે ઓલો આવશે. એમ નહીં ઓલો પુણ્યને લઈને અનુમાન કરી નાખે છે પણ આ પવિત્રતાને લઈને એમ અનુમાન નથી કરતો, અહીં આવડે છે ને? આગમજ્ઞાન, અનુમાન ક્ષયોપશમ વેદનથી કે ભવિષ્યમાં સિધ્ધ થવાનો, થવાનો ને થવાનો. કેમકે મારી સત્તાનો દ્રવ્યનો સ્વીકાર થયો છે (તો) એમાં સિધ્ધપદ પડયું જ છે. એમાં સંસારપદ ને સંસારપર્યાય છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આહા! જુઓ, એક દ્રષ્ટિનો વિષય. સમજાણું કાંઈ?

કહે છે કે, જીવદ્રવ્ય એને માન્યું કહેવાય કે જેને વિકારી સંસારપર્યાય છે તે અલ્પકાળ રહેશે અને ભલે અત્યાર સુધી રહી અને એકાદ બે ભવ હોય પણ એ એટલું જ છે. પછીનો મારો કાળ વસ્તુ સિધ્ધ સ્વરૂપી ભગવાનઆત્મા પૂર્ણાનંદ છે. એટલે એવી સત્તાનો સ્વીકાર કરનારો એને ભવિષ્યમાં સિધ્ધપદની પ્રાપ્તિ થયા વિના રહેશે નહીં. એવાને અહીં જીવદ્રવ્ય કીધો છે. આહાહા! સમજાણું કાંઈ?

આમાં એમ નથી આવ્યું કે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રધ્ધા કરે તો આને સિધ્ધપદ થાય. એય! આગમથી એણે કીધેલું જ્ઞાન જાણે એમ કહે છે. આગમનું જ્ઞાન કીધું જુઓ. શું છે? છે? ........................એમાંથી

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તને નક્કી થઈ જશે. આમ આવ્યા ને? આમ કર્યું પણ આમનું જ્ઞાન કીધું ને? આમનું જ્ઞાન કર્યું કોણે? એય! સર્વજ્ઞનું જ્ઞાન કર્યું કોણે? પોતે કર્યું છે. કે આ જીવ સર્વજ્ઞ થઈ શકશે. આ જીવ સર્વજ્ઞ થઈ શકશે. કેમ? કે આત્મામાં સર્વજ્ઞપણું પડયું છે. સમજાણું કાંઈ? આ જીવ સર્વજ્ઞ થઈ શકશે એવી એને અંતરમાં પ્રતીત જ્ઞાનથી આવે છે. ત્યારે એણે જીવદ્રવ્યનો સ્વીકાર કર્યો કહેવાય. આમ બધાનો સ્વીકાર કરે પણ જીવદ્રવ્યનો સ્વીકાર ન કરે ત્યાં સુધી એને સમ્યગ્જ્ઞાન ને ભવિષ્યમાં સિદ્ધપદની પર્યાયમાં પ્રાપ્તિની નિઃશંકતા થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**આ વાંસનો ખુલ્લો ભાગ રંગબેરંગી જોઈને અવિચારી જીવ 'જયાં જયાં વાંસ હોય ત્યાં ત્યાં રંગબેરંગીપણું હોય' એવી વ્યાપ્તિ (-નિયમ, અવિનાભાવસંબંધ) કલ્પી લે છે** આહાહાહા! ભારે વાત કરી ભાઈ! **અને આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા એવું અનુમાન તારવે છે કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે.'** આવો જ રહેશે. પર્યાય દૃષ્ટિવાળો પર્યાયને જ ભાળે છે. રાગ-દ્વેષવાળી અવસ્થાના અંશને ભાળનારો એ અવસ્થા આવી ને આવી સદાય રહેશે (એમ માને છે) એને દ્રવ્યદૃષ્ટિની સત્તામાં મહાભગવાન બિરાજે છે. અનંતા સિદ્ધ આત્મામાં બિરાજે છે. અત્યારે હોં! આહાહા! સમજાણું કાંઈ? અનંતા કેવળીઓ, અનંતા સિદ્ધો, અનંતા આચાર્યો સંતમુનિ, આત્મજ્ઞાનની દશાવાળા કહે છે એ બધા અંદરમાં આત્મામાં બિરાજે છે, એય! સમજાણું કાંઈ? કહે છે એ ભરોસો કોણ કરે? પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યની દૃષ્ટિ કરે તે. એની દૃષ્ટિ નિમિત્ત, વિકલ્પ અને એક સમયની અવસ્થાની દૃષ્ટિ છૂટી જાય એમ કહે છે. આહાહા!

અહીં તો એવો જ જીવ લીધો છે બીજી વાતું જ અહીં લીધી નથી. આહાહા! એય જેઠાલાલભાઈ! જુઓને એવો જીવ કેમ ન લીધો કે સદાય એવો જ રહેશે. એનું અસ્તિત્વ જ એવડું નથી એમ અહીં તો સિદ્ધ કરે છે. એય! આત્મભગવાન એનું દ્રવ્યનું અસ્તિત્વ જ એવડું નથી કે જે ત્રિકાળ મલિન રહે, એમ સિદ્ધ કરે છે. આહાહા! અસ્તિકાય છે ને? ભગવાનઆત્મામાં અસંખ્યપ્રદેશ (છે) એમાં આનંદકંદ અનંતા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. એવું એનું દ્રવ્યનું અસ્તિત્વ વસ્તુનું હોવાપણું એવડું મોટું છે.એવડા મોટા અસ્તિત્વનો સ્વીકાર કરે એને અલ્પકાળમાં સિદ્ધપદની પર્યાય અનંતકાળ રહે એવી પ્રગટ થાય, એમ કહે છે. પણ જેને સંસારની પર્યાય ઉપર રાગ ને નિમિત્ત ને વિકલ્પ ઉપર દૃષ્ટિ છે અને હું આવો ને આવો રહીશ ને એનાથી મને લાભ થશે (એમ માને) ત્યારે દ્રવ્યથી લાભ થશે એવી એની દ્રવ્યની દૃષ્ટિ છે નહીં. એમ કહે છે. ભારે વાત ભાઈ! એય! વજુભાઈ! આહાહા! ભારે વાત ભાઈ! ગજબ કરે છે.

આચાર્યો સંતો દિગમ્બર મુનિઓ પાકા કેવળજ્ઞાનીના કેડાયત એમ. સમજાય છે કાંઈ? એવી વાત બીજે કયાંય હોઈ શકે નહીં. આ અસ્તિકાયની સત્તાને સિદ્ધ કરતાં પણ આવો અસ્તિકાયવાળો જીવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને સિધ્ધ કર્યો છે. આહાહા! સમજાણું કાંઇ? ઓલો સંસારી પર્યાયવાળો તો વ્યવહાર જીવ છે. એ નિશ્ચય જીવ છે જ નહીં.આહાહા! અરે કેવળજ્ઞાનનો જે પર્યાય છે કે સિધ્ધનો પર્યાય એ પણ વ્યવહાર જીવ છે. સમજાણું કાંઇ? એ નિશ્ચય જીવ નહીં. એ કનુભાઇ! આહાહા! ગજબ વાત છે. ભાઇ! આ સંસારની જે વિકારી પર્યાય છે, એ તો તદ્દન અશુધ્ધ સંસારી જીવનો ભાવ પણ સિધ્ધની પર્યાય છે એ પર્યાય પણ વ્યવહારજીવ છે એ અંશ છે ને? સિધ્ધ એ અંશ છે.ભલે કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટયું પણ એ અંશ છે.વ્યવહાર જીવ છે. અહીં તો નિશ્ચય જીવ(નું) અસ્તિત્વ આવું છે. આહાહા! સમજાણું કાંઇ?

જેને પર્યાય ઉપર દૃષ્ટિ છે, એને તો વિકારી રહીશ ને અથવા જેને પુણ્ય-પાપના વિકલ્પો ને અજ્ઞાનભાવ છે એ રીતે રહીશ એનો અર્થ થયો કે એનાથી મને લાભ થશે એટલે એને છોડશે નહીં. એ વિકલ્પ છે કે નિમિત્ત છે એનાથી લાભ થશે એટલે એને છોડશે નહીં. એટલે જીવદ્રવ્યનું અસ્તિત્વ જે મહાપ્રભુ છે એના અસ્તિત્વનો એને સ્વીકાર થશે નહીં. આહાહા! કનુભાઇ! આવી વાત છે. કપુરભાઇ! સમજાણું આ? જીવનું હોવાપણું પરમાત્મા સંતો સિધ્ધ કરે છે. આહાહાહા! જીવાસ્તિકાય. દાખલો હોં! ઉદાહરણ. દાખલો આપીને બધા છ એ દ્રવ્યનું ધ્રુવપણું કાયમ રહે ને પર્યાય ક્ષણે ક્ષણે બદલે ને એ બધી પર્યાયો ધ્રુવમાંથી આવે છે. સમજાણું કાંઇ?

કહે છે, **જ્યાં જ્યાં વાંસ હોય ત્યાં ત્યાં** અજ્ઞાની કલ્પી લે છે (કે) આવો રંગવાળો જ આ વાંસ હોય. **આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન દ્વારા** વ્યાપ્તિ એટલે નિયમ કરીને **એવું અનુમાન તારવે છે કે** જુઓ પાછું અનુમાન પણ આવ્યું **કે 'નીચેથી છેક ઉપર સુધી આખો વાંસ રંગબેરંગી છે.'** આહોહોહો! આ અનુમાન મિથ્યા છે.એ અનુમાન એનું સાચું નથી. **કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે.** ઉપરનો ભાગ જે ખુલ્લો છે તે. આ તો બહુ થોડો છે. આમાં તો, સંસારનો કાળ તો બહુ અનંતમાં ભાગે છે અને સિધ્ધપદની પર્યાયનો કાળ તો અનંતા અનંતા અનંતા ગુણો છે. એ અનંતા અનંતા અનંતા ગુણો પર્યાયનો પિંડ જે આત્મા છે એકલો પરમાત્મા પૂરણ છે. સમજાણું કાંઇ?

આ તો ભાઇ શાંતિથી અંદર મનન કરીને બેસાડવા જેવી વાત છે. આ કાંઇ કોઇ વાત ધારી લ્યે (એમ છે નહીં). આવું સત્વ વસ્તુનું સત્વ ભગવાન પરમેશ્વર તીર્થંકર કેવળજ્ઞાનીએ આવો જીવ કહ્યો છે. આવો જીવ કહ્યો છે. જેને વિકારની અવસ્થા લાંબે કાળે ગઇ અને થોડી દેખાય છે છતાં, એ પર્યાય દૃષ્ટિવાળાને એવું દેખાય છે કે આવું ને આવું રહેશે. તો એને આખો આત્મા (નું) અસ્તિત્વ છે એવો સ્વીકાર છે નહીં. સમજાણું કાંઇ?

સમ્યગ્જ્ઞાન દ્વારા, આગમજ્ઞાન દ્વારા કે અનુમાન સમ્યગ્જ્ઞાન દ્વારા, જુઓ અનુમાનને પણ સમ્યગ લાગુ પાડયું છે. છે ને સમ્યક્ છે ને? અનુમાન એ પણ બરાબર સમ્યક્ છે. આ સ્વભાવ અંશે જે સમ્યક્

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિર્મળ અંશ પ્રગટયો એ બધો નિર્મળાનંદ પૂર્ણાનંદ છે. એમ અનુમાન કરીને. વેદનનો અંશ પ્રત્યક્ષ છે. અને આવોને આવો બધો ભગવાનઆત્મા આખો નિર્મળ ધ્રુવ એવો જ પિંડ છે એમ અનુમાન કરી નિર્વિકલ્પ વેદન દ્વારા આત્મા ભવિષ્યમાં સિદ્ધપદની ઢંકાયેલી પર્યાય છે તે ખુલ્લી થઈ જશે એવું જેણે સમ્યગ્જ્ઞાનમાં જોયું એને આત્મા માન્યો કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? કાંતિભાઈ!

જુઓ, આ પર્યાયદષ્ટિ ઊડી ગઈ છે. હેં? ઊડી ગઈ છે.એ તો ન સમજાય ત્યાં સુધી એ બધા પ્રકાર છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ એવો માર્ગ છે એ કોઈ ભણતર કરી જાય, વાંચી જાય, અગિયાર અંગ નવપૂર્વ ભણી ગયો અને વાતુ કરતાં આવડી છે માટે સમજયો છે એમ છે નહીં. આહાહા! ભારે વાત કહે છે. છએ દ્રવ્યની, ભગવાને છ દ્રવ્ય દેખ્યા, એના ઉત્પાદવ્યય સહિત ધ્રુવપણું, સમય સમયમાં ત્રણ અવસ્થાઓ ત્રણ પ્રકાર છે. એ ઉત્પાદવ્યય, ઉત્પાદ થવા છતાં તે દ્રવ્યનો ઉત્પાદ થતો નથી. વ્યય થવા છતાં દ્રવ્યનો નાશ થતો નથી, છતાં દ્રવ્ય અન્વયરૂપે ઉત્પાદવ્યયમાં કાયમ રહે છે. એ સિદ્ધ કરવા આ જીવનો દાખલો આપ્યો છે. આહાહા!

**કારણ કે ખરેખર તો આ વાંસનો ઉપરનો ભાગ રંગબેરંગીપણાના અભાવવાળો છે.** ખુલ્લો છે. ખુલ્લો એટલે ઢંકાયેલો હોવા છતાં ચિત્ર વિનાનો છે. **અરંગી છે. વાંસના દૃષ્ટાંતની માફક કોઈ એક ભવ્ય જીવ** દેખો કોઈ એક ભવ્ય જીવ. **કોઈ એક ભવ્ય જીવ છે. તેનો નીચેનો કેટલોક ભાગ (અર્થાત્ અનાદિ કાળથી વર્તમાન કાળ સુધીનો અને અમુક ભવિષ્ય કાળ સુધીનો ભાગ)** દેખો, કારણ કે પંચમકાળનો જીવ છે ને? ભઈ! એ પણ વાત અહીં તો લીધી છે. આહાહા! એય! ભારે પણ આચાર્યની ગજબ વાત છે. કુંદકુંદાચાર્યદેવ જેવા હોય તો પણ તેને આ ભવે કેવળ થઈ શકે એવું છે નહીં. આહાહા! સમજાણું? એને હજી ભવિષ્યમાં એકાદ બે ભવ છે. એક દેવનો (ભવ છે) અને એક મનુષ્યનો (ભવ છે.) મુનિ છે, સમકિતી છે, જ્ઞાની છે એટલે મરીને સ્વર્ગમાં જાય. ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ થશે. ત્યારે ભૂતકાળનો ભાગ વિકારવાળો જોઈ, અત્યારનો ભાગ વિકારવાળો જોઈ, આ જ વિકાર સદાય રહેશે એમ જે માને છે એને તત્ત્વની દષ્ટિની ખબર નથી. એ સંસારી છે. અમુક કાળ સુધી એક બે ભવ સુધી સંસારી રહેશે.

કુંદકુંદાચાર્ય જેવા મહામુનિ જેને હજારોવાર છઠ્ઠું સાતમું ગુણસ્થાન એક ક્ષણમાં આવે, હજારોવાર જેની દશા નગ્ન હોય જે જંગલમાં રહે એને ભાવલિંગપણું હોય. સમજાણું કાંઈ? કોઈ ગ્રહસ્થાશ્રમમાં રહીને એમ કહે કે મને ભાવલિંગીપણું છે એમ ત્રણકાળમાં એમ હોઈ શકે નહીં. એટલે અહીં કુંદકુંદાચાર્ય જેવા એમ કહે છે કે, અમુક કાળ તો વિકારનો ગયો. અમુક ભવિષ્યકાળ સુધીનો સંસાર છે અને બાકીનો ઉપરનો અનંત ભાગ સિદ્ધરૂપ છે. આહાહા! અર્થમાં કર્યું છે એવું લખ્યું છે. ભાઈ! એ તો ટીકામાં છે એ જ ભાવ બહુ સાદી ભાષામાં સમજાય એવું છે. શબ્દ આગમ વડે જ્ઞાનની પ્રસિદ્ધિ કરીને અર્થને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાવે છે. પદાર્થને સમજાવે છે. એમ પહેલું આવ્યું હતું ને? એમ આતમ પદાર્થ એકેક તારો ભગવાનઆત્મા, એવો છે કે, જેણે એવા મહાપ્રભુનો અસ્તિત્વનો સ્વસન્મુખ થઈને વિકલ્પ અને નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં, તેની ઉપેક્ષા કરીને અપેક્ષા કરીને રહે ત્યાં સુધી તો વિકારી પર્યાય રહેશે. ઉપેક્ષા કરીને જીવદ્રવ્ય આવું છે એવો જે નિર્ણય અંતરમાં નિર્વિકલ્પ થયો, કહે છે કે એને ભવિષ્યની સિદ્ધ પર્યાયનો બધો ભાગ ખુલ્લો ખુલ્લો પ્રગટ છે. સંસારી ભાગમાંનો, સમજાય છે? સિદ્ધરૂપ સ્વભાવી શુદ્ધ તે અંદર તદ્દન ખુલ્લો છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પરિપૂર્ણ દ્રવ્ય છે. એવી જેને પ્રતીત અને અંતર સ્વીકાર થયો, એને થોડોકાળ ભલે હજી એક બે ભવ હો પણ એને અંતરમાં તો એ જ નક્કી થઈ ગયું કે આ જીવ હવે ભવિષ્યમાં અનંતી સિદ્ધ પર્યાય અનંત કાળ રહેશે તે પ્રગટ કરશે. એવો જ હું આત્મા છું. સંસાર પર્યાય રહે એવો હું આત્મા નથી. આહાહા! ભારે વાત ભાઈ!સમજાણું કાંઈ? **આ તો પંચાસ્તિકાયનો અર્થ ચાલે છે. (મુમુક્ષુઃ- પંચાસ્તિકાયમાં આવું હોય?) આવું છે. શ્રીમદ્દે પંચાસ્તિકાયના અર્થ કર્યા છે. અને એમણે કુંદકુંદાચાર્યને સદ્ગુરુ સ્વીકાર્યા છે. શ્રી સત ઓમ સદગુરાય નમઃ** પછી એનો અર્થ કર્યો છે.સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય પોતે આમ કહે છે. **આ જીવના સંસારી ભાગમાંનો કેટલોક ભાગ ખુલ્લો (પ્રગટ) છે અને બાકીનો બધો સંસારી ભાગ અને આખોય સિદ્ધરૂપ ભાગ ઢંકાયેલો અપ્રગટ છે.** એમ. સમજાણું કે નહીં આમાં? શું કીધું એમાં? એટલે શું? હવે હળવે હળવે બોલો નહીંતર ગોટવાશે. હજી બરાબર ન આવ્યું. ઢંકાયેલો અનાદિનો છે અને અત્યારે ખુલ્લો થોડોક અત્યારે પણ ઢંકાયેલો છે. એમ. પણ ઓલું ગયા કાળનું ન આવ્યું. વર્તમાન ને ભવિષ્યનું બે જ કીધું. અહીં તો વિકાર વર્તમાન છે એવો અનાદિનો હતો, પણ એ ઢંકાયેલો છે દેખાતો નથી. ગયો ખરો ને એમ. અને વર્તમાન પ્રગટ છે તે દેખાય છે. ખુલ્લો ભાગ છે વિકાર છે અને ભવિષ્યની સિદ્ધ પર્યાય થશે અને ત્યાં બે ભવ છે તે પણ હજી ખુલ્લો છે. ખ્યાલમાં આવ્યો છે ને? કે આ હજી એક બે ભવ (બાકી છે.) હં. અને એમાં અવિકારી પર્યાયના ભવિષ્યકાળમાં થોડોક છે, એમાં મને ભવિષ્યકાળની પર્યાયનો સિદ્ધ પર્યાય તદ્દન ખુલ્લો છે એ દ્રવ્યની દષ્ટિ પ્રગટ કરી એટલે આટલો ભવ રહેશે પછી સિદ્ધ થઈશ એમ અંદર નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ? આ તો બહુ ધ્યાન રાખીને પકડાય એવું છે. અહીં કાંઈ ડહાપણ કામ આવે એવું ન્યાં નથી. એમ નહીં આ ઓલું સંસારીનું શું કહેવાય એને? ઓલા કહેતા હતા ને? હેં? તલાટી હીરો ભઈ કામ કરે ભાઈ ઝટ દઈને. કહો, સમજાણું આમાં? આહાહા! એ તો આત્મા છે તેને કહે છે જુઓને? અહીં તો એને આત્મા કહ્યો. આહાહા! ગજબ વાત કરી. જે સંસારની પર્યાયવાળો અને વિકારવાળો રાગવાળો, રાગવાળો, રાગવાળો, રાગવાળો, એવો જોયો ને જાણ્યો ને એમ ને એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહેશે એને જીવ જ કહેતા નથી.આહાહા! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો જેની બહિર્મુખની દૃષ્ટિ વિકાર ને વિકલ્પ ને નિમિત્ત ઉપર છે. અને એવી ને એવી દૃષ્ટિએ મને લાભ થશે એમ માનનાર દ્રવ્ય ઉપર જવાનું છે નહીં. એને જીવના દ્રવ્યનું આવડું મોટું અસ્તિત્વ એના વિનાનું છે એવું એણે માન્યું નથી.આહાહા! સમજાણું કાંઈ? છોટુભાઈ! આરે ભારે વાત ભાઈ! ઓહોહો! આ વીસમી ગાથા. **અને બાકીનો બધો સંસારી ભાગ અને આખોય સિધ્ધરૂપ ભાગ ઢંકાયેલો (અપ્રગટ) છે.** જુઓ ઢંકાયેલો કીધું ને? વર્તમાન થોડોક વિકાર છે એટલો ખુલ્લો છે. આમ ઢંકાયેલો છે અને ભવિષ્યનો ઢંકાયેલો છે એમ. આવરણવાળો ઢંકાયેલો છે અને નિરાવરણ પણ ઢંકાયેલો છે. થોડો આવરણવાળો ખુલ્લો છે. હવે ખુલ્લા ઉપર જેની દૃષ્ટિ છે એટલી એ તો આમેય આવો છે અને આમેય આવો છે એમ માને છે. એવી પર્યાયબુદ્ધિ નથી પણ દ્રવ્યના અસ્તિત્વ ઉપર બુદ્ધિ છે એને આ રાગનો ખુલ્લો ભાગ દેખાય એ અલ્પકાળ રહેશે અને પછી રહેશે નહીં. આહાહા! હેં? ગજબ વાત છે.

જુઓ, એવો એમાં પાછો ભાવ છે હોં! છે? (મુમુક્ષુઃ- વજુભાઈ કહે છે કે હા છે.) પંડિતજીને કાંઈ પૂછાય નહીં. પંડિત તો હોંશિયાર કહેવાય. હા પાડે. પણ આને એના ભાઈને પૂછીએ. એ કાંઈ એવા પંડિત નથી એના જેવા (એ નથી.) આહાહા! ભગવાન એમ કહે છે. ઓહો! તારો જીવ સ્વભાવ ધ્રુવ જે કાયમનો એ. અંશ છે એ તો વ્યવહાર છે કહે છે. અંશ જીવ વિકારી કે અવિકારી હોય એ તો અંશ છે. એ તો વ્યવહાર છે. નિશ્ચય જીવ જેને કહીએ ધ્રુવ સ્વરૂપ એમાં ઉત્પાદ વ્યય જ નથી. સંસારનો ઉત્પાદવ્યય નથી અને સિધ્ધનો પણ જેમાં ઉત્પાદવ્યય નથી.એવો જે ભગવાન ધ્રુવ તેના હોવાપણાનો જેને સ્વીકાર છે એને અલ્પકાળમાં મારી ખુલ્લી દશા પ્રગટ થઈ જશે, જે ઢંકાયેલી છે તે ખુલ્લી થઈ જશે. ખુલ્લીવાળો જ હું છું. ન પ્રગટ થાય એવો હું છું નહીં. આહાહા! જુઓ. કનુભાઈ! લોજીકથી વાત ચાલે છે કે નહીં? કે આ કચડ-બચડની છે? આહાહા!

ભગવાન એક સમયની પર્યાયવાળો ભાવતા પર્યાયબુદ્ધિને છોડાવીને, દ્રવ્ય બુદ્ધિ કરીને આવું મનાવે એમ મૂળ તો. વાત તો આમ કહે છે. સમજાણું કાંઈ? જેની પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે, એ અંશબુદ્ધિવાળો દ્રવ્યને સ્વીકારશે જ નહીં. આહાહા! આવો ભગવાન મહાપ્રભુ છે અનંતા અનંતા અનંતા આનંદકંદનો નાથ અનંતા પરમાત્મા જેના ગર્ભમાં પડયા છે. આ એક જીવના અંદરમાં અનંતા પરમાત્મા પેટમાં પડયા છે. કારણ કે પરમાત્મા એક સમયની અવસ્થા છે.અને એવી પરમાત્માની અનંતી અવસ્થા એમ ને એમ થવાની એ બધી અવસ્થાઓનો સાગર ભગવાન આ આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? એવા આત્માનો જેને હોવાપણાનો સ્વીકાર થયો. એને અલ્પકાળમાં ભવિષ્યની પર્યાય નિર્મળ થઈને સિધ્ધપદની પ્રાપ્તિ થવાની. **આ જીવનો ખુલ્લો (પ્રગટ) ભાગ સંસારી જોઈને**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અજ્ઞાની જીવ, 'જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય'** જુઓ, દેખો. આહાહા! જયાં જયાં જીવ હોય ત્યાં વિકારી હોય એમ. જયાં જયાં જીવ હોય ત્યાં વિકાર હોય. જયાં જયાં જીવ હોય ત્યાં વિકાર એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ? કહો સમજાય છે કે નહીં? એય!

આ તો તમારી લોજીકથી વાત ચાલે છે. ઓલી તમારા કાયદા ને ભણે છે ને? એ શૈલીથી વાત ચાલે છે. **'જયાં જયાં જીવ ત્યાં ત્યાં સંસાર.'** કહે છે ખોટી વાત છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાય છે? જયાં જયાં જીવ ત્યાં ત્યાં સંસાર, જયાં જયાં જીવ ત્યાં રાગ, જયાં જયાં જીવ ત્યાં ત્યાં શુભ રાગ. ખોટી વાત છે. તને ખબર નથી. તને જીવની ખબર નથી. સમજાણું કાંઈ? આવું સ્પષ્ટ આમાં અત્યારે પહેલું વહેલું આવે છે હોં! એય! એ તો અંદરથી આવે ત્યારે આવે ને? આવું સ્પષ્ટ આ ગાથામાં પહેલાં કોઈ દિ' નથી કર્યું.

**'જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં સંસારીપણું હોય.'** આહાહા! જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં વિકારપણું હોય. કહે છે, અરે આ તું શું કરે છે? સમજાણું કાંઈ? જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં રાગ હોય? જયાં જયાં જીવ હોય ત્યાં રાગ હોય? અરે! આ જીવ નહીં. અરે! સાંભળને તું આ શું કરશ? જીવ તો વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન છે. જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં વીતરાગતા હોય. ભગવાનઆત્મા જયાં જયાં જીવ છે ધ્રુવ ત્યાં ત્યાં એકલો વીતરાગ ને આનંદ ને પૂર્ણ સ્વભાવથી વીતરાગભાવ ભર્યો છે. જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં વીતરાગભાવ હોય. જયાં જયાં જીવ હોય ત્યાં ત્યાં રાગવાળો હોય એમ નહીં. એ ચેતનજી! આ ભારે! આહાહા! ભારે વાત ભાઈ! કુંદકુંદાચાર્યના શાસ્ત્રો ઘણા ગંભીર, ઘણા ગંભીર, ઘણા ગંભીર! ઘણા ઊંડા. પર્યાયદષ્ટિને ફેરવી દ્રવ્યદષ્ટિ કરવાની રીત પણ કોઈ જુદી જાતની છે. હેં? આહાહા! અરે એમ તું કહે કે, જયાં જયાં આત્મા ત્યાં ત્યાં કર્મનો સંયોગ એ વાત તો કયાંય રહી ગઈ. એ વાત તો લીધી નથી. આ તો એમાં એની ને એની વાત છે. દ્રવ્ય ને પર્યાય, દ્રવ્ય ને પર્યાય. બસ એ વાત લીધી છે. (મુમુક્ષુઃ- પર પદાર્થની વાત આંહીયા લીધી જ નથી) પરની વાત તો આમાં લીધી જ નથી. કર્મ સંયોગ ફંયોગની વાત જ નથી. રાગ થાય છે તો એના પોતાથી થાય છે. એ પર્યાયનો ધર્મ છે. અને રાગ છે ત્યાં જીવ છે. તો જીવ છે ત્યાં રાગ છે એવું ન હોય શકે. સમજાણું કાંઈ?

જીવ છે ત્યાં કર્મનો સંયોગ છે એ તો વાતેય નહીં પણ રાગનો વિકલ્પ જે છે એટલે જયાં જયાં રાગ ત્યાં ત્યાં જીવ અથવા જીવ જે છે ત્યાં ત્યાં રાગ. આહાહા! ભારે વાત ભાઈ! આમાં જ આવે છે ને ઓલું નહીં? છેલ્લે એકસો સીંતેર ગાથામાં, એકસો સીંતેર ગાથા નવ તત્વની છે એમાં આવે છે. કહે છે કે સંયમ તપ હોવા છતાં નવ પદાર્થો એકસો સીંતેર ગાથા. જુઓ, આ કથન શૈલી, જુઓ, વીતરાગ માર્ગની પદ્ધતિ. આમાં બસો ઓગણપચાસ છે. આ નવ પદાર્થ ને તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વર્તે અને સૂત્રો પ્રત્યે જેની રુચિ વર્તે આગમ પ્રત્યે પણ રુચિ વર્તે તે જીવને નિર્વાણ દુરંતર છે. આહાહા! સમજાણું કાંઈ? કારણ કે વિકલ્પ રાગ છે. નવતત્વની શ્રદ્ધા એ પણ રાગ, આ તીર્થંકર પ્રત્યેની શ્રદ્ધા તીર્થંકર આવા છે તેવી શ્રદ્ધા તે પણ રાગ છે. પરદ્રવ્ય છે ને? સમજાણું કાંઈ?

બે અને એ બુદ્ધિનું અભિગત બુદ્ધિ ત્યાં રાગમાં જોડાણ છે.સૂત્ર રુચિ આગમની રુચિ વર્તે છે. પરમઆગમ ભગવાનના શાસ્ત્રો પરદ્રવ્ય છે. એની શ્રદ્ધા ને રુચિ વર્તે તે રાગ છે. ત્યાં સુધી જીવને નિર્વાણ દુરંતર છે. હેં? સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. જીવ જ વીતરાગભાવ સ્વરૂપ છે. ભગવાન ત્રિકાળ વીતરાગપિંડ છે. એમાં રાગનો અંશ વિકલ્પમાત્ર વસ્તુમાં નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવું, દેવ-ગુરુની ભક્તિનો વિનય વિકલ્પ બધો રાગ (છે.) એ આત્મામાં છે જ નહીં.સમજાણું કાંઈ? ભારે કામ! ઊંધી માન્યતા કેમ કરે છે એ ખુલ્લું કરે છે અને સાચી માન્યતા કેવી હોય એને પહેલેથી છેલ્લે સુધી ખુલ્લું કરે છે. ગજબ વાત. એવી શૈલી સંતોની છે વસ્તુ સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

કહે છે, એવું જે અનુમાન કરે આવા ખોટા વ્યાપ્તિજ્ઞાન લઈને અનુમાન તારવે કે અનાદિઅનંત આખો જીવ સંસારી છે. એ ભલે એમ માને કદાચ સાંભળીને. સમજાય છે ને? કે ભઈ આપણે રાગ ટાળીને સિદ્ધ થાશું. સમજ્યા ને? પણ છતાં અહિંયા રાગવાળો જીવ છે ને રાગ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી રાગ ટાળીને મોક્ષ જશું એવી દૃષ્ટિ એને હોઈ શકે જ નહીં. હેં? એમ કહે છે. સમજાણું કાંઈ?

જેને ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિ અને શ્રદ્ધા એવો રાગ છે એ પણ રાગ છે, વિકલ્પ છે, વિકાર છે, દુઃખ છે, ઝેર છે. એની ઉપર દૃષ્ટિ છે કે આ મને લાભ કરશે ત્યાં સુધી તેને આત્માની શ્રદ્ધા છે નહીં. આત્મા રાગ વિનાનો વીતરાગ છે તેની એને શ્રદ્ધાની ખબર નથી. વીતરાગ શ્રદ્ધાનો અનાદર, વીતરાગભાવનો અનાદર કરે છે. રાગભાવનો આદર (કરે છે.) આદર કરનારો રાગવાળો જ હશે. સમજાય છે? એમ કહે છે એ પર્યાયબુદ્ધિ છે. આ સંસારી આખો આવો છે એ અનુમાન મિથ્યા છે.

**કારણ કે આ જીવનો ઉપરનો ભાગ (-અમુક ભવિષ્ય કાળ પછીનો બાકીનો અનંત ભાગ) સંસારીપણાના અભાવવાળો છે.** આહાહા! કોને? ભવ્યજીવને. ભવ્યજીવે જીવદ્રવ્યનો સ્વીકાર કર્યો છે એને આમ છે. એને જીવ કહીએ. એવા જીવની ભગવાન પૂર્ણ વસ્તુ છે એની સન્મુખ થઈને જીવને શ્રદ્ધ્યો છે એને ભવિષ્યનો બધો કાળ ખુલ્લો સિદ્ધપદની પર્યાયવાળો દેખાય છે. મારો ભવિષ્યકાળ બધો સિદ્ધનો જ છે. એય! સમજાણું કાંઈ?

શ્રીમદ્ તો એમ કહ્યું 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે' ખુલ્લો અંદર બેસી ગયો છે. ભવિષ્યકાળમાં સિદ્ધ થવાનાં, થવાનાં ને થવાનાં. ત્રણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળમાં ફરે નહીં. એકાદ દેહ બાકી લાગે છે. રાગ છે આવો એમ. 'અશેષ કર્મનો ભોગ રે' કર્મ શબ્દે ન્યાં જડ નથી પણ રાગવાળો છે એમ. 'ભોગવવો અવશેષ રે' હજી થોડોક બાકી દેખાય છે. ગયો કાળ તો હતો પણ આમ દેખાય છે. સમજાય છે? તેથી દેહ એક ધારીને, (જાશું સ્વરૂપ સ્વદેશ રે) એકાદ દેહ છે પછી તો અમારી બધી દશા સિધ્ધપદની છે. સમજાણું કાંઈ? એય! ચીમનભાઈ! કોલ કરાર વાત કરી છે. આહાહા!

એ પ્રશ્ન ઘણા વખતથી થયો છે. સીત્યોતેરમાં (થયો હતો) સીત્યોતેરમાં એ પ્રશ્ન થયો હતો. પોરબંદરવાળા દેવીદાસભાઈ હતા ને? એક ઓલા મુળીવાળા કચ્છી ભવાનજીભાઈ હતા, નહીં? બહુ શાસ્ત્રના જાણનાર. સીત્યોતેરની સાલમાં અમારી પાસે આવ્યા હતા ને પછી આ પ્રશ્ન મુકયો હતો. શ્રીમદ્ આવું કહે? છદ્મસ્થ થઈને એક ભવ ધારીને મોક્ષ જશું એવો નિર્ણય કરે? સીત્યોતેરમાં બહુ ચર્ચા ચાલી. શું છે કીધું? ભગવતીમાં કીધું છે, મતિ-શ્રુતનો વિષય સાંભળ્યું છે? મતિ-શ્રુત બધું જાણે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ત્રણકાળ ત્રણલોકને મતિ-શ્રુત જાણે એવું સામર્થ્ય છે. ભલે પરોક્ષ (જાણે) સમજાણું? મતિ-શ્રુતમાં બધો નિર્ણય થાય છે. એ કહે છે, જુઓને આગમથી નિર્ણય થઈ શકે છે આગમજ્ઞાનથી. એક ભવ છે ને પછી ચોક્કસ સિધ્ધ છે. ત્રણકાળમાં ફરે નહીં.

એ જ્ઞાન જે અંદર કબુલ્યું ને આવ્યું છે એ. સમજાણું કાંઈ? એ દેવીદાસભાઈ બહુ ટીકા કરતા હતા. વસ્તુ સ્થિતિની ખબર ન મળે અને બહારથી આમ થાય ને છદ્મસ્થ છીએ ને અલ્પજ્ઞાની છીએ ને અલ્પજ્ઞાની નથી. અહીં તો સર્વજ્ઞ આત્મા છે. અહીં જો ને? એવા જીવને જીવ લીધો છે. સર્વજ્ઞ સ્વભાવી જ આત્મા છું. એવો જીવ એને જીવ કહીએ. એવી જેને પ્રતીત બેઠી છે એને અલ્પ કાળમાં સર્વજ્ઞ થયા વિના રહેવાનો નથી. એ અલ્પજ્ઞ નહીં રહે. એમ ચોક્કસ છે. ચીમનભાઈ! આહાહા! કેટલાક વળી આ ભવમાં એને (શ્રીમદ્‌ને) મોક્ષ ચડાવી દે છે. એક ભવ હતો ને? એ તો દૂધ પીને ભવ પૂરો કર્યો. અરે! મહાસિધ્ધાંતનો વિરોધ છે. આખા જૈનદર્શનના તત્ત્વનો વિરોધ છે. સમજાણું કાંઈ? એય!

હમણાં તમારું આવ્યું હતું ને? રામજીભાઈનું આવ્યું છે. રામજીભાઈના ગામનું. ન્યાં રામજીભાઈ વાંચે છે તોય આવું ત્યાં હાલે છે. (કોઈ કહે) શ્રીમદ્ ભાવલિંગી સાધુ હતા. અરે રહેવા દે. મારી નાંખીશ આખા જૈનદર્શનનું ઊંધુ થઈ જશે. ભાવલિંગી સાધુ ગ્રહસ્થાશ્રમમમાં હોય નહીં. કુટુંબમાં હોય નહીં, બાયડી પાસે હોય નહીં. ભાવલિંગી સાધુ કોને કહેવાય એની તને ખબર નથી. હેં? એની નથી. અહીં તો આ ભવમાં છે એમ કીધું. હમણાં મારા ઉપર કાગળ આવ્યો છે ને? ભાઈ છે ને કેવા તમારા લખુભાઈ, લક્ષ્મીચંદ ડાયાભાઈ. (તે કહે) એક દેવ આવ્યો'તો અને કહી ગયો છે કે એ તો અણુતર વિમાનમાં છે. ઓલો હમ્પીવાળો કહે અહીં કેવળજ્ઞાન છે. બધે ગપ્પે ગપ છે. મહાવિદેહમાં છે. આહાહા! અરે કાંઈ ખબર ન મળે. આખા જૈનશાસનનું કેટલું ઊંધું કરીએ છીએ કેટલું ઊંધું માનીએ છીએ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો આચાર્ય પોતે કહે છે કે, અમારે પણ હજી રાગાદિભાગ છે પણ અમને નક્કી છે કે અમે આત્મા છીએ એવો અનુભવ થયો છે. માટે અમારી ભવિષ્યની બધી સિદ્ધપર્યાય ખુલ્લી થઇ જવાની છે. જે શક્તિરૂપે છે તે (વ્યક્ત થવાની છે.) એમાં ભગવાનને પૂછવા જાવું પડે એવું નથી. આહાહા! ભગવાનને પૂછે તો ખબર પડે. અરે! ભગવાન! તારો ભગવાન અહીં બેઠો છે ને એને પૂછ ને? સમજાણું કાંઇ?

**(-અમુક ભવિષ્યકાળ પછીનો બાકીનો અનંત ભાગ) સંસારીપણાના અભાવવાળો છે. સિદ્ધરૂપ છે-એમ સર્વજ્ઞ પ્રણીત** દેખો પાઠમાં છે ને? આપ્ત કીધું ને? અહીં સર્વજ્ઞ કીધું. આપ્તના **આગમના જ્ઞાનથી,** ભગવાને કહેલાં જ્ઞાનથી અને **સમ્યક્ અનુમાન જ્ઞાનથી અને અતીન્દ્રિયજ્ઞાનથી સ્પષ્ટ જણાય છે.** આહાહા! સમજાણું?

સર્વજ્ઞ પ્રણીત આગમના જ્ઞાનમાં પણ એમ કહ્યું છે કે, જીવ આવો હોય એમ જેને બેઠું એને સર્વજ્ઞના આગમમાં એમ આવી જાય છે કે, ભવિષ્યકાળની મારી સિદ્ધ પર્યાય ચોક્કસ થવાની છે. એકાદ બે ભવ સંસાર રાગાદિ હો, પછી રહેવાનું નથી. કહો, સમજાણું આમાં? **આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી** સમ્યક્ અનુમાનજ્ઞાન, ખાલી અનુમાન એમ નહીં. અતીન્દ્રિયજ્ઞાનથી સ્વસંવેદનથી એવો પ્રત્યક્ષ લીધો ઓલો પૂરણ દ્રવ્ય છે પણ એવું અનુમાન કરવામાં આ સ્વસંવેદનનું પ્રત્યક્ષ અનુમાન થયું. દ્રવ્યદૃષ્ટિ થતાં રાગથી ભિન્ન પડી જ્ઞાનાનંદ શુદ્ધ છું એમ પોતાને થયું એ દ્વારા આખું અનુમાન કરીને ભવિષ્યમાં સિદ્ધપદ થવાનું છે. સમજાણું કાંઇ? આહાહા! એવો માર્ગ છે આવો વીતરાગ માર્ગ છે.

**આમ અનેક પ્રકારે નક્કી થાય છે કે, જીવ સંસાર પર્યાય નષ્ટ કરી સિદ્ધ પર્યાયે પરિણમે ત્યાં સર્વથા અસત્નો ઉત્પાદ થતો નથી.** સિદ્ધપદ નવું થયું એમ નથી. અંદર ભગવાનઆત્મામાં સત્પણે પડયુ હતું. સત્ હતો તે સત્પણે સદભાવ સત્ની ઉત્પત્તિ છે. સમજાણું કાંઇ? આવે છે ને આમાં સદ્ભાવ ઉત્પત્તિ. છે એની ઉત્પત્તિ સદભાવ ઉત્પત્તિ અને ન હોય ને પર્યાયમાં થાય તે અસદ્ભાવ ઉત્પત્તિ બેય પ્રવચનસારમાં આવે છે. વીસ ગાથા થઈ.

## ગાથા- ૨૧

**एवं भावमभावं भावाभावं अभावभावं च ।**
**गुणपज्जएहिं सहिदो संसरमाणो कुणदि जीवो ॥ २१ ॥**

एवं भावमभावं भावाभावमभावभावं च ।
गुणपर्ययै: सहित: संसरन् करोति जीव: ॥ २१ ॥

जीवस्योत्पादव्ययसदुच्छेदासदुत्पादकर्तृत्वोपपत्त्युपसंहारोऽयम्।

द्रव्यं हि सर्वदाऽविनष्टानुत्पन्नमाम्नातम्। ततो जीवद्रव्यस्य द्रव्यरूपेण नित्यत्व–

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



मुपन्यस्तम्। तस्यैव देवादिपर्यायरूपेण प्रादुर्भवतो भावकर्तृत्वमुक्तं:, तस्यैव च मनुष्यादि-पर्यायरूपेण व्ययतोऽभावकर्तृत्वमाख्यातं; तस्यैव च सतो देवादिपर्यायस्योच्छेद-मारभमाणस्य भावाभावकर्तृत्वमुदितं; तस्यैव चासत: पुनर्मनुष्यादिपर्यायस्योत्पादमार-भमाणस्याभावभावकर्तृत्वमभिहितम्। सर्वमिदमनवद्यं द्रव्पर्यायाणामन्यतरगुणमुख्यत्वेन व्याख्यानात्। तथाहि–यदा जीव: पर्यायगुणत्वेन द्रव्यमुख्यत्वेन विवक्ष्यते तदा नोत्पद्यते, न विनश्यति, न च क्रमवृत्त्यावर्तमानत्वात् सत्पर्यायजात–मुच्छिनत्ति, नासदुत्पादयति। यदा तु द्रव्यगुणत्वेन पर्यायमुख्यत्वेन विवक्ष्यते तदा प्रादुर्भवति, विनश्यति, सत्पर्याय-जातमतिवाहितस्वकालमुच्छिनत्ति, असदुपस्ति–स्वकालमुत्पादयति चेति। स खल्वयं प्रसादोऽनेकान्तवादस्य यदीदृशोऽपि विरोधो न विरोध: ॥ २१ ॥

इति षट्द्रव्यसामान्यप्ररूपणा।

ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે
ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧.

અન્વયાર્થ :- [एवम्] એ રીતે [गुणपर्ययै: सहित:] ગુણપર્યાયો સહિત [जीव:] જીવ [संसरन्] સંસરણ કરતો થકો [भावम्] ભાવ, [अभावम्] અભાવ, [भावाभावम्] ભાવાભાવ [च] અને [अभावभावम्] અભાવભાવને [करोति] કરે છે.

ટીકા :- આ, જીવને ઉત્પાદ, વ્યય, સત-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.

દ્રવ્ય ખરેખર સર્વદા અવિનષ્ટ અને અનુત્પન્ન આગમમાં કહ્યું છે; તેથી જીવદ્રવ્યને દ્રવ્યરૂપે નિત્યપણું કહેવામાં આવ્યું. (૧) દેવાદિપર્યાયરૂપે ઊપજતું હોવાથી તેને જ (-જીવ દ્રવ્યને જ) ભાવનું (-ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૨) મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેને જ અભાવનું (-વ્યયનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૩) સત્ (-વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવભાવનું (-સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; અને (૪) ફરીને અસત્ (-અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરતું હોવાથી તેને જ અભાવભાવનું (-અસત્‌ના ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.

- આ બધું નિરવદ્ય (નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે :-

જ્યારે જીવ પર્યાયની ગૌણતાથી અને દ્રવ્યની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**(૧) ઊપજતો નથી, (૨) વિનાશ પામતો નથી, (૩) ક્રમવૃત્તિએ નહિ વર્તતો હોવાથી સત્ (-વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી અને (૪) અસત્‌ને (-અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરતો નથી; અને જ્યારે જીવ દ્રવ્યની ગૌણતાથી અને પર્યાયની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે (૧) ઊપજે છે, (૨) વિનાશ પામે છે, (૩) જેનો સ્વકાળ વીતી ગયો છે એવા સત્ (-વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે અને (૪) જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે (-આવી પહોંચ્યો છે) એવા અસત્‌ને (-અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરે છે.**

**તે આ પ્રસાદ ખરેખર અનેકાંતવાદનો છે કે આવો વિરોધ પણ (ખરેખર) વિરોધ નથી. ૨૧.**

**આ રીતે ષડ્‌દ્રવ્યનું સામાન્ય પ્રરૂપણ સમાપ્ત થયું.**

## પૂ.ગુરુદેવશ્રીનું ગાથા-૨૧ ઉપર પ્રવચન

**एवं भावमभावं भावाभावं अभावभावं च ।**
**गुणपज्जएहिं सहिदो संसरमाणो कुणदि जीवो ॥ २१ ॥**

**ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે**
**ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧.**

ટીકાઃ- **આ, જીવને ઉત્પાદ, વ્યય, સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.** ખૂબી શું કહે છે જુઓ. ઉત્પાદનો કર્તા નવી પર્યાયનો કે જૂની પર્યાય જે વિકારી કે અવિકારી તેનો ઉત્પાદનો કર્તા આત્મા છે. ભાઈ! આહાહા! સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિનો કર્તા આત્મા છે. રાગની ઉત્પત્તિનો કરનાર આત્મા છે. સિદ્ધની પર્યાયના ઉત્પાદનો કર્તા આત્મા છે. આહા! અને વ્યય, સંસાર પર્યાયના વ્યયનો કર્તા આત્મા છે. મિથ્યાત્વના નાશનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ?

ઓહો! એકેક સમયના ઉત્પાદ વ્યયનો કર્તા જીવ છે એમ સિદ્ધ કર્યું. જુઓ. પરની સાથે (કે) કર્મની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા! **સત્-વિનાશ અને અસત્ ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.** સત્‌નો વિનાશ એટલે પર્યાયનો. અસત્‌નો ઉત્પાદ એનું કર્તાપણું એનો કર્તા જીવ છે, એમ કહે છે. રાગાદિના ભાવનો કર્તા અને એના અભાવનો કર્તા એમ સમ્યગ્દર્શન પર્યાયનો કર્તા અને એ સમ્યગ્દર્શન પર્યાયનો અભાવ થઈને બીજે સમયે સમ્યગ્દર્શન થાય એનોય કર્તા જીવ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્મને લઈને અંદર મિથ્યાત્વ થાય છે અને મિથ્યાત્વકર્મનો અભાવ થયો માટે દર્શનમોહનો નાશ થાય છે એમ નથી.આહાહા! એમ એની ધર્મની પર્યાય અને અધર્મની પર્યાય કુગુરુ મળ્યા માટે અધર્મની પર્યાય ઉત્પન્ન થઈ અને સુગુરુ મળ્યા માટે ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ એમ છે નહીં. એના વ્યય અને ઉત્પાદનો કર્તા આત્મા છે, એમ સિધ્ધ કરશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૨૯, ગાથા-૨૧
## પ્રવચન નં. ૨૮
## તા.૧૨/૧૨/૬૯, માગશર સુદ-૩ શુક્રવાર

**एवं भावमभावं भावाभावं अभावभावं च ।**
**गुणपज्जएहिं सहिदो संसरमाणो कुणदि जीवो ॥ २१ ॥**

**અન્વયાર્થઃ**- અન્વયાર્થ લઈએ, ટૂંકો છે ને? **એ રીતે ગુણપર્યાયો સહિત જીવ** આ તો જીવનું દૃષ્ટાંત છે. ઉદાહરણ છે. છએ દ્રવ્યની વાત કરવી છે. પહેલા આવી ગયું છે. છએ દ્રવ્ય જેટલા ભગવાન અનંત આત્મા, અનંત પરમાણું, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. છએ દ્રવ્યને જીવના ઉદાહરણથી સિધ્ધ કરે છે. પ્રત્યેક (દ્રવ્ય)માં **ગુણપર્યાયો સહિત જીવ સંસરણ કરતો થકો** સંસારની વાત છે. દૃષ્ટાંત લીધો છે ને? **ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવને કરે છે.** અહીં કર્તા સિધ્ધ કરવો છે.

**ટીકાઃ- આ જીવને ઉત્પાદ, વ્યય સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિધ્ધિરૂપ ઉપસંહાર છે.** ઉપસંહાર છે, સામાન્ય દ્રવ્યનું કથન છે. શું કહે છે? આ જીવને ઉત્પાદ અને વ્યય, સત્-વિનાશ, વ્યય એટલે સત્-વિનાશ અને અસત્ ઉત્પાદનું કર્તાપણું હોવાથી, પર્યાયનો વ્યય થાય છે એનો પણ કર્તા જીવ છે અને નવી પર્યાય ઉત્પન્ન થાય છે એનો પણ કર્તા જીવ છે. જુઓ એકલો હોય ત્યારે જીવ કહેવોને બીજી ચીજ ભલે હો, પણ બીજી ચીજ નિમિત્તરૂપે હોય પણ એની સાથે પ્રશ્ન અહિંયા છે નહીં. અહીં સંસારનું દૃષ્ટાંત દીધું છે. સિધ્ધ, મોક્ષમાર્ગ બધાનું આં દૃષ્ટાંત છે. જુઓ, સાંભળો! ધીમે ધીમે કહીએ છીએ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવને ઉત્પાદ ને વ્યય એટલે કે સત્-વિનાશ અને અસત્-ઉત્પાદ, અર્થાત જો આત્મામાં વર્તમાન મનુષ્ય પર્યાય છે, મનુષ્ય પર્યાય એટલે આ શરીર નહીં. આ તો દેહ છે તેની પર્યાય (નહીં પણ) અંદર મનુષ્યગતિની પર્યાયની યોગ્યતા. આ જીવનો ઉદયભાવ. ઉદયભાવ કહ્યો ને? તત્વાર્થ સૂત્રમાં. ઉદયભાવ જીવનો લેવો શરીરનો નહીં. શરીર તો પારિણામિક ભાવે જડ ભિન્ન છે. શરીરનું મનુષ્યપણું નહીં. આ તો જડની પર્યાય છે. અંદર મનુષ્યગતિનો જે ઉદય છે તે ઉદયનો વિનાશ તેનો કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ? આયુષ્ય પૂર્ણ થયું તો અહીંથી જાવું પડયું એમ (છે)નહીં. એમ કહે છે. મનુષ્યગતિનો જે ઉદયભાવ, અસિધ્ધભાવ છે તેનો વ્યય આત્મા કરે છે. અને ઉત્પાદ, દેવમાં ઉત્પન્ન થવું (તે) દેવની પર્યાયનો ઉત્પાદ આત્મા કરે છે. એવા કર્તા થવાની સિધ્ધિરૂપ સાબિતીરૂપ આ ઉપસંહાર નામ છેલ્લો સામાન્ય દ્રવ્યનો અધિકાર છે. એ કહે છે જુઓ.

**દ્રવ્ય ખરેખર** તો જીવ દ્રવ્ય વાસ્તવમાં **સર્વદા અવિનષ્ટ** એ તો ત્રિકાળ નાશ ન થવાવાળો ધ્રુવ અવિનષ્ટ ભગવાનઆત્મા છે. **અને અનુત્પન્ન** છે. જીવ કયાંય ઉત્પન્ન થતો નથી. **એમ આગમમાં કહ્યું છે.** આચાર્યદેવ તો શરણ લઈને વાત કરે છે ને? બાકી એવું વસ્તુનું સ્વરૂપ છે. ભગવાનસર્વજ્ઞના કહેલા આગમમાં એમ કહ્યું છે કે, વાસ્તવમાં જીવદ્રવ્યનો નાશ નથી થતો અને જીવદ્રવ્ય ઉત્પન્ન નથી થતું. **તેથી જીવદ્રવ્યને દ્રવ્યરૂપે નિત્યપણું કહેવામાં આવ્યું.** આ રીતે જીવદ્રવ્યને જીવદ્રવ્યથી નિત્યપણું કહેવામાં આવ્યું છે.

હવે પર્યાયની વાત. દેવાદિથી વાત લીધી છે. ઉત્પન્નથી લીધી હતી ને? મુનિ છે ને મુનિ (તે) દેવમાં જાય છે. પંચમકાળના મુનિ દેવમાં જાય છે. એટલે પોતાની પર્યાયની વાત લીધી છે. સમજાય છે કાંઈ? પંચમકાળના કુંદકુંદઆચાર્ય હોય તો પણ તે સ્વર્ગમાં જાય છે. પંચમકાળમાં દેવની પર્યાય કેવળની પર્યાય ઉત્પન્ન થવાની જીવની યોગ્યતા હોતી નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે કે દેવાદિપર્યાય, દેવ આદિ શબ્દ છે ને? **દેવાદિપર્યાયરૂપે(થી) ઉત્પન્ન થાય છે તેથી તેને,** તેને એટલે **જીવદ્રવ્યને** દેવ આદિ પણ મરીને મનુષ્ય થાય છે. સમકિતી થાય છે તો દેવ થાય છે પછી મનુષ્ય થાય છે. ત્યાંથી તિર્યંચમાં જાતા નથી. **તેથી તેને** એટલે **જીવદ્રવ્યને જ ભાવનું કર્તાપણું કહેવામાં આવ્યું છે.** દેવાદિપર્યાયની ઉત્પત્તિનો કરવાવાળો જીવ છે. કર્મ તે દેવની પર્યાય ઉત્પન્ન કરવાવાળો નથી તે તેમાં અસ્તિ-નાસ્તિ આવી ગયું.

**દેવાદિપર્યાયરૂપથી** દેવગતિ **ઉપજતું હોવાથી તેને જીવદ્રવ્યને જ** દેવપર્યાય મનુષ્યપર્યાય જે થવાવાળી છે તેના **ઉત્પાદનું કર્તાપણું કહેવામાં આવ્યું છે.** એ પર્યાયનો ઉત્પન્ન કરનારો આત્મા જીવદ્રવ્ય કહેવાય. સમજાય છે કાંઈ? એય! શું હા? ઓલું એકકોર ધ્રુવમાં, દ્રવ્ય પર્યાયને કરે નહીં એમ આવે. એ બીજી વાત છે. જયસેનઆચાર્યની સમયસાર ૩૨૦ ગાથા છે ને? દ્રવ્ય દ્રવ્ય છે, પર્યાયને પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે. તે તો દ્રવ્ય ને પર્યાયનો ભેદ બતાવવો હોય તો. અહીં તો પરથી ભેદ બતાવવો છે. સમજાય છે કાંઈ?

૩૨૦ ગાથા. શું કહેવાય જ્ઞાનચક્ષુ હિન્દીમાં છે કે ગુજરાતી? ગુજરાતીમાં છે. પંડિતજી થોડું ગુજરાતી નથી સમજતાં? પુસ્તક બુસ્તક થોડા. એ જ્ઞાનચક્ષુ પુસ્તક છે. બહુ સારું છે. થોડું છપાણું છે. એ ૩૨૦ ગાથા જયસેનાચાર્યની ટીકામાં ત્યાં તો એમ બહુજ લીધું છે. (કે) જીવદ્રવ્ય વસ્તુ છે. તે જીવદ્રવ્ય સંસારપર્યાય, બંધપર્યાય, મોક્ષપર્યાય અને મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નથી. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. વીતરાગ દર્શન વસ્તુનું સ્વરૂપ એવું છે. જીવદ્રવ્ય પારિણામિકભાવ દ્રવ્ય છે. પારિણામિકભાવ વસ્તુ છે. પારિણામિકભાવ (એ) ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપક્ષમ, ક્ષાયિક ચાર પર્યાયને શું કામ કરે? પર્યાય પર્યાયને કરે એમ લીધું છે. વાંચ્યું છે કે નહીં? સમજાય છે કાંઈ?

અહીં બીજી વાત કહેવી છે. અહીં પર તેનો કર્તા નથી પણ તે પોતાની પર્યાયનો કર્તા દ્રવ્ય છે એમ સિધ્ધ કરવું છે. આહાહા! સમજાય છે કાંઈ? સ્વતંત્ર ભગવાનઆત્મા પોતાનું જે દ્રવ્ય જે છે એ તો નિત્ય છે. એમાં જે દેવાદિ પર્યાય ઉત્પન્ન થાય છે એ દેવાદિ પર્યાય ઉત્પન્ન કરવાવાળો આત્મા છે. કર્મ ને પરદ્રવ્ય દેવાદિ પર્યાયને ઉત્પન્ન કરવાવાળા નથી એમ પરથી ભિન્ન બતાવવું છે. પોતામાં જયારે બે પદાર્થ લેવા હોય તો કે પર્યાય પર્યાય છે (અને) દ્રવ્ય દ્રવ્ય છે. બે ધર્મ સ્વતંત્ર છે. તે દ્રવ્ય ને પર્યાય બે ધર્મ સ્વતંત્ર છે. પોતાથી પર્યાય છે અને પોતાથી દ્રવ્ય છે. દ્રવ્યથી પર્યાય છે એમ પણ નહીં. સમજાય છે કાંઈ? આપ્તમીમાંસામાં લીધું ને ભાઈ! સામાન્ય વિશેષ બેય સ્વતંત્ર (છે.) બે ધર્મ સ્વતંત્ર સિધ્ધ થયા વગર આ સામાન્યનું વિશેષ અને વિશેષનું સામાન્ય સિધ્ધ નથી થાતું.

પહેલાં બે ધર્મ સિધ્ધ થાય છે કે સામાન્ય સામાન્યરૂપે છે. અને વિશેષ વિશેષરૂપે (છે.) સામાન્ય વિશેષનો કર્તા નથી અને વિશેષ સામાન્યનો કર્તા નથી. આહાહા! નહીંતર બે ધર્મ સિધ્ધ થતા નથી. આપ્ત મીમાંસામાં છે. સામાન્ય ને વિશેષ બે ધર્મ સ્વતંત્ર છે. તે બીજી વાત છે. ત્યાં તો પર્યાય અને દ્રવ્ય બે ધર્મની સિધ્ધિ સ્વતંત્ર નિરપેક્ષ પરની અપેક્ષા (નથી) તે સિધ્ધ કરવું છે. અહિયા તો પરદ્રવ્યથી રહિત નિરપેક્ષ સિધ્ધ કરવું છે. પોતાની દેવપર્યાયનો કરવાવાળો જીવ છે બસ! કર્મ નહીં બીજું દ્રવ્ય નહીં. સમજાય છે કાંઈ? આહાહા!

જુઓ, **દેવાદિપર્યાયરૂપે** પર્યાયરૂપથી છે ને? દ્રવ્ય તો કોઈ ઉત્પન્ન થતું નથી અને દ્રવ્ય કોઈ નાશ થતું નથી. એ તો પહેલાં કહ્યું. દેવાદિ,મનુષ્યાદિ પર્યાયરૂપથી ઉત્પન્ન થાય છે એટલે **તેને જ** એટલે કે **જીવદ્રવ્યને જ ભાવનું નામ** દેવાદિપર્યાયનું **ઉત્પાદનું કર્તાપણું કહેવામાં આવ્યું છે**. પર્યાયનો કર્તા આત્મા જ છે. આહાહા! સમજાય છે કાંઈ? **અને મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી,** કેમ કે મનુષ્યનો જે ઉદયભાવ છે તેનો નાશ થાય છે, વ્યય થાય છે (અને) દેવની પર્યાય ઉત્પન્ન થાય છે. મનુષ્યની પર્યાયનો વ્યય કરવાવાળો જીવદ્રવ્ય છે. કર્મનો અભાવ થયો તો અહીં મનુષ્યની પર્યાયનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યય થયો એમ નથી. આહાહા!

પોતાના દ્રવ્યપર્યાયની પોતાથી સિદ્ધિ સિદ્ધ કરે છે. પરથી છે નહીં. સમજાય છે કાંઈ? કહે છે– **મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેને જ (–વ્યયનું) અભાવનું કર્તાપણું કહેવામાં આવ્યું છે.** મનુષ્યાદિ પર્યાય જો ઉદયભાવ છે તેના નાશનો કરવાવાળો જીવ છે. તેનો નાશ કરવાવાળો આયુષ્ય કર્મનો નાશ થયો તો મનુષ્ય પર્યાયનો નાશ થયો એમ છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? તે ઉત્પાદ વ્યય ને ધ્રુવ સિદ્ધ કરે છે. (એક) સમયમાં ત્રણેય છે.ધ્રુવ ધ્રુવરૂપ છે, વ્યય વ્યયરૂપ છે, ઉત્પાદ ઉત્પાદરૂપે છે પણ પોતાથી છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ?

મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેથી તેને જ, તેને જ એટલે જે નાશની પર્યાય છે તેને જીવને અભાવનું વ્યયનું કર્તાપણું કહેવામાં આવ્યું છે. ઈશ્વર બિશ્વર કોઈ કર્તા છે (કે) પરમાધામી લઈ જાય છે કે કોઈ કર્મ લઈ જાય છે એમ છે નહીં. એમ સિદ્ધ કરે છે. આહાહા! કહો, સમજાણું? નારકીને લઈ જાય છે ને? ફોટા આવે છે ને? ઉપશમ કર્મમાં લીન છે તો તે ધ્યાન પરમાધામીમાં આવે છે. પાડા ઉપર બેસીને પાડા ઉપર બેસીને લઈ જાય છે. ક્યાં લઈ જાય? શરીર તો અહીં પડ્યું છે. અસ્તિત્વ અહીંયા છે. આત્માને લઈ જાય? આવે છે ને? જોયું છે કે નહીં? અમારે તો ઘણા વર્ષ પહેલાં દુકાનમાં ઘણા ફોટા હતા. શણગારવા રાખ્યા હતા. એક પાડો હોય ને પાડા ઉપર પરમાધામી આવે. શંકરના લીંગને પકડે છે ને દોરી નાખીને લઈ જાય છે. એવું છે કે નહીં? બધું જૂઠ છે. એમ છે નહીં.

એ એમ કહેને, આ લોકો એમ કહે કે કર્મનો ઉદય આવે કે આનુપૂર્વી એને લઈ જાય એમ પણ છે નહીં એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે તે મનુષ્યાદિપર્યાયરૂપથી નાશને પ્રાપ્ત થાય છે તેથી તેને જ અભાવનું (–વ્યયનું) કર્તાપણું ભગવાન આત્માને ભગવાને કહ્યું છે. ભગવાનઆત્મા જ પોતાના મનુષ્યપર્યાયના વ્યય ને ઉદયભાવને કરે છે. દેવની પર્યાયનો ઉદય ઉત્પન્ન કરે છે. સમજાય છે કાંઈ?

**સત્ (–વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી** જુઓ. ભાવઅભાવમ્ હવે ભાવઅભાવમ્ બીજો બોલ આવ્યો. સત્ દેવાદિપર્યાય ભાવ છે. દેવાદિપર્યાયના કાળમાં વર્તમાન ભાવ છે ને? દેવ છે ને દેવ? કે મનુષ્યની પર્યાયમાં મનુષ્યપણાના ઉદયભાવની હયાતી વિદ્યમાન છે ને? અહીંયા શરીરની નહીં. સત્ દેવ મનુષ્યાદિ પર્યાયનો નાશ કરે છે એટલે તેને ભાવઅભાવના ભાવઅભાવના મનુષ્યાદિ દેવપર્યાય છેતે ભાવ છે. તેના ભાવનો અભાવ તે ભાવના અભાવનું કર્તાપણું કહેવામાં આવ્યું છે. આહાહા! કેટલું સિદ્ધ કરે છે? પહેલાં એમ સિદ્ધ કર્યું કે દેવાદિપર્યાય જે છે તેને ઉત્પન્ન કરવાવાળો જીવદ્રવ્ય છે. મનુષ્યાદિપર્યાયનો વ્યય કરવાવાળો જીવદ્રવ્ય છે. હવે બીજી રીત અહીં મનુષ્યાદિપર્યાય જે વિદ્યમાન છે વિદ્યમાન તે ભાવનો અભાવ કરે છે. ભાવનો અભાવ કરે છે. પાઠમાં છે ને? આહાહા!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ?

પોતામાં જે મનુષ્યાદિ કે દેવાદિપર્યાયની યોગ્યતા છે એવા ભાવનો છે ને? ભાવ શબ્દ **વિદ્યમાન દેવાદિપર્યાયનો નાશ કરે છે તેથી તેને જ ભાવઅભાવનું (-સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.** આહાહા! કેટલું સિદ્ધ કર્યું છે. જુઓને, હેં? ભારે વાત ગજબ છે. કુંદકુંદાચાર્યની શૈલી અલૌકિક! ગાગરમાં સાગર ભરી દીધો છે. પહેલાં એમ કીધું કે ઉત્પાદ વ્યયનો કરવાવાળો જીવ તે ભાવનું ઉત્પન્ન (થવું અને) અભાવનો નાશ તેનો કર્તા છે. ભાવઅભાવ એક બોલ કીધો. પહેલો બોલ ભાવઅભાવ છે ને? પહેલા બોલની વ્યાખ્યા કરી. બીજા બોલની, ભાવઅભાવની મૂળ ગાથાની વાત છે. પહેલા ભાવ અભાવની વ્યાખ્યા કરી. હવે ભાવઅભાવની કરશે. પછી અભાવભાવનો ત્રીજો પછી લેશે. સમજાણું કાંઈ?

**મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેને જ અભાવનું (-વ્યયનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે. સત્‌ (-વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવાભાવનું (-સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે. અને ફરીને અસત્‌ (-અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરતું હોવાથી,** હવે અભાવભાવ. મૂળ પાઠનો ચોથો બોલ મૂળ પાઠ. પહેલો એવમ ભાવમભાવમ બીજો ભાવાભાવમ ત્રીજો અભાવભાવમ સમજાય છે કાંઈ? એકવીસ ગાથાનો પાઠ છે ને? પહેલો ભાવઅભાવ થયો. ઉત્પાદનો કરવાવાળો ગતિનો જીવ અને વ્યય કરવાવાળો ગતિનો જીવ બસ એટલું. પછી ભાવઅભાવ મનુષ્યાદિની પર્યાયની ગતિનો અંદર જે ભાવ છે એનો અભાવ કરે છે. ભાવનો અભાવ કરે છે. તો ભાવનો અભાવ કરવાવાળો પણ જીવદ્રવ્ય (છે.) સમજાય છે કાંઈ?

આ તો સાદી ભાષામાં છે. એવી કોઈ ગુંચવણવાળી નથી. હેં? બહુ સરળ છે પણ જરી એને વિચારમાં લેવું જોઈએ. (મુમુક્ષુઃ- એક હારે ઘણું આવેને એટલે ખબર ન પડે.) એક હારે કેટલું? આ તો સાધારણ વાત છે. ત્રણ વાત છે. એક ભાવ એક અભાવ, એક ભાવઅભાવ, એક અભાવભાવ ત્રણ છે. ત્રણ સિદ્ધ કરવું છે. ચીમનભાઈ! સમજાય છે કે નહીં આમાં? થોડું થોડું. પહેલાં કહ્યું ને? પહેલાં એ કહ્યું. ભાવ અભાવ, ઉત્પાદ અને વ્યય. ભાવ એટલે ઉત્પાદ (અને) અભાવ એટલે વ્યય. તો અહીં દેવનો ઉત્પાદ તેનો કરવાવાળો આત્મા. મનુષ્યનો વ્યય તેનો કરવાવાળો આત્મા. હવે ભાવ અભાવ. મનુષ્યની પર્યાય વિદ્યમાન છે ભાવ, તેનો અભાવ કરે છે. તે પણ આત્મા. સમજાય છે કાંઈ? આ કાંઈ ન સમજાય એવી વાત નથી. બહુ સાદી ભાષામાં છે. આચાર્યોએ ગજબ કામ કર્યા છે. સમજાય છે કાંઈ?

**સત્‌ (-વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવાભાવનું (સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.** પણ અહીં સિદ્ધ કરવું છે કર્તૃત્વ. પાઠમાં ચોથી લીટીમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કુણદિ જીવો એમ છે ને?

કરે જીવ એમ અહીં સિદ્ધ કરવું છે. ઓહોહો! સમજાય છે કાંઈ? જો દેવાદિપર્યાય વિદ્યમાન છે, તેથી ભાવ છે તેનો અભાવ કરે છે. ભાવનો અભાવ કરે છે એ કર્તૃત્વ જીવનું છે. બીજો કોઈ કર્મનો ઉદય નાશ થયો તો ભાવનો અભાવ થયો છે એમ છે નહીં. એમ કહે છે. આહાહા!

ચોથો બોલ. આમાં ત્રીજો છે એ ઓલા બેયની અપેક્ષાએ ચોથો. પાઠની અપેક્ષાએ ત્રીજો. **ફરીને અસત્ (-અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરે છે.** જુઓ દેવમાં છે ત્યાં મનુષ્યપણું છે નહીં. દેવની પર્યાયમાં મનુષ્યપણાનો અભાવ છે. તો દેવાદિપર્યાયમાં મનુષ્યપણાની પર્યાયનો અભાવ છે. સમજાય છે કાંઈ? અસત્ (અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરે છે.જો દેવપર્યાયમાં નથી એવી મનુષ્યપર્યાય આવે છે તો અસત્‌નો ઉત્પાદ કરે છે એટલે એને અભાવ ભાવ કહ્યો, કર્તૃત્વ કહેવામાં આવ્યું છે. જે 'નથી' તેને ઉત્પન્ન કરે છે તો અભાવભાવનો કર્તા છે. 'છે' તેનો અભાવ કરે છે તો ભાવઅભાવનો કર્તા છે. ઉત્પાદનો વ્યય કરે છે તો વ્યયનો કર્તા છે. ઉત્પાદનો કર્તા એમ બે બોલ સ્વતંત્ર સિદ્ધ કર્યા. પછી ભાવઅભાવ. દેવાદિપર્યાય સત્ છે તો તેનો અભાવ કરે છે. પછી અભાવઅભાવ. મનુષ્યાદિપર્યાય દેવમાં છે નહીં તો અભાવનો ભાવ કરે છે પણ તે અભાવનો ભાવ કરવાવાળો જીવદ્રવ્ય છે. પંડિતજી! વાત તો બહુ સહેલી છે. આહાહા! પણ સ્વતંત્ર પર્યાય સિદ્ધ કરે છે એનું કર્તૃત્વ જીવનું છે. કોઈ ઈશ્વર કર્તા છે કે કર્મ કર્તા છે એમ છે નહીં. આહાહા! દ્રવ્ય સ્વતંત્ર પોતાની પર્યાય(નો કર્તા છે) સમજાય છે કાંઈ?

**તેને જ અભાવભાવનું (-અસત્‌ના ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે. આ બધું નિરવદ્ય (નિર્દોષ, નિર્બાધ, અવિરૂદ્ધ) છે.** અમૃતચંદ્રાચાર્ય મહારાજ પોતે કહે છે. ઓહો! આ વાત **નિર્દોષ છે, નિર્બાધ છે, અવિરૂદ્ધ છે. કેમ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે.** દ્રવ્ય ઉત્પન્ન થાય છે એમ છે નહીં અને દ્રવ્યનો નાશ થાય છે એમ છે નહીં. પર્યાય ઉત્પન્ન થાય છે અને પર્યાયનો નાશ થાય છે. દ્રવ્યની દૃષ્ટિથી ઉત્પન્ન થવું અને વિનાશ થવું એમ છે નહીં. પર્યાયની દૃષ્ટિથી ઉત્પન્ન ને વ્યય થાય છે. એવું અવિરોધ અનેકાંત સ્યાદ્‌વાદ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ?

એ બધા આરાધ્યભાવ કહ્યા. ભાવ અભાવ ભાવઅભાવ અભાવભાવ કહ્યા એ બધા નિર્દોષ, નિર્બાધ, અવિરોધ યથાર્થ વાસ્તવિક છે. તેમાં કોઈ સંશય છે નહીં. **આહાહા! કેમ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે.** અહીં જ્ઞાન કરવું છે ને? તે આ પ્રમાણે છે. જુઓ, **જ્યારે જીવ પર્યાયની ગૌણતાથી,** જીવની પર્યાયની મુખ્યતા ન કરીને **પર્યાયની ગૌણતાથી અને દ્રવ્યની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ઊપજતો નથી.** દ્રવ્યની મુખ્યતામાં પર્યાયની ગૌણતામાં જીવ ઉત્પન્ન થતો નથી. જીવ કયાં ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્ય છે. પર્યાયની મુખ્યતા ગણવામાં નથી આવતી અને જયારે દ્રવ્યની મુખ્યતા ગણવામાં આવે છે તો જીવ ઊપજતો નથી અને વિનાશ પણ પામતો નથી.

બીજી વાત, ક્રમવૃત્તિએ વર્તતો નથી. પર્યાય તો ક્રમવૃત્તિ વર્તન કરે છે. એક દેવની પર્યાયમાં મનુષ્યની નહીં અને મનુષ્યની પર્યાયમાં દેવની નહીં. એ તો ક્રમવૃત્તિ પર્યાય એક પછી એક પછી એક જે આવવાવાળી પર્યાય છે તે ક્રમવૃત્તિ છે. ક્રમવૃત્તિમાં દ્રવ્ય વર્તન નથી કરતું. ક્રમવૃત્તિમાં પર્યાય વર્તન કરે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**ક્રમવૃત્તિએ નહિ વર્તતો હોવાથી સત્ (-અવિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી.** ક્રમવૃત્તિ પર્યાયમાં વર્તન નથી કરતો, તે કારણે સત્ એટલે દ્રવ્ય. પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી. અને અસત્‌ને (-અવિદ્યમાન પર્યાય સમૂહને) ઉત્પન્ન કરતો નથી. કહો બરાબર છે? સામે પુસ્તક છે કે નહીં? સામે એકએક અક્ષરનો તો અર્થ થાય છે. આનું આ અદ્ધરથી તો વાત છે નહીં. બહુ સૂક્ષ્મ. ઓહોહો! પછી વિશેષ ઉતારશે હોં! આમાં તો સંસારની પર્યાય ઉતારીએ. **અને જયારે જીવ દ્રવ્યની ગૌણતાથી** જયારે જીવ દ્રવ્યની ગૌણતાથી, દ્રવ્યની ગૌણતા કરે છે અને પર્યાયની મુખ્યતા કરે છે **ત્યારે પર્યાયની મુખ્યતાથી વિવક્ષિત** કહેવામાં આવે છે. **હોય છે ત્યારે તે ઊપજે છે.** પર્યાયથી ઊપજે છે. દેવપર્યાયથી ઊપજે છે અને મનુષ્યપર્યાયથી **વિનાશ પામે છે.**

જુઓ, હવે કેવું સ્પષ્ટ કરે છે. **જેનો સ્વકાળ વીતી ગયો છે.** જે મનુષ્યની પર્યાયમાં હતો તેનો સ્વકાળ વીતી ગયો. દેવની પર્યાયથી ઉત્પન્ન થયો. એવા સત્ (-વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે. જેનો સ્વકાળ વીતી ગયો છે. જેમ કે દેવમાં હતો તો દેવની પર્યાય સ્વકાળમાં વિદ્યમાન હતી. તે સ્વકાળનો નાશ થઈ ગયો. પોતાના સ્વકાળે થઈ હતી. સ્વકાળમાં પણ દેવની પર્યાય હતી. આગળ-પાછળ હોતી નથી. **સ્વકાળ વીતી ગયો છે એવી વિદ્યમાન પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે અને જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે.** મનુષ્યની પર્યાયનો સ્વકાળ ઉપસ્થિત થયો. દેવની પર્યાયનો સ્વકાળ વીતી ગયો અને મનુષ્યની પર્યાયનો સ્વકાળ ઉપસ્થિત થયો. તો દેવ મનુષ્યની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ઓહોહો! સમજાય છે કાંઈ?

તેના સ્વકાળમાં દેવની પર્યાય હતી તેને વિનષ્ટ કરે છે. સ્વકાળ વીતી ગયો પણ મનુષ્યની પર્યાયનો સ્વકાળ આવ્યો તો ઉપસ્થિત થયો. મનુષ્યની પર્યાયમાં ઉપસ્થિત થયો. **જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે (આવી પહોંચ્યો છે) એવા અસત્‌ને (-અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરે છે.** દેવની પર્યાયમાં મનુષ્યની પર્યાયનો અસત્ છે, તો મનુષ્યની પર્યાયને ઉત્પન્ન કરે છે તો મનુષ્યની પર્યાયનો સ્વકાળ આવી ગયો. સ્વકાળ આવી ગયો તો મનુષ્યની પર્યાયમાં ઉત્પન્ન થયો. કહો, સમજાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ? **તે આ પ્રસાદ ખરેખર અનેકાંતવાદનો છે.** જુઓ, તેમાં ને તેમાં દ્રવ્ય ને પર્યાય અનેકાંત વાદ છે એમ કહે છે. પરની વાત નથી અનેકાંત તેમાં ને તેમાં લાગુ પડે છે. દ્રવ્યથી જુઓ તો ઉત્પન્ન ને વિનાશ નથી. પર્યાયથી જુઓ તો ઉત્પન્ન ને વિનાશ છે. ભાવનો અભાવ, અભાવનો ભાવ આહાહા! સમજાય છે કાંઈ?

**આ પ્રસાદ વાસ્તવમાં અનેકાંત,** અનેક અંત અનેક ધર્મવાદનો છે. આવો વિરોધ પણ દ્રવ્યથી જુઓ તો ઉત્પન્ન વ્યય નહીં (અને) પર્યાયથી જુઓ તો ઉત્પન્ન વ્યય આ તો વિરોધ જાત દેખાય છે. વિરોધવાળું દેખાય છતાં પણ વિરોધ નથી. આહાહા! સમજાય છે કાંઈ? હવે ધર્મની પર્યાયને ઉતારે છે.

ફરીને. આમાં ધર્મની પર્યાયને ઉતારીએ. ભાઈ હેમરાજજીએ આમાં લખ્યું છે કે આ તો દૃષ્ટાંત દીધું છે. એકવીસમી ગાથામાં અને જયસેનાચાર્યમાં છે. સ્યાદપદથી જેવી રીતે દ્રવ્યની અશુદ્ધ પર્યાયના કથનથી સિદ્ધિ કરી તે પ્રમાણે આગમ પ્રમાણથી શુદ્ધ પર્યાયોની પણ વિવક્ષા જાણવી. અન્ય દ્રવ્યનો પણ સિદ્ધાંત અનુસાર ગુણપર્યાયનું કથન સમજી લેવું. દ્રવ્યનો ખુલાસો સ્પષ્ટ કરે છે. સાંભળો!

ફરીને, ફરીને હવે અહીંયા, ક્રોધાદિ પર્યાયરૂપથી ઉત્પન્ન થાય છે. ક્રોધાદિ પર્યાયરૂપથી ઉત્પન્ન થાય છે. તેના ક્રોધાદિ પર્યાય ક્રોધ, માન આદિ જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે. એટલે એને ક્રોધાદિભાવનું કર્તૃત્વ કહ્યું છે. એ ક્રોધને કરવાવાળું જીવ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. પહેલાં કહી દીધું ને? પહેલાં કહ્યું તે બધું તેમાં ઉતારી લેવું. ઝીણી વાત છે. જેમ સંસારી પર્યાયનું કહ્યું, તેમ બધી પર્યાયનું (લેવું) ક્રોધ, માન, માયા, લોભ. જે સમયે ક્રોધની પર્યાય છે 'સત્' ઉત્પન્ન થયું. અને તે સત્ છે તે બીજે સમયે વ્યય થાય છે. સમજાય છે કાંઈ?

ભાવ-અભાવ. ક્રોધનો ભાવ છે તેનો બીજે સમયે અભાવ થાય છે, વ્યય થાય છે. સમજાણું કાંઈ? અને ભાવ-અભાવ. ક્રોધ છે તે સમયે બીજી માનની પર્યાય નથી. ભાવનો અભાવ કર્યો. ક્રોધનો અભાવ કરીને બીજે સમયે માનની ઉત્પત્તિ થઈ. આ ભાવનો અભાવ થયો. અભાવ-ભાવ. પહેલા સમયે માન ન હતું. ક્રોધ વખતે માન ન હતું. એ અભાવ હતો. ક્રોધ વખતે માનનો અભાવ હતો. અભાવનો ભાવ ઉત્પન્ન થયો. બીજા સમયનો અભાવ હતો તેની ઉત્પત્તિ થઈ. કર્તા જીવ છે તે તો અહીંયા સિદ્ધ કરવું છે. હા, વાત એમ છે. સમજાય છે કાંઈ?

એવી રીતે મિથ્યાત્વ. મિથ્યાત્વની પર્યાય કરી શકે છે તે ભાવ છે. અને તેનો વ્યય કરવો તે અભાવ છે. ભાવનો કરવાવાળો પણ જીવ અને નાશ કરવાવાળો પણ જીવ. આહાહા! ભારે વાત ભાઈ! બાંસઠ ગાથામાં તો સ્પષ્ટ છે આણે પણ ઉતાર્યું છે.સમજાય છે કાંઈ? શું કીધું? જેમ દેવગતિનો ભાવ ઉત્પાદ, મનુષ્યનો અભાવ વ્યય. દેવગતિનો વ્યય થયો તો હવે કહે છે કે, મિથ્યાત્વનો ભાવ તેનો કર્તા જીવ અને મિથ્યાત્વનો વ્યય કરવાવાળો તેનો કર્તા પણ જીવદ્રવ્ય. સમજાય છે કાંઈ? એમ સમ્યગ્દર્શનની પર્યાયનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ કરવાવાળો જીવદ્રવ્ય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ કરવાવાળો જીવદ્રવ્ય છે અને પૂર્વની મિથ્યાદર્શનની પર્યાયનો વ્યય કરવાવાળો પણ જીવદ્રવ્ય છે. અથવા બીજી... સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થયો તે ભાવ અને બીજા સમયે અભાવ થયો. નવી સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ. પર્યાય એક સમય રહે છે. પર્યાય બીજે સમયે રહેતી નથી.

સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો તો બીજે સમયે અભાવ થયો. અને બીજા સમયની પર્યાયનો અભાવ હતો તો અભાવનો ભાવ થયો. આહાહા! સમજાય છે કાંઈ? હળવે હળવે અંદરથી આવે એટલું આવે. પહેલાં કહ્યું ને? કે આત્મા છે તે પોતાની પર્યાયના ઉત્પાદવ્યયને કરે છે તે સિદ્ધ કરવું છે. તેમાં ત્રણ બોલ આવ્યા. ભાવ, અભાવ, ભાવ-અભાવ, અભાવ-ભાવ. અનાદિઅનંત જીવદ્રવ્ય. સમજાય છે કાંઈ? નિગોદની પર્યાયનું સત્તપણું છે. નિત્ય નિગોદ છે ને? તે સત્તપણું છે. નિત્ય નિગોદ છે તે ઉત્પાદવ્યય સત્ત છે ને? તે સત્ત છે. બીજા સમયે વ્યય થઈને નિગોદનો જીવ મનુષ્યમાં આવે છે. નિગોદની પર્યાયનો વ્યય કરવાવાળો જીવ છે. અને મનુષ્યપણાને ઉત્પન્ન કરવાવાળો જીવ છે. આહાહા! ભારે વાત! સમજાય છે કાંઈ?

અને ભાવ-અભાવ. નિગોદની પર્યાયભાવ મનુષ્યની પર્યાય વ્યય તે સ્વતંત્ર. પાછળ નિગોદનો ભાવ તેનો અભાવ. ત્રીજો બોલ છે ને. નિગોદનો ભાવ તેનો અભાવ કરીને મનુષ્યમાં જાય છે. અને મનુષ્યની પર્યાયનો અભાવ હતો તે અભાવનો ભાવ કર્યો. સમજાય છે કાંઈ? એવી રીતે ચારિત્રની પર્યાય. દ્રવ્યમાંથી આવે છે. દ્રવ્ય કરે છે. આત્માએ પહેલાં સમ્યગ્દર્શન કર્યું, એ સમ્યગ્દર્શનની પર્યાય એ સમયે ઉત્પન્ન થઈ. તે સમ્યગ્દર્શનની પર્યાયના કાળમાં મિથ્યાત્વનો વ્યય થયો. વ્યય ને ઉત્પાદ બન્નેનો કર્તા થયો. હવે સમ્યગ્દર્શનની પર્યાય ભાવ છે તેનો અભાવ. બીજા સમયે તે સમ્યગ્દર્શનની પર્યાયનો અભાવ છે. જે પહેલા સમયે સમ્યગ્દર્શન પર્યાય હતી તે ભાવ અને બીજા સમયે અભાવ છે. ભાવનો અભાવ-વ્યય કરે છે. અને અભાવ. બીજા સમયની પર્યાય વર્તમાનમાં નથી. એ વર્તમાનમાં અભાવનો ભાવ કર્યો. આહાહા! પરની સાથે તો સંબંધ જ નથી એમ સિદ્ધ કરે છે. આહાહા! એટલો સ્વતંત્ર પદાર્થ છે તે પણ. તે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય સ્વતંત્ર છે ને?

કર્મમાં કર્મનો ઉદય છે તે સત્તાની પર્યાય હતી તેનો વ્યય કરીને ઉદયની પર્યાય ઉત્પન્ન થઈ. તેનો કર્તા તે પરમાણુ છે. કર્મ સત્તામાં હતા તે ઉત્પાદરૂપે સત્ત હતા. હવે તેનો વ્યય કરીને ઉદય થયો. પાક થયો. પાક ઉત્પન્ન થયો તે વ્યય થયો. તો વ્યયનો કરવાવાળો પણ પરમાણુ અને ઉદયનો કરવાવાળો પણ પરમાણુ. અને સત્તામાં, સત્તાના કાળમાં ઉદયની પર્યાય ન હતી. સત્તા ભાવ હતો તેમાં ઉદયની પર્યાયનો અભાવ હતો. તો ભાવનો અભાવ કર્યો. સમજ્યા? આ ભાવ છોડીને અભાવ કર્યો. અને ભવિષ્યની ઉદયની પર્યાય અત્યારે નથી તો અભાવનો ભાવ કર્યો. અરે! આ ધર્મની શું વાત ચાલે છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ સમ્યગ્દર્શન ................. એવી યથાર્થ પ્રતીતિ વગર સમ્યગ્દર્શન કયારેય થતું નથી.

દ્રવ્યની એવી સ્વતંત્રતા પ્રતીત કર્યા વગર પરને આધિન થાઉ છું ને હું પરથી થાઉ છું (તેમ માને)તેમાં મિથ્યાદષ્ટિપણું ઉત્પન્ન થાય છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? કર્મનો ઉદય આવ્યો તો મારે મિથ્યાત્વ કરવું પડયું. અને કર્મ ઉપશમ થયા તો મને સમ્યગદર્શન થયું બધી ખોટી વાત છે. દ્રવ્યની સ્થિતિ એવી છે નહીં. તે સિદ્ધ કરે છે.

વર્તમાનમાં તો એ જ ગરબડ છે ને? કર્મ, કર્મ ને કર્મ. કર્મે મારી નાંખ્યા. તે કહે છે, સમજાય છે કાંઈ? એમ આત્મામાં ચારિત્રની પર્યાય. સમ્યગ્દર્શનની પર્યાયના કાળમાં ચોથા ગુણસ્થાને ચારિત્રની પર્યાય ન હતી. તો સમ્યગ્દર્શનની પર્યાયનો ભાવ અને તેનો અભાવ. વ્યય કરીને ચારિત્રનો વ્યય થયો. તો ભાવ અભાવ થયો ને? હવે ઉત્પાદ-વ્યય સ્વતંત્ર કરી દીધું. પાછળ. સમ્યગ્દર્શનની પર્યાય ભાવ તેનો અભાવ. બીજા સમયે તે પર્યાયનો અભાવ. ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન હો કે ચારિત્રની પર્યાય ઉત્પન્ન હોય. પણ તે સમ્યગ્દર્શનની પર્યાયના ભાવનો બીજા સમયે અભાવ છે. અને બીજા સમયે જે ચારિત્રની પર્યાય ઉત્પન્ન થવાવાળી છે તેમાં સમયગ્દર્શનની પર્યાયનો અભાવ છે. આ ભાવમાં તેનો અભાવ છે. સમજાય છે કાંઈ?

આહાહા! ભારે ભાઈ ગજબ વાત કરી! શાસ્રની રચના...એક એક શ્લોકમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. લોકો શાંતિથી મધ્યસ્થ થઈને સ્વાધ્યાય નથી કરતા. પોતાની પકડ રાખીને સ્વાધ્યાય કરે તો તે રીતે જુએ છે. પણ શાસ્ત્રમાં શું કહે છે તે પોતાની દષ્ટિમાં લાવતા નથી અને પોતાની દષ્ટિ સાથે શાસ્રને મેળવી દયે છે. સમજાણું કાંઈ? હેં? આહાહા!

હવે અહીં તો કેવળજ્ઞાન લીધું જુઓ. કેવળજ્ઞાન થયું તે ઉત્પાદ છે. કેવળજ્ઞાન કરવાવાળો જીવદ્રવ્ય છે. જ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાન થયું તેમ છે નહીં. આહાહા! વ્યવહારનું કથન છે. મોહ ક્ષયા આવે છે ને તત્વાર્થસૂત્રમાં? મોહ ક્ષયા એ તો નિમિત્તનું કથન છે.

અહીંયા તો કહે છે કે પોતાનો આત્મા, પોતાની કેવળજ્ઞાન પર્યાયનો દ્રવ્યદષ્ટિમાં દ્રવ્યમાં વ્યય કરીને જે કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તે ઉત્પાદ અને તે જ ઉત્પાદનો બીજા સમયે વ્યય. કેવળજ્ઞાનનો બીજા સમયે વ્યય. કેવળજ્ઞાન એક સમયે રહે છે ને બીજા સમયે નહીં. કારણ કે કેવળાજ્ઞાન પર્યાય છે કેવળજ્ઞાન ગુણ નથી. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાવાળો જીવદ્રવ્ય (પોતે) કર્તા છે. કર્મ કર્તા નથી. તે તો નથી પણ ભાઈ આ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય હતી તેનો વ્યય (થયો) તે કેવળજ્ઞાનની પર્યાય કર્તા નથી. એમ કહે છે. આહાહા! ફરીને. અહીં કહે છે ને કે ઉત્પન્ન અને વ્યય. પહેલો બોલ છે ને. પછી વ્યય અને ઉત્પન્ન. અભાવ...... તો કહે છે કે કેવળજ્ઞાન જે ઉત્પન્ન થયું તેનો કર્તા જીવદ્રવ્ય છે. તો કર્મનો નાશ થયો તે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કર્મની પર્યાયમાં થયો તો તે તો તેમાં થયો. આત્મામાં શું થયું? તેની પર્યાયમાં થયો. કર્મનો ઉત્પાદ હતો તેમાં ઉત્પાદ અને પછી વ્યય થયો અને અકર્મરૂપ પર્યાય થઈ ગઈ. કર્મ પર્યાય હતી તે ઉત્પાદ હતો. પછી વ્યય થઈને અકર્મ પર્યાય થઈ ગઈ. અકર્મ પર્યાય થઈ ગઈ ને? અકર્મ પર્યાયનો વ્યય કરવાવાળા પણ તેના પરમાણુ છે અને કર્મની પર્યાય ઉત્પન્ન કરવાવાળા પણ પરમાણુ છે. જીવે રાગ કર્યો તો કર્મની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી એમ કહે છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

એ કર્મ પણ અનંત પરમાણુ છે. અને એ અનંત પરમાણુમાં ઉત્પાદ-વ્યય એક સમયમાં થાય છે. તો કહે છે કે, પરમાણુ પૂર્વની સત્તાનો ઉત્પાદ છે, સત્તાનો ઉત્પાદ છે એ ભાવરૂપે છે પછી વ્યય કરે છે તો અભાવરૂપે છે. તો એ પરમાણુ તેનો ઉત્પાદ કરવાવાળો અને પરમાણુ તેનો વ્યય કરવાવાળો છે. આત્મા કર્મનો નાશ કરવાવાળો છે અને આત્મા કર્મને બાંધવાવાળો છે તે ત્રણ કાળમાં છે નહીં. સમજાય છે કાંઈ? બીજી વાત.

શાસ્ત્ર તો ભંડાર છે. આ તો શાસ્ત્ર તો ભંડાર છે. ચાર પૈસે શેર તો મણના અઢી. એ તો પૂંજી છે. ગમે તેટલા દાખલા લગાવો. સાડી સાડત્રીસ શેરના કેટલા તો સાડી સાડત્રીસ આના. એમ આ સિધ્ધાંતની કૂંચી છે. એવી રીતે બધામાં લગાઓ બધે. સિધ્ધની પર્યાયને ઉત્પન્ન કરવાવાળો જીવ કર્તા અને અસિધ્ધ પર્યાયનો વ્યય કરવાવાળો જીવ. ઉદયભાવનો વ્યય થયો ને? ઉદયભાવ હતો ને તે અસિધ્ધભાવ હતો. અસિધ્ધભાવ. ચૌદમા ગુણસ્થાન સુધી અસિધ્ધભાવ હતો. અસિધ્ધભાવનો વ્યય કરવાવાળો જીવ અને સિધ્ધભાવને ઉત્પન્ન કરવાવાળો જીવ.

હવે અહીંયા અસિધ્ધભાવ છે. ભાવનો અભાવ. એ ભાવનો અભાવ કરે છે, વ્યય કરીને અભાવ કરે છે. અને અભાવનો ભાવ. જે સિધ્ધની પર્યાયનો અભાવ હતો, તે અહીંયા વર્તમાન ચૌદમા ગુણસ્થાને અભાવનો ભાવ કર્યો. એનો કર્તા જીવ છે એમ સિધ્ધ કરવું છે. કુણદિ જીવો, કુણદિ જીવો. આહાહા! સમજાય છે કાંઈ? એમ કેવળજ્ઞાન પહેલા સમયે ઉત્પન્ન થયું તો તે ઉત્પન્ન કરવાવાળું જીવદ્રવ્ય. તે જ કેવળજ્ઞાનની પર્યાય બીજે સમયે વ્યય થાય છે તો વ્યયનો કરવાવાળો જીવદ્રવ્ય છે. અને કેવળજ્ઞાનના સમયમાં વિદ્યમાન છે કેવળજ્ઞાન, તે ભાવ. અને બીજા સમયે કેવળજ્ઞાનનો અભાવ છે. બીજે સમયે કેવળજ્ઞાન પર્યાયે થવાનું છે. પર્યાય તો એક એક સમયે ભિન્ન ભિન્ન થાય છે. તો ભાવ છે એનો અભાવ કરશે. અભાવ છે બીજે સમયે પર્યાય તેનો ભાવ કરશે. સમજાય છે કાંઈ?

ત્રીજી વાત. શ્રુતજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ. શ્રુતજ્ઞાનાવરણીય ક્ષયોપશમ થયો તો થયું? નહીં. એ શ્રુતજ્ઞાનની પર્યાયને ઉત્પન્ન કરવાવાળો જીવ ભગવાન આત્મા છે. અને શ્રુતજ્ઞાનની પર્યાયની પહેલાં જે અજ્ઞાન હતું. તેનો વ્યય કરવાવાળો પણ આત્મા છે. ઉત્પાદ-વ્યય, ભાવ-અભાવ.

જે શ્રુતજ્ઞાનની પર્યાય ભાવરૂપ વર્તમાનમાં છે તે બીજા સમયે નહીં રહે. ભાવનો અભાવ કરે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે જીવ કરે છે. અને બીજા સમયની શ્રુતજ્ઞાનની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. તે અભાવનો ભાવ કરે છે તે પણ જીવ કરે છે. ભીખાભાઈ!વાસ્તવિક તત્ત્વની ખબર ન મળે ને પછી ઝઘડા એવા ઊભા કરે! આમ છે ને આમ છે ને, જે છે તે છે. અરે! બાપુ! તને ખબર નથી. ભાઈ! આ તો અમારે એકોતેરની સાલથી ચાલે છે. એકોતેર, ચોપન વર્ષ થયા. કર્મથી થાય છે, કર્મથી થાય છે (એમ કહે) બિલકુલ નહીં. કોણ કહે કર્મથી ભગવાનના માર્ગમાં છે નહીં. ઈશ્વરના કર્તા માનો તો વળી કર્મના કર્તા એ પણ એક જ થયું. તમારા વિકારના કર્તા કર્મ તો જડ છે. ઓલાનો ઈશ્વર કર્તા ચેતન. આનો કર્મ કર્તા. સમજાય છે કાંઈ? એ પ્રકાશદાસજી! સમજણમાં આવે છે કે નહીં?

લ્યો, વિકારનો વ્યય, વ્યયનો કરવાવાળો જીવ. સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પન્ન કરવાવાળો જીવ, વ્યય ઉત્પન્ન કરે છે એમ પણ નહીં. ભાઈ! મિથ્યાત્વનો વ્યય થયો તો વ્યયનો કરવાવાળો જીવ, પણ વ્યય કર્તા થઈને ઉત્પાદ કરે છે એમ નથી. એમ કહે છે. એ ઉત્પાદનો કર્તા જીવદ્રવ્ય છે. ઉત્પાદનો કર્તા પૂર્વનો વ્યય નહીં. વ્યયના કર્તા જીવ અને ઉત્પાદનો કર્તા જીવ છે. આહાહા!

અહીંયા મોક્ષમાર્ગની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ પર્યાય છે, ગુણ નહીં. ગુણ તો ત્રિકાળી રહે છે. સિદ્ધ પણ ગુણ નથી. સિદ્ધ પણ પર્યાય છે. સંસાર પણ પર્યાય છે. મોક્ષમાર્ગ પણ પર્યાય છે. બંધમાર્ગ પણ પર્યાય છે. સિદ્ધ પણ પર્યાય છે. દ્રવ્ય તો ધ્રુવ છે. સમજાય છે કાંઈ? તો કહે છે સિદ્ધપદની પર્યાય ઉત્પન્ન થઈ તેનો કર્તા જીવ છે. અસિદ્ધનો વ્યય થયો તો તેનો કર્તા તે છે. પણ અસિદ્ધ પર્યાયનો વ્યય તે સિદ્ધ પર્યાયનો કર્તા એમ છે નહીં. એમ મિથ્યાત્વનો વ્યય કરવાવાળો જીવ છે. પણ મિથ્યાત્વનો વ્યય કરીને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવાવાળો જીવદ્રવ્ય છે. પણ મિથ્યાત્વનો વ્યય એ સમ્યક્ પર્યાયના ઉત્પન્ન કરવાવાળો કર્તા એમ છે નહીં. સમજાય છે કાંઈ? આહાહા!

આ તો દાખલા તો અપાય છે પછી હવે પછી યાદ ન રહે તો, એય! આ તો સાદી વાત છે. ચાર ચોપડીનો ભણેલો પણ પકડી શકે એવું છે. એમાં કોઈ સંસ્કૃત વ્યાકરણ મોટા, મોટા થોથા ભણ્યા હોય તો સમજાય એવી કાંઈ આ ચીજ નથી. નિજ ઘરની ચીજ સ્વતંત્ર છે એ તો બધાને સમજમાં આવે એવી ચીજ છે. આગ્રહ છોડીને. સમજાય છે કાંઈ? આહાહા! બીજી વાત. કષાયની પહેલા મંદતા હતી તેની હયાતિ છે. તે પર્યાયનો કર્તા જીવ છે. અને બીજા સમયે સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનની પર્યાયનો કરવાવાળો જીવદ્રવ્ય છે. કષાયની મંદતા સમ્યગ્દર્શનની પર્યાયની કર્તા નહીં. આહાહા! સમજાય છે કાંઈ? એ વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી એમ સિદ્ધ કરે છે. અને નિમિત્ત પણ કર્તા નથી તેમ બે વાત તેમાં સિદ્ધ કરે છે. આહાહા! ભગવાન આત્મા સમય સમયની શુદ્ધ કે અશુદ્ધ કે અપૂર્ણ કે પૂર્ણ એ પર્યાયનો કરવાવાળો સ્વતંત્ર સીધો જીવ છે. નિમિત્ત નહીં, પૂર્વની પર્યાય નહીં. આહાહા! આ તે કાંઈ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળો હશે કાંઈ. ઉપાધિ પણ સંસારની એવી, મૂકને પડતી. ફોન એને ઘરે અહીં ફોન ચાલે છે. ભગવાનના ફોન ચાલે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવના મુખમાંથી વાણી તે પણ નિમિત્તનું કથન છે. કારણ કે વાણીનો ઉત્પાદ પરમાણુથી થયો છે. આત્માથી નહીં. અને વાણીની વર્ગણાની પર્યાયનો વ્યય થયો તો તેનો કર્તા પરમાણુ છે. ભાષાની પર્યાય ઉત્પન્ન કરવાવાળો પરમાણુ છે. એ વર્ગણાની પર્યાયનો વ્યય થયો અને ભાષાની પર્યાય ઉત્પન્ન થઈ તો વ્યય ઉત્પન્નનો કર્તા છે એમ નથી. જીવ કર્તા છે ભાષાનો એમ તો નથી. આહાહા! આ તો છએ દ્રવ્યની વાત છે. સમજાય છે કાંઈ? કાળ તો અરૂપી છે, એટલે જરી લોકોને કઠણ પડે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. કાળ છે તે અસંખ્ય છે. અણુલોક પ્રમાણે એક-એક આકાશ પ્રદેશ એ પણ અનંતગુણનો પિંડ છે. એ કાળાણુ પણ અનંતગુણના પિંડ છે. જેટલી એક જીવમાં ગુણ, સંખ્યા છે તેટલી સંખ્યા એક કાલાણુમાં છે. જેટલી સંખ્યા આત્માના અનંતગુણની છે તેટલી જ સંખ્યા એક પરમાણુમાં છે. પણ તે જડ છે. તો પરમાણુ પણ એક સમયમાં જો લીલા રંગના, લીલાને શું કહે છે? હરા, હરા રંગની પર્યાય ઉત્પન્ન થઈ તે લીલા રંગની પર્યાયને ઉત્પન્ન કરવાવાળો તે છે. એક વાત. એક પરમાણુમાં બે ગુણ ચિકાશ છે. અને બીજા પરમાણુમાં ચાર ગુણ ચિકાશ સ્કંધમાં છે. બે ગુણ હોય ને તો ચાર ગુણ થઈ જાય છે. તો કહે છે કે ચાર ગુણની પર્યાયનો કર્તા કોણ? એ પરમાણુ. સ્કંધ નિમિત્ત છે તો કર્તા છે તેમ છે નહીં. આહાહા! ગજબ વાત કરે છે. સમજાય છે કાંઈ?

બે ગુણ ચિકાશ છે તો બીજા સમયે ચાર ગુણ ચિકાશ થશે. કહે છે કે બે ગુણ ચિકાશની પર્યાયનો કર્તા કોણ? પરમાણુ. અને બીજા સમયે ચાર ગુણ ચિકાશની પર્યાયનો કર્તા કોણ? બે ગુણની ચિકાશનો વ્યય છે તે કર્તા છે? નહીં. સમજાય છે કાંઈ? ચાર ગુણની પર્યાય ઉત્પન્ન થઈ, બે ગુણની પર્યાયનો વ્યય થયો, તો બન્નેના કર્તા પરમાણુ છે. વ્યયનો કર્તા પરમાણુ અને ઉત્પાદનો કર્તા પરમાણુ એક સાથે અને ભાવ-અભાવ. બે ગુણની ચિકાશનો ભાવ હતો બીજે સમયે અભાવ થઈ ગયો. અને અભાવ ભાવ. ચાર ગુણની ચિકાશનો બે ગુણમાં અભાવ હતો તે અભાવનો ભાવ થયો. સમજાય છે કાંઈ? પરથી નહીં.

એક પરમાણું. સૂક્ષ્મ છે, સ્થૂળ નહીં, પરમાણું સ્થૂળ ન હોય સૂક્ષ્મ છે. સ્કંધ સ્થૂળ છે. અહીંયા પરમાણુ આવ્યા તો તે પરમાણું સ્થૂળ થઈ ગયા. સૂક્ષ્મ ન રહ્યા. તેમાં સ્થૂળ પર્યાય થઈ. તો કહે છે કે સૂક્ષ્મ પર્યાયનો વ્યય કરવાવાળા પરમાણુ અને તે સમયે સ્થૂળ પર્યાયને ઉત્પન્ન કરવાવાળા પરમાણુ છે. બીજું દ્રવ્ય નહીં. આહાહા! સ્કંધ નહીં. સ્કંધની પર્યાયને ઉત્પન્ન-વ્યય કરનારો સ્કંધ છે. ગાથા બહુ અલૌકિક છે.

જૈન દર્શન શું વિશ્વ દર્શન. વસ્તુનું દર્શન છે. છ દ્રવ્ય એવા જ છે. તે માટે તો જીવનું દૃષ્ટાંત દઈને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સિધ્ધ કર્યું. સમજાય છે કાંઈ? તો કહે એક પરમાણુ સૂક્ષ્મ હતું તો સ્કંધમાં આવ્યું તો સ્થૂળ કેમ થયું? તે સ્કંધની તેને અસર છે કે નહીં? તો કહે, ના, એમ કહે છે. તે સમયે સ્કંધમાં આવ્યો તે પર્યાયનો પહેલાં અભાવ હતો. પછી સ્કંધની પર્યાયમાં આવ્યો તો સ્થૂળનો ઉત્પાદ થયો અને સૂક્ષ્મ પર્યાયનો વ્યય થયો. હવે સૂક્ષ્મ પર્યાયનો વ્યય છે તે અભાવ છે. પહેલાં ભાવ હતો. બીજા સમયે અભાવ થઈ ગયો. સ્થૂળ પર્યાય થઈ ગઈ. પણ અભાવનો ભાવ સ્થૂળ પર્યાય ન હતી, સૂક્ષ્મ પર્યાય હતી તો અભાવનો ભાવ થયો. સ્થૂળના અભાવનો ભાવ થઈ ગયો. પરમાણુમાં પોતાથી સ્થૂળ પર્યાયથી અભાવનો ભાવ થયો. આરે ભારે વાત! કહો, સમજાય છે કાંઈ? આહાહા!

દાખલા તો બહુ જ આવ્યા. અગિયારમા ગુણસ્થાનથી પડે છે. સાંભળો. કહે છે કે કર્મનો ઉદય આવ્યો તો પડયા. ઉદય શું છે? ઉદય આવે છે તો દસમું થાય છે ને? અગિયારમા ગુણસ્થાનની ઉપશમની પર્યાયનો કર્તા જીવદ્રવ્ય છે. અને તેનો અભાવ કરે છે અને દસમા ગુણસ્થાને આવી જાય છે તો જે ભાવ હતો તેનો અભાવ કર્યો અને અભાવ હતો તેનો ભાવ કર્યો. દસમા ગુણસ્થાનની પર્યાયનો કર્તા જીવદ્રવ્ય છે. ઉપશમ પર્યાય થઈ અને પડી તો ઉપશમ કર્તા અને દસમું ગુણસ્થાનની પર્યાય કાર્ય એમ છે નહીં. એ દસમા ગુણસ્થાનની પર્યાયનો કર્તા જીવદ્રવ્ય છે. ઉપશમની પર્યાયનો કર્તા જીવદ્રવ્ય છે. સમજાય છે કાંઈ?

ઉપશમ પર્યાય છે ને? ભાવ છે ને ગુણ નથી. ત્રિકાળી દ્રવ્યમાં તો ગુણ છે આ તો પર્યાય છે. કહે ના. અગિયારમા ગુણસ્થાને કર્મનો ઉદય આવે ને પડે એ ખોટી વાત છે. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? વસ્તુનું સ્વરૂપ આવું છે નહીં અને વસ્તુના સ્વરૂપથી વિપરીત માને તો જ્ઞાન ઉલટુ થઈ ગયું. જ્ઞાન ઉલટું હોય તો દ્દષ્ટિ પણ ઉલટી. મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વનું પોષણ કરે છે. એવી વાત છે. આહાહા! કારણ કે નવ તત્ત્વની શ્રધ્ધા થાય છે ને? કે એકલા જીવની? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. અજીવમાં પણ જેવું અજીવમાં છે. અનંત છે અનંતમાં પણ એક એકમાં જેવું ઉત્પાદ-વ્યયમાં છે એવું માનવું, એવું જાણવું તે અજીવને માન્યું કહેવાય. સમજાય છે કાંઈ?

અજીવની પર્યાય હું કરું છું. અજીવની પર્યાય વિનાનું તે દ્રવ્ય છે? અજીવની પર્યાયનો કર્તા તો તે છે. સમજાય છે કાંઈ? જુઓ. પરમાણુની એવી પર્યાય છે, પરમાણુની હો, આત્માની નહીં. ભાવ વ્યય થયો, તેનો ઉત્પાદ થયો. વ્યયનો કર્તા પરમાણુ છે, આત્મા નહીં. એવી પર્યાય ઉત્પન્ન થઈ તેનો કર્તા પરમાણુ છે, વ્યય નહીં. આત્મા નહીં, આત્મા નહીં ને વ્યય પણ નહીં. હેં? ભગવાનનો માર્ગ તો એવો છે પ્રભુ! શું કરે? લોકોએ સાંભળ્યો નથી અને સાંભળવામાં આવે તો એ એકાંત છે-એકાંત છે. ભગવાન સાંભળ તો ખરો! આ તો અનેકાંતિક વાત ચાલે છે આહા! સમજાય છે કાંઈ? પોતાથી છે અને પરથી નહીં. અને પોતાથી જે ઉત્પાદ થયો તો ઉત્પાદનો કર્તા જીવ અને વ્યયનો નાશ થયો તે ઉત્પાદનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્તા નહીં. તેનું નામ અનેકાંત છે. આહાહા! ઓહોહો!

કુંદકુંદઆચાર્યની એક એક ગાથા, ગજબ વાત છે. દિગંબર સંતો જૈનદર્શનના કેવળજ્ઞાનનો માર્ગ ખંભે રાખ્યો છે. આવો માર્ગ ક્યાંય છે નહીં. ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં, જૈનના બીજા સંપ્રદાયમાં પણ છે નહીં ને. એ લોકો લખે છે. ત્યાં ઢુંઢિયાનો પ્રચાર કરે છે. અરે ભગવાન! શું કરે છે ભાઈ! તું રહેવા દે આજે આવ્યું છે. એમાં ત્યાં કહ્યું છે ને, ઢુંઢના મતનો પ્રચાર કરે છે. અરે શું કરે છે ભાઈ! તું અન્યાય કરે છે. બાપુ! એમાં એમ ન હોય ભાઈ! એ વિપરીત માન્યતાનું દુઃખ થશે. પ્રભુ! અને એ દુઃખી થાય જીવ એ કોઈ ઈચ્છે? આહાહા! આજે જ આવ્યું છે. જૈન ગેઝેટમાં, જૈન ગેઝેટ છે, જૈન દર્શનમાં આમાં જ ક્યાંક આવ્યું છે. જૈન દર્શનમાં. ક્યાંક છે ખરું? ના ના આમાં આવ્યું છે ક્યાંક. આમાં હશે. ઢુંઢના મતનો પ્રચાર છે ત્યાં જાવું નહીં. અરે ભગવાન! પ્રભુ! શું કરે છે. આહાહા! સમજાય છે કાંઈ? અહીં તો ભગવાન પણ એમ કહે છે ભાઈ. જેમ આત્માની પર્યાય વિકારી કે અવિકારી તેનો કરવાવાળો જીવદ્રવ્ય છે ભગવાન! અને કર્મને કારણે પર્યાય ઉત્પન્ન થાય છે તે તો ભગવાન ના પાડે છે. કર્મની પર્યાયના ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેમાં થાય છે. તેનાથી અહીંયા ઉત્પાદ-વ્યય થયું એમ તો છે નહીં. વસ્તુનું સ્વરૂપ એવું છે. વિશેષ આવશે.

**(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ.)**

## સળંગ પ્રવચન નં. ૩૦, ગાથા ૨૭
## પ્રવચન નં. ૨૯
## તા.૧૩/૧૨/૬૯, માગશર સુદ-૫, શનિવાર

પંચાસ્તિકાય ષડ્દ્રવ્ય. ૨૭ ગાથા. વચ્ચે છ ગાથા છે કાળની, કાળ દ્રવ્યને સિધ્ધ કર્યું છે. સાધારણ છે. પાંચ અસ્તિકાય અને છઠ્ઠું કાળ. છ દ્રવ્ય એમ, કાળ છે એમ યુક્તિથી સિધ્ધ કર્યું છે. હવે, જીવ. અહીં (મુનિનું) તેમનું જ ષડ્દ્રવ્ય અને પંચાસ્તિકાયનું જ વિશેષ વ્યાખ્યાન કરવામાં આવે છે. તે સામાન્ય વ્યાખ્યા હતી. તેમાં પ્રથમ જીવદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે. જીવ-દ્રવ્ય-અસ્તિકાય. તેનું સ્વરૂપ કેવું છે તે વર્ણવે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા- ૨૭

**जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता।**
**भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो ॥ २७ ॥**

जीव इति भवति चेतयितोपयोगविशेषित: प्रभु: कर्ता।
भोक्ता च देहमात्रो न हि मूर्त: कर्मसंयुक्त: ॥ २७ ॥

अत्र संसारावस्थस्यात्मन: सोपाधि निरुपाधि च स्वरूपमुक्तम्।

आत्मा हि निश्चयेन भावप्राणधारणाज्जीव:, व्यवहारेण द्रव्यप्राणधारणाज्जीव: । निश्चयेन चिदात्मकत्वात्, व्यवहारेण चिच्छक्तियुक्तत्वाच्चेतयिता। निश्चयेनापृथग्भूतेन, व्यवहारेण पृथग्भूतेन चैतन्यपरिणामलक्षणेनोपयोगेनोपलक्षितत्वादुपयोगविशेषित: । निश्चयेन भावकर्मणां, व्यवहारेण द्रव्यकर्मणामास्त्रवणबन्धनसंवरणनिर्जरणमोक्षणेषु स्वयमीशत्वात् प्रभु:। निश्चयेन पौद्गलिककर्मनिमित्तात्मपरिणामानां, व्यवहारौण शुभा–शुभकर्मसंपादितेष्टानिष्टविषयाणां भोक्तृत्वाद्भोक्ता। निश्चयेन लोकमात्रोऽपि विशिष्टावगाह–परिणामशक्तियुक्तत्वान्नामकर्मनिवृत्तमणु महच्च शरीर–मधितिष्ठन् व्यवहारेण देहमात्र:। व्यवहारेण कर्मभि: सहैकत्वपरिणामान्मूर्तोऽपि निश्चयेन नीरूपस्वभावत्वान्न हि मूर्त:। निश्चयेन पुद्गलपरिणामानुरूपचैतन्यपरिणामात्मभि:, व्यवहारेण चैतन्यपरिणामानु–रूप–पुद्गलपरिणामात्मभि: कर्मभि: संयुक्तवात्कर्मसंयुक्त इति ॥ २७॥

‘છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન, અમૂર્ત છે,
કર્તા અને ભોક્તા, શરીરપ્રમાણ, કર્મે યુક્ત છે. ૨૭.

અન્વયાર્થ :- [जीव: इति भवति] (સંસારસ્થિત આત્મા જીવ છે, [चेतयिता] ચેતયિતા (ચેતનારો) છે, [उपयोगविशेषित:] ઉપયોગલક્ષિત છે, [प्रभु:] પ્રભુ છે, [कर्ता] કર્તા છે, [भोक्ता] ભોક્તા છે, [देहमात्र:] દેહપ્રમાણ છે, [न हि मूर्त:] અમૂર્ત છે [च] અને [कर्मसंयुक्त:] કર્મસંયુક્ત છે.

ટીકા :- અહીં (આ ગાથામાં) સંસાર-અવસ્થાવાળા આત્માનું [1]સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા નિશ્ચયે ભાવપ્રાણના ધારણને લીધે ‘જીવ’ છે, વ્યવહારે (અસદ્‌ભૂત

૧. સોપાધિ = ઉપાધિ સહિત જેમાં પરની અપેક્ષા આવતી હોય એવું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારનયે) દ્રવ્યપ્રાણના ધારણને લીધે 'જીવ' છે; નિશ્ચયે [૨]ચિત્સ્વરૂપ હોવાથી 'ચેતયિતા' (ચેતનારો) છે, વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) ચિત્શક્તિયુક્ત હોવાથી 'ચેતયિતા' છે; નિશ્ચયે [૩]અપૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત છે, વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) પૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે; નિશ્ચયે ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી 'પ્રભુ' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) દ્રવ્યકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ હોવાથી 'પ્રભુ' છે; નિશ્ચયે પૌદ્‌ગલિક કર્મો જેમનું નિમિત્ત છે એવા આત્મપરિણામોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા છે', વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારને) આત્મ પરિણામો જેમનું નિમિત્ત છે એવા પૌદ્‌ગલિક કર્મોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે; નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે એવા સુખદુઃખ-પરિણામોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટાનિષ્ટ વિષયોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે; નિશ્ચયે લોકપ્રમાણ હોવા છતાં, વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી નામકર્મથી રચાતા નાના-મોટા શરીરમાં રહેતો થકો વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) 'દેહપ્રમાણ' છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) કર્મો સાથે એકત્વપરિણામને લીધે મૂર્ત હોવા છતાં, નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે 'અમૂર્ત' છે; *નિશ્ચયે પુદ્‌ગલપરિણામને અનુરૂપ ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) ચૈતન્યપરિણામને અનુરૂપ પુદ્‌ગલપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે.

ભાવાર્થ :- પહેલી ૨૬ ગાથાઓમાં ષડ્‌દ્રવ્ય અને પંચાસ્તિકાયનું સામાન્ય નિરૂપણ કરીને, હવે આ ૨૭ મી ગાથાથી તેમનું વિશેષ નિરૂપણ શરૂ કરવામાં આવ્યું છે. તેમાં પ્રથમ, જીવનું (આત્માનું) નિરૂપણ શરૂ કરતાં આ ગાથામાં સંસારસ્થિત આત્માને જીવ (અર્થાત્

---

૨. નિશ્ચયે ચિત્શક્તિને આત્મા સાથે અભેદ છે અને વ્યવહારે ભેદ છે; તેથી નિશ્ચયે આત્મા ચિત્શક્તિસ્વરૂપ છે અને વ્યવહારે ચિત્શક્તિવાન છે.

૩. અપૃથગ્ભૂત = અપૃથક્; અભિન્ન. (નિશ્ચયે ઉપયોગ આત્માથી અપૃથક્ છે અને વ્યવહારે પૃથક્ છે.)

* સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્‌ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત્ ભાવકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને અનુરૂપ એવાં નૈમિત્તિક પુદ્‌ગલકર્મો સાથે (અર્થાત્ દ્રવ્યકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવત્વવાળો), ચેતયિતા, ઉપયોગલક્ષણવાળો, પ્રભુ, કર્તા ઈત્યાદિ કહ્યો છે. જીવત્વ, ચેતયિતૃત્વ, ઉપયોગ, પ્રભુત્વ, કર્તૃત્વ ઈત્યાદિનું વિવરણ આગળની ગાથાઓમાં આવશે. ૨૭.**

**जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता।**
**भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो ॥ २७ ॥**

**છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન, અમૂર્ત છે,**
**કર્તા અને ભોકતા, શરીરપ્રમાણ, કર્મે યુકત છે. ૨૭.**

**ટીકાઃ- અહીં ગાથામાં સંસાર દશાવાળા આત્માની સોપાધિક,** જેમાં પરની અપેક્ષા આવે છે તેને સોપાધિક કહે છે **અને નિરૂપાધિક જીવનું સ્વરૂપ કહ્યું છે.** સોપાધિક, નિરૂપાધિક અનાદિઅનંત છે. કેવું સ્વરૂપ છે? આત્મા નિશ્ચયથી ભાવપ્રાણને ધારણ કરે છે. હેં? સંયોગો તો ચાલ્યા ગયા. આ તો અનાદિથી આવી વાત છે. આ બધું સમયસારમાં જે કહ્યું છે દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત એ તો સિધ્ધને માટે છે. અહીં તો આત્મા જ આવો છે એમ કહે છે.

(મુમુક્ષુ :- ત્રિકાળ આત્મા એવો છે.) ત્રિકાળ આત્મા દ્રવ્ય સ્વભાવ જ એવો છે. નિશ્ચયથી તો ભાવપ્રાણને ધારણ કરે છે. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા તે ભાવપ્રાણ છે. તે ભાવપ્રાણને ધારણ કરે તે જીવ અને ભાવપ્રાણથી જીવન કરે તે જીવ. તે પર્યાયમાં, સમજાય છે કાંઈ?

જીવત્વ શકિત પહેલી લીધી. સમયસારમાં સુડતાલીસ શકિતમાં પહેલી જીવત્વ શકિત લીધી છે. આત્મામાં જીવત્વ શકિત નામનો ગુણ અનાદિઅનંત છે. એનો અર્થ શું? જ્ઞાન-દર્શન-આનંદ અને સત્તાથી જીવે છે. તેવું તેનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ હોવાવાળો સત્તાપ્રાણ, એવો જે પોતાનો પ્રાણ છે તેનાથી જે જીવે, કારણ કર્તા છે. જુઓ, તેને જીવ કહે છે.

હવે વ્યવહાર લીધો. અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યપ્રાણને ધારણ કરે છે માટે જીવ છે. અસદભૂત-જૂઠી નયથી કહો તો આત્મા પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાય, શ્વાસ, આયુ જડને ધારણ કરે તે અસદ્ભૂત વ્યવહારનય છે. સત્ય નથી. નિમિત્તમાં જડપ્રાણ છે. અસદભૂત વ્યહારનયથી જીવે એમ વ્યવહારથી જૂઠી વ્યવહારનયથી કહેવામાં આવે છે. (શ્રોતા :- જૂઠી કહેવાનું શું કામ છે?) નિમિત્ત છે ને? અસદભૂત કહ્યું છે જુઓ. નિમિત્તપણું છે ને? જડપ્રાણનું નિમિત્ત ભાવપ્રાણ છે તે તો પોતામાં છે અને દ્રવ્યપ્રાણ જડની પર્યાય છે. તેનાથી જીવે છે તે અસદ્ભૂત વ્યવહારનય, જૂઠા ભેદથી, વ્યવહારનયથી કહેવામાં આવે છે. અસદ્ભૂતનો અર્થ શું છે? અસદ્-અસત્-અસદ્ભૂત-જૂઠાભૂત. આહાહા! (શ્રોતા :- આત્મામાં આ પ્રાણ નથી?) ના. નથી. આ તો જડપ્રાણ છે. જડની પર્યાય, આ તો જડની પર્યાય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિમિત જોઈને અસદભૂત વ્યવહારથી જીવના છે, જીવથી છે એમ કહેવામાં આવે છે. સિદ્ધ (થાય ત્યારે) નહીં, (ભગવાનઆત્મા) સદાય એવો છે.

ભગવાનઆત્મા અનાદિઅનંત સદાય જડની પર્યાયથી ભિન્ન છે. જડની પર્યાયમાં જીવની પર્યાયની નાસ્તિ, જીવની પર્યાયમાં જડની પર્યાયની નાસ્તિ છે. સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટય છે જ નહીં. તે માટે નિમિત્તનું કથન કરે તે અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે કે દસપ્રાણથી આત્મા જીવે છે તે અસદ્‌ભૂત કથન. જુઠા બોલવાના કથનથી એ છે. વ્યવહારનય જૂઠા જ બોલે છે. વ્યવહારનો અર્થ એ છે. સમજાય છે કાંઈ? અને વ્યવહારથી તો દ્રવ્યપ્રાણને ધારણ કરે છે. ખરેખર ધારણ કરતા નથી. જો ખરેખર ધારણ કરે તો તો નિશ્ચય કહેવામાં આવે છે. ખરેખર ધારણ કરતા નથી પણ નિમિત્ત છે તો તેને અસદભૂત વ્યવહારથી ધારણ કરે છે એમ કહેવામાં આવે છે. જડની પર્યાય આત્મા ધારણ કરે? છે ને? અસદ્‌ભૂત વ્યવહારનય છે ને? અસદભૂત વ્યવહારનયથી ધર્મ ધારણ કરે છે એમ લખ્યું છે. ધારણ કરે છે એટલે જીવ છે. અસદભૂત વ્યવહાર(નય)થી ધારણ કરે છે માટે જીવ છે. ધારણ એટલે અસદભૂત વ્યવહારનયથી ધારણ કરે છે કે નિશ્ચયથી ધારણ કરે છે? એય! જૂઠી નયથી ધારણ કરે છે કે સાચી નયથી ધારણ કરે છે? ધારણ કરતો નથી એને ધારણ કરે છે એમ કહેવું એનું નામ અસદભૂત વ્યવહારનયથી. એવી વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા તો અંતર જ્ઞાન-દર્શન-આનંદ પ્રાણ છે. આ ખરેખર તેવી દષ્ટિ કર, જ્ઞાન-દર્શન-આનંદની પર્યાયથી જીવે તે જીવ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? માટે વ્યવહાર જીવ. વ્યવહાર તો અસદભૂત વ્યવહાર. બસ એ વ્યવહારનય છે. એક સમયની પર્યાયથી જીવવું તે વ્યવહારનય છે. પણ ત્રિકાળી ભાવપ્રાણનો આશ્રય લઈને જીવવું તે નિશ્ચયપ્રાણ છે. તે નિશ્ચયજીવન છે. આહાહા! સમજાય છે કાંઈ? ખરેખર તો એક સમયની પર્યાય તે પણ વ્યવહાર છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. પોતામાં હોં, પોતાના. પરની પર્યાય તો અસદભૂત વ્યવહારનયથી કહે છે. એવી વાત છે.

જ્ઞાન કરાવે છે ને? બીજી ચીજ છે. ભગવાનઆત્મા અંદર જુદો છે. જ્ઞાન-દર્શન-આનંદ અને પોતાની સત્તા એવી વસ્તુની શકિત એનાથી જીવે છે તો દ્રવ્ય નિશ્ચય છે. અને તે નિશ્ચય પણ તેને કયારે થાય છે? દષ્ટિમાં કયારે આવે છે કે દ્રવ્યપ્રાણ, ભાવપ્રાણનું લક્ષ કરે તો. હું જ્ઞાન છું, આનંદ છું, હોવાપણે છું, શાંતિ છું, સ્વચ્છતા, પ્રભુતાથી ભરેલો છું. એવી દ્રવ્યદષ્ટિ થવાથી પર્યાયમાં આનંદ આદિ જે થાય છે તેને જીવનું જીવન કહેવામાં આવે છે. આયુષ્યથી જીવે તેને જીવ યથાર્થ છે નહીં. ઓહો! આ તો પહેલું આવ્યું મહાવીરનો સંદેશ. ન્યારા ભગત. એય પંડિતજી! જીવો અને જીવવા દો. અંગ્રેજી છે તે તો. ભગવાનનું તો આ છે. ભગવાનનો આ સંદેશ છે. નિશ્ચયથી પોતાના આત્મામાં જે આનંદ પ્રાણ છે તેની પ્રગટ દશા કરીને જીવવું આનંદપ્રાણથી જીવવું તે નિશ્ચયથી જીવ છે. આહાહા! સમજાય છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ? એ બીજું લીધું નહિંતર તો દસ પ્રાણની પોતાની જે યોગ્યતા છે. આ તો જડ, વ્યવહાર, જડપ્રાણ લીધા. અશુદ્ધ નિશ્ચયથી લ્યો, પાંચ ઈન્દ્રિયની યોગ્યતાથી જીવે છે. બળથી જીવે તે અશુદ્ધ નિશ્ચય પ્રાણ છે. અશુદ્ધ નિશ્ચય કહો કે શુદ્ધની અપેક્ષા કહો તે પણ વ્યવહાર છે. અહીં તો બે ભાગ પાડયા છે. શું કહેવું વળી તારું? ત્રણ બોલ લ્યે છે. દ્રવ્યસંગ્રહમાં ત્રણ લીધા છે. દ્રવ્ય સંગ્રહમાં ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદ તેની શકિત અને સ્વભાવ છે, એવી વ્યકતતા પ્રગટ કરીને જ્ઞાન ને આનંદથી જીવે તે ખરેખર નિશ્ચય યથાર્થ વાસ્તવિક જીવ છે.

અને પાંચ ઈન્દ્રિયની યોગ્યતા ત્રણ પ્રાણ બળ જે છે તેની યોગ્યતા અને તેનાથી જીવે તે અશુદ્ધ નિશ્ચયથી જીવન છે. અશુદ્ધ નિશ્ચય, કેમકે તે પર્યાયમાં છે. તેની પર્યાયમાં છે. બળ પ્રાણ, બળ વીર્ય અને પાંચ ઈન્દ્રિયનો ક્ષયોપશમ પર્યાયમાં છે તે તેનાથી જીવે તે અશુદ્ધ નિશ્ચયથી પ્રાણ છે. અશુદ્ધ નિશ્ચયથી જીવે છે. મલિનતાથી જીવન તે અશુદ્ધ નિશ્ચયથી જીવન છે. અને પ્રાણ જડ છે તેનાથી જીવવું તે અશુદ્ધ વ્યવહારનયથી જીવન છે. ત્રણ ભાગ છે. સમજાય છે કાંઈ? એને આ આત્મા શું છે તે સમજવું હોય તો આ વાત છે. શું કહે છે? જીવ એવો છે. જીવાસ્તિકાય એવો છે. સમજાય છે કાંઈ? અહીં તો દ્રવ્ય સંગ્રહમાં ત્રણ બોલ લીધા. નિશ્ચય, અશુદ્ધ અને અસદ્‌ભૂતવ્યવહાર ત્રણ. આમાં જરીક છે.

ભગવાનઆત્મા પોતાના જ્ઞાન ને આનંદરૂપ કાયમી અસલી પ્રાણ છે. તેનો આશ્રય કરીને નિશ્ચય શુદ્ધ પર્યાયમાં આનંદ આદિ પ્રગટ થયા તેનાથી જે જીવે છે તે જ નિશ્ચય જીવન છે. અને પાંચ ઈન્દ્રિયની યોગ્યતાથી જીવે તે અશુદ્ધનિશ્ચય જીવ છે. કેમ કે દુઃખદાયક છે. પાંચ ઈન્દ્રિયથી જીવવું એટલા અલ્પજ્ઞાનમાં તે તો પર્યાયબુદ્ધિ છે, દુઃખદાયક છે. અને અસદ્‌ભૂત તો નિમિત્ત જડની પર્યાય સાથે હતી તો અસદ્‌ભૂતથી જીવે છે એમ અસદ્‌ભૂત જૂઠા વ્યવહારનયથી કહ્યું છે. કેમ કે પોતાની પર્યાયમાં છે નહીં. અશુદ્ધ ભાવપ્રાણ તો પોતાની પર્યાયમાં છે. શુદ્ધપ્રાણ ત્રિકાળ ગુણમાં છે. શું કીધું?

ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ ચિદાનંદ આનંદપ્રાણ તે તો ધ્રુવપ્રાણ છે. તો તેનાથી કયારે જીવે છે? દ્રવ્યથી તો જીવે છે. (શ્રોતા :- ત્રણે કાળ) એમ નહીં. પણ તેનો આશ્રય કરીને પર્યાય જીવે તો ખરેખર જીવ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

(શ્રોતા :- ત્યાં સુધી જીવ જ નહીં.) નિશ્ચય જીવ નહીં. આહાહા! જીતુ! આવ્યો છે કે નહીં જયોતિ? સમજાય છે કે નહીં? આ દેહાદિ પ્રાણ, પાંચ ઈન્દ્રિય અને મન, વાણી અને કાયા એ તો જડ છે. શ્વાસ જડ છે અને આયુષ્ય જડ છે. એ તો દસેય જડ છે. તે તો જડના અસ્તિત્વમાં છે. પોતાની પર્યાયના અસ્તિત્વમાં નથી. તો તેનું જીવવું કહેવું એ તો એમાં નથી એ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. પોતાની યોગ્યતાથી પાંચ ઈન્દ્રિયના જ્ઞાનથી જીવે પાંચ ઈન્દ્રિયના જ્ઞાનથી અને વીર્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખંડ ખંડ એક સમયની પર્યાય મન-વચન ભાવપ્રાણની એ અશુદ્ધ નિશ્ચયથી જીવન છે. એ દુઃખદાયક જીવન છે. એ ખરેખર શુદ્ધ જીવનું જીવન એ નથી. ચીમનભાઈ! આ તો જીવમાં પણ જીવનની વ્યાખ્યા. આહાહા!

શુદ્ધનિશ્ચયથી જીવે છે એમ ક્યારે કહેવામાં આવે છે? પર્યાય પરિણમે તો એમ કહે છે. આમ તો ત્રણેકાળ શુદ્ધ છે. એમા શું પણ? પર્યાયમાં આવ્યા વગર આ શુદ્ધ ધ્રુવ છે એમ કોણે જાણ્યું? જુઓ, આત્મા જ્ઞાન-આનંદ શુદ્ધ ભાવપ્રાણશકિત બધી પડી છે એમ જાણવામાં ક્યારે આવ્યું? કે તે તરફની દૃષ્ટિ કરીને જ્ઞાન-દર્શન-આનંદની પર્યાયના, સર્વગુણની પર્યાયના, વ્યકતની પર્યાય પ્રગટ થઈ તો તે શુદ્ધ નિશ્ચયથી પોતાના પ્રાણથી જીવે છે. તેને જીવ કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

આ તો ચોખ્ખી સત્ય વાત છે. તેમાં કાંઈ ગરબડ-ગરબડ છે નહીં. સમજાય છે કાંઈ? આયુષ્યથી જીવવું, પ્રાણથી જીવવું એ તો પર પર્યાય જડ છે. તે પોતાની પર્યાયના અસ્તિત્વમાં તો છે નહીં. માટે અસદભૂત કહ્યું. છે નહીં માટે અસદભૂત કહ્યું. દસ પ્રાણ જે અશુદ્ધ છે તે પોતાની પર્યાયમાં છે. તે અશુદ્ધ નિશ્ચય, ત્રિકાળ નિશ્ચયની અપેક્ષાએ તે પણ વ્યવહારમાં જાય છે. સમજાય છે કાંઈ? આ અસદ્‌ભૂત વ્યવહાર દસપ્રાણ જડ, ઉપચરિત સદ્‌ભૂત છે. અશુદ્ધ નિશ્ચયથી ઉપચરીત સદ્‌ભૂત છે. ખરું સદભૂત તો પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય તે સદભૂત છે. સમજાય છે કાંઈ?

અહીં તો નિશ્ચયનો આશ્રય કરીને જીવે તે નિશ્ચયપ્રાણથી જીવે છે એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે ભાઈ. એક વાત. **નિશ્ચયે ચિત્સ્વરૂપ હોવાથી,** બીજો બોલ આવ્યો ને? 'જીવોતિ હવદિ ચેદા' હવે ચેદાની વ્યાખ્યા આવી. પહેલી 'જીવોતિ હવદિ' એનો અર્થ કર્યો. આહાહા! જીવ ચિત્સ્વરૂપ હોવાને લીધે, નિશ્ચયથી અભેદ ચિત્તસ્વરૂપ કહ્યું. ભગવાન આત્મા ચેદા છે. ચિત્સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ છે, આનંદ-દર્શન સ્વરૂપ છે. હોવાથી ચેતયિતા છે તે નિશ્ચયથી છે. શું કીધું? ભગવાન ચિત્સ્વરૂપ જ છે. જ્ઞાન સ્વરૂપ છે, દર્શન સ્વરૂપ છે તે નિશ્ચયથી છે. કારણ કે અભેદ થયું. પરિણમે ત્યારે ખરેખર છે ને. પર્યાયમાં પરિણમ્યા વિના આ ચિત્તસ્વરૂપ છે એમ કયાંથી આવ્યું? દ્રવ્ય તો છે જ. સમયસાર છઠી ગાથામાં આવ્યું નહીં? આપ શુદ્ધ કોને કહો છો? મહારાજ!

આપ શુદ્ધ કોને કહો છો? પરદ્રવ્યનું લક્ષ છોડીને પોતાના શુદ્ધ ભગવાન આત્માની સેવા કરે તેને શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાયના વેદનવાળાને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શુદ્ધ તો છે જ પણ દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે પણ શુદ્ધની પરિણતિ પર્યાય પ્રગટયા વિના આ શુદ્ધ છે તેવું પ્રતીતમાં કયાંથી આવ્યું? પરિણતિ છે અશુદ્ધ ને આ શુદ્ધ છે તેમ કેવી રીતે કહેવાય? પ્રતીતમાં તો હજી આવ્યું નથી. શું કહ્યું સમજણમાં આવ્યું? ફરીને, એમ આપણે કાંઈ ઝટ મૂકી દેતા નથી. આ આત્મા ભગવાને એમ કહ્યું - સમયસાર છઠ્ઠી ગાથા ''**एवं भजंती शुद्धम**'' તો શુદ્ધ કોને કહે છે આ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે શુધ્ધ એને કહે છે કે પરદ્રવ્યનું લક્ષ છોડીને, પરદ્રવ્યથી હઠીને, પોતાના આત્માની સેવા, ઉપાસના, અભિલાષા કરે. પરદ્રવ્યનું લક્ષ છોડીને પોતાના આત્માની સેવા કરે **उपासना अभिलाष्यते** તેને શુધ્ધ કહેવામાં આવે છે. એનો અર્થ શું? છઠ્ઠી ગાથામાં છે. પરનું લક્ષ છોડીને, કયાં ગયુ સમયસાર? હિન્દી છે કે ગુજરાતી? **एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनापास्यमानः शुद्ध इत्यभिलायते.**

શું કહે છે જુઓ. પહેલાં શબ્દ પાકો કરીએ. પછી તેનો અર્થ. આ ભગવાન આત્માને એષ આત્માને એવ અશેષ. પોતાના સિવાય અશેષ દ્રવ્ય જો કર્મ શરીર આદિ પર છે તેનાથી દ્રવ્યાંતર, પોતાના દ્રવ્યથી અનેરું દ્રવ્ય તેનાથી ભાવેભ્યોં તેના ભાવથી ભિનત્વેન ઉપાસમાન પરના ભાવથી ભિનત્વેન ઉપાસમાનઃ પરથી ભિન્ન થઈને પોતાના સ્વભાવથી ઉપાસમાનઃ **शुद्ध इतियभिलप्यते** પોતાની સેવા કરી એટલે શુધ્ધ ચૈતન્યમાં એકાગ્ર થયો તો શુધ્ધ આનંદ આદિ પ્રગટ થયા એ પર્યાયવાળાને આ શુધ્ધ છે એવા દ્રવ્યની દૃષ્ટિ થાય છે. વસ્તુ શુધ્ધ છે. આહા! શુધ્ધ છે એવું પર્યાયમાં આવ્યા વગર પ્રતીતમાં કયાંથી આવ્યું? ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? આ વાત તો ઘણી વાર કરી છે. રાજકોટમાં પણ ખૂબ થઈ છે. શુધ્ધ, પરમાત્મપ્રકાશમાં પણ આવે છે. બહુ લીધું છે. આ આત્મા શુધ્ધ છે. શુધ્ધ છે કોને પ્રાપ્ત થયો. શુધ્ધ છે એમ ધારણા કરી. આત્મા દ્રવ્ય છે, શુધ્ધ છે એમ ધારણા કરી વસ્તુ શુધ્ધ છે તેમ પ્રતીતમાં ન આવ્યું, પણ દ્રવ્યાંતરેભ્યો પૃથક ઉપાસમાનઃ પરદ્રવ્યથી ભિન્ન થઈને જેવું પરદ્રવ્યનું લક્ષ હતું, તેનું લક્ષ છોડીને સ્વદ્રવ્યમાં લક્ષ કરીને ઉપાસમાનઃ આત્માની સેવા કરી તો શુધ્ધતા પ્રગટ કરી તો તેનું દ્રવ્ય શુધ્ધ છે તેમ પ્રતીતમાં આવે છે. બીજાને પણ વસ્તુ ખ્યાલમાં આવ્યા વગર કોની પ્રતીત કરે? આહાહા! સમજાય છે કાંઈ?

એમ કહે છે. **द्रव्यान्तर भावेभ्यो** એટલે પરદ્રવ્યના ભાવો. પરદ્રવ્ય અને તેના ભાવો ઉદય આદિકર્મ છે ને? તે પરદ્રવ્યના ભાવ છે. તેનું લક્ષ છોડીને ઉપાસમાનઃ ભગવાન શુધ્ધ દ્રવ્ય છે ગુણ ત્રિકાળી પવિત્ર તેની સેવના, સેવના તો પર્યાય થઈ. **उपास्यमानः शुद्धइत्यभिलाप्यते** ઉપાસમાન તો પર્યાય થઈ. પરદ્રવ્યનું લક્ષ છોડીને ભગવાન દ્રવ્ય શુધ્ધ ચૈતન્ય છે એવી દ્રવ્યદષ્ટિ થઈ તો પર્યાયમાં શુધ્ધતા થઈ. શુધ્ધતા થઈ તો તે શુધ્ધતા દ્વારા નક્કી થયું કે આખું દ્રવ્ય શુધ્ધ છે. તે વિના પ્રતીત કેવી રીતે થઈ? શુધ્ધતાનો અંશ આવ્યા વગર આ શુધ્ધ આખું દ્રવ્ય છે તેમ પ્રતીતમાં કેવી રીતે આવશે? સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! એમ ત્યાં કહે છે.

ભગવાન આત્મા ચેતયિતા છે. ચેતયિતા છે તે ચેતયિતાની દષ્ટિ, પરિણતિ થયા વગર ચેતયિતાનો કયાંથી ખ્યાલ આવ્યો? ચેતયિતા છે ચેતયિતા છે પણ છે રાગની એકતા. અને (કહે કે) આત્મા ચેતયિતા છે પણ આત્મા ચેતયિતા તે કેવી રીતે ખ્યાલમાં આવ્યો?

રાગ! એ આગળ કહેશે પ્રભુ! રાગરૂપી કર્મ ચેતના છે, તેની એકતા છે ત્યાં આ આત્મા ચેતયિતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ કેવી રીતે ખ્યાલમાં આવ્યો? એ તો રાગની ચેતયિતા થઈ. સમજાય છે કાંઈ? તો રાગનું કર્મ ચેતયિતા તો છે નહીં. ચેતયિતા જ્ઞાન-દર્શન ઉપરાંત જે ચેતયિતા છે તેની એકતા થઈને ચેતયિતાની પરિણતિ પ્રગટ થાય ત્યારે આત્મા ચેતયિતા છે એમ પ્રતીતમાં આવે છે. સમજાય છે કાંઈ?

એ નિશ્ચયથી વાત કરી. વ્યવહાર ભાષા જુઓ. વ્યવહાર સદભૂત વ્યવહાર છે તે જુઓ. તે દસપ્રાણનો અસદભૂત વ્યવહાર હતો. આ આત્મા ચેતન શકિતવાળો છે. ભેદ થયો ને વ્યવહાર? ચેતવાવાળો છે. ચેતયિતા તેનો વ્યવહારથી ચિત્તશકિતયુકત. ચિત્તશકિતયુકત તે વ્યવહાર થઈ ગયો. વસ્તુ, જીવ ચેતનશકિતયુકત, પહેલાં કહ્યું'તું કે જીવ ચેતન સ્વરૂપ, જીવ ચેતન સ્વરૂપ, તે નિશ્ચય અભેદ થઈ ગયો. આ ભેદ થયો. જીવ ચેતન શકિત યુકત, જીવ એક થયો અને ચેતનશકિતયુકત તે ભેદ થઈ ગયો. વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? આ સદભૂત વ્યવહાર છે. કેમ કે પોતાની પર્યાયમાં ભેદ છે. સમજાય છે કાંઈ? પરની પર્યાયમાં નહીં. જેમ અશુધ્ધ પ્રાણ કહ્યું એવી આ ચીજ નથી. ચેતનશકિતયુકત. આ ચેતનશકિત રહિત છે. ભગવાનઆત્મા ચૈતન્યશકિત સંપન્ન છે. ચૈતન્યશકિત સ્વરૂપ છે તે તો નિશ્ચય થયું. પણ ભગવાન આત્મા ચૈતન્યશકિત એટલે ગુણી-ગુણ યુકત છે, ભેદ થઈ ગયો. સદ્‌ભૂત વ્યવહાર થઈ ગયો. આરે! આ વ્યવહાર હજી! સમજાય છે કાંઈ?

(શ્રોતા :- તે પ્રગટ થાય ત્યારે ખ્યાલ આવે) ત્યારે ખ્યાલ આવે ને? ત્યારે હેય મનાય ને? ભેદનું લક્ષ છોડીને અભેદમાં આવ્યો તો આ ચૈતન્યશકિતયુકત છે. એવી દષ્ટિ થાય તો પર્યાયમાં સદભૂત વ્યવહાર પ્રગટ થયો. સમજાય છે કાંઈ? કે આ ગુણી, ગુણવાળા છે. ગુણી રાગવાળા નહીં. ભગવાનઆત્મા રાગવાળો નથી, વિકારવાળો નથી, કર્મવાળો નથી. ચૈતન્યશકિતયુકત છે. ચૈતન્યશકિતયુકત ભેદ થઈ ગયો. તેને અહીંયા તેમાં છે માટે સદભૂત કહે છે અને ભેદ થઈ ગયો માટે વ્યવહાર, સદભૂત તેમાં છે માટે અને ભેદ પડયો માટે વ્યવહાર (કહે છે.) સદભૂત વ્યવહારનયથી ચૈતન્યશકિતયુકત આત્મા છે. એમ જાણવામાં આવે છે, કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

ચિતશકિતયુકત આવ્યું ને? ઓલામાં જીવ આવ્યું'તુ કે નિશ્ચયથી ચિત્‌સ્વરૂપ છે. ચિત્‌સ્વરૂપ એમ આવ્યું. ચિત્‌સ્વરૂપ છે તો નિશ્ચય થઈ ગયો. ચૈતન્યશકિતયુકત છે તો વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? આ તો સાદી ભાષા છે. એમાં કાંઈ એવુ નથી. ભગવાનઆત્મા ચૈત્યસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ લેવું એ તો નિશ્ચય થઈ ગયો. અભેદ થઈ ગયો અને ચિત્‌શકિતયુકત છે. દ્રવ્ય - જીવદ્રવ્ય, ચિત્‌શકિત, ગુણશકિતયુકત છે. ચિત્‌શકિતયુકત છે, સદભૂત વ્યવહાર થઈ ગયો. એ રાગયુકત છે અને કર્મ સહિત છે એમ છે નહીં. સમજાય છે કાંઈ? એ ચેતયિતાની વ્યાખ્યા કરી. ચેદા. પહેલાં જીવની વ્યાખ્યા કરી પછી ચેદાની વ્યાખ્યા કરી.

હવે ઉપયોગની વ્યાખ્યા કહે છે. 'ઉપયોગ' જુઓ, આ જીવ આવો છે એવી વ્યાખ્યા કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ જીવ જીવ કહે છે ને વેદાંત આદિ અભેદ છે ને જીવ છે ને કુટસ્થ છે ને સમજયા એમ છે નહીં એમ અહીંયા કહે છે. એક છે, અભેદ છે, સર્વવ્યાપક છે. વેદાંતની વાત ખોટી કેમ છે એ અહીંયા સિધ્ધ કરે છે ને? એમ ખોટી કહે તે પાલવે? આવો જીવ છે તેનાથી વિરૂધ્ધ કહે તો તે બધું ખોટું છે. ગુણવાળો છે એમ કહે તો તે તો ભેદ થઈ ગયો, વ્યવહાર થઈ ગયો એમ તો માનતા નથી. પર્યાયને તો માનતા નથી, કુટસ્થ માને છે. કુટસ્થ માને તો કાર્ય શું થયું? કૂટસ્થ માને તો એવું જાણ્યું કોણે કુટસ્થમાં પરિણમન તો છે નહીં. તો પરિણમન વિના આ શુધ્ધ છે એમ કોણે જાણ્યું? સમજાય છે કાંઈ?

બધું મિથ્યા છે. એમ જાણે પણ આ સાચું છે ને એ ખોટું છે એ કયા પ્રકારે છે એમ ખ્યાલમાં તો આવવું જોઈએ ને? એમ ખોટું ખોટું કીધા કરે ને અમારો મત સાચો ને તમારો મત ખોટો. પણ કઈ અપેક્ષાએ? ભગવાનઆત્મા પણ તેના ભાન વિના ભગવાન કેવી રીતે સાચો થયો? એય! મારો ભગવાન સાચો પણ આ જાગ્યા વિના ભગવાન સાચો કયાંથી આવ્યો? એય! પોતામાં ચિત્શકિતયુકત હું આત્મા છું અને ચેતન ગુણ છે અને ગુણી દ્રવ્ય છે. એવી વસ્તુ છે. એકલા ગુણી કહેવું, દ્રવ્ય કહેવું, દ્રવ્ય કહેવું પણ દ્રવ્યનો કોઈ સ્વભાવ છે કે નહીં? દ્રવ્ય તો એક વસ્તુ થઈ. સ્વભાવ વિના દ્રવ્ય હોય? દ્રવ્ય તો સ્વભાવવાન થયો, દ્રવ્ય તો સ્વભાવવાન. તો સ્વભાવવાનનો સ્વભાવ શું? વેદાંત કહે કે, સ્વભાવને સ્વભાવવાન એવું કહે શું? નહીં, દ્વૈત થઈ ગયું. દ્વૈત થઈ ગયું નહીં. સમજાય છે કાંઈ? એમ છે. તું ન માન માટે બીજી ચીજ થઈ જાય છે? ચૈતન્યશકિતયુકત છે. પરદ્રવ્ય સહિત નહીં, રાગ સહિત નહીં, કર્મ સહિત નહીં. પણ ચૈતન્યશકિત સહિત છે. સમજાય છે કાંઈ?

હવે ઉપયોગ. ત્રીજો બોલ ચાલે છે. **નિશ્ચયથી અપૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ** ઉપયોગ દ્વારા જુઓ. ઉપયોગને અહીંયા પરિણામ કહ્યું છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ, ઉપયોગનું લક્ષણ છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ ચૈતન્યને અનુસરીને થતા પરિણામ તેને ઉપયોગ કહે છે. અહીંયા પરિણામ પર્યાયને કહે છે. નિશ્ચયથી અપૃથગ્ભૂત. ભગવાનઆત્મા જીવથી જુદો નથી અપૃથગ્ભૂત નથી. જુદો નથી. એમ નીચે છે જુઓ.

**નિશ્ચયે ચિત્શકિતને આત્મા સાથે અભેદ છે અને વ્યવહારે ભેદ છે; તેથી નિશ્ચયે આત્મા ચિત્શકિતસ્વરૂપ છે અને વ્યવહારે ચિત્શકિતવાન છે.** હવે ઉપયોગ. **અપૃથગ્ભૂત=અપૃથક્; અભિન્ન. (નિશ્ચયે ઉપયોગ આત્માથી અપૃથક્ છે અને વ્યવહારે પૃથક્ છે.)** આહાહા! વ્યવહાર અહીં પૃથક થઈ ગયો. સદભૂત વ્યવહાર પણ થઈ ગયો. આશ્રય કરવા લાયક નથી. ગુણી અને ગુણ એવો ભેદ પણ આશ્રય કરવા લાયક નથી. આશ્રય તો એકલા અભેદનો આશ્રય કરવો. સમજાય છે કાંઈ?

'વ્યવહાર અભૂયત્થો' છે આવ્યું ને? વ્યવહાર અભૂતાર્થ છે. ૧૧મી ગાથા. સદભૂત વ્યવહાર પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસત્યાર્થ છે. અભેદ વસ્તુ છે. ગુણદ્વારા, લક્ષણ દ્વારા લક્ષ, લક્ષણ દ્વારા લક્ષ તે પણ વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? જ્ઞાન દ્વારા દ્રવ્ય એવો ભેદ પડયો તે પણ વ્યવહાર થઈ ગયો. તે અભૂતાર્થ છે. ભૂયત્થો દેસીદો શુધ્ધો. ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક તેનો આશ્રય કરવાથી, અભેદનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? વ્યવહાર બ્યવહાર કયાં ગયા? જ્ઞાનમાં જાણવા લાયક છે. શકિતરૂપ ગુણરૂપ છે તે જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા! એય!

(મુમુક્ષુ :- નમૂનો જ કયાંય નથી) આહાહા! સેમ્પલ કહે છે એ ને? નમૂનો. વાનગી અંદર છે વાનગી બહાર કયાંથી આવી? આહાહા!

અહીં તો કહે છે કે તારે જીવને જાણવો હોય તો ઉપયોગ સ્વરૂપ એવું જાણો તો યથાર્થ નિશ્ચય. ઉપયોગવાળો જીવ કહો તો ગુણ-ગુણીવાળો ભેદ એ વ્યવહાર થઈ ગયો. રાગ વ્યવહાર ગુણ-ગુણીના ભેદ હોય તો વિકલ્પ ઊઠે છે. સમજાય છે કાંઈ? આહાહા! ખરેખર અપૃથગ્ભૂત એટલે ભિન્ન નથી એવા ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ, ચૈતન્યના પરિણામસ્વરૂપ ઉપયોગ. જુઓ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પરિણામ છે. ચૈતન્યના પરિણામ છે, ગુણ નહીં. ઉપયોગ જે છે એ ચૈતન્યગુણનું પરિણમન પર્યાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન પણ ચૈતન્યગુણ જે ત્રિકાળી છે તેના પરિણામ છે, પર્યાય છે. એ પરિણામને ઉપયોગ કહે છે. ભારે વાત!

ભગવાન આત્મા દ્રવ્ય છે તેનો ચૈતન્યગુણ છે. ચૈતન્યગુણના જે પરિણામ છે તે પરિણામને ઉપયોગ કહે છે. એ પરિણામ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ. સમજાય છે કાંઈ? અરે મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવધિ એ પણ ચૈતન્યપરિણામ છે. અને ચાર દર્શન બારેય જીવના પરિણામ છે. બાર ઉપયોગ ગુણનું પરિણમન છે. ગુણની પર્યાય છે. ગુણ નહીં. આહાહા! ભારે વાત! સમજાય છે કાંઈ?

નિશ્ચયથી ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ, જાણવા-દેખવાની પર્યાય તો ચૈતન્યસ્વરૂપનું પરિણામ છે. જાણવું-દેખવું રાગથી ઉત્પન્ન થાય છે? નિમિત્તથી ઉત્પન્ન થાય છે? જયાં ચૈતન્ય ભગવાન છે એને અનુસરીને પરિણામ ઉત્પન્ન થાય છે. ચૈતન્યને અનુસરીને પરિણામ થયા. ચૈતન્ય અનુવિધાયી પરિણામઃ દ્રવ્ય ચૈતન-ચૈતન્યગુણ તેના પરિણામ ઉપયોગ. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા. શું કહે છે? ચૈતનદ્રવ્ય-ચૈતન્યગુણ, ચૈતન્યને અનુસરીને થયા તો ચૈતન્યગુણનું અનુસરણ થઈ ગયું. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ દ્રવ્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. કોઈ નિમિત્તથી ને સાંભળવાથી ઉપયોગ આવતો નથી. એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

એની તો અહીં વાત પણ કયાં છે જ્ઞાનાવરણીયની? અહીં તો ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામ તે પોતાથી થાય છે, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો પરિણામ થાય છે એમ છે પણ નહીં.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ તો પર ચીજ છે. સમજાય છે કાંઈ? આ સાંભળવાથી ચૈતન્યના પરિણામ થતા નથી એમ અહીં તો કહે છે. એ તો પરાવલંબી ઉપયોગ છે. આહાહા! અલિંગગ્રહણના ૨૦ બોલમાં આવી ગયુ છે અલિંગગ્રહણમાં. ઉપયોગ છે તેને બાહ્ય જ્ઞેયનું અવલંબન નથી. જ્ઞેયના અવલંબનથી જે ઉપયોગ છે તે ઉપયોગ આત્માનો નથી. અલિંગગ્રહણના વીસ બોલ આવ્યા. અલિંગગ્રહણ. અહીંયા હમણા ચાલી ગયું છે. સમજાય છે કાંઈ?

સાતમો બોલ :- ઉપયોગ તેને કહે છે કે તે ઉપયોગને બાહ્ય જ્ઞેયનું આલંબન નથી. બાહ્ય જ્ઞેયના આલંબનવાળા ઉપયોગને ઉપયોગ કહેતા નથી યથાર્થ. આહાહા! ભારે વાત ભાઈ! અલિંગગ્રહણ. સમજાય છે કાંઈ? વીસ બોલમાં સાતમો બોલ છે ને? અલિંગગ્રહણ, અલિંગગ્રહણમાં એમ છે ને? હમણાં જ ચાલ્યા હતા વીસ બોલ. કે આત્મા ઈન્દ્રિયોથી જાણે એવો આત્મા છે નહીં. લિંગ છે ને? લિંગ, અલિંગગ્રહણ. લિંગ એટલે ઈન્દ્રિયોથી જાણે એવો આત્મા છે જ નહીં. એને આત્મા કહેતા જ નથી. અરે! અહીંયાની વાત છે, સિધ્ધ તો સિધ્ધમાં રહ્યા. એય! એમાં લખ્યું હતું, કાલે આવ્યું હતું. સમયસારમાં એમ કહ્યું હતું. સમયસારમાં સિધ્ધની વાત છે. અરે ભગવાન! ઉમાસ્વામીથી સમયસાર વિરૂધ્ધ થાય છે. અરે વિરૂધ્ધ નથી સાંભળ તો ખરા. આચાર્યોના કથન પૂર્વાપર વિરોધ રહિત જ છે. કયાંય પણ દિગંબર સંતોના કોઈ પણ શાસ્ત્રો હો! પૂર્વાપર વિરોધ છે જ નહીં. યથાર્થ કથન. કથનની પધ્ધતિમાં ફેર હોય પણ તે (વસ્તુના)ભાવમાં ફેર નથી. સનાતન સત્ય સિધ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

ઈન્દ્રિયોથી જાણવામાં આવે તે ઉપયોગ નહીં. આત્મા ઈન્દ્રિયોથી જાણવામાં આવતો પણ નથી. અને આત્મા, સમજાય છે કાંઈ?

ઈન્દ્રિયોથી જાણવામાં આવતો નથી એમ કહે છે. પોતાના ઉપયોગથી જાણવામાં આવે છે. આહાહા! ત્યાં લીધું ને ૩૧મી ગાથામા. સમયસાર 'જે ઈન્દ્રિયો જીણીતાં' સમયસાર એકત્રીસ ગાથા. જે ઈન્દ્રિયો જીણીતાં **णाण सहावं अधियं मुणदि आद** જે કોઈ દ્રવ્ય ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય ખંડ ખંડ અને ઈન્દ્રિયનો વિષય બધાને ઈન્દ્રિય કહ્યું છે. તેને જીણીતા લક્ષ છોડીને **णाणं स्वभावं अधियं** પોતાના જ્ઞાન સ્વરૂપથી ભિન્ન છે. ખંડજ્ઞાન, જડ ઈન્દ્રિય અને વિષય. ભગવાનની વાણી પણ વિષય છે. આહાહા! ભગવાનની વાણી ઈન્દ્રિયમાં જાય છે. શું કહે છે? ભગવાનની વાણી છે ને વાણી દિવ્યધ્વનિ તે પણ ઈન્દ્રિયમાં જાય છે. અને આ જડઈન્દ્રિય-ઈન્દ્રિય અને તે ઈન્દ્રિય-વિષય ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય ખંડ ખંડ ઈન્દ્રિય-ઈન્દ્રિય તે ત્રણથી ભિન્ન આત્મા છે. જ્ઞાનસ્વભાવ ઈન્દ્રિય એનું નામ જીણીતા કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

પોતાનો આત્મા શુધ્ધ ઉપયોગથી જાણવામાં આવે છે. અનુમાનનો વિષય આત્મા નથી. અનુમાનનો વિષય નથી. અનુમાનથી જાણવામાં આવે છે બીજા દ્વારા એવો પણ આત્મા નથી. પોતાનો આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનુમાન કરવાવાળો છે તે પણ આત્મા નથી. આહાહા! ભારે વાત! અલિંગગ્રહણના બોલ હમણા ચાલી ગયા છે. પછી સાતમા બોલમાં લીધું. સમજાય છે કાંઈ?

નિરાલંબી ઉપયોગનું આલંબન નથી. ત્રીજા બોલમાં અનુમાનથી જાણવામાં આવે એવો આત્મા નથી. ચોથા બોલમાં બીજાઓ દ્વારા અનુમાનથી જાણવામાં આવતો નથી. પાંચમામાં પોતાનો આત્મા અનુમાન કરવાવાળો નથી. છઠામાં પોતાનો આત્મા પોતાથી જ જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. સાતમામાં એ આવે છે. ઉપયોગ પરજ્ઞેયનું અવલંબનવાળો નથી. પોતાનો ઉપયોગ પોતાથી પ્રગટ થાય છે તેને ઉપયોગ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**અપૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ,** જુઓ પર્યાય લીધી. કેવળજ્ઞાન પણ ચૈતન્યપરિણામ છે, ગુણ નહીં. અરે! સિદ્ધની પર્યાય પણ પર્યાય છે ગુણ નહીં. સિદ્ધમાં આઠ ગુણ પ્રગટ થાય છે ને? આઠ કર્મનો નાશ અને આઠ ગુણ પ્રગટ થાય છે. ગુણનો અર્થ પર્યાય. ગુણ ક્યાં પ્રગટ થાય છે? ગુણ તો ત્રિકાળી વિદ્યમાન છે. પર્યાયમાં પ્રગટ થાય તેને ગુણ કહે છે. પર્યાય પ્રગટ ન થાય તેને અવગુણ કહે છે. છે તો તે પણ પર્યાય. તેને અવગુણ કહે છે અને પર્યાય પ્રગટ થાય તેને ગુણ કહે છે. ગુણ પ્રગટ થાય છે? ગુણ તો ત્રિકાળી છે. દ્રવ્ય ને ગુણ તો કુટસ્થ ધ્રુવ ત્રિકાળી વિદ્યમાન છે. સમજાય છે કાંઈ?

પર્યાયનું ચૈતન્યનું પરિણમન છે તેને ઉપયોગ કહે છે. વસ્તુની સ્થિતિ એવી છે તેની તો ખબર નથી. સમજાય છે કાંઈ? નહીં, કેવળજ્ઞાન વજ્રનારાચ સંહનન નિમિત્ત હોય તો થાય છે. મનુષ્યદેહ હોય તો કેવળજ્ઞાન થાય છે. અરે સાંભળને! પરદ્રવ્યનું જ્ઞાન કરાવવાની વાત છે.અહીં તો ચૈતન્યના પરિણામ તે ઉપયોગ એમ કહ્યું છે. ચૈતન્યના પરિણામ દ્રવ્યને અનુસરીને થાય તેને ઉપયોગ કહે છે. ચૈતન્યને અનુસરીને થાય છે, સંહનનને અનુસરીને કેવળજ્ઞાન થાય છે? ભારે વાત ભાઈ! નિમિત્ત છોડવું ભારે કઠણ! (આ પ્રવચન અધુરું છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# સળંગ પ્રવચન નં. ૩૧, ગાથા-૨૭
# પ્રવચન નં. ૩૦
# તા.૧૪/૧૨/૬૯, માગશર સુદ-૬, રવિવાર

આ પંચાસ્તિકાય ૨૭ ગાથા. પ્રભુત્વનો અધિકાર ચાલે છે. શું કહે છે? નિશ્ચયે, ખરેખર આત્મા ભાવકર્મરૂપી જે પુણ્ય-પાપના જે વિકલ્પો વિકાર છે તેને કરવામાં સમર્થ છે અને ભાવકર્મરૂપ આસ્રવ કરવામાં પણ સમર્થ છે. ભાવકર્મ જે પુણ્ય-પાપના વિકલ્પો છે તેને કરવામાં સમર્થ છે. ઈશ્વર છે - પ્રભુ છે. વિકારી ભૂલ કરવામાં આત્મા પ્રભુ છે. એમાં સમર્થ છે. ઈસત્વાત છે ને? સંસ્કૃત 'સ્વયમીશત્વાત્ પ્રભુઃ' પોતે સમર્થ છે. કર્મ છે માટે ત્યાં વિકાર થાય છે એમ નથી. છે? સમજાણું કાંઈ? આત્મા આનંદ, જ્ઞાનાનંદ ને સહજાનંદસ્વરૂપ હોવા છતાં, મિથ્યાત્વનો રાગ-દ્વેષનો વિકાર કરવામાં સ્વયં ઈસત્વ નામ સમર્થ છે. માટે તેને પ્રભુ કહેવામાં આવે છે. એના વિકારી પરિણામનું સામર્થ્ય કરવામાં સમર્થ પોતે છે. સમજાણું કાંઈ?

એ કોણે કહ્યું? નિમિત્તનું કહેશે. નિમિત્તનો વ્યવહારે કર્તા છે એમ કહેશે. નિમિત્ત એટલે પોતે ચીજ તો એનામાં પોતામાં થાય છે. પણ અહીં નિમિત્તપણું છે એટલે વ્યવહારે કર્તા કહેશે. એ અસદભૂત વ્યવહારનયે. વાત જરા એવી છે. સમજાય છે કાંઈ? મિથ્યાભ્રાંતિ કરે કે પુણ્યમાં ધર્મ છે, પુણ્ય-પાપના પરિણામમાં સુખ છે, પર વસ્તુમાં સુખ છે એવો મિથ્યાત્વભાવ કરે પણ એ મિથ્યાત્વભાવ કરવામાં સમર્થ ઈસત્વ છે. એમાં ઈશ્વરપણું છે. એય! કનુભાઈ! એ પોતે છે ચિદાનંદસ્વરૂપ, જ્ઞાનાનંદ, સહજાનંદ એવો છતાં નિગોદમાં પણ હો, એકેન્દ્રિયમાં હો, તો પણ કહે છે કે એ વિકાર કરવામાં સમર્થ જીવ પોતે છે. એના સમર્થને માટે બીજાનો સહારો લેવો પડે એમ નથી. સમજાણું કાંઈ?

આ તો તમારે મોટો વાંધો આવે. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય, હેં? છઠી સાલમાં મોટી તકરાર હતી. ભગવાન એમ કહે છે- ત્યાં છઠ્ઠી સાલમાં પાલીતાણામાં તકરાર હતી.રામવિજય. તમે કહો છો કે વિકારથી આત્મા રખડે છે. ભગવાન કહે છે કે કર્મને લઈને રખડે છે. કરો ચર્ચા. તમારી હારે પણ ચર્ચા થઈ હતી. આ એનો શિષ્ય છે. પૂર્વ નયની, પૂર્વનયની કીધી ને? આ તો રામવિજયના શિષ્ય હતા. રામવિજય ન્યાં હતા ત્યારે તકરાર થઈ હતી. તમે કહો છો વિકાર આત્મા કરે તે સ્વતંત્ર છે, એને લઈને, વિકારને લઈને જીવ રખડે છે. ભગવાન ત્રિલોકનાથ ઉપકારી એમ કહે છે કે કર્મને લઈને રખડે છે. રખડે સમજો છો? ચારગતિમાં રખડે છે. એમ બિલકુલ છે નહીં.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતાના અપરાધના ભાવનો કરવા સમર્થ જીવ છે. લ્યો, આ વાત તો મેં એકોતેરમાં કરી હતી. એકોતેર. ભગવતી વાંચતો હતો ભગવતી. એકોતેર, ચોપન વર્ષ થયા. ભગવતીના પહેલા શતકનો ત્રીજો ઉદ્દેશ વાંચતો હતો તેમાં આવ્યું હતું. વિકાર કરવામાં પણ સમર્થ છે ને વિકાર ટાળવામાં પણ જીવ સમર્થ છે. એના માટે બીજાની જરૂર નથી. સમજાય છે કાંઈ? ખળભળાટ તો થઈ ગયો બહાર, એકોતેર, ચોપન વર્ષ થયા. ભગવતી સૂત્રમાંથી લીધું હતું. વિકાર કરવામાં જીવ સમર્થ છે. પોતાને લઈને બીજાની અપેક્ષા વિના અને વિકાર ટાળવાને ઉપશમ કરવા,પહેલો બોલ કહ્યો હતો. વિકારનો ઉપશમ કરવો કે ટાળવો તેમાં જીવ પોતે સમર્થ છે. પરને લઈને એમાં છે નહીં. કહો, સમજાય છે કાંઈ? જૈનમાં કર્મ, કર્મ અંદર ગરી ગયું છે. કર્મને લઈને આત્મામાં વિકાર, કર્મને લઈને સંસાર, કર્મને લઈને ઉદય ભાવને કર્મને લઈને રખડે છે. એમ છે નહીં. માટે આ અધિકાર લીધો છે.

નિશ્ચય એટલે ખરેખર. નિશ્ચય છે ને? 'નિશ્ચયેન ભાવકર્મણા વ્યવહારેણ દ્રવ્યકર્મણાં' સંસ્કૃત છે એવો જ અર્થ નીચે છે. ખરેખર યથાર્થપણે, વાસ્તવિક દષ્ટિથી મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપનો ભાવ એ વિકારી પરિણામ છે જે દુઃખરૂપ છે. એનો કરવામાં જીવ પોતે સમર્થ છે. એને કોઈ પર કરાવે છે માટે કરે છે એમ છે નહીં. તો પરિણામ જ્યારે વિકારના કરવામાં સમર્થ છે તો એ દ્રવ્યનો કર્તા કોઈ બીજો પ્રભુ હોય, એમ હોઈ શકે નહીં. સમજાય છે કાંઈ? એ પહેલું કહેતા'તા. વિકારી પરિણામ પોતે કરવામાં સમર્થ છે તો એ પરિણામનો પ્રભુ, પોતે છે. તો એનો પ્રભુ બીજો કોણ હોય? સમજાય છે કાંઈ?

વસ્તુ દ્રવ્ય છે, પદાર્થ છે, હયાતિવાળું તત્ત્વ છે. એ પોતે પોતાના સ્વતંત્ર પરિણામ કરવાને સમર્થ પ્રભુ છે તો એની દ્રવ્ય ને ગુણની શક્તિને કોઈ બીજો કરે તે ત્રણકાળમાં બને નહીં. સમજાણું કાંઈ? એનો કોઈ કર્તા-ફર્તા છે નહીં. સમજાય છે કાંઈ? નિશ્ચયથી ભાવ કાર્યોનો કર્તા આસ્રવનો પોતે જીવ છે. એ ભાવકર્મોનો બંધ કરનાર પણ જીવ પોતે છે. આસ્રવ એટલે પરિણામનું થવું, બંધ એટલે કે આત્માનું ત્યાં અટકી જવું, રોકાઈ જવું. પુણ્ય-પાપના વિકલ્પમાં, મિથ્યાત્વમાં અટકી જવું એવો જે ભાવ બંધ. એ ભાવ બંધ કરવામાં પણ જીવ સમર્થ છે. પંડિતજી! આ તો સાદી ભાષા છે. થોડી થોડી ગુજરાતી સમજાય છે? સમજાય છે કાંઈ?

દ્રવ્યબંધની આ વાત નથી. ભાવકર્મ એનો બંધ કરવામાં જીવ સમર્થ છે. વિકારી પરિણામનો બંધ કરવામાં જીવ સમર્થ છે. આહાહા! દેખો, ઉપાદાન નિશ્ચય. નિમિત્ત હો, એ કોણે ના પાડી છે. પણ નિમિત્ત પોતે અહીં સમર્થ કરવામાં છે એમ છે નહીં. સમજાણું કાંઈ? દોષ પોતાની મેળે કરે? કર્મ વિના વિકાર થાય? કર્મ વિના વિકાર થાય તો સિદ્ધને થવો જોઈએ. એમ વળી પ્રશ્ન કરે. હેં? સ્વભાવ થઈ જાય. અરે! અહીં તો એની પર્યાયનું 'સ્વસ્ય ભવનમ સ્વભાવઃ' વિકારની પર્યાય 'સ્વસ્ય ભવનમ્' પોતાથી થાય છે. માટે તેનો સ્વામી અને તેનો પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? કર્મને જરી પણ એકેય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દોકડો આપવા જેવો નથી. નિમિત્ત છે એમ કહે.

અહીં તો બીજી વાત કહેશે. દ્રવ્યકર્મનો કર્તા વ્યવહારે પ્રભુ છે એમ કહેશે. કર્મ, રાગનો કર્તા વ્યવહારે એમ ભાઈ અહીં નથી લીધું. શું કીધું સમજાણું? નિશ્ચયથી રાગનો કર્તા જીવ વિકારનો પણ વ્યવહારે કર્તા કર્મ એ અહીં નથી લેવું. અહીં તો નિશ્ચયથી વિકારનો કર્તા પોતે એનો પ્રભુ, વ્યવહારે કર્મ જે આવે છે એનો નિમિત્ત તરીકે છે એટલે વ્યવહારે તેનો કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ, શૈલી જુઓ ઈ. નિશ્ચયથી વિકારી ભાવકર્મનો કર્તા અને કર્મ વ્યવહારે કર્તા એમ પણ અહીંયા તો નથી. બીજે ઠેકાણે લેવું હોય તો એમ લઈ શકાય, નિમિત્તપણું છે ને નિમિત્ત એટલે. નિશ્ચયથી તો પોતે જ કરે છે, ત્યારે નિમિત્ત કર્મ છે એટલે વ્યવહારે એનો કર્તા કહેવાય. અહીં એમ નથી લેવું.

અહીં તો એટલું છે કે, નિશ્ચયથી વિકાર, મિથ્યાત્વ, અજ્ઞાન ને રાગ-દ્વેષનો કર્તા પ્રભુ આત્મા અને એ આત્મા કર્મની જડની જે પર્યાય આવે એનો વ્યવહારે કર્તા. કેમ કે, નિમિત્ત છે એટલે વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિકારી પરિણામ ભગવાન પોતાની ચીજ તો અબંધ સ્વરૂપ છે. પણ પુણ્ય ને પાપના વિકલ્પો જે લાગણી દુઃખરૂપ રાગ તેમાં અટકવું તે માટે જીવ પોતે સમર્થ છે. તેના ભાવબંધમાં કોઈની સહાયથી અટકે છે એમ છે નહીં. સમજાણું કાંઈ? હવે એ ભાવકર્મનો સંવર કરનાર પ્રભુ પોતે છે. પુણ્ય-પાપ અને મિથ્યાત્વભાવ એને રોકવાને આત્મા સમર્થ પ્રભુ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરીને મિથ્યાત્વને અટકાવવારૂપ સંવરનો કરનાર આત્મા પોતે છે. સમજાણું કાંઈ? સંવર છે ભાવકર્મ -ભાવકાર્ય, પણ અહીં તો કહે છે કે ભાવકર્મનો સંવર કરનાર એમ. પુણ્ય-પાપના વિકલ્પોને અટકાવનાર. રોકનાર રોકે છે એ પણ પોતે અને અટકાવનાર પણ પોતે. પોતે સમજો છો ને? 'હું' પોતે આ. સમજાય છે કાંઈ?

વિકારી પરિણામને રોકવાવાળો પણ આત્મા છે. અને વિકારી કર્મ કરવાવાળો પણ સમર્થ પ્રભુ આત્મા છે. એમ સિદ્ધ કરવું છે. જૈનમાં તો જ્યાં હોય ત્યાં એ લાકડું. કર્મ હોય તો વિકાર થાય. બાપુ! અને જેટલા અંશે કર્મ ટળે તેટલા અંશે ધર્મ થાય. એ વાત તદ્દન જૂઠી છે એ વાત અહીં સિદ્ધ કરે છે. હેં? સમજાણું કાંઈ? ભાવકર્મનો સંવર કરવામાં સ્વયં સમર્થ પ્રભુ છે. મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવનો નાશ કરવામાં, અટકાવવામાં, ઉત્પત્તિ કરવામાં, અટકાવવામાં ભગવાન આત્મા સમર્થ છે. સમજાય છે કાંઈ? છે કે નહીં એમાં? આ તો તમારા ઘરની વાત છે. પહેલી પાછી.

શ્વેતાંબરમાં તો કર્મ, કર્મ. દિગંબરમાં પણ કર્મ, કર્મ ગરી ગયું'તું. સ્થાનકવાસીમાં પણ કહે કે કર્મને લઈને થાય, કર્મને લઈને થાય, કર્મ આત્માને રખડાવે. અહીં તો ભગવાન ના પાડે છે. તને ખબર નથી. ઊંધી ક્યાં તેં લીધી? આ રખડવાનો ભાવ, મિથ્યાત્વ આદિનો કરવા તું પ્રભુ સમર્થ છો. તારો કોઈ બીજો પ્રભુ છે નહીં. પર્યાયના સામથર્યવાળું દ્રવ્ય છે તો તે દ્રવ્યનો કોઈ પ્રભુ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તેમ સંવર. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અથવા મિથ્યાત્વ અવ્રત આદિ પરિણામ એને અટકાવવામાં પણ પ્રભુ પોતે સમર્થ છે. પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ છે એ ઉપર દૃષ્ટિ કરતાં, એમાં સ્થિર થતાં ભાવકર્મનો સંવર થઈ જાય છે. એ ભાવકર્મનો સંવર કરવામાં પણ આત્મા પ્રભુ ઈશ્વર છે. કહો, સમજાણું કાંઈ?

એમ નિર્જરા. ભાવકર્મોને ટાળવા, નિર્જરા કરવામાં પણ જીવ સમર્થ છે. શુભ-અશુભભાવ મેલ એને ટાળીને શુદ્ધિની વૃદ્ધિ કરવામાં પણ આત્મા સમર્થ છે. સંવરમાં શુદ્ધિ પ્રાપ્ત કરવામાં, ભાવકર્મનો અભાવ કરીને સંવર કરવાની તાકાતવાળો છે એ શુદ્ધિ અને નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ. અશુદ્ધતાનો નાશ કરવામાં જીવ સમર્થ છે. અશુદ્ધતાનો નાશ થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય એવી નિર્જરા કરનારો જીવ સમર્થ છે. સમજાય છે કાંઈ?

લ્યો, આ તો નવતત્ત્વની વાત ચાલે છે. હેં? જીવતત્ત્વ આસ્રવ કરવામાં પણ સમર્થ છે, જીવતત્ત્વ બંધ કરવામાં પણ સમર્થ છે અને જીવતત્ત્વ સંવર કરવામાં પણ સમર્થ છે. આવો જીવ છે એવો જીવ ન માને અને બીજી રીતે માને તો એ જીવતત્ત્વને માનતો નથી. સમજાય છે કાંઈ? છ કાયમાં પહેલાં જીવને લીધો છે ને? જીવોતિ હવઈ ચેદા, જીવોતિ હવઈ પ્રભુ. એમ લેવું. જીવોતિ હવઈ ચેદા, જીવોતિ હવઈ હુઓગમ વિશેષિદો, જીવોતિ હવઈ પ્રભુ! જીવ પ્રભુ! છે એમ કુંદકુંદઆચાર્ય મહારાજનું વચન છે. જીવ હોય છે પ્રભુ. જેમાં કે વિકારમાં, બંધ કરવામાં, બંધ એટલે અટકવામાં અને રોકવામાં, સંવર કરવામાં પણ આત્મા જીવો હવઈ પ્રભુ! જીવ પોતે પ્રભુ છે. આહાહા! સમજાય છે કાંઈ? પોતાના પુરુષાર્થથી સંવર થઈ શકે છે એમ કહે છે. બહારથી આમ સેવાના પચ્ચખાણ કર્યા ને સેવા થઈ ગઈ એમ સંવર-બંવર નથી. ભાવકર્મનો સંવર કરવામાં સમર્થ છે. સંવર એ કાર્ય છે પણ અહીં ભાવકર્મનો અભાવ કરવામાં જીવ સમર્થ છે.

કર્મનો અભાવ થાય તો અહીં ભાવકર્મનો અભાવ થાય એમ નથી. કહો, વજુભાઈ! તત્ત્વનું સ્વરૂપ જ આવું છે. જીવનું સ્વરૂપ જ આવું છે એમ કહે છે. આવો જીવ ન માને અને એ જીવને બીજા જીવનો કોઈ કર્તા માને અને જીવની પર્યાયનો બીજો કોઈ પ્રભુ થઈને કરાવે એમ માને તો એ જીવને એણે જાણ્યો નથી. સમજાય છે કે નહીં? જીવ-જીવો હવઈ, નિશ્ચયથી જીવો હવઈ. ભાવકર્મોનો સંવર કરવામાં જીવ હવઈ, જીવ સમર્થ પ્રભુ છે. સમજાય છે કાંઈ? મિથ્યા અભિપ્રાય ટાળી અને સંવર કરવામાં આત્મા સ્વયં ઈશ્વર નામ પ્રભુ છે. એને અભિપ્રાય ટાળવા માટે કર્મ ટળે તો સંવર થાય એમ છે નહીં. સમજાણું કાંઈ?

એમ નિર્જરા કરવામાં સમર્થ છે. અશુદ્ધતાનો નાશ કરવામાં જીવ સમર્થ છે. ભાવકર્મરૂપી પુણ્ય-પાપના વિકલ્પોની વાસના મિથ્યાત્વથી માંડીને, તેનો નાશ કરીને અશુદ્ધતાનો નાશ કરીને શુદ્ધતા કરવામાં જીવ સમર્થ છે. એની પર્યાયનો એ સમર્થ હોય કે કોઈક હોય એમ સિદ્ધ કરવું છે. જીવદ્રવ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ પાંચ પર્યાય છે. આસ્રવમાં પુણ્ય-પાપના ભાવ આવી ગયા. કે આત્મા શુભ, દયા-દાન, વ્રત, ભક્તિના પરિણામ કરવામાં પણ જીવ સમર્થ છે. એ પુણ્યાશ્રવ છે. કર્મનો ઉદય આવે કષાયની મંદતા(થાય) તો અહીં શુભ પરિણામ થાય એ વાત નથી. સમજાણું કાંઈ?

દયા-દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના શુભભાવ, એ શુભભાવરૂપી પુણ્યાશ્રવ કરવામાં જીવ સમર્થ છે. અને હિંસા, જૂઠું, ચોરી, મિથ્યાત્વ, અજ્ઞાન આદિ પાપરૂપી પરિણામના આસ્રવને કરવામાં જીવ પોતે સમર્થ છે. નિશ્ચયથી સ્વયં ઈશ્વર છે. કહો, આ તો સમજાય એવી વાત છે. આ તો સાદીભાષા છે. આ કાંઈ ઈશ્વર કોઈ બીજો છે ને કરાવે છે (એમ છે નહીં). કર્મ તારો ઈશ્વર છે ને તને કરાવે છે એમ છે નહીં. આહાહા! ઓલામાં આવે છે નહીં? કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ, ચંદ્રપ્રભુની સ્તુતિમાં, ભગવાનની સ્તુતિમાં આવે છે. કર્મ બિચારે કોણ, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ. અગ્નિ ઉપર ઘનઘાત કરે છે, ઘનઘાત પડે છે એ અગ્નિ એ લોઢાનો સંગ કર્યો તો પડે છે. લોઢાનો સંગ ન કરે તો અગ્નિ પર ઘણ ન પડે, ઘણ, પ્રહાર. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તનો સંગ કરીને પુણ્ય ને પાપ ને મિથ્યાત્વના અજ્ઞાનભાવને ઉત્પન્ન કરે છે. એથી એને ઘણ પડે ચાર ગતિના દુઃખોમાં રખડવું પડે છે. સમજાણું કાંઈ?

નિર્જરા. ભાવકર્મની નિર્જરા કરવામાં એ ઈશ્વર છે. અહીં કર્મની નિર્જરા કરવાની વાત નથી. કર્મ નિર્જરામાં વ્યવહાર આવશે. કારણકે, કર્મ તો એને કારણે ટળે એમાં નિમિત્તપણું છે માટે વ્યવહાર આવશે. ઉપાદાનપણું પોતાનું છે અશુદ્ધતાને ટાળવાનું એ નિશ્ચયમાં આવશે. સમજાય છે કાંઈ? નિર્જરા એટલે ભાવકર્મની અશુદ્ધતા ટળવી. રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવના અસંખ્ય પ્રકાર છે. એની અશુદ્ધતા ટળવામાં નિર્જરા કરવામાં જીવ સમર્થ છે. જીવદ્રવ્યના સામર્થ્યને કારણે તે અશુદ્ધતા ટળે છે. કહો, સમજાણું કાંઈ? જૈનમાં તો કર્મ ટળે તો થાય એવી વાતું ચાલે છે ને? હેં? જૈનનું ખોટું? જૈનમાં એમ છે જ નહીં. આ શેની વાત ચાલે છે? આ જૈનની તો વાત ચાલે છે. સમજાય છે કાંઈ? જૈનમાં માને એ ખોટું છે, જૈનમાં ખોટું નથી. સમજાણું કાંઈ?

અહીં તો જીતનાર. જૈન શબ્દમાં શું પડયું છે? જીતે જે જૈન. કર્મ ટળે તો જૈન એમ એમાં છે? પોતાના પુરુષાર્થ દ્વારા વિકારને જીતે કે ટાળે તે જૈન. સર્વથા ટાળે તે મુક્તિ. એ તો જૈન શબ્દમાં જ પોતાના પુરુષાર્થની અંદર ગતિ પડી છે. સમજાણું કાંઈ? કહે છે ભાવકર્મની નિર્જરા કરવામાં **'સ્વયં ઈશ'** સ્વયં સમર્થ. સ્વયં સમર્થ એમ. બે શબ્દ પડયા છે ને ભાઈ! **'સ્વયં ઈશ'** પોતે જાતે ઈશ્વર છે. અશુદ્ધતા ટાળવામાં, શુદ્ધતાનો આશ્રય કરીને-સ્વયં પોતે ઈશ્વર છે. સમજાણું કાંઈ? આ અત્યારે સંપ્રદાયમાં બહુ ચાલે છે. ત્રણેયમાં કર્મને લઈને આમ થાય ને, કર્મને લઈને આમ થાય ને, નિદ્ધત કર્મ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય તો આત્માને આમ કરવું પડે ને, ભોગાવલી કર્મ હોય તો ભોગવવું પડે ને. ભોગાવલી કર્મ તો વળી જડ થયું, જડમાં કયાં આત્મા ભોગવતો હતો? સમજાય છે કાંઇ? એમાં એ કાળે રાગ-દ્વેષને ભોગવે એ પણ આવશે, એ ભોકતામાં આવશે. અહીં તો હજી પ્રભુત્વ સિધ્ધ કરવું છે ને? સમજાણું કાંઇ? આહાહા! નિર્જરા કરવામાં પણ ભગવાન 'સ્વયં ઈશત્વ' છે. એવી હજી જેને રુચિ પણ નથી તેને સમ્યગ્દર્શન સ્વભાવ આશ્રયે થાય એ ત્રણકાળમાં પણ બને નહીં. આવી તત્ત્વની ખબર ન પડે ને તત્વમાં દરેકમાં વિપરીતતા આવે. વિપરીત અભિનિવેષ. એને વિપરીત અભિનિવેષ ટાળવાનો ઉપાય આત્મા પોતે કરે તો થાય છે. સમજાય છે કાંઇ?

દર્શનમોહનો ઉદય, અનુદય થાય ત્યાં સમકિત થઇ જાય એ બધા નિમિત્તના કથન છે. અશુધ્ધતાને ટાળવા ભગવાન પોતે સમર્થ છે. સમજાણું કાંઇ? પોતે પોતાના આનંદ સ્વરૂપમાં એકાગ્ર થતાં અશુધ્ધતાની ઉત્પત્તિ થતી નથી અને અશુધ્ધતાનો નાશ થાય છે, એમાં સમર્થ આત્મા છે એમ કહે છે. આહાહા! સ્વયં ભગવાન આનંદમૂર્તિ છે. અતીન્દ્રિય આનંદરસ આત્મા છે. અતીન્દ્રિયઆનંદમાં આરૂઢ થવું એ સ્વયં પુરુષાર્થથી થાય છે. અતીન્દ્રિયઆનંદમાં આરૂઢ થવું એ સ્વયં પુરુષાર્થથી થાય છે અને તેથી અશુધ્ધતારૂપી દુઃખનું ટળવું એના સામર્થ્યનો ધણી પણ આત્મા છે. આહાહા! સમજાય છે કાંઇ?

અને ભાવકર્મનો મોક્ષ કરવામાં સ્વયં સમર્થ છે, ત્રણ અને પાંચેય પર્યાયમાં ભાવકર્મને ટાળવામાં સર્વથા (સમર્થ છે.) અશુધ્ધતા અને ઉદયભાવને સર્વથા ટાળીને મોક્ષ કરવામાં પણ જીવ સમર્થ છે. કહો, સમજાણું કાંઇ? કેટલું સ્પષ્ટ છે. 'જીવો હવઇ પ્રભુ' લ્યો એ પ્રભુ થયો. એ પ્રભુ પોતે બેયમાં, વિકાર કરવામાં અને વિકાર ટાળવામાં આત્મા પ્રભુ છે. એ પરનો પ્રભુ નથી ને પરને લઇને પોતામાં, આ કામ થાય છે એમ નથી.

ઓલામાં આવે છે ને ભાઇ! ઉપાદાનને કામ કરવું હોય તો નિમિત્તને ટાંકવું પડે. શું કહે છે? મોઢું ટાંકવું પડે. જૂઠી વાત છે. ઉપાદાનને પોતામાં કામ કરવું હોય તો નિમિત્તથી મોઢું ટાંકવું પડે. કર્મ ખસે તો કર્મ ખસે તો થાય. એમ છે જ નહીં એમ કહે છે. અરે એ તો એની ચીજ છે, પેલી બીજી ચીજ છે. એમાં તો આત્મા નિમિત્ત છે. એ કહેશે હમણાં એનું ટળવામાં તો આત્મા નિમિત્ત છે. વ્યવહાર છે. પોતાના કાળમાં નિશ્ચય અને યથાર્થ છે. સમજાય છે કાંઇ?

પાંચ પર્યાય થઇ ગઇ. પાંચ પર્યાય, નવ તત્ત્વમાં છે. જીવદ્રવ્ય છે, અજીવદ્રવ્ય છે. બે. અને પછી પાંચ, પાંચમાં આસ્રવ, પુણ્ય અને પાપ. એ નવ થઇ ગયા. ભગવાન જીવ દ્રવ્ય છે, કર્મ આદિ અજીવ દ્રવ્ય છે, બે દ્રવ્ય થઇ ગયા. હવે એમાં પુણ્ય ને પાપ આસ્રવ છે એ કરવામાં જીવ સમર્થ છે. છએ પર્યાયની, પર્યાય કરવામાં જીવ સમર્થ છે. અને બંધનો ભાવ કરવામાં જીવ સમર્થ છે. સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય કરવામાં જીવ સમર્થ છે. એ પાંચે પર્યાયની શુધ્ધતા-અશુધ્ધતા કરવામાં જીવ સમર્થ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા! સમજાય છે કાંઈ?

હવે કહે છે, એ કાળે જીવ જ્યારે પોતાના ભાવકર્મનો અભાવ કરે કે ભાવકર્મનો કર્તા થાય, તે કાળે અસદ્દભૂત વ્યવહારનયે, જૂઠીનયે જુઓ. દ્રવ્યકર્મનો આસ્રવ. રાગને કર્યો અને રજકણો આવ્યા એ રજકણો આવ્યા એના ઉપાદાનથી નિશ્ચયથી એની પર્યાય થવાને કાળે એ આવ્યા છે. એમાં રાગનું નિમિત્ત છે એટલે વ્યવહારે તે દ્રવ્યકર્મનો અસદ્દભૂત, જૂઠીનયે દ્રવ્યકર્મના આવવાનો કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બાકી તો એ રજકણો દ્રવ્યકર્મરૂપી પર્યાય થવાને લાયકવાળા રજકણો ત્યાં દ્રવ્યાસ્રવપણે આવે છે. એ ઉપાદાન ને નિશ્ચય. એમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. માટે કહે છે કે નિમિત્તથી એટલે વ્યવહારથી અસદ્દભૂત વ્યવહારનયે દ્રવ્યકર્મના આવવામાં જીવ નિમિત્ત છે માટે અસદ્દભૂતવ્યવહારનયે, જૂઠીનયે પરનો કર્તા કહેવામાં આવે છે. આરે! જે છે નહીં એને કહેવું એ વ્યવહાર છે ને? સમજાણું કાંઈ?

વ્યવહારનયે, અસદ્દભૂતનયે દ્રવ્યકર્મનો આસ્રવ, દ્રવ્યકર્મનું અટકવું એનું નિમિત્તપણું જીવનું થયું માટે વ્યવહારે તેનો કર્તા કહેવામાં આવે છે. વ્યવહાર કહો કે નિમિત્ત કહો, વ્યવહાર કહો કે ઉપચાર કહો, યથાર્થ કહો કે નિશ્ચય કહો, જેમ થાતું હોય તેમ જાણવું તેનું નામ નિશ્ચય. સમજાણું કાંઈ? સ્વયં છે.

દ્રવ્યકર્મનો આસ્રવ, દ્રવ્યકર્મનો બંધ. દ્રવ્યકર્મના રજકણો છે એ કર્મરૂપે થવું એ તો એનું નિશ્ચય કર્તવ્ય છે. કર્મની અવસ્થારૂપે પરિણમવું એ તો પરમાણુનું સ્વયં સામર્થ્ય છે, એ નિશ્ચયથી. પણ અજ્ઞાન અને રાગ-દ્વેષ એને નિમિત્ત છે માટે વ્યવહારે તે કરવામાં ઈશ્વર છે એમ કહેવામાં આવે છે. એ તો વ્યવહારથી કહ્યું. સમજાણું કાંઈ? વ્યવહારથી કારણ કહ્યું. એ કારણ એમ છે નહીં તેને કહેવું તેનું નામ વ્યવહાર. આહાહા! મોક્ષમાર્ગમાં આવ્યું છે ને? એક દ્રવ્યના બીજા દ્રવ્યને કારણ-કાર્ય ભેળવીને વ્યવહારનય વાત કરે છે, એ રીતે માને તો મિથ્યાત્વ છે. આ વ્યવહારનય એમ કથન કરે છે. અસદ્દભૂત કીધું ને? સમજાણું કાંઈ? આહાહા! છે નહીં. ખરેખર તો એક જ કારણ છે. બે કારણનું તો નિરુપણ છે. શું કહ્યું?

મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ એક છે. આત્માના સ્વભાવનો આશ્રય લઈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો મોક્ષમાર્ગ એક જ છે. એનું નિરુપણ બે પ્રકારે છે, કથન બે પ્રકારે છે. એક ઉપાદાન એની સાથે રાગની મંદતાનો વિકલ્પ હોય એને વ્યવહાર સમકિતનો આરોપ, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ હોય તેને વ્યવહાર જ્ઞાનનો આરોપ, રાગની મંદતાના પંચમહાવ્રતના પરિણામને વ્યવહાર ચારિત્રનો આરોપ. એ છે નહીં. ચારિત્ર નથી, જ્ઞાન નથી, દર્શન નથી. આહાહા! છતાં એવું નિમિત્ત દેખીને તેને કહેવું એવું કથન બે પ્રકારે છે. માર્ગ નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારે છે એમ છે નહીં. ટોડરમલજીએ ખુલાસો કર્યો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શન બે પ્રકારે નથી, સમ્યગ્દર્શનનું કથન બે પ્રકારે છે. એમ આ કારણનું કથન બે પ્રકારે છે. કારણ બે નથી. કારણ એક જ છે. આહાહા! સમજાણું કાંઈ? એમણે લખ્યું છે ને સર્વત્ર જ્ઞાતવ્યમ. વ્યવહારને સિદ્ધ કરવું છે, નિમિત્તને સિદ્ધ કરવું છે. એટલું ઉપચારિક વસ્તુ બીજી છે. એ સિદ્ધ કરવા માટે છે. બે કારણનું એક કાર્ય. જે અષ્ટસહસ્રી આદિમાં આવે છે, એ તો નિમિત્ત બીજી ચીજ છે એટલું સાબિત કરવા એ લખાણ છે. પણ એનાથી પરમાં થાય છે એમ નથી. આહાહા! નિમિત્તની પર્યાયને કરે. ઉપાદાન પોતાના સ્વકાળની પર્યાય તે સમયે બેયની પર્યાય સ્વતંત્ર છે. નિમિત્ત પણ એનું તો ઉપાદાન છે ને? એના ઉપાદાનની પર્યાય એ કરે, આના ઉપાદાનની પર્યાય આ કરે. એ નિશ્ચય છે, યથાર્થ છે. અને બીજાનું નિમિત્તપણે થઈને કરે એ કહેવું એ ઉપચાર છે, વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચય ને વ્યવહાર બેયના ઝઘડા.

વ્યવહારે દ્રવ્યકર્મનો આસ્રવ આવવું, અટકવું, સંવર થવો. સંવર એટલે રજકણો અટકી જવા. એ તો એને કારણે અટકે છે પણ નિમિત્તપણું એટલે અહીં સંવર થયો અને ત્યાં અટકી ગયો એટલે એને વ્યવહારે સંવરનો કર્તા, કર્મનો નહીં આવવાનો કર્તા કહ્યો. નિર્જરાનો કર્તા કર્મ ઝરે છે એ તો કર્મને કારણે ઝરે છે. એની પોતાની પર્યાય વ્યય થઈને અકર્મ થાય છે, એ નિશ્ચય. આત્મા એમાં પોતે શુદ્ધભાવ કરી નિર્જરા કરી, એમાં નિમિત્ત થયું એટલે એને વ્યવહારે કર્તા કહ્યો. એમ દ્રવ્યકર્મનો મોક્ષ કરવામાં વ્યવહારનયે અસદ્ભૂતનયે સ્વયં ઈશ હોવાથી પ્રભુ છે. કહો, સમજાણું કાંઈ?

(મુમુક્ષુઃ- નિમિત્તમાં પોતાને લીધો) પોતાને ન લ્યે તો બીજા કોને લ્યે. એ તો ઓલો ન લીધો. પહેલું કીધું ને? એ પહેલાં કહી દીધું. વિકાર કરવામાં, સંવર કરવામાં જીવ સમર્થ છે. હવે વિકારમાં નિમિત્ત કર્મ છે એમ અહીં નથી લીધું. એ તો પહેલાં કીધું'તું. વ્યવહાર કર્મ છે માટે વિકાર છે એમ નથી લીધું પણ અહીયા વિકાર કરવામાં જીવ સમર્થ છે તે નિશ્ચય છે અને દ્રવ્યકર્મના આવવામાં નિમિત્ત છે માટે એનો વ્યવહારે કર્તા કહેવામાં આવે છે એમ. જીવ એનો વ્યવહારે કર્તા છે. વ્યવહાર કર્મ રાગનો કર્તા છે એ વાત અહીં છે નહીં. સમજાણું કાંઈ?

એ તો પહેલું વચમાં કહ્યું'તું. અહીં તો જીવની શૈલી સિદ્ધ કરવી છે ને? જીવ પોતે શું કરે છે? જીવની નિશ્ચયથી સ્થિતિ કેવી છે અને એ વ્યવહારરૂપ પરને નિમિત્ત કેમ થાય છે? કે આ રીતે. પોતાના વિકારી પરિણામને કરે છે. એમાં ઈશ્વર સમર્થ છે, તે નિશ્ચય છે અને ઉપાદાન યથાર્થ છે. અને દ્રવ્યકર્મ તે કાળે આવે છે એનું આ નિમિત્ત છે માટે વ્યવહારે કીધું છે. માટે દ્રવ્યકર્મ આવે છે એ એના પર્યાયના કારણે આવે છે. એ એનું ઉપાદાન છે. સમજાણું કાંઈ?

ઉપાદાન ને નિમિત્તનો મોટો ઝઘડો. નિશ્ચય ને વ્યવહાર ને ક્રમબદ્ધ. આ પાંચના ઝઘડા. ક્રમબદ્ધ

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તો કહે નહીં. ક્રમ ને અક્રમ બે હોય. અરે! સાંભળને? પર્યાય ક્રમવર્તી છે. દરેક દ્રવ્યની ક્રમવર્તી કહો કે ક્રમે થતી કહો કે ક્રમબદ્ધ કહો. એક સમયમાં જે પર્યાય છે તે બીજા સમયમાં બીજી તે ક્રમસર આવવાની હોય તે આવે છે. દરેક દ્રવ્યના જે ગુણો છે તે એક સાથે અક્રમ છે. પર્યાય તેનાથી વિરૂદ્ધ છે. આમ ક્રમ ઉર્ધ્વ છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એક સાથે છે. અક્રમ ભગવાન અનંતગુણનો પિંડ એક છે. પરમાણુ પણ અક્રમ અનંતગુણનો પિંડ છે. આત્માને પરમાણુમાં પણ ક્રમસર, ક્રમસર, ક્રમવર્તી પર્યાય જે સમયે જે થવાની તે થાય છે. એ જ વસ્તુનું સ્વરૂપ. ઉપાદાન-નિમિત્તમાં આ પણ વાત કરી, વ્યવહારની જુઓ.

અહીંયા તો રાગનો કર્તા કહેવો છે. કારણ કે પર્યાય એનો છે ને? પણ હવે જયારે સંવરનો કર્તા થાય ત્યારે રાગનો થોડો થોડો ભાગ છે એનો પણ કર્તા જીવ છે એમ સિદ્ધ કરવું છે. વ્યવહાર ને નિશ્ચયની પર્યાયનો કર્તા જીવ છે માટે એટલો વ્યવહાર મૂક્યો છે વિકલ્પ એમ. અહીં વ્યવહારે પર નહીં, અહીં વ્યવહારે નિશ્ચયનો સ્વભાવ છે એમ કહ્યું.

સમ્યગ્દર્શન, જ્ઞાનના પરિણામનો ઉત્પાદક પણ જીવ અને તે કાળે રાગની ઉત્પત્તિ વ્યવહારની થઈ તેનો પણ કર્તા અને ઉત્પાદક જીવ. એય! પંચોતેર ગાથામાં કહે છે કે રાગ-દ્વેષનો ઉત્પાદક કર્મ. એ તો સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાનાનંદની દૃષ્ટિ થઈ, હવે જરી વિકલ્પ થાય છે (તે) સ્વભાવથી નથી અને નિમિત્ત, પણ ઓનું લક્ષ કરતાં થાય છે તેથી કર્મ વ્યાપક કહીને વિકારને વ્યાપ્ત કહેવામાં આવે છે. પણ એ તો પહેલો કર્મ આત્મા વ્યાપક છે અને એની વિકારી પર્યાય વ્યાપ્ય છે એમ સિદ્ધ કર્યા પછી. આરે હારે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અહીં હમણાં વિકારી પર્યાય તો વ્યાપ્ય લીધી. એનો કરવાનો સમર્થ જીવ લીધો છે. અને પંચોતેર-છોંતેર કર્તા-કર્મમાં જે વાત લીધી છે એ જુદી છે. ત્યાં તો ભગવાન આત્મા પરથી તો ભિન્ન સિદ્ધ કર્યો. હવે વિભાવથી ભિન્ન સ્વભાવ છે. એમ ત્યાં સિદ્ધ કરવું છે.

અહીં તો પરથી જુદાની વ્યાખ્યામાં પોતાની પર્યાયમાં પોતાનું પૂરું રૂપ સમાપ્ત થઈ જાય છે. એટલું. અને કર્તા-કર્મમાં જે પંચોતેર, છોંતેર, સીત્યોતેર, ઈઠયોતેર, ઓગણાએંસી લીધી છે, ત્યાં તો એમ કહે છે કે કર્મ કર્તા અને વિકારી પર્યાય વ્યાપ્ય કર્મ. ત્યાં તો વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદની દૃષ્ટિ થઈ છે ત્યાં વિભાવથી ભિન્ન પડયો છે, વિભાવથી ભિન્ન થયો છે. તેથી ભિન્નનો કર્તા ભિન્ન બીજું દ્રવ્ય છે. ભિન્નનો કર્તા સ્વ ભિન્ન છે નહીં. સમજાણું કાંઈ? સોમચંદભાઈ પ્યારાએ ૯૯માં પ્રશ્ન કર્યો હતો. નિશ્ચયથી, સ્વભાવની દૃષ્ટિ નિશ્ચયથી આત્મા વિકારનો કર્તા નથી. અને પરના છૂટવાની અપેક્ષાએ વિકારનો કર્તા નિશ્ચયથી જીવ છે. આરે! આરે! ભારે! બનારસીદાસમાં આવે છે ને? નિશ્ચય ને વ્યવહાર બે નયથી જગત ભરમાયો રે. આહાહા! શાંતિથી સમજવું જોઈએ. ભાઈ!

દરેક દ્રવ્યની પર્યાય તેની તેનો કર્તા બીજો કેમ હોય? તેની પર્યાયનો કર્તા બીજો તો આને વિશેષે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યું શું? સામાન્ય દ્રવ્ય જે ત્રિકાળી રહ્યું, એની વિશેષ શું? કે પર્યાય. તો એ વિશેષ પર્યાય સામાન્યથી ન થાય તો એ વિશેષ પરથી થઈ તો સામાન્યથી થયું શું? પ્રભાવ પણ શું પ્રભાવ નાંખે? એને અડે છે? પ્રભાવ એટલે એની કર્મની પર્યાય અહીં આવે છે? કર્મની પર્યાય અને વિકારી પર્યાયનો બે નો તો અભાવ છે. સમજાય છે? કર્મનો ઉદય છે એ જડની પર્યાય છે. રાગ છે એ જીવનો પર્યાય છે. એક આ જડની પર્યાયનો આમાં અભાવ છે અને આની પર્યાયનો એમાં અભાવ છે. આહાહા! સપ્તભંગી છે, સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી. સમજાણું કાંઈ?

કહે છે નિમિત્ત હવે, એ પ્રભુ થઈ ગયું. હવે **નિશ્ચયે પૌદ્‌ગલિક કર્મો જેમનું નિમિત્ત છે.** અહીં એવું આવે છે, ઓલામાં શું આવ્યું. ભાઈ? હવે આમાં આવ્યું. **ખરેખર પૌદગલિક કર્મો જેમનું નિમિત્ત છે એવા આત્મપરિણામોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે.** એક વાત લીધી. એમાં છે તો ત્રણ બોલ. દ્રવ્ય સંગ્રહમાં ત્રણ છે, અહીં બે લીધા છે. નિશ્ચયે પૌદ્‌ગલિક કર્મોનો ઉદય તો નિમિત્ત છે. અને જીવના જે પુણ્ય-પાપ, રાગ-દ્વેષના આત્મપરિણામ એનું કર્તૃત્વ ખરેખર જીવને હોવાથી જીવ તેનો કર્તા છે. કર્મ (તેનો કર્તા) નહીં. સમજાણું કાંઈ? ત્રણ નય છે, આમાં બે નય ઉતારી છે. બીજી રીતે કહીએ તો ખરેખર નિશ્ચયનયે નિર્મળ આત્માના વીતરાગી પરિણામનો કર્તા જીવ છે તે નિશ્ચયનય યથાર્થ નિશ્ચય છે. દ્રવ્ય સંગ્રહમાં ત્રણ ઉતાર્યું છે.

શુદ્ધ નિશ્ચયથી જુઓ તો, પર્યાય હો, ઓલું પરમશુદ્ધનિશ્ચયથી દ્રવ્ય પર્યાયનું. એ જુદું. આહાહા! ભગવાન આત્મા વીતરાગી આત્મા ધર્મના પરિણામ કરે, ધર્મ પરિણામ, શુદ્ધ વીતરાગી આનંદના ભાવ એનો કર્તા જીવ છે. અને અહીંયા તો અશુદ્ધ નિશ્ચયનું કથન નિશ્ચયમાં કહ્યું છે. સમજાણું કાંઈ? આમાં સમજાય એવું છે ન સમજાય એવું કાંઈ નથી. ભાષા તો સાદી છે. કે આત્મા વસ્તુ છે અને આનંદ છે એ આનંદના પરિણામનો કર્તા શુદ્ધ નિશ્ચયથી જીવ છે. હવે કહો આમાં પર્યાયનો કર્તા દ્રવ્ય છે. હવે એમાં જે વિકારી પરિણામ થાય એમાં કર્મનો ઉદય તે નિમિત્ત છે. પણ તે કર્તા નથી. અશુદ્ધ નિશ્ચયનયે વિકારી પરિણામનો જીવ પોતે પરિણમનાર કર્તા છે. ક્યાંય બે કર્તા હોય? સમજાણું કાંઈ? આહાહા!

ભારે! આવું નવરું ક્યાં પણ હોય વાંચવું, સમજવું? કરો ને વ્રત ને તપ કરી નાખો. થઈ રહ્યો ધર્મ. ધૂળમાં પણ નથી. મરી જશો, વ્રત, તપમાં ધર્મ (માનશો તો) વ્રત, તપ તો વિકલ્પ છે. એ રાગ શું છે, એનું કર્તૃત્વ કઈ રીતે છે, એનો સ્વભાવ છે કે વિભાવ એની તો તને ખબર નથી. મિથ્યાત્વભાવમાં વ્રત ને તપ બધા બાળવ્રત ને બાળતપ છે. હેં? મૂર્ખાઈ ભરેલાં છે. સમજાણું કે નહીં? ઘરમાં વીસ વર્ષના છોકરાના લગ્ન થતાં હોય ને તો બે વર્ષના છોકરાને પૂછે કે આ ભાઈના લગ્ન થાય છે તો તારે લગ્ન કરવા છે? તો કહે છે કે હા, એ જેમ ભાન વિનાનો બોલે છે, એમ અજ્ઞાની વ્રત ને તપ ભાન વિનાના કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ? છોકરા પાસે હા પડાવવી હોય ને હા.

અમારા હિમતભાઈ ગયા'તા ને રાજુલ! રાજુલને પૂર્વના ભવનું જાતિ સ્મરણ છે ને. તો હમણા અમારા પંડિતજીએ પહેલાં પરીક્ષા કરી હતી કે, રાજુલ! અમે અહીંથી તને ત્યાં લઈ જઈએ તે દિ' તો નાની હતી ને, પાંચ વર્ષની હશે. ત્યારે એને પૂછયું. રાજુલ! તને ત્યાં લઈ જઈએ, તારા બાપ પાસે તો તારા બાપને ઓળખીશ? તો કહે હા, તારી બાને ઓળખીશ? હા, તારા કાકાને ઓળખીશ? હા, ત્યાં ગીતાને ઓળખીશ? આ પંડિતજીએ ચોથો પ્રશ્ન કર્યો. ઘરનાને ઓળખીશ પણ ગીતાને ઓળખીશ શું કહો છો? ગીતા તો આ રહી. એવા પ્રશ્ન તેને કર્યા હતા. સવારમાં જોયું હતું ને? હા તે. તેની પરીક્ષા કરવા માટે પ્રશ્ન કર્યા હતા. કે તારા બાપને ઓળખીશ? તારા કાકાને, તારી માને. એમ ત્રણ પ્રશ્નમાં હા પડાવી. ચોથો ગીતાને ઓળખીશ? તો કહે ગીતાને ઓળખીશ શું કહો છો? ગીતા તો આ રહી. ગીતા તો અહીં ઊભી છે. ત્યાં કયાં હવે ગીતા હતી? એમ જવાબ આપ્યો હતો.સમજાણું કાંઈ?

એમ આત્મામાં બધામાં હા પાડે, આત્મા કર્તા, આત્મા કર્મ, કર્મ પણ કરાવે ને આત્મા પણ કરાવે ખરું કે નહીં? તો કહે હા, એમ અજ્ઞાનીના વ્રત ને તપ તે તારા વ્રત ને તપ? તો કહે હા. પણ અજ્ઞાનીના વ્રત ને તપ ઓલા નાના છોકરાના લગ્ન જેવા છે. લગ્ન એટલે શું કહેવાય ને બાયડી એટલે શું કહેવાય? શા માટે લગ્ન થાય એ ખબર નથી. એમ ઓલા બાળકને પૂછયું'તું. તો એણે હા પાડી હતી. જો આ ભાઈના લગ્ન થાય છે, સગપણ થાય છે, વિવાહ થાય છે તારે વિવાહ કરવા છે? હા.

સહજાનંદને એમ થયું. સ્વામીનારાયણના સહજાનંદ હતા ને! સહજાનંદસ્વામી હતા ને! તે બિચારા ભદ્રિક બ્રહ્મચારી હતા. આમ પછી પાવર થઈ ગયેલો, હું ઈશ્વર છું ને એમ મનાઈ ગયેલું. પછી એને એકવાર ગામડામાં લગ્ન થતાં હતાં. ગામડામાં લગ્ન થતાં હતા (તો એણે પૂછયું) કે આ શું થાય છે? તો કહે લગ્ન થાય છે. કહે, મારે પણ લગ્ન કરવા છે. ઓલા કહે તમને પરણાવીએ. ઈ જયાં પરણાવવાનું કીધું ત્યાં ઉલટી શરૂ થઈ ગઈ. ગંધ, ગંધ અંદર ત્રણ દિ' અને ત્રણ રાત ઉલ્ટી, બ્રહ્મચારી માણસ. પરણાવવાનું જયાં કહ્યું ત્યાં ઓલું યાદ આવી ગયું. ગંદકી, ગંદકી. આહાહા! લગ્ન થતાં હતાં એટલે એનાથી આમ બોલાઈ ગયું, લગ્ન થાય છે, મારે પણ પરણવું છે. એ કીધું ને ઓલાએ હા પાડી બીજાએ ને પછી ત્રણ દિ' ને ત્રણ રાત ઉલ્ટી. અરેરે! આ ભગવાન, આપણે આવું કયાં કહ્યું. ગંધ વિષયની દુર્ગંધ લક્ષમાં આવી ગઈ ને ઉલ્ટી થઈ ગઈ હોં! ખાવું ભાવે નહીં. એટલે પછી લોકો એમ કહેતા, આહાહાહા! શું ભગવાનને પરણવાનું કીધું ત્યાં એને ગંધ આવી ત્રણ દિવસ સુધી ઉલ્ટી આવી ગઈ. એ તો એક શુભ વિકલ્પ છે. એમાં આત્મા કયાં આવ્યો? સમજાય છે કાંઈ?

બ્રહ્મચર્ય તો બ્રહ્માનંદ આત્મા એમાં ચરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. એકલું ન પરણવું એ માટે બ્રહ્મચારી છે એમ કોણ કહે છે? એ તો દેહની ક્રિયા ન કરે અને બ્રહ્મચર્યનો શુભભાવ હોય એ તો પુણ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ ખરું. બ્રહ્મચર્ય નથી ખરું. તો ભગવાન આનંદમૂર્તિ બ્રહ્મ-આનંદ એમાં ચરવું, રમવું, લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્ય સમ્યગ્દષ્ટિને જ હોય. અજ્ઞાનીને હોય નહીં. હજી વસ્તુનું ભાન નથી. રાગને પોતાનું સ્વરૂપ માને એમાં બ્રહ્મચર્ય કયાંથી આવ્યું એમ કહે છે. અબ્રહ્મ તો પોતે છે. રાગને પોતાનું સ્વરૂપ માને એ સંયોગી વ્યભિચાર છે. રાગ, પુણ્ય-પાપનો ભાવ એ તો સંયોગીભાવ છે. સંયોગીભાવને સ્વભાવ સાથે એક માનવો એ જ મિથ્યાત્વનો વ્યભિચાર છે. સમજાય છે કાંઈ?

સ્વભાવની સાથે, સ્વભાવના વિકલ્પને, સ્વભાવિક ચીજમાં સંયોગી વિકારને એકત્વ માનવું એ મહામિથ્યાત્વનું મૈથુન છે. મિથ્યાત્વનું મૈથુન છે. એવા મિથ્યાત્વભાવને જેણે જાણ્યો નથી અને મિથ્યાત્વ ટાળ્યો નથી અને એને થઈ ગયા વ્રત ને નિયમ એ બધા એકડા વિનાના રણમાં પોક મૂકવા જેવા છે. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો! નિશ્ચયથી તો પુદ્ગલિક કર્મ જેમનું નિમિત્ત છે બસ એટલું વ્યવહાર. આત્મપરિણામ પોતાના છે. એવા આત્માના પરિણામ અત્યારે કયાં લીધા છે? આ વિકાર. આ સંવર, નિર્જરા ને મોક્ષના પરિણામની વાત અહીં નથી લીધી. ઓલામાં કહી હતી જયારે સંવર, નિર્જરા ને મોક્ષનો કરનારો પોતે છે. ભાવકર્મનો નાશ કરનારો પોતે છે. સમજાણું? હવે એક આત્માનું ન્યાં લઈ લીધું એટલે અહીં આમ ન લીધું. અહીં એટલું લીધું જેટલા વિકારી પરિણામ થાય તેમાં કર્મ નિમિત્ત છે. ઉપાદાન પોતાના કારણથી તે વિકાર થાય તેનું કર્તૃત્વ હોવાથી આત્મા કર્તા છે. આત્મા વિકારી પરિણામનો કર્તા છે. કહો, સમજાણું કાંઈ?

હવે અર્થ લીધો. સમ્યગ્દષ્ટિ છે એ વિકારી પરિણામનો કર્તા નથી. અહીં તો સમુચ્ચયે આખા આત્માની વાત સાધારણ કરવી છે. વિકારી પરિણામ વિકલ્પ છે, દુઃખ છે, એનો કર્તા થાય તો તે મિથ્યાદષ્ટિ છે. અહીં તો જીવની પર્યાયમાં છે એટલું અહી સિદ્ધ કરવું છે. નહિંતર તો અજ્ઞાની મિથ્યા પરિણામનો સ્વયં કર્તા છે. પરિણામમાં ભલે કર્મ નિમિત્ત હો, પણ કર્તા તો જીવ પોતે છે. સમજાય છે કાંઈ?

ઓલા કહે ના, તમે કહેતા'તા ને એક વાકય. કરે કર્મ સો હી કરતારા. રાગને કરે તે મિથ્યાદષ્ટિ કર્તા થાય છે. અને રાગનો જાણનાર ભિન્ન પડી ને જાણે તેને જ્ઞાતા ને દષ્ટાને સમકિતી કહેવાય છે. એ તો વિભાવથી જુદા પડવાની વાત છે. આ તો વિભાવ પોતે કરે છે એનો કર્તા એ છે એટલું સિદ્ધ કરવું છે. પર્યાયમાં ભૂલ જીવ કરે છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ ભૂલ કોઈ કર્મ કરાવે છે (એમ નથી.) ભાઈ! આપણે કંઈક ભૂલ કરવાનો ભાવ હોય, માણસ નથી કહેતા? એ તો કર્મ એવા આકરા આવે, ભૂલ કરાવે, એ કર્મ મુંઝવી મારે. જૂઠી વાત છે. આ કોણે તને એવું શીખવ્યું? તારી ઊંધી પર્યાયનો કર્તા તું અને તું કર્મને માથે ઢાળ, મૂંઢ છો. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કીધું છે ને, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલ્લજીએ એમ કહ્યું છે. કે વિકાર તું કર અને બીજાને માથે ઢાળ, નાખ એવી અનીતિ જિનાજ્ઞા માને તો સંભવે નાંહી. મોક્ષમાર્ગ પ્રકાશક. આવી અનીતિ, અન્યાય. વિકાર તું કર અને કર્મને માથે નાખ અન્યાય છે. જિનાજ્ઞા જો માન તો ઐસી અનીતિ સંભવે નાંહી. સમજાય છે કાંઈ?

**પૌદગલિક કર્મો જેમનું નિમિત્ત છે** એવા આત્માના પરિણામ એટલે વિકારી એનું કર્તૃત્વ જીવ પોતે પરિણમે માટે કર્તા છે. **વ્યવહારે અસદભૂત વ્યવહારનયે (અસદભૂત વ્યવહારનયે) આત્મપરિણામો જેમનું નિમિત્ત છે.** સામે. કર્મ જે બંધાય છે એ એના ઉપાદાન ને એની યોગ્યતાથી. જીવનો વિકારી પરિણામ નિમિત્ત હોવાથી **આત્મપરિણામો જેમનું નિમિત્ત છે** એટલે વિકારી પરિણામો જેમનું નિમિત્ત છે. 'જેમનું'. તેવા પૌદ્‌ગલિક કર્મોનું કર્તૃત્વ હોવાથી વ્યવહારે તેનો કર્તા અસદભૂત વ્યવહારનયે જૂઠીનયે, કર્તા નથી ને કર્તા કહેવો એવી વ્યવહારનયે અસદભૂતનયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં બે લીધાં છે.

**ભોકતા, નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે.** એવા પોતાના સુખદુઃખપરિણામોનું, સુખદુઃખના વિકલ્પોનો ભોકતા જીવ છે. સુખદુઃખનો ભોકતા શરીર છે એમ છે નહીં. ભઈ! શરીરનો ધર્મ ભોકતા છે, વેદાંત એમ કહે છે ને? એમ નથી. સુખદુઃખની કલ્પના આ વિકારીની અત્યારે વાત છે હોં! આનંદના પરિણામોનો ભોકતા આત્મા છે એ શુદ્ધ નિશ્ચયથી છે. આ એકલી નિશ્ચય એટલે સ્વઆશ્રય નિશ્ચયની વાત કરવી છે. સંસાર અવસ્થાને સંસરણ માનવું જોઈ. સમજાય છે કાંઈ?

કહે છે, **નિશ્ચયથી શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે.** એટલું કે જુઓ નિશ્ચયે આટલું રાખવું. **એવા સુખદુઃખ પરિણામ** એ નિશ્ચય ન્યાં લઈ લેવું. નિશ્ચયે સુખદુઃખ પરિણામ એમ લેવું. એવા પરિણામનું નિમિત્ત તો જુનું કર્મ નિમિત્ત માત્ર છે. અને વર્તમાનમાં સુખદુઃખ પરિણામનું ભોગતત્ત્વ, સુખદુઃખ કોણ? વિકારી. આનંદનો ભોકતા છે એ નિશ્ચયનયે છે. આહા! પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદનો રસ-કંદ સુખકંદ છે. સમજાણું?

સવારે આવ્યું'તું કે નહીં? મૂળ પુસ્તકમાં સવારે આવ્યુ'તું ને. સુખકંદ. સકરકંદ હોય છે ને? એમ આત્મા સુખકંદ છે, આનંદનો કંદ છે, સચ્ચીદાનંદ છે. એની અંતર દૃષ્ટિ કરીને આનંદનું ભોગવવું એ શુદ્ધ નિશ્ચયથી આનંદનો ભોકતા આત્મા છે. અને હરખ-શોકના વિકલ્પનું ભોગવવું એ અશુદ્ધ નિશ્ચયનયે જીવ પોતે છે. એનો ભોકતા કર્મ છે અને શરીરનો ધર્મ સુખદુઃખનું ભોગવવું છે એમ નથી. સમજાણું કાંઈ?

લ્યો, ઠીક તો પછી શુદ્ધ નિશ્ચયમાં તો આવે કે સુખદુઃખની કલ્પનાનો ભોકતા જીવ નથી. સમ્યગ્દષ્ટિ જીવ સુખદુઃખની કલ્પનાનો ભોકતા નથી. કેમ કે સમ્યગ્દર્શનમાં તો શુદ્ધદ્રવ્ય આનંદસ્વરૂપનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાન છે. ભાનમાં ભાનની દશા પ્રગટે છે. ત્યાં સુખદુઃખની કલ્પનાનો ભોકતા જીવ નથી. પણ અહીં સામાન્ય જીવની વ્યાખ્યા કરવી છે એટલે એના સુખદુઃખની કલ્પનાનો ભોકતા જીવ છે, સુખદુઃખ કર્મ ભોગવે છે, શરીર ભોગવે છે એમ નથી. સમજાણું કાંઈ?

આરે! આચાર્યોએ જંગલમાં રહીને, કેવી ટીકા થઈ છે. એમ આ સુખદુઃખના પરિણામ, શું કહે છે? આમાં કર્મ નિમિત્ત લીધું છે. અમારે બીજું કહેવું છે. કે ભઈ સ્ત્રીનું શરીર, લક્ષ્મી કે મકાન એ સુખદુઃખના પરિણામમાં નોકર્મ નિમિત્ત નથી લીધું. ઓલું તો સુખદુઃખના વિકલ્પમાં નિમિત્ત હોય. સમજાય છે? ઓલું તો નોકર્મ ન હોય તો કલ્પના કરે આ સ્ત્રી આવી છે ને ફલાણું છે ને ઢીકણું છે ને. એટલે નોકર્મ બાહ્ય ચીજ છે, સુખદુઃખની કલ્પનામાં નિમિત્ત છે એ નથી લીધું. સુખદુઃખની કલ્પનામાં પુરાણું કર્મ શુભ-અશુભ છે, નિમિત્ત છે બસ. નિમિત્ત એટલે ઉપસ્થિતિ. અને એ સુખદુઃખની કલ્પનાનો, વિકારીભાવનો ભોકતા અશુદ્ધ નિશ્ચયનયે જીવ છે. એનો ભોકતા કર્મ નથી તેમ શરીર છે નહીં. સમજાણું કાંઈ? આરે! કેટલી નયની વ્યાખ્યા, હેં? આહાહા!

શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા એ પરમાનંદનું ધામ પ્રભુ! રાગથી ભિન્ન પડીને એનું જ્યાં ભાન થયું, તો કહે છે કે એનું નામ આત્મા (છે.) હવે એ આત્મા આનંદનો ભોકતા છે. એ દુઃખનો ભોકતા નથી. સુખદુઃખની કલ્પના, સ્ત્રીના શરીરના વિષયના ભોગની, પૈસા કે આબરુના, પાંચ લાખ પેદા થયા ને હરખનો વિકલ્પ આવ્યો. કહે છે, એ વિકલ્પનું નિમિત્ત છે કર્મ. ઓલો નહીં, પણ એ વિકલ્પનો ભોકતા છે જીવ. સમજાય છે કાંઈ?

સારા બંગલા પાંચ દસ લાખના હોય અને આમ હિંચકતો જો હોય, લાડવા ખાવા માટે પડયા હોય આમ. દાળ, ભાત ને ભજીયા ને કહે છે કે તારા સુખની કલ્પનામાં એ નિમિત્ત નહીં લે. કર્મ નિમિત્ત છે. અને સુખદુઃખને ભોગવવામાં તારું અશુદ્ધ ઉપાદાન છે. સમજાણું કાંઈ? આહાહાહા! એકલો ભગવાન સુખદુઃખને ભોગવે, એકલો ભગવાન સુખદુઃખને ટાળીને આનંદને ભોગવે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે **સુખદુઃખ પરિણામોનું ભોકતૃત્વ હોવાથી 'ભોકતા' છે. વ્યવહારે (અસદ્દભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટાનિષ્ટ વિષયોનું ભોકતૃત્વ હોવાથી 'ભોકતા' છે.** જુઓ એમાં એ બાહ્ય પદાર્થ આવ્યા. સમજાણું?

બાહ્ય પદાર્થ આના નિમિત્ત છે એમ નહીં. આ એને નિમિત્ત છે એમ કહે છે. **વ્યવહારે શુભાશુભ કર્મોથી સંપાદિત,** જુઓ. શુભકર્મોના ઉદયથી ઈષ્ટ સામગ્રી મળે. અશુભકર્મના કારણે અનિષ્ટ સામગ્રી મળે, એમ કહે છે, આચાર્ય કહે છે. સંપાદિત છે ને? આજ વિષે આ શબ્દ પડયા છે ધવલમાં. સંપાદિત શબ્દ પડયો છે. બાહ્ય પદાર્થની પ્રાપ્તિમાં વેદનીય કર્મ સિવાય બીજું કર્મ અમને દેખાતું નથી. એમ છે. વેદનીય કર્મ, કેટલાક એમ માને છે ને? સામગ્રી મળવી એ વેદનીય કર્મને લઈને નહીં. એ તો રાગી પ્રાણી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બહુ રાગ કરે તો અનુકૂળતા મળે. અરે! ધૂળમાં, રાગ કરે તો અનુકૂળતા મળતી હશે? સમજાય છે કાંઈ? બાહ્ય પદાર્થની પ્રાપ્તિમાં રાગને કેટલાક કારણ માને છે. જૂઠ વાત છે. બાહ્ય સામગ્રીની પ્રાપ્તિમાં વેદનીય કર્મનું નિમિત્ત છે. સમજાણું કાંઈ?

જૂઓ પાઠ, અમૃતચંદ્રઆચાર્ય કહે છે. શુભાશુભ કર્મોથી એટલે શુભ શાતાવેદનીય અને અશુભ અશાતાવેદનીય સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટ અનિષ્ટ વિષયો, અનુકૂળ સામગ્રી, પ્રતિકુળ સામગ્રી એમનું ભોકતૃત્વ હોવાથી કેમ કે, આત્મા પોતાના સુખદુઃખને ભોગવે એ ઉપાદાન નિશ્ચય એમાં ઓલું નિમિત્તથી છે એટલે વ્યવહારે તેને ભોકતૃત્વ એમ કહેવામાં આવે છે. ભોગવી શકતો નથી પણ ભોગવે એમ કહેવું તે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

એક ગાથામાં કેટલું ભરી દીધું છે. હેં? આહાહા! જીવની વ્યાખ્યા કરી કે, જીવ અનાદિઅનંત આવો છે. નિગોદ પર્યાયનો કર્તા એ, સંવર-નિર્જરાની પર્યાયનો કર્તા એ, મોક્ષનો પણ કર્તા એ. કહો, સમજાણું?

અહીં તો અહીં સુધી કહી દીધું ભઈ, શુભાશુભ કર્મોથી પ્રાપ્ત ઈષ્ટકારી જે વિષયો છે, કોઈ એમ કહે કે ઈષ્ટકારી વિષયોનું કારણ વેદનીય નહીં. કેટલાક એમ કહે છે. સમજાય છે ને, શરીરમાં રોગ આવવો એ અશાતાનું કારણ નહીં. ખાતા ન આવડયું અપાચ્ય ખાધું માટે રોગ થયો, એ વાત જૂઠી છે, એમ કહે છે. ખાવામાં સાચવતા આવડયું પથ્ય આહારને માટે શરીરમાં નિરોગતા રહે છે, એ વાત જૂઠી છે. નિરોગતાની પ્રાપ્તિ ને સરોગતાની પ્રાપ્તિમાં શુભાશુભ વેદનીય કર્મ નિમિત્ત છે. એને ભોગવે એમ કહેવું એ વ્યવહારનયનું કથન છે. નિશ્ચયથી તો સુખદુઃખની પર્યાયને જીવ ભોગવે છે. આવું સ્વતંત્રપણું સમજે તો એની નિમિત્તની દ્રષ્ટિ ટળે, પછી વિકારની દ્રષ્ટિ ટળી ને પછી સ્વભાવની દ્રષ્ટિ થાય. ત્યારે એને ધર્મ અને સમ્યગ્દર્શન થાય.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પંચાસ્તિકાય ભાગ-૧ ની આવેલ દાનરાશિનું લીસ્ટ

| ક્રમ | દાતાનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | સોનલબેન શાહ / કેતનભાઈ મહેતા / દિવ્યેશભાઈ મહેતા<br>હ. ચંદ્રકાંતભાઈ મહેતા - અમેરિકા (ત્રણે ભાગ પેટે) | ૩,૦૦,૦૦૦/- |
| ૨. | ડૉ.ચંદુભાઈ કામદાર તથા<br>ડૉ.ઈશ્વરભાઈ કામદાર (ત્રણે ભાગ પેટે) | ૨,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રી કુંદકુંદ કહાન સત્તસાહિત્ય<br>સ્વાધ્યાય મંડળ - બોરીવલી | ૧૧,૦૦૦/- |
| ૪. | ગુણવંતીબેન ભોગીલાલ સંઘવી | ૧૦,૦૦૦/- |
| ૫. | નલીનભાઈ આર. ઘીયા | ૫,૦૦૦/- |
| ૬. | કલાબેન એન. ઘીયા | ૫,૦૦૦/- |
| ૭. | સ્વ. કમળાબેન તથા સ્વ.ચંદ્રકાંતભાઈના સ્મરણાર્થે<br>હ.જાગૃતિબેન નલિનભાઈ વોરા - દાદર | ૫,૦૦૦/- |
| ૮. | ધીરજ શ્રી જૈન (શ્રાવિકા શાળા) - સોનગઢ | ૫,૦૦૦/- |
| ૯. | કિશોરીબેન ઉદયભાઈ શેઠ | ૩,૦૦૦/- |
| ૧૦. | નિમીષભાઈ એન. ઘીયા | ૨,૫૦૦/- |
| ૧૧. | પૂર્વીબેન એન. ઘીયા | ૨,૫૦૦/- |
| ૧૨. | સુશીલાબેન જયંતિલાલ ગાલા - મુંબઈ | ૨,૫૦૦/- |
| ૧૩. | સ્વ.મોહનલાલ વી. શાહ - મુંબઈ | ૨,૦૦૦/- |
| ૧૪. | ડૉ.મધુરીબેન નંદુ - સોનગઢ | ૨,૦૦૦/- |
| ૧૫. | દિનેશભાઈ હંસરાજભાઈ શાહ | ૨,૦૦૦/- |
| ૧૬. | સ્વ. પ્રભાવતી શાંતિલાલભાઈ નંદુ | ૧,૦૦૦/- |
| ૧૭. | અર્થ ધીરેનભાઈ નંદુ - મુંબઈ | ૧,૦૦૦/- |
| ૧૮. | હંસાબેન ડી. દોશી | ૧,૦૦૦/- |
| ૧૯. | અન્વી એન. ઘીયા | ૧,૦૦૦/- |
| ૨૦. | પ્રાચી એન. ઘીયા | ૧,૦૦૦/- |
| ૨૧. | જ્યોત્સનાબેન કાંતિલાલ શાહ - સુરેન્દ્રનગર | ૧,૦૦૦/- |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ

રાજકોટ-૩૬૦૦૦૧

ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com